॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

श्रीभक्तिधर्मात्मजहरिकृष्णभगवते नमः ॥ श्रीस्वामिनारायणाय नमः ॥

॥ श्रीहरिलीलाकल्पतरुः ॥

विषयानुक्रमणिका

नवमः स्कन्धः

નવમ સ્કન્ધ સમાપ્ત

दशमः स्कन्धः

દશમ સ્કન્ધ સમાપ્ત

एकादशः स्कन्धः

૫૮. નારદીપુરના તીતારામ ભક્તને અંત સમયે તેડવા પધારી શ્રીહરિએ તે ભક્તનો ઉપહાસ કરનારા ગ્રામજનોને બતાવેલું ઐશ્વર્ય તેમજ જેતલપુરના જોઈતારામ ભક્તને એક માસ પછી તેડવા આવવાનું કહી બતાવેલું પરમ ઐશ્વર્ય.

૫૯. ભાલ દેશના ગુંડેલ ગામના જીભાઈ ભક્તને તેડવા પધારતા શ્રીહરિએ ગલિયાણાના ભક્તોને દીધેલા પોતાના દર્શન.

૬૦. રણુ ગામના પ્રભાગીરીને અખંડાનંદ મુનિના સમાગમથી શ્રીહરિનો થયેલો નિશ્ચય તથા ત્યારબાદ ડભાણમાં શ્રીહરિના દર્શને જતા તેણે કરેલા તમામ સંકલ્પો શ્રીહરિએ પૂરા કરી તેને અનન્ય ભક્ત બનાવી તેની કરેલી મુક્તિ.

૬૧. કેલોદના ભક્ત વલીભાઈને શ્રીહરિએ આપેલી મુક્તિ તેમજ રાણા રાજગરને તેડવા આવવાનું કહી તેની સાથે જેને ધામમાં આવવું હોય તેને સાથે લઈ આવવા કરેલી આજ્ઞા.

૬૨. વડોદરાના ભક્ત ભગવાનદાસના પુત્ર દલપતને શ્રીહરિ પોતાના ધામમાં લઈ ગયા.

૬૩. વસોના ભક્ત રણછોડને અગાઉથી દર્શન દઈ ધામમાં તેડવા પધારશે એમ કહી પંદર દિવસ બાદ તેને તેડવા પધારી સત્ય કરેલું પોતાનું વચન.

૬૪. ડભોઈના ભક્ત પંડિતરામને અંત સમયે તેડવા પધારી શ્રીહરિએ તેના શઠ મિત્ર વણિક રઘુનાથને પંડિતરામની વિનંતિથી દર્શન દઈ તેની નાસ્તિકતાનો કરાવેલો ત્યાગ.

● અગિયારમાં સ્કન્ધના અધ્યાયો તથા શ્લોકોની સંખ્યા સૂચી.

એકાદશ સ્કન્ધ સમાપ્ત

द्वादशः स्कन्धः

દ્વાદશ સ્કન્ધ સમાપ્ત

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથના નવમા સ્કંધની અવતરણિકા

જે કરુણાર્દ્ર દૃષ્ટિથી પોતાના ભક્તજનોના તાપને શમાવતા, પ્રાણીઓના મનને, લોહચુંબક લોઢાને જેમ આકર્ષે છે તેમ તત્કાળ આકર્ષતા, જેમની દૃષ્ટિ આનંદ આપનારી છે, તેવા ગુણનિધિ, જે અનન્ય ભક્તો છે તેમને સદા પ્રિય, ધર્મનંદન, શ્રીહરિ શ્રીસ્વામિનારાયણને હું વંદના કરું છું. (૧)

ધર્મના પુત્ર, અખિલ બ્રહ્મવિદ્યારૂપી કમળોને પ્રફુલ્લિત કરવામાં સૂર્યનારાયણ સમાન, આત્યંતિક કલ્યાણના કારણભૂત, શુભ ગુણરૂપી મણિઓથી સર્વ પ્રકારે સમલંકૃત અંગોવાળા, કામાદિ અંતઃશત્રુઓરૂપી મોટા દૈત્યોના સમૂહને સમૂળ નાશ કરતું જેમનું ઐશ્વર્ય તેની શોભાના લક્ષ્ય સ્વરૂપ, જેમનું હૃદયકમળ અપાર કરુણાથી ભરપુર છે એવા અતિપ્રિય શ્રીહરિનું હું ધ્યાન કરું છું. (૨)

સર્વ કલ્યાણકારી શાંતિકારક આ નવમા સ્કંધના આડત્રીશ અધ્યાય છે. (૩) તેમાં પહેલા અધ્યાયમાં શ્રીહરિના શ્રીનગરમાં આગમનનું વર્ણન છે. બીજા અધ્યાયમાં ખોખરા મહેમદાવાદ ગામમાં સત્પુરુષોને અસુરોએ પીડા કરી તે વર્ણન છે. (૪)

પછીના ચાર અધ્યાયને વિષય અસુરોએ પોતાના સાધુઓને પીડા કરી, તે સાંભળીને ક્રોધિત થયેલા શેષાદિ દેવતાઓ તથા મુક્તાનંદ વગેરે મુનિઓની પ્રાર્થનાથી શ્રીહરિએ ત્રણ હરિભક્તોને અસુરોની સાથે યુદ્ધ કરવા આજ્ઞા કરી તે વર્ણન છે. એક અધ્યાયમાં શ્રીહરિનો ગુપ્ત સંકલ્પ તથા સચ્છાસ્ત્રનું લેખન વર્ણવ્યું છે. (૫, ૬)

પછીના એક અધ્યાયમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા વર્ણન, તેમજ પછીના એક અધ્યાયમાં શાક્તપંથનો પરાજય કર્યો તે વિષયનું વર્ણન છે. એક અધ્યાયમાં ભુજનગરમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠાનો વિષય છે. તે પછીના એક અધ્યાયમાં વૃત્તાલયમાં મંદિર કરવા માટે મુનિએ પ્રશ્ન પૂછ્યો તે વર્ણન. (૭, ૮)

ત્યાર પછીના એક અધ્યાયમાં મુનિના પ્રશ્નનું સમાધાન કર્યું તે વિષય છે. તેમજ પછીના એક અધ્યાયમાં ભક્તોના ગામોમાં શ્રીહરિનું આગમન, તેમજ વૃત્તાલયમાં શ્રીહરિનું આગમન તેનું વર્ણન છે. (૯)

પછીના એક અધ્યાયમાં લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ પ્રતિષ્ઠાનું વર્ણન છે. તેમજ ત્યાર પછીના

એક અધ્યાયમાં એ લક્ષ્મીનારાયણ દેવ વગેરેનું માહાત્મ્ય લોકોના કલ્યાણ માટે કહ્યું છે. (૧૦)


એક અધ્યાયમાં વટપત્તનમાં (વડોદરામાં) વાદીઓનો પરાજય કરવા માટે મુક્તાનંદ મુનિને શ્રીહરિએ તત્કાળ મોકલ્યા તે વર્ણન છે. (૧૧) એક અધ્યાયમાં ગોમતી સરોવર ગળાવવાનો પ્રારંભ, તે વર્ણન છે. પછી એક અધ્યાયમાં શ્રીકૃષ્ણાદિ મૂર્તિઓની વિધિ તથા બંધુઓ અને બંધુઓના પુત્રોને દ્વારિકા જવા માટે પ્રેરણા કરી, તે વર્ણન છે. (૧૨)

ત્યાર પછી એક અધ્યાયમાં તેમનું વૃત્તાલયમાં આગમન વર્ણવ્યું છે. (૧૩) શ્રીહરિની આજ્ઞાથી ઉતાવળથી ગોમતી ગાળવાનું કામ તથા આકાશવાણી થવાથી પ્રત્યક્ષ ગોમતીનો પ્રાદુર્ભાવ, એ વર્ણન એક અધ્યાયમાં છે. (૧૪)

તે પછીના અધ્યાયમાં ગોમતીમાં શ્રીહરિની સ્નાન ક્રીડાનું વર્ણન છે. તેમજ એક અધ્યાયમાં શ્રીહરિએ તીર્થવિધિનું વર્ણન કર્યું, તે કહ્યું છે (૧૫) પછીના આઠ અધ્યાયોમાં શ્રીહરિએ પોતે તીર્થવિધિ કહ્યો છે. જેના શ્રવણ તથા આચરણથી મનુષ્યોને સર્વ તીર્થનું ફળ થાય, તે વર્ણન છે. (૧૬, ૧૭)

એક અધ્યાયમાં તીર્થમાં તપ્ત મુદ્રાઓ ધારણ કરવાનું માહાત્મ્ય તથા એક અધ્યાયમાં તીર્થવિધિ તથા રામનવમી મહોત્સવનું વર્ણન છે. પછી ધોલેરાપુરમાં તથા જૂનાગઢમાં મંદિર કરાવવા શ્રીહરિએ મુનિઓને મોકલ્યા એ વર્ણન એ છેલ્લા અધ્યાયનો વિષય છે. (૧૮, ૧૯)

આવી રીતે ઉત્તમ આડત્રીસ પરિમિત અધ્યાયોથી નવમા સ્કંધમાં શ્રીહરિની શાંતિ આપનારી સ્પષ્ટ કથા કહી છે. (૨૦)





અધ્યાય ૧ લો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! નવમા મહિનામાં, શ્રીહરિ ગઢપુર પધાર્યા છે તે જાણીને અનેક દેશના નિવાસી ભક્તો દેશાન્તરથી ત્યાં આવ્યા. (૧) ગઢપુરમાં શ્રીહરિનાં દર્શન માટે પ્રીતિપૂર્વક આવેલા હજારો ભક્તો સભામાં બિરાજેલા ઈષ્ટ શ્રીહરિનાં દર્શન કરીને પરમાનંદ પામ્યા. (૨)

શ્રીહરિએ જેમનું સન્માન કર્યું છે તેવા તે ભક્તો ગઢપુરમાં રહ્યા. પછી શ્રીહરિ વૈશાખ સુદી પ્રતિપદાને દિવસે સવારમાં કૂર્મ જન્મોત્સવ કરતા હતા. (૩) શ્રીહરિએ વૈશાખ સુદી તૃતીયાના દિવસે ચંદનયાત્રાનો તથા પરશુરામ ભગવાનના જન્મનો મહોત્સવ કર્યો. (૪)

હે રાજન્ ! તે સમયે શ્રીહરિનાં દર્શનમાં ઉત્સાહવાળા, શ્રીહરિના બંને બંધુઓ દ્વારિકાની યાત્રા કરીને હર્ષપૂર્વક ગઢપુરમાં આવ્યા. (૫) પછી શ્રીહરિ દૂરથી તે બંને બંધુઓને જોઈને પોતાનું મનુષ્ય નાટક શોભાડતા તીર્થનું માહાત્મ્ય દેખાડવા સન્મુખ જઈને તેમને ભેટ્યા. (૬)

હે રાજન્ ! વડીલબંધુને પોતે નમસ્કાર કર્યા. નાનાભાઈએ શ્રીહરિને નમસ્કાર કર્યા. શ્રીહરિએ શ્રમિત થયેલા તે બંને બંધુઓને તેમના સુખપૂર્વકના આગમનના સમાચાર પૂછ્યા. ત્યારબાદ ક્ષણવાર શ્રીહરિ વિશ્રામ લેવા પધાર્યા. (૭)

ઉત્સવના અંતે સભામાં બિરાજેલા શ્રીહરિને અમદાવાદથી હેમંતરામ આદિક ભક્તો નમસ્કાર કરી આ પ્રકારે પ્રાર્થના કરતા હતા. (૮) હે સ્વામિન્ ! હે હરે ! આપ અમારા ઉપર દયા કરીને અમારા પુરમાં પધારી નૃસિંહ ચતુર્દશીનો ઉત્સવ કરો. (૯)

હે પીડાહારી ! આપના ભક્તો જે અમો તથા પુરવાસી સર્વનો આવો મનોરથ છે તે આપ પૂર્ણ કરો. (૧૦) ભક્તોએ આ પ્રકારે હર્ષપૂર્વક પ્રાર્થના કરી તેથી શ્રીહરિ તેમને કહેવા લાગ્યા.

હે ભક્તો ! તમારા પુરમાં નૃસિંહ જન્મ મહોત્સવ કરવા હું જરૂર આવીશ. માટે તમો આગળથી જાવ. (૧૧)

તેથી અતિશય આનંદિત થયેલા તે ભક્તો શ્રીહરિને પ્રણામ કરીને, શ્રીનગરના નિવાસીજનોને શ્રીહરિનું શ્રીનગરમાં આગમન થશે તે કહેવા માટે તત્કાળ શ્રીનગરમાં આવ્યા. (૧૨) હે નરપતે ! શ્રીહરિ સપ્તમીને દિવસે જમીને પોતાના સમગ્ર જનોની સાથે શ્રીનગર જવા માટે તૈયાર થયા. (૧૩)

અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, ઘોડા ઉપર બેઠેલા પોતાના બંધુ તથા ઉત્તમરાજા તથા ઘોડા ઉપર બેઠેલા સોમલાખાચર, સૂરાખાચર વગેરે પાર્ષદો તથા સાધુઓ, બ્રહ્મચારીઓ તથા પાર્ષદો સહિત, દુર્ગપત્તનથી ચાલ્યા. (૧૪, ૧૫)

પોતાના સમગ્ર સહચરોની સાથે પ્રભુ શ્રીહરિ માર્ગમાં પોતાના ભક્તોના ગામોમાં રહેતાં છઠ્ઠે દિવસે શ્રીનગર પહોંચ્યા. (૧૬)

પ્રીતિપૂર્વક ગીત વાજિંત્રોના ઘોષ કરતા સન્મુખ આવેલા શ્રીપુરના ભક્તજનોના સમૂહે શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિ તે ભક્તોની યથાયોગ્ય સંભાવના કરીને, પોતાની સાથે આવેલા તે ભક્તો, તેમજ પોતાના બંધુજનો, ઘોડેસવારો, પાર્ષદો, સાધુવૃન્દો તથા વર્ણિઓ સહિત ગીત વાજિંત્રોનો ઘોષ સાંભળતા પુરમાં પ્રવેશ કરતા હતા. ત્યારબાદ પુરજનો જેમના દર્શન કરી રહ્યા છે તે શ્રીહરિ નવાવાસમાં પધાર્યા. (૧૭, ૧૮, ૧૯)

પુરના ભક્તો નવાવાસમાં પોતાના ઈષ્ટ શ્રીહરિને તથા તેમના બંધુજનો, પાર્ષદો વગેરેને ઉત્તમ ભુવનમાં હર્ષપૂર્વક નિવાસ કરાવતા હતા. (૨૦) પુરના તે ભક્તો મુનિઓ વગેરેને બીજા આવાસોમાં યથાયોગ્ય ઉતારો કરાવીને શ્રીહરિ તથા સર્વની સેવા કરતા હતા. (૨૧)

પછી શ્રીહરિ સ્નાન કરીને પોતાનો નિત્યવિધિ કરતા હતા. તેટલામાં ઈચ્છારામે શ્રીહરિ માટે ઉત્તમ રસોઈ કરી. (૨૨) પછી શ્રીહરિ બંધુઓની સાથે વારંવાર જળપાન કરતા કરતા વિષ્ણુને અર્પણ કરેલા ભોજન જમતા હતા. (૨૩)

શ્રીહરિ તૃપ્ત થઈ હાથ, મુખની શુદ્ધિ કરી મુખવાસ જમ્યા. પછી બંધુઓ વગેરે હાથમુખની શુદ્ધિ કરીને અતિ આનંદિત થઈ મુખવાસ જમ્યા. (૨૪) પછી શ્વેતાંબરધારી શ્રીહરિ પાદુકાના ચટ્ ચટ્ ધ્વનિ સહિત પોતાના બંધુઓ તથા પાર્ષદો વગેરેની સાથે સભાસ્થાનમાં પધાર્યા. (૨૫)

શ્રીહરિ સભામાં પોતાના શ્રેષ્ઠ ઊંચા સિંહાસનમાં બિરાજ્યા. બંધુઓ વગેરે શ્રીહરિની સમીપે આસનો ઉપર બેઠા. (૨૬) તેટલામાં સમગ્ર વર્ણિઓ તથા મુનિઓ જુદા જુદા જમીને સભામાં આવ્યા અને શ્રીહરિને નમસ્કાર કરીને યથાયોગ્ય સભામાં બેઠા. (૨૭)

પછી પુરના ભક્તોએ, શ્રીહરિ તથા તેમના બંધુજનો વગેરેનું આદરપૂર્વક શ્રેષ્ઠ ભૂષણો તથા વસ્ત્રો વગેરે ઉપચારોથી પૂજન કર્યું. (૨૮) તે ભક્તોએ ગુલાબના સુંદર હાર, તોરા, ગુચ્છ, બાજુબંધ તથા કડા વગેરે પ્રીતિપૂર્વક શ્રીહરિને ધારણ કરાવ્યા. (૨૯)

ભક્તવત્સલ દયાળુ શ્રીહરિ, ભક્તોએ અર્પણ કરેલા પુષ્કળ ગુલાબના હાર બંને હાથ વડે ગ્રહણ કરતા હતા. (૩૦)

તે સમયે ગુલાબના હાર વગેરેથી ઢંકાયેલી શ્રીહરિની મૂર્તિ, લાલ મણિઓથી ઢંકાયેલો નીલમણિઓનો સમુદાય જેમ શોભે તેમ, શોભતી હતી. (૩૧)

ગુલાબના હાર, તોરા વગેરેના પુષ્કળ સુગંધના લોભથી ગુંજારવ કરતા ભ્રમરોના સમૂહો શ્રીહરિની ચારે તરફ ભમતા હતા. (૩૨) શ્રીહરિ પોતાની પ્રસાદીના હાર સંતો વગેરેને આપતા હતા. તે સમયે સભા ગુલાબના પુષ્કળ હારથી અત્યંત શોભતી હતી. (૩૩)

ઘણા પ્રતિષ્ઠાવાન ભક્તોએ પોતાના ઈષ્ટ શ્રીહરિને ભક્તિપૂર્વક વારંવાર ગુલાબના હાર ધારણ કરાવ્યા. (૩૪) હે પૃથ્વીપતે ! સંધ્યા આરતીનો સમય થયો ત્યારે શ્રીહરિની આગળ ઘણા દીવાઓનો પ્રકાશ થયો. (૩૫)

પછી શ્રીહરિ તત્કાળ ઊઠ્યા પછી હર્ષપૂર્વક તાળીઓ વગાડીને ઊંચા સ્વરથી નારાયણના નામનું શુભ સંકીર્તન કરવા લાગ્યા. (૩૬) શ્રીહરિની પાછળ ત્યાગીઓ તથા અન્ય ગૃહસ્થ ભક્તો પણ તાલીઓ વગાડીને ઊંચા સ્વરથી શ્રીહરિનું નામ સંકીર્તન કરવા લાગ્યા. (૩૭)

હાલતી ગુલાબની માળાઓથી ગુલાબના પુષ્પની પાંદડીઓ શ્રીહરિના દેહપર ખરી પડવાથી ચંચળ શરીરવાળા શ્રીહરિના દર્શન કરનારા ભક્તો તૃપ્તિ પામતા નહોતા. (૩૮) તે સમયે શ્રીહરિની તાળી વગાડવાની ચતુરાઈ જોઈ તથા મેઘના જેવો શ્રીહરિનો ગંભીર સ્વર સાંભળી, સમગ્ર ભક્તો અતિ આનંદ પામ્યા. (૩૯)

આવી રીતે શ્રીહરિ જનોને ઉપદેશ આપવા માટે નામ સંકીર્તન ઘણા સમય પર્યન્ત કરી, સાધુઓને નમસ્કાર કરી, પોતાના શ્રેષ્ઠ આસન ઉપર બિરાજ્યા. (૪૦) પછી ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિને પ્રણામ કરીને હર્ષપૂર્વક સભામાં યથાયોગ્ય બેસીને, શ્રીહરિના દર્શન કરવા લાગ્યા. (૪૧)

પછી તે ભક્તોને આનંદ પમાડવા અમૃતના સ્વાદનો પણ તિરસ્કાર કરતી ધર્માદિ સંબંધવાળી શુભ વાર્તા શ્રીહરિએ કરી. (૪૨) પછી શ્રીહરિ સભામાં બેઠેલા ભક્તજનોને પોતપોતાના નિવાસમાં જવા માટે આજ્ઞા આપીને પોતાના બંધુજનો સહિત પાર્ષદોથી વીંટાઈને પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૩)

આવી રીતે ત્યાંના ભક્તોને આનંદ આપતા શ્રીહરિ શ્રીનગરમાં રહ્યા. ત્યાંના ભક્તોએ શ્રીહરિને તથા તેમની સાથેના સર્વ ભક્તોને વિવિધ પ્રકારના ભોજનોથી તૃપ્ત કર્યા. (૪૪) શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા અને શ્રીહરિનાજ એક આશ્રયવાળા તે ભક્તો શહેરો તથા ગામડાઓમાંથી શ્રીહરિના દર્શન કરવા માટે ત્યાં આવ્યા. (૪૫)

દેશાન્તરથી આવેલા તથા ત્યાંના ભક્તોને આનંદ આપતા શ્રીહરિએ શ્રીનૃસિંહ ચતુર્દશીનો મહોત્સવ, ઉપવાસ કરી કર્યો. (૪૬) શ્રીહરિએ પૂર્ણિમાને દિવસે શ્રીનગરમાં પુરના હજારો બ્રાહ્મણોને તથા ઉત્સવમાં આવેલા સમગ્ર જનોને સુંદર ભોજનો જમાડ્યા. (૪૭)

શ્રીહરિએ તે બ્રાહ્મણોને ઘણી દક્ષિણાઓ પણ આપી. સાધુઓ, વર્ણિઓ, પાર્ષદો વગેરે સર્વને વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ભોજનો જમાડી તૃપ્ત કર્યા. (૪૮)

શ્રીનગરના અધિપતિ રાજા શ્રીહરિના દર્શન કરવા માટે હંમેશાં આવતા હતા અને શ્રીહરિએ કહેલી ધર્માદિ વાર્તા સાંભળતા હતા. વળી પુરના પંડિતો પણ શ્રીહરિની ઉપદેશ વાર્તા સાંભળતા હતા. (૪૯)

તે રાજા વગેરે શ્રીહરિનો અતિ ઉત્તમ પવિત્ર પ્રતાપ ગાતા હતા. તેમણે ગાયેલો શ્રીહરિનો પ્રતાપ અસુરાંશ જનો અને તેમાં પણ વામમાર્ગી બ્રાહ્મણો સહન કરી શક્યા નહિ. (૫૦)

શ્રીહરિના પ્રતાપથી વારંવાર બળતા તે દુષ્ટ પાપીઓ, વ્યાપક શ્રીહરિનું ભૂંડું કરવા માટે ઈચ્છા કરવા લાગ્યા. (૫૧) તો પણ રાજાની બીકથી તે સમગ્ર દુષ્ટબુદ્ધિવાળા જનો તે પુરમાં તો શ્રીહરિનો પ્રત્યક્ષ પરાભવ કરવા માટે સમર્થ થયા નહિ. (૫૨)

પછી તે અસુરાંશ બ્રાહ્મણો દેશાન્તરથી ત્યાં આવેલા વિવિધ પ્રકારના શસ્ત્રો ધારણ કરનારા હજારો વેરાગીઓને મળ્યા. (૫૩) તે બ્રાહ્મણો દેશાન્તરથી આવેલા તે વેરાગીઓને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે સિદ્ધો ! લોકો તમારા જેવા સિદ્ધોનો ત્યાગ કરીને સ્વામિનારાયણનો આશ્રય કરે છે. (૫૪)

કામણ ટુમણ કરનાર સ્વામિનારાયણે અહીં તથા પૃથ્વી ઉપર અન્ય સ્થળોએ અસંખ્ય જનોને ભમાવ્યા છે. તેથી તે જનો ઉપર સ્વામિનારાયણ વિના આ પૃથ્વી ઉપર બીજા કોઈનો પ્રભાવ નથી. (૫૫)

માટે અત્યંત પરાક્રમવાળા તમો તેમને મારવાનો ઉપાય કરો. તેમનું આવું વચન સાંભળ્યા પછી તે વેરાગીઓ તે દુષ્ટાશયવાળા બ્રાહ્મણોને "બહુ સારું" એમ કહેવા લાગ્યા. (૫૬)

વેરાગીઓનું આવું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા બ્રાહ્મણો પોતાના કાર્યની સિદ્ધિ નિશ્ચયપૂર્વક થઈ ગઈ છે એમ માની મદોદ્ધત, ઉગ્ર પ્રકૃતિવાળા તે વૈરાગીઓને અત્યંત પ્રોત્સાહન

આપતા આવી રીતે બોલ્યા. (૫૭)

હે મહાપુરુષો ! આ સ્વામિનારાયણ આ નગરમાંથી જ્યારે જાય ત્યારે તમારે સર્વએ તત્કાળ તેમની પાછળ જઈને અમારા કહ્યા પ્રમાણે તેમને મારવાનું કાર્ય કરવું. અહીંના રાજા તથા અન્ય જનોના બળથી આ નગરમાં હાલ તે કાર્ય થઈ શકે તેમ નથી. (૫૮)

દુષ્ટ આશયવાળા તે બ્રાહ્મણો વેરાગીઓને આવું વચન કહીને હર્ષપૂર્વક પોતપોતાને ઘેર ગયા. પછી મૃત્યુયોગ જેમનો સમીપે છે એવા વિકરાળ વેશવાળા વેરાગીઓ બ્રાહ્મણોએ કહેલી કાર્યસિદ્ધિનો અવકાશ ખોળતા ત્યાં રહેતા હતા. (૫૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શુકાનંદમુનિ માનસિંહ નૃપ સંવાદમાં શ્રીહરિનું શ્રીનગરમાં આગમન નિરૂપણ નામે પહેલો અધ્યાય સંપૂર્ણ. (૧)



અધ્યાય ૨ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિએ વૈશાખ માસની કૃષ્ણપક્ષની પંચમીને દિવસે પોતાના બંધુજનોને તથા ઘોડે સવારોને આગળ જવા માટે આજ્ઞા આપી. (૧) ઘોડાઓ ઉપર બેઠેલા શ્રીહરિના બંધુઓ તથા ઘોડેસવારો શ્રીનગરથી જેતલપુર જવા માટે તૈયાર થયા. (૨)

તેટલામાં ખોખરા મહેમદાવાદથી શ્રીનગરમાં આવેલા ભક્તોએ શ્રીહરિને પોતાના ગામમાં લઈ જવા માટે અત્યંત પ્રાર્થના કરી. (૩) તેથી શ્રીહરિએ તે ભક્તોને કહ્યું, હે ભક્તો ! હું આવતી કાલે તમારા ગામમાં આવીશ માટે તમો સામગ્રી તૈયાર કરવા માટે આગળ જાઓ. (૪) શ્રીહરિએ આ પ્રકારે કહ્યું તેથી શ્રીહરિના આશ્રિત તે ભક્તો આનંદ યુક્ત બની, શ્રીહરિને પ્રણામ કરીને, સામગ્રી તૈયાર કરવા માટે આગળથી પોતાના ગામમાં ગયા. (૫) પછી શ્રીહરિ ઉપદેશ વાર્તા કરી શ્રીનગરમાં તે રાત્રિ રહ્યા. સવારમાં સ્નાન તથા નિત્યવિધિ કરીને શ્રીહરિ સર્વોત્તમ ભોજન જમ્યા. (૬)

પછી શ્રીહરિ ખોખરા મહેમદાવાદ જવા માટે તૈયાર થયા. પોતાના પાર્ષદે લાવેલા પોતાના અશ્વ ઉપર શ્રીહરિ બિરાજ્યા. (૭) પછી ગીત વાજિંત્રોના ઘોષ સહિત ભક્તોએ વળાવેલા, મુનિઓ તથા પાર્ષદોથી વીંટાયેલા, શ્રીહરિ શ્રીનગરથી નીકળ્યા. (૮)

શ્રીહરિ ખોખરા મહેમદાવાદમાં પધાર્યા. અહીંના ભક્તો વાદ્યોના ધ્વનિ સાથે શ્રીહરિની સન્મુખ આવ્યા. (૯) તે ભક્તોએ હર્ષપૂર્વક શ્રીહરિને પાર્ષદો સહિત ગામમાં પ્રવેશ કરાવીને, સુંદર ભુવનમાં નિવાસ કરાવ્યો. મુનિઓ વગેરેને પણ યથાયોગ્ય નિવાસ કરાવ્યો. (૧૦)

શ્રીહરિના આશ્રિત કેટલાક સંતો શ્રીનગરમાં કાંઈ કામ હોવાથી વિલંબ થવાથી, શ્રીહરિની પાછળ નીકળ્યા. (૧૧) તેટલામાં અસુરાંશ બ્રાહ્મણોએ પ્રેરણા કરેલા ક્રૂર પ્રકૃતિવાળા વેરાગીઓનું ટોળું સ્નાન કરવા માટે આવતું હતું. (૧૨)

દુષ્ટ ચિત્તવાળા તે સમગ્ર વૈરાગીઓ, માર્ગમાં ચાલતા શ્રીહરિના આશ્રિત સાધુઓને જોઈને સિંહ ગાયને જોઈને જેમ તૂટી પડે તેમ તત્કાળ સર્વ સંતો ઉપર તેમને રોકીને તૂટી પડ્યા. (૧૩)

સ્ત્રી અને દ્રવ્ય લંપટ પુરુષોમાં આસકિતવાળા તે ભયંકર નેત્રોવાળા વેરાગીઓ, શ્રીહરિના આશ્રિત સાધુઓને, કસાઈઓ પશુને જેમ મારે તેમ, અત્યંત મારવા લાગ્યા. (૧૪) ઉપરથી સાધુના જેવો વેશ ધારણ કરવાથી જેમણે લોકોને ઠગ્યા છે, ભક્તિનો આડંબર કરનારા, રાક્ષસોસમાન, સાધુઓને તાડન કરતા તે વેરાગીઓ તે સમયે પરસ્પર આવી રીતે બોલવા લાગ્યાં. (૧૫)

હે મહાપુરુષો ! આમની નાસિકા કાપો, એમ કોઈએ કહ્યું, ત્યારે બીજા કહેવા લાગ્યા આમના હાથ, કાન, પગ વગેરે કાપો, ત્યારે વળી બીજા બોલ્યા આ સર્વને તત્કાળ મારી નાંખો. (૧૬) આ સ્વામિનારાયણના સાધુઓ ઘણા દિવસે મળ્યા છે એમ કહીને શ્રીહરિના આશ્રિત તે સાધુઓને વેરાગીઓ તાડન કરતા હતા. આવી રીતે સર્વ કલ્યાણનો નાશ કરનારો તેવો આ સત્પુરુષોનો દ્રોહ તેઓ કરવા લાગ્યા. (૧૭)

બળતા અંગારાની માફક લાલનેત્રોવાળા, ધર્મ, સાધુઓ તથા દેવતાઓનો દ્રોહ કરનારા,જાણે ક્રોધથી બળતા હોય ને શું ? એમ જોતા શ્રીહરિના આશ્રિત સાધુઓને ઉદ્દેશીને તેઓ અન્યોઅન્ય ફરીથી બોલવા લાગ્યા. (૧૮) હે મહાપુરુષો ! આ સ્વામિનારાયણને સાધુઓ અમારા જેવા સાધુ સમૂહરૂપ ચંદનવનમાં બાવળીયા, બોરડી વગેરે કાંટાવાળા વૃક્ષો સમાન છે. પૃથ્વી ઉપર હંમેશાં તેઓ અમારી અપકીર્તિજ કરે છે. (૧૯)

લોકો અમોને માનતા નથી. ક્યારેય પણ અમને ભોજન કરાવતા નથી. વસ્ત્રાદિ પદાર્થો પણ અમોને આપતા નથી. તેનું કારણ આ સ્વામિનારાયણના સંતો છે. (૨૦)

વળી આ સાધુઓ ઘણાં દૃષ્ટાંતો તથા સિદ્ધાંતોથી યુક્તિ પ્રયુક્તિવાળા વચનો કહી, લોકોને સાધુઓનું પરિશીલન કરનારા ગુણો સમજાવી, અમારા દોષો બતાવે છે. (૨૧) હિંસા વગેરે પાપ પરાયણ આ ભયંકર દુષ્ટ વેરાગીઓ આ નિર્દોષ સંતોમાં, જેવી રીતે શિશુપાલે શ્રીકૃષ્ણમાં દોષો જ જોયા તેમ, દોષો જોતા હતા. (૨૨)

પોતાનો દોષ જોવામાં જેમની દૃષ્ટિ હંમેશાં નાશ પામી છે અને બીજાના દૂષણો પ્રીતિપૂર્વક જોવામાં સહસ્ર આંખોવાળા જાણે હોયને શું ? એવા તેઓ હતા. (૨૩) પોતાના સિદ્ધપણાને જણાવવા માટે ઊંચા સ્વરથી પોતાના ગુણોનું વર્ણન તેઓ કરતા હતા. જ્યારે બીજાઓના સદ્‌ગુણો કહેવામાં

તેઓ મૌન સેવતા હતા. (૨૪) અધર્મના વંશથી દબાયેલા, દંભથી ઢાંકી રાખ્યા છે દૂષણો જેમણે એવા, વિષયોની ઈચ્છામાં અત્યંત આસક્ત, વિષયસુખ સંપાદન કરવા માટે પ્રાણીઓનો ઘાત કરનારા, અપશબ્દો બોલવામાં જેમણે સમગ્ર મર્યાદા ભેદી નાંખી છે એવા, તે વેરાગીઓ આવી રીતે સાધુઓને અત્યંત પીડા પમાડતા હતા. (૨૫, ૨૬)

ઘોડેસવારોના ગણોથી વીંટાયેલા, પોતાનો અશ્વ દોડાવીને દૂરથી આવતા શ્રીહરિને જોઈને, તે સાધુઓનો ત્યાગ કરીને તેઓ સર્વ તત્કાળ નાસવા લાગ્યા. (૨૭) આવી રીતે યોગ પ્રભાવથી શ્રીહરિએ તે સર્વ સંતોનું રક્ષણ કર્યું. પછી તેઓ સર્વે ખોખરા મહેમદાવાદ ગામમાં ગયા અને શ્રીહરિનાં દર્શન કરી તેમને નમસ્કાર કરી, તેમને માર્ગમાં બનેલું સર્વ વૃત્તાન્ત કહેવા લાગ્યા. (૨૮)

પોતાના આશ્રિતજનોની પીડા નાશ કરનારા, સત્પુરૂષોમાં પ્રીતિવાળા, અત્યંત દયાથી કોમળ મનવાળા, સ્વતંત્ર શ્રીહરિ, વેરાગીઓએ મુનિઓને પીડા કરી તે સાંભળીને, પોતાના સંતો જે પૃથ્વી સમાન ક્ષમાવાળા નિર્વિકારી, આપત્કાળમાં પણ મહાધૈર્યશીલ છે અને તેવા ગુણ વિશિષ્ટ હોવાથી તે સંતોની પ્રશંસા કરી, પોતે અત્યંત ખિન્ન થયા. (૨૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં પોતાના ભક્તોની પ્રીતિ માટે શ્રીહરિકૃત ખોખરા મહેમદાવાદ ગામમાં પધાર્યા તે વર્ણન નામે બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! લાલ નેત્રવાળા, ભયંકર દૃષ્ટિથી સભામાં બેઠેલા સર્વને જોતા, રોમાંચિત અવયવોવાળા શ્રીહરિ, તે સમયે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧) કોઈની સાથે જેને લેશમાત્ર પણ શત્રુતા નથી એવા, શાંત સ્વભાવવાળા, માન, મત્સરથી રહિત, સર્વભૂત પ્રાણિમાત્રના હિત કરનારા, સર્વ સદ્‌ગુણોથી અલંકૃત, કીડી આદિક જંતુઓનો પણ દ્રોહ નહિ કરનારા, મારા આ સંતોને આ પૃથ્વી ઉપર કોણ મારનાર છે ? (૨, ૩)

આવી રીતે બોલતા શ્રીહરિની ભયંકર ભ્રકુટિનો ભંગ જોઈ કાળ પણ ધૈર્યરહિત થઈ થરથર કંપવા લાગ્યો (૪) તે સમયે સૂર્ય, ચંદ્ર અત્યંત ત્રાસ પામ્યા અને હવે શું થશે ? (સર્વાવતારના કારણ અદ્વિતીય પુરુષોત્તમ કોપાયમાન થયા તેથી હવે શું થશે ?) અંતઃકરણમાં આ પ્રમાણે જાણીને સૌ નિસ્તેજ થઈ ગયા ! (૫)

તે સમયે તારા મંડળ પણ અત્યંત ક્ષોભ પામ્યું. જગતની ઉત્પત્તિનો વિનાશ થશે એવું

જાણીને બ્રહ્મા સંભ્રમિત થઈ ગયા. (૬) જગતની સ્થિતિનો નાશ થશે એમ જાણીને વિષ્ણુ પણ ભ્રાન્ત મનવાળા થયા. સર્વ જગતનો પ્રલય થશે, એમ શંકર પણ માનવા લાગ્યા. (૭)

ચરાચર સહિત પૃથ્વી વ્યાકુળ થઈને અત્યંત કંપવા લાગી. દિગ્પાલો પણ કંપવા લાગ્યા. દેવેન્દ્ર પણ ભય પામ્યા. (૮)

તે સમયે સર્વના ઈશ પ્રત્યક્ષ પુરુષોત્તમ કોપ્યા છે એવું જાણીને પાતાળમાં રહેલો શેષ પણ કંપવા લાગ્યો. (૯)

પછી સંકર્ષણ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈન્દ્ર વગેરે સર્વેશ્વરો પણ ભય પામીને શ્રીહરિની સમીપે આવ્યા. (૧૦)

જગતના પ્રલયથી ત્રાસ પામેલા, કંપતા શરીરે શેષાદિ વગેરે હાથ જોડીને નમ્રતાપૂર્વક શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૧) હે હરે ! ઉપનિષદોના સમૂહો રાત્રિ દિવસ જેમની સ્તુતિ કરે છે એવા, સાધુજનોના મનરૂપી ભ્રમરોથી સેવાએલા આપના ચરણકમળોને અમે નમસ્કાર કરીએ છીએ. (૧૨)

સ્ફુરાયમાન નખરૂપી ચંદ્રની કાંતિથી નાશ કર્યું છે ધ્યાનસ્થ યોગીના હૃદયનું તિમિર જેમણે, અને સર્વ તાપના સંતાપોનું જે શમન કરે છે, સંસારરૂપી અંધકારનો જે નાશ કરે છે, હે સર્વાત્મન્ ! એવા આપના આપેલા ઐશ્વર્યના વૈભવવાળા અમો, નાથેલા બળદોની જેમ આપની આજ્ઞા મસ્તક ઉપર ચડાવીએ છીએ. (૧૩, ૧૪)

હે હરે ! કાળ, માયા આદિના નિયંતા, આપની ભ્રકુટિના વિલાસથી અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય થાય છે. (૧૫) આપ આવા સમર્થ છો છતાં પણ અસંખ્ય જીવોની મુક્તિ માટે પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ પામી, આપ નરાકાર ધારણ કરી, અસુરોએ કરેલો ઉપદ્રવ સહન કરો છો. (૧૬)

કાળને પણ ત્રાસ પમાડવામાં કારણરૂપ આપની જગતને નાશ કરનાર ભ્રકુટિના ભંગથી ભય પામી અમો આપને શરણે આવ્યા છીએ. (૧૭)

હે પુરુષોત્તમ ! નિર્વેરી, નિર્દોષ એવા આપના સંતોને મારનારા રાક્ષસો જેવા કયા દુર્જનો આ લોકમાં છે ? (૧૮)

દુરંત પાપવાળા, શાસ્ત્રની મર્યાદા લોપનારા, તે સર્વને આપની આજ્ઞા હોય તો હમણાં જ અમો પુષ્કળ શિક્ષા કરીએ. (૧૯) હે સ્વામિન્ ! જો આપની આજ્ઞા થાય તો અમો સમગ્ર વિશ્વનો પણ સંહાર કરી નાંખીએ. આપના અમો સેવકો છીએ, માટે અમોને આપ આજ્ઞા કરો. (૨૦)

આવી રીતે શેષાદિ વગેરેએ કહ્યું, છતાં પણ પોતાના સાધુઓને પીડા કરી તેથી સત્પુરુષોના સ્વામી શ્રીહરિ અત્યંત ક્રોધથી ઉદાસીન બનીને કાંઈપણ બોલ્યા નહિ. (૨૧) તે સમયે જગતનો વિનાશ થશે એમ જાણીન ત્રાસ પામેલા મુક્તાનંદ, સ્વરૂપાનંદ, ગોપાળાનંદ વગેરે મુનિઓ બંને હાથ જોડીને શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૨)

હે આર્તિહારી ! અગણિત જીવોનું કલ્યાણ કરવા અને આપને વિષે અનન્ય ભાવવાળા એવા આપના ભક્ત અમોને સુખ આપવાની ઈચ્છાથી આપ પ્રાદુર્ભાવ પામ્યા છો. (૨૩) હે હરે ! આપ જ્યારે જગતનો સંહાર કરશો ત્યારે હે ક્ષમાસાગર ! અસંખ્ય જીવોનું કલ્યાણ તથા આપના ભક્તજનોને સુખ આપવાનું એ બે કેવી રીત થશે ? (૨૪)

હે ઈશ ! પ્રાણીઓનો અપરાધ સર્વ પ્રકારે સહન કરવો, માન, મત્સર રહિત રહેવું વગેરે જે સાધુઓનો ધર્મ શાસ્ત્રમાં લખેલો છે તે આપેજ અમોને કહ્યો છે. (૨૫) પોતાનો જે અભિપ્રાય છે તેને અનુકૂળ અને ક્ષમા તથા ધૈર્યથી યુક્ત, સમતા પામેલા, અત્યંત મધુર અને અર્થ ગંભીર સંતોના આ વચન સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા. (૨૬)

પછી સાધુજનોનું રક્ષણ કરનારા, સત્પુરુષોને અત્યંત પ્રિય, શ્રીહરિએ "તમોએ ઠીક કહ્યું" એમ મુક્તાનંદ વગેરે મુનિઓને પ્રેમથી કહ્યું. (૨૭) શ્રીહરિનું શાંતિયુક્ત વચન સાંભળીને શેષ વગેરે દેવેશ્વરો, અખિલેશ્વર શ્રીહરિની આજ્ઞા લઈને વિનયપૂર્વક શ્રીહરિને અભિવાદન કરીને, પોતાના સ્થાનમાં ગયા. (૨૮)

રણમાં સિંહ સમાન શ્રીહરિ ધૈર્ય, શૌર્ય, બળ વગેરેથી યુક્ત, પોતાના ક્ષત્રિય ભક્ત વૈરીભાઈ, ભાનુ, ડુંગરજી, અગરોજી, અમરજી, ભૃગુજી, દયાળજી, અક્ષય, વાલેર, રામસિંહ, રાયધણસિંહ, અદયસિંહ વગેરેને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૯)

હે ભક્તો ! આ દૈત્યોએ ઉપદ્રવ કર્યો છે તેથી આપણે શું કરવું ? તેમને ક્ષમા આપવાથી પણ તે દુર્જનો તો પોતાની દુષ્ટતાનો ત્યાગ નહિ જ કરે. (૩૦)

આ પ્રકારની શ્રીહરિની વાણી સાંભળીને અસુરો પર અત્યંત ક્રોધવાળા, શ્રીહરિના ક્ષત્રિય ભક્તો, બંને હાથ જોડીને પોતાના ઈષ્ટ શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૩૧)

હે હરે ! સત્પુરુષોને પીડા કરનારાઓને પીડા કરવામાં આપના પ્રતાપથી અમો શક્તિમાન છીએ. પરંતુ જેમ સમુદ્રને કિનારો મર્યાદારૂપ છે તેમજ અમોને પણ એક આપની આજ્ઞા નથી તેથી અમે અટકી ગયા છીએ. (૩૨)

હે સ્વામિન્ ! ક્ષર અને અક્ષરથી પર એવા આપના પ્રતાપથી, અમો આપના સેવકોની, આ દૈત્યના અંશ જેવા અસુરોની સાથેની રણ ક્રિયા હે ભગવન્ ! આપ જુઓ. (૩૩)

મહા શૂરવીરોતો સદા યુદ્ધનો અવસર ઇચ્છે છે તે અવસર હમણાં અમોને પ્રાપ્ત થયો છે. માટે હે ઈષ્ટ ! આપના સાધુઓને પીડા કરનારાઓને અમો જોવા ઇચ્છીએ છીએ. (૩૪)

કરવા યોગ્ય કર્તવ્યમાં જે ક્ષત્રિયો પોતાની પૂંઠ બતાવે છે, તેમજ દીનવચનો બોલે છે, તે ક્ષત્રિયોના જીવનને ધિક્કાર છે. (૩૫) હે પ્રભો ! ધૈર્ય રહિત અને જેમની શત્રુઓએ નિંદા કરી છે એવા મંદભાગ્યવાળા તે ક્ષત્રિયોની માતાઓએ તેમનો ભાર વૃથા વહન કરી કેવળ કષ્ટજ સહન કર્યું છે. (૩૬)

ગામો, કિલ્લાઓ તેમજ પોતાની જમીન માટે રાજાઓ પણ પોતાના શત્રુઓની સાથે યુદ્ધ કરી મૃત્યુના ભયથી રહિત થઈ, પોતાના પ્રાણનો ત્યાગ કરે છે. (૩૭) ક્ષત્રિયોની આવી રીત સર્વ ઠેકાણે પ્રસિદ્ધ છે. જ્યારે નાશવંત ફળની પ્રાપ્તિ માટે પણ ક્ષત્રિયો આવા યુદ્ધો ખેલે છે. ત્યારે આ તો આપના અનુગ્રહની પ્રાપ્તિનુંજ કાર્ય હોવાથી ઉત્તમ ફળયુક્ત આ કાર્ય અમારાથી કેમ ન થાય ? (૩૮)

દેવો તથા રાજાઓને જેણે જીત્યા છે, એવા કામાદિ અંતઃશત્રુઓને પણ આપના પ્રતાપથી ભક્તજનો નિશ્ચય જ જીતે છે તો આ દુર્જનોની શી ગણતરી છે ? (૩૯)

હે સ્વામિન્ ! જેમને સર્વથી અધિક આપનું બળ નથી એવા કાળના ભયથી ત્રાસ પામેલા આ અસુરોનું બળ કંઈ કરી શકે તેમ નથી. (૪૦)

હે હરે ! જેમને આપનો આશ્રય નથી તેમને લક્ષ્મી તથા વિજય અલભ્યજ છે. જેમને આપનો આશ્રય છે તેમને લક્ષ્મી, વિજય તથા આત્યંતિક કલ્યાણ અલભ્ય છેજ નહિ એમ અમો નિશ્ચય જાણીએ છીએ. (૪૧)

હે પ્રભો ! પહેલાં આપના પ્રતાપથીજ પ્રહલાદ વગેરેએ દુર્જન એવા પોતપોતાના શત્રુઓને જીત્યા હતા. (૪૨) હે વિભો ! અર્જુન પણ આપના પ્રતાપથીજ અતિ બળવાન કૌરવના સૈન્યને તત્કાળ જીતી ગયા હતા. (૪૩)

ઈન્દ્ર વગેરેએ પણ આપની સહાયથીજ સર્વના કરતા અધિક બળવાન, અને રણમાં ગર્વવાળા, પોતાના શત્રુઓ દૈત્યોને જીત્યા હતા. (૪૪)

માટે આપના આશ્રયવાળાઓનો સર્વ ઠેકાણે વિજય જ છે. માટે હે હરે ! જેમ ભારતી લડાઈમાં શત્રુઓના જય માટે અર્જુનને આપે આજ્ઞા આપી હતી તેમ, આપને હંમેશાં અનુસરેલા અમોને આપ આજે આજ્ઞા આપો. (૪૫)

હે પ્રભો ! કૂતરા, ગધેડા, કાગડા, વરાહ, બિલાડાઓ જેવા અસુરાંશ આ વેરાગીઓ, પ્રત્યક્ષ પુરુષોત્તમ એવા આપના આશ્રયવાળા અમોને શું કરશે ? (૪૬)

આવી રીતે પોતાના આશ્રિત ક્ષત્રિયોનું ધૈર્ય યુક્ત વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિએ તે ક્ષત્રિયોની અત્યંત પ્રશંસા કરી. (૪૭)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં અસુરાંશ દુર્જનોએ સંતોને ઉપાધિ કરી એ નિરૂપણ નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યાય ૪ થો

શ્રી શુકાનંદ મુનિ કહે છે :- ચારેય તરફથી ભેગા થયેલા, યુદ્ધ કરવા ઇચ્છતા ભયંકર વેરાગીઓ જાણે પર્વતો હોયને શું ? એમ પૃથ્વી કંપાવતા શ્રીહરિ જ્યાં રહેતા હતા તે ગામની સમીપે આવ્યા. (૧)

કેટલાક ભાથા સહિત મોટા ધનુષ્યોવાળા, કેટલાક બંને તરફ ધારવાળી પટ્ટીશો ધારણ કરનારા, કેટલાક ત્રિશૂળો ધારણ કરતા, કેટલાક લાકડીઓ, ગોફણો, સાંગો, ફરશીઓ વગેરે ધારણ કરતા હતા. (૨)

કેટલાક અતિ મોટા ચીપિયા, કેટલાક તીક્ષ્ણ ભાલાઓ તથા ભાલોડાં, કેટલાક ઢાલ તથા બખ્તરો એમ વિવિધ પ્રકારના શસ્ત્રો ધારણ કરતા, સર્પના કરતા પણ વધારે ક્રોધવાળા ઈર્ષ્યામાં તો પાડા જેવા, દર્પમાં હિરણ્યાક્ષ જેવા, માનમાં દુર્યોધન જેવા; (૩, ૪)

રજોગુણથી અતિ ઘોર સંકલ્પવાળા, અને મોહથી નાશ પામી છે બુદ્ધિ જેમની એવા, પ્રયોજન વિના પણ કલેશ કરવાના અતિ આગ્રહવાળા, અતિ ઉદ્ધત, જાણે રાક્ષસો હોયને શું ? નિર્વૈરી એવા મનુષ્યોને સદા પીડતા, અન્યના દોષો જોવામાં શિશુપાળ જેવા; (૫, ૬)

કામમાં પ્રિયવ્રત રાજાનો પુત્ર આગ્નિધ્રઃ તથા સુદર્શન રાજાના પુત્ર અગ્નિવર્ણ સમાન, પૂતનાની માફક છળ કરનારા, અભિચાર ક્રિયાવાળા, યમદૂતો જેવા નિર્દય તેઓ સર્વ હતા. (૭)

તાડના વૃક્ષ જેવા ઊંચા, ભયંકર અને જાડા શરીરવાળા, ગાંજાના સેવનથી જાણે બળતા અંગારાના જેવા લાલ નેત્રોવાળા, વાંકી અને અતિક્રૂર ભ્રકૂટિવાળા, ધનુષ્યોમાં મૂક્યા છે બાણો જેમણે એવા, યુદ્ધના અવસરથી મહાન ઉત્સાહવાળા, ઉગામ્યાં છે વિવિધ પ્રકારના શસ્ત્રોથી અતિ ભયંકર રીતે જોનારા; (૮, ૯)

કાંઈપણ કારણ વિના જનસમૂહને જેઓ પાછળ પડી દોડાવે છે. અત્યંત વેગથી દોડતા,

કલ્પના અંત સમયે હાથમાં ત્રિશૂળધારી, રુદ્રગણો જેવા ભયંકર દેખાતા, પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે બીજા મનુષ્યોનો ઘાત કરનારા, મનુષ્ય, પશુઓ વગેરેની હિંસા ચીભડાના ફળની માફક કરી નાંખનારા, ત્યાગ કરી છે સર્વ મર્યાદા જેમણે એવા, નિરંતર પોતાની ઇચ્છા પ્રમાણે વિહરતા, શ્રીહરિનો અતિ મહાન ઉત્કર્ષ સાંભળી ઉત્પન્ન થયેલા ક્રોધથી બળી ઊઠ્યા છે અંતઃકરણ જેમના એવા, સાધુઓ, દેવતાઓ તથા ધર્મનો સદા દ્રોહ કરનારા, તે વેરાગીઓ હતા. (૧૦, ૧૧, ૧૨)

તેમાંના કેટલાક કાજળ જેવા કાળા વર્ણવાળા, અત્યંત લાંબી ડોકવાળા હતા. કેટલાક અત્યંત કાબર ચિત્ર આકૃતિવાળા, કેટલાક વ્યાઘ્રના વર્ણ જેવા; (૧૩)

અતિ ભયંકર વેશ ધારણ કરનારા, લાંબી જટા ધારણ કરનારા, લાંબા કેશવાળા, દેખાવમાં વડના જેવા, કુમતિવાળા; (૧૪)

અતિ લાંબા દાઢી મૂછના વાળોથી ભયંકર મુખવાળા, અતિ બળવાન, અતિ ગર્વવાળા અત્યંત વક્રતાવાળા, યમથી પણ અતિ ભયંકર; (૧૫) જેમ વિજયની ઇચ્છાવાળા, રણમાં ઉત્સાહવાળા કાળયવનની સેનાએ મથુરાને ઘેરી લીધું હતું તેમ આ વેરાગીઓએ તત્કાળ આવીને ખોખરા મહેમદાવાદ ગામને ચારેય તરફથી ઘેરી લીધું. (૧૬)

જન સમૂહને ત્રાસ આપતા આ વેરાગીઓ શંખનો મહાન ઘોષ કરતા, તે સમયે ગોમુખ તથા તૂરિયો આદિ વિવિધ પ્રકારના વાદ્યો વગાડતા હતા. (૧૭) વેરાગીઓ વજ્રપાતના અવાજ સમાન ભયંકર ઘોષ કરતા હતા. જે ઘોષ સાંભળીને પશુઓ જેમ વાઘનો હુંકાર સાંભળીને દોડવા માડે તેમ સર્વ દોડતા હતા. (૧૮)

તેમની ગર્જનાનો ભયંકર ઘોષ સાંભળી, જેમના ચિત્તમાં અત્યંત ત્રાસ વ્યાપી ગયો છે તેવા લોકો વનમાં દવ લાગવાથી જેમ મૃગલાઓ નાસી જાય તેમ નાસવા લાગ્યા. (૧૯) તેમના ભયંકર ઘોષથી અત્યંત ત્રાસથી ભ્રાંત થઈ ગયેલી માતાઓ, માર્ગમાં રમતા તેમના બાળકોને તત્કાળ ઘેર લઈ જવા લાગી. (૨૦)

તે સમયે ભક્તોની સભામાં ઉપદેશ વાર્તા કરતા, શાંત સ્વભાવના મુક્તાનંદ મુનિને મારવા માટે તે વેરાગીઓ તેમની સન્મુખ દોડ્યા. (૨૧) અતિ ભયંકર એવા તે સર્વને દૂરથી જોઈને ભક્તોના મનમાં અત્યંત ત્રાસ વ્યાપી ગયો અને તેઓ તરતજ મુક્તાનંદ મુનિને એકાંત સ્થાનમાં લઈ ગયા. (૨૨)

નિર્વૈરી, સંતોમાં ઉત્તમ મુક્તાનંદ મુનિને ખોળવા છતાં પણ તે ક્રૂર વેરાગીઓ જેમ દૈત્યો વિષ્ણુને ન જ પામે તેમ, મુક્તાનંદ મુનિને ખોળી શક્યા નહિ. (૨૩) તે ગામના બ્રાહ્મણ ભક્તોએ તેમને વારવા માંડ્યા છતાં પણ તે પાપી વેરાગીઓ, બુદ્ધિમાન વસુદેવે જેમ કંસને ઉપદેશ આપ્યો

છતાંપણ દેવકીનો વધ કરવામાં પાછો વળ્યો નહિ તેમ, મુક્તાનંદ વગેરેને હણવાના કાર્યમાંથી પાછા વળ્યા નહિ. (૨૪)

ઉગામ્યા છે આયુધો જેમણે એવા અને ચારેય દિશામાં દોડતા તે વેરાગીઓ તે સમયે, ગરુડને મારવા માટે જેમ સર્પો દોડે તેમ શ્રીહરિને હણવા માટે આવતા હતા. (૨૫) વેરાગીઓ અતિ ઊંચા સ્વરથી ઘોષ કરતા હતા અને જેમ જરાસંધના દૈત્ય જેવા સૈનિકોએ શ્રીકૃષ્ણની પુરી મથુરાને ઘેરી લીધું હતું તેમ, શ્રીહરિના ભવનને ઘેરી લીધું. (૨૬)

દંડના આઘાતથી ક્રોધ પામેલા, ભયંકર ફુત્કાર કરતા સર્પો જેવા દેખાતા, અતિશય ક્રોધથી વ્યાપ્ત અંતઃકરણવાળા, તે વેરાગીઓ ઊંચા અવાજે 'હણો, હણો' એમ પરસ્પર બોલવા લાગ્યા. (૨૭) તે મદોદ્ધત વેરાગીઓને દરવાજાના કમાડ ભાંગવા માટે પ્રયત્ન કરતા જોઈને વેરીભાઈ વગેરે ક્ષત્રિયો શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૮)

હે હરે ! એ વેરાગીઓ બારણા ભાંગીને તત્કાળ અહીં આવશે માટે આપની આજ્ઞા પરાયણ અમારે હવે શું કરવું ? (૨૯) હે પ્રભો ! અમોએ ઈચ્છેલો અને શૂરવીરોને સદા પ્રિય એવો અવસર આજે પ્રાપ્ત થયો છે, માટે આપ અમોને આજ્ઞા આપો. (૩૦)

સત્ય સંકલ્પવાળા શ્રીહરિ, આવી રીતે શૂરતા યુક્ત પોતાના ક્ષત્રિય ભક્તોનું વચન સાંભળીને, પોતાના આશ્રિતોને કહેવા લાગ્યા. (૩૧) હે ભક્તો ! હાલમાંજ બારણા ઉઘાડી નાંખો વાર કરશો નહીં. કાળરૂપી સર્પથી ગળાયેલા તેઓ તમોને જીતવા માટે શક્તિમાન થશે નહિ. (૩૨)

હે ક્ષત્રિયો ! દુષ્ટ આશયવાળા એ વેરાગીઓ જો તમારા ઉપર પ્રથમ પ્રહાર કરે તોજ તમારે તેમની સાથે ઈચ્છા પ્રમાણે યુદ્ધ કરવું. (૩૩) શ્રીહરિએ આ પ્રમાણે આજ્ઞા આપી તેથી મૃત્યુના ભયથી રહિત અને ધાર્યા છે શસ્ત્રો જેમણે એવા તે મહાશૂરવીર વેરીઓને ભય સમાન વેરીભાઈ વગેરે ક્ષત્રિયોએ બારણા ઉઘાડી નાંખ્યા. (૩૪)

પછી દૈત્યાંશવાળા તે વેરાગીઓ તત્કાળ મ્યાનમાંથી બહાર કાઢેલી તરવારો ઉગામી તે સમયે ઊંચા ઉછળીને પ્રત્યક્ષ શ્રીહરિના ક્ષત્રિય ભક્તજનો ઉપર એકી સમયે પ્રહાર કરવા લાગ્યા. (૩૫) અસુરોએ પહેલા પ્રહારો કર્યા તેથી તે ક્ષત્રિયો શ્રીહરિના પ્રતાપથી, તેમને તરવારોના પોતાના ઉપર પ્રહારો થયા છતાં પણ હિરણ્યકશ્યપુની આજ્ઞાથી અસુરોએ વિવિધ પ્રકારના શસ્ત્રોથી પ્રહલાદને જેમ માર્યા હતા છતાં તેને કોઈ ઘા વાગ્યો નહિ, તેમ તે વેરાગીઓએ ઉગામેલી તરવારોના તેમને કોઈને ઘા વાગ્યા નહિ. (૩૬)

બળવાન, યુદ્ધમાં પ્રવીણ, શત્રુઓને અસહ્ય, શ્રીહરિના આશ્રિત તે ક્ષત્રિયો મદથી ઉદ્ધત વેરાગીઓને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૭) હે અસભ્યો ! કસાઈઓ નિર્દોષ ગાયને

જેમ હણે છે, પારધિઓ હરણાને જેમ હણે છે તેમ અપરાધ રહિત દુર્બળોને તમો અત્યંત પીડા કરો છો. (૩૮) સર્વદા સાધુજનોને પીડા કરવામાં આસક્તિવાળા, ધર્મનો ધ્વંસ કરવામાં ઉદ્યમવાળા, ગરીબજનો રૂપી મૃગલાઓને પીડા કરનારા તમોને, અમારા જેવા નરકેસરી સિંહ પ્રાપ્ત થયા નથી. (૩૯)

નિર્ભય સ્થાનમાં શૌર્યવાળા, પોતાનાજ વખાણ કરનારા, ખળ, પાપીઓ તમો બધા અમારી સન્મુખ ઊભા રહો. (૪૦) શ્રીહરિના આશ્રિત ક્ષત્રિયો વેરાગીઓને આ પ્રમાણે કહીને ધન, ધામ, પુત્રો, રાજ્ય ક્ષેત્રાદિમાં આસક્તિ તથા મૃત્યુની બીકનો ત્યાગ કરીને ધૈર્યવાળા, રોમાંચિત શરીરોવાળા મ્યાન રહિત ઉગામેલી તરવારો જેમના હાથમાં છે એવા, ગર્જના કરતા ગજેન્દ્રોના સમૂહમાં સિંહ જેમ ઘૂમે તેમ વૈરિ સમૂહમાં તત્કાળ ઘૂમવા લાગ્યા. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં અસુરાંશ દુર્જનોની સાથે ક્ષત્રિય ભક્તોએ યુદ્ધનો આરંભ કર્યો તે વર્ણન નામે ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)



અધ્યાય ૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! કૌરવોની સાથે જેમ પાંડવોનું યુદ્ધ થયું, ઈન્દ્રાદિ દેવોનું જેમ અસુરો સાથે યુદ્ધ થયું તેમ શ્રીહરિના આશ્રિત ક્ષત્રિયોનું અસુરાંશ વેરાગીઓની સાથે દારુણ યુદ્ધ થયું. (૧)

જય ઈચ્છનારા હજારો દુર્જનો, મેઘ જેમ મૂશળધાર રીતે પર્વતો ઉપર વર્ષે તેમ, તે ક્ષત્રિય ભક્તો ઉપર આયુધોના પ્રહાર કરવા લાગ્યા. (૨) યુદ્ધ કરવાની અનેક પ્રકારની યુક્તિઓપૂર્વક રણભૂમિમાં ફરતા, યુદ્ધની સર્વ કળાઓને જાણનારા, શ્રીહરિના આશ્રિત તે ક્ષત્રિય ભક્તો જ્ઞાનથી જેમ કલેશ નાશ પામે તેમ તરવારોથી તે વેરાગીઓના બાણો વગેરે છેદી નાંખતા હતા. (૩)

પછી ધીર ક્ષત્રિયો વિવિધ પ્રકારના શસ્ત્રોથી એકદમ મદોદ્ધત વેરાગીઓ ઉપર ધ્રુવ, યક્ષ સમુદાય ઉપર જેમ પ્રહાર કરતા હતા તેમ, અત્યંત પ્રહાર કરતા હતા. (૪)

તે ક્ષત્રિયોએ નાના પ્રકારના તીક્ષ્ણ શસ્ત્રોથી વારંવાર તે વેરાગીઓ ઉપર પ્રહાર કર્યો. પરંતુ તે વેરાગીઓ પુષ્પોની માળાઓ વડે, હાથીઓ ઉપર જેમ પ્રહાર કરવાથી તે ચલાયમાન ન થાય તેમ, ચલાયમાન થયા નહિ. (૫)

પછી તે ક્ષત્રિયોના અત્યંત વેગવાન અને શીઘ્રતાથી કરેલા પ્રહારના વેગથી તે અસુરાંશ

વેરાગીઓ અને તે ક્ષત્રિયો જાણે અનેક હોય ને શું ? એમ દેખાવા લાગ્યું. એવી રીતે તે ક્ષત્રિય ભક્તો તે વેરાગીઓના અંગો છિન્નભિન્ન કરવા લાગ્યા. (૬) જેમણે કદી રણાંગણમાં પૂઠ બતાવી નથી અને શસ્ત્રોથી જેઓ કદી પણ છેદાયા નથી એવા તે ક્ષત્રિયોની રણક્રિયા જોઈને વેરાગીઓના મનોરથો ભાંગી ગયા. (૭)

જેમ મૃગલાઓના ટોળા મૃગેન્દ્રોની આગળ જવામાં શક્તિમાન ન થાય તેમ તે વેરાગીઓમાં કોઈપણ તે ક્ષત્રિયોની સન્મુખ આવવા શક્તિમાન ન થયા. (૮) તે અસુરાંશ વેરાગીઓએ સાક્ષાત્ ભગવાનના ભક્ત તે ક્ષત્રિયો ઉપર ફેંકેલા આયુધો, ભાગ્યશૂન્યના ઉદ્યમો જેમ નિષ્ફળ જાય તેમ, શ્રીહરિના પ્રતાપથી તે સર્વે નિષ્ફળ થયા. (૯)

કેવળ વીરપુરુષોને જ ધૈર્ય પમાડનારા, તેમજ ધૈર્ય રહિત પુરુષોને ભયંકર જણાય તેવા તે અસુરાંશ વેરાગીઓ તથા ક્ષત્રિયવીરો તે મહાસંગ્રામમાં પરસ્પર પ્રહાર કરતા હતા. (૧૦)

અત્યંત ક્રોધિત મન છે જેમનાં એવા અને દુષ્ટ આશયવાળા સર્વ વેરાગીઓ, વર્ષાઋતુમાં મેઘ જેમ સૂર્યને આવરી લે તેમ બાણોના વર્ષાદથી તે ક્ષત્રિયોને આવરી દેતા હતા. (૧૧) નિર્ભય, સાવધાન અને ચપળ હાથવડે ક્ષત્રિયો, જેમ અર્જુન પુષ્કળ બાણોથી ભીષ્મના બાણસમુદાયનો નાશ કરતા હતા તેમ, તેમના બાણસમુદાયને છેદી નાંખતા હતા. (૧૨)

વીરોનું મર્દન કરનારા તે ક્ષત્રિયો ભાથામાંથી બાણો વેગપૂર્વક કાઢી અતિ તીક્ષ્ણ બાણોથી યુદ્ધ કરનારા વેરાગીઓને દૂરથી વીંધતા હતા. (૧૩)

કર્ણ પર્યંત ખેંચાયેલા ધનૂષો વડે વારંવાર તે ક્ષત્રિયોને બાણો છોડતા જોઈને, શૂરવીર પરંતુ કઠોર અને અસુરાંશ સ્વભાવવાળા તે વેરાગીઓ અત્યંત ત્રાસ પામ્યા. (૧૪)

થોડા ક્ષત્રિયો હોવા છતાં પણ તે સર્વ વેરાગીઓને રણાંગણમાં, સિંહ મૃગલાઓ તથા શિયાળયાને જેમ નસાડે તેમ, વારંવાર નસાડતા હતા. (૧૫)

તે ધનુર્ધારી ક્ષત્રિયોએ એકજવાર ખેંચેલા ધનુષ્યો જાણે અનેક બાણો ઉત્પન્ન કરતા હોયને શું ? એમ અસુરાંશ વેરાગીઓ વિચાર કરવા લાગ્યા. (૧૬) બંને પક્ષના યોદ્ધાઓના પગના પ્રહારથી તે યુદ્ધની ભૂમિ છિન્નભિન્ન થઈ ગઈ અને તેમાંથી ઊડેલી રજ આકાશ તથા દિશાઓને ઢાંકી દેતી નથી. (૧૭)

તે સમયે રજથી ઉત્પન્ન થયેલા અંધકારથી, પરસ્પર કોઈ કોઈને જોઈ શકતા નહતા. તેથી બંને પક્ષના યોદ્ધાઓ જીતવાની ઈચ્છાથી પોતાના તથા વેરાગીઓના શબ્દોથી તેમને ઓળખીને તેમને હણતા હતા. (૧૮)

સ્વામિનારાયણ મહાપ્રભુ પાસેથી પ્રાપ્ત થયું છે અતિશય બળ તથા પરાક્રમ જેમને એવા

તે ક્ષત્રિય ભક્તો, યોગિઓને જેમ ઈન્દ્રિયો જીતી શકતી નથી તેમ વેરાગીઓથી ન જીતી શકાય તેવા હતા. (૧૯) વીરોનું મર્દન કરનારા તે ક્ષત્રિય ભક્તો પોતાના તીક્ષ્ણ શસ્ત્રોથી, જેમના દાઢી તથા મૂછના વાળ વધેલા છે, તથા જેમના નેત્રો લાલ છે, જેમના ઓષ્ઠો ક્રોધથી કરડાયેલા છે, જેની રક્તવાહિની નસો ઉપડી આવી છે અને જેમની ભ્રકુટિઓ વક્ર બની ગઈ છે, એવા ભયાનક તે અસુરાંશ વેરાગીઓના સો સો મસ્તકોથી તે રણની ભૂમિને ઢાંકી દેતા હતા. (૨૦, ૨૧)

તે ક્ષત્રિય ભક્તોની ગર્જનાઓ તે વેરાગીઓના શબ્દોને, જેમ મેઘની ગર્જના વાદ્યોના ધ્વનિ ઢાંકી દે તેમ, ઢાંકી દેતી હતી. (૨૨) તે ક્ષત્રિયોની ગર્જના સમગ્ર દિશાઓમાં વ્યાપ્ત થઈ ગઈ હતી. અને જાણે ભયંકર વજ્રપાતના શબ્દની માફક શત્રુઓના હૃદય વિદારી દેતી હતી. (૨૩)

અત્યંત કુબુદ્ધિવાળા તે વેરાગીઓનો ધ્વનિ સિંહનાદોની આગળ શિયાળયાનો ધ્વનિ જેમ ઢંકાઈ જાય તેમ ઢંકાઈ ગયો હતો. (૨૪) તે વેરાગીઓ અતિ દુર્જય હોવા છતાં પણ શ્રીસ્વામિનારાયણના મહાપ્રતાપથી અલ્પ સંખ્યાના તે ક્ષત્રિય ભક્તોને જીતવા માટે સમર્થ થયા નહિ. (૨૫)

મહાધૈર્યવાળા અને મહાપરાક્રમી, વૈરીગણોને અસહ્ય, યુદ્ધક્રિયામાં નિપુણ, તે ક્ષત્રિય ભક્તોએ, સિંહ શિયાળયાને જેમ હણે તેમ, પૃથ્વીના ભારભૂત સંખ્યામાં વિપુલ એવા તે વેરાગીઓને હણી લીધા. (૨૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં અસુરાંશ વેરાગીઓની સાથે ક્ષત્રિય ભક્તોનું યુદ્ધ નિરૂપણ નામે પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તે વેરાગીઓમાં કાળભૈરવ સમાન ભયંકર ચાર મુખ્ય વેરાગીઓ જાણે કાળેજ પ્રેર્યા હોય તેમ તે ક્ષત્રિય ભક્તોને મારવા માટે તત્કાળ ત્યાં આવી પડ્યા. (૧, ૨)

અભિચાર ક્રિયાવાળા, અત્યંત ક્રોધથી વ્યાપ્ત, બળતા અંગારાની માફક લાલ નેત્રોવાળા, ક્રોધથી કરડેલા છે ઓષ્ઠ જેમના એવા, તે સમયે ઊંચા સ્વરથી "હણો હણો" એમ બોલતા તે ચાર આસુરી સ્વભાવવાળા વેરાગીઓ વિજયની ઇચ્છાથી તે સર્વ ક્ષત્રિય ભક્તો ઉપર એકી સાથે બાણોનો પ્રહાર કરવા લાગ્યા. (૩)

પાંખોવાળા સર્પો જેવા અતિવેગથી ભયંકર, તે ચારે વેરાગીઓના આવતા બાણોને તે ક્ષત્રિય ભક્તો સૌભ વિમાનમાં બેઠેલા શાલ્વના સેનાધિપતિઓના બાણોને જેમ અંધક નામના યાદવો છેદી નાંખતા હતા તેમ, છેદી નાંખતા હતા. (૪)

યુદ્ધમાં નિપુણ, અતિશીઘ્રતાથી બાણ છોડવાની દક્ષતાવાળા, તે સર્વ ક્ષત્રિયોએ તીક્ષ્ણ બાણોથી અત્યંત બળવાન તે વેરાગીઓને તત્કાળ ઢાંકી દીધા. (૫)

વજ્રની માફક સુસ્થિર અંગોવાળા તે વેરાગીઓ તે ક્ષત્રિય ભક્તોના બાણોથી વીંધાયા છતાં પણ, દેવતાઓના બાણોથી વીંધાયેલા અસુરો જેમ ઊભા થાય તેમ, સંગ્રામમાંથી પાછા વળતા નહોતા. (૬)

અન્યોન્ય જીતવાને ઇચ્છતા, પોતાના રણસ્થાનનો ત્યાગ નહિ કરતા, મહાક્રોધવાળા તે ક્ષત્રિયો તથા વેરાગીઓ પરસ્પર એકબીજા ઉપર પ્રહાર કરતા હતા. (૭) યુદ્ધના અત્યંત આગ્રહવાળા, દૂષણોથી ભરપુર, આસુરભાવથી ભરપુર, તે વેરાગીઓ પોતાના બાણો ખૂટી ગયા હતા છતાં પણ વિવિધ પ્રકારના અન્ય આયુધોથી લડતા હતા. (૮)

વીરોના ટોળાંને ભેદનારા તે ક્ષત્રિયોનો તો શ્રીહરિના પ્રતાપથી તે ચાર વેરાગીઓએ છોડેલા ક્ષુરપ્ર નામના શસ્ત્રોથી પણ પરાભવ ન થયો. (૯)

જે ક્ષત્રિય ભક્તો લોઢાના કવચોથી રહિત છે, જેમણે ફક્ત એક શ્રીનારાયણના આશ્રયરૂપી કવચ પહેર્યું છે એવા, ધૈર્યશાળી તે ભક્તોના એકપણ અંગ ઉપર કાંઈ પણ ઘા થયો નહિ. (૧૦)

મૃત્યુરૂપી કાળ પાસે આવ્યો હોવાથી દૂષિત બુદ્ધિવાળા થયેલા અને પાપકર્મોમાં આસક્ત ચિત્ત છે જેમનું એવા તે અસુરાંશ વેરાગીઓનો તે ક્ષત્રિય ભક્તોને હણવાનો પ્રયત્ન, જેમ જેનું આયુ ખૂટી ગયું છે તેવા મનુષ્યોને કોઈપણ ઔષધ નિષ્ફળ નિવડે તેમ, નિષ્ફળ થયો. (૧૧)

પછી તે ચાર આસુરી વેરાગીઓમાંથી એકને તે ક્ષત્રિયોએ ક્ષુરપ્ર બાણોથી વીંધી નાંખ્યો અને તેથી જેમ શ્રીકૃષ્ણના બાણોથી હણાયેલો ભૌમાસુર પૃથ્વી ઉપર પડ્યો તેમ તે પૃથ્વી ઉપર પડ્યો. (૧૨)

તે ક્ષત્રિયોએ જેનાં અંગો વિદારણ કરી નાંખ્યા છે એવો બીજો પણ વેરાગી, નીકળી ગયા છે લોચન જેનાં એવો થઈ નિષ્પ્રાણ બની, જેમ શિવજીએ તાડન કરેલો ત્રિપુરાસુર પૃથ્વી ઉપર પડ્યો તેમ, વીંધાઈને પૃથ્વી ઉપર પડ્યો. (૧૩)

ત્રીજો વેરાગી પણ તે ક્ષત્રિયોના બાણોથી વીંધાઈને મુખમાંથી રુધિર સ્રાવતો નિષ્પ્રાણ બની, વાયુથી જેમ વૃક્ષ ઉખડી જાય તેમ, ઉખડીને ધરણી પર ઢળી પડ્યો. (૧૪) ચોથો વેરાગી તો જાણે પોતાના પ્રાણ ગયા છે એવો બની પોતાના પ્રિય ત્રણ વેરાગીઓની સ્થિતિ જોઈને અત્યંત ઉદ્વિગ્ન

મનથી અત્યંત ઉશ્કેરાઈને જીતવાની ઈચ્છાથી તે ક્ષત્રિયોની સાથે યુદ્ધ કરવા લાગ્યો. (૧૫)

તે ક્ષત્રિયોએ બાણોથી તેના અંગો એકદમ છેદી નાંખ્યા છતાં પણ રણમાં ઉદ્ધત એવો તે વેરાગી, દેવો સાથે યુદ્ધ કરતા વૃત્રાસુરની જેમ, પૃથ્વી ઉપર ન જ પડ્યો. (૧૬) તેથી પોતાના ભક્તોને જય અપાવવાની ઈચ્છાથી પરમેશ્વર શ્રીહરિ તે ચોથા અસુરાંશ વેરાગીને તેમજ અન્ય વેરાગીઓ જે ત્યાં ભેગા થયા હતા અને જે હણાયા ન હતા તેમને, ભયંકર, અનેક વિશાળ ગુફાઓ સમાન મુખવાળુ સ્વરૂપ. (૧૭, ૧૮)

જે સ્વરૂપના અત્યંત લાંબા અસંખ્ય પાદો મહીતલનો સ્પર્શ કરતા હતા, પર્વતના શિખર સમાન ભયંકર મસ્તકો ગગનનો સ્પર્શ કરતા હતા. (૧૯) સૂર્યના કિરણોના સમૂહથી સ્ફુરાયમાન આયુધોથી યુક્ત, અતિ લાંબા હાથ જેમના છે, અત્યંત ત્રાસ ઉત્પન્ન કરનારી જેમની વક્ર દૃષ્ટિ છે. (૨૦)

કલ્પના અંતે એટલે કે પ્રલય કાળના અતિશય બળતા અગ્નિ તથા સૂર્યની કાંતિ સમાન જેમની કાંતિ છે, વિશાળ અને ભયાનક મુખોથી વિશ્વનો જાણે ગ્રાસ કરતું હોયને શું ? એવા શ્રીહરિના વિશ્વરૂપ તેજમાં ગ્રહોનું તેજ, જેમ સૂર્યના તેજમાં ચંદ્ર અને તારાઓની કાંતિ લીન થાય છે તેમ, લય પામી ગયું. (૨૧, ૨૨)

જે વિશ્વરૂપ ભગવાનના અસંખ્ય મુખોમાં, સમુદ્રમાં નદીઓ જેમ લીન થાય, અગ્નિમાં પતંગો જેમ ભસ્મ થઈ જાય તેમ તે અસુરાંશ વેરાગીઓ તત્કાળ જાણે પ્રવેશ કરતા હોયને શું એમ જાણતા હતા. (૨૩)

દિવ્યચંદનથી ચર્ચિત અંગવાળું, વિવિધ ભૂષણોથી અલંકૃત, વિચિત્ર પુષ્પોની સુંદર માળાથી યુક્ત, અત્યંત સુંદર અંબરોથી દેદીપ્યમાન, (૨૪)

હજારો મસ્તકોમાં વિશેષ શોભતા મુગટોથી અતિશોભાયમાન, ચારેય તરફથી પ્રસરતા તેજથી ન જોઈ શકાય તેવું, અતિ આશ્ચર્યજનક. (૨૫)

અપ્રમેય, આકાશ અને પૃથ્વીની વચ્ચે વ્યાપી ગયેલા તે ઉગ્ર રૂપથી ત્રિલોકમાં અત્યંત ત્રાસ વ્યાપી ગયો. (૨૬) જેને જોઈને ભય પામેલા દેવતાઓ, સિદ્ધો, ગંધર્વો, ચારણો, મોક્ષનો ઉપાય કરનારાઓ, સર્વ વિનય યુક્ત થઈ બંને હાથ જોડી તે સ્વરૂપની સ્તુતિ કરવા લાગ્યા. (૨૭)

મહર્ષિઓ પણ અતિ ત્રાસ પામીને આદરપૂર્વક સ્વસ્તિ શબ્દનું ઉચ્ચારણ કરી જે રૂપનું ચંદન પુષ્પાદિથી અર્ચન કરે છે તથા સ્તુતિ કરે છે. (૨૮)

રુદ્રો, આદિત્યો, વસુઓ, વિશ્વદેવો, બંને અશ્વિનીકુમારો, પિતરો, અમૂર્ત વાયુ વગેરે જે રૂપને વિસ્મય પામી આકુળ બની જુવે છે. (૨૯)

તે વૈરાજ રૂપના દર્શનથી બીક પામેલો ક્ષત્રિયોના બાણોથી વીંધાયેલો તે ચોથો અસુરાંશ વેરાગી રુધિરથી ખરડાયેલા અંગવાળો બની જાણે પ્રફુલ્લિત કેસૂડાના વૃક્ષની માફક શોભતો હતો. (૩૦)

તેનું શરીર આવું રુંધાઈ ગયું છે છતાં પણ તે વેરાગી તરવાર અને ઢાલ ધારણ કરી તે ક્ષત્રિયોની સાથે યુદ્ધ કરતો બંને ઢીંચણોથી પૃથ્વીના તળનો સ્પર્શ કરીને, પોતે શિથિલ હોવા છતાં પણ ઊભો રહ્યો. (૩૧)

તે ક્ષત્રિયોમાં વેરીભાઈએ એકદમ તેની સન્મુખ જઈને તરવારથી તેનું મસ્તક છેદી નાંખ્યું. તે મસ્તક વજ્ર સમાન ઊંચા પર્વતનું શિખર પડે તેમ પૃથ્વી ઉપર પડ્યું. (૩૨)

આવી રીતે તે મુખ્ય ચાર વેરાગીઓ મરણ પામ્યા તેથી તેના પક્ષના બીજા વેરાગીઓ ભય પામ્યા. અને ભગ્ન મનવાળા થઈ જાણે પ્રાણ ગયા હોયને શું એવા બની ગયા. (૩૩)

રણમાં હણાયા ન હતા તેવા સર્વે વેરાગીઓ રણસંગ્રામનો ત્યાગ કરીને, ઋભુ સંજ્ઞાવાળા દેવોથી ભય પામેલો રુદ્રના ગણો જેમ નાસી ગયા હતા તેમ, તત્કાળ નાસી ગયા. (૩૪) ત્યાંના નિવાસી ભીલ લોકો પણ તેમની પાછળ દોડ્યા અને બાણોથી હણાયેલા તેમાંના કેટલાક પાપીઓ તો જાણે પ્રાણ ગયો છે તેવા થઈ ગયા. (૩૫)

ભાગી ગયા છે તથા છેદાઈ ગયા છે અંગો જેમનાં એવા કેટલાક દોડતા દોડતા પોતાના સ્થાનમાં પહોંચી ગયા. આવી રીતે પૃથ્વી ઉપર ભારભૂત તે સર્વનો ક્ષય થયો. (૩૬)

તે વેરાગીઓમાં પાપિષ્ઠ અને તે સર્વનો ગુરુ અને અગ્રેસર, શ્રીહરિને તથા તેમના સાધુઓને હણવાની ઈચ્છાથી મોકલેલા પોતાના વેરાગીઓના અંગો છેદાયા છે, તે જોઈને તેમજ તેમાંના ઘણા મરણ પામવા છે તેવું સાંભળીને, વળી પોતાના શત્રુઓ તો ક્ષેમકુશળ છે તે સમાચાર જાણીને, મત્સરથી મનમાં દુ:ખી થઈ અતિ ક્રોધથી ભય પામી અત્યંત શોકાતુર બની ગયો. (૩૭, ૩૮)

એવામાં જેઓ હણાયા ન હતા એવા બાકી રહેલા, શ્રીહરિ પ્રત્યે દ્વેષવાળા, તે સર્વે વેરાગીઓ તથા તેમના ગુરુને વગેરેને પાપાચારી જાણીને, શ્રીનગરના અધિપતિ રાજાએ તત્કાળ દૂતો મોકલી તેમને સર્વને પકડીને કારાગૃહમાં પૂરી દાધા. તેમજ તેમને મારીને તેમને શિક્ષા કરવા લાગ્યા. (૩૯, ૪૦)

હે રાજન્ ! આ પ્રકારે તે અહંકારીઓનું અપ્રિય તેમના પોતાના જ પાપથી થયું. શ્રીહરિના પ્રતાપથી ક્ષત્રિય જાતિના વેરીભાઈ વગેરે હરિભક્તોનો તો અન્યને પ્રાપ્ત ન થઈ શકે તેવો વિજય થયો. (૪૧)

જેના આશ્રયના બળથી જે ભક્તો, દૈત્યો તથા ઈન્દ્રાદિ દેવતાઓને જેમણે દાસ બનાવી દીધા છે એવા લોભ, કામ, રસાસ્વાદ, માન વગેરે અંતઃશત્રુઓને જીતે છે. (૪૨)

કાળ, માયા, જન્મ વગેરેનો ત્રાસ ન ટળી શકે તેવો હોવા છતાં પણ તે ભક્તોને તો તે ત્રાસ ટળી ગયો છે, એવા તે ભગવાનના ભક્તો અન્ય ઉપર વિજય પામે તેમાં શું આશ્ચર્ય છે ! (૪૩)

દુર્જન અને આસુરી વેરાગીઓ ઉપરના જયથી જેમને હર્ષ ઉત્પન્ન થયો છે એવા પ્રફુલ્લિત મુખની શોભાવાળા તે ક્ષત્રિયો પોતાના ઈષ્ટ શ્રીહરિની સમીપે જઈ, તેમને નમસ્કાર કરીને કહેવા લાગ્યા. (૪૪)

હે પ્રભો ! આપના પ્રતાપથી દુર્જનો તો પરાજય થયા. હે દયાસાગર ! અસુરાંશ વેરાગીઓની શસ્ત્ર વૃષ્ટિથી આપે અમારું રક્ષણ કર્યું છે. (૪૫) સર્વના અંતર્યામી શ્રીહરિએ પોતાના ક્ષત્રિય ભક્તનું આવું વચન સાંભળીને તેમના ઉપર પ્રસન્ન થઈ, મહામૂલ્યવાળા વસ્ત્રોથી વેરીભાઈ વગેરે પોતાના ક્ષત્રિય ભક્તોનો સત્કાર કર્યો. (૪૬)

સર્વેશ્વર, અક્ષરથી પર, (સ્વભાવ, ગુણ, વૈભવ, ઐશ્વર્ય, વિભૂતિ વગેરેથી સર્વ પ્રકારે જે અક્ષરબ્રહ્મથી પર છે) પ્રણત જનોના દુઃખને હરનારા, ભક્તપ્રિય, ઉપનિષદોએ જેમની કીર્તિ ગાઈ છે એવા શ્રીહરિએ આવી રીતે પોતાના ભક્તજનોને નિમિત્ત બનાવી પોતાના અતિમહાન પ્રતાપથી જ પૃથ્વી ઉપરનો અતિશય ભાર નાશ કર્યો. (૪૭)

શ્રીહરિની પરમ શુભ પ્રતાપ યુકત આ પવિત્ર કથા જે જનો આ લોકમાં સાંભળશે તેઓનો વિવિધ પ્રકારના શત્રુઓથી ક્યારેય પરાભવ થશે નહિ. તેમજ શ્રીહરિમાં તેમને અત્યંત પ્રીતિ થશે. (૪૮)

પછી શ્રીહરિ તે ગામમાં રાત્રિ રહીને પ્રાતઃકાળમાં ભોજન કરી પોતાના ભક્તજનોની સાથે ગઢપુર જવા માટે તત્કાળ તૈયાર થયા. (૪૯) ત્યાંના ભક્તોએ અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને વળાવ્યા અને શ્રીહરિ પછી ઘોડેસવારો તથા પાર્ષદજનોની સાથે ચાલતા જેતલપુર પધાર્યા. (૫૦)

ત્યાંના ભક્તોએ શ્રીહરિની સેવા કરી, તેમજ ભોજનથી તેમને સર્વને તૃપ્ત કર્યા. પછી પોતાના આશ્રિત જનોને અત્યંત સુખ આપતા શ્રીહરિ પોતાના ભક્તોની સાથે ત્યાં રાત્રિ રહ્યા. (૫૧)

આસુરી વેરાગીઓનો જે મહાવિનાશ થયો તે શ્રીહરિએ જેતલપુરમાં કહ્યો. તે સાંભળીને શ્રીહરિના બંધુજનો વગેરે અત્યંત આનંદ પામ્યા. (૫૨) સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ભક્તજનોની સાથે જેતલપુરના નિવાસી ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ તે પુરથી નીકળી ધોલેરાપુરમાં પધાર્યા. (૫૩)

ધોલેરાપુરના ભક્તોએ શ્રીહરિની અત્યંત સેવા કરી અને શ્રીહરિ તથા તેમના આશ્રિતોને ભોજનથી તૃપ્ત કર્યા. પછી શ્રીહરિ રાત્રિ ત્યાં રહ્યા. (૫૪) સવારમાં પોતાના અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તેમના સમગ્ર જનોની સાથે ધોલેરાપુરના ભક્તોએ વળાવ્યા. માર્ગમાં ચાલતા શ્રીહરિ કમીયાળા ગામમાં પધાર્યા. (૫૫)

ત્યાંના ભક્તોએ ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરી અને શ્રીહરિને તથા તેમની સાથેના ભક્તોને ભોજનથી તૃપ્ત કર્યા. શ્રીહરિ રાત્રિ ત્યાં રહ્યા. (૫૬) સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને કમીયાળા ગામના ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ પોતાના સમગ્ર જનોની સાથે ત્યાંથી નીકળ્યા. (૫૭)

પછી ભક્તોના ગામોમાં રહેતા, તે ભક્તોની સેવા અંગીકાર કરતા, પોતાના ભક્તજનોની સાથે શ્રીહરિ માર્ગમાં વિચરતા શ્રેષ્ઠ દુર્ગપત્તનપુરમાં પધાર્યા. (૫૮)

હે રાજન્ ! સન્મુખ આવેલા તે પુરના પોતાના ભક્ત સમૂહે શ્રીહરિનું સન્માન કર્યું પછી શ્રીહરિ ગઢપુરમાં પ્રવેશ કરીને પોતાના ભુવનમાં રહ્યા. શ્રીહરિના અન્ય ભક્તો પણ પોતપોતાના નિવાસોમાં રહેવા લાગ્યા. (૫૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં અસુરોનો પરાભવ કર્યો તે વર્ણન નામે છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં વસતા શ્રીહરિ એક સમયે એકાંત સ્થળમાં બેસી આ લોકમાં પોતાના આવિર્ભાવનો જે મુખ્ય હેતુ હતો તેનો પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યા. (૧)

પૃથ્વી ઉપર કળિયુગના બળથી વૃદ્ધિ પામી અધર્મને તેના કુળ સહિત અસુરોએ વૃદ્ધિ પમાડ્યો એટલે ધર્મની અત્યંત ગ્લાનિ થઈ. (૨) તેથી દેવતાઓ, ઋષિઓ તથા સંતો પૃથ્વી ઉપર અત્યંત દુઃખી થયા. અસત્ પુરુષોના અતિશય ભારને પૃથ્વી સહન કરવા માટે સમર્થ થઈ નહિ. (૩)

દુર્વાસા મુનિના શાપના નિમિત્તથી હું આ પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ પામ્યો છું. આ ભૂમિને ભારભૂત દૈત્યોને મેં મારા પ્રતાપથી સમગ્ર પૃથ્વી ઉપરથી ઉખેડી નાંખ્યા છે. (૪) આ લોકમાં ધર્મનો વંશ ભક્તિએ સહિત પુષ્ટ કર્યો છે તથા અધર્મના સર્વ કુળનો નાશ કર્યો છે. દેવો તથા મુનિઓ વગેરેને મેં આ લોકમાં પરમ સુખીઆ કર્યા છે. (૫)

આ લોકમાં બ્રહ્મચર્ય તથા આશ્રમ ધર્મ તથા વર્ણ ધર્મોનું પાલન કરી, સર્વ બુદ્ધિમાન જનો વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ વગેરે ગુણો સહિત રાત્રિ દિવસ મને ભજે છે. (૬)

આ લોકમાં જે જનોએ મારો આશ્રય કર્યો છે તે જનો મુક્ત થયા છે. મેં દેહ ધારણ કરી જે કાર્યસિદ્ધિ કરવાનું નિરધાર્યું હતું તે સર્વ સિદ્ધ થયું છે, તેમાં લેશ પણ હવે અધૂરૂં રહ્યું નથી. (૭)

હવે ભવિષ્યની પ્રજાનું આ લોકમાં પરંપરાગત ઉત્તમ હિત જે રીતે થાય તે રીતે આ ભૂતળ ઉપર મારે કાર્ય કરવું છે. (૮)

હું આ મૃત્યુ લોકમાંથી અંતર્ધાન થઉં ત્યારે મારા સમગ્ર ભક્તો આ લોકમાં આલંબન રહિત થઈ જાય, તેથી મારે તેમને માટે કાંઈક કરવું જોઈએ. (૯)

સર્વ અવતારોના કારણ, વાત્સલ્ય તથા દયાના નિધિ શ્રીહરિએ આવો વિચાર કરીને પૃથ્વી ઉપરના સમગ્ર મનુષ્યોનું હિત ત્રણ પ્રકારે છે એમ નિશ્ચય કર્યો. (૧૦)

આ લોકમાં સુંદર મંદિરો કરાવીને મંદિરોમાં હું મારી અર્ચા (મૂર્તિ)નું સ્થાપન કરું. તેથી લોકો પોતપોતાના ધર્મમાં રહીને તે મૂર્તિઓની અતિશય સેવા કરશે. (૧૧) તે મૂર્તિઓની સેવાથી મારા આશ્રિતજનોને સમગ્ર પુરુષાર્થની સિદ્ધિ થશે. તેમજ સમગ્ર ઈચ્છિત સુખ પામશે. આવી રીતે કરવાથી મારા આશ્રિતોને તથા અન્ય મનુષ્યોને પણ આલંબન મળશે. (૧૨)

ભક્તિમાર્ગનું પોષણ કરવા માટે, મારા મંત્રની દીક્ષા આપવા માટે, ગુરુની પણ આવશ્યકતા છે. માટે શુભ અને વિશુદ્ધ ધર્મવંશમાં ગુરુપણું (આચાર્યપદવી) હું સ્થાપન કરું. (૧૩)

આ લોકમાં વર્ણાશ્રમ ધર્મને યોગ્ય સદાચારરૂપ મનુષ્યોનો સ્વધર્મ, નિર્બાધ જ્ઞાન, વૈરાગ્ય, શ્રવણાદિ નવ પ્રકારની ભક્તિ વગેરેનું સ્વરૂપ, લક્ષણ અને જ્ઞાન માટે શતાનંદ મુનિદ્વારા મારા ચરિત્રો સહિત એક ગ્રંથ કરાવું. (૧૪)

તે ગ્રંથમાંથી મારા ભક્તજનો શાસ્ત્રોના સિદ્ધાન્તો સમજીને આ કળિયુગમાં પણ મારી અતિશુદ્ધ ભક્તિ કરશે. મારી ભક્તિના વિધાનથી સંસૃતિથી મુક્તિ પામશે. (૧૫)

શતાનંદ મુનિ દ્વારા રચવા ઈચ્છેલો તે ગ્રંથ મારી લીલા વિસ્તારના ભયથી સંક્ષિપ્તથી ગુંથાશે. મારી સર્વ લીલાઓ, મારી પ્રેરણાથી હું દત્તપુત્ર તરીકે સ્વીકાર કરીશ, તે રઘુવીરાચાર્ય પોતે એક ગ્રંથમાં રચશે અને તેમાં મારી સર્વ લીલાનું ગ્રથન તે કરશે. (૧૬)

આ ભૂમિ ઉપરના મારા આશ્રિતો તથા અન્ય પુરુષોનું હિત થાય તે માટે આવી રીતે કાર્ય કરીને હું ત્રણેય કાળમાં પણ અવિનાશી એવા મારા અનુપમ અને શુભ બ્રહ્મપુર ધામમાં હર્ષપૂર્વક

જઈશ. (૧૭)

હે રાજન્ ! સર્વના અધિપતિ શ્રીહરિ આવી રીતે ગુપ્ત સંકલ્પ કરી ગઢપુરમાં બિરાજી સુંદર, સ્પષ્ટ અને શુદ્ધ અક્ષર લખનારા સવિત્રાનંદ, નિર્ગુણાનંદ, અદ્‌ભુતાનંદ, વૃદ્ધપ્રજ્ઞાનંદ, ઋષભાનંદ, નીલકંઠાનંદ, નિઃસ્વાદાનંદ, વૈકુંઠાનંદ, વૈષ્ણવાનંદ, શ્રીધરાનંદ વગેરે સાધુઓ પાસે સર્વ શાસ્ત્રો લખાવતા હતા. (૧૮)

હે રાજન્ ! ગઢપુરમાં પોતાના આશ્રિતજનોને સુખ આપનારા અધિપતિ શ્રીહરિ વૈશાખ માસના કૃષ્ણપક્ષની એકાદશીને દિવસે રમણીય મહોત્સવ કરાવતા હતા. બારસને દિવસે પોતાના સમગ્ર આશ્રિત મુનિઓ વગેરેને તથા ઘણા બ્રાહ્મણોને તેમજ અન્ય અતિથિઓને સુંદર ભોજનથી તૃપ્ત કરી પોતે પોતાના પોષ્યવર્ગ બંધુજનોની સાથે હર્ષપૂર્વક પારણાં કરતાં હતાં. (૧૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીહરિએ કરેલા ગૂઢ સંકલ્પોનું નિરૂપણ કર્યું એ નામે સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

શ્રી શુકાનંદ મુનિ કહે છે :- હે રાજન્ ! અંતર્યામી શ્રીહરિએ પ્રેરણા કરવાથી હેમંતરામ વગેરે ભક્તો શ્રીનગરથી ગઢપુર આવ્યા. (૧) હેમંતરામ આદિ ભક્તો શ્રીહરિના તેમના નિવાસમાં દર્શન કરીને પ્રસન્ન થયા. શ્રીહરિએ તેમનું સન્માન કરાવ્યું. શ્રીહરિના દર્શન કરવાની ઈચ્છાથી તેઓ ગઢપુરમાં રહ્યા. (૨)

એક સમયે હેમંતરામ વગેરે ભક્તો શ્રીહરિને પ્રણામ કરીને આદરયુક્ત આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા. (૩) હે સ્વામિન્ ! દયા કરીને અમારા નગરમાં આપ પધારો. કારણ કે અમો બધા શ્રીનગરના હરિભક્તોની શ્રીનગરમાં મંદિર કરવાની ઈચ્છા છે. (૪)

હે ભગવન્ ! ત્યાં ગવર્નરે સ્થાપેલા રાજાને પણ આપના પ્રત્યે અતિશય પ્રીતિ છે. તે બુદ્ધિશાળી છે તેથી ત્યાં મંદિર કરવામાં તેણે અનુમોદન આપ્યું છે. (૫) માટે આપ અમારો એ મનોરથ પૂર્ણ કરો. અમો તથા સર્વ સાધુઓ મળીને આપની સેવા કરીશું. (૬)

શ્રીનગરના ભક્તોએ આ પ્રમાણે પ્રાર્થના કરી અને તે પ્રમાણે જ કરવા ઈચ્છતા શ્રીહરિ નરનારયણ દેવની સ્થાપના માટે પોતે કરેલી પ્રતિજ્ઞા સંભાળવા લાગ્યા. (૭) શ્રીનરનારાયણ દેવને

પોતે જે વચન આપ્યું હતું તે સત્ય કરવા ઇચ્છતા અને ધર્મ તથા ભક્તિનું પોષણ કરનારા શ્રીહરિએ પછી પ્રીતિપૂર્વક તેમને કહ્યું. ''તમારી જેમ ઇચ્છા છે તેમ કરીશું.'' શ્રીહરિનું આ વચન સાંભળીને તે ભક્તો આનંદ પામ્યા. (૮)

પછી શ્રીહરિ આનંદાનંદ મુનિને કહેવા લાગ્યા, 'હે મુને ! તમો આ હેમંતરામ વગેરે ભક્તોની સાથે હમણાં શ્રીનગર જાઓ. (૯)

ત્યાંના રાજા આપણને મંદિર કરવા માટે જમીન આપશે. તે જમીન ઉપર તમો શિલ્પ શાસ્ત્ર જાણનારા કારીગરો પાસે મંદિર કરાવો. (૧૦) શ્રીનગરમાં મંદિર તૈયાર થાય ત્યારે તમારે અહીં માણસ મોકલવો, એટલે હે મુને ! ત્યાં આવીને હું નરનારાયણ દેવનું સ્થાપન કરીશ. (૧૧)

આવી રીતે શ્રીહરિએ કહ્યું તેથી આનંદાનંદ મુનિ ''તથાસ્તુ'' (બહુ સારું) એમ બોલ્યા, તેભક્તોએ પણ શ્રીહરિને પ્રણામ કરીને કહ્યું, હે હરે ! આપે અવશ્ય આવવું પડશે. એમ કહીને તે સાધુઓની સાથે તેઓ શ્રીનગર ગયા. (૧૨)

બુદ્ધિમાન આનંદાનંદ મુનિ પોતાના સાધુમંડળ સહિત શ્રીનગર પહોંચ્યા. અહીં હર્ષપૂર્વક પોતાને ઉતરવા યોગ્ય ભુવનમાં તેઓ ઉતર્યા. (૧૩) પુરના ભક્તો તેમની યથાયોગ્ય સેવા કરવા લાગ્યા. આનંદાનંદ મુનિના દર્શન કરવા ત્યાંના રાજા પણ હર્ષપૂર્વક આવ્યા. (૧૪)

પછી સાધુઓમાં ઉત્તમ આનંદાનંદ મુનિએ પોતાને નમસ્કાર કરતા તે રાજાની સંભાવના કરી. પછી પૂર્તકર્મ કરવાથી મહાપુણ્ય થાય છે. એમ ઉપદેશ કરીને મંદિર કરવા માટે તેમની પાસે જમીન માગી. (૧૫)

પછી તે રાજા આનંદાનંદ મુનિને કહેવા લાગ્યા, હે મુને ! તમારે જેટલી જમીન મંદિર કરવા માટે જોઈતી હોય તેટલી હમણાં જ લઈ લો, તમોને અહીં કોઈ રોકનાર નથી. (૧૬) પછી તે રાજાએ આનંદાનંદ મુનિએ નક્કી કરેલી જમીન તેમને અર્પણ કરી. આનંદાનંદ મુનિ તે જમીન ઉપર રમણીય, સર્વોત્તમ મજબૂત મંદિર કરાવવા લાગ્યા. (૧૭)

આનંદાનંદ મુનિ મંદિર કરવામાં નિપુણ કારીગરો પાસે સુશોભિત મંદિર કરાવતા હતા. પુરના ભક્તો હર્ષપૂર્વક મંદિરના કામમાં જોઈતા પદાર્થો લાવી આપતા હતા. (૧૮) દેવની પ્રતિષ્ઠા થઈ શકે ત્યાં સુધીની મંદિરની રચના પૂરી થઈ એટલે આનંદાનંદ મુનિ, ગોવિંદરામ, કરુણાશંકર, નથ્થુ ભટ્ટ, મોતીરામ, છત્રેશ્વર, મંગળરામ, રામનારાયણ, કેશવરામ, નીલકંઠ, મયાશંકર, પ્રાણગોવિંદ, વૈજનાથ વગેરે જ્યોતિષીઓને પૂછીને પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરતા હતા. (૧૯)

મુનીંદ્ર આનંદાનંદે શ્રીહરિને બોલાવવા માટે તથા તે મંદિર અંગેનું સર્વ વૃત્તાન્ત જણાવવા માટે બે સાધુઓને ગઢપુર મોકલ્યા. (૨૦)

શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે રાજન્ ! આનંદાનંદ મુનિને શ્રીનગર મોકલ્યા પછી ગઢપુરમાં નિવાસ કરતા શ્રીહરિ તો વાલ્મિકી મુનિકૃત શ્રીરામચંદ્રના ચરિત્રો જેમાં છે તે રામાયણ સાંભળવા માટે પોતાના બંધુજનો સહિત ઈચ્છા કરતા હતા. (૨૧)

શ્રીહરિ જેઠ સુદી ૧૦ ને દિવસે મધ્યાહ્ને ગંગાપૂજનનો મહોત્સવ કરીને, ઘણા બ્રાહ્મણોને જમાડતા હતા. (૨૨)

પછી શ્રીહરિ સ્નાન કરીને પોતાના બંધુજનોની સાથે જમતા હતા. બીજે દિવસે શ્રીરામચરિત્ સાંભળવાનો શ્રીહરિએ પ્રારંભ કર્યો. (૨૩)

આ રીતે શ્રીહરિએ નિર્જળા એકાદશીને દિવસે રામચરિત સાંભળવાનો આરંભ કર્યો. હંમેશાં પોતાના બંધુજનોની સાથે વિધિ પ્રમાણે વાલ્મીકિ રામાયણનું શ્રીહરિ શ્રવણ કરતા હતા. (૨૪) શ્રીહરિએ તે રામાયણની કથાની સમાપ્તિ પોષ માસની શુકલ પક્ષની એકાદશીને દિવસે કરી. વાંચનાર પુરાણી પ્રયાગજીત બ્રાહ્મણને વસ્ત્રો તથા આભૂષણો વગેરે આપી શ્રીહરિએ તેમને પ્રસન્ન કર્યા. (૨૫)

ત્યારબાદ પોષ સુદી પૂનમથી આરંભીને માઘ માસની પૂર્ણિમા સુધી શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે રોજ પ્રાતઃકાળે ઉન્મત્ત ગંગામાં ચાંદ્રાયણ વ્રત કરતા માઘ સ્નાન કરતા હતા. (૨૬)

પછી વ્રતના અંતે શ્રીહરિ હજારો મુનિઓ તથા બ્રાહ્મણોને લાડુ જમાડીને તેમને અત્યંત તૃપ્ત કરતા હતા. પછી પોતે પણ પોતાના બંધુજનોની સાથે પારણા કર્યા અને પછી સિંહાસનમાં બિરાજ્યા. (૨૭)

તેટલામાં શ્રીનગરથી બે સાધુઓ આવ્યા અને શ્રીહરિને પ્રીતિપૂર્વક પ્રણામ કરીને શ્રીહરિની સન્મુખ બેઠા. શ્રીહરિએ તે બંને સાધુઓનું સન્માન કર્યું. (૨૮)

પછી સત્પતિ શ્રીહરિ તે બંને સાધુઓને જમાડીને પ્રેમથી તેમને શ્રીનગરનું વૃતાન્ત પૂછવા લાગ્યા. તે બંને સાધુઓએ તે વૃતાન્ત કહ્યું. તે સાંભળીને શ્રીહરિ તેમના કાર્યમાં અનુમોદન આપતા હતા. (૨૯)

ફાગણ સુદી તૃતીયાની તિથિએ શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા વિધાનનું મુહૂર્ત નક્કી કર્યું છે, તે જાણીને શ્રીહરિ પોતાના ભક્તજનોને શ્રીનગર જવા માટે આજ્ઞા આપતા હતા. (૩૦) શ્રીનગરમાં ભક્તજનોની ખૂબ ભીડ થશે તેથી શ્રીનગર આવવા માટે તૈયારી કરતી વ્રતધારી જયા વગેરે સ્ત્રીઓને શ્રીહરિએ શ્રીનગર આવવાની ના કહી. (૩૧)

તે જ પ્રમાણે પોતાના બંધુઓની સ્ત્રીઓને પણ શ્રીહરિએ ગઢપુરમાંજ રહેવાની આજ્ઞા કરી. (૩૨) અમો અહીં તત્કાળ આવીશું એમ જયા તથા ધર્મવંશની સ્ત્રીઓને આશ્વાસન આપીને શ્રીહરિ

જ્યોતિષી રામચદ્રે આપેલા મુહૂર્ત પ્રમાણે સપ્તમીને દિવસે ગઢપુરથી નીકળ્યા. (૩૩)

ઉત્તમ રાજા તથા પોતાના પાર્ષદો, હજારો ક્ષત્રિયવરો, ઘોડેસવારો વગેરેથી વીંટાયેલા શ્રીહરિ, હે રાજન્ ! અશ્વ ઉપર બિરાજ્યા. વાહનો ઉપર બેઠેલા પોતાના બંધુઓ તથા મુનિઓની સાથે શ્રીહરિએ એ પ્રકારે ગઢપુરથી શ્રી નગરપ્રત્યે જવા પ્રયાણ કર્યું. (૩૪, ૩૫)

ભાલાઓ તથા આયુધો જેમના હાથમાં છે એવા ઘોડેસવારોથી વીંટાયેલો છે અશ્વરાજ જેમનો એવા ઈશ્વર શ્રીહરિ વાહનો પર બેઠેલા પોતાના બંધુજનો સહિત સુંદરીયાણા ગામે પહોંચ્યા. (૩૬)

હે રાજન્ ! અહીં વનાશા વગેરે ભક્તોએ શ્રીહરિની સેવા કરી અને શ્રીહરિ તથા તેમની સાથેના ભકતજનોને તૃપ્ત કર્યા. શ્રીહરિ ત્યાં એક રાત્રિ રહ્યા અને પછી શીયાણી પધાર્યા (૩૭)

શીયાણીમાં મોરારજી (શિવરામના પુત્ર) વગેરે બ્રાહ્મણો, ભીમ વગેરે વૈશ્યો તથા અન્ય ભક્તો, રાજા વગેરે શ્રીહરિની સેવા કરવા લાગ્યા. શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તજનોને શ્રેષ્ઠ ભોજનોથી તેઓ તૃપ્ત કરતા હતા. (૩૮)

હે રાજન્ ! શ્રીહરિ અહીં પણ એક દિવસ રોકાયા. પછી પોતાના ભક્તજનોની સાથે દદૂકા ગામે પહોંચ્યા. અહીં શ્રીહરિના મૂળજીત વગેરે ભક્તો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૩૯)

પોતાના સમગ્ર ભક્તજનોની સાથે ત્યાંના ભક્તોએ વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ભોજનથી શ્રીહરિને અતિ તૃપ્ત કર્યા. શ્રીહરિ પણ તેમને પોતાના ઉપદેશામૃતથી તૃપ્ત કરતા હતા. શ્રીહરિ દદૂકા ગામમાં એક દિવસ રહ્યા. (૪૦)

તે ગામથી નીકળી, માર્ગમાં પોતાની સન્મુખ આવેલા પોતાના દર્શનથી અત્યંત હર્ષ પામેલા ભક્તસંઘોનું સન્માન કરી, તથા તેમને કુશળ અંતર પૂછી આનંદ પમાડી, શ્રેષ્ઠ અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ શ્રીનગરની સમીપે પધાર્યા. (૪૧)

પુરના ભક્તજનો ઈષ્ટદેવ શ્રીહરિને આવતા સાંભળી, ભેગા થઈ, અન્ય કાર્યોનો ત્યાગ કરી, વિવિધ વાજિંત્રો તથા સુંદર ગીતોના ઘોષ સાથે તત્કાળ શ્રીહરિની સન્મુખ ગયા. (૪૨)

શ્રીહરિની સ્તુતિ કરી રહેલ તે ભક્તોની સમીપે શ્રીહરિ પધાર્યા અને તેમના પ્રત્યે મંદ હાસ્ય કરી તથા તેમના પ્રત્યે દૃષ્ટિ કરી, તેમની એ રીતે સંભાવના કરીને, અશ્વ ઉપર બિરાજેલા અલૌકિક, દર્શનિય, એવા શ્રીહરિ વાદ્યોના ઘોષ સાંભળતા પોતાના ભક્તજનોની સાથે ચાલ્યા. (૪૩)

શ્રીનગરમાં ભક્તજનોની અત્યંત ભીડ થશે તેવું જાણતા શ્રીહરિએ પોતાના ભક્તજનોની સાથે કાંકરીયા તળાવની સમીપે નિવાસ કર્યો. (૪૪)

અનન્ય ભાવવાળા શ્રીપુરના બ્રાહ્મણ, વૈશ્ય તેમજ અન્ય ભક્તોનો સમૂહ ધર્મના પુત્ર ઈષ્ટદેવ શ્રીહરિ તથા તેમની સાથેના સર્વ ભક્તોને શ્રેષ્ઠ ભોજનો જમાડી હંમેશાં હર્ષપૂર્વક અત્યંત તૃપ્ત કરતા હતા. એ રીતે તેઓ સર્વ શ્રીહરિની પરિચર્યા કરતા હતા. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીનગરમાં દેવ પ્રતિષ્ઠા માટે શ્રીહરિનું આગમન વર્ણન નામે આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી આનંદાનંદ મુનિવર શ્રીહરિની સમીપે જઈ તથા તેમને નમસ્કાર કરીને, મંદિર સંબંધી સર્વ વૃત્તાન્ત કહેવા લાગ્યા. (૧) પછી શ્રીહરિ આનંદાનંદ મુનિની ભક્તિની અત્યંત પ્રશંસા કરતા હતા. પોતાના કંઠમાંથી પુષ્પની માળાઓ ઉતારીને હર્ષપૂર્વક શ્રીહરિ આનંદાનંદ મુનિને આપતા હતા. (૨)

તે સ્થાનમાં શ્રીહરિ ઊંચા મંચ ઉપર દરરોજ બિરાજી જનસમૂહને કલેશના મૂળ ઉખેડી નાંખવામાં સમર્થ એવા પોતાના દર્શન આપતા હતા. (૩) પુરના નિવાસી હજારો ધનાઢ્યો તેમજ પુરના અન્ય જનો વાહનોમાં બેસીને, શ્રીહરિના દર્શન કરીને, તેમજ તેમના વચનામૃત રૂપી સુધાનું પાન કરીને પરમ આશ્ચર્ય પામી અત્યંત શાંતિ પામ્યા. (૪, ૫)

જુદા જુદા દેશોના રાજાઓ શ્રીનગરમાં ત્યાંના અધિપતિ પાસે પોતાના કામ માટે આવેલા તે સર્વ તથા તેમના કારભારીઓ વગેરેની સાથે ત્યાંના અધિપતિ અંગ્રેજ રાજાએ શ્રીહરિના દર્શન કર્યાં. પોતાની સાથે આવેલા જનોની સાથે આવી તેઓ શ્રીહરિને વિનયપૂર્વક નમસ્કાર કરતા હતા. (૬)

બંને હાથ જોડીને શ્રીહરિની આગળ ઊભા રહી મહા બુદ્ધિશાળી પૃથ્વીપતિ રાજા શ્રીહરિના દર્શનથી અત્યંત આનંદ પામ્યા અને આ પ્રકારે બોલ્યા. (૭) હે પ્રભો ! હે સ્વામિન્ ! મને આપનો દાસ જાણીને કાંઈ કાર્ય બતાવો. એ પ્રકારે રાજાનું શ્રીહરિએ સન્માન કર્યું. (૮)

પ્રભુ શ્રીહરિએ રાજાના ભૂમિદાનના ગુણની પ્રશંસા કરી, અને તેમણે પૂછેલા વિવિધ પ્રકારના પ્રશ્નોનું હર્ષપૂર્વક સ્પષ્ટતાથી સમાધાન કર્યું. (૯) પોતે પૂછેલા પ્રશ્નોના ઉત્તર સાંભળી તે રાજાને અત્યંત આનંદ થયો અને શ્રીહરિના તે ઉત્તર સાંભળી અત્યંત આશ્ચર્ય પણ થયું ! સભામાં બેઠેલા સર્વ જનો પણ આશ્ચર્ય પામ્યા. (૧૦)

શ્રીહરિના આશ્રિત ત્યાગીઓ તથા ગૃહસ્થોની અલૌકિક રીત તથા શ્રીહરિના પરમ પ્રતાપની તે સર્વ અત્યંત પ્રશંસા કરવા લાગ્યા. (૧૧) પ્રસન્ન થયેલા રાજા શ્રીહરિની આજ્ઞા લઈને પોતાના સ્થાનમાં ગયા. આવી રીતે શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળા તે રાજા શ્રીહરિની સમીપે દરરોજ આવતા હતા. (૧૨)

શ્રીહરિ મહા સભામાં ઊંચા અને શ્રેષ્ઠ સિંહાસન ઉપર બિરાજી હંમેશાં પૂર્તકર્મનો મહિમા કહેતા હતા. (૧૩) શ્રીહરિ શ્રીનગરમાં પધાર્યા છે તે સાંભળીને તેમના આશ્રિત હજારો સ્ત્રી, પુરુષો શ્રીહરિના દર્શન કરવા ત્યાં આવતા હતા. (૧૪)

પોતાના ભક્તોને આનંદ આપતા હર્ષપૂર્વક ત્યાં રહેતા શ્રીહરિ દેવપ્રતિષ્ઠામાં યોગ્ય વિવિધ પ્રકારની સામગ્રીઓ તૈયાર કરાવતા હતા. (૧૫)

પછી સર્વ સંપત્તિની સ્વામિની લક્ષ્મી, એકાન્તમાં બિરાજેલા શ્રીહરિની સમીપે જઈને અવસર જાણી, શ્રીહરિને બંને હાથ જોડી પ્રણામ કરી આ પ્રમાણે બોલી. (૧૬)

હે પ્રભો ! હમણાં મને આ સેવાનો અવસર પ્રાપ્ત થયો છે. તેથી જે કાર્ય હોય તે કાર્ય મને આપે અવશ્ય કહેવું. (૧૭) લક્ષ્મીનું આવું વચન સાંભળીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. પછી લક્ષ્મીને મંદ હાસ્યપૂર્વક મધુર અને શ્રેષ્ઠ વચન આ પ્રમાણે કહ્યું. (૧૮)

હે પુણ્યશીલે ! હે શ્રેષ્ઠા ! ધાર્મિક ક્રિયાના અનુસંધાનવાળા ભગવાનની મૂર્તિઓની પ્રતિષ્ઠાપનના આ ઉત્સવમાં દ્રવ્ય વગેરેની જે જે જરૂર હોય તે સર્વ તમારે લાવી આપવા. (૧૯) આ પ્રકારની શ્રીહરિની વાણી સાંભળીને લક્ષ્મીજી હર્ષપૂર્વક 'આપ જેમ કહો છો તે પ્રમાણે થશે.' એમ કહીને વીજળીની માફક તત્કાળ અંતર્ધાન થઈ ગયા. (૨૦)

હે રાજન્ ! '**प्रज्ञानमानन्दं ब्रह्म**' એ શ્રુતિમાં આનંદ શક્તિથી શ્રીહરિને સંબોધન કર્યું છે. પરંતુ મંદિર કરવા રૂપ ભક્તિ કરવાથી અને તે ક્રિયા આનંદજનક હોવાથી સાર્થક નામવાળા આનંદાનંદ મુનિને તથા મુક્તાનંદ વગેરે અન્ય મુનિઓને શ્રીહરિએ આનંદ સંજ્ઞા આપી હતી અને તે પ્રમાણે તેમને સંબોધતા હતા. (૨૧)

પોતાના નિવાસમાં આસન ઉપર બિરાજેલા શ્રીહરિની સમીપે તે સર્વ મુનિઓ ગયા અને શ્રીહરિને નમસ્કાર કર્યા. શ્રીહરિએ તેમનું અત્યંત સન્માન કર્યું. પછી તેઓ સર્વ બેઠા. (૨૨) તે સાધુઓમાં આવેલા આનંદાનંદ મુનિને શ્રીહરિ પ્રેમથી આ પ્રમાણે પૂછવા લાગ્યા. હે મુને ! દેવ પ્રતિષ્ઠાના અવસરે કેટલા બ્રાહ્મણો જમાડવા ? (૨૩)

પછી વિનમ્ર આંનદ મુનિ શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે પ્રભો ! બસો, પાંચસો કે હજાર બ્રાહ્મણો જમાડવા. (૨૪)

મુનિવત્સલ શ્રીહરિ આનંદ મુનિનું આવું વચન સાંભળીને મંદ હાસ્યથી અત્યંત શોભતા ફરીથી તે મુનિ પ્રત્યે સુંદર વચન બોલ્યા. (૨૫)

હે મુને ! પુરના સર્વ બ્રાહ્મણો તેમજ આ પુર તથા આસપાસથી આવેલા સર્વ બ્રાહ્મણોને એક દિવસે જમાડવા એવી મારી ઇચ્છા છે. (૨૬)

આ પ્રકારનું શ્રીહરિનું વચન સાંભળીને આનંદાનંદ મુનિ આ કાર્ય સર્વ માટે દુષ્કર છે, એમ જાણતા હોવાથી બંને હાથ જોડીને ફરીથી હર્ષપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૭)

હે હરે ! પુર નિવાસી સમગ્ર બ્રાહ્મણોને તો ધનાઢ્યો વર્ષ વર્ષ સુધી જમાડે છે. કેટલાક છ છ માસ સુધી જમાડે છે, તો પણ તેમની સંખ્યાને પહોંચી શકાતું નથી એ સત્ય હકીકત છે. (૨૮) આ મહાપુરના નિવાસી સર્વ બ્રાહ્મણોને ચક્રવર્તી રાજાએ પણ ક્યારેય એક દિવસે જમાડ્યા નથી. (૨૯)

હે પ્રભો ! માટે એ કાર્ય એક દિવસે કેવી રીતે થાય ? હમણાં આપણી પાસે રસોઈની એટલી સામગ્રી પણ નથી. (૩૦)

હે સ્વામિન્ ! આ મંદિરના કાર્યમાં ધનનો પુષ્કળ વ્યય થયો છે. માટે એક દિવસમાં પુરના સમગ્ર બ્રાહ્મણોને ભોજન કરાવવાનું સર્વ પ્રકારે હું દુષ્કર માનું છું. (૩૧)

પ્રશસ્ત વાણીવાળા આનંદાનંદ મુનિએ આ પ્રમાણે કહ્યું. તેમના આ વચનને મુક્તાનંદ વગેરે સમગ્ર મુનિઓ પણ અનુમોદન આપવા લાગ્યા. (૩૨) આનંદાનંદ મુનિનું વચન સાંભળ્યા પછી મંદ હાસ્યની કાંતિથી શોભતું, દર્શનીય મુખ જેમનું છે એવા શ્રીહરિ મધુરવાણીથી તે મુનિઓને પ્રસન્ન કરતા હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૩૩)

હે સંતો ! મૂર્તિમાન્ લક્ષ્મી એકાંતમાં મારી સમીપે આવીને આ અવસરમાં મારે શું કરવું ? એમ આદરપૂર્વક પૂછતી હતી. (૩૪) મેં તેને આ પ્રમાણે કહ્યું છે. હે રમે ! આ મહાકાર્યમાં જોઈએ તેટલું ધન આ અવસરે તારે આપવું. (૩૫)

પછી પ્રસન્નતાપૂર્વક 'બહુ સારુ' એમ કહીને લક્ષ્મી તત્કાળ અંતર્ધાન થઈ ગયા. હે સંતો ! તેથી તમારે કોઈપણ વસ્તુની ચિંતા ન કરવી. (૩૬) આ કાર્યમાં તમારે જે જે વસ્તુ જોઈએ તેટલી તમારે જરૂરિયાત પ્રમાણે અહીંથી લઈ જવી. (૩૭)

માટે તમારે ઘી, સાંકર વગેરેનો ખર્ચ પૂરો નહિ થાય એવી શંકાનો ત્યાગ કરવો અને છૂટે હાથે ખર્ચ કરવો. (૩૮) આ પ્રકારે શ્રીસ્વામિનારાયણ ભગવાનની વાણી સાંભળીને અત્યંત આનંદ પામેલા શ્રીહરિનું માહાત્મ્ય જાણનારા તે મુનિઓ પાપનો નાશ કરનારા શ્રીસ્વામિનારાયણ ભગવાનને ભક્તિપૂર્વક વારંવાર નમસ્કાર કરતા પોતાના કાર્યની સિદ્ધિ થઈ ગઈ છે. એવું માનવા લાગ્યા.

હે નૃપ ! જેમનું માહાત્મ્ય અતિ અપાર છે તે શ્રીહરિએ આજ્ઞા કરી તેથી સમગ્ર મુનિઓ પોતપોતાના નિવાસસ્થાનમાં ગયા. (૩૯)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં સંતોની સાથે શ્રીહરિએ મંત્રણા કરી તે નિરૂપણનો નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ત્યારબાદ શ્રીહરિ પુરના નિવાસી મુખ્ય મુખ્ય બ્રાહ્મણોને પોતાના ભક્તો દ્વારા બોલાવીને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે બ્રાહ્મણો ! નગરમાં સમગ્ર બ્રાહ્મણોને મારે એક દિવસે જમાડવા છે. (૧)

તમો બધા તેમાં અનુમતિ આપો. શ્રીહરિની આવી વાણી સાંભળીને તે બ્રાહ્મણો આવું કાર્ય પૂર્વે બીજાઓએ કર્યું નથી એમ જાણતા હોવાથી આશ્ચર્ય સહિત શ્રીહરિને કહેવા લાગ્યા. (૨)

હે સ્વામિનારાયણ ! રાજાએ પણ આ પુરના સર્વ બ્રાહ્મણોને એક દિવસે જમાડ્યા નથી. કોઈ સમર્થ રાજાએ આ પુરના બ્રાહ્મણોને એક વર્ષમાં જમાડ્યા હોય અથવા કોઈ અતિ સમર્થ રાજાએ છ માસ સુધીમાં જમાડ્યા હોય એવું અમો જાણીએ છીએ. (૩)

હે સ્તુત્ય ! હે મહાત્મન્ ! આપ એક દિવસે જ પુરના સર્વ બ્રાહ્મણ સમુદાયને જમાડવા ઇચ્છો છો. આ તો રાજા વગેરે સર્વ માટે અશક્ય છે. અમારા મનમાં તેથી આશ્ચર્ય થાય છે. (૪)

હે સ્વામિનારાયણ ! ચોરાશી પ્રકારની વિવિધ બ્રાહ્મણોની જ્ઞાતિઓના બ્રાહ્મણોને આપ ભોજન જમાડવાના છો એવું સાંભળીને આજુબાજુના અનેક ગામોથી હજારો બ્રાહ્મણો તત્કાળ અહીં આવશે. ગ્રામાન્તરથી આવેલા અને આ પુરના બ્રાહ્મણો એ સમગ્રને એક દિવસમાં જમાડવા અહીં કોણ સમર્થ થાય ? (૫)

હે સ્વામિનારાયણ ! આ બધા બ્રાહ્મણોને ભોજનમાં પુષ્કળ ઘી કોણ આપે ? ખાંડ સાકરયુક્ત યથેષ્ટ શ્રેષ્ઠ ભોજન કોણ કરાવે ? અસંખ્ય બ્રાહ્મણોની એક સમયે જ ઇચ્છિત દક્ષિણાઓથી સંભાવના કોણ કરે ? (૬)

હે સ્વામિનારાયણ ! તમામ રાજાઓ ભેગા થાય તો પણ તેમને માટે જે અત્યંત દુષ્કર કાર્ય છે તે જે પુરુષ કરે તે અતુલ પ્રતાપવાળા પુરુષને પ્રત્યક્ષ પરમાત્માના અંશ ભૂત જ કહી

શકાય. (૭)

ગર્વિષ્ઠ પુરુષોના ગર્વને હરનારા શ્રીહરિ, શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ પોતાના સ્વરૂપને યથાર્થ નહિ જાણનારા બ્રાહ્મણોનું આવું વચન સાંભળીને, અતિશય ધીરજતાપૂર્વક મંદ હાસ્ય કરતા તે બ્રાહ્મણો પ્રત્યે અમૃતથી પણ અધિક મધુર વચન કહેવા લાગ્યા. (૮)

હે ઉત્તમ બ્રાહ્મણો ! તમારે ખાંડ, ઘી વગેરે જે જે જોઈએ તે ઇચ્છા પ્રમાણે અહીંથી લઈ જવા. ચારેય દિશામાંથી બ્રાહ્મણો ભલે આવે. તમારે આ પ્રબંધ માટે લગાર પણ ચિંતા કરવી નહિ. (૯)

હે મુખ્ય બ્રાહ્મણો ! સર્વે બ્રાહ્મણો યથેષ્ટ જમશે તથા દક્ષિણા પણ તેમને આપવામાં આવશે. આ મુનિઓ સર્વ સમગ્ર બ્રાહ્મણ સમુદાયની યથાયોગ્ય સંભાવના કરશે. (૧૦)

હે વિપ્રેન્દ્રો ! સમગ્ર બ્રાહ્મણોને ભોજન કરાવવાનું કાર્ય તમારા અને અમારા ઉપાસ્ય પરમેશ્વર જ કરવા ઇચ્છે છે તેથી એક દિવસે જ સમગ્ર બ્રાહ્મણોને નિર્વિઘ્ને ભોજન કરાવીશું. તમો સર્વથા નિઃશંક બની મારા વચનમાં શ્રદ્ધા રાખો. (૧૧)

હે નરેન્દ્ર ! આવી રીતે શ્રીહરિ વાર્તા કરતા હતા તે સમયે સુંદર ચોખા તથા ઘઉંનો લોટ, દાળ, સાકર વગેરેથી ભરેલાં ઘણાં ગાડાં તત્કાળ શ્રીહરિની સમીપે આવ્યા. (૧૨) તેવી રીતે ઘીથી ભરેલાં કુડલાઓના હજારો ગાડાં પણ તત્કાળ ત્યાં આવવા લાગ્યા. આ સામગ્રી આવતી જોઈને તે તમામ બ્રાહ્મણો અત્યંત આશ્ચર્ય પામ્યા. (૧૩)

તેથી તે બ્રાહ્મણો શ્રીહરિને અત્યંત પ્રતાપશાળી જાણીને હર્ષ પામ્યા. અને અમો સર્વ બ્રાહ્મણો એક દિવસે જ ભોજન કરી શકીશું એમ શ્રીહરિને કહેવા લાગ્યા. પછી શ્રીહરિને નમસ્કાર કરીને તત્કાળ શહેરમાં જઈને હર્ષપૂર્વક પોતાની જ્ઞાતિ સમુદાયને આ સંબંધિ કહેવા લાગ્યા. (૧૪)

આ પ્રસંગે પુરના ભક્તોએ શ્રીહરિને પોતપોતાને ઘેર પધરાવવા માટે પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ પુરમાં જવા માટે શ્વેત વસ્ત્ર ધારણ કરી પોતાના ભક્તે આણેલા પોતાના અશ્વ ઉપર શ્રીહરિ બિરાજ્યા. (૧૫)

શ્રીહરિ પોતાના સમગ્ર જનસમૂહ સાથે વાજિંત્રો તથા ગીતોના ઘોષ તથા બંધૂકોના ધ્વનિ સાથે તે રમણીય પુરમાં પ્રવેશ કરતા હતા. (૧૬) પુરનિવાસી તે ભક્તજનો અતિસ્નેહથી શ્રીહરિના દર્શન કરતા હતા. અને શ્રીહરિને પોતપોતાના સ્થાનમાં લઈ જઈને મહા અમૂલ્ય વસ્ત્રો, ભૂષણો તથા શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૭)

શ્રીહરિ પુરના સમગ્ર મંદિરોમાં નવીન, રમણીય અતિ શ્રેષ્ઠ મંદિર જોવા માટે, ઘોડેસવારોથી વીંટાઈને, અશ્વ ઉપર વિરાજમાન થઈ, પોતાના ભક્તોની સાથે જતા હતા. (૧૮) શ્રીહરિ પોતાના

અશ્વ ઉપરથી ઉતરીને હર્ષપૂર્વક પોતાના હાથવડે આનંદ મુનિનો હાથ પકડીને ઊંચા ત્રણ શિખરોવાળું, સુવર્ણના શોભાયમાન કળશોથી પ્રકાશમાન મંદિર જોતા હતા. (૧૯)

મનોહર સ્તંભોથી વિશેષ શોભતું, સુંદર મંડપવાળું, સુવર્ણની જાળીઓવાળું, વિવિધ પ્રકારની રચનાવાળું, તે મંદિર જોઈને શ્રીહરિ આદિત્યરામ, તારાચંદ્ર, ફત્તાજીત, હીરજી, નિર્ભયરામ, મોતીરામ, ભીખાભાઈ, દયાળજી, કુબેર, અંબારામ આદિક શિલ્પીજનોની અત્યંત પ્રશંસા કરવા લાગ્યા. (૨૦)

પોતાની અનુવૃત્તિ પરાયણ પોતાને વિષે ગાઢ પ્રીતિવાળા, તપસ્વી, શ્રવણાદિ નવ પ્રકારની ભક્તિવાળા, આનંદાનંદ મુનિની શ્રીહરિ પ્રશંસા કરતા આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૧)

હે મુને ! આવું રમણીય મંદિર શ્રીહરિની ઇચ્છાથી થયું છે એમ તમો જાણો. શ્રીહરિની આવી મનોહર વાણી સાંભળીને આનંદાનંદ મુનિએ પ્રસન્ન થઈ, પોતાના ઇષ્ટ શ્રીહરિને નમસ્કાર કર્યા. (૨૨) આ રીતે ઈશ્વર શ્રીહરિ પ્રતિપદાને દિવસે પોતાના ભક્તજનોના ભુવનોમાં જઈને પોતાના ભક્તોએ કરેલી પૂજાનો સ્વીકાર કરીને, હર્ષપૂર્વક મંદિરની રચના જોઈને તે મુનિની પ્રશંસા કરી. પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૩)

હે રાજન્ ! પછી પ્રતિષ્ઠાવિધિ કરવાની ઇચ્છાવાળા (જે પ્રયોજન માટે પોતાનો પ્રાદુર્ભાવ થયો છે તે સિદ્ધ કરનારા) અખિલેશ, શ્રીહરિએ દ્વિતીયા તિથિને દિવસે પાર્ષદો તથા વર્ણિમંડળોની સાથે નવાવાસમાં નિવાસ કર્યો. (૨૪)

પછી ઋગાદિ વેદો તથા શિક્ષાદિ વેદાંગોને જાણનારા, પ્રતિષ્ઠા વિધિમાં નિપુણ પ્રાણગોવિંદ વગેરે શુકલ બ્રાહ્મણોને બોલાવીને શ્રીહરિએ દેવની પ્રતિષ્ઠા વિધિની સિદ્ધિ માટે તેમની વરણી કરી. (૨૫)

તે બ્રાહ્મણોએ પહેલે દિવસે વિધિ પ્રમાણે સ્વસ્તિવાચનપૂર્વક ગૃહયજ્ઞ કરીને અધિવાસન કર્મ કરાવ્યું. (૨૬) તૃતીયાની તિથિએ તે બ્રાહ્મણોએ સુશોભિત સર્વતોભદ્ર આદિ મંડળો સ્થાપી, તે તે મંડળોના અંગ પ્રધાન દેવોની પૂજા શ્રીહરિ પાસે કરાવી. (૨૭)

પછી તે બ્રાહ્મણોએ નર તથા નારાયણની મૂર્તિઓની વિધિ સહિત પ્રતિષ્ઠા કરાવીને વેદમંત્રોથી તેમની મહાપૂજા કરાવી. (૨૮) તે સમયે બ્રાહ્મણગણોએ ઉચ્ચારણ કરેલો વેદધ્વનિ તાળીઓ, ગીતો વગેરેનો ધ્વનિ, વાદ્યોના ઘોષની સાથે મળી દિશાઓમાં વ્યાપી ગયો. (૨૯)

પછી શ્રીહરિએ હર્ષપૂર્વક વિધિ પ્રમાણે નરનારાયણની આરતી કરી તે પછી નરનારાયણના દર્શન કરતા શ્રીહરિ તેમની આગળ મુહૂર્ત પર્યન્ત સ્થિર ઊભા રહ્યા. (૩૦) હે ભૂમિપતે ! તે સમયે સર્વજનો તે યુગલમૂર્તિને અતિ તેજોમય જોઈ આશ્ચર્ય પામ્યા. (૩૧)

પ્રતિષ્ઠા સમયે બદરીકાશ્રમ તીર્થમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા માટે શ્રીહરિએ

જે પ્રતિજ્ઞા કરી હતી તે સિદ્ધ થવાથી અત્યંત પ્રસન્ન થયેલા નરનારાયણ પણ શ્રીહરિના દર્શન કરીને જાણે મંદહાસ્ય કરતા હોય ને શું ? એમ શોભતા હતા. (૩૨)

હે રાજન્ ! શ્રીહરિએ આવી રીતે નરનારાયણને નમસ્કાર કરી, બહાર આવી, હવિષ્યાન્નથી સર્વ દેવતાઓને સંતૃપ્ત કરી, શ્રીહરિ પોતે વરણી કરેલા બ્રાહ્મણો પાસે પૂર્ણાહુતિનો હોમ કરાવતા હતા. (૩૩)

શ્રીહરિએ પ્રતિષ્ઠા કર્મ કરનાર આચાર્ય પ્રાણગોવિંદને તેની ઇચ્છા પ્રમાણે દક્ષિણા આપી. હોતા, ઉદ્‌ગાતા, અધ્વર્યુ વગેરે બ્રાહ્મણોને પણ શ્રીહરિએ પુષ્કળ દક્ષિણા આપી. (૩૪) પછી શ્રીહરિએ ઊંચા આસન ઉપર બેસી કંઈક કહેવાની ઇચ્છાથી ત્યાં બેઠેલા ભક્તજનોને હાથની સંજ્ઞાથી મૌન કર્યા. (૩૫)

તે ભક્તજનો મૌન થઈને કેવળ શ્રીહરિના મુખારવિંદમાં જ પોતાના નેત્રોની વૃત્તિ સ્થિર કરી, તે સમયે શ્રીહરિ ઊંચા હાથ કરી આ પ્રમાણે બોલ્યા. (૩૬)

હે ભક્તો ! તમારું હિત થાય તેવું અને શાસ્ત્ર સંમત વચન હું તમોને કહું છું. તમો સર્વે તે સાવધાનપૂર્વક સાંભળો. (૩૭) કર્મભૂમિરૂપ આ ભારતવર્ષમાં પોતાના આશ્રિત ભક્તજનોની ભુક્તિ અને મુક્તિ માટે જે તપ કરતા બિરાજે છે. (૩૮)

તેજ આ નરનારાયણની મેં આ પુરમાં સ્થાપના કરી છે. એમની સેવાથી મનુષ્યોનું કલ્યાણ નિશ્ચય થશે. (૩૯) જે ભક્તજનો આ નરનારાયણના દરરોજ દર્શન કરવાનું નિયમ રાખશે તે જનો નિશ્ચય પોતે ઇચ્છેલી ભુક્તિ તથા મુક્તિ પામશે. (૪૦)

આ નરનારાયણની સેવાથી પુત્રાર્થી મનુષ્ય પુત્ર પામશે, ધનાર્થી ધન પામશે, તેમજ વિદ્યાની ઇચ્છાવાળો, ઇચ્છિત વિદ્યા પામશે. (૪૧)

આ નરનારાયણની આરાધનાથી મનુષ્યોની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થશે. તેમજ એમની આરાધનાથી સંસૃતિથી પણ મોક્ષ થશે. (૪૨) જે પંડિતો શ્રીમદ્‌ભાગવતાદિ સચ્છાસ્ત્રો તથા ગાયત્રી પુરશ્ચરણ આ મંદિરમાં કરશે. (૪૩)

તે પંડિતોના સમગ્ર મનોરથો સફળ થશે. ગાયત્રી પુરશ્ચરણ કરનાર પંડિતોને આ લોકમાં તથા પરલોકમાં કોઈપણ વસ્તુની ન્યૂનતા નહિ રહે. (૪૪) ફાગણ માસમાં સૂર્યોદય સમયે ઉત્તર ફલ્ગુની નક્ષત્રના દિવસો દરમ્યાન સમગ્ર કામના પૂર્ણ કરનારા આ નરનારાયણના દર્શન લોકોએ દૂરથી પણ જરૂર કરવાં. (૪૫)

હે રાજન્ ! આ પ્રકારની શ્રીહરિની વાણી સાંભળીને સર્વ ભક્તજનો બંને હાથ જોડી હે હરે ! અમો સર્વ એવી રીતે કરીશું એમ કહી, શ્રીહરિનું તે વચન મસ્તક ઉપર ધારણ કરતા હતા.

પછી તે સર્વ શ્રીનરનારાયણના દર્શન કરતા હતા. (૪૬)

બ્રાહ્મણોને પૂજનારાઓમાં શ્રેષ્ઠ, સમગ્ર ધર્મનું રક્ષણ કરનારા શ્રીહરિ હજારો બ્રાહ્મણોને મનોહર ઈષ્ટ ભોજનોથી તૃપ્ત કરતા હતા. વળી પુષ્કળ ધન તેમજ ઉત્તમ દક્ષિણા આપી તે બ્રાહ્મણોને સંતોષ પમાડતા હતા. (૪૭)

પોતાની અતિશય વ્યાપ્ત એવી સત્કીર્તિથી સમગ્ર દિશાઓ પ્રકાશયુક્ત બની શ્વેત બની ગઈ છે તેવા મહાન્ દાતા તથા પુરુષાર્થ પ્રદાનમાં અતિ ચતુર, અનવધિકાતિશય ઐશ્વર્યવાળા શ્રીહરિ પુષ્કળ ઘી તથા સાકરયુક્ત ભોજનથી હજારો બ્રાહ્મણોને શ્રીનગરમાં હંમેશાં જમાડતા હતા. (૪૮)

હે રાજન્ ! પછી શ્રીહરિએ કાંકરીયા તળાવની સમીપે જ્યાં પોતાનો નિવાસ હતો ત્યાં જઈને, સ્નાન કરીને પોતાના બંધુજનો વગેરેની સાથે સારી રીતે ભોજન કર્યું. પછી ભક્તગણોથી વીંટાયેલા શ્રીહરિ કોમળ ગાદી આદિકથી યુક્ત ઊંચા સુંદર સિંહાસન ઉપર વિરાજમાન થયા. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં નરનારાયણ પ્રતિષ્ઠા વિધિ નિરૂપણ નામે દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ પુરના મુખ્ય બ્રાહ્મણો તથા અન્ય ગામોથી આવેલા મુખ્ય મુખ્ય બ્રાહ્મણોને બોલાવી સર્વને રસોઈ કરવાની આજ્ઞા આપી. (૧)

પ્રત્યેક જ્ઞાતિના અગ્રેસર બ્રાહ્મણો, શ્રીહરિની આજ્ઞા પ્રમાણે રસોઈ કરવા ત્યાં પવિત્ર સ્થાનોમાં રસોડાઓ તૈયાર કરવા લાગ્યા. (૨) તે પ્રમાણે પોતપોતાના રસોડા કર્યા પછી ભોજન પ્રિય બ્રાહ્મણોએ રસોડામાં આવી જુદા જુદા મોટા ચૂલાઓ કરીને હર્ષપૂર્વક રસોઈ કરવાનો આરંભ કર્યો. (૩)

હે રાજન્ ! કાંકરીયા તળાવની ચારે બાજુએ ચાર ચાર ગાઉ સુધી હજારો બ્રાહ્મણોના રસોડા શરૂ થઈ ગયા. (૪) તે સમયે શ્રીહરિની આજ્ઞાથી સંતો, વર્ણિઓ તથા પાર્ષદો, ચારેય તરફથી ફરતા હતા અને તે બ્રાહ્મણોને જરૂરીયાત મુજબ સામગ્રી આપતા હતા. (૫)

ત્યાં દાળ ચોખા તેમજ સાકર વગેરેના મોટા સફેદ પર્વત જેવા ઢગલાઓ દેખાવા લાગ્યા. (૬) તે સામગ્રીઓમાં સર્વાંતર્યામી શ્રીહરિની ઈચ્છાથીજ કીડી વગેરે કાંઈ જંતુઓ પ્રવેશ કરતા નહોતા. (૭)

બ્રાહ્મણોના સર્વ પાક સ્થાનોમાં પક્ષીઓ, કાગડા, કૂતરા વગેરે પણ ત્યાં આવી શકતા નહતા. તેથી બ્રાહ્મણો અત્યંત આશ્ચર્ય પામ્યા. (૮) મુનિઓ પણ તે બ્રાહ્મણોને પાકની તમામ સામગ્રીઓ તેમની ઈચ્છા પ્રમાણે આપતા હતા. તેથી સર્વે બ્રાહ્મણો અતિશય પ્રસન્ન થયા. (૯)

હજારો રસોઈયા બ્રાહ્મણો ચૂલામાં અગ્નિ સળગાવવા માટે ઘી નાંખવા લાગ્યા. (૧૦) બ્રાહ્મણોનું આ કાર્ય જોઈ, (ઘીનો થતો વ્યય) શ્રીહરિની સમીપે જઈને મુનિઓ શ્રીહરિને કહેવા લાગ્યા. શ્રીહરિ તેમનું તેવું કૃત્ય સાંભળીને મંદ મંદ હસતા હસતા તે મુનિઓને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૧)

હે સંતો ! આ બ્રહ્મ ભોજનમાં ઘણા બ્રાહ્મણો જે ઘી જમશે તે બધું જ ઘી તે બ્રાહ્મણોના ઉદરમાં રહેલા વૈશ્વાનર અગ્નિમાં તે બળવાનું જ છે. (૧૨) તો પછી તે બ્રાહ્મણો પ્રત્યક્ષ અગ્નિમાં ઘી નાંખે તેની કાંઈ ચિંતા કરવી નહિ. (બંને પ્રકારે ઘી બળવાનું જ છે માટે બ્રાહ્મણોને તેમની ઈચ્છા પ્રમાણે આપવું. ''विक्रीते करिणि किम् अंकुशे विवाद:'' એમ અભિયુક્તિ છે.) (૧૩)

ઔદાર્ય સાગર શ્રીહરિનું વચન સાંભળીને તે બ્રાહ્મણોની દુર્જનતા વિષે ફરિયાદ કરનાર મુનિઓ પણ આશ્ચર્ય પામ્યા. વળી ઘી ખૂટશે એવો ભય મનમાંથી નીકળી ગયો તેથી આનંદ પામ્યા. (૧૪)

શ્રી હરિએ તે બ્રાહ્મણોને પુષ્કળ ઘી આપવાની આજ્ઞા કરી. તેવું તે સાધુ પુરુષોના મુખથી તે બ્રાહ્મણોએ સાંભળ્યું એટલે તેમને સર્વને પણ તે વખતે અત્યંત આનંદ થયો. (૧૫) હજારો રસોઈયા બ્રાહ્મણોએ તો પુષ્કળ ઘી નાંખી શીરો બનાવી પ્રસન્ન ચિત્તથી પોતાની ઈચ્છા પ્રમાણે જમવા લાગ્યા. (૧૬)

પછી સર્વ રસોઈયા રસોડાઓ સાફ કરી, સ્નાન કરીને, પ્રસન્નતાપૂર્વક જુદી જુદી રસોઈ બનાવવા લાગ્યા. (૧૭)

શ્રીહરિને વિષે પરમેશ્વરપણાની નિષ્ઠા જેમને ન હતી, તેવા કેટલાક વિપ્રો લોભને વશ થઈ સાકર, ઘી વગેરે ચોરીને ઘેર લઈ જવા લાગ્યા. (૧૮)

વળી કેટલાક બ્રાહ્મણો સાકર તથા ઘીના ભરેલા કુડલાઓ ગાડામાં ભરીને અતિ ઉતાવળપૂર્વક પોતપોતાને ઘેર જવા લાગ્યા. (૧૯) તેવા કેટલાક દુર્જન બ્રાહ્મણોને જ્યારે આવું ચોર કર્મ કરવા માટે સાધુઓએ વાર્યા ત્યારે તે દુર્જનો સાધુઓને દાંત વડે વારંવાર કરડવા લાગ્યા. (૨૦)

તે સમયે તે બ્રાહ્મણો આયુધધારી ઘોડસવારો તથા પાર્ષદોની સાથે અશ્વ દોડાવીને આવતા શ્રીહરિને જોવા લાગ્યા. (૨૧) માર્ગમાં બ્રાહ્મણો શ્રીહરિને આ પ્રમાણે આવતા જોઈને બીકથી કંપવા લાગ્યા અને લાજથી નીચું મુખ કરી 'અમો ગરીબ છીએ' એમ શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૨)

તેથી શ્રીહરિ તેમને ઠપકો આપી કહેવા લાગ્યા, હે બ્રાહ્મણો ! તૃપ્ત કરે એવા લાડુના ભોજનનો ત્યાગ કરીને તમો સાધુને કરડવા લાગ્યા. તેથી શું તમને તૃપ્તિ થશે ? (૨૩) પછી તે બ્રાહ્મણોનું હિત કરનાર શ્રીહરિ તે બ્રાહ્મણોને ભય પામેલા જોઈ, દયાર્દ્ર થઈ આ સાકર, ઘી વગેરે તમો લઈ જાઓ પરંતુ ફરીથી આવું ચોરીનું કાર્ય કરશો નહિ એમ તેમના પ્રત્યે બોલ્યા. (૨૪)

શ્રીહરિએ તે સર્વ બ્રાહ્મણોને તે સમયે પોતાના દર્શન આપી તેમને પોતાનું યોગ ઐશ્વર્ય બતાવ્યું. (૨૫) તે બ્રાહ્મણોનું હિત કરનાર શ્રીહરિ બીજે દિવસે સવારમાં તે બ્રાહ્મણોને બોલાવીને પોતાના મનુષ્ય નાટ્યાનુસાર આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૬)

હે બ્રાહ્મણો ! જ્યારે ભોજનનો સમય થાય ત્યારે બ્રાહ્મણોની પંક્તિઓના દર્શન કરવા માટે તમારે મને બોલાવવો. (૨૭)

શ્રીહરિનું આવું વચન સાંભળીને, બ્રાહ્મણો શ્રીહરિની બ્રાહ્મણો પ્રત્યેની પૂજ્યબુદ્ધિ જોઈ પ્રસન્ન થયા અને 'બહુસારુ' એમ કહીને રસોડામાં ગયા. (૨૮)

સાંજના સમયે સર્વ બ્રાહ્મણોની રસોઈ તૈયાર થઈ એટલે કરોડો બ્રાહ્મણો તથા બ્રાહ્મણ સ્ત્રીઓ જુદા જુદા ગામોમાંથી આવ્યા તેમજ પુરના બ્રાહ્મણો પણ સ્ત્રીઓ સહિત પોતપોતાની જ્ઞાતિ પ્રમાણે જુદા જુદા રસોડામાં જમવા આવ્યા. (૨૯)

પછી તે બ્રાહ્મણો સ્નાન કરીને સ્ત્રીઓની સાથે પંક્તિબદ્ધ જમવા બેઠા. તે સમયે સમગ્ર પૃથ્વી જાણે બ્રાહ્મણમય થઈ ગઈ ! (૩૦) પછી તે બ્રાહ્મણોમાંથી કેટલા શ્રીહરિને બોલાવવા માટે શ્રીહરિની સમીપે જઈને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે પ્રભો ! બ્રાહ્મણોની પંક્તિઓ થઈ છે માટે આપ ત્યાં પધારો. (૩૧)

તેમનું આવું વચન સાંભળીને પુષ્પના હાર, તોરા તથા પવિત્ર વસ્ત્રો જેમણે ધારણ કર્યા છે તે શ્રીહરિ પોતાના પાર્ષદે આણેલા અશ્વ ઉપર બિરાજમાન થયા. (૩૨)

પછી છત્ર તથા ચામરોથી શોભાયમાન સત્પતિ શ્રીહરિ, ઘોડેસવારો, પાર્ષદો તથા ભક્તોના સમૂહથી વીંટાઈને ત્યાં પધાર્યા. (૩૩)

શ્રીહરિનું આ પ્રકારનું દિવ્ય સ્વરૂપ દરેક રસોડામાં એકજ સમયે જોવાથી સમગ્ર બ્રાહ્મણો અત્યંત આશ્ચર્ય પામ્યા. (૩૪) આ શ્રી સ્વામિનારાયણને અમોએ એકજ સમયે બધે ઠેકાણે કઈ રીતે જોયા ? અહો ! આ તો આશ્ચર્ય છે ! (૩૫)

હે રાજન્ ! આવી રીતે પોતાની ઈચ્છાથી ધારણ કર્યા છે અનેક સ્વરૂપો જેમણે એવા યોગેશ્વરોના પણ ઈશ્વર શ્રીહરિ તે બ્રાહ્મણોને આશ્ચર્ય પમાડતા હતા. (૩૬) પછી શ્રીહરિની આજ્ઞાથી કેટલાક બ્રાહ્મણો, ભોજન જમવા બેઠેલા બ્રાહ્મણોનું કેસર યુક્ત ચંદન તેમજ પુષ્પોના હાર વગેરેથી પૂજન

કરતા હતા. તે સમયે તે બ્રાહ્મણો જાણે દેવો હોય ને શું ? એમ શોભતા હતા. (૩૭)

પછી પીરસનાર વિપ્રના સમૂહ પુષ્કળ ઘી તથા સફેદ સાકરથી અતિ શ્વેત દેખાતા અને તેથી જ (**''मोदयन्ति प्राज्यघृत्शर्कराभ्यां ब्राह्मणान्'' इति मोदकाः**) પુષ્કળ ઘી અને સાકરથી બ્રાહ્મણોને મોદ પમાડે છે તેવું સાર્થક નામ જેનું છે તેવા મોદકો તથા વિવિધ પ્રકારના જમવા યોગ્ય પદાર્થો બ્રાહ્મણોની પંક્તિઓમાં બ્રાહ્મણ સમૂહને શ્રીહરિ પીરસાવતા હતા. (૩૮)

ત્યારે મિષ્ટાન્નપ્રિય બ્રાહ્મણો પણ તે સમયે વેદમંત્રોનો ઘોષ કરતા હતા. પ્રત્યક્ષ શ્રીહરિના આશ્રિત કેટલાક બ્રાહ્મણો પરમેશ્વર શ્રીહરિના દર્શન કરતા **''स्वामिंश्च परमेश्वरश्च परमं ब्रह्मासि वेदोदितम्''** વગેરે શ્લોકો બોલતા હતા. (૩૯)

તે સમયે બ્રાહ્મણો ઊંચા સ્વરથી ''હે સ્વામિનારાયણ ! તમો જયકારી પ્રવર્તો, જયકારી પ્રવર્તો.'' એમ આનંદ પામીને ઘોષ કરતા હતા. તે મહાધ્વનિ સમગ્ર દિશાઓમાં વ્યાપતો હતો. (૪૦)

તમામ પંક્તિઓમાં સર્વ વસ્તુઓ પીરસાઈ ગયા પછી બ્રાહ્મણગણો પોતાના જમણા હાથ લાંબા કરીને ઊંચા સ્વરે એકબીજાની આજ્ઞા લેવા માટે ''ભો દેવદત્ત શર્મા ! ભો વિષ્ણુદત્ત શર્મા ! કેમ હવે જમવાની આજ્ઞા છે ?'' એમ કહેતા ''અત્યંત સ્વાદિષ્ટ ભગવત્પ્રસાદ હરિસ્મરણ કરી જમો'' એમ પરસ્પર કહી પ્રસન્ન થઈ મનોહર રસવાળું ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય એ ચાર પ્રકારનું અન્ન પ્રીતિપૂર્વક જમવા લાગ્યા. (૪૧)

ગળા સુધી અન્ન જમવા માટે શ્રીહરિએ આજ્ઞા કરી હોવાથી તે બ્રાહ્મણો સાકર તથા ઘીથી યુક્ત ચુરમાના ઉત્તમ લાડુઓ, રસાસ્વાદમાં આસક્તિ હોવાથી, એક એક પદાર્થના સ્વાદમાં આસક્ત બની, પોતે કેટેલા લાડુઓ જમ્યા છે તે સંખ્યા જ્ઞાનનું ભાન ભૂલી દર્શન કરતા જમતા હતા. (૪૨)

આવી રીતે ઈચ્છા પ્રમાણે ભોજન કરતા બ્રાહ્મણોને જોઈને, શ્રીહરિ પ્રસન્ન થઈ પોતાના શ્રેષ્ઠ આસન ઉપર બિરાજમાન થયા. છતાં પણ તે બ્રાહ્મણો તો શ્રીહરિને સર્વ ઠેકાણે જોતા હતા અને હર્ષપૂર્વક શ્રીહરિની સ્તુતિ કરતા ભોજન કરતા હતા. (૪૩)

કંઠપર્યન્ત ભોજન કરવાથી તેમને અત્યંત શ્વાસ વ્યાપી ગયો. તેથી હાંફતા અને ફુલેલા મુખ તથા પેટવાળા તે સર્વ બ્રાહ્મણો ભોજન પછી ઊભા થવા માટે શક્તિમાન થયા નહિ. તે સમયે વૃદ્ધો જુવાન બ્રાહ્મણોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૪)

''હે તરુણો ! અહીં આ વૃદ્ધોને ઊભા કરો. તમોને બહુ પુણ્ય થશે.'' તેથી પુષ્કળ ભોજન કરવાથી જેમના પેટ ફુલી ગયા છે એવા તે જુવાનો શ્વાસ લેતા અને હસતા તે વૃદ્ધોને કહેવા લાગ્યા, ''હે વૃદ્ધો ! અમો તો હવે અહીં જ સૂઈ જઈશું.'' (૪૫)

પરંતુ તે સમયે શ્રીહરિ ભોજન કરેલા બ્રાહ્મણોને મુઠીઓ ભરીને સુવર્ણની મુદ્રાઓ આપે છે એવો ઉદ્‌ઘોષ થયો તે ઘોષ વૃદ્ધો તથા તરુણ બ્રાહ્મણોએ સાંભળ્યો તેથી તે સમયે તત્કાળ તેઓ સર્વે ઊભા થઈ દ્રવ્ય લેવા માટે મહાઆનંદપૂર્વક શ્રીહરિની સમીપે આવ્યા. (૪૬)

તે સમયે શ્રીહરિ તે બ્રાહ્મણોને તેમણે ધાર્યા કરતાં પણ વધુ અધિક દક્ષિણા આપતા હતા. વળી મુખ્ય બ્રાહ્મણોને પણ તેની ઈચ્છા પ્રમાણે પુષ્કળ વસ્ત્ર, ધન વગેરે શ્રીહરિ આપતા હતા. (૪૭)

હે રાજન્ ! મેઘની માફક ધન વર્ષાવનારા, ઘણા પ્રતાપશાળી, શ્રીહરિની કરોડો બ્રાહ્મણો પ્રશંસા કરવા લાગ્યા. પછી પ્રસન્ન થઈ તેઓ સર્વ પોતપોતાને ઘેર ગયા. (૪૮)

શ્રીહરિની પ્રસન્નતા જાણનારા અતિ પ્રવીણ સાધુઓ, શ્રીહરિની આજ્ઞાથી ત્યાં આવેલા હજારો અન્નાર્થીજનોને અત્યંત હર્ષપૂર્વક સુંદર વિવિધ ભોજનો સારી રીતે જમાડવા લાગ્યા. (૪૯)

આ ઉત્સવમાં તે સ્થાને "આપો, આપો" તથા "જમો, જમો" એવો ઘોષ વારંવાર થતો હતો. પુરવાસીજનો પણ ઘેર ઘેર પુત્ર શ્રીહરિની વારંવાર અતિ પ્રશંસા કરતા હતા. (૫૦)

પુરજનો શ્રીહરિના આવા અદ્‌ભુત કાર્યથી બહુજ આશ્ચર્ય પામ્યા. તેઓ પણ ધનાઢ્ય લોકો તો વિશેષ આશ્ચર્ય પામ્યા. વળી પુરાધિપતિ રાજા પણ આશ્ચર્ય પામ્યા. રાજાની સભામાં પણ આ આશ્ચર્યજનક વાતો થઈ. પુરવાસી સર્વજનો ભગવાન શ્રીહરિના અનન્ય પ્રતાપનું અત્યંત ગાન કરવા લાગ્યા. (૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં અગણિત બ્રાહ્મણોને શ્રીહરિએ ભોજન કરાવ્યું તે નિરૂપણ નામે અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિએ સંપ્રદાયની રીત અનુસાર નરનારાયણની પૂજા તથા ઉત્સવના વિધિની વ્યવસ્થા કરી. (૧) ત્યારબાદ કાંકરીયા સરોવરની સમીપના સ્થળે યોજેલી સભામાં પોતાના ઊંચા સિંહાસન ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. તે સમયે ઘણા ભક્તોનો સમુદાય શ્રીહરિની આસપાસ બેઠો હતો. (૨)

તેટલામાં પુરના કેટલાક વામમાર્ગી બ્રાહ્મણો શ્રીહરિનો ઉત્કર્ષ સહન ન કરી શકવાથી શ્રીહરિને પ્રશ્નો પૂછવાની ઈચ્છાથી શ્રીહરિની સમીપે આવ્યા. (૩) તે વામમાર્ગી બ્રાહ્મણો ઉદ્ધત બનીને શ્રીહરિની

સમીપે ઊભા રહ્યા. એ રીતે તેઓ મુનિઓ વગેરે સભામાં બેઠેલા સર્વજનોને શ્રીહરિના દર્શનમાં અંતરાય કરવા લાગ્યા. (૪)

હે ભૂપ ! ચારેય તરફ દૃષ્ટિ ફેરવતા શ્રીહરિને પડખે ઊભા રહેનારા શસ્ત્રધારી ભીમા વગેરે પાર્ષદો, દુરાશયવાળા તે વામમાર્ગી બ્રાહ્મણોને કહેવા લાગ્યા. (૫) હે વાડવો ! બેસવાની ઈચ્છા હોય તો અહીં બેસો અને જો ઊભા રહેવાની ઈચ્છા હોય તો શ્રીહરિની પાછળ ઊભા રહો. (૬)

હે બ્રાહ્મણો ! તમો આવી રીતે ઊભા છો તેથી સભામાં બેઠેલા જનોને શ્રીહરિના દર્શનમાં અંતરાય થાય છે. માટે તમારે આગળ ઊભા રહેવું નહિ. (૭) આવી રીતે શ્રીહરિના પાર્ષદોએ કહ્યું છતાં પણ સમગ્ર વામમાર્ગી બ્રાહ્મણોએ પાર્ષદોનું આ વચન માન્યું નહિ અને બેસી પણ ગયા નહિ. વળી બીજી જગાએ પણ ગયા નહિ. ઉલટા શ્રીહરિના પાર્ષદોની સાથે તેઓ વાદવિવાદ કરવા લાગ્યા. (૮)

તેમનો વિવાદ સાંભળીને શ્રીહરિ પાર્ષદો પ્રત્યે આ પ્રમાણે બોલ્યા, "હે પાર્ષદો ! એ શું કહે છે ?" શ્રીહરિનું આવું વચન સાંભળીને તે પાર્ષદો શ્રીહરિને કહેવા લાગ્યા. (૯) હે પ્રભો ! આ બ્રાહ્મણો અમારા વચનનો અનાદર કરીને સર્વ સભાસદોને આપના દર્શનમાં અવરોધ કરી ઊભા છે. (૧૦)

પોતાના પાર્ષદોનું આવું વચન સાંભળીને શ્રીહરિ તે વામમાર્ગી બ્રાહ્મણોને કહેવા લાગ્યા. હે બ્રાહ્મણો ! આ પાર્ષદો યોગ્ય કહે છે માટે તમારે તેમના વચન પ્રમાણે કરવું. શ્રીહરિનું આવું વચન સાંભળીને તે બ્રાહ્મણો શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૧૧)

અમારે કાંઈક પૂછવું છે માટે અમો અહીં ઊભા છીએ તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિ તેમને કહેવા લાગ્યા. (૧૨) હે બ્રાહ્મણો ! આ સભામાં મારી પાસે આવીને જે કોઈ મને પ્રશ્નો પૂછે તો હું તેમના પ્રશ્નોના ઉત્તર કરું. (૧૩)

હે બ્રાહ્મણો ! આ પૃથ્વી ઉપર મારું વિચરણ તમારા જેવાના પ્રશ્નોના પ્રત્યુત્તર આપવા માટે છે. માટે તમો નિઃસંશય થઈ મને પ્રશ્નો પૂછો. (૧૪)

શ્રીહરિએ આવી રીતે કહ્યું એટલે તે વામમાર્ગી બ્રાહ્મણો શ્રીહરિને કહેવા લાગ્યા, "હે સ્વામિનારાયણ, પૃથ્વી ઉપર તમોને લોકો ભગવાન બુદ્ધનો અવતાર કહે છે. (૧૫)

હે સ્વામિનારાયણ ! આ પૃથ્વી ઉપર તમો પોતે જ પ્રત્યક્ષ બુદ્ધ ભગવાન છો ?" આવી રીતે વામમાર્ગી વિપ્રોએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો, તેથી શ્રીહરિ તે વિપ્રોને કહેવા લાગ્યા. (૧૬)

હે વિપ્રેન્દ્રો ! તમોએ બુદ્ધનામ જીન માનેલા હોય તો હું તે નથી, કારણ કે જૈનની આચાર પ્રવૃત્તિ વેદ વિરુદ્ધ છે. જો બુદ્ધ શબ્દથી બુદ્ધ નામના ભગવાનનો અવતાર કહેતા હો તો

તે પણ હું નથી, કારણ કે શ્રીકૃષ્ણના તિરોધાન પછી બે હજાર વર્ષે તે થયેલા છે માટે બુદ્ધ શબ્દના અર્થનો વિચાર કરીએ તો 'બુધ' ધાતુનો અર્થ જ્ઞાન છે તત્વ જેમનું એ કારણથી મને બુદ્ધ કહેતા હો તો કેવળ હું જ બુદ્ધ નથી. પરંતુ મારો જેમણે આશ્રય કર્યો છે તે સર્વે સંતો પણ બુદ્ધો છે. કારણ કે જ્ઞાનથી તેઓ શોભે છે. માટે બુદ્ધ શબ્દ વાચ્ય કહી શકાય. (૧૭)

જ્ઞાનદાતા - દયાનિધિ હોવાથી પોતે પોતાના શિષ્યોને જ્ઞાન આપે છે અને અજ્ઞાનરૂપી સમુદ્રમાંથી તે શિષ્યને તારે છે. (૧૮)

હે વિપ્રો ! હું બુદ્ધ ભગવાન નથી. પરંતુ બુદ્ધ વગેરે ભગવાનના અવતારો જેમનામાંથી પ્રાદુર્ભાવ પામે છે તે ભગવાન હું છું. એકાંતિક ભાવથી મારો જેણે આશ્રય કર્યો છે એવા મારા ભક્તો સર્વ અવતારોના કારણ મને જાણે છે. (૧૯)

(અહીં તેઓ શંકા કરે છે કે, તમારા ભક્તો પણ મનુષ્યો છે અને અમો પણ મનુષ્યો છીએ. માટે તે તમને જાણે અને અમો તમને ન જાણીએ એ કેમ બને ? તેના ઉત્તરમાં શ્રીહરિ કહે છે.) હે બ્રાહ્મણો ! દેવોની તથા મનુષ્યોની ગતિ ભિન્ન છે. આકાશમાં ફરનારા તથા પૃથ્વી પર ફરનારા એ ભેદથી તેમની ગતિમાં ભેદ છે. તેવી રીતે તમારી તથા મારા આશ્રિતોની ગતિ પણ ભિન્ન જ છે. માટે ઘણા વચનો કહેવાથી શું પ્રયોજન છે ? (૨૦)

શ્રીહરિનું આવું વચન સાંભળીને વિસ્મય પામેલા તે બ્રાહ્મણો પરસ્પર એકબીજા પ્રત્યે જોતા અધીશ્વર શ્રીહરિને ફરીથી આ પ્રમાણે પૂછવા લાગ્યા. (૨૧) હે સ્વામિનારાયણ ! એ તો તમોને ભગવાન જાણીને સર્વદા તમારું ભજન કરે છે. હાથમાં જપમાળા ધારણ કરતા અહીં તમો કોને ભજો છો. (તમો જ જો સર્વ અવતારોના કારણ છો એમ કહો છો તો તમારા સિવાય બીજું ભજનીય સ્વરૂપ નથી. છતાં તમો માળા પકડી કોનું ભજન કરો છો ? એમ પૂછીએ છીએ.) (૨૨)

પછી શ્રીહરિ તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે બ્રાહ્મણો ! એ સંતો સર્વદા હર્ષપૂર્વક મને ભજે છે. હું પણ રુડી બુદ્ધિવાળા એ સંતોને ભજું છું. ભગવાન ભક્તના પણ ભક્ત છે. શ્રીમદ્ ભાગવતમાં "साधवो हृदयं मेऽथ साधूनां हृदयं त्वहम् । मदन्यत्ते न जानन्ति नाहं तेभ्यो मनागपि । प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः" એમ કહ્યું છે. (૨૩)

હે રાજન્ ! આવી રીતે તેમના પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તર કરીને પોતાના પ્રતાપથી જેમનું બળ નાશ પામ્યું છે એવા તે બ્રાહ્મણોને શ્રીહરિ ફરીથી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૪)

પૃથ્વી ઉપર આ સ્વામિનારાયણનો તથા તેમના સાધુઓનો દ્રોહ અમો કરીએ છીએ. તો અમારું અમંગળ કેમ થતું નથી. (૨૫)

જ્યારે આ સ્વામિનારાયણ પ્રત્યક્ષ ભગવાન છે તો અમારું અનર્થ થાય તે યોગ્ય છે. "आयुः

श्रियं यशो धर्मं लोकानाशिष एव च । हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः'' એમ ભાગવતમાં કહ્યું છે. ''मद्भक्तं श्वपचं वापि ये हि द्रुह्यन्ति मानवाः । कल्पकोटिशतेनापि न क्षमामि वसुंधरे ।।'' એમ વરાહ પુરાણમાં કહ્યું છે. તથા ભાગવતમાં પણ ''दूययेत् भगवद्भक्तं यस्तु वाक्यैर्नराधमः । मूको भवति जन्मानि सहस्राणि शतानि च'' એમ કહ્યું છે. માટે અમારું અનર્થ થાય તેજ યોગ્ય છે. છતાં અમારું અનર્થ તો થતુ નથી તો નિશ્ચય આ ભગવાન નથી. હે વિપ્રો ! આવો તમારો સંકલ્પ છે તો તેના સમાધાનમાં હું કહું છું. (૨૬)

હે વિપ્રો ! પ્રાણિઓનું આત્યંતિક કલ્યાણ કરવા માટે મારો પ્રાદુર્ભાવ છે. તેથી મારા હૃદયમાં કોઈનું પણ અહિત કરવા ઈચ્છા રહેતી નથી. (૨૭) ધર્મ, જ્ઞાન વગેરેના સ્થાનભૂત આ મુનિમંડળો હંમેશાં લોકોનું હિત કરવામાંજ પ્રીતિવાળા છે અને શાંત જનોના તેઓ મિત્રો છે (૨૮)

માટે અજ્ઞાની મનુષ્યોના અપરાધને જેમ અજ્ઞાની પુત્રોના અપરાધ તેમના માતા પિતા વારંવાર સહન કરે છે તેમ, અમો સહન કરીએ છીએ. (૨૯) સદ્‌બુદ્ધિવાળા એ સાધુઓનો આવો અભિપ્રાય છે. તેમજ સમગ્ર અવતારના કારણ અવતારી મને તો પ્રાણીઓ ઉપર અત્યંત દયા વર્તે છે. (૩૦)

તોપણ હે દ્વિજો ! તમારું અનર્થ થાય એવી જો તમારી ઈચ્છા હોય તો તેવી ઈચ્છા અનુસારનું ફળ જેમ દુષ્ટ બુદ્ધિવાળા જનો કલ્પદ્રુમ પાસે જઈને જેવું ઈચ્છે છે અને પામે છે તેમ તમો પણ પામશો. (૩૧)

શ્રીહરિનું આવું વચન સાંભળીને દંડના આઘાતથી સર્પો જેમ ક્રોધ પામે તેમ ક્રોધ પામેલા તે બ્રાહ્મણો, જેમાં મગરમચ્છો ગુપ્ત રીતે રહે છે એવા પાણીના ધરા જેમ બહારથી શાંત હોય તેમ ઉપરથી પ્રસન્ન હોવાનો દેખાવ કરવા લાગ્યા. (૩૨)

મત્સરથી પીડા પામેલા અસભ્ય, વૈરબુદ્ધિવાળા તે વિપ્રો ત્યાંથી પલાયન થઈ ગયા. શ્રીહરિના પ્રતાપથી પરાભવ પામ્યા હોવાથી હવે શ્રીહરિને જીતવાની આશાનો તેમણે ત્યાગ કરી દીધો. (૩૩)

હે રાજન્ ! પછી ગામ મેથાણના ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ પુંજજીત, ભક્ત સભામાં બિરાજેલા શ્રીહરિને કહેવા લાગ્યા. (૩૪) હે રાજન્ ! અમારા રાજા વારંવાર કહે છે કે, પૃથ્વી ઉપર મનુષ્યો શ્રીસ્વામિનારાયણને ભગવાન કહે છે. (૩૫)

તો પણ મેં ક્યારેય તેમનો ચમત્કાર જોયો નથી. આવું પુંજજીતનું વચન સાંભળીને મંદહાસ્ય સહિત શ્રીહરિ આ પ્રમાણે બોલ્યા. (૩૬) હે ભક્ત ! તે દેશાધિપતિ રાજા અત્યંત મોહથી આવરીત થયો છે. માટે મારા ચમત્કારો ક્યાંથી જાણે ? તમો મારા આશ્રિત હોવા છતાં પણ યથાર્થ જાણતા નથી. (૩૭)

આવી રીતે શ્રીસ્વામિનારાયણે કહ્યું તેથી પુંજજીત ભક્ત શ્રીહરિ પ્રત્યે બોલ્યા, હે

સ્વામિન્ ! દરરોજ આપની ભક્તિ કરતો, આપના જ એક શરણવાળો હું, આપના ચમત્કારો કેમ જાણતો નથી ? (૩૮)

તેથી શ્રીહરિ તે પુંજજીત ભક્તને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે ભક્તવર્ય ! તમો મને જાણો છો તથા મારા શુભ ચમત્કારો પણ જાણો છો. પરંતુ સર્વ સાધારણ રીતે જાણો છો, વિશેષપણાથી નથી જાણતા. (૩૯)

હે ભક્ત ! અનેક અવતારોના કારણ ભુત હું મારા સંકલ્પથી અનેક બ્રહ્માંડો રચું છું એ પ્રકારના ઘણાં ચમત્કારો તમો જાણતા જ નથી. (૪૦) મને એકને જ આધીન એવી મારી અનેક પ્રકારની શક્તિઓ તથા મારી ઘણી વિભૂતિઓ, મારા બ્રહ્મપુર ધામમાં રહેલું સુખ, તથા મારા અક્ષર મુકતો હે ભક્ત ! એ વગેરે મારું સર્વ ઐશ્વર્ય છે તેને યથાર્થ પણે તો તમે જાણતા નથી. હું તો તે સર્વને નિત્ય હસ્તામલકવત્ જોઉં છું. (૪૧-૪૨)

વળી મારું સર્વજ્ઞપણું, આદિ અને અંતથી રહિતપણું, તેમજ અક્ષરાદિ સર્વનું નિયંતાપણું, પૂર્ણકામપણું વગેરે અનેક ચમત્કારો પણ તમો જાણતા નથી. (૪૩) યથાર્થપણે મારો મહિમા જો જાણતા હો તો પ્રાકૃત વસ્તુના નાશ પામવાથી શોક થાય જ નહિ. (૪૪)

હે ભક્ત ! તમોને તથા મારા સર્વ ભક્તોને મેં જે ઐશ્વર્ય સૌ દેખી શકે તેમ આપ્યું છે તો પણ તમો તે જાણતા નથી. (૪૫) હે ભક્ત ! તમો તથા મારા અન્ય ભક્તો આ લોકમાં જે કોઈ મનુષ્યોને ચોરી વગેરે ન કરવા એ આદિ નિયમો ધરાવીને મારો આશ્રય કરાવો છો. (૪૬)

ત્યારે તે નિયમ ધારણ કરેલો મારા આશ્રયવાળો તે ભક્ત દેહનો અંત આવે ત્યારે તે અંતકાળે સંસારમાંથી મુક્ત થઈ, શુભ ભાગવતી તનુ પામીને મારા બ્રહ્મપુર ધામમાં જાય છે. (૪૭)

હે ભક્ત ! પૂર્વે મોક્ષાભિલાષી રાજર્ષિ પરીક્ષિતની મુક્તિ કરવા માટે પૃથ્વી ઉપર કોઈ સમર્થ થયો નહિ પછી ગંગા કિનારે બેઠેલા શુકદેવજીએ એ રાજાનો શ્રીમદ્ભાગવત સંભળાવીને સાત દિવસમાં મોક્ષ કર્યો. (૪૮, ૪૯)

આ પ્રકારના કલ્યાણની સામર્થી કરતાં પણ મનુષ્યોનું કલ્યાણ કરવા માટે મેં તમોને અધિક સામર્થ્ય આપ્યું છે. તે શું તમો યથાર્થ જામો છો ? યથાર્થ નથી જ જાણતા. (૫૦) શ્રીહરિના અનન્ય આશ્રયવાળા પુંજજીત ભક્ત શ્રીહરિનું આવું વચન સાંભળીને પ્રસન્ન થઈ શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. બીજા ભક્તો પણ પ્રેમયુક્ત થઈને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૫૧)

પછી શ્રીહરિ ત્યાં રાત્રિ રહ્યા અને સવારમાં પોતાનો નિત્યવિધિ કરી, પોતાના સહચરોની સાથે જમી, જવા તૈયાર થયા. (૫૨) પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તેમજ ઘોડા ઉપર

બેઠેલા પોતાના બંધુજનો વગેરે તથા ઘોડેસવારો, પાર્ષદો, મુનિઓ, વર્ણિઓ, તેમજ ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા વગેરે સર્વને પુરના સમગ્ર ભક્તોએ વળાવ્યા. તેથી શ્રીહરિ શ્રીપુર નગરથી નીકળ્યા. (૫૩, ૫૪)

હે રાજન્ ! પોતાના સમગ્ર ભક્તોની સાથે માર્ગમાં ચાલતા શ્રીહરિ જેતલપુરમાં ભક્તોની સેવા અંગીકાર કરતા રાત્રિ રહ્યા. (૫૫) સવારમાં અશ્વ ઉપર બિરાજી પોતાના ભક્તજનોની સાથે શ્રીહરિ ચાલતા પોતાના આશ્રિતોની સેવા સ્વીકારતા ધોલેરાપુરમાં રાત્રિ રહ્યા. (૫૬)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ પોતાના ભક્તજનો સહિત ત્યાંથી નીકળી માર્ગમાં ચાલતા ધોળકાની રાણ્યોના વનમાં ઉતર્યા અને ગણેશજીના મંદિરમાં પોતાના જનોની સાથે હર્ષપૂર્વક વિશ્રામ કર્યો. (૫૭, ૫૮)

શ્રીહરિ ત્યાં પધાર્યા છે તે સાંભળીને તે વનની સમીપે કોઠ્ય ગામમાં રહેતા શ્રીહરિના આશ્રિત પથોજી, ગોપાળજી વગેરે પ્રસિદ્ધ ક્ષત્રિય જાતિના ભક્તો શ્રીહરિના દર્શન કરવા ત્યાં આવ્યા. પછી તે ભક્તો નમસ્કાર કરીને શ્રીહરિને પોતાના ગામમાં લઈ જવા માટે અત્યંત પ્રાર્થના કરવા લાગ્યા. (૫૯, ૬૦)

હે ભૂપતે ! તો પણ એકાંત વાસ જેને અતિપ્રિય છે અને જનસમુદાયની અત્યંત ભીડ હોવાથી ઉદાસીન શ્રીહરિ પોતાના જનોની સાથે ત્યાંજ રહ્યા (૬૧) પછી કોઠ્ય ગામના નિવાસી હરિભક્તોએ શ્રીહરિ તથા તેમની સાથેના સમગ્રજનોને રસોઈ કરાવીને ત્યાંજ જમાડ્યા. પછી શ્રીહરિનું તેમણે પૂજન કર્યું. એ પ્રકારે તે ભક્તોને તથા અન્ય ભક્તોને સુખ આપતા શ્રીહરિ ત્યાં રાત્રિ રહ્યા. (૬૨)

સવારમાં અશ્વ ઉપર બિરાજી શ્રીહરિ ઘોડાઓ ઉપર બેઠેલા પોતાના બંધુજનો વગેરે સહિત તે રાણ્યોના વનમાંથી ચાલ્યા. (૬૩) પછી પોતાના ભક્તજનોની સાથે શ્રીહરિ માર્ગમાં ભકતોના ગામોમાં રહેતા રહેતા કેટલેક દિવસે ગઢપુર પધાર્યા. (૬૪)

સન્મુખ આવેલા પુરના પોતાના ભક્ત સમૂહ તથા દેશાન્તરના ભક્તજનોની વંદના સ્વીકારતા શ્રીહરિએ પોતાના આશ્રિતોની સાથે તે નગરમાં પ્રવેશ કર્યો અને પછી પોતાના નિવાસ ભુવનમાં નિવાસ કર્યો. અન્ય ભક્તો પણ જે પ્રમાણે ત્યાં રહેતા હતા તે પ્રમાણે રહ્યા. (૬૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીહરિએ વામ માર્ગીઓનો પરાભવ કર્યો એ નિરૂપણ નામે બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય : ૧૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! આ સમયે અગાઉથી જ ફુલદોલના ઉત્સવ પ્રસંગે શ્રીહરિના દર્શન કરવા માટે ગઢપુરમાં ઘણા ભક્તો આવ્યા હતા. તે સર્વ શ્રીહરિના દર્શન કરીને આનંદ પામ્યા. (૧)

જયા વગેરે સમસ્ત સ્ત્રીઓ પણ શ્રીહરિના દર્શન કરીને આનંદ પામી અને શ્રીહરિની સમીપે જઈને તેમને નમસ્કાર કરી, વિરહ જ્વરનો ત્યાગ કરવા લાગી. (૨) પ્રિય શ્રીહરિના દર્શન માટે ભુજનગરથી ગઢપુરમાં અગાઉથી આવેલા ગંગારામ વગેરે ભક્તો પણ પોતાના ઈષ્ટ શ્રીહરિના દર્શન કરી આનંદ પામ્યા. (૩)

શ્રીહરિએ તેમનો સર્વનો આદર સત્કાર કર્યો. ઉત્તમરાજાએ પણ તેમનું સર્વનું સન્માન કર્યું. પછી તે ગંગારામ વગેરે સમગ્ર ભક્તો ગઢપુરમાં પ્રીતિપૂર્વક રહ્યા. (૪) હે રાજન્ ! પછી શ્રીહરિ ગઢપુરમાં ફુલદોલનો મહોત્સવ કરતા હતા, તે પ્રસંગે ગંગારામ ભક્ત શ્રીહરિને નમસ્કાર કરી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫)

હે સ્વામિન્ ! અમારા પુરમાં નરનારાયણનું મંદિર આપ કરાવો. અમો ધન વગેરેથી આપની સેવા યથાયોગ્ય કરીશું. (૬) હે પ્રભો ! સમગ્ર પૌરજનોનો આ મનોરથ છે. અમો સર્વે આપનાજ છીએ, માટે આપના ભક્તોના મનોરથો પૂર્ણ કરો. (૭)

આ પ્રમાણે ગંગારામ ભક્તે કહ્યું, તે પ્રમાણે અન્ય સ્વાશ્રિતજનોએ પણ ભક્તિપૂર્વક પોતાની અભિલાષા અનુસાર શ્રીહરિની પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ હર્ષપૂર્વક તે ભક્તોને 'હું તમારી ઈચ્છાનુસાર કરીશ' એમ કહ્યું. (૮)

તે પછી સત્પતિ શ્રીહરિએ વૈષ્ણવાનંદ મુનિને કહ્યું, હે મુને ! તમો મંડળ સહિત આ ગંગારામ મલ્લ વગેરે જે મારા ભક્તો છે તેમની સાથે ભુજનગર જાઓ. (૯) હે મુને ! ત્યાં ઉત્તમ શિલ્પિઓ (કારીગરો) પાસે તમો રમણીય મંદિર કરાવો. તે મંદિર તૈયાર થાય ત્યારે દેવની પ્રતિષ્ઠા માટે હું ત્યાં આવીશ. (૧૦)

આવી રીતે શ્રીહરિએ કહ્યું તેથી વૈષ્ણવાનંદ મુનિએ બંને હાથ જોડી શ્રીહરિને 'બહુ સારું' એ પ્રમાણે કહ્યું. તેથી ભુજનગર નિવાસી ગંગારામમલ્લ વગેરે ભક્તજનો આનંદ પામ્યા. (૧૧) પછી વૈષ્ણવાનંદ મુનિ તથા તેમનું મંડળ અને ગંગારામ વગેરે ભક્તો શ્રીહરિને પ્રણામ કરીને પોતાના પુરમાં ગયા. (૧૨) પછી તે મુનિએ ભુજનગરમાં એક વર્ષમાં શિલ્પશાસ્ત્ર અનુસાર રમણીય મંદિર કરાવ્યું. (૧૩) હે રાજન્ ! સ્વામિનારાયણ શ્રીહરિ ગઢપુરમાં પ્રીતિપૂર્વક મહાભારતના શ્રવણનો

આરંભ કરાવતા હતા. (૧૪)

ઈશ્વર શ્રીહરિએ ચૈત્ર સુદી પંચમીની તિથિએ મહાભારતની કથાનો આરંભ કરીને તેનું શ્રવણ કરતા બીજા ચૈત્ર સુદી નવમીની તિથિએ તેની સમાપ્તિ કરાવી. (૧૫) શ્રીહરિએ મહાભારતની કથા યથાવિધિ સાંભળી પછી પ્રીતિપૂર્વક વાંચનાર પુરાણી પ્રયાગજીત બ્રાહ્મણને તેમની ઈચ્છા પ્રમાણે દક્ષિણા તથા પુષ્કળ ભૂષણો, વસ્ત્રો વગેરે આપ્યાં. (૧૬)

પછી શ્રીહરિ હજારો બ્રાહ્મણોને દશમીને દિવસે ભોજન કરાવતા હતા. પછી વિમલા એકાદશીને દિવસે ભગવાનની મહાપૂજા કરી યોગ્ય ઉત્સવ કરાવ્યો. (૧૭) પછી ચૈત્ર સુદી પૂર્ણિમાએ ભુજનગરથી ગઢપુરમાં દૂત આવ્યો. તેણે શ્રીહરિને કહ્યું હે હરે ! અમારા પુરમાં મંદિર તૈયાર થયું છે. (૧૮)

હે પ્રભો ! ત્યાં આવીને નરનારાયણ દેવની આપ સ્થાપના કરો. ભુજનગરમાં રહેનારા આપના સર્વ આશ્રિતભક્તોની આવી પ્રાર્થના છે. (૧૯)

ભુજનગરથી આવેલા દૂતની આવી વાણી સાંભળીને, શ્રીહરિએ જ્યોતિષી રામચંદ્ર ભટ્ટને બોલાવ્યા. તેમની પાસે દેવપ્રતિષ્ઠા વિધાનના ઉત્તમ મુહૂર્તનો શ્રીહરિ નિર્ણય કરતા હતા. (૨૦) મૂર્તિ પ્રતિષ્ઠાનું મુહૂર્ત વૈશાખ સુદી પંચમીના દિવસે નક્કી કરીને, ધર્મપુત્ર શ્રીહરિએ પોતાને વિષે અતિશય પ્રીતિવાળા ઉત્તમરાજાને ગઢપુરમાં રહેવા માટે આજ્ઞા કરી. (૨૧)

પછી ચૈત્ર વદી દ્વિતીયાની તિથિએ અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, ઘોડાઓ ઉપર બેઠેલા પોતાના બંધુજનો તથા બીજા સંતો, વર્ણિઓ, પાર્ષદો વગેરેની સાથે ગઢપુરથી નીકળ્યા. (૨૨) શ્રીહરિએ માર્ગમાં ભક્તોના ગામોમાં વસતા તે ભક્તોની સેવા અંગીકાર કરતા, ચૈત્ર વદી ૧૩ તેરસને દિવસે ભુજનગર પહોંચ્યા. (૨૩)

સન્મુખ આવેલા ત્યાંના ભક્તો જેમના નેત્રોમાંથી પ્રેમના અશ્રુઓ સ્ત્રવે છે તેમની સાથે શ્રીહરિએ પુરમાં પ્રવેશ કર્યો અને મંદિરની સમીપે નિવાસ કર્યો. (૨૪)

પછી તે પુરના ભક્તો આદરપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા. શ્રીહરિ દેવપ્રતિષ્ઠાને યોગ્ય સામગ્રીઓ મંગાવવા લાગ્યા. (૨૫) પછી શ્રીહરિ જ્યોતિષીએ નિર્ણય કરેલા મુહૂર્ત પ્રમાણે જેમ શ્રીનગરમાં નરનારાયણની પ્રતિષ્ઠા કરાવી તેમ તે મંદિરમાં પણ પ્રતિષ્ઠા કરાવતા હતા. (૨૬)

રાજાઓ માટે પણ દુષ્કર એવો તે પ્રતિષ્ઠાનો મહોત્સવ પુષ્કળ સામગ્રીઓ મંગાવી શ્રીહરિએ શાસ્ત્ર અનુસાર કર્યો. (૨૭) હે રાજન્ ! પછી શ્રીહરિએ ભુજનગરના તેમજ અન્ય એવા હજારો બ્રાહ્મણોને તે પ્રસંગે જમાડ્યા તેમજ તે સમગ્ર બ્રાહ્મણોને યથેષ્ટ પુષ્કળ દક્ષિણા આપી તેમને સંતોષ પમાડ્યા. (૨૮)

શાસ્ત્રોના સિદ્ધાંતને જાણનારા શ્રીહરિ નરનારાયણનો શુભ ઉત્સવ, તેમનું અર્ચન યથા શાસ્ત્ર

પોતાના સંપ્રદાયને અનુસરીને વૈશાખ સુદી સપ્તમીને દિવસે કરતા હતા. (૨૯)

વૈશાખ સુદી અષ્ટમીની તિથિએ શ્રીહરિ ભોજન કરીને અશ્વ ઉપર બિરાજ્યા અને પુરના સમગ્ર ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે વાજતેગાજતે ભુજનગરથી નીકળ્યા. (૩૦)

શ્રીહરિ દૂર સુધી પોતાની પાછળ આવતા આંખમાં અશ્રુવાળા તે ભક્તોને પાછા વાળીને શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે ચાલતા માર્ગમાં આવતા ભક્તોના ગામોમાં રહીને તે ભક્તોને આનંદ પમાડતા હતા. (૩૧)

હે નૃપતે ! એ પ્રમાણે માર્ગમાં આવતા ગામોના હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવતા અને અત્યંત આનંદપૂર્વક શ્રીહરિને પોતપોતાના ગામ લઈ જતા અને શ્રીહરિને ત્યાં રાખતા. એ રીતે સર્વત્ર પૂજાયેલા શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે અશ્વ ઉપર બિરાજી એક માસે ગઢપુર પધાર્યા. (૩૨)

સન્મુખ આવેલા ગઢપુરના ભક્તજનો તેમજ ઉત્તરરાજા વગેરેની સાથે ભગવાન શ્રીહરિ વાદ્યોના ઘોષ સાંભળતા ગઢપુરમાં પ્રવેશ કરી અક્ષર સંજ્ઞાવાળા પોતાના નિવાસમાં પોતાના ભક્તજનોને હર્ષ પમાડતા અતિશ્રેષ્ઠ સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૩૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં ભુજંગનગરમાં શ્રીહરિએ નરનારાયણદેવનો પ્રતિષ્ઠોત્સવ કર્યો તે નિરૂપણ નામે તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! જેઠ સુદી નિર્જળા એકાદશીની તિથિએ વૃત્તાલય નિવાસી કુબેર વગેરે ભક્તો શ્રીહરિના દર્શન કરવા માટે ગઢપુરમાં આવ્યા. (૧) તે પ્રમાણે કલાલી ગામથી શ્રીહરિના આશ્રિત પ્રસિદ્ધ ભક્ત દેસાઈભાઈ વગેરે ભક્તો પણ પરમેશ્વર શ્રીહરિના દર્શન ઈચ્છતા ગઢપુરમાં, આનંદપૂર્વક આવ્યા. (૨)

હે રાજન્ ! વળી ઉમરેઠપુરથી રૂપરામ વગરે ભક્તો. નડિયાદથી ગંગારામ આદિ ભક્તો પણ ગઢપુરમાં આવ્યા. (૩) તે ભક્તો શ્રીહરિના દર્શન કરીને પરમ આનંદ પામ્યા પછી શ્રીહરિ તથા ઉત્તમરાજા તે સર્વ ભક્તોની યથાયોગ્ય સંભાવના કરવા લાગ્યા. (૪)

એકાદશીનો ઉત્સવ પૂરો થયો અને બારશને દિવસે પારણા કરીને સુખપૂર્વક બિરાજેલા શ્રીહરિની સર્વ ભક્તો ભેગા થઈને સ્તુતિ કરવા લાગ્યા. (૫) પછી તે ભક્તો પોતપોતાના પુરોમાં શ્રીહરિના મંદિર કરાવવા માટે ઈચ્છતા હોવાથી આનંદપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરી કહેવા લાગ્યા. (૬)

હે ભક્તવત્સલ ! હે સ્વામિન્ ! આપને આ નિવેદન કરવાની ઈચ્છાથીજ અમો અહીં આવ્યા છીએ. અમારી આ વિજ્ઞપ્તિ આપ સ્વીકારો. (૭) હે હરે ! આપ અમારા પુરોમાં કૃપા કરીને મંદિરો કરાવો. આપના અમો ભક્તો છીએ અને અમારો આ મનોરથ છે. (૮)

હે સ્વામિન્ ! અમો ધન તેમજ અન્ય સર્વ પ્રકારે આપની સેવા કરીશું. માટે અમારો એ મનોરથ આપ પૂર્ણ કરો. (૯) તે સર્વ ભક્તોએ આ પ્રમણે શ્રીહરિને પ્રાર્થના કરી તેથી શ્રીહરિએ પોતાના ચરણોથી અંકિત વારંવાર પોતાના નિવાસથી પવિત્ર થયેલા વૃક્ષ સમૂહ, તેમજ કૂવા વગેરેથી શોભાયમાન પોતાને પ્રિય અને પોતાને રહેવા યોગ્ય આ વૃત્તાલય પુરમાં, હે રાજન્ ! શ્રેષ્ઠ શોભાયમાન મંદિર કરાવવા ઈચ્છતા અને તે માટે પ્રાર્થના કરતા તે સર્વ ભક્તોને, આ પ્રમાણે કહ્યું. (૧૦, ૧૧, ૧૨)

હે ભક્તો ! મારે બીજે મંદિર કરાવવાની ઈચ્છા નથી જ. વૃત્તાલયપુરમાં જ મંદિર કરાવવાની ઈચ્છા છે તમો એ પ્રમાણે જાણો. (૧૩) કલાલી વગેરે ગામોમાં રહેનારા ભક્તોએ શ્રીહરિનું આ વચન સાંભળીને આપની જેવી ઈચ્છા હોય તેમ આપે કરવું, એમ શ્રીહરિને નમસ્કાર કરીને કહ્યું. (૧૪)

હે ભૂપતે ! પછી અતિ પ્રીતિયુક્ત મનવાળા વૃત્તાલયના નિવાસી કુબેર વગેરે ભક્તોને મંદહાસ્યથી શોભતા મુખવાળા શ્રીહરિ આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૫)

હે ભક્તો ! તમારા પુરમાં હું મંદિર કરાવીશ. શ્રીહરિની આવી વાણી સાંભળીને કુબેર વગેરે ભક્તો પ્રસન્ન થયા અને શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૬)

હે હરે ! મંદિર નિર્માણ માટે આપને જેટલી જમીન જોઈતી હશે તેટલી જમીન અમો અત્યારેજ આપને અર્પણ કરીએ છીએ. હે પ્રભો ! આપને આ પ્રમાણે અમો વિદિત કરીએ છીએ. (૧૭)

હે રાજન્ ! પછી શ્રીહરિ અક્ષરાનંદ મુનિને કહેવા લાગ્યા. હે મુને ! તમો મંડળ સહિત કુબેર વગેરે ભક્તોની સાથે વૃત્તાલપુરમાં જાઓ. (૧૮) હે મુને ! ચારુતર દેશ વૃંદાવન સમાન છે. તેથી તે મને અતિપ્રિય છે. માટે તે દેશના મધ્યમાં આવેલા વૃત્તાલયપુરમાં રમણીય મંદિર કરાવો. (૧૯)

હે મુને ! મંદિર તૈયાર થાય ત્યારે હું આવીને મંગળમય મુહૂર્તમાં મંદિરમાં મહોત્સવ સહિત દેવ પ્રતિષ્ઠા કરીશ. (૨૦) આ પ્રકારે શ્રીહરિએ કહ્યું તેથી મુનિવર અક્ષરાનંદે હર્ષપૂર્વક શ્રીહરિને 'આપ કહો છો તેમ કરીશું' એ પ્રમાણે કહ્યું, શ્રીહરિની આજ્ઞાપરાયણ મહા બુદ્ધિશાળી, દરેક ક્રિયા અત્યંત શીઘ્રતાથી કરનારા, (૨૧)

ધર્મ, જ્ઞાન વગેરે ગુણોથી સંપન્ન, દેશકાળ જાણનારાઓમાં શ્રેષ્ઠ, શ્રીહરિની પ્રસન્નતા પરાયણ, અક્ષરાનંદ મુનિ મંદિર કરાવવામાં અત્યંત ચતુર હતા. (૨૨) પછી કુબેર વગેરે ભક્તો અક્ષરાનંદ મુનિની સાથે સ્નાનયાત્રા પર્યન્ત રહી પ્રીતિપૂર્વક શ્રીહરિની આજ્ઞાથી વૃત્તાલયપુરમાં આવ્યા. (૨૩)

પછી પોતાના નિવાસસ્થાનમાં એકાન્તમાં બિરાજેલા શ્રીહરિને મુનિવર મુક્તાનંદ મુનિ નમસ્કાર કરીને બંને હાથ જોડીને કહેવા લાગ્યા. (૨૪) હે હરે ! આપના આશ્રિત ભક્તજનોએ પોતપોતાનાં પુરગ્રામ વગેરેમાં મંદિરો કરાવવા માટે આપને અત્યંત પ્રાર્થના કરી છે. (૨૫)

હે પ્રભો ! તો પણ તે તે ગામો તથા પુરોમાં મંદિર કરવાનો આપે નિષેધ કર્યો છે. છતાં વૃત્તાલયપુરમાં આપે મંદિર કરાવવાની ઈચ્છા કરી. (૨૬) હે સ્વામિન્ ! હે હરે ! માટે તેનું જે કારણ હોય તે કૃપા કરીને મને હે સર્વ અવતારના કારણ ! સર્વવિત્ ! આપ કહો. (૨૭)

મુનિઓમાં ઉત્તમ, પોતાને અતિપ્રિય, એકાંતિક લક્ષણોવાળા, મુક્તાનંદમુનિએ આવી રીતે શ્રીહરિને પૂછ્યું, તેથી ઉત્તમ સ્વભાવવાળા શાંત ચિત્તવાળા, મુક્તાનંદમુનિ પ્રત્યે મંદહાસ્યથી શોભતા મુખવાળા શ્રીહરિ પ્રેમપૂર્વક બોલ્યા. (૨૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં વૃત્તાલયપુરમાં મંદિર નિર્માણ કરવા માટે મુક્તાનંદ મુનિએ પ્રશ્ન પૂછ્યો તે નિરૂપણ નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)



અધ્યાય ૧૫ મો

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે મુનિવર્ય ! તમો મને અતિપ્રિય છો. તેથી તમોને મારે જે રહસ્ય છે તે કહેવું છે, તે હું કહું છું. (૧) હે મુને ! વૃત્તાલયપુરમાં મંદિર કરવામાં બે કારણો હતા. તે તમોને હું કહું છું, તે તમો સાંભળો. (૨)

હે મુનિરાટ ! પૂર્વે બ્રહ્માના શરીરમાંથી ઉત્પન્ન થયેલા મહર્ષિ ભૃગુને ત્યાં રૂપ, શીલ તથા ગુણોના સ્થાનરૂપ લક્ષ્મી કન્યારૂપે ઉત્પન્ન થયા. (૩) તેના પિતા ભૃગુ મહર્ષિ અતિ શીલ સ્વભાવવાળી

પોતાની તે કન્યાને સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા સારા શોભાયમાન લક્ષણોથી શ્રેષ્ઠ જાણીને આ કન્યા મારે કોને આપવી એમ મનમાં વિચાર કરવા લાગ્યા. (૪)

હે સાધુવર્ય ! તેટલામાં ભૃગુમહર્ષિના ભુવનમાં ઈશ્વર ઇચ્છાથી દેવોને પણ વંદનીય મહાબુદ્ધિશાળી દેવર્ષિ નારદ આવ્યા. (૫) પોતાના બંધુ નારદને જોઈને એકદમ ભૃગુઋષિ ઊભા થયા અને તેમનો યથાયોગ્ય સત્કાર કરીને તેમને સુંદર આસન ઉપર બેસાડ્યા. (૬) નારદમુનિ સુખેથી બેઠા પછી તેમને પ્રસન્ન મનવાળા જોઈ પોતાની કન્યાને યોગ્ય વર માટે તેમને પ્રીતિપૂર્વક તે ઋષિ પૂછવા લાગ્યા. (૭) પછી દિવ્ય દૃષ્ટિવાળા નારદે ભૃગુ સુતાના સામુદ્રિક ચિહ્નો જોઈને તે વિષ્ણુની સહચારિણી લક્ષ્મીજ છે તેવું જાણીને તેમને યોગ્ય વર વિષ્ણુજ છે એમ ભૃગુને કહ્યું. (૮)

ભૃગુઋષિના સત્કારથી પ્રસન્ન થયેલા દેવર્ષિ નારદ ભૃગુને આ પ્રમાણે કહી ત્યાંથી ગયા. પછી મહા તપસ્વી બુદ્ધિશાળી ભૃગુઋષિ મનમાં એવા વિચાર કરવા લાગ્યા. (૯) સર્વદા નિરપેક્ષ એવા વિષ્ણુ આ મારી કન્યાને કેવી રીતે વરે ? જો અત્યંત તપ કરવાથી તે પ્રસન્ન થાય તો જ વરે પરંતુ અન્ય રીતે તો ન જ વરે. (૧૦)

એ પ્રમાણે નિશ્ચય કરીને ભૃગુમુનિએ પોતાની શોભાયમાન કન્યાને આ પ્રમાણે કહ્યું, હે કન્યે ! તારા યોગ્ય વર તો સર્વ પ્રકારે વિષ્ણુ જ છે. (૧૧) હે શુભે ! વિષ્ણુ તો સ્વસુખે સુખી છે માટે અપેક્ષા રહિત છે. છતાં તારા મહાતપથી તે પ્રસન્ન થઈ તને વરશે. (૧૨)

પિતાનું આ પ્રકારનું વચન સાંભળીને પિતાએ કરેલી આજ્ઞાથી લક્ષ્મી તીવ્ર તપ કરવા માટે મહાવનમાં (અતિ મોટું લક્ષ્મીનારાયણનું મંદિર થનારું છે.) એકાન્ત સ્થાનમાં આવ્યા. (૧૩) તે સ્થાનને નિર્જન, કોઈ પ્રકારની બાધારહિત, પોતાને યોગ્ય જાણીને, તે સ્થાનમાં નિવાસ કરીને ભગવાન સિવાયના અન્ય વિષયની અભિલાષા જેણે ત્યાગ કરી છે એવા તે લક્ષ્મી અત્યંત તપ કરવા લાગ્યા. (૧૪)

લક્ષ્મીજીના ઘણા કાળ પર્યન્તના તીવ્ર તપથી પ્રસન્ન થયેલા તપઃપ્રિય વિષ્ણુએ લક્ષ્મીને પોતાના દર્શન આપ્યા. (૧૫) મંદ સ્મિત મુખવાળા વિષ્ણુએ લક્ષ્મીને મધુર વાણીથી કહ્યું કે, હે શોભને ! દુષ્કર તપથી જ તમારા ઉપર હું પ્રસન્ન થયો છું. (૧૬)

હે ભદ્રે ! તમોએ મને વરવા માટે મહાતપ કર્યું છે માટે હું તમોને વરવા માટેજ અહીં આવ્યો છું. (૧૭) તેથી પ્રસન્ન થયેલા લક્ષ્મી વિષ્ણુને કહેવા લાગ્યા, હે ભગવન્ ! તમો મારા પિતાની સંમતિ મેળવો. તેઓ મારું કન્યાદાન કરશે તે પ્રકારે જ હું વરવા યોગ્ય છું અન્ય પ્રકારે નહિ. (૧૮)

પછી વિષ્ણુ લક્ષ્મીને 'બહુ સારું એમ કરીશ.' એમ કહીને ભૃગુની પાસે જઈ જેમ લક્ષ્મીએ કહ્યું હતું તે પ્રમાણે તેમને કહેવા લાગ્યા. ભૃગુએ લક્ષ્મીની પ્રસન્નતા અનુસાર લક્ષ્મીનો વિવાહ વિષ્ણુ સાથે કર્યો. (૧૯)

ભગવાન વિષ્ણુ લક્ષ્મીને પરણીને લક્ષ્મીને તપના સ્થાનમાં લઈ જઈ, દયાથી વ્યાપ્ત થઈ, પિયૂષથી પણ મધુર વચન તેમને કહેવા લાગ્યા. (૨૦)

હે સુભગે ! અનેક અવતારોના કારણ બ્રહ્મપુરના અધિપતિ શ્રીહરિ આ પૃથ્વી ઉપર ધર્મ થકી ભક્તિમાં પ્રાદુર્ભાવ પામી, મનુષ્યોનું આત્યંતિક શ્રેય કરવા, આ ભૂમિ ઉપર વિચરીને પોતાના દર્શનથી જીવોના સમૂહને સમાધિ કરાવી, હે ભદ્રે ! હજારો સમાધિવાળા તે જનોને સમાધિમાં પોતાની ઈચ્છાથી પોતાના ગોલોક વગેરે ધામ બતાવશે. (૨૧, ૨૨, ૨૩)

વિભુ શ્રીહરિ સમાધિ દ્વારા પોતાનું અપ્રતિમ ઐશ્વર્ય જીવોની આત્યંતિક મુક્તિ માટે લોકોને બતાવશે. (૨૪) આ લોકમાં હજારો મનુષ્યો સાધન વિના પણ તે શ્રીહરિના પ્રતાપથી સમાધિયોગની સંસિદ્ધિ પામશે. (૨૫)

આ લોકમાં હજારો ત્યાગીઓ જેના આશ્રયથી અષ્ટવિધ બ્રહ્મચર્યનું નિરંતર અને યથાર્થ પાલન કરશે. (૨૬) પૃથ્વી ઉપર લાખો ગૃહસ્થો તેમજ સધવા તથા વિધવા બે પ્રકારની સ્ત્રીઓ પણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી હંમેશાં તે શ્રીહરિનું ભજન કરશે. (૨૭)

તે શ્રીહરિ પોતાના પ્રતાપથી પોતાના આશ્રિત ભક્તોને અક્ષર બ્રહ્મ તુલ્ય નિર્દોષ કરી, ધર્મ, જ્ઞાન વગેરે ગુણોથી અલંકૃત કરશે. (૨૮) તે શ્રીહરિ તમારા આ તપના સ્થાનમાં મંદિર કરાવશે. હે ભદ્રે ! તે મંદિરમાં આપણા બંનેની પ્રતિષ્ઠા તેઓ કરશે. (૨૯)

આપણે બંને તે શોભાયમાન મંદિરમાં પ્રીતિપૂર્વક નિવાસ કરીને રહીશું. પછી શ્રીહરિ અહીં વિવિધ પ્રકારના ઘણા મહોત્સવો કરશે. (૩૦) હે લક્ષ્મી ! આ સ્થાન તમારા તપરૂપ વૃત્તના આલય રૂપ હોવાથી આ સ્થાનમાં વૃત્તાલય નામનું પુર થશે. (૩૧)

આ પ્રમાણે લક્ષ્મીને કહીને વિષ્ણુ લક્ષ્મીની સાથે પોતાના ધામમાં ગયા. પછી તે લક્ષ્મી અને નારાયણ પૃથ્વી ઉપર શ્રીહરિના આવિર્ભાવની રાહ જોવા લાગ્યા. (૩૨) હે મુને ! વિષ્ણુનું આ વચન મારે સત્ય કરવું છે માટે વૃત્તાલયમાં મંદિર કરાવવું છે. (૩૩)

વૃત્તાલયમાં મંદિર કરવામાં આ એક કારણ તમો મને અત્યંત પ્રિય હોવાથી મેં તમોને કહ્યું. હવે બીજું કારણ પણ કહું છું. (૩૪) હે મુને ! જ્યારે હું મારા પાર્ષદો, વર્ણિઓ, ઘોડેસવારો વગેરેની સાથે દ્વારિકા ગયો હતો ત્યારે મને દ્વારિકેશે એકાંતમાં મળી હર્ષપૂર્વક આ પ્રમાણે કહ્યું હતું. (૩૫)

હે હરે ! લોભ, કામ વગેરેથી દૂષિત થયેલા, દીનજનોને અત્યંત પીડા કરનારા લોકોથી વ્યાપ્ત આ સ્થાનમાં રહેવું મને રુચતું નથી. (૩૬) હે હરે ! માટે તમારો તથા તમારા ભક્તોનો જ્યાં વાસ હોય તેવા અત્યંત પ્રિય સ્થાનમાં હું રહેવા ઇચ્છું છું. (૩૭)

દ્વારિકેશનું આ વચન સાંભળીને સત્ય સ્વરૂપ મેં પ્રતિજ્ઞા કરી તેમને કહ્યું હે દ્વારિકેશ ! મારા શુભ સ્થાનમાં તમારી પ્રતિષ્ઠા હું જરૂર કરીશ. (૩૮) મારું આ વચન સાંભળીને દ્વારિકેશ ઘણાં પ્રસન્ન થયા. મંદ હાસ્યથી અધિક શોભતા મુખવાળા તેઓ તત્કાળ ત્યાંજ અંતર્ધાન થયા. (૩૯)

માટે મારા એકાંતિક ભક્તજનોની સાથે વારંવાર મેં જ્યાં નિવાસ કર્યો છે ત્યાંજ હંમેશાં રહેવા માટે મારી પણ રુચિ છે. (૪૦) તેવા વૃત્તાલયપુરમાં મંદિર કરાવીને લક્ષ્મીજી સહિત દ્વારિકાપતિ જે નારાયણ અર્થાત્ લક્ષ્મી તથા નારાયણ બંનેની પ્રતિમાઓનું હું સ્થાપન કરીશ. (૪૧)

જ્યારે હું યથાશાસ્ત્ર પ્રતિષ્ઠા કરીશ ત્યારે લક્ષ્મી સહિત દ્વારિકેશ તેમની તે તે મૂર્તિઓમાં નિવાસ કરશે. (૪૨) દ્વારિકાધીશમાં પ્રવેશ કરીને વિષ્ણુ રહેશે. રુક્ષ્મિણીમાં પ્રવેશ કરીને લક્ષ્મીજી રહેશે. માટે લક્ષ્મી તથા વિષ્ણુની આવી રીતે પ્રતિષ્ઠા થશે. (૪૩)

રુક્ષ્મિણી તથા કૃષ્ણ એ બંને લક્ષ્મી-નારાયણ છે. સંજ્ઞાભેદમાં પણ બંનેનું એકરૂપ હોવાથી તેમાં ભેદ જાણવો નહિ. (૪૪)

હે મુને ! હે મહામતે ! હું આ શુભ વાર્તા સ્પષ્ટપણે સર્વજનોને કહીશ. (૪૫) હે મુને ! અયોધ્યાવાસી ગોપાળ, નંદરામ વગેરેને જ્યારે દ્વારિકાની યાત્રા કરવા માટે સચ્ચિદાનંદ સાધુની સાથે હું મોકલીશ. (૪૬) ત્યારે હે સન્મતે ! તે યાત્રા કરીને તેઓ સર્વ અહીં આવશે. ત્યારે આ વાર્તા સ્પષ્ટ થશે એમ તમો જાણો. (૪૭)

તેમનું માહાત્મ્ય જાણનારાઓમાં શ્રેષ્ઠ મુક્તાનંદ મુનિએ શ્રીહરિની શુભ આશ્ચર્યકારી આ વાણી સાંભળીને, તે શ્રીહરિને હર્ષપૂર્વક પ્રણામ કર્યા. હે રાજન્ ! શ્રીહરિના ચરણ કમળમાં આસક્ત જેના ચિત્તરૂપી ભ્રમરો છે એવા, શ્રીહરિની અનુવૃત્તિમાં રહેનાર, ઉદાર બુદ્ધિવાળા, મુક્તાનંદ મુનિ શ્રીહરિની આજ્ઞા લઈને પોતાના સ્થાનમાં ગયા. (૪૮)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીહરિ તથા મુક્તાનંદ મુનિના પ્રશ્ન ઉત્તર નિરૂપણ નામે પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)



અધ્યાય ૧૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અક્ષરથી પર શ્રીસ્વામિનારાયણ શ્રીહરિ, રામાનુજાચાર્ય રચિત ઉપનિષદના સર્વે ભાષ્યો સાંભળવા માટે ઇચ્છા કરતા હતા. (૧) તેથી શ્રીહરિએ તે સર્વ ઉપનિષદો તથા તેમના ભાષ્યો મંગાવીને આષાઢ સુદી પ્રતિપદાની તિથિએ ઉત્સવની સમાપ્તિ પછી પોતાના નિવાસસ્થાનમાં તે કથા પ્રયાગજીત પુરાણી દ્વારા સાંભળવા માટે હર્ષપૂર્વક આરંભ કરાવ્યો. (૨)

હે રાજન્ ! શ્રીહરિ આસો માસના કોજાગર દિવસે (જ્યારે લક્ષ્મી દરેક ઘરમાં જઈને કોણ જાગે છે એમ બોલે છે) આસો સુદી પૂર્ણિમાના દિવસે યથાર્થ મધ્યાહ્ન સમય પછી તે ઉપનિષદોની કથા સમાપ્ત કરીને પ્રયાગજીત પુરાણીને વસ્ત્ર, ધન વગેરે આપી સંતોષ પમાડતા હતા. (૩)

તે દિવસે શ્રીહરિ હજારો બ્રાહ્મણોને જમાડતા હતા. તેમજ તેમને હર્ષપૂર્વક દક્ષિણા પણ આપતા હતા. (૪) શ્રીહરિએ તે દિવસે પોતાના આત્મીય જનોની સાથે કાર્તિક સ્નાનનો આરંભ કર્યો. પછી શ્રીહરિ ગઢપુરમાં જ અન્નકૂટ મહોત્સવ પ્રીતિપૂર્વક કરતા હતા. (૫)

હે ભૂપ ! અક્ષરાનંદ મુનિના ગયા પછી ગઢપુરમાં જે બન્યું તે સમગ્ર મેં તમોને કહ્યું. (૬)

હે રાજન્ ! હવે સાધુવર્ય અક્ષરાનંદ મુનિએ આ વૃત્તાલય પુરમાં જે કામ કર્યું તે સમગ્ર તમોને હું કહું છું. (૭)

ગઢપુરથી પોતાના પુર વડતાલમાં આવેલા તે પુરના નિવાસી કુબેર વગેરે ભક્તો અક્ષરાનંદ મુનિને યોગ્ય નિવાસમાં નિવાસ કરાવીને, તેમની સેવા કરતા હતા. (૮)

તે ભક્તોએ શ્રીહરિની પ્રસન્નતા માટે પોતાના અંતરમાં શ્રીહરિકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરીને હર્ષપૂર્વક મંદિર માટે જોઈએ તેટલી જમીન કૃષ્ણાર્પણ કરી. (૯)

પછી અક્ષરાનંદ મુનિ વડોદરાથી મંદિર નિર્માણમાં નિપુણ શિલ્પિઓ પુરુષોત્તમ, ગેહલભાઈ, ભૂષણ, બે પ્રભુદાસ, કેવલરામ, પીતાંબર, ત્રિકમ, લાલદાસ, ભીખન, જવાહર, આદિતરામ, ફત્તાજી, તારાચંદ્ર, મોતીરામ, હીરજી વગેરેને (ટાંકણાથી કામ કરનારાઓને) બોલાવીને વિસ્તૃત અને મનોહર મંદિર કરાવવા લાગ્યા. (૧૦)

તે મુનિની આજ્ઞા પ્રમાણે વર્તનારા પુરના ભક્તજનો મંદિર કરાવવામાં પ્રીતિવાળા હતા. તેથી પ્રીતિપૂર્વક સર્વસેવા કરવા લાગ્યા. નવ શિખરોવાળું મંદિર તેથી જલ્દી તૈયાર થઈ ગયું. (૧૧)

પછી દેવ પ્રતિષ્ઠા માટે દુર્ગ પત્તનથી શ્રીહરિને બોલાવવા માટે પુરના કુબેરભાઈ તથા જોબનપગી

વગેરે ભક્તોએ હર્ષપૂર્વક જૂષા ભક્તને મોકલ્યા. (૧૨)

ગઢપુર જઈને, આસન ઉપર બિરાજેલા શ્રીહરિને નમસ્કાર કરીને, હે હરે ! વૃત્તાલયપુરમાં સુંદર મંદિર થયું છે એમ તે ભક્તે શ્રીહરિને કહ્યું. (૧૩)

હે પ્રભો ! આપ વૃત્તપુરીમાં આવીને ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા કરો. કારણ કે સમગ્ર પુરનાજનો આપના આગમનની રાહ જુવે છે. (૧૪)

આ પ્રકારનું તેમનું વચન સાંભળીને શ્રીહરિ વડતાલ જવાની ઈચ્છા કરતા હતા. પછી જ્યોતિષશાસ્ત્રને જાણનારા મયારામ ભટ્ટને શ્રીહરિકૃષ્ણ પ્રતિષ્ઠાનું મુહૂર્ત પૂછવા લાગ્યા. (૧૫)

તે જ્યોતિષીએ કાર્તિક સુદી બારસને દિવસે દેવ પ્રતિષ્ઠાનું મુહૂર્ત આપ્યું. તેથી શ્રીહરિએ સર્વ ભક્તજનોને કહ્યું કે, હે સર્વજનો ! આવતી કાલે વૃત્તાલયપુરમાં જવું છે માટે તૈયાર થાઓ. (૧૬)

પછી શ્રીહરિએ ઉત્તમ રાજાને બોલાવીને કહ્યું, તમે તમારા કુટુંબ સહિત તૈયાર થાઓ. કાલે વૃત્તાલય આપણે જવું છે. (૧૭) આવતીકાલે ભાઈબીજ છે. આ ભાઈબીજને દિવસે ગૃહસ્થોએ પોતાની બેનને ઘેર ભોજન કરવું. બેનને વસ્ત્ર તથા દ્રવ્ય આપવાં આવી પ્રણાલિકા છે. (૧૮)

પૂર્વે યમરાજાને આ તિથિએ યમુનાએ જમાડ્યા હતા. યમે પણ યમુનાનું વસ્ત્ર તથા ધન વગેરેથી સન્માન કર્યું હતું માટે તે દિવસથીજ પૃથ્વી ઉપર આ રીત પ્રર્વતેલી છે. ભવિષ્ય પુરાણમાં ''कार्ति के शुल्कपक्षस्य द्वितीयायां युधिष्ठिर । यमो यमुनया पूर्व भोजितः स्वगृहेऽर्चितः ॥'' (૧૯)

કાલે તમો સવારના પહોરમાં પાંચાલીના ઘેર જમીને તમારી ચાર બહેનો જયા, લલિતા, પાંચાલી અને નાની તેમને દરેકને વસ્ત્ર તથા ધન આપજો. (૨૦)

પછી તમો તથા તમારા પત્ની અને સર્વ બહેનો તત્કાળ તૈયાર થાઓ. હે નૃપતે ! આવી રીતે શ્રીહરિએ કહ્યું તેથી ઉત્તમ રાજા 'જેમ આપ કહો છો તેમ કરીશ.' એમ કહીને શ્રીહરિએ કહ્યા પ્રમાણે તૈયારી કરવા લાગ્યા. (૨૧)

હે રાજન્ ! પછી બીજને દિવસે શ્રીહરિ સવારમાં પોતાની મધ્યાહ્ન સુધીની ક્રિયા, વિધિ પ્રમાણે કરીને, પોતાના બંધુઓની સાથે ભોજન કરતા હતા. (૨૨)

હે રાજન્ ! પછી શ્રીહરિ તત્કાળ વૃત્તાલયપુર જવા માટે તૈયાર થયા અને પાર્ષદે આણેલા અશ્વરાજ ઉપર બિરાજમાન થયા. (૨૩) પછી શ્રીહરિ ઘોડા ઉપર બેઠેલા પોતાના બંધુઓ તેમજ ઘોડા ઉપર બેઠેલા ઉત્તમરાજા તથા ઘોડેસવારો, પાર્ષદો વગેરેની સાથે નીકળ્યા. (૨૪)

હજારો મુનિજનો તથા બ્રહ્મચારીઓ શ્રીહરિના દર્શન કરતા અને તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિની

સાથે ચાલ્યા. (૨૫) બંધુજનોની સ્ત્રીઓ, ધર્મવંશની સ્ત્રીઓ તેમજ જયા વગેરે રથમાં બેસી શ્રીહરિની પાછળ પાછળ ચાલતી હતી. (૨૬)

પછી શ્રીહરિ તે સર્વની સાથે સારંગપુર પહોંચ્યા. ત્યાંના નિવાસી જીવવર્મન્ આદિક ભક્તોએ શ્રીહરિ તથા સર્વને ભોજનોથી તૃપ્તિ પમાડી એ રીતે સૌ સારંગપુરમાં રાત રહ્યા. (૨૭) પ્રભાતમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ભક્તોએ વળાવ્યા. પછી શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે ખાંભડા ગામે પધાર્યા. (૨૮)

ત્યાંના નિવાસી ભક્તજનો તત્કાળ શ્રીહરિની સન્મુખ ગયા. શ્રીહરિની અંબર વગેરે અતિશ્રેષ્ઠ ઉપચારોથી તેમણે સૌએ હર્ષપૂર્વક પૂજા કરી. (૨૯) પછી ખાંભડા ગામથી નીકળી પોતાના ભક્તજનોની સાથે શ્રીહરિ ઝીંઝર ગામે પધાર્યા. ત્યાંના ભક્તોએ શ્રીહરિની સન્મુખ તત્કાળ આવીને શ્રીહરિની સ્તુતિ કરી. (૩૦)

ઝીંઝરમાં, ખોડાભા, રાજભા વગેરે ક્ષત્રિયોએ શ્રીહરિ તથા સર્વજનોને ભોજનથી તૃપ્ત કર્યા. પછી શ્રીહરિની ભૂષણો તથા વસ્ત્રો વગેરે ઉપચારોથી તેમણે પૂજા કરી. (૩૧) પછી પોતાના ઉત્તમ વગેરે ભક્તો તથા પોતાના બંધુજનોની સાથે શ્રીહરિ ઝીંઝર ગામથી નીકળી ઘોડેસવારોથી વીંટાયેલા ખરડ ગામે પધાર્યા. (૩૨)

અહીં હજાભાઈ, આસજી વગેરે ભક્તો પ્રીતિપૂર્વક શ્રીહરિની સન્મુખ જઈને ઉત્તમ ઉપચારોથી શ્રીહરિને પૂજતા હતા. (૩૩) પછી શ્રીહરિ તથા તે સર્વ ભક્તજનોને તેમણે વળાવ્યા. શ્રીહરિ ત્યાંથી નીકળી ભોલાદ પધાર્યા. અહીંના હંસરાજ બ્રાહ્મણ વગેરે ભક્તો શ્રીહરિની સન્મુખ ગયા. (૩૪)

તે હંસરાજ વગેરે ભક્તોએ ભૂષણો તથા વસ્ત્રોથી શ્રીહરિનું પૂજન કર્યું. પછી શ્રેષ્ઠ ભોજનો જમી તૃપ્ત થઈ શ્રીહરિ તથા સર્વજનો ત્યાં રાત્રિ રહ્યા. (૩૫)

પછી ત્યાંથી અશ્વ ઉપર બિરાજી ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે ઈંદરણા ગામે પધાર્યા. (૩૬) અહીં ભાઈજીત વગેરે ક્ષત્રિય ભક્તોએ શ્રીહરિ તથા સર્વ આશ્રિત ભક્તોને રમણીય ભોજનોથી તૃપ્ત કર્યા. શ્રીહરિએ અહીં કૂવાની સમીપે વિશ્રામ કર્યો. (૩૭)

હે રાજન્ ! પછી સુંદર અશ્વ ઉપર બિરાજી પોતાના ભક્તજનોની સાથે શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને સોજીત્રા નગરમાં પધાર્યા. (૩૮) અહીં વિપ્રનારાયણ, હરિજીવન, ત્રિવિક્રમ વગેરે બ્રાહ્મણો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૩૯)

શ્રીહરિના આશ્રિત વૈશ્ય ભક્ત ગોકુળ તથા લાખો વગેરે શ્રીહરિના અન્ય આશ્રિત વૈશ્યો અહીં શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૪૦) સોજીત્રામાં નાપિતગલો શ્રીહરિની પરિચર્યા કરતો હતો. રૂપા, માની, જયન્તિ વગેરે સ્ત્રીઓ પણ શ્રીહરિની સેવા કરતી હતી. (૪૧)

તે સર્વે ભક્તોએ શ્રીહરિ તથા તેમની સાથે આવેલા ભક્તોને ઉત્તમ ભોજનોથી તૃપ્ત કર્યા

પછી સૌ પોતપોતાને ઘેર લઈ જઈને શ્રીહરિનું શ્રેષ્ઠ ઉપચારોથી પૂજન કરતા હતા. (૪૨) શ્રીહરિમાં અત્યંત સ્નેહવાળા બુદ્ધિશાળી લાખા ભક્તે ગુંદરપાકથી ભરેલા પાત્રો શ્રીહરિને અર્પણ કર્યાં. (૪૩)

ત્યાં સભામાં બિરાજેલા શ્રીહરિએ પુરના પંડિત બ્રાહ્મણ અભયરામ ભટ્ટ વગેરેને વિસ્મય પમાડતા શાસ્ત્ર સંબંધી ગર્ભિત અર્થવાળી વાર્તા કરી. (૪૪) પછી શ્રીહરિ પોતાના તે ભક્તોને આનંદ આપતા ત્યાં રાત્રિ રહ્યા. સવારમાં અશ્વ ઉપર બિરાજી પોતાના ભક્તજનોની સાથે સોજીત્રાપુરથી શ્રીહરિ નીકળ્યા. (૪૫)

ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ ભક્તોને માર્ગમાં આનંદ આપતા પોતાના ભક્તજનો સહિત મહેળાવ ગામે પધાર્યા. (૪૬) અહીં બુદ્ધિશાળી અજુભાઈ, ખુશાલભાઈ, પૂજાભાઈ તથા વેણીભાઈ વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. ભૂષણો, વસ્ત્રો, ધન તથા વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ઉપચારો તેમજ નૈવેદ્યોથી શ્રીહરિની તેઓ પૂજા કરતા હતા. (૪૭, ૪૮)

આ પ્રકારે સમગ્ર ભક્તોને આનંદ આપીને શ્રીહરિ ચાલ્યા. અજુભાઈ વગેરે ભક્તો પણ શ્રીહરિની પાછળ ગયા. અશ્વ ઉપર બિરાજેલા પોતાના ભક્તજનોની સાથે ચાલતા શ્રીહરિ વૃત્તાલયની સમીપે પધાર્યા. (૪૯)

સન્મુખ આવેલા પુરના ભક્તો જેઓ શ્રેષ્ઠ વાદ્યોનો ઘોષ કરતા હતા તે સાંભળતા સાંભળતા પોતાની સાથે આવેલા ભક્તજનો તથા દેશાન્તરના હરિભક્તો સહિત અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિએ વૃત્તાલપુરમાં પ્રવેશ કર્યો. (૫૦)

પોતાની સેવામાં નિપુણ સેવકોની સાથે શ્રીહરિએ વાસણ સુથારના ભુવનમાં નિવાસ કર્યો. પોતાના બંધુજનો તથા તેમના પરિવારને આ પુરમાં અન્ય સ્થાનોમાં નિવાસ કરાવ્યો. (૫૧) વળી શ્રીહરિએ ઉત્તમ ભૂપતિ, પાર્ષદો, ઘોડેસવારોના સમૂહ તેમજ સમગ્ર ભક્તો, જયા વગેરે સ્ત્રીઓ તે સર્વને આ પુરમાં યથાયોગ્ય ઉતારો અપાવ્યો. (૫૨)

ઈશ્વર શ્રીહરિ મંદિરની સમીપે ઉત્તમ વિશાળ ધર્મશાળામાં સર્વ સાધુઓ તથા વર્ણિગણોને યથાયોગ્ય વસ્તુઓ આપવાની આજ્ઞા આપતા હતા. (૫૩) આનંદ પામેલા પૂરના સમગ્ર ભક્તો શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તજનોને શ્રેષ્ઠ ભોજનોથી તૃપ્તિ પમાડતા હતા. તે ભક્તો પણ પોતાના હૃદયમાં પોતાનો જન્મ સફળ થયો છે એવું જાણીને ભક્તિપૂર્વક દરરોજ શ્રીહરિની શુભ સેવા કરતા હતા. (૫૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીહરિનું વૃત્તાલય પુરમાં આગમન વર્ણન નામે સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)



અધ્યાય ૧૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! મહા અમૂલ્ય શ્વેત વસ્ત્રો, પુષ્પોના તોરા તથા ઉત્તમ હાર ધારણ કરનારા, છત્ર તથા બે સુંદર ચામરોની શોભાવાળા શ્રીહરિ, પોતાના પાર્ષદો સહિત મંદિર જોવા માટે પધાર્યા. (૧)

મંદિરના પૂર્વભાગમાં ઈન્દ્રધનુષ્ય સમાન મનોહર, સુશોભિત મેડીઓથી દેદીપ્યમાન ત્રણ માળનો મનોહર વિશાળ દરવાજો તથા સુંદર કમાડ વગેરે શ્રીહરિ જોતા હતા. (૨) પગથિયાની રચનાથી વિશેષ શોભાયમાન, પૂર્વ, ઉત્તર અને દક્ષિણ એ ત્રણે દિશામાં ત્રણ ઊંચા અને વિશાળ મનોહર દરવાજાથી યુક્ત, વિવિધ પ્રકારના ચિત્રોથી અંકિત, મનોહર સ્તંભવાળું, ત્રણ શિખરવાળું મંદિર તેમજ મંદિરના આગળના ભાગનો સુંદર મંડપ વગેરે શ્રીહરિ ઊંચીદૃષ્ટિ કરીને જોતા હતા. (૩)

પૂર્વદિશા તરફ જેનું મુખ છે તે દર્શનીય, અત્યંત શોભાયુક્ત શોભાયમાન સ્તંભો તથા રૂપ ચોકીઓથી યુક્ત, વિવિધ પ્રકારની મનોહર રચનાથી અભિરામ તે ઊંચું મંદિર શ્રીહરિ જોતા હતા. (૪)

સૂર્યનારાયણના કિરણોથી ચળકતા ઊંચા શોભાયમાન સૂર્યના બિંબ માફક શોભતા હિમાચલ પર્વતના શિખરોની ઉપમાવાળા સુવર્ણના ચળકતા કળશોથી પ્રકાશતા અતિમોટા ત્રણ શિખરોથી યુક્ત તે મંદિર શ્રીહરિ જોતા હતા. (૫)

ચંદ્ર સમાન શ્વેત શિખરો પર ફરફરતી અતિસુંદર ધજાઓ તેના પ્રતિબિંબથી જાણે ગંગાના નીરમાં ચંચળ ગતિથી હાલતા માછલાઓની જેમ શોભતી હતી. (૬) લાલ, પીળા, શ્વેત વગેરે વિચિત્ર વર્ણવાળી ધજાઓથી શોભાયમાન, દેદીપ્યમાન વિમાનોની ઉપમા આપવા યોગ્ય છ શિખરોથી યુક્ત, મનોહર, ઉજ્જવળ અટારીઓવાળું. (૭)

સુવર્ણના જાળીયાથી શોભાયમાન, વિચિત્ર તોરણોથી અત્યંત શોભતું, સુંદર, અતિ વિશાળ દ્વારો જેમાં છે એવા ત્રણ દરવાજા તથા અગણિત પગથિયાથી શોભતું, (૮) મંદિરની ઉત્તર, દક્ષિણ તથા પશ્ચિમ દિશામાં ઈન્દ્રના મહેલની અત્યંત શોભા જેમાં છે એવી સમાન પંક્તિઓથી શોભાયમાન હવેલીઓ શ્રીહરિ જોતા હતા. (૯)

મેડીઓ, સુંદર ઝરુખાઓ, ચિત્ર વિચિત્ર કુંભીઓ, અટારીઓ, વગેરેથી શોભાયમાન અતિઊંચા ઉત્તમ તોરણોથી શોભતા દ્વારો તથા જાળીયા વગેરેથી શોભાયમાન (૧૦) ચાર ખૂણામાં આશ્ચર્યકારી સુવર્ણના ચળકતા કળશોના અગ્ર ભાગોથી યુક્ત તે ચાર માળના ભુવનોને

શ્રીહરિ જોતા હતા. (૧૧)

દેદીપ્યમાન, વિવિધ પ્રકારની રચનાવાળા અતિ સુંદર સ્તંભો તથા સુંદર ફાંસડાઓ, જાળીયા, કપૂરના પુંજ સમાન ઉજ્જવળ અટારીઓ, ઓટલીઓ વગેરેથી અતિશોભતા તે ભુવનોને શ્રીહરિ જોતા હતા. (૧૨) પછી મંદિરની પાછળ મહાસભાને યોગ્ય વિશાળ ચોક શ્રીહરિએ જોયો તથા મંદિરની ઉત્તર દિશામાં અતિસુંદર અને મોટી મુનિઓ માટેની ધર્મશાળા જોઈ. (૧૩)

હે રાજન્ ! મંદિર, ધર્મશાળા, સભા મંડપ વગેરે થોડા સમયમાં તૈયાર થયેલા જોઈને શ્રીહરિ પ્રસન્ન થયા. પુરુષોત્તમ તથા અન્ય શિલ્પિઓની શ્રીહરિએ પ્રશંસા કરી. વળી અક્ષરાનંદમુનિ તથા પુરના નિવાસી જનોની પણ અતિશય પ્રશંસા કરી. (૧૪)

પ્રસન્ન થયેલા શ્રીહરિએ અક્ષરાનંદ મુનિને પોતાના કંઠમાંથી પુષ્પના હાર ઉતારીને આપ્યા. પોતે ધારણ કરેલા વસ્ત્રો પણ તે મુનિને આપ્યા. આવી રીતે શ્રીહરિની ભક્તિમાં યુક્ત સાધુઓને પણ શ્રીહરિએ પોતાની પ્રસાદીના હાર આપ્યા. તેમજ તેમને ભેટીને તેમને પ્રસન્ન કર્યા. (૧૫)

તે સમયે શ્રીહરિએ શિલ્પિઓને પણ અમૂલ્ય વસ્ત્રો યથા યોગ્ય આપ્યાં. પુરના ભક્ત સમૂહને પણ પોતાની પ્રસાદીના પદાર્થો આપ્યાં. (૧૬) જે જનોએ મંદિર કરવામાં મહેનત કરી હતી તેમને શ્રીહરિએ આ પ્રમાણે સંતોષ પમાડ્યો. પછી પોતાના પાર્ષદોની સાથે પોતાના નિવાસસ્થાન ભૂત વાસણ સુથારને ઘેર શ્રીહરિ પધાર્યા. (૧૭)

શ્રીહરિ તે સમયે હજારો ગાડાં ભરીને સાકર, ઘી વગેરે રસોઈની સામગ્રીઓ મંગાવતા હતા. વળી પ્રતિષ્ઠામાં જરૂરી પૂજાની સામગ્રી પણ મંગાવતા હતા. (૧૮)

પુરના નિવાસી વનમાળી તથા દયાળ વગેરે બ્રાહ્મણોને તેમજ અન્ય ગામોમાંથી આવેલા હજારો બ્રાહ્મણોને તેમને પ્રિય એવા ભોજનથી શ્રીહરિ હંમેશાં તૃપ્ત કરતા હતા. (૧૯)

શ્રીહરિના દર્શન કરવામાં જેમને અત્યંત ઉત્સાહ છે એવા સ્ત્રી, પુરુષો ટોળે ટોળાં મળીને આ મહોત્સવ જોવા માટે દેશાન્તરથી વૃત્તાલય પુરમાં આવ્યા હતા. (૨૦) તે સમયે ભક્તજનના સમૂહથી વૃત્તાલય પુરની અંદર અને બહાર ચારેય તરફ અત્યંત ભીડ થઈ. (૨૧)

હે રાજન્ ! પછી શ્રીહરિએ ઉમરેઠ પુરથી હરિશર્મા, પુરુષોત્તમ, કૃપારામ, કુબેરદત્ત, ભવાનીશંકર વગેરે વૈષ્ણવ વૈદિક વિપ્રોને દૂતો મોકલીને બોલાવ્યા. (૨૨)

અહીં આવેલા પ્રતિષ્ઠા વિધિમાં નિપુણ તે બ્રાહ્મણોની સૂચના પ્રમાણે પ્રતિષ્ઠાને યોગ્ય ઉપહારો પુષ્કળ પ્રમાણમાં શ્રીહરિએ મંગાવ્યા. (૨૩) તે નિપુણ બ્રાહ્મણો સુંદર કુંડ તથા મંડપ તેમજ દેવોના સ્થાન શાસ્ત્ર પ્રમાણે કરાવતા હતા. (૨૪)

તે બ્રાહ્મણોએ સ્વસ્તિવાચનપૂર્વક શ્રીકૃષ્ણની પ્રતિષ્ઠાની સર્વ વિધિ શ્રીહરિની પાસે બે દિવસ

સુધી કરાવી. (૨૫)

વૃત્તાલયપુરમાં શ્રીહરિએ પ્રબોધિની એકાદશીને દિવસે પોતાના સર્વ ભક્તોને અત્યંત આનંદ પમાડીને સુંદર મહોત્સવ કર્યો. (૨૬)

આ ઉત્સવ ઉપર આવેલા સર્વ ભક્તજનોએ ચંદન, પુષ્પ, મહાઅમૂલ્ય વસ્ત્રો, આભૂષણો વગેરે વિવિધ પ્રકારના ઉપચારોથી તથા ભેટોથી શ્રીહરિની પૂજા કરી. (૨૭)

પછી ધર્મપુત્ર શ્રીહરિએ કાર્તિક સુદી બારસની તિથિએ મધ્ય મંદિરમાં રૂકિમણીરૂપ લક્ષ્મીજીની સાથે દ્વારિકેશ શ્રીકૃષ્ણ અર્થાત્ નારાયણની સ્થાપના કરી. (૨૮)

શ્રીદ્વારિકેશ શ્રીકૃષ્ણાત્મક લક્ષ્મીનારાયણનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સુંદર મહાપૂજન શ્રીહરિએ કર્યું. (૨૯)

પછી તે મનોહર મંદિરના ઉત્તર ખંડમાં ભક્તિમાતા તથા ધર્મપિતાની સુંદર મૂર્તિઓ સહિત પોતાની મૂર્તિની શ્રીહરિએ પ્રતિષ્ઠા કરી. (૩૦)

હે રાજન્ ! પોતાના સર્વ એકાંતિક ભક્તોમાં ભક્તિધર્મની મૂર્તિઓની સાથે, પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં શ્રીહરિનો આ અભિપ્રાય છે. (૩૧)

મારે વિષેજ જેમને ગાઢ અનુરાગ છે. તે આ ભક્તિધર્મ જ્યાં રહે છે ત્યાંજ હું રહું છું. એ બંનેથી દૂર ક્ષણવાર પણ હું રહેતો નથી. (૩૨)

મનુષ્યોને સુખકરનારા મારે વિષે ગાઢ પ્રીતિવાળા આ ભક્તિ તથા ધર્મ પણ એક ક્ષણ પણ મારા સ્વરૂપથી ક્યારેય દૂર રહેતા નથી. (૩૩)

માટે મારા આશ્રિત જનોએ સ્નેહપૂર્વક મારે વિષે નવધા ભક્તિ હંમેશાં ધર્મસહિતજ કરવી એ પ્રકારની ભક્તિથીજ હું પ્રસન્ન થાઉં છું અને ધર્મસહિત ભક્તિ કરતા ભક્તોનેજ હું મારી સમીપે રાખીશ. (૩૪)

અહીં જે જનો ભક્તિ તથા ધર્મને હંમેશાં નિષ્કપટ ભાવથી પ્રસન્ન કરશે તે ભકતજનો ઉપરજ હું પ્રસન્ન થઈશ. વળી આ સર્વ સંતો પણ તેવા ભક્તો ઉપરજ પ્રસન્ન થશે તેમ જાણવું. (૩૫)

ધર્મરહિત ભક્તિ અને ભક્તિરહિત ધર્મનું આચરણ કરવાથી ધર્મ અને ભક્તિનો અનાદર થાય છે અને તેથી મારો દ્રોહ થાય છે. પોતાના ભક્તજનોને આ પ્રકારનો પોતાનો અભિપ્રાય જણાવવા માટે શ્રીહરિએ ભક્તિ તથા ધર્મનું સ્થાપન પોતાની મૂર્તિની સાથે કર્યું. (૩૬)

પછી શ્રીહરિએ હર્ષપૂર્વક તે ત્રણે મૂર્તિઓનું શ્રેષ્ઠ ઉપચારોથી શાસ્ત્રની વિધિ પ્રમાણે પૂજન

કર્યું. (૩૭) તે મંદિરના દક્ષિણ ખંડમાં રાધાની સાથે કૃષ્ણ તથા પોતાની મૂર્તિ પોતાના એકાંતિક ભક્તોની પ્રસન્નતા માટે સ્થાપન કરીને પોતે તે મૂર્તિઓની પૂજા કરી. (૩૮)

હે રાજન્ ! શ્રીહરિએ વૃંદાવન વિહારીની સમીપે પોતાની મૂર્તિ હરિકૃષ્ણ નામ આપી સ્થાપી તેમાં શ્રીહરિનો આ હેતુ હતો. (૩૯)

સર્વ અવતારોના કારણ શ્રીહરિના વારાહાદિક અનેક અવતારો થયા. તે સર્વ અવતારોમાં શ્રીકૃષ્ણમાં અત્યંત પ્રીતિ છે. (૪૦)

તેથી તે શ્રીકૃષ્ણ, સ્વયં વાસુદેવ શ્રીહરિથી ક્ષણમાત્ર પર દૂર રહેતા નથી. તેવી રીતે શ્રીહરિ પણ શ્રીકૃષ્ણથી ક્ષણમાત્ર ક્યારેય દૂર થતા નથી. (૪૧)

આવી રીતે ભક્તોને જણાવવા માટે શ્રીહરિએ વૃંદાવન વિહારીની મૂર્તિ સાથે પોતાની મૂર્તિની સ્થાપના કરી છે. (૪૨)

તે સમયે ગીતો તથા વાદ્યોનો મહાન ઘોષ થયો. વિપ્રોએ કરેલા વેદગાનના ઘોષ સાથે તે મિશ્ર થઈ સર્વ દિશાઓમાં વ્યાપી ગયો. (૪૩)

હે રાજન્ ! પછી શ્રીહરિએ મહા નિરાજન કરી તે દરેક મૂર્તિ સન્મુખ સ્થિર નેત્રોથી દૃષ્ટિ કરી બે ઘડી પર્યન્ત ઊભા રહ્યા. (૪૪)

તે સમયે અત્યંત તેજથી શોભાયમાન તે સર્વ મૂર્તિઓને જોઈને ભક્તજનસમૂહ અત્યંત વિસ્મય પામ્યો. (૪૫)

ધર્મરક્ષણ માટે વિપુલ શક્તિધારી શ્રીહરિએ પછી આદરપૂર્વક યજ્ઞકુંડમાં પૂર્ણ આહુતિ હોમી ઋત્વિક બ્રાહ્મણો તથા અન્ય બ્રાહ્મણોને હર્ષપૂર્વક ઘણી દક્ષિણા આપી. (૪૬)

શ્રીહરિ તે યાચકોની કદી ઉપેક્ષા કરતા નહતા. આવતી કાલે આપીશું એવો વિલંબ પણ કરતા ન હતા. થોડું પણ નહોતા આપતા. યાચકની ઈચ્છા પ્રમાણે જ આપતા હતા. પોતાની શ્લાધા (વખાણ) કરાવતા નહતા. કોઈ વખત પોતાની પ્રિય વસ્તુ પણ આપી દેતા અને તેનો રંજ કદી કરતા નહતા. (૪૭)

તે સમયે યાચકે સંકલ્પ કરેલી દક્ષિણાથી પણ તેને અધિક દક્ષિણા આપવાની ઈચ્છાવાળા શ્રીહરિની પાસેથી, તપ, વિદ્યા, વગેરે ગુણોથી જે રહિત હતા તેવા યાચકો પણ દક્ષિણા વિના પાછા ગયા નહતા. એટલું જ નહિ પરંતુ પૂર્ણકામ થઈને ગયા હતા. ગ્રીષ્મઋતુના અંતે જળ વર્ષાવતો મેઘ ક્ષારભૂમિ ઉપર નથી વર્ષતો ? અર્થાત્ ત્યાં પણ વર્ષે છે. (૪૮)

શ્રીહરિને વિદ્યા વગેરે ગુણોમાં ગાઢ અનુરાગ ન હતો એમ નહિ. તેમને તે ગુણોમાં પ્રેમ

હતો. શ્રીહરિ સદ્‌ગુણોને જાણતા નહોતા એમ પણ નહિ, જાણતાજ હતા. છતાં પણ સર્વને દાન આપવાની તેમને ઈચ્છા હોવાથી તે સમયે આ ગુણી છે કે, આ ગુણોથી રહિત છે એમ વિચાર કરતા નહોતા. (૪૯)

તે સમયે પ્રભુ શ્રીહરિ દ્રવ્યાદિની પ્રાપ્તિ માટે પોતાની પાસે આવેલા અર્થીજનોને જોઈ તેમને યાચવા માટે પ્રાર્થના કરવાનો અવકાશ આપ્યા વિના "આદરપૂર્વક આપો" એમ અમૃત સરખું વચન કહેતા હતા. (૫૦)

તે સમયે દક્ષિણા લેવાની ઈચ્છાવાળો કોઈપણ ત્યાં આવીને દક્ષિણા વિના પાછો જતો નહોતો. દુઃખી મનુષ્ય તે દુઃખ લઈને પાછો જતો નહતો. પરંતુ દુઃખ રહિત થઈને જતો હતો. રોગી રોગ સહિત પાછો જતો નહતો પરંતુ રોગથી મુક્ત થઈને જતો હતો. જે જે કામનાથી લોકો ત્યાં આવતા તેઓ સર્વ પૂર્ણકામ થઈને પાછા જતા હતા. (૫૧)

તે સમયે નિર્વિકાર મનવાળા શ્રીહરિની સમીપે જે જે કોઈ દક્ષિણા લેવા માટે નિશ્ચય કરીને આવતા તેમને સર્વને ખાત્રી હતી કે મને મારી ઈચ્છિત દક્ષિણા જરૂર મળશેજ. એવા નિશ્ચયયુક્ત તે અર્થાર્થીઓ જેમ મહાસંગ્રામમાં શૂરવીરો શત્રુથી બહિર્મુખ થતા નથી તેમ આ મૂર્તિ પ્રતિષ્ઠા સમયે તેઓ પણ નિરાશ થયા નહિ. (૫૨)

આવી રીતે વૃત્તાલયમાં શ્રીલક્ષ્મીનારાયણની પ્રતિષ્ઠા ઉત્સવમાં પરમેશ્વર શ્રીહરિરૂપી મેઘની વર્ષાથી બ્રાહ્મણોનું દારિદ્રય, પ્રાપ્ત થયેલા જ્ઞાનથી વિનાશ પામ્યું. (૫૩) શ્રીહરિનું આવું અનુપમ ઔદાર્ય જોઈને જનસમૂહ અતિ આશ્ચર્ય પામ્યો. હે રાજન્ ! પૃથ્વી ઉપર સર્વ રાજાઓ શ્રીહરિની ઉદારતા સાંભળીને આશ્ચર્ય પામ્યા ! (૫૪)

હે ભૂપતે ! પુણ્યસાગર, સર્વજ્ઞ, અખિલ સદ્‌ગુણના ભંડારરૂપ સહજાનંદ શ્રીહરિ અત્યંત કરુણતાપૂર્વક મનુષ્યોના કલ્યાણ માટે અત્યુત્તમ મહોત્સવ પ્રતિષ્ઠાવિધિ આ પ્રકારે કરીને સભામાં આવીને પોતાના ઊંચા સિંહાસન ઉપર પ્રીતિપૂર્વક તત્કાળ બિરાજમાન થયા. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીલક્ષ્મીનારાયણ વગેરે અર્ચા સ્વરૂપોની પ્રતિષ્ઠા વિધિ નિરૂપણ નામે સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)



અધ્યાય ૧૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ પછી જેમનો એક હાથ ઊંચો છે એવા શ્રીહરિએ ભક્તોને કહ્યું : હે ભક્તો ! તમો સર્વ આદરપૂર્વક મારું હિતકારી વચન સાંભળો. (૧) હે ભક્તો ! મેં મધ્ય મંદિરમાં આ સ્વયં શ્રી દ્વારિકેશ્વર - લક્ષ્મીનારાયણની સ્થાપના કરી છે એમ તમો નિશ્ચયપૂર્વક જાણો. (૨)

હે જનો ! લક્ષ્મીનારાયણના મંદિરની દક્ષિણ દિશાનાં ખંડમાં રાધાસહિત શ્રીકૃષ્ણની મૂર્તિની સ્થાપના કરી છે. તે વૃંદાવન વિહારી નામથી પ્રસિદ્ધ થશે એમ જાણો. (૩)

રાધા જેમની સેવામાં સદા છે એવા શ્રીકૃષ્ણની સમીપે મારા એકાંતિક ભક્તોની પ્રીતિ માટે મારી પ્રતિમાની પણ મેં સ્થાપના કરી છે. (૪)

મનોહર લક્ષ્મીનારાયણ મંદિરની ઉત્તર દિશાના ખંડમાં મારી બીજી મૂર્તિ મારા ભક્તજનોની પ્રસન્નતા માટે ભક્તિધર્મની સાથે મેં સ્થાપી છે. (૫)

શ્રીકૃષ્ણ તથા ધર્મદેવની સમીપે રહેલી મારી બંને સુંદર પ્રતિમાઓમાં ભેદ નથી. હે જનો ! એ મારી બંને મૂર્તિઓમાં હું નિરંતર રહેલો છું. (૬)

હું અહીં એ મૂર્તિઓ દ્વારા એ મારા એકાંતિક ભક્તોને દર્શન આપીશ. હે મારા આશ્રિતો ! તમો તે નક્કી જાણો. (૭)

એ બંને મૂર્તિઓના દર્શનથીજ મારા પ્રત્યક્ષ દર્શન સમાન ફળ થશે. મારા પ્રત્યક્ષ પૂજન આદિથી જેવું ફળ મળે છે તેવું જ ફળ મારી આ ઉત્તમ મૂર્તિઓનાં પૂજન વગેરેથી થશે. (૮)

આ લક્ષ્મીનારાયણ વગેરે મૂર્તિઓના નિત્ય દર્શન અહીં જે જનો કરશે તે જનો સંસારમાંથી મુક્તિ પામશે. (૯) જે જનો દરેક પૂર્ણિમાએ શહેર તથા ગામોમાંથી અહીં આવીને આ મૂર્તિઓના દર્શન કરશે. (૧૦)

તેમના સર્વ મનોરથો જરૂર સિદ્ધ થશે. તે ભક્તજનો આ મૂર્તિઓના અનુગ્રહથી પોતે ઇચ્છેલી ભુક્તિ તથા મુક્તિ બંને પામશે. (૧૧)

આ શ્રીકૃષ્ણની આગળ જે મનુષ્યો પ્રીતિપૂર્વક જપ, હોમ, ભાગવત વગેરે શાસ્ત્રોનું પુરશ્ચરણ કરશે, તે ભક્તજનો પોતાનું ઇચ્છિત ફળ પામશે. (૧૨)

આ લક્ષ્મીનારાયણ તેજ દ્વારિકાધીશ છે તેમાં ભેદ નથી. મારું આ વચન સત્ય માનો. (૧૩)

હે ભક્તો ! અહીં પણ લક્ષ્મીનારાયણ એજ દ્વારિકેશ છે એમાં સંશય જો થાય તો તે સંશયનો આ સ્વયં ભગવાન થોડા સમયમં જરૂર નાશ કરશે. (૧૪)

હે મહીપતે ! આ પ્રમાણે કહીને શ્રીહરિ મૌન રહ્યા. શ્રીહરિના આ વચન સાંભળનારા સર્વ ભક્તોએ શ્રીહરિને નમસ્કાર કરીને તેમનું વચન મસ્તક ઉપર ચઢાવ્યું. (૧૫)

અતિશય ઔદાર્યના સમુદ્ર શ્રીહરિએ પૂર્ણિમા સુધી લાખો બ્રાહ્મણોને જમાડ્યા. વળી તે બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણાઓ પણ આપી. (૧૬)

સ્વયં શ્રીહરિએ સાધુની ધર્મશાળામાં દરરોજ મુનિઓને વારંવાર પીરસીને વિવિધ પ્રકારના ભોજનોથી તેમને તૃપ્ત કર્યા. (૧૭) પછી આજ્ઞાપાલક આનંદ મુનિને બોલાવીને શ્રીહરિ મંદહાસ્યપૂર્વક તેમને કહેવા લાગ્યા. (૧૮)

હે મુને ! લક્ષ્મીનારાયણના આ મંદિરથી લઈને આ નગરની ઉત્તર દિશામાં જે સ્થાનમાં હું વારંવાર વસતો હતો તે સ્થળની સમીપે એક તળાવ છે. (૧૯)

એ તળાવ તમારે ખોદાવીને મોટું કરવું. આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી અક્ષરાનંદ મુનિએ 'જેમ આપ કહો છો તેમ કરીશ' એમ કહીને શ્રીહરિનું વચન માથે ચડાવ્યું. (૨૦)

પછી સર્વવત્ શ્રીહરિએ શ્રીકૃષ્ણની સેવા ઉત્સવ વગેરેની સર્વ વ્યવસ્થા પડવાને દિવસે શાસ્ત્રવિધિ પ્રમાણે કરી. (૨૧)

હે રાજન્ ! પછી વૃત્તાલયપુરથી ગઢપુર જવા ઈચ્છતા શ્રીહરિએ પોતાના તમામ મુનિઓ વગેરેને ગઢપુર જવા માટે તત્કાળ "તૈયાર થાઓ" એવી આજ્ઞા કરી, તેમજ પોતે પણ તત્કાળ તૈયાર થયા. (૨૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીહરિએ લક્ષ્મીનારાયણ દેવ વગેરે દેવોનું માહાત્મ્ય કહ્યું એ નિરૂપણ નામે અઢારમો અધ્યાય સંપૂર્ણ. (૧૮)



અધ્યાય ૧૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! તેટલામાં વડોદરાના નિવાસી નાથજી ભક્ત વગેરે ભક્તો શ્રીહરિની સમીપે આવીને બંને હાથ જોડીને ભક્તિપૂર્વક શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા. (૧)

હે સ્વામિન્ ! અમારા પુરમાં ઘણા મતવાદિઓ છે. તે મતવાદિઓ રાજાની સમીપે અમોને બોલાવી અમારી સાથે શાસ્ત્ર ચર્ચા કરી વિવાદ કરે છે. (૨) પ્રત્યક્ષ શ્રીહરિને પામીને આત્યંતિક

કલ્યાણ થાય એવો અમારો મત છે. તે મતવાદિઓ ઋષિ પ્રણિત વચનોથી વારંવાર તે મતમાં દૂષણો બતાવે છે. (૩)

માટે ઈતિહાસ, પુરાણ, સ્મૃતિ વગેરે શાસ્ત્રોમાં લખેલા ઋષિઓના વચનથી તેમના પક્ષનું ખંડન કરવામાં પ્રવિણ કોઈ મુનિને અમારા પુરમાં આપ મોકલો એવી પ્રાર્થના છે. (૪) હે હરે ! અમારા હૃદયમાં તેમના વચનથી સંશય તો થતો જ નથી. છતાં પણ તે મતવાદિઓનો અત્યંત ગર્વ નાશ કરવાની અમોને એક ઈચ્છા છે. (૫)

નાથજીત આદિ ભક્તોએ આ પ્રમાણે શ્રીહરિને પ્રાર્થના કરી તેથી આવા મતવાદિઓના મતનું ખંડન કરવાની ઈચ્છાથી શ્રીહરિએ પોતાની સન્મુખ બેઠેલા શાસ્ત્ર પારંગત મુક્તાનંદ મુનિને કહ્યું. (૬)

હે મુને ! નાથજી ભક્ત વગેરેની સાથે તમો તમારા મંડળ સહિત વટપત્તન (વડોદરા) પધારો. ત્યાં નીતિશાસ્ત્રજ્ઞ ધાર્મિક રાજા સયાજીરાવ છે. (૭) હે મુને ! તે રાજા ધાર્મિક તથા નીતિજ્ઞ હોવાથી ન્યાયનો પક્ષ ગ્રહણ કરશે. અન્યાયનો પક્ષ ગ્રહણ નહિ જ કરે. માટે વાદિજનોને શાસ્ત્રવચનોથી તમારે ઉત્તર આપવો. (૮)

ધર્મ સદા જય પામે છે. અધર્મ જય પામતો નથી. આવો સત્પુરૂષોનો દૃઢ અભિપ્રાય છે, માટે ધર્મજ્ઞ તમો જાવ. તે પુરમાં જઈને ધર્મનું સ્થાપન કરો. (૯) આવી રીતે શ્રીહરિએ કહ્યું, તેથી અત્યંત પ્રસન્ન થયેલા મુક્તાનંદ મુનિ શ્રીહરિને નમસ્કાર કરીને બોલ્યા, હે હરે ! આપની પ્રસન્નતા છે તો વડોદરામાં જઈને હું સદ્ધર્મનું સ્થાપન કરીશ. (૧૦)

આ પ્રમાણે કહીને મુક્તાનંદ મુનિ શ્રીહરિને નમસ્કાર કરી પોતાનું સંતમંડળ લઈ, વટપત્તન નિવાસી નાથજી ભક્ત વગેરે ભક્તજનોની સાથે નીકળ્યા અને બે દિવસે વડોદરા પહોંચ્યા. (૧૧)

અહીં સાધુઓમાં શ્રેષ્ઠ સદ્ગુણ સંપન્ન મુક્તાનંદ મુનિ શ્રીહરિની વિવિધ વાર્તાઓ ગંગાના પ્રવાહની માફક કરતા હતા. (૧૨) હે રાજન્ ! સયાજીરાવ મહારાજાએ જેમની પ્રતિષ્ઠા માન્ય કરી છે તેવા, અને વિદ્વાનોને પણ અજેય, વડોદરા પુરના વાસી, વિવિધ શાસ્ત્રો જાણનરા રામચંદ્ર, હરિશ્ચંદ્ર, શોભારામ, નારૂપંત વગેરે બ્રાહ્મણો તથા ચિમનરાવ ક્ષત્રિય, રામચંદ્ર, જગનેશ્વર ભાઉ, પુરાણી, ભારતી બાવા આદિક મુક્તાનંદ મુનિની સમીપે આવ્યા. (૧૩, ૧૪)

પછી મુક્તાનંદ મુનિએ તે બ્રાહ્મણોનો અત્યંત સત્કાર કર્યો. ચર્ચા કરવામાં ઉત્સાહવાળા તે બ્રાહ્મણો સભામાં બેઠેલા મુક્તાનંદ મુનિને પ્રણામ કરીને સભામાં બેઠા. (૧૫) પછી વિદ્વાન બ્રાહ્મણોએ મહામુનિ મુક્તાનંદને હે મુને ! આ લોકમાં મનુષ્યોનું આત્યંતિક કલ્યાણ કેમ થાય ? એ પ્રશ્ન પૂછ્યો. (૧૬)

અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે પૃથ્વી ઉપર પ્રગટ થયેલા ભગવાન તથા તેમના એકાંતિક

ભક્તોનો અનન્ય આશ્રય કરવાથી જ જીવોનું અત્યંત શ્રેય થાય છે. એ પ્રમાણે મુક્તાનંદ મુનિએ રામચંદ્ર વગેરે વિદ્વાનોને આશ્ચર્ય પમાડે તેવો શાસ્ત્ર પ્રમાણે ઉત્તર કર્યો. (શ્રીહરિ દિગ્વિજયમાં - साक्षाद् भगवतः संगात् तथा तत्संगिसंगतः । आत्यन्तिकं भवेत् श्रेयोऽत्राऽस्त्येव भगवद्वचः ॥ એકાદશ સ્કંધમાં "न रोधयति मां योगो न सांख्यं धर्म एव च । न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥ व्रतानि यज्ञाश्छन्दाँसि तीर्थानि नियमा यमाः । यथावरुन्धे सत्संगः सर्वसंगापहो हि माम् ।" એવી રીતે ભગવાન અને ભગવાનના એકાંતિક ભક્તના પ્રસંગથી આત્યંતિક મોક્ષ થાય છે. દૈત્યો, યાતુધાનો, પક્ષીઓ, મૃગલાઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગો, સિદ્ધો, ચારણો, ગુહ્યકો, વિદ્યાધરો તથા મનુષ્યોમાં વૈશ્યો, શૂદ્રો, અંત્યજો, રજ, તમ પ્રકૃતિવાળા તે તે યુગોમાં મારા પદને પામેલા કયાધૂ પુત્ર પ્રહલાદ, વૃષપર્વા, બલિ, બાણ, મય, વિભિષણ, સુગ્રીવ, હનુમાન, ઋક્ષ, ગજ, ગૃધ્ર, વણિક, વ્યાધ, કુબ્જા, વ્રજની ગોપીઓ, ઋષિપત્નિઓ તથા અન્ય ઘણાંએ શ્રુતિ સ્મૃતિઓનું અધ્યયન કર્યું નહોતું, તેમજ અતિ મોટાઓની ઉપાસના પણ કરી નહોતી, તેમજ વ્રતોનું પણ આચરણ કર્યું નહોતું, તપ પણ કર્યું નહતું. પરંતુ મારા પ્રત્યક્ષ સંગથીજ તે સર્વે મને પામ્યા છે. આવી રીતે ભગવત્ વચનથી બે પ્રકારનો સત્સંગ માન્ય કર્યો છે. પ્રત્યક્ષ ભગવાન તથા તેમની અપરોક્ષ અનુભૂતિવાળા સંતોનો સંગ એ બેથી જ આત્યંતિક મુક્તિ થાય છે. (૧૭)

પછી રામચંદ્ર વગેરે પંડિતો મુક્તાનંદ મુનિને કહેવા લાગ્યા, હે મુને ! આ કળિયુગમાં તો શ્રીહરિનો અવતાર નથી થતો કારણ કે શાસ્ત્રમાં ભગવાન ત્રિયુગ કહ્યા છે. (સત્યુગ ત્રેતાયુગ, દ્વાપર એ ત્રણ યુગમાં ભગવાનનું પ્રગટપણું હોવાથી ભગવાનને ત્રિયુગ કહ્યા છે) (૧૮)

પછી મુક્તાનંદે શાસ્ત્રના વિવિધ પ્રમાણેથી આ કળિયુગમાં પણ શ્રીહરિના અવતાર થાય છે એમ પ્રતિપાદન કર્યું. (એવી રીતે નિત્યાનંદ મુનિએ હરિદિગ્વિજયમાં પણ કળિયુગમાં ભગવાનના અવતાર થાય છે એમ પ્રતિપાદન કર્યુ છે.) પરંતુ તેમાં વાદીઓ શંકા કરતા કહે છે.

त्वया यदुच्यते साधो तत् सत्यं सप्रमाणकम् । किन्तु सत्ययुगादौ तत्साधनं मुक्तये स्मृतम् ॥
यतस्तदैव भगवानाविर्भूतो भवेद् भुवि । यदा स्याद् भगवानत्र तद्भक्ताः स्युस्तदैव च ॥
साम्प्रतं तु कलिर्घोरो वर्तते भुवि सर्वतः । नास्ति तत्रावतारोऽस्य यतोऽसौ त्रियुगो मतः ॥
तं विना च न तद्भक्ताः स्युश्च शास्त्रोक्तलक्षणाः । अतस्त्वदुक्तः पक्षस्तु नोपयोगाय सांप्रतम् ॥
इति ते पण्डितंमन्याः प्रोच्य तं जहसुस्तदा । उच्चैरुवाच मुनिराट् सर्वे श्रृण्वन्तु मद्वचः ॥
अवतारः कलियुगे विष्णोर्नास्तीति यद्वचः । बहुशास्त्रविरुद्धं तत् भवतामप्रमाणकम् ॥
कल्यारम्भे स्वयंकृष्णः प्रादुर्भूतो नराकृतिः । आसन्वर्णास्त्रयो ह्यस्य गृह्णतोऽनुयुगं तनूः ॥
श्वेतो रक्तस्तथा पीत इदानीं कृष्णतां गतः । कृतं त्रेता द्वापरं च कलिरित्येषु केशवः ॥

नानावर्णाभिधाकार इत्याह करभाजनः । तस्मात्कृष्णावतरो हि कलौ जात इतीर्यते ॥
सामर्थ्योद्घाटनं त्वस्य जातं कृष्णे तिरोहिते । कलेर्वर्षसहस्रे द्वे व्यतिक्रान्ते रमापतेः ॥
बुद्धावतारो ह्यभवदिति भागवतामृते । ततः कलौ संप्रवृत्ते संमोहाय सुरद्विषाम् ॥
बुद्धो नाम्ना जिनसुतः कीकटेषु भविष्यति । इति भागवतेष्वुक्तमथात्रैव कलौ युगे ॥
आसीच्छ्रींशंकरो विष्णुस्वामी रामानुजस्तथा । मध्वश्च कृष्णचैतन्यो निम्बादित्यश्च वल्लभः ॥
ततः श्रीविठ्ठलेशश्च ह्येते धर्माध्वरक्षकाः । अवतारा भगवतः परिवारैः सहोदिताः ॥
धर्मसंस्थापनार्थास्ते ह्यधर्मोच्छेदहेतवः । एतेषां शंकारादीनां प्रादुर्भावादिविस्तरः ॥
ज्ञेयस्तत्संप्रदायश्चेद् ग्रन्थेभ्यस्तद्बुभुत्सुभिः । कलौ चेन्नावतारः स्याद् विष्णोस्तर्हि त्विमेऽखिलाः ॥
अवतारा व्यलीकाः स्युरिति वः साहसं महत् ॥
अवतारधृतौ हेतुरधर्मोच्छेदपूर्वकम् । धर्मस्थापनमित्येव स्वेनैव हरिणोदितम् ॥
यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥
अत्र नास्त्येव नियमः कालस्य खलु कस्यचित् । अवतारधृतौ विष्णोस्त्विच्छा स्यादत्र कारणम् ॥
किंचाधर्मोच्छेदनार्थमवतारो हरेर्यदि । कृतादिषु युगेष्वेव किमधर्मो न वै कलौ ॥
एतन्मतं चेद्भवतां धर्मरुपस्तदा कलिः । इत्येवमुच्यतां नोचेन्मतं दुष्टं प्रहीयताम् ॥१९॥

પછી હરિશ્ચંદ્ર, રામચંદ્ર વગેરે પ્રતિવાદી પંડિતો મુક્તાનંદ મુનિ પ્રત્યે કહેવા લાગ્યા, હે મુનિવર્ય ! તમોએ જે કહ્યું છે તે સત્ય અને સપ્રમાણ છે. સંત સમાગમ રૂપ સાધન તો સત્યુગ વગેરે યુગોમાં મુક્તિ માટે કહ્યા છે. સત્યુગ વગેરે યુગોમાં ભગવાન પોતે પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે અને જ્યારે આલોકમાં ભગવાન અવતાર ધારણ કરે છે ત્યારે તેમની સાથે ભગવદભક્ત સંતો પણ હોય છે. હમણાં તો પૃથ્વી ઉપર સર્વ ઠેકાણે ઘોર કળિયુગ છે. માટે કળિયુગમાં ભગવાનનો અવતાર હોયજ નહિ, કારણ કે એ ભગવાન ત્રિયુગ કહેવાય છે. એટલે ફક્ત ત્રણ યુગમાં જ અવતાર ધારણ કરે છે. એવું શાસ્ત્ર વચન છે. વળી ભગવાન સિવાય સત્ય શૌચાદિક શાસ્ત્રોક્ત લક્ષણવાળા ભગવદભક્ત સંતો પણ નજ હોય. માટે તમારો મત આ યુગ માટે સત્ય નથી, એવી રીતે પંડિતવાદીઓ વસ્તુતઃ પૂર્વાપર શાસ્ત્રના વચનને અનુસર્યા સિવાય જ જે સિદ્ધાંત નથી તેને જ સિદ્ધાંત સમજે છે તેને તેથી મૂર્ખ કહ્યા છે. આ પ્રમાણે વચનો કહી તે સમયે તેમના પ્રત્યે હસવા લાગ્યા. પછી ઊંચા સ્વરે મુનિરાજ બોલ્યા : તમો સર્વ મારું સાંભળો. કળિયુગમાં વિષ્ણુના અવતાર નથી થતા એવું જે તમારું વચન છે તે શાસ્ત્ર વિરોધી હોવાથી પ્રમાણભૂત નથી. કળિયુગના

આરંભમાં જ પરંબ્રહ્મ શ્રીકૃષ્ણ મનુષ્ય રૂપધારી પ્રાદુર્ભાવ પામ્યા હતા. દરેક યુગમાં મનુષ્યરૂપ ધારણ કરનાર આ શ્રીકૃષ્ણના ત્રણ વર્ણ હતા. સફેદ, લાલ અને પીળો. સત્યુગ, ત્રેતા, દ્વાપર તથા કળિ એ ચાર યુગોમાં કેશવ જે શ્રીકૃષ્ણ તે વિવિધ વર્ણ તથા વિવિધ નામધારી છે એમ કરભાજન મુનિ કહેતા હતા. માટે કૃષ્ણાવતાર કળિયુગમાં થયો છે એ સત્ય છે. આ કળિયુગનું બળ તો શ્રીકૃષ્ણના તિરોધાન પછી જ વધ્યું. કળિયુગના બે હજાર વર્ષ થયા ત્યારે લક્ષ્મી પતિ બુદ્ધાવતાર સ્વરૂપે પ્રગટ થયા. એમ શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે. કળિયુગની પ્રવૃત્તિ જ્યારે વૃદ્ધિ પામશે એટલે અસુરોને મોહ પમાડાવા માટે અંજનના પુત્ર નામથી કીકટ દેશમાં બુદ્ધ થશે. એમ ભાગવતમાં કહ્યું છે. આ કળિયુગમાંજ શ્રીશંકરાચાર્ય, વિષ્ણુસ્વામી, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, કૃષ્ણચૈતન્ય, નિમ્બાર્ક, વલ્લભાચાર્ય, શ્રીવિઠ્ઠલેશ એ બધા ધર્મરક્ષકો - ભગવાનના પરિવાર જેને અવતારો કહ્યા છે, તે સર્વ ધર્મનું સ્થાપન કરવા માટે તથા અધર્મનો ઉચ્છેદ કરવા માટે થયા છે. એ શંકરાચાર્ય વગેરેનો જે પ્રાદુર્ભાવ અને વિસ્તાર છે. તે જાણવાની જેને ઈચ્છા હોય તેમણે તેમના સંપ્રદાયના ગ્રંથોમાંથી તે જાણી લેવો. કળિયુગમાં જો ભગવાનનો અવતાર ન થાય તો વિષ્ણુના આ સમગ્ર અવતારો થયા છે તે મિથ્યા થાય. માટે તમારી માન્યતા ખોટી છે. અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરવું, એ જ અવતાર ધારણ કરવાનું પ્રયોજન છે. એવી રીતે શ્રીકૃષ્ણચંદ્ર ભગવાને પોતે જ કહ્યું છે. હે અર્જુન ! જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે અને અધર્મની અભિવૃદ્ધિ થાય છે ત્યારે હું અવતાર ધારણ કરું છું. સાધુઓનું રક્ષણ કરવા અને અસુરોનો વિનાશ કરવા, તેમજ ધર્મનું સ્થાપન કરવા, દરેક યુગમાં હું અવતાર ધારણ કરું છું. ભગવાનના અવતાર થાય છે તેમાં કાળનો કાંઈ નિશ્ચય કે નિયમ નથી. વિષ્ણુના અવતારો જે થાય છે, તેમાં તેમની ઈચ્છાજ કારણભૂત છે. વળી શ્રીહરિનો અવતાર જો અધર્મના ઉચ્છેદ માટે હોય તો સત્ય, ત્રેતા, દ્વાપર વગેરે યુગોમાંજ અધર્મ છે અને કળિયુગમાં નથીજ એવું તમારા મત પ્રમાણે તો સમજાય અને કળિયુગ ધર્મસ્વરૂપ છે એમ કહેવાય. એમ જો ન કહો તો તમારા તે દુષ્ટ મતનો તમો ત્યાગ કરો. (૧૯)

પછી રામચંદ્ર વગેરે પંડિતોએ ત્રિયુગનો અર્થ પૂછ્યો તે સમજાવતા મુક્તાનંદ મુનિ કહે છે. શાસ્ત્ર અનુસાર તેમણે કરેલા ત્રિયુગ શબ્દનો અર્થ સાંભળીને તે પંડિતો આશ્ચર્ય પામ્યા. આ વચનો સાંભળી શિથિલ થઈ ગયેલા તે વાદી પંડિતો ફરીથી બોલ્યા, શ્રીહરિનો કળિયુગમાં અવતાર થાય છે. એમ તમો કહો છો તેમાં અમો ના કહેતા નથી. પરંતુ ત્રિયુગ શબ્દના અર્થમાં બાધ આવશે. ભગવાનને શબ્દથી ત્રિયુગ કહેવા અને વળી કળિયુગમાં ભગવાનનો અવતાર થાય છે એમ કહેવું તે બંને યથાર્થપણે તો આ વિદ્વાનો પણ કહી શકશે નહિ. આ પ્રમાણે કહ્યું, તેથી મુક્તાનંદ તેમને ફરી કહેવા લાગ્યા. અમારા મતમાં તો લેશમાત્ર પણ વિરોધ નથી. ત્રિયુગ શબ્દનો અર્થ શ્રીધરસ્વામીએ કર્યો છે. મહાભારતની ટીકામાં નીલકંઠ પંડિતે તેનો અર્થ કર્યો છે. "જ્ઞાન, બલ,

વીર્ય, ઐશ્વર્ય, શક્તિ, તેજ આ છ ઐશ્વર્યના બબ્બેના ત્રણ જોડલા છે. એ ભગશબ્દથી કહેવાય છે. માટે ભગવાનને ત્રિયુગ કહેવાય છે અથવા બાહ્ય અને આંતર ભેદથી બે પ્રકારના યુગો છે એમ શ્રીમદ્‌ભાગવતના બારમા સ્કંધમાં કહ્યું છે. આવી રીતે યુગ ભેદ હોવાથી બહાર સત્ય, ત્રેતા, દ્વાપર વગેરે યુગો વર્તતા હોય તો પણ પોતાના અંતરમાં કામક્રોધાદિકની પ્રવૃત્તિરૂપ લક્ષણવાળો કળિયુગ વર્તતો હોય તો ધ્યાન દ્વારા ભગવાનનો અવતાર અંતરમાં થતો જ નથી.

એજ પ્રમાણે જો બહાર કળિયુગ વર્તતો હોય પરંતુ પોતાના અંતરમાં સત્યાદિક યુગ હોય તો તેમાં નિશ્ચય જ ભગવાન શ્રીહરિનો અવતાર થાય જ અર્થાત્ શ્રીહરિ અંતરમાં પ્રગટ થાય જ. (''कलौ कृतयुगं तस्य कलिश्चैव कृते युगे । यस्य चेतसि वैकुण्ठो हृदि यस्य न केशवः ।।'') માટે આ સિદ્ધાંત અનુસાર ભગવાનને ત્રિયુગ કહ્યા છે. પણ કળિયુગમાં ભગવાનના અવતારો ન હોય એવો અભિપ્રાય તો નથીજ એમ તમો જરૂર જાણો. અને યુગોયુગમાં પૃથ્વીનો ઉદ્ધાર કરવાનું, તેમજ અસુરોનો નાશ અને ધર્મનું સ્થાપન વગેરે ઉચિત કાર્ય માટે ભગવાનના અવતારો તો થાયજ. આ વચનના પ્રમાણમાં હજારો હજાર શાસ્ત્ર વચનો છે. (૨૦)

હે પંડિતો ! અમારો આ મત છે. તમારો શું મત છે ? એ રીતે મુક્તાનંદ મુનીંદ્રે પંડિતોને પૂછ્યું. એટલે પંડિતો બોલ્યા. અમારો અભિપ્રાય આ કળિયુગમાં તો ભગવાનનાં નામોચ્ચારણથીજ આત્યંતિક કલ્યાણ થાય છે. હરિદિગ્વિજયમાં પણ તે કહ્યું છે.

''वयं हि सर्वशास्त्रज्ञाः, शास्त्राण्यध्यापयामहे । सिद्धान्ताः सर्वशास्त्राणां रमन्ते हि नखेषु नः ।
कलौ युगे नृणां विष्णोर्नाममात्रेण संसृतेः । सर्वथैव भवेन्मुक्तिर्न त्वन्यत्साधनं कलौ ।।
ज्ञानवैराग्यभक्त्यादिसाधनं दुष्करं कलौ । अतो नाम्नैव मुक्तिः स्यादियुत्कृष्टं मतं हि नः ।।
भगवन्नाममाहात्म्यं ब्रह्मसंकर्षणादयः । अप्यनेकैर्मुखैर्वक्तुं शक्नुवन्ति न कर्हिचित् ।।
अजामिलो महापापी नामोच्चारणमात्रतः । सद्योमुक्तिमवापेति श्रीमद्भागवते कथा ।। इति''

અમો સર્વ શાસ્ત્રોના જાણનારા છીએ. શાસ્ત્રો સર્વને ભણાવીએ છીએ. સર્વશાસ્ત્રોના સિદ્ધાન્તો અમારા નખમાં રમે છે. કળિયુગમાં તો વિષ્ણુના કેવળ નામ માત્રથી સર્વ પ્રકારે સંસારમાંથી મનુષ્યોની મુક્તિ થાય છે. કળિયુગમાં બીજું કોઈ સાધન નથી. જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક સાધન કળિયુગમાં બની શકે તેવા નથી. માટે નામ માત્રથી જ મુક્તિ થાય છે. એ પ્રમાણે અમારો ઉત્કૃષ્ટ મત છે. ભગવાનના નામનું માહાત્મ્ય બ્રહ્મા, સંકર્ષણ વગેરે અનેક મુખોથી પણ કહી શકવા શક્તિમાન નથી થતા. અજામિલ મહાપાપી હતો પરંતુ ભગવાનના નામોચ્ચારણ માત્રથી તેની તત્કાળ મુક્તિ થઈ એ પ્રમાણે ભાગવતમાં કથા છે. (૨૧)

તે સમયે મુક્તાનંદ મુનીન્દ્ર બોલ્યા, હે પંડિતો ! કેવળ નામ માત્રના ઉચ્ચારણથી તો પાપની

નિવૃત્તિ થાય છે. પરંતુ આત્યંતિક મોક્ષ તો શ્રીહરિ તથા તેમના આશ્રિત ભક્તોના સમાગમથી જ થાય છે. (તે હરિદિગ્વિજયમાં કહ્યું છે.)

केवलं नाममात्रेण यदि स्यान्मुक्तिरीप्सिता । तदा भवेयुर्व्यर्थानि साधनान्यखिलान्यपि ॥
क्लिश्येयुः किमिति व्यर्थं मुनयश्च कृतादिषु । तपोध्यानज्ञानसिद्ध्यै नाम्नैव यदि तत्फलम् ॥
श्वेतद्वीपे बदर्यां च तपोध्यानपरिश्रमम् । सहस्रशोऽपि मुनयः कुर्वते ते न किं विदुः ॥
नाममाहात्म्यवेत्तारोऽप्यजेशव्यासनारदाः । शुकादयश्च किमिति योगध्यानतपोरताः ॥
तस्मान्नाम्नान्तरं शुद्ध्येत् पापानां च क्षयो भवेत् । यमान्मुक्तिरिति श्रेयो भवतीत्यवगम्यताम् ॥
अजामिलो हरेर्नाम्ना मुक्त इत्युच्यते तु यत् । स तु पापाद् यमान्मुक्त इति भागवते स्फुटम् ॥
नामोच्चारणमाहात्म्यं हरेः पश्यत पुत्रकाः । अजामिलोऽपि येनैव मृत्युपाशादमुच्यत ॥
एतावतालमघनिर्हरणाय पुंसां, संकीर्तनं भगवतो गुणकर्मनाम्नाम् ।
विक्रुश्य पुत्रमघवान् यदजामिलोऽपि नारायणेति म्रियमाण इयाय मुक्तिम् ॥
एवं यमाच्च पापेभ्यो विमुक्तस्यास्य दर्शनात् । पार्षदानां हरेरासीत् कृपयैव मुमुक्षुता ॥
गङ्गाद्वारे ततो ध्यात्वा भगवन्तं यथाश्रुतम् । श्रेय आत्यन्तिकं प्राप षष्ठे स्कन्ध इति स्फुटम् ॥
अत्र चेत् संशयः कश्चित् पुनः प्रश्नो विधीयताम् । इति ।

જો કેવળ નામ માત્રથી જ તે મુક્તિ થતી હોય તો પૂર્વે સતયુગ વગેરે યુગોમાં મોટા મોટા મુનિઓ તપ, ધ્યાન અને જ્ઞાનની સિદ્ધિ માટે શા માટે વ્યર્થ ઉદ્યમ કરે ? વળી શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમમાં પણ હજારો મુનિઓ તપ અને ભગવાનનું ધ્યાન કરવાનો પરિશ્રમ કરે છે તે શું બધા નથી સમજતા ? ભગવાનના નામનું માહાત્મ્ય જાણનારા બ્રહ્મા, શંકર, શુકજી વગેરે મોટા મોટા મુનિવરો શા માટે યોગ, ધ્યાન અને તપ પરાયણ વર્તતા હશે ? (માટે તેથી જ સિદ્ધ થાય છે કે, કેવળ નામ માત્રથી તો મુક્તિ થતી જ નથી.) માટે નામોચ્ચારણ માત્રથી તો અંતર શુદ્ધ થાય છે. અને પાપનો ક્ષય થાય છે. વળી યમદૂતોના પાશમાંથી પણ મુકાય છે. એટલું જ શ્રેય થાય છે એ પ્રમાણે જાણો. અજામિલ ભગવાનનું નામ લેવાથી મુક્ત થયો એમ જે કહ્યું છે તે તો ફક્ત પાપ અને યમદૂતોના પાશથી જ મુકાયો હતો એમ ભાગવતમાં સ્પષ્ટ કહ્યું છે. ભાગવતમાં કહે છે કે, હે પુત્રો ! ભગવાનના નામોચ્ચારણનું માહાત્મ્ય તો જુઓ કે, નામોચ્ચારણના પ્રતાપથી જ અજામિલ જેવો મહાપાપી પણ મૃત્યુના પાશથી મુકાઈ ગયો, માટે ભગવાનના ગુણ, કર્મ અને નામનું સંકીર્તન કરવું. મનુષ્યોના પાપ નાશ કરવામાં એટલું પૂરતું છે. કારણ કે અજામિલ મહાપાપી હતો. મરણાવસ્થા સમયે તે પુત્રના યોગે નારાયણ એ પ્રમાણે ઉચ્ચ સ્વરે નામોચ્ચારણ કરવાથી સર્વ પાપથી તે મુક્ત

થયો હતો. આ પ્રમાણે યમદૂતોથી અને પાપથી મુક્ત થયેલા એ અજામિલને ભગવાનના પાર્ષદોના દર્શન થયા. અને સત્ય સંકલ્પ તે સંતોની કૃપાથી મુમુક્ષુતા પ્રાપ્ત થઈ. તે પછી તે ગંગાદ્વારમાં જઈને પ્રથમ શ્રવણ કર્યા પ્રમાણે ભગવાનનું ધ્યાન કરીને આત્યંતિક શ્રેય પામ્યો હતો. એમ ભાગવતના છઠ્ઠા સ્કંધમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. હવે આ સંબંધી તમોને કંઈ સંશય હોય તો ફરીથી પ્રશ્ન કરો. (૨૨) હે મુક્તાનંદ મુનિ ! મનુષ્ય સ્વરૂપ રૂપ તમારા ગુરુ શ્રીસ્વામિનારાયણ છે. તેમને કયા અસાધારણ લક્ષણો તથા ઐશ્વર્યથી અમારે ભગવાન જાણવા ? તે અમોને કહો. (૨૩)

પછી મુનિવર મુક્તાનંદ મુનિએ શ્રીસ્વામિનારાયણ ભગવાનના ભગવાન પણાનાં અસાધારણ લક્ષણો તથા અદ્ભુત ઐશ્વર્ય તેમને કહ્યા. (નિત્યાનંદ મુનિએ રચેલા હરિદિગ્વિજયમાં કહ્યું છે.

''अवतारश्च विज्ञेयो ह्यसाधारणलक्षणैः । ध्वजवज्राङ कुशादीनि रेखाचिह्नानि षोडश ।
पादयोरस्य वर्तन्ते कृष्णस्येव स्फुटानि हि । कथेयं कृष्णसन्दर्भे पाद्मोक्ता लिखितास्ति हि ॥
विरञ्चिर्नारदायाह कृष्णलक्ष्मबुभुत्सवे ॥
अवतारा ह्यसंख्याताः कथिता मे तवानध । परं सम्यक् प्रवक्ष्यामि कृष्णस्तु भगवान् स्वयम् ॥
यैरेव ज्ञायते देवो भगवान् भक्तवत्सलः । तानि लक्ष्माण्यहं वेद सत्यमेतन्मयोदितम् ॥
ध्वजः पद्मं तथा वज्रमंकुशो यव एव च । स्वस्तिश्चोर्ध्वरेखा च अष्टकोणं च जाम्बवम् ॥
इद्रचापं त्रिकोणं च कलशश्चार्धचन्द्रकः । अम्बरं मत्स्यचिह्नं च गोष्पदं चेति षोडश ॥
अङ्कान्येतानि भो विद्वन् दृश्यन्ते यत्पदोः स्फुटम् । कृष्णास्यं तत्परं ब्रह्म भुवि जातं न संशयः ॥
इति प्रमाणवाक्यानि पाद्मोक्तान्युदितानि वः । वैकुण्ठादि निजं धाम सकलैश्चर्यसंभृतम् ॥
गोपादिभ्यो यथा कृष्णः कृपयाऽदीदृशत्स्वयम् । तथाऽयमपि गोलोकं वैकुण्ठं ब्रह्मधाम च ॥
सहस्त्रशोऽपि भक्तेभ्यः स्वेच्छयां दर्शयत्यलम् । मकरालयपुर्यांच तथा श्रीनगरादिषु ॥
सहस्त्रशो लक्षशश्च पुरुषा योषितोऽपि च । योगाभ्यासं विनाप्यस्य स्वामिनः कृपयेक्षणात् ॥
सद्यः समाधिं संप्राप्य सिद्धयोगा इवाऽभवन् । तत्तद्देवोपासकाश्च समाधिषु पृथक् पृथक् ॥
स्वस्वैष्टदेवतारुपमेनमैक्षन्त संसदि । एषा वार्ताऽत्र सर्वत्र प्रसिद्धास्ति पुरादिषु ॥
श्रूयते किं न युष्माभिर्गीयमाना गृहे गृहे । सहस्त्रशो लक्षशश्च स्वानां स्वान्तनियन्तृता ॥
तदेवेश्वरसामर्थ्यमनन्याश्रयमुच्यते । बलिभिः ससहायैश्च नित्योद्युक्तैरपि क्वचित् ॥
अपराभ्याव्यता द्विड्भिर्ज्ञेयमीश्वरलक्षणम् । तच्चास्मत्स्वामिनि सदा वर्तते त्राकृतावपि ॥
अतः स ईश्वर इति निश्चितोऽस्माभिरात्मनि । अन्तकाले स तान्नेतुं स्वधाम ह्युपतिष्ठते ॥

एतत्प्रत्यक्षमेवाऽस्य सर्वैरैश्वर्यमीक्ष्यते । इति ।

અવતારના અસાધારણ લક્ષણો છે તે કહે છે :- ધ્વજ, અંકુશ, અંબુજ, અષ્ટકોણ, વજ્ર, ઉર્ધ્વરેખા, સ્વસ્તિ, જવ, જાંબુ, મીન, ત્રિકોણ, વ્યોમ, ગોપદ, કળશ, અર્ધચંદ્ર, ધનૂષ એ રેખારૂપ સોળ ચિહ્નો આ સ્વામિનારાયણના બંને ચરણ કમળમાં છે જેમ શ્રીકૃષ્ણના ચરણોમાં એ સ્પષ્ટ પણે છે. પદ્મપુરાણમાં શ્રીકૃષ્ણનાં લક્ષણ જાણવાને ઇચ્છતા નારદજીને બ્રહ્માએ આ કથા કહી છે. હે નિષ્પાપ ! નારદ ! મેં તમને અસંખ્યાત્ અવતારો કહી બતાવ્યા. પરંતુ હું ખરેખરું કહું છું, કે શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન છે. તે દિવ્યમૂર્તિ ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ જે લક્ષણોથી ઓળખાય છે તે લક્ષણો પણ હું જાણું છું. એ વાત સત્ય છે. કારણ કે શ્રીકૃષ્ણના ચરણોમાં મેં તો સોળેય ચિહ્નો નજરે જોયા છે, તેમાં જમણા ચરણમાં નવ અને ડાબામાં સાત એ પ્રમાણે જોયા છે. ધ્વજ, કમળ, વજ્ર, અંકુશ, જવ, સ્વસ્તિક, ઉર્ધ્વરેખા, અષ્ટકોણ, જાંબુ, ધનૂષ, ત્રિકોણ, કળશ, અર્ધચંદ્ર, આકાશ, મત્સ્ય તથા ગોપદ એમ સોળ ચિહ્ન છે. હે વિદ્વન્ ! આ સોળ ચિહ્નો જે પુરુષના ચરણમાં સ્પષ્ટ જોવામાં આવે તો તે કૃષ્ણનામે પ્રસિદ્ધ પ્રત્યક્ષ પરબ્રહ્મ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે એમ નિશ્ચય જાણવું. પરંતુ તેમાં કાંઈ સંશય ન રાખવો.

મુક્તાનંદ મુનીંદ્ર કહે છે :- આ પ્રમાણે પદ્મપુરાણમાં કહેલાં પ્રમાણ વચનો અમે તમને કહી બતાવ્યા. સકળ ઐશ્વર્ય સંપન્ન એવા ગોલોક, વૈકુંઠ, બ્રહ્મધામાદિ પોતાના ધામ, જેમ શ્રીકૃષ્ણ ભગવાને પોતાના ગોપ વગેરે ભક્તજનોને કૃપા કરીને બતાવ્યા હતા તે જ પ્રમાણે, આ શ્રીહરિ પણ પોતાના હજારો ભક્તજનોને પોતાના ગોલોક, વૈકુંઠ અને બ્રહ્મ ધામાદિક ધામ પોતાની ઇચ્છાથી સંપૂર્ણ રીતે બતાવે છે. માંગરોળ પુરમાં તથા શ્રીનગર વગેરે મોટા મોટા પુરોમાં હજારો અને લાખો પુરુષો અને સ્ત્રીઓ પણ યોગાભ્યાસ કર્યા સિવાય એ શ્રીસહજાનંદસ્વામીની કૃપા દૃષ્ટિથી જ તરત સમાધિ અવસ્થા પામી સિદ્ધ યોગી જેવા સ્વતંત્ર થયા હતા. વળી રામકૃષ્ણાદિકને સમાધિમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે જોતાં તે તે દેવોના ઉપાસકો સમાધિમાં તે પ્રત્યક્ષ શ્રીહરિને જ પોતપોતાના ઈષ્ટદેવ રૂપે જોઈને, પછી સભામાં તે પ્રમાણે કહી બતાવતા હતા. આ વાર્તા તો પૃથ્વી ઉપર સર્વત્ર મોટા મોટા પુર અને ગામડાઓમાં પણ પ્રસિદ્ધ છે. વળી ઘેર ઘેર તે વાર્તા થાય છે, તે શું તમારા સાંભળવામાં નથી આવી ? વળી હે પંડિતો ! પોતાના હજારો અને લાખો ભક્તોના અંતઃકરણનું નિયમન કરવું તે જ ઈશ્વરનું સામર્થ્યરૂપ અસાધારણ લક્ષણ કહેવાય છે. બીજાને તે ઐશ્વર્ય વરેલું નથી. બીજું બળવાન, અને વળી અન્યની સહાય જેમને છે વળી જે હંમેશા બીજાનો પરાભવ કરવામાં ઉદ્યમશીલ છે એવા શત્રુઓથી પણ ક્યારેય પરાભવ ન પામવું એ ઈશ્વરનું અસાધારણ લક્ષણ છે. આવા અસાધારણ લક્ષણ મનુષ્યાકૃતિવાળા અમારા શ્રીસ્વામિનારાયણ ભગવાનમાં હંમેશાં રહ્યા છે, માટે તે ભગવાન જ છે એમ અમારા આત્મામાં અમોએ નિશ્ચય કર્યો છે. અંતકાળે પોતાના ભક્તોને

પોતાના ધામમાં લઈ જવા માટે તે ભગવાન આવે છે. એ આ સ્વામિનારાયણનું પ્રત્યક્ષ ઐશ્વર્ય સર્વેજનો જુએ છે. (૨૪)

પછી શાસ્ત્રનો વાદ કરનારા પંડિતોએ જે જે સૂક્ષ્મ પ્રશ્નો પૂછ્યા તેના ઉત્તર મુક્તાનંદ મુનિએ શાસ્ત્ર પ્રમાણે કર્યા. (૨૫) પછી તે પંડિતો વાદ વિવાદમાં મુક્તાનંદ મુનિને જીતવા માટે અસમર્થ થયા અને તેમનો અહંકાર નાશ પામ્યો. તેથી આશ્ચર્યયુક્ત અને વિનમ્ર બની આ પ્રમાણે બોલ્યા. (૨૬)

હે સાધુવર્ય ! તમોએ શાસ્ત્રોના પ્રમાણ વચનો કહ્યાં તેથી અમારા સમગ્ર સંશયો છેદાઈ ગયા છે અને આવા અમે કોઈ દિવસ નિઃસંશય થયા નથી. (૨૭) શાસ્ત્રમાં કહ્યા છે તેવા સમગ્ર સદ્‌ગુણોથી તમો યુક્ત છો. આ લોકમાં તમારા સમાન કોઈ સાધુ અમોએ જોયા નથી. (૨૮)

ભગવાનના અસાધારણ ઐશ્વર્ય તથા લક્ષણોથી યુક્ત શ્રીસ્વામિનારાયણ ભગવાન છે એ નિશ્ચય છે. (૨૯) હે મુને ! અમો હવે પરમેશ્વર સ્વામિનારાયણનો આશ્રય કરીશું. તમો અમારા ઉપર દયા કરો. સાધુઓ તો સદા દયાળુ સ્વભાવવાળાજ હોય છે. (૩૦)

મુક્તાનંદ મુનિએ જેમનો સત્કાર કર્યો છે એવા તે પંડિતો મુક્તાનંદ મુનિને આ પ્રમાણે કહીને તેમજ તેમને નમસ્કાર કરીને સત્સંગીઓનો તેમણે અપરાધ કર્યો હતો તે ક્ષમા કરાવીને પોતાને ઘેર ગયા. (૩૧)

આ પ્રમાણે રામચંદ્ર તથા શાસ્ત્ર જાણનારા બીજા સર્વ પંડિતો મુક્તાનંદ મુનિની ઉપદેશ વાર્તા દરરોજ સાંભળવા આવતા હતા. (૩૨) મુક્તાનંદ મુનિના વચનમાં વિશ્વાસુ તે રામચંદ્ર વગેરે પંડિતો શ્રીસ્વામિનારાયણનો નિશ્ચય કરીને તેમનો દૃઢ આશ્રય કરતા હતા. (૩૩)

બીજા ઘણા પુરવાસીઓ પણ મુનિએ કહેલી વાતો સાંભળીને સ્વામિનારાયણનો અતિદૃઢ આશ્રય કરતા હતા. (૩૪) શ્રીસ્વામિનારાયણના સંત મુક્તાનંદ મુનિએ રામચંદ્ર વગેરે વિદ્વાનોને જીત્યા તેથી શ્રીસ્વામિનારાયણ સ્વયં પ્રત્યક્ષ ભગવાન છે. (૩૫)

આ પ્રકારનો મહા ઉદ્‌ઘોષ તે સમયે સમગ્ર પુરમાં થયો. તે ઉદ્‌ઘોષ સાંભળીને સયાજીરાવ મહારાજા આનંદ પામ્યા. (૩૬) પછી મહાબુદ્ધિશાળી નીતિશાસ્ત્ર વિશારદ સયાજીરાવ મહારાજા સૈન્ય તથા અમાત્ય વગેરેની સાથે મુક્તાનંદ મુનિની સમીપે આવ્યા. (૩૭)

મુક્તાનંદ મુનિએ તે રાજાને તેના સ્વાસ્થ્ય સંબંધી પ્રશ્ન પૂછી તેમનું સન્માન કર્યું. પછી તે રાજા હર્ષપૂર્વક મુક્તાનંદ મુનિને પ્રણામ કરીને મુનિની સમીપે બેઠા. (૩૮) પછી મુક્તાનંદ મુનિએ ભગવાનની અમૃત સમાન વાર્તા કરી અતિ બુદ્ધિશાળી તે રાજા તે વાતો સાંભળીને પ્રસન્ન થયા. (૩૯) પછી રાજાએ પ્રીતિપૂર્વક મુક્તાનંદ મુનિને કહ્યું હે મુને ! તમારા દર્શનથી હું કૃતાર્થ

થયો છું. કારણ કે સંતો સંસારરૂપી સમુદ્રમાંથી તારનારા છે. (જેનો જે ગુણ હોય તે પોતાના સંગીને આપે છે. આ પ્રમાણે છે તેથી સંસારમાંથી તારનારા તમારા દર્શન મેં કર્યા છે. તેથી હું પણ સંસાર સાગર તરેલો જ છું.) (૪૦)

હે વિદ્વન્ ! મારા ચિત્તમાં તમારા ગુરુ શ્રીસ્વામિનારાયણના દર્શન કરવાની ઘણીજ ઈચ્છા છે. માટે હે મુને ! મને જે રીતે દર્શન થાય તે પ્રમાણે તમો યોગ્ય કરો. (૪૧) પ્રિયભાષી મુક્તાનંદ મુનિ તેમનું આવું વચન સાંભળીને તે રાજાને શુભસંકલ્પવાળા જાણીને મધુર વાણીથી તેમને પ્રસન્ન કરતા બોલ્યા. (૪૨)

હે રાજન્ ! તમો બુદ્ધિશાળી છો. તેથી તમોએ આ શુભ નિશ્ચય કર્યો. હે રાજન્ ! મારા ગુરુ શ્રીસ્વામિનારાયણ સ્વતંત્ર છે અને તેમનાં દર્શન તો દુર્લભ છે. હે મહીપતે ! તોપણ શ્રીસ્વામિનારાયણ અહીં પધારે અને તમોને પોતાના દર્શન આપે તેને માટે હું જરૂર તેમને પ્રાર્થના કરીશ. (૪૩-૪૪)

આ રીતે મુનિએ કહ્યું તેથી તે રાજા અત્યંત પ્રસન્ન થયા અને સાધુઓમાં શ્રેષ્ઠ મુક્તાનંદ મુનિની પ્રશંસા કરી તેમની વાર્તા હર્ષપૂર્વક સાંભળતાં ત્યાં બે ઘડી બેઠા. (૪૫) પછી તે રાજા ધર્મપુત્ર પ્રત્યક્ષ શ્રીહરિમાં પુરુષોત્તમનો નિશ્ચય કરી, શાંતમૂર્તિ મુક્તાનંદ મુનિને નમસ્કાર કરી, પોતાના નિવાસ સ્થાનમાં ગયા. (૪૬)

પછી મુક્તાનંદ મુનિ ત્યાં આવેલા સમગ્ર મતવાદી પંડિતોને તથા બીજા સર્વ મતવાદીઓને શ્રીસ્વામિનારાયણના પ્રતાપથી જીતીને વડોદરામાં રહ્યા. (૪૭) મુક્તાનંદ મુનિ તે નગરમાં ઘણા જનોને સ્વામિનારાયણનો આશ્રય કરાવતા સાડાત્રણ માસ સુધી વડોદરામાં રહ્યા. (૪૮)

હે નૃપતે ! આ પ્રસંગની કથાનું વર્ણન કવીન્દ્ર શ્રી શતાનંદ મુનિએ સત્સંગિજીવન ગ્રંથમાં વિસ્તારથી કર્યું છે. (૪૯) માટે મેં તમોને આ વાર્તા સંક્ષિપ્તથી કહી છે. હે રાજન્ ! આનો વિસ્તાર તો શ્રીસત્સંગિજીવન ગ્રંથમાંથી જાણવો. (૫૦)

હે ભૂપતે ! પવિત્ર, સર્વોપરી, પ્રત્યક્ષ ધર્મના પુત્ર પરમાત્માનું ચરિત્ર તમો હવે સાંભળો. (૫૧) શ્રીહરિએ શ્રીલક્ષ્મીનારાયણાદિની પ્રતિષ્ઠા કરીને પોતાના ભક્તોને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપી. (૫૨-૫૩)

પછી શ્રીહરિ નેત્રોમાં અશ્રુવાળા પોતાની પાછળ આવતા પુરનિવાસી તે કુબેર વગેરે ભક્તોને પાછા વાળીને ચાલતા ચાલતા મહેળાવ ગામે પધાર્યા. (૫૪) સન્મુખ આવેલા મહેળાવ ગામના નિવાસી શ્રીહરિના ભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે ત્યાં હર્ષપૂર્વક રહ્યા. (૫૫)

ત્યાંના ભક્તોએ શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તોને શ્રેષ્ઠ, રસાળ અને ઉત્તમ ભોજન જમાડ્યા. (૫૬) પછી તે સર્વ ભક્તોએ શ્રીહરિને પોતપોતાને ઘેર લઈ જઈને સુંદર વસ્ત્રો તથા વિભૂષણો વગેરેથી હર્ષપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. (૫૭)

રાત્રિએ સભામાં બિરાજેલા શ્રીહરિ પોતાના ભક્તોને આનંદ આપતા ધર્માદિ સંબંધી અત્યંત પ્રિય વાર્તા કરતા હતા. (૫૮) તે સમયે શ્રીહરિના આશ્રિત ત્યાંના નાપિત ભક્ત રૂડો, દીવો (મશાલ) ધરીને શ્રીહરિની આગળ ઉભો રહ્યો. (૫૯)

આવી રીતે પોતાના ભક્તોને સુખ આપતા શ્રીહરિ ત્યાં રાત્રિ રહ્યા અને સવારમાં નીકળવા તૈયાર થઈ પોતાના અશ્વ ઉપર બિરાજ્યા. (૬૦) તે સમયે નેત્રોમાંથી અશ્રુ સારતા ત્યાંના ભક્તોએ શ્રીહરિને તથા તેમની સાથેના ભક્તોને વળાવ્યા અને શ્રીહરિ મહેળાવથી નીકળ્યા. (૬૧)

માર્ગમાં ચાલતા પરમેશ્વર શ્રીહરિ પોતાના ભક્તોના ગામોમાં રોકાતા તે ભક્તોને સેવાનો અત્યંત લાભ આપી કેટલાક દિવસે ઉત્તમ દુર્ગપત્તનપુરમા પધાર્યા. (૬૨) વાજિંત્રોના ઘોષ કરતા અતિ આનંદપૂર્વક સન્મુખ આવેલા પુરના ભક્તજનોની સાથે શ્રીહરિ પુરમાં પ્રવેશ કરીને પોતાના ભક્ત ઉત્તમ રાજાના દરબારમાં પધાર્યા. (૬૩)

હે મનુજેન્દ્ર ! તે સમયે સ્થિર નેત્રોથી દર્શન કરતા પોતાના ભક્તજનોને પ્રીતિપૂર્વક દર્શન આપતા શ્રીહરિ પોતાના પાર્ષદનો હાથ પકડીને અશ્વ ઉપરથી ઉતર્યા અને પાર્ષદોથી વીંટાઈને દરબારમાં પધાર્યા અને પછી પોતાના રમણીય અક્ષરભુવનમાં આવીને રહ્યા. (૬૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં વડોદરામાં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને મોકલીને તેમના દ્વારા વાદી બ્રાહ્મણોનો પરાજય કર્યો તે વર્ણન નામે ઓગણીશમો અધ્યાય સંપૂર્ણ. (૧૯)



અધ્યાય ૨૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વરતાલથી શ્રીહરિ ગઢપુર પધાર્યા. તે સમયે શ્રીહરિએ તળાવ ખોદવાની આજ્ઞા કરી હતી તે અક્ષરાનંદ મુનિ પોતાના હૃદયમાં સંભારતા હતા. (૧)

સરોવર ખોદાવવાની ઈચ્છા કરી તેથી બુદ્ધિમાન અક્ષરાનંદ મુનિએ વરતાલ નિવાસી પ્રત્યક્ષ ભગવાનના સ્વધર્મનિષ્ઠ ભક્ત અગિયારશણા મોઢ જ્ઞાતિના બ્રાહ્મણ વનમાળી જોષી જે આજુબાજુના

ગામો તથા શહેરોમાં પ્રસિદ્ધ હતા તેમને મુહૂર્ત પૂછ્યું. (૨)

પછી અક્ષરાનંદ મુનિ પૂર્તકર્મની વિધિ વનમાળી જોષીની પુત્રીના પુત્ર હરિશંકર પાસે કરાવીને પોતાના ઈષ્ટદેવની પ્રીતિ માટે તળાવ ખોદાવવા લાગ્યા. (૩) અક્ષરાનંદ મુનિની આજ્ઞાથી શ્રીહરિની પ્રસન્નતા ઈચ્છનારો મુનિસમૂહ તથા પાર્ષદો પ્રીતિપૂર્વક દરરોજ સરોવર ખોદતા હતા. (૪)

પોતાના ઈષ્ટ દયાસાગર શ્રીહરિને પ્રસન્ન કરવા માટે ઈચ્છતા ઘણા ગૃહસ્થ ભક્તો પણ દરરોજ સરોવર ખોદતા હતા. (૫) શ્રીહરિને પ્રસન્ન કરવાના હેતુથી આ મહોત્સવમાં ઉત્સાહવાળા કેટલાક ભક્તો પણ હળવડે તે સરોવર માટેની જમીન ખેડતા હતા. (૬)

આનંદથી ભરપુર જેમનો આત્મા છે એવા તે સર્વ ઊંચા સ્વરથી 'સ્વામિનારાયણ' નામનું ઉચ્ચારણ કરતા દરરોજ તે સરોવર ખોદતા હતા. (૭) જ્યારે સરોવર પૂર્ણ ખોદાઈ જશે ત્યારે સત્પુરુષોના પતિ શ્રીહરિ અમારા ઉપર જરૂર અત્યંત પ્રસન્ન થશે. (૮)

આ રીતે પોતાના અંતરમાં શુભ મનોરથ કરતા તે સમગ્ર ભક્તો પરિશ્રમને નહિ ગણતા દરરોજ તે કાર્ય કરતા હતા. (૯) ગુણજ્ઞ, ભક્તવત્સલ, ભગવાન શ્રીહરિ ક્યારેક ક્યારેક દુઃખનાશક પોતાના દર્શન તે ભક્તને ધ્યાનમાં આપતા હતા. (૧૦)

શ્રીહરિના તે પ્રકારના દર્શનથી સર્વોત્તમ શાંતિ અને આશ્ચર્ય પામેલા તે સર્વ ભક્તો, તે સરોવર ખોદવામાં શ્રીહરિની અત્યંત પ્રસન્નતા જોઈ, તે સરોવર આદરપૂર્વક ખોદતા હતા. (૧૧) એવી રીતે શ્રીહરિની આજ્ઞાથી પૂર્તકર્મ કરતા ભક્તો ઉપર બ્રહ્માદિ ઈશ્વરો ક્યારેક ક્યારેક પુષ્પવૃષ્ટિ કરતા હતા. (૧૨)

હે ભૂપતે ! તે સમયે જે આશ્ચર્ય થતું હતું તે હું તમોને કહું છું. તે તમો સ્વસ્થ ચિત્તથી સાંભળો. (૧૩) હે રાજન્ ! સર્વ અવતારોના કારણ અંતર્યામી શ્રીહરિએ પ્રેરણા કરેલા દેવો હર્ષપૂર્વક તે સરોવર ખોદતા હતા. (૧૪)

દરરોજ રાત્રે દેવતાઓ, મનુષ્યોને અગોચર રહી, અહીં આવીને શ્રીહરિની પ્રસન્નતા માટે તે સરોવર ખોદતા હતા. (૧૫) ભક્તોના સમૂહે દિવસે ખોદેલા ભાગની ધૂળ રાત્રિએ તે દેવતાઓ બહાર કાઢતા હતા. (૧૬)

તે સમગ્ર મુનિઓ પોતાના સ્થાનમાંથી રાત્રિએ દેવો સરોવર ખોદતા હતા તેનો અવાજ સાંભળતા હતા અને વિસ્મય પામતા હતા. (૧૭) કેટલાક સમાધિનિષ્ઠ સંતો દેવતાઓને સરોવર ખોદતા જોઈને આશ્ચર્ય પામી તે હકીકત તે સમયે કહેતા હતા. (૧૮)

સવારથી સાંજ સુધીમાં જેમણે જમીન ખોદી હતી તે સર્વે સરોવર ખોદવા બીજે દિવસે જ્યારે ત્યાં આવતા ત્યારે તે ખોદેલી જમીનની ધૂળને સરોવરના ખાડામાંથી બહાર

કાઢેલી જોતા હતા. (૧૯)

તે પ્રમાણે જોયા પછી આશ્ચર્ય પામેલા સરોવર ખોદનારા તે ભક્તોને સમાધિવાળા સંતો હે જનો ! આ કાર્ય દેવોએ કર્યું છે એમ હર્ષપૂર્વક કહેતા હતા. (૨૦) તેમનું એવું વચન સાંભળીને સર્વ ભક્તજનો આ શ્રીહરિનો પ્રતાપ છે એમ જાણી શ્રીહરિની પ્રસન્નતા માટે સરોવર ખોદતા હતા. (૨૧)

પુરના ભક્તો તથા બીજા જનો આ વાર્તા સાંભળીને અતિ વિસ્મય પામી તે સર્વ શ્રીહરિનો પ્રતાપ છે એવું જાણતા હતા. (૨૨) તે સરોવર ખોદવાથી પ્રત્યક્ષ શ્રીહરિ પ્રસન્ન થશે એવું જાણીને મુક્તો પણ રાત્રિએ આવીને મનુષ્યો જોઈ ન શકે તે પ્રમાણે હંમેશા હર્ષપૂર્વક સરોવર ખોદવામાં અત્યંત સહાય કરતા હતા. (૨૩)

આવી રીતે શ્રીહરિની પ્રસન્નતા માટે પ્રયત્ન કરતા શ્રદ્ધાવાળા અનેક ભક્તજનો દરરોજ સરોવર ખોદતા હતા. અને એ પ્રકારે થોડાજ માસમાં અતિ વિસ્તૃત એવું સરોવર તૈયાર થવા આવ્યું. (૨૪)

પછી બુદ્ધિમાન અક્ષરાનંદ મુનિએ પત્ર મોકલીને શ્રીહરિને પોતાનું સર્વ વૃત્તાંત જણાવ્યું વળી તે સમયે અનુભવેલા વિવિધ પ્રકારના આશ્ચર્યનો પણ જેમ છે તેમ તેમણે ઉલ્લેખ કર્યો. (૨૫)

તે પત્ર વંચાવીને અત્યંત પ્રસન્ન થયેલા સત્પુરુષોના સ્વામી શ્રીહરિએ અક્ષરાનંદ મુનિને પત્ર મોકલીને પોતાનું વૃતાંત જણાવ્યું. અને તે પત્રમાં આ કાર્ય માટે પોતાની અતિશય પ્રસન્નતા જણાવી. (૨૬)

હે વિશાળ બુદ્ધે ! તમોએ કરાવવા માંડેલા સરોવરમાં હજી પણ વિવિધ પ્રકારના આશ્ચર્યો જરૂર થશે. આ પ્રકારનો શ્રીહરિના પત્રનો અભિપ્રાય જાણીને મુનિવર્ય અક્ષરાનંદ મુનિ અત્યંત આનંદ પામ્યા. (૨૭) હે મહિપતે ! મેં તમોને પૂર્તકર્મ વિષયક શ્રીહરિનું ચરિત્ર કહ્યું. ધર્મના બખ્તર રૂપ શ્રીહરિનું ચરિત્ર હું કહું છું તે તમે સાંભળો. (૨૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીહરિની આજ્ઞાથી ગોમતી સરોવર ખોદવાનું કામ તે વર્ણન નામે વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૦)



અધ્યાય ૨૧મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં રહેતા શ્રીહરિ વિચારવા લાગ્યા કે શ્રીકૃષ્ણ આદિની મૂર્તિઓ જો ચિતરાવી હોય તો તેમની પૂજા વગેરેની પ્રવૃત્તિ થાય માટે તે પ્રકારની મૂર્તિઓ હું કરાવું. (૧, ૨)

શ્રીહરિએ આવો વિચાર કરીને જુનાગઢથી પોતાના ભક્ત નારણજી સુથારને બોલાવીને કહ્યું. (૩) હે ભક્ત ! તમો મૂર્તિઓ ચિતરવામાં અત્યંત કુશળ છો. માટે મેં તમોને અહીં બોલાવ્યા છે. તો તમો શ્રીકૃષ્ણાદિ મૂર્તિની મુદ્રાઓ (છાપો) તૈયાર કરો. તેમજ મારી મૂર્તિની પણ મુદ્રા તૈયાર કરો. (૪)

હે રાજન્ ! આવી રીતે શ્રીહરિએ નારાયણ સુથારને કહ્યું તેથી મૂર્તિઓ ચિતરવામાં પ્રવીણ નારણજી સુથારે કહ્યું ‘બહુ સારું’. જેમ આપ કહો છો તે પ્રમાણે કરીશ.’ એમ કહીને દર્શન કરવા યોગ્ય મનોહર બે મુદ્રાઓ તેમણે તૈયાર કરી. (૫)

તેમાં એક મુદ્રા વૃંદાવન વિહારી શ્રીકૃષ્ણની રાધાએ સહિત તથા બીજી શ્રીહરિની કરી. (ડાબે પડખે શ્રીકૃષ્ણ તથા રાધિકા સહિત શ્રીહરિની મુદ્રા કરી.) (૬)

તેમણે બીજી મુદ્રા ભક્તિ ધર્મ સહિત શ્રીસ્વામિનારાયણની બનાવી. તે બે છાપો (મુદ્રાઓ) જોઈને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. (૭) પછી શ્રીહરિએ નરનારાયણની મુદ્રા પણ કરાવી. હે રાજન્ ! નારાયણ સુથારે તે ત્રણ મુદ્રાઓ બે માસમાં તૈયાર કરી. (૮)

તે ત્રણે મુદ્રાઓ કરી એટલે અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિએ નારણજી સુથારને ઘણું દ્રવ્ય આપ્યું. તેમજ ઘણાં મૂલ્યવાળા વસ્ત્રો તથા સુવર્ણના કડાં વગેરે આપ્યા. (૯) પછી શ્રીહરિ તે મુદ્રાઓ વડે આધારાનંદમુનિ પાસે કાગળો ઉપર હજારો પ્રતિમાઓ ચિતરાવવા લાગ્યા. (૧૦)

હે રાજન્ ! પછી મહા સુદી પંચમી (વસંત પંચમી) ના દિવસે શ્રીહરિએ વસંતનો મહોત્સવ કરાવ્યો. (૧૧) હે રાજન્ ! એક સમયે પોતાના નિવાસમાં એકાંતમાં બિરાજેલા, સત્ય સંકલ્પ, સર્વજ્ઞ ભગવાન શ્રીહરિ આ પ્રમાણે ચિંતવન કરવા લાગ્યા. (૧૨)

જ્યારે હું દ્વારિકા ગયો હતો ત્યારે દ્વારિકાધીશે, પોતાના સ્થાનમાં અધર્મ જોઈને, મારી સમીપે આવીને મને આ પ્રમાણે કહ્યું હતું. (૧૩) હે હરે ! પાપીજનોથી વ્યાપ્ત આ સ્થાનમાં રહેવું મને ગમતું નથી. માટે આપના શુભ સ્થાનમાં મારી આપ પ્રતિષ્ઠા કરો. (૧૪)

તે સમયે તેમના સ્થાપન માટે દ્વારિકેશ આગળ મેં પ્રતિજ્ઞા કરી હતી. તે લક્ષ્મીનારાયણ નામથી વૃત્તાલયપુરમાં પૂર્ણ કરી. (૧૫) એ વાર્તા હું ભક્તોના આનંદ માટે પ્રસિદ્ધ કરું છું. એ

પ્રમાણે વિચાર કરીને શ્રીહરિ ફરી વિચાર કરવા લાગ્યા. (૧૬)

મારા સ્થાનમાં નિવાસ કરવા ઈચ્છતા ગોમતી વગેરે તીર્થોએ અગાઉ જૂનાગઢમાં મારી પાસે આવીને મારી અત્યંત પ્રાર્થના કરી હતી. (૧૭)

તેથી મેં ગોમતી આદિ તીર્થોને પ્રતિજ્ઞા કરી રહ્યું હતું કે, તમને હું તત્કાળ વૃત્તાલયપુરમાં લઈ જઈશ. (૧૮)

એ શુભ પ્રસંગ પણ હું પ્રસિદ્ધ કરું છું. આવી રીતે ભગવાન શ્રીહરિ વિચાર કરીને સભાસ્થાનમાં પધાર્યા. (૧૯)

પછી સભામાં આસન ઉપર બિરાજેલા શ્રીહરિએ પોતાના ભક્તોને આનંદ ઉપજાવતા વિવિધ પ્રકારના તીર્થોના માહાત્મ્યનું વર્ણન કર્યું. (૨૦) શ્રીહરિએ તેમાં દ્વારિકાનું માહાત્મ્ય વિશેષ કહ્યું, તે સાંભળીને તેમના બંધુજનો વગેરે અતિ પ્રસન્ન થયા. (૨૧)

પછી શ્રીહરિના બંધુજનો દ્વારિકાની યાત્રા કરવા માટે ઉત્સાહપૂર્વક વિનમ્રભાવે ધર્મનંદન શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૨)

હે સ્વામિન્ ! આપની આજ્ઞા જો હોય તો અમો દ્વારિકા જઈએ. પછી શ્રીહરિએ 'તમે જાઓ' એમ કહીને તેમને માર્ગમાં ખર્ચવા માટે પુષ્કળ ધન આપ્યું. (૨૩)

વળી શ્રીહરિએ તેમને ગાડાં વગેરે વાહનો પણ આપ્યાં. તેમની સાથે જવા માટે શસ્ત્રધારી પાર્ષદોને પણ આજ્ઞા કરી. (૨૪)

શ્રીહરિએ પોતાના બંધુજનોની સાથે દ્વારિકાનો માર્ગ જાણનારા, સ્વેચ્છાથી સમાધિમાં જતા, સચ્ચિદાનંદમુનિ તથા તેમના શિષ્યોને મોકલ્યા. (૨૫)

આ પ્રમાણે કોશળ દેશવાસી નંદરામ, ગોપાળ વગેરે તૈયાર થઈ હર્ષપૂર્વક શ્રીહરિને પ્રણામ કરીને વાહનોમાં બેઠા અને ત્યાંથી તત્કાળ નીકળ્યા. (૨૬)

હે રાજન્ ! પછી વાહનોમાં બેઠેલા કોશળ દેશવાસી રામપ્રતાપભાઈ તથા સમાધિવાળા સાધુવર્ય સચ્ચિદાનંદમુનિ થોડા દિવસમાં દ્વારિકા પહોંચ્યા. (૨૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીહરિના બંધુજનો વગેરે દ્વારિકાની યાત્રા કરવા નીકળ્યા તે વર્ણન નામે એકવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૧)



અધ્યાય ૨૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી યોગી મુનિવર સચ્ચિદાનંદ સ્વામી દ્વારિકામાં શ્રીકૃષ્ણના સ્થાનના દર્શન કરવાથી તત્કાળ સમાધિ અવસ્થા પામ્યા. (૧) કોશળ દેશના નંદરામ વગેરે બ્રાહ્મણો બે દિવસ સુધી સચ્ચિદાનંદમુનિ સમાધિમાંથી જાગ્રત થાય તેની રાહ જોઈ રહ્યા. પરંતુ તે મુનિ ઊઠ્યા નહિ. (૨)

પછી સચ્ચિદાનંદમુનિના શિષ્યોએ તેમને આજ્ઞા આપી. (તેમને યાત્રા કરવાની ઉતાવળ હોવાથી) એટલે તે નંદરામ વગેરે બ્રાહ્મણો શાસ્ત્રપ્રમાણે આદરપૂર્વક તીર્થવિધિ કરવા લાગ્યા. (૩)

તે ગુગળી બ્રાહ્મણોને ઇચ્છિત ધન આપીને ગોમતી સ્નાન તથા કૃષ્ણની મૂર્તિના દર્શન તેઓએ કર્યા. (૪)

પછી રામપ્રતાપ વગેરે સર્વ આરાવણમાં તપ્તમુદ્રાઓ લઈને તે દ્વીપમાં શ્રીકૃષ્ણના દર્શન કરી તીર્થોમાં યોગ્ય ક્રિયાઓ કરવા લાગ્યા. (૫)

કોશળ દેશના તે બ્રાહ્મણો શંખોદ્ધાર તીર્થમાં ગયા. તે સમયે યોગીપ્રવર ધીર મુનિ સચ્ચિદાનંદ સ્વામી સમાધિમાંથી ઊઠ્યા. (૬)

ગજેન્દ્રના જેવી ગતિવાળા શાંત મનવાળા સચ્ચિદાનંદમુનિ પોતાના શિષ્ય સાથે ધીમે ધીમે ગોમતી આવ્યા. (૭) તે તીર્થમાં રહેનારા ધનાર્થી પાપીઓ, સચ્ચિદાનંદમુનિ તથા તેમના શિષ્યો ધન રહિત છે તેવું જાણીને તેમને ગોમતીમાં સ્નાન કરવા પ્રતિષેધ કરવા લાગ્યા. (૮)

ગોમતીના તીરે ત્રણ દિવસ સચ્ચિદાનંદમુનિ તથા તેમના શિષ્ય ઉપવાસ કરતા બેસી રહ્યા તોપણ ત્યાંના નિર્દય અધિકારી ગુગળી બ્રાહ્મણોએ ગોમતી તીર્થમાં તેમને સ્નાન કરવા દીધું નહિ. (૯) તે મહામુનિ તથા તેમના શિષ્યને તેઓ અષ્ટ પ્રકારે સ્ત્રીધનના સાચા ત્યાગી છે. અને સ્વામિનારાયણના શિષ્ય છે તેવું જાણીને, તેમને તીર્થવાસી કોઈએ પણ અન્ન આપ્યું નહિ. (૧૦) છતાંપણ ધૈર્યશાળી મુનિરાટ્ સચ્ચિદાનંદે તથા તેમના શિષ્યે કોઈની પાસે પણ અન્ન માગ્યું નહિ. (૧૧)

અત્યંત ક્ષમાવાળા તે સચ્ચિદાનંદ મુનિ તે આરાવણમાં દ્વારિકાધીશની છાપો લેવા માટે ચારે તરફ દુઃખ ભર્યા શબ્દોથી આજીજી કરતા, ભૂખથી કૃશ થઈ, સર્વજનો પ્રત્યે જોતા હતા. (૧૨) દીન અને અત્યંત ભૂખથી પીડા પામતા આવા મનુષ્યોના ચારેતરફના બૂમરાણથી સચ્ચિદાનંદમુનિએ તે સ્થાનને ચારે તરફથી બૂમો પડાવે છે માટે ''आ समन्तात् रावयति इति'' આરાવણ એ વ્યુત્પતિ પ્રમાણે નામ સાર્થક કર્યું. (૧૩)

ત્યાં તે પ્રકારના યાત્રિકોમાં કેટલાકને બે ઉપવાસ થયા હતા. કેટલાકને ત્રણ ઉપવાસ થયા

હતા અને કેટલાકને પાંચ દિવસના ઉપવાસી તે સચ્ચિદાનંદમુનિએ જોયા. (૧૪) ત્યાં છ દિવસના ઉપવાસી, ભૂખથી બેસી ગયા છે પેટ જેમનાં એવા કેટલાક દીન વૃદ્ધો તથા કેટલાક બાળકોને તે મુનિએ ત્યાં જોયા. (૧૫)

માર્ગમાં વનના રસ્તે ચોરોએ જેમનું ધન લૂંટી લીધું છે અને તેથી નિર્ધન બનેલા અને ભૂખથી પીડાયેલા બ્રાહ્મણો તથા સાધુઓને તથા રોગિષ્ટ જનોને તે મુનિએ ત્યાં જોયા. (૧૬) પુષ્કળ ધન લેવા માટે જ મુદ્રાઓ આપનારા તે ગુગળી બ્રાહ્મણોએ કેટલાક સાધુઓ તથા નિર્ધનોને પીડિત દશામાં મૃતપ્રાય થયેલા જોયા. (૧૭)

અત્યંત દયાળુ અને દુઃખી જનોનું દુઃખ જોવા માટે અસમર્થ, છાપો લેવા માટે ઘણું કષ્ટ સહન કરતા જનસમૂહને જોઈને, તે મુનિ દુઃખ પામતા હતા. (૧૮) ત્યાંના ચારણો જેઓ ધન લેવાની ઈચ્છાથી અતિ નિર્દય થયા હતા તેમને જોઈને તે મુનિએ તે ગામને વનથી પણ ભયંકર અને અત્યંત દુઃખ આપનારું જાણ્યું. (૧૯)

ત્યાંના જનોને, નિર્દય, મૂઢબુદ્ધિવાળા, ઠગારા તથા વિષયાસક્ત લોભી જોઈને, મુનિ ખેદ પામ્યા. (૨૦) તે મુનિ શ્રીસહજાનંદના શિષ્ય છે અને તેથી અકિંચન છે એમ જાણીને છાપોઆપ નારા ધૂર્ત ચારણોએ તેમને આરાવણથી કાઢી મૂકયા. (૨૧) દેહ પડી જશે એવો જેને ભયજ નથી તેવા નિરાહારી, પ્રશાંત આત્મા, તે મુનિ તથા તેમના શિષ્ય દ્વારિકાધીશના દર્શન કરવા માટે ગયા. (૨૨)

દુષ્ટ મદાંધ અને ધનની ઈચ્છાવાળા ગુગળી બ્રાહ્મણોએ તે મુનિનો અત્યંત તિરસ્કાર કર્યો. દ્વારિકાધીશના દર્શન તેમને કોઈએ કરવા દીધા નહિ. (૨૩) પછી પોતાના શિષ્યો સહિત તે મુનિ કોઈ સ્થળમાં જઈને એકાગ્ર ચિત્તે દ્વારિકાધીશનું ધ્યાન કરવા લાગ્યા. (૨૪)

નિર્ભય, શાંત ઈન્દ્રિયો જેમની છે એવા, ભૂખ, તરસ, ટાઢ, તડકો વગેરે દ્વંદ્વોથી રહિત, અપરિગ્રહી સચ્ચિદાનંદ મુનિ તથા તેમના શિષ્ય તીર્થવાસી યાત્રિકોને આશ્ચર્ય પમાડતા ત્યાં રહ્યા. (૨૫)

ભાગવતોમાં શ્રેષ્ઠ સચ્ચિદાનંદમુનિ સમાધિ દ્વારા શ્રીકૃષ્ણનું ધ્યાન કરતા કરતા જાણે ચિત્રમાં ચિતરેલા હોય ને શું ? એમ સ્થિર થઈ ગયા હતા ! (૨૬)

તે પછી અત્યંત પ્રસન્ન થયેલા, વ્યાપક, સુંદર મંદહાસ્ય મુખવાળા, દ્વારિકાધીશ્વરે પોતાના પરિવારની સાથે સચ્ચિદાનંદમુનિને પોતાના દર્શન આપ્યા. (૨૭) દ્વારિકાધીશ્વરે સચ્ચિદાનંદમુનિને કહ્યું, 'હે ભક્તવર્ય ! હે મહીમતે ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. તમો ઈચ્છિત વર માગો. (૨૮)

એટલે સંતોમાં ઉત્તમ સચ્ચિદાનંદમુનિએ દ્વારિકેશને નમસ્કાર કર્યા અને પછી બંને હાથ જોડી તેમને વિનમ્રભાવે કહેવા લાગ્યા. (૨૯) હે અપાર ઐશ્વર્યશાળી ! હે કરુણા સાગર ! મને તમારા દર્શનથી હમણાં અત્યંત આનંદ પ્રાપ્ત થયો છે. હવે હું આપની પાસે શું યાચના કરું ?(૩૦)

તોપણ એક પ્રાર્થના છે જે હું તમોને કહું છું. હે વરદેશ્વર ! ભક્તોના દુઃખને નાશ કરનારા, તમારે તે પ્રાર્થના સ્વીકારવી. (૩૧)

હે દયાનિધે ! આલોકમાં અહીં ધનાઢ્ય પુરુષો યાત્રા કરી શકે છે. નિર્ધન તો સર્વ પ્રકારે યાત્રા નજ કરી શકે. આ પ્રમાણે મને જણાય છે. (૩૨)

ઉદ્ધવ સંપ્રદાયના સાધુઓ જે ધન-સ્ત્રીના ત્યાગી છે તે શ્રીસ્વામિનારાયણ ભગવાનના સાધુઓને અહીં યાત્રા કરવી તે અત્યંત દુષ્કર છે. (૩૩) દશ દિવસના મને ઉપવાસ થયા અને છતાં હું ગોમતી સ્નાન કરી શક્યો નથી. વળી તપ્ત મુદ્રાના ચિહ્નો પણ મેળવી શક્યો નથી. હે સત્પતે ! તમારા દર્શન તો હમણાંજ થયા. (૩૪)

મારા શિષ્યો તો દશ દિવસના ઉપવાસથી મૃતપ્રાય થયા છે. માટે પ્રથમ તેમને તમો તમારા દર્શન આપો અને તેમની પીડા શાંત કરો. (૩૫)

તે સર્વને તમારા દર્શન આપ્યા પછી, તમારા પ્રતાપથીજ જેની ધીરજ ટકી શકી છે. એવા મારા વચન તમો સાંભળો. પછી જેવી તમારી ઈચ્છા હોય તે પ્રમાણે તમો કરજો. કારણ કે, તમો તો મહેશ્વર છો. (૩૬)

હે પ્રભો ! દુર્જનોના ઉપદ્રવવાળા આ સ્થાનમાં મારા ગુરુબંધુ સાધુઓને તમારા દર્શન, દુઃખ વેઠવા છતાં પણ, નહિ થઈ શકે એવો મારા મનમાં વિચાર થાય છે. (૩૭) હે પ્રભો ! એ પ્રકારના આ સ્થાનમાં તો મારા ગુરુબંધુઓથી યાત્રા નહિજ થાય. માટે તેમને જેવી રીતે યાત્રા થાય તે પ્રમાણે તમારે કરવું. (૩૮)

આવી રીતે મુનીન્દ્રે પ્રાર્થના કરી તેથી મંદહાસ્ય મુખવાળા દ્વારિકેશ્વર મીઠી વાણીથી મુનિને પ્રસન્ન કરતા કહેવા લાગ્યા. (૩૯)

હે મુને ! તમોએ જે કહ્યું તે યથાર્થ છે હું જાણું છું. ધન તથા સ્ત્રીના ત્યાગીઓ તમારા સંતોને અહીં યાત્રા ન થાય. (૪૦)

હે વિદ્વન્ ! સ્ત્રીઓ તથા સ્ત્રીઓનો સંગ કરનારા, દ્રવ્યને ઈચ્છનારા, અધર્મના કુળથી ગ્રસ્ત, કામથી વ્યાકુળ ચિત્તવાળા, જનો અહીં વસે છે. (૪૧) શાસ્ત્ર મર્યાદાનું જેમણે ઉલ્લંઘન કર્યું છે, લોકોના ભયથી રહિત, દીન જનોના જાણે શત્રુ હોય ને શું ? એવા તે લોકો હંમેશાં ધન પ્રાપ્તિ માટે લોકોને દુઃખ આપે છે. (૪૨)

હે મુને ! ક્રુર કર્મ કરનારા, ઉગ્ર, ત્યાગ કરવા યોગ્ય, એવા લોકોથી વ્યાપ્ત આ સ્થાનમાં રહેવું મને પણ ગમતું નથી. (૪૫) તેથી હે મુને ! સર્વ અવતારોના કારણ શ્રીહરિ જ્યારે અહીં પધાર્યા હતા ત્યારે મેં હર્ષપૂર્વક તેમને કહ્યું હતું. (૪૬)

હે હરે ! જ્યાં આપ તથા આપના એકાંતિક ભક્તોનો નિવાસ થાય તે સ્થાનમાં મને પણ નિવાસ આપશો. મારું આ વચન સાંભળીને શ્રીહરિએ મને કહ્યું હતું.(૪૭)

હે દ્વારિકેશ ! મારા સ્થાનમાં તમારી પ્રતિષ્ઠા હું જરૂર કરીશ. પછી શ્રીહરિએ વૃત્તાલય પુરમાં સુંદર મંદિર કરાવ્યું. (૪૮) હે મહામુને ! મારા સ્વરૂપ રૂપ શ્રીહરિએ લક્ષ્મીનારાયણની પ્રતિષ્ઠા વૃત્તાલયપુરના શોભાયમાન મંદિરમાં કરી છે. (૪૯)

માટે હે મહાયોગિન્ ! લક્ષ્મીનારાયણ રૂપ મારા સ્વરૂપમાં હું રહ્યો છું. આ પ્રમાણે તમો જાણો. (૫૦) હે મુને ! આ વાર્તા પ્રસિદ્ધ થાય તે માટે ઉત્સાહપૂર્વક અહીંના તીર્થો ગોમતી વગેરે સહિત હું તમારી સાથે ત્યાં આવીશ. (૫૧) તેથી વૃત્તાલયપુરના સર્વ ત્યાગીઓને તથા અન્ય મનુષ્યોને દ્વારિકાની (વરતાલમાં રહેલા દ્વારિકાધીશની) યાત્રા સુલભ થશે. (૫૨)

વૃત્તાલયપુરમાં હું મારા પાર્ષદો સહિત સદા બિરાજીશ. આ પ્રમાણે મુનિને હર્ષપૂર્વક કહીને દ્વારિકેશ તત્કાળ તે સ્થળમાંથી તિરોધાન થઈ ગયા. (૫૩)

દ્વારિકાપતિના દર્શનથી જેમની ભૂખ અને ગ્લાનિ અત્યંત નિવૃત્તિ પામી ગયા છે એવા તે મુનિવર સચ્ચિદાનંદ સ્વામી, પોતાના શિષ્યો સહિત પોતાની વાટ જોતા અને દુ:ખી થયેલા રામપ્રતાપ વગેરે કોશળ દેશના બ્રાહ્મણોને ગોમતીના સુંદર તટ ઉપર મળ્યા. (૫૪)

કોશળ દેશના તે બ્રાહ્મણો તથા મુનિઓ પોતપોતાનું વૃત્તાન્ત પરસ્પર કહીને તથા જમીને ભગવાનમાં આસક્તિવાળા, પોતાના મનોરથની સિદ્ધિથી શ્રીહરિનું સ્મરણ કરતા, તૈયાર થઈને ગોમતી તીરેથી તત્કાળ પ્રસન્નતા પૂર્વક ચાલ્યા. (૫૫)

કોશળ દેશના બ્રાહ્મણો તે મુનિમંડળ સહિત માર્ગમાં જ્યાં જ્યાં નિવાસ કરતા હતા, ત્યાં ત્યાં હંમેશાં રાત્રિએ સ્વપ્નમાં દ્વારિકાના તીર્થો તથા લક્ષ્મી સાથે આવતા શ્રીદ્વારિકાધિપતિને જોતા હતા. (૫૬)

આ પ્રકારના અદ્‌ભુત દર્શનથી આનંદ મગ્ન બની માર્ગમાં ચાલતા કોશળ દેશના બ્રાહ્મણો તથા તે મુનિ વગેરે કેટલાક દિવસે દુર્ગપત્તન પહોંચ્યા. અહીં શ્રીહરિના દર્શનથી આનંદ પામી સચ્ચિદાનંદ વગેરે શ્રીહરિને નમસ્કાર કરી પોતાનું સમગ્ર વૃતાન્ત યથાવત્ કહેવા લાગ્યા. (૫૭)

હે નરપતે ! આ પ્રમાણે તેમણે કહેલું સર્વ વૃતાન્ત સાંભળીને તેમણે કહ્યું તે અગાઉ પણ જે આ વૃતાન્ત જાણતા હતા. તે શ્રીહરિ આર્યશીલ, સમાધિનિષ્ઠ, મુનિવર સચ્ચિદાનંદની અત્યંત

પ્રશંસા કરતા તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયા. (૫૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં સચ્ચિદાનંદ મુનિએ દર્શન કરેલા દ્વારિકેશ્વર વર્ણન નામે બાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૨)



અધ્યાય ૨૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! ફાગણ માસમાં આવતા દ્વારિકેશનો પુષ્પ-દોલોત્સવનો ઉત્સવ શ્રીહરિએ વૃત્તાલયમાં કરવા ઈચ્છા કરી. (૧)

શ્રીહરિએ ત્યાગીઓ, અન્યભક્તો તથા સ્ત્રીભક્તો વગેરેને વૃત્તાલય જવાની આજ્ઞા આપી. (૨)

શ્રીહરિએ મંગળ પત્રિકાઓ લખી ચારે તરફ દૂતો મોકલી દેશાન્તરોથી પોતાના ભક્તોને વૃત્તાલય બોલાવ્યા. (૩)

તે રાત્રિએ સૂતેલા સંતોએ પણ સ્વપ્નમાં લક્ષ્મીની સાથે વૃત્તાલયમાં આવેલા દ્વારિકેશના દર્શન કર્યા. (૪)

તેથી તે સંતો સવારમાં ઊઠીને સ્વપ્નમાં જોયેલું સર્વ વૃત્તાંત શ્રીહરિને કહેવા લાગ્યા એ નિશ્ચયજ સત્ય છે એમ શ્રીહરિએ સંતોને કહ્યું. (૫)

પછી શ્રીહરિ ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાઈને પોતાના હજારો ભક્તોની સાથે સાતમને દિવસે દુર્ગનગરથી નીકળ્યા. (૬)

ગતિમાં શ્રેષ્ઠ લાલ અશ્વરાજ ઉપર બિરાજેલા અતિમૃદુલ, ડાબા હસ્તકમળની કોષરૂપી મુઠીમાં ચળકતી સુંદર લગામ ધારણ કરતા અને જમણા અતિ કોમળ હસ્તકમળની કોષરૂપી મુઠીમાં સુવર્ણની છડી ધારણ કરતાં, શ્વેત વસ્ત્રધારી મનોહર, સુંદર પુષ્પોના બનાવેલા તોરા તથા હાર ધારણ કરેલા ભાલાઓથી સજ્જ સોમ વગેરે ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ માર્ગમાં ચાલતા હતા. (૭)

તે સમયે ઉત્તમ વાહનોમાં બેઠેલા રામપ્રતાપ વગેરે શ્રીહરિના બંધુજનો તેમજ ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા તથા વર્ણીગણો અને સંતો, ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનની પાછળ ચાલતા હતા. (૮)

રથમાં બેઠેલી, શુદ્ધ ધર્મ પાળનારી, જયા વગેરે સ્ત્રીઓ પણ અતિ આનંદયુક્ત બની, જેમ

ભાગ્યશાળીની પાછળ સંપત્તિ જાય તેમ, શ્રીહરિની પાછળ ચાલતી હતી. (૯)

માર્ગમાં ચાલતા પોતાના આશ્રિત ભક્તજનોના ગામોમાં રહેતા અને ત્યાંના ભક્તોની અતિ હર્ષપૂર્વક સેવા સ્વીકારતા, શ્રીહરિ એકાદશીને દિવસે સાંજે વડતાલપુરમાં પધાર્યા. (૧૦)

પછી વાજિંત્રોનો ઘોષ કરતા, સન્મુખ આવેલા પુરના સમગ્ર જનો કુબેરજી તથા જોબન પગી વગેરેએ શ્રીહરિનું સન્માન કર્યું. એ રીતે શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે મશાલોના પ્રકાશથી શોભતા અને સત્પુરુષોએ સેવેલા આ પુરમાં પ્રવેશ કરતા હતા. (૧૧)

પોતાના બંધુઓ તથા પાર્ષદો તેમજ ઉત્તમરાજા વગેરેની સાથે શ્રીહરિએ તે સુંદર મંદિરમાં નિવાસ કર્યો. બીજા ભક્તજનોને યથાયોગ્ય ઉતારો આપ્યો. (૧૨)

શ્રીહરિની સેવામાં ઉત્સાહવાળા પુરના ભક્તો શ્રીહરિની નિરંતર યથાયોગ્ય સેવા કરતા હતા. શ્રીહરિ પણ વચનરૂપી સુધારસથી પોતાના ભક્તોને તૃપ્તિ પમાડતા અને તે ભક્તોને સુખ આપતા આ પુરમાં રહ્યા. (૧૩)

હે રાજન્ ! પછી સત્પુરુષોમાં શ્રેષ્ઠ મુક્તાનંદમુનિ વડોદરામાં વાદિગણોને જીતીને વડોદરાના નિવાસી નાથજીત વગેરે જનસમુદાયની સાથે અહીં આવ્યા. (૧૪)

પછી સાધુ વત્સલ શ્રીહરિ મુક્તાનંદ મુનીન્દ્રને અતિ સ્નેહથી બાથમાં ભીડીને મળ્યા. તેમજ મુક્તાનંદમુનિની સાથે આવેલા સંતોને પણ તે પ્રમાણે ભેટ્યા. (૧૫)

હે રાજન્ ! પ્રસન્ન થયેલા સ્વયં શ્રીહરિએ મુક્તાનંદમુનિને તથા સંતોને ગળામાંથી હાર ઉતારીને આપ્યા, તેમજ પોતાની પ્રસાદીના ભોજન પણ આપ્યા. (૧૬) પછી વટપત્તનમાં બનેલું સર્વ વૃતાંત તથા પૃથ્વી પતિ સયાજીમહારાજાનો શ્રીહરિ વિષેનો અત્યંત ભાવ વગેરે હકીકતો શ્રીહરિને મુનિરાજ મુક્તાનંદે કહી. (૧૭)

તે રાજાને શ્રીહરિના દર્શન કરવાની ઘણીજ ઉત્કંઠા છે. તે પણ મુક્તાનંદમુનિએ શ્રીહરિને કહ્યું અને પોતાના પુરમાં પધારવા માટેનું રાજાનું નિમંત્રણ કહ્યું. (૧૮) વડોદરામાં જોયેલું શ્રીહરિના ઐશ્વર્યની સ્મૃતિથી જેમના નેત્રોમાં પ્રેમના અશ્રુ આવ્યા છે. તે મુક્તાનંદ મુનિને શ્રીહરિએ સમાચાર પૂછ્યા. પોતાનામાં જ અત્યંત આસક્ત મનવાળા મુક્તાનંદમુનિ તથા અન્ય સાધુઓને આ પ્રમાણે શ્રીહરિએ સુખી કર્યા. (૧૯)

દ્વારિકાધીશ લક્ષ્મીનારાયણને જોઈને ત્યાગીઓ તથા ગૃહસ્થો અતિ આનંદ પામ્યા. (૨૦) ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો વૃંદાવન વિહારી તેમજ શ્રીહરિકૃષ્ણ મહારાજના તથા ભક્તિ, ધર્મ તથા હરિકૃષ્ણના દર્શન કરી અત્યંત હર્ષ પામ્યા. (૨૧)

આ પુરમાં આવેલા સર્વ ગૃહસ્થોએ પણ સર્વ ત્યાગીઓની જેમ સ્વપ્નમાં આ પુરમાં આવેલા પ્રકાશમાન દ્વારિકેશ્વરને જોયા. (૨૨)

તેથી વિસ્મય પામેલા ભક્તજનો લક્ષ્મીનારાયણને દ્વારિકાધીશ્વરના સ્વરૂપે જોતા હતા. વિસ્મય પામેલા તે ભક્તજનો લક્ષ્મીનારાયણને દ્વારિકાધીશ્વર જાણીને પોતાના અધિકાર પ્રમાણે સમગ્ર ઉપચારોથી તેમનું પૂજન કરતા હતા. (૨૩)

તે ભક્તજનો શ્રીહરિકૃષ્ણ મહારાજની તેમજ અન્ય મૂર્તિઓની વસ્ત્રો તથા વિભૂષણો વગેરે ઉપચારોથી ભક્તિપૂર્વક યથા યોગ્ય પૂજા કરતા હતા. (૨૪)

આવી રીતે દ્વારિકાધીશ દ્વારિકાથી પોતાના આગમનની લીલા બતાવતા હતા. પરંતુ લક્ષ્મીનારાયણથી તે જુદા નથી. (૨૫)

હે ભૂપતે ! દયા સાગર શ્રીમાન્ દ્વારિકેશ્વર જ્યારે અહીં આવ્યા ત્યારે તેમનો સર્વ પરિવાર પણ તેમની સાથે આવ્યો. (૨૬) તે સમયે દ્વારિકામાં રહેલા ગોમતી વગેરે સર્વ તીર્થો પણ આ વૃત્તાલયમાં આવ્યા. (૨૭)

પછી ભક્તોનો આનંદ વિસ્તારતા અનુપમ ઐશ્વર્ય, વીર્ય, તેજ, બળ વગેરે ગુણોના સમુદ્ર સકળ અવતારોના કારણ, પોતાના જનોનું હિત કરવામાં નિપુણ, સ્વામિનારાયણ શ્રીહરિએ પોતાના સમગ્ર જનોને સુખી કરવા માટે પોતાના શિષ્યો પાસે વિવિધ પ્રકારની મૂલ્યવાન સામગ્રીઓથી દ્વારિકાધીશ્વરનો દોલોત્સવ પ્રીતિપૂર્વક કરાવ્યો. (૨૮)

પ્રભુ શ્રીહરિ મુનિઓની પંકિતમાં વારંવાર ફરતા તથા તેમને ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય વગેરે સુંદર ભોજન પીરસીને તે સાધુઓ તથા પાર્ષદોને અત્યંત તૃપ્ત કરતા હતા. (૨૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીહરિનું વૃત્તાલયમાં આગમનનું વર્ણન કર્યું એ નામે ત્રેવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૩)



અધ્યાય ૨૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સભામાં બિરાજેલા ભક્તપ્રિય શ્રીહરિ કહે છે, હે ભક્તો ! દ્વારિકાધીશ પોતાની પત્ની, પાર્ષદ વગેરે પરિજનો સહિત તેમજ સર્વ તીર્થો સહિત અહીં આવ્યા છે. એમ તમો જરૂર જાણો. (૧-૨)

તે સમયે તે ભક્તો હર્ષપૂર્વક બંને હાથ જોડીને શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. હે પ્રભો ! આપની કૃપાથી અમોએ તે પ્રત્યક્ષ જોયું છે (૩) માટે આપે કહેલું આ સર્વ જરૂર સત્ય જ છે. તેમની આવી વાણી સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિએ ફરીથી તેમને કહ્યું. (૪)

હે ભક્તો ! અહીં આવેલા દ્વારિકેશ સાથે, જેમ રાજાનો પરિવાર ભૃત્ય વગેરે રાજાને અનુસરે છે તે પ્રમાણે દ્વારિકેશનો પરિવાર સાથે આવ્યો છે. માટે આ વૃત્તાલયમાં દ્વારિકેશ પોતાના પરિવાર સહિત વસે છે. (૫)

હે ભક્તો ! માટે આ પુરી નિશ્ચય દ્વારિકા છે એમ તમો જાણો. તેથી આ પુરીમાં યાત્રાએ આવનાર આપના ભક્તજનોને દ્વારિકાની યાત્રા જરૂર સિદ્ધ થશે. (૬) હે ભક્તો ! ગોમતી પણ અહીં પ્રગટ થવા અત્યંત ઉતાવળ કરે છે. માટે થોડું બાકી રહેલું તે સરોવર પણ આપણે તત્કાળ પૂર્ણ કરવું. (૭)

શ્રીહરિને પ્રસન્ન કરવા માટે ઉદ્યમ કરતા તે ભક્તો શ્રીહરિનું આવું વચન સાંભળીને 'બહુ સારું, જેમ આપ કહો છો તેમ કરીશું.' એમ કહીને શ્રીહરિને પ્રણામ કરી આદરપૂર્વક શ્રીહરિનું વચન શિરે ધરતા હતા. (૮)

પછી શ્રીહરિ પોતના પાર્ષદ નાજાને પોતાનો અશ્વ લાવવા માટે અંગુલી નિર્દેશની સંજ્ઞાથી આજ્ઞા કરવા લાગ્યા. (૯) શ્વેત વસ્ત્રધારી, પુષ્પોના હાર તથા તોરા ધારણ કરતા શ્રીહરિ પાર્ષદે આણેલા શણગારેલા અશ્વ ઉપર બિરાજમાન થયા. (૧૦)

પછી ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા, ચામર તથા છત્રથી વિરાજમાન, શ્રીહરિ વાજિંત્રોનો ઘોષ સાંભળતા સરોવર પ્રત્યે ગયા. (૧૧) તે સમયે હર્ષ પામેલા, ઘોડા ઉપર બેઠેલા શ્રીહરિના બંધુજનો વગેરે, શ્રીહરિના દર્શનમાં આસક્ત શ્રીહરિની સમીપે તત્કાળ ગયા. (૧૨)

લાખો ગૃહસ્થ ભક્તો, હજારો ત્યાગીઓ વગેરે શ્રીહરિનો યશગાતા શ્રીહરિની આગળ પાછળ ચાલવા લાગ્યા. (૧૩) તે સમયે નાગાર્જુન વગેરે બંદિજનો ભક્તિપૂર્વક ધર્મદેવથી જેમનો જન્મ છે એવા અનવધિકાતિશય ઐશ્વર્યવાળા આશ્ચર્યજનક અને સમગ્ર જગતને પવિત્ર કરનારો શ્રીહરિનો અનુપમ યશ ગાતા હતા. (૧૪)

માર્ગમાં ભક્તજનોની અત્યંત ભીડ જોઈને શ્રીહરિ પોતાના અશ્વને ધીરે ધીરે ચલાવતા આ સરોવરના કિનારે (ગોમતીના કિનારે) પહોંચ્યા. (૧૫)

આંબાના વૃક્ષોની પંક્તિથી શોભાયમાન, વિવિધ પ્રકારના અન્ય ફળ તથા પુષ્પોવાળા વૃક્ષોથી યુક્ત અને તેથી મનોહર લાગતું. (૧૬) પોપટ, કોયલ વગેરે વિવિધ પ્રકારના પક્ષીઓના નાદ તેમજ ચંચળ વૃક્ષોના નવપલ્લવોથી શ્રીહરિને જાણે તે કિનારો બોલાવતો હોય ને શું ? (૧૭)

પછી શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરીને આ શોભાયમાન તટ ઉપર પાર્ષદે ગોઠવેલા સુંદર સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૧૮) તેમની બંને બાજુએ તેમના બંધુજનો યથાયોગ્ય બેઠા. મુક્તાનંદ વગેરે કેટલાક મોટા મુનિઓ પણ તેમની યોગ્યતા પ્રમાણે બેઠા. (૧૯)

અનેક પ્રકારના શસ્ત્રો ધારણ કરનારા શૂરવીરો સાવચેત અને ક્રિયા કરવામાં તત્પર શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વર્તનારા, પાર્ષદોની પાછળ ઊભા રહ્યા. (૨૦)

પછી લાખો ગૃહસ્થો તેમજ બીજા હજારો ત્યાગીઓ, શ્રીહરિની પ્રસન્નતા માટે પ્રીતિપૂર્વક તળાવ ખોદવાનું કામ કરવા લાગ્યા. (૨૧) ઊંચા સ્વરથી સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરતા, પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શન કરતા, સરોવર ખોદતા તે સર્વ પ્રસન્ન ચિત્તથી તે સરોવર ખોદવા લાગ્યા. (૨૨)

શ્રીહરિની પ્રસન્નતા ઈચ્છતા તે ભક્તજન સમૂહ ટોપલા ભરીને ધૂળ બહાર કાઢતા હતા. (૨૩) તે સમયે તળાવ ખોદતા તે ભક્તોના મુખમાંથી શ્રીહરિના નામનો મહાન ધ્વનિ સર્વ અશુભની શાંતિ કરતો બધી દિશાઓમાં વ્યાપી ગયો. (૨૪)

હે રાજન્ ! તે સમયે ભક્તજનોને વિસ્મય પમાડતી શ્રીહરિની ઈચ્છાથી આકાશવાણી થઈ. (૨૫)

હે હરે ! હે સત્પતે ! આ સરોવરની અંદર રહેલી મને જલ્દી જળ પ્રાપ્ત કરી બહાર પ્રગટ કરો. (૨૬)

આ પ્રકારની આકાશવાણી સાંભળીને આશ્ચર્ય યુક્તબનેલા ભક્તો શ્રીહરિને કહેવા લાગ્યા. હે પ્રભો ! આ પ્રૌઢ વાણી કોની છે ? તે અમોને આપ કહો. (૨૭) આ પ્રકારે જાણવા ઈચ્છતા ભક્તજનોનું વચન સાંભળી, જેના મુખ કમળમાં મંદ હાસ્ય સ્ફુરાયમાન છે એવા, શ્રીહરિ તેમને આનંદ પમાડતા કહેવા લાગ્યા. (૨૮)

હે ભક્તો ! સ્વયં દ્વારિકાધીશ્વર જ્યારે અહીં આવ્યા ત્યારે દ્વારિકાધીશ્વરની સાથે દ્વારિકાથી ગોમતી પણ આવ્યા છે. (૨૯) તે ગોમતી આ સરોવરની પૃથ્વીની અંદર જળરૂપે રહી છે. બહાર આવવાની તેની તીવ્ર ઈચ્છા હોવાથી તે અતિ ઉતાવળ કરે છે. (૩૦)

માટે ગોમતી અદૃશ્ય રૂપે આકાશવાણી સ્વરૂપે બોલે છે. માટે સર્વે ભક્તો આ સરોવરમાં તત્કાળ વાવના આકારે ખાડો ખોદો. (૩૧) તેમની સમીપે બેઠેલા ભક્તો શ્રીહરિની આ વાણી સાંભળીને પ્રસન્ન થઈ, તળાવ ખોદતા ભક્તજનોની સમીપે જઈ તે ભક્તજનોને કહેવા લાગ્યા. (૩૨)

હે રાજન્ ! શ્રીહરિની પ્રસન્નતા માટે એકચિત્ત બનેલા તે ભક્તોએ આદરયુક્ત થઈ ફક્ત

બે જ મુહૂર્તમાં વાવ ખોદીને પૂરી કરી. (૩૩) પછી જેના હાથમાં કોદાળો છે એવા ભીમ પાર્ષદે શ્રીહરિની આજ્ઞાથી વાવમાં જઈ કોદાળાનો પ્રહાર કર્યો. (૩૪)

એટલે તે વાવમાંથી તત્કાળ જળનો પ્રવાહ નીકળ્યો. ચારેય તરફ તત્કાળ પ્રસરતો તે પ્રવાહ જોઈ ખોદનારા ભક્તો તત્કાળ વાવના કાંઠા ઉપર આવ્યા. (૩૫) પૂર્વે જેમ ગાંડીવ ધનુષ્ય વડે અર્જુને પૃથ્વીમાં બાણ ફેંક્યું ત્યારે તે પૃથ્વીમાંથી જળનો પ્રવાહ નીકળ્યો તેમ તત્કાળ જળનો પ્રવાહ ત્યાં વ્યાપી ગયો. (હંસ અને કારંડવોથી વ્યાપ્ત, ચક્રવાક પક્ષીઓથી શોભાયમાન, અત્યંત વિસ્તૃત, સ્વચ્છ જળવાળું, પ્રફુલ્લિત કમળોવાળું, સરોવર ત્યાં દેખાવા લાગ્યું.) (૩૬)

તેવી રીતે વાવમાંથી નીકળતો જળ પ્રવાહ તત્કાળ સમગ્ર સરોવરમાં વ્યાપી ગયો. તેથી સરોવર પૂર્ણ થઈ ગયું. (૩૭) આ રીતે નીકળેલા ગોમતીના શ્વેતજળનો પ્રવાહ હિમાદ્રિથી પણ અધિક શ્વેત જણાયો. વળી બળદેવજી, શંભુ તથા મોતીઓ પણ તેની શ્વેતતા તુલ્ય થયા નહિ. (૩૮)

આ રીતે એકદમ નીકળેલા ગોમતીના આ પ્રવાહને જોઈ શ્રીહરિ આનંદ પામ્યા અને સર્વભક્તો પણ આનંદ પામ્યા. (૩૯) તે સમયે આકાશમાં રહેલો બ્રહ્માદિ દેવ સમૂહ શ્રીહરિના દર્શન કરતા ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિને તથા આ શોભાયમાન અતિશુભ ગોમતીને પુષ્પોથી વધાવવા લાગ્યા. (૪૦)

તે સમયે પવિત્ર કીર્તિવાળા શ્રીહરિની આગળ તેઓ વિવિધ પ્રકારના વાજિંત્રો વગાડવા લાગ્યા. દેવોના માર્ગરૂપ આકાશમાં વગાડેલા આ દુંદુભિનો ત્યાં પુષ્કળ નાદ થયો. (૪૧)

હે રાજન્ ! અતિ સુંદર, સ્વચ્છ જળવાળી, મંગળ કરનારી, શ્રીહરિના સ્પર્શને ઈચ્છતી આ ગોમતીને જોઈ ધર્મપુત્ર ભગવાન શ્રીહરિએ ઘણા મુક્તો, મુનિસમૂહ, પાર્ષદો, વર્ણિઓ, બંધુસમૂહ તથા ગૃહસ્થ ભક્તોની સાથે આ ગોમતીમાં સ્નાન કરવા તત્કાળ પ્રવેશ કર્યો. (૪૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં ગોમતી દર્શનનો ઉત્સવ નિરૂપણ નામે ચોવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૪)



અધ્યાય ૨૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ પોતાની અંજલીથી ભક્તજનો ઉપર વારંવાર જળ છાંટતા તે ભક્તોને આનંદ ઉપજાવતા ગોમતીમાં અતિસુંદર, દર્શનીય, અતિ

ઉત્તમ, જળક્રીડા કરવા લાગ્યા. (૧) ચળકતા ચંચળ બંને સુંદર નેત્રોથી પોતાના મુખકમળ તરફ જ જેમની દૃષ્ટિ છે એવા અતિ પ્રસન્ન થયેલા સમર્થ શ્રીહરિ તે ભક્તગણો પ્રત્યે ચારે તરફ દૃષ્ટિ કરતા ભક્તોની સાથે ગોમતીમાં વિહાર કરતા હતા. (૨)

શ્રીહરિ એકબીજા પાસે સુંદર જળ છંટાવતા અને પરસ્પર જળ છાંટતા પોતાના ભક્તોને જોઈને હસતા હસતા શીઘ્રતાથી તેમના સર્વ પ્રત્યે પાણીની અંજલીઓ છાંટતા તેમને વિસ્મય પમાડતા ગોમતીમાં પુષ્કળ ક્રીડા કરતા હતા. (૩) તે સમયે અત્યંત સુખના સ્થાન ભૂત, સ્વચ્છ જળના બિંદુઓથી દર્શનીય, જીતી છે હિમકણો સહિત પ્રફુલ્લિત પદ્મની શોભા જેમણે એવા, શ્રીહરિના મુખકમળને અતિ હર્ષપૂર્વક તે ભક્તોએ જોયું. (૪)

અતિશય કરુણામૃતરસથી ભીના, સારી રીતે જીત્યું છે ખંજન પક્ષીનું સુંદરપણું જેણે એવા, સુખકારી, શોભાયમાન, કટાક્ષ દૃષ્ટિ ફેંકતું, શ્રીહરિનું નેત્રયુગલ તે ભક્તો જોતા હતા. (૫) સમગ્ર અવતારના કારણ પ્રગટ શ્રીહરિ સ્વામિનારાયણના બંને ચંચળ હાથ વડે જળ છાંટવાની સર્વોત્તમ ચતુરાઈ જોઈને તે ભક્તો આશ્ચર્ય પામ્યા. (૬)

ઘાટા મેઘની માફક શ્રીહરિના સુંદર વિશાળ વક્ષઃસ્થળમાં જળબિંદુની અતિસુંદર, નિર્મળ અને ઉજ્જવળ પંક્તિ તે જાણે અત્યંત દર્શનીય હોઈ મોતીઓની સર્વોત્તમ માળાઓની જેમ શોભવા લાગી. (૭) નૂતન પલ્લવો સમાન શ્રીહરિના ઓષ્ઠમાં પડેલા સ્વચ્છ જળના બિંદુઓ ઉત્તમ પદ્મરાગ મણિથી જડેલા જાળીયામાં જાણે શ્વેત, નિર્મળ અને સૂક્ષ્મ સ્ફટિક મણિના ટૂકડાઓની જેમ અત્યંત શોભતા હતા. (૮)

તે સમયે શ્રીહરિના કર કમળ યુગલમાં સુવર્ણના કડા નહોતા. બંને ચરણોમાં ઝાંઝર પણ નહતા. શરીરમાં વિવિધ પ્રકારના ભૂષણો પણ નહતા. એ પ્રકારનું શ્રીહરિનું સુંદર શરીર અત્યંત શોભાયુક્ત જણાતું હતું. (સ્વભાવથીજ જે સુંદર હોય તેને આભૂષણની શોભાથી શું ?) (૯)

સુંદર જળ લીલાથી અધિક શોભતા, સમગ્ર કળાઓમાં અધિક કૌશલ્યવાળા, સુંદર સ્વભાવવાળા, અત્યંત મનોહર, શરીરની ચંચળતાથી વિશેષ શોભતા એવા શ્રીહરિના દર્શન કરીને ભક્તજનો તૃપ્તિ પામતા ન હતા. (૧૦)

મધુર ધ્વનિવાળા પોપટ, ચક્રવાક, કોયલ, જળકુકડી વગેરે પક્ષીઓના મધુર ધ્વનિ સાંભળતા શ્રીહરિ તે જળની પ્રશંસા કરતા પોતાના ભક્તજનોની સાથે હર્ષપૂર્વક રમતા હતા. (૧૧)

તે સમયે તે શોભાયમાન કિનારા ઉપર બેઠેલા મયૂરો શ્રીહરિને જોઈને અતિપ્રસન્ન થઈ નૃત્ય કરતા હતા. સમગ્ર પક્ષીઓ પણ શાંતિ પામી જાણે ચિતરેલા હોય ને શું ? એમ સ્થિર થઈ ગયા હતા. (૧૨)

તે સમયે આકાશમાં આવેલા ઈન્દ્ર, શંકર, બ્રહ્મા વગેરે અગણિત દેવો જળક્રીડા કરવાથી શોભતા શ્રીહરિના દર્શન કરીને અતિ આશ્ચર્યવત્ થઈ આનંદ પામ્યા. (૧૩) ઈન્દ્ર વગેરે દેવતાઓ નંદનવનના સુંદર પુષ્પોથી શ્રીહરિને વધાવવા લાગ્યા. શ્રીહરિના આ સ્વરૂપના દર્શન કરીને તે સમયે આનંદ પામેલા અપ્સરાના ગણો પણ આકાશમાં હર્ષપૂર્વક નૃત્ય કરવા લાગ્યા. (૧૪)

તે સમયે આકાશમાં આવેલા તુંબરુ વગેરે દેવતાઓના ગવૈયા હર્ષપૂર્વક સુંદર વાદ્યોના મધુસ્વરથી ગાન કરવા લાગ્યા. વળી ત્યાં આવેલા મુક્તસમૂહ પણ શ્રીહરિની સ્તુતિ કરતા હતા. (૫)

નારદ તેમજ સમય મહર્ષિઓ વિશ્વને પવિત્ર કરનારો, અનુપમ, અતિશુભ, ઉપનિષદોએ સ્તુતિ કરેલો શ્રીહરિનો યશ ગાવા લાગ્યા. (૧૬) સમગ્ર તીર્થો પણ ચારે તરફથી આવી, ભગવાન શ્રીહરિની સાથે ગોમતીમાં સ્નાન કરી, પ્રાયશ્ચિતોથી પણ નાશ ન પામે એવા દુસ્તર પાપીઓના પાપનો વારંવાર પોતાને થયેલા સંસર્ગથી પોતાને વળગેલા તે દૂરંત પાપનો ત્યાગ કરીને શરદઋતુના તારાની જેમ તત્કાળ પૂર્ણપણે શુદ્ધિ પામ્યા. અહો ! આ તો આશ્ચર્ય કહેવાય. (૧૭)

આવી રીત પુણ્યસાગર, સમગ્ર ઈશ્વરોના ઈશ્વર, સમગ્ર મુક્તોએ પૂજેલા, સમગ્ર અવતારના એક કારણ સમગ્ર કલેશ તથા પાપને હરનારું છે કીર્તન જેમનું એવા, શ્રીસહજાનંદ સ્વામી આ ગોમતીમાં પ્રીતિપૂર્વક વારંવાર જળક્રીડા કરતા હતા. માટે આ ગોમતી સંસૃતિના બંધનથી છોડાવનારી અને પાપથી મુકાવનારી બની છે. (૧૮)

હે રાજન્ ! ભારતદેશની ભૂમિમાં, તેમાં પણ વૃત્તાલયમાં અને વૃત્તાલયમાં પણ કળિના મેલને નાશ કરનાર ગોમતીના પવિત્ર જળમાં, નાસ્તિક અને અભક્ત પણ જો સ્નાન કરશે તો તે જનો પોતાનામાં પ્રવેશેલા બ્રહ્મરાક્ષસની વિપત્તિથી મુક્તિ પામશે અને તેઓ સર્વ તત્કાળ સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિરૂપી શુભગતિ પામશે. (૧૯)

હે રાજન્ ! પોતાના જળમાં સ્નાન કરનારાના નાશ પમાડ્યા છે પાપસમૂહ જેણે એવા આ ગોમતીના જળમાં જે જનોએ સ્નાન કર્યું છે તે જનો બ્રહ્મરાક્ષસની મહાપીડાથી મુક્ત થયા છે અને પોતાને ઈષ્ટ એવી અત્યંત સુખકર ગતિ પામ્યા છે. (૨૦)

હે રાજન્ ! આ ગોમતીના જળમાં સ્નાન કરવાથી જે જનોમાં ભૂતોએ પ્રવેશ કર્યો હતો તે સર્વજનો તત્કાળ ભૂતના આવેશથી મુક્ત થઈ ગયા અને સદ્ગતિ પામ્યા. અહીં જેણે સ્નાન કર્યું છે તેવા ભક્તોના શરીરમાં પ્રવેશેલા ભૂતો પણ સદ્ગતિને પામ્યા છે. વળી પ્રારબ્ધાનુંસાર જેમના દેહ પ્રાણવિયોગથી પડવાના હતા તે સર્વ પણ સંસારમાંથી મુક્તિ પામ્યા. (૨૧)

હે રાજન્ ! પોતાના આશ્રિતોના પાપ તથા દુઃખનેહરિ, સંસૃતિ હરનારા, ધર્મપુત્ર શ્રીહરિ, સ્વામિનારાયણ ભગવાને, આ ગોમતીમાં મુક્તો, સાધુઓ, પોતાના બંધુજનો, વર્ણીઓ પાર્ષદો,

ગૃહસ્થો તથા ભક્ત સમૂહની સાથે લાંબા સમય સુધી આવી રીતે હર્ષપૂર્વક ક્રીડા કરી પછી તીરે આવીને તત્કાળ શ્વેત વસ્ત્રો ધારણ કર્યા. (૨૨)

પછી શોભાયમાન છત્ર તથા સુંદર ચામરની શોભાથી શોભતા, માંગલિક વાદ્યોના ઘોષ સાંભળતા, સુંદર વક્ષઃસ્થળમાં હલતા પુષ્પના હાર જેમણે ધારણ કર્યા છે એવા, સ્વચ્છ ઉછળતા તોરાઓથી શોભતા શ્રીહરિ, અશ્વરાજ ઉપર બિરાજી પોતાના ભક્તજનોની સાથે મંદિરમાં પધાર્યા તેટલામાં સાયંકાળ તથા ભગવાનની આરતીનો સમય થયો. (૨૩)

હે રાજન્ ! પછી પોતાના અશ્વ ઉપરથી ઉતરીને ભક્તજનો સહિત શ્રીહરિ મંદિરમાં જઈને અંદર આવેલા પોતાના ભક્તજનોને લક્ષ્મીનારાયણ વગેરે દેવોની મૂર્તિના દર્શન કરવારૂપ ભક્તિ શીખવાડતા, તાળી વગાડી નામ સંકીર્તન કરતા હતા. પછી સભામાં આવી શ્રીહરિ અત્યંત કોમળ સિંહાસનમાં પોતાના જનોના વંદન સ્વીકારતા વિરાજમાન થયા. (૨૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીહરિકૃત ગોમતી સ્નાન લીલા નિરૂપણ નામે પચીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૫)



અધ્યાય ૨૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિએ સભામાં બેઠેલા સર્વ ભક્તો જેમના નેત્રો ફક્ત શ્રીહરિના મુખ કમળમાંજ સ્થિર થઈ ગયા છે. તે સર્વ ભક્તસમૂહને શ્રીહરિએ હાથની સંજ્ઞાથી બેસાડ્યા. (૧)

પછી ભક્તવત્સલ શ્રીહરિ પ્રીતિથી તેમને કહેવા લાગ્યા. હે જનો ! તમો સર્વ મારું કલ્યાણકારી વચન સાંભળો. (૨, ૩) હે ભક્તો ! સર્વ સુખ સદા જેમ ધર્મમાંજ રહે છે તેમ આ ગોમતીમાં દ્વારિકાથી સર્વ તીર્થો આવીને રહ્યા છે એમ તમે જાણો. (૪)

આ ગોમતીના પશ્ચિમ આરે પિંડારક તીર્થ છે. દક્ષિણ તરફના આરે રૂકિમણી હ્રદ નામનું તીર્થ છે. (૫) હે ભક્તો ! આ ગોમતીના ઉત્તર દિશાના આરે યજ્ઞવાટ નામનું પવિત્ર તીર્થ છે. (૬)

આ ગોમતીના મધ્ય ભાગમાં ચક્ર નામનું શુભ તીર્થ છે. ગોમતીની આગ્નેયી દિશામાં રૂકમવતી તીર્થ છે. (૭) વીરક તીર્થ ગોમતીના નૈઋત્ય ખૂણામાં છે. વાયુ કોણમાં કપાળમોચન

તીર્થ છે. (૮)

આ ગોમતીના ઈશાન કોણમાં અગત્સ્ય સરોવર એ શુભ તીર્થ છે આ ગોમતીમાં એવા બીજા ઘણા તીર્થો રહેલા છે. (૯)

હે ભક્તો ! આ સર્વ તીર્થો આ ગોમતીમાં રહેલા છે માટે જે ભક્તજનો આ ગોમતીમાં સ્નાન કરશે તે જનોના પાપ સર્વે નષ્ટ થઈ જશે. અને એ પ્રકારે નિષ્પાપ બનીને સર્વ તીર્થના સ્નાનનું ફળ તેઓ પામશે. (૧૦)

હે જનો ! જે મનુષ્યો આ ગોમતીમાં પિત્રિઓનું તર્પણ કરશે તે પિતૃતર્પણ કરનારાઓના પિત્રિઓ તૃપ્તિ પામી સદ્‌ગતિ પામશે. (૧૧)

બ્રહ્મચર્યવ્રતનું પાલન, અહિંસા, મુંડન, ઉપવાસ, બ્રાહ્મણ ભોજન, પિતૃકર્મ વિધાનરૂપી શ્રાદ્ધ, આ સર્વ વિધિ આ તીર્થોમાં કરવો. (૧૨) મનુષ્યોએ આ ગોમતીમાં પિંડદાન સહિત શ્રાદ્ધ કરવું. પિંડ સહિત શ્રાદ્ધ કરવાથી પિત્રિઓની અક્ષય અને ઉત્તમ ગતિ થશે. (૧૩)

જે મનુષ્યો આ ગોમતીમાં ચાતુર્માસની શયની એકાદશીથી આરંભીને પ્રબોધિની એકાદશી સુધી તેમજ કાર્તિક, માગશર તથા માઘ માસમાં નિયમપૂર્વક સૂર્યોદય પહેલાં સ્નાન કરશે તે મનુષ્યો પોતાનું ઈષ્ટ ફળ પામશે. (૧૪)

જે જનો આ કૃષ્ણના મંદિરમાં ભક્તિથી જપ કરશે તેઓની ફળસિદ્ધિ ઈચ્છા પ્રમાણે જરૂર થશે. (૧૫)

જે બ્રાહ્મણો આ મંદિરમાં ભાગવત વગેરે શાસ્ત્રોનું પુરશ્ચરણ કરશે તે ઈચ્છિત ભુક્તિ તથા મુક્તિ પામશે. (૧૬)

જે બ્રાહ્મણ ઉપવાસ કરીને આ મંદિરમાં ભાગવતનો પાઠ કરશે તે બ્રાહ્મણ ફક્ત એક જ પાઠથી પોતાને ઈચ્છિત ફળ જરૂર પામશે. (૧૭) જે મનુષ્યો લક્ષ્મીનારાયણ વગેરે દેવનું મહાપૂજન, પંચામૃતસ્નાન, મહાભિષેક, મહાનૈવેદ્ય, મહાનિરાજન સહિત મહાપૂજ કરશે, તે મનુષ્યો ગોલોકમાં ઉત્તમ સુખ પામશે. (૧૮)

ધન અને બળરહિત જે મનુષ્યો આ મંદિરમાં લક્ષ્મીનારાયણ વગેરે દેવોની ષોડશોપચારથી પૂજા કરશે. તે મનુષ્યો અક્ષય પુણ્ય જરૂર પામશે અને તે શ્રીહરિના ધામને પામશે. (૧૯) જે જનો અહીં સદ્ધર્મમાં નિષ્ઠાવાળા આ ઉદ્ધવ સંપ્રદાયના સંતો તથા બ્રાહ્મણોને શક્તિ પ્રમાણે ભોજન કરાવશે. તે જનો આ લોકમાં તથા પરલોકમાં સુખ પામશે. (૨૦)

જે આ ગોમતીમાં સ્નાન કરી લક્ષ્મીનારાયણ વગેરે દેવોના શુભ દર્શન કરશે તે જનો યમના

ભયથી મુક્ત થશે. (૨૧) જે જનો વૃત્તપુરીમાં આવી શક્તિ પ્રમાણે તીર્થવિધિ કરશે. તેઓને દ્વારિકાની યાત્રા અહીંથી જરૂર સંપૂર્ણ થશે. (૨૨)

આ પ્રકારે શ્રીહરિએ કહ્યું તેથી પ્રસન્ન થઈ તે સમગ્ર જનો પોતાના ઈષ્ટ ધર્મપુત્ર શ્રીસ્વામિનારાયણ ભગવાનને પ્રણામ કરવા લાગ્યા. (૨૩)

તે જનો દરરોજ પ્રાતઃકાળે આ ગોમતીમાં સ્નાન કરીને શ્રીલક્ષ્મીનારાયણના દર્શન કરવા ટોળેટોળા મળીને આવતા હતા. અને એ પ્રકારે દર્શન કરીને પાછા જતા હતા. (૨૪)

સંતો, ભક્તો અને ધર્મ એ આદિના રક્ષણમાં ચતુર શ્રીહરિ પોતાના આશ્રિતોની આ પ્રકારની ધર્મયુક્ત વિશુદ્ધ ભક્તિ જોઈ અત્યંત પ્રસન્ન થયા. (૨૫) ગોમતીમાં સ્નાન કરવામાં ઉત્સાહવાળા પોતાના બંધુઓ તથા સાધુ વૃન્દોની સાથે શ્રીહરિ આ ગોમતીમાં હંમેશાં પ્રાતઃકાળે સ્નાન કરતા અને પોતાના સર્વ ભક્તોને એ પ્રકારે અત્યંત સુખ આપતા તે ભક્તજનોની સાથે વૃત્તાલયપુરમાં એક માસ રહ્યા. (૨૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં ગોમતીતીર્થ વિધિ નિરૂપણ નામે છવ્વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૬)



અધ્યાય ૨૭ મો

માનસિંહ રાજા કહે છે :- હે મુને ! આગળના અધ્યાયોમાં ગોમતીમાં સ્નાન કરીને અભક્તો પણ બ્રહ્મરાક્ષસના કષ્ટથી તત્કાળ મુક્ત થયા છે. એ પ્રમાણે તમોએ કહ્યું. (૧) તેવા અતિ ઉગ્ર અને અતિ પાપી બ્રહ્મરાક્ષસો ગોમતી સ્નાન કરનારના દેહમાંથી નીકળીને તત્કાળ સદ્‌ગતિ પામ્યા. એ પ્રમાણે તમોએ જે આગળ કહ્યું છે. (૨) હે દયાસાગર ! એ વાર્તા તમારી પાસેથી હું સાંભળવા ઈચ્છું છું. માટે તમો તે મને યથાર્થ પણે કહો. (૩)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! આ ગોમતીમાં સ્નાન કરીને ઘણા મનુષ્યો બ્રહ્મરાક્ષસોના દુઃખથી તત્કાળ મુક્ત થયા છે અને થાય છે. (૪) જેના દેહમાં તે નિર્દય બ્રહ્મરાક્ષસોએ પ્રવેશ કર્યો છે તે જનોની સાથે તેઓ પણ, ગોમતીમાં સ્નાન કરવાથી, તત્કાળ તે સમયે (સ્નાન સમયમાં જ) તેમના શરીરમાંથી નીકળી નિશ્ચય સદ્‌ગતિ પામતા હતા. (૫)

તે પ્રકારના બ્રહ્મરાક્ષસોના વૃતાન્તો ઘણાં છે. તે તમામ વૃતાન્તો કહેવાનું શક્ય નથી. માટે એક જ વૃતાન્ત તમોને હું કહું છું. (૬) હે રાજન્ ! પૂર્વ દેશમાં ભૂપાલપુરમાં જનોને માન્ય ઋગાદિ

વેદો તથા શીક્ષાદિ વેદાંગોમાં પારંગત દેવશર્મા નામે બ્રાહ્મણ હતા. (૭)

સંધ્યાદિ ષટ્ કર્મો કરનાર વિદ્યા ભણાવવામાં પ્રસિદ્ધ, હંમેશાં વિષ્ણુની ભક્તિ કરતા, દેવો તથા પિત્રિઓનું તર્પણ કરતા. (૮) કર્મકાંડમાં અતિનિપુણ, દેવોના દર્શન કરવામાં આદરવાળા, ધનાઢ્ય અને રાજાએ સન્માનેલા, (૯) તે દેવશર્મા એક સમયે તેમને સભાસદોએ બોલાવ્યા તેથી પોતાના ઘણા શિષ્યોથી વીંટાઈને વિદ્વાન બ્રાહ્મણોની મહાસભામાં આવ્યા. (૧૦)

તેમને આવેલા જોઈને પંડિત બ્રાહ્મણોએ તત્કાળ ઊભા થઈ પ્રીતિપૂર્વક તેમને યથાયોગ્ય માન આપીને બેસાડ્યા. (૧૧) પછી તે વિદ્વાનો પરસ્પર શાસ્ત્રાર્થ કરવા લાગ્યા. તે સમયે બ્રાહ્મણ દેવશર્મા પ્રમાણ માટે શ્રુતિ બોલ્યા. (૧૨) એટલે માધવ નામના પંડિત બ્રાહ્મણે તે સભામાં તેમને આ પ્રમાણે કહ્યું, હે દેવશર્મન્ ! તમો આ શ્રુતિ અશુદ્ધ બોલ્યા, એમ કહીને કહ્યું કે, ''आपो वै खलु लीयन्ते लोकोऽसाविति'' આ પ્રમાણે શ્રુતિ છે. પરંતુ તમોએ ''आयो वै'' પકારના સ્થાને યકાર ઉચ્ચાર્યો તેથી તે અશુદ્ધ ઉચ્ચારણ છે. (૧૩)

માધવ પંડિતની આવી વાણી સાંભળીને તે દેવશર્મા ક્રોધથી વ્યાકુળ થઈ ગયા અને માન ભંગના ભયથી માધવ પંડિતનો તિરસ્કાર કરતા આ પ્રમાણે બોલ્યા. (૧૪) હે નીચ ! હે મૂઢ ! તમારા ઉત્કર્ષમાંજ તત્પર અને મદોન્મત્ત થયેલા તમો કયા ઉપનિષદની કઈ શાખાની તે શ્રુતિ છે તે ન જાણતાં શ્રુતિઓનું તત્વ જાણનારા અમારી આગળ મિથ્યા પ્રલાપ કરો છો. (૧૫)

માધવ પંડિત પણ ક્રોધથી વ્યાપ્ત થયા અને અત્યંત ક્રોધ કરીને કહેવા લાગ્યા, મેં સત્ય કહ્યું છે છતાં પણ એકદમ મૂઢ બની અવળું કેમ બોલે છે ? ''आपो वै खलु अमृतभ्यः मयामीयं भुज्यन्ते तवापि असावमृतोदक लक्षणो लोको भोग्यः'' એમ ભાષ્યમાં 'आप' શબ્દની ઉદકમાં લક્ષણા 'ઈતિ' પદના સંબંધથી છે. અને તેનો અર્થ જળ થાય છે. માટે પકારના સ્થાને યકાર, કેમ સંભવે ? માટે તમો જે બોલ્યા તે અશુદ્ધ જ છે. (૧૬) માનથી ઉત્પન્ન થયેલા, ક્રોધાગ્નિની જ્વાળાથી અતિશય બળતા, તે બંને પંડિતો દેવશર્મા તથા માધવશર્મા અરસપરસ કઠોરવાણી બોલતા હતા તેથી તેમની વચ્ચે મોટો કલેશ થયો. (૧૭) સભામાં બેઠેલા બ્રાહ્મણોએ તેમને વાર્યા છતાંપણ ક્રોધરૂપી અંધકારથી આવૃત ચક્ષુવાળા અને વૃદ્ધિ પામેલા, મદોદ્ધત તે બંને જેમ હાથીઓ પરસ્પર લડે તેમ વેરથી પાછા વળ્યા નહિ. (૧૮) સભામાં આ પ્રકારે બંનેના શબ્દોથી કોલાહલ થવાથી બુદ્ધિશાળી, સદ્‌ગુણી, મહાતપવાળા નીલકંઠ બ્રાહ્મણ કહેવા લાગ્યા. (૧૯) હે દેવશર્મન ! તમારો અન્યાયનો પક્ષ છે એમ જરૂર જણાય છે. આ માધવશર્મા શાસ્ત્ર પ્રમાણે કહે છે માટે તેનું કથન સત્ય છે. (૨૦) પંડિતવર્ય નીલકંઠ પંડિતે આ પ્રમાણે કહ્યું છતાં પણ નીલકંઠ પંડિતનું આ વચન અભિમાની દેવશર્માએ તેમનો અત્યંત તિરસ્કાર કરીને અવગણી દીધું. (૨૧) દેવશર્માના

આ પ્રકારના દુરાગ્રહથી સભામાં બેઠેલા પંડિતોને અત્યંત દુઃખ થયું. વિદ્વાનોમાં શ્રેષ્ઠ નીલકંઠ બ્રાહ્મણ પણ અપ્રસન્ન થયા. (૨૨)

પછી શાપરૂપી શસ્ત્રવાળા તે સર્વે બ્રાહ્મણો કલેશના આગ્રહવાળા માની અને ઉદ્ધત દેવશર્માને શાપ આપવા લાગ્યા. (૨૩) હે દેવશર્મન્ ! બ્રહ્મરાક્ષસની માફક અન્યાયનો આગ્રહ તમો નકામો કરો છો માટે તમો બ્રહ્મરાક્ષસ થાઓ. નીલકંઠ વગેરે પંડિતોએ આ પ્રમાણે તેને શાપ આપ્યો. (૨૪) પછી તત્કાળ દેવશર્મા બ્રાહ્મણ રાક્ષસની યોની પામ્યો. (તત્કાળ મરીને બ્રહ્મરાક્ષસ થયો.) પછી અદ્રિપુર તથા અન્ય શહેરો અને વાડીઓમાં તે ફરવા લાગ્યો. (૨૫) એક સમયે ઘોર વનમાં ફરતા તે ભયાનક બ્રહ્મરાક્ષસે શિવદત્ત નામના બ્રાહ્મણને એકલો આવતો જોયો. (૨૬) શિવદત્ત વેગથી આવતા કાળા સર્પને જોઈને ભયથી દોડતો પૃથ્વી ઉપર પડી ગયો. પછી શિવદત્ત બ્રાહ્મણને તે ક્રુર બ્રહ્મરાક્ષસ વળગ્યો. (૨૭) વિદ્વાન્ શિવદત્ત તે બ્રહ્મરાક્ષસની પીડાથી વિભ્રાન્ત થયો. ઘેર જઈને વાયુથી હણાયેલા વૃક્ષની જેમ તે તત્કાળ પડી ગયો. (૨૮)

તેને એ પ્રમાણે પડેલો જોઈ, રુદન કરતા તેના બંધુઓ અકસ્માત આ શું થયું ? શાથી થયું ? વગેરે વચનો ચિંતાતુર બનીને બોલવા લાગ્યા. (૨૯) પછી શિવદત્તમાં ભૂતનો પ્રવેશ થયો છે તે જાણીને શોક કરતા તેના બંધુઓ, મહા ઉપદ્રવની શાંતિ માટે તત્કાળ મંત્ર જાણનારાઓને બોલાવવા લાગ્યા. (૩૦) પછી તે માંત્રિકો શિવદત્ત બ્રાહ્મણને બેસાડીને મંત્રોનો પાઠ કરવા લાગ્યા. તે બ્રહ્મરાક્ષસ પણ માંત્રિકોની સાથે તેમણે ઉચ્ચારણ કરેલા મંત્રો બોલવા લાગ્યો અને તેમને કહેવા લાગ્યો. અહો ! મૂઢ આવા અશુદ્ધ મંત્રો કેમ બોલો છો ? (૩૧) મંત્રો જાણનારા તે બ્રાહ્મણોના સર્વ મંત્ર, તંત્ર ક્ષારભૂમિમાં વાવેલા બીજની જેમ તે બ્રહ્મરાક્ષસ પાસે વ્યર્થ ગયા. (૩૨) વિવિધ પ્રકારના અભિચાર કરનારા, અતિ પરાક્રમશાળી તે મંત્રવિદો, સિંહથી પાડાઓ જેમ ત્રાસ પામે તેમ, ત્રાસ પામીને ત્યાંથી તત્કાળ પલાયન થઈ ગયા. (૩૩) તે ભયંકર બ્રહ્મરાક્ષસની ઉપાધિ મંત્ર, તંત્રાદિથી નિવારણ થઈ શકે તેમ નથી, એમ જાણીને પ્રભાસ વગેરે યાત્રા સ્થળે બ્રાહ્મણોના કહેવાથી તેના બંધુઓ તીર્થયાત્રા કરવા વિચારવા લાગ્યા. (૩૪) તેથી તેના બંધુઓ તેને સાથે લઈને પૃથ્વી ઉપર ઘણા તીર્થોમાં ફરવા નીકળ્યા. પોતાના બંધુ શિવદત્તના આ મહાકલેશના નાશ માટે વિવિધ પ્રકારના યત્નો તે કરવા લાગ્યા. (૩૫)

તોપણ તેના દેહમાંથી તે દુષ્ટ બ્રહ્મરાક્ષસ નીકળ્યો નહિ. તેથી દુઃખી થયેલા તેના બંધુઓ બ્રહ્મરાક્ષસનો પ્રવેશ જેમાં છે તે શિવદત્તને સાથે લઈને અન્ય તીર્થોમાં ગયા. (૩૬)

આવી રીતે તીર્થોમાં તીર્થ કરતા તે બ્રાહ્મણો નૈમિષારણ્યમાં આવ્યા. ત્યાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણનારા મહામુનિ શતાનંદને તેઓએ જોયા. (૩૭) તે બ્રાહ્મણો આ મહર્ષિને નમસ્કાર કરી દીન બની તેમને કહેવા લાગ્યા. હે મહાબુદ્ધે ! આ બ્રાહ્મણને બ્રહ્મરાક્ષસ વળગ્યો છે. (૩૮)

એની પીડાની શાંતિ માટે અમોએ તેને લઈને તીર્થયાત્રા કરી તોપણ બ્રહ્મરાક્ષસ તેને મુક્તો નથી. (૩૯)

હે બ્રહ્મન્ ! શાસ્ત્રજ્ઞોમાં ઉત્તમ આ બ્રાહ્મણ બ્રહ્મરાક્ષસથી જે પ્રકારે મુકાય તે ઉપાય તત્વવિત્ તમો અમોને કહો. (૪૦)

આ રીતે તેમણે પ્રાર્થના કરી તેથી દયાથી કોમળ શતાનંદમુનિ સ્થિર નેત્રો કરી શ્રીહરિનું ધ્યાન કરી, માછલાઓ જેમ પાણીના ધરામાં ક્ષણવાર સૂઈને સ્થિર થાય તેમ સ્થિર થયા. (૪૧) પછી દીર્ઘ દૃષ્ટિવાળા, મહાતપસ્વી, તે મુનિ જાગ્રત થઈ તેમના શોકની શાંતિ કરતા તેમને આ પ્રમાણે સત્યવચન કહેવા લાગ્યા. (૪૨)

હે વિપ્રો ! આ બ્રહ્મરાક્ષસની પીડાની નિવૃત્તિ જે પ્રકારે થાય તે ઉપાય હું તમોને કહું છું તે તમો સાંભળો. (૪૩) સર્વ અવતારના કારણ, સર્વથીપર, અક્ષર બ્રહ્મ તેથી પણ પર પરબ્રહ્મ, સર્વ નિયામક, આ પૃથ્વી ઉપર ધર્મ અને ભક્તિથી પ્રાદુર્ભાવ પામ્યા હતા. (૪૪)

હે દ્વિજો ! તે પરમેશ્વર જીવોની આત્યંતિકી મુક્તિ કરવા અધર્મનું ઉચ્છેદન કરતા અને ધર્મનું સ્થાપન કરતા આ પૃથ્વી ઉપર ફરતા હતા. (૪૫)

આ પ્રકારે શ્રીહરિ પશ્ચિમ પંચાલ દેશમાં આવેલા દુર્ગપત્તન પહોંચીને પોતાના એકાંતિક ભક્તોની પ્રસન્નતા માટે ત્યાં નિવાસ કરતા હતા. (૪૬) મનુષ્યોના કલ્યાણ માટે તે શ્રીહરિએ વૃત્તાલયપુરમાં મંદિર રચી લક્ષ્મીનારાયણ વગેરે દેવોનું વિધિપ્રમાણે સ્થાપન કર્યું. (૪૭)

હે વિપ્રો ! દ્વારિકાધીશ પોતાના પરિવાર સહિત દ્વારિકાથી આવીને લક્ષ્મીનારાયણ દેવમાં રહ્યા છે. (૪૮) હે બ્રાહ્મણો ! દ્વારિકામાં રહેલા તીર્થોની સાથે ગોમતીપણ વૃત્તાલય નગરની સમીપે સરોવર રૂપે છે. (૪૯)

તે ગોમતીમાં સર્વ અવતારોના કારણ સ્વયં સ્વામિનારાયણ શ્રીહરિએ ભક્તજનોની સાથે ઘણી વખત સ્નાન કર્યુ છે. (૫૦) તેથી તે ગોમતીમાં જ આ બ્રાહ્મણ જ્યારે સ્નાન કરશે ત્યારે તે બ્રહ્મરાક્ષસથી તત્કાળ મુક્ત થશે. (૫૧)

તેમજ તેના દેહમાં પ્રવેશેલા અતિપાપી બ્રહ્મરાક્ષસ પણ ગોમતીના જળમાં સ્નાન કરશે તેથી તેની પણ સંસારમાંથી મુક્તિ થશે. (૫૨) શતાનંદમુનિનું આવું વચન સાંભળીને તે બ્રાહ્મણો તેમને પ્રણામ કરી પોતાનું કાર્ય સિદ્ધ થયું છે એવું માની, તે નૈમિષારણ્યમાંથી તત્કાળ નીકળ્યા. (૫૩, ૫૪)

પછી તે બ્રાહ્મણો લોકોને પૂછતા પૂછતા વૃત્તાલયપુર પહોંચ્યા. અને આ પુરની બહાર વિસ્તારવાળા ક્ષેત્રમાં રહ્યા. (૫૫) પછી તે બ્રાહ્મણો ગોમતીમાં સ્નાન કરવા જતા હતા ત્યાં માર્ગમાં શિષ્યો

સહિત ગોમતી સ્નાન કરવા માટે જતા માધવાનંદ મુનિને તેમણે જોયા. (૫૬)

તેથી તે બ્રાહ્મણો તે મુનિને નમસ્કાર કરીને તેમને કહેવા લાગ્યા. હે મુને ! આ બ્રાહ્મણ ઘણા પ્રકારના ઉપાયો કરવા છતાં બ્રહ્મરાક્ષસની પીડાથી મુક્ત થયો નથી. (૫૭) હે મહામુને ! ગોમતી સ્નાન કરવાથી આ બ્રાહ્મણ બ્રહ્મરાક્ષસના ઉપદ્રવથી તત્કાળ મુક્ત થશે કે તેમાં કાંઈ વિલંબ થશે તે અમોને કહો (નૈમિષારણ્ય ક્ષેત્રમાં એક ઋષિએ ગોમતી સ્નાનથી આ બ્રાહ્મણ બ્રહ્મરાક્ષસથી મુક્ત થશે એમ કહ્યું છે તે સાંભળીને અમો અહીં આવ્યા છીએ.) (૫૮)

તેથી માધવાનંદ મુનિ તેઓને કહેવા લાગ્યા. હે બ્રાહ્મણો ! જ્યારે સર્વ અવતારોના કારણ સ્વામિનારાયણ નામના શ્રીહરિનો તમો આશ્રય કરશો, (૫૯) અને શ્રીસ્વામિનારાયણે પાલન કરવા કહેલા અહિંસા આદિ નિયમોનું તમો પાલન કરશો, ત્યારપછી આ બ્રાહ્મણ ગોમતી સ્નાન કરશે તો બ્રહ્મરાક્ષસની પીડાથી તત્કાળ તે મુક્ત થશે. (૬૦)

આ સાંભળી તે બ્રાહ્મણો પ્રસન્ન થયા અને તે મુનિને કહેવા લાગ્યા. હે મુને ! પૂર્વના ભાગ્યથી કરુણાના સ્થાનભૂત તમો અમોને અહીં મળ્યા માટે અમોને નિયમો આપો. (૬૧) પછી તે બ્રાહ્મણો, તે મુનિને નમસ્કાર કરી, માધવાનંદમુનિ પાસેથી નિયમો ગ્રહણ કરીને, સ્નાન કરવાની ઈચ્છાથી આ પવિત્ર ગોમતી પ્રત્યે આવ્યા. (૬૨)

હે રાજન્ ! તે બ્રાહ્મણો જ્યારે ગોમતીના કાંઠે આવ્યા કે તરતજ બ્રહ્મરાક્ષસ ચીસ પાડીને તે બ્રાહ્મણના દેહમાંથી નીકળીને દૂર ઊભો રહ્યો. (૬૩) બ્રાહ્મણની આકૃતિવાળા બ્રહ્મરાક્ષસને જોઈ તે બ્રાહ્મણો ધ્રૂજી ગયા અને આ ગોમતીનો સર્વોત્તમ પ્રતાપ જાણવા લાગ્યા. (૬૪)

પછી તીર્થવિધિમાં નિપુણ તે બ્રાહ્મણોએ ગોમતીમાં સ્નાન કર્યું. સ્નાન કર્યા બાદ વસ્ત્રો ધારણ કરી દૂર ઊભા રહેલા બ્રહ્મરાક્ષસને તેઓ કહેવા લાગ્યા. (૬૫) હે બ્રહ્મરાક્ષસ ! તું ગોમતીમાં સ્નાન કેમ કરતો નથી ? બ્રાહ્મણોએ તે પ્રમાણે કહ્યું તેથી તે બ્રહ્મરાક્ષસ બોલ્યો. વરુણના સેવકો મને મારે છે અને ગોમતીમાં સ્નાન કરવા દેતા નથી. (૬૬)

હે બ્રાહ્મણો ! હું રાક્ષસ હોવા છતાં આ ગોમતીના પ્રતાપની બીકથી કંપું છું. આ ગોમતીમાં પ્રવેશ કરવા હું સમર્થ નથી. (૬૭) આવી રીતે તે ક્રૂર રાક્ષસે કહ્યું એટલામાં ત્યાં માધવાનંદ મહામુનિ આવ્યા. પછી માધવાનંદ મહામુનિને તે બ્રાહ્મણો બ્રહ્મરાક્ષસનું વૃતાન્ત કહેવા લાગ્યા. (૬૮)

પછી માધવાનંદમુનિએ તે બ્રહ્મરાક્ષસને ગોમતીના જળની અંજલિ દૂરથી છાંટી તેને અહિંસાદિ નિયમો ધારણ કરાવ્યાં તેથી વરુણના દૂતોએ તેને સ્નાન કરવા માટે રોક્યો નહિ અને તે બ્રહ્મરાક્ષસે ગોમતીમાં સ્નાન કર્યું. (૬૯)

ગોમતીના સ્નાન માત્રથી તેના સમગ્ર પાપ ધોવાઈ ગયા. અને તેથી તે બ્રહ્મરાક્ષસ મહાકાન્તિવાળો દેવનો દેહ પામ્યો. (૭૦) તે બ્રાહ્મણો તે બ્રહ્મરાક્ષસને, તેજના મંડળમાં પીતાંબર તથા સોનાના સુંદર ભૂષણો અને મુગટ ધારણ કરેલો જોઈ, વિસ્મય પામ્યા. (૭૧)

પછી દેવભાવને પામેલો તે બ્રહ્મરાક્ષસ તે બ્રાહ્મણોને આ પ્રમાણે કહેવા લાગ્યો. હે વાડવો ! શ્રીસ્વામિનારાયણ સમગ્ર અવતારોના પ્રાદુર્ભાવનું કારણ છે. (૭૨)

હે વિપ્રો ! પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણના સંબંધવાળી આ ગોમતીનો આવો પ્રતાપ તમો જાણો. આ ગોમતીમાં સ્નાન કરવાથીજ (નિયમ ધારણ કરી આ ગોમતીમાં સ્નાન કરવાથી જ) હું આ પાપરૂપ જન્મથી મુક્ત થયો છું. (૭૩)

માટે આ બ્રહ્માંડમાં વર્તતી આ ત્રિલોકીમાં આ ગોમતી સમાન કોઈ તીર્થ નથી. માટે મોક્ષની ઇચ્છાવાળા જનોને પતિતોને પણ પવિત્ર કરનારી આ ગોમતી સેવા કરવા યોગ્ય છે. (૭૪)

દેવભાવ પામેલો બ્રહ્મરાક્ષસ એ પ્રમાણે કહી, મુનિ માધવાનંદને સાષ્ટંગ પ્રણામ કરી, સર્વોત્તમ વિમાનમાં બેસી, અપ્સરાઓથી વીંટાઈને દેવોની સાથે સ્વર્ગમાં ગયો. તે બ્રાહ્મણો તે પ્રત્યક્ષ જોઈને વિસ્મય પામ્યા. (૭૫)

પછી અત્યંત પ્રસન્ન થયેલા તે બ્રાહ્મણો શ્રીસ્વામિનારાયણ છે બીજું નામ જેમનું એવા શ્રીહરિનો પરમ પ્રતાપ વર્ણવતા માર્ગમાં આવેલા શ્રીલક્ષ્મીનારાયણના સુંદર મંદિરમાં જઈ દર્શન કરવા લાગ્યા. (૭૬)

પછી ધર્મવંશના જનો, સાધુઓ, બ્રહ્મચારીઓ વગેરેને ભોજન કરાવીને તથા તેમનું પૂજન કરી તેઓ વૃત્તાલયપુરથી ચાલ્યા. એ પ્રમાણે કૃતાર્થ થઈ પોતાના પુરમાં પહોંચીને પોતાના ધર્મમાં રહી હંમેશાં તેઓ શ્રીસ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યા. (૭૭)

હે સુમતે ! હે નરેન્દ્ર ! તમોએ મને જે પૂછ્યું તે મેં તમોને સ્પષ્ટપણે કહ્યું, શ્રીહરિનો પ્રસંગ જેને વારંવાર પ્રાપ્ત થયો છે અને તેથીજ સમગ્ર પાપના સમૂહનો નાશ કરવાના પ્રતાપવાળી આ ગોમતી છે. (૭૮)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં ગોમતી સ્નાનથી બ્રહ્મરાક્ષસની પીડામાંથી બ્રાહ્મણની મુક્તિ થઈ તે નિરૂપણ નામે સત્તાવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૭)



અધ્યાય ૨૮ મો

માનસિંહ રાજા કહે છે :- હે મુનિરાજ ! જે જનો ગોમતીમાં ફક્ત સ્નાન કરવાથી જ ભૂતોના ઉપદ્રવથી મુક્ત થયા છે. તેમના વૃત્તાન્ત મને તમો વિસ્તારપૂર્વક કહો. (૧) માનસિંહ રાજાએ આ પ્રમાણે પૂછ્યું તેથી શુકાનંદમુનિ તેમના પ્રત્યે કહેવા લાગ્યા. હે રાજર્ષે ! આ ગોમતીમાં ફક્ત સ્નાન કરીને જ ઘણા જનો ભૂતથી મૂકાઈ ગયા છે એટલું જ નહિ પરંતુ તે ભૂતો પણ સદ્ગતિ પામ્યા છે. (૨)

તે સમગ્ર વૃતાન્ત સર્વ પ્રકારે કહેવા માટે શક્ય નથી. તેથી હું તમોને ફક્ત એકજ વૃતાન્ત કહું છું. (૩)

હે રાજન્ ! અમદાવાદ નિવાસી હરિશર્મા બ્રાહ્મણ કોઈ કાર્ય માટે રાત્રિએ એકાકી પોતાના નગરમાં નીકળ્યા. (૪)

પછી તે બ્રાહ્મણ પોતાના ઘર તરફ આવતો હતો એટલામાં ચોકમાં અજાણતા પગ નીચે કૂતરું દબાયું, તેથી કૂતરાને પીડા થઈ અને તે કૂતરાએ ભસવાનો ભયંકર અવાજ કર્યો. (૫) તેથી હરિશર્મા તે કૂતરો કરડશે તેવા ભયથી દોડવા લાગ્યો અને દોડતા દોડતા પડી ગયો. તેટલામાં તેના દેહમાં તત્કાળ આઠ ભૂતોએ પ્રવેશ કર્યો. (૬)

ઉપરાંત બે મોટા ભયંકર ભૈરવ વીર તે હરિશર્માને વળગ્યા. દશ ભૂતોના વળગાડથી હરિશર્મા ઘણી પીડા પામ્યો. (૭,૮) તેના દુઃખથી દુઃખી થયેલા તેના પિતા વગેરે તેના દુઃખના નાશ માટે માંત્રિકો તથા અન્ય લોકોએ બતાવેલા ઉપાયો કરવા લાગ્યા. (૯)

પરંતુ તેના દેહમાંથી તે બે વીર તથા ભૂતો ન નીકળ્યા. ઊલટાં દરરોજ તેને અત્યંત પીડા કરવા લાગ્યા. (૧૦)

તે પીડાથી કષ્ટ પામેલા તેના પિતા વગેરે તે મહાઆપત્તિની નિવૃત્તિ માટે હરિશર્માની સાથે પૃથ્વીના તળ ઉપર સર્વ તીર્થોની યાત્રા કરવા નીકળ્યા. (૧૧)

તો પણ તે બ્રાહ્મણ ભૂત તથા ભૈરવના કષ્ટથી મુક્ત ન થયો. તેથી તેના પિતા વગેરે અત્યંત શોકમગ્ન બની ગયા. (૧૨)

આવી રીતે શોક રૂપી સમુદ્રમાં ડૂબેલા તે બ્રાહ્મણો વિવિધ તીર્થોમાં ફરતા ફરતા શુભ બ્રહ્માવર્ત દેશમાં આવ્યા. (૧૩)

અહીં તે બ્રાહ્મણોને અત્યંત તેજસ્વી અને પ્રાર્થનીય સુવ્રત મુનિના દર્શન થયા. તેમને નમસ્કાર કરીને તેઓ આ પ્રમાણે તેમને કહેવા લાગ્યા. હે મહર્ષે ! આ બ્રાહ્મણ ભૂત ભૈરવના

દુઃખથી પીડાયેલો છે. (૧૪, ૧૫)

હે બ્રહ્મન્ ! તેથી અમોને પણ ઘણું દુઃખ થાય છે. તેની પીડાના નાશ માટે વિવિધ ઉપાયો કર્યા તથા તીર્થયાત્રા પણ કરી. (૧૬)

હે મહામતે ! તો પણ આ બ્રાહ્મણ ભૂતભૈરવના દુઃખથી મુક્ત થયો નહિ. માટે તમો તે પીડાના નાશનો ઉપાય કહો. (૧૭)

આવી રીતે તે ગરીબ બ્રાહ્મણોએ કહ્યું તેથી દયાર્દ્ર, કોમળ બુદ્ધિવાળા, દીર્ઘદર્શી સુવ્રત મુનિ ક્ષણવાર ધ્યાન ધરીને તે બ્રાહ્મણો પ્રત્યે પીડાનાશક વચન કહેવા લાગ્યા. (૧૮)

હે બ્રાહ્મણો ! ચારુત્તર દેશમાં વરતાલ નામનું પુર છે તેની સમીપે પાપના સમૂહને નાશ કરનારી ગોમતી છે. (૧૯)

સર્વ અવતારોના કારણ સ્વામિનારાયણ શ્રીહરિએ તેમના મુનિઓ વગેરેની સાથે તે ગોમતીમાં વારંવાર સ્નાન કર્યું છે. (૨૦)

તેથી તે ગોમતી જગતના સર્વ મનુષ્યોના પાપને ઉચ્છેદ કરવામાં પ્રતાપી છે. પૃથ્વી ઉપર ગોમતી સમાન કોઈ બીજું તીર્થ નથી. (૨૧)

આ હરિશર્મા ગોમતીમાં સ્નાન કરીને ભૂત ભૈરવની પીડાથી મૂકાશે. એ પ્રકારનું મુનિનું વચન સાંભળીને બ્રાહ્મણો સુવ્રત મુનિને પ્રણામ કરી આ વૃત્તાલયપુરમાં આવ્યા. (૨૨) હે નૃપતે ! પછી તે સમગ્ર બ્રાહ્મણો વૃત્તાલય નગરની બહાર ઉતરીને ઉત્સાહપૂર્વક સ્વચ્છ નીરવાળી ગોમતીમાં સ્નાન કરવા માટે આવ્યા. (૨૩)

હે ભૂપતે ! તે બ્રાહ્મણો જ્યારે ગોમતીના કાંઠે આવ્યા ત્યારે ગોમતીને જોઈનેજ ભૈરવો તથા ભૂતો ત્રાસ પામ્યા. (૨૪)

ભૈરવો તથા ભૂતો ચીચીયારી કરતા ચીસો પાડીને તે બ્રાહ્મણના અંગમાંથી નીકળીને દૂર ઊભા રહ્યા. (૨૫)

પછી આશ્ચર્ય પામેલા તે સર્વ બ્રાહ્મણો આ ગોમતીના માહાત્મ્યનું વર્ણન કરતા ગામતીમાં આદરપૂર્વક સ્નાન કરવા લાગ્યા. (૨૬)

પછી તે બ્રાહ્મણો, ભૈરવો તથા ભૂતો પ્રત્યે કહેવા લાગ્યા. હે ભૂતો ! ગોમતીમાં તમો કેમ સ્નાન કરતા નથી ? તેમનું આવું વચન સાંભળીને તે ભૈરવો તથા ભૂતો તેમના પ્રત્યે કહેવા લાગ્યા. (૨૭)

હે બ્રાહ્મણો ! અમો તમારી પાછળ સર્વ તીર્થોમાં આવ્યા હતા. પરંતુ આ દિવ્ય ગોમતીમાં

સ્નાન કરવા માટે અમો સમર્થ નથી. (૨૮)

તે સમયે ગોમતીમાં સ્નાન કરવા માટે જ્ઞાનવલ્લભાનંદ તથા સૂર્યાનંદ મુનિઓ તે વિપ્રોની સમીપે આવ્યા. પછી તે બ્રાહ્મણોએ પોતાનું સર્વ વૃતાન્ત જ્ઞાનવલ્લભાનંદ તથા સૂર્યાનંદમુનિને હર્ષપૂર્વક કહ્યું. (૨૯)

તેથી તે બંને મુનિઓમાં બુદ્ધિશાળી સૂર્યાનંદમુનિ તે બ્રાહ્મણોને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે ઉત્તમ બ્રાહ્મણો ! ભગવાને કહેલા ધર્મમાં જે રહેતા હોય તેજ આ ગોમતીમાં સ્નાન કરી ભૂતોના ઉપદ્રવથી તત્કાળ મૂકાય છે. આ બ્રાહ્મણ મહા આપત્તિથી મૂકાયો તે બહુ સારું થયું. (૩૦)

તે મુનિએ બ્રાહ્મણોને આ પ્રમાણે કહ્યું અને પછી તેમને સર્વ અવતારોના કારણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું માહાત્મ્ય કહ્યું. (૩૧)

પછી તે બ્રાહ્મણોએ શ્રીસ્વામિનારાયણને ભગવાન જાણીને તે મુનિ પાસે નિયમો લીધા અને શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. (૩૨, ૩૩)

પછી તે મુનિએ ભૈરવો તથા ભૂતો ઉપર ગોમતીનું પવિત્ર જળ છાંટી તેમને નિયમ ધરાવ્યા. ત્યારબાદ તેમણે આ ગોમતીમાં સ્નાન કર્યું. (૩૪)

ભૈરવો તથા ભૂતોએ ગોમતીમાં સ્નાન કર્યું. તેથી તેમના સર્વ પાપ ધોવાઈ ગયા અને પ્રેતપણાનો ત્યાગ કરી તત્કાળ દેવતાઓના દેહ પામ્યા. (૩૫)

પછી દેવો, ભૈરવો તથા ભૂતોને ઉત્તમ વિમાનોમાં બેસારીને અપ્સરાઓની સાથે સ્વર્ગમાં લઈ ગયા. હે રાજન્ ! આ પ્રકારે ભૂતગણો તથા અન્ય ભૈરવાદિ મહાવીરો આ ગોમતીના જળમાં સ્નાન કરીને સદ્‌ગતિ પામ્યા છે. (૩૬)

તે બ્રાહ્મણોએ વૃત્તાલયપુરમાં આવી લક્ષ્મીનારાયણ દેવની ભગવત્પ્રતિમાના દર્શન કર્યાં. અહીં તેમણે ધર્મવંશીઓને તથા સાધુઓ તેમજ વર્ણિઓને સુંદર ભોજનોથી અતિ તૃપ્ત કર્યા. પછી તેઓ પોતાના પુર શ્રીનગર પ્રત્યે ગયા. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં ગોમતીનું માહાત્મ્ય વર્ણન નામે અઠ્ઠાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૮)



અધ્યાય ૨૯ મો

માનસિંહ રાજા કહે છે :- હે મુને ! આ ગોમતીમાં સ્નાન કરીને જે જનો મુક્તિ પામ્યા તેમનું વૃતાન્ત જાણવાની મને ઈચ્છા છે. તો આપ તે મને કહો. (૧)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પૂર્વ દેશમાં આવેલા વિદ્યાનગરમાં વિખ્યાત કીર્તિવાળો કૃષ્ણશર્મા બ્રાહ્મણ રહેતો હતો. (૨) વેદશાસ્ત્રમાં પારંગત મંત્રવિત્, સત્યવાદી કોમળ અંતઃકરણવાળો, વ્રતધારી, પવિત્ર, વશ કરી છે ઈન્દ્રિયો જેણે, અતિ શોભાયમાન સ્વાભાવિક ગુણોના સ્થાનભૂત. (૩)

ગુરુ, અતિથિ તથા વૃદ્ધોની સેવા કરનારો, ગુણોમાં દોષનો આરોપણ નહિ કરનારો, યથાયોગ્ય સંભાષણ કરનારો, નિરહંકારી, સાધુતા યુક્ત, અદ્રોહી, (૪) સ્વધર્મનિષ્ઠ વાસુદેવની સદા ભક્તિ કરનારો, બુદ્ધિમાન, તિતિક્ષા, આસ્તિક્ય, સંતોષ, વિનય વગેરે ગુણોથી સંપન્ન. (૫)

પૂર્વજન્મના સંસ્કારથી બાળપણથી આરંભીને સર્વદા શ્રીહરિની ભક્તિ કરવામાં તત્પર, સાધુઓના પ્રસંગની અતિશય ઈચ્છાવાળો તે બ્રાહ્મણ હતો. (૬) સાધુ સમાગમ કરનારા સન્મતિવાળા તે બ્રાહ્મણને કાળે કરીને સાંસારિક સુખમાં અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન થયો. (૭)

અત્યંત ગુપ્ત અને તીવ્ર વૈરાગ્યવાળો, દીર્ઘદર્શી તે બ્રાહ્મણ એકાંત સેવી રહેલો શાંત મનથી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો. (૮) વિવિધ પ્રકારના કલેશોના સ્થાનભૂત અતિ ભયંકર આ સંસારમાં વારંવાર ભ્રમણ કરનારા મનુષ્યો ખરેખર મહાઆપત્તિ જ ભોગવે છે. (૯)

મનુષ્યોને સંસારમાં ભ્રમણ કરતા વારંવાર કુંભિપાકથી પણ અધિક દુઃખ ભોગવવું પડે છે. પંચવિષયના ઉપભોગ સમીપે તે વિષયો પ્રિય જણાય છે. પરંતુ વસ્તુતઃ તો તે કેવળ દુઃખ ઉત્પન્ન કરનારા છે. ફક્ત દુઃખ જ ઉત્પન્ન કરે છે એટલું નહિ પરંતુ વારંવાર સંસૃતિ પણ ભોગવાવે છે. (૧૦)

તેથી જન્મ, મૃત્યુ, જરા વગેરેનું તેમને અતિશય દુઃખ થાય છે. વળી કાળરૂપી વિકરાળ સર્પના ગ્રાસનો ત્રાસ પણ સંસૃતિમાં અનિવાર્ય છે. (૧૧) મનુષ્યોને નિર્દય યમદૂતો વિવિધ પ્રકારના આયુધોથી વારંવાર પીડા પમાડે છે અને યમપુરીમાં તામિસ્ર વગેરે નરકોમાં અત્યંત દુઃખ પમાડે છે. (૧૨) ઈન્દ્રામણાના ફળની માફક ઉપરથી રમણીય પરંતુ જેનાથી મહા આપત્તિ થાય છે એવા, સર્પની ફણાઓ સમાન વિષયના ભોગથી શું સુખ છે ? (સર્પની સુંદર દેખાતી ફણા જોઈ પાસે આવનારને જેમ દુઃખજ થાય છે, તેમ વિષયનું સેવન કરનારાઓને પણ અત્યંત દુઃખ જ થાય છે.) માટે દુઃસહ એવું એ દુઃખ મને ફરી ન થાય તેવો ઉપાય સંસારમાંથી મુક્તિ મેળવવા માટે મારે કરવો. (૧૩, ૧૪)

વળી પુત્ર વગેરે સમગ્ર સંબંધિઓ કેવળ પોતાના સ્વાર્થમાં જ રાચનારા, દ્રવ્ય હરનારા સર્વ ચોર સમાન છે. (૧૫) પ્રપંચમાં રુચિવાળા, ક્ષુદ્ર આનંદ આપનારા, અંતે શોક ઉત્પન્ન કરનારા એ સર્વે સંબંધિઓ અંતકાળે મારી શું સહાય કરશે ? કંઈપણ નહિ કરે. (૧૬)

દ્રવ્ય તેમજ આયુષ્ય વીજળીની માફક ચંચળ છે, તેવું શાસ્ત્રજ્ઞો કહે છે. તેવું આયુષ્ય દેહના સંબંધિઓની ઘણી સેવા કરવાથી વ્યર્થ ગયું છે. (૧૭)

માટે આ તુચ્છ ગૃહનો, સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે છે તેમ, ત્યાગ કરીને આનંદના સમુદ્ર રૂપ શ્રીહરિનું હું આરાધન કરીશ. (૧૮) ઘણા મહાત્મા સાધુઓનો પ્રસંગ તીર્થોમાં થાય છે. સંતોના પ્રસંગથી જ સંસારના પાશને છેદનારી શ્રીહરિમાં અત્યંત પ્રીતિ થાય છે. (૧૯)

મુમુક્ષુ કૃષ્ણશર્મા આ પ્રકારનો વિચાર કરી, ગૃહનો ત્યાગ કરી, તીર્થયાત્રા કરવાની ઈચ્છાથી મુમુક્ષુ બ્રાહ્મણોની સાથે પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. (૨૦) તે મુમુક્ષુ બ્રાહ્મણોની સાથે કાશી વગેરે તીર્થોમાં ફરતા કૃષ્ણશર્માએ પોતાનું કલ્યાણ કરવાનો ઉદ્યમ આદર્યો. પરંતુ મોક્ષનો ઉપાય મેળવી શક્યા નહિ. (૨૧)

હે રાજન્ ! મુમુક્ષુ બ્રાહ્મણોથી વીંટાયેલા બુદ્ધિમાન્ કૃષ્ણશર્મા આવી રીતે તીર્થયાત્રા કરતા કરતા વૃદ્ધ થઈ ગયા. એવે સમયે તેઓ આ વૃત્તાલયપુરમાં આવ્યા. (૨૨) બ્રાહ્મણ કૃષ્ણશર્માને અત્યારસુધીમાં કોઈપણ તીર્થમાં જે શાંતિ નહોતી થઈ તે શાંતિ વૃત્તાલયપુરમાં પ્રવેશ કરતાં જ તેમને પ્રાપ્ત થઈ. તેથી તે અત્યંત આશ્ચર્ય પામ્યો. તેને આ પ્રકારે શાંતિ થવાથી પોતાના અનુયાયી બ્રાહ્મણો પ્રત્યે તે આ પ્રમાણે બોલ્યો. (૨૩)

હે બ્રાહ્મણો ! આપણે પૃથ્વી ઉપર ઘણાં તીર્થોમાં ગયા, તો પણ તે તીર્થોમાં આવી શાંતિ આપણને પ્રાપ્ત થઈ ન હતી. (૨૪) માટે અહીં પ્રત્યક્ષ શ્રીહરિનું વિચરણ જરૂર હશે જ. જો એમ ન હોય તો આપણને આવી શાંતિ કેમ થાય ? (૨૫)

પોતાના અનુયાયી બ્રાહ્મણોની સાથે આવું ચિંતવન કરતો તે કૃષ્ણશર્મા ચાલતા ચાલતા મનોહર ગોમતી તટ પ્રત્યે આવ્યો. (૨૬) વિવિધ પ્રકારના વૃક્ષોથી શોભાયમાન, આ સ્થાન જોઈ કૃષ્ણશર્મા પ્રસન્ન થઈ તપશ્ચર્યાની ઈચ્છાવાળા તે બ્રાહ્મણો સહિત અહીં રહ્યો. (૨૭)

પછી તે બ્રાહ્મણોની સાથે કૃષ્ણશર્મા ગોમતીના જળમાં ત્રિકાળ સ્નાન કરતા હતા. સ્નાનના પૂણ્યથી તે બ્રાહ્મણોના સમગ્ર પાપ ધોવાઈ ગયા. (૨૮) પછી તે બ્રાહ્મણોએ શ્રાદ્ધવિધિ તથા તીર્થવિધિ શાસ્ત્રવિધિ અનુસાર કર્યા. પછી આ રમણીય ગોમતી તટપરના પોતાના નિવાસસ્થાનમાં આવી શ્રદ્ધાપૂર્વક ઉપવાસ કરી ત્યાં રાત્રિ રહ્યા. (૨૯)

તે બ્રાહ્મણોમાં વૃદ્ધ થયેલા મુખ્ય કૃષ્ણશર્માને કાળજવરની પીડા લાગુ પડી તેટલામાં સંજાયા

ગામના શ્રીહરિકૃષ્ણ ભગવાનના ગુણવાન બ્રાહ્મણ ભક્ત અંબારામ તેની સમીપે આવ્યા. (૩૦) અંબારામ બ્રાહ્મણે તેમનું વૃત્તાંત પૂછ્યું અને પછી તેમને શ્રીહરિનો દઢ આશ્રય કરાવીને ભક્ત અંબારામે સંસાર જાળનો નાશ કરનારા શ્રીહરિના ભજનમાં તેમને જોડી દીધા. (૩૧)

ઈષ્ટ શ્રીહરિકૃષ્ણને ભજતા કૃષ્ણશર્મા નિત્ય ગોમતીના જળમાં સ્નાન કરતા હતા. તેમજ સમગ્ર પીડાહારી દેવમૂર્તિઓના મંદિરમાં દર્શન કરતા હતા. (૩૨)

શ્રીહરિની પ્રાપ્તિ માટે જેણે ચિત્તને એકાગ્ર કર્યું હતું અને ભક્તિપૂર્વક જે હંમેશાં શ્રીસ્વામિનારાયણનું નામોચ્ચારણ કરતા હતા. તે કૃષ્ણશર્મા થોડા દિવસોમાં મૃત્યુ પામ્યા. (૩૩)

તે સમયે તેના અનુયાયી બ્રાહ્મણો દિવ્ય વિમાનોની પુષ્કળ પંક્તિ જોવા લાગ્યા. તેમજ તે વિમાનોમાં બેઠેલા સૂર્યસમાન પ્રકાશવાળા હજારો મુક્ત સમૂહને પણ જોવા લાગ્યા. (૩૪) તે વિમાનોના મધ્ય ભાગમાં એક અદ્‌ભુત વિમાનમાં તેજપુંજમાં વિરાજમાન કરોડો કામદેવને મોહ પમાડનારા ઈશ્વરોના પણ ઈશ્વર શ્રીસ્વામિનારાયણ ભગવાનના તે દર્શન કરવા લાગ્યા. (૩૫)

પછી તે બ્રાહ્મણો મૃત્યુ પામેલા તે કૃષ્ણશર્માને મણિઓથી સ્ફુરાયમાન સુવર્ણના સુંદર આભૂષણોવાળા, પીતાંબરધારી, રત્નજડિત સુંદર મુગટવાળા, સૂર્યના સમાન દેપીપ્યવર્ણવાળા, દિવ્ય દેહધારી સ્વરૂપ આશ્ચર્યયુક્ત બની જોવા લાગ્યા. (૩૬)

તેટલામાં મુક્તોએ શોભાયમાન વિમાનમાં બેસાડેલા અદ્‌ભુત દિવ્ય દેહવાળા, અત્યંત દિવ્ય તેજયુક્ત, દિવ્યભાવ પામેલા, કૃષ્ણશર્મા પોતાની સાથે આવેલા બ્રાહ્મણોને હર્ષપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૭)

હે વિપ્રો ! આ શ્રીસ્વામિનારાયણ ભગવાન સમગ્ર અવતારોના એક કારણરૂપ છે. તેજ અહીં પોતાના મુક્તો સહિત પોતાના શ્રેષ્ઠ ધામમાં મને લઈ જવા માટે પધાર્યા છે. (૩૮)

હે વિપ્રો ! માટે તમો પણ જ્યારે આ ઈષ્ટ હરિકૃષ્ણનો મુક્તિ માટે આશ્રય કરશો અને તમારા ધર્મમાં નિષ્ઠાવાળા થઈ તેમને ભજશો, ત્યારે તમો મારી માફક અન્યથી ન પામી શકાય એવા શ્રીસ્વામિનારાયણના ધામને પામશો. (૩૯)

તે બ્રાહ્મણ કૃષ્ણશર્મા પોતાના અનુયાયી બ્રાહ્મણોને આ પ્રમાણે કહીને અક્ષર મુક્તના સમૂહ તથા પ્રત્યક્ષ શ્રીહરિની સાથે વિમાનમાં બેસી શ્રીહરિના શ્રેષ્ઠ દિવ્ય બ્રહ્મપુર ધામને પામ્યો. (૪૦)

હે રાજન્ ! આ પ્રમાણે બ્રાહ્મણ કૃષ્ણશર્મા અતિ પવિત્ર શ્રીગોમતીના તીર્થજળમાં સ્નાન કરીને દરરોજ શ્રીલક્ષ્મીનારાયણાદિના દર્શન કરીને મુક્તિ પામ્યો. (૪૧) પછી તે બ્રાહ્મણોએ તેની ઔર્ધ્વદૈહિક ક્રિયા શાસ્ત્રવિધિ પ્રમાણે કરી. પછી શ્રીહરિનો આશ્રય કરીને તે સૌ પોતાના પુરમાં ગયા. સ્વધર્મ નિષ્ઠાવાળા તેઓ અંતઃકાળે શ્રીહરિના શ્રેષ્ઠ ધામને પામ્યા. (૪૨, ૪૩)

હે નરપતે ! હે રાજન્ ! આવી રીતે બહુ જન્મના પાપોના સમુદાયને હરનારી આ ગોમતીમાં સ્નાન કરીને, બીજા ઘણા જનો, આ બ્રાહ્મણની માફક સંસારમાંથી મુક્તિ પામ્યા છે. અન્ય મનુષ્યો પણ જરૂર પામશે. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં ગોમતી માહાત્મ્ય અને વિપ્રમોક્ષ પ્રાપ્તિ વર્ણન નામે ઓગણત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૯)



અધ્યાય ૩૦ મો

માનસિંહ રાજા કહે છે :- હે શુકાનંદ મુનિ ! આ ગોમતીમાં શ્રીહરિની સાથે સ્નાન કરીને તીર્થો શુદ્ધિ પામ્યા તેવું તમારી પાસેથી સાંભળ્યું છે તો તે કથા પણ મને કૃપા કરીને વિસ્તાર પૂર્વક કહો. (૧)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે સર્વ તીર્થો, દુષ્ટ જનોના સંબંધથી પોતાને વળગેલા પાપથી અત્યંત ભય પામી પ્રયાગમાં ભેગા થયા. (૨) હે સન્મતે ! પાપી પુરુષોના પુષ્કળ પાપ પોતાને લાગ્યા છે તે જોઈને કલેશયુક્ત બનેલા તે તીર્થોના કેટલાક નામો હું તમોને કહું છું તે તમો સાંભળો. (૩)

અવટોદા, કાવેરી, વેણા, વૈહાયસી, તામ્રપર્ણી તથા ચંદ્રવશા નદી, પયસ્વિની કૃતમાલા, શર્કરાવર્તા, તુંગભદ્રા, કૃષ્ણવેણા, નિર્વિંધ્યા, ભીમરથી, ગોદાવરી, પયોષ્ણી, રેવા, ચમણ્વતી, ઋષિ, કુલ્યા, ત્રિસામા, કૌશિકી, સરસ્વતી, દશદ્વતી, સરયૂ, ગોમતી, ઓધવતી, મહી, સપ્તવતી, વિશ્વા, સુષોમા, ઓજસ્વતી, ચંદ્રભાગા, મુરુદ્વૃદ્ધા, શતદ્રૂ, અસિકની, વિનસ્તા, તાપી, સાભ્રમતી, વેદસ્મૃતિ, કાલિંદી તથા અન્ય મહા નદીઓ, (૪, ૫, ૬, ૭, ૮, ૯)

વળી હરદ્વાર, કુરુક્ષેત્ર, પ્રયાગ, ગયા, શિર તેમજ પૃથ્વી ઉપરના બીજા પ્રભાસ વગેરે ઘણાં પુણ્ય ક્ષેત્રો (૧૦) પંપા, બિંદુસરોવર, માનસરોવર તેમજ આ ભૂતળમાં પુષ્કર વગેરે અન્ય મોટા સરોવરો, એ સર્વે તીર્થો મહાપાપી પ્રાણિઓના સંપર્કથી કમ્પતા ભેગા થઈને આવો વિચાર કરવા લાગ્યા. (૧૧, ૧૨)

અહો ! અરે ! ધર્મક્ષયમાં ઉદ્યમવાળો પાપીષ્ઠ કળિયુગ વિદ્યમાન હોવાથી હાલમાં વાયુથી જેમ અગ્નિ પ્રસરે તેમ પૃથ્વી ઉપર અધર્મ વૃદ્ધિ પામ્યો છે. (૧૩) અધર્મ વૃદ્ધિ પામવાથી

દુષ્ટ જનો ઘણું કરીને વ્યભિચારીઓ - સુરા અને મદ્યનું પાન કરનારા અને માંસ ખાનારા થયા છે. (૧૪)

નિષિદ્ધ કર્મ કરનારા, વિષયમાં આસક્ત ચિત્તવાળા, મહામોહરૂપી અંધકારથી આંધળા બનેલા, ધર્મ સાધુઓ અને દેવતાઓનો દ્રોહ કરનારા, (૧૫) હિંસા, ચોરી વગેરે કર્મમાં પ્રીતિવાળા, વેદોક્ત આચારથી રહિત, પોતાના બંધુઓનો પણ દ્રોહ કરનારા, સ્વાર્થ સાધવામાં તત્પર; (૧૬)

લોકોને ઠગવામાં નિપુણ, નાસ્તિક, દુષ્ટાશયવાળા, ઉલ્લંઘન કરી છે મર્યાદા જેમણે એવા, માન, મદ, સ્મય ઘણા જેમને છે એવા; (૧૭) વિષયમાં આસક્ત ચિત્તવાળા, વિશ્વાસી મનુષ્યોને હણનારા કામોપ ભોગમાં વાનર સમાન, ક્રોધમાં સર્પતુલ્ય; (૧૮)

દંભ, ઈર્ષ્યા, મત્સર વગેરેથી વ્યાપ્ત, કદી સક્રિયા ન કરનારા, અધર્મમાં રાચનારા, નિત્ય અધર્મ સર્ગનું પોષણ કરનારા; (૧૯) ક્યારેય ભગવાનનું આરાધન નહિ કરનારા, કૂતર્ક કરનારા, પાપીઓ, દંભીઓ, દુષ્ટોનો પ્રસંગ કરનારા. (૨૦)

પૃથ્વી ઉપર આ પ્રકારના ઘણા મનુષ્યો તથા સ્ત્રીઓ જે છે તે વારંવાર આવીને અમારા જળમાં સ્નાન કરે છે. (૨૧) આવી રીતે જે દુષ્કર્મમાં પ્રવીણ છે તેમના વારંવાર સંગથી અમોને ઘણાં પાપ વળગ્યાં છે. (૨૨)

ન નિવારણ થઈ શકે એવા આ પાપ સમૂહથી અમારી ઉજ્જવલતા, ઘાટા વાદળાથી તારાઓ જેમ ઢંકાય તેમ, સર્વ પ્રકારે નાશ પામી છે. (૨૩) અમારામાં દુર્જન સમૂહે મૂકેલાં દૂરંત મહાપાપ તેમના નાશનો ઉપાય અમોને સૂજતો નથી. (૨૪) હે તીર્થો ! વિવિધ પ્રકારના પાતકોના સમૂહ જોઈને અમારા ચિત્તમાં અત્યંત દુઃખ થાય છે. તેમજ અમારા અંગો કંપે છે. (૨૫) આવા દુષ્કૃતોનો વિનાશ કેમ થશે ? આવી રીતે અમારા અંતરમાં હંમેશાં ચિંતા રહે છે. (૨૬)

હે તીર્થો ! પાપ વિનાશમાં અમારે કયો શ્રેષ્ઠ ઉપાય તત્કાળ કરવો ? શાસ્ત્રોમાં કહેલા અનેક ઉપાયોમાં એક પણ મહા બળવાન ઉપાય અમો જાણતા નથી. (૨૭) જેવી રીતે એ સમગ્ર પાપનો તત્કાળ નાશ થાય તે પ્રકારનો ઉપાય આ લોકમાં જે જાણતા હોય તેમને પૂછીએ. (૨૮)

તેવો ઉપાય આ લોકમાં કોઈ મહર્ષિ પાસે જઈને પૂછીએ. અથવા સ્વર્ગમાં જઈને ઉત્તમ દેવતાને અથવા પ્રજાના નાથ બ્રહ્માને અથવા શંકરને પૂછીએ. (૨૯) તે ઉપાય ધર્મને પૂછીએ, લોકોનું પોષણ કરનાર વિષ્ણુને અથવા શુદ્ધ જ્ઞાન આપનારા શ્રીહરિને પ્રિય એવા સાધુઓને પૂછીએ. (૩૦)

હે રાજન્ ! પુષ્કળ પાપના તાપથી કલેશ યુક્ત ચિત્તવાળા તે તીર્થો આવી રીતે પરસ્પર અત્યંત હિતકારી વિચાર કરતા હતા. (૩૧) સર્વ તીર્થો એ પ્રકારનો વિચાર કરતા હતા. એટલામાં

ત્યાં ઈશ્વરેચ્છાથી પૃથ્વી ઉપર ફરતા પ્રિયદર્શન નારદ મુનિ આવ્યા. (૩૨)

તે તીર્થો, દૂરથી દયાથી કોમળ દીર્ઘદર્શી નારદ મુનિને જોઈ, પોતાના કાર્યની સિદ્ધિ હવે થશે એવું માનીને અત્યંત આનંદ પામ્યા. (૩૩) સર્વ તીર્થોએ ઊઠીને શ્રીહરિને પ્રિય સર્વ કળાઓમાં પ્રવીણ, અગાધ બોધવાળા નારદની તત્કાળ સન્મુખ જઈ, ભક્તિપૂર્વક મનોહર આસનમાં તેમને બેસાડ્યા. (૩૪) પછી સર્વ તીર્થો સુખપૂર્વક બેઠેલા, અનુકરણીય સ્વભાવવાળા, મુનીન્દ્ર નારદને સુંદર વાણીથી પ્રસન્ન કરી, હાથ જોડી, નમ્રતાપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૫)

આ લોકમાં જળ નિધિમાં બૂડતા જનોને નૌકાયુક્ત શ્રેષ્ઠ કર્ણધાર જેમ પ્રાપ્ત થાય તેની માફક તમો, દુર્જનોના પાપના યોગથી ત્રાસ પામેલા અમારા આત્માને તારવાને શ્રીહરિની ઈચ્છાથી અહીં આવ્યા છો. એવા સુભાગ્યથી અમારું કલ્યાણ થયું છે. (૩૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં તીર્થોને નારદજીનો સમાગમ થયો તે વર્ણન નામે ત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૦)



અધ્યાય ૩૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! પછી નિસ્તેજ થયેલા તે તીર્થોના શોકનું શમન કરીને નારદમુનિ આ પ્રમાણે તેમને કહેવા લાગ્યા. (૧) અહો તીર્થો ! હંમેશાં સર્વ મનુષ્યોના ઉપકારમાં પ્રસક્ત તમારે મોટું દુઃખ શું છે ? (૨)

હે તીર્થો ! તમો જે કારણથી હમણાં ગ્લાનિ પામ્યા છો તેથી જણાય છે કે, તમોને કોઈ મહાન દુઃખ છે. (૩)

સર્વ તીર્થો નારદનું આવું વચન સાંભળીને દયાનિધિ નારદ પ્રત્યે વિનયપૂર્વક આવું દીન વચન બોલ્યા. (૪)

હે મુને ! પુષ્કળ પાપ કરનારા લોકોના સંસર્ગથી તેમના પાપ અમોને લાગ્યા છે. તેથી અમો દુઃખી થયા છીએ. (૫)

હે મુને ! એ બધા પાપો અમો સર્વ પ્રકારે કયા ઉપાયથી ધોઈ નાંખીએ ? એવું અમો ચિંતવન કરતા હતા. (૬)

દુષ્ટોએ આ પ્રકારે અમારામાં મૂકેલા પાપથી અમો અત્યંત સંભ્રમમાં પડ્યા છીએ. પરંતુ

અમારા ભાગ્યવશાત્ તે દુઃખ નાશ કરવા તમો આજે અમોને મળ્યા. (૭)

હે મહામતે ! માટે દુર્જનોના સંબંધથી પ્રાપ્ત થયેલા પાપથી અમો અત્યંત ભય પામ્યા છીએ, તો અમોને તે પાપના નાશનો ઉપાય બતાવો. (૮)

તેમનું આવું વચન સાંભળીને તેમની આ આપત્તિ નાશ થશે. એ રીતે તે તીર્થોને આનંદ પમાડતા નારદજી તેમને કહેવા લાગ્યા. (૯)

હે તીર્થો ! અનેક પ્રકારના પાપ જે તમને લાગેલા છે તેનો તત્કાળ નાશ થાય તેવો ઉત્તમ ઉપાય હું તમોને કહું છું. (૧૦)

હે તીર્થો ! શોભાયમાન બ્રહ્મપુરના અધિપતિ, મન, વાણીને અગોચર, સર્વ અવતારોના કારણ જે પુરુષોત્તમ છે. (૧૧)

તે આ ભૂતળ ઉપર એકાંતિક ધર્મનું રક્ષણ તથા પ્રવર્તન કરવા માટે કૌશળ દેશમાં ધર્મ તથા ભક્તિદેવી થકી પ્રાદુર્ભાવ પામ્યા છે. (૧૨)

સદ્‌ગુણ યુક્ત હજારો ત્યાગીઓ પોતાના શિષ્યોની સાથે વિચરતા શ્રીહરિના પ્રસંગથી તેમના શિષ્યો થયા છે. વળી શ્રીહરિએ હજારો દૈત્યાંશ ગુરુઓને પણ જીત્યા છે. (૧૩)

પોતાના સાધુઓ તથા પોતાના અન્ય આશ્રિતોનું અધર્મવંશથી રક્ષણ કરતા, પોતાના અતુલ પ્રતાપથી અધર્મનો મૂળ સહિત ઉચ્છેદ કરતા, શ્રીહરિ પૃથ્વી ઉપર ધર્મનું સ્થાપન કરે છે. (૧૪)

પોતાના અત્યંત પ્રતાપથી, આ લોકમાં હજારો ત્યાગીઓ હંમેશાં અષ્ટ પ્રકારે સ્ત્રીના ત્યાગરૂપી નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે. (૧૫) મનુષ્યો, બ્રહ્મા, શિવ, ઈન્દ્રાદિ દેવો, રાવણ, આગ્નિધ્ર, અગ્નિ વર્ણાદિ રાજાઓને જેણે કિંકર બનાવ્યા છે એવા કામદેવને તથા તેના સર્ગરૂપી બીજા અંતઃશત્રુઓને, શ્રીહરિના ત્યાગીઓએ શ્રીહરિના પ્રતાપથી જીત્યા છે. (૧૬)

શ્રીસ્વામિનારાયણના પ્રતાપથી પૃથ્વી ઉપર લાખો ગૃહસ્થ ભક્તો પણ દોષરૂપી અંતઃ શત્રુઓને જીતીને, પોતાના ધર્મમાં રહી, અક્ષરથી પર શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે છે. (૧૭)

સર્વજ્ઞ, સર્વાંતર્યામી, સત્પતિ શ્રીસ્વામિનારાયણ સમાધિમાં અસંખ્ય જનોને પોતાનાં ગોલોકાદિ ધામ બતાવે છે. (૧૮) વળી સમર્થ શ્રીસ્વામિનારાયણ તે તે ધામોમાં રહેલા દિવ્ય પાર્ષદો, ઐશ્વર્ય તથા પોતાની મૂર્તિઓ પણ તે સમાધિસ્થ ભક્તજનોને બતાવે છે. (૧૯)

જેમના હજારો ભક્તો સાધન વિના પણ સમાધિ સ્થિતિ તથા ઉત્તમ અષ્ટાંગ યોગની ગતિ પામ્યા છે. (૨૦) અનુપમેય ઐશ્વર્યવાળા, જેને કોઈની ઉપમા આપી શકાતી નથી એવા અદ્વિતીય, દિવ્ય સદ્‌ગુણોના નિધિ, શ્રીસ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે. (૨૧)

અનુપમ પ્રતાપવાળા શ્રીસ્વામિનારાયણે વરતાલમાં મંદિર રચી ઉત્સહપૂર્વક લક્ષ્મીનારાયણ ભગવાનની મૂર્તિઓનું સ્થાપન કર્યું છે. (૨૨, ૨૩) તે સમયે પોતાના પરિવારની સાથે દ્વારિકાધીશ દ્વારિકાથી વૃત્તાલયપુરમાં આવી લક્ષ્મીનારાયણ સ્વરૂપે વિશિષ્ટ પ્રકારથી રહ્યા છે. (૨૪) વળી તે પુરની સમીપે દ્વારિકાથી ત્યાંના સર્વ તીર્થોની સાથે પાપમોચની ગોમતી પણ આવીને રહી છે. (૨૫)

જે ગોમતીમાં મુનિઓ વગેરે શ્રીહરિના આશ્રિત સમૂહ તેમજ સર્વ અવતારોના કારણ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિએ વારંવાર સ્નાન કર્યું છે. (૨૬)

જેમ સમગ્ર કાષ્ટ સમુદાયને અગ્નિની જ્વાળા બાળે છે તેજ પ્રકારે આ ગોમતી પણ સમગ્ર પાપને બાળનારી છે. (૨૭)

સ્નાન માત્રથી મનુષ્યોના પાપસમૂહ ધોઈ નાંખનારી સમગ્ર ઈપ્સિત ઈચ્છાઓ પૂર્ણ કરનારી, તેમજ મુક્તિ આપનારી; (૨૮) ધર્મ, જ્ઞાનાદિથી શોભતા મુનિ સમૂહે સેવેલી, સમગ્ર તીર્થોમાં શ્રેષ્ઠ, ગોમતીમાં જ્યારે તમો સ્નાન કરશો ત્યારે તમારા પાપસમૂહ તત્કાળ નાશ પામશે. (૨૯, ૩૦)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! આ પ્રકારનું નારદનું વચન સાંભળીને તે તીર્થો અત્યંત આનંદ પામ્યા. પછી પુણ્યદર્શન દેવર્ષિને તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૧)

હે ધન્ય મુને ! અમોએ નિશ્ચય આજે વિજય પ્રાપ્ત કર્યો છે. કારણ કે, હે પીડાહારી ! આપના આગમનથી અમોએ આજે ગોમતી સર્વોત્તમ તીર્થ છે તે જાણ્યું. (૩૨) પાપીઓના સંપર્કથી ચોંટેલા પાપથી અમોને દુઃખ થયું છે. અનિવાર્ય એવા તે મહાપાપને નાશ કરનારું સર્વ તીર્થોમાં ઉત્તમ ગોમતી તીર્થ છે એવું અમોએ જાણ્યું છે. (૩૩)

હે મુને ! હવે અમો તત્કાળ જઈને આદર પૂર્વક ગોમતીમાં સ્નાન કરીશું. તેથી અમારો જન્મ સફળ થશે. (૩૪)

તેમનું આવું વચન સાંભળી, નારદજી પ્રસન્ન થયા અને તીર્થોના કાર્યની સિદ્ધિ થઈ તેવું જાણીને ત્યાંથી તત્કાળ અંતર્ધાન થઈ ગયા. (૩૫) પછી તે સર્વ તીર્થો આદર અને પ્રીતિપૂર્વક સ્નાન કરવા માટે, પાપનો નાશ કરનારી આ ગોમતી પ્રત્યે આવ્યા. (૩૬)

પછી તે તીર્થો પાપને હણનારી, બ્રહ્માદિ ઈશ્વરોએ પણ જેને વંદનીય ગણી છે તેવી આ શુભ ગોમતીને દૂરથી જોઈને અતિશય આનંદપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૩૭) હે રાજન્ ! પછી તે તીર્થો શ્રીહરિની જેમજ શુભ ફળ આપનારી આ ગોમતીમાં સ્નાન કરીને દુષ્ટજનોના સંપર્કથી વળગેલા પાપ પુંજોથી તત્કાળ રહિત થઈ ગયા. (૩૮)

શોભાયમાન ગોમતીના સ્નાનથી સમગ્ર તીર્થો નિર્મળ થઈ ગયા. જેમ શરદ ઋતુમાં સ્વચ્છ

થયેલાં જળ શોભે, વળી આકાશમાં તારાઓના સમૂહ શોભે તેમ તે તીર્થો નિર્મળ બની અત્યંત શોભવા લાગ્યા. (૩૯) આનંદ મગ્ન થઈ હર્ષાશ્રુથી જેમના ગાત્રો રોમાંચિત થયા છે તે પ્રકારના અતિપ્રેમપૂર્વક ગોમતીની તેઓ સ્તુતિ કરવા લાગ્યા. (૪૦)

શ્રીવૃત્તાલયની સમીપે શોભતી કળિમળનો નાશ કરનારી, મનુષ્યોનો સંસારમાંથી ઉદ્ધાર કરનારી, સર્વ ઉપર ઉપકાર કરનારી, વિવિધ સદ્‌ગુણોને ધારણ કરનારી, યમદૂતોના ત્રાસનું ઉચ્છેદન કરનારી, આ પૃથ્વી ઉપર જનકલ્યાણ કરનારી, ગોમતી ! તમોને વારંવાર અમો વંદન કરીએ છીએ. (૪૧)

બ્રહ્માદિદેવો, મુક્તાત્માઓ તથા નારદાદિ દેવર્ષિઓ આપના ઉદાર માહાત્મ્યનું ગાન કરે છે. હે દેવિ, આપની કલ્યાણકારિણી કીર્તિ મૃત્યુ લોકમાં વ્યાપ્ત થઈ માનવોને અને સ્વર્ગમાં વ્યાપ્ત થઈ દેવ લોકોને પરમ આશ્ચર્ય પમાડે છે. (૪૨)

હે ગોમતી દેવી, સર્વાવતાર હેતુ ભગવાન સહજાનંદે આપનામાં સ્નાન કર્યું, તેથી પવિત્ર અંતઃકરણોવાળા મુનીશ્વરો આપનું સેવન કરે છે. દર્શનમાત્રથી માનવોનાં પાપોને આપ હરો છો. દરેકને ઈચ્છેલું ફળ આપો છો. અને ભૂમંડળમાં સર્વશ્રેષ્ઠ તીર્થ થઈને વિરાજમાન છો. (૪૩)

અમારામાંનાં ઘણાખરા ભયંકર પાપાચારીઓએ દેવર્ષિ નારદના ઉપદેશથી આપનાં નિર્મળનીરામાં સ્નાન કર્યું અને અમે બધા સર્વ પાપોથી તરત મુક્ત થઈ ગયા. (૪૪)

કામ-ક્રોધ-લોભ-મોહ-મદ આદિ ભયંકર આગમાં બળતા જીવાત્માઓને પરમ શાંતિ પ્રદાન કરનારી તેમની ખરી માતા તો તું એકલી જ છે, તું ભયંકર પાપાચારિઓને પવિત્ર કરે છે, સર્વના સર્વ પાપોને હરે છે અને તેમની ઈચ્છાઓ પરિપૂર્ણ કરે છે. હે માતા, તારો વિજય થાવ. (૪૫)

સ્ત્રીઓ અને પુરુષો જ્યારે ''સ્વામિનારાયણ'' એ મૂલમંત્રનું જોરથી ઉચ્ચારણ કરી આપનામાં સ્નાન કરે છે ત્યારે તે મૂલમંત્રના ઘોષને સાંભળી વ્યાકુળ બનેલા યમદૂતો ત્યાંથી ખૂબ દૂર નાસી જાય છે. (૪૬)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- આવી રીતે સ્તુતિ કરીને તીર્થો મૌન રહ્યા. પછી તત્કાળ ગોમતીના જળના મધ્યભાગમાંથી ગોમતી પ્રગટ થયા. (૪૭)

સ્ત્રીના સમાન રૂપવાળાં, મંદહાસ્ય મુખવાળા, રૂપ લાવણ્યથી શોભતા, વિદ્યમાન મોગરાના પુષ્પો જેમાં છે એવા કેશની વેણીમાં ભમતી ભમરીના ગુંજનથી ગુંજતા. (૪૮)

સુંદર કસુંબી વસ્ત્રો જેમણે પરિધાન કર્યા છે, શોભાયમાન લલાટમાં રત્નજડિત સોનાની લલંતિકા ધારણ કરી છે એવા, કમળના જેવા નેત્રોવાળા, (૪૯) રત્નજડિત સુવર્ણના શોભાયમાન ભૂષણોથી શોભતા, મહાતેજસ્વી, દિવ્ય, કારુણ્યથી પૂર્ણ નેત્રોવાળા. (૫૦)

આ પ્રકારની પવિત્ર દર્શનવાળી આ ગોમતીને જોઈને તીર્થો આશ્ચર્યવત્ બની અત્યંત હર્ષ પામ્યા. (૫૧)

પછી તીર્થોએ ગોમતી પ્રસન્ન થયા છે તેવું જાણીને યથાયોગ્ય વસ્ત્રો, આભૂષણો તથા વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ઉપચારોથી તેનું પૂજન કર્યું. (૫૨) પછી તીર્થો હર્ષપૂર્વક ગોમતી પ્રત્યે કહેવા લાગ્યા, હે ભદ્રે ! અમોને તમો તમારા આ પવિત્ર જળમાં વાસ આપો એ પ્રમાણે અમારી પ્રાર્થના છે. (૫૩)

હે શુભે ! પાપીઓના સંસર્ગથી ત્રસ્ત થયેલા અમોને અમારા નિવાસસ્થાનમાં જવાની રુચિ નથી. માટે અમોને તમારી સમીપે નિવાસ આપો. (૫૪) તેમનું આવું વચન સાંભળીને પ્રસન્ન મનવાળી ગોમતી તેમના પ્રત્યે મનોહર હાસ્ય કરતાં જોઈને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫૫)

હે તીર્થો ! તમો અહીં ક્ષણવાર ઊભા રહો. હું સ્વામિનારાયણ શ્રીહરિને પૂછીને જેવી તેમની આજ્ઞા હશે તે પ્રમાણે તમોને કહું છું. (૫૬) એમ કહીને મંદિરમાં એકાંત સ્થાનમાં બિરાજેલા શ્રીહરિનાં દર્શન કરીને ગોમતી હર્ષપૂર્વક તે તીર્થોનું સમગ્ર વૃત્તાંત શ્રીહરિને કહેવા લાગ્યા. તે સાંભળી શ્રીહરિએ ગોમતીને કહ્યું. (૫૭)

હે શોભને ! હમણાં તો તે તીર્થોએ તેમના સ્થાનોમાં જવું. પાપીઓના સંગથી તેમને પ્રાપ્ત થયેલો પાપસમૂહ નાશ થયો છે. હવે તેમની સર્વની શુદ્ધિ માટે તે સમગ્ર તીર્થોએ, ચૈત્ર સુદી નવમીની તિથિએ તથા પ્રબોધિની એકાદશીએ અહીં મહોત્સવો થશે ત્યારે આ વૃતાલયમાં આવી, તમારી સાથે તમારા નીરમાં રહેવું. (૫૮-૫૯)

હે સુવ્રતે ! તે તીર્થોએ તે મહોત્સવના દિવસથી આરંભીને દશ દિવસ સુધી અહીં તમારે વિષે રહેવું, અને પછી પોતપોતાના સ્થાનમાં ફરીથી જવું. આવી મારી આજ્ઞા છે. (૬૦) આ પ્રકારે શ્રીહરિએ ગોમતીને કહ્યું, તેથી ગોમતી ભક્તિપૂર્વક સ્વામિનારાયણ શ્રીહરિને નમસ્કાર કરી પોતાના સ્થાનમાં આવી. પછી શ્રીહરિની જેવી આજ્ઞા હતી તે પ્રમાણે તે તીર્થો પ્રત્યે તેણે કહ્યું. (૬૧)

પરંતુ ત્યાંથી જવા માટે જેમને ઈચ્છા ન હતી તેવા તે તીર્થો શ્રીહરિની આજ્ઞાને આધીન થઈ તત્કાળ ત્યાંથી પોતાના સ્થાનકોમાં જવા તૈયાર થયા. (૬૨)

પછી તે તીર્થોએ વારંવાર ગોમતીને પ્રણામ કર્યા. પછી ગોમતી અંતર્ધાન થઈ ગયા. ત્યારબાદ તીર્થોએ લક્ષ્મીનારાયણ વગેરે દેવો તથા શ્રીહરિના દર્શન કર્યા. (૬૩) સર્વના નિયંતા યોગીઓને પણ પ્રાર્થનીય દર્શન જેમનાં છે એવા પુરુષોત્તમ શ્રી સહજાનંદનો આ યોગ વારંવાર જેને પ્રાપ્ત થયો છે તે આ ગોમતી ધન્ય છે. આ ગોમતીએ પૂર્વે શું તીવ્ર તપ કર્યું હશે ? વળી પ્રેમપૂર્વક શું પુણ્ય કર્યું

હશે ? આવી રીતે આ ગોમતીનો દિવ્ય મહિમા તે તીર્થો પરસ્પર ગાવા લાગ્યા. (૬૪)

હે રાજન્ ! પછી તે તીર્થો માર્ગમાં ગોમતી તથા વૃત્તાલય તેમજ શ્રીહરિનો મહિમા હર્ષપૂર્વક વર્ણવતા લક્ષ્મીનારાયણ વગેરે દેવોની શુભ મૂર્તિઓનું માહાત્મ્ય કહેતા, પોતપોતાના સ્થાનમાં ગયા. (૬૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમા સર્વતીર્થકૃત સ્નાન વર્ણન નામે એકત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૧)



અધ્યાય ૩૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! દરેક વર્ષે તે સર્વ તીર્થો ચૈત્ર સુદ નવમી તથા પ્રબોધિનીના ઉત્સવ પ્રસંગે (૧) શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી વૃત્તાલય આવીને જ્યાં સુધી બંને મહોત્સવોની સમાપ્તિ થાય ત્યાં સુધી આદરપૂર્વક રહેવા લાગ્યા. (૨)

માનસિંહ રાજા કહે છે :- હે મુને ! દરેક વર્ષે તીર્થો વૃત્તાલય પુરમાં આવી એક જ સ્થળે રહે છે કે, જુદા જુદા સ્થળે રહે છે ? (૩) જો સર્વ તીર્થો ગોમતીમાં જુદા જુદા રહેતા હોય તો હે દિવ્ય દૃષ્ટિવાળા ! તેઓના સ્થાન મને તમો કહો. (૪)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! તે તીર્થો ગોમતીમાં જે પ્રકારે જુદા જુદા રહે છે તે સર્વ તીર્થોના સ્થાનો હું તમોને કહું છું. (૫) ગોમતીના પૂર્વ તરફના આરામાં તાપી, રેવા, ગોમતી નદી, ગોદાવરી, કાવેરી એ ઉત્તમ નદીઓ રહે છે. (૬, ૭)

પૂર્વ દિશા અને અગ્નિકોણ એ બેના મધ્યભાગમાં ગયા તીર્થ રહે છે. અગ્નિકોણમાં વિતરતા, ઓજસ્વતી, વેદસ્મૃતિ, અસિકની, મહીનદી એ પ્રસિદ્ધ પાંચ નદીઓ રહે છે. (૮) દક્ષિણ દિશા તથા અગ્નિદિશા એ બેના મધ્ય ભાગમાં હરદ્વાર તીર્થ રહે છે. આ ગોમતીના દક્ષિણ તરફના આરામાં વેણા, વૈહાયસી, અવટોદા, ચંદ્રવશા, તામ્રવર્ણી એ પ્રસિદ્ધ પાંચ નદીઓ રહે છે. (૯, ૧૦)

દક્ષિણ અને નૈઋત્ય એ બેની વચ્ચે પંપા સરોવર રહે છે. હવે નૈઋત્ય દિશામાં જે તીર્થો છે તે હું કહું છું. (૧૧) શતદ્રુ, સુષોમા, વિશ્વા, સપ્તવતી, મરુદ્વૃદ્ધા એ શુભ નદીઓ નૈઋત્યમાં વસે છે. (૧૨)

નૈઋત્યકોણ અને પશ્ચિમ દિશાની વચ્ચે પ્રસિદ્ધ પુષ્કર તીર્થ નિવાસ કરે છે. (૧૩) પશ્ચિમ દિશામાં શર્કરાવર્તા, કૃતમાલા, પયસ્વિની, તુંગભદ્રા અને કૃષ્ણ વેણા રહે છે. (૧૪)

વાયવ્ય વાયુ અને પશ્ચિમ દિશાના મધ્યમાં માનસ સરોવર રહે છે. વાયુકોણમાં ત્રિસામા, ઋષિકુલ્યા, કૃષદ્વતી,ચર્મણ્વતી, પયોષ્ણી એ શ્રેષ્ઠ નદીઓ રહે છે. વાયુકોણ અને ઉત્તર દિશાના મધ્યમાં બિન્દુસરોવર રહે છે. (૧૫, ૧૬)

ઉત્તર દિશામાં સરયૂ, ચંદ્રભાગા, કૌશિકી, ભીમરથી તથા સાબરમતી નદીઓ રહે છે. (૧૭) ઉત્તર અને ઈશાન એ બેના મધ્યભાગમાં કુરુક્ષેત્ર રહે છે. હવે ઈશાન ખૂણામાં રહેતા તીર્થો હું તમોને કહું છું. (૧૮)

ઉધવતી, કાલિંદી, નિર્વંધ્યા, સરસ્વતી, મહી એ નદીઓ ઈશાન ખૂણામાં રહે છે. (૧૯) હે રાજન્ ! ઈશાન ખૂણો તથા પૂર્વ દિશાના મધ્યભાગમાં પ્રસિદ્ધ પ્રયાગરાજ તીર્થ વસે છે. (૨૦) હે મહીપતે ! પવિત્રજળવાળી આ ગોમતીના મધ્યભાગમાં પ્રભાસ તીર્થ વાસ કરે છે. (૨૧)

હે રાજન્ ! આવી રીતે દરેક વર્ષે બંને મહોત્સવમાં સર્વ તીર્થો આવીને જુદા જુદા આ ગોમતીમાં રહે છે. (૨૨) હે રાજન્ ! આવી પ્રભાવશાળી આ ગોમતીમાં જે જનો નિત્ય સ્નાન કરે છે, તેમને ગોમતી સ્નાનથી અક્ષયફળ પ્રાપ્ત થાય છે. (૨૩)

સુખ ઈચ્છતા મનુષ્યોએ દરરોજ પરમ આદરપૂર્વક આ ગોમતીના જળમાં અરુણોદય પહેલાં સ્નાન કરવું. (૨૪) જે જનો આ ગોમતીમાં કાર્તિક માસમાં તથા માઘ માસમાં સ્નાન કરે છે, તેમના મહાન પાતકો તત્કાળ નાશ પામે છે. (૨૫)

રવિવાર, વ્યતીપાત, અમાવાસ્યા, પૂર્ણિમા વગેરે પર્વોમાં તથા સર્વ એકાદશી તિથિઓમાં, સૂર્ય તથા મેષના સંક્રમણના દિવસોમાં, રામનવમી, જન્માષ્ટમી વગેરે ઉત્સવના દિવસોમાં, તેમજ સર્વ વ્રતના દિવસોમાં-નૃસિંહ ચતુર્દશી, શિવરાત્રી વગેરે તેમજ હે રાજન્ ! સમગ્ર શ્રવણ નક્ષત્રોમાં તથા હેમંત, શિશિર એ બંને ઋતુઓની કૃષ્ણપક્ષની અષ્ટમી તિથિમાં, વૈધૂનિયોગોમાં તથા શ્રવણ નક્ષત્ર યુક્ત દ્વાદશી તિથિમાં, ગજછાયા નામના યોગમાં, કપિલાષષ્ઠી, ચંપાષષ્ઠી, અર્ધોદયપર્વ, ચંદ્ર સૂર્યના ગ્રહણોમાં તથા પુરુષોત્તમ માસમાં જે જનો આ ગોમતીમાં સ્નાન કરે છે, તે પુણ્યશાળી જનો સર્વ અર્થની સિદ્ધિ તથા નિત્ય સ્નાન ફળ પામે છે. (૨૬, ૨૭, ૨૮, ૨૯) આ ગોમતીમાં પ્રબોધિની ઉત્સવમાં તથા ચૈત્રસુદી નવમીના ઉત્સવમાં જે જનો સ્નાન કરે છે તે જનો અતિશય ધન્ય છે. (૩૦)

ગોમતીમાં સ્નાન કરનારા જનો અત્યંત પુણ્ય તથા ઈચ્છિત ભુક્તિ તથા મુક્તિ પામે છે. તેમના ઉપર શ્રીસ્વામિનારાયણ શ્રીહરિ અત્યંત પ્રસન્ન થાય છે. (૩૧) તેથી બંને મહોત્સવોમાં ગોમતી સ્નાનનું ઘણું પુણ્ય છે. એટલે જ પોતાનું હિત ઇચ્છતા જનોએ આ ગોમતીમાં આદરપૂર્વક સ્નાન કરવું. (૩૨)

સૂર્યનારાયણનો જ્યારે રાહુ ગ્રાસ કરે તે સમયે પ્રભાસમાં જે સ્નાનનું પુણ્ય કહ્યું છે, તેનાથી કોટિ ઘણું પુણ્ય ગોમતીમાં સ્નાન માત્રથી થાય છે. (૩૩) વૈશાખ માસમાં મધુસૂદન સંજ્ઞક દેવની મોહિની એકાદશીના વ્રતનું જે ફળ કહ્યું છે. તેથી ત્રણ ગણું ફળ મનુષ્યોને આ ગોમતીમાં સ્નાન કરવાથી થાય છે. (૩૪)

કેદાર તીર્થમાં મૃત્યુ થવાથી તે તીર્થનું જળપાન કરવાથી જે ફળ થાય છે. તે ફળ મનુષ્યો આ ગોમતીમાં સ્નાન કરવાથી પામે છે. (૩૫)

અમાવસ્યાની પુણ્યતિથિએ અને સૂર્યગ્રહણના સમયે હજાર ગાયોના દાનથી જે ફળ થાય છે તેથી હજાર ગણું ફળ આ ગોમતીમાં સ્નાન કરવાથી થાય છે. (૩૬) વેદાધ્યયન કરનાર પવિત્ર મનુષ્યની જેમજ નીચ જાતિમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો અગર તો અન્ય મનુષ્યો પણ આ ગોમતીમાં સ્નાન કરીને પાપથી મુકાય છે તથા સુખ પામે છે. (૩૭, ૩૮)

કરોડ સૂર્યગ્રહણમાં કરોડ વખત સરસ્વતીમાં સ્નાન કરવાથી જે ફળ થાય છે, તે ફળ આ ગોમતીમાં સ્નાન કરવાથી મનુષ્ય પામે છે. એટલું જ નહિ પરંતુ તે મનુષ્યને આ ગોમતીમાં સ્નાન કરવાથી તે પુણ્યથી પણ અધિક પુણ્ય પ્રાપ્ત કરે છે. (૩૯)

વેદજ્ઞ વિપ્રને લાખ ગાયોનું દાન કરવાથી જે ફળ થાય છે, એ ફળ ગોમતીમાં સ્નાન માત્રના ફળના સોળમાં અંશ બરોબર પણ થતું નથી. (૪૦)

પ્રાણિઓના સર્વ પાપનો નાશ કરનારી આ ગોમતીમાં સ્નાન કરવાથી સર્વ તીર્થોનું ફળ જરૂર પ્રાપ્ત થાય છે. (૪૧)

જે જનો આ ગોમતીમાં સ્નાન કરે છે. તે જનો સંસારમાં ફરી ભ્રમણ કરતા નથી. તેમજ યમપુરીનું દુઃખ પામતા નથી. (૪૨) હે ભૂપતે ! આ પૃથ્વી ઉપર બીજા હજારો તીર્થો છે. તો પણ તે હજારો તીર્થોમાં એકપણ તીર્થ આ ગોમતી સમાન સ્વર્ગ તથા મુક્તિ આપનારું શુભ નથી. (૪૩)

હે રાજન્ ! જે કોઈ મનુષ્યો આ ગોમતીમાં સ્નાન કરી, લક્ષ્મીનારાયણાદિના શુભ દર્શન કરે છે. (૪૪) તે પુરુષોને સર્વયજ્ઞ કરવાથી જે ફળ થાય છે તે ફળ પ્રાપ્ત થાય છે. ભયંકર યમ તથા કાળપણ તેમનાથી ભય પામે છે. (૪૫)

હે રાજન્ ! જે જનો આ સંસારમાં પોતાના કર્મ પ્રમાણે કીડા, પશુ, પ્રેત, પિશાચ, પક્ષિઓની યોનિ પામ્યા છે, તે જનો પણ ગોમતીમાં મંગળકારી સ્નાન કરીને, પાપના સમૂહથી મુક્ત થઈ, અન્યને દુર્લભ એવી સદ્‌ગતિ પામે છે. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ

ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં સકળ તીર્થોનો ગોમતીમાં વાસ તેનું વર્ણન નામે બત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૨)



અધ્યાય ૩૩ મો

શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જે મનુષ્ય આ ગોમતીમાં સ્નાન કરીને અહીં શ્રાદ્ધ કરે છે તેના ત્રણ કુળમાં ઉત્પન્ન થયેલા માતા, પિતા સદ્‌ગતિ પામે છે. તેમજ પત્નીના કુળમાં તર્પણ કરવાથી તે પિત્રીઓ પણ સદ્‌ગતિ પામે છે. (૧)

હે ભૂપતે ! તીર્થરાજ રૂપ પ્રયાગમાં તથા ગયા તીર્થમાં પિંડદાન તથા પિતૃ તર્પણ કરવાથી પિતૃઓને જે તૃપ્તિ થાય છે. (૨) તે પિત્રીઓને આ ગોમતીમાં પિંડદાન સહિત શ્રાદ્ધ કર્મ અને પિતૃ તર્પણ કરવાથી તેથી પણ અધિક તૃપ્તિ થાય છે. (૩)

આ ગોમતીમાં જે મનુષ્યો શ્રાદ્ધ કરે છે તેમના નરકમાં ગયેલા પિત્રીઓ હર્ષપૂર્વક તેમને આશીર્વચનો આપે છે. (૪)

જે જનોએ આ ગોમતીમાં શ્રાદ્ધ કર્યું નથી સ્વર્ગમાં રહેલા તેના પિતૃઓ "હે મંદાત્મન્ ! અહીં તારા જન્મને ધિક્કાર છે ધિક્કાર છે" એમ તેને શાપ આપે છે. (૫)

એકાદશીને દિવસે ગોમતીમાં મનુષ્યો પિતૃશ્રાદ્ધ કરે છે તેથી તેમના કુળમાં થયેલા હજારો પુરુષોને અક્ષય તૃપ્તિ થાય છે. (૬)

ભાદરવા માસના કૃષ્ણપક્ષમાં જે મનુષ્યો આ ગોમતીમાં શ્રાદ્ધ કરે છે તેમના સમગ્ર પિતૃઓ જીવનભરના સમગ્ર શ્રાદ્ધોથી જે તૃપ્તિ પામે તે તૃપ્તિ પામે છે.(૭)

જે જનો આ ગોમતીમાં સ્નાન કરી વિવિધ પ્રકારના દાન કરે છે તેમને તે સ્નાન અને દાનનું હજાર ગણું ફળ નિશ્ચય થાય છે. (૮)

જે જનો આ ગોમતીમાં સ્નાન કરી, બ્રાહ્મણો તથા ત્યાગીઓને શ્રેષ્ઠ ભોજનોથી તૃપ્તિ પમાડે છે તેઓને મહાપુણ્ય થાય છે. (૯)

ગોમતીમાં સ્નાન કરી, પુત્રાર્થી પુરુષ ઉત્તમ પુત્ર, દ્રવ્યની ઈચ્છાવાળા દ્રવ્ય તથા વિદ્યાર્થી વિદ્યા જરૂર પામે છે. (૧૦)

પુણ્યલોકની ગતિ ઈચ્છનારો મનુષ્ય આ ગોમતીમાં સ્નાન કરવાથી તે પુણ્ય લોકને પામે છે. મુક્તિની ઈચ્છાવાળો ગોમતીના સ્નાનથી મુક્તિ પામે છે. (૧૧)

ઘોર કળિયુગમાં જેવી આ ગોમતી સર્વાર્થ સિદ્ધિ આપનારી છે તેવી સિદ્ધિ તો પ્રયાગ પણ આપી શકે નહિ. રેવા, ગયા, સરસ્વતી, પણ આપી શકે નહિ. (૧૨)

આ લોકમાં ગોમતી તીર્થને ત્યજીને અન્ય લાખ તીર્થોથી બ્રાહ્ય તથા આંતરિક પાપનો નાશ તથા મુક્તિ થાય અથવા ન થાય. (૧૩)

કળિયુગમાં જેના અંગો ગોમતીના જળથી ધોવાય છે તે મનુષ્ય ફરીથી દુઃખ આપનારી સંસૃતિને પામતો નથી. (૧૪) કરોડો તીર્થોમાં કરેલાં શ્રાદ્ધથી જે મનુષ્ય ફળ પામે છે તે ફળ આ ગોમતીમાં પિતૃઓના તર્પણથી મનુષ્ય પામે છે. (૧૫)

હે રાજન્ ! ગોમતીનું આવું માહાત્મ્ય મેં તમોને કહ્યું. હવે શતાનંદમુનિ પાસેથી પહેલાં જે મેં ગોમતીનું માહાત્મ્ય સાંભળ્યું છે તે હું તમોને કહું છું. (૧૬) દૂરંત એવી આપત્તિ તથા પાપના સમૂહને નાશ કરનારું છે નામ (સ્વામિનારાયણ) જેમનું એવા, અનુપમ, એકાંતિક ધર્મનું રક્ષણ કરવા માટે જે જગતમાં ધર્મથકી ભક્તિ દેવીથી પ્રાદુર્ભાવ પામ્યા છે, સર્વ અવતારોના એક કારણ, શ્રીહરિ વારંવાર આ ગોમતીમાં સ્નાન કરતા હતા. માટે આ ગોમતી ભરતખંડમાં બધા તીર્થોમાં અતિશય ઉત્તમ છે. (૧૭)

પરંબ્રહ્મ શ્રીસહજાનંદ ભગવાને કરેલા સ્નાનથી અખિલ જગતના પાપનું ઉચ્છેદન કરવામાં સમર્થ થયેલી આ ગોમતી આ લોકમાં તથા પરલોકમાં બહુસુખ ઈચ્છનારા મનુષ્યોને સેવવા યોગ્ય છે. (૧૮)

નેત્ર પથને ગોચર એવી આ ગોમતી મનુષ્યોને આનંદ આપનારી, વંટોળીયો તૃણ સમૂહનો જેમ નાશ કરે છે તેમ, મનુષ્યોના દુષ્કૃતોનો નાશ કરતી, સુકૃતો જેમણે કર્યા નથી. એવા મનુષ્યોને પણ સ્વર્ગમાં લઈ જતી; (૧૯)

ઘણાં પ્રાયશ્ચિત કર્યા છતાં પણ અને વિવિધ પ્રકારના જપ, તપથી, તેમજ વિવિધ પ્રકારના દાન તથા વ્રત નિયમ વગેરેથી પણ જે જનોના પાપનો નાશ થઈ શકે એવા પાપ સમૂહનો સર્વ પ્રકારે નાશ કરવામાં અત્યંત પ્રવીણ; (૨૦)

મનુષ્યની સકળ ઈચ્છાને યથેષ્ટ પૂર્ણ કરતી, પોતાના જળનું સેવન કરનારા જનોનો તત્કાળ મોક્ષ કરતી, સર્વ પાપનું પ્રક્ષાલન કરી શકે તેવા જળવાળી; (૨૧) વાયુથી જેનામાં ચપળ, સ્વચ્છ અને સ્ફટિકનાં જેવી કાંતિવાળા તરંગો ઊઠે છે, અમૃતથી પણ જેનું જળ અધિક સ્વાદિષ્ટ છે, જેના જળ સંસારના ભયનો નાશ કરે છે, તેવા આ ગોમતીના જળનો અવર્ણનીય મહિમા સર્વોત્કુષ્ટ છે. (૨૨)

આ ગોમતીનું માહાત્મ્ય સદા પિનાકીન (શંકર) આશ્ચર્યવત્ બની જેવું છે તેવું કહે છે.

સુકલ્યાણકારી સરસ્વતી, બ્રહ્મા, ફણીન્દ્ર વગેરે રુડી બુદ્ધિવાળા હંમેશાં આ ગોમતીનું માહાત્મ્ય ગાતા છતાં પણ તેના મહિમાનો અંત પામ્યા નથી. (૨૩)

આ જગતમાં ઉન્મત્ત ગંગા નામની પરમ ગંગા વિના કળિનો નાશ કરનારી આ ગોમતીતુલ્ય કાલિંદી સિવાય બીજી કોઈ નથી. તેમજ આ ગોમતી સમાન રેવા વગેરે નદીઓ પણ નથી. (૨૪)

આ ગોમતીની પુણ્યકારી મૃત્તિકાનું જે જનોએ લલાટમાં તિલક કર્યું છે, તે તિલક કરનારાઓનો સમગ્ર શોક પણ તે હરી લે છે. માટે આ ગોમતી આ જગતમાં કઈ નદીને તુલ્ય થાય ? અર્થાત્ કોઈ નદી આ ગોમતી સમાન થતી નથી. (૨૫)

જગતમાં પોતાને શરણે આવેલા મનુષ્યોની ઈચ્છાપૂર્ણ કરવામાં ચિંતામણિ તથા સુંદર કલ્પવૃક્ષની લતા એ બે સમાન, જનસમુદાયના મોક્ષમાર્ગની ધૂરા વહન કરવામાં શક્તિવાળી, આ ગોમતીના જળનું હંમેશાં પાન કરનારા તથા તેના સુંદર જળમાં ક્રીડા કરનારા, જળજંતુના સમૂહ તથા કાંઠા ઉપર રહેનારા, પક્ષીઓ પણ ક્યારેય મનોહર સુંદર દેવોના નગરને ઈચ્છતા નથી (પરંતુ આ ગોમતીમાં રહી હંમેશાં ક્રીડા કરવાનું જ ઈચ્છે છે) (૨૬, ૨૭)

મહા સુખ કરનારી ગોમતીના મિષ્ટ અને ઠંડા એવા પવિત્ર જળના કણને સહેજ પણ ગ્રહણ કરી વાયુ મનુષ્યોને સ્પર્શ કરે છે. તે તે મનુષ્યોના પાપના પુંજનો નાશ થાય છે અને તે અત્યંત સુખ પામે છે. (૨૮)

પુષ્કળ પાપ કરનારા જનોનો ઉદ્ધાર આ પૃથ્વી ઉપર સમગ્ર તીર્થોની યાત્રા કરવાથી પણ ન થાય. પરંતુ તેવા જનોનો સંસાર સાગરમાંથી તત્કાળ આ ગોમતી ઉદ્ધાર કરી શકે છે. અને તેવા સામર્થ્યથી લોકોને આશ્ચર્ય ઉત્પન્ન કરનારી આ ગોમતી; (૨૯)

પોતાના જળમાં ફક્ત સ્નાન કરવાથી જ અસંખ્ય મનુષ્યોને સ્વર્ગપ્રાપ્તિ કરાવે છે. અને તેથી અત્યંત પાપ કરનારાઓને દંડ આપવાના કાર્યમાં વિશ્રાંતિ ભોગવતા વિસ્મિત મનવાળા સૂર્યપુત્ર "યમ" પણ આ ગોમતીનું યશોગાન કરે છે. (૩૦)

આ ગોમતીનો મંગળકારી વિમળ યશ સમગ્ર ભૂમંડળમાં ચારે તરફ વ્યાપ્ત થયો છે. અને લોકોને તે પરમ આશ્ચર્ય પમાડે છે તેજ પ્રકારે તે યશ સ્વર્ગમાં પણ દેવોને પરમાશ્ચર્ય પમાડે છે. (૩૧)

હે નૃપ ! પોતાના હિતપરાયણ, ધીર, તાપસગણો જેનું નિરંતર સેવન કરે છે તેવી આ ગોમતીના કિનારા ઉપર દાન, તપ, જપ, શ્રાદ્ધ વગેરે શુભ ક્રિયાઓનું ફળ હજારગણાથી પણ અધિક થાય છે. (૩૨)

ફક્ત દર્શનથીજ પાપને છેદનારી, પોતાના જળનું સેવન કરનારા જનસમૂહની પીડા હરનારી,

નિઃસ્વાર્થ, કૃપા ધારણ કરનારી, એવી આ ગોમતી જય પામો. (૩૩) મનુષ્યોના અંતરનો મેલ જે બીજા તીર્થ સમૂહથી નાશ થઈ શકતો નથી તે મેલનો તત્કાળ ક્ષય કરનારી; (૩૪)

આ લોકમાં દુષ્ટોના યોગથી જેમને પાપ ચોંટ્યા છે એવા, અને તેથી અત્યંત પીડા પામેલા અન્ય તીર્થો પણ પોતાની શુદ્ધિ માટે જેનું સેવન કરે છે. (૩૫) પવિત્ર કરનારા પોતાના જળનું અનુસેવન કરનારા દરિદ્ર મનુષ્યોની દીનતાનો નાશ કરવામાં અત્યંત સમર્થ; (૩૬)

શુક, સનકાદિક, મહર્ષિઓ તથા નારદાદિ મુનિઓ, તપસ્વી, વિમુક્ત પુરુષોએ પણ જેમના જળનું સેવન કર્યું છે એવી; (૩૭) અમૃતરસના સ્વાદનો પણ તિરસ્કાર કરે એવા સ્વાદિષ્ટ જળવાળી, તે જળનું જે મનુષ્યો સેવન કરે છે તેમનામાં સન્મતિ પ્રેરનારી, વિવિધ વૃક્ષો જેના સુંદર કિનારા ઉપર છે એવી; (૩૮)

પૃથ્વી ઉપર પોતાના અત્યંત યશથી સમગ્ર નદીઓને પણ અતિશય આશ્ચર્ય પમાડનારી, અતિશય ઉદાર; (૩૯) ઉત્તમ સ્વર્ગાદિ ધામો, તથા અતિશય પ્રકાશયુક્ત શ્રીહરિના અક્ષરધામ પ્રત્યે આરોહ કરવા માટે ઈચ્છતા મનુષ્યોને અતિશ્રેષ્ઠ સોપાન સમાન; (૪૦)

આ ગોમતીમાં સ્નાન સમયે જે મનુષ્ય આદરપૂર્વક આ પવિત્ર સ્તોત્રનો પાઠ કરશે તો તે સ્નાન કરનાર મનુષ્યને સ્તોત્રના અક્ષરે અક્ષરે યજ્ઞ કરવાથી થતા ફળ તુલ્ય ફળ જરૂર મળશે. અને તેના ઉપર અક્ષરથી પર ધર્મપુત્ર શ્રીહરિ પ્રસન્ન થશે. માટે જનોએ સ્નાન કરવા સમયે આ ઉત્તમ સ્તોત્રનો હર્ષપૂર્વક પાઠ કરવો. (૪૧)

હે ભૂપતે ! આવી રીતે મેં આ ગોમતીનું શુભ માહાત્મ્ય કહ્યું. પૃથ્વી ઉપર જે જન તે સાંભળશે તથા કહેશે તે જન તત્કાળ પાપથી મુક્ત થશે. અનુપમ સુખ પામશે. તેમજ અત્યંત પુણ્યવાન થશે. (૪૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધાં ગોમતીનું અસાધારણ માહાત્મ્ય નિરૂપણ નામે તેત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૩)



અધ્યાય ૩૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! આ વૃત્તાલયપુરમાં શ્રીહરિ શ્રીલક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા કરીને અત્યંત પ્રસન્ન થયા. (૧) પછી શ્રીહરિ લક્ષ્મીનારાયણ આદિ દેવો તથા ગોમતીનું

માહાત્મ્ય કહેતા હતા. તેવી સુંદર વાર્તાથી ભક્તોને આનંદ આપતા અહીં રહેતા હતા. (૨)

હે રાજન્ ! તે સમયે એક મહાન આશ્ચર્ય થયું તે હું તમોને કહું છું. તે શાંત મનથી તમો સાંભળો. (૩)

હે નરપતે ! એક સમયે સ્વામિનારાયણ શ્રીહરિ સાંજના સમયે સભામાં પોતાના શ્રેષ્ઠ આસનમાં બિરાજમાન થયા હતા. (૪)

તે સમયે તેમના સર્વ બંધુજનો સભામાં શ્રીહરિની આગળ આવીને બેઠા અને અન્ય ગૃહસ્થ ભક્તો પણ ત્યાં બેઠા. (૫)

તેટલામાં દ્વારિકાવાસી મદોદ્ધત ગુગળી બ્રાહ્મણો જેઓ ત્યાં આવ્યા હતા તે સર્વ તે સભામાં આવી બેઠા. (૬)

તે સમયે શ્રીહરિએ કહ્યું કે, હે ભક્તો ! દ્વારિકાધીશ્વર દ્વારિકાથી અહીં આવ્યા છે. આ પ્રકારે પોતાના જનોને આનંદ આપતા શ્રીહરિ વાર્તા કરતા હતા. (૭)

હે જનો ! ત્યાંના તીર્થો સહિત શુભ ગોમતી પણ અહીં આવી છે. તેથી સમગ્ર દ્વારિકાની યાત્રા અહીં જ છે. (૮)

સભામાં બેઠેલા દ્વારિકાવાસી બ્રાહ્મણો શ્રીહરિનું આ વચન સાંભળીને, શ્રીહરિનું સ્વરૂપ યથાર્થ નહિ જાણતા હોવાથી, શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૯)

હે સ્વામિન્ ! દ્વારિકાધીશ્વર અહીં કેમ આવે ? દ્વારિકેશ્વર તો પોતાની પ્રિય દ્વારિકામાંજ રહે છે. (૧૦) તેમજ ગોમતી પણ ત્યાંના તીર્થ સમૂહ સાથે મુક્તિ આપનારી કુશસ્થળીનો ત્યાગ કરીને અહીં કેમ આવે ? (૧૧)

માટે દ્વારિકેશ તથા તીર્થો સહિત ગોમતી આ વૃતપુરીમાં આવ્યા છે. એ હકીકતમાં અમોને મોટો સંશય થાય છે. (૧૨) અભિમાની બ્રાહ્મણોની આ પ્રકારની વાણી સાંભળીને શ્રીહરિ મંદમંદ હસતા હસતા તેમને કહેવા લાગ્યા. (૧૩)

હે વિપ્રો ! જ્યાં ધર્મ હોય તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિએ યુક્ત એકાંતિક સંતો હોય, તેમજ ભગવાનના આશ્રિત ભક્તજનો હોય. (૧૪) ત્યાં ગોમતી વગેરે તીર્થો સહિત દ્વારિકાધીશ્વર પ્રત્યક્ષ સ્વયંપ્રભુ આવેજ. (૧૫)

આત્મારામ, નિષ્કામ, નિર્મળ મુનિઓ, જ્યાં હોય ત્યાંજ મનુષ્યોનું શ્રેય કરનાર ગોમતી વગેરે તીર્થ સહિત દ્વારકાધીશ પણ હોય. (૧૬) હે વિપ્રો ! માટે આપુરમાં પ્રશાન્ત, બ્રહ્મવિદોમાં શ્રેષ્ઠ, વિશ્વની વિશુદ્ધિ કરવામાં સમર્થ, સદ્‌ગુણોથી શોભતા મુનિઓ છે. (૧૭) માટે પોતાના પરિવાર

તથા તીર્થો સહિત દ્વારિકેશ અહીં આવે તેમાં શું સંશય છે ? (૧૮)

જે સ્થાનમાં અધર્મ હોય તથા ધર્મરહિત જનો હોય ત્યાં સર્વ તીર્થો સહિત દ્વારિકાધીશ રહેજ નહિ. (૧૯) આ પ્રમાણે શ્રીસ્વામિનારાયણે તે ગર્વિષ્ઠ ગુગળી બ્રાહ્મણોને કહ્યું, એટલે તે સર્વે શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. હે સ્વામિનારાયણ ! અમો જોયા વગર આ વાતો સત્ય કેમ માનીએ ? (૨૦)

બ્રાહ્મણોએ આવી રીતે કહ્યું એટલે શ્રીહરિ ફરીથી તેમના પ્રત્યે બોલ્યા. હે બ્રાહ્મણો ! આ વાર્તા જ્યારે તમોને પ્રત્યક્ષ દેખાય ત્યારે તમો માનશો કે નહિ ? (૨૧) શ્રીહરિનું આવું વચન સાંભળ્યા પછી બ્રાહ્મણો બોલ્યા હે સ્વામિન્ ! જ્યારે તમો અમોને ચમત્કાર બતાવો ત્યારે જ અમો બધા માનીએ. (૨૨)

તે બ્રાહ્મણોએ આ પ્રમાણે શ્રીહરિને કહ્યું અને તેમાં જે બોલનારામાં અગ્રેસર હતો તે હવે શ્રીહરિ તેમને પોતાનું ઐશ્વર્ય બતાવશે એમ સંકલ્પ કરે છે એટલામાં શ્રીહરિ તેમના પ્રત્યે બોલવા લાગ્યા. (૨૩)

હે વાડવો ! તમારા દેશમાં રહેતા અને સત્ય તથા ધર્મમાં પ્રીતિયુક્ત છે આત્મા જેમનો એવા આ મયારામના મુખે તમો વાતો સાંભળો. (૨૪) પછી તમો ચમત્કાર જોશો. એ પ્રમાણે કહીને શ્રીહરિએ વાતો કરવા મયારામને આજ્ઞા આપી. (૨૫)

પછી પોતાના પાર્ષદો જે શ્રીહરિની આગળ તથા પાછળ ચાલતા હતા તેવી રીતે પાદુકાના ચટ્ ચટ્ ધ્વનિ કરતા પોતાના બંધુજનોની સાથે પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૬)

પછી મયારામ તે ગુગળી બ્રાહ્મણોની સાથે પોતાના નિવાસમાં ગયા અને ત્યાં તે બ્રાહ્મણોને બેસાડીને શ્રીહરિએ કહેલી વાર્તા, દ્વારિકેશ અને ગોમતીનું વૃત્તાલય આગમનનું વૃત્તાન્ત મયારામે યથાયોગ્ય કરી. (૨૭) મયારામે ઘણા પ્રકારે તેમને વાતો કરી એ વાર્તા સત્ય અને કલ્યાણકારી હોવા છતાં પણ સંશય ગ્રસ્ત થયેલા તે બ્રાહ્મણો તે વાતને સત્ય માનતા ન હતા. (૨૮)

પછી શ્રીસ્વામિનારાયણની ઈચ્છાથી તે બ્રાહ્મણોને સમાધિ થઈ. સમાધિમાં તેઓ અત્યંત શ્વેત તેજ એકદમ જોવા લાગ્યા. (૨૯) તેજના મધ્યભાગમાં દ્વારિકાધીશને વિસ્મય પૂર્વક તે બ્રાહ્મણો જોતા હતા. પછી દ્વારિકાધીશ તે બ્રાહ્મણોના હૃદયમાં રહેલો સંશય જાણી તે બ્રાહ્મણોને કહેવા લાગ્યા. (૩૦)

હે વાડવો ! આ સ્વામિનારાયણ સર્વ અવતારોના કારણ છે. સ્વતંત્ર, અક્ષરથી પર છે, અને એમનાથી પર કોઈ છેજ નહિ. (૩૧) માટે એમણે જે કહ્યું છે તે સત્યજ માનો. હે બ્રાહ્મણો ! તમોને મેં મારા દર્શન શ્રીસ્વામિનારાયણની ઈચ્છાથી જ આપ્યાં છે. (૩૨)

હે બ્રાહ્મણો ! શ્રીસ્વામિનારાયણના એકાંતિક ભક્ત સાધુઓ તથા સ્વધર્મમાં રહેલા અન્ય ગૃહસ્થ ભક્તજનો જે આ પુરમાં રહે છે તેથી મનોહર આ વૃત્તાલયપુર મને રુચે છે. (૩૩) માટે મારા પરિવાર સહિત તેમજ ગોમતી વગેરે તીર્થો સહિત હું દ્વારિકાથી અહીં આવીને રહ્યો છું. (૩૪)

આ પ્રમાણે બ્રાહ્મણોને કહી બ્રાહ્મણોની સાથે સમાધિ પામેલા મયારામ બ્રાહ્મણ પ્રત્યે દ્વારિકાધીશ જોવા લાગ્યા. (૩૫) પછી દ્વારિકાધીશે તે ગુગળી બ્રાહ્મણો જુવે તે પ્રમાણે પ્રેમપૂર્વક તે મયારામ વિપ્રને ચાર સુવર્ણ મુદ્રાઓ તથા પોતાના આયુધની મુદ્રાઓ આપી. (૩૬)

આ રીતે દયા સાગર દ્વારિકેશ્વર તે બ્રાહ્મણોને વિશ્વાસ આવે તે માટે ચાર સુવર્ણ મુદ્રાઓ મયારામ વિપ્રને આપી. (૩૭)

દ્વારિકાધીશ્વરે મયારામ બ્રાહ્મણને આપેલી તે મુદ્રાઓ જોઈ, તે સમયે ગુગળી બ્રાહ્મણો અત્યંત આશ્ચર્ય પામ્યા. (૩૮)

પછી દ્વારિકાધીશ્વર તે બ્રાહ્મણો પ્રત્યે જોતાં અંતર્ધાન થયા. ત્યારબાદ સમગ્ર બ્રાહ્મણો શ્રીહરિની ઈચ્છાથી સમાધિમાંથી જાગ્રત થયા. (૩૯)

પછી અત્યંત વિસ્મય પામેલા તે બ્રાહ્મણો મયારામ વિપ્રને કહેવા લાગ્યા. અહો વિપ્ર ! શ્રીહરિના એકાંતિક ભક્ત તમોને અતિશય ધન્ય છે ! (૪૦) તમારા સ્વામી શ્રીસ્વામિનારાયણ પોતે પ્રત્યક્ષ ભગવાન છે. એમના પ્રતાપથી અમોને દ્વારિકાધીશના દર્શન થયાં. (૪૧) હે ધીમન્ ! અમોએ શ્રીદ્વારિકેશ્વરનું લાંબા સમય સુધી સેવન કર્યું છે. છતાં પણ કામાસક્ત એવા અમોને ક્યારેય તેમના દર્શન થયા નથી. (૪૨)

માટે હે વિપ્રવર્ય ! અમો તો આ સ્વામિનારાયણને સર્વ કારણના કારણ પ્રત્યક્ષ ભગવાન જાણીએ છીએ. (૪૩) પરંતુ અમારી જ્ઞાતિના અતિદૃઢ પ્રબંધથી બંધનમાં રહેલા અમો શ્રીસ્વામિનારાણનો આશ્રય કરવા સમર્થ નથી. (૪૪)

પછી મયારામ વિપ્રે તેમને મંગળકારી વાતો કરી. તો પણ તે બ્રાહ્મણો જ્ઞાતિના ભયથી નિયમ ગ્રહણ કરી શ્રીહરિનો આશ્રય કરી શકયા નહિ. (૪૫)

પછી મયારામે શ્રીહરિને ચાર સુવર્ણ મુદ્રાઓ આપી, પછી તે બ્રાહ્મણો બંને હાથ જોડી શ્રીહરિ પ્રત્યે બોલ્યા. (૪૬, ૪૭)

હે સ્વામિન્ ! દ્વારિકાધીશ્વરે અમોને દર્શન આપી, આપજ સર્વ અવતારના કારણ પુરુષોત્તમ છો તે પ્રમાણે કહ્યું. (૪૮)

ગોમતી વગેરે તીર્થો તથા પરિવાર સહિત હું આ વૃત્તાલયપુરમાં દ્વારિકાથી

આવ્યો છું. (૪૯)

હું હંમેશાં આ પુરમાં રહું છું. આવી રીતે હે દયાસાગર ! અમોને કહીને તે પ્રભુએ આ મયારામ વિપ્રને આ મુદ્રાઓ આપી. (૫૦)

માટે આપ ખરેખર ભગવાન જ છો. તેમજ દ્વારિકાધીશ્વર દ્વારિકાથી અહીં આવ્યા તથા ગોમતી અહીં આવ્યા છે તે સત્ય છે. (૫૧) આપના પ્રતાપથી આ સર્વ અમો સત્ય જાણીએ છીએ તો પણ જ્ઞાતિના બંધનનો ત્યાગ કરવા માટે અમો સમર્થ નથી. (૫૨)

હે અનવધિકાતિશય ઐશ્વર્યવાન્ ! પ્રત્યક્ષ પરબ્રહ્મ ! આપનું આવું માહાત્મ્ય ન જાણતા એવા અમોએ આપની સાથે ખોટો વિવાદ કર્યો. હે હરે ! અમારો આ અપરાધ આપ ક્ષમા કરો. (૫૩)

હે રાજન્ ! અત્યંત દુષ્ટ સ્વભાવવાળા જ્ઞાતિના બંધનથી બંધાયેલા, વિષયોમાં આસક્ત, તે બ્રાહ્મણો શ્રીહરિ પ્રત્યે આ પ્રમાણે કહી, શ્રીહરિને પ્રણામ કરીને ગયા. (૫૪) હે ભૂપ ! પછી અત્યંત દયાથી કોમળ હૃદયવાળા ભગવાન શ્રીહરિ કરૂણાર્દ્ર દૃષ્ટિથી પોતાના મુખકમળમાં નિબદ્ધ દૃષ્ટિવાળા તે સમગ્ર ભક્તો પ્રત્યે જોતા તથા તેમને આનંદ ઉપજાવતા મનોહર વાણી કહેવા લાગ્યા. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીહરિ પ્રદર્શિત દિવ્ય ઐશ્વર્ય નિરૂપણ નામે ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૪)



અધ્યાય ૩૫ મો

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! મારા સમગ્ર આશ્રિતો તમો સર્વ એકાગ્ર ચિત્ત બની મારું હિતકારી વચન સાંભળો. (૧) તમારા સર્વના ઉપર પ્રસન્ન થયેલા દ્વારિકાધીશ્વરે આ બુદ્ધિમાન મયારામને આ મુદ્રાઓ (શંખ, ચક્ર, ગદા, પદ્મ, એ ચાર છાપો) આપી છે. એમ તમો સર્વ નિઃસંશય થઈ જાણો. (૨)

માટે હે ભક્તો ! દ્વારિકાની જેમ, અહીં પણ મારા આશ્રિત સર્વ ભક્તોએ મહાફળ આપનારી આ ચાર તપ્ત મુદ્રાઓ ધારણ કરવી. (૩) જે જનો અહીં પોતાના બાહુના મૂળમાં તપ્ત મુદ્રાનું ચિહ્ન લે તે નિશ્ચય પુનરાવર્તનથી રહિત બની વિષ્ણુનું પરમ પદ પામે છે. (૪)

માટે ચાર વર્ણના વૈષ્ણવ જન વિષ્ણુ લોકની પ્રાપ્તિ માટે અગ્નિથી તપાવેલી શંખ, ચક્ર, ગદા, પદ્મની છાપો ધારણ કરે; (૫) જે જનો શ્રી વિષ્ણુની આ શંખ, ચક્ર વગેરે આયુધો રૂપી પવિત્ર છાપો અગ્નિથી તપાવી આ સ્થળમાં ધારણ કરશે, તે સંસાર સાગર તરશે. (૬)

હે ભક્તો ! જે જનો તપ્ત મુદ્રાથી ચિહ્નિત થાય તે જનોના પાપ નષ્ટ થશે અને તેનું તેજ તથા બળ વૃદ્ધિ પામશે. અને શ્રીહરિનો શુભ દિવ્યલોક પામશે. (૭) સર્વ વિપ્રો તથા અન્ય મનુષ્યો જેમને પોતાનું કલ્યાણ કરવાની ઈચ્છા છે, તે સર્વ બંને બાહુઓના મૂળમાં અગ્નિથી તપાવેલી શંખ ચક્રાદિની શુભ છાપ લેવા લાગ્યા. (૮) જે મનુષ્ય તપ્ત મુદ્રા ધારણ કરેલા બ્રાહ્મણને અન્ન આપે તે અન્ન મેરુતુલ્ય થાય છે. તે અન્ન આપનાર સ્વર્ગમાં દેવની માફક અમૃત ભાવ પામેલું અન્ન પ્રાપ્ત કરે છે. (૯) અગ્નિથી તપેલા વિષ્ણુના ચક્રાદિ આયુધો ધારણ કરેલો વિપ્ર યમપુરીનો ત્યાગ કરીને પ્રકાશમાન વિષ્ણુના લોકને પામે છે. (બ્રહ્મ પુરાણમાં अग्नितप्तं पवित्रं च धृत्वा वै बाहुमूलयोः । त्यक्त्वा यमपुरं घोरं याति विष्णोः परं पदम् કહ્યું છે. ઋગ્વેદ સંહિતાના સાતમા અષ્ટકમાં ત્રીજા અધ્યાયના અષ્ટમ વર્ગમાં, સામવેદમાં દ્વિતીય પ્રપાઠકમાં "देवायेविधृतेन बाहुना" ઈત્યાદિ આથર્વણમાં તથા હરિભક્તિ વિલાસમાં તથા પાદ્મોત્તર ખંડમાં પ્રપન્નામૃતમાં તથા દ્વારિકા માહાત્મ્યમાં વિસ્તાર પૂર્વક તપ્તમુદ્રા ધારણ કરવા માટેનાં પ્રમાણો છે. શ્રુતિ, સ્મૃતિથી વિરુદ્ધ તપ્તમુદ્રાનું ગ્રહણ કરવાનું ખંડન કરનારા પાસે કાંઈ પ્રમાણ નથી. (૧૦)

હે ભક્તો ! અહીં જે મનુષ્ય તપ્ત ચક્રાદિથી ચિહ્નિત થાય તેના હૃદયમાં પ્રસન્ન મનવાળા શ્રીહરિ નિત્ય વસે છે. (૧૧) વિષ્ણુના આયુધોથી લાંછિત મનુષ્યને જોઈને ભય પામેલા યમ પણ શંકા યુક્ત તથા મત્સર શૂન્ય થઈ તેને પ્રણામ કરીને તત્કાળ દૂરથી જ ચાલ્યા જાય છે. (૧૨)

જે મનુષ્ય ચક્રાદિથી અંકિત દેહવાળા, રુડી બુદ્ધિવાળા, બ્રાહ્મણોને ફક્ત ભિક્ષા જ આપે છે તે મનુષ્ય, વિષ્ણુનું પદ પામે છે. (૧૩)

જેમના બાહુના મૂળમાં તપ્ત ચક્રાદિના ચિહ્નો છે. તે મનુષ્યો પાપથી મુક્ત થઈ દેવની ઉપમા પામે છે. (૧૪)

જે મનુષ્યો તપ્ત ચક્રાદિથી અંકિત થાય છે તે પોતાના કુળનો નરકથી ઉદ્ધાર કરી, શોક રહિત થઈ, વિષ્ણુના લોકમાં પૂજાય છે. (૧૫) જે મનુષ્યો આ વૃત્તાલયમાં તપ્ત ચક્રાદિ ચિહ્નોથી અંકિત થાય છે તે જનોને તો ભગવાનને પ્રિય શુકદેવજી વગેરે મુનિઓ તુલ્ય જાણવા. (૧૬)

આ વૃત્તપુરીમાં તપ્ત મુદ્રાથી અંકિત મનુષ્યના ચરણોદકનું પાન કરીને મનુષ્ય તત્કાળ અઘના ઓઘથી મુક્ત થાય છે એમાં કાંઈ સંશય નથી. (૧૭) આ વૃત્તપુરીમાં તપ્ત મુદ્રાઓથી અંકિત મનુષ્યો જે સ્થાનમાં રહે છે. ત્યાં રહેનારો મનુષ્ય મહાસુખવાળા વિષ્ણુના લોકમાં જાય છે. (૧૮)

ચક્રાદિથી અંકિત મનુષ્યના સમીપે જે પ્રાણીઓ તપ, દાન, ધ્યાન, જપ વગેરે કરતા હોય છે તે સર્વ અક્ષય થાય છે. (૧૯) હે જનો ! જેનું શરીર વિષ્ણુના ચક્રાદિ આયુધોથી અંકિત થાય છે તેનું તે શરીર ગંગાના જળ સમાન પવિત્ર જાણવું. (૨૦)

હે ભક્તો ! આ વૃત્તપુરીમાં જે ભક્ત ચક્રાદિથી અંકિત શરીરવાળો થાય છે તે મનુષ્યના પાપ, સૂર્યના ઉદયથી જેમ અંધકાર નાશ પામે છે તેમ, નાશ પામે છે. (૨૧) હે ભક્તો ! જે ચક્રાદિથી ચિહ્નિત થયેલા વિપ્રને એક દિવસ પોતાને ઘેર નિવાસ કરાવે તે મનુષ્ય નિશ્ચય વિષ્ણુના લોકમાં વાસ કરવા યોગ્ય તથા પૂજ્ય થાય છે. (૨૨)

ચક્રાદિથી અંકિત થયેલા મનુષ્યોના નામ જે સ્નેહપૂર્વક લે છે તે મનુષ્યો પાપથી મુક્તિ પામે છે અને વિષ્ણુને પણ પ્રિય થાય છે. (૨૩) આ વૃત્તપુરીમાં જેનું શરીર ચક્રાદિથી ચિહ્નિત છે એવા ભક્ત જે દેશમાં નિવાસ કરે છે તે દેશ પણ અતિ પુણ્યશાળી છે. અને તે મારા ઉપાસકોને તથા મને પ્રિય છે. (૨૪)

જે બ્રાહ્મણ તપ્તમુદ્રા તથા ઉર્ધ્વપુંડ્ર ચિહ્નો ધારણ કરે છે ત્યારે તે શ્રાદ્ધાદિ કર્મો કરવા યોગ્ય થાય છે. (૨૬) અહીં ચક્રાદિ મુદ્રાઓથી જે અંકિત થયા છે તે બ્રાહ્મણો જે દેશમાં નિવાસ કરે છે, દેવતાઓ તથા ઋષિઓ હંમેશાં તે દેશનો આશ્રય કરે છે. (૨૭)

ચક્રાંકિત ભુજાવાળા મનુષ્યને જોઈ જે મનુષ્ય તેને પ્રણામ કરતો નથી તે મનુષ્ય સો પશુયોનિને પામીને વિષ્ટાનો કીડો થાય છે. (૨૮) ચક્રાદિના ચિહ્નથી રહિત બ્રાહ્મણનું જે જપ, હોમ, તપ,દાન, અધ્વર, પિતૃ તર્પણ તે સમગ્ર નિષ્ફળ છે. (૨૯)

બ્રાહ્મણ યજ્ઞોપવિત વિના ત્યાજ્ય છે તથા વૈષ્ણવ તપ્તમુદ્રાઓના ચિહ્ન વિના અવૈષ્ણવ છે માટે આ પ્રકારના ધર્મથી બહિર્મુખ થયેલો બ્રાહ્મણ પરિત્યાજ્ય થાય છે. (૩૦) જે બ્રાહ્મણો તપ્ત મુદ્રાઓના ચિહ્નથી રહિત છે. તે સર્વધર્મથી રહિત થઈ કઠોર નરકને પામે છે. (૩૧)

જે મનુષ્ય તપ્તમુદ્રાથી ચિહ્નિત થઈ, નિત્ય તથા નૈમિત્તિક દેવ સંબંધિ તથા પિતૃ સંબંધિ કર્મ કરે છે. તે મનુષ્યનું તે તે કર્મનું ફળ હંમેશાં અક્ષય થાય છે. (૩૨) તપ્ત મુદ્રાથી અંકિત ઉત્તમ બ્રાહ્મણ જે પંક્તિમાં જમે તે સર્વ પંક્તિ જેમ ગંગાના પ્રવાહમાં મળતા નદીઓના પ્રવાહ પવિત્ર થાય છે તેમ પવિત્ર થાય છે. (૩૩)

શ્રાદ્ધ કરનારના શરીરમાં શંખાદિ ચિહ્ન જોઈ, શ્રાદ્ધ કાળમાં રાક્ષસો તથા દાનવો નાસી જાય છે. (૩૪) તપ્તમુદ્રાનાં ચિહ્ન વગરના માણસને શ્રાદ્ધમાં નોતરવાથી શ્રાદ્ધ નકામું જાય છે અને પિતરો નિરાશ થઈ પાછા વળી જાય છે. (૩૫) તેથી બ્રાહ્મણે તપ્તમુદ્રાચિહ્ન ધારણ કરવાં જ જોઈએ. ભગવાન્ વિષ્ણુની તપ્તમુદ્રાનાં તે ચિહ્નને ધારણ કરનાર બ્રાહ્મણને આ લોકમાં અને

પરલોકમાં પરમ કલ્યાણ પ્રાપ્ત થાય છે. (૩૬) તપ્તમુદ્રાના ચિહ્ન ધારણ કરવામાં શૂદ્રને જ અધિકાર છે બીજા કોઈને નથી તેવું કેટલાક કહે છે. (૩૭)

તે જનો વેદશાસ્ત્રનો સિદ્ધાંત સર્વથા જાણતા નથી. માટે સર્વ પ્રકારે આગ્રહથી વિવાદ કરે છે. (૩૮) તેમણે કહેલું જો સત્ય હોય તો વેદાદિમાં બ્રાહ્મણાદિકને તપ્તમુદ્રાના ચિહ્નો ધારણ કરવાં એમ કહ્યું છે. હે જનો ! તે કેમ બંધ બેસતું થાય ? (૩૯) હે જનો ! ઋગ્વેદમાં, સામવેદમાં, અથર્વશ્રુતિ તથા શતપથ શ્રુતિમાં બ્રાહ્મણાદિને તપ્ત મુદ્રાનું ચિહ્ન ધારણ કરવાનું સ્પષ્ટ કહ્યું છે. આ પ્રમાણે તમો જાણો. (૪૦) રામાર્ચન ચંદ્રિકા નામનો જે ગ્રંથ સાંભળ્યો છે તેમાં તેમજ ભક્તિ ચંદ્રોદય ગ્રંથમાં, (૪૧) તથા પદ્મપુરાણના ઉત્તર ખંડમાં, શ્રીમાર્ગશીર્ષ માહાત્મ્યમાં તથા કાશીખંડમાં, (૪૨) એ આદિક સેંકડો ગ્રંથોમાં બ્રાહ્મણાદિ જનોને તપ્તમુદ્રાના ચિહ્નો ધારણ કરવાનું પ્રતિપાદન કર્યું છે. (૪૩) હે ભક્તો ! માટે મારા આશ્રિત સમગ્ર બ્રાહ્મણજનોએ તથા ત્યાગીજનોએ સદા શુભ કરનારી તપ્તમુદ્રાઓ ધારણ કરવી. (૪૪)

શુકાનંદમુનિ કહે છે :- મુનિઓ તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિની આ પ્રકારની અમૃતથી પણ અતિ શ્રેષ્ઠવાણી સાંભળી, અત્યંત હર્ષપૂર્વક, વિનયથી, નમ્રતાયુક્ત 'બહુ સારું' (જેમ આપ કહો છો તેમ કરીશું) એમ બોલ્યા. (૪૫)

પછી શ્રદ્ધા તથા આદર સહિત તે સર્વજનોએ શ્રીહરિને સંભારી ગોમતીના જળમાં સ્નાન કરી, વિધિ પ્રમાણે શુભ તપ્તમુદ્રાઓ ધારણ કરી. (૪૬)

પછી સમગ્ર પીડાનો નાશ કરનારા લક્ષ્મીનારાયણ દેવના દર્શન હર્ષપૂર્વક કરી, શ્રીસ્વામિનારાયણના તથા મુનિ સમૂહના પવિત્ર દર્શન તેઓ કરતા હતા. (૪૭)

નિષ્કામ ભક્તો ઉપર અત્યંત પ્રીતિવાળા, સમગ્ર ધર્મના રક્ષણ કરનાર ધર્મપુત્ર શ્રીહરિ તે સમગ્ર ભક્તોને અત્યંત ભક્તિયુક્ત પોતાની અજ્ઞાની અનુવૃત્તિમાં અત્યંત આસક્ત ચિત્તવાળા જોઈ, અનુપમ આનંદ પામ્યા. (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં શ્રીહરિએ કહેલું તપ્ત મુદ્રાના ચિહ્ન ધારણ કરવાનું માહાત્મ્ય નિરૂપણ નામે પાંત્રિસમો અધ્યાય સંપૂર્ણ. (૩૫)



અધ્યાય ૩૬ મો

માનસિંહ રાજા કહે છે :- હે મુને ! આ વૃત્તાલયપુરમાં શ્રીસ્વામિનારાયણે મનુષ્યોની સંસૃતિનો નાશ કરનારી વિવિધ પ્રકારની લીલાઓ કરી છે. (૧) માટે સર્વધામમાં અતિશ્રેષ્ઠ આ વૃત્તાલયનું માહાત્મ્ય જાણનારા તમો મને કૃપાથી તે કહો. (૨)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! શ્રીસ્વામિનારાયણના પાદપદ્મોથી વારંવાર ચિહ્નિત આ વૃત્તાલયનું માહાત્મ્ય તમોને હું સંક્ષિપ્તથી કહું છું. (૩) હે રાજન્ ! આ વૃત્તાલયપુરમાં સહજાનંદ શ્રીહરિ વારંવાર નિવાસ કરતા હતા, માટે પૃથ્વી ઉપર આ વૃત્તાલયપુર અતિશય ધન્ય છે. (૪)

શ્રીહરિએ મુનિઓ તથા આશ્રિત સમૂહ સાથે આ પુરમાં વસીને જન્માષ્ટમી વગેરે ઘણા પર્વોના મહોત્સવો કર્યા હતા. (૫) આ વૃત્તાલયપુરમાં દરેક વર્ષે નિયમપૂર્વક પ્રબોધિની તથા ચૈત્ર સુદી નવમી તિથિએ શ્રીહરિ મહોત્સવ કરતા હતા. (૬) સર્વત્યાગીઓ તથા મારા આશ્રિત સર્વ ગૃહસ્થજનોએ આ વૃત્તાલયમાં દરેક વર્ષે આ બે ઉત્સવો તો કરવા જ. (૭) સ્વામિનારાયણ શ્રીહરિએ પોતાના જનોને આવી આજ્ઞા કરી હતી. માટે દરેક વર્ષે આ વૃતપુરીમાં તે બંને ઉત્સવ થાય છે. (૮)

જે જનો વૃત્તાલયપુરમાં રહેલા લક્ષ્મીનારાયણાદિના હંમેશાં દર્શન કરે છે તે જનો નિશ્ચિત મુક્તિ પામેલા છે માટે તેમને ધન્ય છે. (૯) જન્મથી આરંભીને જે મનુષ્યે કદી પુણ્ય નથી કર્યાં તેવો મનુષ્ય પણ વૃત્તાલયના દર્શનથી જ પુણ્ય કરનારો થાય છે. (૧૦)

સમગ્ર તીર્થોમાં દર્શન કરીને પણ જે મનુષ્ય વૃત્તાલય જો ન જુએ તો તેની યાત્રા પૂર્ણ થાય નહિ. તેમજ સમગ્ર તીર્થનું પણ ફળ તેને ન થાય. (૧૧) પૃથ્વી ઉપરના સર્વ તીર્થોમાં જે પ્રમાદને લીધે જઈ શકતો નથી પરંતુ તે કેવળ વૃત્તાલયપુરના જ જે દર્શન કરે છે તેવા મનુષ્યોને સર્વ તીર્થનું ફળ થાય છે. (૧૨)

પૃથ્વી ઉપર દ્વારિકા, મથુરા, માયા, કાશી, અયોધ્યા, અવંતિકા, કાંચી આ પુરીઓ આ વૃત્તાલયની સમાન નથી. તેમજ અન્યક્ષેત્રો પણ આની તુલ્ય નથીજ. (૧૩, ૧૪)

હે નૃપતે ! કળિયુગના પ્રવેશથી રહિત આ પવિત્ર વૃત્તાલયપુરમાં જે વસે છે તે જનો કળિયુગના ભયને કદાપિ વશ થતા નથી. (૧૫) કાશી વગેરેમાં જીવન પર્યન્ત રહેનારા પુરુષોને જે ફળ થાય છે તે ફળ વૃત્તાલયમાં રહેનારાઓને ફક્ત એકજ દિવસમાં થાય છે. (૧૬)

હે રાજન્ ! જે જનો આ પુરમાં પંદર દિવસ, માસ અથવા વર્ષ દિવસ પર્યન્ત વસે છે તેમનાં મહાપુણ્યનું વર્ણન કરવાનું શક્ય નથી. (૧૭) વૃત્તાલયપુરનું મનથી જે ચિંતવન કરે છે તેના સો વર્ષમાં કરેલા પાતક નાશ થાય છે. જે જનો ''વૃત્તાલય'' એ પ્રકારનું ફક્ત નામ ઉચ્ચારણ

કરે છે તેના સાત જન્મમાં કરેલા પાપ નાશ પામે છે. (૧૮)

વૃત્તાલયમાં આવનારા જનોના સહસ્ર જન્મનાં પાપ વૃત્તાલયપુર નાશ કરે છે માટે પોતાનું શ્રેય કરવા ઈચ્છતા જનોએ આ પુર સેવા કરવા યોગ્ય છે. (૧૯) લક્ષ્મીનારાયણ દેવના દર્શન ઈચ્છનારા બ્રહ્માદિ દેવો વૃત્તાલયપુરમાં દર્શન કરવા માટે હંમેશાં આવે છે. (૨૦)

વૃત્તાલયપુરમાં દર્શન કરવા માટે ઋષિઓ, યોગનિપુણ કવિ આદિ યોગીશ્વરો તથા નારદાદિ ઋષિઓ, સિદ્ધો, ગંધર્વો, કિન્નરો, હંમેશાં આવે છે. (૨૧)

સજ્જનોના નિવાસરૂપ પુરુષોને સર્વાર્થ સિદ્ધિ આપનારું આ પવિત્ર વૃત્તાલય કળિયુગમાં મુક્તિનું એક માત્ર પવિત્ર દ્વાર છે. (૨૨) આ વૃત્તાલયમાં પ્રવેશેલા મનુષ્યના દુસ્તર પાપનો નાશ થાય છે. હે રાજન્ ! આ પુરને કયો મનુષ્ય ન સેવે ? (૨૩)

સંસારરૂપી અગ્નિથી તપ્ત થયેલા અંગવાળા જનો અહીં લક્ષ્મીનારાયણ દેવના દર્શન કરીને અત્યંત શાંતિ પામે છે. (૨૪) નીચકુળમાં ઉત્પન્ન થયેલા જે જનો આ શ્રેષ્ઠ વૃત્તાલય પુરમાં ભક્તિપૂર્વક આવે છે. તે ઊંચાકુળમાં ઉત્પન્ન થયેલા, પરંતુ અહીં નહિ આવનારા મનુષ્યોને જે સર્વોત્તમ દુર્લભ ગતિ છે તે નિશ્ચય પામે છે. (૨૫)

જે પક્ષીઓ તથા પશુઓ આ પુરમાં મૃત્યુ પામે છે તે પણ મુક્તિ પામે છે. હે ભૂપતે ! તો મનુષ્યો મુક્તિ પામે તેમાં શું કહેવું ? (૨૬) હે ભૂપતે ! નદીઓમાં સમુદ્ર, પર્વતોમાં મેરુ, ઈન્દ્રિયોમાં મન, શરીરોમાં પ્રાણ, સર્વ તારાઓમાં સૂર્ય, દેવોમાં શ્રેષ્ઠ જગતપતિ મહાવિષ્ણુ (૨૭, ૨૮)

સમગ્ર દ્રવ્યોમાં અત્યંત શોભાયમાન ચિંતામણિ જેમ ઉત્તમ છે. તે પ્રકારે આ વૃત્તાલય પુરજ આ લોકના સમગ્ર પુણ્ય ક્ષેત્રોમાં ઉત્તમોત્તમ છે. (૨૯) અહીં લક્ષ્મીનારાયણાદિના દર્શન કરનારાઓને એક દિવસમાં સો ચંદ્ર પર્વથી થતું ફળ થાય છે. સો ચંદ્રગ્રહણોમાં કરોડ ગાયોના દાન કુરુક્ષેત્રમાં અર્પણ કરવાથી જે પુણ્ય થાય છે તે અહીં લક્ષ્મીનારાયણના એક દિવસના ક્ષણમાત્રના દર્શનથી થાય છે. (૩૦)

જેમ અમાવાસ્યાને દિવસે થતા સૂર્ય ગ્રહણોમાં હજાર ગાયોના દાન કરવાથી અથવા યજ્ઞોના સમૂહથી જેવું ફળ થાય છે, (૩૧) તેવી જ રીતે લક્ષ્મીનારાયણના આ સ્થાનમાં એક દિવસ નિવાસ કરનારાઓ અને લક્ષ્મીનારાયણાદિ દેવના દર્શન કરનારા પુરુષોને તેટલું ફળ થાય છે. (૩૨)

જ્યારે મનુષ્યો આ વૃત્તાલયમાં પ્રીતિપૂર્વક આવીને લક્ષ્મીનારાયણાદિના દર્શન માટે ફક્ત વિચાર જ કરે છે. (૩૩) તે સમયે જે તેના પિત્રીઓ છે તે પોતાની મુક્તિ થઈ છે એવું માને છે અને તેમને નરકમાંથી સ્વર્ગની પ્રાપ્તિ થઈ છે એવું જાણી આનંદ પામે છે. (૩૪)

હે ક્ષોણિપાલ ! આ વૃત્તાલયપુરમાં યાત્રા માટે આવતા જનસમૂહને પગલે પગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ જરૂર થાય છે. (૩૫) જે મનુષ્ય અહીં લક્ષ્મીનારાયણાદિની યાત્રા માટે બીજા જનોને પ્રેરણા કરે છે. તે મનુષ્ય રાજસૂય યજ્ઞનું ફળ પામે છે. (૩૬)

જે મનુષ્ય અહીં યાત્રા કરવા માટે આવનાર મનુષ્યને દ્રવ્ય આપે છે. તે મનુષ્ય હજાર ગાયોનું દાન આપવાથી જે ફળ થાય છે તે ફળ થાય છે. (૩૭)

જે જન અહીં આવનારા પરંતુ માર્ગમાં ચાલવા માટે અસમર્થ હોય તેને બેસવા માટે વાહન આપે છે. તે કાશીની સો યાત્રાથી ઉત્પન્ન થતા ઘણા ફળને પામે છે. (૩૮)

અહીં યાત્રા કરવા આવતા ક્ષુધાતુર જનને જે અન્ન આપે છે તે મનુષ્યને ગયામાં શ્રાદ્ધ કરાવ્યા તુલ્ય ફળ થાય છે. (૩૯) અહીં આવતા માર્ગમાં ચાલતા આવનાર જનોને જે માત્ર જળ આપે છે. તે મનુષ્ય હજાર પરબોનું ફળ પામે છે. (૪૦)

વડતાલની યાત્રામાં જનાર મનુષ્યને જે મનુષ્ય સ્વામિનારાયણની પ્રસન્નતા માટે અપેક્ષિત વસ્તુ આપે છે. તેના સર્વ મનોરથો સિદ્ધ થાય છે. (૪૧) માર્ગમાં ચાલતા જે મનુષ્ય શ્રીસ્વામિનારાયણની કથા સાંભળે છે અથવા તેનું ગાન કરે છે તેવા મનુષ્યથી પર અતિશય ધન્ય કોણ છે ? (૪૨)

અહીં યાત્રા માટે આવતા જનોને જે મનુષ્ય વિઘ્ન કરે છે. તે મૂઢ મનુષ્યનું સમગ્ર પુણ્ય નાશ થાય છે. (૪૩) વિશેષ શું કહીએ ? આ વૃત્તાલય નામનું પુર ત્રિલોકીમાં શોભારૂપ છે. કારણ કે વૃત્તાલયપુરમાં લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ વિરાજે છે. (૪૪)

મુનિઓએ ચિંતવન કરવા યોગ્ય છે બંને ચરણો જેમનાં એવા શ્રીધર્મના પુત્ર શ્રીસ્વામિનારાયણ શ્રીહરિએ, આ રમણીયપુરીને પોતાની રાજધાની કરી છે. આ વૃત્તાલયપુરીના સમગ્ર ઉત્તમ દેશો શ્રીહરિના ચરણોથી અંકિત થયા છે. જે દેશોના દર્શન માત્રથી ભક્તો પોતાના પ્રાણથી પણ અત્યંત અનુપમ પ્રેમના સ્થાનભૂત શ્રીહરિને સંભારે છે. (૪૫)

હે નરપતે ! આ શુભ સ્થાન નિર્ગુણ છે માટે સર્વોત્તમ અને અતિ ધન્ય છે. કારણ કે આ સ્થાનમાં શ્રીસ્વામિનારાયણે વારંવાર ઘણાં મહોત્સવો કર્યા છે. આનંદ કરનારા છે દર્શન જેમનાં એવા શ્રીસ્વામિનારાયણની સુંદર રજ સમગ્ર કલ્મષને છેદનારી હોઈ, બ્રહ્માદિ ઈશ્વરો તથા ભક્તો આનંદપૂર્વક પોતાના મસ્તક ઉપર તે રજ ધારણ કરે છે. (૪૬)

દિવ્ય ઐશ્વર્ય તથા દયા વગેરે ગુણોના મહાસાગર, અક્ષરાદિ મુકતોના એક સ્વામી, સમગ્ર અવતારના એક કારણભૂત, સમગ્ર ત્રાસનો નાશ કરનારો છે આશ્રય જેમનો એવા ધર્મપુત્ર, રાજાધિરાજ, પોતાના એકાંતિક જનો જેમના સદા દર્શન કરે છે તે પ્રભુ સ્વામિનારાયણ, હાલમાં પણ આ મંદિરમાં પ્રત્યક્ષ બિરાજમાન છે. (૪૭)

માટે આ લોકમાં તથા પરલોકમાં મનુષ્યોને જે દુર્લભ છે તે મુક્તિ હંમેશાં આ પુરમાં વસે છે, માટે શ્રીહરિના પાદારવિંદથી અંકિત વૃત્તાલયનગરી સમગ્ર લોકમાં અત્યંત સર્વોત્કૃષ્ટ છે. (૪૮)

હે નૃપ ! આવી રીતે તમોને વૃત્તાલયપુરનું કલ્યાણકારી માહાત્મ્ય મારી બુદ્ધિ અનુસાર કહ્યું. જે મનુષ્ય આ વૃત્તાલયપુરનું માહાત્મ્ય ભક્તિપૂર્વક સાંભળશે અથવા તેનો પાઠ કરશે તે મનુષ્યના સર્વ પાપ નાશ પામશે અને તેના સર્વ મનોરથો સિદ્ધ થશે. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં વૃત્તાલયપુરનું માહાત્મ્ય નિરૂપણ નામે છત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૬)



અધ્યાય ૩૭ મો

માનસિંહ રાજા કહે છે :- હે વિદ્વન્ ! આ વૃત્તાલયપુરમાં તીર્થનો વિધિ કેવી રીતે કરવો ? હે મુને ! કયા પ્રકારનો પુરુષ સર્વ તીર્થનું ફળ પામે છે અને કયા પ્રકારનો પુરુષ સર્વ તીર્થનું ફળ નથી પામતો ? (૧)

હે મુને ! આપ શાસ્ત્ર અભિજ્ઞ છો તેથી તમારી પાસેથી આ ત્રણે પ્રશ્નના ઉત્તર હું સાંભળવા ઈચ્છું છું. માટે હે દયાનિધે ! તમોજ મને તે યથાર્થપણે કહો. (૨)

શ્રી શુકાનંદ મુનિ માનસિંહ રાજાને કહે છે :- હે રાજન્ ! મેં શતાનંદ મુનિના મુખથી જે તીર્થવિધિ સાંભળ્યો છે, તે તીર્થવિધિ તમોએ પૂછ્યો તેથી તે તથા તમારા અન્ય પ્રશ્નોના ઉત્તર હું કરું છું. (૩)

હે રાજન્ ! તીર્થ કરનારો મનુષ્ય બ્રાહ્મમુહૂર્તમાં નિદ્રાનો ત્યાગ કરી શ્રીહરિનું ધ્યાન અને નામ સંકીર્તન કરે, (૪) તીર્થવિધિ કરનારો મનુષ્ય સ્વામિનારાયણ શ્રીહરિને સંભારતો, ગોમતી પ્રત્યે જઈ શૌચવિધિ કરી, સૂર્યનારાયણના ઉદય પહેલાં સ્નાન કરે. (૫)

પછી સમગ્ર નિત્યકર્મ યથાયોગ્ય કરીને ભક્તિપૂર્વક લક્ષ્મીનારાયણ આદિ દેવના દર્શન કરે. (૬)

પછી આચાર્ય તથા મુનિઓ વગેરેને હર્ષપૂર્વક પ્રણામ કરે. 'મારી ઉપર પ્રસન્ન થાઓ.' એમ હંમેશાં હૃદયમાં ચિંતવન કરે. (૭)

આચાર્ય પાસેથી તથા સાધુઓ પાસેથી દરરોજ પ્રત્યક્ષ શ્રીહરિની શુભ વાતો સાંભળે, હંમેશાં આદરપૂર્વક સત્પુરુષોનો પ્રસંગ કરે. (૮)

તીર્થ કરવા આવતા યાત્રીઓએ તીર્થમાં ઉપવાસ કરવો. પિંડ અર્પણ કરી શ્રાદ્ધ કરવું તથા ક્ષૌર (મુંડન) કરાવવું. પરંતુ ચાતુર્માસ વગેરેમાં કેશ ધારણ કરનાર વ્રતધારીઓએ ક્ષૌર કર્મ ન કરાવવું. (૯)

હે ભૂપતે ! વર્ણિઓ તથા જેમને પિતા જીવીત હોય તેવા પુરુષોએ તેમજ નિયમિત દરમાસે ક્ષૌર કરાવનારા સાધુઓએ ક્ષૌર ન કરાવવું. (૧૦) તીર્થોમાં સધવા સ્ત્રીઓએ ક્ષૌર ન કરાવવું. દશ માસમાં જ જો ફરીથી તીર્થમાં આવવાનું થાય તો મનુષ્યોએ ફરીથી ક્ષૌર ન કરાવવું. (૧૧)

તીર્થમાં સર્વ પ્રકારે બ્રાહ્મણો, મુનિઓ તથા સ્વધર્મ નિષ્ઠ સાધુઓને જમાડવા બ્રાહ્મણોની પરીક્ષા ન કરવી અને પોતાની શક્તિ પ્રમાણે દાન આપવું. (૧૨)

હિતને ઇચ્છનારા જનોએ શક્તિ પ્રમાણે ભક્તિપૂર્વક લક્ષ્મીનારાયણ આદિ દેવોની ભૂષણો, વસ્ત્રો તથા ધન વગેરેથી સેવા કરવી. (૧૩)

નિર્ધન મનુષ્યોએ હંમેશાં લક્ષ્મીનારાયણના મંદિરમાં ધોવું, લીંપવું વગેરે સેવા કરવી. તેમજ આચાર્ય તથા સાધુઓની સેવા કરવી. (૧૪) જે મનુષ્યો દરિદ્ર હોય તેઓ મંદિર વાળે, ગુરુ તથા સંતોની સેવા કરે તો તેમને મહાપૂજાનું ફળ તથા સર્વ દાનનું ફળ, તેમજ શ્રાદ્ધ વગેરે ક્રિયાનું સર્વ ફળ જરૂર પ્રાપ્ત થાય છે. (૧૫)

તીર્થ કરનારા મનુષ્યે ગ્રામ્યવાર્તાનો ત્યાગ કરવો. શ્રીહરિની ભક્તિ વિના ક્યારેય ક્ષણપણ કાળ નિર્ગમન ન કરવો. (૧૬) તીર્થ કરનાર ગૃહસ્થે પોતાની સ્ત્રીના સંગનો ત્યાગ કરવો. (અહીં સ્ત્રી સંભોગનો ત્યાગ) તીર્થમાં યથાશાસ્ત્ર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું. બ્રહ્મચર્ય શ્રીહરિને પ્રિય છે. (૧૭)

ગૃહસ્થ વૃદ્ધાવસ્થાવાળી પરસ્ત્રીને માતા સમાન સમજે, સમાન અવસ્થાવાળી સ્ત્રીને પોતાની બહેન સમાન સમજે, અને પોતાનાથી નાની હોય તો તે સ્ત્રીને પુત્રી સમાન સમજે, (૧૮) વ્યભિચારથી સર્વ સત્કર્મો નાશ પામે છે માટે સ્ત્રીઓ તથા પુરુષો કામરૂપી શત્રુને નિયમમાં રાખે. (૧૯)

તીર્થ કરનારો પુરુષ હંમેશાં પારકાના દ્રોહનો ત્યાગ કરે. તીર્થ ક્ષેત્રમાં તો વિશેષ પણાથી તેનો ત્યાગ કરે. અન્યની નિંદા તથા ચોરી, અસત્ક્રિયા વગેરેનો હંમેશાં ત્યાગ કરે. (૨૦)

ક્રોધ, હિંસા, ચાડિયાપણું, લોભ, દંભ, મત્સર, અહંકાર, મદ એ સર્વ પુણ્યનો નાશ કરનારા છે. તેથી એ ક્રોધાદિ સર્વનો ત્યાગ કરે, (૨૧) તીર્થ કરનારો મનુષ્ય સદા મન તથા ઇન્દ્રિયોને જીતે. મિથ્યા ભાષણ, વાદ તથા સાહસ વગેરેનો ત્યાગ કરે. (૨૨)

જો તીર્થ કરનારો પુરુષ ક્ષમા, મૈત્રી, દયા, શૌચ, નમ્રતા વગેરે ગુણો કેળવે તો તેનું સમગ્ર સુકૃત સાર્થક થાય. (૨૩) હે રાજન્ ! તીર્થ કરનારાઓ તીર્થમાં જે પુણ્યકર્મ કરે છે તે સર્વ હજાર ગણાથી પણ અધિક થાય છે. (૨૪)

તીર્થ યાત્રા કરનાર પુરુષ બંને ચરણ, બંને હાથ, જીહ્વા, મન, શિશ્ન વગેરે સમગ્ર અત્યંત નિયમમાં રાખે. તીર્થ કરતા મનુષ્યે વિદ્યા, તપ, વિનય વગેરે ગુણો કેળવવા તો સમગ્ર તીર્થનું ફળ તે પામે. (કાશીખંડમાં "**यस्य हस्तौ च पादौ च मनश्चैव सुसंयतम् । विद्यातपश्च कीर्तिश्च सतीर्थफलमश्नुते**")(૨૫)

ક્રોધ રહિત, અતિશય દૃઢવ્રતવાળા, સત્યવાદી, નિર્મત્સર, વિમળ બુદ્ધિવાળા, પોતાના ધર્મમાં નિષ્ઠાવાળા સમગ્ર જનો પ્રત્યે બ્રહ્મભાવની દૃષ્ટિ રાખનારા તીર્થીઓ જ સુશીલ છે, અને તે આ લોકમાં શાસ્ત્રમાં કહેલું તીર્થનું ફળ પામે છે. (૨૬)

જે પુરુષ લોભ, કામ, ક્રોધ વગેરેને જીતીને સમગ્ર પાતક કર્મથી ભય પામીને તીર્થ કરે છે તે તીર્થ કરનારા પુરુષને ભગવાનની પ્રસન્નતારૂપ ફળ તેમજ બીજું ઈચ્છિત ફળ અપ્રાપ્ય નથી જ. (૨૭)

શ્રદ્ધારહિત, પાપના સ્થાનભૂત છે આત્મા જેનો એવો, સંશયવાળો, નાસ્તિક અને સકામ એ પાંચ પ્રકારના મનુષ્યો તીર્થનું ફળ પામતા નથી જ. (૨૮)

દંભયુક્ત, પિશુન, લોભી, ક્રોધી વિષયમાં આસક્તિવાળો હોય તે પાપી મનુષ્ય સમગ્ર તીર્થોમાં સ્નાન કરે તોપણ મલિન જ છે. (૨૯)

જેમ શ્રેષ્ઠ તીર્થમાં કરેલું થોડું પુણ્ય પણ વૃદ્ધિ પામે છે તેવી રીતે મનુષ્યોએ કરેલું તીર્થમાં પાપ પણ વૃદ્ધિ પામે છે. (૩૦) અન્ય ક્ષેત્રમાં પાપ કર્યુ હોય તે તીર્થક્ષેત્રમાં નાશ પામે છે. પરંતુ તીર્થક્ષેત્રમાં કરેલું પાપ તો વજ્રલેપ થાય છે એમ કહ્યું છે. (૩૧)

દ્વાદશ વર્ષ પર્યન્ત પ્રાયશ્ચિત કરે તો પણ તીર્થમાં પાપ કરનારાઓની સંશુદ્ધિ થતી નથી. માટે મનુષ્ય તીર્થમાં શુભ નિયમો સહિત જ રહે. (૩૨)

જે જનો તીર્થમાં પાપ કરે છે તે જનો પિશાચ થાય છે. તીર્થમાં પાપ કરનારી સ્ત્રીઓ ડાકિની થાય છે. (૩૩)

ડાકિનીઓ તથા પિશાચો હંમેશાં તીર્થ કરનારાઓના છિદ્ર (પ્રવેશ નિમિત્ત દોષ) ખોળે છે. માટે થોડો પણ દોષ તીર્થ કરનારાઓનો જોઈ તત્કાળ પુરુષોમાં તથા સ્ત્રીઓમાં તેઓ પ્રવેશ કરે છે. (૩૪)

પિશાચ અને ડાકિનીને વશ થયેલી સ્ત્રીઓ પુરુષોનો સંગ ઈચ્છે છે તથા તેવા પુરુષ સ્ત્રીઓનો સંગ ઈચ્છે છે. દ્રવ્યના લોભથી સ્ત્રીઓ તથા પુરુષો હિંસા વગેરે ક્રિયામાં પ્રવર્તે છે. (૩૫)

આવી રીતે પૃથ્વી ઉપર તીર્થ કરનારાઓને વિઘ્ન કરનારા પણ છે. માટે તીર્થ કરનારાઓએ અયોગ્ય આચરણ કરતાં બીક રાખવી. (૩૬)

તીર્થોમાં પરસ્ત્રીનું દર્શન, તેનો સ્પર્શ, તેની મશ્કરી વગેરે કરવાથી શાસ્ત્રજ્ઞો હોય તેનું પુણ્ય પણ નાશ પામે છે. (૩૭)

એવી રીતે સ્ત્રીઓ પણ અન્ય પુરુષના પ્રત્યે જુવે તથા તેનો સ્પર્શ કરે તો તેનું સુકૃત પણ નાશ પામે છે. માટે સ્ત્રીઓ તથા પુરુષોએ પોતાની ઈન્દ્રિયોને નિયમમાં રાખવી. (૩૮)

દેહ સંબંધિ નિયમને વિદ્વાનોએ મનુષ્યનું વ્રત કહ્યું છે. મનની શુદ્ધિ એ દેવતાનું વ્રત છે. તીર્થ કરનારા મનુષ્યે તો દેહ સંબંધિ નિયમો પાળવા તથા મનની શુદ્ધિ રાખવી, એ બંને સિદ્ધ કરવાં. (૩૯)

હે રાજન્ ! આવી રીતે મેં તમોને તીર્થવિધિ સંક્ષિપ્તની કહ્યો છે. આ પ્રસંગ પ્રાપ્ત થયો છે તો હવે શ્રીહરિનું પવિત્ર ચરિત્ર કહું છું. તે તમો એક ચિત્તથી સાંભળો. (૪૦) હે રાજન્ ! પછી શ્રીહરિએ ચૈત્રસુદી નવમીને દિવસે આ વૃત્તાલયપુરમાં મહોત્સવ કર્યો અને ત્યાર બાદ સમગ્ર ભક્તોને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપી. (૪૧)

પછી ભક્તજનસમૂહ શ્રીહરિનું, મહાઅમૂલ્ય વસ્ત્રો તથા આભૂષણો વગેરે ઉપચારોથી, પૂજન કરીને તથા શ્રીહરિને નમસ્કાર કરી, માર્ગમાં શ્રીહરિની કીર્તિ ગાતા ગાતા પોતાના દેશ પ્રત્યે ગયા. (૪૨)

પછી શ્રીહરિ દ્વાદશીની તિથિએ પારણા કરીને પોતાના ભક્તજનોને પણ તૃપ્ત કર્યા પછી અશ્વ ઉપર વિરાજમાન થઈ પોતાના ભક્તજનોની સાથે શ્રીહરિ આ પુરથી નીકળ્યા. કુબેર તથા જોબન વગેરે ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. (૪૩)

દૂર સુધી પોતાની પાછળ આવેલા, નેત્રોમાં અશ્રુવાળા, પુરના ભક્તજનોને પાછા વાળીને ધર્મપુત્ર શ્રીહરિ પોતાના જનોની સાથે માર્ગમાં ફરતા ફરતા પાંચ રાત્રિ નિર્ગમન કરીને દુર્ગપત્તન પધાર્યા. (૪૪)

હે રાજન્ ! સન્મુખ આવેલા દુર્ગપત્તનના ભક્તો જેમના નેત્રોમાં હર્ષનાં અશ્રુ છે. તેવા તે ભક્તો સહિત શ્રીહરિએ તે પુરમાં પ્રવેશ કર્યો અને ઉત્તમરાજાના દરબારમાં પોતાના ભુવનમાં પધાર્યા. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં તીર્થવિધિ વર્ણન નામે સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૭)



અધ્યાય ૩૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં વસતા ભક્તોનું પ્રિય કરનારા, શ્રીહરિએ વૈશાખ સુદી પડવાને દિવસે કૂર્મજન્મોત્સવ કર્યો. (૧) શ્રીહરિએ એ ઉત્સવમાં સમગ્ર વર્ણિઓ, મુનિઓ તથા હજારો બ્રાહ્મણોને શ્રેષ્ઠ ભોજનો જમાડી તૃપ્ત કર્યા. (૨)

તેજ દિવસે જૂનાગઢથી ગઢપુરમાં હેમંતસિંહરાજા આવ્યા. ધોલેરાપુરથી પુંજજીત રાજા આવ્યા. (૩) એક સાથે દરવાજામાં બંને જણ પરસ્પર મળ્યા, સુખાકારી પૂછીને હર્ષપૂર્વક શ્રીહરિની સમીપે તે બંને આવ્યા. (૪) પછી બંને જણે સભામાં બિરાજેલા શ્રીહરિને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. પછી શ્રીહરિએ તેમનું યથાયોગ્ય સન્માન કર્યું. ત્યારબાદ શ્રીહરિની આજ્ઞાથી તેઓ પોતાના ઈષ્ટ શ્રીહરિની સન્મુખ બેઠા. (૫) શ્રીહરિના દર્શનથી જેમને આનંદ થયો છે. એવા હેમંતસિંહ તથા પુંજજીત રાજાનો શ્રીહરિએ અત્યંત સત્કાર કર્યો અને ઉત્તમ રાજાના ભુવનમાં તેમને બંનેને નિવાસ કરાવ્યો (૬) તે બંને જણા ચંદન યાત્રાનો ઉત્સવ પૂરો થયો એટલે પોતાના ભુવનમાં શ્રેષ્ઠ આસન ઉપર બિરાજેલા શ્રીહરિને નમસ્કાર કરી શ્રીહરિની આગળ બેઠા. (૭)

પછી હેમંતસિંહ રાજા વિજ્ઞપ્તિ કરવાનો યથાર્થ આ સમય છે તેવું જાણીને બંને હાથ જોડી શ્રીહરિને કહેવા લાગ્યા. હે હરે ! આપ મારું વચન સાંભળો. (૮) હે સ્વામિન્ ! જૂનાગઢમાં રાધાકૃષ્ણનું મંદિર કરાવો. આ પ્રકારનો મારો તથા અન્ય ભકતોનો મનોરથ છે. (૯)

અમારા દેશના અધિપતિ બહાદૂરખાન રાજા પણ બુદ્ધિશાળી છે. યવન જાતિના રાજા છે પરંતુ આ મંદિર કરવામાં પ્રીતિપૂર્વક અનુમોદન આપે છે. (૧૦) હે હરે ! આપના ભક્તો જે અમો તે અમારો આ મનોરથ આપ પૂર્ણ કરો. આપે હમણાં હમણાં ભક્તોના આવા મનોરથો પૂર્ણ કર્યા છે. (૧૧) આવી રીતે કહીને હેમંતસિંહ રાજા વિરામ પામ્યા. પુંજજીત રાજા પણ બંને હાથ જોડી પોતાના ઈષ્ટ શ્રીહરિની હેમંતસિંહ રાજાની માફક જ હર્ષપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. (૧૨) હે હરે ! મારો તથા મારા જનોનો પણ આવો જ મનોરથ છે કે આપ ધોલેરાનગરમાં મંદિર કરાવવું. (૧૩) હેમંતસિંહ રાજા તથા પુંજજીત બંને રાજાઓએ આવી રીતે પ્રેમપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરી તેથી ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવામાં ઉત્સાહવાળા શ્રીહરિ, હસતા હસતા બંનેને માન આપી આ પ્રમાણ કહેવા લાગ્યા. (૧૪)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- શુદ્ધબુદ્ધિવાળા તમો બંનેએ આ ઉત્તમવિચાર કર્યો છે. હે રુડા વ્રતવાળા ! તે મંદિરો કરવાની મેં પણ ઈચ્છા કરી છે. (૧૫) હે બુદ્ધિમાનો ! તમારા બંનેના નગરોમાં મંદિરો હું કરાવીશ. ત્યાં આવીને હું શ્રીકૃષ્ણની સ્થાપના કરીશ. (૧૬)

બંને પ્રત્યે એ પ્રમાણે કહીને શ્રીહરિ બ્રહ્માનંદમુનિ પ્રત્યે કહેવા લાગ્યા. હે મુને ! તમો

મંડળ સહિત હેમંતસિંહ રાજાની સાથે જૂનાગઢ જાઓ. (૧૭) હે મુને ! ત્યાં પથ્થરનું મજબુત અને મનોહર મંદિર કરાવો કૃષ્ણ પ્રતિષ્ઠાના સમયે હું ત્યાં જરૂર આવીશ. (૧૮)

આવી રીતે શ્રીહરિએ બ્રહ્માનંદમુનિને કહ્યું. પછી શ્રીહરિએ પોતે ધારણ કરેલાં વસ્રો બ્રહ્માનંદમુનિને હર્ષપૂર્વક અર્પણ કર્યાં. (૧૯) પછી શ્રીહરિએ સદ્‌ગુણોના સ્થાનરૂપ ગુણાતીતાનંદ મુનિને બ્રહ્માનંદમુનિની સાથે જવા માટે આજ્ઞા આપી. (૨૦)

આનંદાનંદ વર્ણી તથા (જ્વરભયં, રોગોનો રાજા જ્વરને પણ જેનાથી ભય છે એવા સાર્થક નામવાળા જ્વરભય) જ્વરભય નામના પાર્ષદને બ્રહ્માનંદ મુનિની સાથે જવાની શ્રીહરિએ આજ્ઞા આપી. (૨૧)

પછી શ્રીહરિએ તે ત્રણેને મસ્તકે બાંધવાના વસ્રો (ફેંટા) આપ્યા. તેમજ તેમને બાથમાં ઘાલીને મળ્યા અને તેમના હૃદયમાં પોતાના ચરણ કમળ મૂક્યાં. (૨૨) પછી શ્રીહરિ પ્રીતિપૂર્વક બ્રહ્માનંદ મુનિને તથા તેમના મંડળના સાધુઓને ભેટ્યા. સાધુઓના વક્ષઃસ્થળમાં પોતાના ચરણ કમળ મૂક્યાં. (૨૩)

મંદહાસ્ય મુખ જેમનું છે તે શ્રીહરિએ તે સર્વને પોતાની પ્રસાદીના પુષ્પના હાર તથા તોરા આપ્યા. (૨૪) પછી શ્રીહરિ અદ્‌ભુતાનંદ મુનિ પ્રત્યે બોલ્યા. હે મુને ! તમારા મંડળ સહિત તમો પુંજજીત રાજાની સાથે ધોળેરા જાઓ (૨૫) હે મુને ! તમો ધોળેરાનગરમાં કૃષ્ણનું શોભાયમાન મંદિર કરાવો. હે નિષ્પાપ ! કૃષ્ણ પ્રતિષ્ઠાના સમયે હું ત્યાં આવીશ. (૨૬) આવી રીતે શ્રીહરિએ અદ્‌ભુતાનંદ મુનિને કહ્યું. તેથી તે મુનિ પણ આપ જેમ કહો છો તેમ કરીશું. એમ શ્રીહરિ પ્રત્યે બોલ્યા. પછી શ્રીહરિ તેમને બાથમાં ઘાલીને મળ્યા અને પોતાના વસ્ત્રો તથા હાર, તોરા વગેરે તેમને આપ્યાં. (૨૭)

તેવી રીતે શ્રીહરિ તેમના મંડળના સાધુઓને પણ ભેટ્યા. તથા તેમને પોતાની પ્રસાદીના હાર તથા તોરા આપ્યા. (૨૮) પછી શ્રીહરિ તેમજ દરરોજ પ્રસાદી આપતા અને એ રીતે તેમને પ્રસન્ન કરી તેમને સર્વને તે બ્રહ્માનંદ તથા અદ્‌ભુતાનંદ વગેરે સાધુઓને નૃસિંહોત્સવ સુધી ગઢપુરમાં રાખ્યા. (૨૯)

તે ઉત્સવની સમાપ્તિ થયે શ્રીહરિએ હેમંતસિંહરાજા તથા બ્રહ્માનંદમુનિ વગેરેને આજ્ઞા કરી તેથી તેઓ પોતાના પુર પ્રત્યે ગયા. (૩૦) તેવી રીતે પુંજજીતરાજાની સાથે મંડળ સહિત અદ્‌ભુતાનંદ મુનિ હર્ષપૂર્વક ધોળેરાપુર પ્રત્યે ચાલ્યા. (૩૧)

બ્રહ્માનંદ મુનિએ રત્નો, જેઠો, ડોસો, પૂજો વગેરે નિપુણ સલાટો પાસે મોટું મંદિર કરાવ્યું. મંદિર નિર્માણ માટે બ્રહ્માનંદમુનિ જે ચીજો મંગાવતા તે પુરના ભક્તો હર્ષપૂર્વક લાવતા હતા. (૩૨)

અદ્‌ભુતાનંદમુનિએ પણ નિપુણ શિલ્પિઓ પ્રભુદાસ, દયારામ, ભૂખણ વગેરે પાસે મંદિર કરાવ્યું. પુરના ભક્તો પણ હંમેશાં તેમની અનુવૃત્તિવાળા હતા. (૩૩) બ્રહ્માનંદમુનિ તથા અદ્‌ભુતાનંદમુનિના ગયા પછી શ્રીહરિ વૈશાખ વદી પંચમીની તિથિએ બ્રહ્મવૈવર્ત પુરાણ પોતાના બંધુજનો સહિત સાંભળવાનો આરંભ કરાવતા હતા. (૩૪)

શ્રીહરિએ ભાદરવા સુદી ચોથને દિવસે તેની સમાપ્તિ કરાવી. પછી શ્રીહરિએ મૃતિકાના ગણેશજીની મૂર્તિ કરાવી તેના પૂજનનો ઉત્સવ કર્યો. (૩૫) શ્રીહરિએ તે ઉત્સવમાં પુષ્કળ ઘીના સુંદર ગોળના લાડુઓ હજારો બ્રાહ્મણોને પ્રીતિપૂર્વક જમાડી તૃપ્ત કર્યા. (૩૬)

ત્યારબાદ શ્રીહરિએ નિત્ય આદરપૂર્વક ભાગવતનો પંચમ સ્કંધ સાંભળવાનો આરંભ કર્યો અને ધનતેરસને દિવસે તે કથાની સમાપ્તિ કરાવી. (૩૭) હે નૃપતે ! ઉદારતાના સાગર, સદા સ્નેહી, બ્રાહ્મણો તેમજ ધર્મના પોષણ કરનારા ધર્મપુત્ર, ગુણજ્ઞ, શ્રીહરિ, પ્રાગજીત પુરાણીને વસ્ત્રો ધન તથા આભૂષણો વગેરે આપી તેમને પ્રસન્ન કરતા હતા. (૩૮)

ચતુર્દશીને દિવસે ધર્મપુત્ર શ્રીહરિ આનંદપૂર્વક વાયુપુત્ર મારુતિનો, શાસ્ત્રમાં કહેલો, વિધિપૂર્વક પૂજા મહોત્સવ કરતા હતા. તેમને પ્રસન્ન કરવા માટે પોતાના નૈષ્ઠિક બ્રહ્મચારીઓની વિધિ પ્રમાણે પૂજા કરતા હતા. (૩૯)

પછી શ્રીહરિએ પોતાના સર્વ જનોને અત્યંત સુખ આપતા અતિશ્રેષ્ઠ દીપોત્સવ કર્યો. ત્યારબાદ રાજાઓને પણ આશ્ચર્ય પમાડે તેવો પ્રીતિપૂર્વક ઉત્તમ સામગ્રીઓથી મહાન્ અન્નકૂટ ઉત્સવ કર્યો. (૪૦)

પૃથ્વી ઉપર મનુષ્યની મુક્તિ માટે શ્રેષ્ઠ મંદિરો જેમણે રચાવ્યા છે તે સહજાનંદ શ્રીહરિનું મુનીંદ્રોએ ગાન કરેલું એ સુંદર પવિત્ર ચરિત્ર આ લોકમાં ભક્તિપૂર્વક જે મનુષ્ય સાંભળશે તથા તેનો પાઠ કરશે, તે મનુષ્ય આ લોકમાં ઈચ્છિત સુખ તથા ઉત્તમ કીર્તિ પામી દેહને અંતે શ્રીહરિના સર્વોપરી બ્રહ્મપુર ધામમાં જશે. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના નવમા સ્કંધમાં પ્રાચીન ન્યાયાચાર્ય, વેદાન્તતીર્થ, સાંખ્ય, યોગરત્ન, પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસ શાસ્ત્રીકૃત ગુજરાતી ભાષાન્તરમાં શુકાનંદમુનિ માનસિંહ નૃપ સંવાદે બે નૃપતિઓએ મંદિર નિર્માણ કરવા માટે શ્રીહરિની પ્રાર્થના કરી તેનું વર્ણન નામે આડત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૮)

મનુષ્યોની મુક્તિ માટે પૃથ્વી ઉપર શ્રેષ્ઠ મંદિરો કરાવીને તેમાં સમર્થ શ્રીહરિએ, અત્યંત તેજસ્વી, મનોહર, કલ્યાણકારી મૂર્તિઓની સ્થાપના જેમણે કરી છે, વળી પોતાના આશ્રિતોને સુખ

આપવા માટે વિવિધ પ્રકારના ઉત્સવો ભક્તિપૂર્વક જેમણે કરાવ્યા છે, તે ધર્મપુત્ર સહજાનંદ શ્રીહરિને હંમેશાં હું (ભગવત્પ્રસાદજી) નમસ્કાર કરું છું.

નવમ સ્કંધ સમાપ્ત

નવમાં સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૫૯	૨૦-૨૮
૨-૨૯	૨૧-૨૭
૩-૪૭	૨૨-૫૮
૪-૪૧	૨૩-૨૯
૫-૨૬	૨૪-૪૨
૬-૫૯	૨૫-૨૮
૭-૧૯	૨૬-૨૬
૮-૪૫	૨૭-૭૮
૯-૩૯	૨૮-૩૭
૧૦-૪૯	૨૯-૪૪
૧૧-૫૧	૩૦-૩૬
૧૨-૬૫	૩૧-૬૫
૧૩-૩૩	૩૨-૪૬
૧૪-૨૮	૩૩-૪૨
૧૫-૪૮	૩૪-૫૫
૧૬-૫૪	૩૫-૪૮
૧૭-૫૫	૩૬-૪૯
૧૮-૨૨	૩૭-૪૫
૧૯-૬૪	૩૮-૪૧

કુલ શ્લોક : ૧૬૫૩

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

શ્રી હરિલીલાકલ્પતરુના દશમ સ્કંધની અવતરણિકા

જેમણે વરતાલમાં મનુષ્યોના કલ્યાણ માટે આચાર્યોનું સ્થાપન કરી તથા વટપત્તનમાં (વડોદરામાં) અતિ સુંદર અલૌકિક લીલા કરી. વડોદરાના અધીશ મહારાજા સયાજીરાવે જેમનું સન્માન કરી પૂજન કર્યું તે શ્રીહરિએ જેમણે દુર્જય વિદ્વાનોને જીત્યા છે તે સત્પુરુષોને પ્રિય ધર્મપુત્ર સહજાનંદ સ્વામીને હું નિરંતર નમસ્કાર કરું છું. (૧)

સર્વ અશુભનો નાશ કરનારા અને શાંતિકારક આ શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથના દશમ સ્કન્ધના ઓગણપચાસ અધ્યાયો છે. (૨) તેના પહેલા અધ્યાયમાં શ્રીહરિનું વૃત્તપુરીમાં આગમન વર્ણવ્યું છે તેમજ ધર્મવંશીય જનોમાં ગુરુપદની યોગ્યતા કહી. (૩)

એક અધ્યાયમાં આચાર્ય સ્થાપનનો મહોત્સવ કહ્યો છે. પછીના એક અધ્યાયમાં મંદિરોનો વિભાગ તથા ત્યાર પછીના એક અધ્યાયમાં દેશનો સીમાભાગ કર્યો તે કહ્યું છે. (૪)

એક અધ્યાયમાં આચાર્યને વર્તવાની રીત બતાવી છે. પછીના એક અધ્યાયમાં આચાર્યની અનુવૃત્તિ પ્રમાણે ત્યાગીઓ તથા ગૃહસ્થોએ રહેવું તે આજ્ઞા કરી છે. (૫) એક અધ્યાયમાં શ્રીહરિએ લખાવેલા બે લેખમાં સાક્ષી કરાવી ગુરુની આજ્ઞાનું પાલન કરવા ઉપદેશ આપ્યો છે. (૬)

એક અધ્યાયમાં નારુપંતે શ્રીહરિને વટપત્તન પધારવા પ્રાર્થના કરી. વટપત્તન પધારતા શ્રીહરિએ માર્ગમાં સાંકરદા ગામે નિવાસ કર્યો એ વર્ણન છે. (૭) રાજપુત્ર ગણપતરાવે અર્પણ કરેલા વસ્ત્રો તથા ભૂષણો શ્રીહરિએ ધારણ કર્યા તથા શ્રીહરિનું ગજેન્દ્ર ઉપર આરોહણ તે વર્ણન છે. (૮)

એક અધ્યાયમાં નગરયાત્રામાં સેનાની અનુક્રમ ગતિ વર્ણવી છે. પછીના આઠ અધ્યાયમાં વટપત્તનમાં શ્રીહરિનું પાવનકારી ચરિત્ર વર્ણન કર્યું છે. (૯) એક અધ્યાયમાં શ્રીહરિએ શિક્ષાપત્રી લખવાની શરૂઆત કરી તથા પછીના એક અધ્યાયમાં મહેમદાવાદમાં શ્રીહરિના સર્વોપરિ સ્વરૂપનું વર્ણન કર્યું. તે પછીના બે અધ્યાયોમાં લક્ષ્મીપુરમાં શ્રીહરિની લીલાનું વર્ણન છે. (૧૦) બે અધ્યાયોમાં ધોળેરાનગરમાં તથા કમીયાળાપુરમાં શ્રીહરિએ મહોત્સવ કર્યો તથા રામજન્મને દિવસે ધોલેરામાં શ્રીહરિએ મૂર્તિપ્રતિષ્ઠા કરી તે વર્ણન છે. (૧૧) પછીના એક અધ્યાયમાં બંને આચાર્યોને લોકોને દીક્ષાવિધિ આપવાના વિધિનો ઉપદેશ તેમજ વૃત્તપુરમાં શ્રીહરિનું ગમન તે વર્ણન છે. (૧૨)

એક અધ્યાયમાં વૃત્તાલય આવી શ્રીહરિએ લક્ષ્મીરામ પુરાણી પાસે શ્રીમદ્ ભાગવતની સપ્તાહનું શ્રવણ કર્યું તથા બ્રાહ્મણોને ભોજન જમાડી તૃપ્ત કર્યા એ વર્ણન છે. (૧૩) છ અધ્યાયોમાં આચાર્યેકરેલો અન્નકૂટનો ઉત્સવ વર્ણવ્યો છે. પછીના એક અધ્યાયમાં માધવાનંદ વર્ણિએ શ્રીહરિને જમાડ્યા એ વર્ણન કર્યું છે. (૧૪)

પછીના ત્રણ અધ્યાયમાં સારંગપુરમાં શ્રીહરિએ કરેલી લીલા ચરિત્રનું વર્ણન છે. પછીના એક અધ્યાયમાં શ્રીહરિને શિવરામ બ્રાહ્મણે પ્રશ્નો પૂછ્યા અને શ્રીહરિએ તેના ઉત્તર આપ્યા તે વિષય છે. (૧૫)


ગઢપુરમાં મંદિર કરવા માટે શ્રીહરિએ વિરકતાનંદને આજ્ઞા કરી તથા પછીના બે અધ્યાયોમાં જૂનાગઢ પુરમાં શ્રીહરિએ પ્રતિષ્ઠા વિધિ કરી તે વર્ણન છે. (૧૬) પછીના એક અધ્યાયમાં ગઢપુરમાં સર્વજ્ઞ શ્રીહરિએ શાસ્ત્રવિધિ અનુસાર દેવ પ્રતિષ્ઠા વિધિ કરાવી. (૧૭)

ગોપાળનંદ મુનિને સર્વ સંતોના મુખ્ય સ્થાપ્યા. એક અધ્યાયમાં મૂર્તિ દ્વારાએ શ્રીહરિએ ઐશ્વર્ય પ્રદર્શન કર્યું તે વર્ણન કર્યું છે. (૧૮) પછીના એક અધ્યાયમાં ભગવાન શ્રીહરિએ સ્વધામગમનનો વિચાર કર્યો તેમજ અક્ષરધામના મુક્તોએ શ્રીહરિની સ્તુતિ કરી એ વર્ણન છે. (૧૯)

પછીના એક અધ્યાયમાં શ્રીહરિના ઐશ્વર્યનું વર્ણન છે. પછીના એક અધ્યાયમાં શ્રીહરિનો અભિપ્રાય તથા એક અધ્યાયમાં ભક્તોને શ્રીહરિએ સાંતવન આપ્યું એ વિષય છે. (૨૦) પછી એક અધ્યાયમાં શ્રીહરિની અન્તર્ધાન લીલાનું વર્ણન છે તેમજ ત્યારપછીના એક અધ્યાયમાં શોકથી વ્યાકુળ થયેલા ભક્તોને શ્રીહરિએ પોતાના દર્શન આપ્યાં એ વર્ણન છે. (૨૧)

પછીના એક અધ્યાયમાં શ્રીહરિની ઉત્તરક્રિયા કરી તે વર્ણન છે તેમજ પછીના એક અધ્યાયમાં શ્રીહરિની પાદુકાનો આશ્ચર્યકારી પ્રતિષ્ઠામહોત્સવ કર્યો તે વર્ણન છે. (૨૨) આ પ્રમાણે આ દશમ સ્કન્ધમાં અતિ પવિત્ર ઓગણપચાસ અધ્યાયોમાં શ્રીહરિની શુભ કથા કહી છે. (૨૩)





અધ્યાય ૧ લો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં નિવાસ કરતા ભક્તજનો છે પ્રિય જેમને એવા શ્રીહરિ, ઉપદેશવાર્તાથી, દર્શનથી વગેરેથી પોતાના ભક્તજનોને આનંદ આપતા હતા. (૧)

હે ભૂપતે ! અન્નકૂટોત્સવ પછી શ્રીહરિ વડતાલમાં આવીને પોતાના માતાપિતાનો અતિશુભ મહોત્સવ કરવાની ઈચ્છા કરતા હતા. (૨) પછી શ્રીહરિ ઘોડા ઉપર બેઠેલા પાર્ષદો તથા ઘોડેસવારોથી વીંટાઈને કાર્તિક સુદી ચોથને દિવસે ગઢપુરથી નીકળ્યા. (૩)

તે સમયે રામપ્રતાપ વગેરે શ્રીહરિના બંધુઓ તેમજ ઉત્તમરાજા વગેરે ઘોડા ઉપર બેઠેલા તથા અન્ય મુનિંદ્રો વગેરે શ્રીહરિની પાછળ આવ્યા. (૪) ધર્મવંશની સ્ત્રીઓ પણ રથ ઉપર બેસી શ્રીહરિની પાછળ ચાલી. જયા, લલિતા વગેરે સ્ત્રીઓ પણ રથ ઉપર બેસી શ્રીહરિની પાછળ ચાલતી હતી. (૫)

પોતાના ભક્તોની સાથે શ્રીહરિ અતિહર્ષપૂર્વક ભક્તોના ગામોમાં રહેતા, ત્યાંના ભક્તોની પૂજા સ્વીકારતા, તે તે ગામોથી નીકળી કાર્તિક સુધી આઠમને દિવસ વૃત્તાલયપુરમાં પધાર્યા. (૬)

વાજતે ગાજતે સન્મુખ આવેલા આ પુરના ભક્તજનો તથા યાત્રા માટે આવેલા ભક્તોએ જેમનું સન્માન કર્યું છે તે શ્રીહરિએ સર્વ ભક્તજનોની સાથે વૃત્તાલયપુરમાં પ્રવેશ કર્યો. (૭) પોતાના ભક્તોને ભક્તિનું શિક્ષણ આપતા, ભક્તજનોને પ્રિય શ્રીહરિ, લક્ષ્મીનારાયણ વગેરે પોતાની મૂર્તિઓનાં દર્શન કરતા હતા (૮)

શ્રીહરિ શ્રીલક્ષ્મીનારાયણના મંદિરમાં પોતાના નિવાસમાં ઉતારો કરીને, પોતાના સર્વજનોને જુદા જુદા ઘરમાં યથાયોગ્ય ઉતારો કરાવતા હતા. (૯) પછી શ્રીહરિ તરત જ પોતાના અનુચરોને

બાજુના ગામોમાં મોકલીને ઉત્સવને યોગ્ય વિવિધ સામગ્રીઓ મંગાવતા હતા. (૧૦)

હે રાજન્ ! પછી જે દિવસથી આરંભિને સત્યુગ પ્રવૃત્ત થયો તે કાર્તિક સુદી નવમીની તિથિએ ગાયો જેમાં મુખ્ય છે એવા દાનો, બ્રાહ્મણોને શ્રીહરિએ હર્ષપૂર્વક આપ્યા. (૧૧) પછી દશમીને દિવસે શ્રીહરિએ પોતાના માતુશ્રીના વાર્ષિક શ્રાદ્ધમાં હજારો બ્રાહ્મણોને ઘણા ઘૃતવાળાં ભોજનો જમાડી તૃપ્તિ પમાડી. (૧૨)

સાંજે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરના ચોકમાં અસાધારણ મોટી દિવ્ય સભા થઈ. (૧૩) તે સભામાં સમગ્ર ભક્તો તથા સ્ત્રી યથાયોગ્ય બેઠી. શ્રીહરિ પણ ત્યાં આવીને સર્વોત્તમ મહાસિંહાસનમાં બિરાજમાન થયા. (૧૪)

સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કરતા, વિવિધ પ્રકારનાં ઉત્તમ પુષ્પોના તોરાવાળા, ઉત્તમ-પુષ્પોના હાર ધારણ કરતા, દયાર્દ્ર દૃષ્ટિથી સર્વે પ્રત્યે જોતા. (૧૫) શ્રીહરિની સન્મુખ પોતાના પુત્રો સહિત રામપ્રતાપ તથા ઈચ્છારામ સભામાં આવીને આસનમાં યથા યોગ્ય બેઠા. (૧૬)

વર્ણિઓમાં મુખ્ય મુકુંદાનંદ વર્ણિરાજ જયાનંદ, નારાયણાનંદ અખંડાનંદ, વર્ણિરાજ, વાસુદેવાનંદ, વૈકુંઠાનંદ, આનંદાનંદ વગેરે જે સર્વે બ્રહ્મચારીઓ. (૧૭, ૧૮) સત્પુરુષોમાં શ્રેષ્ઠ મુક્તાનંદ, બ્રહ્માનંદ ગોપાળાનંદ તથા નિત્યાનંદ વગેરે મુક્તો સભામાં બેઠા. શિવરામ મયારામ, દીનાનાથ વગેરે શ્રીહરિના આશ્રિત વિદ્વાન બ્રાહ્મણો પણ સભામાં બેઠા. (૧૯-૨૦)

ઉત્તમ, પૂજાજી, વસ્તાખાચર, સૂરાખાચર, કાકુભા, સોમાખાચર તથા હેમંતસિંહ વગેરે રાજાઓ પણ સભામાં આવીને બેઠા. (૨૧) ભગુજી, રતનજી, વીરો, ભીમો તથા અલૈયા વગેરે શસ્ત્રધારી શ્રેષ્ઠ ક્ષત્રિયો શ્રીહરિના પાછળ ઊભા રહ્યા. (૨૨) રણછોડ, ગોવિંદ નથુજી વગેરે વૈશ્ય ભક્તો પણ યથા યોગ્ય સભામાં બેઠા. (૨૩)

જયા, રમા, લલિતા, પૂજી, અમરી, ગંગા, બંને રેવા, મોંઘી વગેરે સ્ત્રી ભક્તો પણ ત્યાં યથાયોગ્ય બેઠી. (૨૪) આવી રીતે સભામાં ભક્તજનોનો સમુદાય બેઠો, મંદહાસ્ય કરતા અચ્યુત શ્રીહરિ પોતાના મુખારવિંદ સન્મુખ દૃષ્ટિ કરતા તે ભક્તોને કહેવા લાગ્યા. (૨૫)

મારા આશ્રિત ત્યાગિઓ તથા ગૃહસ્થો ! તમોને તથા અન્ય સર્વ માટે કલ્યાણકારી છે એવું મારું વચન તમો સાંભળો. (૨૬) હે ભક્તો ! સર્વ ધામોમાં ઉત્તમમાં ઉત્તમ મહાતેજોમય બ્રહ્મપુર નામનું જે ધામ તે સર્વ જનોને દુષ્પ્રાપ્ય છે. (૨૭)

તે ધામનો સ્વામી, પૂર્વના સર્વ અવતારોના કારણ, કાળ, માયા વગેરે જગતની ઉપકરણભૂત શક્તિઓનો અદ્વિતીય નિયન્તા, ક્ષર અને અક્ષરથી પર હું, તે ધામમાંથી અક્ષરમુક્તો

તથા ગુણ, ઐશ્વર્ય વગેરે સહિત, અસંખ્ય મનુષ્યોની મુક્તિ માટે, આ પૃથ્વી ઉપર આવિર્ભાવ પામ્યો છું. (૨૮, ૨૯)

હે રાજન્ ! જે જીવોમાં અનાદિકાળથી રહેલું વાસનાત્મક અજ્ઞાન, એ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ જે બીજાથી ન થઈ શકે તે જીવો ઉપર અપાર દયા કરીને મેં ઘણું ખરું તો કર્યો છે. (૩૦)

આ લોકમાં મારા હજારો ભક્તો મારી આજ્ઞામાં તથા પોતાના ધર્મમાં વર્તે છે. ધર્મ, જ્ઞાન વગેરે સદ્‌ગુણોથી યુક્ત થઈ અક્ષરમુક્તો સમાન તેઓ થયા છે. (૩૧) આ લોકમાં મારા ઘણાં આશ્રિત ભક્તો અષ્ટાંગ યોગની સિદ્ધિ પામ્યા છે. તેમજ સમાધિ સ્થિતિ પણ પામ્યા છે. (૩૨) આ પૃથ્વી ઉપર દુર્જય કળિયુગે વૃદ્ધિ પમાડેલ બળવાન અધર્મનો મેં ઉચ્છેદ કર્યો છે. (૩૩)

મેં આ પૃથ્વી ઉપર સર્વ જીવોનું હિત કરનારો, શ્રુતિ, સ્મૃતિએ પ્રતિપાદન કરેલો ધર્મ, વર્ણાશ્રમના વિભાગથી સ્થાપન કર્યો છે. (૩૪) મારા વિના કોઈથી પણ સિદ્ધ ન થઈ શકે, અને કાળે પણ જેનો વિનાશ કર્યો છે તેવો અત્યંત સુખકર એકાંતિક ધર્મ મેં પૃથ્વી ઉપર પ્રવર્તાવ્યો છે. (૩૫)

આ ભૂલોકમાં આવિર્ભાવ પામીને જે કાર્ય મારે સિદ્ધ કરવું હતું તે તો સર્વે સિદ્ધ કર્યું છે, એમ તમો સર્વ જાણો. (૩૬)

આ મુક્તાનંદ મુનીન્દ્ર જાણે છે તે પ્રમાણે રામાનંદ ગુરુએ પોતાની ગાદી બળપૂર્વક મને અર્પણ કરી હતી. (૩૭) ધર્મમાંથી જેઓ કદી ચ્યુત થયા નથી તેવા શ્રેષ્ઠ સાધુઓને તેમજ ધર્મનું પોષણ કરવા ઈચ્છતા સમગ્ર મનુષ્યોનો મોક્ષ કરનારા મેં સદા દયાજ ધારણ કરી છે. (૩૮)

મને સર્વપ્રકારે આ લોક રુચતો નથી, તેમજ પ્રવૃત્તિ પણ રુચતિ નથી. તોપણ હે જનો ! તમારા પ્રેમને વશ થઈ અહીં હું રહ્યો છું, એમ તમો સર્વ જાણો. (૩૯) વળી મારી પૂર્વે થયેલા સર્વ અવતારો (રામકૃષ્ણાદિક અવતારોમાં) પૃથ્વી ઉપરથી તિરોધાન થયા પછી આ ભૂતળ પર ધર્મનો નાશ થયો હતો અને ઉત્તમ મુક્તિનો માર્ગ પણ છિન્નભિન્ન થઈ ગયો હતો. (૪૦)

માટે આ લોકમાં જે કેવળ મારાથી જ સિદ્ધ થઈ શકે તેવો શુભ મોક્ષ ધર્મનો માર્ગ હું સ્થાપવા ઈચ્છું છું. (૪૧) જેથી મારી આજ્ઞા પ્રમાણે વર્તનારા જીવોનું આત્યંતિક શ્રેય હું મારા ધામમાં જાઉં તો પણ સદા થાય જ. (૪૨) એ પ્રમાણે સંકલ્પ કરીને અને એકાંતમાં વિચાર કરી, મનુષ્યોનું જેમાં નિશ્ચિત હિતજ થાય તે સર્વ હું તમોને કહું છું. (૪૩)

પૃથ્વી ઉપર મંદિરો કરી, તે મંદિરોમાં કૃષ્ણ સ્વરૂપવાળી મારી શુભ પ્રતિમાઓનું સ્થાપન કરવું. બીજું સર્વ શાસ્ત્રોમાં ઉત્તમ એવું સચ્છાસ્ત્ર કરાવવું. (૪૪) આ લોકમાં મુમુક્ષુ જનોને વૈષ્ણવી દીક્ષા આપવા માટે રામાનંદ મુનિએ મને ગુરુપદે સ્થાપેલ તે આ ગુરુપદ, ગુરુના ગુણોથી યુક્ત જે કોઈ હોય તેને મારે આપવું. (૪૫) આવી રીતે સર્વ પ્રકારે અવશ્ય કરવાના ત્રણ કાર્યો મેં

નિર્ધાર કર્યા છે. હે જનો ! તેમાં મંદિરોનું શુભ નિર્માણ કાર્ય તો ઘણું ખરું થઈ ગયું છે. (૪૬)

હે જનો ! અસંખ્ય પ્રાણીઓનું કલ્યાણ કરવા માટે મેં કરાવેલા મંદિરોમાં લક્ષ્મીનારાયણાદિની પ્રતિમાઓનું શુભસ્થાપન ઉત્સવોએ સહિત યથાશાસ્ત્ર મેં કર્યું છે. (૪૭) સર્વ સદ્‌ગુણોથી શોભતા શતાનંદ મુનીન્દ્ર પાસે મુક્તિ આપનારો સત્સંગિજીવન ગ્રંથ પણ મેં કરાવ્યો છે. (૪૮)

હે જનો ! હવે જે કાર્ય બાકી રહ્યું છે તે તો ગુરુપણામાં જેનું સ્થાપન થશે તેમણે કરવાનું છે. (૪૯) માટે મારા સર્વ ભક્તજનોમાં ગુરુપણામાં કોણ યોગ્ય છે ? તે મારા આશ્રિત સર્વ તમોને હું પૂછું છું. (૫૦)

હે રાજન્ ! શ્રીસહજાનંદસ્વામીનું આવું વચન સાંભળીને બોલવામાં નિપુણ, શ્રીહરિની આગળ બેઠેલા મુક્તાનંદ મુનિવરે સભામાં બેઠેલા ત્યાગીજનો તથા ગૃહસ્થો સર્વેએ હર્ષપૂર્વક પ્રેરણા કરી તે પ્રમાણે બંને હાથ જોડી ધર્મપુત્ર શ્રીહરિને સુધાથી પણ અતિમધુર વાણી આ પ્રમાણે કહી. (૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શુકાનંદ મુનિ માનસિંહ નૃપ સંવાદે શ્રીહરિએ કહેલા પોતાના વિચાર નિરૂપણ નામે પહેલો અધ્યાય સંપૂર્ણ. (૧)



અધ્યાય ૨ જો

મુક્તાનંદમુનિ કહે છે કે :- હે સ્વામિન્ ! આપના સર્વ ભક્તજનો જે આ ત્યાગીઓ છે તેમાં જે શ્રેષ્ઠ ગુણો યુક્ત અતિશ્રેષ્ઠ ત્યાગી હોય તેને આપ ગુરુપણું જો આપો, (૧) તો હે પ્રભો ! એ ત્યાગીને ધન, સ્ત્રી વગેરેનો પ્રસંગ થાય, તેથી આપનું ધ્યાન કરવું વગેરે કાર્યમાં વિક્ષેપ જરૂર થાય તથા પરસ્પર વેર થાય તથા બંધન પણ થાય. (૨)

હે હરે ! પુરુષોત્તમ ! આપના વિના, ધન, સ્ત્રી વગેરેના સંસર્ગથી સિદ્ધ દશાવાળા મુક્તો પણ વ્યાઘ્રથી જેમ કોઈ બીએ તેમ અતિ બીએ. (પૂર્વે) ત્યાગીજનો પણ આ લોકમાં ધન, સ્ત્રી વગેરેના પ્રસંગથી ઘણી આપત્તિ તેમજ નિંદા પામ્યા હતા. (૪)

માટે ઉપશમ સ્થિતિ પામવા યોગ્ય આ મોટા ત્યાગીઓ માટે આ ગુરુપણું યોગ્ય નથી. એમ મને લાગે છે. (૫) હે પ્રભો ! આપ જો કોઈ ગૃહસ્થને ગુરુપણું આપો તો ત્યાગીજનો તે ગૃહસ્થને કોઈ પ્રકારે માનશે નહિ. (૬)

હે સત્પતિ ! માટે આપના સર્વ ત્યાગી તથા ગૃહસ્થ ભક્તોમાં ફક્ત ધર્મવંશીજ આ ગુરુપદ

માટે સત્સંગને અતિશય યોગ્ય જણાય છે. (૭) હે પ્રભો ! ગુરુ રામાનંદ સ્વામીએ પૂર્વે આચાર્ય પદવી બુદ્ધિશાળી ધર્મદેવને આપી હતી. (૮)

હે સ્વામિન્ ! આપ રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે રામાનંદ મુનિએ શુભ આચાર્ય પદ ધર્મપુત્ર આપને આપ્યું. (૯)

હે ભગવન્ ! આવી રીતે પરંપરાથી પ્રાણી સમૂહનું અત્યંત હિત ઇચ્છનારા ધર્મ વંશમાં ઉત્પન્ન થયેલાને, ગુરુપણું પ્રાપ્ત થયું છે. (૧૦)

માટે અત્યંત નિર્મળ, સર્વ સદ્ગુણ ભૂષણ રૂપ, ધર્મના વંશમાંજ આપે આ મંગળકારી ગુરુપદ સ્થાપન કરવું. (૧૧) હે શ્રીહરે ! આપના આશ્રિત અમો ત્યાગીઓ તથા ગૃહસ્થો સર્વ આમાં અત્યંત પ્રસન્ન છીએ. (૧૨)

ધર્મવંશી ગુરુ ગૃહસ્થ હોય તો પણ અમો ત્યાગીઓને તે ક્યારેય પણ બાંધકર્તા નથી, ત્યાગીઓના પણ ગૃહસ્થ ગુરુ હોય છે તેવું શાસ્ત્રોમાં કહ્યું છે. (**"ब्राह्मणो जन्मना श्रेयान् सर्वेषां प्राणिनामिह । तपसा विद्यया तुष्ट्या किमु मत्कलया युतः"**) જન્મથી બ્રાહ્મણ આ લોકમાં તપ, વિદ્યા અને સંતોષથી સર્વ જનોનું કલ્યાણ કરનારા છે. તેથી મારા અંશથી તેઓ યુક્ત હોય તેમાં શું કહેવું ? વળી શુકદેવના ગુરુ જનક ગૃહસ્થ હતા. તેમજ પૂર્ણાચાર્ય, યાદવાચાર્ય વગેરે રામાનુજાચાર્યના ગુરુઓ ગૃહસ્થો જ હતા. તે હકીકત પ્રપન્નામૃતમાં છે. (૧૩)

જે ધર્મના વંશમાં સર્વ અવતારોના કારણ, અક્ષરથી પર, અત્યંત શુદ્ધ આપ, ક્ષીરસાગરમાં ચંદ્રની જેમ પ્રાદુર્ભાવ પામ્યા છો. (૧૪)

હે પ્રભો ! સર્વ સુખનું અતિશુભ કરનાર ધર્મના વંશથી બીજા કોનું યોગ્ય ગૌરવ છે ? (૧૫) કતકદ્રુમના ફળના પ્રસંગથી જેમ જળ શુદ્ધ થાય છે તેમ ધર્મ વંશના પ્રસંગથી જનો શુદ્ધ થાય છે. (૧૬) દાવાનળથી બળેલા મૃગો વગેરે જેમ મેઘથી શાંતિ પામે છે તેમ, દોષોથી પીડાયેલા પ્રાણીઓ ધર્મવંશના સંબંધથી શાંત થશે. (૧૭)

હે સ્વામિન્ ! અતિપવિત્ર આ ધર્મવંશીમાં આપની પ્રસન્નતાના કારણભૂત અને યોગીજનોને પણ પ્રાર્થનીય એવા ગુણો આપની કૃપાથી વર્તે છે. (૧૮) શમ, દમ, તપ, શૌચ, જ્ઞાન, સત્ય, અભય, આર્જવ, સ્થૈર્ય, ઐશ્વર્ય, વૈરાગ્ય તથા માર્દવ વગેરે સર્વ ગુણો ધર્મવંશીમાં છે. (૧૯)

જે શુભ કર્મ કરવાથી શરીરને અત્યંત પીડા થાય તેવું શુભ કર્મ ન કરવું. સુખ, ધૈર્ય, સંતોષ, મંગળ તથા નિસ્પૃહપણું વગેરે ગુણો પોતાના ધર્મમાં અંતરાય ન કરે તેમજ વર્તવું. ત્યાગ, નિગ્રહ વગેરે કેળવી. (૨૦)

સંસૃતિ પમાડનારા ગ્રામ્ય વિષયોના સુખથી ધીમે ધીમે વિરામ પામવો યજ્ઞ, યોગ, બૃહદ્વ્રત

તેજ, પ્રસાદ, આસ્તિક્ય, સ્વાધ્યાય, વિનય, ઉદ્યમ, (૨૧) ક્રોધરહિતપણું, પોતાના આત્માના ભાવથી અન્યના સુખ દુઃખમાં સમભાવપણું, સામ, દામ, સ્થિરતા, દેવર્ષિ, પિતૃ તથા ભૂત વગેરેના ઋણમાંથી મુક્તપણું, મૌન, મોટાઓના ચરણરજના અભિષેક તથા તેમના ગુણો ગ્રહણ કરી પોતાનો ઉત્કર્ષ સધાય તેવું આચરણ, સત્પુરુષોની સદા સેવા; (૨૨)

અહિંસા, યુક્તાયુક્તનો વિચાર, સચ્છાસ્ત્રમાં કહેલી સત્ક્રિયાઓનું અનુષ્ઠાન, લજ્જા, તિતિક્ષા, ક્ષમા, દયા, શ્રદ્ધા, શાંતિ, સ્મૃતિ, મૈત્રી, બુદ્ધિ, માયિક વિષયોના સુખમાં સંકોચ, ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય તેવા માર્ગનું અનુસરણ; (૨૩)

ઘૃતિ, ગ્રામ્ય સુખની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતા મનુષ્યોને પ્રાપ્ત થતા દુઃખમાં દૃષ્ટિ, ઉત્તમ સત્વ સંશુદ્ધિ, પોતાનાથી બળ, બુદ્ધિ, ગુણ વગેરેમાં અધિક હોય તેવા સત્પુરુષોની આગળ પોતાના શ્રેષ્ઠ ગુણો ઢાંકવામાં ચતુરાઈ. (૨૪) એવા અન્યને દુર્લભ આ સર્વ ગુણો ધર્મ વંશમાં છે. માટે હે પ્રભો ! આપે ધર્મ વંશમાં જ ગુરુપણું સ્થાપવું. (૨૫)

આગળ કહેલા સર્વ મુનિઓ આ પ્રકારની મુક્તાનંદ મુનિની વાણી સાંભળીને આનંદ પામ્યા. તેમજ શ્રીહરિ પણ હર્ષ પામ્યા. (૨૬) તે પછી ઉંચા હાથ કરી ઉંચા સ્વરથી સારું સારું એમ બોલનારા સભાસદો હર્ષપૂર્વક 'જય સ્વામિનારાયણ' એવો ઘોષ કરવા લાગ્યા. (૨૭) પછી શ્રીહરિ તે સર્વ સભ્યોનો અભિપ્રાય જાણી, હર્ષથી મુક્તાનંદ મુનિ પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૮)

હે સાધુવર્ય ! જ્ઞાનવાન ! સર્વ સભાસદો સંમત થાય એવું વચન તમોએ કહ્યું. તમારા તે વચન અનુસાર મેં પણ વિચાર કર્યો છે. (૨૯) પરંતુ અન્ય બુદ્ધિહીન જનોને સ્વામીએ ઉત્તમ પોતાનું ગુરુપદ પોતાના કુળમાંજ મૂક્યું એ પ્રકારનો ભ્રમ થશે. (૩૦) તેથી હે બુદ્ધિમાન ! આ પ્રમાણે મેં પ્રથમ જ નક્કી કર્યું હતું પરંતુ મારી રુચિ જાણનારા તમોને તે મેં હમણાં પૂછ્યું. (૩૧)

મુક્તાનંદ મુનિને આવી રીતે કહીને શ્રીહરિ પોતાના બંધુજનો પ્રત્યે કહેવા લાગ્યા. હે બંધુજનો ! હું તમારા બંનેની પાસે ઈચ્છિત બે પુત્ર માગું છું. (૩૨) શ્રીહરિનું આવું વચન સાંભળીને પહેલાં રામપ્રતાપ કહેવા લાગ્યા. મારા ત્રણ પુત્રોમાં આપને જે પુત્ર ઈષ્ટ હોય તે પુત્રનો આપ સ્વીકાર કરો. (૩૩)

પછી શ્રીહરિ પ્રત્યે પોતાના નાનાભાઈ ઈચ્છારામ કહેવા લાગ્યા. આ મારા પાંચ પુત્રોમાં જે પુત્રને ગ્રહણ કરવાની આપની ઈચ્છા હોય તે પુત્રનો આપ હમણાંજ સ્વીકાર કરો. (૩૪) શ્રીહરિ આવી રીતે તે બંને બંધુજનોની વાણી સાંભળીને, તે બંને બંધુઓ પ્રત્યે હર્ષપૂર્વક કહેવા લાગ્યા. હે વડિલ બંધુ ! તમારો આ પુત્ર આયોધ્યાપ્રસાદ મને આપો. (૩૫)

હે ઈચ્છારામ ! તમો તમારો પુત્ર રઘુવીર મને આપો. શ્રીહરિનું આવું વચન સાંભળીને

તે બંને બંધુઓએ તત્કાળ ઉભા થઈ શ્રીહરિને પોતાના તે પુત્રો અર્પણ કર્યાં. (૩૬) પછી શ્રીહરિ પોતાની સન્મુખ બેઠેલા મયારામ વિપ્રને તે પુત્રોને ગ્રહણ કરવા માટે દત્ત વિધાનનું મુહૂર્ત પૂછવા લાગ્યા. તેથી મયારામ બ્રાહ્મણ પંચાંગ જોઈ હર્ષપૂર્વક શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૩૭)

હે હરે ! સર્વ પ્રકારે મંગળકારી, હરિવાસર તિથિ જે કાલે છે તે પ્રબોધિની એકાદશીની સાંજે સમગ્ર કલ્યાણકારી યોગગ્રહ વગેરેથી યુક્ત શુભ મુહૂર્ત છે. (૩૮) પછી શ્રીહરિએ વૈદિક બ્રાહ્મણ હરિશર્માને પૂછીને તત્કાળ દત્તવિધિને યોગ્ય સામાન મંગાવ્યો. (૩૯) પછી હરિશર્મા તેમજ વેદ જાણનારા અન્ય બ્રાહ્મણો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે હોમને માટે કુંડ કરાવવા લાગ્યા. (૪૦)

તે બ્રાહ્મણો કુંડની સમીપે અતિ મનોહર સુંદર ઉલ્લેચો તથા કેળના સ્થંભો તથા તોરણોથી શોભાયમાન મંડપ કરાવવા લાગ્યા. (૪૧) પછી વેદ વિધિમાં પ્રવિણ તે બ્રાહ્મણો એકાદશીની તિથિયે સવારમાં હોમ કરી, સર્વ દત્તવિધિ વેદોક્ત યથાશાસ્ત્ર કરાવવા લાગ્યા. (૪૨) તે સમયે તે બ્રાહ્મણોએ ઉચ્ચારણ કરેલો અતિ શ્રેષ્ઠ મધુર વેદ ધ્વનિ, માંગલિક વાદ્યોના ધ્વનિ સાથે મિશ્ર થઈ તત્કાળ સર્વ દિશાઓમાં વ્યાપી ગયો. જે ધ્વનિ સાંભળીને શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે આનંદ પામ્યા. (૪૩)

હે નરપતે ! પછી ઔદાર્યસાગર શ્રીહરિ આશ્રિતોને સુખ આપતા હતા રાજાઓને વિસ્મય પમાડતા, વિવિધ પ્રકારના વાદ્યોના મહાઘોષ સાથે શ્રીધર્મદેવનો જન્મોત્સવ તથા મહાપૂજા વિધિ આદરપૂર્વક કરવા લાગ્યા. બ્રાહ્મણોને ઘણી દક્ષિણાઓ, અતિશ્રેષ્ઠ વસ્ત્રો તથા આભૂષણો વગેરે પણ આપ્યા. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિકૃત દત્તવિધિ આરંભ નિરૂપણ નામે બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! લક્ષ્મીનારાયણના શોભાયમાન મંદિરની આગળ રમણીય અતિ વિસ્તારવાળું, સભાસ્થાન હતું. (૧) વિવિધ પ્રકારની ઝૂલો તથા શોભાયમાન વિસ્તારવાળી ચંદનીઓ (ઉલ્લોચો) થી શોભાયમાન, ચારે તરફથી વાળીને સાફ કરેલું તથા ચંદનના જળનો છંટકાવ કરેલા, (૨)

શોભાયમાન પાથરણાં પાથરેલા તે સભાસ્થાનમાં, કોમળ ગાદી, તકિયા, ઓછાડ વગેરે પાથરેલી બે પાટો મૂકી હતી. (૩)

જેમણે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં છે એવા અને જેમની આગળ અને પાછળ પાર્ષદો ચાલી રહ્યા છે તે દર્શનીય શ્રીહરિ, કુબેર દ્વારપાળના મંગળકારી છડીના શબ્દો સાંભળતા, ચપળ ગતિથી ચાલતા, તે સભામાં પધાર્યા. (૪)

અતિશય ઉજ્જ્વળ અને શોભાયમાન શ્રીહરિ, કોમળ ગાદીતકિયા યુક્ત સભાના મધ્યભાગમાં ગોઠવેલા અતિ રમણીય, પોતાના ઉંચા શ્રેષ્ઠ આસન ઉપર પોતાના ભક્તજનોના મન હરતા બિરાજમાન થયા. (૫)

પોતાના આસનની સમીપે યથાયોગ્ય આસનો ઉપર પોતાના બંધુજનો રામપ્રતાપે તથા ઈચ્છારામ, તેમજ તેમના પુત્રો, તે સભામાં બેઠા. ત્યાગી સમૂહ તથા ગૃહસ્થજનો પોતપોતાના અધિકાર પ્રમાણે બેઠા. (૬)

પુરુષોથી દૂર, ધર્મવંશની સ્ત્રીઓ તથા જયા વગેરે અન્ય સ્ત્રીઓ સભામાં બેઠી. આવી રીતે સભામાં બેઠેલા ભક્તજન સમૂહ, શ્રીહરિમાં પોતાના નેત્રો પરોવીને હર્ષપૂર્વક શ્રીહરિના દર્શન કરતા હતા. (૭)

પછી સર્વ નિયામક ધર્મપુત્ર શ્રીહરિએ, અયોધ્યાપ્રસાદ તથા બીજા રઘુવીરને પોતાના સુંદર આસન ઉપર જુદા જુદા બેસાડ્યા. (૮)

તે સમયે સમગ્ર ભક્તજનોએ ઉંચા સ્વરથી''જય'' શબ્દનું ઉચ્ચારણ કર્યું અને તે જયઘોષ ''સ્વામિનારાયણની જયહો'' એ પ્રકારનો થયો. તે સમયે તે ધ્વનિ બીજા વાદ્યોના ધ્વનિ સાથે મિત્ર થઈ ગયો, અને તેથી એક મહાનુઘોષ આઠે દિશામાં વ્યાપી ગયો. (૯)

પછી શ્રીહરિ સદ્‌ગુણ અને શીલયુક્ત જનોનો જેમના પ્રત્યે અનુરાગ છે તેવા તે બંને દત્ત પુત્રોને, બહુ મૂલ્યવાળાં ચળકતાં સોનેરી મોળીયાં બંધાવતા હતા. (૧૦)

વળી શ્રીહરિ, મહામૂલ્યવાળા સોનેરી સૂત્રવાળાં, ઓઢવાના ખેસ, અંબરો તેમજ સુવર્ણના કડાં, સુવર્ણના હાર, મણિજડિત સુવર્ણના ભૂષણો વગેરે તેમને આપતા હતા. (૧૧)

આવી રીતે શ્રી હરિએ પોતાના પુત્રોને માન આપીને, પોતાના મુનિ વગેરે જનોને તથા સર્વ ગૃહસ્થોને તે બંનેની પૂજા કરવા માટે આજ્ઞા આપી. ત્યારબાદ પોતે પોતાના રમણીય સિંહાસન ઉપર વિરાજમાન થયા. (૧૨)

પછી સાધુ તથા વર્ણિઓએ શ્રીહરિના તે દત્તપુત્રો અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીનું ચંદન

તથા પુષ્પના હારથી પૂજન કર્યું. ગૃહસ્થ ભક્તો પણ મહામૂલ્યવાળાં વસ્રો, આભૂષણો તથા વિવિધ ઉપચારોથી, તેમનું પૂજન કરતા હતા. (૧૩)

ધનાઢ્ય ભક્તો શ્રેષ્ઠ સુવર્ણ પાત્રમાં મોતીઓનું આઠ પાંદડાવાળું પદ્મ બનાવી, પદ્મની વચ્ચે શ્રેષ્ઠ કર્પૂર મૂકીને તે કર્પૂર પ્રગટાવી, ભક્તિપૂર્વક તે બંનેની સુંદર આરતી કરતા હતા. (૧૪)

આવી રીતે પોતે દત્તપુત્રો તરીકે સ્વીકારેલા તે બંને દત્તપુત્રોનું વિધિ પ્રમાણે પૂજન તથા અર્ચન કરતા, પોતાના વચનમાં વિશ્વાસવાળા પોતાના સમગ્ર ભક્તોને જોઈ, શ્રીહરિ અત્યંત હર્ષ પામ્યા. (૧૫)

તે દત્તપુત્રો અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરજીને શ્રીહરિએ પોતાનું સ્થાપન કરેલું સર્વોત્તમ મહાઐશ્વર્ય અર્પી તેમને મહા ક્રાંતિવાળા, અદ્‌ભુત શોભાવાળા, જનોને દર્શનીય, એવા રામ લક્ષ્મણ સમાન કલ્યાણકારી બનાવ્યા. (૧૬)

તે સમયે સમગ્ર દિશાઓ સ્વચ્છ હતી. વાયુ સુખકારી, શીત, સુગંધીમાન મંદ ભાવથી વાતા હતા. પૃથ્વી ઉપર સર્વત્ર મંગળ વર્તતું હતું. સરોવરો તથા નદીઓ સ્વચ્છ જળયુક્ત બની ગયા. (૧૭)

તે સમયે વનના વૃક્ષો, પુષ્પ, ફળથી નમ્ર બન્યા. ભ્રમરોના નાદ તેમની આજુબાજુ ગુંજવા લાગ્યા. પર્વતો પણ જાણે મણિઓની કાંતિ સમાન દેદીપ્યમાન બની ગયા. ગાયો દૂધથી ભરવાડોના નેસને (ગાયોને રહેવાનું સ્થાન) ભરપુર કરી દેવા લાગી. (૧૮)

અગ્નિહોત્રી બ્રાહ્મણોના દક્ષિણા, આહ્વનીય, ગાર્હપત્ય વગેરે અગ્નિ એ સમયે ધૂમરહિત થયા. એ પ્રકારે તે સમયે સર્વત્ર શુભ વર્તવા લાગ્યું. સમગ્ર મનુષ્યો પણ શાંતિ પામ્યા. (૧૯)

બ્રહ્માદિ ઈશ્વરો તે સમયે તે મહોત્સવ જોવાની ઈચ્છાથી આકાશમાં રહી, આદરપર્વક જય, જય શબ્દ કરી, પુષ્પોની સુંદર વૃષ્ટિ કરવા લાગ્યા. (૨૦)

તે મુકત સમૂહ અતિ પ્રસન્ન ચિત્તવાળા બની અત્યંત પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. સ્વર્ગમાં દેવતાઓના અનુચરો તે સમયે દુંદુભિઓ વગાડવા લાગ્યા. (૨૧)

તે સમયે આકાશમાં દેવના ગવૈયાઓ વીણા વગેરે વાદ્યોનું વાદન કરી ગીતોનું ગાન કરવા લાગ્યા. વળી અપ્સરાઓ પણ પ્રેમમગ્ન થઈ નૃત્ય કરવા લાગી. (૨૨)

તે સમયે આકાશમાં રહેલા સિદ્ધ સમૂહ ઉંચા સ્વરોથી જયનાદ કરવા લાગ્યા. મહર્ષિઓ આશીર્વાદ આપવા લાગ્યા. નારદ વગેરે મુનિઓ આ પ્રસંગથી આનંદ પામ્યા. (૨૩)

આ પૃથ્વી ઉપર સદા દિવ્ય ભાવ પૂર્વક પોતાને પ્રિય શ્રીહરિની સમીપે વસતા, પવિત્ર ભુવનોનું

મંગળ જેમના ઉદયથી થાય છે એવા ધર્મદેવ, શાંતિ આપનારા શ્રીહરિએ નિર્માણ કરેલી, અતિસ્થિરા ભક્તિ સાથે પોતાનું પોષણ કરનારી શુભસ્થિતિ જોઈ, અત્યંત હર્ષ પામ્યા. (૨૪, ૨૫)

ધર્મનું પોષણ કરવામાં પ્રસિદ્ધ શ્રીહરિ જ્યારે પોતાના ધામમાં જશે ત્યારે મારા મિત્ર અધર્મની સાથે મારી પ્રવૃત્તિ વેગવાન બનશે. એ પ્રકારે કળિયુગે નિશ્ચય કર્યો હતો. પરંતુ શ્રીસ્વામિનારાયણની ધર્મ પ્રવૃત્તિથી અતિ આશ્ચર્ય પામી, પોતાના અપકર્ષથી વ્યાકુળ બની, તે સમયે કળિયુગ નિર્બળ બની ગયો. (૨૬)

જેનાથી સુકૃતો ઉદય થયાં છે. તે શ્રીહરિ, ગુરુના અતિસુંદર ગુણોથી યુક્ત અયોધ્યા પ્રસાદ તથા રઘુવીરને પોતાની ધર્મધૂરા આ પ્રમાણે પોતે સોંપતા હતા. બ્રાહ્મણોને આ પ્રસંગે વસ્ત્રો, આભૂષણો તેમજ પુષ્કળ દક્ષિણા આપતા હતા. પછી વિનય યુક્ત તે બંને પુત્રોને ઉપદેશ આપતા શ્રીહરિ પ્રીતિપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિએ પોતાના દત્તપુત્રોને પોતાની ધર્મધૂરા સોંપી તેનો ઉત્સવ નિરૂપણ કર્યો એ નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યા ૪ થો

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે પુત્રો ! મારા સર્વ આશ્રિતોના ગુરુપદે મેં તમોને સ્થાપન કર્યો છે. માટે સાવધાન રહી મારું હિતકારી વચન તમો સાંભળો. (૧)

હે પુત્રો ! મેં આ પૃથ્વી ઉપર ભગવાનના મંદિરો કરાવ્યા છે. તે સર્વ મંદિરોની આજીવિકા સર્વ દેશોમાં જુદી જુદી કરાવેલી છે. (૨) તે મંદિરોમાં બે મંદિર મુખ્ય છે. એક શ્રીનગરમાં નરનારાયણનું અને બીજું આ વૃત્તાલયમાં લક્ષ્મીનારાયણનું આ બે મુખ્ય છે. (૩) તે બંને મંદિરોના મધ્ય વિભાગે પૂર્વમાં કલકત્તાપુર સુધી અને પશ્ચિમમાં શંખોદ્ધાર નામના દ્વારિકાપુર સુધી, સમાન લીટીએ જે જે પુર, ગ્રામ વગેરે આવે તેનો લેખ વિભાગ બે પ્રકારે કરવાનું મેં નક્કી કર્યું છે. એક નરનારાયણ દેવનો દેશ તથા બીજો લક્ષ્મીનારાયણ દેવનો દેશ, એમ બે વિભાગ છે. પોતાના સ્થાનથી ઉત્તર દિશાની સીમા સહિત સર્વ ગામો નરનારાયણના દેશના અને દક્ષિણથી લક્ષ્મીનારાયણનો દેશ છે. પોતપોતાની સીમા સહિત પુર ગ્રામ વગેરેની ઉત્તર દિશાથી દક્ષિણ તરફનો દેશ નરનારાયણનો દેશ છે. (૪)

દક્ષિણ દિશામાં વર્તતા આ વિભાગમાં રહેતા ભક્તજનોએ જેજે દ્રવ્ય, ધાન્ય, વસ્ત્ર વગેરે ધર્મને માટે અર્પણ કરેલું હોય તે સર્વ લક્ષ્મીનારાયણ દેવનું છે. (૫) આવી રીતે ઉત્તર દેશમાં રહેતા ભક્તજનો જેજે દ્રવ્ય, ધાન્ય, વસ્ત્ર વગેરે ધર્મ માટે અર્પણ કરે તે તે વસ્તુ નરનારાયણ દેવની છે. એવી મર્યાદા મેં કરેલી છે. (૬)

હે પુત્રો ! મેં એક એક વિભાગમાં રહેતા આશ્રિત જનોનું ગુરુપણું ધર્મની રક્ષા માટે તમો બંનેને જુદું જુદું આપ્યું છે. (૭) હે નૃપ ! આવી રીતે શ્રીહરિએ પોતાના પુત્રો પ્રત્યે સુંદર વચન કહ્યું. પછી પોતે કહેલા અર્થનો વિસ્તાર જેમાં છે એવી પત્રિકાઓ શુકાનંદમુનિ જે હું તે મારી પાસે સભામાં લખાવતા હતા. સંવત ૧૮૮૨ ના કાર્તિક સુદી એકાદશીને દિવસે વૃત્તાલયમાં, આ સભામાં કહેવાશે તે અર્થના અલ્પ વિસ્તારવાળી બે પત્રિકાઓ, શુકાનંદમુનિ પાસે લખાવી. પછી સંવત ૧૮૮૩ ના માગશર સુદી પૂર્ણિમાને દિવસે ગઢપુરમાં વિસ્તૃત અર્થ વાળી બે મોટી પત્રિકાઓ શુકાનંદમુનિ પાસે લખાવી પછી તે બંને ઉપર પોતાના પુત્રોના પરસ્પર હસ્તાક્ષર કરાવીને એક એક પત્રિકા શ્રીહરિ તેમને અર્પણ કરતા હતા. (૮)

હે ભૂપતે ! પછી મોટા મનવાળા શ્રીહરિ મેં લખેલી બે પત્રિકાઓ પોતાના હાથમાં લઈ એક એક પત્રિકા તમો બંને લ્યો. એમ પોતાના તે પુત્રો પ્રત્યે કહેવા લાગ્યા. (૯) અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરે તે સમયે એક એક પત્રિકા જુદી જુદી લીધી. તે પત્રીઓ હાથમાં લઈ તેઓ શાંતિપૂર્વક નરનારાયણ તથા લક્ષ્મીનારાયણ ભગવાનના નામો તેમાં જોવા લાગ્યા. (૧૦)

તે બંને પત્રીઓમાં લક્ષ્મીનારાયણની પત્રિકા રઘુવીરને આપી તથા નરનારાયણની પત્રિકા અયોધ્યાપ્રસાદને આપી. (૧૧) પછી શ્રીહરિ તે બંનેને તે પત્રિકા પ્રાપ્ત થઈ છે તે જોઈ પોતાના સર્વજનોને કહેવા લાગ્યા. હે ભક્તો ! આજથી આરંભીને આ અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરને મેં તમારા ગુરુ કર્યા છે. (૧૨)

આ લોકમાં નરનારાયણના દેશના જે મારા આશ્રિત ભક્તો હોય તેઓ સર્વ આ અયોધ્યાપ્રસાદના શિષ્યો છે. એમ તમે જાણો. (૧૩) આ લક્ષ્મીનારાયણના દેશમાં મારા આશ્રિતો જે ભક્તો હોય તે સર્વ આ રઘુવીરના શિષ્યો છે એમ તમો જાણો. (૧૪)

બંને વિભાગની જે સ્ત્રીઓ છે તેમના એ બંનેની પત્નીઓ ગુરુ છે. નરનારાયણ દેશમાં મારી સ્ત્રી ભક્તોના ગુરુ અયોધ્યાપ્રસાદના પત્ની સુનંદા છે. લક્ષ્મીનારાયણ દેશમાં રહેતી મારી આશ્રિત ભક્ત સ્ત્રીઓના આશ્રિત ગુરુ આ રઘુવીરજીના પત્ની વિરજા છે. આ પ્રકારની મર્યાદા મેં સ્થાપન કરી છે. (૧૫)

હે ભક્તો ! ધર્મદેવના વંશમાં ઉત્પન્ન થયેલા આ બંને આચાર્યોને તમારે ધર્મદેવની માફક

વસ્ત્ર, ભૂષણો, ધન વગેરે શક્તિ પ્રમાણે સેવવા તથા તેમને માનવા. (૧૬) આ લોકમાં જે જનો મારું સ્થાન મેં જેમને આપ્યું છે એવા આ અયોધ્યાપ્રસાદ તથા રઘુવીર એ બંને આચાર્યોનો આશ્રય કરશે, તેમજ આ ધર્મવંશના આ બે આચાર્યોના વંશમાં થયેલા અને ગુરુપદે સ્થાપેલા આચાર્યોનો આશ્રય કરશે, તે ભક્તજનો સંસારથી મુક્તિ પામશે, તેમજ સ્વવાંછિત સુખ પામશે. (૧૭)

આવી રીતે શ્રીહરિ પોતાના આશ્રિતો પ્રત્યે કહીને ફરીથી તે બંને પુત્રો પ્રત્યે બોલ્યા. હે પુત્રો ! તમો બંને તમારા દેશમાં રહેલા જનોને શિષ્યો કરશો. અન્યના વિભાગના જનોને તમારે શિષ્યો કરવા નહિ. કદાચ અજાણતા શિષ્ય કરો અને જ્યારે તે બીજા દેશના છે એવું જણાય ત્યારે તે દેશના આચાર્યને તે નિવેદન કરવું. (૧૮)

પોતાના દેશના પોતાના શિષ્યોએ આપેલા અન્ન, વસ્ત્ર, આભૂષણ વગેરે ગ્રહણ કરવા. પરંતુ ક્યારેય પણ અન્ય દેશનું ગ્રહણ કરવું નહિ. મુક્તાનંદ વગેરે સંતો, મુકુંદાનંદ વગેરે વર્ણિઓ તેમજ ભગુજી તથા રતનજી વગેરે પાર્ષદો, તેમને સર્વને તો તમો બંને સમાન પણે પૂજ્ય છો. (૧૯)

તે સાધુ સર્વ પક્ષપાત રહિત થઈ તમારા બંનેની સેવા કરશે. જે સાધુઓ પક્ષપાત કરશે તો તેઓ અધોગતિ પામશે. (૨૦) વળી તમારા બંને વચ્ચે, શિષ્યો જે ધન વગેરે આપે તેમાં, કદાચ વિવાદ થાય તો ધર્મ નિષ્ઠાવાળા બે ગૃહસ્થ લક્ષ્મીનારાયણ દેવના દેશના તથા ધર્મનિષ્ઠાવાળા નરનારાયણ દેવના દેશના બે ગૃહસ્થોને તે વિવાદ સોંપવો તે તેનો નિર્ણય કરશે. પરંતુ ક્યારેય પણ આ વિવાદમાં સાધુ વગેરેને જોડવા નહિ. (૨૧)

વળી પોતાની આશ્રિત સ્ત્રીભક્તો નિમિત્તે વિવાદ થાય તો તેના નિર્ણયમાં તમારા બંનેની પત્નીઓએ ધર્મનિષ્ઠાવાળી તથા પતિ, પુત્રવાળી બે દેશની બે બે સ્ત્રીઓને તેનો નિર્ણય સોંપવો. ક્યારેય પણ વિધવાઓને તે નિર્ણયમાં જોડવી નહિ. (૨૨)

જે ગૃહસ્થોને કરવા યોગ્ય કાર્યના નિર્ણયમાં જો ત્યાગીઓ હોય અથવા વિધવા સ્ત્રીઓ હોય તો તે કાર્ય ક્યારેય પણ સિદ્ધ નહિ થાય એટલું જ નહિ પણ કાર્યનો નાશ થાય. (૨૩) વળી હે પુત્રો ! તમો બંનેએ મારા માનેલા આઠ ગ્રંથોને આશરીને જ દરરોજ વર્તવું. તેમજ સંપ્રદાયને અનુસરીને શિષ્યોને પણ વર્તાવવા. (૨૪)

વળી મેં તમો બંનેને જે મંદિરો વગેરે અર્પણ કર્યા છે, તે મેં મારા પ્રતાપથી જ સંપાદન કર્યા છે. માટે તેમાં મારા પિતાનું તેમજ શ્રીરામપ્રતાપ તથા રઘુવીર એ બંને બંધુઓનું કોઈનું પણ માલિકીપણું નથી. (૨૫)

મને તે મંદિરો જેને આપવાની ઈચ્છા થઈ તેને મેં સ્વતંત્રપણે આપ્યા છે. માટે તે મારા ભાઈઓનો તેમાં ભાગ નથી. (૨૬) તમો બંનેને એક કરતાં વધુ પુત્રો હોય તોપણ ગુરુપદે તો

એક ગુણી પુત્રનું જ તમારે સ્થાપન કરવું. (મોટો પુત્ર હોય તેને જ તે પદે સ્થાપન કરવો એવો નિયમ નથી. ગુરુપણાના પદે જે યોગ્ય હોય તે જ યોગ્ય ગણાય.) (૨૭)

જે પુત્ર પોતાના આશ્રિતજનોના ધર્મરક્ષણ કરવામાં શક્તિમાન હોય તથા જેના પ્રત્યે ધર્મનિષ્ઠાવાળાજનોની પ્રીતિ હોય વળી તે પોતાના સંપ્રદાયના ધર્મોમાં નિષ્ઠાવાળા હોય, તે પુત્રને ગુરુપદે સ્થાપનકરવા યોગ્ય ગણવો. (૨૮) જો પોતાનો પુત્ર તેવા લક્ષણ યુક્ત ન હોય તો ધર્મ વંશમાંથી દત્તવિધિ કરીને મેં જે પ્રમાણે કર્યું, તે પ્રમાણે તમારે દત્તપુત્રને ગુરુપદે સ્થાપન કરવો.પરંતુ પોતાનો ગુણહીન પુત્ર હોય તો તેને ગુરુપદે ન જ સ્થાપવો. (૨૯)

તમો બંનેએ પોષ્યવર્ગોનું યથાયોગ્ય પોષણ કરવું તથા પોતાના શિષ્યોના ધર્મનું રક્ષણ કરવું. (કાશીખંડમાં વ્યાખ્યા કહી છે. ''**माता पिता गुरुः पत्नी चापत्यानि समाश्रिताः अभ्यागतः प्रपन्नोऽग्निः पोष्यवर्गा अमी नव**'' માતા પિતા, ગુરુ, પત્ની, પુત્રો, પોતાના આશ્રિતો, અભ્યાગતો, શરણે આવેલા અને અગ્નિ આ નવ પોષ્ય વર્ગ કહેવાય છે. (૩૦)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ગુરુપદે સ્થાપેલા, અતિ પ્રસન્ન થયેલા, અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરને શ્રીહરિએ આ પ્રમાણે શિક્ષાવચનો કહ્યા તે હિતકારી શિક્ષા ગ્રહણ કરીને શ્રીહરિને પ્રણામ કરી તેઓ બંને કહેવા લાગ્યા. (૩૧)

આપના આશ્રિતોનું આત્યંતિક કલ્યાણ કરવા માટે પૃથ્વી ઉપર આપે આપની ઈચ્છાથી જ આ નરનાટક ગ્રહણ કર્યું છે. અક્ષરઆદિ સર્વના નિયન્તા, સર્વ અવતારના એક કારણ આપ છો. અમારા બંનેનો આપના સ્વરૂપનો આવો નિશ્ચય છે. હે સકલૈશ્વર્યસંપન્ન ! આપની આજ્ઞામાં વર્તતા અમો બંનેનું આ લોકમાં ક્યારેય પણ ધર્મમાંથી પતન ન થાય. તેમજ દેહમાં અહંભાવ ન થાય, તેમજ દેહના સંબંધિઓમાં મમત્વ બુદ્ધિ પણ ન થાય. (૩૨)

''હે હરે ! સુખના સ્થાનભૂત ! આપના બંને ચરણકમળમાં અમારા બંનેના મનરૂપી ભ્રમરો સદા રમો'' અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરની આ વાણી શ્રીહરિએ સાંભળી પછી તેમને આદરપૂર્વક આશીર્વાદ આપ્યા. (૩૩)

આવી રીતે શ્રીહરિ બંને પુત્રોનો અત્યંત શુભ અભિપ્રાય જાણી, પ્રસન્ન થઈ ફરીથી પોતાના આશ્રિતજનો પ્રત્યે કહેવા લાગ્યા. (૩૪) હે ભક્તો ! મેં સદ્‌ગુણના સ્થાનભૂત, આ બંનેને મારા સ્થાને તમારા ગુરુપદે સ્થાપ્યા છે. માટે તમો મારા સર્વે આશ્રિતોએ હંમેશાં તેમને મારી માફક માનવા. (૩૫)

જે જનો આ બંનેનો આશ્રય કરીને ધર્મમાં રહી, મને ભજશે તે જનો અભિષ્ટ મુક્તિ જરૂર પામશે. (૩૬) જે જનો અન્ન, વસ્ત્ર વગેરેથી શક્તિ પ્રમાણે આ બંને આચાર્યોની સેવા કરશે, તેમજ

સન્માનપૂર્વક તેમનું ષોડશોપચારથી પૂજન કરશે. (૩૭)

તે જનો મારી સેવાનું તથા ભક્તિ તેમજ ધર્માદિની સેવાનું ફળ પામશે. હું તેમની ઉપર અત્યંત પ્રસન્ન થઈશ. (૩૮) મારા આશ્રિત ત્યાગીઓ તથા સમગ્ર ગૃહસ્થો જેમ મારી આજ્ઞામાં વર્તો છો. તેજ પ્રમાણે હંમેશાં આ બંનેની આજ્ઞામાં આદરપૂર્વક વર્તવું. (૩૯) હે ભક્તો ! આ લોકમાં હું હંમેશાં આ બંને આચાર્યોમાં, મારી પ્રતિમાઓમાં જેમ રહ્યો છું તેમજ રહ્યો છું. માટે મારી પ્રીતિ સંપાદન કરવાની જે જનોને ઈચ્છા હોય તેમણે આ બંનેની સેવા કરવી. (૪૦)

મારા આશ્રિત, યોગ અને વિદ્યા વગેરે ગુણોયુક્ત ત્યાગીઓએ ક્યારેય પણ આ બંનેની આગળ ઉદ્ધતપણું ન કરવું. (૪૧) હે ભક્તો ! જ્યાં આ બંને આચાર્યો રહેશે ત્યાં સુખ આપનારા તથા ધર્મનું વહન કરનારા, ભક્તિ તથા ધર્મ હંમેશાં જ વાસ કરશે. (૪૨) જ્યાં એકાંતિક જનોને વહાલા શુદ્ધ ભક્તિધર્મ રહેલા હોય ત્યાં હું હંમેશાં રહું છું. આવી રીતે મારા આશ્રિતો તમો સર્વ જાણો. (૪૩)

જેમ હંસોને માનસ સરોવરનો નિત્ય સંબંધ છે, તેમ ધર્મવંશીઓને અન્યને દુર્લભ એવો મારો નિત્ય સંબંધ છે. (૪૪) માટે આ લોકમાં જે જનો ધર્મવંશમાં જન્મેલા આચાર્યોનું સેવન કરશે, તેઓના સર્વ મનોરથો મારી પ્રસન્નતાથી સિદ્ધ થશે. (૪૫) સર્વ જનોએ આ પ્રકારની મારી આજ્ઞાનું યથાર્થ પાલન કરવું. જે મનુષ્ય આવી રીતે નહિ વર્તે તે મારા શિષ્યોએ બહિષ્કાર કરેલો છે એમ જાણવું. (૪૬)

હે રાજન્ ! શ્રીહરિના આશ્રિત સર્વજનોએ, શ્રીહરિની આ પ્રકારની સુંદર વાણી સાંભળી, ઉત્કંઠિત ચિત્તયુક્ત સન્માનપૂર્વક, શ્રીહરિની સ્તુતિ કરી અને શ્રીહરિની તે આજ્ઞા પોતાના મસ્તક ઉપર ગ્રહણ કરી. (૪૭) પ્રસન્ન થયેલા અને અત્યંત સ્નેહયુક્ત તે સમગ્ર પોતાના ભક્તજનો પાસે શ્રીહરિએ માંગલિક પદોનું ગાન કરાવ્યું. શ્રીહરિએ તે આત્મીયજનોની સાથે જાગરણ પણ કર્યું. (૪૮)

હે નૃપતે ! પછી શ્રીહરિએ બારશને દિવસે સમગ્ર ત્યાગીજનોને, બ્રાહ્મણોને તથા વૃત્તાલયમાં આવેલા અન્ય અનાર્થિઓના જનસમૂહને, વિવિધ પ્રકારના ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય ભોજન આદરપૂર્વક જમાડી તૃપ્ત કર્યા. પોતે પોતાના બંધુજનો સહિત પારણા કર્યા. (૪૯)

પછી શ્રીહરિએ બે દિવસમાં વિવિધ પ્રકારનો સરસામાન ભેગો કરી પૂર્ણિમાને દિવસે ભક્તિનો શુભ ઉત્સવ કરાવ્યો. જે ઉત્સવની ભવ્યતા સાંભળી આ પૃથ્વી ઉપર રાજાઓ પણ પરમાશ્ચર્ય પામી શ્રીહરિની પ્રશંસા કરવા લાગ્યા. તેમજ બ્રહ્માદિ ઈશ્વરગણો પણ શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૫૦)

આ પ્રકારની જ્ઞાનસાગર શુકાનંદ મુનિની કલ્યાણકારી, અમૃત સમાન અને તાપના સમૂહને મૂળમાંથી ઉખેડનારી વાણી સાંભળી, પરમાનંદ પામેલા રાજા માનસિંહ વધુ સાંભળવાની ઈચ્છાથી બંને હાથ જોડીને અત્યંત પ્રેમથી નમ્રતાયુક્ત પૂછતા હતા. (૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિના બંને પુત્રોને દેશના બે વિભાગ કરી તેના બે લેખો લખાવી તે બંને આચાર્યોને અર્પણ કર્યા એનું નિરૂપણ કર્યું એ નામે ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)



અધ્યાય ૫ મો

માનસિંહ રાજા કહે છે :- હે વિદ્વન્ ! પૂર્વ અધ્યાયમાં શ્રીહરિએ કહેલી દેશવિભાગની વિસ્તૃત બે પત્રિકાઓ જે તમારી પાસે લખાવી અને પોતે તે બંને આચાર્યોને આપી. એ પ્રમાણે તમોએ જે કહ્યું. (૧) હે યોગીપ્રવર ! તે સાંભળવાની મારી ઈચ્છા છે માટે તે બંને પત્રીઓનું લખાણ મને તમો વિસ્તાર પૂર્વક કહો. (૨) જિજ્ઞાસુ માનસિંહ રાજાએ આવી રીતે પૂછ્યું તેથી યોગીરાજ શુકાનંદ મુનિ તે રાજાને આનંદ આપતા પ્રીતિપૂર્વક મધુર વચન કહેવા લાગ્યા. (૩)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તમોએ પત્રી માટે પૂછ્યું. તે મેં લખેલી પત્રિકાઓ સાંભળવા ઈચ્છતા તમોને હું તે વિસ્તારપૂર્વક કહું છું તે તમો સાંભળો. (૪) હે રાજન્ ! બંને પત્રિકાઓમાં જે જે વચનો લખ્યાં છે તે સર્વ વચનો પ્રત્યક્ષ શ્રીહરિનાં જ છે. (૫)

દક્ષિણ દિશામાં જે ખંડ છે તે લક્ષ્મીનારાયણ દેવનો છે અને ઉત્તર દિશામાં જે ખંડ છે તે નરનારાયણદેવનો છે. (૬) હે રાજન્ ! તે બંને ખંડોના સીમાડાના કારણ ભૂત જે પુર ગ્રામો છે તે પુર તથા ગ્રામો બંને પત્રિકાઓમાં લખેલાં છે. (૭) હે રાજન્ ! તેવી રીતે બંને પત્રિકાઓમાં બંને ખંડ સંબંધિ બંને દેશના વિભાગ તે પણ સ્પષ્ટ લખેલા છે. (૮, ૯)

તે બંને પત્રિકાઓમાં બંને આચાર્યોને વર્તવાની રીત તથા મંત્રોપદેશની રીત પણ લખેલી છે. (૧૦) હે રાજન્ ! તે પત્રિકાઓમાં ત્યાગીઓએ પણ હંમેશાં બંને આચાર્યોની આજ્ઞામાં રહીને તે આચાર્યોની સેવા કરવી એ પ્રમાણે લખેલું છે. (૧૧)

તે બંને પત્રિકાઓમાં હંમેશાં સર્વ સત્સંગિ ભક્તોએ આચાર્યોની આજ્ઞા પાળવી તથા તેમને સેવવા આ પ્રમાણે લખેલું છે. (૧૨) હે રાજન્ ! હે મહાબુદ્ધે ! એ બધું જાણવા ઈચ્છતા તમોને હું તે સર્વ યથાર્થ કહીશ. તે તમો સ્થિર મનથી સાંભળો. (૧૩)

હે રાજન્ ! તેમાં પ્રથમ બંને ખંડોની મર્યાદાના કારણભૂત જે નગરો તથા ગામો છે તે તમોને અનુક્રમથી હું કહું છું. (૧૪) પૂર્વદિશામાં પ્રસિદ્ધ કલક્તા પુર છે. તેમજ કાશી, ઉજ્જૈન, પુરી, ખાંચરોદ, રતલામ, પફ્લાબાદ, દેવદપુર, ગોધરા, ડાકોર, સૈયત, બોરડી, અલેણા, કંડી, ખડોલ, સાસતાપર, મહુધા, ઘુંમજ, સુંઝ, કેસરુ, વાંઠલાલી; (૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯)

અરેરી, ખાતરજ, મોટું મહેમદાવાદ, છાપરા, ખેડા, કોશિયા, પિપલી, મેલજ, વડોદરા, બડઠા, વીરપર, પીસાવડુ, કૌકા, ધોલી, ભુંભલી, વેજલકું, સરધાવલું, ધનાલુ, ફેદરા, ખડોલ, ધંધૂકા, કોટડું, ગુંજારા, મોરસીયું, વાગડ, દેવલીયું, નાગનેશ, વાણિયાવદર, (૨૦ થી ૨૬)

કરમડ, મેણપર, ચાસકા, કુંડલા, ભાણેજડું, કોરડા, સુદાંમડા, સેજકપુર, ચોટીલા, બામણબોર, કવાડવું, રાજકોટ, રૈયા, વાજડી, ટોકલિયું, સરપદડ, ઝીલરિયું, વિસામણ, ડાંગરા, જાળિયું દેવાણીનું, તમાસિંરાણ, વાણિયાની વણથવી, ચાવડા, અલૈયા, ખિમરાણું; (૨૭ થી ૩૨)

તથા પશ્ચિમ દેશમાં ચારેયવર્ણથી વ્યાપ્ત તથા શોભાયુક્ત નવાનગર છે. (૩૩) પૂર્વ દિશામાં વર્તતું કલકત્તાથી આરંભિને પશ્ચિમ દિશામાં નવાનગર સુધી કહેલા નગરો તથા ગામો તે સમગ્ર હે ભૂપતે ! લક્ષ્મીનારાયણ દેવના છે. (૩૪, ૩૫)

લક્ષ્મીનારાયણના ખંડમાં રહેલા આ ગામો સીમાડાની મર્યાદાના પુર અને ગામો છે. ઉત્તર દિશામાં રહેલા આગળ લખેલા અને એકબીજાની પાસે રહેલા ગામોથી દક્ષિણ દિશામાં જે દેશ રહેલ છે. (૩૬)

તથા નવા નગરની સમીપે આવેલા સમુદ્રની મોટી ખાડી તે ખાડીની દક્ષિણ દિશામાં આવેલું ખંભાલિયા ગામ તેમજ દ્વારિકાની સમીપે સમુદ્રનો જે દ્વીપ છે, તે સમગ્ર દેશ ભક્તોના દુઃખ નાશ કરનારા શ્રીવૃત્તાલયવાસી પ્રભુ લક્ષ્મીનારાયણનો છે. (૩૭, ૩૮, ૩૯)

તે દેશમાં રહેલા સર્વ સત્સંગીઓ તથા અન્યજનો ધર્મ કરવા માટે વસ્ત્રો, આભૂષણો અન્ન વગેરે જે જે વસ્તુઓ અર્પણ કરે; (૪૦) વળી સત્સંગીઓ પણ પશુઓ, રથ વગેરે વાહનો તથા મણિ, મોતીઓ વગેરે દ્રવ્ય અર્પણ કરે; તથા ખેતર, વાડી, વૃક્ષો વગેરે અર્પણ કરે. (૪૧) તે દ્રવ્યાદિક સમગ્ર વસ્તુ તથા લક્ષ્મીનારાયણના દેશમાં રહેલી હવેલીઓ વગેરે સર્વ લક્ષ્મીનારાયણ દેવની મિલકત છે. (૪૨, ૪૩)

આ પ્રદેશમાં જે મંદિરો છે અને હવે પછી આગળ થશે તે સર્વ પ્રકારે લક્ષ્મીનારાયણ દેવના છે. (૪૪) લક્ષ્મીનારાયણ તથા તે દેશના સર્વ મંદિરોની આવક હોય તે સર્વ લક્ષ્મીનારાયણ દેશની સર્વ પ્રકારે ગણાય. (૪૫) તે સમગ્ર આવક આચાર્ય રઘુવીરની જ છે. આવી રીતે ધર્મપુત્ર પ્રત્યક્ષ શ્રીહરિએ દેશ મર્યાદા બાંધી છે. (૪૬)

પૂર્વ દિશામાં કલકત્તાથી આરંભિને પશ્ચિમ દિશામાં નવાનગર સુધી; (૪૭) હે રાજન્ ! મેં તમોને પહેલાં બે ખંડોની સીમા બાંધતા જે નગરો તથા ગ્રામો કહ્યાં છે. (૪૮) તેનાથી ઉત્તર દિશામાં જે દેશ છે, હે રાજન્ ! તે દેશ શ્રીનગરવાસી શ્રીનરનારાયણ દેવનો છે. (૪૯) નવાનગરની સમીપે જે સમુદ્રની ખાડી છે, તે ખાડીની ઉત્તર દિશાએ માંડવીપુર છે. (૫૦, ૫૧) તેની ઉત્તર દક્ષિણે લખપત બંદર નામનું શહેર છે, તે બંને શહેરથી લઈ પૃથ્વી ઉપર જે દેશ છે તે સમગ્ર દેશ સંસૃતિનો નાશ કરનારા શ્રીપુરવાસી શ્રીનરનારાયણનો છે. (૫૨)

તે દેશમાં રહેનારા સર્વ સત્સંગીઓ, તેવી રીતે તે દેશમાં રહેતા અન્યજનો, તે સર્વ જે જે ધર્માદા, દ્રવ્ય, અન્ન, વસ્ત્ર તેમજ વાડી, વૃક્ષાદિ તથા અન્ય વસ્તુ આપે. (૫૩, ૫૪) તે સર્વ વસ્તુ નરનારાયણનીજ છે. તે દેશમાં હાલમાં જે મંદિરો છે તથા જે હવેલીઓ છે તે સર્વ નરનારાયણના જ છે. (૫૫, ૫૬)

વળી, હે ભૂપતે ! તે દેશમાં જે મંદિરો આગળ થશે તે સર્વ નરનારાયણના જ ગણાશે. (૫૭) વળી નરનારાયણ દેવની સર્વ મંદિરોની આવક તથા નરનારાયણના દેશની અન્ય પ્રકારની જે આવક આવે; (૫૮) તે સર્વ આવક અયોધ્યાપ્રસાદની જ છે. હે રાજન્ ! આવી રીતે શ્રીહરિએપોતેજ મર્યાદા કરેલી છે. (૫૯)

હે રાજન્ ! આવી રીતે બંને ખંડોની સીમામાં રહેલા પુર, ગ્રામો મેં સ્પષ્ટપણે કહ્યાં છે તે દેશના સર્વ મંદિરો વગેરેનો યથાયોગ્ય વિભાગ પણ કહ્યો. (૬૦)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં ભરતખંડના બે વિભાગની સીમાનું નિરૂપણ નામે પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! શ્રીહરિકૃષ્ણના દત્તપુત્રો આચાર્યો તેમને વર્તવાની રીતિ પણ તમોને કહું છું. (૧) આ બંને ખંડોમાં રહેલા શ્રીહરિને આશરેલા સર્વસત્સંગિઓ તથા અન્યજનો ધર્માદા સારુ જે અન્ન વગેરે આપે તે લેવા માટે બંને આચાર્યોએ પોતાના આશ્રિત શિષ્યોને પોતપોતાના દેશમાં મોકલવા. ક્યારેય બીજા કામ માટે મોકલવા નહિ. (૨, ૩)

બંને આચાર્યો પોતપોતાના દેશના નિવાસીઓને સામાન્ય દીક્ષામાં અષ્ટાક્ષર શરણમંત્ર આપે

અને પોતપોતાના દેશમાં રહેતા અને પોતાના આશ્રિત થયેલા મુમુક્ષુજનોને કંઠીઓ બાંધે, પરંતુ ક્યારેય અન્ય દેશનાને બાંધે નહિ. (૪) જે વૈરાગ્યવાન મનુષ્ય મંત્રોપદેશ લઈને વર્ણિ, બ્રહ્મચારી, સાધુ તથા પાર્ષદ થઈ સત્સંગમાં રહેવા માટે આવે. (૫)

તેવો વૈરાગ્યવાન મનુષ્ય જ્યારે પોતાના દેશમાં રહેતો થાય. પછી આચાર્યોએ યથાયોગ્ય સમયે તેને વૈષ્ણવી દીક્ષા આપી તેને વર્ણિ, મુનિ વગેરેના મંડળમાં રાખવો. (૬) વૈરાગ્યવાન પુરુષે જે જમીન, ઘર, વૃક્ષો વગેરે જે કાંઈ અર્પણ કર્યું હોય તે તે દેશના આચાર્યો એ જ ગ્રહણ કરવું પરંતુ ક્યારેય અન્ય દેશના મનુષ્યને દીક્ષા આપી ત્યાગી ન કરવો. (૭)

તથા અન્ય દેશના મનુષ્યનું દ્રવ્ય, ગૃહ વગેરે વસ્તુને આચાર્યોએ ગ્રહણ કરવા નહિ. આ પ્રમાણે શ્રીહરિની આજ્ઞા છે. (૮) લક્ષ્મીનારાયણ દેશના આચાર્યને જ્યારે નરનારાયણ દેશના સત્સંગીઓ; (૯) તેમજ નરનારાયણ દેશના બીન સત્સંગીઓ જો હર્ષપૂર્વક ભોજન કરાવે તો લક્ષ્મીનારાયણ દેશના આચાર્યે તે આમંત્રણ સ્વીકારી ભોજન જમવું તેમાં બાધ નથી. (૧૦)

જ્યારે નરનારાયણ દેશના જનો લક્ષ્મીનારાયણ દેશના આચાર્યને વસ્ત્રો, ઘઉં, ડાંગર વગેરે ખાદ્ય પદાર્થો દક્ષિણા, સુવર્ણમહોરો, ઘર, ગ્રામ, વિવિધ પ્રકારનું દ્રવ્ય, ક્ષેત્ર, વાડી, વૃક્ષાદિક પોતાના મંડળના આપતા હોય તેથી અધિક પ્રમાણમાં આવે; (૧૧)

તેવી રીતે નરનારાયણ દેશના ભક્તો લક્ષ્મીનારાયણ દેશના આચાર્યને અમો તમોને આટલું આપીશું એવી પ્રતિજ્ઞા કરી પુષ્કળ પ્રમાણમાં તે વસ્તુઓ તેમને અર્પણ કરે. (૧૨) તો પણ લક્ષ્મીનારાયણ દેશના આચાર્યે તે કાંઈપણ વસ્તુ ગ્રહણ કરવી નહિ. વળી જો નરનારાયણ દેશના ભક્તો અતિ આગ્રહ પૂર્વક અર્પણ કરે તો પછી તે ગ્રહણ કરવા યોગ્ય થાય એટલે લક્ષ્મીનારાયણ દેશના આચાર્યે તે ગ્રહણ કરવી. પરંતુ પછી તે વસ્તુઓ નરનારાયણ દેશના આચાર્યને તત્કાળ અર્પણ કરી દેવી. (૧૩, ૧૪) વળી લક્ષ્મીનારાયણ દેશના આચાર્યે નરનારાયણ દેશના ભક્તોના ઘર, ખેતર, વૃક્ષ વગેરે કયારેય પણ ગીરો રાખી ગ્રહણ ન કરવા. (૧૫) તેવી જ રીતે લક્ષ્મીનારાયણ દેશના સત્સંગીઓ તથા અન્યજનો જ્યારે નરનારાયણ દેશના આચાર્યને જમાડે; (૧૬) તો નરનારાયણ દેશના આચાર્યે તે સત્સંગીઓએ અર્પણ કરેલું ભોજન જમવું તેમાં બાધ નથી. (૧૭) લક્ષ્મીનારાયણ દેશના સત્સંગીઓ તથા અન્યજનો જ્યારે નરનારાયણ દેશના આચાર્યને પોતાના મંડળને આપતા હોય અને તેથી અધિક અન્ન, ધન, દક્ષિણા, વસ્ત્રો, જમીન, ગામ, વાહન, આદિક આપે તે કાંઈ પણ વસ્તુ નરનારાયણ દેશના આચાર્યે ક્યારેય પણ ગ્રહણ કરવી નહિ. જો કદાચ લક્ષ્મીનારાયણ દેશના સત્સંગીઓનો આગ્રહ હોય તોતે પ્રીતિપૂર્વક ગ્રહણ કરવું. પરંતુ આગ્રહથી આપેલા તે વસ્ત્રાદિક સર્વ નરનારાયણ દેશના આચાર્યે લક્ષ્મીનારાયણ દેશના આચાર્યને તત્કાળ અર્પણ કરી દેવા. (૧૮, ૧૯, ૨૦)

નરનારાયણ દેશના આચાર્યે લક્ષ્મીનારાયણના દેશમાં રહેતા સત્સંગી પાસેથી ઘર, પૃથ્વી, વૃક્ષાદિક ગીરો રાખવા નહિ. (૨૧) હે નૃપ ! આવી રીતે મંદિરો તથા દેશાદિકનો યથાયોગ્ય વિભાગ કરી, પોતેજ તે બંને આચાર્યોને પોતે સંપાદન કરેલી મિલકત આપી. તે મિલકતમાં તે બંને આચાર્યોના બંધુઓ નંદરામ, ગોપાળ વગેરે કોઈ પણ ભાઈઓનો ભાગ નથી. (૨૨, ૨૩)

બંને આચાર્યોના બંધુઓ જ્યારે દેશમાંથી તે આચાર્યો પાસે આવે ત્યારે ખર્ચ નિમિત્તે તેમને જે ધન આપવાનું હોય તે બંને આચાર્યોએ ધર્મનિષ્ઠ સાધુઓ તથા બીજા સત્સંગીઓને પૂછીને (એમને શું આપવું ? એવો વિચાર કરીને) આપવું. (૨૪, ૨૫)

આ સત્સંગમાં બંને આચાર્યોને વ્યવહારમાં અશાંતિ આપનારો શિષ્ય ધનાદિનો પરસ્પર વિવાદ જો થાય તો તે વિવાદનો વ્યાજબી નિર્ણય કરવામાં આચાર્યોએ મુનિઓ, બ્રહ્મચારીઓ, તથા પાર્ષદોને ક્યારેય પણ જોડવા જ નહિ. વિવાદનું નિર્ણયાત્મક કાર્ય પોતે પણ કરવું નહિ. (૨૬, ૨૭)

આ પ્રકારના વ્યવહાર માર્ગમાં સાધુઓને અમંગળરૂપ કહ્યા છે. તેમનો વ્યવહાર પણ અમંગળ રૂપ છે. (૨૮) માટે તે પ્રકારનું કાર્ય ત્યાગીઓએ તો ક્યારેય પણ નજ કરવું. વળી આચાર્યોએ પણ સાધુઓને તે પ્રકારના કાર્યમાં ક્યારેય જોડવા નહિ. (૨૯)

આચાર્યોએ તે વિવાદના નિર્ણય માટે નરનારાયણ દેશના, શ્રીહરિના આશ્રિત, ધર્મ નિષ્ઠાવાળા, સ્ત્રી, પુત્ર, પુત્રીવાળા, સત્ય વચનવાળા, આચાર્યોનું હિત કરનારા, બે પ્રામાણિક ગૃહસ્થો તેમજ લક્ષ્મીનારાયણ દેશના, ધર્મનિષ્ઠાવાળા, શ્રીહરિના આશ્રિત, સ્ત્રી, પુત્ર, પુત્રોવાળા, સત્યવચનવાળા, આચાર્યોનું પ્રિય ઈચ્છનારા, પ્રામાણિક, આસ્તિક, બે ગૃહસ્થોને મુખ્ય કરવા. ઉપર કહ્યા તેવા લક્ષણોથી યુક્ત જો ગૃહસ્થો ન હોય તો તેમને વિવાદના નિર્ણયમાં લેવા નહિ. (૩૦, ૩૧, ૩૨)

શ્રીહરિના આશ્રિત આવા ચાર ગૃહસ્થો મળીને બંને આચાર્યોના વિરોધનું સર્વ પ્રકારે પ્રશમન કરે. (૩૩) તેવી રીતે બંને દેશનાં આચાર્યોની પત્નીઓને પોતાની શિષ્યાઓએ અર્પણ કરેલા ધનાદિ વગેરે માટે જો વિવાદ થાય તો ઉભયદેશના આચાર્યની પત્નીઓએ તેનું સમાધાન કરવા માટે ક્યારેય પણ વિધવાઓને જોડવી નહિ. કારણ કે વિધવા સ્ત્રીઓ અમંગળ છે. (૩૪, ૩૫)

પરંતુ તે વિવાદના સમાધાન માટે નરનારાયણના દેશની ધર્મમાં નિષ્ઠાવાળી અત્યંત પ્રામાણિક, બે સધવા સ્ત્રીઓ, (૩૬) તેમજ લક્ષ્મીનારાયણ દેશની ધર્મમાં નિષ્ઠાવાળી અત્યંત પ્રામાણિક, બે સધવા સ્ત્રીઓને મુખ્ય કરવી. (૩૭)

તે ચાર સ્ત્રીઓ પાસે આચાર્યની પત્નીઓએ સર્વ પ્રકારે તેમના વિરોધનું સમાધાન કરાવવું. એવી શ્રીહરિની આજ્ઞા છે. (૩૮) બંને આચાર્યોના ધર્મમાં દૃઢ સ્થિતિવાળા એક એક પુત્રને, તે

પુત્રો જ્યારે અન્યને વર્તાવવા માટે સમર્થ થાય, અને જ્યારે સંપ્રદાયના સદ્‌ગ્રંથમાં લખેલા સત્પુરુષોના લક્ષણોથી તે યુક્ત હોય, અને એ પ્રકારે તેમને ધર્મધૂરા વહન કરવા માટે ત્યાગી તથા ગૃહસ્થ ભક્તો સમર્થ માને. (૩૯, ૪૦)

ત્યારે પ્રામાણિક, સત્સંગની વૃદ્ધિ પરાયણ, ધર્મમાં નિષ્ઠાવાળા, મુનિજનો તથા તેવાજ ગુણયુક્ત સત્સંગીજનોને પૂછીને તે શુભ ગુણયુક્ત પોતાના એક એક પુત્રને તે બંને આચાર્યોએ પોતપોતાના પદમાં સ્થાપન કરવા. (૪૧, ૪૨)

તે બંને આચાર્યોને એકથી વધુ પુત્રો હોય તો પણ આ પ્રકારની ધર્મમાં સ્થિતિ તેમજ ગુણોથી યુક્ત પોતાના એક જ પુત્રને પોતાના પદમાં સ્થાપન કરવો. (૪૩) આચાર્યપદે પુત્રને સ્થાપન કરવામાં વયમાં મોટા તથા નાના એ પ્રકારની મર્યાદા જોવાની નથીજ, કારણ કે ઉંમરે નાનો હોય પરંતુ ઉદ્ધવ સંપ્રદાયને યોગ્ય ગુણોથી યુક્ત હોય તો તેજ ગુરૂપદ માટે યોગ્ય છે. (૪૪) બંને આચાયોને પુત્ર ન હોય તો પોતાના ભાઈનો પુત્ર તે ગુણોએ યુક્ત હોય તો તેવા એક એક પુત્રને બંને આચાર્યોએ હર્ષપૂર્વક પોતાના સ્થાનમાં સ્થાપન કરવો. (૪૫)

તે પુત્રને પોતાની ધર્મધુરા અર્પણ કરવા નિમિત્તે લેખ કરવામાં સર્વ પ્રકારે તેમના બંધુઓની સાક્ષીની અપેક્ષા નથી. પરંતુ સ્વધર્મનિષ્ઠાદિ ગુણોથી યુક્ત શ્રેષ્ઠ સાધુઓ તથા સ્વધર્મનિષ્ઠ સત્સંગીજનોની સાક્ષી તેમાં યોગ્ય છે. (૪૬)

શાસ્ત્રરૂપી નેત્રોવાળા સાધુ વગેરે જેને પ્રમાણ કરે તેવા પુત્રને જ તે આચાર્યોએ પોતપોતાના પદે સ્થાપન કરવો. (૪૭) ગુરુપદે રહેલા તે બંને આચાર્યોએ વ્યવહાર નિમિત્તે ખર્ચ કરવા માટે તથા પોતાના બંધુઓને આપવા યોગ્ય ધન, શ્રેષ્ઠ સાધુઓ તથા સત્સંગીઓને પૂછીને જ, તેમની સલાહ મુજબ, યથાયોગ્ય આપવું. (૪૮)

સાધુઓને પૂછીને જ આચાર્યોએ ધન તેમને આપવું. આચાર્યના ભાઈઓનો મંદિરો વગેરે મિલકતોમાં ભાગ નથી. શ્રીહરિની આ પ્રમાણેની આજ્ઞા છે તેનું અવશ્ય પાલન સદા કરવું. (૪૯) હે નૃપ ! આવી રીતે મેં તમોને આચાર્યને વર્તવાની રીત કહી. ત્યાગીઓ તથા ગૃહસ્થ જનોને વર્તવાની રીત હવે હું તમોને કહું છું. (૫૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં બંને આચાર્યોને વર્તવાની રીતનું નિરૂપણ કર્યું એ નામે છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિએ તે બંને આચાર્યોને જે મંદિરો વગેરે મિલ્કતો આપી છે તે સમગ્ર મંદિરો વગેરે શ્રીહરિએ પોતે જ સંપાદન કરેલા છે. (૧) માટે શ્રીહરિમાં પ્રીતિપરાયણ, શ્રીહરિના આશ્રિત સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદોએ તેમાં સ્પર્ધા ન કરવી. (૨)

આચાર્યની આજ્ઞાને અનુસરીને પોતપોતાના ધર્મમાં વર્તતા સમગ્ર સાધુઓએ હંમેશાં પોતાના આચાર્યોનું સેવન કરવું. (૩) જે ક્રિયાથી આ લોકમાં રાજા વગેરેનો ઉપદ્રવ થાય તે પ્રકારનું નિંદ્ય કર્મ ક્યારેય પણ તેમણે કરવું નહિ. (૪) આ લોકમાં સાધુઓને અસહ્ય આપત્કાળ પ્રાપ્ત થાય તો સત્સંગીઓ પાસેથી અન્ન માગીને યથાયોગ્ય વર્તવું. (૫)

પરંતુ શ્રીહરિના આશ્રિત, શ્રીહરિની પ્રસન્નતાને ઈચ્છનારા સમગ્ર સાધુઓએ, તે બંને આચાર્યોના નામે કોઈ સ્થાનમાંથી ક્યારેય પણ કાંઈપણ ઋણ ન કરવું. (૬) તે સાધુઓ જો જાણીને અથવા અજાણતા એવું કાંઈપણ ઋણ કરશે તો તે ઋણ કરનારા સાધુજ તે ભોગવશે એમ શ્રીહરિની આજ્ઞા છે. (૭) શ્રીહરિના સર્વે સાધુઓ, વર્ણિઓ, પાર્ષદો તથા સમગ્ર સત્સંગીજનો તેમણે શ્રીહરિએ આચાર્યપદે સ્થાપન કરેલા આ આચાર્યોની મન, વાણી અને શરીરથી પરિચર્યા કરવી. તથા તે બંને આચાર્યોની આજ્ઞા પાળવી. (૮, ૯) ધર્મવંશના આ આચાર્યો કરતા અન્ય સંપ્રદાયના કોઈ ગુરુ આદિક જન જો યોગાદિથી અધિક હોય. (૧૦)

તો પણ તે આચાર્યોના આશ્રિત સમગ્ર સાધુઓ, વર્ણિઓ, પાર્ષદો તથા ગૃહસ્થોએ પોતાના કલ્યાણ માટે અન્ય મતના કોઈ ગુરુને માનવા નહિ. (૧૧) સર્વ સાધુ વગેરેએ હંમેશાં પોતાના કલ્યાણ માટે આ બંને ધર્મવંશના આચાર્યોનેજ સર્વ પ્રકારે માનવા તથા એ બંનેની આજ્ઞાનું પાલન કરવું. (૧૨) તેમની પ્રસન્નતા ઈચ્છનારા સાધુઓ વગેરેએ મન, વાણી અને શરીરથી દરરોજ શ્રીહરિની આ કલ્યાણકારી આજ્ઞા માનવી. (૧૩, ૧૪) શ્રીહરિના આશ્રિતો જો શ્રીહરિની આ આજ્ઞાનું ઉલ્લંઘન કરીને વર્તશે, અથવા બીજા ગુરુઓનો આશ્રય કરશે તથા તેમને માનશે, તો તેના ઉપર સ્વયં શ્રીહરિ પ્રસન્ન થશે નહિ. તેવા જનો આ લોકમાં તથા પરલોકમાં ક્યારેય પણ સુખ પામશે નહિ. (૧૫)

આ લક્ષ્મીનારાયણના દેશમાં રહેનાર ભક્ત લક્ષ્મીનારાયણ દેશના આચાર્ય પાસેથી જ મંત્રોપદેશ ગ્રહણ કરે અને તે તેનો જ આશ્રિત કહેવાય. (૧૬) તેવી રીતે લક્ષ્મીનારાયણ દેવની નામમાળામાં પોતાનું નામ જે પ્રમાણે લખાવેલું હોય ત્યારબાદ નરનારાયણના દેશમાં જઈને તે ભક્ત રહે. (૧૭)

તથા તેમના પુત્ર, પૌત્રાદિ વગેરે તે દેશમાં નિવાસ કરવાની ઈચ્છાથી જાય તે તે દેશમાં પોતાના બંધુઓની સાથે વસે. (૧૮) પછી તે પ્રથમ લક્ષ્મીનારાયણ દેશના આચાર્યના શિષ્યો હોવા

છતાં પણ તેમણે નરનારાયણ દેશના આચાર્યને પોતાના ગુરુ માનવા તથા ધર્માદો અન્ન વગેરે હર્ષપૂર્વક નરનારાયણ દેશના આચાર્યને આપવા. (૧૯) પરંતુ લક્ષ્મીનારાયણ દેશના આચાર્ય પાસેથી મેં મંત્રોપદેશ લીધો છે તેથી મારા તેજ ગુરુ છે. (૨૦)

નરનારાયણ દેશના આ આચાર્યને હાલમાં ધર્માદા અનાજ વગેરે કેમ અપાય ? (૨૧) તે ગુરુનો ત્યાગ કરીને હું નરનારાયણ દેશના આચાર્યને ગુરુ કેમ માનું ? આવો લક્ષ્મીનારાયણ દેશના ભક્તોએ સંશય રાખવો નહિ. કારણ કે શ્રીહરિની આ આજ્ઞા છે. (૨૨) લક્ષ્મીનારાયણ દેશમાં નિવાસ કરવા માટે આવેલા ભક્તે તે આચાર્યને પોતે ધનાદિક જે કૃષ્ણાર્પણ કર્યું હોય. (૨૩)

તેમ તેમને ઘર, વસ્ત્ર, ભૂષણ, જમીન, વૃક્ષો વગેરે આપેલા હોય તે સર્વ વસ્તુ તેમણે લક્ષ્મીનારાયણ દેશના આચાર્ય પાસેથી પાછા લેવા નહિ. (૨૪) લક્ષ્મીનારાયણ દેશના આચાર્યને નરનારાયણ દેશમાં પોતાનો નિવાસ કર્યા પહેલાં જે કૃષ્ણાર્પણ કર્યું હોય તે સમગ્ર લક્ષ્મીનારાયણ દેશના આચાર્યનું જ છે. એ શ્રીહરિની આ આજ્ઞા છે. (૨૫)

નરનારાયણના દેશમાંજ રહેનારો ભક્ત અને નરનારાયણ દેશના આચાર્ય પાસેથી તેણે મંત્રોપદેશ ગ્રહણ કર્યો હોય, (૨૬) તથા નરનારાયણ દેશના આચાર્યની નામ માળામાં પોતાનું નામ લખાવ્યું હોય તેવો ભક્ત જ્યારે લક્ષ્મીનારાયણના દેશમાં રહેવા આવે. (૨૭)

તેમજ તેના પુત્ર, પૌત્ર વગેરે નરનારાયણના દેશમાંથી લક્ષ્મીનારાયણના દેશમાં પોતાના બંધુઓ સહિત આવીને વસે, તો નરનારાયણ દેશના આચાર્યનો આશ્રય કરેલા તેવા ભક્તોએ દર વર્ષે લક્ષ્મીનારાયણ દેશના આચાર્યને ધર્માદા અન્ન વગેરે આપવા. (૨૮, ૨૯)

નરનારાયણના દેશમાંથી આવીને લક્ષ્મીનારાયણના દેશમાં રહેલા તે ભક્તે સર્વ પ્રકારે લક્ષ્મીનારાયણ દેશમાં રહેલા આચાર્યને જ ગુરુ માનવા, તેમાં સંશય કરવો નહિ. કારણ કે શ્રીહરિની આ આજ્ઞા છે. (૩૦)

નરનારાયણ દેશના આચાર્યને પહેલાં તે ભક્તે જે કાંઈ ધન, વાહન, વસ્ત્ર જમીન, વૃક્ષાદિ કૃષ્ણાર્પણ આપેલું હોય તે ધનાદિક વસ્તુઓ તે ભક્તજનોએ પાછા માગવા નહીં. (૩૧, ૩૨) પહેલાં નરનારાયણ દેશના આચાર્યને જે કૃષ્ણાર્પણ આપેલું હોય તે બધું નરનારાયણ દેશના આચાર્યનું જ છે, એમ શ્રીહરિની આજ્ઞા છે. (૩૩)

સત્સંગીઓમાં ગરાસિયા, તથા ક્ષત્રિય રાજા વગેરે હરિભક્તો હોય તેમના પોતાના જમીન, ગામ વગેરે બંને દેશમાં (લક્ષ્મીનારાયણ તથા નરનારાયણ દેશમાં) હોય. (૩૪) તથા વ્યાપાર કરનારા વણિકભક્તોને પોતાના વ્યવહાર માટે, બંને દેશોમાં દુકાનો હોય, તેમજ ખેતી કરનારને બંને દેશોમાં ખેતી હોય. (૩૫)

તેવા ક્ષત્રિય ભક્તને જમીનમાંથી અથવા ગામમાંથી જે ધનાદિક આવક જે જે આચાર્યના દેશમાં થાય તે આવકમાંથી હિત ઈચ્છતા તે ક્ષત્રિય અથવા રાજાએ દર વર્ષે દશમો અથવા વીસમો ભાગ તે તે આચાર્યને યથાર્થ આપવો. (૩૬, ૩૭)

વેપાર કરનારા વણિક ભક્તોએ પોતાના ઉદ્યમમાંથી ધનાદિની જેટલી આવક જે આચાર્યના દેશમાં થાય તે વણિક ભક્તોએ તે આવકમાંથી દશમો ભાગ અથવા વીસમો ભાગ હર્ષપૂર્વક તે તે આચાર્યને પોતાની શક્તિ પ્રમાણે અર્પણ કરવો. (૩૮, ૩૯)

ખેતી કરનાર ખેડૂત ભક્તને બંને દેશમાં ખેતીમાંથી પ્રાપ્ત થયેલા અન્નાદિની આવકમાંથી દશમો અથવા વીસમો ભાગ તે બંને આચાર્યોને યથાયોગ્ય આપવો. (૪૦) જે આચાર્યનો આશ્રિત ઉદ્યમ માટે દેશાન્તરમાં જાય અને તેના સ્ત્રી પુત્રાદિ જે આચાર્યના દેશમાં વસતા હોય. (૪૧)

તો તેણે પોતાના ધનની આવકમાંથી દશમો અથવા વીસમો ભાગ દર વર્ષે તે દેશના આચાર્યને આપવો આવી શ્રીહરિની આજ્ઞા છે. માટે શ્રીહરિને પ્રસન્ન કરવા ઈચ્છતા શ્રીહરિના આશ્રિતોએ સાવધાન થઈ આ આજ્ઞાનું પાલન કરવું. (૪૨, ૪૩)

તેજ પ્રમાણે લક્ષ્મીનારાયણનું દેશમાં રહેનાર રાજા, વેપારી અથવા ખેતી કરનાર સત્સંગી હોય અથવા અન્ય કોઈ હોય (૪૪) તે નરનારાયણને દ્રવ્ય, વસ્ત્ર, માણિક્ય, મૌક્તિક, મણિઓ તથા વાહન પશુ વગેરે જંગમ પદાર્થ અર્પણ કરે. (૪૫)

તે રાજા દ્રવ્ય તથા માનતા નિમિત્તે જે જે અર્પણ કરે તે નરનારાયણ દેશના આચાર્યે ગ્રહણ કરવું. લક્ષ્મીનારાયણ દેશના આચાર્યને ન આપવું તેમાં બાધ નથી. (૪૬) લક્ષ્મીનારાયણ દેશમાં રહેલા રાજા વગેરે ભક્તો હોય તેમણે ગામ, ઘર, વૃક્ષ, જમીન વગેરે સ્થાવર વસ્તુ અર્પણ કરવી નહિ. (૪૭)

લક્ષ્મીનારાયણ દેશના રાજા વગેરે સત્સંગી ભક્તોએ આગ્રહપૂર્વક જે આપેલું હોય તો પણ તે ગ્રામાદિ વસ્તુ નરનારાયણના આચાર્યે ક્યારેય પણ સ્વીકારવી નહિ. (૪૮) નરનારાયણ દેશના આચાર્યે પોતાના ગ્રામાદિક સમર્પણ કરનાર તે સત્સંગીઓને આ પ્રમાણે કરવું. જમીન વગેરે સ્થાવર વસ્તુ તમારી જો અમારા દેશમાં હોય તો તે સ્થાવર વસ્તુ તમારે અમને આપવી. અથવા અમારા દેશમાં વૃક્ષો વગેરે સ્થાવર મિલકતો વેચાતા લઈને તમારે અમોને આપવાં. (૪૯, ૫૦)

આવું સ્પષ્ટ કહેવા છતાં પણ તે સત્સંગીઓ તે સ્થાવર મિલકત અતિ આગ્રહપૂર્વક આપે. તો તે આચાર્યે નરનારાયણ દેવને માટે પણ તે ગ્રહણ કરવી નહિ. (૫૧) તે સત્સંગીઓએ અર્પણ કરેલી સમગ્ર સ્થાવર મિલકતો નરનારાયણ દેશના આચાર્યે તત્કાળ લક્ષ્મીનારાયણ દેશના આચાર્યને આપી દેવી. (૫૨)

નરનારાયણના જ દેશમાં વસનાર સત્સંગીઓએ અથવા બીજા સત્સંગીઓએ તે વસ્ત્રો, અન્ન, ધન તથા મણિ વગેરે જંગમ વસ્તુ લક્ષ્મીનારાયણ દેવને આપે. (૫૩, ૫૪) તે સત્સંગીઓએ લક્ષ્મીનારાયણ દેવને પશુ, હાથી, ઘોડા તથા વાહન, રથ, શિબિકા વગેરે વસ્તુ અર્પણ કરે. અથવા માનતા અંગે તે વસ્ત્રાદિક ગ્રહણ કરવામાં લક્ષ્મીનારાયણ દેશના આચાર્યને બાધ નથી. (૫૫) નરનારાયણના દેશમાં પોતાનું જે ઘર, ગામ, જમીન, વૃક્ષ વગેરે લક્ષ્મીનારાયણાદિને આપવાનું હોય તો તે ઘર વગેરે તે સત્સંગીઓએ આપવા નહિ. (૫૬) રાજા વગેરે તે ઘર બળ પૂર્વક જો અર્પણ કરે તો લક્ષ્મીનારાયણ દેશના આચાર્યે તે ક્યારેય રાખવું નહિ. (૫૭)

તે ગૃહાદિક સ્થાવર વસ્તુ આપનાર સત્સંગીઓને લક્ષ્મીનારાયણ દેશના આચાર્યે આ પ્રમાણે કહેવું. હે સત્સંગીઓ ! તમોએ સ્થાવર પૃથ્વી વગેરે જો લક્ષ્મીનારાયણ દેવને અર્પણ કરવાની માનતા કરી હોય તો તમારું ઘર, પૃથ્વી, વૃક્ષ વગેરે સ્થાવર વસ્તુ લક્ષ્મીનારાયણના દેશમાં જો હોય તો આપો. (૫૮, ૫૯) હે સત્સંગીઓ ! તમો જો તે સ્થાવર વસ્તુ આ લક્ષ્મીનારાયણના દેશમાં વેચાતી લઈને અમને અર્પણ કરો તો તે લક્ષ્મીનારાયણ દેવને માટે અમો સ્વીકાર કરીએ. અન્ય રીતે અમારાથી તેનો કોઈ પ્રકારે સ્વીકાર થાય નહિ. (૬૦)

આવી રીતે કહેવા છતાં પણ નરનારાયણ દેશમાં રહેલી સ્થાવર વસ્તુ તે સત્સંગીઓ જો પોતાને આગ્રહથી આપે, (૬૧) તો આગ્રહથી આપેલી તે સ્થાવર મિલકતો લક્ષ્મીનારાયણ દેવ માટે લક્ષ્મીનારાયણ દેશના આચાર્યે રાખવી નહિ. પરંતુ નરનારાયણ દેશના આચાર્યને તે તત્કાળ અર્પણ કરી દેવી. (૬૨)

તે બંને આચાર્યોનો શુભ સારવ સંજ્ઞાવાળો મૂળ દેશ છે. તે દેશમાં જે તે બંનેના સંબંધિજનો છે. (૬૩) જે તેમના સંબંધિજનો શ્રીહરિનો આશ્રય કરે છે તે બંને આચાર્યોના તે સંબંધિજનો તથા તે આશ્રિત જનો જે આચાર્યમાં તેમને અનુકૂળતા હોય. (૬૪)

તે આચાર્ય પાસેથી તે સંબંધિજનો તથા આશ્રિતજનોએ મંત્રોપદેશગ્રહણ કરવો અને પોતાના પ્રિય તે આચાર્યનું શિષ્યપણું ગ્રહણ કરવું અને પોતાની ઈચ્છા પ્રમાણે તે આચાર્યને દ્રવ્ય, વસ્ત્ર, જમીન, ખેતર, વાડી, ગામ, પુર, ઘર, હવેલી, મોતી, માણિક્ય, વૃક્ષ વગેરે આપવું. તે બંને આચાર્યોની પોતાના મૂળદેશમાં જે વાડી, પૃથ્વી, ગ્રામ ઘર વગેરે છે તે તો તેમનું પોતાનું જ છે. (૬૫, ૬૬)

તે બંને આચાર્યોને જ્યારે તે મિલકતથી અન્ય, મિલકતમાં ઘર વગેરે ગ્રહણ કરવાનું હોય ત્યારે તે ઘર વગેરેનું મૂલ્ય આપીને લે, અથવા ગીરો રાખે તેમાં બાધ નથી. (૬૭) બંને આચાર્યોના જે સંબંધિઓ ન હોય તથા આશ્રિતો ન હોય તેવા સારવ દેશના તે નિવાસીજનોને જો મંત્રોપદેશ ગ્રહણ કરવો હોય તો તેમણે નરનારાયણ દેશના આચાર્ય પાસેથી આદરપૂર્વક મંત્રોપદેશ ગ્રહણ

કરવો. (૬૮, ૬૯)

તે પોતાના ગુરુને તેમણે વાડી, જમીન, ઘર, દ્રવ્ય, વાહન, વસ્ત્ર વગેરે આપવા (૭૦) તેમણે મોતી, માણેક, વૃક્ષ વગેરે તેમને અર્પણ કરવા અને તે આચાર્યે તે ગ્રહણ કરવું જ એવી શ્રીહરિની આજ્ઞા છે. (૭૧)

હે નરેન્દ્ર ! આવી રીતે તમારી શ્રદ્ધા જોઈ તમોને શ્રીહરિના આશ્રિત ગૃહસ્થ પુરુષોને વર્તવાની રીત સમગ્રપણે મેં કહી. (૭૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં બંને દેશના ભક્તોએ પોતપોતાના આચાર્યોની આજ્ઞા પ્રમાણે વર્તવું તે વર્ણન નામે સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! સર્વજ્ઞ ધર્મપુત્ર શ્રીહરિ તેમણે કહ્યા પ્રમાણે મારી પાસે બે લેખ લખાવ્યા. (૧) આવી રીતે હર્ષપૂર્વક મારી પાસે કરાવેલા બંને લેખોમાં શ્રીહરિએ જે આજ્ઞા લખેલી છે તે સર્વ પ્રકારે સર્વ માટે હિતાવહ છે. (૨)

આ બંને આચાર્યોએ પ્રસન્નતાપૂર્વક લેખમાં લખ્યા પ્રમાણે નિરંતર વર્તવું અને પોતાના આશ્રિત શિષ્યોને પણ તેવી રીતે વર્તાવવા. (૩) પોતાનું પરમ હિત ઈચ્છનારા તે બંને આચાર્યોએ રંચમાત્રપણ તે આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું. (૪)

તે બંને આચાર્યોમાં જે આચાર્ય મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તે આચાર્ય મારા વચનનો દ્રોહી, અને ગુરુદ્રોહી છે અને તે ધર્મવંશનો નથી. (૫) મેં જેવી રીતે બંને લેખમાં લખ્યું છે તેવી રીતે સર્વ સાધુઓ, વર્ણિઓ તથા પાર્ષદોએ પ્રીતિપૂર્વક વર્તવું. (૬)

તેમજ અહીં મારા સર્વ આશ્રિત સત્સંગીઓએ પણ તે મુજબ જ વર્તવું. મુનિઓ વગેરે સર્વએ હર્ષપૂર્વક તે આચાર્યની આજ્ઞાનું પાલન કરવું. (૭)

ત્યાગીઓએ કયારેય પણ પોતાના આચાર્યોને દુઃખ થાય તેમ કરવું નહિ. તે બંને આચાર્યોમાં ક્યારેય કલેશ થાય તો તેનું તત્કાળ શમન કરવું. (૮) જે ત્યાગી ચાડી, કૂડ, કપટ કે વિપરીત ઉપદેશ આપી તે આચાર્યને કલેશ કરાવશે. (૯)

તો તે આ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશે અને તેવો ત્યાગી વચન દ્રોહી તથા ગુરુ દ્રોહી

છે તેમ સર્વે એ જાણવું. (૧૦)

આચાર્યને આ પ્રમાણે કલેશ કરાવનારા ત્યાગીઓ વગેરે ચાંડાળ સમાન છે. અને દુષ્ટ બુદ્ધિવાળા તે ત્યાગીઓ ક્યારેય પણ મારા નથી. (૧૧)

હે રાજન્ ! શ્રીહરિ આ બે લેખો લખાવી, તે બંને લેખો ઉપર મુક્તાનંદ મુનીન્દ્રની સાક્ષી પોતે કરાવતા હતા. (૧૨) વળી શ્રીહરિ તે બંને લેખમાં નિત્યાનંદ મુનીન્દ્ર તથા આનંદાનંદ મુનીન્દ્રની પણ સાક્ષી કરાવતા હતા. (૧૩)

તે બંને લેખોમાં શ્રીહરિએ ગોપાળાનંદ મુનીન્દ્ર તથા બ્રહ્માનંદ મુનીન્દ્રની પણ સાક્ષી કરાવી. (૧૪) વળી તે બંને લેખમાં મહાનુભાવાનંદ મુનીન્દ્ર તથા મુકુન્દાનંદ વર્ણીન્દ્રની પણ શ્રીહરિએ સાક્ષી કરાવી. (૧૫)

આ રીતે ભગવાન શ્રીહરિએ સર્વ અગ્રેસર સાધુઓ તથા બ્રહ્મચારીઓની સાક્ષી તે બંને લેખમાં કરાવી. (૧૬)

તે બંને લેખમાં અભયરાજાના પુત્ર ઉત્તમરાજાની પણ શ્રીહરિએ સાક્ષી કરાવી. (૧૭) તેવી રીતે ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિએ તે બંને લેખમાં ઉત્તમ રાજાના કારભારી રામજીના પુત્ર લાખા ઠક્કરની પણ સાક્ષી કરાવી. (૧૮)

સર્વ નિયન્તા શ્રીહરિએ તે બંને લેખોમાં વિશ્વંભર ભટ્ટના પુત્ર ગોપીભટ્ટની પણ સાક્ષી કરાવી. (૧૯) પ્રભુ શ્રીહરિએ તે લેખોમાંથી એક લેખમાં (રઘુવીરાચાર્યને આપવાના લેખમાં) પ્રીતિપૂર્વક અયોધ્યાપ્રસાદની પાસે તેમને તે લેખ માન્ય છે એ પ્રકારની સહી કરાવી અને તે લેખ શ્રી રઘુવીરાચાર્યને આપ્યો. (૨૦)

હે ભૂપતે ! તેવી રીતે શ્રીહરિએ બીજા લેખમાં (અયોધ્યાપ્રસાદને આપવાના લેખમાં) રઘુવીરાચાર્યની સહી તેજ પ્રમાણે કરાવી. તે લેખ શ્રી અયોધ્યાપ્રસાદને આપ્યો. (૨૧) હે રાજન્ ! આવી રીતે શ્રી ધર્મનંદન શ્રીહરિએ તે બંને લેખો મારી પાસે લખાવ્યા. હવે શ્રીહરિનું શુભ દિવ્ય અને અલૌકિક ચરિત્ર હું તમને હવે કહું છું. (૨૨)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં બે ખંડના વિભાગના લેખ કર્યા તે નિરૂપણ નામે આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે કે : હે નૃપ ! વટપત્તનપુરીમાં સિંહજીત (સયાજીરાવ) રાજાને જ્યારે સાધુઓમાં શ્રેષ્ઠ મુક્તાનંદસ્વામીના દર્શન થયા તે દિવસથી તે સિંહજીત રાજાએ શ્રીહરિમાં અતિશય પ્રેમ થયો. (૧) પછી તે રાજા ઉત્સાહપૂર્વક શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન જે પ્રકારે થાય તેમ કરવા માટે રાત્રિદિવસ અશાંત થવા લાગ્યા. શ્રીહરિ વડતાલ પધાર્યા છે. એવું સાંભળીને, શ્રીહરિને પોતાના પુરમાં પધરાવવા તે રાજા ઈચ્છા કરવા લાગ્યા. (૨)

તે રાજા સિંહજીત (સયાજીરાવ) પોતાના મહાબુદ્ધિશાળી કારભારી નારુપંતને, શ્રીસ્વામિનારાયણમાં તેમની ભક્તિ નિષ્ઠા છે તેવું જાણીને એકાંતમાં બોલાવીને તેમને હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૩)

હે ધીમન્ ! તમો વિવિધ પ્રકારના કાર્યો કરવામાં પ્રવીણ છો. અને રાત્રિદિવસ મારા હિતમાં આસક્ત છો. માટે તમારાથી જે સાધ્ય છે તે હું તમોને કહું છું, તે તમો કરો. (૪) હે કારભારી ! તમો શ્રીસ્વામિનારાયણને બોલાવવા માટે તત્કાળ વૃત્તાલય જાઓ. તેમને અહીં આવવા માટે મારાવતી તમારે પ્રાર્થના કરવી. તેમજ તેમને મારાવતી પ્રણામ પણ કરવા. (૫)

ઉદાર બુદ્ધિવાળા સયાજીરાવ મહારાજાએ તેમને આ પ્રમાણે કહીને, સુવર્ણને શાહીથી સ્પષ્ટ અક્ષરે લખેલો શ્રીહરિ ઉપરનો પત્ર, વિવિધ પ્રકારની ભેટો, મહામૂલ્યવાળા વસ્ત્રો તથા આભૂષણો વગેરે તે અમાત્યને આપ્યા. (૬) સયાજીરાવ મહારાજાની આ આજ્ઞા મળવાથી અતિ પ્રસન્ન થયેલા અમાત્યવર્ય નારુપંતે, તે રાજાએ આપેલો પત્ર તથા ભેટ વગેરે લઈને, તે રાજાને નમસ્કાર કરી, થોડા ઘોડેસવારો તથા પાર્ષદોને લઈને વૃત્તાલયપુરમાં આવ્યા. (૭)

કાર્તિક સુદી પુનમનો મહોત્સવ કર્યા પછી સભામાં બિરાજેલા શ્રીહરિની સમીપે આવી નારુપંત શ્રીહરિને ભક્તિપૂર્વક નમસ્કાર કરવા લાગ્યા. તેમનો આશય જાણનારા ઈશ્વર શ્રીહરિએ પણ નારુપન્તનો યથાયોગ્ય સત્કાર કર્યો. (૮)

સર્વવ્યાપક શ્રીહરિની સમીપે બેઠેલા નારુપંત બંને હાથજોડી શ્રીહરિને કહેવા લાગ્યા. હે પ્રભો ! તમોને સિંહજીત રાજાએ સાષ્ટાંગ પ્રણામપૂર્વક નમસ્કાર કહ્યા છે. (૯) હે હરે ! તે રાજાએ આપને પોતાના વટપત્તન પુરમાં બોલાવવા માટે મને મોકલ્યો છે. રાજાને આપના દર્શન કરવાની અત્યંત ઈચ્છા છે. માટે તેમની અભિલાષા આપ સફળ કરો. (૧૦)

હે હરે ! સિંહજીત રાજાએ જે દિવસે મુક્તાનંદ મુનિના દર્શન કર્યા તે દિવસથી આરંભીને રાત્રિદિવસ તે રાજા પોતાના ચિત્તમાં આપનું જ ચિંતવન કરે છે. (૧૧) માટે આપે તેમનો આ

મનોરથ પૂર્ણ કરવો. પછી મુક્તાનંદમુનિ કહેવા લાગ્યા, હે દયાસાગર ! આ કાર્ય દયા કરીને હમણાંજ આપે કરવું તેજ યોગ્ય છે. (૧૨)

હે રાજન્ ! શ્રીહરિ તે વિનમ્ર નારુપંતને આશ્ચર્યકારી વચન કહેવા લાગ્યા. હે નૃપામાત્ય ! હું રાજાનો નિષ્કપટ અને અત્યંત વિશુદ્ધભાવ જાણું છું. (૧૩) હે મંત્રી ! રાજાનું સમગ્ર વૃત્તાંત પહેલાં મને મુક્તાનંદમુનિએ કહ્યું હતું. તે સમયથી તે વિવેકી રાજા ઉપર મારી પ્રસન્નતા છે. (૧૪)

આવી રીતે શ્રીહરિએ કહ્યું અને પછી પ્રસન્ન થયેલા નારુપંતે શ્રીહરિને બીડેલો રાજપત્ર આપ્યો તથા વિવિધ પ્રકારની ભેટો, વસ્ત્ર, ભૂષણો તેમજ વિવિધ પ્રકારના ફળો ભક્તિપૂર્વક અર્પણ કર્યા. (૧૫)

હે રાજન્ ! પછી શ્રીહરિએ રાજાનો પત્ર લઈને હેતપૂર્વક મુક્તાનંદમુનિ પાસે તે વંચાવ્યો. મુક્તાનંદ વગેરે સાધુઓએ રાજાનો અત્યંત ભક્તિભાવ જાણ્યો. (૧૬) પછી શ્રીહરિ પ્રસન્ન થઈ અમાત્યવર્યને ફરી આ પ્રમાણે કહેવા લાગ્યા. હે મંત્રી ! હું મુનિઓ વગેરેની સાથે તેમના પુરમાં આવીશ. (૧૭)

પછી મંત્રી શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિની આજ્ઞાથી પોતાના નિવાસસ્થાનમાં ગયા. પછી પ્રસન્ન થયેલા શ્રીહરિએ મુક્તાનંદ મુનિને તે તમામ વસ્ત્રો આપ્યા. (૧૮) શ્વેતવસ્ત્ર જેમણે ધારણ કર્યાં છે એવા શ્રીહરિએ અન્ય મુનિઓને ફળો આપ્યા. પછી ચટ્ચટ્ નાદવાળી ચાંદીની સુંદર પાદુકા જેમના ચરણ કમળમાં છે તે શ્રીહરિ, જેમના શિર ઉપર અને કંઠમાં ચલાયમાન તોરા તથા પુષ્પની માળા શોભી રહ્યા છે, એ પ્રકારની શોભાથી શોભતા, પાર્ષદો સાથે પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૧૯)

શ્રીહરિ પ્રભાતમાં નારુપંતને બોલાવીને તેમને મનોહર વચન કહેવા લાગ્યા. હે મંત્રી ! જમીને તમો આગળ જાઓ અને તે બુદ્ધિમાન રાજાને મારા આગમનના સમાચાર કહો. (૨૦) હું સમગ્ર સંતમંડળો વગેરે સાથે પાંચમે (કાર્તિક વદ પાંચમને દિવસે) વટપત્તનમાં આવીશ. એમાં સંશય રાખવો નહિ. આ પ્રકારે શ્રીહરિએ કહ્યું તેથી નારુપંત તત્કાળ ભોજન કરી શ્રીહરિને પ્રણામ કરીને વટપત્તન ગયા. (૨૧)

નારુપન્તે વડોદરા જઈને શ્રીહરિનું સમગ્ર વૃતાન્ત રાજાને કહ્યું, ઉત્સાહ ભરેલા તે રાજાએ મસ્તુબાગમાં પટમંડપ વગેરેથી યુક્ત યોગ્ય નિવાસ શ્રીહરિને રહેવા માટે કરાવ્યો. (૨૨) પછી શ્રીહરિ ચોથને દિવસે સવારમાં પોતાના સમગ્ર જનોની સાથે જમીને તૈયાર થયા અને મનોહર ભૂષણોવાળી માણિક્ય વર્ણની ઘોડી ઉપર બિરાજમાન થયા. (૨૩)

વિવિધ પ્રકારના વાહનોમાં બેઠેલા રામપ્રતાપભાઈ વગેરે પોતાના બંધુઓના સમૂહથી યુક્ત, સૂર્યના કિરણોથી ચળકતા ભાલાઓ, જેમના હાથમાં છે એવા ઘોડેસવારોથી વીંટાયેલા, (૨૪) હેમંતસિંહ, ઉત્તમ, મોકાખાચર વગેરે વિવિધ પ્રકારના શસ્ત્રોથી સજ્જ થઈ ઘોડા ઉપર બેઠેલા રાજાઓ, પાર્ષદો તથા બીજા અનેક ભક્તો પાછળ ચાલતા હતા. એ પ્રમાણે શ્રીહરિએ વાજિંત્રોના ઘોષની સાથે વરતાલથી પ્રયાણ કર્યું. (૨૫)

બળદ જોડેલાં ગાડાં વગેરે વાહનોમાં શ્રીહરિના ચરણમાં આસક્ત મુક્તાનંદ વગેરે સાધુજનો તથા મુકુંદાનંદાદિ વર્ણિઓ બેઠા હતા. અને તેઓ સર્વ શ્રીહરિની પાછળ ચાલતા હતા. હજારો ગૃહસ્થોપણ શ્રીહરિની પાછળ ચાલતા હતા. (૨૬)

તે સમયે ધર્મવંશની સર્વ સ્ત્રીઓ રથમાં બેસી શ્રીહરિની પાછળ જતી હતી. જયા, લલિતા, રમા વગેરે પણ રથમાં બેસી શ્રીહરિની પાછળ ચાલતી હતી. (૨૭)

હે રાજન્ ! પોતાના ભક્તોએ જેમનું પૂજન કર્યું છે તે શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી, પોતાના ભક્તજનોની સાથે, માર્ગમાં ચાલતા મહાનદી ઉતરીને સાંકરદા ગામે પહોંચ્યા. (૨૮) ત્યાં પટેલ ગણેશ ભક્ત તથા શેઠ દુર્લભ તથા મોરાર તથા ક્ષત્રિય કરાર વગેરે ભક્તો તથા અન્ય જનોએ શ્રીહરિ તથા તેમની સાથેના સર્વ ભક્તોને ઉત્તમ ભોજન જમાડી તેમને સર્વને તૃપ્ત કર્યા. આ પ્રકારે શ્રીહરિ તેમની સેવા ગ્રહણ કરતા ત્યાં રહ્યા. (૨૯)

પછી સવારમાં ઊઠીને પોતાનો આહિનક વિધિ કરી તૈયાર થઈ, માણકી ઘોડી ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. શ્રીહરિના ભકતો શ્રીહરિની પાછળ ચાલ્યા. આમ ભક્તોની સાથે શ્રીહરિ સાંકરદાથી નીકળ્યા. (૩૦)

પોતાના ભક્તોને માર્ગમાં આનંદ આપતા શ્રીહરિ, જેમના દર્શન ભક્તો આશ્ચર્યવત બની કરી રહ્યા છે, માણકી ઘોડી ઉપર બિરાજી, ઘોડેસવારોથી વીંટાઈને છાણી ગામની સમીપે (ભાગોળમાં) પધાર્યા. (૩૧)

વટપત્તનમાં શ્રીહરિના આગમનનો ઉદ્‌ઘોષ દરેક ઘરમાં થયો. તે ઉદ્‌ઘોષ સાંભળીને પુરવાસી દૈવીજનો આનંદ પામ્યા. કુબુદ્ધિવાળા સંતાપ પામ્યા. (૩૨) વટપત્તનમાં શ્રીહરિ સાથે વાદવિવાદ કરવા માટે કેટલાક પંડિતો વાદોના અર્થવાળા પત્રો (ગ્રંથો) ભેગા કરતા હતા. કેટલાક શ્રીહરિની સાથે યુદ્ધ કરવા પોતાના જનસમૂહ સહિત તૈયાર થતા હતા. (૩૩)

કેટલાક સુજ્ઞ પુરુષો તો સદ્‌ગુણોવાળા પ્રસિદ્ધ શ્રીહરિના દર્શનની ઉત્સુકતા ધરાવતા હતા. અન્ય જનોને કુતૂહલ જોવાનો ઉત્સાહ હતો. કેટલાક તો શ્રીહરિ પાસે શાંબરી માયા છે તેથી તેમના ભયથી સંતાઈ ગયા. (સ્વામિનારાયણ કામણટુંમણવાળા છે જો તેમના દર્શન કરીશુંતો ઈન્દ્રજાળની

વિદ્યાથી આપણા ચિત્ત ભમાવી દેશે એ પ્રકારના ભયથી.) (૩૪)

પ્રત્યક્ષ શ્રીહરિના દર્શનમાં આસક્ત ચિત્તવાળા તે રાજા શ્રીહરિના આગમનની રાહ જોતા સવારના પહોરમાં શ્રીહરિના સન્મુખ જવા માટે પોતાની ચતુરંગી સેના તૈયાર કરાવવા લાગ્યા. (૩૫)

તે રાજાએ પોતાના યુવરાજ ગણપતરાવ તથા અન્ય અધિકારી પુરુષો તથા શ્રેષ્ઠ મંત્રી નારુપંત વગેરેને શ્રીહરિની સન્મુખ જવા માટે આજ્ઞા કરી. (૩૬) પોતાના સચિવ નારુપંત સહિત તે રાજાના પુત્ર હાથી ઉપર બેઠા. પોતાના અન્ય અધિકારી પુરુષો વિવિધ પ્રકારના શોભાયમાન વાહનોમાં બેઠા. (૩૭)

હે રાજન્ ! પછી વિવિધ પ્રકારના મંગળકારી વાદ્યોના ઘોષ તથા ચતુરંગી સેના સહિત (હાથી, ઘોડા, રથ, પદાતિ એ ચાર અંગોવાળી સેના) રાજકુમાર, ઇન્દ્રના પુત્ર જયન્તની જેમ, હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ જવા લાગ્યા. (૩૮)

શ્રીહરિની સન્મુખ જવા માટે વાદ્યોના ઘોષ સાથે વટપત્તનપુરથી તે નૃપતિની સેના જેમ બ્રહ્માના મુખથી શ્રુતિઓ નીકળે તથા જેમ સૃષ્ટિ સમયમાં જેમની નાભિમાં કમળ છે. એવા વૈરાજ પુરુષના દેહમાંથી પ્રજા નીકળે તેમ તત્કાળ નીકળી. (૩૯)

હે રાજન્ ! રાજપુત્ર પોતાના સૈન્યયુક્ત છાણીપુરની સમીપે સમગ્ર મુનિઓ સહિત બિરાજેલા શ્રીહરિના દૂરથી દર્શન કરીને અત્યંત આનંદ અને શાંતિ પામ્યા. (૪૦)

પ્રસન્ન થયેલા રાજકુમાર અને પ્રસન્ન થયેલા નારુપંત તેજ સમયે હાથી ઉપરથી ઉતરીને શ્રીહરિની સમીપે આવી, શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. વળી તમામ અધિકારી પુરુષો પણ વાહનોનો ત્યાગ કરી શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૪૧)

પ્રેમપૂર્વક પોતાના ચરણમાં વારંવાર નમસ્કાર કરતા તે રાજકુમારની મધુર વાણીથી શ્રીહરિએ સંભાવના કરી. તેમજ નારુપંત વગેરે સર્વ અધિકારી પુરુષો તથા વિદ્વાન બ્રાહ્મણોની પણ યથાયોગ્ય મિષ્ટ ભાષ્ય, મંદહાસ્ય તથા દૃષ્ટિ વગેરેથી શ્રીહરિએ સંભાવના કરી. (૪૨)

રાજકુમાર ગણપતરાવ શ્રીહરિના દર્શન કરીને આનંદ પામ્યા. નારુપંત વગેરે રાજકીય પુરુષો પણ શ્રીહરિના દર્શન કરી પ્રસન્ન થયા. શ્રીહરિએ સારી રીતે તેમનો સત્કાર કર્યો અને પોતાની સમીપે બેસાર્યા. રાજકુમાર ગણપતરાવ, નારુપંત તથા સર્વ અધિકારી પુરુષો, સમગ્ર પીડા હરનારા ધર્મપુત્ર શ્રીહરિને મહામૂલ્યવાળા સુંદર વસ્ત્રો તથા વિભૂષણો ધારણ કરવા પ્રેમપૂર્વક અત્યંત પ્રાર્થના કરવા લાગ્યા. (૪૩)

હે રાજન્ ! સ્વસ્વરૂપના આનંદથી અત્યંતપૂર્ણ, નિસ્પૃહ, શ્રીહરિ તેમની પ્રાર્થના સાંભળી

તે રાજકુમારને પ્રસન્ન કરવા માટે, તેમજ પોતાના ભક્તજનોને સુખ આપવા માટે, વિનયપૂર્વક પ્રાર્થના કરતા તેમના પ્રત્યે કૃપા કરીને એમ બોલ્યા કે, તમોને પ્રસન્ન કરવા માટે હું ધારણ કરીશ. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિકૃષ્ણ ભગવાનનું વટપત્તન ગમન વર્ણન નામે નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! પછી શ્રીહરિએ રાજપુત્ર ગણપતરાયે આપેલો મહામૂલ્યવાળો સુવર્ણ સૂત્રોએ યુક્ત સુરવાળ ધારણ કર્યો. (૧) શ્રીહરિએ રાજકુમારે આપેલી સોનેરી તારની ઘણા મૂલ્યવાળી, સૂર્યના જેવી ક્રાંતિવાળી પાઘ, તોરા સહિત મસ્તકે બાંધી. (૨) રાજકુમારે અર્પણ કરેલો સોનેરી બુટ્ટાદાર બહુ મૂલ્યવાળો લાલ વર્ણનો શોભાયમાન જામો શ્રીહરિએ પોતાના શરીર ઉપર ધારણ કર્યો. (૩)

અતિ ચળકતા મણિજડિત સુવર્ણના ભૂષણો, મણિજડિત તોરા વગેરે રાજપુત્રે આપેલા તે શ્રીહરિએ પાઘમાં ધારણ કર્યા. (૪) શ્રીહરિએ રાજકુમારે અર્પણ કરેલું આસમાની રંગનું સોનેરી કિનાર તથા પાલવવાળું અત્યંત અમૂલ્ય વસ્ત્ર કેડ્ય ઉપર મજબૂત બાંધ્યું. (૫) સોનેરી કિનાર તથા પાલવવાળો શોભાયમાન પીળો ખેસ શ્રીહરિએ પોતાના બંને ખભા ઉપર ધારણ કર્યો. (૬)

રાજકુમારે અર્પણ કરેલું રત્નજડિત સુવર્ણના કળશોવાળું જરિયાની છત્ર નાથજીત ભક્તે શ્રીહરિના મસ્તક ઉપર ધારણ કર્યું. (૭) તે સમયે નારુપંત તથા ચિમનરાવ કારભારી, રત્નજડિત સુવર્ણ દંડવાળા ચામરો એક એક ગ્રહણ કરીને શ્રીહરિ ઉપર ઢોળવા લાગ્યા. (૮) હે રાજન્ ! પછી રાજાના માણસો ધર્મનંદન શ્રીહરિને વિવિધ પ્રકારના મનોહર ભૂષણો ધારણ કરાવતા હતા. (૯)

રાજકીય અધિકારીઓમાં પ્રથમ રામચંદ્ર વૈદ્યરાજે જડેલા સુંદર મણિઓની કાંતિવાળા શુદ્ધ સુવર્ણમય કુંડળો શ્રીહરિને ધારણ કરાવ્યા. (૧૦) યુવરાજના વૈદ્યરાજ હરિશ્ચંદ્રે મોતીના મનોહર ચંદ્ર સમાન ઉજ્જવળ ગુચ્છાઓ શ્રીહરિને ધારણ કરાવ્યા. (૧૧, ૧૨) રાજમાન્ય શાસ્ત્રી શોભારામ વિદ્વાન નૈયાયિક બ્રાહ્મણે ઉત્તમ મણિઓથી જડેલા સુવર્ણના શ્રેષ્ઠ બાજુબંધો શ્રીહરિને ધારણ કરાવ્યા.

વણિક ભક્ત બાપુજીએ રત્નનોહાર પ્રીતિપૂર્વક શ્રીહરિને ધારણ કરાવ્યો. (૧૩)

રાજ્યમાન્ય સદાશિવ બ્રાહ્મણે મહામૂલ્યવાળી શોભાયમાન સુવર્ણની પોંચીઓ શ્રીહરિના બંને કાંડા ઉપર ધારણ કરાવી. (૧૪) રાજાના અંતઃપુરના વૈદ્યરાજ લક્ષ્મીરામ વિપ્રે મણિઓથી જડેલી સુવર્ણની ચળકતી વીંટીઓ શ્રીહરિના બંને હાથની આંગળીઓમાં ધારણ કરાવી. (૧૫) વૈદરાજ પ્રભુદાસ વૈશ્યે મણિઓથી શોભાયમાન સુવર્ણની ઘુઘરીવાળો સોનાનો રમણીય કંદોરો શ્રીહરિને ધારણ કરાવ્યો. (૧૬)

રાજ્યમાન્ય જગજીવન વૈશ્યે વિવિધ મણીન્દ્રોથી જડેલા સુવર્ણના ઝાંઝરો આદરપૂર્વક શ્રીહરિને ધારણ કરાવ્યા. (૧૭) આવી રીતે શ્રીહરિને અલંકારો ધારણ કરાવી તેમને પ્રણામ કરી, તે રાજકુમાર તથા અન્યજનો તે સમયે કોટિ કામદેવને લજ્જા પમાડનાર શ્રીહરિના દર્શન કરતા હતા. (૧૮)

તે સમયે દૂર ઊભા રહેલા દિગ્ગજોની ઉપમા આપવા યોગ્ય અલંકૃત કરેલા શ્રેષ્ઠ હાથીઓ મહાવતોની પ્રેરણાથી શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૧૯)

તે આઠ હાથીઓમાં પણ શ્રીહરિને બેસવા માટે લાવેલો હાથી, ઈન્દ્રના ઐરાવત હાથીને પણ લજ્જા પમાડતો અત્યંત શોભતો હતો. (૨૦)

હે રાજન્ ! શ્રીહરિને બેસવા માટે આણેલો આ હાથી રાજાઓના ગજસમૂહના સ્વામી સમાન, મદોન્મત્ત ગર્જના કરતો કુંભસ્થળના મધ્યભાગમાં ધારણ કરેલી સૂર્યચંદ્રના ચિહ્નવાળી કલગીઓથી શોભતો, સૂંઢ દંડમાંથી નીકળતા જળથી શોભતો, લલાટમાં સુંદર ચિત્રોવાળો, બાજુના અંગો જોનારા જનોને ભય ઉત્પન્ન કરનારો, કાનના સુંદરમૂળ જેનો છે એવો. (૨૧)

લલાટની નીચેના ભાગમાં સર્પના અતિસુંદર ચિત્રોવાળો, જેના સ્કંધનો ભાગ રમણીય છે, અતિવિલાસી બંને કાનમાં બિંદુઓનાં સમૂહવાળો, જેના દાંતના અગ્રભાગો સુંદર છે એવો, જાંઘોની આગળ તથા પાછળનો ભાગ એવા અતિશ્રેષ્ઠ ગાત્રોથી શોભાયમાન, (૨૨, ૨૩) સોનેરી, ઘણાં મૂલ્યવાળી ઝૂલથી અત્યંત શોભતો, બંને પડખે બાંધેલી સોનાની નીસરણીઓથી શોભાયમાન સુંદર મણિઓ જેમાં જડેલા છે એવા મસ્તક ઉપરના સુવર્ણ આભુષણથી અલંકૃત, વિવિધ પ્રકારના રમણીય કાંતિવાલા ભૂષણો ગળામાં ધારણ કરતો. (૨૪)

પુચ્છ ઉપર સુવર્ણની રમણીય ડુમચી ધારણ કરતો, બંને શ્વેત દાંતમાં રત્નજડિત સુવર્ણના અલંકારો (૨૫) સૂંઢ ઉપર સોનાનું સુંદર ભૂષણ ધારણ કરતો, એ પ્રકારે હાથીને યોગ્ય વિવિધ ભૂષણો ધારણ કરતો; (૨૬) રેશમી દોરીઓથી બાંધેલા મોટા ધ્વનિ કરતા ચાર ઘંટા બંને પડખાઓમાં ધારણ કરતો; (૨૭)

બાર સોનેરી સ્તંભો તથા ચાર દ્વારથી શોભતી, કોમળ ગાદી તથા ઓછાડ સહિત વિવિધ

પ્રકારના જડેલા મણિવાળી શોભાયુક્ત સુવર્ણ કળશોથી યુક્ત, સુંદર રચનાવાળી સુવર્ણની શ્રેષ્ઠ અંબાડી પોતાની પીઠ ઉપર ધારણ કરતો; (૨૮, ૨૯) સાત નાડીઓમાંથી મદઝરણ કરતો, સૂર્યના કિરણોથી જેનાં ભૂષણો ચળકે છે એવો તે હાથી, વીજળીના ઝબકારાથી યુક્ત જેમ મેઘ શોભે તેમ શોભતો હતો. (૩૦) અનેક પ્રકારના વિભૂષણોની શોભાવાળો તે ઉત્તમ હાથી, અનેક પ્રકારની ધાતુઓ જેમાં છે એવા શિખરોથી જેમ પર્વત શોભે તેમ શોભતો હતો. (૩૧)

તે સૈન્યમાં વિવિધ પ્રકારના અલંકારોથી સુંદર, રાજયલક્ષ્મીનો વૈભવ બતાવતા અન્ય ઘણાં હાથીઓ શોભતા હતા. (૩૨) પછી નારુપંત આદિક સચિવો સહિત રાજકુમાર શ્રીહરિની પ્રાર્થના કરીને શ્રીહરિને શોભાયમાન ગજેન્દ્ર ઉપર બેસાડતા હતા. (૩૩) તે સમયે ભક્તસમૂહે હર્ષપૂર્વક કરેલો ''શ્રીસ્વામિનારાયણની જય'' આ પ્રકારનો કલ્યાણકારી ધ્વનિ સર્વ દિશાઓમાં વ્યાપી ગયો. (૩૪)

પછી નારુપંતે, ઈચ્છારામની સાથે રામપ્રતાપને શોભાયમાન ઉત્તમ હાથી ઉપર બેસાડ્યા. (૩૫)

પછી નારુપંતે રઘુવીર તથા અયોધ્યાપ્રસાદને પણ ઉત્તમ હાથી ઉપર બેસાડ્યા. તેમજ નંદરામ તથા ગોપાળને પણ ગજેન્દ્ર ઉપર બેસાડ્યા. (૩૬) ઠાકુરરામ તથા વૃંદાવનને પણ નારુપંતે હાથી ઉપર બેસાડ્યા તેમજ સીતારામ તથા બદરીનાથને પણ પ્રીતિપૂર્વક હાથી ઉપર બેસાડ્યા. (૩૭) હે રાજન્ ! મુક્તાનંદ તથા શુકાનંદને પણ હાથી ઉપર નારુપંતે બેસાડ્યા. તેમજ ગોપાળાનંદ તથા શતાનંદ મુનિને પણ ગજરાજ ઉપર બેસાડ્યા. (૩૮) સ્વરૂપાનંદ તથા વ્યાપકાનંદને પણ નારુપંતે હાથી ઉપર બેસાડ્યા. તેમજ નિત્યાનંદ તથા બ્રહ્માનંદને પણ હાથી ઉપર બેસાડ્યા. (૩૯)

નારુપંતે આનંદાનંદ તથા ચૈતન્યાનંદ મુનીંદ્રને પણ ગજ ઉપર બેસાડ્યા તેમજ પૂજનીય ગુણાતીતાનંદ, મહાનુભાવાનંદ, વિજ્ઞાનાનંદ, પુરુષોત્તમાનંદ વગેરે સાધુઓને પણ જુદા જુદા હાથી ઉપર બેસાડ્યા. (૪૦) મહાબુદ્ધિશાળી નારુપંતે મુકુંદાનંદ વર્ણીંદ્ર તથા જયાનંદને પણ હાથી ઉપર હર્ષપૂર્વક બેસાડ્યા. (૪૧)

અખંડાનંદ, વૈકુંઠાનંદ, વાસુદેવાનંદ તથા અચિંત્યાનંદ વર્ણિને પણ ગજેન્દ્ર ઉપર નારુપંતે બેસાડ્યા. (૪૨) નારાયણાનંદ તથા ગોપાળાનંદ વર્ણિને પણ ઉત્સાહપૂર્વક નારુપંતે બીજા હાથી ઉપર બેસાડ્યા. (૪૩) નારુપંતે પ્રયાગજીત બ્રાહ્મણને શિબિકામાં બેસાડ્યા. મયારામને મેનામાં બેસાડ્યા તથા દીનાનાથ ભટ્ટને રથમાં બેસાડ્યા. (૪૪)

કેટલાક મુનિઓ વગેરેને નારુપંતે સુંદર અશ્વો ઉપર બેસાડ્યા. કેટલાકને રથમાં, કેટલાકને શિબિકામાં, કેટલાકને મેનામાં, કેટલાકને ગાડા તથા બીજા કેટલાકને મહારથોમાં

બેસાડ્યા. (૪૫) કેટલાકને નારુપંતે અશ્વો જોડેલી શોભાયમાન રચનાથી રમણીય ઘોડાગાડીઓમાં બેસાડ્યા. આવી રીતે આનંદ પામેલા તે સર્વને જુદા જુદા પ્રકારના રાજ્ય વાહનોમાં નારુપંતે યથા યોગ્ય બેસાડ્યા. (૪૬)

તે સમયે રતનજી, ભગુજી, ભીમા ભગત, હમીરજી વગેરે શસ્ત્રધારી પાર્ષદો શ્રીહરિના હાથીની આગળ ઊભા હતા. (૪૭) તે સમયે ઉત્તમરામ માણકી ઘોડી ઉપર, સૂરાખાચર તાજણ ઘોડી ઉપર, નાંગમાલ ફુલમાળ ઘોડી ઉપર, એ પ્રમાણે બેસીને શ્રીહરિની સમીપે તે સૌ આવ્યા. (૪૮) સોમલાખાચર લખી ઘોડી ઉપર બેસીને શ્રીહરિની સમીપે આવ્યા. તેવી રીતે મોકાખાચર હરિણી, મૂળજી કેસરી, નાંજા વીજળી, નાન્નપાર્ષદ બેરી, જીવાખાચર માલણ, સજ્જા બોઝ ઉપર એમ પોતપોતાની ઘોડીઓ ઉપર બેસીને તે સર્વ રાજાઓ શ્રીહરિની સમીપે આવ્યા. (૪૯)

નાથા રાજા ચાંગી ઘોડી ઉપર, પૂનાજી રાજા જબાદી ઘોડી ઉપર, માનસૂર રાજા માછલી ઉપર, વસ્તાખાચર પંખાળી ઉપર, તથા ખટવાંગ રાજા ઉત્તમ હાંહલી ઘોડી ઉપર એમ પોતપોતાની ઘોડી ઉપર બેસી તે બધા રાજાઓ શ્રીહરિની સમીપે આવ્યા. (૫૦) મામૈયા રાજા વાંગળી ઘોડી ઉપર અમરસિંહ હિરાળી ઉપર, ભોજા રાજા બોદલી ઉપર, માનસિંહ રાજા ચંચળ લાલી ઉપર, રાજા ભીમ શ્રેષ્ઠ રેડી ઉપર, એ પ્રમાણે પોતાની ઘોડીઓ ઉપર બેસીને તેઓ સર્વ શ્રીહરિની સમીપે આવ્યા. (૫૧)

લક્ષ્મણ રાજા વીંછણ્ય ઉપર, રામરાજા માંકડી ઉપર, વર્ષભ રાજા વાનરી ઉપર, હાથી રાજા શિંગાળી ઉપર, એ પ્રમાણે ઘોડીઓ ઉપર બેસી તે રાજાઓ શ્રીહરિની સમીપે આવ્યા. (૫૨) લાખા રાજા ધરી ઉપર, દાદુભા રાજા લાડકી ઉપર બેસીને શ્રીહરિની સમીપે આવ્યા. (૫૩) આવી રીતે વાયુના વેગવાળી ઘોડીઓ ઉપર બેઠેલા ઉત્તમ રાજા વગેરે તથા શ્રીહરિમાં પ્રીતિવાળા વેલાલ્યના જેઠા, હર, શૂર, હમીર, દેહજી, માત્રો, વ્યાઘજી વગેરે ઘોડેસવારો શ્રીહરિ જેવા હાથી ઉપર વિરાજમાન થયા એટલે તે હાથીના બંને પડખે તેઓ ઊભા રહ્યા. (૫૪)

રાજાના મહાબુદ્ધિમાન અમાત્ય નારુપંત તથા ચીમનરાવ એ બંને જણ શ્રીહરિની પાછળ બેસી નિર્મળ મણિ જેમાં જડ્યા છે, એવા સુવર્ણના શોભાયમાન દંડોથી યુક્ત બે ચામરો પોતાના હાથમાં લઈ શ્રીસ્વામિનારાયણને ઢોળતા હતા. (૫૫)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિએ વસ્ત્રાલંકાર ધારણ કર્યાં તથા હાથી ઉપર આરોહણ કર્યું તે નામે દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તે સમયે શ્રીહરિના ગજેન્દ્રની આગળ ઘોડા ઉપર બેઠેલા સુવર્ણની છડી જેમના હાથમાં છે એવા મધુર અને ઊંચા ઘોષ કરતા કુબેર છડીદાર પ્રસન્નતાપૂર્વક ઊંચા સ્વરથી છડી પોકારતા હતા. (૧)

તે સમયે સુવર્ણની શોભાયમાન છડીવાળા, ઘોડાઓ ઉપર બેઠેલા અન્ય રાજાઓના છડીદારો પણ શ્રીહરિના હાથીની આગળ રહી માંગલિક વાણીથી ઊંચા સ્વરે છડી બોલતા હતા. (૨) અતિ ઉત્તમ ભક્તજનોના મોટા સમૂહથી યુક્ત, અતિ શોભતી, ગજ, ઘોડા, રથ, પદાતિ એ ચાર અંગોથી યુક્ત, દેવેન્દ્રની સેનાની શોભા સમાન, અત્યંત શોભાવાળી તે રાજાની સેના જેના માંગલિક વાદ્યોનો ઘોષ મિશ્ર થઈ સમગ્ર દિશાઓમાં વ્યાપી ગયો છે, એવી તે સેના ક્રમબદ્ધ ચાલતી હતી. (૩)

તે સેનાની આગળ છત્રીશ પ્રકારના ભેદથી યુક્ત વાજિંત્રો વગાડનારાં ઘણાં જનો ચાલતા હતા. તેની પાછળ નિશાનો ધારણ કરનારા રાજાના સેવકો ચાલતા હતા. (૪) તેમની પાછળ મનોહર ગતિવાળા, ચંચળ ગતિથી અશ્વોને નૃત્ય કરાવતા તુરકી અસવારો ચાલતા હતા. તેની પાછળ કેટલાક અશ્વ જોડેલા ગાડાઓમાં તોપો ગોઠવી હતી તે ગાડા ચાલતા હતા. (૫)

તેમની પાછળ રમણીય વેશ ધારણ કરેલા સુંદર શરણાઈઓરૂપી વાદ્યો વગાડનારા ચાલતા હતા. તેમની પાછળ હાથીઓ જેમના ઉપર જરિયાની પટાના નિશાનવાળા માણસો બેઠા હતા. તે ચાલતા હતા. (૬)

તેમની પાછળ ઉત્તમ ઘોડા ઉપર બેઠેલા, ઉત્તમ જરિયાની વસ્ત્રોની શ્રેષ્ઠ ધજાઓ જેમના હાથમાં છે એવા જનો ચાલતા હતા. તેમની પાછળ નિર્નિમેષ દૃષ્ટિથી જોવા યોગ્ય સુંદર વેશને ધારણ કરતા ઘોડેસવારોની પલટન વિવિધ પ્રકારની ચપળ ગતિથી ચાલતી હતી. (૭)

તેની પાછળ રાજાની અતિશોભાયમાન હજુરી પલટન ચાલતી હતી. તેની પાછળ રાજાની ખાસ પલટન ચાલતી હતી. (૮) તેની પાછળ રાજ્યના શિલેદાર શ્રેષ્ઠ પુરુષો ચાલતા હતા. તેમની પાછળ શરબંધિ અસવારો ચાલતા હતા. તેમની પાછળ પાખરિયા ઘોડાના અસવારો ચાલતા હતા.(૯)

તેમની પાછળ સૂર્યના કિરણોથી ચળકતા ભાલાઓ ધારણ કરતા ભાલાવાળા અસવારો ચાલતા હતા. તેમની પાછળ શ્રેષ્ઠ બંધુકોથી જેમના ખભાઓ શોભે છે. એવા અસવારો ચાલતા હતા. તેમની પાછળ સુંદર વિચિત્ર વેશ જેમણે ધારણ કર્યો છે. એવા પુના જંબુરાના અસવારો ચાલતા હતા. (૧૦)

તેમની પાછળ ઘોડાઓ ઉપર બેઠેલા શરણાઈ વગાડનારા અસવારો ચાલતા હતા. તેમની

પાછળ પશ્ચિમ દેશના વેશવાળા અંગ્રેજી ટોપીવાળા પોલીસો ચાલતા હતા. (૧૧) તેમની પાછળ પલટનમાં વાજા વગાડનારાઓ અંગ્રેજી લોકો ચાલતા હતા. તેમની પાછળ પડઘમ વગાડનારા ચાલતા હતા. તેમની પાછળ વાંસળી વગાડનારા જનો ચાલતા હતા. (૧૨)

તેમની પાછળ પગે ચાલતા શરણાઈ વગાડનારા ચાલતા હતા. તેમની પાછળ રામઢોલ વગાડનારા ચાલતા હતા. તેમની પાછળ અરબી ભાષા બોલવામાં પ્રવીણ અરબની પલટન ચાલતી હતી. તેમની પાછળ તાસાં વગાડનારા ચાલતા હતા. (૧૩)

તેમની પાછળ ઘોડા ઉપર મૂકેલા ચોઘડીયા વગાડનારા અસવારો ચાલતા હતા. તેમની પાછળ ટોપીવાળાની અંગ્રેજી પલટન ચાલતી હતી. (૧૪) તેમની પાછળ ધારણ કર્યો છે સુંદર વેશ જેમણે ખભા ઉપર કડાવીડ નામના આયુધો જેમને છે એવા અન્ય રાજાના ધમાચા નામના આયુધોવાળા સિપાઈઓ ચાલતા હતા. તેમની પાછળ સમગ્ર સુવર્ણના અલંકારો ધારણ કરનારા કુંતલ ઘોડા ઉપર બેઠેલા અસવારો ચાલતા હતા. (૧૫)

તેની પાછળ જલેપન નામના રાજપુરુષો ચાલતા હતા. તેમની પાછળ રૂપાના ભાલાવાળા ચાલતા હતા. તેમની પાછળ શોભાથી તિરસ્કૃત કર્યો છે. ઈન્દ્રનો ઐરાવત જેણે એવો, વિવિધ વિભૂષણોથી જેના કુંભસ્થળ શોભે છે એવો ગજેન્દ્ર ચાલતો હતો. (૧૬) હાથીની પાછળ શસ્ત્રો જેમણે ધારણ કર્યા છે. એવા શ્રીહરિના પાર્ષદો ચાલતા હતા. તેમની પાછળ સુવર્ણની છડી ધારણ કરનારા છડીદારો ચાલતા હતા. તેમની પાછળ વિવિધ પ્રકારના વિભૂષણોથી વિભૂષિત, સુવર્ણની ઝૂલથી અત્યંત શોભતો એવો શ્રીહરિનો ગજેન્દ્ર ચાલતો હતો. (૧૭)

શ્રીહરિના ગજેન્દ્રની પાછળ પૃથ્વીપતિ સયાજીરાવ મહારાજાના કુમાર ગણપતરાવનો હાથી ચાલતો હતો. તેમની પાછળ ઉત્તમજનોનો અધિકારી સમૂહ ચાલતો હતો. તેની પાછળ વિવિધ શસ્ત્રો ધારણ કરનારા પાંડરા રાજાના મૌલાં (સ્વયંસેવકો) ચાલતા હતા. (૧૮)

તેની પાછળ ઉત્પન્ન થયાં છે કુંભસ્થળમાં પદ્મસમાન બિન્દુઓવાળા, મુખમાં કાંતિવાળા, મૃગજાતિના શ્રીહરિના બંધુજનો જેના ઉપર બેઠા છે તે હાથીઓ ચાલતા હતાં. તેમની પાછળ મુક્તાનંદ વગેરે સાધુઓ તથા મુકુંદાનંદ વગેરે વર્ણિઓના શ્રેષ્ઠ હાથીઓ ચાલતા હતા. તેમની પાછળ નરવાહનો ચાલતા હતા. તેની પાછળ મેનાઓ હતી. (૧૯)

મેનાની પાછળ માફાઓ તથા રથો ચાલતા હતા. તેની પાછળ બળદો જોડેલાં અનેક પ્રકારના વાહનો ચાલતા હતા. તેની પાછળ ઊંટો ઉપર મોટા નગારાં રૂપી સુંદર વાદ્યો વગાડતા રાજાના અનુચરો હતા. (૨૦)

હે રાજન્ ! તે સમયે વિવિધ પ્રકારના વાદ્યોના ઘોષથી તથા સુવર્ણની છડી ધારણ કરનારા

ચોપદારોના સમૂહે ઉચ્ચારણ કરેલા ધ્વનિથી તેમજ ભગવાનના ભક્તોએ ઉચ્ચારણ કરેલા જયનાદથી જગત સર્વત્ર પૂર્ણ બની ગયું. હર્ષ પામેલાં બંદીસમૂહ જગત્પવિત્રકારી શ્રીહરિનું યશોગાન કરતા હતા. (૨૧)

તે સમયે છાણીથી આરંભીને વડોદરા સુધી સમગ્ર પૃથ્વી ઉપર રાજાના સૈન્યની અતિ ભીડ થઈ. શ્રીહરિની અનુપમ સેના તથા શ્રીહરિના દર્શન કરનારા જનોના સમૂહથી તે માર્ગ સાંકડો બની ગયો. (૨૨)

ચંદ્રસમાન શ્વેત ચાંદીની શિબિકાઓ જેવા ઉન્મત્ત તરંગોવાળી, વેગથી ચાલતા રથના ચક્રોરૂપી જેના જળમાં જાણે શ્રીહરિની કીર્તિરૂપી શુભ કુંડાળા પડે છે તેવી, તીક્ષ્ણ ભાલાઓરૂપી તરંગોવાળી, ગજેન્દ્રો રૂપી મગરોવાળી તે સેના, ગંગાના પ્રવાહની જેમ શોભતી હતી. (૨૩)

અશ્વોના હણહણાટ સાથે હાથીઓના કુંજનનો ઘોષ મિશ્ર બની જાણે ઘુઘવતા પુરના ઘોષ સમાન તે સેના, ધૂળના અતિશય રજકણોરૂપી જળકણોથી જાણે જનસમૂહને પ્રક્ષાલન કરતી હોય તેવી, મોટી ઢાલો રૂપી જેમાં જાણે કાચબાઓ છે તેવી, શ્રીહરિ રૂપી સૂર્યની દૃષ્ટિથી પ્રફુલ્લિત ભક્તસમૂહરૂપી કમળોથી શોભાયમાન. (૨૪)

તે સેના વિવિધ પ્રકારના શોભાયમાન ભૂષણોથી પ્રકાશમાન, જેમના મદના સ્રાવરૂપી પર્વત સમાન ઊંચા જળવાળી તે સેનામાં હાથિઓના સમૂહ જાણે વીજળી તથા ઈન્દ્રધનુષ્યમાં શોભતા મેઘની શોભા ધારણ કરતા હતા. (૨૫)

હે હરે ! આ લોકમાં અમારા પ્રસિદ્ધ ગમનની દક્ષતા આપના ગમનની સુંદરતાના લેશ સાથે પણ સામ્ય ધરાવે છે શું ? એ પ્રકારે મહા ઉદાર શ્રીહરિને તે હાથીઓ જાણે કહેતા હોય ને શું ? એવી રીતે તે સેનામાં ચાલતા ઉત્તમ ધૈર્યશાળી હાથીઓ ધીમે ધીમે ચાલતા હતા. (૨૬)

સમગ્ર શોભાના અતિ મહાસાગર અત્યંત સુખકર એવા શ્રીહરિનો યોગ પામેલો, શ્રીહરિ જેના ઉપર આરૂઢ થયા છે તે ગજેન્દ્ર, પોતાની શોભાથી સમગ્ર હાથીઓને જાણે લજ્જિત કર્યા છે એ પ્રકારે સર્વ હાથીઓમાં અત્યંત શોભતો હતો. (૨૭)

ગજેન્દ્રોના સમૂહમધ્યે ચાલતો, સુંદર વર્ણવાળા બે બે ઘંટ જેના બંને પડખે ઘોષ કરી રહ્યા છે એવો, અનેક વર્ણવાળા આભૂષણોથી અલંકૃત કરેલો શ્રીહરિનો તે ગજેન્દ્ર, જેના પગ ઉપર અનેક પ્રકારના રંગોથી ચિત્રો ચિતર્યા છે અને જેમ નાના પર્વતોના સમૂહમાં મોટો પર્વત શોભે તેમ શોભતો હતો. (૨૮)

શોભાયમાન સુંદર આભૂષણવાળો, શ્રીહરિનો તે ગજેન્દ્ર સુંદર આભૂષણોથી અલંકૃત થયેલા અન્ય હાથીઓથી વીંટાયેલો, તે સર્વ હાથીઓના અતિ વિચિત્ર પગો જાણે નાના પર્વતો હોય તેનાથી

વીંટાયેલો, અનેક પ્રકારની સુંદર ધાતુઓથી જેમ પર્વત શોભે તેમ અનેક ચિત્રોથી શોભતો જાણે ચાલતો મહાન્ પર્વત હોય ને શું ? એવો શોભતો હતો. (૨૯)

સુવર્ણ વર્ણવાળી ઝૂલથી શોભાયમાન, સુંદર ચિત્રોથી યુક્ત જેને ગંડસ્થળો છે, મદસ્રાવી સુંદર શોભતા સૂંઢ દંડમાં જેને સુવર્ણના વિભૂષણોની શોભા છે એવો શ્રીહરિથી અધિષ્ઠિત થયેલો તે ગજેન્દ્ર શોભતો હતો. (૩૦)

તે ગજેન્દ્રના મદનું પાન કરવામાં આસક્ત, અત્યંત રાગયુક્ત ભ્રમર પોતાના મંડળની સાથે તેના કુંભસ્થળમાં બેઠો હોય અને તેના કાનના ફફડાટથી જાણે હમણાં હણાઈ જશે એવી શંકાથી ગુંજારવ કરવાનું પણ જાણે ત્યજી દીધું હોય ને શું ? (૩૧)

કુંજર શાસ્ત્ર જાણનારા મહાવતે પ્રેરણા કરેલો, અતિ ઉત્તમ, શ્રીહરિના યોગથી પ્રાપ્ત થયેલી શોભાએ યુક્ત અને તેથીજ અતિ આનંદ યુક્ત તે ગજેન્દ્ર સુંદર શોભાયુક્ત ગતિથી રસ્તા ઉપર ચાલતો હતો. (૩૨)

સુવર્ણના વર્ણથી શોભાયમાન શ્રીહરિના તે ગજેન્દ્ર ઉપર નિર્મળ સુવર્ણમય અંબાડી, સુમેરુ પર્વતમાં ચાર પ્રવેશ દ્વારવાળી, ચાર દ્વારોએ યુક્ત, નિર્મળ સુવર્ણમય, સુવર્ણના કમળમાંથી જેમનો જન્મ છે. એવા બ્રહ્માની મનોવતી પુરી જેમ શોભે તેમ તે અંબાડી શોભતી હતી. (૩૩)

અનેક વર્ણના મનોહર ગજના સમૂહરૂપી પર્વતો સાથે અથડાતા વાયુ જેમ ઊંચાનીચા થાય તેમ વાયુથી ચંચળ અને સુંદર એવા અને સમુદ્ર ગંગા છે ઉત્પતિ સ્થાન જેમનું એવા અશ્વો ઊંચાનીચા થતા, સમુદ્ર ગંગામાં ઉત્પન્ન થયેલા તરંગોની જેમ શોભતા હતા. (૩૪)

નૂતન સુંદર કુમકુમથી કરેલો છે લેપ જેમને એવા, છૂટા શોભાયમાન સ્કંધ ઉપર જેને વાળ છે એવા તે અશ્વો ગજના સમૂહથી આગળ ચાલવાની ઈચ્છાથી માર્ગમાં અત્યંત વેગથી ચાલતા હતા. (૩૫)

કંઠની બંને પડખે ઉત્તમ રત્નજડિત ચામરો જેને બાંધ્યા છે અને જેની કેડયમાં બાંધેલું વસ્ત્ર છૂટી ગયું છે એવા, ઘોડેસવારોથી શોભાયમાન કોઈક અશ્વ, વેગવાળા અન્ય અશ્વને જોઈ ક્રોધથી જેમ પૃથ્વી ખોદેતેમ અતિતીક્ષણ ખરીઓ વડે પૃથ્વી ખોદતો હતો. (૩૬)

ઉત્તમ જાતિમાં ઉત્પન્ન થયેલો છતાં પણ કિશોર અવસ્થાવાળો હોવાથી એક અશ્વ ઉદ્ધત બન્યો અને તેથી ઘોડેસવારે પોતાની ચપળ પેની વડે તેના વક્ષઃસ્થળમાં તેને તાડન કર્યું. તેથી લજ્જા પામી તે પોતાની ડોક નમાવીને હણહણાટ કર્યા વિના વેગથી ચાલવા લાગ્યો. (૩૭) ઘોડેસવારે જેની લગામ ખેંચી છે માટે જે ક્રોધિત થયો છે અને તેથી હણહણાટ કરતો ગરુડ જેમ ઉર્ધ્વ ગમન કરે તેમ ઉર્ધ્વ ગમન કરતો તે અશ્વ પોતાને જોતા જનોને મન, જેની પાંખો છેદાઈ નથી ગઈ એવા

મૈનાક પર્વત જેવો જણાતો હતો. (૩૮)

સ્કંધ ઉપર જેને સુંદર કેશાવલી છે એવો, ઉત્તમ મોતીઓનો હાર ધારણ કરીને ચાલતો, આશ્ચર્યકારી પદક્રમ જેના છે એવો તથા સુવર્ણના પલાણવાળો એક અશ્વ સંગ્રામમાં જાણે દૃઢપણે જેણે કેડ્ય બાંધી છે એવા રાજાની જેમ શોભતો હતો. (૩૯)

ચારેય બાજુ ચળકતી ચંચળ ડોક ઉપર કેશની પરંપરા જેને છે એવો, નૃત્ય કરતો, પગમાં પહેરેલા સુવર્ણના ઝાંઝરોના ઝણકાટ કરતો એક સુંદર અશ્વ પૃથ્વી ઉપર પગની ખરીના પ્રહારો રૂપી સુંદર તાલ આપતો જાણે અપ્સરાઓના ગણોને નૃત્યનું શિક્ષણ આપતો હોયને શું ? એમ શોભતો હતો. (૪૦)

શીઘ્ર ગતિથી ચાલતો કોઈ અશ્વ પોતાની ગતિમાં અંતરાય કરનારા ઉત્તમ હાથીને જોઈ ક્રોધથી વારંવાર અતિ હણહણાટ કરતો, પોતાના સ્કંધને કંપાવતો, ઊંચુ મુખ કરીને તત્કાળ સૂર્યના અશ્વને ચાટવાની ઈચ્છાથી ઉર્ધ્વ ગતિથી ચાલતો હતો. (૪૧)

પલાણોના અગ્રભાગમાં સ્પષ્ટ રીતે ચળકતાં રત્નોથી મનોહર, ઉત્તમ વીર અસવારથી શોભાયમાન, ચળકતા મોતીઓ જેમાં છે એવા હાર કંઠમાં જેને છે એવા અશ્વો, ઉત્તમ નટની જેમ સુંદર નૃત્ય કરતા હતા. (૪૨)

અધિક વેગથી ચાલતી, ચંદ્રની માફક અત્યંત શુભ્ર શોભાની પંક્તિરૂપ શ્રેષ્ઠ વસ્ત્રોવાળી, સુંદર વિચિત્ર ગતિવાળી, પોતાના પતિઓએ (ઘોડેસવારોએ) ત્યજેલી, શ્રીહરિમાં જેના નેત્રો સ્થિર છે એવી અશ્વોની તે પંક્તિ, શ્રીકૃષ્ણના દર્શન કરતી ગોપીઓની જેમ, ચાલતી હતી. (૪૩) ઘોડીઓ પણ ઘોડાના સમૂહ સાથે ચાલતી હોવા છતાં પણ કામના વેગથી ઉત્પન્ન થતા વિકારને પામી નહિ. કારણ કે તે કામ તો શ્રીહરિ શ્રીસ્વામિનારાયણ ભગવાનના નામોચ્ચારણ માત્રથી જ નાસી જાય છે. તે કામ શ્રીહરિની સમીપે કેમ આવી શકે ? (૪૪)

સૂર્યના કિરણોથી ચળકતા ભાલાઓરૂપી તરંગોના સમુદાયથી અતિસુંદર, સુંદર ચંચળ ગતિવાળો, અતિ ઉછળતા ચંચળ ચામરોરૂપી ફીણની પંકિત જેમાં છે એવો અશ્વસમુદાય ચારે તરફ પ્રસરતો સમુદ્રના જળસમુદાયની જેમ, શોભતો હતો. (૪૫)

અનુકુળ વાયુથી ઉછળતા (ફરકતા) સુવર્ણના ધ્વજોથી અતિશોભાયમાન, અનેક પ્રકારના ઉત્તમ પડદાઓની શોભાવાળા, સુવર્ણમાં જડેલા દર્પણો તથા સુવર્ણના સુંદર કળશોથી મનોહર ઘોષ કરતી ઘુઘરીઓથી મનોહર એવા વિવિધ પ્રકારના રથો માર્ગમાં ચાલતા હતા. (૪૬) આવી રીતે રમણીય રાજસૈન્યમાં વિચરતા અને શણગારેલા તે ગજેન્દ્ર ઉપર બિરાજેલા, અસંખ્ય જનોએ જેના દર્શન કર્યા છે તે શ્રીહરિ, અતિસુંદર અને દર્શનીય વટપત્તનને દૂર જોતા હતા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં સેનાનો ક્રમ તથા શોભાગતિ વગેરેનું વર્ણન નામે અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- વાળીને સાફ કરેલા રાજમાર્ગો તથા શેરીઓ જેમાં છે એવા, શ્રેષ્ઠ, સુગંધિમાન ચંદનના જળથી છંટાયા છે રાજમાર્ગો, શેરીઓ તથા ચોખંડીઓ જેની એવા પથરાયેલા નીલા, પીળા, ગુલાબી એવા વિવિધ પ્રકારના પુષ્પોથી શોભાયમાન; (૧)

જે નગર ઉત્તમ સાત માળની હવેલીઓની સમાન પંક્તિઓ તથા વિવિધ પ્રકારના દેવમંદિરોથી શોભાયમાન છે સમાન પંક્તિઓવાળા હાટો (બજારો) થી જે શોભે છે તથા ઈન્દ્રભુવન સમાન રાજભુવનોથી અલંકૃત તે નગરને શ્રીહરિ જોતા હતા. (૨)

જે નગર તેની દુકાનોમાં વિવિધ પ્રકારની માલ સામગ્રીઓથી શોભે છે, રમણીય ધજાઓથી તે નગરમાં તડકોપણ ઢંકાઈ ગયો છે. અતિરમણીય ઘરો, બગીચાઓ તથા સભાસ્થાનો જે નગરમાં છે; વળી શોભાયમાન ઉત્તમ કિલ્લાવાળા તે ઉત્તમ નગરને શ્રીહરિ જોતા હતા. (૩)

જેના સમગ્ર ભુવનો મણિઓ તથા વિવિધ પ્રકારના રંગીન વસ્ત્રોથી રચેલા તોરણોથી અલંકૃત કરેલાં છે તથા ઈન્દ્રધનુષ સમાન દરવાજા જેના છે એવા, હિમાચલ જેવા શુભ્ર અને અત્યંત ઉન્નત એવા કિલ્લાથી શોભાયમાન. (૪)

જે પુરમાં આકાશને સ્પર્શ કરતા ચાર દિશાઓના ચાર મોટા સુંદર દરવાજાઓ છે, સુંદર ત્રણ દરવાજાઓ જેમાં છે એવું અતિસુંદર ઘડીયંત્ર (ટાવર) જેમાં છે એવા શિખરવાળું માંડવી ભુવન જે નગરમાં શોભે છે. (૫)

જે નગર સિંહજીત નૃપતિના પાંજરામાં પૂરાયેલા વિવિધ પ્રકારના શત્રુઓથી નહિ જીતાયેલા તેથી સિંહજીત નામને જાણે સાર્થક કરતી હોય તેવા સમૂહ જેમાં વસે છે તે નગરને શ્રીહરિ જોતા હતા. (૬)

ચળકતા સુવર્ણના કળશોથી અતિ શોભાયમાન, શોભાયમાન ધજાઓ જેમાં છે એવા શ્રીકૃષ્ણ તથા શંકરના ઘણાં મંદિરોમાં વાગતા વાદ્યોના ઘોષથી અને મનોહર સુમધુર ગીતોથી જે શોભે છે. (૭)

લીંબુ, જાંબુ, કેરી વગેરે ફળો તેમજ સોપારી, કેળ, આંબા વગેરેના વૃક્ષોથી શોભાયમાન છે તથા ધજાઓના પટ તથા નવપલ્લવો, પુષ્પો તથા ચંદનથી યુક્ત શ્રેષ્ઠ કુમકુમમાં ચોડેલા અક્ષતના ચિહ્નોથી સ્થાપન કરેલા જળના સુવર્ણ કળશોથી જેના આંગણાઓ શોભે છે તે નગરને શ્રીહરિ જોતા હતા. (૮)

ધનિકોની હવેલીઓમાં ઉત્તમ અને આશ્ચર્યકારી સેનાના નિવેશ સ્થાનો શોભાયમાન સુંદર પાંજરાઓમાં મધુર સ્વરવાળા શુક, સારિકા વગેરે અનેક પક્ષીઓ દરરોજ જે નગરમાં નાદ કરે છે. (૯)

સ્ફટિક મણિઓથી ઉજ્જવળ જે નગરના ઘરોની ભીંતો ઉપર પડતા સૂર્ય કિરણોથી ચળકતું પુર ચંદ્રમાંની માફક ઉજ્જવળ, હિમાચલ પર્વતની ભૂમિના કંકણરૂપ, અતિ વિસ્તૃત કાંતિથી વીજળીની સાથે જાણે મળી ગયું હોય તેમ તે નગર શોભતું હતું. (૧૦)

ઉજ્જવળ વસ્ત્રો તથા વિભૂષણો જેમણે ધારણ કર્યા છે એવા અને રાજમાર્ગમાં ફરતા જનોની અતિ અલંકૃત કર્યું છે એવું અતિમહાન પોતાના શોભાથી સુરગણોએ અલંકૃત કરેલા સ્વર્ગને પણ લાજ પમાડતું હોય તેવું તે નગર શોભતું હતું. (૧૧)

સ્વધર્મમાં વર્તનારા જનો જેમાં વસે છે, બ્રાહ્મણોએ ઉચ્ચારેલા અતિમધુર શ્રુતિના ઘોષથી અલંકૃત, પક્ષીઓના કુંજનોથી યુક્ત, કમળની પંક્તિથી શોભતા સરોવરોથી ચારેય તરફ દેદીપ્યમાન તે નગર દેખાતું હતું. (૧૨)

વેગવાન વાયુથી ચલાયમાન કરેલી દરેક ઘર ઉપરની મનોહર ધજાઓ જાણે હાથની સંજ્ઞા કરી, સુંદર પક્ષીઓના મધુર સ્વરથી જાણે પુણ્ય દર્શન શ્રીહરિને બોલાવતું હોયને શું ? એવું તે નગર શોભતું હતું. (૧૩)

વળી શ્રેષ્ઠ ઘરના સુવર્ણ જાળીયામાંથી નીકળેલા સુંગધિમાન ધૂપના ધૂમાડાથી નવીન વીજળીની સાથે જેમ મેઘ શોભે તેમ અતિઅલંકૃત કરેલું તે નગર દેવતાઓને પણ જાણે પોતાનું પુર હોય તેવી શંકા ઉત્પન્ન કરતું. (૧૪)

ફળો તથા પુષ્પોથી શોભતા વિવિધ પ્રકારના વૃક્ષોથી ભરપુર, રમણીય નંદનવનની ઉપમા યોગ્ય રાજા તથા ધનિકોએ કરાવેલા ઉત્તમ બગીચાઓથી તે નગર શોભાયમાન દેખાતું હતું. (૧૫) તે નગરમાં પુષ્પોની રચનાવાળા માર્ગો ઉપર સુગંધમાં લુબ્ધ ચિત્તવાળા ભ્રમરોની પંક્તિ અત્યંત સ્થિર થઈ જાણે આકાશમાંથી પૃથ્વી ઉપર નીલમણિઓના સમૂહની અતિવૃષ્ટિ થતી હોયને શું ? એમ શોભતી હતી. (૧૬)

દરેક ઘરની સુંદર ભીંતો ઉપર સુંદર રીતે ચિતરેલા હંસો, સ્તંભોમાં જડેલા શુદ્ધ શ્રેષ્ઠ મણિઓની

વિવિધ પ્રકારની કાંતિથી ચારેય તરફ જેમના સ્વરૂપો પ્રકાશિત બન્યા છે એવા રમણીય મયૂરસમાન કાંતિ ધારણ કરતા હતા. (૧૭)

સ્ત્રીપુરૂષોની ઉત્તમ પંક્તિઓથી, મલ્લોના અખાડાઓમાં ખેલ કરતા બળવાન મલ્લોના ઘરોથી, વેદશાસ્ત્રો જાણનારા પંડિતોના સભાસ્થાનોથી, સર્વદા પોતાની સમીપે રહેલા સૈન્યના નિવાસ ભુવનોથી, તેમજ વિવિધ પ્રકારના વિદ્યાર્થીઓના છાત્રાલયોથી તે નગર રમણીય દેખાતું હતું. (૧૮)

તે નગર રાજમાર્ગોમાં ચાલતા હાથીઓના છંટાયેલા મદથી વાયુની માફક ચપળ ગતિવાળા માર્ગમાં ચાલતા અનેક અશ્વો તથા રાજાના અતિસુંદર વાહનો, સુંદર રથ, મેના, ઘોડાગાડીઓ વગેરેથી શોભતું હતું. (૧૯) આ પ્રકારનું મનોહર, રાજેસૈન્યના વાદ્યોના ઘોષયુક્ત તે વટપત્તન નગરને જોતા ગજેન્દ્ર ઉપર બિરાજેલા પ્રભુ શ્રીહરિ વિશ્વામિત્ર મુનિએ આણેલી વટપત્તન નગરની સમીપે વહેતી વિશ્વામિત્રી નદી પાસે પહોંચ્યા. (૨૦)

પુલના રસ્તેથી નદી ઉતરતા અને પોતાના ઘોડેસવારોને સૂચન કરતા શ્રીહરિને સિંહજીત રાજા સાંભળતા હતા. તે સમયે તે રાજા હર્ષપૂર્વક પોતાની સેનાને સન્મુખ જવા માટે તત્કાળ તૈયાર કરાવતા હતા. (૨૧) પછી નરેશ્વર, શણગારેલા ગજેન્દ્ર ઉપર બેસી, સુંદર વાદ્યોનો ઘોષ તથા સેના સહિત અત્યંત હર્ષપૂર્વક તે મહાનગરમાં નિર્માનીપણું ધારણ કરી શ્રીહરિની સન્મુખ તત્કાળ ગયા. (૨૨)

પછી તે રાજા પોતાના પુરથી બહાર આવીને ગજેન્દ્ર ઉપર બિરાજેલી પાવનકારી પરમાત્મા શ્રીહરિના દૂરથી દર્શન કરીને, ચંદ્રને જોઈ સમુદ્ર જેમ આનંદ પામે તેમ, અત્યંત આનંદ પામ્યા. (૨૩) દર્શન કરવા માટે આવેલા જનસમૂહથી અત્યંત ભીડ થયેલા તે માર્ગમાં ધીમેધીમે ચાલતા તે રાજાએ પ્રસન્ન થઈ શ્રીહરિની સમીપે આવીને પોતાના ગજરાજને બેસાડ્યો. શ્રીહરિએ પણ તે રાજાને જોઈ પોતાના ગજેન્દ્રને બેસાડ્યો. (૨૪)

પછી રાજા તત્કાળ પોતાના ગજેન્દ્ર ઉપરથી ઊતરીને માર્ગમાં જનોને દૂર કરતા સુવર્ણની છડી ધારણ કરતા ઘણા સેવકોથી વીંટાયેલા શ્રીહરિના ગજેન્દ્ર સન્મુખ હર્ષપૂર્વક આવ્યા. (૨૫)

હે રાજન્ ! પછી શ્રીહરિ સન્મુખ આવતા તે રાજાને જોઈ, આ લોકમાં જનોને વ્યવહાર માર્ગ (રાજા આવે ત્યારે સન્મુખ જવું એવો વ્યવહાર માર્ગ) શિખવાડતા પોતાના ગજેન્દ્ર ઉપરથી ઉતરવા ઈચ્છતા હતા. તેટલામાં ઉત્સાહવાળા રાજા શ્રીહરિની સમીપે આવ્યા. (૨૬)

મનુષ્ય નાટ્ય ધારણ કર્યું છે છતાં પણ રૂપ, સ્વભાવ, શીલ ગુણ વગેરેથી યુક્ત ગજ ઉપર બિરાજેલા શ્રીહરિમાં અત્યંત પ્રીતિવાળા તે રાજાએ મહાવતે છોડેલી નીસરણી ઉપર ચડીને હર્ષપૂર્વક પોતાના વસ્ત્રો તથા આભૂષણોથી રંગાયેલા શ્રીહરિના સુંદર ચરણોમાં નમસ્કાર કર્યા. (૨૭)

બીજા ખંડિયા રાજાઓએ પણ શરીર, મન તથા વાણિથી શ્રીહરિને નમસ્કાર કર્યા. આવી રીતે સિંહજીત રાજાને આદરપૂર્વક શ્રીહરિને પ્રણામ કરતા જોઈ સમગ્ર જનો પણ આશ્ચર્ય પામતા હતા. તે સમયે ભગવાનના ભક્તોએ જયઘોષ કર્યો. (૨૮)

જેમને એક પ્રણામ કરવાથી સમગ્ર પીડા નાશ થઈ જાય છે એવા સ્વયં શ્રીહરિએ પોતાને નમસ્કાર કરતા તે નરેન્દ્રને તેની યોગ્યતા પ્રમાણે પોતે પહેરેલા પુષ્પના હાર તથા તોરા તે રાજાના કંઠમાં પહેરાવ્યા. (૨૯) સર્વ અવતારોના કારણ શ્રીહરિરૂપી સૂર્યના દર્શનથી પ્રફુલ્લિત થયું છે મુખકમળ તથા દૃષ્ટિ જેની એવા તે રાજા ધનરહિત દરિદ્ર પુરુષ ચિંતામણિ પ્રાપ્ત કરી જેમ સુખ પામે તેમ અત્યંત સુખ પામ્યા. (૩૦)

પ્રણામ કરતા સમગ્ર જનોને પણ (અધિકારી જનોને) પોતાના હાથની સંજ્ઞાથી મધુર મંદ હાસ્યથી તેમજ કરુણાદ્ર દૃષ્ટિથી અચ્યુત શ્રીહરિ યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૩૧) ત્યારબાદ અતિ પ્રસન્ન મનવાળા રાજા શ્રીહરિની આજ્ઞાથી શણગારેલા પોતાના હાથી ઉપર બિરાજમાન થયા. પછી શ્રીહરિના હાથીનો મહાવત શ્રીહરિની આજ્ઞાથી તે ગજેન્દ્રને ધીમેથી ઉઠાડવા લાગ્યો. (૩૨)

પછી ચાલતા હાથીઓના સમૂહના મધ્યમાં ચાલતા શ્રેષ્ઠ ભૂષણોવાળા ગજેન્દ્ર ઉપર વિરાજમાન શ્રીહરિએ સિંહજીત રાજાની સાથે તથા વાદ્યોનો ઘોષ સાંભળતા વટપત્તન પુરમાં (વડોદરા શહેરમાં) પ્રવેશ કર્યો. (૩૩) હે નૃપતે ! તે સમયે ઊંટ ઉપર તથા હાથીઓ ઉપર ગોઠવેલા નગારા ઉચ્ચ સ્વરે વાગતા હતા વળી ઘોડાઓ ઉપર મૂકેલા નગારા પર વાગતા હતા. તેનો મોટો ઘોષ દશે દિશાઓમાં વ્યાપી ગયો. (૩૪)

અતિમહાન મેઘની ગર્જના સમાન તે મધુર ધ્વની સાંભળી મયૂરો જાણે મેઘની ગર્જના થઈ એવી શંકાથી અધિક આનંદ યુક્ત બની મધુર નાદો કરી ચારેય તરફ નૃત્ય કરવા લાગ્યા. (૩૫) તે સમયે વિવિધ વાદ્યોના ધ્વનિ થયા તથા સ્વર્ગમાં દેવની દુંદુભિઓનો પણ ઘોષ થયો. વળી હરિભક્તોએ ઉચ્ચારણ કરેલા સમગ્ર દિશાઓમાં વ્યાપેલા મધુર જયઘોષ પણ થયા. (૩૬)

તે સમયે સમગ્ર દિગંતોમાં વ્યાપેલા, બહુ પ્રકારના વાદ્યોના ઘોષથી અન્યોન્ય ઉચ્ચારણ કરાયેલી મધુર વાણી પણ લોકો સાંભળી શકતા નહોતા. તેથી પોતાને જે કહેવું હોય તે કેવળ હાથની સંજ્ઞાથી જ કહેતા હતા. (૩૭)

હે નરેન્દ્ર ! સમગ્ર દિશાઓમાં હર્ષ ઉત્પન્ન કરનારા મનોહર વાદ્યોના ઘોષ ઊંચા કાન કરી સાંભળતા દિગ્ગજો પણ અત્યંત વિસ્મય પામી આકુળ થઈ ગયા. (૩૮) શ્રવણ પ્રિય, અતિ મંગળકારી, વિવિધ વાદ્યોના ઘોષથી જેમને નિમંત્રણ આપ્યું છે. એવા પુરના જનો પોતાના સમગ્ર કાર્યોનો ત્યાગ કરીને તત્કાળ શ્રીહરિના દર્શન માટે ત્યાં આવ્યા. (૩૯)

પાવનકારી દર્શન જેમનું છે એવા અને સર્વ તાપની નિવૃત્તિ કરનારા પુરુષોત્તમ શ્રીહરિના દર્શન કરનારા જનો શ્રીહરિના દર્શનથી અતિશય હર્ષપામી તે રાજમાર્ગની અત્યંત ભીડ કરી તેને સાંકડો કરતા હતા. (૪૦)

તે સમયે સર્વના નિયંતા, ગુણનિધિ, ધર્મનંદન શ્રીહરિના દર્શનની અત્યંત ઈચ્છાથી જેમના મન ખેંચાયા છે એવા દેવતાઓના વિમાનોથી સમગ્ર આકાશ અત્યંત ઘાટું થઈ ગયું. (૪૧) આકાશમાં દેવોના ગવૈયાઓ મધુર સ્વરોથી શ્રેષ્ઠ મૂર્છનાદિવાળું તથા અતિ સુંદર વાજિંત્રના વાદનથી શ્રીહરિનું ગાન કરવા લાગ્યા. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. (૪૨)

બ્રહ્મા, ઈન્દ્ર વગેરે દેવેશ્વરો, શ્રીહરિના દર્શનની ઈચ્છાવાળા સાધ્ય દેવતાઓ, સિદ્ધો વગેરે દેવસમૂહ, પોતાના પતિ શ્રીહરિને સુશોભિત નંદનવનના પુષ્પોથી વધાવતા હતા. (૪૩) શ્રીહરિ પાસેથી જ જેમને સંપત્તિ, અધિકાર, ગૌરવ વગેરે પ્રાપ્ત થયા છે એવા, પોતાના શત્રુ ઉપરનો વિજય કેવળ શ્રીહરિને જ આધીન છે એવા દેવેન્દ્રો, તે સમયે રાજચિહ્ન જણાવનારા છત્ર ચામર વગેરે મહામૂલ્યવાળી વસ્તુઓથી સર્વના એક સ્વામી શ્રીહરિની સેવા કરતા હતા. (૪૪)

ત્યાં તે સમયે શ્રીહરિના દર્શનમાં ઉત્સાહિત મનવાળા નારદમુનિ આવ્યા. પછી નારદમુનિ સુંદર નૃત્ય કરી વારંવાર મહતી નામની વીણા વગાડતા શ્રીહરિનું હર્ષપૂર્વક ગાન કરવા લાગ્યા. (૪૫)

તે સમયે શિવજી પણ તત્કાળ ધ્યાનનો ત્યાગ કરી શ્રીહરિના દર્શન માટે (પ્રત્યક્ષ દર્શન કરવા માટે) ત્યાં આવ્યા. પછી પરમ આશ્ચર્યકારી શોભાવાળા શ્રીહરિના દર્શને કરીને આનંદ પામી શિવજી ત્યાં તાંડવ નૃત્ય કરવા લાગ્યા. (૪૬)

પછી બદરિકાશ્રમમાં રહેનારા મુનિઓ તથા શ્વેતદ્વીપવાસી મુક્તો તેમજ અન્ય ધામના મુક્તો શ્રીહરિના દર્શન માટે પૃથ્વી ઉપર, સર્વ રાજાઓ જેમ સમ્રાટ રાજાને દર્શને આવે તેમ આવ્યા. (૪૭)

તે સમયે હરિભક્તોએ ગાયેલાં શ્રીહરિના કીર્તનોના ધ્વનિથી આ સમગ્ર જગત પૂર્ણ બની ગયું. આકાશમાં દેવો પણ વિસ્મય પામ્યા તથા દિશાઓનું સમગ્ર અમંગળ નાશ કર્યું. (૪૮) તે સમયે અત્યંત સુશોભિત સુવર્ણમય છડીઓ ધારણ કરનારા ઘણાં છડીદારો આનંદ પામ્યા અને શ્રીહરિની બંને પડખે છડીના માંગલિક શબ્દો ઊંચા સ્વરથી બોલવા લાગ્યા. (૪૯)

હાથીઓના સમૂહના અંતર મદથી જેની ગતિ શોભે છે એવા, સોનાની અંબાડી સહિત મણિજડિત સુવર્ણના આભૂષણોના સમૂહ સહિત ગજેન્દ્ર ઉપર બિરાજેલા, વીજળી સમાન ચળકતા સુવર્ણના હાર તથા મણિ જડિત સુવર્ણના અલંકારોવાળા, ધર્મના પુત્રના અતિ હર્ષ પૂર્વક સૌ દર્શન

કરતા હતા તથા તેમને નમસ્કાર કરતા હતા. (૫૦)

ઉછળતા જળ સમુદાયની માફક સુંદર કાંતિવાળા, વિવિધ પ્રકારના ભૂષણોથી અલંકૃત આકૃતિવાળો, અતિશય દયારૂપી સુધાથી પણ કોમળ દૃષ્ટિથી પુરના જનોને જોતા, મંદહાસ્ય કરતા, વિનયયુક્ત શ્રીસ્વામિનારાયણ તે સમયે વીજળી, ઈન્દ્ર ધનુષ, સૂર્ય તથા ચંદ્ર નક્ષત્રો વગેરે વડે જેમ મેઘ શોભે તેમ શોભતા હતા. (મેઘના સ્થાને શ્રીહરિ, વીજળીના સ્થાને સોનેરી વસ્ત્રો, ઈન્દ્ર ધનુષ્યના સ્થાને નીલ, પીત, હરિત, રક્ત વર્ણયુક્ત મણિમય હાર, સૂર્યને સ્થાને સુવર્ણની અંબાડી, ચંદ્રના સ્થાને નારુપંત અને ચીમનરાવે ધારણ કરેલાં ચામર, નક્ષત્રના સ્થાને દેવતાઓએ વધાવેલા પુષ્પો વગેરે સમજવા) (૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં પુર શોભાદિનું વર્ણન નામે બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂમિપતે ! તે સમયે કેટલાક પુરજનો હાટ ઉપર તથા ઊંચા સ્થાનમાં ઊભા રહી શ્રીહરિના હર્ષપૂર્વક દર્શન કરતા હતા. કેટલાક હવેલીઓના મેડા ઉપર, કેટલાક બારીમાં, કેટલાક બારણામાં રહીને સ્થિર નેત્રથી શ્રીહરિના દર્શન કરતા હતા. (૧)

કેટલાક તો ભુવનોના ઝરુખાઓમાં ઊભા રહીને, દર્શનીય શ્રીસ્વામિનારાયણના દર્શન કરતા હતા. કેટલાંક અગાસીઓમાં રહી શ્રીહરિના દર્શન કરતા હતા. (૨) બંને બાજુએ ચામરોથી શોભતા, ગજાધિરાજ ઉપર બિરાજમાન થયેલા, સર્વના નિયંતા, મોતીઓના ચળકતા તોરા તથા હાર ધારણ કરનારા શ્રીસ્વામિનારાયણના દર્શન કરીને તે જનો તૃપ્તિ પામતા નહતા. (૩)

મહામૂલ્યવાળા વસ્ત્રો તથા આભૂષણોથી શોભાયમાન, કોટિ કામદેવોના ગર્વને હરનારું છે રૂપ જેમનું એવા, શ્રીસ્વામિનારાયણના દર્શન કરનારા પુરનાજનો અત્યંત શાંતિ પામ્યા. (૪)

શરદ ઋતુની પૂર્ણિમાના ચંદ્ર સમાન કરોડો ચંદ્રમાની કાંતિને લજ્જા પમાડનારું સુશોભિત મંદ હાસ્યથી પ્રકાશમાન શ્રીહરિનું મુખ જોઈને પૂર્ણ મનોરથવાળા તે પુરવાસીજનો ચિત્રમાં જાણે ચિતરેલા હોય તેમ સ્થિર બની ગયા. (૫)

શ્રીસ્વામિનારાયણના દર્શનથી પોતાનો જન્મ સફળ થયો છે એવું માનતા તે જનો શ્રીસ્વામિનારાયણની મૂર્તિમાં આસક્ત થઈ ગયા હતા. અને તેથી પોતાના ચિત્તને શ્રીહરિની મૂર્તિમાંથી

પાછું ખેંચવા સમર્થ થયા નહિ. (૬)

કરોડો કામદેવના ગર્વને રહેનારા, ધર્મવંશના આભૂષણ રૂપ, શ્રીસ્વામિનારાયણના દર્શન માટે પોતાના ઘરના તમામ કામ અધૂરા મૂકીને પુરની હજારો સ્ત્રીઓ દરેક માર્ગ ઉપર આવતી હતી. (૭) હે રાજન્ ! કોઈક સ્ત્રી પોતાના ધાવણા બાળકનો ત્યાગ કરીને અતિવેગથી શ્રીહરિના દર્શન માટે આવતી હતી અને તેથી ગોખમાં જવાના માર્ગો પોતાના બંને સ્તનમાંથી સ્રવતા દૂધથી છંટાતા હતા. (૮) પોતાના નેત્રોમાં કાજળ આંજવા તત્પર થયેલી કોઈ સ્ત્રી પોતાના એક નેત્રમાં કાજળ આંજીને બીજા નેત્રને અંજન કર્યા વિના, શ્રીહરિના દર્શન માટે અત્યંત વેગથી, હાથમાં અંજન શલાકા લઈ બારણા પાસે આવતી હતી. (૯)

કોઈ સ્ત્રી અર્ધી ગુંથેલી મણિઓની માળા હાથમાં ધારણ કરી શ્રીહરિના દર્શનની ઈચ્છાથી વેગપૂર્વક આવતી હતી. તેથી મણિઓની માળામાંથી એક એક મણકો સરી જવાથી (પડી જવાથી) તેમાં કેવળ દોરોજ બાકી રહ્યો હતો તે પણ જાણતી નહતી. (૧૦)

પોતાના ચરણ રંગવામાં આસક્ત એક સ્ત્રી શ્રીહરિના દર્શન માટે ચરણ રંગવાની ક્રિયાનો ત્યાગ કરી જતી હતી. પરંતુ અળતાના રસથી તેના પગ ભીના હોવાથી તે માર્ગને પોતાના પગલાંથી ચિહ્નિત કરતી હતી. (૧૧)

કેટલીક સ્ત્રીઓ પોતાના ઘર લીંપતી હતી પરંતુ શ્રીહરિ પધાર્યા છે તેવું જાણીને પોતાના ઘર લીંપવાની ક્રિયાનો ત્યાગ કરી શ્રીહરિના શુભ દર્શન કરવા માટે ઘણાં વેગથી ત્યાં આવતી હતી. (૧૨)

કેટલીક સ્ત્રીઓ પોતાના પતિને પીરસતી હતી પરંતુ તે ક્રિયાનો પણ ત્યાગ કરીને શ્રીહરિના દર્શન માટે ત્યાં આવી. વળી કેટલીક યુવતિઓ તો તે સમયે રસોઈ કરતી હતી છતાં તે પાકક્રિયાનો ત્યાગ કરીને શ્રીહરિના દર્શન માટે ત્યાં આવી. (૧૩)

પાપડ કરવામાં તત્પર કેટલીક સ્ત્રીઓ પાપડ કરવાની ક્રિયાનો ત્યાગ કરી શ્રીહરિનાં દર્શન કરવા માટે પોતાના ઊંચા કરેલા હાથમાં વેલણ પકડીને અત્યંત વેગપૂર્વક ત્યાં આવી. (૧૪)

પોતાના એક જ પગમાં ઝાંઝર જેમણે પહેર્યા છે એવી કેટલી સ્ત્રીઓ, પોતાના હાથના કડાં કાનમાં પહેરી શ્રીહરિનાં દર્શન માટે ત્યાં આવી. કેટલીક સ્ત્રીઓ વસ્ત્રો તથા ભૂષણો અસ્તવ્યસ્ત ધારણ કરી શ્રીહરિનાં દર્શન માટે ત્યાં આવી. (૧૫)

સમગ્ર દુ:ખનો નાશ કરનારા, સંસૃતિનો ભય ભેદી નાંખવામાં ચતુર એવા શ્રીહરિના દર્શનથી તે પુરની સ્ત્રીઓ, ચંદ્ર દર્શનથી સમગ્ર કુમુદ જેમ પલ્લવીત થાય તેમ, અત્યંત આનંદ પામી. (૧૬)

તે સમયે પુરની સ્ત્રીઓ શ્રીહરિની મૂર્તિમાં અત્યંત આસક્ત નેત્રોથી આદરપૂર્વક શ્રીહરિના

દર્શન કરતી હોવાથી અન્ય વિષયોનો તેમણે ત્યાગ કર્યો હતો. તેથી તે સ્ત્રીઓની ઇન્દ્રિયોની સમગ્ર વૃત્તિઓ સર્વ પ્રકારે જાણે નેત્રમાં પ્રવેશ પામી હોય ને શું ? (૧૭)

ઈશ્વરોના ઈશ્વર ધર્મપુત્ર શ્રીહરિમાં પ્રલય કાળે સમગ્ર બ્રહ્માંડો સાવકાશે સમાતા હતા. તે જ સર્વોત્તમ શ્રીહરિ આ સ્ત્રીઓના નેત્રોમાં સમાઈ ગયા તે મોટું આશ્ચર્ય થયું ! (૧૮) કેટલીક યુવતિઓ પોતાની કેડયમાં માણ તથા શિર પર ગાગરો ધારણ કરતી શ્રીહરિના દર્શન કરીને અત્યંત સ્થિર થઈ ગઈ હતી. તેથી જાણે ચિત્રમાં ચિતરેલાની માફક ઊભી હતી. (૧૯) તે સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન કરતી હતી તે સમયે પોતાની વેણીઓ, વસ્ત્રો, ભૂષણો તથા પોતાના દેહ વગેરેનું ભાન ભૂલી ગઈ હતી. પોતાના આશ્રિતોને પ્રસન્ન કરનારા શ્રીહરિમાં તેમનું મન પ્રવેશી ગયું હોવાથી તેમાંથી તે મનને પાછું વળવાનું તે સહન કરી શકી નહિ. (૨૦)

તે સમયે તે સ્ત્રીઓ શ્રીહરિના દર્શન માટે સમગ્ર ક્રિયાઓનો ત્યાગ કરી ભુવનોની ઊંચી અગાસીઓ તથા લોકોને બેસવાના સમગ્ર સ્થાન ઉપર બેસતી હતી. (૨૧) મિથિલા પુરીમાં રઘુકુળમાં શ્રેષ્ઠ રામચંદ્રને તથા હસ્તિનાપુરમાં વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણને જેમ તે સમયની સ્ત્રીઓ પ્રણામ કરીને વધાવતી હતી તેમ તે સ્ત્રીઓ શ્રીહરિને પ્રણામ કરીને ચાંદી તથા સુવર્ણના મનોહર પુષ્પોથી વધાવતી હતી. (૨૨)

સંસારના બંધનનો નાશ કરનારા પુરુષોત્તમ શ્રીહરિના દર્શનથી અત્યંત હર્ષ પામેલી તે સ્ત્રીઓ, તે સમયે આવી રીતે શ્રુતિ શિરોની (ઉપનિષદોની) સુંદર મનોહર કથા પરસ્પર કહેતી હતી. (૨૩)

પુરની સ્ત્રીઓ કહે છે :- હે સ્ત્રીઓ ! સર્વથી પર પોતાના અક્ષરધામમાં, શાસ્ત્રમાં વિખ્યાત કીર્તિવાળા, અક્ષર મુક્તોથી વીંટાયેલા, જે શ્રીહરિ પ્રલયકાળના સમયે વિરાજમાન છે. તે જ આ નિશ્ચય છે. તેથી તમો એમના દર્શન કરો. (૨૪)

સૃષ્ટિ સમયે અક્ષરાત્મક પુરુષ દ્વારા મહામાયાને આજ પુરુષોત્તમ જુએ છે. મહામાયાથી અસંખ્ય બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. માટે આ શ્રીહરિ સર્વોપરી અને સર્વના કારણ છે. (૨૫) સમગ્ર ઈશ્વરો, પ્રકૃતિ પુરુષ, સર્વને ભય પમાડતો કાળ તથા અંતર્યામીપણારૂપ સર્વ કળા સહિત મહાપુરુષ તથા અક્ષર બ્રહ્મ વગેરે, નાથેલા બળદો જેમ ભય પામીને ખેડૂતને વશ વર્તે છે તેમ, નિરંતર આ શ્રીહરિને વશ વર્તે છે. (૨૬)

સર્વથી પર સનાતન અક્ષર બ્રહ્મથી, સ્વરૂપ, સ્વભાવ, ગુણ વગેરેમાં અતિઉત્કૃષ્ટ, ઈન્દ્રિયો તથા મનને અગોચર, જેને પરમ પુરાણ પુરુષ સર્વ મુનિઓ કહે છે. હે સ્ત્રીઓ ! તે પ્રભુ અહીં પધાર્યા છે. માટે તેમના દર્શન કરો. (૨૭)

હે લલનાઓ ! જનસમૂહનો મોક્ષ કરવા માટે જેમણે મનુષ્ય દેહ ધર્યો છે. તે આ લોકમાં

મનુષ્યોને પુણ્યથી પ્રાપ્ય દર્શન જેમના છે તે આ શ્રીહરિના દર્શન કરીને, તેમને હૃદયમાં પધરાવી, સર્વ પ્રકારે તમારો જન્મ સફળ કરો. (૨૮)

હે સ્ત્રીઓ ! દુઃખથી પણ નિયમમાં ન રહી શકે તેવું, વિષયોની તીવ્ર વાસનાવાળું મન ક્યારેય શાંત પામતું નથી. એ પ્રકારનું મન શ્રીહરિના દર્શનથી હમણાં શાંત થયું છે. તેથી જ આ ભગવાન છે. (૨૯)

નમસ્કાર કરતા ઈન્દ્રાદિક દેવતાઓના ઉત્તમ મણિઓથી ચળકતા મુગટોની પંક્તિના અગ્રભાગોથી જેમનું સિંહાસન ઘસાયું છે, મુનિઓના ભ્રમર રૂપ મન જેમનાં મુખમાં લુબ્ધ થયા છે, જેમના ચરણ કમળનો ચંચળ કમળા (લક્ષ્મી) પણ ત્યાગ કરતી હતી. (૩૦)

જેમના ચરણ કમળની સેવાથી જન્મ મરણ રૂપ સંસૃતિ આપનારા ગુણના સંગરૂપી કાદવનો ત્યાગ કરીને જે પ્રકૃતિથી પર સુખના ધામરૂપ જેમના અક્ષરધામને બુદ્ધિશાળી મનુષ્યો પામે છે. (૩૧)

તેવા વિવેકી પુરુષો આ શ્રીહરિના મુખ કમળનું રસયુક્ત મકરંદની જેમ, આદરપૂર્વક પાન કરીને, મનથી પણ ક્યારેય બ્રહ્માદિ સમગ્ર ઈશ્વરોના વૈભવની સ્પૃહા કરતા નથી. (૩૨) ગુણ, રૂપ, શીલ, વૈભવ વગેરેના સમુદ્ર, કાંતિના ધામરૂપ, કરચરણાદિ અવયવો સહિત દિવ્ય વિગ્રહવાળા, એવા શ્રીહરિના તેમના અક્ષરધામમાં ઉપનિષદો અત્યંત ગુણ તથા પવિત્ર કીર્તિ અને યશના ગાન કરી રહ્યા છે. તે આજ શ્રીહરિ છે. (૩૩)

આ શ્રીહરિ પ્રભુનું આ લોકમાં બાદરાયણ વગેરે કવિવરોએ તેમજ બ્રહ્મા, વિષ્ણુ, શેષ, નારદ, સનકાદિક વગેરે આદરપૂર્વક રાત્રિ દિવસ યથાર્થપણે વર્ણન કર્યું છે. (૩૪)

આ શ્રીહરિ આવા છે છતાં પણ શુભ પ્રતાપવાળા તેમના ગુણ, જન્મ, કર્મ, સુખ, વિભૂતિ, સંપદા, યશ વગેરેના પારને, જેમ આકાશનો પાર પક્ષીઓ નથી પામી શકતા તેમ, નથી પામી શકતા. (૩૫)

હે અબળાઓ ! આ શ્રીહરિના દેહમાંથી કોટિ કોટિ સૂર્ય, ચંદ્ર સમાન તેજ નીકળે છે. છતાં પણ દર્શનીય અને કલ્યાણકારી તે તેજ અતિ શાંતિકારક છે. તેના તમો દર્શન કરો. (૩૬)

હે અબળાઓ ! તાપ નિવારણમાં સમર્થ, મધુર મંદ હાસ્યરૂપી અમૃતના રસથી તરબોળ થયેલું, અત્યંત લજ્જિત કર્યા છે કમળ તથા શરદઋતુના ચંદ્રને જેણે એવા મનોહર, ચિંતવન કરવા યોગ્ય, શ્રીહરિના આ મુખ કમળના તમો દર્શન કરો. (૩૭)

હે અંગનાઓ ! અતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ નિશાનને જે જોયા વગર જ ભેદી શકે છે તેવા સુંદર ઉત્તમ કમળથી પણ અતિ કોમળ આ શ્રીહરિના આ નેત્રયુગ્મ બાણના જોડલાની જેમ અમારા મનને

વીંધે છે. (૩૮) હે વનિતાઓ અતિ પ્રસન્નતાથી પરિપૂર્ણ, પાપના સમૂહ તથા શોકનો નાશ કરવામાં સમર્થ, ચપળતાથી જીત્યાં છે. મીન તથા ખંજન જેમણે એવી કરુણાથી પૂર્ણ, કલ્યાણકારી, આ શ્રીહરિની દૃષ્ટિને તમે જુઓ. (૩૯)

હે સ્ત્રીઓ ! શરીર વિનાના કામરૂપી શત્રુનો જેમણે વિનાશ કર્યો છે એવા, ધનુષની મનોહરતાથી ઉત્પન્ન થયેલા કામદેવના ગર્વને મૂકાવનારું શ્રીહરિની આ ભ્રકુટિ રૂપી કુટિલ ધનુષ તમે જુઓ. (૪૦) અત્યંત શોભાયમાન, મંદ હાસ્યરૂપી સુધારસથી છંટાયેલું, જનસમૂહના નેત્રોને ઉત્સવકારી છે કટાક્ષ જેમનું એવું, આ સર્વોપરી શ્રીહરિના મુખનું આ લોકમાં જે જનોએ પાન કર્યું છે તેમણે જ નેત્રોનું ફળ મેળવ્યું છે. (૪૧)

હે પ્રિયાઓ ! આ લોકમાં જેમણે આ પુરુષોત્તમના દર્શન કર્યા નથી તેમનો જન્મ નિરર્થક છે માટે હે સખીઓ ! સર્વના સાક્ષી, સર્વાત્મા, ગુણ તથા રૂપના સાગર આ શ્રીહરિના તમો દર્શન કરો. (૪૨) હે સખીઓ ! જેમનો પ્રત્યક્ષ દર્શન કરવા માટે બુદ્ધિશાળી ગયરાજા વગેરે ઘણા રાજાઓ, પોતાના સમગ્ર વૈભવનો ત્યાગ કરીને, તપ કરે છે તેવા આ શ્રીહરિએ સંસૃતિ નિવર્તક પોતાના શુભ દર્શન આપીને આજે આપણો જન્મ સફળ કર્યો છે. (૪૩)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- આવી રીતે પુરની સ્ત્રીઓએ જેમના યશનું ગાન કર્યું છે એવા, પુરના જનોએ જેમની પ્રશંસા કરી છે તે શ્રીહરિ, પોતાના દર્શન કરવા માટે આવેલા નગરના જનોને તથા અન્ય ગામોમાંથી આવેલા અસંખ્ય લોકોને, સંસૃતિનો નાશ કરનારી પોતાની શુભ દૃષ્ટિથી પવિત્ર કરતા હતા એ પ્રકારે વિવિધ રત્નોની કાંતિથી શોભતા શ્રીહરિ રાજાના મહેલ નજીક પધાર્યા. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિના દર્શનમાં ઉત્કંઠાવાળી પુરની સ્ત્રીઓએ કરેલી શ્રીહરિની સ્તુતિનું નિરૂપણ નામે તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નરેન્દ્ર ! પછી નમ્ર સિંહજીત ભૂપતિ હર્ષપૂર્વક હાથી ઉપરથી ઉતરીને પોતાના મનોહર, સમૃદ્ધિ યુક્ત, ભુવનમાં શ્રીહરિને લઈ જવા માટે હર્ષપૂર્વક પોતાના હાથનું અવલંબન આપીને શ્રીહરિને હાથી ઉપરથી ઉતાર્યા. (૧)

હે રાજન્ ! હાથી ઉપરથી ઉતરેલા શ્રીહરિને અતિસ્નેહથી ભેટી તથા બંને હાથ જોડી

નમસ્કાર કરી પોતાના સુંદર મહેલમાં લઈ જવા માટે સયાજીરાવ મહારાજા શ્રીહરિને પ્રાર્થના કરતા હતા. (૨)

પૃથ્વીપતિ સયાજીરાવ પ્રીતિપૂર્વક શ્રીહરિનો હાથ પકડીને શ્રીહરિના બંધુજનો વગેરે તથા મુક્તાનંદ વગેરે મોટા સંતો, તેમજ ઉત્તમરાજા વગેરેની સાથે, શ્રીહરિને પોતાના મહેલમાં લઈ ગયા. (૩)

ઘણી શોભાયુક્ત, સર્વોત્તમ, દેવેન્દ્રની સભાની ઉપમા આપવા યોગ્ય, તેમજ યુધિષ્ઠિરની સભાને તુલ્ય, સયાજીરાવ મહારાજાની સાથે મહેલમાં ચાલતા શ્રીહરિએ તે રાજાનું સભાસ્થાન જોયું. (૪)

મોતીઓની ચળકતી લાંબી સેરોથી પ્રકાશમાન, વિચિત્ર વર્ણના શ્રેષ્ઠ ઉલ્લોચોથી યુક્ત, કાચનાં વિચિત્ર પ્રકારના યંત્રા (હાંડી, તકતા ઝુમરો વગેરે) થી શોભાયમાન, મોટા સ્ફુરાયમાન દર્પણોથી દેદીપ્યમાન; (૫)

જડ્યા છે મણિ જેમાં એવા સુવર્ણ સ્તંભોની પંક્તિથી શોભાયમાન, સુવર્ણના જાળિયાવાળું, નાના પ્રકારની શોભાયમાન રચનાઓથી સુંદર, નરેન્દ્રને પણ દર્શનીય; (૬)

એવા તે મહેલમાં નરેન્દ્રે જડેલા કાંતિમાન મણિથી, વિચિત્ર વર્ણવાળા સુવર્ણથી નિર્માણ શ્રેષ્ઠ સિંહાસન ઉપર શ્રીહરિને બેસાડ્યા. (૭)

પછી સયાજીરાવ મહારાજા શ્રીહરિની આજ્ઞાથી તેમની આગળ નાના આસન ઉપર અત્યંત સ્નેહથી, નમ્રતાપૂર્વક, બંને હાથ જોડી તે પ્રભુના દર્શન કરતા ઊભા રહ્યા. (૮) ઈન્દ્રના ભુવન સમાન તે મહેલમાં તે રાજાના સુજ્ઞ અમાત્યો રાજાની સમીપે બેઠેલા શ્રીહરિને, મિથિલા પુરના બમુલાશ્વ રાજાની સમીપે જેમ શ્રીકૃષ્ણ બેઠા હતા તેમ, બેઠેલા જોતા હતા. (૯)

પછી તે નરેન્દ્ર વિવિધ પ્રકારના મહામૂલ્યવાળા વસ્ત્રો, આભૂષણો, કેસર, કસ્તૂરી, ચંદન, સુંદર નવીન કુમકુમ, પુષ્પોના હાર, અત્તર, અત્યંત સુગંધિયુક્ત ગુલાબ તથા તાંબુલ વગેરે રાજોપચારથી મહા તેજસ્વી શ્રીહરિનું અત્યંત હર્ષપૂર્વક વિધિ પ્રમાણે પૂજન કરતા હતા. (૧૦, ૧૧)

પછી રાજાએ શ્રીહરિના બંધુજનો વગેરે તથા શ્રીહરિના એકાંતિક સાધુજનોનું પણ શ્રેષ્ઠોપચારથી પૂજન કર્યું અને આદરપૂર્વક હાથ જોડીને શ્રીસ્વામિનારાયણની આ પ્રમાણે સ્તુતિ કરી. (૧૨)

હે ભગવન્ ! અત્યંત દયાના સ્થાનભૂત આપે, આપના દર્શન કરવા રૂપ મારો લાંબા કાળનો મનોરથ, પૂર્ણ કર્યો. મારો જન્મ આજે સફળ થયો. (૧૩)

બ્રહ્માદિ દેવો તથા તપસ્વીઓને પણ અત્યંત દુર્લભ એવા આપના દર્શન આજે હું આ જન્મ તથા પૂર્વજન્મના પુણ્યના ફળરૂપે જ પામ્યો છું. (૧૪)

હે સ્વામિન્ ! હે ભૂમન્ ! લોક કલ્યાણ કરવા ઈચ્છતા આપે કરુણાથી મને પવિત્ર કર્યો છે. તેમજ અત્યંત દૂરંત આ સંસાર સાગરમાંથી મારો હાથ ઝાલીને મારો ઉદ્ધાર કર્યો છે. (૧૫) હે પ્રભો ! યોગીશ્વરો પણ જેમના દર્શન માટે પ્રાર્થના કરે છે એવા, પાપનો નાશ કરનારા, આપના દર્શન રાજ્યના પ્રપંચરૂપી આવરણથી અંધદૃષ્ટિવાળા મને આપની કરુણા વિના કેમ થાય ? (૧૬)

હે હરે ! આ મારો મહેલ આપના ચરફ કમળના સ્પર્શથી અત્યંત પવિત્ર થયો છે. મારું આ રાજ્ય આપનું જ છે. આપના ચરણ કમળમાંજ મને સદા ભક્તિ થાઓ. (૧૭) જનોના એક માત્ર હિતકારી ! આજથી આરંભીને હું આપનો દાસ છું. સંસૃતિની પીડા નાશ કરનારી તથા સમગ્ર ઈષ્ટ આપનારી, સમગ્ર જનોને ઉલ્લંઘન ન કરવા યોગ્ય આપની આજ્ઞા હું હંમેશાં યથાર્થ રીતે પાળીશ. (૧૮)

આ પ્રમાણે રાજાએ સ્તુતિ કરીને શ્રીહરિના બંને ચરણ કમળોમાં પોતાનું મસ્તક મૂકીને શ્રીહરિને પ્રણામ કર્યા, સર્વજ્ઞ શ્રીહરિ તેમનો આ પ્રકારનો ભાવ જોઈ, અતિ પ્રસન્ન થયા. (૧૯)

પછી શ્રીહરિએ પોતાના કંઠમાંથી પુષ્પના હાર ઉતારીને તે પૃથ્વીપતિને આપ્યા. પોતાને વિષે અત્યંત પ્રીતિવાળા તે રાજાને શ્રીહરિએ સંસૃતિના ભયથી રહિત કર્યો. (૨૦) અંતઃપુરમાં રહેલી સર્વ સ્રીઓ પડદામાં છે દૃષ્ટિ જેમની એ પ્રકારે શ્રીહરિના દર્શન કરીને શ્રીહરિને પોતાના હૃદયમાં ભક્તિપૂર્વક નિવાસ કરાવીને અનુપમ સુખ પામી. (૨૧)

પછી નિવાસ કરવા ઈચ્છતા શ્રીહરિ, નરેશ્વરની પ્રાર્થનાથી ફરીથી તે ગજેન્દ્ર ઉપર બિરાજમાન થયા. બીજા પણ યથાયોગ્ય વાહનોમાં બેઠા. (૨૨) સેના તથા રાજાની સાથે તેમજ રાજ્યના જનોની સાથે, ઘણાં વાજિંત્રોના ઘોષ સાંભળતા પુરમાં ફરીને શ્રીહરિએ ફરીથી પુરજનોને પોતાના દર્શન આપી સુખી કર્યા. (૨૩)

વાદ્યોથી સર્વ દિશાઓમાં ઉદ્‌ઘોષ કરાવતા શ્રીહરિ મસ્તુબાગની સમીપે પધાર્યા. મસ્તુ બાગની સમીપે સયાજીરાવ મહારાજા હાથી ઉપરથી પ્રથમ ઉતર્યા. પછી શ્રીહરિ પણ ઉતર્યા. (૨૪)

તેટલામાં શ્રીહરિના બંધુઓ તથા મુનિ વગેરે પણ પોતપોતાના હાથી ઉપરથી ઉતરવા લાગ્યા. હે રાજન્ ! પછી શ્રીહરિ તથા રાજાને જવાના માર્ગની બંને બાજુએ હાથીવાન, ઘોડેસવાર, રથીઓ, પદાતીઓ સર્વ પંક્તિબદ્ધ ઊભા રહ્યા. (૨૫)

શ્રીહરિ પોતાના પાર્ષદોથી વીંટાઈને, રાજાની સાથે માર્ગની બંને બાજુ પંક્તિબદ્ધ ઊભેલા, પ્રણામ કરતા દ્વારપાળો વગેરેને જોતા, તેમના પ્રણામો ઝીલતા ચાલતા હતા. (૨૬)

પછી શ્રીહરિ તે વાડીમાં વિસ્તારવાળા મનોહર સભામંડપમાં આવીને પોતાના સિંહાસન ઉપર બિરાજમાન થયા. રાજા તથા અન્ય જનો પણ હર્ષપૂર્વક શ્રીહરિની સમીપે બેઠા. (૨૭)

શ્રીહરિની સાથે આવેલા સમગ્રજનો તે વાડીમાં રાજાએ બંધાવેલા અતિવિસ્તૃત અને મોટા તંબુઓમાં રહેતા હતા. (૨૮) અતિથિ સત્કાર કરનારા રાજાએ પોતાના જનોની સાથે શ્રીહરિનો યથા યોગ્ય અતિથિ સત્કાર કર્યો. પછી શ્રીહરિની ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વિષયક વાર્તા સાંભળીને રાજા પ્રસન્ન થયા અને શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૯)

સયાજીરાવ નૃપ કહે છે :- હે હરે ! આપના આવતા પહેલાં આ મસ્તુ બાગમાં બ્રાહ્મણો પાસે રસોઈ તૈયાર કરાવી છે માટે સાધુ વગેરેને આપ ભોજન કરાવો. હે ઈશ્વર ! આપ આપના બંધુઓ પાસે રસોઈ કરાવીને બંધુઓની સાથે ભોજન કરો. (૩૦)

એટલે શ્રીહરિએ રાજાને 'બહુ સારું' એમ કહ્યું. તેથી પ્રસન્ન થયેલા રાજા શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિ તથા તેમના આશ્રિતોની સેવા કરવામાં ચતુર પોતાના જનોને યોગ્ય સૂચન કરીને, શ્રીહરિની આજ્ઞાથી પોતાના જનોની સાથે પોતાના મહેલમાં ગયા. (૩૧)

પછી નરેન્દ્રે સુવર્ણ પાત્રોમાં ભરેલા સુંદર પેંડા બરફી વગેરે ખાદ્ય પદાર્થો બ્રાહ્મણો પાસે શ્રીહરિ માટે મોકલાવ્યા (૩૨)

તે અતિરમણીય ખાદ્ય પદાર્થો શ્રીહરિએ પોતાના બંધુજનોને આપીને પોતે લગારેક જમીને પોતાની પ્રસાદીભૂત તે ભોજ્ય પદાર્થ ભક્તજનસમૂહને આપતા હતા. (૩૩) હે રાજન્ ! પછી શ્રીહરિ સ્નાન તથા પોતાનો શુભ સંધ્યા વિધિ યથાર્થ કરીને, બંધુ વર્ગની સાથે વિષ્ણુને અર્પણ કરીને જુદા જુદા ભોજનો જમ્યા. (૩૪)

બ્રહ્મચારીઓ સર્વે રસોઈ કરીને શ્રીહરિની સ્મૃતિ કરતા જમતા હતા. મુનિઓ વગેરે પણ જલેબી તથા વિવિધ પ્રકારના ભોજનો શ્રીહરિની સ્મૃતિ કરીને યથાયોગ્ય જમતા હતા. (૩૫) પછી સભામાં બેઠેલા વ્યાપક શ્રીહરિએ ધર્માદિ સંબંધિ વાર્તા કરી અને પછી પોતાના સમગ્ર ભક્તોને તેમના નિવાસસ્થાનોમાં જવાની આજ્ઞા આપી. પછી પોતે રત્નજી, ભગુજી વગેરે મુખ્ય પાર્ષદો સહિત પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૩૬)

અત્યંત કોમળ ગાદલાવાળી પોતાની ઉત્તમ શય્યામાં પોઢી શ્રીહરિ પોતાના ચરણકમળમાં પ્રીતિવાળા પાર્ષદોની સેવા સ્વીકારતા યોગ નિદ્રા અંગીકાર કરતા હતા. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં સિંહજીત નૃપે શ્રીહરિનું પૂજન કર્યું તે નિરૂપણ નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)



અધ્યાય ૧૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! શ્રીહરિ બ્રાહ્મ મુહૂર્તમાં યોગનિદ્રાનો ત્યાગ કરી, પોતાના સ્વતઃસિદ્ધ જ્ઞાનવાન સ્વરૂપનું ચિંતવન કરતા હતા. (૧) હે રાજન્ ! પ્રાતઃકાળમાં પોતાના નિવાસસ્થાનમાં મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. પછી શ્રીહરિએ પોતાના નિત્યવિધિનો આરંભ કર્યો. (૨)

તેટલામાં વેદ જાણનારા ગૌતમ, અનૂપરામ તથા યજ્ઞેશ્વર વગેરે શાસ્ત્રીઓ તેમજ ભાઉ પુરાણી વગેરે પુરાણ જાણનારા, રૂપરામ વગેરે વેદાંગો જાણનારા પુરના બ્રાહ્મણો ત્યાં આવ્યાં. (૩) શ્રીહરિના નિવાસસ્થાનની બહાર બેઠેલા તે બ્રાહ્મણોના આગમન સંબંધી કુબેર દ્વારપાળે હર્ષપૂર્વક શ્રીહરિને જણાવ્યું. (૪)

પછી તે દ્વારપાળે, શ્રીહરિએ તેને હાથની સંજ્ઞાથી આજ્ઞા આપી એટલે તે વિદ્વાન્ બ્રાહ્મણોને શ્રીહરિના નિવાસસ્થાનના પ્રવેશ કરાવ્યો. (૫) ધર્મધૂરંધર શ્રીહરિ પોતાની સમીપમાં આવેલા તે બ્રાહ્મણોને જોઈને, હસ્તકમળ તથા નેત્રકમળની સંજ્ઞાથી તેમને માન આપતા હતા. (૬) વિનયયુક્ત તે સમગ્ર બ્રાહ્મણો શ્રીહરિના નિવાસસ્થાનમાં રહેનારા રત્નજી તથા ભગુજી પાર્ષદોએ પાથરેલા રમણીય આસન ઉપર શ્રીહરિની આગળ હર્ષપૂર્વક બેઠા. (૭)

તે સર્વે વિપ્રો શ્રીહરિનો સર્વોપરી નિત્યવિધિ શાસ્ત્ર પ્રમાણે જોઈ મહા આશ્ચર્ય પામ્યા અને શ્રીહરિએ કરેલા નિત્યવિધિની પરસ્પર પ્રશંસા કરવા લાગ્યા. (૮) શાસ્ત્ર જાણનારા તે બ્રાહ્મણો શ્રીહરિને પ્રસન્ન કરવા માટે પરસ્પર શાસ્ત્રાર્થ કરવા લાગ્યા. વેદ જાણનારા વેદોચ્ચારણ કરવા લાગ્યા. (૯)

તે વિદ્વાનોનો વાદ તથા વૈદિક બ્રાહ્મણોએ કરેલું વેદોચ્ચારણ સાંભળી પ્રસન્ન થયેલા શ્રીહરિએ પોતાનું સર્વ નિત્યકર્મ સમાપ્ત કર્યું. (૧૦) હે રાજન્ ! શ્રીહરિની સર્વજ્ઞતા જાણવાની ઈચ્છાવાળા, વિવિધ પ્રકારના શાસ્ત્રોનું પરિશીલન કરનારા તે પંડિતો, ધર્મપુત્ર શ્રીહરિને પૂછવા લાગ્યા. (૧૧)

હે હરે ! પ્રાતઃસંધ્યા વિધાનમાં આપે બ્રહ્માની સાથે ગાયત્રીનું અહ્વાન કર્યું. બ્રહ્મ અને ગાયત્રીનો કર્યો સંબંધ છે ? (તેમની વચ્ચે પતિપત્ની ભાવનો સંબંધ સાંભળ્યો નથી. માટે અમારો આ પ્રશ્ન છે.) (૧૨) તેમજ મધ્યાહ્ન સંધ્યામાં રુદ્રની સાથે સાવિત્રીનું આહ્વાન ગૃહ્યાદિ ગ્રંથમાં કહ્યું છે. રુદ્ર અને સાવિત્રીનો ક્યો સંબંધ છે ? (સાવિત્રી બ્રહ્માની પત્ની છે તે પ્રસિદ્ધ છે. તેનો પત્નીભાવ રુદ્રની સાથે કેમ સંભવે ? એ પ્રશ્ન છે.) (૧૩)

વળી સાયં સંધ્યાવિધિમાં વિષ્ણુની સાથે સરસ્વતીનું આહ્વાન ગૃહ્ય સૂત્રમાં કહ્યું છે. વિષ્ણુ

સરસ્વતીનો કયો સંબંધ છે ? (પતિપત્નીના ભાવ જણાય છે છતાં તેવું શાસ્ત્રમાંથી સાંભળ્યું નથી માટે અમારો પ્રશ્ન છે.) (૧૪) વેદશાસ્ત્ર જાણનારાઓમાં શ્રેષ્ઠ અને સર્વવિત્ આપ આ પ્રશ્નનો ઉત્તર જાણવા ઈચ્છતા અમોને, શાસ્ત્ર પ્રમાણે જેમ હોય તેમ યથાર્થ કહો. (૧૫)

પછી શ્રીહરિએ તે વિદ્વાનોને આ પ્રમાણે કહ્યું, હે પંડિતો ! ગાયત્રી બ્રહ્માની પત્ની છે. એ કથા પદ્મપુરાણમાં કહી છે. માટે તે કથા ત્યાંથી જાણવી. (૧૬) મેદિની કોશમાં ઉમાનેજ સાવિત્રી કહ્યા છે. મધ્યાહન સંધ્યામાં જેને સાવિત્રી કહ્યા છે તે ઉમાની જ સંજ્ઞા કોશ પ્રસિદ્ધ છે. તેથી બીજી પત્ની છે. એવો ભ્રમ સેવવો નહિ. તેવી રીતે મેદિની કોશ ''**सावित्री सत्यवत्पन्यां ब्रह्मपत्न्युभयोरपि**'' સત્યવ્રતનીમાં સાવિત્રી બ્રહ્મપત્નીમાં તથા ઉમામાં પણ સાવિત્રી શબ્દનો ઉપયોગ છે અને વિષ્ણુની પત્ની સરસ્વતી છે તે બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહ્યું છે. ''**लक्ष्मीः सरस्वती वृन्दास्तिस्त्रः पत्न्यो हरेरपि**'' લક્ષ્મી, સરસ્વતી અને વૃંદા એ ત્રણ પત્નીઓ વિષ્ણુની છે. તેમાં શંકાનો અવકાશ રહેતો નથી. (૧૭)

હે પંડિતો ! આવી રીતે મેં તમારા પ્રશ્નનું સમાધાન કર્યું. તમારા પ્રશ્નના ઉત્તરમાં કાંઈ સંશય હોય તો તમો મને પૂછો. (૧૮) પછી પંડિતો શ્રીહરિને કહેવા લાગ્યા. હે હરે ! તમોએ અમારા પ્રશ્નનું સમાધાન યથાશાસ્ત્ર કર્યું. આવી રીતે કોઈએ કર્યું નથી. (૧૯)

પછી તે બ્રાહ્મણો વેદ શાસ્ત્રાદિ વિષયો સંબંધી જેના ઉત્તર ન થઈ શકે તેવા વિવિધ પ્રકારના પ્રશ્નો સર્વ નિયંતા શ્રીહરિને પૂછવા લાગ્યા. (૨૦) શ્રીહરિ પણ તેમને આનંદ આપતા સુધાથી પણ મિષ્ટ વાણીથી, તેમના પ્રશ્નોના ઉત્તર વેદશાસ્ત્રના પ્રમાણોથી કરવા લાગ્યા. (૨૧)

પ્રશ્નોના ઉત્તરમાં શ્રીહરિની નિપુણતા જોઈને તે પંડિતો શ્રીહરિનું ઐશ્વર્ય જાણી શ્રીહરિને હર્ષપૂર્વક નમસ્કાર કરવા લાગ્યા. તથા તેમની પ્રશંસા કરવા લાગ્યા. (૨૨) પછી શ્રીહરિએ તેમને તલથી ભરેલા તથા ઘીથી ભરેલા પાત્રો આપ્યા. તેમજ તેમનો સત્કાર કરીને હર્ષપૂર્વક તેમને રૂપામુદ્રાઓ તથા સુવર્ણ મુદ્રાઓ આપી. (૨૩)

તે પંડિતો પુષ્કળ દક્ષિણા પ્રાપ્ત થવાથી પ્રસન્ન થઈ શ્રીહરિને નમસ્કાર કરી પોતપોતાને ઘેર ગયા. અને બીજા પંડિતો પાસે શ્રીહરિની પ્રશંસા કરવા લાગ્યા. (૨૪) હે પંડિતો ! અમોએ ઘણા આચાર્યો જોયા. તોપણ શ્રીસ્વામિનારાયણ સમાન કોઈ જોયા નથી. તેમ સાંભળ્યા પણ નથી. (૨૫) અમોએ પ્રશ્નોના ઉત્તર કરવામાં જે શ્રીસ્વામિનારાયણની નિપુણતા જોઈ તથા વેદોક્ત કર્માચરણમાં પણ તેમની નિપુણતા જોઈ. વળી તેમની અતિ મહાન ઉદારતા પણ જોઈ. (૨૬)

શ્રી સ્વામિનારાયણ સંબંધી જે કાંઈ છે તે અન્યના સમાન નથી. માટે શ્રીસ્વામિનારાયણ અનન્ય ઉપમાવાળા છે. એમ જણાય છે. (૨૭)

આવી રીતે પુરના પંડિતો શ્રીહરિની પાસે આવેલા પંડિતજનોનું વચન સાંભળીને પરમ વિસ્મય પામ્યા અને શ્રીહરિના દર્શન કરવામાં ઉત્સાહવાળા થયા. (૨૮) આવી રીતે શ્રીહરિ પોતાનો પ્રતાપ વિસ્તારતા, પોતાના જનોને અત્યંત સુખ આપતા, અધર્મનો નાશ કરતા તથા ધર્મનું સ્થાપન કરતા વટપત્તનમાં રહ્યા. (૨૯)

વટપત્તનમાં સયાજીરાવ રાજા પોતાના અનુચરો સહિત તેમજ પોતાના જનો સહિત શ્રીહરિની આદરપૂર્વક પરમપ્રીતિથી સેવા કરતા હતા. (૩૦)

હે રાજન્ ! વડોદરામાં શ્રીહરિના ઘણાં ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. તેમાંના કેટલાકના નામ તમોને હું કહું છું. (૩૧) રાજાના અમાત્ય નારૂપંત, રામચંદ્ર, શોભારામ, લક્ષ્મીરામ, સદાશિવ, બાપુજી જયશંકર, દેવશંકર વગેરે બ્રાહ્મણો શ્રીહરિની સેવા કરતા હતા. (૩૨, ૩૩) તેમજ ચીમનરાવ આદિ ક્ષત્રિયો પણ શ્રીહરિની સેવા કરતા હતા. નાથજી ભક્ત તથા વનમાળી વૈશ્ય ભક્તો શ્રીહરિની પ્રીતિપૂર્વક સેવા કરતા હતા. (૩૪)

વાઘમોડીયા પાંઢરા (એ ઉપનામથી પ્રસિદ્ધ વૈશ્ય જાતિના) દક્ષિણી રામચંદ્ર વગેરે પણ શ્રીહરિની હર્ષપૂર્વક સેવા કરતા હતા. (૩૫) બે પ્રભુદાસ તથા બે જગજીવન એ આદિક ઘણા વૈશ્યો શ્રીહરિની આદરપૂર્વક સેવા કરતા હતા. (૩૬)

પ્રસિદ્ધ વણિક ભક્ત બાપુરાયજી, પ્રેમાનંદ, વૃજલાલ, હરિલાલ વગેરે ધનાઢ્યો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૩૭) વળી શોભારામ સોની પણ શ્રીહરિની સેવા કરતા હતા. નંદલાલ તથા શ્રીહરિના આશ્રિત શિલ્પી દયારામ વગેરે શ્રીહરિની સેવા કરતા હતા. (૩૮) સુથાર ભગુજી તથા ધર્મદાસ તથા ટંકારા મોતી વગેરે હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૩૯)

વૃંદાવન વગેરે લુહારો પણ શ્રીહરિને સેવતા હતા. તેમજ નારાયણ વગેરે તંબોળીઓ પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૪૦) સ્ત્રી ભક્તોમાં મધા તથા રેવા વગેરે ભક્તિવાન સ્ત્રીઓ ધર્મના પુત્ર શ્રીહરિની યથા યોગ્ય સેવા કરતી હતી. (૪૧)

શ્રીહરિની સાથે વટપત્તન આવેલો નાપિત રૂડો દરરોજ રાત્રે શ્રીહરિની આગળ મશાલ ધારણ કરતો હતો. (૪૨) પછી બીજે દિવસે વણિક ભક્ત બાપુજી, શ્રીહરિ વગેરે માટે હર્ષપૂર્વક વિવિધ પ્રકારની રસોઈની સામગ્રીઓ આપતા હતા. (૪૩)

હે ભૂપતે ! પછી શ્રીહરિ પોતાના બંધુઓની સાથે વિષ્ણુને અર્પણ કરેલા વિવિધ પ્રકારના તે ભોજનો જમ્યા. (૪૪) વર્ણિઓ તથા બ્રાહ્મણો પણ જુદી જુદી રસોઈ કરી વિષ્ણુને અર્પણ કરી ભોજન જમ્યા. તેમજ સમગ્ર મુનિઓ તથા પાર્ષદો પણ જમ્યા. (૪૫)

પછી શ્વેત વસ્ત્ર ધારણ કરેલા શ્રીહરિ છડિદારની છડી સાંભળતા, ચટચટ પાદુકાના ધ્વનિ

સાથે રૂમાલ સહિત હાથ હલાવતા, હાર તથા તોરાઓ જેમને હલે છે એવા, પોતાના પાર્ષદો સહિત સભામાં આવી સભાના મધ્ય ભાગમાં પોતાના અતિ ઊંચા રમણીય સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં પંડિતોએ શ્રીહરિને પ્રશ્નો પૂછ્યા. અને શ્રીહરિએ તેમનું સમાધાન કર્યું તે નિરૂપણ નામે પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)



અધ્યાય ૧૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! તે મહાસભામાં શ્રીહરિની પાસેના આસન ઉપર તેમના બંધુજનો વગેરે યથાયોગ્ય બેઠા. (૧) હે નૃપ ! ગુણથી શ્રેષ્ઠ સમગ્ર મુક્તાનંદાદિ સાધુઓ શ્રીહરિની સમીપે બેઠા તેમજ બંને પડખે વૃદ્ધ પંડિતો બેઠા. (૨) બીજા ગૃહસ્થ ભક્તો જાતિ, ઉંમર, ગુણ પ્રમાણે તે મહાસભામાં બેસીને સ્થિર નેત્રથી શ્રીહરિના દર્શન કરતા હતા. (૩)

શ્રીહરિની પાછળના ભાગમાં ધારણ કર્યાં છે આયુધો જેમણે એવા અતિનિપુણ શ્રીહરિની આજ્ઞા પરાયણ શૂરવીર પાર્ષદો ઊભા રહ્યા. (૪) હાથમાં સુવર્ણની છડી ધારણ કરતા વિચક્ષણ દ્વારપાળ કુબેર શ્રીહરિની સમીપે કાર્ય નિવેદન કરતાં ઊભા રહ્યાં. (૫) તેટલામાં રૂપશંકર, વિશ્વનાથ શાસ્ત્રી વગેરે પુરના નૈયાયિક બ્રાહ્મણો તેમજ આંબા શાસ્ત્રી વગેરે વેદાંત શાસ્ત્ર નિપુણ બ્રાહ્મણો તથા ભગવાન, મહાશંકર વગેરે શાસ્ત્રીઓ સભામાં આવ્યા. (૬)

સાંખ્ય શાસ્ત્ર જાણનારા દયારામ શાસ્ત્રી, યોગશાસ્ત્ર જાણનારા ગંગાધર શાસ્ત્રી તથા મીમાંસા શાસ્ત્ર જાણનારા બાબા શાસ્ત્રી, કાવ્યાલંકાર કોશ જાણનાર હરિભટ્ટ શાસ્ત્રી, મંત્રશાસ્ત્ર જાણનારા દયાનાથ શાસ્ત્રી તથા તંત્ર જાણનારા તુલાશંકર વગેરે. (૭) પંચરાત્ર શાસ્ત્ર જાણનારા ઈશ્વર ભટ્ટ, રામકૃષ્ણ વગેરે વૈદિક બ્રાહ્મણ, ભારત વગેરે પુરાણ જાણનારા બ્રાહ્મણો, જ્યોતિ, શાસ્ત્રજ્ઞ ગિરજાશંકર આદિ. (૮)

તેમજ વેદ, વેદાંગ પારંગત અન્ય ઘણા બ્રાહ્મણો તથા વિવિધ પ્રકારના મતવાદીઓ તથા પુરના હજારો જનો ત્યાં આવ્યા. (૯)

પછી સુવર્ણ છડી ધારણ કરનાર કુબરજીતે શ્રીહરિની આજ્ઞાથી તે મોટી સભામાં તે વિદ્વાન બ્રાહ્મણોને પ્રવેશ કરાવ્યો. (૧૦) શ્રીહરિએ તેમનું સન્માન કર્યું. સમગ્ર શાસ્ત્રી વગેરે વિદ્વાનો પણ શ્રી હરિને પ્રણામ કરીને તે સભામાં યથા યોગ્ય બેઠા. (૧૧)

પુરના કેટલાક જનસમૂહ તે દિવ્ય મહાસભામાં યથાયોગ્ય બેઠા. અન્ય જનો તે સભાની સમીપે ઊભા રહ્યા. (૧૨) પંડિતો તથા તે જનોનો સમૂહ સર્વ ઐશ્વર્યના મહાસાગર રૂપ સ્વામિનારાયણ શ્રીહરિના દર્શન કરી વિસ્મય પામ્યા. (૧૩)

શ્રીહરિના દર્શન માટે આવેલા તે પુરના જનો તથા અન્ય ગામથી આવેલા જનોની તે સમયે ત્યાં ઘણી ભીડ થઈ. (૧૪) શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળા, વાહનમાં બેઠેલા, સૈન્ય તથા કારભારીઓ સહિત બુદ્ધિમાન સયાજીરાવ મહારાજા ત્યાં આવ્યા. (૧૫)

શ્રી સ્વામિનારાયણે હર્ષપૂર્વક તે રાજાને આધારપૂર્વક પોતાની સમીપે બેસાડવા તથા તેમના આશ્રિતોને પણ યથાયોગ્ય બેસાડ્યા. (૧૬) તે સભામાં શ્રીહરિને નમસ્કાર કરી સ્થિર બેઠેલા તે રાજા વગેરે શ્રીહરિના દર્શન કરીને તથા તે શાંત અને દિવ્ય સભા જોઈને અતિ વિસ્મય તથા શાંતિ પામ્યા. (૧૭)

તે સભામાં સમાધિ પામેલા કેટલાક સાધુને તથા બીજા ગૃહસ્થોને જોઈને પ્રત્યક્ષ શ્રીહરિનો અતિશય પ્રતાપ તે રાજા વગેરે સૌ જાણવા લાગ્યા. (૧૮) પછી શ્રીહરિની સર્વજ્ઞતા જાણવા ઈચ્છતા વિદ્વાનો તત્ત્વથી શાસ્ત્રસિદ્ધાંત શ્રી સ્વામિનારાયણ પાસે કરાવવા ઈચ્છતા હતા. (૧૯)

શાસ્ત્રના સંવાદમાં નિપુણ, અન્યથી ન જીતી શકાય તેવા વિદ્વાનો, પોતપોતાનું પાંડિત્ય જણાવતા પરસ્પર વિવાદ કરતા હતા. (૨૦) તે પંડિતોમાં પહેલાં પંચરાત્ર, વેદાંત, સાંખ્ય શાસ્ત્ર તથા યોગ શાસ્ત્ર જાણનારા પંડિતો વિવાદ કરતા હતા. (૨૧) વિવાદ કરનારા તે પંડિતોમાં સાંખ્ય શાસ્ત્ર જાણનારા બ્રાહ્મણો સાંખ્ય વિચારથી જ શ્રીહરિના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન થાય એમ કહેતા હતા. (૨૨) પંચરાત્ર જાણનારા તે પ્રમાણે જ પોતાના શાસ્ત્રથી તે સ્વરૂપનું જ્ઞાન થાય એમ કહેતા હતા. વેદાંત જાણનારા બ્રાહ્મણો પણ પોતાનો જ મત કહેતા હતા એવી રીતે સર્વ પોતે જાણેલા શાસ્ત્રના જ્ઞાનથી જ શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન સંપૂર્ણ થાય તેમ કહેતા હતા. (૨૩)

એવી રીતે પંડિતો પોતપોતાના શાસ્ત્ર જ્ઞાનની અધિકતા પ્રતિપાદન કરતા પરસ્પર વિવાદ કરતા હતા. (૨૪) તેમનો અભિપ્રાય જાણતા શ્રીસ્વામિનારાયણ મંદ મંદ હસતા તે સભ્યોને આનંદ પમાડતા તે બ્રાહ્મણોને કહેવા લાગ્યા. (૨૫)

હે પંડિતો ! મારી પાસે શાસ્ત્ર સંબંધી સિદ્ધાંત નિર્ણય કરાવવા માટે તમો વિવાદ કરો છો. તમારો આ સંકલ્પ છે તે મેં જાણ્યો છે. (૨૬) શ્રીહરિની આવી વાણી સાંભળીને બ્રાહ્મણો શ્રીહરિને પ્રાણધારીઓના સાક્ષી જાણી વિસ્મય પામી નમ્રતાપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૭)

હે ભગવન્ ! અમો વિદ્વાનોનો આપના કહ્યા પ્રમાણે જ સંકલ્પ છે માટે સર્વજ્ઞ આપ શાસ્ત્રનો સિદ્ધાંત સમજાવો. (૨૮) તેમનુ આવું વચન સાંભળીને શ્રીહરિ તેમને કહેવા લાગ્યા. હે

પંડિતો ! શાસ્ત્રનો સિદ્ધાંત તમોને સ્પષ્ટપણે હું કહું છું. (૨૯)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે પંડિતો ! કપિલ પ્રણીત સાંખ્ય શાસ્ત્ર જાણનારાઓએ સાંખ્ય શાસ્ત્રમાં ચોવીસ તત્ત્વો કહ્યાં છે તથા તેના જુદા જુદા લક્ષણો કહ્યાં છે. (૩૦) તેનાથી જુદો પચીસમો પુરુષ છે. કાર્ય કારણનો તેમાં અભેદ્ય છે. પ્રકૃતિથી તે જુદો છે પ્રકૃતિને પ્રકાશ કરનારો છે તેને ક્ષેત્રજ્ઞ નામના ભગવાન કહ્યા છે એમ જાણો. (**मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त । षोडशकस्तु विकारो न प्रकृतिर्नविकृतिः पुरुषः**) (૩૧)

યોગશાસ્ત્રમાં પાતંજલ મતના અનુયાયીઓ જીવને તત્ત્વોથી જુદો પચીસમો કહે છે. તેનાથી જુદા છવીસમા ભગવાન છે. (૩૨) ભગવાન પ્રાકૃત આકારથી રહિત, દિવ્યાકૃતિવાળા, કલ્યાણ ગુણોથી સંપૂર્ણ છે. (૩૩)

હવે વેદાંતમાં તો ભગવાને નિરાકાર, વ્યાપક, સર્વકારણ, નિર્ગુણ, પરબ્રહ્મ, સર્વના આશ્રય કહેલા છે. (૩૪) પંચરાત્રમાં ભગવાને વાસુદેવરૂપે નિર્ગુણ કહ્યા છે. સંકર્ષાદિ રૂપે તેમણે સગુણ કહ્યા છે. વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન નામના વિશેષણોથી ચતુર્વ્યૂહ કહ્યો છે અને વરાહાદિ અવતારને ધારણ કરનારા કહ્યા છે. (૩૫)

સાંખ્ય શાસ્ત્રમાં કપિલ મુનિના અનુયાયીઓએ જીવાત્માને ચોવીસ તત્ત્વોથી જુદો કહ્યો નથી. (૩૬) માટે સાંખ્ય શાસ્ત્રના મત અનુસાર ચોવીસ તત્ત્વથી પૃથક્ જીવાત્માને સમજીએ તો પચાસમા જીવાત્મા જ જણાય છે પણ પુરુષ જણાતા નથી. (૩૭)

જયારે સાંખ્ય શાસ્ત્રમાં સમગ્રના આશ્રય પચીસમા પરમાત્માને કહ્યા છે. હે વિદ્વાનો ! તેથી સુજ્ઞપુરુષો તે પરમાત્માને જાણી શકતા નથી. (કપિલના ગ્રંથનો વિચાર કરતા પુરુષ પ્રકૃતિના વિવેકમાં પોતાની પ્રવૃત્તિ હોવાથી, પ્રકૃતિ તત્ત્વથી પુરુષ જુદો છે એમ ભાવના કરતા તત્ત્વથી પર પુરુષ ભગવાન છે એમ જ્યાં સમજે છે તે સમયે પ્રકૃતિ પુરુષ બંનેથી જુદો વિચાર કરનાર હું કોણ છું ? હું ચેતન હોવાથી પ્રકૃતિનો વિકાર નથી, અનીશ્વર હોવાથી હું પુરુષ શબ્દવાચ્ય ભગવાન નથી. તેથી અનાદિ અવિદ્યાબદ્ધ જીવ છું. એવું વિચારવાથી પચીસમો હું, છવીસમા પુરુષ શબ્દ પરમાત્મા છે. માટે સુજ્ઞ પુરુષો કપિલમતથી પોતાના આત્માને જાણી શકતા નથી.) (૩૮)

યોગશાસ્ત્રમાં ચોવીસ તત્ત્વોથી પૃથક્ પચીસમો જીવ છે અને છવીસમો મૂર્તિમાન ભગવાન છે તેમ સ્પષ્ટ કહ્યું છ. (૩૯) પરંતુ ભગવાનને અહીં મૂર્તિમાન કહ્યા એટલે તેમનામાં પરિચ્છિન્નપણું જણાય સાકાર હોય તે પરિમેય હોય છે. પરિચ્છિન્ન હોવાથી, જે જે પરિચ્છિન્ન હોય છે તે સાકાર હોય છે. જેમ ઘટપટાદિ પદાર્થો પરિચ્છિન્ન હોય છે તો તે સાકાર હોય છે. ''**साकारं परिमेयम् परिछेद्यत्वात् घटवत्**'' તેથી એ દોષ આવે છે કે, શાસ્ત્રમાં કહેલું ભગવાનનું સર્વત્ર પૂર્ણપણું તથા

નિયંતાપણં તે યથાર્થ જળવાતું નથી. (૪૦)

વેદાંત શાસ્ત્રમાં ભગવાનને નિરાકાર, નિર્ગુણ, સર્વત્ર વ્યાપક, સર્વકારણ, સર્વાશ્રય કહ્યા છે. (૪૧) હે પંડિતો ! વેદાંત શાસ્ત્રમાં વિભુ ભગવાનને નિરાકાર નિર્ગુણ કહ્યા હોવાથી સંભ્રમ થાય છે. તેથી તેમનું દિવ્યાવયવ યુક્ત મૂર્તપણું પ્રાકૃત ઇન્દ્રિયથી રહિતપણું જણાતું નથી. (૪૨)

સર્વેશ્વર ભગવાન માયાના ગુણોથી રહિત છે. અને કલ્યાણ ગુણોથી યુક્ત છે. તેવું વેદાંતના મતથી જાણી શકાતું નથી. (૪૩) માટે ભ્રમયુક્ત બુદ્ધિવાળા વેદશાસ્ત્ર જાણનારા કેટલાક પંડિતો સર્વોપરી વાસુદેવને નિરાકાર કહે છે. (૪૪)

હે વિદ્વાનો ! પંચરાત્રમાં તો ભગવાનને સાકાર, જગતપતિ, પરમાત્મા, ભગવાન વગેરે કહ્યા છે. અને તેમના દ્વારા વરાહાદિ અવતારોનો પ્રાદુર્ભાવ થાય છે. એમ વર્ણન કર્યું છે. (૪૫) હે પંડિતો ! કેવળ પંચરાત્ર શાસ્ત્રનો જ મત સ્વીકાર કરીએ તો ભગવાનના અવતારોમાં તેમનાં ભક્તોને ભગવાનનું એક દેશસ્થપણું તથા તેમને વિષે મનુષ્ય ભાવની ભાવના ઉત્પન્ન થાય છે. (૪૬)

તેવી રીતની બુદ્ધિવાળા ઉપાસકોને અવતારોનું અંતર્યામીપણું તથા સર્વત્ર પૂર્ણપણું, પંચરાત્ર શાસ્ત્રના મતથી જણાતું નથી. (૪૭) માટે ચારે શાસ્ત્રોમાં એક એક દોષ હોવાથી ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન મનુષ્યોને પહેલાં કહેલા ચાર શાસ્ત્રોથી જ થાય છે. (૪૮)

એક શાસ્ત્રથી ભગવાનના સ્વરૂપના જ્ઞાનમાં જે ન્યૂનતા રહી જાય તે ન્યુનતા બીજા શાસ્ત્રોમાં નાશ થાય છે અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન યથાર્થ થાય. (૪૯)

આવી રીતે શ્રીહરિએ કહેલો યથાર્થ શાસ્ત્ર સિદ્ધાંત સાંભળીને આશ્ચર્ય પામેલા તે શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણો, સભાજનો તથા રાજા પ્રસન્ન થયા. અને શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૫૦) પછી પંડિતોમાં મુખ્ય પંડિતો શ્રીહરિની સર્વજ્ઞતા જાણી, બંને હાથ જોડીને, વિનયપૂર્વક અનુપણ પ્રતાપવાળા શ્રીહરિને કહેવા લાગ્યા. (૫૧)

હે ઉદારબુદ્ધે ! ઈશ્વર એવા અમોને આપે જેવો શાસ્ત્રીય સિદ્ધાંત કહ્યો તેવો હે અપાર મહિમાવાળા ! અહીં કોઈ વિદ્વાનો તથા આચાર્યવર્યોએ સ્પષ્ટ પણે કહ્યો નથી. (૫૨) હે ભગવન ! આપે ઘણા કાળનો અમારો સંશય છેદી નાખ્યો છે. હે વિભો ! અમો આપના પ્રતાપથી હાલમાં સંશયરૂપી શલ્યથી રહિત થયા છીએ. (૫૩)

પતંગીયાઓ સૂર્યનો પરાભવ કરવા માટે શું સમર્થ થાય છે ? નથી જ થતા. તેમ અમે સર્વજ્ઞ એવા આપનો પરાભવ કરવા માટે શું સમર્થ છીએ ? નથી જ એ પ્રમાણે શ્રીહરિને કહીને ફરીથી તેઓ શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૫૪)

પછી નૈયાયિકો શ્રીહરિની પ્રસન્નતા માટે પરસ્પર વાણીની ઉદારતા પૂર્વક વિવાદો કરતા હતા. તેવી રીતે વ્યાકરણ શાસ્ત્ર જાણનારા બ્રાહ્મણો ઉતાવળથી બોલીને વિવાદો કરતા હતા. (૫૫) તે સમયે ન્યાયશાસ્ત્ર તથા વ્યાકરણશાસ્ત્ર જાણનારા પંડિતોથી પણ ન જાણી શકાય એવો સિદ્ધાંત અગાધ બોધવાળા શ્રીહરિએ તેમને આનંદ પમાડતા સમજાવ્યો. (૫૬)

વેદ જાણનારાઓ પણ પ્રત્યક્ષ શ્રીહરિને સૂક્ષ્મ પ્રશ્નો પૂછતા હતા. તેમજ પુરાણ જાણનારા પણ પુરાણ સંબંધી પ્રશ્નો શ્રીહરિને પૂછતા હતા. અન્ય જનો પણ પોતે અભ્યાસ કરેલી વિદ્યા સંબંધી વિચિત્ર પ્રશ્નો શ્રીહરિને પૂછતા હતા. (૫૭) પછી અત્યંત પ્રતિભા સાગર શ્રીહરિ તે પ્રશ્નોના ઉત્તર વેદશાસ્ત્રોના ઘણા પ્રમાણોથી જુદા જુદા સ્પષ્ટ પણે કરતા હતા. (૫૮)

સૂર્યના તેજમાં પતંગિયાના તેજ જેમ નિસ્તેજ થાય તેમ તે પંડિતોનો પ્રતાપ શ્રીહરિના પ્રતાપ પાસે અતિશય નિસ્તેજ થઈ ગયો. તેથી બુદ્ધિમાં રહેલા તર્ક જેમના ક્ષીણ થયા છે એવા તે પંડિતો, પોતાની વિદ્યાના ગર્વનો ત્યાગ કરીને શ્રીહરિ પ્રત્યે બોલવા અસમર્થ થયા અને અત્યંત વિનયયુક્ત બની ગયા. (૫૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં જીવ, ઈશ્વર, માયા આદિ પૃથક્ભાવ નિરૂપણ નામે સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)



અધ્યાય ૧૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વડોદરા પુરમાં કેટલાક બુદ્ધિમાન સભાસદો બંને હાથ જોડીને સભામાં બેઠેલા સભાજનોની અનુમતિથી શ્રીહરિને કહેવા લાગ્યા. (૧) હે સ્વામિન્ ! આપના શિષ્યો આપના ચરણ સેવનારા છે માટે તેઓ ધન્ય છે. વળી ત્યાગી પુરુષો તથા ગૃહસ્થજનો પણ કેવી રીતે વર્તે છે. (૨)

હે દયાનિધે ! આપના આશ્રિતો કેવી રીતે વર્તે છે, તે સર્વ સભામાં બેઠેલા અમો બધા સાંભળવા ઈચ્છિએ છીએ માટે સર્વ નિયંતા આપ અમોને તે સર્વ કહો. (૩) જીવોને અભયદાન આપનારા શ્રીહરિ તેમનું આવું વચન સાંભળીને, સાંભળવામાં ઉત્સુક તે સર્વને પ્રસન્ન કરતા મધુર વાણીથી બોલ્યા. (૪)

હે સભાજનો ! તમો સર્વ મારું વચન સાંભળો. મારા ત્યાગી પુરુષો તથા ગૃહસ્થોને વર્તવાની રીત તમોને હું કહું છું. (૫)

હે સભાજનો ! મારા આશ્રિત હજારો ત્યાગીઓ તો ધનનો સ્પર્શ કરતા નથી. હિંસા વગેરેમાં કારણભૂત લોભ તેનો પણ ત્યાગ કરે છે. (૬)

જે કામે આ લોકમાં મનુષ્ય, દેવ, અસુર તથા ઈશ્વરોને રાંક બનાવ્યા છે તે કામને પણ અમારા સાધુ તથા ત્યાગીઓ પરાભવ પમાડે છે. (૭) અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય હંમેશા પાળે છે. અતિ દુષ્કર તે બ્રહ્મચર્યને પ્રાજ્ઞ પુરુષોએ બ્રહ્મનું સ્વરૂપ કહ્યું છે. (૮)

હે સભાજનો ! બ્રહ્મચર્યથી નાનાપ્રકારના સર્વસત્કર્મોનું ફળ જનો પામે છે. બ્રહ્મચર્ય વિના સર્વ સત્કર્મો નિષ્ફળ થાય છે. (૯) સમગ્ર ધર્મોમાં શ્રેષ્ઠ અને પાપનો નાશ કરનારું જ બ્રહ્મચર્ય છે તેનો જો નાશ થાય તો જેમ મૂળ છેદવાથી વૃક્ષની શાખાઓનો નાશ થાય છે તેમ સર્વ ધર્મો નાશ પામે છે. (૧૦)

સર્વ ઈશ્વરોના ઈશ્વર બ્રહ્મચર્યથી જેવા પ્રસન્ન થાય છે તેવા વિવિધ પ્રકારના અન્ય દુષ્કર સાધનોથી પણ પ્રસન્ન થતા નથી. (૧૧) હે વિદ્વાન ! જે બ્રહ્મચર્યનું ઘણું માહાત્મ્ય વિસ્તાર પૂર્વક સામવેદના છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે. (૧૨)

ધર્મપ્રિય, નરનારાયણ તથા બદરિકાશ્રમવાસી ઋષિઓ જેમ કલ્યાણકારી બ્રહ્મચર્યનું પાલન કરે છે. (૧૩) સર્વ સાધનોમાં ઉત્તમ તે બ્રહ્મચર્યવ્રતનું પાલન અમારા ત્યાગીઓ પણ આ ઘોર કળિયુગમાં નરનારાયણની માફક નિરંતર પાલન કરે છે. (૧૪)

સમગ્ર દોષો તથા વિપત્તિઓના સ્થાનભૂત, વિવિધ પ્રકારના પાપના કારણભૂત, સમગ્ર સ્વાદનો પણ આ અમારા ત્યાગીઓ ત્યાગ કરે છે. (૧૫)

દેહ અને દેહના સંબંધીઓમાં સ્નેહ રૂપી બંધનથી સમગ્ર દુઃખના કારણભૂત પ્રેતયોનિની પ્રાપ્તિ થાય છે. તે સ્નેહનો પણ અમારા ત્યાગીઓ ત્યાગ કરે છે. (૧૬)

વિવિધ પ્રકારના દોષોના સ્થાનભૂત અને સર્વ અનર્થોના સ્થાનરૂપ, પંડિતોથી પણ ન જીતી શકાય એવા માનનો આ અમારા ત્યાગીઓ દૂરથી ત્યાગ કરે છે. (૧૭) આ અમારા નિષ્પાપ ત્યાગીઓ સર્વ દોષના સ્થાનભૂત અધર્મવંશના અધિપતિ આ પાંચ દોષોથી રહિત છે. (૧૮)

ભગવાનના ધ્યાનમાં અત્યંત પ્રીતિવાળા, ત્યાગ કરી છે ગ્રામ્ય સુખની ઈચ્છા જેમણે એવા બ્રહ્મનિષ્ઠ (પોતાના આત્માને બ્રહ્મરૂપની ભાવના કરનારા) હંમેશા ભગવાનની ભક્તિમાં આ અમારા ત્યાગીઓ તત્પર રહે છે. (૧૯)

સમગ્ર પ્રાણીઓના સહૃદ, દ્રોહ, ઈર્ષ્યા, તથા મત્સર રહિત, અતિ દૃઢ ઉપશમવાળા, ધૈર્ય શાળી શ્રીહરિની આજ્ઞા પાળવામાં તત્પર; (૨૦) દયા, મૃદુતા, સંતોષ, ક્ષમા વગેરે સદ્‌ગુણોથી

યુક્ત આ સંતો સંસાર સાગર તરવામાં નૌકારૂપ છે. (૨૧) જ્ઞાનરૂપી અમૃતના વર્ષાદથી મનુષ્યોના ત્રિવિધ તાપની શાંતિ કરનારા આ સાધુઓનો આસુરભાવવાળા લોકો દ્રોહ કરે છે. (૨૨)

આવા સાધુઓનો દ્રોહ કરનારા, વિનાશ પામ્યા છે શુભકર્મો જેમનાં એવા, જનોને આ લોકમાં સુખ ક્યાંથી થાય ? તેવા દુષ્ટમતિવાળા જનોની ન તરી શકાય તેવા સંસારરૂપી સાગરમાંથી મુક્તિ કેમ થાય ? (૨૩) જીવોને શાંતિ આપનારો ચંદ્રમા ચોરોને જેમ પ્રિય લાગતો નથી તેમ ઉપરોક્ત ગુણોવાળા મારા આશ્રિત આ ત્યાગીઓ પણ અસત્પુરુષોને પ્રિય લાગતા નથી. (૨૪)

દાવાનળથી બળેલા વૃક્ષો જેમ મેઘની વર્ષાથી શાંતિ પામે છે તેમ ત્રિવિધ તાપથી તપ્ત થયેલા પુરુષો સત્પુરુષોના પ્રસંગથી શાંતિ પામે છે. પરંતુ જવાસાની માફક દુર્જનોને તેથી દુઃખ થાય છે. (૨૫)

તૃણ અને જળથી જેમનું જીવન સંતોષી છે એવા મૃગો તથા તેવા જ સંતોષી માછલાઓ, તેમજ સંતોષી સત્પુરુષોના, આ જગતમાં અકારણ વૈરી શીકારી, માછીમારો તથા દુષ્ટ પુરુષો થાય છે. (૨૬)

માટે હે જનો ! આવા નિરપરાધી સત્પુરુષોનો, મોક્ષ ઇચ્છનારા જનોએ, શુદ્ધભાવથી પ્રસંગ કરવો. (૨૭) મારા આશ્રિત ગૃહસ્થો તો હિંસા, ચોરી, સુરા, મદ્ય, વિવિધ પ્રકારના બીજા માદક પદાર્થોનો ત્યાગ કરે છે. (૨૮)

મારા આશ્રિત ગૃહસ્થો વ્યભિચાર, વર્ણાશ્રમ ધર્મનો લોપ થવાથી થતું સાંકર્ય, દેવનિંદા, મિથ્યાપદ, વિધવાસ્પર્શ તથા માંસ ભક્ષણ વગેરેનો ત્યાગ કરે છે. (૨૯)

મારા આશ્રિત ગૃહસ્થ જનો આત્મઘાત, તેમજ વિમુખના મુખથી ભગવાનની કથાનું શ્રવણ વગેરેનો, ત્યાગ કરીને પોતપોતાના ધર્મમાં રહી, દરરોજ નારાયણનું ભજન કરે છે. (૩૦)

હે રાજન્ ! અતિધૈર્યવાળા શ્રીહરિ સભાજનોને આ પ્રમાણે કહીને ધર્મસંબંધી વિવિધ પ્રકારની વાતો કરતા હતા. તે સભાજનો અમૃતથી પણ અતિઉત્કૃષ્ટ શ્રીહરિની વાણીનું અતૃપ્તહૃદયથી અધિકપણે પાન કરતા હતા. (૩૧)

શ્રીહરિની વાણી મનરૂપી મદોન્મત્ત હાથીને બાંધવાના રજ્જુ સમાન, વિજ્ઞાન નામના રાજાના સ્થાનભૂત (એટલે જેમાં નિરંતર વિજ્ઞાન વસે છે.) જેનાથી મૃગલારૂપી વાદ કરનારા પંડિતો સદા પરાજય પામી નાસી જાય છે એવી, હારની માફક પોતાના હૃદયમાં પંડિતોએ જાણે ધારણ કરી રાખી હોય તેવી શોભતી હતી. (૩૨)

વિવિધ પ્રકારની ચિંતારૂપી તૂલને જેમ વંટોળીઓ ઉડાડે છે તેમ અનેક પ્રકારની ચિંતાઓ તે વાણી નાશ કરે છે. વળી સંસારરૂપી સમુદ્રમાં નૌકા સમાન, જે સમગ્ર ચતુરાઈથી ભરપૂર છે

તેવી, પવિત્ર, શ્રીહરિની વાણી, પંડિત વગેરે સભાજનોને આનંદ પમાડતી હતી. (૩૩)

ચાર્વાક, બૌદ્ધ શુષ્કવેદાંતીઓ વગેરેના મતમાં રહેલા શાસ્ત્રો રૂપી ઝેરથી હણાએલાને આ લોકમાં નિશ્ચય જ જીવાડનારી શ્રીહરિની વાણી વેદરૂપી સમુદ્રના સારરૂપ, અમૃત સમાન હોઈ મનુષ્યોને કાળનો જે ભય છે તેને હણે છે. (૩૪)

હૃદયને અત્યંત પ્રિય લાગે તેવાં પદવાળી શ્રીહરિની વાણી, વિવાદ કરનારાઓના પર્વતસમાન, વાદાત્મક પક્ષને ભેદવામાં વજ્રરૂપ હોવાથી અત્યંત અભેદ્ય અને સુધાથી પણ અત્યંત સ્વાદિષ્ટ હોઈ, મનુષ્યોના અનાદિ અવિદ્યારૂપી રોગને તત્કાળ હણે છે. (૩૫)

સંસારરૂપી વનના અગ્નિથી બળેલા મનુષ્યરૂપી હાથીઓના તાપનું શમન કરનારી, યુક્તિ રૂપી જેમાં શ્રેષ્ઠ મોતીઓ છે. એવી, સાધુરૂપી હંસોએ જેનું સદા સેવન કર્યું છે, જેમાં પ્રતિભા રૂપી તરંગો છે એવી, વેદાત્મક જળસમૂહથી ભરપૂર શ્રીહરિની વાણીરૂપી ગંગા છે. (૩૬) સમગ્ર વાણીમાં ઉત્તમ, શ્રુતિઓએ જેનું વર્ણન કર્યું છે તે ઉત્તમ માધુર્ય યુક્ત, ઉદાર શ્રીહરિની વાણી સત્પુરુષોના ચિત્તના આનંદ પમાડે છે, ઉન્માદ કરાવે છે. તેમજ તેમને અતિશય રમાડે છે. (૩૭)

અસત્‌મતરૂપી રજના સમૂહને દૂર કરનારી, ગુણસમૂહથી યુક્ત, શ્રીહરિની વાણીરૂપી વાયુ વ્યથારૂપી અગ્નિથી સંસૃતિરૂપી કઠીન પથમાં બળતા મનુષ્યોના તાપનું તત્કાળ શમન કરે છે. (૩૮) મિથ્યા વિવાદો કરનારાઓ દુષ્ટવાદીઓ અતિશય દુર્દશા રૂપી કૂવામાં બૂડતા બૂડતા પણ બચવા માટે ઉપનિષદોરૂપી હાથ પકડીને પ્રયત્ન કરે છે. (તેવી રીતે સંસૃતિરૂપી કૂવામાં બૂડતા જનોને માટે) શ્રીહરિની વાણી રોગ હરનારું અવિનાશી અને ઉત્તમ રસાયણનો શ્રોત વર્ષાવે છે. (૩૯)

પદની શુદ્ધિ, અર્થ ગૌરવતા, જુદા જુદા અર્થની સ્પષ્ટતા વગેરેથી યુક્ત, શ્રીહરિની વાણી, પાતંજલીની વાણી, સાંખ્યના પ્રણેતા કપિલની વાણી તથા કણાદની વાણીને પણ અવગણતી હતી. તો અન્યની વાણી માટે તો કહેવું જ શું ? (૪૦)

સદ્‌વિદ્યાના ગૃહની સમીપે આપેલી પુષ્પની વાડીરૂપી શ્રીહરિની વાણી, અજ્ઞાનરૂપી અંકુરનો નાશ કરનારી, દોષ તથા આપત્તિના સમૂહનો તત્કાળ નાશ કરે છે. મનુષ્યોના અહંભાવનો પણ નાશ કરે છે. (૪૧)

વિવિધ સંશયોરૂપી દાવાગ્નિની પુષ્કળ જ્વાળાઓથી દગ્ધ થયા છે. મન જેમના એવા વિદ્વાનોના સમૂહને શ્રીહરિએ શ્રુતિઓની સદુક્તિઓથી જાણે અમૃતરૂપી મેઘ વર્ષાવી અત્યંત શાંતિ પમાડ્યા. (૪૨)

વિવિધ પ્રકારના સંશયો ભેદનારી, અતિ શ્રેષ્ઠ, ઉક્ત પ્રકારની શ્રીહરિની વાણી સાંભળીને વિદ્વાનો, સભામાં બેઠેલા સભાજનો તથા રાજા વગેરે અત્યંત આનંદ તથા વિસ્મય પામ્યા. તેમાં

જે મુમુક્ષુઓ અને બહુ બુદ્ધિશાળી દેવી પંડિતો હતા તે સર્વ હાથજોડીને વિનયપૂર્વક હર્ષથી શ્રીહરિ પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમ સ્કંધમાં સભાજનોના પ્રશ્નો તથા પોતાના આશ્રિત જનોના વર્તનનો પ્રકાર નિરૂપણ નામે સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)



અધ્યાય ૧૮ મો

વિદ્વાનો કહે છે :- હે અપાર ઐશ્વર્યશાળી ! અસત્ ગુરુઓએ છળપૂર્વક અમને ભમાવ્યા હતા. અમારા સર્વ સંશયો આપે કૃપા કરીને આજે છેદી નાખ્યા. (૧) હે સ્વામિન્ ! આપે સાસ્ત્ર વિષયક રહસ્ય યથાર્થ કહ્યું. (શાસ્ત્ર સિદ્ધાંત કહ્યો) કેટલાક કહે છે કે વર્તમાન કાળે આપના વિના બીજા આ પ્રમાણે સમજાવી શકતા નથી. અગાઉ પણ કોઈએ આવું સમજાવ્યું નથી. અને ભવિષ્યમાં પણ આ પ્રકારે કોઈ કહી શકશે નહીં. (૨) હે પ્રભો ! વેદશાસ્ત્રાદિ વિષયના પ્રશ્નોના ઉત્તર આપે સ્પષ્ટપણે પ્રમાણો આપીને કર્યા. (૩) તેવી રીતે હે ભગવન્ ! હે પ્રભો ! આ પુરમાં તેવા પ્રશ્નોના ઉત્તર કોઈ પણ વિદ્વાનોએ તથા આચાર્યોએ હજી સુધી કર્યા નથી. (૪) હે સ્વામિન્ ! આ લોકમાં આપના હજારો ત્યાગીઓ જે પ્રમાણે વર્તે છે. તેવી રીતે અગાઉ કોઈ વર્ત્યા નથી. હાલમાં પણ કોઈ વર્તતા નથી અને ભવિષ્યમાં વર્તશે પણ નહિ. (૫) હે હરે ! નિત્ય સ્વધર્મમાં રહીને આપના આશ્રિતો લાખો ગૃહસ્થજનો સંસારના બંધનથી મુક્ત થયા છે. માટે તેમને ધન્ય છે. (૬)

હે હરે ! પૃથ્વી ઉપર ધર્મનું સ્થાપન કરતા આપે જેવી રીતે આપના પ્રતાપથી અધર્મને મૂળમાંથી ઉખેડીને મોક્ષનો માર્ગ શાસ્ત્ર પ્રમાણે પ્રવર્તાવ્યો છે. (૭) હે પ્રભો ! તેવી રીતે આ ભૂલોકમાં કોઈએ પણ અગાઉ મોક્ષનો માર્ગ પ્રવર્તાવ્યો નથી. ભવિષ્યમાં પણ પ્રવર્તાવશે નહિ. (૮)

હે હરે ! આપ અહીં ઘણા જડ માણસોને પણ આપના પ્રતાપથી સુજ્ઞ, ધર્મિષ્ઠ અને બ્રહ્મસ્વરૂપ કરી મહા સુખિયા કરો છો. (૯) હે હરે ! અહીં દેવતાઓને પણ વંદના કરવા યોગ્ય એવા કરોડો જનોને સદ્‌ગુણોથી યુક્ત કરી, પૃથ્વી ઉપર સદ્ધર્મનું આપ અત્યંત પોષણ કરો છો. તેથી આપનો સર્વદા વિજય જ છે. (૧૦) હે સ્વામિન્ ! નિત્ય અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યવ્રતનું આ ઘોર કળિયુગમાં પાલન કરતા આપના આશ્રિત ત્યાગીઓને પણ ધન્ય છે. (૧૧) જ્યાં અચ્યુત હોય ત્યાં અત્યંત નિર્મળ સંતો હોય જ. આવી રીતે શાસ્ત્ર વચનો હોવાથી અમો આપને પ્રત્યક્ષ ભગવાન જાણીને છીએ. (''तिष्ठामि यत्र संतो मे, यत्राहं तत्र ते मम । छायाशरीरवन्मेऽस्ति संबंधः साधुभिः सदा

॥) જ્યાં મારા સંતો છે ત્યાં હું રહું છું. જ્યાં હું છું ત્યાં મારા સાધુઓ છે. છાયા અને શરીરની માફક સાધુઓની સાથે હંમેશા મારો સંબંધ છે. એમ યોગવસિષ્ઠમાં વસિષ્ઠ પ્રત્યે રઘુનાથજીનું વચન છે. (૧૨) હે હરે ! આપે સાંખ્ય વગેરે ચાર શાસ્ત્રોથી જાણવા યોગ્ય ભગવાનનું સ્વરૂપ કહ્યું તે પ્રત્યક્ષ ભગવાન આપ જ છો એમ અમને જણાય છે. (૧૩) હે રાજન્ ! આ પ્રમાણે કહીને તે વિદ્વાનો શ્રીહરિનો આશ્રય કરતા હતા. કેટલાક જનસમૂહ પણ શ્રીહરિનો પ્રતાપ જોઈને વિદ્વાનોની માફક શ્રીહરિનો આશ્રય કરતા હતા. (૧૪)

મહા ઉદાર ધર્મપુત્ર શ્રીહરિએ તે વિદ્વાન બ્રાહ્મણોને તેમજ બીજા હજારો બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણાઓ આપી. (૧૫) શ્રીહરિએ કેટલાક વિપ્રોને ઘણી રૂપા મુદ્રાઓ આપી, કેટલાક બ્રાહ્મણોને સુવર્ણ મુદ્રા આપી. (૧૬)

હે ભૂપતે ! શ્રીહરિએ કેટલાક બ્રાહ્મણોને મહામૂલ્યવાળાં વસ્ત્રો આપ્યાં, તેમજ કેટલાક ભૂદેવોને ભૂષણો આપ્યાં. (૧૭)

તે બ્રાહ્મણો પોતે ઈચ્છેલી દક્ષિણાથી પણ અધિક દક્ષિણા પ્રાપ્ત થઈ હોવાથી આનંદ પામ્યા. શ્રીહરિની આ પ્રકારની ઉદારતા જોઈને રાજા વગેરે વિસ્મય પામ્યા. (૧૮)

રાજા વગેરે સભાસદો પંડિતો શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિને પ્રણામ કરીને અત્યંત આનંદપૂર્વક પોતપોતાના નિવાસસ્થાનમાં ગયા. (૧૯)

સર્વજનો શ્રીહરિનો પોતે જોએલો અનુપમ, દિવ્ય, અતિપવિત્ર, સર્વોપરી પ્રતાપ પ્રીતિપૂર્વક ગાતા હતા. (૨૦) આ સ્વામિનારાયણ સર્વવિત્ પ્રત્યક્ષ ભગવાન છે એવો તે સમયે વટપત્તનમાં અતિ મોટો ઉદ્‌ઘોષ થયો. (૨૧) તે વટપત્તનમાં બાળકથી આરંભીને સર્વપુરજનો દરેક, બજારમાં, માર્ગમાં તથા ઘરમાં શ્રીહરિનો શુભ યશ ગાતા હતા. (૨૨)

શ્રીહરિનો આવો અનુપમ પ્રતાપ જોઈ તથા સાંભળી, અસુરાંશ જનો ઈર્ષ્યાથી બળી, ઉપદ્રવ કરવાની ઈચ્છા કરવા લાગ્યા. (૨૩) સર્વવિત્ શ્રીહરિ તે દુષ્ટોની આ પ્રકારની પ્રવૃત્તિ જાણી, તે સમયે તે ઉપદ્રવને શમાવવા માટે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. (૨૪)

જો હાલમાં વરસાદ થાય તો તે દુર્જનોનો ઉપદ્રવ ન થાય. એ પ્રકારે સત્ય સંકલ્પ શ્રીહરિએ સંકલ્પ કર્યો. (૨૫) તેથી શ્રીહરિની આજ્ઞાથી ઈન્દ્રે સમય વિના પણ વરસાદ વરસાવ્યો. આવી રીતે દૈત્યાશ જનોએ કરવા ઈચ્છેલો ઉપદ્રવનો શ્રીહરિએ નાશ કર્યો. (૨૬)

તે દિવસે પુરના ભક્તજનો ઈશ્વર શ્રીહરિની પ્રાર્થના કરીને શ્રીહરિ તથા તેમના સાધુજનો સર્વને પોતપોતાને ઘેર હર્ષપૂર્વક લઈ ગયા. (૨૭) ગ્રહસ્થ ભક્તજનો મહામૂલ્યવાળાં વસ્ત્રો, વિવિધ પ્રકારના ભૂષણો તથા પુષ્પના તોરા, હાર વગેરેથી તથા ચંદન, અક્ષત, કુંકુમ; (૨૮)

તેમજ પેંડા, વિવિધ પ્રકારના પાકાં સ્વાદિષ્ટ ફળ તથા રૂપાની મુદ્રાઓ વગેરેથી ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૯)

તે ભક્તો, શ્રીહરિના બંધુઓ તથા સાધુઓ, વર્ણીઓ વગેરેનું વિવિધ ઉપચારોથી આદરપૂર્વક યથાયોગ્ય પૂજન કરતા હતા. (૩૦) ત્રીજે દિવસે પુરના સર્વ ભક્તજનો શ્રીહરિ તથા તેમની સર્વ ભક્તોને વિવિધ પ્રકારના ભોજન જમાડી તૃપ્ત કરતા હતા. (૩૧) હે ભૂપતે ! ભોજન કર્યા પછી શ્રીહરિએ જવાની ઈચ્છા કરી. સિંહજીત રાજાના અનુચરોને બોલાવીને શ્રીહરિ આ પ્રમાણે તેમને શુભવચન કહેવા લાગ્યા. (૩૨)

હે રાજભૃત્યો ! મુનિઓ સહિત વૃત્તાલય જવા માટે હવે હું તૈયાર છું. માટે તમો રાજાની સમીપે જઈને સયાજીરાવ મહારાજાને આ પ્રમાણે કહો. (૩૩) હે રાજન્ ! તમોએ અમારી ઘણી સેવા કરી તેવી રીતે તમારો મનોરથ પૂર્ણ થયો માટે અમો સર્વે હવે જઈશું. (૩૪) પછી અનુચરો સયાજીરાવ મહારાજની પાસે જઈ તેમને નમસ્કાર કરી કહેવા લાગ્યા, હે રાજન્ ! શ્રીહરિ પોતાના આશ્રિતો સહિત હવે વૃત્તાલય જવા માટે તૈયાર થયા છે. (૩૫)

આ પ્રમાણે પોતાના ભૃત્યોએ શ્રીહરિનો જવાનો વિચાર કહ્યો તે સાંભળીને શ્રીહરિમાં ગાઢ પ્રીતિવાળા તે સયાજીરાવ મહારાજા સંભ્રમથી આકુળ થયા. (૩૬)

પૂર્ણકામ અને નિસ્પૃહ શ્રીહરિનો દૃઢ સંકલ્પ જાણીને, સયાજીરાવ મહારાજા તત્કાળ શ્રીહરિને પોતાના મહેલમાં પધરાવવા ઈચ્છા કરતા હતા. (૩૭)

તેથી તે નૃપતિએ હાથીઓ, રથો, મંત્રીઓ વગેરે સાથે વાદ્યોના ઘોષ સાથે પોતાના કુમારને શ્રીહરિને બોલાવવા માટે મોકલ્યા. (૩૮) પોતાના અમાત્યો વગેરે સહિત રાજકુમાર શ્રીહરિને મળીને તથા નમસ્કાર કરી, બંને હાથ જોડી વિનયપૂર્વક નમ્રતાથી શ્રીહરિ પ્રત્યે હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૩૯)

હે દયાનિધે ! આપના ભક્તજનો સહિત આપને બોલાવવા માટે પિતાજીએ મને મોકલ્યો છે, માટે અમો અહીં આવ્યા છીએ, તો આપ અમારા મહેલમાં પધારો. (૪૦) હે વિભો ! હે દુઃખકારી ! આપના દર્શનમાં ઉત્સાહવાળા મારા પિતાની પ્રીતિ માટે આપ ત્યાં આવીને મારા પિતાને દર્શન આપો. (૪૧)

આ પ્રકારનું રાજકુમારનું વચન સાંભળીને શ્રીહરિ રાજાનો ભાવ જાણી 'બહુ સારું' એમ બોલ્યા. પછી રાજપુત્રે શણગારેલા ગજેન્દ્ર ઉપર શ્રીહરિને બેસાર્યા. તે સમયે શ્રીહરિ રાજાધિરાજની માફક શોભતા હતા. (૪૨) શ્રીહરિના બંધુઓ તથા મુનિવરો પણ પહેલાની માફક હાથી વગેરે વાહનોમાં યથાયોગ્ય બેઠા. શ્રીહરિની પાછળ બીજા પણ યથાયોગ્ય બેઠા. પછી પોતાના જનોની

સાથે, વાદ્યોના ઘોષ સાથે (વાજતે ગાજતે), રાજપુત્ર સહિત શ્રીહરિએ પુરમાં પ્રવેશ કર્યો. (૪૩)

નગરના લોકસમૂહ ભક્તિપૂર્વક વ્યાપક શ્રીહરિના દર્શન કરતા હતા. તથા તેમને નમસ્કાર પણ કરતા હતા. એ રીતે શ્રીહરિ નરેન્દ્રભુવન સુધી પધાર્યા પછી ગજેન્દ્ર ઉપરથી શ્રીહરી ઉતર્યા. તેટલામાં રાજાએ હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ જઈ શ્રીહરિને નમસ્કાર કર્યા. (૪૪) પછી રાજા પોતાના હાથ વડે શ્રીહરિનો હાથ પકડીને, શ્રીહરિને તેમના ભક્તજનોની સાથે, પોતાના સભાસ્થાનમાં લઈ ગયા. વિવિધ પ્રકારના જડેલા ઉત્તમ મણિઓ જેમાં છે એવા સુવર્ણના રમણીય સિંહાસન ઉપર સ્નેહ અને આદરપૂર્વક શ્રીહરિને બેસાડ્યા. (૪૫)

પછી રાજા શ્રીહરિના બંધુઓ તથા સમગ્ર મુનિઓ વગેરેને પણ પ્રીતિપૂર્વક આસનો ઉપર યથાયોગ્ય બેસાડતા હતા. પછી માધુર્ય, રૂપ, ગુણ, શીલના સાગર શ્રીહરિના પ્રેમપૂર્વક દર્શન કરતા હતા. હે નૃપતે ! વળી શ્રીહરિના બંધુજનો વગેરે પણ શ્રીહરિના દર્શન કરતા હતા. (૪૬) પોતાના અતિ ઉત્તમ રૂપથી ખેંચ્યા છે. ચિત્ત જેનામાં એવા અને પોતાના ભક્તજનો તથા રાજકીય જનોથી વીંટાયેલા, પાપ સમૂહને હણનારા, શ્રીહરિ પોતાની શોભાથી સમગ્ર સભાને અત્યંત અલંકૃત કરતા શોભતા હતા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમ સ્કંધમાં સભાજનોએ વર્ણન કરેલો શ્રીહરિનો અસાધારણ પ્રતાપ તેના વર્ણન નામે અઢારમો અધ્યાય સંપૂર્ણ. (૧૮)



અધ્યાય ૧૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપ ! પછી રાજા સુંદર કુમકુમ, કેસર, કસ્તુરી, ચંદન, પુષ્પના હાર, ગુલાબજળ તથા અત્તર, મણિજડિત સુવર્ણના અલંકારો; (૧) મહામૂલ્યવાળા વસ્ત્રો, મોતીના હાર, સુંદર તોરા તથા અન્ય ઉત્તમ ઉપહારોથી અતિ ભક્તિપૂર્વક શ્રીહરિની પૂજા કરતા હતા. (૨)

પછી રાજા શ્રીહરિની આરતી કરીને પ્રીતિપૂર્વક શ્રીહરિને દંડવત્ પ્રણામ કરતા હતા. પછી શ્રીહરિના બંધુજનો તથા શ્રીહરિના સાધુઓનું પણ શ્રેષ્ઠોપચારથી પૂજન કરતા હતા. (૩) પછી રાજાએ શ્રીહરિના શાસ્ત્રીઓ પુરુષોત્તમ ભટ્ટ, દીનાનાથ ભટ્ટ, મયારામ ભટ્ટ તથા પ્રયાગજીત ભટ્ટ વગેરેનો શાસ્ત્રવિધિ પ્રમાણે મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા દક્ષિણાથી સત્કાર કર્યો. પછી બંને હાથ

જોડીને વિનયપૂર્વક શ્રીહરિની સન્મુખ બેઠા. (૪)

પછી મંદ હાસ્યથી સુંદર શોભાયમાન મુખવાળા શ્રીહરિ સમગ્ર સભાજનોને વિસ્મય પમાડતા તે રાજાને સુધાથી અતિ મિષ્ટ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી પુરુષાર્થ સંબંધી હિતકારી અને અર્થ ભરેલી વાણી કહેવા લાગ્યા. (૫)

હે ધીમન્ ! હે રાજન્ ! તમારું શ્રેય કરનારું વચન હું કહું છું, તે તમો એકાગ્ર મનથી સાંભળો. એ મારું વચન સાંભળીને તમારા હિત માટે તે વચન તમારા હૃદયમાં ધારણ કરો. (૬) હે નરેશ્વર ! દેવોએ પણ જેને માટે પ્રાર્થના કરી છે તેવો આ મનુષ્ય દેહ તો અત્યંત દુર્લભ છે. આ મનુષ્ય દેહમાં મુક્તિનું સાધન જે થાય છે. તેજ સુજ્ઞ પુરુષોએ આ મનુષ્ય દેહની પ્રાપ્તિનું ફળ કહ્યું છે. (૭)

હે રાજન્ ! સંસાર સંબંધી જે સુખ છે તે સમગ્ર યોનિઓમાં હોય છે. જે વિષય સુખની પ્રાપ્તિ માટે હંમેશા પ્રયત્ન કરે છે તે વિષય સુખ દુર્લભ નથી, એમ તમો ચિત્તમાં સમજો. (૮) હે રાજન્ ! આ લોકમાં જે સુખ છે તે સ્વભાવથી દુઃખ યુક્ત હોય છે. માટે સાંસારિક સુખ ક્લેશથી રહિત હોતું જ નથી. જે મનુષ્યને જેટલા પ્રમાણમાં સુખ થાય છે; તે મનુષ્યને તેટલા જ પ્રમાણમાં દુઃખ પણ થાય છે. (૯)

હે રાજન્ ! પૃથ્વી ઉપર સમગ્ર પ્રાણીઓ, ભૂમિપતિને મહા સુખ છે એમ કહે છે. પરંતુ હું તો રાજાને નિત્ય દૂરંત દુઃખવાળો જાણું છં. (રાજ્યના ઐશ્વર્ય મદથી અંધ થયેલો પોતાનું કલ્યાણ કદી કરી શકતો નથી.) (૧૦)

પિતાના ધનમાં ભાગીદારો, ચોરો, તેમજ શત્રુઓ વગેરેથી દરેક ક્ષણે બીતા, અર્થ, કામ વગેરેની અત્યંત ઈચ્છાવાળા, અત્યંત લોભથી પરાહત અંતઃકરણવાળા, તે રાજાને સુખ ક્યાંથી હોય ? (૧૧)

હે રાજન્ ! દુઃખથી રહિત સુખ તો આનંદ સ્વરૂપ મુકુંદમાં જ હંમેશા છે. માટે મુકુંદ એ જ હંમેશા સચ્ચિદાનંદ વગેરે અપરિમિત ગુણોથી પૂર્ણ, મનોહર અને સ્વતંત્ર મૂર્તિ છે. જે પોતાના સુખથી જ પૂર્ણ છે. (૧૨)

હે રાજન્ ! આ લોકમાં જે જનો તેમની ઉપાસના કરે છે તે જનો અત્યંત સુખ પામે છે. ત્રણ લોકના અધિપતિ પણ ભગવાનના એકાંતિક ભક્તને જે સુખ છે, તે સુખનો લેશ પણ પામતા નથી. (૧૩) હે રાજન્ ! આ પૃથ્વી ઉપર લોભ, કામ, સ્વાદ, સ્નેહ, માનરૂપી દાવાનળથી લોકો બળે છે. પરંતુ શ્રીહરિના ભક્તો તો સદા ગંગાજળમાં રહેલા ગજેન્દ્રોની માફક તેમાં બળતા નથી. (૧૪)

હે રાજન્ ! ઘણો પ્રયત્ન કરી, અનેક જનોને ઠગી, સંપાદન કરેલી સંપત્તિ મનુષ્યોના કલ્યાણનો નાશ કરે છે. તે સંપત્તિ ગંગાના તરંગો તથા શરદ્ઋતુના વાદળાની માફક ચંચળ હોઈ, મહા આપત્તિ પમાડે તેવી છે. (૧૫)

જે મનુષ્યો જે સંપત્તિની પ્રાપ્તિ માટે લોકોની હત્યા વગેરે પાપ કરે છે, તથા તે માટે ત્યાગ કરવા યોગ્ય મનુષ્યોની સેવા કરે છે, તેવા મનુષ્યો મુક્તિમાં સાધનરૂપ પોતાના આ દુર્લભ મનુષ્ય દેહનો પણ નાશ કરે છે. (૧૬) સ્વયં શ્રીહરિ તથા તેમનાં સંતોથી જે વિમુખ છે તેવા કાળના પાશમાં આધીન થયેલા દુષ્ટ બુદ્ધિવાળા મનુષ્યોને દ્રવ્ય હોય અથવા રાજ્ય વૈભવો હોય તો પણ શું ? તેમજ સ્ત્રી, પુત્ર, ગૃહબંધુઓ વગેરેનું પણ શું પ્રયોજન છે ? (૧૭, ૧૮)

હે રાજન્ ! દેહના અંત સમયે તો સર્વથા શાંતિ આપનારા, શ્રીહરિ જ છે. અન્ય કોઈ નથી. માટે પોતાના ધર્મમાં નિષ્ઠા રાખી ભુક્તિ તથા મુક્તિ આપનારા શ્રીહરિનું જ નિત્ય ભજન કરવુ. (૧૯)

હે રાજન્ ! તમો શ્રીહરિની દૃઢ ઉપાસના કરીને આ લોકમાં તથા પરલોકમાં ઈચ્છિત સુખ પામશો. માટે પોતાના ધર્મસહિત હંમેશા સુખ આપનારા શ્રીહરિનું ભજન કરો. (૨૦) પૂર્વે અંબરીષ, જનક વગેરે રાજાઓ પરમેશ્વરનું ભજન કરતા હતા. તે સર્વે ભગવાનના ધામને પામ્યા છે. તેથી અત્યારે પણ લોકો તેમનો યશ ગાય છે. (૨૧)

દુઃખ આપનારા અઢાર વ્યસનોનો રાજાએ ત્યાગ કરવો, તથા પ્રજાને પોતાના ધર્મમાર્ગમાં પ્રવર્તાવવી, પ્રજાનું પુત્રની માફક પાલન કરલું, સદ્ધર્મ નિષ્ઠાવાળા જનો, બ્રાહ્મણો, સાધુઓ, ગાયો, હરિભક્તો, તેમનું રક્ષણ કરવું. તેમજ અત્યંત આનંદકારી ભગવાનને તો પ્રાણથી પણ અતિ વહાલા રાખવા. (૨૨)

હે નરપતે ! ભગવાને મનુષ્યોના કલ્યાણ માટે અતિદૃઢ મર્યાદાઓ બાંધી છે. તે મર્યાદાઓનું જે રાજા પાલન કરે છે અને તેનું હંમેશા રક્ષણ કરે છે તે રાજા ઉપર પવિત્ર યશવાળા શ્રીનારાયણ અતિશય પ્રસન્ન થાય છે. માટે આ લોકમાં ઐશ્વર્ય રાજાએ હંમેશા તેવી રીતે જ વર્તવું. (૨૩)

હે રાજન્ ! આવી રીતે શ્રીહરિએ કહ્યું. પછી વિનયયુક્ત સયાજીરાવ મહારાજા શ્રીહરિને નમસ્કાર કરી, શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. હે હરે ! તમોએ જે પરોક્ષ ભગવાન સેવવા યોગ્ય કહ્યા તે ભગવાન સાક્ષાત્ આપ જ છો. (૨૪)

મનુષ્યો માટે ભજનીય મૂર્તિ, જગતની ઉત્પત્તિ, સ્થિતિ વગેરેના સ્વતંત્ર કારણ, અનેક જીવોનો ઉદ્ધાર કરવામાં પ્રતાપશાળી, આપ છો એવું જાણીને હું આપના શરણે આવ્યો છું. (૨૫) હે અપાર ઐશ્વર્યવાળા ! આપનો દાસાનુદાસ હું મારા પ્રત્યે આપ અત્યંત કરુણા કરો સદગુણો તથા પુણ્યકાર્યથી

પૂર્ણ, દયાસાગર આપ કૃપા કરીને થોડા સમય સુધી આ મારા પુરમાં નિવાસ કરો. (૨૬)

આવી રીતે રાજાએ કહ્યું એટલે શ્રીહરિ પ્રીતિપૂર્વક તે રાજા પ્રત્યે કહેવા લાગ્યા. હે ભૂમિપતે ! હાલમાં મારું ચિત્ત પુરાણ શ્રવણમાં આસક્ત છે. માટે અહીં એક દિવસ વધુ હું રહી શકીશ નહિ. (૨૭)

મારે વિષે તમારો શુદ્ધ ભાવ છે તેવું જાણીને હું તમારા પુરમાં આવ્યો છું એવું ન હોય તો નિસ્પૃહી હોવાથી હું તો ચક્રવર્તી રાજાના મહેલમાં પણ ન જાઉં. (૨૮) આવી રીતે તે રાજાને અમૃતથી શ્રેષ્ઠ, આશ્ચર્યકારી, વચન કહીને, શ્રીહરિ હર્ષપૂર્વક ઊઠ્યા. શ્રીહરિને જવાની ઈચ્છા જ છે એવું જાણીને તે રાજા તત્કાળ પોતાના સૈન્યે તૈયાર કરાવવા લાગ્યા. (૨૯)

પછી પ્રથમની માફક વિવિધ પ્રકારના આભૂષણોથી અલંકૃત ગજેન્દ્ર ઉપર શ્રીહરિને તે રાજાએ સ્તુતિ કરી બેસાડ્યા. વળી શ્રીહરિના સર્વલ ભક્તજનોને પણ હાથી, રથ, ઘોડા, વેલ વગેરે વાહનોમાં પહેલાંની માફક જ બેસાડ્યા. (૩૦)

પછી હાથી ઉપર બેઠેલા રાજા પોતાના સૈન્ય તથા પ્રજાજનો સહિત, શ્રીહરિની પાછળ ગયા. પુરના જનો શ્રીહરિનું દર્શન કરતા હતા. એ રીતે શ્રીહરિએ વાજતે ગાજતે વટપત્તનથી પ્રયાણ કર્યું. (૩૧) હે રાજન્ ! આવી રીત દૈત્યાંશ મનુષ્યોનો પોતાના પ્રતાપથી પરાભવ કરી, તેમના મસ્તક ઉપર પગ મૂકીને, વિવાદી સમૂહને જીતી, પુરજનો જેમને નમસ્કાર કરે છે તે અનુપમેય, ગજેન્દ્ર ઉપર બિરાજેલા શ્રીહરિ રાજાધિરાજની શોભાથી યુક્ત, જેવી રીતે પુરમાં પ્રવેશ્યા હતા તેવીજ શોભાસહિત પુરમાંથી નીકળ્યા. (૩૨)

પછી ગજેન્દ્ર ઉપરથી ઉતરીને ભગવાન શ્રીહરિ તત્કાળ પોતાની માણકી ઘોડી ઉપર વિરાજમાન થયા. પછી દૂરસુધી આવેલા પોતાને વિષે અતિશય પ્રીતિવાળા અને તેથીજ પોતાનો વિયોગ સહન કરવા માટે અત્યંત અસમર્થ તે વિનયી રાજાને, અતિ શાંતિકારક વચનોથી ઉપદેશ આપીને તેને પુર પ્રત્યે પાછા જવાની આજ્ઞા આપી. (૩૩)

પછી શ્રીહરિના પ્રતાપથી અત્યંત ક્ષોભ પામેલા દૈત્યાંશ જનોનો સમૂહ કાંઈ ઉપદ્રવ કરશે એવી શંકા સેવતા તે રાજા, અમાત્ય સહિત પોતાની સેનાને ઈશ્વરના ઈશ્વર પ્રિય શ્રીહરિની સાથે જવા માટે આજ્ઞા આપીને, શ્રીહરિના ચરણકમળમાં અતિહર્ષપૂર્વક નમસ્કાર કરીને, પોતાના પુર પ્રત્યે આવ્યા. (૩૪)

પછી શ્રીહરિના વિરહમાં આકુળ મનવાળા, નેત્રોમાં અશ્રુવાળા, પુરના ભક્તજનોને પાછા વાળીને શ્રીહરિ, અમાત્ય તથા રાજસેના સહિત અતિ પ્રસન્નતાપૂર્વક પોતાના જનોની સાથે માર્ગમાં ચાલવા લાગ્યા. (૩૫)

હે રાજન્ ! પછી શ્રીહરિ માર્ગમાં ચાલતા સાંકરદા ગામે આવીને ત્યાં હર્ષપૂર્વક પોતાના ભક્તોની (ગણેશ ભક્તિ, મોરાર વણિક તથા કરાર ક્ષત્રિય ભક્ત) સેવા અંગીકાર કરી, સૈનિકજનોની સાથે ત્યાં રાત્રિ રહ્યા. પછી પ્રાતઃકાળમાં રાજા સમગ્ર સૈન્યને પાછું વાળીને શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાના ભક્તજનોની સાથે મહી નદી પહોંચ્યા. (૩૬)

યશસ્વી શ્રીહરિએ તે તીર્થમાં પોતાના ભક્તજનો સહિત તે નદીમાં સ્નાન કર્યું. પછી અશ્વ ઉપર બિરાજી, પોતાની પાછળ આવતા પોતાના ભક્તજનો સહિત માર્ગમાં ચાલતા ઘણા વાદ્યોના ઘોષ સાથે વૃત્તાલયપુરમાં જઈને, શ્રીહરિએ પોતાના નિવાસમાં નિવાસ કર્યો. અન્યજનો પણ પૂર્વની માફક હર્ષથી પોતપોતાના નિવાસમાં નિવાસ કરતા હતા. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં રાજાને શ્રીહરિએ ઉપદેશ કર્યો તે વર્ણન નામે ઓગણીશમો અધ્યાય સંપૂર્ણ. (૧૯)



અધ્યાય ૨૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ! આ વૃત્તાલયપુરમાં પોતાના નિવાસમાં વસતા સત્પત્તિ શ્રીહરિ સભામાં પ્રીતિપૂર્વક સયાજીરાવરાજાની પ્રશંસા કરતા હતા. (૧) શ્રીહરિએ વટપત્તનમાંથી મળેલા ભૂષણ, વસ્ત્ર, ધન વગેરે સર્વ પ્રસન્નતાપૂર્વક રઘુવીરને અર્પણ કરી દીધા. (૨)

પછી શાંત મનથી શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ સાંભળવા ઈચ્છતા શ્રીહરિ, ઉત્તમ વગેરેને દુર્ગપત્તન મોકલતા કહેવા લાગ્યા. (૩) હે રાજન્ ! હે ઉત્તમ નૃપતે ! હવે તમે તમારા સર્વજનોની સાથે દુર્ગપત્તન જાવ. હે બંધુઓ ! તમો સર્વ આ રાજાની સાથે જાઓ. (૪) વૃત્તાલયપુરમાં દશમ સ્કંધ સાંભળીને હું ગઢપુરમાં જરૂર આવીશ. આ પ્રમાણે મારી ઈચ્છા છે, માટે તમો સર્વ જાઓ. (૫)

એકાંતમાં રહેવા ઈચ્છતા શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી ઉત્તમરાજા વગેરે શ્રીહરિની આજ્ઞા માન્ય કરી જવાની ઈચ્છા ન હોવા છતાં પણ દુર્ગપત્તન ગયા. (૬)

ઉત્તમ ભૂપતિ પોતાના પરિવાર સહિત દુર્ગપત્તન ગયા. ઉત્તમ રાજાની સાથે શ્રીહરિના બંધુઓ રામપ્રતાપ વગેરે પણ ગયા. (૭) આ વૃત્તાલયપુરમાં ભાલદેશથી આવેલા તેમજ પશ્ચિમ દેશના તથા બીજા દેશના અન્ય ભક્તજનો તે સર્વ, શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાના પુરમા ગયા. (૮)

જુદા જુદા દેશમાં રહેતા ભક્તજનોને ઉપદેશ આપવા માટે તે તે દેશમાં જવા માટે, શ્રીહરિ આજ્ઞા આપતા હતા, તે સર્વ શ્રીહરિની આજ્ઞાથી ગયા. (૯) હે ભૂપતે ! પછી અચ્યુત શ્રીહરિએ એકાદશીના દિવસથી દશમ સ્કંધ સાંભળવાનો આરંભ કર્યો, અને દોઢ માસમાં તે પૂરો કર્યો. (૧૦)

હે મહીપતે ! તે સ્કંધ શ્રીહરિને અત્યંત રુચતો હતો. શ્રીહરિએ આદરપૂર્વક તેની પ્રશંસા કરી. (૧૧) પછી શ્રીહરિ વસંતઋતુની પંચમી સુધી હર્ષપૂર્વક પંચમસ્કંધ સાંભળતા હતા, અને તેની પ્રશંસા કરતા હતા. (૧૨) સર્વનો સાર જાણનારા શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુને શ્રીમદ્‌ભાગવતના આ બે સ્કંધ અતિપ્રિય હતા. (૧૩)

પછી ધર્મનંદન શ્રીહરિ પુરાણી પ્રયાગજીત બ્રાહ્મણને પ્રીતિપૂર્વક ધન, ભૂષણો તથા વસ્ત્રો વગેરેથી અત્યંત સંતોષ પમાડતા હતા. (૧૪) પછી પોતાના ભક્તોને આનંદ આપતા તથા ભક્તના દુઃખને નાશ કરનારા શ્રીહરિએ ઉત્સાહપૂર્વક મધ્યાહ્ને વસંતોત્સવ કર્યો. (૧૫) તે ઉત્સવમાં શ્રીહરિ લક્ષ્મીનારાયણનો પ્રસાદીભૂત રંગ સુંદર પીચકારી વડે પોતાના ભક્તો ઉપર છાંટતા હતા. (૧૬)

હે ભૂપતે ! શ્રીહરિ પુષ્કળ રંગ છાંટી સર્વ ભક્તજનોને ભીના કરીને, તે ભક્તો ઉપર સુંદર ગુલાલ છાંટતા હતા. (૧૭) શ્રીહરિએ આવી રીતે ભક્તો ઉપર ખોબા ભરી ભરી વારંવાર નાંખી પોતાના ભક્તજનોને પદ્મરાગ મણિની માફક રક્તવર્ણા કરી દીધા. (૧૮) તે સમયે શ્રીહરિ લક્ષ્મીનારાયણની મહાપૂજા ગીત, વાજિંત્રોના ધ્વનિ સાથે નારાયણાનંદ, માધવાનંદ વગેરે વર્ણિવર્યો પાસે કરાવતા હતા. (૧૯)

તે દિવસે શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને ભોજન કરાવ્યા. તેમને કોમળ કામળાઓ તથા પુષ્કળ દક્ષિણા આપી. (૨૦) હે ભૂપતે ! પછી શ્રીહરિ મુનિઓ વગેરેને વિવિધ પ્રકારના ભોજનો પીરસીને જમાડતા હતા. પછી પોતે સ્નાન કરી, સુંદર ભોજનો જમતા હતા. (૨૧)

તે સમયે શ્રીહરિના દર્શન કરવા માટે આજુબાજુના ગામના ઘણા ભક્તો વારંવાર આવતા હતા અને પાછા જતા હતા. (૨૨) સાંજના સમયે શ્રીહરિ એકાંત સ્થાનમાં બેસી સર્વ જનોના હિતનું ચિંતવન કરતા પોતાના સર્વ આશ્રિતો પ્રત્યે પત્રિકા લખવા નિશ્ચય કરતા હતા. (૨૩)

સર્વ દેશોમાં ધર્મની શિક્ષાના અર્થોવાળી પત્રિકા લખીને હું મોકલાવું તેથી મારા વાણી રૂપી શિક્ષાપત્રી, તેમના આધાર રૂપ હિતનું વહન કરનારી સ્પષ્ટ પ્રકારે થશે. (૨૬) હે રાજન્ ! પૃથ્વી ઉપર સદ્ધર્મનું પોષણ કરતા શ્રીહરિ આ પ્રમાણે વિચાર કરી, પોતાની બુદ્ધિથી સચ્છાસ્ત્રોના સારનો ઉદ્ધાર કરી, પત્રી લખતા હતા. (૨૭)

જે શિક્ષાપત્રી, તે અનુસાર વર્તનારા ભક્તજનોને તેમની મનોવાંછિત કામના પૂરી કરવામાં કલ્પદ્રુમલતા સમાન તથા ચિન્તામણિ સમાન છે. (૨૮) સચ્છાસ્ત્રના સારથી પૂર્ણ, ચાર પ્રકારના

અર્થ આપનારી છે. મોક્ષમાં વિઘ્નરૂપ દ્રુમોને છેદવામાં ગંગાના જળના પ્રવાહ સમાન. (૨૯)

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે પ્રકાશવામાં સૂર્યની પ્રભાસમાન, તાપની શાંતિ કરવામાં તથા આનંદ કરવામાં ચંદ્રની જ્યોત્સનાના ગર્વનો નાશ કરનારી; (૩૦) સહજાનંદના મુખ કમળમાંથી નીકળેલી સંસારનો નાશ કરનારી, સહજાનંદના સ્વરૂપ રૂપ ભક્તોએ પૂજેલી, સર્વ શાસ્ત્રોમાં શ્રેષ્ઠ; (૩૧)

હે રાજન્ ! સર્વને શાંતિકારી શિક્ષાપત્રી, શ્રીહરિ હર્ષપૂર્વક લખીને તથા તેની નકલો સવિત્રાનંદ વગેરે આઠ સાધુઓ પાસે કરાવીને, આઠ દિશામાં રહેતા પોતાના આશ્રિત જનોને મોકલતા હતા. (૩૨)

તે તે દેશના ભક્તો તે શિક્ષાપત્રી મેળવીને અત્યંત આનંદ પામ્યા. પછી સર્વ ભક્તો તે શિક્ષાપત્રીને જુદી જુદી લખી લેતા હતા. (૩૩) પછી શ્રીહરિએ કહેલી રીત પ્રમાણે વર્તતા, પોતાના ઈષ્ટદેવ ધર્મનાપુત્ર શ્રીહરિને સર્વ અવતારોના કારણ જાણીને યથાર્થ રીતે તેમનું ભજન કરતા હતા. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શિક્ષાપત્રી લખી તે નિરૂપણ નામે વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૦)



અધ્યાય ૨૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ ઘોડેસવારો તથા પાર્ષદોના સમુદાયથી વીંટાઈને, પોતાના આશ્રિતજનોને સુખ આપવા પોતાના મુનિઓ વગેરેની સાથે શ્રીનગર ગયા. હે રાજન્ ! માણકી ઘોડી ઉપર બિરાજીને શ્રીહરિ પોતાના જનોને આનંદ આપતા માર્ગમાં આવેલા મહેમદાવાદ નામના રમણીય નગરમાં પધાર્યા. (૧, ૨)

સન્મુખ આવેલા તે પુરના ભક્તોએ વાજતે ગાજતે શ્રીહરિનું સન્માન કર્યું. પુષ્કળ વૃક્ષોથી રમણીય ગામની સમીપે આવેલા સ્થાનમાં શ્રીહરિ પોતાના જનોની સાથે ઉતર્યા. (૩, ૪) તે પુરમાં શ્રીહરિના ચરણ કમળના આશ્રિત દુર્લભરામ તથા બેચર વિપ્ર વગેરે અત્યંત ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૫)

વળી તે પુરમાં પીતાંબર, અંબારામ, અનુપરામ વગેરે વિપ્રો પણ ભક્તિપૂર્વક શ્રીહરિનું સેવન કરતા હતા. (૬) તે પુરમાં સ્ત્રીભક્તો સુખા, કાશી વગેરે પણ શ્રીહરિની યથાયોગ્ય સેવા

ભક્તિપૂર્વક કરતી હતી. (૭)

હે ભૂપતે ! પછી શ્રીહરિ સ્નાન કરી, શાસ્ત્ર પ્રમાણે પોતાનો નિત્યવિધિ કરી, વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારના ભોજનો જમતા હતા. (૮) વર્ણિઓ રસોઈ કરીને જમતા હતા. શ્રીહરિ મુનિઓને તથા પાર્ષદો વગેરેને લાડુઓ પીરસીને જમાડતા હતા. (૯)

પછી પુરના ભક્તો સભામાં બિરાજેલા શ્રીહરિનું સુંદર વસ્ત્ર વગેરે ઉપચારોથી પૂજન કરતા હતા. વળી મુનિઓ વગેરેનું પણ યથાયોગ્ય પૂજન કરતા હતા. (૧૦) પછી તે પુરની સ્ત્રીઓ પણ ભક્તિપૂર્વક વસ્ત્રાલંકારો વગેરે રમણીય ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતી હતી. (૧૧)

ત્યાં શ્રીહરિના દર્શન કરવા દૂર દેશમાં રહેતા શ્રીહરિના આશ્રિતો આવ્યા. તેમાંના કેટલાક ભક્તો આ પ્રમાણે સંકલ્પ કરતા હતા. (૧૨) શ્રીહરિનાં દર્શન કરવા દૂર દેશથી આવેલા અને માર્ગના પરિશ્રમથી થાકી ગયેલા અમારી આ ભગવાન પોતે તો સંભાવના નહિ કરે ? (૧૩) શ્રીહરિ અંતર્યામીપણે તેમનો સંકલ્પ જાણીને તેમનો પરિશ્રમ શાંત કરતા કહેવા લાગ્યા. (૧૪)

હે મારા આશ્રિતો ! તમો સર્વ ભક્તો એકાગ્ર મનથી સાંભળો. મારું વચન તમોને અત્યંત શાંતિ આપનારું છે. (૧૫) અહીં કેટલાક ભક્તોના મનમાં આ પ્રમાણે સંકલ્પ થાય છે. આ લોકમાં અમારી જ્ઞાતિ તથા લોકો વગેરેથી થતી પીડા અમો શ્રીહરિ માટે સહન કરીએ છીએ. (૧૬)

શ્રીહરિના દર્શન માટે દૂરદેશથી આવેલા અત્યંત થાકી ગયેલા અમારી શ્રીહરિ સંભાવના નહિ કરે તો તેનો હું ઉત્તર કહું છું. (૧૭) પૂર્વે ભગવાનની પ્રીતિ માટે જેમ પ્રહ્‌લાદ વગેરેએ દુઃખ સહન કર્યા છે તેવી રીતે હાલમાં મારા ભક્તોને તેવું દુઃખ સહન કરવું પડતું નથી. (૧૮)

વળી પૂર્વે જે રાજાઓ મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા આભૂષણો પહેરતા હતા, તેમજ દૂધના ફીણ જેવી અતિકોમળ શય્યામાં સૂતા હતા. (૧૯) હંમેશાં વિવિધ પ્રકારના અતિસ્વાદિષ્ટ ભોજનો જમતા હતા, તેમજ વાહનો વિના ચાલી શકતા નહતા, ઘણા સેવકો જેમની સેવા કરતા હતા. (૨૦)

હે જનો ! એવા રાજાઓ પોતાના રાજ્યનો ત્યાગ કરીને, પરમાત્માની પ્રાપ્તિની ઈચ્છાથી, એકાકી વનમાં ગયા હતા. (૨૧) તે કોમળ રાજાઓ હંમેશાં પૃથ્વી ઉપર શયન કરતા હતા, કંદમૂળો જમતા હતા, તેમજ વલ્કલ વસ્ત્રો ધારણ કરતા હતા અને તપ કરતા હતા. (૨૨) હાલમાં મારા ભક્તોમાં કોઈને એવું કષ્ટ તો નથી, માટે મારા આશ્રિતોએ ક્ષોભ પામવો નહિ. (૨૩)

એવા રાજાઓને તથા બ્રહ્માદિ દેવેશ્વરોને પણ દુર્લભ મારી પ્રાપ્તિ તમોને કેવળ મારી કરુણાથી થઈ છે, એ તમો જાણો. (૨૪) હે જનો ! તમો, કેટલાક દશ ગાઉ દૂરથી અહીં આવેલા છો, કેટલાક વીસ ગાઉ દૂરથી આવેલા છો. (૨૫)

કેટલાક ત્રીશ કોશથી આવેલા છો, કેટલાક પચાસ કોશથી, કેટલાક સો કોશથી અહીં આવેલા

છો. (૨૬) તેવો સંકલ્પ કરતા તમો એમ પણ જાણો કે અમે દૂરથી મહાપરિશ્રમ કરીને શીતવાયુ વગેરે સહન કરતા અહીં આવ્યા છીએ. (૨૭)

વળી હે ભક્તો ! તમારા સુખ માટે જે અત્યંત દૂર ધામથી હું અહીં આવ્યો છું. તે તમો નથી જાણતા. (૨૮) ચૌદ લોકાત્મક આ બ્રહ્માંડના એક પ્રદેશમાં રુડી બુદ્ધિવાળા તમો રહો છો. (૨૯) હે ભક્તો ! આ બ્રહ્માંડને પચાસ કોટી યોજનના માપવાળું પૃથ્વીનું પહેલુ આવરણ છે. (૩૦)

પછી ઉત્તરોત્તર તેથી દશગણા જળ વગેરેના સાત આવરણો છે. (૩૧) તે અષ્ટ આવરણોથી પર અક્ષર નામનું મારું પરમ ધામ અતિ દૂર છે. તેનું માપ કાઢવા માટે કોઈ સમર્થ નથી. (૩૨)

અતકર્ય (તર્કના વિષયમાં ન આવે તેવું.), અનિર્દેશ્ય (આવા પ્રકારનું છે એમ નિર્દેશ ન થઈ શકે), સર્વજનોને દુર્ગમ, અતિદૂર, એવા ધામથી હું તમારા સુખ માટે અહીં આવેલો છું. (૩૩) હે ભક્તો ! હું અતિદૂરથી અહીં આવ્યો, તમો દૂરથી અહીં આવ્યા છો, એવી રીતે કહીને તે વાર્તા ઘણાં દૃષ્ટાંતોથી શ્રીહરિ કરતા હતા. (૩૪)

આવી શ્રીહરિની વાણીરૂપી અમૃતનું પાન કરીને પ્રસન્ન થયેલા શ્રીહરિના જે આશ્રિત ભક્તોએ સંકલ્પ કર્યો હતો તે ભક્તો બોલ્યા. (૩૫) હે સ્વામિન્ ! અંતર્યામી આપે અમારા મનનો સંકલ્પ જાણીને અમારા હિત માટે કૃપાપૂર્વક આ વાર્તા કરી. (૩૬) તેમનું એવું વચન સાંભળીને તેમની ઉપર અત્યંત પ્રસન્ન થયેલા પ્રભુ શ્રીહરિએ હસતા હસતા તેમને પ્રસાદીના પુષ્પના હાર આપ્યા. (૩૭) તે સમયે શ્રીહરિના દર્શન કરવાની ઈચ્છાથી રાજમાન્ય અધિકારી વિદ્વાનો તથા પુરના જનો ત્યાં આવ્યા. (૩૮)

શ્રીહરિએ તેમનું યથાયોગ્ય સન્માન કર્યું. તે સર્વજનો શ્રીહરિને પ્રણામ કરીને સભામાં યોગ્યતા પ્રમાણે બેઠા. (૩૯) પછી પંડિત બ્રાહ્મણો તથા બીજાજનો વિવિધ પ્રકારના પ્રશ્નો શ્રીહરિને પૂછવા લાગ્યા. શ્રીહરિ તત્કાળ તેના ઉત્તર કરતા હતા. (૪૦) તે સર્વ પંડિતોએ કરોડો સૂર્યના જેવા તેજસ્વી શ્રીહરિને જોયા. મુહૂર્ત પછી જેવા પહેલા હતા તેવા શ્રીહરિને જોયા. (૪૧)

તેથી વિસ્મય પામેલા તે દૈવી વિદ્વાનો તથા અન્યજનો બંને હાથ જોડી "તમો પ્રત્યક્ષ ભગવાન છો." એમ શ્રીહરિને કહેતા હતા. (૪૨) તે દૈવીજનો એમ કહીને અતિશય ભાવપૂર્વક શ્રીહરિનો દૃઢાશ્રય કરતા હતા. શ્રીહરિનું સંપૂજન કરી તથા પ્રણામ કરી, શ્રીહરિની આજ્ઞાથી હર્ષપૂર્વક તેઓ પોતપોતાને ઘેર ગયા. (૪૩)

આવી રીતે પોતાનો પ્રતાપ વિસ્તારતા તથા પોતાના સમગ્ર ભક્તોને સુખી કરતા અલૌકિક, મનોહર, વાર્તા કરતા સ્વતંત્ર શ્રીહરિએ તે રાત્રિ ત્યાં નિર્ગમન કરી. (૪૪) સવારમાં અશ્વરાજ

ઉપર બિરાજેલા શ્રીહરિને તથા તેમની સાથેના ભક્તજનોને ત્યાંના ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. માર્ગમાં ચાલતા શ્રીહરિ શ્રીનગર પહોંચ્યા. (૪૫)

સન્મુખ આવેલા શ્રીનગરના ભક્તો વાજિંત્રોનો ઘોષ કરતા શ્રીહરિને હર્ષપૂર્વક પ્રાર્થના કરતા હતા. શ્રીહરિ પુરના જનોને દર્શન આપતા પોતાના ભક્તજનો સહિત પુરમાં પ્રવેશ કરતા હતા. (૪૬)

વ્યાપક શ્રીહરિએ નરનારાયણના મનોહર મંદિર પાસે પહોંચીને અશ્વ ઉપરથી ઉતરીને પોતાના ભક્તજનોની સાથે નરનારાયણના દર્શન કર્યા. (૪૭) પછી પાર્ષદો સહિત શ્રીહરિએ ત્યાં નરનારાયણના મંદિરમાં નિવાસ કર્યો. પોતાના સમગ્ર જનોને પણ નિવાસ કરાવ્યો. પુરના ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં મનુષ્યોને પોતાની મૂર્તિની પ્રાપ્તિનું દુર્લભપણું તે વર્ણન નામે એકવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૧)



અધ્યાય ૨૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપ ! દયાસાગર શ્રીહરિ શ્રીનગરમાં ધર્મ સંબંધી ઉપદેશ હંમેશાં સર્વ ભક્તોને અત્યંત આનંદ પમાડતા કરતા હતા. (૧) હે નૃપ ! શ્રીહરિને ત્યાં એક માસ થયો. શ્રીહરિ ધર્મજ્ઞાનાદિથી યુક્ત શ્રીવાસુદેવ માહાત્મ્યની કથા સાંભળતા હતા. તે સાંભળીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. (૨)

આ અમારા મતનું મૂળ છે એમ હર્ષપૂર્વક બોલતા શ્રીહરિ પોતે વારંવાર સભામાં તેની પ્રશંસા કરતા હતા. (૩) ભક્તોના આનંદસાગર શ્રીહરિ, શ્રીનગરમાં આવી રીતે રહેતા હતા, ત્યાં પુષ્પદોલનો મહોત્સવ સમીપે આવ્યો. (૪)

આ લોકમાં મનુષ્યોના શિક્ષણ માટે (શ્રીહરિ પ્રત્યક્ષ ભગવાન છે એવા જ્ઞાન માટે) પૃથ્વી ઉપર વિચરતા મુનિઓને શ્રીહરિએ બોલાવ્યા તેથી પુષ્પદોલોત્સવમાં તેઓ સર્વ શ્રીનગરમા આવ્યા. (૫) શ્રીનગરમાં કુલદોલનો ઉત્સવ શ્રીહરિ કરશે એવું જાણીને શ્રીહરિના દર્શન કરવામાં તૃષ્ણાવાળા હજારો હરિભક્તો દેશાન્તરથી ત્યાં આવ્યા. (૬) તે ઉત્સવમાં ગઢપુરથી ઉત્તમરાજ વગેરે પણ હર્ષપૂર્વક આવ્યા. હે રાજન્ ! તેમજ શ્રીહરિના બંધુજનો સંબંધીઓ વગેરે પણ આવ્યા. (૭)

ઉત્સવમાં ઉત્સાહવાળા શ્રીનગરના ભક્તો ફુલદોલના ઉત્સવ માટે વિવિધ પ્રકારની સામગ્રીઓ મંગાવતા હતા. (૮) તે ભક્તો હોલિકાને દિવસે પાંચ પલ્લવયુક્ત રંગ તથા કેસુડાના ફુલનો રંગ, સુંદર કેસરિયો રંગ વગેરે કરાવતા હતા. (૯) પછી તે ભક્તો પંચ પલ્લવ યુક્ત મનોહર મંડપ કરાવીને કેળના સ્તંભ તથા પુષ્પ વગેરેથી તેને શોભાયમાન કરાવતા હતા. (૧૦)

તે ભક્તો તે મંડપના મધ્યમાં ફળો, પલ્લવો સુગંધિમાન પુષ્પોથી વિચિત્ર વર્ણવાળો શોભાયમાન સુંદર હિંડોળો બાંધતા હતા. (૧૧) પછી તે ભક્તોએ પડવાને દિવસે નિત્યવિધિ જેમણે કર્યો છે એવા શુભ વસ્ત્ર ધારણ કરનારા શ્રીહરિને પ્રાર્થના કરીને તે હિંડોળા ઉપર બેસાડ્યા. (૧૨) પછી મુખ્ય ભક્તોએ હર્ષપૂર્વક શ્રીહરિનું રંગ ગુલાલ વગેરેથી પૂજન કર્યું. તેમજ શ્રીહરિના બંધુજનો વગેરેનું પણ યથાયોગ્ય પૂજન કર્યું. (૧૩)

તે સમયે મૃદંગ, કાંસા વગાડતા મુનિ સમૂહ તથા અન્ય ભક્તો હોળીના પદો ગાતા હતા. (૧૪) તે સમયે કેટલાક ભક્તો સુંદર વાદ્યો વગાડતા હતા. જન સમૂહોએ ઊંચેથી હર્ષપૂર્વક ઉચ્ચારણ કરેલા જયનાદો પણ સર્વત્ર પ્રસરતા હતા. (૧૫) પછી હજારો ભક્તો રંગથી ભરેલા ઘડા તથા સુંદર ગુલાલ વગેરે આદરપૂર્વક ત્યાં લાવ્યા. (૧૬)

શ્રીહરિ કેડ્ય બાંધીને મંડપની બહાર ચોકમાં આવ્યા. પછી મંદિરની આગળ ઓટલી ઉપર ચઢી ગયા. (૧૭) પછી બંને હાથમાં સુવર્ણની સુંદર પીચકારી ધારણ કરતા શ્રીહરિ, પોતાની આગળ બેઠેલા ભક્તજનના સમૂહ પ્રત્યે જોતા હતા. (૧૮) તેટલામાં રંગ ભરેલા ઘડાઓ લઈ હર્ષપૂર્વક પાર્ષદ સમૂહ શ્રીહરિની સમીપે આવી ઊભો રહ્યો. (૧૯)

પછી શ્રીહરિ પાર્ષદોએ ઊંચકેલા તે રંગના ઘડાઓમાંથી સુવર્ણની પીચકારીથી રંગ ભરીને પોતાના ભક્તો ઉપર વારંવાર છાંટવા લાગ્યા. (૨૦)

ઝડપથી પીચકારીથી વારંવાર રંગ છાંટતા શ્રીહરિને જોઈને, ત્યાગીજનો અને ભક્તો આનંદ પામતા હતા. (૨૧) હે ભૂપતે ! ત્યારે પ્રસન્ન થયેલા શ્રીહરિના બંધુજનો વગેરે સુંદર રજતની પીચકારીઓથી ભક્ત સમૂહ ઉપર પુષ્કળ રંગ છાંટતા હતા. (૨૨)

આવી રીતે પીચકારી વડે પુષ્કળ રંગ છાંટીને શ્રીહરિ પોતાના અનેક ભક્તોની ત્યાં જામેલી ભીડ જોતા હતા. (૨૩) પછી શ્રીહરિ તે સમગ્ર ભક્તજનોને રંગથી ભીના કરવાની ઈચ્છાથી પીત્તળના વાસણમાં ઉત્તમ રંગ ભરીને ભક્તો ઉપર પુષ્કળ પ્રમાણમાં છાંટતા હતા. (૨૪)

મંદહાસ્ય મુખવાળા, ચંચળ મૂર્તિ શ્રીહરિ, વર્ષાઋતુમાં મેઘ જળને જેમ અતિશય વર્ષાવે તેમ ભક્તસમૂહ ઉપર અત્યંત રંગ વર્ષાવતા હતા. (૨૫) તે સમયે રંગના પાણીના ત્યાં વહેતા જે પ્રવાહો હતા તે લોકોને ભાતભાતની વર્ણવાળી નદીના પ્રવાહની ભ્રાંતિ પમાડતા હતા. (૨૬)

શ્રીહરિ રંગથી પોતાના સમગ્ર ભક્તજનોને સ્નાન કરાવીને, તેમની ઉપર ગુલાલ તથા અબીલ વારંવાર નાંખતા હતા. (૨૭) શ્રીહરિ પ્રસન્નતાપૂર્વક તે ભક્તજનોના સમૂહ ઉપર ખોબે ખોબે પોશો ભરીને તેમજ વસ્ત્રમાં ભરીને ગુલાલ ફેંકતા હતા. (૨૮)

આવી રીતે શ્રીહરિ વારંવાર ગુલાલ ફેંકીને, પોતાના સમગ્ર ભક્તોને લાલવર્ણવાળા કરતા હતા. તે સમયે ગુલાલથી લાલ થયેલા શ્રીહરિ લાલવર્ણવાળા પોતાના ભક્તજનોથી વીંટાયેલા વિશેષ શોભતા હતા. (૨૯, ૩૦)

હે ભૂપાલ ! તે સમયે સમગ્ર નગર લાલ થઈ ગયું. વૃક્ષો સહિત સમગ્ર પૃથ્વી પણ લાલ થઈ ગઈ. તેમજ શ્રીહરિએ ઉડાડેલા ગુલાલથી સમગ્ર આકાશ પણ લાલ થઈ ગયું. (૩૧) તે સમયે આકાશમાં બ્રહ્મા વગેરે દેવેન્દ્રો શ્રીહરિની સુંદર રંગલીલાના દર્શન કરતા હતા. અને જય શબ્દોચ્ચારણપૂર્વક શ્રીહરિને શ્રેષ્ઠ પુષ્પોથી વધાવતા હતા. તેમજ શ્રીહરિને નમસ્કાર કરતા હતા અને તે પ્રભુની સ્તુતિ કરતા હતા. (૩૨)

તે સમયે દેવતાના ગવૈયાઓ પણ ગાન કરતા હતા. આકાશમાં અપ્સરાઓ હર્ષથી નૃત્ય કરતી હતી. શ્રીહરિનું આ સુખકર ચરિત્ર જોઈને અનેક ધામના મુક્તો પણ આનંદ પામતા હતા. (૩૩)

હે રાજન્ ! શ્રીહરિ આવી રીતે સમગ્ર જનોને અતિશય સુખ આપતા સુંદર અનુપમ ખેલ કરીને સર્વ મુનિઓ, વર્ણિઓ, પાર્ષદ સમૂહ વગેરેને આનંદ કરાવી તેમને સર્વને હર્ષપૂર્વક ભેટ્યા. (૩૪)

પછી શ્રીહરિ હર્ષપૂર્વક શ્રેષ્ઠ ગતિવાળા પોતાના અશ્વરાજ ઉપર બિરાજી, આનંદ પામેલા ઘોડેસવારો, પોતાના બંધુજનો, સંતો, વર્ણિઓ તથા ગૃહસ્થ સમૂહથી વીંટાઈને પુરના જનો દર્શન કરે તે પ્રમાણે વાજતે ગાજતે સ્નાન કરવા સાબરમતી નદીએ પધાર્યા. (૩૫)

નદીના કાંઠે જઈને શ્રીહરિ તત્કાળ પોતાના ઘોડા ઉપરથી ઉતર્યા. ભગુજી પાર્ષદે અતિ ઉત્તમ શ્વેત વસ્ત્ર શ્રીહરિને આપ્યું. તે શ્રીહરિએ ધારણ કર્યું. હે રાજન્ ! પછી રંગથી ભીનાં મનોહર સમગ્ર વસ્ત્રો ઉતારીને પોતાના ચરણકમળમાં પ્રીતિવાળા દામોદર ભક્તને હર્ષપૂર્વક શ્રીહરિએ આપ્યા. (૩૬)

પછી પ્રફુલ્લ નેત્રવાળા શ્રીહરિ પોતાના હાથ વડે પોતાના પાર્ષદનો હાથ પકડીને, અતિહર્ષપૂર્વક સમગ્ર ભક્તોની સાથે સાબરમતી નદીમાં પ્રવેશ કરીને, મંગળમય અતિસુંદર જળલીલા કરતા સ્નાન કરવા લાગ્યા. ભક્ત સમૂહથી વીંટાયેલા શ્રીહરિ, કાંઠે આવીને શ્વેત વસ્ત્રો ધારણ કરતા હતા. (૩૭)

પછી શિવ યાજ્ઞિક વિપ્રે શ્રીહરિના લલાટમાં તિલક કર્યું. પછી મહાઉદાર શ્રીહરિએ બ્રાહ્મણોને

હર્ષપૂર્વક ઘણી દક્ષિણાઓ આપી. સાબરમતી નદીના આરામાં મુનિઓ વગેરે સહિત શ્રીહરિએ જ્યાં સ્નાન કર્યું તે આરાનું નામ નારાયણ ઘાટ તરીકે અતિશય વિખ્યાત થયું. (૩૮)

ત્યારબાદ ભક્ત સમૂહ પુષ્પના શ્રેષ્ઠ હાર તથા તોરાઓ પ્રીતિપૂર્વક પ્રિય શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને ધારણ કરાવતા હતા. પછી શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પોતાના ભક્તજનો સહિત, તેમજ ઘોડેસવારોથી વીંટાઈને, વિવિધ વાદ્યોના ઘોષથી દિશાઓ ગજાવતા ત્યાંથી ચાલ્યા. (૩૯)

શ્રીહરિ માર્ગમાં સુંદર આંબલીનું વૃક્ષ જોઈ (પાછીયા વાડી નામથી પ્રસિદ્ધ સ્થાનમાં આંબલીનું વૃક્ષ જોઈને) અશ્વ ઉપરથી નીચે ઊતરીને તે વૃક્ષની નીચે પોતાના જનોએ કરેલા આસન ઉપર બિરાજી ત્યાં સુંદર સભા કરાવતા હતા. (૪૦)

ભક્તજન સમૂહના નેત્રરૂપી ચકોરોના મુખચંદ્ર સમાન શ્રીહરિ ત્યાં અતિ મનોહર વાર્તા કરતા હતા. અમૃતથી પણ અતિશ્રેષ્ઠ તે અપાર બોધવાળી જે વાર્તા તે સાંભળીને તે ભક્તો આનંદ પામ્યા. (૪૧)

પછી ધર્મપુત્ર શ્રીહરિ લલિતગતિવાળા પોતાના અશ્વરાજ ઉપર બેસી ખેલ કરતા હતા. ભક્તજનો પવન સમાન વેગવાળા, પંચગતિમાં પ્રવિણ તે અશ્વને જોઈ આનંદ પામ્યા. (૪૨) પછી પુષ્કળ ઘોડેસવારોથી વીંટાયેલા, વાદ્યોના ઘોષ સાંભળતા, પોતાના ભક્તગણો સહિત શ્રીહરિ પોતાના આશ્રિતજનો તથા નગરજનોને દર્શન દેતા પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિએ રંગક્રીડા કરી તે વર્ણન નામે બાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૨)



અધ્યાય ૨૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ સ્નાન તથા માધ્યાહ્નિક કર્મ કરીને બંધુજનો સહિત વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો જમતા હતા. (૧) મનોહર મુખવાસ જમતા શ્રીહરિ એક શ્વેત વસ્ત્ર પહેરીને મહાસનમાં બિરાજમાન થયા. (૨) તેટલામાં આનંદાનંદ મુનિરાજે ત્યાં આવીને કેસર મિશ્રિત ચંદનની ચર્ચા શ્રીહરિના ભાલમાં કરી. (૩)

પછી આનંદાનંદ મુનિએ તેના મધ્યભાગમાં કુંકુમનો ગોળ ચાંદલો કર્યો અને શ્રીહરિના સર્વ અંગોમાં કેસરયુક્ત ચંદનનો સુંદર લેપ કર્યા. (૪) તે મુનિએ ગુલાબ વગેરે પુષ્પોના શ્રેષ્ઠહાર, બાજુબંધ, કડાં શ્રીહરિએ પ્રીતિપૂર્વક ધારણ કરાવ્યાં. (૫) તે મુનિએ પ્રભુના બંને કાનમાં પુષ્પના

તોરા ધારણ કરાવ્યા. તેમજ પુષ્પની પાઘ, પુષ્પના ઝાંઝર વગેરે પણ ધારણ કરાવ્યા. (૬)

પછી શ્રીહરિ કેડ્યમાં ડાબા ખભે લટકતો ખેસ બાંધી હર્ષપૂર્વક સાધુઓને પીરસવા માટે તત્પર થયા. (૭) ચટ્ચટ્ ધ્વનિ કરતી પાદુકા પહેરેલા શ્રીહરિ પોતાના પાર્ષદોની સાથે સાધુઓને ભોજન સ્થાનમાં જતાજતા વર્ણિઓની પાકશાળામાં પણ પધાર્યા. (૮) હે ભૂપતે ! પછી વર્ણિઓ વિવિધ પ્રકારના ભોજનો શ્રીહરિની દૃષ્ટિ પ્રસાદી કરાવીને શ્રીહરિની સ્તુતિ કરતા જમતા હતા. (૯)

પછી શ્રીહરિએ સાધુઓની પંક્તિમાં આવી, તે સર્વ સાધુઓને ભોજનના પાત્રો લઈ પંક્તિમાં બેઠેલા જોયા. (૧૦) તેટલામાં જુવાન સાધુઓ ઘેબરના ભરેલાં પાત્રો લઈ હર્ષપૂર્વક શ્રીહરિની સમીપે આવ્યા. (૧૧) શ્રીહરિ મુનિઓએ ઊંચકેલા તે પાત્રોમાંથી ઘેબર લઈ સાધુઓને પીરસતા હતા. (૧૨)

સુંદર છે ગતિ જેમની એવા, સાધુઓની પંક્તિઓમાં ઘણીવાર ફરતા શ્રીહરિ પીરસવાની ચતુરાઈથી સર્વ સાધુઓને શીઘ્રતાથી પીરસતા હતા. (૧૩) સાધુઓની પંક્તિઓમાં શાક, દાળ વગેરે ભોજ્ય પદાર્થો પીરસવાનું કાર્ય ઉતાવળથી તે તે ક્રિયા કરતા સાધુઓ કરતા હતા. (૧૪) પછી સાધુઓના ભોજન પાત્રો સર્વ ભોજન સામગ્રીથી પીરસાયેલા જોઈને શ્રીહરિએ અતિપ્રસન્ન થઈ તે મુનિઓને જમવાની આજ્ઞા આપી. (૧૫)

પછી સર્વસંતો ઊંચાસ્વરથી ''સ્વામિનારાયણ ભગવાનની જય'' એવો ધ્વનિ કરીને મનોહર શ્રીહરિના દર્શન કરતા જમવા લાગ્યા. (૧૬) પુષ્પોના હાર વગેરેથી સુંદર, ચંદનથી ચર્ચિત છે શરીર જેમનું એવા, શ્રીહરિ સંતોની સંતોની પંક્તિઓમાં ઉતાવળી ગતિથી ચાલતા તે સંતોને પીરસતા હતા. (૧૭)

આવી રીતે શ્રીહરિ વારંવાર સાધુઓને ઘેબર પીરસીને તેમને તૃપ્ત કરીને તેમને ભાત તથા દાળ પણ પીરસાવતા હતા. (૧૮) પછી શ્રીહરિએ સમગ્ર પાર્ષદો તથા ઉત્તમરાજા વગેરે સર્વ રાજાઓને ઘેબર પીરસીને તૃપ્ત કર્યા. (૧૯)

પછી મુકુંદાનંદ વર્ણિરાજે શ્રીહરિના ચરણકમળ તથા બંને હાથ જળથી ધોયા. (૨૦) પછી પાર્ષદોથી વીંટાયેલા, દર્શન કરનારા ભક્તજનોના ચિત્ત હરતા, શ્રીહરિ ચટ્ચટ્ ધ્વનિ કરતી પાદુકા પહેરી પોતાના નિવાસ સ્થાનમાં પધાર્યા. (૨૧) ચિત્રવર્ણવાળા ઉલ્લાચોથી યુક્ત મંદિરની આગળના વિશાળ ચોકમાં મુનિઓ વગેરેની અત્યંત મોટી દિવ્ય સભા થઈ. (૨૨)

ચોકના મધ્યમાં કોમળ ગાદી વગેરેથી યુક્ત મનોહર ઊંચા આસન ઉપર સુંદર શ્વેત વસ્ત્રોને ધારણ કરનારા શ્રીહરિ વિરાજમાન થયા. (૨૩) તે સભામાં શ્રીહરિના બંધુજનો શ્રીહરિની આગળ

યોગ્યતા પ્રમાણે બેઠા. તેમજ ત્યાગીઓ તથા અન્ય ગૃહસ્થ ભક્તો પણ તેવી રીતે બેઠા. (૨૪) શ્રીહરિમાં પ્રીતિવાળા પુરના ભક્તો મહામૂલ્યવાળા વસ્ત્રો, ભૂષણો તથા સમગ્ર ઉપચારો હર્ષપૂર્વક લઈને તે સભામાં આવ્યા. (૨૫) તે ભક્તોએ શ્રીહરિને પ્રણામ કરીને તે ઉપચારો શ્રીહરિની આગળ મૂક્યા અને નવીન વસ્ત્રોનો મોટો ઢગલો કર્યો. (૨૬)

તે ભક્તોએ શ્રીહરિની સમીપે બેઠેલા, શ્રીહરિને વસ્ત્રો ધરાવવામાં ચતુર, આનંદાનંદ મુનિને જોઈ, શ્રીહરિને સુંદર વસ્ત્રો ધારણ કરાવવા માટે તેમને પ્રેમપૂર્વક વિનતિ કરી. (૨૭) તેથી તે મુનીન્દ્રે શ્રીહરિને સોનેરી મનોહર મહામૂલ્યવાળો સુરવાળ પ્રીતિપૂર્વક ધારણ કરાવ્યો. (૨૮) આનંદાનંદ મુનિએ સુવર્ણના તારવાળો આગલા ભાગમાં તોરા સહિત રમણીય પાઘ પ્રભુ શ્રીહરિના મસ્તક ઉપર યથાયોગ્ય ધારણ કરાવી. (૨૯) પછી તે મુનિએ સોનેરી બુટ્ટાદાર શોભાયમાન લાલ વર્ણનો અત્યંત અમૂલ્ય જામો શ્રીહરિને ધારણ કરાવ્યો. (૩૦) તે મુનિએ સોનેરી તારથી શોભતા પાલવોવાળું અમૂલ્ય કસુંબલ વસ્ત્ર શ્રીહરિને કેડ્યમાં ધારણ કરાવ્યું. (૩૧)

પછી મુનિએ સોનેરી તારવાળા પાલવોથી તથા કિનારીથી ચળકતો મહામૂલ્યવાળો ખેસ હર્ષપૂર્વક બંને ખભા ઉપર શ્રીહરિને ધારણ કરાવ્યો. (૩૨) પછી તે ભક્તોએ ભક્તિપૂર્વક શ્રીહરિનું સુગંધિમાન ચંદન, પુષ્પના હાર તેમજ અન્ય ઉપચારોથી પૂજન કર્યું. (૩૩)

તે ભક્તોએ શ્રીહરિના બંધુજનો વગેરેની પણ મનોહર ભૂષણ, વસ્ત્ર વગેરે ઉપચારોથી પૂજા કરી અને હર્ષપૂર્વક મુનિઓ વગેરેની પણ યથાયોગ્ય પૂજા કરી. (૩૪) પછી શ્રીહરિ પોતાના સિંહાસન ઉપરથી ઊઠીને આનંદમુનિના હાથમાંથી વસ્ત્રો લઈ પોતે સાધુ, વર્ણી, પાર્ષદોને આપતા હતા. (૩૫)

દેશાન્તરના ભક્તો પણ અમૂલ્ય વસ્ત્રો, આભૂષણો તેમજ વિવિધ પ્રકારના મનોહર ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩૬) તે ફુલદોલના ઉત્સવમાં પોતાના આશ્રિતોએ પોતાને આપેલા જે ભૂષણો વગેરે સર્વ શ્રીહરિએ હર્ષપૂર્વક અયોધ્યાપ્રસાદને આપ્યા. (૩૭)

શ્રીનગરમાં ભક્તો હંમેશા ગુલાબના હાર, બાજુ બંધ તથા વિવિધ પ્રકારના પુષ્પોની માળા વગેરેથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૩૮)

શ્રીહરિ વિવિધ પ્રકારના ગુલાબના ભૂષણો ધારણ કરીને પોતાના દર્શન વારંવાર આપતા એ રીતે પોતાના ભક્તોને શ્રીહરિ અત્યંત આનંદ આપતા હતા. (૩૯)

શ્રીહરિ તે મોટા પુરમાં આવી રીતે અતિ મનોહર મહોત્સવ કરી, પોતાના સમગ્ર જનોને સુખ પમાડતા હતા. વળી ધર્મ સંબંધી પણ ઉત્તમ ઉપદેશ વાતો કરતા હતા. આવી રીતે શ્રીહરિ ત્યાં પંદર દિવસ રહ્યા. (૪૦)

પછી સર્વજ્ઞ શ્રીહરિ પોતાના બંધુઓ તથા તેમના પુત્રો વગેરેનો સંકલ્પ જાણીને હર્ષપૂર્વક તે બંનેને કહેવા લાગ્યા. (૪૧) હે બંધુજનો ! તમારી તથા તમારા પુત્રોની, વર્ણિઓ વગેરેને જમાડવાની ઈચ્છા હોય તો વર્ણિઓ સાધુઓ વગેરે સર્વને તમારે ખુશીથી જમાડવા. (૪૨)

શ્રીહરિના બંને બંધુઓ શ્રીહરિનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયા અને તત્કાળ નારાયણાનંદ વૈકુંઠાનંદ વગેરે બ્રહ્મચારીઓ પાસે વર્ણિઓ માટે હર્ષપૂર્વક પકવાન્નો કરાવવા લાગ્યા. (૪૩) હે રાજન્ ! શ્રીહરિના બંને બંધુઓ, મુનિઓ વગેરે માટે આદરપૂર્વક કંદોઈયા બ્રાહ્મણો પાસે પકવાન્નો કરાવવા લાગ્યા. (૪૪)

હે રાજન્ ! શ્રીહરિના બંને ઉદાર બંધુઓ તથા તેમના પુત્રો અતિશ્રેષ્ઠ ઘેબર તથા મોતીયા લાડુઓ કરાવતા હતા. (૪૫) અમૃતતુલ્ય રસવાળાં, ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય પદાર્થોથી વર્ણિઓ સંતો તથા પાર્ષદોને અત્યંત તૃપ્ત કરતા હતા. (૪૬)

પછી કુમકુમ, કસ્તૂરી, ચંદન, શ્રેષ્ઠ અક્ષત તથા વિવિધ પ્રકારના ઉત્તમ પુષ્પોના હાર વગેરે ઉપચારોથી પોતાને અતિશય પ્રિય શ્રીહરિનું શ્રીહરિના બંધુઓ પ્રીતિપૂર્વક પૂજન કરતા હતા. તેમના બંનેના પુત્રો પણ ભક્તિપૂર્વક હર્ષથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૪૭, ૪૮)

સુગંધિમાન ચંદન, ઉત્તમ પુષ્પના હાર તથા સુંદર નવીન વસ્ત્રો તથા મનોહર ઉપચારોથી શ્રીહરિના બંધુઓ તથા તેમના પુત્રોએ વર્ણિઓ તથા અન્ય ત્યાગી પાર્ષદોનું હર્ષપૂર્વક પૂજન કર્યું. (૪૯, ૫૦)

હે નૃપ ! ત્યારબાદ ગુણસાગર, દયાળુ, શ્રીહરિએ ચૈત્ર સુદી પડવાને દિવસે જુદાજુદા દેશમાંથી આવેલા પોતાના ભક્તના સંઘને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપી. (૫૧) અતિશીઘ્ર કાર્યમાં પ્રવીણ, સમગ્ર આશ્રિતના એક સ્વામી, વ્યાપક શ્રીહરિએ ગઢપુર જવાની ઈચ્છા કરી અને પોતાના ભક્તજનોના સમૂહની સાથે તત્કાળ તૈયાર થયા. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિએ પીરસવાની લીલા કરી એ નિરૂપણ નામે ત્રેવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૩)



અધ્યાય ૨૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી શ્રીહરિ, પોતાના પાર્ષદોએ ભૂષણોથી અલંકૃત કરીને આણેલા સુંદર ગતિવાળા પોતાના અશ્વ ઉપર બિરાજમાન થયા. (૧) પછી ઘોડાઓ ઉપર બેઠેલા બંધુજનો તથા ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ, વાદ્યોના ઘોષ સાથે, નગરથી નીકળ્યા. (૨) તે સમયે શસ્ત્રધારી પાર્ષદો શ્રીહરિની આગળ ચાલતા હતા. છડીદાર કુબેરભક્ત શ્રીહરિની સમીપે છડીના શબ્દો બોલતા ચાલતા હતા. (૩)

મુનિગણો તથા વર્ણિઓ શ્રીહરિની પાછળ ચાલતા હતા. ઉત્તમરાજા અને ભક્તજનના સમૂહ પાછળ ચાલતા હતા. (૪) તે સમયે પુરના સમગ્ર ભક્તો પોતાના ઈષ્ટ ધર્મપુત્ર શ્રીહરિને કલ્યાણકારી પદો ગાતા વળાવવા માટે પાછળ ચાલતા હતા. (૫) પુરના જનો જેમના દર્શન કરી રહ્યા છે તે શ્રીહરિ ઘોડેસવારોથી વીંટાયેલા પોતાના મુનિઓની સાથે ધીરે ધીરે નગરથી નીકળીને ચાલ્યા. (૬)

દૂર સુધી પાછળ આવેલા, નેત્રોમાં અશ્રુ જેમને છે. એવા પુરના સમગ્ર ભક્તોને પાછા વાળીને શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે ચાલવા લાગ્યા. (૭) પોતાના જનોને સુખ આપતા ચાલતા ચાલતા શ્રીહરિ અશ્લાલી ગામે પહોંચ્યા. તેટલામાં ત્યાંના ભક્તો વાદ્યોના ધ્વનિ સહિત શ્રીહરિની સન્મુખ ગયા. (૮)

પછી ભક્તજનોએ વારંવાર જેમને નમસ્કાર કર્યા છે. તથા પ્રાર્થના કરી છે તે શ્રીહરિ પોતાના સમગ્ર ભક્તોની સાથે અશ્લાલી ગામની સમીપે આંબાના વનમાં રહ્યા. (૯) ત્યાં વેણીભાઈ, કાળીદાસ, હરિભાઈ, ગોપાળજી વગેરે ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૧૦) શ્રીહરિમાં અત્યંત ભક્તિવાળી, સ્વધર્મમાં નિષ્ઠાવાળી, કૃષ્ણા વગેરે સર્વે સ્ત્રીઓ પણ, આદરપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગી. (૧૧)

શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તજનોને અશ્લાલી ગામના હરિજનોએ જુદાજુદા ભોજનો જમાડી તૃપ્ત કર્યા. પછી શ્રીહરિનું પૂજન કર્યું એવી રીતે તે ભક્તોને અત્યંત સુખ આપતા શ્રીહરિ તે ગામમાં રાત્રિ રહ્યા. (૧૨) સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ભક્તોએ વળાવ્યા. શ્રીહરિ પોતાના જનોની સાથે ઘોડેસવારોથી વીંટાઈને તે ગામમાંથી ચાલ્યા. (૧૩) માર્ગમાં પોતાના ભક્તના ગામોમાં રહેતા રહેતા શ્રીહરિ અષ્ટમીને દિવસે ભાલદેશમાં આવેલા કમિયાળા ગામે પહોંચ્યા. (૧૪)

સન્મુખ આવેલા ત્યાંના ભક્તજનોએ શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે હર્ષપૂર્વક ત્યાં પોતાને યોગ્ય નિવાસમાં રહ્યા. (૧૫) તે ગામના ભક્તોએ શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તોનો યથાયોગ્ય આતિથ્ય સત્કાર કર્યો. તેમજ હર્ષપૂર્વક તેમની સેવા કરી. (૧૬)

બીજે દિવસે કમિયાળા ગામમાં શ્રીહરિએ રામજન્મનો મહોત્સવ કર્યો. તે ઉત્સવમાં ભાલ

દેશના નિવાસી હજારો ભક્તો આવ્યા. (૧૭) પછી તે સર્વ ભક્તો રાત્રિનું પાંચમું મુહૂર્ત વીત્યું એટલે શ્રીહરિના જન્મનો સમય જાણીને શ્રીહરિનું અર્ચન કરવા માટે ઈચ્છા કરવા લાગ્યા. (૧૮)

તે ભક્તોએ મહા મૂલ્યવાળા વસ્ત્રો, આભૂષણો, ચંદન, અક્ષત, કુમકુમ તથા પુષ્પનાહાર ધન, વિવિધ નૈવેદ્યો વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું તથા શ્રીહરિની આરતી કરી. (૧૯, ૨૦, ૨૧) દશમીને દિવસે સવારમાં શ્રીહરિ વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૨૨, ૨૩)

આ રીતે પોતાના ભક્તોની પ્રાર્થનાથી આશ્રિત પ્રિય શ્રીહરિ ત્યાં પોતાના જનોને નિત્ય સુખ આપતા પૂર્ણિમા પર્યંત રહ્યા. (૨૪) પડવાને દિવસે જવા માટે તૈયારી કરતા શ્રીહરિની પુંજજીત્ રાજા હર્ષપૂર્વક બંને હાથ જોડી તથા નમસ્કાર કરીને પ્રાર્થના કરવા લાગ્યા. (૨૫)

હે હરે ! ધોળેરા નગરમાં ઘણું કરીને મંદિર તૈયાર થઈ ગયું છે. માટે હે પ્રભો ! આપ ત્યાં આવીને શ્રીકૃષ્ણની પ્રતિષ્ઠા કરો. (૨૬) મંદિરનું જે કાર્ય બાકી રહ્યું હશે તે અમો પૂરું કરીશું. આવી રીતે પુંજજીત રાજાએ શ્રીહરિએ કહ્યું તેથી પોતાનાં આશ્રિત પુંજજીત રાજાને 'બહું સારું' એમ શ્રીહરિએ કહ્યું. (૨૭)

પછી અશ્વ ઉપર બિરાજેલા અને ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ, પુંજજીતરાજા તથા પોતાના અન્ય ભક્તજનોની સાથે ચાલતા સંગવ કાળે ધોળેરા નગરમાં પધાર્યા. (૨૮) પછી પુંજજીત રાજાએ શ્રીહરિને પોતાના ભુવનમાં નિવાસ કરાવ્યો. શ્રીહરિના અન્ય સહચારી જનોને યથાયોગ્ય નિવાસ કરાવીને તે સમયે તેમનું આતિથ્ય કર્યું. (૨૯)

નારાયણજી મુખ્ય છે જેમાં એવા પુરના વિપ્રો ધર્મનંદન શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરવા લાગ્યા. (૩૦) તે પુરમાં પુંજજીત રાજા શ્રીહરિની દાસની માફક સેવા કરતા હતા. જે પુંજજીત્ રાજાએ પ્રત્યક્ષ શ્રીહરિને પોતાનું રાજ્ય, ધન વગેરે અર્પણ કરી દીધું હતું. (૩૧)

ભક્ત ભોજોભા, બુદ્ધિમાન બાપુજી ભક્ત, વરસોભા તથા કાયોજી વગેરે ઘણા ક્ષત્રિય ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. અજુબા તથા ફુલીબા વગેરે સ્ત્રી ભક્તો પણ શ્રીહરિની સેવા કરતી હતી. (૩૨, ૩૩) ત્રિકમ ભક્ત, ડોસાભા, રતનજી, કલ્યાણજી વગેરે વણિકો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૩૪) ખીમો ભક્ત, રત્નો ભક્ત, કાનજી ભક્ત, ગંગજી, માનો, દામો ઈત્યાદિ વૈશ્ય ભક્તો પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૩૫)

વનમાળી વગેરે શ્રીહરિના અન્ય આશ્રિતો પણ હર્ષપૂર્વક શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતા હતા. (૩૬) તે સમયે શ્રીહરિની આજ્ઞા પાળવામાં તત્પર, જ્ઞાન વૈરાગ્યાદિ યુક્ત, શ્રીહરિને પ્રિય અદ્‌ભુતાનંદ મુનીંદ્ર શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૩૭)

હે સ્વામિનારાયણ ! હે પ્રભો ! આપ મંદિર જોવા માટે પધારો એ પ્રમાણે તેમણે કહ્યું.

તેથી શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે મંદિર જોવાની ઈચ્છાથી આવ્યા. (૩૮) પોતાના હાથ વડે અદ્‌ભુતાનંદ મુનિનો હાથ ઝાલીને શ્રીહરિ પ્રસન્નતાપૂર્વક તે મનોહર મંદિર જોવા લાગ્યા. (૩૯)

પછી શ્રીહરિ અદ્‌ભુતાનંદ તથા પુંજજીત રાજા, તેમજ દામોદર શિલ્પી વગેરેની પ્રશંસા કરવા લાગ્યા. શ્રીહરિએ અદ્‌ભુતાનંદ મુનિને પોતાની પ્રસાદીના વસ્ત્રો તથા પુષ્પના હાર આપ્યાં. (૪૦)

પુંજજીત રાજાને પણ શ્રીહરિએ પોતાની પ્રસાદીના હાર વગેરે આપ્યા. તે શિલ્પીઓને પણ યથાયોગ્ય પારિતોષિક શ્રીહરિએ આપ્યું. (૪૧) આવી રીતે શ્રીહરિ લગભગ તૈયાર થઈ ગયેલા તે મંદિરને જોઈને પ્રસન્ન થઈ જ્યોતિર્વિદ નારાયણજી બ્રાહ્મણને બોલાવી દેવની પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત પૂછવા લાગ્યા. (૪૨) તે નારણજી જ્યોતિષીએ વૈશાખ સુદી ત્રયોદશી (તેરસ) અને ભૃગુવાસરનું કૃષ્ણ પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત કહ્યું. (૪૩)

મુહૂર્ત અતિદૂર હતું અને શ્રીહરિને જવાની ઉતાવળ હતી. પરંતુ શ્રીહરિને પુંજજીતરાજાએ પ્રાર્થના તથા નમસ્કાર કરીને ઉત્સાહપૂર્વક ત્યાં રાખ્યા. (૪૪) હે રાજન્ ! શ્રીહરિ ભક્તાધીનહોવાથી તે પુરમાં રહ્યા. શ્રીહરિ હંમેશાં પોતાના ભક્તોને ધર્મ, જ્ઞાન વગેરે ઉપદેશની વાતો કરી અત્યંત આનંદ પમાડતા હતા. (૪૫) શ્રીકૃષ્ણની પ્રતિષ્ઠાના મુહૂર્ત પર્યન્ત શ્રીહરિ ત્યાં રહેવાના છે એવું સાંભળીને ભાલદેશના ભક્તોને તો મહાન્ ઉત્સવ થયો. તે ભક્તો ધોળેરાપુરમાં દરરોજ ટોળેટોળાં મળીને આવજા કરવા લાગ્યા. (૪૬)

પછી શ્રીહરિએ ધોળેરાપુરના તે મંદિરમાં વૈશાખ સુદી ૧૩ ને તેરસને દિવસે રાધા સહિત મદનમોહનની (શ્રીકૃષ્ણ) શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સ્થાપના કરી. (૪૭) તે સમયે પૂજાનો મહોત્સવ વાદ્યોના ઘોષસહિત થયો તે ઉત્સવ પ્રસંગે હજારો વિપ્રોને શ્રીહરિ ભોજન જમાડી તૃપ્ત કરતા હતા. (૪૮) મહા ઉદર શ્રીહરિએ તે ઉત્સવમાં બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણાઓ તથા વસ્ત્રો આપ્યાં. બીજે દિવસે નૃસિંહોત્સવ કર્યો. (૪૯)

પછી શ્રીહરિ પૂર્ણિમાને દિવસે જમીને પોતાના સરળ અશ્વ ઉપર બિરાજી પોતાના જનો સહિત ત્યાંથી નીકળ્યા. ચળકતા ભાલાઓ હાથમાં જેમને છે એવા ઘોડે સવારેથી શ્રીહરિ વીંટાયેલા હતા. શ્રીહરિના ભક્તજનો પાછળ ચાલતા હતા. એ પ્રકારે રાજા પુંજજીતે વળાવેલા શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે ધોળેરા નગરથી નીકળ્યા. (૫૦)

પછી પોતાના સમગ્ર જનોની સાથે માર્ગમાં ચાલતા શ્રીહરિ પોતાના જનોને સુખ આપતા માર્ગમાં આવેલા પોતાના ભક્તજનોના ગામમાં રાત્રિ રહીને પડવાને દિવસે બપોર પહેલાં ઉત્તમ એવા ગઢપુરમાં પધાર્યા. (૫૧) સન્મુખ આવેલા પુરજનોના સમૂહ તથા પોતાની સાથેના જનોની

સાથે પૂર્ણકામ શ્રીહરિએ અતિ પ્રસન્નતાપૂર્વક પુરમાં પ્રવેશ કર્યો. પછી પોતાના અતિશ્રેષ્ઠ નિવાસસ્થાનમાં જઈને સુખપૂર્વક નિવાસ કર્યો. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રી મદનમોહન પ્રતિષ્ઠોત્સવ નિરૂપણ નામે ચોવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૪)



અધ્યાય ૨૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં નિવાસ કરતા ભક્તજનો જેમની સેવા કરી રહ્યા છે તે શ્રીહરિ પોતાના ભક્તોને પોતાના દર્શન તથા ઉપદેશ વાતોથી આનંદ પમાડતા હતા. (૧) હે મહીપતે ! એક સમયે પોતાના સ્થાનમાં બિરાજેલા શ્રીહરિની સમીપે અયોધ્યાપ્રસાદ તથા રઘુવીર એ બંને જણા હર્ષપૂર્વક આવ્યા. (૨)

હે રાજન્ ! પછી તે બંને બંધુઓ પ્રીતિપૂર્વક પુરુષોત્તમ શ્રીહરિને પ્રણામ કરીને, શ્રીહરિની સમીપે બેઠા. (૩) હે રાજન્ ! તેમને પ્રશ્ન પૂછવાનો અવસર પ્રાપ્ત થયો હતો. તેથી મહાબુદ્ધિશાળી એ બંને, શ્રીહરિને પ્રસન્ન જાણીને શુભ દીક્ષાવિધિ અંગે પૂછવા લાગ્યા. (૪)

સર્વવિત્ શ્રીહરિ પોતાના તે બંને પુત્રોને બે પ્રકારની સામાન્ય દીક્ષાવિધિ યથાશાસ્ત્ર કહેતા હતા. (૫) પછી શ્રીહરિ ગૃહસ્થોના સમગ્ર મહાદીક્ષાવિધિ પણ કહેતા હતા. તેમજ તે બંને પુત્રોને અનાશ્રમિઓનો મહાદીક્ષાવિધિ પણ કહેતા હતા. (૬) પછી સર્વજ્ઞ પ્રભુ શ્રીહરિએ તે બંને પુત્રોને બ્રહ્મચારીઓની મહાદીક્ષાનો વિધિ પણ સ્પષ્ટપણે શાસ્ત્રાનુંસાર કહ્યો. (૭)

પછી શ્રીહરિએ તે બંને પુત્રોને ત્યાગીઓનો મહા દીક્ષાવિધિ પણ કહ્યો ? તથા દીક્ષિત પુરુષોના સાધારણ ધર્મો પણ કહ્યા. (૮)

હે રાજન્ ! પછી શ્રીહરિએ તે બંને પુત્રોને સ્ત્રીઓનો સામાન્ય તથા વિશેષ શુભ દીક્ષાવિધિ પણ કહ્યો. (૯) આ દીક્ષાવિધિ સત્સંગિજીવનમાં શ્રીહરિએ વિસ્તારપૂર્વક કહ્યો છે, તે સમગ્ર દીક્ષાવિધિ સત્સંગિજીવનમાંથી જાણી લેવો. (૧૦)

પછી સ્વયં શ્રીહરિ જેઠસુદિ નિર્જળા એકાદશીને દિવસે પોતાના તે પુત્રોને બે પ્રકારનો દીક્ષાવિધિ, વિધિ પ્રમાણે આપતા હતા. (૧૧)

પોતે જેમને દીક્ષા આપેલી છે એવા તે પુત્રો પાસે શ્રીહરિએ તે બંનેની પત્નીઓને પણ

સામાન્ય તથા મહાદીક્ષા અપાવી. (૧૨)

તે સમયે શ્રીહરિ વિધિ પ્રમાણે કૃષ્ણપૂજાનો મહોત્સવ કરતા હતા. બારશને દિવસે બ્રાહ્મણોને તથા મુનિઓને મિષ્ટાન્ન જમાડી શ્રીહરિ તૃપ્તિ પમાડતા હતા. (૧૩) તે ઉત્સવમાં દેશાન્તરથી હજારો ભક્તજનો, સ્ત્રીઓ, વર્ણિઓ તથા સાધુઓ આવ્યા હતા. (૧૪)

ગઢપુરમાં સ્નાન યાત્રાના ઉત્સવને અંતે મોટી સભા થઈ. તે સભામાં સર્વ ભક્તો હર્ષપૂર્વક મર્યાદાથી બેઠા. (૧૫) પછી શ્રીહરિ તેના મધ્ય ભાગમાં ઊંચા શ્રેષ્ઠ આસન ઉપર બિરાજમાન થયા. તે સભામાં બેઠેલા ભક્તજનો શ્રીહરિના વદનકમળના દર્શન કરતા બેઠા. (૧૬)

પછી શ્રીહરિ તેમના પ્રત્યે બોલ્યા, હે ભક્તો ! તમો મારું વચન સાંભળો. દીક્ષા પામેલા જનોને તો ભક્તિનું ફળ જરૂર મળે છે. (૧૭) માટે ઉદ્ધવ સંપ્રદાયના સમગ્ર જનોએ તથા સ્ત્રીઓએ પોતાના અધિકાર પ્રમાણે સામાન્ય તથા મહાદીક્ષા ગ્રહણ કરવી. (૧૮)

આ લક્ષ્મીનારાયણ દેશમાં જે પુરુષો છે તે રઘુવીર આચાર્ય પાસેથી બે પ્રકારની દીક્ષા લે. (૧૯) તેમની સ્ત્રીઓ રઘુવીરની પત્ની પાસેથી બે પ્રકારની શુભ દીક્ષા સ્વીકારે. પરંતુ તે સ્ત્રીઓ ક્યારેય પણ રઘુવીર પાસેથી દીક્ષા ગ્રહણ ન કરે. (૨૦) વળી નરનારાયણના દેશમાં જે પુરુષો છે તેમણે પણ બે પ્રકારની શુભ દીક્ષા અયોધ્યાપ્રસાદ થકીજ ગ્રહણ કરવી. (૨૧)

હે જનો ! તે હરિભક્તોની સ્ત્રીઓએ તો અયોધ્યાપ્રસાદની પત્ની પાસેથી બે પ્રકારની દીક્ષા યોગ્યતા પ્રમાણે યથાશાસ્ત્ર ગ્રહણ કરવી પણ અયોધ્યાપ્રસાદ પાસેથી તો ગ્રહણ નજ કરવી. (૨૨) વાસુદેવની આ શુભ દીક્ષા ગ્રહણ કરીને હંમેશાં પૂજવા માટે શ્રીકૃષ્ણની પ્રતિમા પોતાના ગુરુ પાસેથી ગ્રહણ કરવી. (૨૩)

મારા સર્વ આશ્રિતોએ પોતપોતાના ધર્મમાં રહીને, અધિકાર પ્રમાણે, તેમની પૂજા કરવી, અન્ય પ્રકારે ન કરવી. (૨૪)

પછી શ્રીહરિ પોતાના સમગ્ર શિષ્યોને વિભાગ પ્રમાણે તથા અધિકાર પ્રમાણે યથાકાળે પોતાના પુત્રો પાસે દીક્ષા અપાવતા હતા. (૨૫)

ત્યારબાદ શ્રીહરિ રઘુવીર પાસે તેમના સર્વ શિષ્યોને રાધાકૃષ્ણની તથા પોતાની પણ ચિત્ર પ્રતિમા પૂજા માટે અપાવતા હતા. (૨૬) તેમજ અયોધ્યાપ્રસાદ પાસે પણ તેમના સર્વ શિષ્યોને નરનારાયણની તથા પોતાની મૂર્તિ શ્રીહરિ અપાવતા હતા. (૨૭)

શ્રીહરિ તે બંને આચાર્યોની પત્નીઓ પાસે ફક્ત સ્ત્રીઓને જ બે પ્રકારની યથાયોગ્ય દીક્ષા અપાવતા હતા. (૨૮) પ્રભુ શ્રીહરિ હંમેશાં પૂજવા માટે પોતાની તથા કૃષ્ણની એમ બે મૂર્તિઓ આચાર્ય પત્નીઓ પાસેથી સ્ત્રીઓને વિભાગ પ્રમાણે જુદીજુદી અપાવતા હતા.

(૨૯) હે રાજન્ ! શ્રીસ્વામિનારાયણે આ પ્રકારે કળિયુગમાં કલ્યાણકારી ઉદ્ધવ સંપ્રદાય આ લોકમાં પ્રવર્તાવ્યો. (૩૦)

પછી તે બંને આચાર્યોએ પૂછ્યું, તેથી શ્રીહરિએ વિસ્તારપૂર્વક યથાશાસ્ત્ર વાર્ષિક વ્રતો તથા ઉત્સવોનો વિધિ તે બંને પુત્રોને કહ્યો. (૩૧) તે સર્વ વ્રતોત્સવોનો નિર્ણય શ્રીહરિએ પોતાના તે બંને પુત્રોને કહ્યો. તે વ્રતોના નિર્ણયનો વિસ્તાર શ્રીસત્સંગિજીવન ગ્રંથમાંથી જાણવો. (૩૨)

પછી શ્રીહરિએ ગઢપુરમાં જન્માષ્ટમીનો મહોત્સવ કર્યો. તે મહોત્સવના દર્શન માટે જુદા જુદા દેશોમાંથી હરિભક્તો ત્યાં આવ્યા. (૩૩)

પોતાને વંદના કરતા ઉત્સાહવાળા તે ભક્તોની, શ્રીહરિ ઉતારા અપાવવા દર્શન આપવા વગેરેથી સંભાવના કરતા હતા. (૩૪) નવમીને દિવસે ભક્તસભામાં સિંહાસન ઉપર બિરાજેલા શ્રીહરિએ શ્રીમદ્ભાગવતની સપ્તાહનું અતિશય માહાત્મ્ય કહ્યું. (૩૫)

હે ભૂપતે ! શ્રીહરિએ કહેલું તે માહાત્મ્ય સાંભળીને તે પુરના કુબેર વગેરે ભક્તો જન્માષ્ટમીના ઉત્સવમાં આવેલા શ્રીહરિને અહીં બોલાવીને શ્રીમદ્ભાગવતની સપ્તાહ કરવા ઇચ્છા કરવા લાગ્યા. (૩૬) પછી તે ભક્તો પ્રિય શ્રીહરિને આ પ્રમાણે પ્રીતિપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. હે પ્રભો ! અમો સર્વ ભક્તો સપ્તાહ સાંભળવા માટે ઇચ્છીએ છીએ. (૩૭)

હે સત્પતે ! હે હરે ! માટે આપ મુનિઓ વગેરેને લઈને વૃત્તાલય પધારી, વૃત્તાલયમાં શ્રીમદ્ભાગવતની સપ્તાહ કરાવો. (૩૮) હે કરુણાસાગર ! હે સ્વામિન્ ! આવો અમારો મનોરથ દયા કરીને આપ પૂર્ણ કરો. આવી રીતે કુબેર વગેરે ભક્તોએ શ્રીહરિને કહ્યું તેથી શ્રીહરિ તે ભક્તોને કહેવા લાગ્યા. (૩૯)

હે ભક્તો ! મુનિઓ વગેરે સહિત વૃત્તાલયપુરમાં આવીને ત્યાં ઉત્તમ સપ્તાહ હું જરૂર કરાવીશ. (૪૦) કુબેર વગેરે ભક્તો અમૃતથી પણ ઉત્તમ શ્રીહરિની વાણી સાંભળીને પરમ આનંદ પામ્યા. પછી ધર્મના પુત્ર શ્રીહરિને તેઓ વંદના કરવા લાગ્યા. (૪૧) પછી શ્રીહરિ જન્માષ્ટમી ઉપર ઉત્સવમાં આવેલા તે ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા આપતા હતા. તેથી તે ભક્તો શ્રીહરિનું વિવિધોપચારોથી પૂજન કરીને તથા શ્રીહરિને નમસ્કાર કરીને ગયા. (૪૨)

પોતાની સમીપે બેઠેલા મુનિઓ તથા વર્ણિઓ વગેરેને પ્રાતઃકાળમાં વૃત્તાલય જવા માટે "તમો તૈયાર થાઓ" એમ શ્રીહરિ જણાવતા હતા. (૪૩) પછી શ્રીહરિએ તેમને પોતપોતાના નિવાસમાં જવાની આજ્ઞા આપી અને પોતાના ઉત્તમ પાર્ષદોથી વીંટાઈને શ્વેત વસ્ત્રધારી, તોરાઓની ચંચળ પંક્તિઓથી શોભતા શ્રીહરિ પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૪)

પછી મહામૂલ્યવાળી નવપલ્લવ તથા પુષ્પોના જેવી અત્યંત કોમળ, શોભાયમાન શય્યામાં

પોઢી પોતાના ચરણમાં પ્રીતિવાળા તથા મુકુંદાનંદવર્ણી, રત્નજી વગેરે ઉત્તમ પાર્ષદો જેમના ચરણકમળ ચાંપે છે. એવા શ્રીહરિએ યોગ નિદ્રાને અંગીકાર કરી. (૪૫)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં દીક્ષાવિધિ નિરૂપણ નામે પચ્ચીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૫)



અધ્યાય ૨૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! નરનાટ્ય ધારણ કરનારા શ્રીહરિએ બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને, શૌચવિધિ કરીને, દંતધાવન કર્યું. (૧) ધર્મપોષણ કરવામાં તત્પર ભગવાન શ્રીહરિએ ત્યારબાદ સ્નાન કરીને, શાસ્ત્રોક્ત વિધિથી પોતાનો સર્વ નિત્યવિધિ કર્યો. (૨) પછી શ્રીહરિ બંધુજનો સાથે પોતાના બંધુના નિવાસસ્થાનમાં જઈ વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૩)

પછી પ્રયાણ કરવા ઇચ્છતા શ્રીહરિ તૈયાર થયા. ઉત્તમરાજાએ પ્રાર્થના કરી તેથી શ્રીહરિ રાજાની પાલખીમાં બિરાજમાન થયા. (૪) હે રાજન્ ! તેટલામાં શ્રીહરિના બંધુજનો વગેરે સુંદર વાહનોમાં બેસી, શ્રીહરિ સાથે જવાની ઇચ્છાથી, શ્રીહરિની સમીપે આવ્યા. (૫)

તે સમયે હરિને પ્રિય, ઘોડા ઉપર બેઠેલા ઉત્તમરાજા, તેમજ સોમલાખાચર, સુરાખાચર વગેરે ઘોડેસવારો ત્યાં આવ્યા. (૬) વિવિધ પ્રકારના શસ્ત્રધારી પાર્ષદો તથા છડીદાર કુબેરભક્ત ત્યાં આવ્યા અને શ્રીહરિની સન્મુખ ઉત્સાહપૂર્વક ઊભા રહ્યા. (૭) પછી શ્રીહરિએ મુક્તાનંદ આદિક મુનિઓને વાહનોમાં બેસાડ્યા. તે સમયે બીજા સંતો તથા બ્રહ્મચારીઓ પણ તૈયાર થયા. (૮)

પછી છત્ર ચામર વગેરેથી શોભતા શ્રીહરિએ પોતાના દર્શન કરવામાં તત્પર તે સર્વ ભક્તોની સાથે ગઢપુરથી પ્રયાણ કર્યું. (૯) તે સમયે શ્રીહરિની જે શોભા હતી તે શોભાના જેમણે દર્શન કર્યાં અને તે સર્વે જનોએ જે સુખનો અનુભવ કર્યો તે સુખ તો તેમણે જ અનુભવ્યું. પરંતુ જેમણે દર્શન ન કર્યાં હોય તેમણે તો તે સુખ અનુભવ્યું નહિ. (૧૦)

શ્રીહરિના બંધુની પત્નીઓ તથા ધર્મવંશની સ્ત્રીઓ પાલખીમાં બેસી શ્રીહરિની પાછળ ચાલતી હતી. (૧૧) અનન્ય ભક્તિથી શ્રીહરિનું ભજન કરતી. નિર્મળ અંતઃકરણવાળી જયા, લલિતા વગેરે સ્ત્રીઓ પણ રથમાં બેસી શ્રીહરિની પાછળ ચાલી. (૧૨)

પોતાના ભક્તજનોની સાથે માર્ગમાં ચાલતા, માર્ગમાં આવતા ભક્તોના ગામમાં રહેતા, પ્રભુ શ્રીહરિ તે તે ગામના ભક્તોની સેવા અંગીકાર કરતા હતા. એ રીતે માર્ગમાં ત્રણ રાત્રિઓ

વીતી ગઈ. (૧૩)

ચોથા દિવસે સવારમાં પુરુષોત્તમ શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે વૃત્તાલયપુરમાં પધાર્યા. (૧૪) પુરના જનો તથા અન્ય ભક્તો શ્રીહરિને આવતા સાંભળીને, વાજતે ગાજતે હર્ષયુક્ત, શ્રીહરિની સન્મુખ ગયા. (૧૫) શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા અક્ષરાનંદ વગેરે મુનિઓ, તેમજ ઉનાળાના તાપથી તપ્ત થયેલા માર્ગમાં આવનારા ભક્તજનો, જેમ ગંગાનદીના ધરા પ્રત્યે જઈ શાંતિ પામે તેમ શ્રીહરિ સન્મુખ જઈ શાંતિ પામ્યા. (૧૬)

પુર તેમજ દેશાન્તરથી આવેલા હરિભક્તો તથા અક્ષરાનંદ વગેરે મુનિઓ, શિબિકામાં બિરાજેલા ઘોડે સવારોથી વીંટાયેલા શ્વેતવસ્ત્રધારી શ્રીહરિના દૂરથી દર્શન કરીને, આનંદ પૂર્વક શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૧૭)

પછી પાસે આવી ફરીથી શ્રીહરિને વંદન કરતા તે ભક્તજનોની, શ્રીહરિ તેમના પ્રત્યે સંભાષણ કરી તથા તેમના પ્રત્યે દૃષ્ટિ કરી, તેમજ મંદહાસ્ય કરી, તેમની યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૧૮)

પછી તે ભક્તો વર્ણિઓ તથા મુનિઓ વગેરે મળી શ્રીહરિની પ્રાર્થના કરીને ગીત સહિત વાજિંત્રોના ઘોષ કરતા હર્ષપૂર્વક શ્રીહરિને આ પુરમાં લાવ્યા. (૧૯) પુરનાજનો પ્રેમપૂર્વક નરવાહનમાં બિરાજેલા શ્રીહરિના દર્શન કરવા લાગ્યા. એ પ્રકારે શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે લક્ષ્મીનારાયણના મંદિરમાં પધાર્યા. (૨૦)

પછી શ્રીહરિ વાહનમાંથી ઉતરીને, પોતાના પાર્ષદોથી વીંટાઈને, બંધુજનો તથા સંતો વગેરેની સાથે મંદિરમાં પધાર્યા. (૨૧) શ્રીહરિ લક્ષ્મીનારાયણના દર્શન કરીને, મંદિરની પશ્ચિમ દિશાના મહેલમાં પોતાના પાર્ષદોની સાથે નિવાસ કરી રહ્યાં. (૨૨)

બીજા મહેલમાં શ્રીહરિએ પોતાના બંધુજનોને નિવાસ કરાવ્યો. ધર્મશાળામાં સર્વ મુનિઓ તથા બ્રહ્મચારીઓને યથાયોગ્ય નિવાસ કરાવ્યો. (૨૩) શ્રીહરિએ ઘોડેસવારો તથા પાર્ષદોને પણ યથાયોગ્ય નિવાસ કરાવ્યો. અનુચરો સહિત ઉત્તમરાજા તેમજ પોતાના અન્ય ભક્તજનોને શ્રીહરિએ યથાયોગ્ય નિવાસ કરાવ્યો.

શ્રીહરિએ ધર્મવંશની સ્ત્રીઓને સુંદર ભુવનમાં નિવાસ કરાવ્યો. તેમની સમીપે બીજા ભુવનમાં જયા, લલિતા વગેરે સ્ત્રીઓનો નિવાસ કરાવ્યો. (૨૫) નરનાટ્યધારી ભગવાન ધર્મપ્રિય શ્રીહરિએ, ત્યારબાદ સ્નાન કરી પોતાનો નિત્યવિધિ યથા શાસ્ત્ર કર્યો. (૨૬)

હે ભૂપતે ! પછી નિત્ય કર્મ જેમણે કર્યું છે એવા શ્રીહરિ પોતાના બંધુજનો વગેરેની સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારના ભોજન જમતા હતા. (૨૭) વર્ણિઓ, મુનિઓ,

ઘોડેસવારો તથા પાર્ષદો પણ જુદી જુદી રસોઈ કરીને વિષ્ણુને યથાયોગ્ય નિવેદન કરીને ભોજન જમતા હતા (૨૮)

પુરના સમગ્ર ભક્તજનો જેમની સેવા કરે છે તે શ્રીહરિ તે પુરના ભક્તગણોને પોતાના દર્શન તથા ઉપદેશ વાતોથી સુખી કરતા વૃત્તાલયમાં રહેતા હતા. (૨૯) પછી વટપત્તનના નિવાસી ભક્તો તથા અન્ય ભક્તો શ્રીહરિ વૃત્તાલયપુરમાં પધાર્યા છે. તેવું સાંભળીને, પોતપોતાના નગર, ગ્રામ વગેરેથી નીકળીને શ્રીહરિના દર્શન કરવા આવતા હતા. (૩૦)

હે રાજન્ ! આવી રીતે અહીં નિવાસ કરતાં ભક્તોનો આનંદ વિસ્તારતા શ્રીહરિ રહેતા હતા. તેટલામાં ભાદરવા માસની શુકલપક્ષની અષ્ટમી તિથિ આવી. (૩૧) શ્રીહરિ તે તિથિએ સાંજના સમય લક્ષ્મીનારાયણના શોભાયમાન મંદિરની આગળ જનો આશ્રય લઈ શકે તેવો, શોભાયમાન મંડપ કરાવતા હતા. (૩૨)

કેળના સ્તંભો, પુષ્પો, પલ્લવો, સુંદર ફળો તથા વિચિત્ર રંગો વગેરેથી તે મંડપને શ્રીહરિ અત્યંત શોભાડતા હતા. (૩૩)

પછી ભક્ત ગણોથી વીંટાયેલા શ્રીહરિએ ત્યાં બિરાજી ઉત્તમ પુરાણી લક્ષ્મીરામ બ્રાહ્મણને (આમોદ પુરના રેકવ જ્ઞાતિના બ્રાહ્મણ દીનાનાથના મોટા ભાઈને) બોલાવ્યા. (૩૪)

પછી શ્રીહરિએ વિવિધ ઉપચારોથી શ્રીમદ્ ભાગવતના પુસ્તકનું પૂજન કર્યું. પછી પુરાણીની પૂજા કરી. ત્યારબાદ લક્ષ્મીરામ પુરાણીએ કહેલું શ્રીમદ્ ભાગવતનું માહાત્મ્ય હર્ષપૂર્વક સાંભળતા હતા. (૩૫)

નવમીને દિવસે શ્રીહરિએ પ્રસન્ન થઈ લક્ષ્મીરામ પુરાણી પાસે તે સપ્તાહનો આરંભ કરાવ્યો. (૩૬)

બંધુજનો તથા મુનિઓ તેમજ અન્ય ગૃહસ્થ ભક્તો સહિત લક્ષ્મીરામ પુરાણીએ વાંચેલી સપ્તાહ શ્રીહરિ હર્ષપૂર્વક સાંભળતા હતા. (૩૭)

હે રાજન્ ! વેદશાસ્ત્રના માર્ગનું પોષણ કરનારા ધર્મપુત્ર શ્રીહરિએ ત્યારબાદ વિધિ પ્રમાણે તે સપ્તાહની સમાપ્તિ પૂર્ણિમાના દિવસે કરાવી. (૩૮) તે સમયે શ્રીહરિ સુવર્ણના અલંકારો, ઘણા મૂલ્યવાન વસ્ત્રો તથા રૂપાની પુષ્કળ મુદ્રાઓથી (રૂપિયા) લક્ષ્મીરામ પુરાણીને સંતોષ પમાડતા હતા. (૩૯)

તે દિવસે શ્રીહરિ પુરના હજારો બ્રાહ્મણો તેમજ અન્ય બ્રાહ્મણોને વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ભોજનો આદરપૂર્વક જમાડી તૃપ્તિ પમાડતા હતા. (૪૦) હે રાજન્ ! ધર્મનું પોષણ કરનારા શ્રીહરિએ પોતાના પિતા ધર્મનું શ્રાદ્ધ ચતુર્થીને દિવસે ગોમતીમાં વિધિ પ્રમાણે કર્યું.

(૪૧) શ્રીહરિએ તે દિવસે પણ હજારો બ્રાહ્મણોને સુંદર ભોજનો જમાડી તૃપ્ત કર્યા. તેઓને પુષ્કળ દક્ષિણાઓ પણ આપી. (૪૨)

પછી શ્રીહરિ દુર્ગપત્તન જવા માટે તૈયાર થયા. છતાં પણ વડોદરાના ભક્તો તથા વૃત્તાલયના ભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી તેથી શ્રીહરિ વૃત્તપુરીમાં નિવાસ રહ્યા (૪૩) ભક્તવત્સલ શ્રીહરિ હંમેશા વિવિધ પ્રકારના ભોજનો પીરસીને આદરપૂર્વક મુનિઓ વગેરેને તૃપ્ત કરતા હતા. (૪૪) પોતાના જનોની સાથે આ વૃત્તપુરમાં નિવાસ કરતા શ્રીહરિ અમૃતથી પણ ઉત્તમ ધર્માદિ સંબંધિ વિવિધ પ્રકારની મનોહર વાર્તા નિરંતર કરતા હતા અને એ પ્રકારે પોતાના સમગ્ર ભક્તોને આનંદ પમાડતા હતા. (૪૫)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિએ ભાગવત સપ્તાહનું શ્રવણ કર્યું તે નામે છવ્વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૬)



અધ્યાય ૨૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજર્ષે આસો સુદિ પંચમીની તિથિએ પોતાનાં નિવાસમાં આસન ઉપર બિરાજેલા શ્રીહરિની સમીપે આવી શ્રીરઘુવીરાચાર્ય શ્રીહરિને કહેવા લાગ્યા. (૧)

હે હરે ! હે પિતા ! મારે અન્નકૂટ ઉત્સવ કરવાની ઈચ્છા છે માટે આપની આજ્ઞા હોય તો હું અન્નકૂટોત્સવ કરું. (૨)

આ પ્રકારે પોતાની અનુવૃત્તિવાળા રઘુવીરનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિએ તેમને ઉત્સવ કરવાની આજ્ઞા આપી. (૩)

તેથી પ્રસન્ન થયેલા આ આચાર્ય અન્નકૂટ માટેની વિવિધ પ્રકારની સામગ્રીઓ પાર્ષદો તથા પુરના ભક્તો પાસે મંગાવવા લાગ્યા. (૪, ૫) રઘુવીરાચાર્ય પાર્ષદો પાસે ઉત્તમ ડાંગર, ધોળા ઘઉં તેમજ સુંદર ઘી વગેરેથી ભરેલા હજારો કુંડલાં મંગાવતા હતા. (૬)

તેમજ સાકરની હજારો પેટીઓ, મોટી છાછરો, તાંસડા, મોટા કઢાયાં વગેરે મંગાવતા હતા. (૭)

ઉત્સવને યોગ્ય વિવિધ પ્રકારની સર્વ સામગ્રીઓ શ્રીહરિના પ્રતાપથી આ આચાર્ય પાર્ષદો પાસે તત્કાળ મંગાવતા હતા. (૮)

શ્રીહરિના પ્રેમપાત્ર અને સર્વોત્તમ એકાંતિક ભક્ત રઘુવીરાચાર્યની પત્ની વીરજા પોતાના આશ્રિતોની સ્ત્રીઓ વેલી, ફુલ્લી, અમૃતા તથા રમા વગેરે સ્ત્રી ભક્તો પાસે ડાંગર ખાંડવાનું કામ કરાવતા હતા. (૯, ૧૦)

તે સ્ત્રીઓ પાસે સફેદ ઘઉં અતિ ઝીણાં દળાવવાનું કામ આચાર્ય પત્ની આદરપૂર્વક અતિ ઉતાવળથી કરાવતા હતા. (૧૧, ૧૨) પછી રામપ્રતાપના પતિવ્રતા પત્ની સુવાસિની તથા ઈચ્છારામના પતિવ્રતા પત્ની વરીયાળી તથા રામપ્રતાપની પુત્રી સિદ્ધિ તથા ઈચ્છારામની પુત્રીઓ ફુલસરી, ફુલઝરી, (૧૩)

તથા નંદરામની સ્ત્રી દિનમાના તથા સદ્‌ગુણ યુક્ત દિનમાનાની પુત્રી મેઘા; (૧૪) તથા ઠાકુરરામની પત્ની શિવકુમારી તથા અયોધ્યાપ્રસાદના પત્ની સુનંદા; (૧૫) તથા તેમની કન્યા યમુના તેમજ ગોપાળની સ્ત્રી મંડા તથા રઘુવીરના પત્ની; (૧૬)

વૃંદાવનની પત્ની પતિવ્રતા ઈન્દ્રવાસી તથા સીતારામની સદ્‌ગુણી પત્ની ઈન્દ્રવાસિની, (૧૭) બદરીનાથની પતિવ્રતા પત્ની કમલા જેના પુત્રને રઘુવીર પોતાના દત્ત પુત્ર તરીકે ગ્રહણ કરશે. (૧૮) એ તમામ સ્ત્રીઓ તથા બીજી બ્રાહ્મણ સ્ત્રીઓ પાપડ, વડી, ધોળી ઝીણી સેવો વગેરે કરતી હતી. (૧૯)

કેટલીક સ્ત્રીઓ આદરપૂર્વક લોટ ચાળતી હતી, કેટલીક સ્ત્રીઓ ચોખા વગેરે સાફ કરતી હતી. (૨૦) ધર્મવંશની તથા અન્ય સ્ત્રીઓ શ્રીહરિનું ચિંતવન કરતી હતી. આ પ્રમાણે શ્રીહરિની પ્રસન્નતા માટે પ્રીતિપૂર્વક દરરોજ તે ભક્ત સ્ત્રીઓ સેવા ભક્તિ કરતી હતી. (૨૧)

ત્યારબાદ શ્રીરઘુવીરાચાર્ય ઉત્તમ કંદોઈયા બ્રાહ્મણો દિનકર, દુર્લભરામ, દાયાદ, ગંગારામ, મોહનરામ, કરુણાશંકર, જેઠારામ વગેરેને પ્રીતિપૂર્વક બોલાવીને તેમજ બેચર, નારાયણ, હરિજીવન, મયારામ, આશારામ, દાદુ, અર્જુન વગેરે રસોઈયા બ્રાહ્મણોને બોલાવીને તેમને પૂછીને પાકશાળા કરાવતા હતા. (૨૨)

આ આચાર્યેન્દ્ર રઘુવીરજી ઉત્સાહપૂર્વક અતિ ઉતાવળથી સ્ત્રીઓ માટે રમણીય અને અતિ વિશાળ જુદી પાકશાળા કરાવતા હતા. (૨૩)

પછી જુદા જુદા પાકો કરવામાં પ્રવીણ તે દિનકર વગેરે કંદોઈયા બ્રાહ્મણો પેંડા, બરફી વગેરે વિવિધ પ્રકારના ભક્ષ્ય ભોજનો તૈયાર કરતા હતા. (૨૪) વિચક્ષણ જયાનંદ, ગોપાળાનંદ, નારાયણાનંદ, માધવાનાંદ વગેરે વર્ણીઓ તેમજ વૈકુંઠાનંદ વગેરે બ્રહ્મચારીઓ વિવિધ પ્રકારના પાકમાં વિશારદ હતા. તે પણ કંદોઈયાઓની સાથે પકવાન્નો કરતા હતા. (૨૫, ૨૬) આવી રીતે કંદોઈ બ્રાહ્મણો, વર્ણીઓ વગેરે તથા અન્ય ગૃહસ્થ બ્રાહ્મણો શ્રીહરિને પ્રસન્ન કરતા માટે જ અતિઆદરપૂર્વક નિરંતર શ્રીહરિની સેવા ભક્તિ કરતા હતા. (૨૭)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં આચાર્યે કરાવેલી અન્નકૂટની સામગ્રી નિરૂપણ નામે સત્તાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૭)



અધ્યાય ૨૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિ પોતાના પાર્ષદો સાથે હંમેશાં પાકશાળામાં જઈને કંદોઈ બ્રાહ્મણોને તથા વર્ણીઓને પોતાના દર્શન આપતા હતા. (૧) કંદોઈઆ તથા બ્રહ્મચારીઓ શ્રીહરિને આવતા જોઈ તત્કાળ ઊભા થઈ પોતે કરેલી બરફી પેંડા વગેરે શ્રીહરિને બતાવતા હતા. (૨)

ધર્મપુત્ર શ્રીહરિ ભક્ષ્ય ભોજન બતાવવામાં કંદોઈયાઓની અત્યંત ચતુરાઈ જોઈ પોતે આનંદ પૂર્વક તેમની ઘણી પ્રશંસા કરતા હતા. (૩) વળી શ્રીહરિએ પાક બનાવતી સ્ત્રીઓને પણ પોતાના દર્શન આપ્યાં પાક બનાવવામાં તે સ્ત્રીઓનો અત્યંત પ્રેમ જોઈ શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. (૪)

હે રાજન્ ! આવી રીતે ભક્ષ્ય પદાર્થો તૈયાર કરતા કરતા આસો માસની કૃષ્ણપક્ષની અષ્ટમી તિથિ આવી. (૫) જયાનંદ વગેરે વર્ણીઓ આદરપૂર્વક વિવિધ પ્રકારના પકવાન્નો હંમેશાં હર્ષથી કરતા હતા. (૬)

તેમજ બેચર વગેરે રસોઈયાઓ તથા અન્ય સત્સંગી બ્રાહ્મણો પણ હંમેશાં બ્રહ્મચારીઓની સાથે હર્ષપૂર્વક પકવાન્નો કરતા હતા. (૭) શ્રીહરિના, વડોદરાના, બ્રાહ્મણ સ્ત્રી ભક્તો ઉમા, મધા, મથુરા, ગંગા વગેરે તથા આંકલાવના બ્રાહ્મણ સ્ત્રી ભક્તો જીવન્તી વગેરે તેમજ ખેડા ગામના સ્ત્રી ભક્ત યમુના, (૮, ૯)

તેમજ ઉમરેઠપુરના યમુના, ગાંફના બ્રાહ્મણ સ્ત્રીભક્ત રળિયાત, (૧૦) તેમજ ઉમા વગેરે સત્સંગી બ્રાહ્મણ સ્ત્રીઓ બીજી પાકશાળામાં વિવિધ પ્રકારના પાકો કરતી હતી. (૧૧) ધર્મવંશની સ્ત્રીઓ સુવાસિની સ્ત્રી તથા વલિયારી વગેરે પણ વિવિધ પ્રકારના પકવાન્નો કરતી હતી. (૧૨)

શ્રીહરિ હંમેશાં પુરુષો તથા સ્ત્રીઓની પાકશાળામાં જઈને ત્યાં હર્ષપૂર્વક પકવાન્નોના ઢગલા જોતા હતા. (૧૩) ભક્તિગમ્ય ભગવાન શ્રીહરિ, પુરુષો તથા સ્ત્રીઓની નિરંતર નિષ્કામ ભક્તિ જોઈ, અત્યંત પ્રસન્ન થતા હતા. (૧૪)

હે રાજર્ષે ! નવમીને દિવસે શ્રીહરિના દર્શનની ઇચ્છાવાળા, જુદા જુદા દેશોમાં ફરતા, મુનિઓ

પોતપોતાના મંડળ આ સહિત આ પુરમાં આવ્યા. (૧૫) આ સંતો આંખમાં અશ્રુસહિત પ્રેમથી રોમાંચિત ગાત્રવાળા બની સભામાં બિરાજેલા શ્રીહરિને સાષ્ટાંગ વંદના કરવા લાગ્યા. (૧૬) તે મુનિઓને જોવાથી પ્રસન્ન થયેલા મુનિવત્સલ, ભગવાન, સત્પતિ શ્રીહરિ તેમને ઘણા પ્રેમથી આલિંગન કરીને સુખ આપતા હતા. (૧૭)

પછી સ્વયં શ્રીહરિએ તે બધા મુનિઓને ઉતારા અપાવ્યા. પછી ઘણાં પ્રેમથી તેમને મોદકો પીરસીને શ્રીહરિ તેમને સારી રીતે ભોજન કરાવતા હતા. (૧૮) અસંખ્ય હરિભક્તો પુરુષો તથા સ્ત્રીઓ દેશાન્તરથી આ વૃત્તાલયપુરમાં હર્ષપૂર્વક આવતા હતા. (૧૯)

તે પુરુષો તથા સ્ત્રીઓને પોતાના ઈષ્ટ શ્રીહરિના દર્શન કરીને આંખોમાં હર્ષના અશ્રુ આવ્યા. એ રીતે અત્યંત સુખ પામી શ્રીહરિને પ્રેમપૂર્વક તેઓ વંદના કરવા લાગ્યા. (૨૦) શ્રીહરિ પોતાના આશ્રિત તે પુરુષો તથા સ્ત્રીઓને ઉતારો અપાવીને યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૨૧)

તે સર્વ મુનિઓ તથા ગૃહસ્થ ભક્તો દરરોજ સવારમાં ગોમતીમાં હર્ષપૂર્વક શ્રીહરિને સંભારીને સ્નાન કરતા હતા. (૨૨) તે મુનિઓ વગેરે દરરોજ લક્ષ્મીનારાયણ વગેરે દેવોના દર્શન કરતા હતા. તેમજ શ્રીહરિ તથા શ્રીહરિના સદાના સહચારી મુક્તાનંદ વગેરે ત્યાગીઓના પણ ભક્તિપૂર્વક આદરથી દર્શન કરતા હતા. (૨૩)

ભગવાન શ્રીહરિ ક્યારેક રથમાં, ક્યારેક ગાડામાં, ક્યારેક ઘોડા ઉપર બિરાજી ભક્ત સમૂહ સાથે વાદ્યોના ઘોષ સાંભળતા સ્નાન કરવા માટે ગોમતી જતા હતા. ગોમતીમાં પોતાના આશ્રિત મુનિઓ તથા અન્ય ગૃહસ્થ ભક્તોની સાથે સ્નાન કરીને તેમની સાથે મંદિરમાં આવતા હતા. (૨૪, ૨૫)

સભામાં દરરોજ ઉપચારો સહિત હર્ષપૂર્વક તે ભક્તો શ્રીહરિનું પૂજન કરતા હતા. શ્રીહરિ પણ તેમને ધર્મ સંબંધી ઉપદેશ વાતો કરીને આનંદ પમાડતા હતા. (૨૬) પછી તે ભક્તસમૂહ શ્રીરઘુવીરાચાર્યની આજ્ઞાથી આજુબાજુના ગામો તથા શહેરોમાંથી વિવિધ પ્રકારના શાક પ્રીતિપૂર્વક અહીં લાવતા હતા. (૨૭)

દીપોત્સવ તિથિએ શ્રીહરિ અરુણોદય સમયે મંગળમય સ્નાન કરીને પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૨૮) પછી શ્વેત વસ્ત્રધારી શ્રીહરિ પોતાના બંધુજનો સાથે પાર્ષદોથી વીંટાઈને, શોભાયમાન ચટ્ ચટ્ ધ્વનિ કરતી પાદુકા પહેરી, સુવર્ણની છડી ધારણ કરેલા, આગળ ચાલતા માંગલિક શબ્દો બોલતા છડીદાર કુબેરજીત સહિત આ લક્ષ્મીનારાયણના મંદિરની પાછળ વિવિધ પ્રકારના ઉલ્લોચોથી વિરાજમાન શ્રેષ્ઠ સભા સ્થાનમાં પધાર્યા. (૨૯, ૩૦, ૩૧)

શ્રીહરિ કોમળ ગાદલા વગેરેથી યુક્ત ઊંચા આસન ઉપર બિરાજમાન થયા. તે સમયે

પોતાના આશ્રિતો શ્રીહરિની સ્તુતિ કરતા હતા. (૩૨) ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો પણ અત્યંત પ્રસન્ન થઈ પોતાના ઈષ્ટ શ્રીહરિના દર્શન કરતા ઉંચા સ્વરેથી જયધ્વનિ કરતા હતા. (૩૩)

પછી પ્રસન્ન થયેલા શ્રીહરિના બંને બંધુજનો શ્રીહરિની સમીપે આસનો ઉપર બેઠા. તેમના પુત્રો પણ તે રીતે બેઠા. (૩૪) વર્ણીઓ તથા મુનિઓ શ્રીહરિની આગળ બેઠા. સુવર્ણની છડી ધારણ કરનારા કુબેરજીત શ્રીહરિના સિંહાસનની આગળ ઊભા રહ્યા. (૩૫) હાથમાં રુમાલ ધારણ કરેલા મુકુંદાનંદ વર્ણીરાજ તે શ્રીહરિની આજ્ઞાની પ્રતિક્ષણે રાહ જોતા શ્રીહરિની આગળ ઊભા રહ્યા. (૩૬)

અલૈયો તથા ભગુજી એ બંને પાર્ષદો રત્નજડિત દંડવાળા સુંદર ચામરો પકડી શ્રીહરિની ઉપર ઢોળતા હતા. (૩૭)

વિવિધ પ્રકારના શસ્ત્રો ધારણ કરનારા શ્રીહરિના શૂરવીર પાર્ષદો સિંહાસનની બંને બાજુએ તથા પાછળ ઊભા રહ્યા. (૩૮) હે ભૂપતે ! તે સભામાં ઘણા ગૃહસ્થ ભક્તો ગુણ, ઉંમર, વર્ણ અનુસાર બેઠા હતા. (૩૯)

હે રાજન્ ! પછી સાધુઓમાં શ્રેષ્ઠ, સંગીત કળામાં પ્રવીણ, મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, દેવાનંદ વગેરે (૪૦) સિતાર, વીણા મૃદંગ વગેરે શ્રેષ્ઠ વાદ્યો વગાડીને આદરપૂર્વક પ્રીતિથી શ્રીહરિની આગળ ગાન કરતા હતા. (૪૧) તે સમયે વાદ્યો વગાડનારા પોતાની નિપુણતા સફળ કરવા માટે વિવિધ વાદ્યો વગાડતા હતા. (૪૨)

સ્થિર નેત્રોથી શ્રીહરિના દર્શન કરતો ત્યાગીસમૂહ તથા ગૃહસ્થ ભક્તો ભૂખ્યા મનુષ્યો અમૃત પામીને જેમ તૃપ્તિ પામે તેમ અતિઆસક્તિવાળા હોવા છતાં પણ તૃપ્તિ પામ્યા નહિ. (૪૩) ધર્મવંશની અનન્યભાવાળી સ્ત્રીઓ તથા જયા, લલિતા વગેરે ભક્તસ્ત્રીઓ ભુવન ઉપર બેસીને શ્રીહરિના દર્શન કરતી અત્યંત આનંદ પામી. (૪૪)

હે નૃપ ! કરોડો કામદેવના ગર્વને હરનારું જે અદ્‌ભુત રૂપ છે તેના સમુદ્ર રૂપ ધર્મપુત્ર પુરુષોત્તમ શ્રીહરિનું રૂપ સમગ્ર પીડા હરનારું હતું, તેથી તેમના તે શુભ દર્શન કરતા પુરષો તથા સ્ત્રીઓના ભાગ્ય માટે હું શું કહું ? (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિકૃત અન્નકૂટોત્સવ સામગ્રી સમીક્ષણ નિરૂપણ નામે અઠ્ઠાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૮)



અધ્યાય ૨૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી ઈચ્છારામની પ્રેરણાથી શ્રીરઘુવીરાચાર્ય પોતાના કાકાની સાથે શ્રીહરિનું પૂજન કરવા માટે મહાઅમૂલ્ય વસ્ત્રો તથા ભૂષણો વગેરે ઉપચારો લઈને શ્રીહરિની આજ્ઞાથી પોતાની સેવામાં રહેલા અર્જુન વગેરે પાર્ષદો સહિત શ્રીહરિની સમીપે આવ્યા. (૧, ૨)

રઘુવીરાચાર્ય શ્રીહરિને પ્રણામ કરીને સોનેરી પાલવવાળું કસુંબી મહામૂલ્યવાળું મોળિયું શ્રીહરિને ધરાવ્યું. (૩) શ્રીહરિએ રઘુવીરની પ્રસન્નતા માટે, રઘુવીરે અર્પણ કરેલી પાઘડી બાંધી. તે પાઘના આગલા ભાગમાં મુગટના આકારવાળો તોરો ધારણ કર્યો. (૪) પછી રઘુવીરે તે પાઘમાં મણિજડિત સુવર્ણની કલગી ખોસી. (૫, ૬) રઘુવીરાચાર્યે શ્રીહરિને પાઘમાં રત્નજડિત સુવર્ણનો શિરપેચ ધારણ કરાવ્યો. લાલ બુટ્ટાદાર મહામૂલ્યવાળું વસ્ત્ર હર્ષપૂર્વક શ્રીહરિની કેડ્યમાં બાંધ્યું. (૭, ૮) પછી વાદળી રંગનું સોનેરી પાલવવાળું, શોભાયમાન, અતિઅમૂલ્ય શેલું શ્રીહરિના ખભા ઉપર રઘુવીરાચાર્યે ધારણ કરાવ્યુ. (૯)

રઘુવીરાચાર્યે શ્રીહરિના બંને કાનોમાં નવીન ચળકતા રત્નોની કાંતિવાળા મકરાકાર કુંડળો ધારણ કરાવ્યા. (૧૦) રઘુવીરાચાર્યે શ્રીહરિના કંઠમાં સુવર્ણ, મોતી તથા મણિવાળા ઉત્તમ હાર તેમજ વિચિત્ર ગલબંધ ઈત્યાદિ કંઠના આભૂષણો આદરપૂર્વક શ્રીહરિને ધારણ કરાવ્યા. (૧૧)

રઘુવીરાચાર્યે શ્રીહરિની બંને બાજુઓમાં રત્નજડિત સુવર્ણના બાજુબંધ, સુવર્ણના કડાં તથા સુવર્ણના સાંકળા ધારણ કરાવ્યા. (૧૨) શ્રીહરિના હાથની સર્વે આંગળીઓમાં જડેલા મણિઓની કાંતિવાળી મહામૂલ્યવાળી સુવર્ણની વીંટીઓ રઘુવીરાચાર્યે ધારણ કરાવી. (૧૩)

રઘુવીરાચાર્યે જડેલા શ્રેષ્ઠ મણિઓની કાંતિવાળો તથા મહામૂલ્યવાળો સોનાનો કંદોરો હર્ષપૂર્વક શ્રીહરિની કેડ્ય ઉપર ધારણ કરાવ્યો. (૧૪)

પછી શ્રીહરિના ચરણ કમળોમાં, જડેલા ચળકતા રત્નોવાળાં સુવર્ણના શ્રેષ્ઠ, નૂપુર રઘુવીરાચાર્યે ધારણ કરાવ્યાં. (૧૫) શ્રીહરિના સુંદર ભાલમાં કુમકુમનો ચાંદલો કરીને રઘુવીરાચાર્યે હર્ષપૂર્વક શ્રીહરિને પુષ્પના હાર તથા તોરા ધારણ કરાવ્યાં. (૧૬)

પછી રઘુવીરાચાર્યે ધૂપ, દીપ તથા અન્ય ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું અને પછી શ્રીહરિની આગળ રૂપાની મુદ્રાથી ભરેલો થાળ મૂક્યો. (૧૭) પૂજન કરવામાં અત્યંત નિપુણ રઘુવીરાચાર્યે સુવર્ણ પાત્રમાં શ્રેષ્ઠ, સુંદર, મુક્તામય, અષ્ટદળનું કમળ કર્યું. (૧૮)

ઉત્સાહવાળા રઘુવીરાચાર્ય તે કમળમાં કપૂર સળગાવી વાદ્યોના ઘોષ સાથે શ્રીહરિની આરતી કરી. (૧૯)

રઘુવીરાચાર્યે વર્ણી, સાધુ વગેરે શ્રીહરિના ભક્તોનું પૂજન ચંદન, આભૂષણો, વસ્ત્રો તથા પુષ્પના હારથી યથાયોગ્ય કર્યું. (૨૦)

તે સર્વેનું પૂજન કરીને હર્ષપૂર્વક શ્રીહરિને પ્રણામ કરીને, પછી શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિની સમીપે રઘુવીરાચાર્ય ઊભા રહીને અચ્યુત શ્રીહરિના દર્શન કરવા લાગ્યા. (૨૧)

પછી શ્રીહરિએ રઘુવીરાચાર્યને પોતાની પ્રસાદીના રમણીય પુષ્પોના હાર પોતાના કંઠમાંથી ઉતારીને તેમજ પાઘમાંથી તોરાઓ ઉતારીને પ્રીતિપૂર્વક આપ્યાં. (૨૨) તે સમયે અયોધ્યાપ્રસાદ પણ મનોહર ઉપચારોથી રઘુવીરની માફક આદરપૂર્વક શ્રીહરિની પૂજા કરતા હતા. (૨૩)

પછી રામપ્રતાપ શ્રીહરિની અતિ હર્ષપૂર્વક પૂજા કરતા હતા. પછી ઇચ્છારામ પણ આદરપૂર્વક શ્રીહરિની પૂજા કરીને શ્રીહરિના દર્શન કરતા હતા. (૨૪) પછી નંદરામ તથા તેમના ભાઈ ઠાકુરરામ પણ હર્ષથી શ્રીહરિનું પૂજન કરતા હતા. વળી વૃંદાવન તથા ગોપાળ પણ શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૫)

સીતારામ તથા બદરીનાથ પણ અતિહર્ષથી શ્રીહરિની સમ્યક્ પૂજા કરીને શ્રીહરિના દર્શન કરતા ઊભા રહ્યા. (૨૬) મહામૂલ્યવાળા ઉપચારોથી રઘુવીર વગેરેએ કરેલી પૂજાને ભક્તજનો અલૌકિક માની આશ્ચર્યપૂર્વક શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. (૨૭)

તે સમયે અદ્ભુત શોભાને ધારણ કરતા અને તેથી પોતાની મૂર્તિમાં દર્શન કરનારા લોકોના ચિત્ત જેમણે વિશેષપણે ખેંચ્યા છે. એવા વ્યાપક ધર્મપુત્ર, લાવણ્ય તથા રૂપના સાગર શ્રીહરિ નિર્નિમેષ નેત્રોથી દર્શન કરતા ભક્તોને દર્શન આપતા શોભતા હતા. (૨૮)

શ્યામ કમળ, ઉત્તમ નીલમણિ અને ઘાટા મેઘ સમાન જેમની કાંતિ છે એવા મુખ કમળની કાંતિથી જીત્યો છે. શરદઋતુનો પૂર્ણચંદ્ર જેમણે એવા વિશેષ શોભાયમાન નેત્રોથી તિરસ્કૃત કર્યાં છે. કમળના પત્રો જેમણે એવા, દિવ્ય મંદહાસ્યની કાંતિ યુક્ત ઓષ્ઠથી પ્રકાશમાન; (૨૯)

રત્નોથી ચળકતાં મકરાકાર કુંડળોની કાંતિથી શોભાયમાન ગંડસ્થળો રૂપી ચળકતા દર્પણોથી જોવાયોગ્ય, મંદાર પુષ્પો તથા મોગરાના પુષ્પો, તેમજ શરદઋતુના ચંદ્રની અમૃતમયી કાંતિને પણ તિરસ્કૃત કરનારું શ્રીહરિનું અમૃતથી પણ અધિક મંદહાસ્ય પોતાના ભક્તોનો તાપ શમાવતું હતું. (૩૦)

પાકા ઘીલોડાના ફળ તથા પ્રવાળ સમાન સુંદર અધરોષ્ઠ જેમના છે એવા, અતિ શોભાયમાન બંને ભ્રકુટિઓથી નાશ કર્યો છે. ધનૂષ્યની મનોહર કાંતિથી ઉત્પન્ન થયેલા કામદેવનો દર્પ જેમણે એવા, સુંદર પુષ્પોના હાર તથા મુખની સુગંધિ લેવાના અતિ લોભથી ભમતા ભમરાઓના શ્રેષ્ઠ ગુંજારવોથી શોભાયમાન; (૩૧)

બંને કાનમાં ચળકતા મોતીઓના ગુચ્છાઓવાળા ગલબંધ વગેરે ભૂષણો તથા કૌસ્તુભમણિને અલંકૃત કરનારો છે શંખની માફક ત્રણ રેખાવાળો કંઠ જેમનો એવા, પ્રેમ, પ્રસન્નતા અને કરુણારૂપી અમૃતથી પૂર્ણ દૃષ્ટિવાળા, પ્રફુલ્લિત અને તિલના પુષ્પ જેવી શોભતી અતિસુંદર નાસિકાવાળા; (૩૨)

જમણા કપોળમાં નાસિકાની બાજુના ભાગમાં અતિલલિત, મુનિઓને પણ ચિંતવન કરવા યોગ્ય તિલના ચિહ્નને ધારણ કરનારા, ડાબા કાનના પડની અંદર રમણીય મોટો શ્યામકમળની કાંતિવાળા બિંદુ આકારનો તિલ જેમને છે એવા; (૩૩) મુક્તાલતારૂપી તારાની પંક્તિથી વિશેષ શોભતા, મણિજડિત સુવર્ણના ભૂષણોની અતિશય કાંતિવાળા શ્રીવત્સના ચિહ્નથી દર્શનીય વક્ષઃસ્થળ જેમનું છે એવા, જાનુપર્યંત લાંબા અને પુષ્ટ મનોહર ઊંચા ખભાવાળા; (૩૪)

અતિસુંદર ઉદરમાં શ્રેષ્ઠગોળ ઊંડી નાભિવાળા, શોભાયમાન મંગળરૂપ ત્રિવળીથી પ્રકાશમાન, શ્રેષ્ઠ પદ્મરાગમણિની માફક અતિસુંદર નખની પંક્તિથી શોભતી લાલ આંગળીઓ રૂપી પાંદડાંથી અતિકલ્યાણકારી ચરણારવિંદ જેમનાં છે એવા; (૩૫)

સ્વસ્તિ, જવ, જાંબુ, ધ્વજ, અંકુશ, કમળ, અષ્ટકોણ, વજ્ર અને ઉર્ધ્વરેખા એ નવ ચિહ્ન જેમના જમણા ચરણમાં છે એવા અને મીન, ત્રિકોણ, વ્યોમ, ગોપદ, કળશ, અર્ધચંદ્ર અને ધનૂષ એ સાત ચિહ્ન જેમના ડાબાચરણમાં છે એવા એ બંને ચરણતળોથી અત્યંત શોભતા, વિવિધ પ્રકારના ભૂષણોને વિભૂષિત કરનાર છે દિવ્ય અવયવો જેમના એવા, કરોડો કામદેવોના ગર્વનો નાશ કરનારા છે અંગો જેમના એવા; (૩૬)

સુંદર વીંટીઓ, કડાં, કંઠ આભૂષણો તથા બાજુબંધ, કંદોરો, ઝાંઝરો વગેરેથી દર્શન કરવા યોગ્ય રૂપને અનુરૂપ સમગ્ર અવયવોથી સુંદર ચળકતા વિવિધ પ્રકારના શ્રેષ્ઠ વસ્ત્રોથી અતિશોભાયમાન; (૩૭)

મંદહાસ્યથી ઉજ્જવળ કાંતિવાળા, સ્ફુરાયમાન દૃષ્ટિના તરંગોથી પોતાના દર્શન કરનારા ભક્તજનોને અત્યંત આનંદ આપતા, સમગ્ર તાપની શાંતિ કરનાર છે દર્શન જેમનું અને હાથની શુભ ચેષ્ટાથી પોતાના દર્શન કરનારા ભક્તજનોના મનને ખેંચનારા; (૩૮)

વાદળી રંગના અતસીના પ્રફુલ્લિત પુષ્પની કાંતિ જેવી કાંતિવાળી મનોહર મૂર્તિ જેમની છે એવા, વિવિધ પ્રકારના વિભૂષણોમાં જડેલા ઉત્તમ મણિઓથી વિવિધ વર્ણોવાળા શ્રીહરિ તે સમયે વીજળી તથા ઈન્દ્રધનુષથી અતિ પ્રકાશિત સજળ મેઘની શોભા ધારણ કરતા હતા. (૩૯)

આ પ્રકારની અનુપમ શોભાવાળા શ્રીહરિના દર્શન કરનારા જનસમૂહ જે પરમ સુખથી અત્યંત આનંદિત થઈ પોતાના શરીરોનું ભાન ભૂલી ગયા હતા. તેમ સમાધિવાળા મુનિઓ પણ પોતાના શરીરને સંભારતા નહતા (૪૦)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં રઘુવીરાચાર્યે કરેલી શ્રીહરિની પૂજા વગેરેનું નિરૂપણ નામે ઓગણત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૯)



અધ્યાય ૩૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! નિરાલંબાનંદ મુનિ શ્રીહરિની સમીપે આવીને ''હે હરે ! સાધુઓની સમગ્ર રસોઈ તૈયાર થઈ ગઈ છે'' એ પ્રમાણે કહેવા લાગ્યા. (૧)

તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિએ સાધુની વિશાળ ધર્મશાળામાં જમવા માટે પંક્તિઓ કરવા મુનિઓને આજ્ઞા આપી. (૨) તેથી સમગ્ર સાધુઓ શ્રીહરિને પ્રણામ કરી પાકશાળામાં જઈ બંને હાથ, પગ અને મુખ ધોઈ જમવા માટે ત્યાં હર્ષપૂર્વક પંક્તિબદ્ધ બેઠા (૩)

પછી શ્રીહરિએ મહામૂલ્યવાળાં ભૂષણો તથા વસ્ત્રો ઉતારીને મહામૂલ્યવાળું ઉત્તમ પીતાંબર ધારણ કર્યું. (૪) શ્રીહરિએ બીજું લાલ રેશમી લાંબુ વસ્ત્ર ખભા ઉપર વાંકુ કરી, તેનાથી પોતાની કેડ્ય મજબૂત બાંધી. પછી સાધુઓને પીરસવા માટે હર્ષપૂર્વક પધાર્યા. (૫)

પછી સદ્વત્સલ શ્રીહરિ મુનિગણોને મોતિયા લાડુ આદરપૂર્વક પીરસીને તેમને તૃપ્તિ પમાડતા હતા. (૬) મંદહાસ્યથી શોભતા, સુંદર ગતિવાળા શ્રીહરિ મુનિઓની પંક્તિમાં વારંવાર ફરીને તેમને પુષ્કળ જમાડતા હતા. (૭)

ઉત્તમરાજા તથા સર્વ ઘોડેસવારો તથા પાર્ષદોને પણ હર્ષપૂર્વક શ્રીહરિ સુંદર મોતિયા લાડુ પીરસીને તેમને જમાડતા હતા. (૮) શ્રીહરિ સમગ્ર વર્ણીઓને તથા હજારો બ્રાહ્મણોને શ્રેષ્ઠ ભોજનો જમાડી તૃપ્તિ પમાડતા હતા વળી બ્રાહ્મણોને દક્ષિણાઓ પણ આપતા હતા. (૯)

પછી શ્રીહરિ પાર્ષદોથી વીંટાઈને પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. પછી સ્નાન કરીને શ્રીહરિએ રમણીય પીતાંબર ધારણ કર્યું. (૧૦) પછી શ્રીહરિ, ઉત્તમ લાલ રેશમી વસ્ત્ર ઓઢી તથા બંને રમણીય પાદુકાઓ પહેરીને ભોજન સ્થાનમાં પધાર્યા. (૧૧) અહીં શ્રીહરિ સુંદર પાટલા ઉપર બિરાજી, બંધુજનો સાથે વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૧૨)

પછી તૃપ્ત થયેલા ભગવાન શ્રીહરિએ હાથમુખ શુદ્ધ કરી મુખવાસ લીધો પછી પાર્ષદોથી વીંટાઈને પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૧૩) પછી શ્રીહરિ મહામૂલ્યવાળાં વિવિધરંગી વસ્ત્રો ધારણ કરી પાર્ષદોની સાથે અત્યંત વિસ્તૃત સભા સ્થાનમાં પધાર્યા. (૧૪)

શ્રીહરિ અહીં ઊંચા રમણીય સિંહાસનમાં બિરાજમાન થયા. તે સભામાં પોતાના બંધુજનો વગેરે યથાયોગ્ય બેઠા. (૧૫) શ્રીહરિના દર્શન કરવામાં અત્યંત ઉત્સાહ હતા એવા ત્યાગીઓ તથા અન્ય ગૃહસ્થ ભક્તો પણ શ્રીહરિને નમસ્કાર કરીને સભામાં યથાયોગ્ય બેઠા. (૧૬)

વિવિધ દેશથી આવેલા શ્રીહરિના આશ્રિત ભક્તો તેમજ પુરના ભક્તો પણ સુંદર ચંદન, પુષ્પના હાર તથા ભેટો તેમજ સુવર્ણમય તથા મણિમય આભૂષણો, મહામૂલ્યવાળાં વસ્ત્રો, સોનામહોરો તથા રૂપિયા વગેરે સર્વ પ્રકારની સામગ્રીઓથી ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરી, શ્રીહરિની આરતી કરતા હતા. દેશાંતરના તથા પુરના તે ભક્તજનો શ્રેષ્ઠ વસ્ત્ર ભૂષણો વગેરેથી શ્રીહરિના બંધુજનોનું પણ પૂજન કરતા હતા. (૧૭, ૧૮, ૧૯)

ત્યારબાદ ધર્મવંશની સ્ત્રીઓ પણ હર્ષપૂર્વક શ્રીહરિનું પ્રીતિપૂર્વક ઘણા પ્રકારના ઉપચારોથી પૂજન કરતી હતી. (૨૦) ધર્મવંશની સ્ત્રીઓમાં રઘુવીરના પતિવ્રતા પત્ની વીરજા પ્રથમ શ્રીહરિનું પરમ આદર પૂર્વક મહોપચારોથી પૂજન કરતા હતા. (૨૧)

પછી અયોધ્યા પ્રસાદના પત્ની સુનંદા પરમ સ્નેહપૂર્વક શ્રીહરિનું મહોપચારોથી પૂજન કરતા હતા. (૨૨) રામપ્રતાપના પત્ની સુવાસિની, પોતાના પુત્ર નંદરામ તથા ઠાકુરરામની પત્નીઓ તથા પોતાની પુત્રી મેઘા સહિત શ્રીહરિનું પ્રીતિપૂર્વક પૂજન કરતા હતા. પછી તે સર્વે શ્રીહરિને પંચાંગથી પ્રણામ કરતા હતા. (૨૩)

ઈચ્છારામના પત્ની વલીયારી પણ પોતાના પુત્ર ગોપાળ, વૃંદાવન, સીતારામ તથા બદરીનાથની સ્ત્રીઓ તથા પોતાની પુત્રીઓ સહિત ઈશ્વર શ્રીહરિનું પરમ પ્રીતિપૂર્વક પૂજન કરતા હતા. (૨૪)

પછી જયા, લલિતા તથા અન્ય સત્સંગી સ્ત્રીઓ શ્રીહરિનું મહાઅમૂલ્ય ભૂષણો વગેરે ઉપચારોથી પૂજન કરતી હતી. (૨૫) તે સમયે સૂર્યનારાયણ અસ્તાચલમાં ગયા. પછી મંદિરમાં દીવાની મોટી પંક્તિઓ વાંકી, ઉંચી અને સરખી કરી તે શોભવા લાગી. (૨૬)

બહાર ચોતરા ઉપર બાંધેલા વાંકા વાંસડા ઉપર મોટી લાંબી વાટોવાળા હજારો દીવાઓ ભક્તજનો કરતા હતા. (૨૭) મંદિરની ચારે તરફ સર્વ ભુવનો તથા મેડા ઉપરપણ પદ્મરાગ મણિઓની કાંતિ સમાન જેમની કાંતિ છે એવી દીવાઓની પંક્તિઓ શોભતી હતી. (૨૮)

સભા સ્થાનમાં તથા ભુવનોમાં મહુડાનું તેલ તથા કોપરાના તેલમાં બોળેલી વાટો વાળા, પ્રસરતી પ્રભાવાળા, દીવાઓ, હાંડીઓ, ઝૂમરો વગેરે કાચના યંત્રોમાં શોભતા હતા. (૨૯) એ મંદિરની સર્વ બાજુએ ઊંચે, નીચે તે સમયે કરેલી સરખી મોટી લાંબી દીપની પંક્તિઓ શોભતી હતી. (૩૦)

શિખરોની ઉપર પણ ભક્તોએ કરેલા દીવાઓની એક સરખી પંક્તિઓ ચમકતી રક્ત મણીન્દ્રોની

પંક્તિઓની જેમ શોભતી હતી. (૩૧) અત્યંત શોભતા મંડપની અંદર ઘણા ઝૂમરો તથા હાંડીઓ વગેરેમાં કરેલા દીવાઓ શોભતા હતા. (૩૨)

પ્રભુ શ્રીહરિની આગળ સો દીવાઓ હતા. તે સર્વે દીવાઓ અનુપમ શોભાવાળા શ્રીહરિના સામીપ્યથી શોભતા હતા. (૩૩) તે સમયે દીવાઓના તેજથી આ મંદિર દિવ્ય અક્ષરધામની માફક અત્યંત શોભતું હતું. (૩૪)

તે સમયે આ પુરમાં સર્વે ભુવનોમાં તથા બજારની દુકાનોની પંક્તિઓમાં દીવાઓની લાંબી પંક્તિઓ શોભતી હતી. (૩૫) તે સમયે પદ્મરાગ મણિઓનો પ્રકાશ જેવો પ્રકાશ જેમનો છે એવા હજારો દીવાઓના તેજથી અમાવાસ્યાની રાત્રિનું સમગ્ર તમ લીન પામી ગયું. (૩૬)

પછી શ્રીલક્ષ્મીનારાયણ દેવની સાયંકાળની આરતી થયા પછી શ્રીહરિએ ઊઠીને તત્કાળ પોતાની કેડ્ય મજબૂત બાંધી. (૩૭) સ્વભાવ સુંદર શ્રીહરિ પ્રીતિપૂર્વક તાલીઓ વગાડી નારાયણનું ઉંચા સ્વરથી નામ કીર્તન કરતા હતા. (૩૮)

ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ શ્રીહરિની પાછળ ઊંચા સ્વરથી શ્રીસ્વામિનારાયણના નામોચ્ચારણનો ધ્વનિ તાલીઓ વગાડી પ્રીતિપૂર્વક કરતા હતા. (૩૯) સમગ્ર અમંગળનું શમન કરનારા, ત્રિવિધ તાપ તથા પાપનો નાશ કરનારું છે શ્રવણ જેમનું એવા શ્રીહરિએ તથા તેમના આશ્રિત ભક્તોએ ઉચ્ચારણ કરેલો નામ સંકીર્તનનો મોટો ધ્વનિ દશે દિશાઓમાં વ્યાપી ગયો. (૪૦)

આવી રીતે મુહૂર્ત પર્યંત શ્રીહરિ નામ સંકીર્તન કરીને પોતાના આસનમાં વિરાજમાન થયા. પછી શ્રીહરિને સર્વે ભક્તો હર્ષથી પ્રણામ કરવા લાગ્યા. (૪૧) શોભાયમાન દીવાઓના અત્યંત તેજથી જેમના વિભૂષણો તથા વસ્ત્રો ચળકે છે એવા, દિવ્ય અંગોની શ્રેષ્ઠ શોભાથી ભૂષણોની શોભા વધારતા, ચંચળ ભ્રકુટીના વિલાસથી સુંદર લાગતા અને તેથીજ ભક્તજનોને અત્યંત દર્શનીય શ્રીપુરુષોત્તમ અવતારી સહજાનંદ શ્રીહરિ અત્યંત શોભતા હતા. (૪૨)

ચળકતાં બંને ચંચળ નેત્રોના અચળ કટાક્ષોના ચમત્કારોથી પૂજનીય દૃષ્ટિ જેમની છે એવા, મંદહાસ્ય શોભાયમાન મુખથી સુધાસમ ચંદ્રમાની મધુરતાનો પણ પરાભવ કરતી તે દૃષ્ટિથી ખંજન અને મીનની ચતુરાઈથી તેમને ઉત્પન્ન થયેલા ગર્વનો નાશ કરતા, શાંતિદાયક વાણીથી સુધાના સમુદ્રના તરંગોની મધુરતાનો પણ અત્યંત તિરસ્કાર કરતા; (૪૩)

બંને કાનોમાં અધિક તેજસ્વી કુંડળોના ઉત્તમમણિની કાંતિથી જેમના બે કપોળ ભાગ શોભે છે એવા, અનુપમ નેત્રની શોભાથી નવીન કમળોને પણ લજ્જા પમાડતા, સુધાના સમુદ્રના તરંગ સમાન, પોતાના એક એક અવયવની અતિ સુંદરતાથી કરોડો કામદેવના

ગર્વનો તેઓ વિનાશ કરતા; (૪૪)

શ્રીહરિના શોભાયમાન ચરણ કમળના આસન રૂપ બાજોઠને નમસ્કાર કરતા બ્રહ્માદિ દેવતાઓના મુગટોમાંથી ખરેલા પુષ્પોના સમૂહ તથા તે પુષ્પોના પરાગથી સમગ્ર માનવ મેદિની સુગંધીવાન બની ગઈ ! આવા શ્રીહરિના દર્શન કરનારા ભક્તજનોને રોમાંચ ઉત્પન્ન થયો. હે રાજન્ ! આ લોકમાં જે ભક્તજનો આ શ્રીહરિના દર્શન કરતા હતા તેમના પરમ ભાગ્યનું વર્ણન કરવા માટે હું સમર્થ નથી. (૪૫)

પછી મુનિઓ તથા સર્વ ભક્તો શ્રીહરિને મધ્યમાં રાખીને શ્રીહરિની પ્રદક્ષિણા કરતા હતા અને શ્રીહરિના શુભ યશનું ગાન કરતા હતા. (૪૬) તે સમયે એકી સાથે તાલીઓ વગાડતા તથા ગોળ ગોળ ફરતા સંતો તથા ગૃહસ્થ ભક્તો ગાતા ગાતા શ્રીહરિને પ્રસન્ન કરતા હતા. (૪૭)

તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિ પોતાના આશ્રિત મુનિઓને તથા ભક્તોને પોતપોતાના નિવાસસ્થાનમાં જવા માટે આજ્ઞા આપતા હતા. તેથી તે સર્વે ભક્તો શ્રીહરિની આજ્ઞાથી પોતાને ઉતારે ગયા. (૪૮)

પછી શ્રીહરિએ વર્ણીઓ તથા રસોઈ કરનારા બ્રાહ્મણોને બોલાવીને 'આવતી કાલે તમારે રસોઈ જલદી કરવી.' એમ તેઓને સૂચના આપતા હતા. (૪૯) તેથી તે બ્રાહ્મણો શ્રીહરિને નમસ્કાર કરી 'બહુ સારુ' એમ બોલ્યા. પછી શ્રીહરિ ચટ્ચટ્ ધ્વનિ કરતી પાદુકા પહેરી પાર્ષદો સહિત પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૫૦)

શ્રીહરિ પોતાના નિવાસમાં સ્નાન કરી તથા પોતાનો સંધ્યાવિધિ કરીને પોતાના બંધુજનો સાથે વિષ્ણુને અર્પણ કરેલાં ભોજન જમતા હતા. (૫૧) પછી અતિશય કોમળ શય્યામાં શ્રીહરિ પોઢ્યા. શ્રીહરિને વિષે સ્નેહવાળા પાર્ષદો શ્રીહરિના બંને ચરણ કમળ ચાંપતા હતા. તે પછી શ્રીહરિની સેવાની પ્રતીક્ષા કરતી યોગ નિદ્રાને શ્રીહરિએ અંગીકાર કરી. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં ભક્તજનોએ કરેલું શ્રીહરિનું પૂજન નિરૂપણ નામે ત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૦)



અધ્યાય ૩૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! દીપોત્સવની રાત્રિએ રસોઈઆ બ્રાહ્મણો તથા બ્રહ્મચારીઓ ભાત, દાળ, શાક, ભજિયા વગેરે બનાવવાનો આરંભ કરતા હતા. (૧) બીજા રસોડામાં

ધર્મવંશની સ્ત્રીઓ આદરપૂર્વક વિવિધ પ્રકારના શાક કરવા માટે આરંભ કરતી હતી. (૨)

હે ભૂપતે ! બીજી પાકશાળામાં બ્રાહ્મણ સ્ત્રીઓ હર્ષપૂર્વક શાક વગેરે સર્વ વસ્તુ કરવાનો આરંભ કરતી હતી. (૩) ધર્મધુરંધર નરનાટ્યધારી શ્રીહરિ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને સ્નાન કરી, નિત્યવિધિ કરતા હતા. (૪) પ્રાતઃકાળમાં માધવાનંદ વગેરે પૂજારીઓએ લક્ષ્મીનારાયણની મંગળા આરતી કરી. (૫)

પછી માધવાનંદ વગેરે પૂજારી બ્રહ્મચારીઓ મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા ભૂષણોથી શ્રીહરિનું પૂજન કરીને પ્રીતિપૂર્વક શણગાર આરતી કરતા હતા. (૬) પછી માધવાનંદ વગેરે પૂજારી બ્રહ્મચારીઓ લક્ષ્મીનારાયણના મંદિરોમાં અન્નકૂટની રચના કરવા માટે વિવિધ પ્રકારના રંગોથી યથાયોગ્ય મંડળો કરતા હતા. (૭)

શ્રીહરિના પૂજનમાં વિચક્ષણ તે બ્રહ્મચારીઓ પ્રવેશદ્વારોમાં અશોકના પાનના તોરણો પ્રીતિપૂર્વક બાંધતા હતા. (૮) તે વર્ણિઓ લક્ષ્મીનારાયણના સિંહાસન આગળ પેંડા વગેરે મૂકવા માટે પાટિયા મૂકતા હતા. (૯)

તે વર્ણિઓ પકવાન્નથી ભરેલા પાત્રો મૂકવા માટે તે મંદિરના દ્વારના બહારના ભાગમાં (૧૦) ચાર ખૂણાવાળા પાટિયા આદરપૂર્વક અનુક્રમે ગોઠવતા હતા. (૧૧) શ્રીહરિની આજ્ઞા પાળવામાં તત્પર સમગ્ર બ્રહ્મચારીઓ ત્યારબાદ હર્ષપૂર્વક પોતાના પ્રિય શ્રીહરિની આજ્ઞાની વાટ જોવા લાગ્યા. (૧૨) વર્ણિઓએ શ્રીહરિની આજ્ઞાની રાહ જોઈ છતાં પણ શ્રીહરિની આજ્ઞા આવી નહિ તેથી તે સર્વ બ્રહ્મચારીઓએ શ્રીહરિ પાસે મુકુંદાનંદ વર્ણિને મોકલ્યા. (૧૩)

તે સમયે શ્રીહરિ પોતાના સ્થાનમાં બિરાજી પોતાનો નિત્યવિધિ કરતા હતા. પોતાના ઈષ્ટ શ્રીહરિની સમીપે મુકુંદાનંદ વર્ણિરાજ જઈને શ્રીહરિને નમસ્કાર કરી કહેવા લાગ્યા. (૧૪)

હે કૃપાનાથ ! હે સત્પતે ! અન્નકૂટની રચના કરવા ઈચ્છતા બ્રહ્મચારીઓ હવે આપની આજ્ઞાની રાહ જુવે છે (૧૫) પછી શ્રીહરિ પાસેથી વર્ણીન્દ્ર મુકુંદાનંદ અન્નકૂટ રચવાની શ્રીહરિની આજ્ઞા મેળવીને બ્રહ્મચારીઓની સમીપે આવીને, અન્નકૂટ રચવા માટે વર્ણિઓને શ્રીહરિની આજ્ઞા સંભળાવી. (૧૬)

ગોપાળાનંદ વર્ણીન્દ્ર, જયાનંદ, નારાયણાનંદ, અખંડાનંદ, વૈકુંઠાનંદ, આનંદાનંદ, વાસુદેવાનંદ, માધવાનંદ, નૃસિંહાનંદ જેઓ સર્વ આ લોકમાં ઋષિ બ્રહ્મચારી નામથી પ્રસિદ્ધ હતા. તે સર્વ તથા રાઘવાનંદ, રણછોડાનંદ, અચિન્ત્યાનંદ, વૈષ્ણવાનંદ, કેશવાનંદ, હરિકૃષ્ણાનંદ સુવ્રતાનંદ, રામકૃષ્ણાનંદ તથા અન્ય વર્ણિઓને વર્ણીન્દ્ર મુકુંદાનંદ બ્રહ્મચારી શ્રીહરિની આજ્ઞા કહેતા હતા. તે ગોપાળાનંદ વગેરે વર્ણિઓ વર્ણીન્દ્ર મુકુંદાનંદનું વચન સાંભળીને અન્નકૂટ રચવામાં તત્પર થયા. (૧૭, ૧૮,

૧૯, ૨૦, ૨૧)

તે વર્ણિઓ લક્ષ્મીનારાયણ વગેરેના સિંહાસનની પાસેથી આરંભ કરીને દ્વાર પર્યન્ત ગોઠવેલા આસનો ઉપર ચંદ્રમા સમાન શ્વેત, ચારખૂણાવાળા, રમણીય બરફીના ચકતાં આદરપૂર્વક યથાયોગ્ય ગોઠવતા હતા. (૨૨, ૨૩)

બ્રહ્મચારીઓ શ્વેત સુંદર પેંડા ગોઠવતા હતા. ગુંદરપાક વગેરે પાકો, દળના લાડુ, સાકરીયા ચણા, સાકરીયા એલચી કણો, સાકરની તલ સાંકળી વગેરે તે વર્ણિઓ યથાયોગ્ય ગોઠવતા હતા. (૨૪, ૨૫)

તે બ્રહ્મચારીઓ સાકર અને ઘીથી બનાવેલા મગદળના મનોહર લાડુ તથા વિવિધ પ્રકારના સાકરના રમકડાં ફળ વગેરે પણ ગોઠવતા હતા. (૨૬) પુષ્કળ ઘી, દૂધમાં બનાવેલા ઘણા પકવાન્નો પ્રસન્ન મનથી તે બ્રહ્મચારીઓ ચતુરાઈપૂર્વક ગોઠવતા હતા. (૨૭) તે વર્ણિઓ તમામ મંદિરોમાં ઉમરા ઉપર પ્રીતિપૂર્વક પતાસા ગોઠવતા હતા. (૨૮)

તે વર્ણિઓ દ્વારની બહાર સુંદર પાટલાઓ ઉપર દક્ષિણાવર્તવાળી ચંદ્રમા સમાન શ્વેત, ગોળ જલેબી હર્ષપૂર્વક ઉપરાઉપરી સરખી પંક્તિથી યથાયોગ્ય ગોઠવતા હતા. મનોહર ઘેબર તથા સાટા તે વર્ણિઓ ગોઠવતા હતા. (૨૯, ૩૦)

તે બ્રહ્મચારીઓ રમણીય ખાજા, સુતરફેણી, કલેવો તથા ઠોર વગેરે યથાયોગ્ય ગોઠવતા હતા. (૩૧) વર્ણિઓ પ્રીતિપૂર્વક તાંબાના પહોળા થાળમાં મોતિયા લાડુઓના ઢગલા કરતા હતા. (૩૨)

તે બ્રહ્મચારીઓ પાત્રોમાં ભરેલા ગોળના ચૂરમાના લાડુ, કળીના લાડુ મંદિરની બહારના ભાગમાં મૂકતા હતા. (૩૩) તે વર્ણિઓ પુષ્કળ ઘી સાકરનો શીરો તથા કંસાર મોટા પાત્રમાં પ્રીતિપૂર્વક યથાયોગ્ય ગોઠવતા હતા. (૩૪)

તે વર્ણિઓ પાત્રોમાં ભરેલાં દહીંવડા, ગાંઠિયા, ગોળ, માંડા, રોટલીઓ, પાત્રમાં ભરેલી સેવો, પૂરીઓ વગેરે ગોઠવતા હતા. (૩૫) તે બ્રહ્મચારીઓ પાત્રમાં ભરેલી રમણીય સુંવાળી તથા મોટા પાત્રમાં ભરેલો બિરંજ, દૂધપાક વગેરે ગોઠવતા હતા. (૩૬)

બ્રહ્મચારીઓ પાત્રમાં ભરેલો દહીંભાત, કઢેલું દૂધ સફેદ સાફરનો હરિસો વગેરે મૂકતા હતા. (૩૭) તે વર્ણિઓ પાત્રમાં સંપૂર્ણ ભરેલો રમણીય શ્રીખંડ તથા પાત્રમાં ભરેલા પૂડા, માલપૂઆ, વડા વગેરે મૂકતા હતા. (૩૮)

તે બ્રહ્મચારીઓ પાત્રમાં રહેલાં ઘી સાકર મિશ્રિત પાકાં કેળા, હર્ષપૂર્વક યથાયોગ્ય મૂકતા હતા. (૩૯) તે બ્રહ્મચારીઓ તજ, લવિંગ વગેરેથી વઘારેલું ગલકાનું શાક તથા તુરીયાનું શાક

પાત્રમાં ભરીને મૂકતા હતા. (૪૦)

તે બ્રહ્મચારીઓએ દૂધી, રતાળુ, કંકોડા, કારેલા તથા ભીંડા વગેરેના શાક પાત્રોમાં મૂકતા હતા. (૪૧) તે બ્રહ્મચારીઓ ગુવારનું તથા કોળાનું શાક પાત્રમાં ભરીને મૂકતા હતા. જુદા જુદા પ્રકારથી બનાવેલા વંતાકના શાક તેઓ હર્ષપૂર્વક મૂકતા હતા. (૪૨)

તે વર્ણિઓ પરવળ, ઘીલોડા, ખડબુજ તથા શીંગોના શાક પાત્રોમાં ભરીને મૂકતા હતા. (૪૩) તે બ્રહ્મચારીઓએ સૂરણનું શાક તથા ચોળાની શીંગો, ચીભડાં વગેરેના શાક પાત્રોમાં ભરીને મૂક્યાં. (૪૪)

તે વર્ણિઓએ કાકડી, મોગરી, શક્કરીયાં વગેરેના શાક જુદાજુદા પાત્રોમાં ભરીને મૂક્યાં. (૪૫) ફણસ વગેરે સર્વ શાક જુદાજુદા પાત્રોમાં ભરીને હર્ષપૂર્વક તેમણે મૂક્યાં તેમજ પાત્રમાં ભરેલો દહીંથી મિશ્રિત વંતાકનો ઓળો મૂક્યો. (૪૬)

તે વર્ણિઓએ પાત્રમાં મેથીની સુંદર ભાજી, તાંદળજાની ભાજી, ખાટી લૂણી, ફાંદની ભાજી વગેરે પાત્રોમાં ગોઠવીને મૂકી. (૪૭) તે વર્ણિઓ પાત્રમાં મૂકેલી મૂળાની ભાજી તથા રાજગરાની ભાજી પ્રીતિપૂર્વક પાત્રમાં ભરીને મૂકતા હતા. સૂવાની ભાજી પાત્રમાં ભરીને પ્રીતિથી મૂકતા હતા. (૪૮)

તે વર્ણિઓ ડોડીની રમણીય ભાજી તથા કણજરા વગેરેની વિવિધ પ્રકારની ભાજી હર્ષપૂર્વક પાત્રોમાં ભરીને મૂકતા હતા. (૪૯) દૂધી, કાકડી, દ્રાક્ષ, ખારેક, ચીભડાંના રાયતાં જુદાજુદા પાત્રોમાં તે મૂકતા હતા. (૫૦)

તે વર્ણિઓ શક્કરીયાના રાયતાં તથા શીંગોના રાયતાં તથા કેળા વગેરેના રાયતાં પાત્રોમાં ભરીને મૂકતા હતા. (૫૧) તે વર્ણિઓ દહીંથી મિશ્ર કરેલી વડીઓ હર્ષપૂર્વક પાત્રોમાં મુક્તા હતા. તેમજ પાત્રમાં ભરીને ફુલેલી તથા સુંદર ગોળ ફુલવડીઓ મુક્તા હતા. (૫૨)

તે વર્ણિઓ બટાટા તથા કેળાનાં ફુલેલા વિવિધ પ્રકારના ભજિયાં પાત્રોમાં ભરી હર્ષપૂર્વક મૂકતા હતા. (૫૩) તે વર્ણિઓ ત્રણે મંદિરમાં વિવિધ પ્રકારનાં અત્યંત રમણીય ખાદ્યપદાર્થોની મધ્યે ભાતના ત્રણ પર્વતો બનાવતા હતા. (૫૪)

તે વર્ણિઓ તેમની સમીપે પાત્રમાં ભરેલી તુવેરની દાળ તથા કઢી યથાયોગ્ય મૂકતા હતા. (૫૫) પછી તે વર્ણિઓ પાત્રમાં ભરેલા તળેલા ગોળ વટાણા તથા વાલ, ચણા, પાપડો હર્ષપૂર્વક યથાયોગ્ય મૂકતા હતા. (૫૬)

તે વર્ણિઓ દહીં સાકર તથા દૂધસાકર, મઠો, સુંદર માખણ, તાજું ઘી વગેરે મૂકતા હતા. (૫૭) આદુ, કેરી તથા લીંબુ વગેરેના અથાણાં પાત્રમાં ભરેલાં તેઓ આદરપૂર્વક

મૂકતા હતા. (૫૮)

તે વર્ણિઓ પાત્રમાં ભરેલી ધાણા વગેરેની સુંદર ચટણી વાડકીઓમાં ભરીને જીરુ તથા મીઠું મૂકતા હતા. (૫૯) હે રાજન્ ! આવી રીતે તે વર્ણિઓએ ત્રણે મંદિરમાં શ્રીહરિની પ્રસન્નતા માટે અન્નકૂટની રચના આદરપૂર્વક કરી. (૬૦)

પછી વર્ણિઓ શ્રીહરિને અન્નકૂટ નિવેદન કરી હર્ષપૂર્વક પ્રેમાનંદ મુનિએ રચેલાં થાળના અતિમનોહર પદો ગાવા લાગ્યા. (૬૧) તેઓ પદો ગાતા હતા તેટલામાં વર્ણિઓ તથા બ્રાહ્મણો શ્રીહરિની ઈચ્છાથી આ પ્રકારે મહાશ્ચર્ય જોતા હતા. (૬૨)

તે વર્ણિઓ આશ્ચર્ય યુક્ત થઈ શ્રીહરિકૃષ્ણની મૂર્તિને પકવાન્નો તથા નાના પ્રકારના ભોજનો આદરપૂર્વક જમતા જોતા હતા. (૬૩) તે વર્ણિઓ રાધાકૃષ્ણની પ્રતિમાઓ તથા લક્ષ્મીનારાયણની મૂર્તિઓને પણ પકવાન્નો જમતા જોતા હતા. (૬૪) તે વર્ણિઓ ભક્તિ ધર્મની સમીપે આવેલી શ્રીજી મહારાજની મૂર્તિને પણ જમતા જોતા હતા. (૬૫)

આ પ્રમાણે શ્રીહરિએ બતાવેલું અલૌકિક દિવ્ય ઐશ્વર્ય જોઈને વર્ણિઓ, મહાશ્ચર્ય પામ્યા અને અત્યંત શાંતિ પામ્યા. (૬૬) પછી શ્રીહરિની આજ્ઞાથી મુકુંદાનંદ વર્ણિએ બોલાવેલાં આચાર્ય રઘુવીરજી આરતી કરવા લાગ્યા. (૬૭)

તે વખતે પાર્ષદોથી વીંટાયેલા પોતાના બંધુઓની સાથે આવતા શ્રીહરિ, જેમણે ધારણ કરેલા હાર તથા તોરાઓની પંક્તિ તેમના વેગથી આવવાથી ઉછળતી હતી. તત્કાળ અન્નકૂટના દર્શન કરવા માટે ત્યાં આવ્યા. (૬૮)

શ્રીહરિ અતિહર્ષથી લક્ષ્મીનારાયણ વગેરે દેવોને પ્રણામ કરીને શ્રેષ્ઠ વર્ણિઓએ રચેલો અતિશોભાયમાન સુંદર અન્નકૂટ જોતા હતા. (૬૯) હે રાજન્ ! પ્રભુ શ્રીહરિ તે અન્નકૂટના લાંબા સમય સુધી દર્શન કરીને પ્રસન્ન થઈ પોતાના સમાશ્રિત તે વર્ણિસમૂહની અન્નકૂટ રચવાની નિપુણતાની અત્યંત પ્રશંસા કરવા લાગ્યા. (૭૦)

તેમજ બીજા તમામ હરિભક્તો પણ તે મહાન અતિ સુંદર અન્નકૂટ જોઈ, ઉંચેથી જયનો ધ્વનિ કરવા લાગ્યા. તેમજ ઉત્સવની અત્યંત પ્રશંસા કરતા અત્યંત આનંદ પામ્યા. (૭૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં અન્નકૂટની રચનાનું વર્ણન કર્યું એ નામે એકત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૧)



અધ્યાય ૩૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપ ! પ્રસન્ન થયેલા શ્રીહરિ પોતાની સેવામાં આસક્ત મુકુંદાનંદ વર્ણિને બોલાવીને તેમને કહેવા લાગ્યા. (૧) હે ધીમન્ ! મારા આશ્રિત મુનિઓ વગેરે હજારો જનોને મારે જમાડવા છે. પરંતુ મને અવકાશ મળશે નહિ. (૨)

માટે હે વર્ણિરાટ્ ! સૌ વર્ણિઓના ભોજન પાત્રોમાં દૂધમાં બનાવેલા ભોજનો હું હમણાં આપું. (૩)

નૈષ્ઠિકરાજ મુકુંદાનંદ શ્રીહરિનું આવું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયા. પછી તત્કાળ સર્વ વર્ણિઓ પાસે ભોજન પાત્રો મંગાવવા લાગ્યા. (૪)

પ્રસન્ન થયેલા નૈષ્ઠિકેન્દ્ર શ્રીહરિ પ્રિય મુકુંદાનંદ વર્ણિ તત્કાળ બરફી પેંડા, વગેરેથી ભરેલા પાત્રો વર્ણિઓ પાસે મંગાવતા હતા. (૫) શ્રીહરિ તે ભોજન પાત્રોમાં પેંડા, બરફી તેમજ ગુંદરપાક વગેરે સ્નેહપૂર્વક પીરસતા હતા. (૬)

શ્રીહરિ મગદળના લાડુ તેમજ વિવિધ પ્રકારા અન્ય ખાદ્ય પદાર્થો દૂધ અને ઘીમાં પકાવેલાં, વર્ણિઓના પાત્રોમાં સારી રીતે પીરસતા હતા. (૭) પછી શ્રીહરિએ વર્ણિઓ થાકી ગયા છે તેવું જાણીને તેમને ભોજન કરવાની આજ્ઞા આપી. તેથી તે સર્વ વર્ણિઓ શ્રીહરિને પ્રણામ કરી પોતાની પાકશાળામાં ગયા. (૮)

હે રાજન્ ! પછી સમગ્ર વર્ણિઓ પાકશાળામાં તેમની સમીપે પંક્તિબદ્ધ બેસી પ્રેમપૂર્વક પીરસાયેલા તે ચતુર્વિધ ભોજનો તેમજ વિવિધ પ્રકારના અન્ય ભોજનો, વળી શ્રીહરિની પ્રસાદીભૂત ઉત્તમ ભોજનો વગેરે શ્રીહરિનું સ્મરણ કરતા જમવા લાગ્યા. (૯, ૧૦)

હે રાજન્ ! પછી શ્રીહરિ સાધુઓ તથા પાર્ષદોને જમવા માટે બોલાવતા હતા. તે સંતો હાથ, પગ, મુખ વગેરે ધોઈ હર્ષપૂર્વક પોતાની પાકશાળામાં આવ્યા. (૧૧) તે સમગ્ર સંતો ત્યાં યથાયોગ્ય પંક્તિબદ્ધ બેઠા. પાર્ષદો પણ હાથ, પગ, મુખ વગેરે ધોઈને ત્યાં આવી સાધુઓથી જુદા બેઠા. (૧૨) પછી શ્રીહરિની આજ્ઞાથી ઘણા રસોઈઆ બ્રાહ્મણો તત્કાળ સાધુઓના પાત્રોમાં ગાળેલું પાણી આદરપૂર્વક ભરતા હતા. (૧૩)

તે બ્રાહ્મણો તેમને પત્રાવળાં તથા પડિયા આપીને અનુક્રમે શાક પીરસવા લાગ્યા. (૧૪) પછી શ્રીહરિ કેડ્ય ઉપર પટકો મજબૂત બાંધીને સાધુઓને પીરસવા માટે તેમની પાકશાળામાં પધાર્યા. (૧૫)

શ્રીહરિ પોતાને વિષે આસક્ત ચિત્તવાળા, પોતાને વંદન કરતા, પંક્તિમાં બેઠેલા તે સમગ્ર

મુનિઓને દયાર્દ્ર દૃષ્ટિથી જોતા હતા. (૧૬)

તેટલામાં વિવિધ પ્રકારના પકવાન્નોથી ભરેલા તાંબાના મોટા તાસડા લઈને યુવાન સાધુઓ શ્રીહરિની સમીપે આવ્યા. (૧૭)

તેમણે ઉંચકેલા પાત્રોમાંથી શ્રીહરિ સુંદર જલેબી લઈ હર્ષપૂર્વક તેમને પીરસવા લાગ્યા. (૧૮) શ્રીહરિ બરફી, પેંડા, સૂતરફેણી, મોતિયા લાડુ તેમજ ખાજા, સાટા વગેરે પ્રીતિપૂર્વક સાધુઓને પીરસવા લાગ્યા. (૧૯)

શ્રીહરિ ઘેબર વગેરે બીજા ભક્ષ્ય પદાર્થો પણ સાધુઓની પંક્તિમાં ફરતા ફરતા તેમને પીરસતા હતા. (૨૦) સત્પુરુષોએ પ્રિય શ્રીહરિના બંને બંધુઓ પોતાના પુત્રો સાથે વિવિધ પ્રકારના પકવાન્નો તે સત્પુરુષોને પ્રીતિપૂર્વક પીરસતા હતા. (૨૧)

પીરસવામાં નિપુણ તે સંતો તથા રસોઈઆઓ સાધુઓને ચાર પ્રકારના ભોજનો પીરસતા હતા. (૨૨) પછી શ્રીહરિએ તેમના પાત્રોમાં તમામ ભોજન પીરસાયેલું જોઈ હાથની સંજ્ઞા કરી તેમને જમવાની આજ્ઞા આપી. (૨૩)

પછી તે સર્વે સંતો ''સ્વામિનારાયમની જય'' એવો ઉંચા શબ્દથી ધ્વનિ કરીને મનોહર શ્રીહરિના દર્શન કરતા જમવા લાગ્યા (૨૪) સાધુઓની પંક્તિઓમાં વારંવાર ચાલતા શ્રીહરિ જલેબી વગેરે ભોજનો પ્રીતિપૂર્વક તે સંતોને પીરસતા હતા. (૨૫)

ડંકા ભરીને દૂધપાક હાથમાં ધારણ કરતા, બીજા હાથમાં બે સુંદર મોતિયા લાડુ ધારણ કરતા શ્રીહરિ હસતા હસતા બ્રહ્માનંદ મુનિવર પાસે જઈ એમ બોલ્યા; હે મુને ! તમારે દૂધપાક જોઈએ છે ? આ બે લાડુ જોઈએ છે ? એ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી શ્રીહરિના પરમ સખા બ્રહ્માનંદ શ્રીહરિ પ્રત્યે બોલ્યા, 'હે હરે ! નિત્યાનંદ મુનિના દાંત નબળા છે. માટે હે સત્પતે ! નિત્યાનંદ મુનીંદ્રને આપ દૂધપાક પીરસો. હે સ્વામિન્ ! એ મોતિયા લાડુ મને આપો.' (૨૬, ૨૭, ૨૮, ૨૯)

શ્રીહરિ તેમનું આવું વચન સાંભળી મંદમંદ હસતા તે લાડુ ભાંગીને બ્રહ્માનંદસ્વામીને આપવા જતાં ત્યાં બ્રહ્માનંદ શ્રીહરિને કહેવા લાગ્યા. (૩૦) હે હરે ! આ લાડુ ભાંગવામાં આપની કોમળ આંગળીઓને નિશ્ચય વ્યથા થશે. માટે આપ એ લાડુ આખોજ મારા પાત્રમાં મૂકો. (૩૧)

આવી રીતે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું તેથી મંદહાસ્ય મુખવાળા શ્રીહરિ તેમના જમવાના પાત્રમાં એક લાડુ જ્યાં મૂકે છે તેટલામાં બીજો લાડુ પણ શ્રીહરિના હાથમાંથી તેમના પાત્રમાં પડી ગયો. (૩૨)

તે સમયે હસતા હસતા બ્રહ્માનંદમુનિ તો અધિક ફળ થયું એમ બોલ્યા આ સાંભળીને

શ્રીહરિ હસવા લગાયા બીજા સંતો પણ હસવા લાગ્યા. (૩૩) પછી નિત્યાનંદ મુનિરાજ શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે હરે ! આ બ્રહ્માનંદ મારો ઉપહાસ કરે છે. (૩૪)

હે દયાનિધે ! મારા દાંત નબળા નથી માટે હે ભગવન્ ! આપ મને પણ મોતિયા લાડુ આપો. (૩૫) સુંદર મંદહાસ્ય મુખવાળા શ્રીહરિ તેમનું આવું વચન સાંભળી તેમને મોતિયા લાડુ તથા દૂધપાક પીરસવા લાગ્યા. (૩૬) મુનિવત્સલ પ્રભુ શ્રીહરિ પ્રીતિપૂર્વક આ પ્રમાણે હસતા પોતાને પ્રિય મુક્તાનંદ વગેરે મુનિઓને હરાવતા; (૩૭)

જલેબી વગેરે રમણીય વિવિધ પ્રકારના ઘણાં ભોજનો તેમના નામ બોલીને વારંવાર આદરપૂર્વક પીરસતા હતા. (૩૮) સુંદર ચપળ ચાલવાળા, મુનિ પંક્તિઓમાં વારંવાર વિચરતા, સ્વયં શ્રીહરિ, 'ના, ના' કહેતા તે સમગ્ર સાધુઓને ઉત્તમ ભોજનો પીરસતા હતા. (૩૯)

હાથની લાઘવતાથી શોભતા શ્રીહરિની પીરસવાની અનુપમ ચતુરાઈ જોઈ, પીરસનારાઓ અત્યંત આશ્ચર્ય પામ્યા. (૪૦) મંદહાસ્યના વિલાસથી શોભતા હર્ષથી પીરસતા મહાસુખ આપનારા શ્રીસહજાનંદના દર્શન કરી ભક્તજનો તૃપ્તિ પામતા નહતા (૪૧)

શ્રીહરિના દર્શનની ઈચ્છાવાળા સમગ્રજનો તો સુંદર ગતિવાળા શ્રીહરિને મુનિઓની પંક્તિઓમાં જાણે ઘણા રૂપધારી ફરતા હોય ને શું ? એમ જોઈ વિસ્મય પામી આનંદ પામ્યા. (૪૨) તે સમયે શ્રીહરિની પીરસવાની લીલાના દર્શન કરવા માટે આકાશમાંથી આવેલા વિધિ મુખ્ય દેવેન્દ્રો શ્રીહરિની પીરસવાની લીલા જોઈ અત્યંત વિસ્મય પામ્યા. (૪૩)

ગગનમાં રહેલી વિમાનની પંક્તિવાળા બ્રહ્માદિ દેવો શ્રીહરિને પુષ્પોથી વધાવતા હતા અને 'જય જય' શબ્દોનું ઉચ્ચારણ કરી અવતારી શ્રીહરિની સ્તુતિ કરતા હતા. (૪૪) તે સમયે શ્રીહરિની પીરસવાની ચતુરાઈ જોવાની ઈચ્છાથી બ્રહ્મધામ તથા અન્ય ધામના વાસી ઘણા મુક્તો સમીપે આવી પુરુષોત્તમ શ્રીહરિના દર્શન કરી અત્યંત શાંતિ પામ્યા. (૪૫)

મંગળ શરીરધારી, સર્વ અવતારના કારણ શ્રીહરિ પાસેથી વિવિધ પ્રકારના સુંદર પ્રસાદીભૂત ભોજનો મેળવવાની ઈચ્છાવાળા મુક્તો તથા ઈશ્વરોના સમુદાય શ્રીહરિના દર્શન કરતા પોતાના હાથ લાંબા કરતા હતા. (૪૬)

તેથી ભગવાન્ ધર્મપુત્ર શ્રીહરિ જેમનું મુખારવિંદ મંદહાસ્યથી શોભે છે તેઓ તેમને પ્રસાદીભૂત સુંદર ભોજન આપતા હતા. હે રાજન્ ! દિવ્યદષ્ટિવાળા શ્રીહરિના મુનીંદ્રો તથા હરિજનો શ્રીહરિની પ્રસાદીનુ ભોજન ગ્રહણ કરતા તે સર્વ મુક્તોને તથા તેમને પ્રસાદીનું ભોજન આપતા શ્રીહરિને જોઈ અત્યંત આનંદ પામતા હતા. (૪૭)

તેમાં કેટલાક મુક્તો મુનિઓની પંક્તિમાં પ્રવેશ કરી, અમૃત સમાન વિવિધ પ્રકારનું

ભગવાને પ્રસાદીભૂત કરેલું સુંદર ભોજન અતિસ્નેહથી જમતા હતા. (૪૮) પછી શ્રીહરિ સાધુઓ તૃપ્તિ પામ્યા છે તેવું જાણીને રસોઈયા બ્રાહ્મણો પાસે તેમને ભાત, ઘી, કઢી, દાળ વગેરે અપાવતા હતા. (૪૯)

ઉતાવળી ગતિવાળા શ્રીહરિ પછી પાર્ષદોની પંક્તિમાં આવીને તે પાર્ષદોને સાટા, જલેબી વગેરે પ્રીતિપૂર્વક પીરસતા હતા. (૫૦)

શ્રીહરિ તેમને ખાજા, સૂતરફેણી, મોતિયા લાડુ, બરફી વગેરે પ્રેમપૂર્વક પીરસતા હતા. (૫૧) શ્રીહરિ હસતા હસતા રમણીય મર્મ વચનોથી તે પાર્ષદોને, તેમને સાધુઓની માફક ભક્ષ્ય પદાર્થો પીરસીને તૃપ્તિ પમાડતા હતા. (૫૨)

પ્રભુ શ્રીહરિ તેવી રીતે ઉત્તમરાજાને જલેબી વગેરે ભોજનો પ્રેમપૂર્વક પીરસીને તેમને સર્વને અત્યંત તૃપ્તિ પમાડતા હતા. (૫૩) તે સમયે શ્રીહરિ જોબન પગી વગેરે પુરના ભક્તો તેમજ અન્ય ભક્તસમૂહને તથા ત્યાં આવેલા સર્વ અન્નાર્થીઓને વિવિધ પ્રકારના ભોજનો આદરપૂર્વક જમાડી તૃપ્તિ પમાડતા હતા. (૫૪)

શ્રીહરિ પોતાની પ્રસાદીના વિવિધ પકવાન્નો જયા તથા લલિતા વગેરેને આદરપૂર્વક મોકલતા હતા. (૫૫) પછી મુકુંદાનંદ વર્ણિએ આપેલા જળથી શ્રીહરિ પોતાના ચરણકમળ તથા હસ્તકમળ ધોતા હતા. (૫૬)

તે સમયે પુરના તેમજ અન્ય હજારો બ્રાહ્મણોને, શ્રેષ્ઠ ભોજનોથી શ્રીહરિ તૃપ્તિ પમાડતા હતા. (૫૭) આવી રીતે શ્રીહરિ મુનિ વગેરેને અત્યંત તૃપ્ત કરી પોતાના પાર્ષદો સાથે મનોહર રૂમાલ હાથમાં પકડીને હાથ હલાવતા ઉતાવળી ગતિથી ચાંખડીનો ચટ્ચટ્ ધ્વનિ વિશેષપણે કરતા બંને પાદુકાઓ ધારણ કરી પોતાના નિવાસમાં પધાર્યા. (૫૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિકૃત પરિવેષણ લીલા વર્ણન કર્યું એ નામે બત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૨)



અધ્યાય ૩૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપ ! શ્રીહરિએ સ્નાન કરીને પીતાંબર ધારણ કર્યું અને તેવું બીજું પીતાંબર ઓઢ્યું. (૧) ધર્મપુત્ર શ્રીહરિ બંને ચરણમાં મનોહર પાદુકાઓ પહેરીને

ભોજન સ્થાનમાં પધાર્યા અને શોભાયમાન પાટલા ઉપર બિરાજમાન થયા. (૨)

ત્યારપછી સ્નાન કરી, વિવિધ પ્રકારના રેશમી વસ્ત્રો ધારણ કરેલા શ્રીહરિના બંધુજનો વગેરે સૌ ભોજન કરવા માટે શ્રીહરિની બંને બાજુએ યથાયોગ્ય બેઠા (૩) પછી ગોપાળજી રૂપાની સુંદર વાડકીઓ શ્રીહરિના સુવર્ણ થાળમાં મૂકી તેમાં વિવિધ પ્રકારના ભોજનો પીરસવા લાગ્યા. (૪)

પછી શ્રીહરિના બંધુઓના ભોજન પાત્રોમાં પણ ગોપાળજી વિવિધ પ્રકારના ભોજનો યથાયોગ્ય પીરસવા લાગ્યા. (૫) પછી શ્રીહરિ પોતાના બંધુઓ સહિત અપોશનવિધિ કરીને પ્રીતિપૂર્વક વિવિધ ભોજનો જમવા લાગ્યા. (૬)

શ્રીહરિ બરફી તથા સુંદર પેંડા, જલેબી, સાટા વગેરે વિવિધ પકવાનો જમતા હતા. (૭) બિરંજ, પૂરીઓ, વિવિધ પ્રકારના શાક, પાપડ, દૂધપાક વગેરે અનેક સુંદર ભોજનો શ્રીહરિ જમતા હતા. (૮)

શ્રીહરિ ફુલવડીઓ, કઢી, સુંદર દાળ, વિવિધ અથાણાં તથા ચટણી જમતા હતા. (૯) વળી શ્રીહરિ ભજિયા તથા રાયતાં વગેરે લેહ્ય પદાર્થો, દહીંમાં પલાળેલા વડાં, ભક્તોને આનંદ પમાડવા જમતા હતા. (૧૦)

વિવિધ પ્રકારના ભોજનો જમતાં, વચ્ચે વારંવાર પાણી પીતા, શ્રીહરિ પોતાનો ડાબો હાથ પોતાના પેટ ઉપર ફેરવતા હતા. (૧૧) પછી પ્રભુ શ્રીહરિ કઢી તથા દાળની સાથે ભાત જમવા લાગ્યા. સ્વચ્છ સાકર મિશ્રિત દહીં તથા દૂધની સાથે ભાત શ્રીહરિ જમતા હતા. (૧૨)

પછી તૃપ્ત થયેલા શ્રીહરિ હાથ તથા મુખની શુદ્ધિ કરતા હતા. શ્રીહરિના બંધુઓ પણ તૃપ્ત થઈ હાથ તથા મુખ ધોતા હતા (૧૩) પછી રઘુવીરજીએ શ્રીહરિને સુંદર મુખવાસ આપ્યો તે લઈને શ્રીહરિ પાર્ષદોથી વીંટાઈને પોતાના નિવાસમાં પધાર્યા. (૧૪)

પછી શ્રીહરિએ ધર્મવંશની સ્ત્રીઓને તથા અન્ય સ્ત્રી ભક્તોને જમાડવા માટે રઘુવીરની પત્નીને આજ્ઞા આપી. (૧૫) તેથી રઘુવીરજીના પત્ની વરિયાળી સર્વ સ્ત્રીઓને લઈને તથા પોતાની શિષ્યા બ્રાહ્મણ સ્ત્રી ભક્તોને સાથે લઈ. (૧૬)

જયા, રમા, લલિતા તથા બ્રાહ્મણોની સ્ત્રીઓ તેમજ હજારો અન્ય સ્ત્રીઓને વિવિધ પ્રકારના પકવાનોથી યથાયોગ્ય તૃપ્તિ પમાડતા હતા. (૧૭) તે સમયે આવેલી સર્વે અન્નાર્થી સ્ત્રીઓને આચાર્ય પત્ની જમાડીને પછી, ધર્મવંશની સ્ત્રીઓ સહિત પોતે સર્વ ભોજન જમવા લાગ્યા. (૧૮)

તેટલામાં નારાયણાનંદ વગેરે સમગ્ર બ્રહ્મચારીઓ પોતાના ઈષ્ટ શ્રીહરિનું પૂજન કરવા માટે શ્રીહરિના નિવાસસ્થાનમાં હર્ષપૂર્વક ગયા. (૧૯) પછી વર્ણિઓ સુગંધિમાન કેસર યુક્ત ચંદન તેમજ સુંદર પુષ્પના હાર વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૨૦)

પછી સર્વે વર્ણિઓ ચંદનથી ચર્ચેલા શ્રીહરિના ચરણ કમળો પોતાની છાતીમાં અતિ ભક્તિપૂર્વક ધારણ કરતા હતા. (૨૧) નારાયણાનંદ તેમજ અન્ય સર્વ વર્ણિઓની નિષ્કપટ ભક્તિથી તેમના ઉપર અતિશય પ્રસન્ન થયેલા ભક્તવત્સલ પ્રભુ શ્રીહરિ તે સર્વેને બાથમાં બીડીને ભેટ્યા. (૨૨)

હે રાજન્ ! હર્ષપૂર્વક આવી રીતે શ્રીહરિએ અન્નકૂટોત્સવ કર્યો. શ્રીહરિ આ વૃત્તાલયપુરમાં પોતાના જનોને આ પ્રકારે સુખી કરતા અહીં કેટલોક સમય રહ્યા. (૨૩) પછી દેશાન્તરથી આવેલા સમગ્ર ભક્તો એક પછી એક શ્રીહરિને તથા તેમના સર્વ ભક્તજનોને પ્રીતિપૂર્વક વિવિધ પ્રકારના ભોજનો જમાડતા હતા. (૨૪)

હે ભૂપતે ! શ્રીહરિ પણ વિવિધ ભોજનો હંમેશાં મુનિઓ વગેરેને પ્રીતિપૂર્વક પીરસીને તેમને સર્વને તૃપ્ત કરતા હતા. (૨૫) વિવિધ પ્રકારની અમૃત સમાન ધર્મ જ્ઞાનાદિ વાર્તાઓ હંમેશાં કરતા શ્રીહરિ તે ભક્તોને અત્યંત આનંદ આપતા હતા. (૨૬)

એક સમયે મહાબુદ્ધિશાળી માધવાનંદ વર્ણિરાજ પોતાના નિવાસમાં પોતાના આસન ઉપર બિરાજેલા શ્રીહરિની પાસે જઈને હર્ષપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૨૭) પછી માધવાનંદ શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે હરે ! હે પ્રભો ! હું સર્વ રસોઈ દૂધમાં બનાવીને આપને જમાડવા ઈચ્છું છું. (૨૮)

મારા હૃદયમાં ઘણા સમયથી આવો સંકલ્પ છે. હે સત્પતે ! તે આપ કરુણાપૂર્વક પૂર્ણ કરો. (૨૯) પૂજારીમાં શ્રેષ્ઠ માધવાનંદ વર્ણિનું આ વચન સાંભળીને તેમની ભક્તિથી અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિએ માધવાનંદ વર્ણિને કહ્યું. (૩૦)

હે વર્ણિન્ ! દૂધમાં બનાવેલા સર્વ ભોજનો તમારે આદર પૂર્વક લક્ષ્મીનારાયણ દેવને પ્રથમ નિવેદન કરવાં. (૩૧) પછી તમારે મને બોલાવવો તેથી હું તમારા નિવાસમાં આવીને ત્યાંજ તમારી પ્રસન્નતા માટે ભોજન જમીશ. (૩૨)

આ પ્રકારની શ્રીહરિની આજ્ઞા મેળવીને આનંદપૂર્વક માધવાનંદ વર્ણિ શ્રીહરિને પ્રણામ કરીને તત્કાળ પોતાના નિવાસમાં આવ્યા. (૩૩) પછી માધવાનંદ શ્રીહરિ માટે સાકર તથા એલાઈચીથી યુક્ત સુંદર દૂધપાક બનાવવા લાગ્યા. (૩૪)

વર્ણિ દૂધ, સાકર યુક્ત મોદક પણ કરતા હતા. તેમજ પૂરીઓ વગેરે વિવિધ પ્રકારના સુંદર પાક કરતા હતા. (૩૫) પછી વર્ણીન્દ્ર માધવાનંદ પેંડા, પાક તથા અન્ય ભક્ષ્ય વસ્તુઓ વિવિધ પાત્રોમાં તથા મોટા થાળમાં પૂરવા લાગ્યા. (૩૬)

પછી વર્ણીએ તે થાળમાં પાપડ તથા ચટણી તથા વિવિધ પ્રકારના અથાણાં આદરપૂર્વક મૂક્યાં. (૩૭) પછી વર્ણી તે થાળમાં પૂરેલા ભોજનો લક્ષ્મીનારાયણ દેવને યથાયોગ્ય નિવેદન કરીને

હર્ષપૂર્વક પોતાના નિવાસસ્થાનમાં તે થાળ લાવ્યા. (૩૮)

પછી સ્નાન કરીને પીતાંબર ધારણ કરેલા શ્રીહરિને વર્ણિ પોતાના નિવાસમાં લાવ્યા અને આસન ઉપર બેસાડીને વિવિધ પ્રકારના ભોજનો વાળો તે થાળ શ્રીહરિની સન્મુખ મૂક્યો. (૩૯) પછી શ્રીહરિ વારંવાર પાણી પીતા તે ભોજનો જમવા લાગ્યા. તેટલામાં સંતો પાર્ષદો ત્યાં આવ્યા. (૪૦)

તેમને જોતા જોતા જમતા શ્રીહરિ આ પ્રમાણે કહેવા લાગ્યા. આ ભોજન અત્યંત સ્વાદિષ્ટ છે, આ ભોજન ઉત્તમ છે. (૪૧) આવું સાંભળીને બ્રહ્માનંદ મહામુનિ શ્રીહરિને કહેવા લાગ્યા. હે સ્વામિન્ ! ભોજન જમનાર તેનો સ્વાદ જાણે, બીજા જાણે નહિ. (૪૨)

બ્રહ્માનંદ મુનિએ આ પ્રમાણે કહ્યું તેથી મંદમંદ હસતા શ્રીહરિ મુકુંદાનંદ વર્ણિ પાસે બ્રહ્માનંદ મુનિને પ્રસાદીના ભોજનો અપાવવા લાગ્યા. (૪૩) પછી શ્રીહરિ નિત્યાનંદને તથા મને (શુકાનંદને) તે પ્રસાદી ભૂત ભોજનો અપાવતા હતા. તેમજ મુક્તાનંદ વગેરે મુનિઓને પણ યથાયોગ્ય તે ભોજનો અપાવતા હતા. (૪૪)

પછી તૃપ્ત થઈને શ્રીહરિ હાથ તથા મુખની શુદ્ધિ કરી માધવાનંદ વર્ણિએ આપેલો મુખવાસ જમતા હતા. (૪૫) પછી શ્રીહરિ બહાર ઓટલા ઉપર પોતાના પાર્ષદોને બેસાડીને પોતાની પ્રસાદીના ભોજનો તેમને પીરસીને અત્યંત હસતા તથા સૌને હસાવતા તેમને તૃપ્તિ પમાડતા હતા. પછી ભગવાન શ્રીહરિએ પોતાના હાથ તથા ચરણ ધોયા. (૪૬-૪૭)

હે નૃપ ! પછી પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ સુંદર ગતિથી પોતાના ભક્તજનોના મનને આકર્ષતા પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૮) આ પ્રકારે ભક્તોને આનંદ આપતા આ પુરમાં વસતા સ્વયં શ્રીહરિ પ્રબોધિનીનો મોટો ઉત્સવ આશ્ચર્યકારી રીતે કરતા હતા. (૪૯)

ત્યારબાદ પ્રભુ શ્રીહરિએ કાર્તિક વદિ પ્રતિપદાને દિવસે દેશાન્તરના ભક્તજનોને પોતપોતાના દેશોમાં જવા માટે આજ્ઞા આપી. (૫૦) તેથી તે ભક્તો શ્રીહરિ તથા તેમના બંધુજનો તથા સંતો વગેરેને નમસ્કાર કરી લક્ષ્મીનારાયણ દેવના દર્શન કરીને ગયા. (૫૧) માર્ગમાં ચાલતા તે ભક્તોનો સમૂહ તે શ્રેષ્ઠ મહોત્સવની તેમજ શ્રીહરિની પ્રશંસા કરતા પોતપોતાના દેશમાં ગયા. (૫૨) તત્કાળ ક્રિયા કરનારા શ્રીહરિ દ્વિતીયાને દિવસે સવારમાં જમીને પોતાના જનોની સાથે ગઢપુરમાં જવા માટે તૈયાર થયા. (૫૩) તેટલામાં અક્ષરાનંદ મુનીંદ્ર આવીને શ્રીહરિને નમસ્કર કરવા લાગ્યા. પ્રભુ શ્રીહરિ તેમની ભક્તિથી પ્રસન્ન થયા. અને તેમને બાથમાં લઈને મળ્યા. (૫૪)

તેમને શ્રીહરિએ પોતાની પ્રસાદીના પુષ્પોના હાર આપ્યા. પછી સૂર્યાનંદ વગેરે બીજા સંતોને ભેટ્યા. (૫૫) શ્રીહરિએ પોતાની પ્રસાદી ભૂત પુષ્પના હાર સૂર્યાનંદ વગેરે મુનિઓને પણ આપ્યા.

પછી શ્રીહરિએ અક્ષરાનંદ વગેરે મુનિઓને આ પુરમાં રહેવા માટે આજ્ઞા આપી. (૫૬)

ત્યારબાદ વાહનોમાં બેઠેલા પોતાના બંધુજનો, સંતોમાં શ્રેષ્ઠ મુક્તાનંદ વગેરે સાધુઓ, મુકુંદાનંદ વગેરે વર્ણિઓ સોમાખાચર વગેરે પાર્ષદો તથા રત્નજીત વગેરે તેમજ ઘોડા ઉપર બેઠેલા ઉત્તમરાજા વગેરેની સાથે, અશ્વ ઉપર બિરાજેલા પ્રભુ શ્રીહરિને અક્ષરાનંદ વગેરે સંતો તથા પુરના ભક્તજનોએ વળાવ્યા અને શ્રીહરિ વૃત્તાલયથી નીકળ્યા. (૫૭, ૫૮)

રથમાં બેઠેલી ધર્મવંશની સ્ત્રીઓ શ્રીહરિની પાછળ ચાલતી હતી તેમજ રથમાં બેઠેલી જયા, લલિતા વગેરે સ્ત્રીઓ પણ શ્રીહરિની પાછળ ચાલતી હતી. (૫૯) પોતાની પાછળ આવતા, આંખમાં અશ્રુ ભરેલા, પોતાના વિયોગથી આર્ત મનવાળા, અક્ષરાનંદ મુનિ વગેરે સંતોને તથા પુરના ભક્તજનોને શ્રીહરિ પાછા વાળતા હતા. (૬૦)

પછી શ્રીહરિ પોતપોતાના જનોની સાથે માર્ગમાં ચાલતા પોતાના સમાશ્રિતોના ગામોમાં વસતા ચાર દિવસ માર્ગ કાપીને શ્રેષ્ઠ ગઢપુરમાં પધાર્યા. (૬૧) સન્મુખ આવેલા પુરના ભક્તોએ તથા બીજા જનોએ શ્રીહરિની સ્તુતિ કરી. શ્રીહરિ હર્ષપૂર્વક તે સમગ્ર જનોની સંભાવના કરી વાદ્યોના ધ્વનિની સાથે પુરમાં પ્રવેશ કરતા હતા. (૬૨)

પુરજનો હર્ષપૂર્વક જેમના દર્શન કરે છે તે શ્રીહરિ, ઉત્તમરાજાના દરબારમાં જઈને પોતાના ભુવનમાં નિવાસ કરતા હતા. પોતાના બંધુજનો તથા મુનિઓ વગેરે પણ જુદા જુદા સ્થાનમાં રહેવા લાગ્યા. (૬૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં પોતાના બંધુઓ સહિત શ્રીહરિએ ભોજન કર્યું તે વર્ણન નામે તેત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૩)



અધ્યાય ૩૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં વસતા શ્રીહરિના એકાંતિક ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. શ્રીહરિ ત્યાં ધર્મ, જ્ઞાન સંબંધી વાર્તા કરતા હતા. (૧) શ્રીહરિએ વસંત પંચમીને દિવસે ગઢપુરમાં મહોત્સવ કર્યો. તે સમયે શ્રીહરિના દર્શન કરવા હજારો ભક્તો ત્યાં આવ્યા. (૨)

ઉત્સવના અંતે શ્રીહરિના ભક્ત સારંગપુરના અધિપતિ જીવાખાચર જેમને શ્રીહરિ પ્રિય

છે એવા તે પૃથ્વીપતિ, શ્રીહરિના નિવાસ સ્થાનમાં જ્યાં શ્રીહરિ પોતાના આસન ઉપર બિરાજમાન થયા હતા, ત્યાં શ્રીહરિની સમીપે જઈ, શ્રીહરિને નમસ્કાર કરી, બંને હાથ જોડી ભક્તિપૂર્વક આ પ્રમાણે આદરપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. (૩, ૪)

હે સ્વામિન્ ! ભક્તોના સર્વ મનોરથ પૂર્ણ કરનારા આપ અમારા પૂરમાં ફુલદોલનો મહોત્સવ કરો. (૫) મારો તથા ત્યાંના સર્વભક્તોનો આવો સંકલ્પ છે. માટે આપ, આપના ભક્તોનો આ મનોરથ પૂર્ણ કરો. (૬) એકાંતિક ભક્તરાજ જીવાખાચરે આ પ્રકારે શ્રીહરિને પ્રાર્થના કરી, તેથી શ્રીહરિ તે રાજાને આનંદ પમાડતા સુધાથી પણ મધુર વચન બોલ્યા. (૭) હે ભક્તવર્ય ! હું મુનિઓ વગેરેની સાથે તમારા પુરમાં આવીને કલ્યાણકારી ફુલદોલનો ઉત્સવ જરૂર કરીશ. (૮)

શ્રીહરિનું આ પ્રકારનું વચન સાંભળીને જીવાખાચર પ્રસન્ન થયા અને શ્રીહરિને નમસ્કાર કરીને પછી પોતાના પુરમાં જઈ શ્રીહરિનું વચન, શ્રીહરિના ત્યાંના આશ્રિતોને કહેતા હતા. (૯)

જ્યારે ફાગણ માસ આવ્યો ત્યારે તે રાજા પોતાના પુરના ભક્તો સહિત ફુલદોલોત્સવને યોગ્ય સામગ્રીઓ તૈયાર કરવા લાગ્યા. (૧૦) પછી ભક્ત જીવાખાચરે દ્વાદશીને દિવસે પ્રિય શ્રીહરિને પ્રીતિપૂર્વક બોલાવવા માટે પોતાના પુરના ભક્તોને ગઢપુર મોકલ્યા. (૧૧)

તે ભક્તો ગઢપુર શ્રીહરિની સમીપે જઈ, શ્રીહરિને હર્ષપૂર્વક નમસ્કાર કરી પોતાના નગરમાં પધારવા માટે આગ્રહપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. (૧૨) તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિ તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે જનો ! પ્રાતઃકાળે તમારા પુરમાં હું આવીશ. શ્રીહરિનું આ વચન સાંભળીને પ્રસન્ન થઈ તે ભક્તો શ્રીહરિને પ્રણામ કરતા હતા. (૧૩)

પછી સ્વયં શ્રીહરિ સાધુ વગેરેને આ પ્રમાણે પ્રીતિપૂર્વક આજ્ઞા કરતા હતા. હે સંતો ! તમો સર્વ સવારમાં જવા માટે તૈયાર થાવ. (૧૪) પછી નરનાટ્યધારી શ્રીહરિ તેરસને દિવસે પ્રાતઃકાળમાં શુદ્ધ જળથી સ્નાન કરી પોતાનો સર્વ નિત્યવિધિ કરતા હતા. (૧૫)

પછી શ્રીહરિ વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારના ભોજનો પોતાના બંધુજનો સહિત જમતા હતા. સમગ્ર મુનિઓ પણ તે સમયે જમવા બેસી ગયા હતા. (૧૬) ત્યારબાદ શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી ઘોડા ઉપર બેઠેલા બંધુજનો સહિત, ઘોડેસવારો, પાર્ષદો, મુનિઓ, વર્ણિઓ તેમજ ઘોડા ઉપર બેઠેલા ઉત્તમરાજા વગેરેની સાથે, હર્ષપામેલા સારંગપુરના ભક્તજનોની સાથે, ઉત્સાહપૂર્વક દુર્ગપત્તનથી નીકળ્યા. (૧૭-૧૮)

સારંગપુરના ભક્તો પોતાના પુરના શ્રીહરિને પ્રિય ભક્તોને, શ્રીહરિનું આગમન કહેવા માટે હર્ષપૂર્વક આગળ ગયા. (૧૯) હે ધરણીપતે ! માર્ગમાં ચાલતા અશ્વ ઉપર બિરાજમાન થયેલા શ્રીહરિ પોતાના જનોની સાથે સારંગપુરની સમીપે પહોંચ્યા. (૨૦)

જીવાખાચર તથા તેમના પુરના તમામ ભક્તો શ્રીહરિને આવતા સાંભળી હર્ષપૂર્વક ગીત વાદ્યોના ઘોષ સહિત તત્કાળ શ્રીહરિની સન્મુખ આવ્યા. (૨૧) પછી તે ભક્તો શ્રીહરિને ભેગા થયા એટલે શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિ પોતાના તે ભક્તોની દૃષ્ટિથી તથા અન્ય પ્રકારે યથાયોગ્ય સંભાવના કરવા લાગ્યા. (૨૨)

પોતાની સાથે આવેલા પુરના જનોની સાથે શ્રીહરિ ગીત વાજિંત્રોના ઘોષ સાથે તે પુરમાં પ્રવેશ કરતા હતા. (૨૩) હે રાજન્ ! પછી નરેશ્વર જીવાખાચર શ્રીહરિને તેમના સર્વ આશ્રિતો સહિત પોતાના દરબારમાં નિવાસ કરાવીને શ્રીહરિ તથા તેમના બંધુજનોની સેવા કરવા લાગ્યા. (૨૪)

શ્રીહરિના ચરણકમળમાં દૃઢ આશ્રયવાળા પુરના ઘણા ભક્તો પ્રીતિપૂર્વક ધર્મપુત્ર શ્રીપુરુષોત્તમ શ્રીહરિનું સેવન કરતા હતા. (૨૫) પછી ધર્મપુત્ર ભગવાન શ્રીહરિ સ્નાન કરી સંધ્યાવિધિ કરતા હતા. તેમના બંધુજનો વગેરે પણ સ્નાન કરી સંધ્યા વિધિનું આચરણ કરતા હતા. (૨૬) તેટલામાં બુદ્ધિમાન વર્ણિ વૈકુંઠાનંદ આદરપૂર્વક શ્રીહરિ માટે વિવિધ પ્રકારના પાક તૈયાર કરવા લાગ્યા. (૨૭) વૈકુંઠાનંદ વર્ણિ દૂધમાં પૂરીઓ કરતા હતા. સાકર યુક્ત મોદકો તથા સાકર, એલાઈચી વગેરેથી યુક્ત સુંદર દૂધપાક પણ કરતા હતા. (૨૮)

સુંદર મતિવાળા તે વર્ણિ વિવિધ પ્રકારના શાક પણ પ્રીતિપૂર્વક કરતા હતા. તે શાકમાં તેઓ મીઠું નાંખતા ન હતા. (૨૯, ૩૦) પછી તે વર્ણિએ બંને ચૂલાઓ ઉપર શુદ્ધ જળથી ભરેલા બે પાત્રો મૂક્યાં અને તે ચૂલાઓમાં અગ્નિ પ્રગટાવ્યા. પછી તે પાત્રમાં રહેલું જળ ઊનું થઈને ઉછળવા લાગ્યું ત્યારે એક પાત્રમાં તુવેરની દાળ ધોઈને નાંખી અને બીજા પાત્રમાં ચોખા ધોઈને નાંખ્યા. પછી સંધ્યા વિધિ કરીને બુદ્ધિમાન ઇચ્છારામ તે પાકગૃહમાં આવ્યા. પાટલા ઉપર બેસીને દાળ તથા ભાત તેઓ કરવા લાગ્યા. (૩૧-૩૨)

પછી રસોઈમાં નિપુણ ઇચ્છારામ વિવિધ પ્રકારના શાકોમાં મીઠું નાંખતા હતા. ત્યારબાદ મોટા થાળમાં મોદકો તથા ભોજનો પૂરતા હતા. (૩૩) ઇચ્છારામ તે મોટા થાળમાં વિવિધ પ્રકારનાં અથાણાં, પાપડ તથા શાક વગેરે મૂકતા હતા. પાત્રમાં વાડકીઓમાં ભરેલી દાળ તથા દૂધપાક મૂકતા હતા. (૩૪) નારાયણાનંદ વર્ણિ શુદ્ધજળનો ભરેલો પવાલા સહિત કળશ લાવીને યથાયોગ્ય મૂકતા હતા. (૩૫) પછી ઇચ્છારામ વિષ્ણુને ભોજનો નિવેદન કરતા હતા. ત્યારબાદ મુકુંદાનંદ વર્ણિરાટ્ શ્રીહરિને જમવા માટે બોલાવતા હતા. (૩૬, ૩૭)

ચપળ ચાલથી ચાલતા, ચટ્ચટ્ ધ્વનિ કરતી પાદુકાવાળા ભગવાન શ્રીહરિ, પોતાના બંધુજનો સહિત, ભોજન સ્થાનમાં પધાર્યા. ત્યાં આવી સુંદર પાટલા ઉપર હર્ષપૂર્વક બિરાજ્યા. રામપ્રતાપ

વગેરે પણ પાટલાઓ ઉપર યથાયોગ્ય બેઠા. (૩૮)

ઈચ્છારામ નાના પ્રકારના ભોજનો, શાકો તથા અથાણાં સહિત શ્રેષ્ઠ થાળ હર્ષપૂર્વક શ્રીહરિની આગળ મૂકતા હતા. (૩૯) તે પછી સન્મતિવાળા ઈચ્છારામ પોતાના બંધુજનોને પણ પાત્રો આપીને તે પાત્રોમાં અનુક્રમે અનેક ભોજનો પીરસતા હતા. (૪૦)

પછી બંધુઓ વગેરેની સાથે શ્રીહરિ અપોશન વિધિ કરીને વારંવાર જળ પીતા વિવિધ પ્રકારના ભોજનો જમતા હતા. (૪૧) શ્રીહરિ ભક્તની પ્રસન્નતા માટે દૂધપાક, પૂરી મોદક જમતા હતા. વિવિધ પ્રકારના શાક, અથાણાં, પાપડ તથા ચટણી જમતા હતા. (૪૨)

શ્રીહરિ સુંદર દાળ તથા સુગંધિમાન ભાત જમતા હતા. તૃપ્ત થયા પછી શ્રીહરિ બંને હાથ તથા મુખની શુદ્ધિ કરતા હતા. (૪૩) પછી વૈકુંઠાનંદ વર્ણિ શ્રીહરિને મુખવાસ આપતા હતા. શ્રીહરિ તે અતિશ્રેષ્ઠ મુખવાસ પ્રીતિપૂર્વક જમતા હતા. (૪૪) શ્રીહરિના બંધુજનો પણ તૃપ્ત થઈ હાથ તથા મુખની શુદ્ધિ કરતા હતા. પછી શ્રીહરિના બંધુઓ વર્ણિએ આપેલો મુખવાસ જમતા હતા. (૪૫)

ત્યારબાદ ઉદાર બુદ્ધિવાળા ઈચ્છારામ વિવિધ પ્રકારના ભોજન જમી હાથ મુખની શુદ્ધિ કરી મુખવાસ જમતા હતા. (૪૬) ભગવાન શ્રીહરિ પોતાની પ્રસાદીભૂત ભોજનનો થાળ જીવાખાચર નૃપતિને પ્રીતિપૂર્વક અપાવતા હતા. (૪૭)

વૈકુંઠાનંદ વર્ણિરાજ, વારંવાર આવી રીતે પાક કરીને પુરૂષોત્તમ શ્રીહરિને પ્રીતિપૂર્વક જમાડતા હતા. (૪૮) શ્રીહરિ પોતાના નિવાસ સ્થાનમાં આવી શ્વેત વસ્ત્રો ધારણ કરી બંધુજનો તથા પાર્ષદોની સાથે સભાસ્થાનમાં પધાર્યા. (૪૯)

શ્રીહરિ ત્યાં અતિઊંચા પોતાના સુંદર આસન ઉપર બિરાજમાન થયા. તેમના સર્વ બંધુજનો પણ ત્યાં યથાયોગ્ય બેઠા. (૫૦) શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળા વર્ણિઓ, મુનિ સમુદાય, પાર્ષદો તથા પુરના ભક્તો વગેરે સભામાં યથાયોગ્ય બેઠા. (૫૧)

પછી ધર્મપુત્ર શ્રીહરિ તાપ તથા પાપને નાશ કરનારી ધર્મજ્ઞાનાદિ સંબંધિ શુભ અમૃતથી પણ અધિક મધુરવાર્તા કરતા હતા. (૫૨) પ્રભુ શ્રીહરિએ પોતાના ભક્તોને આવો આનંદ આપીને, પોતપોતાના સ્થાનમાં જવા માટે આજ્ઞા આપી અને પોતે પોતાના આસન ઉપરથી ઊઠ્યા. (૫૩)

પછી પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિ પોતાના નિવાસસ્થાનમાં આવીને પોતાના પાર્ષદોની સેવા ગ્રહણ કરતા કોમળ શય્યામાં પોઢી ગયા. (૫૪) હે નૃપ ! પોતાના હૃદયમાં પોતાના આશ્રિતોના પરમહિતનું પરિચિંતન કરતા દયાળુ શ્રીહરિએ પોતાની સેવાની રાહ જોતી યોગ નિદ્રાને અંગીકાર કરી. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિકૃષ્ણ સારંગપુર ગમન વર્ણન નામે ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૪)



અધ્યાય ૩૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! શ્રીહરિ બ્રાહ્મમુહૂર્તમાં યોગ નિદ્રાનો ત્યાગ કરી સ્વતઃ સિદ્ધ અને અપાર જ્ઞાન સ્વરૂપ પોતાના દિવ્ય રૂપનું ચિંતવન કરતા હતા. (૧) શ્રીહરિ પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજી, ઘોડા ઉપર બેઠેલા પોતાના બંધુજનો તથા સોમલાખાચર તથા સુરાખાચર વગેરે ઘોડેસવારો તથા રતનજી, ભગુજી, મયજીત વગેરે પાર્ષદો સાથે, તેમજ ઘોડા ઉપર બેઠેલા રુડી બુદ્ધિવાળા ઉત્તમ રાજા તથા જીવાખાચર વગેરે રાજાઓ તેમજ પુરના ભક્તો, વર્ણિઓ તથા મુનિઓ વગેરે સાથે, વિવિધ પ્રકારના વાદ્યોના ઘોષ સાથે, પુરની સમીપે આવેલી ફલ્ગુ નદીએ સ્નાન કરવા માટે પધાર્યા. (૨, ૩, ૪). શ્રીહરિ માર્ગમાં ભક્ત જનોની ભીડ હોવાથી પોતાના અશ્વને ધીરે ધીરે ચલાવતા, પોતાના ભક્તો ઉપર મુઠી ભરી ભરી વારંવાર ગુલાલ નાંખતા હતા. (૫) માર્ગમાં ચાલતા પાર્ષદો બંધૂકોના અવાજ કરતા હતા. પછી શ્રીહરિ નદી પ્રત્યે જઈ પોતાના અશ્વ ઉપરથી નીચે ઉતર્યા. (૬)

શ્રીહરિ સ્વચ્છ જળવાળા તે નદીના ધરામાં સ્નાન કરવા માટે પોતાના બંધુજનો, ત્યાગીઓ તથા ગૃહસ્થોની સાથે પ્રવેશ કરતા હતા. (૭) હે રાજન્ ! શ્રીહરિ તે નદીના ધરામાં પોતાના ભક્તજનોની સાથે જળક્રીડા કરી પોતાના પાર્ષદનો હાથ પકડીને નદીના કાંઠા ઉપર પધાર્યા. (૮)

ત્યારબાદ શ્રીહરિ શ્વેત વસ્ત્રો ધારણ કરી, ઘોડા ઉપર બેઠેલા પોતાના ભક્તજનોની સાથે વાદ્યોના ઘોષ સાંભળતા પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૯) હે રાજન્ ! આવી રીતે પોતાના ભક્તજનો સહિત ધર્મપુત્ર શ્રીહરિ, તે પુરની સમીપે વહેતી નદી પ્રત્યે સ્નાન કરવા માટે નિરંતર જતા હતા. (૧૦)

સ્નાન કરીને શ્રીહરિ પોતાના નિવાસમાં પધારી પોતાનો નિત્ય વિધિ કરતા હતા. તે દરમિયાન બુદ્ધિમાન ઈચ્છારામ વિવિધ પ્રકારના પાક બનાવતા હતા. (૧૧) પછી બંધુજનો સહિત શ્રીહરિ શુદ્ધ સ્વાદિષ્ટ જળ વારંવાર પીતા વિષ્ણુને અર્પણ કરેલાં તે વિવિધ પ્રકારનાં ભોજનો જમતા હતા. (૧૨) ત્યારબાદ ભક્ત વત્સલ ભગવાન શ્રીહરિ મુનિઓ તથા પાર્ષદોને પણ આદરપૂર્વક મોદકો પીરસીને તેમને સૌને તૃપ્ત કરતા હતા. (૧૩) વર્ણિઓ ભક્તિપૂર્વક શ્રીહરિની

દૃષ્ટિ પ્રસાદીનાં ભોજનો કરાવીને શ્રીહરિનું સ્મરણ કરતા હર્ષપૂર્વક જમતા હતા. (૧૪)

સારંગપુરમાં ફુલદોલનો મહોત્સવ શ્રીહરિ કરશે એમ જાણીને ત્યાં હજારો ભક્તો બીજા ગામોમાંથી આવતા હતા. (૧૫) તે ઉત્સવ કરવામાં ઉત્સાહિત મનવાળા રાજા જીવાખાચર કેસર વગેરેના વિવિધ પ્રકારના સુંદર રંગ કરાવતા હતા. (૧૬)

રાજા જીવાખાચર પોતાના ભુવનમાં અબીર તથા સુંદર ગુલાલ પ્રથમથી જ લાવ્યા હતા. (૧૭) પછી જીવાખાચર પૂર્ણિમાના દિવસે દરબારમાં વિવિધ પ્રકારના પુષ્પો તથા પલ્લવોથી સુશોભિત હીંડોળો બંધાવતા હતા (૧૮)

પ્રતિપદાને દિવસે શ્રીહરિ પ્રાતઃકાળમાં સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કરતા હતા. (૧૯) પછી નરેશ્વર જીવાખાચર શ્રીહરિની સમીપે આવીને શ્રીહરિને નમસ્કાર કરી તે સુંદર હિંડોળા ઉપર આરોહણ કરવા શ્રીહરિને આદરપૂર્વક પ્રાર્થના કરતા હતા. (૨૦)

તેથી પીતાંબરધારી શ્રીહરિ બંધુજનો, પાર્ષદો તથા રાજાની સાથે પ્રીતિપૂર્વક તે હિંડોળાની સમીપે પધાર્યા. (૨૧) શ્રીહરિ હિંડોળા ઉપર બિરાજ્યા તે સમયે ભક્ત સમૂહે હર્ષપૂર્વક ઉંચા સ્વરથી જય ધ્વનિનું ઉચ્ચારણ કર્યું. તે ધ્વનિ સર્વ દિશાઓમાં ફેલાઈ ગયો. (૨૨) હિંડોળા ઉપર બિરાજેલા ભગવાન શ્રીહરિ ત્યાં પોતાના ભક્તોની ઘણી ભીડ જોઈને પ્રસન્ન થઈ હસતા હતા. (૨૩)

તેટલામાં પૃથ્વી પતિ જીવાખાચર સેવકોની પાસે રંગના ભરેલા હજારો કળશો ત્યાં મંગાવતા હતા. (૨૪) પછી તે નરેશ્વરે થાળમાં ભરેલો પુષ્કળ અબીર તથા ગુલાલ મંગાવ્યો. (૨૫) તે રાજા પુષ્પના હાર વગેરે મહાઅમૂલ્ય આભૂષણો, વસ્ત્રો તથા ઉપચારોથી શ્રીહરિ તથા તેમના બંધુજનો વગેરેનું પૂજન કરતા હતા. (૨૬)

તે રાજા પ્રીતિપૂર્વક પ્રિય શ્રીહરિ ઉપર રંગ છાંટતા હતા. તેમજ અબીર તથા ગુલાલ પણ પુષ્કળ નાંખતા હતા. (૨૭)

તે રાજા શ્રીહરિના બંધુજનો ઉપર પણ આદરપૂર્વક સુંદર રંગ તેમજ અતિસુંદર અબીર તથા ગુલાલ નાંખતા હતા. (૨૮) પછી શ્રીહરિ તે રાજા ઉપર રંગથી ભરેલો કળશ છાંટતા હતા. તેમજ પુષ્કળ અબીર તથા ગુલાલ પણ નાંખતા હતા. (૨૯) તે પછી ભક્ત વત્સલ મંદહાસ્ય મુખવાળા પ્રભુ શ્રીહરિ કેડ્ય ઉપર પટકો મજબૂત બાંધીને હિંડોળા ઉપરથી ઉતરતા હતા. (૩૦)

તેટલામાં પાર્ષદોનો સમૂહ રંગથી ભરેલા કળશો લઈ હર્ષ પામતા ત્યાં આવી શ્રીહરિની બંને પડખે ઊભા રહ્યા. (૩૧) પછી શ્રીહરિ ઉત્સાહપૂર્વક બંને હાથ વડે તેમણે હાથમાં પકડેલા રંગથી ભરેલા કળશો લઈ પોતાના ભક્તોની ઉપર તે રંગ છાંટતા હતા. (૩૨)

શ્રીહરિના બંધુજનો પણ ભક્તો ઉપર સુંદર પીચકારીઓથી રંગ છાંટતા હતા. તે સમયે હર્ષપૂર્વક પોતાના દેશની ભાષા તેઓ બોલતા હતા. (૩૩) હે રાજન્ ! તે સમયે મોટા મુનિઓ તથા એકાંતિક હરિભક્તો હર્ષપૂર્વક શ્રીહરિ ઉપર તેમની રુચિ અનુસાર રંગ છાંટતા હતા. (૩૪)

મંદહાસ્ય મુખવાળા ધર્મના પુત્ર શ્રીહરિ ધીમેધીમે રંગના કળશોમાંથી રંગ ભક્તોના સમૂહ ઉપર ચારેય તરફ છાંટતા હતા. (૩૫) તે સમયે વિવિધ પ્રકારના વાદ્યો વાગતા હતા. તે વાદ્યોનો ઘોષ દશે દિશામાં વ્યાપી ગયો. (૩૬)

હે રાજન્ ! તે સમયે શ્રીહરિની તે લીલાના દર્શન માટે આકાશમાં આવેલા બ્રહ્માદિ દેવતાઓના વિમાનોથી આકાશ સાંકડું થઈ ગયું. (૩૭) વળી અક્ષરાદિ ધામમાં રહેનારા મુક્તો પણ શ્રીહરિની લીલાના દર્શન માટે ત્યાં આવ્યા. (૩૮)

પછી તે શ્રીહરિની લીલાના દર્શન કરી પ્રસન્ન થયેલા મુકતો તથા બ્રહ્માદિ દેવો શ્રીહરિને પુષ્પોથી વધાવતા હતા. તેમજ શ્રીહરિની સ્તુતિ કરતા હતા. (૩૯) ભક્તોના સમૂહમાં શ્રીહરિ અનેક રૂપ ધારણ કરી શકતા હતા. તેથી જાણે વર્ષાઋતુમાં મેઘ જેમ જળ વર્ષાવે તેમ શ્રીહરિ સુંદર રંગ વર્ષાવતા હતા. (૪૦)

એવી રીતે ભગવાન શ્રીહરિ હજારો ભક્તો ઉપર એક કાળાવચ્છિન્ન રંગ છાંટતા હતા અને સર્વને સ્નાન કરાવતા હતા. (૪૧) સર્વ ભકતોને રંગથી ભીના થઈ ગયેલા જોઈ મંદહાસ્ય મુખવાળા શ્રીહરિ હિંડોળાની સમીપે આવી હિંડોળા ઉપર બિરાજમાન થયા. (૪૨)

પછી પાર્ષદોએ પકડેલા પાત્રોમાંથી ખોબેખોબે ગુલાલ લઈ શ્રીહરિ તેમની ઉપર મંદહાસ્ય કરતા વારંવાર ફેંકતા હતા. (૪૩) પ્રસન્ન થયેલા પ્રભુ શ્રીહરિ ચોખંડા રૂમાલમાં ગુલાલ તથા અબીર ભરીને તે ભક્તો ઉપર ફેંકતા હતા. (૪૪)

આવી રીતે પ્રભુ શ્રીહરિ પોતાના સર્વ આશ્રિતો ઉપર પુષ્કળ ગુલાલ ફેંકીને સર્વ ભક્તજનસમૂહને પદ્મરાગ મણિ જેવા લાલ કરતા હતા. (૪૫) તે સમયે ગુલાલથી સર્વ નગર લાલ થઈ ગયું. સ્થાવર જંગમ સહિત પૃથ્વી પણ લાલ થઈ ગઈ તેમજ આકાશ પણ લાલ થઈ ગયું. (૪૬)

તે સમયે ગુલાલથી લાલ થયેલા શ્રીહરિ લાલ ભક્તોના સમૂહથી વીંટાયેલા કરોડ કામદેવને મોહ પમાડનારી અનિર્વચનીય શોભા ધારણ કરતા હતા. (૪૭) હે રાજન્ ! અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિએ તે ભક્તોને આ પ્રમાણે કહ્યું : હે ભક્તો ! તમો ઈષ્ટ વરદાનો માગો. હું તમોને તે વરદાન આપીશ. (૪૮)

આવી રીતે શ્રીહરિનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા તે ભક્તો શ્રીહરિને પ્રણામ કરીને બંને હાથ જોડી શ્રીહરિ પાસે વર માગતા હતા. (૪૯) હે હરે ! તમારી માયા અતિ બળવાન

છે. બ્રહ્માદિ ઈશ્વરો, દૈત્યાંશો તેમજ દિગંતોને જીતનારા રાજાઓને પણ પોતાની ભ્રકુટિના વિલાસથી પોતાના ચરણમાં પડેલા સર્વને દુર્દશા પમાડનારી છે. તે આપના ચરણ કમળના આશ્રયવાળા અમોને ક્યારેય મોહ પમાડે નહિ. (૫૦)

અવતારી, દિવ્ય, નિત્યનિર્દોષ આકૃતિ, સર્વોપરી, શ્રીસ્વામિનારાયણ આપને વિષે અમોને ક્યારેય પણ "આ મનુષ્ય છે" એવી બુદ્ધિ થાય નહિ, હે હરે ! જનોના કલ્યાણ માટે જે જે મંગળકારી લીલા આપ કરો છો, પાપનો નાશ કરનારી તે સમગ્ર ક્રિયાને અમો દિવ્ય જાણીએ. (૫૧)

હે પ્રભો ! અમોને ત્રિવિધ તાપો છેદનારો આપનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય અત્યંત દૃઢ થાય તેમજ અતિ સ્થિર એકાંતિકી ભક્તિ આપને વિષે થાય. હે સ્વામિન્ ! આ લોકમાં અમો સંપત્તિ તથા વિપત્તિમાં ક્ષણવાર પણ પરમાનંદથી યુક્ત આ આપની શુભમૂર્તિને ભૂલી જઈએ નહિ. (૫૨)

હે હરે ! આ લોકમાં આપના એકાંતિક સાધુઓ તથા આપના આશ્રયવાળા ભક્તોનો પ્રસંગ અમોને આપો. ક્યારે અસત્પુરુષોનો સંગ આપશો નહિ. હે પીડાહારી ! અમોને આપના ભક્તજનોમાં તથા આપનામાં આસક્ત મનવાળા સર્વ સત્સંગીઓનો અભાવ આવે નહિ. પરંતુ હંમેશાં તેમને વિષે અત્યંત પ્રીતિ થાય. (૫૩, ૫૪)

હે ભગવન્ ! ક્યારેય વિવિધ પ્રકારનો કલેશ કરનારું સાંસારિક સુખ તો આપ અમને આપશો જ નહિ. વળી જે લૌકિક મહત્તા હોય તે પણ અમોને આપશો નહિ. હે વિભો ! અમારું મન ક્યારેય આ લોકમાં અધર્મના માર્ગમાં તથા તુચ્છ વિષય સંબંધિ સુખમાં પ્રવર્તે નહિ. પરંતુ નિરંતર આપની મૂર્તિમાં જ આસક્ત થાય. (૫૫)

અમારી વાણી આપના અલૌકિક ગુણોનું ગાન કરો, કાન આપની કલ્યાણકારી કથા સાંભળો, નેત્રો પણ આપનું રૂપ જુઓ, મન અતિ પવિત્ર આપના બંને ચરણકમળોનું સ્મરણ કરો. (૫૬)

હે અપાર ઐશ્વર્યવાળા ! અમારી સમગ્ર ઈન્દ્રિયો હંમેશાં આપની સેવામાં અત્યંત પ્રીતિવાળી થાય. અમારા હૃદયમાં આપની દુર્લભ શુભ સેવા વિના બીજી વાસના લગાર પણ ન જ રહો. (૫૭) પરમ સુખ આપનારું આપનું દાસપણું અમોને સિદ્ધ થાઓ અને તેમાં લગાર પણ દોષ ક્યારેય ન રહો. આપની સર્વોત્તમ મૂર્તિ વિના પ્રકૃતિ જન્ય સર્વ આકારો તુચ્છ થાઓ. (૫૮)

હે દયાળો ! હંમેશાં આપની આજ્ઞામાં કલેશને નાશ કરનારા ધર્મવંશમાં અમારી અચળ સ્થિતિ થાવ. નિરંતર આપના ચરણકમળમાં આસકિત થાવ. આપ આપના આશ્રિત એવા અમારું હંમેશાં વિઘ્નોથી રક્ષણ કરો. (૫૯)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજર્ષે ! આવી રીતે પોતાના જનોએ યાચના કરી તે

સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિ તેમનો અત્યંત વિશુદ્ધ ભાવ જોઈ, “તમો કહો છે તેમ યથાર્થ થાવ.” આવી રીતે કહીને તે સમગ્ર ભક્તોને સુખ આપનારા વરો આપ્યા. (૬૦)

ઈતિશ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિએ રંગક્રીડા કરી તે વર્ણન નિરૂપણ નામે પાંત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૫)



અધ્યાય ૩૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, ઘોડા ઉપર બેઠેલા બંધુજનો તથા ઘોડેસવારો, પાર્ષદો, વર્ણિઓ, સાધુઓ, વગેરે (૧) તથા ઘણા ભક્તોની સાથે વાદ્યોના ઘોષ કરતા રંગથી ભીંજાયેલા વસ્ત્રોથી શોભતા સ્નાન કરવા માટે ફલ્ગુ નદીમાં પધાર્યા. (૨)

હે રાજન્ ! પોતાના જનોથી વીંટાયેલા શ્રીહરિ ફલ્ગુ નદીને કિનારે પધાર્યા. નદીના કાંઠામાં આવી પોતાના અશ્વ ઉપરથી શ્રીહરિ તત્કાળ ઉતર્યા. (૩) હે રાજન્ ! પછી શ્રીહરિએ રંગથી ભીંજાઈ ગયેલા પાઘડી વગેરે વસ્ત્રો ઉતારી ઘાટું ઉત્તમ શ્વેત વસ્ત્ર ધારણ કર્યું. (૪)

શ્રીહરિએ પોતાના એકાંતિક ભક્ત જીવાખાચરને આદરપૂર્વક રંગના ભીના સર્વ વસ્ત્રો આપ્યાં. (૫) પછી શ્રીહરિ સ્નાન કરવા માટે પોતાના જનોની સાથે ફલ્ગુ નદીના સ્વસ્છ ધરામાં પ્રવેશ કરીને ત્યાં જળક્રીડા કરતા હર્ષપૂર્વક સ્નાન કરતા હતા. (૬)

પછી શ્રીહરિ પોતાના ભક્તોની સાથે નદીના કિનારે પધાર્યા. અહીં પોતાના ભક્ત સમૂહ શ્રીહરિના દર્શન કરતા હતા અને શ્રીહરિ શ્વેત વસ્ત્રો ધારણ કરતા હતા. (૭) હે ભૂપતે ! શ્રીહરિ જે ધરામાં સ્નાન કરતા હતા ત્યાં હાલમાં જીવાખાચરના પુત્ર વ્યાઘ્રજીતે (વાઘાખાચરે) કુંડ કરાવેલો છે. (૮)

પછી અશ્વ ઉપર બિરાજેલા વ્યાપક શ્રીહરિ પોતપોતાના ભક્તજનોની સાથે વાજિંત્રોના ઘોષ સાંભળતા પોતાના નિવાસ સ્થાનમાં પધાર્યા. (૯) ત્યારબાદ શ્રીહરિ મુનિઓ, પાર્ષદો તથા ઉત્તમ વગેરે રાજાઓને મોતિયા લાડુ પીરસીને તૃપ્તિ પમાડતા હતા. (૧૦)

તેટલામાં શ્રીહરિ માટે વિવિધ પ્રકારના શ્રેષ્ઠ પાક શ્રીહરિના શાંત સ્વભાવવાળા નાનાભાઈ ઈચ્છારામ પ્રીતિપૂર્વક બનાવતા હતા. (૧૧) પછી વર્ણિઓ શ્રીહરિ પાસે દૃષ્ટિ પ્રસાદીના ભોજન

કરાવીને હર્ષપૂર્વક શ્રીહરિનું સ્મરણ કરતા જમતા હતા. (૧૨)

ધર્મના પુત્ર પ્રભુ શ્રીહરિ સ્નાન કરી વિષ્ણુને અર્પણ કરેલાં વિવિધ પ્રકારના ભોજનો બંધુજનો સહિત જમતા હતા. (૧૩) પછી શ્રીહરિ મુખવાસ જમી શ્વેત વસ્ત્રો ધારણ કરતા હતા. ત્યારબાદ પોતાના પાર્ષદોથી વીંટાઈને શ્રીહરિ સભાસ્થાનમાં પધાર્યા. (૧૪)

પછી શ્રીહરિ ઊંચા પોતાના સુંદર આસન ઉપર બિરાજમાન થયા. તેમના બંધુજનો આવીને સભામાં યોગ્યતા પ્રમાણે બેઠા. (૧૫) તેમજ શ્રીહરિના દર્શનમાં આસક્ત ત્યાગીઓ તથા ગૃહસ્થો પણ સભામાં આવીને શ્રીહરિને નમસ્કાર કરી યથાયોગ્ય બેઠા. (૧૬)

પછી મુનિઓએ સુગંધિમાન ચંદન તથા સુગંધિ પુષ્પોના શ્રેષ્ઠ હાર, કંકણ, બાજુબંધ તોરાઓ તથા ગુચ્છાઓ વગેરેથી શ્રીહરિની અતિ હર્ષપૂર્વક પૂજા કરી અને ત્યારબાદ ધર્મનંદન શ્રીહરિની આરતિ કરતા હતા. (૧૭, ૧૮)

હે રાજન્ ! પછી નૃપતિ જીવાખાચર ચંદન, અક્ષત, કુમકુમ તથા પુષ્પના હાર, તોરાઓ, મહામૂલ્યવાળા વસ્ત્રો તથા આભૂષણો વગેરે ઉપચારોથી શ્રીહરિનું પ્રીતિપૂર્વક પૂજન કરીને શ્રીહરિની આરતી કરતા હતા. (૧૯, ૨૦)

પછી તે રાજાએ શ્રીહરિના બંધુજનો તથા વર્ણિઓ, સાધુઓ વગેરેનું વસ્ત્ર, ભૂષણો વગેરે ઉપચારોથી યથાયોગ્ય પૂજન કર્યું. (૨૧, ૨૨) ત્યાંના સત્સંગી ભક્તોએ પણ પ્રીતિપૂર્વક શ્રીહરિને તથા તેમના બંધુજનો વગેરેનું પણ ભૂષણો તથા વસ્ત્રો વગેરેથી પૂજન કર્યું. (૨૩) શાંતિના મહાસાગર, વૃષનંદન, મનોહર, પુરુષોત્તમ શ્રીહરિ કૃપામૃત પૂર્ણ દૃષ્ટિથી ચારેય તરફ પોતાના ભક્તજનો પ્રત્યે જોતા અત્યંત શોભતા હતા. (૨૪) બીસતંતુની માફક ઉત્તમશ્વેત વસ્ત્રો જેમણે ધારણ કર્યાં છે એવા, નૂતન મેઘની કાંતિ સમાન કાંતિવાળું છે શરીર જેમનું એવા, પ્રફુલ્લિત શ્વેત કમળોથી યુક્ત યમુનાના ધરાની માફક શ્રીહરિ અત્યંત શોભતા હતા. (૨૫)

મસ્તક ઉપર મોળિયાના શ્રેષ્ઠ છોગાના મધ્યમાં સુંદર કલગી જેમાં છે, મોગરાના પુષ્પની માફક શ્વેત ભમતા ભમરાઓના ગુંજારવથી શોભાયમાન, શ્રેષ્ઠ પુષ્પના તોરાવાળું મસ્તકનું મોળિયું શ્રીહરિ ધારણ કરતા હતા. (૨૬)

સુંદર પુષ્પોના બાજુબંધ, હાર, કડાં, ગુચ્છા વગેરેથી અત્યંત શોભતા, પોતાના લાવણ્યથી પરાજીત કર્યો છે શરદ ઋતુનો ચંદ્રમા જેમણે મંદ હાસ્યથી અતિશય શોભાયમાન મુખવાળા, મનોહર આકૃતિવાળા (૨૭) જગતને જીતવાથી મદયુક્ત બનેલા કોટિ કામદેવોના મદને પણ પોતાના અવયવોની અનુપમ શોભાથી હરનારા, અતિસુંદર, સમગ્ર તાપ હરનારી દૃષ્ટિથી તથા હાથની ચેષ્ટાથી પોતાના જનોના મનને હરતા; (૨૮)

મંદ હાસ્યથી ચારે તરફ પ્રસરતી દંતપંક્તિની કાંતિ ચોમેર પ્રસરાવતા, વૈદૂર્ય મણિથી પણ અતિસુંદર પ્રવાળથી અતિ મનોહર અધર (ઓષ્ઠ) જેમનાં છે એવા, મનોહર અને વાંકી શુભ ભ્રકુટિની કાંતિવાળા, કમળની માફક શોભતા ચંચળ નેત્રોવાળા; (૨૯) નખરૂપી મણીન્દ્રોની કાંતિથી ચળકતી આંગળીઓ રૂપી પલ્લવો જેમાં છે, એવા કરકમળો તથા ચરણકમળોથી શોભાયમાન, સુંદર ચિહ્નવાળા, વક્ષઃસ્થળવાળા, શુભત્રિવળીથી શોભાયમાન શ્રેષ્ઠ ઉદરવાળા (૩૦)

મધુર ઊંડી સુંદર નાભિથી શોભતા, વચનરૂપી શ્રેષ્ઠ અમૃતથી જેમણે પોતાના આશ્રિત ભક્તોને પુષ્ટ કર્યા છે એવા, સુંદર કેસર ચંદન યુક્ત ઉર્ધ્વ પુંડ્રતિલકમાં શ્રેષ્ઠ કુમકુમના ચાંદલાથી શોભાયમાન; (૩૧)

કળશ, મીન, જવ, અંકુશ, જાંબુ, ધ્વજ, કમળ, ધનૂષ વગેરે ચિહ્નોથી વિશેષ શોભાયમાન, અતિમંગળ, શ્રીહરિનું ચરણકમળ યુગ્મ અતિશય શોભતું હતું. (૩૨) ચરણકમળમાં રહેલી લાલિમાથી અત્યંત રક્ત સુંદર નિનાદ કરતી ઘુઘરીઓથી યુક્ત પાદુકા જેમાં છે એવું શ્રીહરિનું આસન નમસ્કાર કરતા ઈશ્વરોના મુગટોમાં રહેલા ચળકતા મણિઓથી ચારે તરફ વિશેષ ચિત્રિત થયું છે. (૩૩)

ઉપનિષદો તથા અક્ષર મુક્તોના વિભૂષણ રૂપ, નાશ કર્યો છે અમૃતનો ગર્વ જેમણે એવા સુંદર રસથી પરિપૂર્ણ નખરૂપી ચંદ્રમા મંડળની કાંતિથી વિનાશ કર્યો છે ચિંતવન કરનારાઓના હૃદયગત અંધકારનો સમુદાય જેમણે એવું, શ્રીહરિનું ચરણકમળ યુગ્મ શોભતું હતું. (૩૪)

ચંચળ નેત્રોથી જે સત્પુરુષો તરફ દૃષ્ટિ કરી રહ્યા છે, એવા શ્રીહરિનું વદનકમળ જેનો મંદહાસ્યરૂપી રસનું ભક્તજનોના નેત્રોરૂપી ભ્રમરોથી જે પાન કરી રહ્યા છે, પીડા હરનારું જેનું દર્શન છે એવું તે અત્યંત શોભતું હતું. (૩૫)

હે નૃપ ! અતિસુંદર નીલમણિની માફક અત્યંત શોભતા લગારેક વાંકા, સૂક્ષ્મ, અતિકોમળ એવા કેશવાળું અત્યંત રમણીય, પોતાના આશ્રિતોએ ચિંતવન કરેલું શ્રીહરિનું મસ્તક પણ વિશેષ શોભતું હતું. (૩૬)

વ્યાપક શ્રીહરિ પોતાના ભક્તોને આ પ્રકારે પોતાના દર્શન આપીને અમૃતથી પણ ઉત્તમ વર્ષ સંબંધિ શુભ વાર્તા કરતા હતા. (૩૭) પછી શ્રીહરિ તે ભક્તજનોને પોત પોતાના નિવાસસ્થાનમાં જવા માટે આજ્ઞા આપીને ચટ્ચટ્ ધ્વનિયુક્ત પાદુકા પહેરી પોતાના પાર્ષદોની સાથે પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૩૮)

દયાનિધિ શ્રીહરિ અહીં કોમળ શય્યાના પોતાના પાર્ષદોની સેવા સ્વીકારતા યોગનિદ્રા અંગીકાર કરતા હતા. (૩૯) શ્રીહરિ પ્રાતઃકાળના જાગ્રત થઈ ત્યાંથી નીકળવાની ઈચ્છાથી તત્કાળ તૈયાર થયા. પાર્ષદે આણેલા પોતાના શણગારેલા અશ્વ ઉપર બિરાજમાન થયા. (૪૦)

અશ્વ ઉપર બેઠેલા પોતાના બંધુજનો તથા પાર્ષદો, વર્ણિઓ, મુનિસમૂહ તથા ઘોડેસવારો સહિત શ્રીહરિને, જીવાખાચરના પુરના સમગ્ર ભક્તોએ ગીતવાદ્યોના ઘોષ સાથે વળાવ્યા. એ રીતે તે નગર થકી ચાલ્યા. (૪૧, ૪૨)

દૂર સુધી પોતાની પાછળ આવતા આંખોમાં અશ્રુવાળા જીવાખાચર વગેરે પોતાના ભક્તોને શ્રીહરિએ પાછા વાળીને, પોતાના ભક્તજનોની સાથે માર્ગમાં ચાલતા શ્રીહરિ ગઢપુર પહોંચ્યા. (૪૩)

પ્રીતિપૂર્વક સન્મુખ થયેલા ગઢપુરના ભક્તોએ શ્રીહરિને વંદના કરી. એ રીતે શ્રીહરિ પોતાના ભક્ત જનોની સાથે તે પુરમાં પ્રવેશ કરીને પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૪)

ગઢપુરમાં પોતાના નિવાસસ્થાનમાં વસતા શ્રીહરિ પોતાના એકાંતિક ભક્તોની સેવા અંગીકાર કરતા, ચૈત્ર સુદી નવમીનો મહોત્સવ ગઢપુરમાં કરતા હતા. (૪૫)

અહીં શ્રીહરિએ જન્માષ્ટમીનો મહોત્સવ કર્યો તથા સુંદર અન્નકૂટોત્સવ તેમજ પ્રબોધિનીનો મહોત્સવ પણ કર્યો. (૪૬) એક સમયે ગોપાળનંદ મુનિએ શ્રીહરિને પૂછ્યું એટલે તે મુનિને શ્રીહરિએ ત્યાગી ધર્મોના ઉપદેશવાળું છ અધ્યાયવાળું "ધર્મામૃત" કહ્યું. (૪૭)

જે ધર્મામૃતમાં ત્યાગીઓના સર્વધર્મોની વિગત સ્પષ્ટપણે કહી છે. એ ધર્મામૃતનો વિસ્તાર સત્સંગિજીવન ગ્રંથમાંથી જાણવો. (૪૮) એક વખત નિત્યાનંદ મુનિએ શ્રીહરિને પૂછ્યું. તેથી શ્રીહરિ નિત્યાનંદ મુનિને જ્ઞાનરૂપી કમળને સૂર્ય સમાન એવા છ અધ્યાયાત્મક જ્ઞાનોપદેશ કહેતા હતા. (૪૯)

હે રાજન્ ! સર્વોત્તમ આ જ્ઞાનોપદેશ સત્સંગિજીવન નામના શ્રેષ્ઠ ગ્રંથમાં વિસ્તારપૂર્વક કહ્યો છે. માટે અહીં તેનો વિસ્તાર કરતા નથી પરમ મનોહર તે જ્ઞાનોપદેશ, દિવ્ય અને સુંદર સત્સંગિજીવનમાં જાણવો. (૫૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિએ ફલ્ગુ નદીમાં સ્નાન લીલા કરી તે વર્ણન નામે છત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૬)



અધ્યાય ૩૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! શિયાણી ગામના ધર્મનિષ્ઠ વૈરાગ્યવાન, અતિશાંત, શ્રેષ્ઠ શિવરામ બ્રાહ્મણ હતા. (૧) શુદ્ધમનવાળા, ધીર, શ્રદ્ધાવાન્, અસુયારહિત, શ્રીહરિના એકાંતિક ભક્ત, પ્રિય બોલનારા તથા કોમળ અંતઃકરણવાળા (૨)

શિવરામ બ્રાહ્મણ એક સમયે, ધર્મરક્ષક, ધર્મનિષ્ઠજનો છે પ્રિય જેમને એવા શ્રીહરિને નમસ્કાર કરીને મનુષ્યોના સનાતન ધર્મ સંબંધિ પ્રશ્ન પૂછતા હતા. (૩)

હે રાજન્ ! શિવરામ બ્રાહ્મણે ધર્મધુરંધર શ્રીહરિને પૂછ્યું તેથી શ્રીહરિ પ્રસન્ન થઈ તે વિપ્રને ધર્મોપદેશ કહેતા હતા. (૪) તે ધર્મોપદેશ ગ્રંથમાં ધર્મવિત્ શ્રીહરિએ પ્રથમ ધર્મનું લક્ષણ "વેદે કહેલો ધર્મ" તે કહ્યું, પછી ધર્મવિત્ શ્રીહરિએ તે ધર્મના છ પ્રકાર કહ્યા. (૫)

સર્વવિત્ શ્રીહરિએ ચાર વર્ણોના તથા ચાર આશ્રમોના અહિંસા, બ્રહ્મચર્ય વગેરે સાધારણ ધર્મ કહ્યા. (૬) ધર્મના કવચ સ્વરૂપ શ્રીહરિએ ચારવર્ણ તથા ચાર આશ્રમના શાસ્ત્રપ્રમાણે વિશેષ ધર્મો કહ્યાં. (૭) ધર્મના કારણ શ્રીહરિએ શાસ્ત્રોમાં કહેલા સધવા તથા વિધવા સ્ત્રીઓના ધર્મપણ વિસ્તારપૂર્વક કહ્યા. (૮) તેમજ શંકર જાતિના તથા ચોરોના પણ શ્રેયસ્કારી ધર્મો શ્રીહરિએ શાસ્ત્ર પ્રમાણે કહ્યા. (૯) હે રાજન્ ! સર્વવિત્ ધર્મપુત્ર શ્રીહરિ છ પ્રકારના પાપ જુદા જુદા લક્ષણોપૂર્વક યથાશાસ્ત્ર કહેતા હતા. (૧૦) શ્રીહરિ છ પ્રકારના પાપનો પ્રાયશ્ચિત વિધિપણ યથાશાસ્ત્ર કહેતા હતા. પ્રાયશ્ચિત વિધિમાં કરવા યોગ્ય સર્વ વ્રતોના લક્ષણો પણ શ્રીહરિ કહેતા હતા. (૧૧)

હે રાજન્ ! આ શુભ ધર્મોપદેશ સત્સંગિજીવનમાં વિસ્તારપૂર્વક કહ્યા છે. તેથી તે ધર્મોપદેશ સત્સંગિજીવનમાંથી વિસ્તારપૂર્વક જાણવો. (૧૨) શ્રીહરિ ગઢપુરમાં વસંત ઋતુનો માઘસુદી પંચમીનો ઉત્સવ કરતા હતા. તે ઉત્સવમાં શ્રીનગરથી આવેલા પોતાના આશ્રિત ભક્તજનો શ્રીહરિને પોતાના નગરમાં લઈ જવા માટે પ્રાર્થના કરતા હતા. (૧૩)

ભક્તવસ્તલ શ્રીહરિ પોતાના ભક્તજનોની પ્રાર્થના સ્વીકારી તે સાધુઓની સાથે શ્રીનગરમાં જવા માટે તત્કાળ તૈયાર થયા. (૧૪) પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, ઘોડા ઉપર બેઠેલા પોતાના બંધુઓ, પાર્ષદો, વર્ણિઓ, મુનિઓ વગેરેની સાથે ગઢપુરથી નીકળ્યા. (૧૫)

પોતાના ભક્તજનોની સાથે માર્ગમાં ચાલતા શ્રીહરિ ભક્તોના ગામોમાં વસતા કેટલાક દિવસો પછી શ્રીનગરમાં પધાર્યા. (૧૬) સન્મુખ આવેલા તે પુરના ભક્તોએ પ્રીતિપૂર્વક શ્રીહરિનો સત્કાર કર્યો. એ પ્રકારે શ્રીહરિએ વાજતે ગાજતે પોતાના ભક્તજનોની સાથે તે પુરમાં પ્રવેશ કર્યો. (૧૭) પુરવાસી લોકોએ પ્રીતિપૂર્વક શ્રીહરિના દર્શન કર્યાં. પછી શ્રીહરિ

નરનારાયણના મંદિરમાં જઈ નરનારાયણને નમસ્કાર કરી, પોતાના આશ્રિતજનો સહિત ત્યાં રહ્યા. (૧૮) પુરના તે ભક્તો, શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તજનોને ઉત્તમ ભોજનોથી તૃપ્તિ પમાડતા હતા. એવી રીતે શ્રીહરિ તેમને નિત્ય સુખ આપતા હતા. (૧૯) શ્રીહરિએ તે નગરના ભકતોને એ પ્રકારે આનંદ આપ્યો. પછી ફુલદોલનો મહોત્સવ પૂર્વની માફક પુષ્કળ સામગ્રીઓથી કર્યો. તે સમયે શ્રીહરિ વિવિધ પ્રકારના રંગો તથા ઉત્તમ ગુલાલ વડે પોતાના ભક્ત સમૂહની સાથે હર્ષપૂર્વક પૂર્વની માફક ઘણા સમય સુધી વિહાર કરતા હતા. (૨૦, ૨૧)

પછી શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે સાભ્રમતી નદીમાં સ્નાન કરીને, વિવિધ પ્રકારના વાદ્યોના ઘોષ સહિત પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૨) ત્યારબાદ શ્રીહરિ પંક્તિમાં બેઠેલા મુનિઓ તથા પોતાના સર્વ ભક્તજનોને આદરપૂર્વક વિવિધ પ્રકારના ભોજનો પીરસીને તેમને તૃપ્તિ પમાડતા હતા. (૨૩) અતિ ઉદાર શ્રીહરિ પુરના હજારો બ્રાહ્મણોને પણ સ્વાદિષ્ટ ભોજનોથી તૃપ્તિ પમાડતા હતા. તેમજ તેમને પુષ્કળ દક્ષિણાઓ આપતા હતા. (૨૪) શ્રીહરિ સ્નાન કરી, મધ્યાહ્નિક વિધિ કરીને, વિષ્ણુને નિવેદન કરેલા વિવિધ પ્રકારના ભોજનો પોતાના બંધુજનો વગેરે સાથે જમતા હતા. (૨૫) પછી પુરના તે ભક્તો તથા ગ્રામાન્તરથી આવેલા ભક્તો, સભામાં બિરાજેલા શ્રીહરિ તથા તેમના ભક્તજનોનું હર્ષપૂર્વક વસ્ત્રાદિક ઉપચારોથી પૂજન કરતા હતા. (૨૬) અહીં શ્રીહરિએ ધર્મજ્ઞાન સંબંધિ વિષય ઉપર વાર્તા કરી અને પછી તે ભક્તોને જવાની આજ્ઞા આપી. પછી પોતે પોતાના પાર્ષદોથી વીંટાઈને પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૨૭)

આ પ્રકારે શ્રીહરિએ પોતાના ભક્તોના સંતોષ માટે શ્રીનગરમાં મહોત્સવ કર્યો. પછી અશ્વ ઉપર બિરાજી પોતાના ભક્તજનોની સાથે શ્રીહરિ ત્યાંથી ખેડા પુરમાં પધાર્યા. (૨૮) સન્મુખ આવેલા તે પુરના ભક્તજનોએ શ્રીહરિનું સન્માન કર્યું. શ્રીહરિએ ખેડાપુરમાં પોતાને યોગ્ય ઉતારામાં પોતાના સત્પુરુષોની સાથે નિવાસ કર્યો. (૨૯)

ત્યાંના ભક્તો પ્રેમજી, પીતાંબર, લાલદાસ તથા અન્ય ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિની પરિચર્યા કરવા લાગ્યા. (૩૦) તેમજ શ્રીહરિમાં ભક્તિવાળી, ધર્મનિષ્ઠાવાળી, માન કુમારી વગેરે સ્ત્રીઓ પણ શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતી હતી. (૩૧)

તે ભક્તોએ શ્રીહરિને પોતાના ભક્તજનોની સાથે વિવિધ પ્રકારના ભોજનોથી સારી રીતે તૃપ્તિ પમાડ્યા. પછી મહાઅમૂલ્ય વસ્ત્રો તથા ભૂષણો વગેરે ઉપચારોથી તેમણે શ્રીહરિનું પૂજન કર્યું. (૩૨)

તે પુરના અધિપતિ રાજાએ પણ ત્યાં આવીને શ્રીહરિના દર્શન કર્યા અને શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિ ધર્માદિ વાર્તાથી પોતાના તે જનોને સુખ આપતા ત્યાં રાત્રિ રહ્યા. (૩૩)

સવારમાં અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ ભક્તજનોએ વળાવેલા પોતાના જનોની સાથે માર્ગમાં વિચરતા શ્રીહરિ વૃત્તાલયપુરમાં પધાર્યા. (૩૪) સન્મુખ આવેલા તે પુરના પોતાના ભક્તજનો કુબેરજી તથા જોબન પગી વગેરેએ શ્રીહરિનું સન્માન કર્યું. પછી શ્રીહરિએ પોતાના જનો સહિત વાજતે ગાજતે આ પુરમાં પ્રવેશ કર્યો. (૩૫)

અહીં શ્રીહરિ લક્ષ્મીનારાયણના રમણીય મંદિરમાં જઈ, પ્રેમપૂર્વક શ્રીલક્ષ્મીનારાયણના દર્શન કરતા હતા. (૩૬) ત્યારબાદ શ્રીહરિ તે મંદિરમાં પોતાના નિવાસસ્થાનમાં રહ્યા પોતાના સર્વ આશ્રિતોને પણ યથાયોગ્ય નિવાસ કરાવ્યો. (૩૭) પુરના ભક્તજનો શ્રીહરિની સેવા કરતા હતા. અને શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તજનોને સુંદર ભોજનોથી તૃપ્ત કરતા હતા. શ્રીહરિ ત્યાં કથાવાર્તા દર્શન વગેરેથી પોતાના ભક્તજનોને સુખી કરતા હતા. (૩૮) પોતાની જન્મતિથિ ચૈત્રશુદી નવમીને દિવસે શ્રીહરિ પુષ્કળ સામગ્રીઓથી વૃત્તાલયમાં પહેલાના જેવો મહોત્સવ કરતા હતા. (૩૯) તે ઉત્સવમાં જુદા જુદા દેશના ભક્તજનો પણ આવ્યા. તે સમયે તે ભક્તજનોએ, વસ્ત્ર, ભૂષણ વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૪૦)

તે પુરના સર્વ ભક્તો મહાઅમૂલ્ય ભૂષણો, અંબરો તથા અન્ય ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા, તેમજ શ્રીહરિની આરતી ઉતારતા હતા. (૪૧) પછી શ્રીહરિ દશમીને દિવસે સાધુઓને તથા પોતાના સમગ્ર ભક્તજનોને, તેમજ સર્વ અન્નાર્થીઓને હર્ષપૂર્વક વિવિધ પ્રકારના ભોજનો પીરસીને તૃપ્ત કરતા હતા. (૪૨)

અતિપવિત્ર પ્રતાપવાળા શ્રીહરિ હજારો બ્રાહ્મણોને અતિ સુંદર ભોજનોથી તૃપ્તિ પમાડતા હતા. વળી તેમને પુષ્કળ દક્ષિણા પણ આપતા હતા. (૪૩) નરનાટ્યકારી શ્રીહરિ ત્યારબાદ સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કરીને પોતાના બંધુજનો સહિત વિષ્ણુને અર્પણ કરેલાં ઉત્તમ ભોજનો જમતા હતા. (૪૪)

હે રાજન્ ! આવી રીતે શ્રીહરિએ આ પુરમાં ઉત્તમ મહોત્સવ કર્યો. પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને પોતાના જનોની સાથે ત્યાંના ભક્તોએ વળાવ્યા એટલે શ્રીહરિ વૃત્તાલય પુરથી નીકળ્યા. (૪૫) હે નૃપતે ! પછી ઈશ્વર શ્રીહરિ માર્ગમાં પોતાના આશ્રિત ભક્તજનોના ગામમાં વસતા તથા પોતાના તે ભક્તોને સુખી કરતા પોતાના જનોની સાથે ચાલતા ચાલતા ચૈત્ર સુદી પૂર્ણિમાને દિવસે ગઢપુર પધાર્યા. (૪૬)

આનંદપૂર્વક સન્મુખ આવેલા તે પુરના પોતાના ભક્તજનોએ શ્રીહરિને અભિવાદન કર્યું. પોતાના દર્શન કરવામાં ઉત્સાહ યુક્ત છે લોકસમૂહ જેમાં એવા દુર્ગપત્તનમાં શ્રીહરિએ પોતાના ભક્તજનોની સાથે પ્રવેશ કર્યો. (૪૭)

પોતાના ભક્તજનો પ્રત્યે વાત્સલ્ય ભાવથી શોભતા શ્રીહરિ, દર્યાર્દ્ર દૃષ્ટિથી પોતાના દર્શન કરવામાં આસક્ત નેત્રોવાળા તે ભક્તજનો જેઓ શ્રીહરિને વારંવાર પ્રણામ કરી રહ્યા છે, તે જનોને આનંદ આપતા ઉત્તમ રાજાના દરબારમાં પહોંચીને તેમાં પોતાના નિવાસમાં રહેતા હતા. (૪૮)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિએ ધર્મોપદેશ કર્યો તેનું નિરૂપણ નામે સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૭)



અધ્યાય ૩૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં રહેતા પોતાના એકાંતિક ભક્તોની સેવા અંગીકાર કરતા શ્રીહરિ ધર્માદિ વાર્તાથી પોતાના જનોને હંમેશાં અત્યંત સુખ આપતા હતા. (૧)

પછી ચૈત્રવદી બીજને દિવસે, સુખપૂર્વક બિરાજેલા શ્રીહરિ પ્રત્યે, ઉત્તમરાજા આદરપૂર્વક પ્રણામ કરી બંને હાથ જોડીને કહેવા લાગ્યા. (૨) હે સ્વામિન્ ! હે દીનબંધો ! હે આશ્રિતજનોની પીડા હરનારા ! આપે આપની સેવામાં પ્રવૃત્ત એવા અમારા બધા મનોરથો કરુણાપૂર્વક પૂર્ણ કર્યા છે. (૩)

હે પ્રભો ! મારી તથા મારી બંને બહેનોની, તેમજ સમગ્ર પુરજનોની, હૃદયમાં એક ઇચ્છા છે, તે સર્વની ઇચ્છા આપે પૂર્ણ કરવી. (૪) હે ભૂમન્ ! હે સ્વામિન્ ! આ મારા દરબારમાં આપે શ્રીકૃષ્ણનું મંદિર કરવું, અમારી આવી પ્રાર્થના આપે અવશ્ય સ્વીકારવી. (૫)

ઉત્તમરાજાએ આવી રીતે પ્રાર્થના કરી તેથી શ્રીહરિ હર્ષપૂર્વક ઉત્તમરાજાને કહેવા લાગ્યા. હે રાજન્ ! તમારી જેવી ઇચ્છા છે તેવી રીતે હું જરૂર કરીશ. (૬) શ્રીહરિ ઉત્તમરાજાને આ પ્રમાણે કહ્યું પછી વિરકતાનંદ મુનિને શ્રીહરિ કહેવા લાગ્યા. હે મુને ! તમારે અહીં શ્રીકૃષ્ણનું મનોહર મંદિર કરવું. (૭)

મંદિર કરવામાં જોઈતી સર્વ વસ્તુઓ તમારી આજ્ઞામાં રત એવા આ ઉત્તમરાજા હંમેશાં લાવશે.(૮)

હું ઘણું કરીને અહીંજ રહું છું તેથી તમારે જ્યારે કંઈક પૂછવું હોય ત્યારે મને પૂછજો. (૯) આવી રીતે શ્રીહરિએ વિરકતાનંદ મુનિને કહ્યું, શ્રીહરિની આજ્ઞામાં તત્પર વિરકતાનંદ મુનિએ

શ્રીહરિને ''બહુ સારું'' એમ કહ્યું. તેથી રાજા, તથા તેમની બંને બહેનો, તેમજ ગઢપુર નિવાસી હરિભક્તો સૌ અત્યંત આનંદ પામ્યા. (૧૦)

પછી મુનિએ પ્રવિણ શિલ્પોએ રત્ન, જેઠો, દીનો વગેરે કારીગરોને બોલાવીને મંદિર કરવાનો આરંભ કર્યો. મંદિરના કામ માટે જોઈતી વસ્તુઓ ઉત્તમ રાજા લાવતા હતા. (૧૧) હે રાજન્ ! શ્રીહરિ દરરોજ ત્યાં આવીને શિલ્પીઓની નિપુણતાની પ્રશંસા કરતા પોતાના ભક્તજનોને અત્યંત આનંદ પમાડતા ઘણું કરીને બેસતા હતા. (૧૨)

અહીં શ્રીહરિએ આ પ્રકારે શોભાયમાન મંદિરની રચનાનો આરંભ કર્યો. તે સમયે જૂનાગઢથી અનુપસિંહ રાજા શ્રીહરિને બોલાવવા માટે આવ્યા. (૧૩) અનુપસિંહ શ્રીહરિની સમીપે આવીને તથા નમસ્કાર કરીને ઊભા રહી બંને હાથ જોડી હે પ્રભો ! જૂનાગઢમાં મંદિર તૈયાર થયું છે એ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૪)

જૂનાગઢમાં મુનિઓ તથા પાર્ષદો સહિત આવીને આપે કૃષ્ણની પ્રતિષ્ઠા યથાયોગ્ય કરવી. (૧૫) આવી રીતે અનુપસિંહ રાજાએ શ્રીહરિને કહ્યું. પછી શ્રીહરિએ તત્કાળ રામચંદ્ર વગેરે જ્યોતિષી બ્રાહ્મણોને બોલાવીને કૃષ્ણની પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત પૂછવા લાગ્યા. (૧૬)

તે દૈવજ્ઞો વૈશાખ વદી બીજને ગુરુવારે શુભ મુહૂર્ત છે એમ શ્રીહરિને કહેવા લાગ્યા. પછી શ્રીહરિએ હર્ષપૂર્વક તેમને દક્ષિણા આપી. (૧૭) હે રાજન્ ! પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, વાહનોમાં બેઠેલા પોતાના બંધુજનોના પુત્રો તથા અન્ય મુનિસમૂહ, વર્ણિગણ તથા પોતાના ઉત્તમ પાર્ષદો સહિત દુર્ગપત્તનથી નીકળ્યા. (૧૮)

સ્વતંત્ર શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે માર્ગમાં વિચરતા ચાર દિવસે જૂનાગઢ પહોંચ્યા. (૧૯) ઈશ્વરને આવતા સાંભળીને પુરના અધિપતિ રાજા બહાદૂરખાન પોતાના સૈન્ય સહિત શ્રીહરિની સન્મુખ ગયા. (૨૦)

હેમંતસિંહ રાજા તથા ભક્તો, સાધુઓ દૂરથી અશ્વ ઉપર બિરાજેલા, ઘોડેસવારોથી વીંટાયેલા, અભીષ્ટ દેવ શ્રીહરિનાં દૂરથી દર્શન કરીને અશ્રુસહિત નેત્રોવાળા તે ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૨૧)

શ્રીહરિની સમીપે જઈને તેમના ચરણકમળનો સ્પર્શ કરીને આનંદથી અશ્રુભરેલા નેત્રોવાળા તે સંતો, શ્રીહરિને વંદના કરતા હતા. શ્રીહરિ તેમની યથાયોગ્ય સંભાવના કરતા હતા. નમસ્કાર કરતા રાજાની પણ શ્રીહરિ સંભાવના કરતા હતા. (૨૨)

પછી શ્રીહરિ પોતાના સમગ્ર બંધુજનો તથા સૈન્ય સહિત, તેમજ તે તથા રાજા, તેમના અન્ય જનો સહિત તે પુરના જનો દર્શન કરે તે પ્રમાણે વાજતે ગાજતે તે રમણીય પુરમાં પ્રવેશ

કરતા હતા. (૨૩)

પછી હેમંતસિંહ મંદિરની સમીપે પોતાના સુંદર ભુવનમાં શ્રીહરિને નિવાસ કરાવ્યો. (૨૪) શ્રીહરિ પોતાના નિવાસ પાસેના વિશાળ ચોકમાં રમણીય સિંહાસન ઉપર બિરાજમાન થયા. રાજા તથા પુરના જનો શ્રીહરિને નમસ્કાર કરીને તે સભામાં યથાયોગ્ય બેઠા. (૨૫)

ત્યારબાદ શોભાયમાન ઉંચા શરીરવાળા બ્રહ્માનંદ મુનિરાજે, પ્રીતિપૂર્વક શ્રીહરિની સમીપે આવીને, શ્રીહરિને નમસ્કાર કર્યા, શ્રીહરિએ તેમનો સત્કાર કર્યો. પછી તેઓ શ્રીહરિની સમીપે ઊભા રહ્યા. (૨૬) વિવિધ પ્રકારના નવીન કાવ્યોની તત્કાળ રચના કરવામાં નિપુણ, ઉત્તમ કીર્તિવાળા અને ધર્મ, જ્ઞાન વગેરે શુભ ગુણોથી યુક્ત, રાજા વગેરે જેમનું સદા સન્માન કરે છે એવા, સમગ્ર ક્રિયામાં નિપુણતા તથા પ્રતિભાસંપન્ન, શ્રીહરિની આજ્ઞામાં અત્યંત આસક્ત, ધર્મ મર્યાદાના રક્ષણમાં શ્રીહરિની રાત્રિ દિવસ પ્રસન્નતામાં ઉદ્યમવાળા, બ્રહ્માનંદ મુનિ હતા. (૨૭)

સર્વદા સમગ્રજનોના હિતમાં આસક્તિવાળા, નિર્મળ અંતઃકરણવાળા, સમગ્ર સાધુઓમાં શ્રેષ્ઠ, ધ્યાનના અભ્યાસથી સ્ફુરાયમાન શ્રીહરિની મૂર્તિ પોતાના હૃદયમાં હંમેશાં પ્રીતિપૂર્વક જોતા, બહાર પણ દૃષ્ટિ આગળ શ્રીહરિને અખંડ જોતા, અત્યંત કોમળ, કોમળ અંતઃકરણવાળા, સુખ આપનારા શ્રીગુણાતીતાનંદસ્વામી શ્રીસહજાનંદની સમીપે બેઠા. (૨૮)

જીત્યા છે અંતઃકરણના શત્રુઓ જેમણે એવા, શ્રીહરિની અતિશુભ આજ્ઞામાં અતિઆસક્ત, શ્રીહરિની કથામાં આસક્તિવાળા, વિવિધ પ્રકારની વાર્તામાં પણ આસક્તિવાળા, બુદ્ધિમાન, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે પરમ એકાંતિક ગુણોએ યુક્ત, અનવધિકાતિશય સુખના સ્થાનભૂત, ઉપશમમાં નિષ્ઠા પામેલા, તે ગુણાતીતાનંદ સ્વામી હતા. (૨૯)

બીજા મુનિઓ વર્ણિઓ વગેરે સર્વ શ્રીહરિના વદન કમળમાં સ્થિર દૃષ્ટિવાળા, તે સભામાં યથાયોગ્ય બેઠા. પછી શ્રીહરિ સુધાના સારરૂપ ધર્મસંબંધિ વાર્તા કરવા લાગ્યા. તે સાંભળીને સભામાં બેઠેલા ભક્તજનો અત્યંત આનંદ પામ્યા. (૩૦)

પછી પુરના અધિપતિ રાજા બહાદૂરખાન શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે ભગવન્ ! મારા યોગ્ય જે કાર્ય હોય તે કાર્ય કરુણા કરીને આપે મને કહેવું જ. આવી રીતે શ્રીહરિને કહીને તથા નમસ્કાર કરી તે રાજા પોતાના જનોની સાથે પોતાના ભુવનમાં ગયા. (૩૧)

પછી શ્રીહરિ ઊઠીને, પોતાના ચરણકમળમાં સ્નેહાર્દ્ર મનવાળા બ્રહ્માનંદ તથા ગુણાતીતાનંદ મુનિને, પ્રીતિપૂર્વક ભેટ્યા. કુસુમની માળાઓ પોતે ધારણ કરેલી તે શ્રીહરિએ તે બંનેને આપી તેમજ બંનેની છાતીમાં પોતાના ચરણારવિંદ આપ્યા. (૩૨)

પ્રસન્ન થયેલા તે બંનેને શ્રીહરિએ પોતાના પ્રસાદીના વસ્ત્રો આપ્યા. પછી હે રાજન્ !

તે બંનેની અતિમહાન્ નિષ્કામ ભક્તિની શ્રીહરિ અત્યંત પ્રશંસા કરવા લાગ્યા. (૩૩) વળી મંદિરના કાર્ય કરનારા અન્ય સંતસમૂહને, વર્ણિજનોને તથા પાર્ષદોને પણ શ્રીહરિ આલિંગન કરતા હતા. તેમજ શ્રીહરિ હૃદયમાં પોતાના ચરણકમળ મૂકતા હતા. તેમજ તેમને પોતાના હાર વગેરે પણ આપતા હતા. (૩૪)

શ્રીહરિ હેમંતસિંહ રાજાને આલિંગન કરીને પોતે ધારણ કરેલા સુંદર તોરા તથા પુષ્પના હાર વગેરે પોતાના એકાંતિક ભક્તને આપતા હતા. તથા તેમની ભક્તિની પ્રશંસા કરતા હતા. (૩૫)

પછી શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે મંદિર જોવા માટે પધાર્યા. તે સમયે બ્રહ્માનંદ મુનિનો હાથ પકડીને મંદિરની ચારે બાજુ ફરી શ્રીહરિ જોતા હતા. (૩૬) અતિ ઉંચું, સુંદર ગોખયુક્ત, મનોહર, વિવિધ પ્રકારની રચનાથી અભિરામ, વિવિધ પ્રકારના ચિત્રોથી યુક્ત પથ્થરોથી શોભાયમાન સ્તંભો વગેરે જેમાં છે એવા, સુંદર મંડપ (ઘુમટથી) શોભાયમાન; (૩૭)

વિમાનની ઉપમા આપવા યોગ્ય, મહા શોભાયમાન, ત્રણ શિખરોથી યુક્ત, દર્શનીય, અદ્‌ભુત શોભાવાળું, જે મંદિરમાં શિલ્પીઓની નિપુણતા જોવામાં આવે છે તેવું; (૩૮) હે રાજન્ ! આ પ્રકારનું તે મંદિર જોઈ પ્રસન્ન થયેલા શ્રીહરિ, રત્ના વગેરે સમગ્ર શિલ્પીઓની તથા સર્વ કાર્યમાં પ્રવિણ બ્રહ્માનંદ મુનિની, તેમજ ધીર હેમંતસિંહની વારંવાર પ્રશંસા કરતા હતા. (૩૯) પછી શ્રીહરિ શિલ્પી સમૂહને ઉત્તમ વસ્ત્રો આપીને પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. પછી કૃષ્ણ પ્રતિષ્ઠા માટે અતિસુંદર ઉપહારો શ્રીહરિ મંગાવતા હતા. (૪૦) બે દિવસમાંજ વેદશાસ્ત્ર જાણનારા પૌરના ભૂદેવોએ, સૂચન કરેલી વિધિપૂર્વક પૃથ્વીના દેહધારીઓની મુક્તિ માટે શ્રીહરિ કૃષ્ણ પ્રતિષ્ઠા યથાયોગ્ય કરતા હતા. (૪૧) સંવત ૧૮૮૪ ના વૈશાખ વદી બીજને દિવસે મધ્યમંદિરમાં ત્રિવિક્રમ તથા શ્રીદ્વારિકાધીશની શ્રીહરિ સ્થાપના કરતા હતા. (૪૨) શ્રીહરિએ તેમના જમણા ભાગના મંદિરમાં રાધારમણની રમણીય મૂર્તિની સ્થાપના કરી. જેના દર્શનથી સમગ્ર દુઃખની નિવૃત્તિ થાય છે અને સમગ્ર તીર્થનું ફળ પણ થાય છે. (૪૩)

પછી દ્વારિકાધીશ્વર મંદિરની ડાબી બાજુએ સુંદર મંદિરમાં નંદીએ યુક્ત મૂર્તિમાન શંકર સિદ્ધેશ્વર તથા ગૌરી (પાર્વતી) તથા દર્શનીય ગણેશની શ્રીહરિએ શાસ્ત્ર વિધિ પ્રમાણે સ્થાપના કરી. (૪૪)

સિદ્ધેશ્વર શંકરના મંદિરથી પશ્ચિમ દિશામાં રમણીય મંદિરમાં શ્રીહરિ શ્રી કાશી વિશ્વેશ્વર નામના રમણીય શિવલિંગની સ્થાપના કરતા હતા. (૪૫) ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિએ વૃત્તાલયપુરમાં લક્ષ્મીનારાયણની સ્થાપના પ્રસંગે જેવો ઉત્સવ કર્યો હતો, તેવો જ જૂનાગઢ મંદિરમાં કૃષ્ણ પ્રતિષ્ઠોત્સવ

કર્યો. (૪૬)

હે નરેન્દ્ર ! શ્રીહરિ આવી રીતે વિધિ પ્રમાણે શ્રીદ્વારિકેશની શુભ પ્રતિષ્ઠા કરીને બ્રાહ્મણોને ગાય, સુવર્ણ તથા ઉત્તમ ભૂષણો, વસ્ત્રો વગેરે આપતા હતા. (૪૭) પછી ધર્મ જેમનું સ્થાન છે એવા શ્રીહરિ પુરના બ્રાહ્મણોને તથા ગ્રામાન્તરથી આવેલા હજારો વિપ્રોને તેમની ઈચ્છાપ્રમાણે ઘણાં ઘૃતવાળાં ભોજનો જમાડી તથા પુષ્કળ દક્ષિણા આપી તેમને અત્યંત તૃપ્તિ પમાડતા હતા. (૪૮)

પછી મંદિરમાં પૂર્વ ભાગમાં વિસ્તૃત સુંદર પ્રવેશમાં, ભક્તોના સમૂહની સભામાં કોમળ અને સુંદર ઊંચા સિંહાસન ઉપર બિરાજેલા ઉત્તમ શ્વેત વસ્ત્રો ધારણ કરનારા પ્રભુ શ્રીહરિ પુષ્પના હાર તથા મનોહર તોરા વગેરે ધારણ કરી પોતાના ભક્તોને આનંદ આપતા પોતાના આત્મીયજનો પ્રત્યે અમૃતથી પણ અત્યંત મધુરવચન આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં જુનાગઢમાં દ્વારિકેશ્વર સ્થાપન વર્ણન નામે આડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૮)



અધ્યાય ૩૯ મો

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! હું જીવોને હિતકારી એવું સત્ય વચન તમોને કહું છું. માટે મારા આશ્રિત તમો સર્વે તે એકાગ્ર મનથી સાંભળો. (૧)

હે જનો ! મેં આ જૂનાગઢમાં જનસમૂહની મુક્તિ માટે શ્રીરાધારમણ આદિ મૂર્તિઓની મંગળ પ્રતિષ્ઠા કરી છે. (૨)

હે જનો ! આ મૂર્તિઓના દર્શનથી મનુષ્યોને યજ્ઞો તથા સર્વ તીર્થોનું સમગ્ર ફળ પામશે. (૩) હે જનો ! અહી જે જનો દરરોજ ભક્તિપૂર્વક આ મૂર્તિઓના દર્શન કરશે તે દુસ્તર એવા આ સંસારથી જરૂર મુક્તિ પામશે. (૪)

અન્ય ગામમાંથી પણ જે જનો અહીં દરેક પૂર્ણમાસીએ આવીને આ મૂર્તિઓના દર્શન કરશે. (૫) તેમના સર્વ મનોરથો તત્કાળ સિદ્ધ થશે. તેમજ આ મૂર્તિઓની પ્રસન્નતાથી તેઓ ભુક્તિ અને મુક્તિ પામશે. (૬)

આ મંદિરમાં આ મૂર્તિઓની આગળ ભક્તિપૂર્વક જે જપ કરશે તથા પુરશ્ચરણ વગેરે કરશે તે સર્વનું હજાર ગણું ફળ તેમને મળશે. (૭) જે જનો આ મંદિરમાં એકાદશી વગેરે વ્રતોનું ઉદ્યાપન

કરશે તેઓ ઈચ્છિત ફળ પામશે. (૮)

હે મારા આશ્રિતો ! હું રાધારમણની મૂર્તિદ્વારજ એકાંતિક ભક્તોને મારા દર્શન આપું છું. તમો આ પ્રમાણે જાણો. (૯) સર્વ પ્રકારે હંમેશા હું આ મૂર્તિદ્વારાએ સેવા સ્વીકાર કરીશ. માટે મારા આશ્રિતોએ આ મૂર્તિઓની સેવા ભક્તિપૂર્વક કરવી. (૧૦)

આ મંદિરમાં જે જનો વસ્ત્રો, ભૂષણો, ધન વગેરેથી આ મૂર્તિઓની સેવા કરશે તે ચાર પ્રકારની સિદ્ધિ જરૂર પામશે. (૧૧) પ્રિયભાષી શ્રીહરિ આ પ્રમાણે કહીને મૌન રહ્યા. તે ભક્તજનો શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિનું વચન શિરોમાન્ય કરવા લાગ્યા. (૧૨)

તેટલામાં શ્રીહરિના દર્શન માટે શ્રીહરિનો અત્યંત પ્રતાપ જાણતા સૌરાષ્ટ્રના અધિપતિ, પોતાના જનોથી વીંટાઈને ત્યાં આવ્યા. (૧૩) પછી તે રાજા સર્વ નિયન્તા શ્રીહરિને દાસની માફક પ્રણામ કરીને શ્રીહરિનું સન્માન સ્વીકારતા તે સભામાં બેઠા. (૧૪)

તે રાજાએ તે મંદિર માટેની જમીનનો ધર્મ પત્ર લખીને પોતાના નામની મુદ્રાથી (મહોરછાપ) તેને મુદ્રિત કરીને હર્ષપૂર્વક શ્રીહરિને આપતા હતા, (૧૫, ૧૬) હે પ્રભો ! મારા યોગ્ય જે કાર્ય હોય તે મને આપે કહેવું. આ પ્રમાણે રાજા પ્રાર્થના કરીને પછી દાસની માફક હર્ષપૂર્વક શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૧૭)

પછી તે રાજા શ્રીહરિના અતિમહાન્ પ્રભાવની પ્રશંસા કરતા શ્રીહરિની આજ્ઞાથી પોતાના અનુચરોની સાથે પોતાના દરબારમાં હર્ષપૂર્વક પાછા ફર્યા. (૧૮)

તે મંદિરમાં રહેતા અને દરરોજ ભક્તિ કરતા બ્રહ્માનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી વગેરે ત્યાગીઓ પ્રીતિપૂર્વક વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરવા માટે હે મહીપતે! ત્યાં આવતા હતા. (૧૯, ૨૦)

પછી સત્પુરુષોમાં શ્રેષ્ઠ બ્રહ્માનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી એ બંને પ્રતિપૂર્વક શ્રીહરિની આવી રીતે પૂજા કરતા હતા. (૨૧) બંને બુદ્ધિશાળી તે ત્યાગીઓ સુગંધિમાન શ્રીહરિના લલાટમાં અતિસુંદર ચંદનની અર્ચા કરતા હતા. (૨૨)

પછી તે બંને મુનિઓ તે અર્ચાના મધ્યભાગમાં સુંદર કુમકુમનો ચાંદલો કરીને શ્રીહરિના અંગોમાં સુંદર કેસર ચંદનનો લેપ કરવા લાગ્યા. (૨૩) પછી તે બંને મુનિઓ સુગંધિમાન પુષ્પોના હાર, બાજુબંધ, તોરા, કર્ણપૂર તેમજ પાઘડી વગેરે શ્રીહરિને ધારણ કરાવતા હતા. (૨૪)

તે બંનેના સહવાસી જે અન્ય મુનિઓ તથા વર્ણિઓ પણ આવી રીતે શ્રીહરિનું ભક્તિપૂર્વક સમર્ચન કરતા હતા. (૨૫) ચંદનથી ભીનું છે શરીર જેમનું એવા શ્રીહરિ તેમની નિષ્કામ અને નિર્દોષ ભક્તિથી પ્રસન્ન થઈ તેમને સર્વને અત્યંત પ્રેમપૂર્વક ભેટતા હતા. (૨૬)

પછી સત્પતિ શ્રીહરિ ચંદનથી ભીના પોતાના બંને ચરણો તે મુનિઓના હૃદય, લલાટ તેમજ શિર ઉપર પ્રીતિપૂર્વક મૂકતા હતા. (૨૭) શ્રીહરિ તેમને પોતાની પ્રસાદીના હાર પણ હર્ષપૂર્વક આપતા હતા. પછી તેમને આનંદ પમાડતા શ્રીહરિ સુધાથી પણ અતિ ઉત્તમ વચન તમને કહેવા લાગ્યા. (૨૮)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભવ્યા ! (ભવ્યા સાધુઓ કહેવાય છે. ''**भवन्ति भव्ये ब्रुहि पक्षपातः**'' એના વ્યાખ્યાનમાં મલ્લિનાથ સૂરી **भवतीति भव्याः साधवः** એવું વ્યાખ્યાન કરેલું છે. માટે) ભવ્ય શબ્દ વાચ્ય તમો મુનિઓ વગેરે મને પ્રસન્ન કરવા માટે મારી અનન્ય અને અત્યંત નિષ્કામ ભક્તિ કરો છો. (૨૯)

તેથી મને પ્રિય એવા તમારા સર્વ ઉપર હું અત્યંત પ્રસન્ન થયો છું. ભક્તો તો અનન્ય ભક્તિથીજ મને વશ કરે છે. (૩૦) હે સંતો ! મારી આજ્ઞાથી તમો ઘણી ભક્તિ કરો છો. માટે સાધનોથી પણ જે અસાધ્ય છે એવી મારી પ્રસન્નતા તમારા ઉપર છે. (૩૧)

હે સંતો ! તમોને હું મારી સેવામાં રાખીશ. તમોને મારું અનુપમ સુખ અખંડ આપીશ. (૩૨) વૃત્તાલયપુરના લક્ષ્મીનારાયણના શોભાયમાન મંદિરથી દૂર એવા આ પ્રદેશમાં મારા આ મંદિરમાં મારી આજ્ઞા પરાયણ જે જનો રહેશે. (૩૩)

તે ત્યાગીઓ ઉપર હું જરૂર અત્યંત પ્રસન્ન થઈશ. જેમ જેણે અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો છે એવા નિર્દંભ યોગીઓ ઉપર હું જેવો પ્રસન્ન છું તેવો તમારા ઉપર પ્રસન્ન થઈશ. (૩૪) જેમ શ્વેતદ્વીપ તથા નરનારાયણશ્રમ મને અતિશય પ્રિય છે તેવી રીતે આ સ્થાન પણ મને અત્યંત પ્રિય છે. (૩૫) આ મંદિરમાં નિવાસ કરતા મારા આશ્રિત ત્યાગીઓ મારી પ્રસન્નતાથી સર્વોપરી સુખ પામશે. (૩૬) માટે આ મંદિરમાં મારી પ્રસન્નતા માટે દેહના અવસાન પર્યન્ત મારી આજ્ઞાથી તમો સર્વ ત્યાગીઓએ રહેવું. (૩૭)

આ મંદિરમાં આજીવન રહેવા માટે જેમનો નિશ્ચય હોય તેમણે મારા ચરણનો સ્પર્શ કરીને પ્રતિજ્ઞા કરવી. (૩૮) શ્રીહરિનું આવું વચન સાંભળીને તે સાધુઓમાંથી ગુણાતીતાનંદ વગેરે સંતો તત્કાળ શ્રીહરિના ચરણકમળનો સ્પર્શ કરીને 'દેહાન્ત પર્યન્ત અમો અહીંજ રહીશું, એમ શ્રીહરિને કહેવા લાગ્યા. (૩૯)

આનંદાનંદ વગેરેએ નૈષ્ઠિક વર્ણિઓએ પણ તે સંતોની માફક કહ્યું. શ્રીહરિના આશ્રિત કેટલાક પાર્ષદો ઝવેરભાઈ વગેરે પણ શ્રીહરિની પ્રીતિ માટે ઉપરોક્ત વચન કહેવા લાગ્યા. (૪૦) તેથી અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિ ફરીથી તેમને ભેટ્યા. પછી તેમને પોતાની પ્રસાદીના ભોજન શ્રીહરિ નિત્ય આપતા હતા. (૪૧)

હેમંતસિંહ રાજા મહામૂલ્યવાળા અલંકારો, વસ્ત્રો વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૪૨) તેમજ પુરના ભક્તજનો પણ શ્રીહરિનું ઉપચારોથી સંપૂજન કરવા લાગ્યા. પુરના તે ભક્તો શ્રીહરિ તથા તેમની સાથેના ભક્તજનોને રોજ સુંદર ભોજન જમાડી તૃપ્ત કરતા હતા. એ પ્રકારે શ્રીહરિ ત્યાં રહેતા હતા. (૪૩)

દશમીની રાત્રિએ ભક્તજનોની સભામાં પોતાના આસન ઉપર બિરાજેલા શ્રીહરિ ધર્માદિ સંબંધિ સુંદર વાર્તા કરી પોતાના ભક્તજનોને આનંદ આપતા હતા. (૪૪) સર્વવિત્ શ્રીહરિ રાધાકૃષ્ણ વગેરેની સેવાની તથા ઉત્સવોની વ્યવસ્થા યથાશાસ્ત્ર કરતા હતા. (૪૫)

હે ભૂપતે ! જૂનાગઢમાં એકાદશી તિથિનો ઉત્સવ કરીને શ્રીહરિએ દ્વાદશીને દિવસે પ્રાતઃકાળમાં પોતાના સમગ્ર ભક્તજનોની સાથે પારણાં કર્યાં. પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને તથા તેમની સાથેના ભક્તજનોને સહિત પુરજનોએ તેમજ પુરપતિએ પોતાના સૈન્ય લઈ વળાવ્યા. વિવિધ પ્રકારના વાદ્યોના ઘોષ સાંભળતા શ્રીહરિ તે પુરથી નીકળ્યા. (૪૬)

હે ભૂપતે ! પોતાની પાછળ આવેલા પુરપતિને તથા પુરના પોતાના ભક્તોને શ્રીહરિએ પાછા વાળ્યા. પછી માર્ગાં પોતાના આશ્રિતોના ગામોમાં રહેતા, પોતાના જનો સાથે માર્ગમાં ચાલતા અમાવાસ્યાને દિવસે શ્રીહરિ મનોહર ગઢપુર ધામે પહોંચ્યા. પુરના જનો હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ આવ્યા. એવી રીતે શ્રીહરિએ પોતાના ભક્તજનોની સાથે તે પુરમાં પ્રવેશ કર્યો અને પછી પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૪૭)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિએ દ્વારિકેશનું માહાત્મ્ય કહ્યું તેનું નિરૂપણ નામે ઓગણચાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૯)



અધ્યાય ૪૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં વસતા મંદિર કરાવતા શ્રીહરિ ધર્મજ્ઞાનાદિ વાર્તા કરી પોતાના ભક્તોને આનંદ આપતા હતા. (૧) મંદિર કાર્યમાં અત્યંત ભક્તિ કરતા પોતાના ભક્તોને જોઈને ભક્તવત્સલ ધર્મપુત્ર શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. (૨)

મંદિરમાં ભક્તિ કરનારા પોતાના ભક્તોને શ્રીહરિ પોતાના પ્રસાદીના ભોજનો હર્ષપૂર્વક હંમેશાં આપતા હતા. (૩) પોતે ધારણ કરેલા પુષ્પોના શ્રેષ્ઠ હાર, બાજુબંધ, તોરા વગેરે પણ

શ્રીહરિ તેમને હર્ષપૂર્વક આપતા હતા. તેમની છાતી તથા બીજા અંગોમાં પોતાના બંને ચરણકમળ મૂકતા હતા. (૪)

પોતાની પ્રસાદીભૂત, અત્યંત સુગંધિવાન, ઠંડા જળનું શ્રીહરિ વારંવાર પાન કરાવતા હતા અને તેમની પૂજા અંગીકાર કરતા હતા. (૫) પ્રસન્ન થયેલા શ્રીહરિ ચંદનથી ભીના થયેલા શરીરથી વારંવાર તેમને સૌને આલિંગન કરતા હતા. તેમજ પોતાની અનુવૃત્તિવાળા તે સર્વેની ભક્તિની પ્રશંસા કરતા હતા. (૬) એક સમયે મુકુંદાનંદ વર્ણિએ પૂછ્યું તેથી શ્રીહરિ તેને નૈષ્ઠિક વ્રતધારી ભક્તજનોના કલ્યાણ માટે 'બૃહદ્ ધર્મ' કહેતા હતા. જે બૃહદ્ ધર્મમાં નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મો કહ્યા છે. તે બૃહદ્ ધર્મનો વિસ્તાર સત્સંગિજીવનના પાંચમા પ્રકરણમાંથી જાણવો. (૭, ૮)

હે રાજન્ ! ત્યાં આદરેલું સુંદર મંદિર કૃષ્ણ પ્રતિમાની પ્રતિષ્ઠા માટે શ્રીહરિની ઇચ્છાથી પૂર્ણ થયું. (૯) અત્યંત ઉંચું, સુંદર જાળીયાથી અત્યંત શોભાયમાન, દેદીપ્યમાન છે કળશો જેમાં એવું, વિવિધ પ્રકારના પગથીયાથી શોભાયમાન; (૧૦)

શંકરના કૈલાસ પર્વતની માફક શ્વેત ચળકતાં દ્વારો તથા તોરણો જેમાં છે એવું, વિમાનની માફક સમૃદ્ધિવાળાં ત્રણ શિખરોથી યુક્ત ; (૧૧) શોભાયમાન તે મંદિરના શિખરો ઉપરની ધજાઓ પવનથી ફરકતી જાણે અન્ય મંદિરો પોતા સમાન છે જ નહિ એવા નિષેધાત્મક અવાજો કરતી હોય ને શું ? (૧૨)

ત્રણ સુંદર દ્વાર અને વિચિત્ર સ્તંભોથી, શોભતું, અતિ સુંદર, વિશાળ ઘુમટથી શોભાયમાન; (૧૩) જોનારા ભક્તજનો તથા દેવતાઓને પણ અત્યંત આશ્ચર્ય પમાડે તેવી અનુપમ શોભા યુક્ત; (૧૪) મંદિર નિર્માણમાં પ્રવિણ શિલ્પીઓ પણ તે અતિમનોહર મંદિર જોઈ, પોતાની સમગ્ર ચતુરાઈથી ઉત્પન્ન થતા ગર્વનો જાણે તે મંદિરનું સુંદર શિલ્પ નાશ કરતું હોય ને ! (૧૫)

દ્વારામતીમાં ત્વષ્ટાની નિપુણતા ભક્તજનોએ જોવા યોગ્ય હતી. તેવી રીતે જ્યાં શિલ્પીઓનું સમગ્ર કૌશલ્ય જોવાય છે. (૧૬) હે ધરાપતે ! જેને જોઈને વિસ્મય પામેલા દેવેન્દ્રો પણ પરસ્પર આ પ્રમાણે બોલવા લાગ્યા. (૧૭)

અમોએ આ પ્રકારનું અદ્ભુત વિમાન ક્યારેય પણ જોયું નથી. માટે આ મંદિર તો અનુપમ જ છે. (૧૮) સર્વ અવતારોના કારણ પ્રભુ શ્રીહરિની ઇચ્છાથીજ આવું મંદિર થયું છે એમ બ્રહ્માદિ ઈશ્વરો બોલતા હતા. (૧૯)

હે રાજન્ ! આ પ્રકારનું તે મંદિર તૈયાર થયું એટલે ઉત્તમરાજા શ્રીહરિની સમીપે જઈને શ્રીહરિને પ્રણામ કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૦) હે પ્રભો ! કૃષ્ણ પ્રતિષ્ઠાને યોગ્ય આ સુંદર મંદિર થયું છે. માટે મંગળ મુહૂર્તમાં શ્રીકૃષ્ણની પ્રતિમાનું આપ સ્થાપન કરો. (૨૧)

ઉત્તમ રાજાનું આ વચન સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા અને જ્યોતિષશાસ્ત્ર જાણનારા જ્યોતિષી રામચંદ્રને બોલાવીને શ્રીકૃષ્ણની મૂર્તિની પ્રતિષ્ઠાનું મુહૂર્ત તેમને પૂછ્યું. (૨૨) પછી જ્યોતિષી રામચંદ્ર બોલ્યા, હે પ્રભો ! આસો માસની શુકલ પક્ષની દ્વાદશી તિથિએ શુભ મુહૂર્ત છે માટે તે દિવસે આપ શ્રીકૃષ્ણની સ્થાપના કરો. (૨૩)

તેથી શ્રીહરિએ ઉત્તમ રાજાને આ પ્રમાણે કહ્યું. આજથી પાંચમે દિવસે શ્રીકૃષ્ણ પ્રતિષ્ઠાનું મુહૂર્ત છે માટે સામગ્રીઓ તત્કાળ લાવો. (૨૪) શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી પ્રસન્ન થયેલા રાજા બ્રાહ્મણને પૂછીને તત્કાળ સેવકો પાસે સમગ્ર સામગ્રીઓ મંગાવતા હતા. (૨૫)

શ્રીહરિ ત્યાં કેળોના સ્તંભોથી શોભાયમાન, રમણીય મંડપ બંધાવતા હતા. તે મંડપમાં વેદિકા કરાવતા હતા. (૨૬) પછી ગ્રામાન્તરોથી ભક્તજનો શ્રીહરિના દર્શન કરવા તથા આ અદ્‌ભુત કૃષ્ણ પ્રતિષ્ઠોત્સવ જોવા માટે દુર્ગપત્તનમાં આવ્યા. (૨૭)

પોતાના દર્શનથી પ્રાપ્ત થયો છે હર્ષ જેમને એવા અને સ્તુતિ કરતા પોતાના આશ્રિતોની શ્રીહરિ યથાયોગ્ય સંભાવના કરતા હતા. અને તેમને માટે ઉતારા વગેરેની વ્યવસ્થા કરતા હતા. (૨૮)

શ્રીહરિએ વેદ જાણનારા બ્રાહ્મણોને આદરપૂર્વક બોલાવીને એકાદશીના દિવસે શુભપ્રતિષ્ઠા વિધિનો પ્રારંભ કર્યો. (૨૯) હે રાજન્ ! પછી શ્રીહરિએ પીતાંબર ધારણ કર્યું બીજું લાલ રેશમી વસ્ત્ર શરીર પર ઓઢ્યું, ઉત્તમ આસન ઉપર બેઠેલા બ્રાહ્મણોએ તે સમયે શુભ વેદમંત્રોથી દેવોનું આવાહન કર્યું અને તેમણે દર્શાવેલી વિધિ પ્રમાણે શ્રીહરિ પૂજન કરવા લાગ્યા. (૩૦)

હે રાજન્ ! બારસને દિવસે શ્રીહરિએ સંગવ સમયે વિધિપ્રમાણે દર્શન કરનારા ભક્તજનોને પ્રીતિ ઉત્પન્ન કરનારા ગોપીનાથની રાધાસહિત તે ઉત્તમ મધ્યમંદિરમાં સ્થાપના કરી. તે સમયે મહાન્ વાદ્યોનો ઘોષ થયો, તેમજ વેદજ્ઞ બ્રાહ્મણોએ ઉચ્ચારણ કરેલો વેદધ્વનિ તથા ભક્તોના સમૂહે ઉચ્ચારણ કરેલો દશ દિશામાં વ્યાપતો જપધ્વનિ ત્યાં થયો. (૩૧)

પછી ભગવાન શ્રીહરિ વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ઉપચારોથી વેદોક્ત વિધિથી ગોપીનાથનું પૂજન કરતા હતા અને પછી મનોહર મૂર્તિ શ્રી ગોપીનાથની આરતી કરતા હતા. બે ઘડી પર્યન્ત અતિસ્થિર દૃષ્ટિથી પ્રેમપૂર્વક તે મૂર્તિ સામે શ્રીહરિ જોતા હતા. તે સમયે શ્રીહરિકૃત ગોપીનાથજી અત્યંત પ્રકાશતા હતા. તે ગોપીનાથને જોઈને ભક્તજન સમૂહ અત્યંત આશ્ચર્ય પામ્યા. (૩૨)

પછી ભગવાન શ્રીહરિ ઉત્તમ રાજાના ઉત્તર દ્વારના ભુવનમાં પ્રથમ પ્રતિષ્ઠા કરેલી પોતાની શ્રીવાસુદેવ નામની મૂર્તિની તથા ભક્તિ તથા ધર્મની મૂર્તિની મધ્ય મંદિરથી ઉત્તર તરફના મંદિરમાં ઉત્તમ વિધિપૂર્વક પોતે પ્રતિષ્ઠા કરાવતા હતા. દક્ષિણ બાજુના મંદિરમાં સૂર્યનારાયણની મૂર્તિની પણ

શાસ્ત્ર વિધિથી પોતેજ પ્રતિષ્ઠા કરાવતા હતા. ગોપીનાથની મૂર્તિની માફક તે મૂર્તિઓનું પણ પૂજન કરીને પોતે આરતી ઉતારતા હતા. (૩૩)

વેદોક્ત ધર્મનું પોષણ કરનારા ભગવાન શ્રીધર્મપુત્રે ત્યાં સુંદર મંડપમાં આવીને હર્ષપૂર્વક વિધિ પ્રમાણે પૂર્ણાહુતિ કરી આહ્‌વાન કરેલા દેવોનું વિસર્જન કર્યું. વરણમાં બેઠેલા ભૂદેવોને પણ આદિકલ્પ અનુસાર પુષ્કળ દક્ષિણા આપી. અન્ય બ્રાહ્મણોએ પણ પ્રીતિપૂર્વક સંતોષ પમાડતા હતા. (૩૪)

હે રાજન્ ! ઔદાર્યના મહાસાગર શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને સુવર્ણ મુદ્રાો, તલ તથા અશ્વો આપ્યાં. તેમજ મહામૂલ્યવાળા વસ્ત્રો તથા આભૂષણો પણ આપ્યાં. (૩૫) કાશી વગેરે દૂર દેશથી આવેલા તેમજ ભુજનગર વગેરે અન્ય નગરોથી આવેલા, તેમજ પુરના હજારો બ્રાહ્મણોને, મુનિઓ વગેરે સર્વને, શ્રીહરિએ વિવિધ પ્રકારના ભોજનોથી તૃપ્ત કર્યાં. (૩૬)

પછી તે મહાસભામાં પોતાના ઉંચા આસને બિરાજેલા વક્તાઓમાં અગ્રેસર, શ્રીહરિ પોતાના ભક્તોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૭)

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! મેં જનોની મુક્તિ માટે આ મંદિરમાં રાધાની સાથે ગોપીનાથની આ મૂર્તિની સ્થાપના કરી છે. (૩૮) તેમજ મેં જીવોના કલ્યાણ માટે શ્રીવાસુદેવ તથા સુખકરભક્તિ, ધર્મ તથા સૂર્યનારાયણની સ્થાપના કરી છે. (૩૯)

ઉન્મત્ત ગંગામાં સ્નાન કરી આ મંદિરમાં જે જનો પાપ તથા ત્રિવિધ તાપનો નાશ કરનાર આ ગોપીનાથ દેવના દર્શન કરશે; (૪૦) તે જનોના પાપ નષ્ટ થઈ જશે. અને બીજાઓને દુર્લભ એવી તિર્થયાત્રાઓનું તથા યજ્ઞોનું ફળ પણ તેમને મળશે. (૪૧)

જે જનો પોતાના ધર્મનું અનુવર્તન કરીને ભક્તિપૂર્વક એમના દર્શન કરશે તે જનો સંસૃતિથી મુક્ત થશે. (૪૨) જે જનો દરેક પૂર્ણમાસીએ અહીં આવી પ્રીતિપૂર્વક આ ગોપીનાથ દેવના દર્શન કરશે. (૪૩)

તેમના સમગ્ર મનોરથો પુણ્યદર્શન મનોહર આ ગોપીનાથની પ્રસન્નતાથી તત્કાળ સિદ્ધ થશે. (૪૪) હે ભક્તો ! જે જનો ગોપીનાથના મંદિરમાં વ્રત-ઉદ્યાપન, જપ, હોમ પુરશ્ચરણ તથા અન્ય સત્કર્મ કરશે. (૪૫)

તે જનોને તે સત્કર્મનું હજાર ગણું ફળ મળશે. તેમજ તેમના સમગ્ર મનોરથો પૂર્ણ થશે. (૪૬) જે જનો દ્રવ્ય, ભૂષણ, વસ્ત્ર વગેરેથી યથાશક્તિ એમની સેવા કરશે તે જનો ઈચ્છિત ભુક્તિ તથા મુક્તિ પામશે. (૪૭)

હે ભક્તો ! હું મારા દર્શન મારા એકાંતિક ભક્તોને એ મૂર્તિઓ દ્વારા જરૂર આપીશ. તથા એ મૂર્તિ દ્વારા પૂજા પણ ગ્રહણ કરીશ. (૪૮) સ્વધર્મમાં રહેલા જનો એમના પવિત્ર સંસેવનથી ચતુર્વર્ગ ફળ પામશે અને તેવા ભક્તજનો ઉપર હું પ્રસન્ન થઈશ. (૪૯)

શ્રીહરિનું આ પ્રકારનું વચન સાંભળીને હર્ષ પામેલા સર્વ ભક્તજનો શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિનું તે વચન પોતાના શિરે ગ્રહણ કરતા હતા. (૫૦) આવી રીતે શ્રીહરિ મંગળમય કૃષ્ણ પ્રતિષ્ઠોત્સવ કરીને પોતાના ભક્તોને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપતા હતા. (૫૧)

પછી તે ભક્તો શક્તિ પ્રમાણે ધન, આભૂષણ તથા વસ્ત્રો વગેરેથી ગોપીનાથ તથા ધર્મપુત્ર શ્રીહરિનું પૂજન કરીને તથા તેમને નમસ્કાર કરીને પોતપોતાને દેશ ગયા. (૫૨) શ્રીહરિના ચરણકમળમાં આસક્ત માર્ગમાં ચાલતા હતા તે ભક્તો ગોપીનાથજીના પ્રતિષ્ઠોત્સવનું વર્ણન કરતા તથા શ્રીહરિને સંભારતા પોતપોતાના દેશ પ્રત્યે ગયા. (૫૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમં શ્રી ગોપીનાથજીનો પ્રતિષ્ઠોત્સવ નિરૂપણ નામે ચાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૦)



અધ્યાય ૪૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જેમના મનોરથો સદા પૂર્ણ થતા તે બુદ્ધિમાન્ ઉત્તમ રાજા શ્રીહરિ તથા તેમના બંધુજનોની ભક્તિપૂર્વક નિરંતર સેવા કરતા હતા. (૧)

શ્રીહરિનો જેમને આશ્રય છે તે ઉત્તમ રાજાની બહેનો જ્યા તથા લલિતા પણ શ્રીહરિની સેવા કરવામાં અત્યંત આનંદ માનતા હતા. તથા પુરના સર્વ જનો પણ આનંદ પામતા હતા. (૨)

પછી વર્ણિઓ, સાધુ, પાર્ષદો વગેરેને પોતપોતાના ધર્મમાં વર્તાવવા માટે ગોપાળાનંદ સ્વામીને બોલાવી શ્રીહરિ તેમને કહેવા લાગ્યા. (૩) હે મહામુને ! યોગના પારને તમો પામ્યા છો, મને અતિપ્રિય છો. તમો મારા એકાંતિક ભક્ત છો. માટે ત્યાગીઓને ધર્મમાં વર્તાવવા માટે સમર્થ છો. (૪)

હે મહામુને ! તમોએ મારા સમગ્ર આશ્રિત આ ત્યાગીઓને આચાર્યની અનુમતિથી તેમના ધર્મમાં વર્તાવવા. (૫) હે મહામતે ! અત્યંત જ્ઞાની એવા તમારે તેમને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધિ વાતો કરવી અને તેમને યથાયોગ્ય ઉપદેશ આપવો. (૬)

હે મુને ! ભક્તજનોના આત્યંતિક મોક્ષ માટે મેં સ્થાપન કરેલા એકાંતિક ધર્મની પુષ્ટિ તમારે સદા કરવી. (૭) શ્રીહરિએ પ્રીતિપૂર્વક આ પ્રમાણે ગોપાળાનંદસ્વામીને કહ્યું. તેથી ગોપાળાનંદ મુનીંદ્રે, જેમને શ્રીહરિના અનુગ્રહથી ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે. તો પણ નમ્રતાપૂર્વક શ્રીહરિને ''આપ જેમ તમે કહો છો તેમ કરીશ.'' એ પ્રમાણે કહ્યું. (૮)

અબાધિત જ્ઞાનવાળા અને યોગકળાના નિધિ ગોપાળાનંદ મુનિ ઉપર શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને પોતાના આશ્રિત સર્વ મુનિઓ પ્રત્યે કહેવા લાગ્યા. (૯) હે ત્યાગીઓ ! મારા આશ્રિતો તમારે આ મુનિની આજ્ઞામાં વર્તવું, આ સત્સંગમાં જે મારી આજ્ઞા પ્રમાણે નહિ વર્તે તે નિશ્ચય મારો નથીજ. (૧૦)

આવી રીતે શ્રીહરિએ કહ્યું તેથી સમગ્ર ત્યાગીઓએ શ્રીહરિને પ્રણામ કરીને 'હે હરે ! અમો આવી રીતેજ વર્તીશું પરંતુ બીજી રીતે આચરણ નહિ કરીએ' એમ કહ્યું. (૧૧) તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિ પોતાના બે ભક્તો પ્રત્યે કહેવા લાગ્યા. 'એમ હોય તો તમારું નિશ્ચય આત્યંતિક શ્રેય થશે.' (૧૨)

ત્યારબાદ શ્રીહરિની સેવામાં અખંડ તત્પર શતાનંદમુનીંદ્ર પ્રીતિપૂર્વક અચ્યુત શ્રીહરિને નમસ્કાર કરીને સાષ્ટાંગ (આઠ અંગોએ સહિત) યોગ સંબંધી પૂછવા લાગ્યા. (૧૩) તેથી મહા બુદ્ધિશાળી અને પોતાની અનુવૃત્તિવાળા તે યોગીને યોગ પ્રિય શ્રીહરિ પ્રીતિપૂર્વક ''યોગપદેશ'' કહેવા લાગ્યા. (૧૪)

યોગોપદેશમાં પ્રથમ યોગના સાધન યોગ્ય દશ તથા આહાર વગેરેનું યથાશાસ્ત્ર નિરૂપણ કર્યું છે. (૧૫) હે ભૂપતે ! પછી યમ જે અહિંસા વગેરેનું નિરૂપણ તથા શૌચાદિ નિયમો, સ્વસ્તિકાદિ આસનો, પૂરક, કુંભક વગેરે પ્રાણાયામોના પ્રકારો સ્પષ્ટ નિરૂપણ કર્યાં છે. (૧૬)

તે પછી તત્વોનું જ્ઞાન પ્રત્યાહારનું લક્ષણ ધારણા, ધ્યાન અને સમાધિના લક્ષણ સ્પષ્ટ પણે કહ્યાં. (૧૭) પછી ભૌતિક શરીરના વિકારોનું નિરૂપણ કહ્યું. બ્રહ્માંડની રચનાનું પણ શાસ્ત્ર અનુસાર નિરૂપણ કર્યું. (૧૮)

હે મહીપતે ! પછી બહારના તથા અંદરા પાંચ ભૂતોનું સ્વરૂપ પણ શાસ્ત્ર પ્રમાણે કહ્યું. (૧૯) પછી પીંડમાં તથા બ્રહ્માંડમાં રહેલા વાયુના સ્વરૂપનું નિરૂપણ કર્યું. મૃત્યુકાળ જાણવાનું કહ્યું. (૨૦)

હે રાજન્ ! સમગ્ર યોગના રહસ્યનો પ્રકાશ કરવામાં સૂર્ય સમાન આ યોગોપદેશ સત્સંગિજીવનમાં વિસ્તારપૂર્વક વર્ણવ્યો છે. માટે જાણવા ઇચ્છતા જનોએ અતિશ્રેષ્ઠ આ યોગેપદેશ સત્સંગિજીવનમાંથી જાણી લેવો. (૨૧)

હે રાજન્ ! ગઢપુરમાં રહેતા શ્રીહરિ સભામાં બિરાજી ધર્માદિ વાર્તાઓ કરી ભક્તોને આનંદ આપતા હતા. (૨૨) પછી શ્રીહરિકૃષ્ણના દર્શન કરવા માટે ઉત્સાહપૂર્વક જુદા જુદા દેશથી ઘણાં હરિભક્તો ત્યાં આવ્યા. (૨૩)

દેશાન્તરના તે ભક્તો તેમજ પુરના ભક્તો જેમણે શ્રીહરિનું ઐશ્વર્ય જોયું છે તે સર્વ સભામાં શ્રીહરિની આગળ તે સંબંધી જે વાતો કરતા હતા તે તમોને હું કહું છું. (૨૪) હે રાજન્ ! શ્રીહરિએ નરનારાયણ, લક્ષ્મીનારાયણ તથા ગોપીનાથ વગેરે કૃષ્ણની મૂર્તિઓની સ્થાપના કરી. (૨૫)

શ્રીહરિએ જ્યાં જ્યાં તે કૃષ્ણના સ્વરૂપની જુદી જુદી મૂર્તિઓ સ્થાપન કરી તે દિવસથી આરંભીને તે તે સ્થાનમાં તે મૂર્તિઓ દ્વારા જે આશ્ચર્ય થયું તે ઉત્સાહિત ચિત્તવાળા ભક્તો તથા અન્યજનો તથા સ્ત્રીઓ સર્વ જોતા હતા. (૨૬, ૨૭)

તે મનોહર મૂર્તિઓ ક્યારે શ્રીકૃષ્ણના પ્રત્યક્ષ સ્વરૂપની જેમ વારંવાર વિવિધ પ્રકારની ખાનપાન વગેરે ક્રિયા કરતી હતી. (૨૮) ક્યારેક તે મૂર્તિઓ પોતાના દર્શન કરનારા ભક્તોને જોઈને હસતી હતી. તેમજ કેટલાક જનોને દર્શન કરનારા જનોના નામથી હર્ષપૂર્વક બોલાવતી હતી. (૨૯)

હે રાજન્ ! ક્યારેક તે મૂર્તિઓ અતિસુંદર ગાન કરતી હતી. વળી ક્યારેક પોતે પુષ્પોના હાર વગેરે ગ્રહણ કરતી હતી. (૩૦) ક્યારેક તે મૂર્તિઓ જનોએ અર્પણ કરેલા ભોજન સાક્ષાત્ જમતી હતી. ક્યારેક નિવેદન કરેલું દૂધ તથા નિવેદન કરેલું જળ પીતી હતી. (૩૧)

ક્યારેક તે મૂર્તિઓ પોતાના દર્શનના હંમેશના નિયમવાળા પરંતુ કાંઈક વિઘ્નથી અન્ય ગામોમાં રોકાઈ ગયેલા ભક્તોને પોતાના પ્રત્યક્ષ દર્શન આપતી હતી. (૩૨) તે મૂર્તિઓ પોતાની માનતા કરનારા કેટલાક ભક્તોને પુત્ર આપતી હતી, કેટલાકને તેમને શત્રુ તરફથી આવતા સંકટનો નાશ કરતી હતી. (૩૩)

તે મૂર્તિઓ ક્યારેક ભક્તજનોને સ્વપ્નમાં પ્રેરણા કરીને ઘણું દ્રવ્ય અપાવતી હતી. (૩૪) ક્યારેક તે મૂર્તિઓના દર્શન કરનારા ભક્તજનો સમાધિ પામતા હતા. ક્યારેક તે મૂર્તિઓના દર્શન કરનારા ભક્તોજનો તે મૂર્તિમાં અત્યંત પ્રકાશ જોતા હતા. (૩૫) આવા અનેક આશ્ચર્યો ત્યાં વારંવાર થતા હતા. પૃથ્વી ઉપરના ઘણાં જનો તે ઐશ્વર્ય જોઈને તે મૂર્તિઓનો હર્ષપૂર્વક આશ્રય કરતા હતા. (૩૬)

તે જન સમૂહ પોતે જોયેલું સમગ્ર આશ્ચર્ય સભામાં બેઠેલા શ્રીહરિને વારંવાર કહેતા હતા. (૩૭) તે સાંભળીને સભામાં બેઠેલા સર્વજનો વિસ્મય પામી તે શ્રીહરિનો જ પ્રતાપ છે એમ જાણતા હતા. (૩૮)

હે રાજન્ ! આવી રીતે અત્યંત પ્રતાપશાળી દયાળુ શ્રીહરિ મૂર્તિ દ્વારા પાપના સમૂહને

નાશ કરનારું છે શ્રવણ જેમનું એવો પોતાનો સર્વોપરી પ્રતાપ વિસ્તારતા હતા. (૩૯) હે નૃપતે! સમુદ્ર પર્યન્ત આ પૃથ્વી ઉપર સર્વત્ર વ્યાપ્ત આશ્ચર્યજનક પવિત્ર શ્રીહરિનો પ્રતાપ સર્વ ગામોમાં તથા સર્વ નગરોમાં જનસમૂહ આશ્ચર્યપૂર્વક ગાતા હતા. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં મૂર્તિદ્વારા શ્રીહરિએ બતાવેલા દિવ્ય ઐશ્વર્ય વગેરેનું નિરૂપણ નામે એકતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૧)



અધ્યાય ૪૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે પોતાના નિવાસસ્થાનમાં સુંદર સિંહાસનમાં બિરાજેલા સર્વ જીવોના હિત માટે પ્રવૃત્તિ કરતા શ્રીહરિ આ પ્રમાણે ચિંતવન કરતા હતા. (૧)

પૃથ્વી ઉપર અસંખ્ય જનોની મુક્તિ માટે મેં મંદિરો કરાવી તેમાં લક્ષ્મીનારાયણ વગેરે દેવોનું સંસ્થાપન કર્યું છે. (૨) રઘુવીર તથા અયોધ્યાપ્રસાદ એ બંનેને આ લોકમાં ધર્મનું રક્ષણ કરવા માટે મારા આશ્રિતોના ગુરુ તરીકે મેં સ્થાપન કર્યા છે. (૩)

વળી સત્શાસ્ત્રના સાર યુક્ત ધર્મ, જ્ઞાન વગેરેના ઉપદેશથી પૂર્ણ સર્વ શાસ્ત્રોમાં ઉત્તમ શિક્ષાપત્રી મેં રચી છે. (૪) વળી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરેનો પ્રકાશ કરવામાં સૂર્યસમાન સત્સંગિજીવન નામનો ગ્રંથ પણ લગભગ તૈયાર થઈ ગયો છે. (૫)

જીવોની આત્યંતિક મુક્તિ માટે મેં આ ભૂમિ ઉપર પ્રગટ થઈને જે કાર્ય સિદ્ધ કરવાનું હતું તે સર્વ ઉત્તમ રીતે કર્યું છે. (૬) વળી મારા આશ્રિત હજારો જનો ઉપર અત્યંત દયાથી મેં તેમને મારા સ્વરૂપનું વિજ્ઞાન પણ કર્યું છે. (૭)

મારા આશ્રિત જનસમુદાય ધર્મ, જ્ઞાન વગેરે સદ્‌ગુણોથી યુક્ત થઈ અધર્મનો ત્યાગ કરીને, આ લોકમાં ધર્મના વંશની રીતિ અનુસાર વર્તે છે. (૮)

પૃથ્વી ઉપર ઉદ્ધવ, મરિચિ વગેરે મહર્ષિઓ સર્વને દુર્વાસાના શાપથી મેં મુકાવીને તેમને સર્વને દિવ્ય ગતિ પમાડી છે. (૯)

મારે વિષે અત્યંત સ્નેહવાળા, પવિત્ર વ્રતવાળાં, મારો વિયોગ ક્ષણવાર પણ સહન કરવા માટે અત્યંત અશક્ત એવા જે ભક્તિ તથા ધર્મ તે બંનેને તો મારી ઈચ્છાથી મેં પ્રથમ જ દિવ્યગતિ

આપી છે. અને તેઓ હંમેશાં મારી સમીપે જ બિરાજે છે. (૧૦, ૧૧)

મારા વિષે અતિસ્નેહવાળા મારા આશ્રિત હજારો ત્યાગીઓ બીજા ગૃહસ્થજનો જે અહીં છે. (૧૨) તે સર્વ પ્રાણથી પણ અતિપ્રિય મને માને છે. તેથી મારો વિરહ થવાથી તેઓ શોકાતુર થઈ પોતાના પ્રાણ ધારણ કરવા માટે સમર્થ નહિ થાય. (૧૩)

માટે પહેલાં મારા આશ્રિત એ સર્વને શાંતિ પમાડી મારે કરવાનું સમગ્ર કાર્ય સિદ્ધ થયું હોવાથી હું હવે મારા અક્ષરધામમાં જઈશ. (૧૪) હે ભૂપત ! એકાંતિક ભક્તજનોને અતિપ્રિય, ભક્તનું હિત વહન કરનારા શ્રીહરિ દયાથી આર્દ્ર હૃદયપૂર્વક આ પ્રમાણે ચિંતવન કરવા લાગ્યા. (૧૫)

હે રાજન્ ! એ સમયે વ્યાપક શ્રીહરિનું મનોગત રહસ્ય જાણનારા અક્ષરમુક્તો બ્રહ્મપુરથી શ્રીહરિની સમીપે આવ્યા. (૧૬) કોટાનકોટિ સૂર્ય સમાન પ્રકાશવાળા દિવ્ય વસ્ત્રો દિવ્ય અલંકારો ધારણ કરેલા જેમના દિવ્ય દેહો શોભે છે એવા; (૧૭)

જેમની ઈષ્ટગતિ સદા અવિનાશી છે એવો, નિર્ભય, જુદાજુદા પ્રકારની વ્યાધિ રહિત બ્રહ્માદિ દેવતાઓ પણ જેમના દર્શનની ઈચ્છા રાખે છે. એવો, મહૈશ્વર્યવાળો, મહદ્ ઈચ્છાવાળો; (૧૮) ગોલોક વગેરે ધામથી પણ અધિક પ્રતાપવાળો, દિવ્ય અલંકારો તથા દિવ્ય વસ્ત્રોવાળો તે મુક્ત સમુહ, શ્રીહરિના દર્શન કરવાની ઈચ્છાથી ત્યાં આવ્યો. (૧૯)

પછી તે સર્વ મુક્તો પ્રેમાશ્રુથી પૂર્ણ નેત્રવાળા, રોમાંચિત શરીરવાળા, નખમણિની કાંતિથી શોભાયમાન શ્રીહરિના ચરણકમળના યુગ્મમાં પોતાના મસ્તક નમાવી પ્રણામ કરવા લાગ્યા. (૨૦)

પછી દયાર્દ્ર અમૃતમય દષ્ટિથી પુરુષોત્તમ શ્રીહરિએ પોતાના તે મુક્તોની સંભાવના કરી. તે સર્વ મુક્તોએ પણ શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું અને બે હાથ જોડી શ્રીહરિના દર્શન કરતા ઊભા રહ્યા. (૨૧)

પછી તે મુક્તોમાં જે અક્ષરમુક્તોના સમૂહો હતા તે સર્વ પોતાના હૃદયમાં શ્રીહરિના હૃદયનો અભિપ્રાય તથા પ્રસન્નતા જાણી સર્વ જનોને મંગળમય એના મનુષ્ય મૂર્તિ, ધર્મપુત્ર, અનુપમ શ્રીહરિને વિનય અને નમ્રતાપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૨)

હે આનંદકંદ ! ધ્યાન કરનારા જનોના વિનાશ કર્યા છે સમગ્ર દોષો જેમણે એવા, સમગ્ર મંગળના મૂળભૂત, આદિ તીર્થના સ્થાનભૂત, પલ્લવ સમાન કોમળ, અમો હંમેશાં જેમની ઉપાસના કરીએ છીએ તેવા, ઉપનિષદના સમૂહોએ વર્ણન કરેલા આપના આ ચરણકમળને અમો વંદન કરીએ છીએ. (૨૩)

સર્વથી પાર અક્ષરધામમાં અનાદિ શોભાયમાન એવા દિવ્ય અવયવોથી સુંદર, કિશોર મૂર્તિવાળા,

દિવ્ય અનંત ઐશ્વર્ય, શાંતિ, ગુણ, વૈભવ, સૌંદર્ય વગેરે જેમને છે એવા, અનંત, આનંદ, શક્તિ, બળ, ધૈર્ય, તેજ, પરમકારુણ્ય, સૌશિલ્ય, ઔદાર્ય વગેરે ગુણોથી નિરંતર સેવાયેલાં છે. ચરણકમળ જેમના એવા આપ છો. (૨૪)

હે અપાર ઐશ્વર્યવાળા ! સર્વ અવતારોના એક કારણ, સ્વતઃ સિદ્ધ, સત્ય, અપાર બોધના સમુદ્ર, દિવ્યાત્માવાળા, જ્ઞાન વગેરે ઐશ્વર્યોથી ઉપાસના કરવા યોગ્ય, સમગ્ર કારણોના કારણ આપ છો. (૨૫)

આ પૃથ્વી ઉપર અસંખ્ય જનોની આત્યંતિકી મુક્તિ કરવા માટે ધર્મ તથા સાધુઓનું રક્ષણ કરવા માટે, પૃથ્વી ઉપર ભારભૂત અસુરોનો નાશ કરવા માટે સ્વયં ઐશ્વર્યવાળા, આપ આપની ઈચ્છાથી બ્રાહ્મણ વંશમાં પ્રગટ થયા છો. (૨૬)

હે હરે ! કરુણા સાગર ! આત્મારામ યોગીઓના સમૂહ જેમના બંને ચરણકમળોને નમસ્કાર કરે છે એવા આપે આ પૃથ્વી ઉપર આપના દિવ્ય પ્રતાપથી સુખના કારણ રૂપ એકાંતિક ધર્મ તથા વર્ણાશ્રમને યોગ્ય ધર્મનું સ્થાપન કર્યું છે. (૨૭)

હે સ્વામિન્ ! જેમ અહીં આપે કૃપાપૂર્વક આપના જનોને વારંવાર સુખ આપ્યું છે તથા આપના ભક્તજનોનું પરિપાલન વારંવાર કર્યું છે, તેવું ક્યારેય પણ આગળ ગુણનિધિ સમાન આપના બીજા અવતારોએ કર્યું નથી. (અવતાર અવતારીનું આજ સ્પષ્ટ લક્ષણ છે.) (૨૮)

હે હરે ! બ્રહ્મધામમાં સત્ય, અલૌકિક અણિમાદિ સિદ્ધિઓ તથા સંપત્તિઓના સમૂહ જેમના ચરણની સેવામાં છે. એવા આપ છો. છતાં પણ આ લોકમાં સામાન્ય મનુષ્યોએ અર્પણ કરેલાં ફળ, ફુલ વગેરે ગ્રહણ કરો છો એજ આપની કૃપા, અમો તેનું વર્ણન કરવા માટે શક્તિમાન નથી. અન્ય પણ એ અપાર કૃપાનું વર્ણન કરવા માટે, શક્તિમાન નથી. (૨૯)

હે હરે ! આપના ધામમાં આપના દિવ્ય પાર્ષદો ભક્તિપૂર્વક દિવ્યોપચારોથી આપની સદા પૂજા કરે છે. પૃથ્વી ઉપર રાજાધિરાજાઓ પણ આપને પૂજે છે. છતાં પણ રંક એવા આપના ભક્તજનોની સેવા આપ અંગીકાર કરો છો. (૩૦)

અનાદિ અવિદ્યાથી સંવેષ્ટિત અત્યંત દુઃખમય આ સંસારમાં ભમતા જડબુદ્ધિવાળા જનો ક્યાં અને સમગ્ર અવતારોના કારણ રૂપ આપ પ્રત્યક્ષ ભગવાન ક્યાં ? એટલે પ્રતીત થાય છે કે હાલમાં જનો ઉપર આપની અનુપમ કરુણા છે. (૩૧)

હે હરે ! આ પૃથ્વી ઉપર પૂર્વે આપના અવતારોએ દૈત્યોને હણ્યા છે. દૈત્યોથી અધિક બળ, પરાક્રમથી યુક્ત મનુષ્યો, દેવતાઓ તથા દૈત્યો પણ જેને જીતી શકતા નથી તેવા કામ રૂપી મનુષ્યોના અંતઃ શત્રુઓનો આપે નાશ કર્યો છે. (દૃશ્ય લક્ષ્યને ભેદવા કરતાં અદૃશ્ય લક્ષ્યને ભેદવો તે દુષ્કર છે. દૃશ્ય દૈત્યોને હણવા કરતાં કામક્રોધાદિ અદૃશ્ય દૈત્યોને હણવા

તે અતિ કઠણ છે. (૩૨)

હે સ્વામિન્ ! મુનીન્દ્રો, સનકાદિક, વેદો તેમજ ઉપનિષદોએ આપનું ગાન કર્યું છે. અને આપનો વિસ્તાર પ્રસિદ્ધ કર્યો છે. શેષ, શારદા તેમજ અમાપ અને અનુપમ સમગ્ર અવતારોથી પણ શ્રેષ્ઠ એવો આપનો આ પ્રતાપ પૃથ્વી ઉપર સર્વોપરી રીતે પ્રગટ થયો છે. (૩૩)

હે સ્વામિન્ ! અહીં આપે જેમ અસંખ્ય જન સમૂહને સમાધિ દ્વારા આપનું ઐશ્વર્ય બતાવ્યું છે. તેવી રીતે પહેલાં આપના કોઈ અવતારોએ બતાવ્યું નથી, માટે આપ પૂર્ણકામ અને સર્વ અવતારોના અવતારી છો. (૩૪)

હે હરે ! યમ વગેરે નિયમો પાળવાનો જેણે પ્રયત્ન કર્યો નથી એવા અનેક ભક્તો આપની કૃપાથી અષ્ટાંગ યોગની દૃઢસિદ્ધિ પામ્યા છે. આપે જેવો કલ્યાણનો વેદોક્ત માર્ગ આ લોકમાં પ્રવર્તાવ્યો છે તેવો ક્યારેય પણ બીજાઓએ પ્રવર્તાવ્યો નથી. (૩૫)

હે હરે ! આપનો આશ્રય કરનારા જનોનું અનાદિ અવિદ્યાનું બંધન કૃપાપૂર્વક આપ છેદો છો આ લોકમાં આપના પ્રતાપથી તે સર્વને આપે અમારા (અક્ષર મુકતો) તુલ્ય બનાવ્યા છે અને તેમને આપ આપના બ્રહ્મ ધામમાં લઈ જાવ છો. આ આપની અનન્ય કરુણા છે. (૩૬)

યોગના કૌશલ્યથી અંધકારરૂપી કબાટને ઉઘાડીને આપના ચરણની સ્મૃતિથી સાફ કરેલા હૃદયરૂપી મંદિરમાં અહંગ્રંથિથી રહિત અને નષ્ટ થઈ છે કામની ઈચ્છા જેમને એવો યોગીસમૂહ, આપના સર્વોપરી અને સત્યસ્વરૂપનું ધ્યાન કરે છે. (૩૭)

અનંતકોટિ, બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય છે લીલા જેમની એવા, આ ભૂતળ ઉપર ધારણ કર્યું છે નરનાટ્ય જેમણે એવા, આપ આપના પ્રતાપથી અધર્મને મૂળમાંથી ઉખેડી, ધર્મનું પોષણ કરી, આ લોકમાં અત્યંત સર્વોત્કર્ષપણે વર્તો છો. (૩૮)

હે હરે ! મનુષ્યોને આપના ચરણકમળમાં ચિંતવનથી જે અત્યંત સુખ તથા આપના સાધુઓએ કહેલી આપની કથા સાંભળવાથી જે શાંતિ થાય છે તે શાંતિ કેવળ બ્રહ્મમાં પણ નથી. તો કાળથી હણાયેલા અને પોતાના વિમાનમાંથી નીચે પડતા દેવતાઓને તે શાંતિ ન હોય તેમાં હે પ્રભો ! શું આશ્ચર્ય છે ? (૩૯)

હે સ્વામિન્ ! આપના ચરણકમળની સુગંધમાં જેમનો આત્મા લુબ્ધ થયો છે એવા અને સુંદર ચિહ્નોને ભજનારા સાધુઓનો પ્રસંગ આ પૃથ્વી ઉપર જે જનો કરે છે તે જનો અત્યંત ઈષ્ટ એવા પોતાના શરીરને પણ સંભારતા નથી અને પોતાના દેહના જે સંબંધીઓ પુત્ર, વિત્ત, ઘર, સુહૃદા જે કેવળ દુઃખરૂપ જ છે તેમને પણ સંભારતા નથી. (૪૦)

હે હરે ! દૃઢ એવાં પાંચ પર્વથી સહિત અવિદ્યામય મનુષ્યોના અજ્ઞાનનો આપના પ્રતાપથી

વિનાશ કરતા હે સ્વામિનારાયણ ! આપ અહીં કરુણાપૂર્વક આપના આશ્રિતભક્તોને ધર્મ, જ્ઞાન, તપ, વિરક્તિ, વિનય, ક્ષાંતિ વગેરે સદ્ગુણો પમાડી આપ શોભો છો. (૪૧)

હે હરે ! માયા, પુરુષ, કાળ, તત્વના સમૂહ તથા બ્રહ્માદિ ઈશ્વરો, સર્વ ઈશ્વરોના ઈશ્વર, પુરુષોત્તમ એવા આપથી અત્યંત ભય પામી નાથેલા બળદોની જેમ આપની આજ્ઞાનું હંમેશાં પાલન કરો છે. માટે હે અખિલપતે ! આપ ચિંતામણિની માફક આપનાથી અન્ય કોઈની પણ તુલ્ય નથી. (વેદો જેમ વેદોનીજ તુલ્ય છે. ચિંતામણિ જેમ ચિંતામણિનીજ તુલ્ય છે તેમ આપની તુલ્ય આપજ છો.) (૪૨)

હે પ્રભો ! હે ભૂમન્ ! પૃથ્વી વગેરે સમગ્ર દશદશ ગુણોથી અધિક આવૃત્તિ યુક્ત અગણિત બ્રહ્માંડના સમૂહ આપના રોમના છિદ્રમાં પરમાણુની માફક ભમે છે. અહો ! આ મોટું આશ્ચર્ય છે ! હે પ્રભો ! આપનું સમગ્ર માહાત્મ્ય ગુણ વગેરે કહેવા માટે બુદ્ધિશાળી અમો તેમજ શેષાદિ, ઉપનિષદ્ સમૂહ તથા અન્ય કોઈ શક્તિમાન નથી જ. (૪૩)

આપનું શરણ પામેલા જનસમૂહ જેમનો કાળ, કર્મ, માયાનો ભય હરણ કરનારું છે નામ જેમનું એવા શ્રી સ્વામિનારાયણ નામના ઉચ્ચારણ માત્રથી સમગ્ર પાપ નાશ થઈ જાય છે. એવા હે અવતારી પુરુષોત્તમ ! આપ જયકારી પ્રવર્તો. (૪૪)

હે હરે ! સમગ્ર અભિલાષા પૂરનારું, અતિ પવિત્ર, જગતમાં જન્મમરણના ભયથી મુક્તિ માટે જનો જેમનું વિશેષ ચિંતવન કરે છે, શુભ ગુણના સ્થાનભૂત, આપના ચરણ યુગલને અમો રાત્રિ દિવસ નમસ્કાર કરીએ છીએ. (૪૫)

હે મનુજ પતે ! મહાબુદ્ધિશાળી તે મુક્તો સ્તુતિ કરવા યોગ્ય કીર્તિવાળા ધર્મપુત્ર શ્રીહરિની આ પ્રમાણે સ્તુતિ કરીને શ્રીહરિનું સર્વોપરી માહાત્મ્ય અત્યંત જાણતા પોતાના ઈષ્ટ દેવ શ્રીહરિ પ્રત્યે ફરીથી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં અક્ષર મુક્તોએ શ્રીહરિની સ્તુતિ કરી તે નિરૂપણ નામે બેતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૨)



અધ્યાય ૪૩ મો

અક્ષર મુક્તો કહે છે :- હે પ્રભો સર્વ આવિર્ભાવના હેતુ એવા આપે આ પૃથ્વી ઉપર આવિર્ભાવ પામીને સર્વ કાર્ય આપ સાધ્ય કર્યું છે. કાંઈપણ બાકી રાખ્યું નથી. (૧) હે સત્પતે ! ધર્મ અને સાધુઓનો દ્રોહ કરનારા દૈત્યાંશો ઘણાં દેશિકો સર્વને આપે આપના પ્રતાપથી પરાસ્ત કર્યા છે. (૨)

હે હરે ! આપે મનુષ્યોના હૃદયમાંથી, આપના પ્રતાપથી અને સચ્છાસ્ત્રથી ઉદ્‌બોધનથી, લોભ, કામ, ક્રોધ વગેરે અધર્મ વંશથી ઉત્પન્ન થયેલાં દોષો ઉખેડી નાખ્યા છે. (૩) હે પ્રભો ! સત્ય, અસ્તેય, તપ, સંતોષ, બ્રહ્મચર્ય, વગેરે જેમને છે એવા ધર્મવંશના ગુણો આપે મનુષ્યોના હૃદયમાં સંસ્થાપન કર્યા છે. (૪)

હે હરે ! આપે જીવોના કલ્યાણ માટે પૃથ્વી ઉપર ચાર અંગ સહિતની ભક્તિ સર્વ જગ્યાએ (દરેકના ગૃહોમાં) આપના પ્રતાપથી પ્રવર્તાવી છે. (૫) હે ભૂમન્ ! આપે ધર્મ, મૂર્તિ, ઉદ્ધવ તેમજ ઋષિઓ વગેરેને (મરીચ્યાદિ) દુર્વાસાના શાપથી મૂકાવ્યા. બીજા ઋષિઓ પણ આપના પ્રતાપથી મૂકાશે. (૬) હે હરે ! આપે પૃથ્વીના તળમાં ઉદ્‌ગીથ વગેરે બ્રહ્મવિદ્યા તથા નાના પ્રકારની યોગકળા, અહિંસક યજ્ઞો વગેરે પ્રવર્તાવ્યા (૭) હે પ્રભો ! આપે સર્વ પ્રકારે વેદ, સચ્છાસત્ર, તીર્થો, બ્રાહ્મણો વગેરે પ્રત્યેની શ્રદ્ધા પૃથ્વી ઉપર પ્રવર્તાવી. (૮)

હે હરે ! આપે આ પૃથ્વી ઉપર કૌલાગમ વગેરે અસત્ શાસ્ત્ર તથા નાસ્તિકોના મતનું ખંડન કરી સનાતન ધર્મની સ્થાપના કરી છે. (૯) હે હરે ! આ લોકમાં આપે મંદિરો કરાવીને તેમાં આપના આશ્રિત ભક્તજનોના સુખ માટે નરનારાયણ વગેરે આપના સ્વરૂપની મૂર્તિઓની સ્થાપના કરી છે. (૧૦) હે હરે ! ભક્તિમાર્ગની પ્રવૃત્તિ માટે આપે ધર્મવંશી બ્રાહ્મણોમાં આચાર્યપણું સ્થાપન કર્યું તથા દીક્ષાની રીત પણ પ્રવર્તાવી. (૧૧) આપે આપના આશ્રિતોમાં સદાચારની પ્રવૃત્તિ માટે સચ્છાસ્ત્ર સાર રૂપ શિક્ષાપત્રી પૃથ્વી ઉપર પ્રવર્તાવી. (૧૨)

બ્રાહ્મણાદિ ચાર વર્ણ તથા બ્રહ્મચર્યાદિ ચાર આશ્રમો, સ્ત્રીઓ તથા શંકર જાતિના સામાન્ય તથા વિશેષ ધર્મો, આપે યથાર્થ રીતે પ્રવર્તાવ્યા. (૧૩) હે હરે ! આપે એકાંતિક સદ્ધર્મનું પણ શાસ્ત્ર પ્રમાણે નિરૂપણ કર્યું છે. કોઈથી સાધ્ય ન થઈ શકે એવો, એકાંતિક ધર્મ આપે અહીં આપના પ્રતાપથી પ્રવર્તાવ્યો છે. (૧૪) કળિયુગમાં સર્વજનોના ઉદ્ધાર માટે શતાનંદ મુનિ પાસે સત્સંગિજીવન નામનો શ્રેષ્ઠગ્રંથ આપે રચાવ્યો છે, તે પણ લગભગ સમાપ્ત કર્યો છે. (૧૫) હે હરે ! સર્વ વ્રતોત્સવવિધિ આપે કહ્યો તથા અષ્ટાંગ યોગનો સર્વવિધિ પણ સ્પષ્ટ પ્રકારે નિરૂપણ કર્યો છે. (૧૬) સંસાર સાગરમાં

સુંદર નૌકા સમાન, બ્રહ્માંડને પવિત્ર કરનારી, દિવ્ય, વિવિધ પ્રકારની લીલા, આપે આ ભૂતળ ઉપર કરી છે. (૧૭) હે સત્પતે ! આપના પ્રતાપથી અસંખ્ય જીવોને સમાધિ કરાવી આપે ગોલોકાદિ આપના ધામ બતાવ્યા છે. (૧૮)

તે ધામોમાં રહેલી આપની મૂર્તિઓ પણ તેમને બતાવી તથા તે ધામોમાં અતિ દિવ્ય જે ઐશ્વર્ય તથા દિવ્ય રૂપવાળા આપના પાર્ષદો પણ તેમને બતાવ્યા છે. (૧૯) હે સ્વામિન્ ! આપે કેટલીક મનુષ્યોને રાધાકૃષ્ણના સ્વરૂપોના યથેચ્છ દર્શન આપ્યાં છે. (૨૦)

તેમજ આપના અવતારોની મૂર્તિઓ આપની મૂર્તિમાંથી પ્રગટ કરી, આ પૃથ્વી ઉપર કેટલાક જનોને આપે બતાવી છે. (૨૧) હે દયાસાગર ! હે હરે ! તે મૂર્તિઓને આપે આપના સ્વરૂપમાં લીન કરીને પ્રથમની માફક આપે તેમને આપના દર્શન આપ્યા. (૨૨)

આવા મહા આશ્ચર્યકારી, વિવિધ ધર્મ પરાયણ આપનું અસાધારણ શુભ ઐશ્વર્ય જનસમૂહને બતાવીને; (૨૩) હે હરે ! આપે સર્વ અવતારના કારણપણું તથા સર્વેશ્વરપણું, સ્વતંત્રપણું, સર્વોપરીપણું કૃપાપૂવક સૌને બતાવ્યું છે. (૨૪)

આ પ્રકારે જે અન્યથી સાધ્ય ન થઈ શકે અને જે ફક્ત આપ જ કરી શકો તે કરવા યોગ્ય સર્વ કાર્ય આપે કર્યું છે. કાંઈપણ બાકી રાખ્યું નથી. (૨૫) માટે સર્વનાસાક્ષી, સ્વતંત્ર આપ અમારી પ્રાર્થના સ્વીકારી આપના અનુપમ બ્રહ્મપુર ધામમાં પધારો. (૨૬)

હે ભૂપતે ! આવી રીતે શ્રીહરિ પોતાની ઈચ્છાને અનુરૂપ અક્ષરમુક્તોના વચન સાંભળી તે અક્ષરમુક્તો પ્રત્યે મંદહાસ્ય પૂર્વક સુધાથી પણ શ્રેષ્ઠ વચન સ્પષ્ટપણે કહેવા લાગ્યા. (૨૭) હે મહામુક્તો ! આપે જે કહ્યું ત ઠીકજ કહ્યું છે. મારાથી સાધ્ય સમગ્ર કાર્ય મેં મનુષ્યોની મુક્તિ માટે કર્યું છે. (૨૮)

તોપણ હે ઉત્તમ મુક્તો ! મારા ચિત્તમાં એક સંકલ્પ છે. તે મારું રહસ્ય સર્વપ્રકારે જાણનારા તમોને હું કહું છું (૨૯) જ્યારે હું તિરોધાન (અંતર્ધાન) થાઉં ત્યારે મારે વિષે ગાઢ સ્નેહવાળા મારા સર્વ આશ્રિતો પોતાના પ્રાણનો ત્યાગ કરે. (૩૦)

અથવા મારો વિયોગ સહન કરવા માટે અસમર્થ એ ભક્તો જળવિના માછલી જેમ મૃત્યુ પામે તેમ મારા વિના વારંવાર અચેતન થઈ જશે. (૩૧) હે મુક્તો ! માટે મારે વિષે આસક્ત મનવાળા મારા આશ્રિત સર્વ જનોને સાંતવન આપીને અનાદિ સિદ્ધ અને સદાસત્ય એવા મારા સર્વોપરી ધામમાં હું આવીશ. (૩૨)

હે રાજન્ ! આ પ્રકારનું પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણનું અમૃતથી પણ અતિ મિષ્ટ મંગળકારી વચન સાંભળીને આનંદ પામેલા તે મુક્તો પરમાનંદના કારણરૂપ પોતાના અનુપમ ઈષ્ટ

શ્રીહરિની અપાર કરુણાનું વર્ણન કરતા બ્રહ્મધામમાં ગયા. (૩૩)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં અક્ષરમુક્તોએ વર્ણન કરેલું શ્રીહરિનું ઐશ્વર્ય નિરૂપણ નામે તેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૩)



અધ્યાય ૪૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે ભૂપતે ! ધામમાં જવા માટેનો પોતાનો અભિપ્રાય કહેવા ઇચ્છતા શ્રીહરિ મુકુંદાનંદ વર્ણી પાસે પોતાના ભક્તજનોને બોલાવતા હતા. (૧) હે રાજન્ ! પછી વર્ણીંદ્રે શ્રીહરિને પ્રિય એવા તે ભક્તજનોને બોલાવ્યા તેથી તે જનો શ્રીહરિના નિવાસસ્થાનમાં જ્યાં શ્રીહરિ બિરાજતા હતા તેમની સમીપે આવ્યા. (૨)

રામપ્રતાપ તથા ઇચ્છારામ બંને તત્કાળ શ્રીહરિની સમીપે આવ્યા. તેમજ અયોધ્યાપ્રસાદ તથા રઘુવીર પણ આવ્યા. અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરની માતાઓ સુવાસિની તથા વલિયારી પણ આવી. (૩)

ગોપાળાનંદ સહિત મુનિવર મુક્તાનંદ તથા હું શુકાનંદ મુનિ તેમજ અમારી સાથે બ્રહ્માનંદ તથા નિત્યાનંદ પણ ત્યાં આવ્યા. (૪) આનંદાનંદની સાથે ભજનાનંદ ત્યાં આવ્યા. તેમજ નિર્ગુણાનંદ વગેરે અન્ય મુનિઓ પણ ત્યાં આવ્યા. (૫)

દીનાનાથ વગેરે બ્રાહ્મણો, સોમાખાચર, સૂરાખાચર તથા ઉત્તમ દરબાર વગેરે ક્ષત્રિયો શ્રીહરિના આશ્રિતો - તથા હરજી ઠક્કર તથા લાધો ઠક્કર વગેરે ગૃહસ્થો પણ ત્યાં આવ્યા. (૬) વળી રતનજી, મયજીત વગેરે પાર્ષદો પણ ત્યાં આવ્યા. તેમજ રમા, લલિતા વગેરે સ્ત્રીઓ પણ ત્યાં આવી. (૭)

તે ભક્તજનો શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિની સમીપે શ્રીહરિના દર્શન કરતા સ્થિર નેત્રોથી યથાયોગ્ય સ્થાને બેઠા. (૮) વિચક્ષણ શ્રીહરિ દયાર્દ્ર દૃષ્ટિથી પોતાને વિષે આસકિતવાળા તે ભક્તોને જોતા તથા તેમને ઉપદેશ આપતા આ પ્રમાણે કહેવા લાગ્યા. (૯)

હે ભક્તજનો ! તમો સર્વ મારું વચન સાંભળો. પોતાની ઇચ્છાથી ગ્રહણ કરી છે મનુષ્યાકૃતિ જેમણે એવા મને તમો પરમાત્મા જાણો. (૧૦) હું જેને માટે આ લોકમાં પ્રગટ થયો છું તે સમગ્ર કાર્ય મેં પૂરું કર્યું છે. કાંઈ પણ બાકી નથી. (૧૧)

માટે હે ભક્તો ! હું મારા બ્રહ્મપુર ધામમાં જવા ઇચ્છું છું. વિવિધ પ્રકારના કલેશવાળો

આ નશ્વર લોક મને રુચતો નથી. (૧૨) ધામમાં રહેલા અક્ષર મુક્તોએ મારી સમીપે આવી સ્તુતિ કરીને કહ્યું કે, મારે મારા ધામમાં આવવું. હે જનો ! આ પ્રમાણે મને કહ્યું. (૧૩)

માટે હું મારા ધામમાં જાઉં એટલે મારા આશ્રિત એવા તમો સૌએ મારી પાછળ પ્રાકૃત જીવની માફક શોક કરવો નહિ. (૧૪) મારી પાછળ કોઈએ આત્મઘાત કરવો નહિ. તેમજ કોઈએ અન્નનો પણ ત્યાગ કરવો નહિ. આ મારું વચન તમારે માનવું. (૧૫)

હે ભક્તો ! જે મારા આ વચનનું ઉલ્લંઘન કરશે તે ગુરુદ્રોહી છે, તે મારો નથી. મારા વચનનું ઉલ્લંઘન કરવાથી ક્યારેય કોઈ શાંતિ પામશે નહિ. (૧૬)

હે ભક્તો ! તમો જ્યારે મારી આજ્ઞાનું સર્વપ્રકારે પાલન કરશો, ત્યારે અંતર્હિત થયા પછી પણ તમારું પ્રત્યક્ષની માફકજ હું હંમેશાં રક્ષણ કરીશ. (૧૭)

હે ભક્તો ! હું ધામમાં જઈને પણ લક્ષ્મીનારાયણ વગેરે મારી મૂર્તિઓમાં રહીશ, તેમજ તમારી સમીપે પણ રહીશ. (૧૮) હે ભક્તો ! મારો જન્મ પ્રાકૃત જીવની માફક નથી તેમજ મૃત્યુ પણ પ્રાકૃત જીવની માફક નથી, પરંતુ હું માયાના આકારથી રહિત, દિવ્યાકાર સહિત, હંમેશાં છું એમ તમો જાણો. (૧૯)

હે જનો ! તો પણ આ લોકમાં મારા ભક્તો જે તમો તે તમારા સુખ માટે મનુષ્ય જેવો હું જણાઉં છું છતાં પણ નિશ્ચય હું દિવ્યસ્વરૂપ જ છું. (૨૦) હે ભક્તો ! અખિલ બ્રહ્માંડોનો આધાર, સર્વ અવતારોનો કારણ, હું ધામમાં રહું છું છતાં પણ અહીં નિરંતર તમારી રક્ષા કરવા સમર્થ છું. (૨૧)

હે રાજન્ ! શ્રીહરિનું આ પ્રકારનું વજ્રપાત સમાન વચન સાંભળીને તે હરિભક્તો વ્યાકુળ થઈ આંખોમાંથી અશ્રુ સારતા તત્કાળ પૃથ્વી ઉપર પડી ગયા. (૨૨) તે ભક્તોમાં કેટલાક મૂર્છા પામ્યા, કેટલાક લીન થઈ ગઈ છે નાડીઓ જેમની એવા થઈ ગયા. બીજા કેટલાક જનોના બંને નેત્રોમાંથી લોહીના બિંદુઓ નીકળવા લાગ્યા. (૨૩)

હે રાજન્ ! તે સમયે શ્રીહરિના આશ્રિતજનો પોતાના દેહનું ભાન ગુમાવી બેઠા અને અત્યંત વિલાપ કરવા લાગ્યા. પછી શ્રીહરિએ આપેલા ધૈર્યથી શ્રીહરિની ઈચ્છાથી તેઓ સૌ ઊઠ્યા. (૨૪) પછી તે સમગ્ર ભક્તજનો શ્રીહરિના થનારા વિયોગથી વ્યાકુળ થયા છે અંતઃકરણ જેમનાં અને તેથીજ આંખોમાંથી અશ્રુ સારતા પ્રાણવલ્લભ શ્રીહરિને ગદ્ગદ્ વાણીથી કહેવા લાગ્યા. (૨૫)

દુઃખોને નાશ કરનારા હે દયાળુ ! આપે આપના ઘણા ભક્તોનો ત્યાગ કરીને આપના ધામમાં જવું નહિ. જો જવું હોય તો આપ છો આયુષ્ય જેમનું એવા અમોને સાથે લઈ ને જ આપ જાવ. (૨૬) હે પ્રભો ! ચકોર પક્ષીને જેમ ચંદ્રમાં પ્રીતિ છે, મયૂર તથા ચાતકપક્ષીને

જેમ મેઘમાં પ્રીતિ છે. પતિવ્રતાને પોતાના સ્વામીમાં જેમ પ્રીતિ છે તેમ અમોને તમારે વિષે અત્યંત પ્રીતિ છે. (૨૭)

હે દયાનિધે ! સ્વભાવ સુંદર, લોકોને મંગળરૂપ, કરોડો કામદેવના ગર્વને ભેદનારું આપનું આ શરીર નહિ દેખાય તો આપના આશ્રિતો અમો આ પૃથ્વી ઉપર કેમ જીવીશું ? (૨૮) અપરિમિત, અનુપમ શોભાવાળી, આપની મૂર્તિમાંથી અમારા નેત્રો છોડાવીને તેમજ અમારા મન તથા ઈન્દ્રિયોને પણ આપના સ્વરૂપમાંથી તોડાવીને અને અમારો ત્યાગ કરીને એકાએક આપે જવું નહિ. (૨૯)

હે હર ! આપની શુભ વાણી રૂપી અમૃતથી તૃપ્તિ પામેલા અમો, આપના અનુગ્રહથી અમોને આપે આ પૃથ્વી ઉપર સાથે રાખ્યા (૩૦)

હે હરે ! આપે અતિ અનુકંપા કરીને અધર્મ સર્ગ તથા કળિયુગથી અસુરાંશ દુષ્ટ જનોના સંગથી તથા આપત્તિના સમૂહથી વારંવાર આ લોકમાં અમારું રક્ષણ કર્યું. (૩૧)

હે હરે ! અનન્ય ચિત્તવાળા અમારી હાલમાં ઉપેક્ષા આપ કેમ કરો છો ? આપનો વિરહ થવાથી અમોને એક ક્ષણ પણ યુગના જેવી થશે (૩૨) હે હરે ! આ લોકમાં આપના વિયોગથી શ્રેષ્ઠ ભોજન વિષતુલ્ય બની જશે. શય્યા બળતા અગ્નિ સમાન થશે, શીતળ ચંદ્રમાં પણ અગ્નિ સમાન જણાશે. (૩૩)

વળી મળિયાગર ચંદન અમને ઝેર તથા કાદવ તુલ્ય લાગશે. ભુવનો ભયંકર બનશે તેમજ આ સમગ્ર જગત શૂન્ય બની જશે. (૩૪) મધુર મંદહાસ્યરૂપી સુધારસના આશ્રય, લક્ષ્મીના ભુવનરૂપ, આપના મુખના દર્શન વિના હે પ્રભો ! અહીં અમારું જીવન કેમ ટકશે ? (૩૫)

હે દયાના મહાસાગર ! હે હરે ! આપના સ્વરૂપમાં લોભ પામેલા અમારા ઈન્દ્રિયો તથા મન પણ વિષયોમાં પ્રવેશતા નથી. આપના વિના માયિકરૂપ કષ્ટની માફક ભાસે છે. (૩૬) હે પ્રભો ! આપજ એક અમારું જીવન છો. આપના આશ્રિત અમોને આ લોકમાં આ પ્રકારે આપ વિવશ કરીને આપના વિયોગરૂપી વિપત્તિના સાગરમાં ધકેલીને જવા માટે કેમ ઈચ્છો છો ? (૩૭) આ પ્રકારે કરુણાસહિત પોતાના ભક્તજનોનું વચન સાંભળીને દયાર્દ્રહૃદય કમળવાળા, પોતાના જનોને સુખ આપનારા, શ્રીહરિ તેમને શાંતિ પમાડતા સુધા સમાન વચન હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શ્રીહરિએ પોતાના ભક્તોને એકાંતમાં બોલાવી તેમના પ્રત્યે પોતા સ્વધામ ગમનની વાત કરી તે નિરૂપણ નામે ચુમાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૪)



અધ્યાય ૪૫ મો

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે - હે ભક્તો ! તમો સર્વ ઉદાસીનતાનો ત્યાગ કરો, મારામાં આસક્તિવાળા તમારો ત્યાગ કરીને હું હમણાં જઈશ નહિ. (૧) હે ભક્તો ! મારામાં સ્નેહયુક્ત છે આત્મા જેમનો એવા તમારા સૌનો નિષ્કપટભાવ હું જાણું છું. તમો મારી આજ્ઞા પ્રમાણે વર્તનારા છો તેથી મને અત્યંત વહાલા છો. (૨)

હે ભક્તો ! હું તમારે માટે દિવ્ય, સર્વોપરી, બ્રહ્મપુર ધામનો ત્યાગ કરીને અપ્રિય એવા આ મૃત્યુલોકમાં આવ્યો છું. (૩) હે ભક્તો ! મારું દર્શન તો સર્વ બ્રહ્માદિ લોકપાળો તથા લાંબા કાળ સુધી તપ કરનારા યોગીઓને પણ દુર્લભ છે. (૪)

હું તો ક્ષર અને અક્ષરથી પર સર્વ અવતારોનો કારણ, સર્વ કારણોનો કારણ છું. (૫) હું કાળ, માયા, અક્ષર વગેરેનો નિયંતા છું, સનાતન છું. હે જનો ! કાળ વગેરે હંમેશાં મારી આજ્ઞામાં રહે છે. (૬)

હે ભક્તો ! મારા યોગ ઐશ્વર્યાદિનો પાર કોઈપણ ક્યારેયપામતા નથી. આ પ્રકારનો હું તમારી ભક્તિને વશ થઈ અહીં રહ્યો છું. (૭) માટે કૃતાર્થ થયેલા અને સર્વ પ્રકારે મને પ્રિય એવા, મારી શરણાગતિ પામેલા, તમારે શું કાર્ય કરવાનું હવે બાકી છે ? અર્થાત્ કાંઈજ બાકી નથી. (૮)

શ્રીહરિએ આવી રીતે તે ભક્તોને આશ્વાસન આપ્યું અને તેથી શ્રીહરિની ઈચ્છાથી તેમને ધીરજ પ્રાપ્ત થઈ, પછી શ્રીહરિની આજ્ઞા મેળવીને, શ્રીહરિને નમસ્કાર કરી, હર્ષપૂર્વક તેઓ સર્વ પોતપોતાના નિવાસ સ્થાનમાં ગયા. (૯)

પછી આ લોકનો ત્યાગ કરવાની ઈચ્છાવાળા, મંગળમય કીર્તિવાળા, સ્વયં શ્રીહરિ હંમેશાં આ પ્રમાણે વર્તતા હતા. (૧૦) પોતાનું મનુષ્ય નાટ્ય શોભાડતા, પોતાના આશ્રિતોને શિક્ષણ આપતા, યોગિરાજની જેમ શ્રીહરિ નિરંતર ત્યાગની રીત ગ્રહણ કરવા લાગ્યા. (૧૧)

શ્રીહરિ વિવિધ પ્રકારના ઉત્તમ સ્વાદિષ્ટ ભોજન જમતા નહતા. સ્વાદ રહિત ભોજન પણ શ્રીહરિ થોડુંજ જમતા હતા. (૧૨) આવી રીતે શ્રીહરિએ ધીરે ધીરે અન્નનો ત્યાગ કર્યો. ક્યારેક શાક જમતા હતા તો ક્યારેક ભાજી જમતા હતા. (૧૩)

શાંતાત્મા, પૂર્ણકામ શ્રીહરિ ક્યારેક ફળ, મૂળ, પાન જમતા હતા. ક્યારેક જળપાન કરીને આકુળતા રહિત વર્તતા હતા. (૧૪) પુરુષોત્તમ શ્રીહરિ દૂધના ફીણ જેવી શય્યાનો ત્યાગ કરતા હતા. ઉતરી ગયેલા અન્નનો જેમ ત્યાગ કરીએ છીએ તેમ પંચ વિષયોનો શ્રીહરિ દૂરથી ત્યાગ

કરતા હતા. (૧૫)

પોતાના સ્વરૂપના આનંદથી પૂર્ણ શ્રીહરિ વ્યાવહારિક કાર્યનું અનુસંધાન રાખતા નહતા. વ્યાવહારિક કાર્ય સંબંધી કોઈ કાંઈ કહે તો પણ પોતે તે સાંભળતા નહતા, તેમજ બોલતા નહતા. (૧૬)

પોતાની આગળ ગ્રામ્યવાર્તા કોઈ કરે તો પોતાની પાસે રહેતા રત્નજીત પાર્ષદની પાસે તેનો તિરસ્કાર કરીને તેને તત્કાળ બહાર કાઢી મૂકાવતા હતા. (૧૭) વ્યાપક શ્રીહરિ જનસમુદાયથી વીંટાયા હોવા છતાં પણ અંતઃકરણમાં પોતાની એકાત્મ નિષ્ઠાથી જાણે વનમાં રહેતા હોય એમ માનતા હતા. (૧૮)

હંમેશાં ઉપશમ સ્થિતિવાળા, સાંખ્ય અને યોગનો આશ્રય કરતા શ્રીહરિ પોતાના આત્માનું ધ્યાન કરતા વર્તતા હતા. (૧૯) શ્રીહરિ મણિમય સુવર્ણના અલંકારો તથા મહામૂલ્યવાળા વસ્ત્રોને સર્પ તુલ્ય માનતા હતા. (૨૦) સર્વવિત્ શ્રીહરિ વિષય ભોગોને હળાહળ (વિષ) તુલ્ય માનતા હતા. પોતાના આત્માના અનુભવ જન્ય આનંદવાળા શ્રીહરિ નિસ્પૃહપણે વર્તતા હતા. (૨૧)

હે ભૂપતે ! નિરંતર પ્રતિલોમ વૃત્તિથી વર્તતા ભગવાન શ્રીહરિ આ લોકમાં પોતાના ભક્તોની પ્રીતિ માટે રહેતા હતા. (૨૨) હે રાજન્ ! સ્વતંત્ર વર્તનવાળા, સત્યસંકલ્પ સ્વયં શ્રીહરિ આ પ્રમાણે વર્તતા પોતાના બ્રહ્મપુર ધામમાં જવા માટે ઈચ્છતા હતા. (૨૩)

શ્રીહરિ જેઠ સુદી નવમીની તિથિએ રાત્રિના છેલ્લા પ્રહરમાં મુકુંદાનંદ વર્ણીને કહી પોતાના ભક્તજનોને બોલાવતા હતા. (૨૪) વર્ણીએ બોલાવેલા પ્રિયજનો પરમાત્માની સમીપે તત્કાળ આવ્યા. (૨૫)

ત્યાં રામપ્રતાપ, ઈચ્છારામ પણ તત્કાળ આવ્યા. રઘુવીર તથા અયોધ્યાપ્રસાદ પણ આવ્યા તે બંનેની માતાઓ સુવાસિની તથા વલિયારી પણ આવી. (૨૬) ગોપાળાનંદ સહિત મુક્તાનંદ ત્યાં આવ્યા. નિત્યાનંદ તથા હું (શુકાનંદ) અને અમારી સાથે બ્રહ્માનંદ પણ તત્કાળ આવ્યા. (૨૭)

આનંદાનંદ, ભજનાનંદ એ બંને પણ આવ્યા નિર્ગુણાનંદ વગેરે અન્ય મુનિ સમુદાય પણ ત્યાં આવ્યા. (૨૮) દીનાનાથ વગેરે બ્રાહ્મણો તથા સોમલાખાચર, સૂરાખાચર, ઉત્તમ દરબાર વગેરે ક્ષત્રિયો તથા અન્ય ગૃહસ્થ ભક્તો પણ તત્કાળ ત્યાં આવ્યા. (૨૯)

રત્નજીત, મયજીત, વગેરે પાર્ષદો પણ ત્યાં તત્કાળ આવ્યા. જયા, રમા, લલિતા વગેરે સ્ત્રીઓ પણ ત્યાં આવી. (૩૦) હે રાજન્ ! તે સમગ્રજનો ત્યાં આવી સ્વતંત્ર શ્રીહરિને પ્રણામ કરી પોતાના નિશ્ચળ નેત્રો વડે શ્રીહરિના દર્શન કરતા યથોચિત તેમની સમીપે બેઠા. (૩૧)

પોતાના ચરણમાં શરણ જેમને છે એવા તે ભક્તોને અભય આપનારા શ્રીહરિ પોતાના ચરણ કમળમાં આસક્ત છે ચિત્તરૂપી ભમરાઓ જેમના એવા પોતાના તે ભક્તગણો પ્રત્યે દયાપૂર્વક

દૃષ્ટિ કરીને અતિસુંદર વાણી કહેવા લાગ્યા. (૩૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં સ્વધામ ગમન કાળમાં શ્રીહરિનું વર્તન નિરૂપણ નામે પીસતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૫)



અધ્યાય ૪૬ મો

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તજનો ! તમો સર્વ મારું હિતકારી વચન સાંભળો. હું મારા આશ્રિત તમોને તે સત્ય વચન કહું છું. (૧) હે ભક્તો ! હું બ્રહ્મપુર જવા માટે અગાઉ તૈયાર થયો હતો. પરંતુ તમારી પ્રસન્નતા માટે આટલા સમય સુધી અહીં રહ્યો છું. (૨)

મારે જે કાર્ય કરવાનું હતું તે સમગ્ર કાર્ય મેં કર્યું છે માટે હવે મારી ઈચ્છા પરમ્ બ્રહ્મધામમાં જવાની થઈ છે. (૩) પ્રાણથી પણ વહાલા શ્રીહરિનું આ વચન સાંભળીને શ્રીહરિનો વિયોગ સહન ન કરી શકતા તે ભક્તોની આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યા. (૪)

હે રાજન્ ! પછી શ્રીહરિ પોતાના અંતરમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. મારો વિરહ થવાથી આ ભક્ત પોતાના પ્રાણ ટકાવી શકશે નહિ. (૫) જીવોની મુક્તિ માટે અને મેં સ્થાપન કરેલા કલ્યાણના માર્ગની પ્રવૃત્તિ માટે, મારા ભક્તજનોનું મારે આ પૃથ્વી ઉપર રક્ષણ કરવું. (૬) માટે મારે વિષે જેમના ચિત્ત આસક્ત થયા છે તેવા ભક્તોને માટે મારા યોગ ઐશ્વર્યથી દૃઢતા આપવી. (૭)

હે રાજન્ ! પોતાના ભક્તોનું હિત કરવામાં તત્પર ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે વિચાર કરીને પોતે તેમના સર્વના હૃદયમાં સર્વોત્તમ ધૈર્યશક્તિ પ્રવેશ કરાવી. (૮) તે ભક્તજનોમાં ધૈર્ય શક્તિનો સંચાર થવાથી ભક્તપ્રિય પ્રભુ શ્રીહરિ પોતાના ભક્તજનોને આશ્વાસન આપતા આ પ્રમાણે કહેવા લાગ્યા. (૯)

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે ભક્તો ! તમારે ચિંતા કરવી નહીં હું વૃત્તાલયપુરમાં તો મારી બંને મૂર્તિઓમાં રહ્યો છું. (૧૦) મેં પ્રતિષ્ઠા કરેલી લક્ષ્મીનારાયણ વગેરે સર્વ મૂર્તિઓમાં પણ હું રહ્યો છું એમ તમો જાણો. (૧૧)

સુંદર શ્રીનગર તથા ભુજનગર બંને સ્થાનોમાં નરનારાયણની શોભાયમાન મૂર્તિઓમાં પણ હું રહ્યો છું. (૧૨) વળી ધોળેરાનગરમાં કૃષ્ણની મદનમોહન નામની મૂર્તિમાં પણ હું હંમેશાં રહ્યો

છું. (૧૩)

અહીં ગોપીનાથની રમણીય મૂર્તિમાં પણ હું સર્વદા રહ્યો છું એ પ્રમાણે મને તત્વથી તમે જાણો. (૧૪) જૂનાગઢમાં પણ રાધારમણ જેમાં મુખ્ય છે તેવી શોભાયમાન મૂર્તિઓમાં હું સર્વદા રહ્યો છું. (૧૫)

હે જનો ! આ બંને આચાર્યો જે જે મૂર્તિઓનું સ્થાપન કરશે તે તે મૂર્તિઓમાં હું જરૂર રહીશ, એમ તમો જાણો. (૧૬) હે જનો ! આવી રીતે એ મૂર્તિઓમાં હું પ્રત્યક્ષ રહ્યો છું. માટે મને એ મૂર્તિઓ દ્વારા આ પૃથ્વી ઉપર સદા તમો પ્રગટ જાણો. (૧૭)

હે જનો ! એ મૂર્તિઓની સેવા કરનારાઓને મારા દર્શન સાક્ષાત્ થશે. મૂર્તિઓ હાલમાં પણ મારા પ્રત્યક્ષ સ્વરૂપ તુલ્યજ છે. (૧૮)

વળી હે ભક્તો ! આ દિવ્ય મૂર્તિઓ, ભક્તોએ સમર્પણ કરેલાં ચાર પ્રકારના ભોજનો, ભક્તોની પ્રસન્નતા માટે અંગીકાર કરે છે. (૧૯)

ભક્તોએ અર્પણ કરેલું દૂધ તથા જળ એ મૂર્તિઓ સાક્ષાત્ અંગીકાર કરે છે. તેમજ સ્વાદિષ્ટ સાકર તથા પાકાં ફળો વગેરે પણ જમે છે (૨૦)

ભક્તોએ અર્પણ કરેલા ઉપચારો આ મૂર્તિઓ પ્રીતિપૂર્વક ગ્રહણ કરે છે. કેટલાક પ્રેમીજનો આ આશ્ચર્ય પ્રત્યક્ષ જુવે છે. (૨૧) એમની સેવા એ મારીજ પ્રત્યક્ષ સેવા છે એમ હું જાણું છું માટે તમોએ એ મૂર્તિઓને નિરંતર ભક્તિભાવથી સેવવી. (૨૨)

આ અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરને મેં તમારા ગુરુ કર્યા છે માટે તમારે આદરપૂર્વક તેમને યથાયોગ્ય માનવા. (૨૩) તેમજ એ બંને આચાર્યોમાં તમારે મનુષ્યભાવ લાવવો નહિ. એ મારી આજ્ઞાનું હંમેશાં તમારે પાલન કરવું. એ બંનેને શક્તિ પ્રમાણે પૂજવા. (૨૪)

તમારે અધિકાર પ્રમાણે નિરંતર શિક્ષાપત્રીમાં કહેલા ધર્મમાં રહેવું તથા મારા વિયોગનો શોક કરવો નહિ. (૨૫) હે ભક્તો ! મારા આશ્રિતોએ મારી પાછળ અન્નનો તથા પ્રાણનો ત્યાગ કરવો નહિ. મારી આજ્ઞા પ્રમાણે જે નહિ વર્તે તે મનુષ્ય મારો દ્રોહી છે અને તે મારો ભક્ત નથી. (૨૬)

શ્રીહરિનું આ વચન સાંભળીને તે સર્વ ભક્તોએ નેત્રોમાં અશ્રુ સાથે, જેવી તેમની ઈચ્છા, એમ જાણીને શ્રીહરિની આજ્ઞા શિરોમાન્ય કરી. (૨૭) પછી તે ભક્તજનો બંને હાથ જોડીને અચ્યુત શ્રીહરિને નમસ્કાર કરી આ પ્રમાણે કહેવા લાગ્યા. હે હરે ! અમારા અંતઃકરણ સદા આપના બંને ચરણકમળમાંજ રહો. (૨૮)

હે હરે ! અમોએ જીવબુદ્ધિથી ક્યારેક આપનો અપરાધ કર્યો હોય તો હે દયાસિંધો !

હે ભગવાન્ ! તે સર્વ અપરાધો આપ ક્ષમા કરો. (૨૯) હે હરે ! અમો જ્યારે આપને સંભારીએ ત્યારે આપે અમોને દર્શન આપવા અમારી કુમતિ અથવા વિષમ દેશકાળ તથા કુસંગ વગેરેના યોગથી અમોને આપના વિષેની ભક્તિમાં ક્યારેય વિઘ્ન થાય નહિ. (૩૦)

હે સ્વામિન્ ! આપ અમોને આપની સમીપે લઈ જશો. આપના ચરણના એક આશ્રયવાળા અમો અત્યારે આપની આ પ્રાર્થના કરીએ છીએ. (૩૧) આવી તેમની પ્રાર્થના સાંભળીને શ્રીહરિએ તેમને "જેમ તમો કહો છો તેમ કરીશ." એમ કહ્યું. આ પ્રમાણે જેઠ સુદી દશમીની તિથિએ પ્રાતઃકાળ થયો. (૩૨)

તે સમયે ભગવાન શ્રીહરિએ નેત્રોમાં અશ્રુવાળા તે ભક્તોને આ પ્રમાણે કહ્યું; હે જનો ! તમો પોતપોતાના સ્થાનમાં જાવ. હું આહ્નિક વિધિ કરું છું. (૩૩) શ્રીહરિની મૂર્તિમાં મન અને પ્રાણ જેમણે મૂક્યા છે એવા તથા જેમના પગ જાણે ભાંગી ગયા હોય એવા તે દુઃખગ્રસ્ત ભક્તો આંખોમાંથી અશ્રુસારતા શ્રીહરિને નમસ્કાર કરી પોતાના સ્થાનમાં આવ્યા. (૩૪)

હે રાજન્ ! તે સમયે પૃથ્વી ઉપર ઘણા ઉત્પાતો થવા લાગ્યા. કઠોર અને તીવ્ર વાયુ વાવા લાગ્યો તેથી ઘણા વૃક્ષો પડી ગયા. (૩૫) પોતાની પ્રચંડ જ્વાળાઓથી આકાશને ચાટતો અગ્નિ તે સમયે કેટલાક ગામોને બાળતો હતો. આકાશમાં વજ્રપાત સમાન ધ્વનિ થયો તથા પૃથ્વી ઉપર વર્ષાઋતુ વિના વીજળી પડી. (૩૬)

તે સમયે દિવસે ઘુવડો ભયંકર અવાજ કરવા લાગ્યા. તેથી લોકોના હૃદયમાં અત્યંત ત્રાસ થયો. (૩૭) તે સમયે સાધુજનોના અંતઃકરણ પણ અત્યંત ક્ષોભ પામ્યા. આકાશમાં ગ્રીષ્મનો સૂર્ય પણ નિસ્તેજ થઈ ગયો. (૩૮)

વળી ભક્તોના ડાબા અંગો ફરકવા લાગ્યા. સ્ત્રીઓના જમણા અંગો ફરકવા લાગ્યા. આવા અપશુકનો જાણે કાંઈ અનર્થ સૂચવતા હતા. (૩૯) હે ભૂપતે ! આ અપશુકન તથા તે સમયે થતા ઉત્પાતો જોઈ ભક્તો, ભગવાન તિરોધાન થઈ ગયા એમ માનવા લાગ્યા. (૪૦)

દશેરાની તે તિથિએ, ગંગાવતરણને દિવસે, શ્રીહરિએ સ્નાન કરીને આહ્નિક વિધિ કર્યો અને પછી બ્રાહ્મણોને યથાવિધિ ગૌદાન વગેરે ધન અપાવ્યા. (૪૧) પછી મુકુંદાનંદ તથા આનંદાનંદવર્ણી શ્રીહરિને ફરીથી સ્નાન કરાવીને તેમને પહેરાવવા માટે ધોયેલું ઉત્તમ વસ્ત્ર આપતા હતા. (૪૨)

હે રાજન્ ! પછી ધારણ કર્યું છે. પિતાંબર જેમણે એવા શ્રીહરિને મુકુન્દાનંદ વર્ણી શ્વેત વસ્ત્ર ઓઢાડીને તેમને મંગળાકારી સિંહાસનમાં બેસાડતા હતા. (૪૩)

પછી મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિના ભાલમાં કેસરનું સુંદર ઉર્ધ્વપુંડ્ર તિલક કરી વિવિધ પ્રકારના સુગંધિ પુષ્પોના હાર શ્રીહરિના કંઠમાં પહેરાવ્યા. (૪૪)

પછી વર્ણિરાટ્ મુકુંદાનંદ ગાયના છાણ વડે પૃથ્વી લીંપીને તે ઉપર દર્ભ તથા તલ યથાયોગ્ય પાથરતા હતા. (૪૫)

તે સમયે શ્રીહરિ ઊઠીને તે લીંપેલી જમીન ઉપર દઢતાપૂર્વક સિદ્ધાસન કરીને બિરાજમાન થયા અને સ્થિર દૃષ્ટિ કરી પોતાના આત્મ સ્વરૂપમાં, પોતાના દિવ્ય સ્વરૂપનું આત્મા-ધ્યાન કરવા લાગ્યા. (સ્વસ્વરૂપનું ચિંતવન કરતા હતા.) (૪૬)

હે ભૂપતે ! તે સમયે નિત્યાનંદ, ગોપાળાનંદ, ભજનાનંદ વગેરે શ્રીહરિની સમીપે હતા. તેમજ હું (શુકાનંદમુનિ) પણ શ્રીહરિની સમીપે હતો. (૪૭)

તે સમયે શ્રીહરિના દિવ્ય શરીરમાંથી નીકળેલો તેજનો સમુદાય સમગ્ર મહેલમાં વ્યાપી ગયો. તે તેજ રાજાના દરબાર તથા પુરમાં પણ વ્યાપી ગયું. (૪૮)

તે તેજનો સમૂહ સમગ્ર પૃથ્વી ઉપર તથા સર્વ દિશા તથા આકાશમાં તેમજ તે પ્રકાશ નિરાવરણ હોવાથી સમગ્ર બ્રહ્માંડમાં પણ વ્યાપી ગયો. (૪૯) તે તેજનો પુંજ શાંત અને સઘન સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મપુર ધામના તેજ સાથે મિશ્ર થઈ ગયો. (૫૦)

હે રાજન્ ! તે સમયે પ્રભુ શ્રીહરિના અક્ષરના પાર્ષદો (અક્ષર મુક્તો) તથા સુરેશ્વરોના કરોડો વિમાનોની પંક્તિ અંતરિક્ષમાં થઈ હતી. (૫૧)

પછી અતિસુંદર દિવ્ય વિમાનમાં બિરાજેલા શ્રીહરિ અક્ષર મુક્તોની સાથે, બ્રહ્માદિ દેવતાઓએ દિવ્યોપચારોથી જેમનું પૂજન કર્યું છે તે પ્રકારે, પોતાના ધામમાં પધાર્યા (૫૨)

તે સમયે અર્ચિ માર્ગમાં ઈશ્વર શ્રીહરિનું ચંદન, વિવિધ પ્રકારના પુષ્પો, તેમજ અન્ય સર્વ પ્રકારના ઉપચારોથી દેવતાઓ પૂજન કરતા હતા. ઘણા વાદ્યોના ઘોષ સાથે ત્યાં અપૂર્વક મહોત્સવ થયો. (૫૩)

દેવસમૂહ પણ હર્ષપૂર્વક ચંદનના પુષ્કળ બિંદુઓ આ લોકમાં વર્ષાવતા હતા, અને પુષ્પોથી શ્રીહરિને વધાવતા હોવાથી સમગ્ર પૃથ્વી પુષ્પોથી ઢંકાઈ ગઈ. (૫૪)

હે રાજન્ ! જેમ સમગ્ર મનુષ્યોને દીપની જ્યોત તથા વીજળીની ગતિ દેખાતી નથી તેવી રીતે કોઈએ પુરુષોત્તમ શ્રીહરિની ગતિ દીઠી નહીં. (૫૫)

હે રાજન્ ! તે સમયે આ પ્રકારનું આશ્ચર્ય જોઈ હું (શુકમુનિ) નિત્યાનંદ વગેરે મુનિઓ આશ્ચર્ય પામ્યા. શ્રીહરિએ ધીરજ આપી હતી. તેથી તે સમયે અમો ઉંચા સ્વરથી શ્રીહરિનું નામ સંકીર્તન કરતા હતા. (૫૬)

તે નામ સંકીર્તન સાંભળીને તત્કાળ શ્રીહરિકૃષ્ણના સર્વ ભક્તો ત્યાં આવ્યા. તે સમગ્ર જનો

શ્રીહરિને તિરોહિત થયા જાણીને કરુણ વિલાપ કરવા લાગ્યા. (૫૭)

હે રાજન્ ! પછી શ્રીહરિની ઈચ્છાથી ધીરજ પામી તે સમગ્ર ભક્તોનો શોક જાણે નાશ પામ્યો હોય તેમ તે સમયે શ્રીહરિના નામનું ઊંચા સ્વરથી તે સર્વ સંકીર્તન કરવા લાગ્યા. (૫૮)

હે રાજન્ ! મનોહર, મંદહાસ્ય તથા દૃષ્ટિમાત્રથી જ અલૌકિક એવા મોક્ષના ઉપાય ભૂત ચરિત્રો કરનારા, અને અસંખ્ય જનોને વચનરૂપી અમૃતના ઉદધિથી સૌને શાંત કરી શ્રીહરિ તિરોધાન થયા. (૫૯)

હે નરેન્દ્ર ! અખંડ, સચ્ચિદાનંદ રૂપ મૂર્તિવાળા, પરાત્પર, અનુપમ, અપ્રતિમ એવી શ્રીહરિની જન્મ તથા તિરોધાનની લીલા છે એમ ચિત્તમાં સૌ નિશ્ચય કરો. (૬૦)

હે રાજન્ ! શ્રીહરિની સ્વધામ ગમનની આ લીલામાં અસુરો તો મોહ પામે છે. પરંતુ પૃથ્વી ઉપર જે ભક્તો છે તે તો શ્રીહરિની યોગ માયાનો અનુપમ વૈભવ જાણે છે તેથી તેમની લીલાઓમાં ક્યારેય પણ તેઓ મોહ પામતા નથી. (૬૧)

જેમ આ લોકમાં નટની માયા જોઈ લોકો મોહ પામે છે પરંતુ તે નટવિદ્યા જાણનારા તે માયામાં મોહ પામતા નથી તે પ્રમાણે અહીં શ્રીહરિની અંતર્ધાન લીલા જોઈને તો શ્રીહરિના ભક્તો મોહ પામતા નથી. (૬૨)

હે રાજન્ ! શોભાયમાન બ્રહ્મધામના અધિપતિ, અક્ષરથકી પર, નિયન્તા, અવતારી સહજાનંદ, સ્વયં શ્રીહરિ માનવ નાટ્ય ધારણ કરીને પૃથ્વી ઉપર અસંખ્ય મનુષ્યોનો, પોતાના અનુપમ પ્રતાપથી આત્યંતિક મોક્ષ કરી, સંસાર સાગરમાં નૌકારૂપી ભક્તિની ધર્મ સહિત આ પૃથ્વી ઉપર સ્થાપના કરીને તિરોધાન થયા. (૬૩)

હે રાજન્ ! આવી રીતે મેં તમોને કહેલી શ્રીહરિની તિરોધાન લીલા ભક્તિપૂર્વક આ લોકમાં જે સાંભળશે અથવા કહેશે તે પુરુષ તત્કાળ કાળના પાશથી મુક્ત થઈ સુખ આપનારા શ્રીસહજાનંદના પ્રતાપથી પોતાના અભિલષિત અર્થને જરૂર પામશે. (૬૪)

પોતાના પ્રતાપથી સારી રીતે ઉખેડી નાંખ્યો છે. અધર્મનો સમગ્ર વંશ જેમણે એવા, સમગ્ર જગતના ગુરુ તથા આ પૃથ્વી ઉપર સમગ્ર ધર્મને પુષ્ટ કરતા પોતાના ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવાથી કલ્પતરુથી પણ અધિક શ્રીહરિ, આ વૃત્તાલયપુરમાં પ્રત્યક્ષ જયકારી વર્તે છે. (૬૫)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્ર દશમા સ્કંધમાં શ્રીહરિની તિરોધાન લીલા વર્ણન નામે છેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૬)



અધ્યાય ૪૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિના વિયોગથી આકુળ થયેલા શ્રીહરિના બંધુજનો તથા શ્રીહરિના સમગ્ર ભક્તો ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા ગયા. (૧) શ્રીહરિને સંભારતા તે સર્વે રુદન કરતા ઉન્મત્ત ગંગામાં સ્નાન કરીને લક્ષ્મીવાડી પ્રત્યે વારંવાર જતા હતા. (૨)

તે સમગ્ર ભક્તો શ્રીહરિને બેસવાના સ્થાનમાં જઈને ત્યાં બેઠા. તે સ્થાનમાં અત્યારે એક સુંદર મંદિર બન્યું છે. (૩) હે રાજન્ ! શ્રીહરિના વિરહથી પીડાજન્ય ભક્તજનો ગઢપુર આવી પરસ્પર આ પ્રમાણે વાતો કરતા હતા. અહીં આવીને શ્રીહરિ સભા મધ્યે પોતાના આસન ઉપર હંમેશાં બિરાજતા હતા. (૪)

શ્રીહરિ વિવિધ પ્રકારના સુગંધિ પુષ્પોના હાર, બાજુબંધ, તોરા, પાઘ, અલંકારો ધારણ કરીને અમોને અહીં દર્શન આપતા હતા. (૫) શ્રીહરિના અહીં સ્નેહપૂર્વક મંદહાસ્ય કરી તથા દયાર્દ્ર દૃષ્ટિથી અમારા સન્મુખ અમોને આનંદ પમાડતા હતા. (૬)

શ્રીહરિ અહીં સાધુઓની સાથે વિવિધ પ્રકારના વાદ્યોના ઘોષ કરતા હરિકિર્તન કરાવતા અને તે સમયે અમારાં મન હાથની આ ચેષ્ટાથી હરી લેતા હતા. (૭) શ્રીહરિ પોતાની મંગળકારી લીલાથી તેમજ (પોતાના અનુપમ સૌંદર્યથી) આભૂષણોને પણ આભૂષિત કરતા, પોતાની અનુપમ મૂર્તિનું આપણને અત્યંત સુખ આપતા હતા. (૮)

આનંદના મહાસાગર, દુઃખોને, હરનારા, ભક્તોને સદા સુખકારી એવા શ્રીહરિ પોતાના શુભ દર્શન ફરીથી, આપણને ક્યારે આપશે ? (૯)

પ્રાણથી પણ અત્યંત પ્રિય તે શ્રીહરિને આવી રીતે સંભારી સંભારીને શોકની પીડાથી, ગુણોના ધારક શ્રીહરિમાં જેમનું મન આકર્ષાયું છે એવા તે સર્વ ભક્તો રુદન કરવા લાગ્યા. (૧૦) દયાના મહાસાગર, સર્વજ્ઞ, શ્રીહરિ તેમને પોતાના વિયોગથી દુઃખી થયેલા જાણી તેમને પોતાના દર્શન આપવા ઈચ્છતા હતા. (૧૧)

હે ભૂપતે ! શ્રીહરિના તે આશ્રિતો શ્રીહરિની ઈચ્છાથી અંતરિક્ષમાં કરોડો અક્ષર મુક્તોના વિમાનો જોતા હતા. (૧૨) તે વિમાનોમાં મધ્યમાં રહેલા વિમાનમાંથી પૂર્વની માફક પાર્ષદોથી વીંટાયેલા વ્યાપક શ્રીહરિ તે સમયે તેમની સમીપે પધાર્યા. (૧૩)

શ્રીહરિના આ પ્રકારે દર્શન કરીને પોતાના હરાયેલા પ્રાણ જાણે ફરી પ્રાપ્ત થયા હોય તે પ્રમાણે તે ભક્તોના દેહ સચેતન થયા અને તેથી પ્રસન્ન મનવાળા તે ભક્તો નેત્રોમાં અશ્રુસહિત તત્કાળ ઊઠીને શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૧૪)

તે ભક્તોને પોતાના વિરહથી થયેલા શોકને શ્રીહરિ હરી લઈ, તેમને શાંતિ પમાડી આ પ્રકારે અમૃતથી પણ શ્રેષ્ઠ વચન કહેવા લાગ્યા. (૧૫, ૧૬)

હે ભક્તજનો ! તમો આવો શોક કેમ કરો છો ? મને પ્રિય એવા તમારાથી હું ક્યારેય દૂર નથી. (૧૭) માટે મારા આશ્રિતો તમો શોકનો ત્યાગ કરી સ્વસ્થ થાઓ. મારું અદ્‌ભુત ઐશ્વર્ય જાણવા છતાં પણ તમે કેમ મોહ પામો છો ? (૧૮)

આ ભૂતળમાં અસંખ્ય જનોના આત્યંતિક મોક્ષ કરવા સ્વતંત્ર પણ મેં મનુષ્ય નાટ્ય ધારણ કર્યું હતું. (૧૯) અજન્મા એવો હું તે મારો જન્મ આ લોકમાં અધર્મના માર્ગનો નાશ કરવા માટે છે. હું અકર્તા છું અને મારા કર્મો અન્યની શિક્ષા અથવા ઉપદેશ માટે છે. (મારા જન્મ અને કર્મો તે અન્યના સમાન નથી.) (૨૦)

તેથી જ આ લોકમાં તેને મારી જન્મ તથા તિરોધાન લીલા કહે છે. મને તો તમો અખંડ, સચ્ચિદાનંદ, શોભાયમાન મૂર્તિવાળો જાણો. (૨૧) આ લોકમાં મેં સ્થાપન કરેલા મોક્ષ માર્ગની પ્રવૃત્તિ માટે મને પ્રસન્ન કરવા ઇચ્છતા તમોને હાલ મેં પૃથ્વી ઉપર રાખ્યા છે. (૨૨)

માટે મારી આજ્ઞાથી પૃથ્વી ઉપર રહેતા તમો સર્વ મારામાં આસક્તિવાળા છો તેથી હું જાણે પ્રત્યક્ષજ છું તે પ્રમાણે નિત્ય તમારું રક્ષણ કરીશ. (૨૩) હે ભક્તો ! તમો આ પૃથ્વી ઉપર જે જે આપત્કાળમાં મને સંભારશો તે તે આપત્કાળમાં તમોને હું મારાં દર્શન આપીશ, એમ તમો જરૂર જાણો. (૨૪)

હે ભક્તો ! અવતારી એવો હું તે મારું જ્ઞાન અને ઉપદેશ તમો અહીં જન સમુદાયને આપો અને ભક્તિમાર્ગ પ્રવર્તાવી સંસારમાંથી તેમનો મોક્ષ કરો. (૨૫) એને માટે મેં તમોને ધરણી તળ ઉપર રાખ્યા છે. તમો સર્વને થોડા સમયમાં હું લઈ જઈશ. (૨૬)

માટે મારા પરાયણ તમોએ ચિંતાનો ત્યાગ કરીને અહીં રહેવું આ બંને આચાર્યોની સદા આજ્ઞા પાળવી. (૨૭) અહીં મેં તમારો શોક ટાળ્યો. વળી મારો અહીં વારંવાર નિવાસ હતો માટે આ ક્ષેત્ર પવિત્ર છે. (૨૮)

હે મુને ! રઘુવીર અને તમારે સર્વએ મળીને અહીં મંદિર કરવું. એમાં સતત હું નિવાસ કરીને રહીશ. તમારા હૃદયમાં તમો આ જરૂર જાણો. (૨૯) શ્રીહરિએ આ પ્રકારે રઘુવીરાચાર્ય પ્રત્યે કહીને તેમને પોતાની દિવ્ય પાદુકાઓ આપી અને પછી પ્રીતિપૂર્વક રઘુવીરને ફરીથી શ્રીહરિ કહેવા લાગ્યા. (૩૦)

હે પુત્ર ! પાપ સમૂહનો નાશ કરનારી શોભાયમાન આ બંને દિવ્ય પાદુકાઓની તે મંદિરમાં તમારે સ્થાપના કરવી. (૩૧) આ લોકમાં જે મનુષ્ય એ પાદુકાઓના દર્શન કરશે તે મનુષ્ય પાપથી

મુક્ત થઈ ઇચ્છિત મુક્તિ પામશે. (૩૨)

વળી એ પાદુકાના દર્શન કરનારના સમગ્ર મનોરથો સિદ્ધ થશે. ચતુવર્ગની સિદ્ધિ તે જરૂર પામશે. (૩૩) જે મનુષ્ય એ સ્થાનમાં ધ્યાન, જપ, હોમ અથવા તો અન્ય કાંઈ સત્કર્મ કરશે તે મનુષ્યને તેનું હજારગણું ફળ તત્કાળ મળશે. (૩૪) અહીં મારું ધ્યાન કરનારા એકાંતિક ભક્તોને હું મારાં દર્શન આપીશ એમ તમારે તથા અન્ય સર્વેને જાણવું. (૩૫)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિનું આ વચન સાંભળીને રઘુવીરાચાર્ય તથા શ્રીહરિના ચરણકમળના આશ્રિત અન્ય ભક્તો અત્યંત આનંદ પામ્યા અને આદરપૂર્વક શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૩૬) પછી મતિમાન રઘુવીર 'બહુ સારુ' (આપની આજ્ઞાથી હું અહીં મંદિર કરીશ.) એ પ્રમાણે કહીને, પોતાના પિતા શ્રીહરિની હિતકારી આજ્ઞાનો આદરપૂર્વક સ્વીકાર કર્યો. (૩૭)

સ્વતંત્ર, નિયંતા, પ્રસન્ન શ્રીહરિકૃષ્ણ તે સ્થાનમાંથી તત્કાળ તિરોભાવ પામ્યા. પછી સર્વ ભક્તો પુરમાં આવીને તે આશ્ચર્ય શ્રીહરિના આશ્રિત સર્વ ભક્તજનોને કહેવા લાગ્યા. (૩૮) સમગ્ર ભક્તજનો તથા અન્ય મનુષ્યો તે આશ્ચર્ય સાંભળીને પોતાના ભક્તના બંધુ શ્રીહરિનો આવો મહિમા જાણી તે સમયે શ્રીહરિની અપાર કરુણાની સ્તુતિ કરવા લાગ્યા. (૩૯)

પછી ભક્તોને સદા વશ શ્રીહરિ ગઢપુરમાં પોતાના સ્વધામ ગમનથી વિરહમાં બૂડેલા પોતાના ભક્તજનોને જુદા જુદા પોતાના દર્શન આપી તેમને શાંતિ પમાડતા હતા. (૪૦) પોતાના આશ્રિત ભકતો ઉપર અત્યંત સ્નેહવાળા, ભક્તોની પીડાનો નાશ કરનારા શ્રીહરિ આવી રીતે પોતાના વિયોગરૂપી દાવાગ્નિની જ્વાળાથી બળેલાં છે દેહ જેમનાં એવા તે ભક્તોની પીડા તેમને પોતાના દર્શન આપી શાંત કરતા હતા. પછી તે ભક્તો શ્રીહરિ તથા તેમના અપાર ગુણો તથા શ્રીહરિની શુભ લીલાને સંભારતા દિવસો નિર્ગમન કરવા લાગ્યા. (૪૧)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં લક્ષ્મીવાડીમાં શ્રીહરિએ પોતાના આશ્રિતોનો શોક નિવારણ કર્યો તે નિરૂપણ નામે સુડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૭)



અધ્યાય ૪૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- રઘુવીર તથા અયોધ્યાપ્રસાદ એ બંને શ્રીહરિના પુત્રો ભાનવાતોથી પોતાના આશ્રિતજનોને શાંતિ પમાડતા હતા. (૧) વેદમાર્ગને અનુસરતા ધીર ધર્મધુરંધર તે બંને

આચાર્યો પોતાના પિતા શ્રીહરિની સર્વ ક્રિયા શાસ્ત્રપ્રમાણે કરતા હતા. (૨)

હે ભૂપતે ! તે બંને આચાર્યો પુષ્કળ ઘી, સાકરથી યુક્ત મોદકો તથા શ્રેષ્ઠ ભોજનોથી લાખો બ્રાહ્મણોને તૃપ્ત કરતા હતા. (૩) અયોધ્યાપ્રસાદ તથા રઘુવીર એ બંને આચાર્યો સાટા તેમજ અન્ય સુંદર પકવાન તથા મોતિયા લાડુ વગેરે જમાડી સર્વ મુનિઓને, તેમજ તે પુરના અને ગામાન્તરો તથા અન્ય પુરોથી આવેલા હજારો ભક્તોને, તેમજ દુર્ગપુરના નિવાસીજનોને, તેમજ ત્યાં આવેલા કરોડો અન્નાર્થીઓને તે સમયે તૃપ્તિ પમાડતા હતા. (૪, ૫)

તે બંને આચાર્યવર્યો બ્રાહ્મણોને ભૂષણોથી અલંકૃત કરેલી અને તાજી વિયાયેલી સદ્‌ગુણવાળી હજારો કાંસાની ધાતુના દોહવાના પાત્રોસહિત આપતા હતા. (૬, ૭)

તે બંને આચાર્યવર્યો બ્રાહ્મણોને સર્વ પ્રકારે શણગારેલા ઘોડાઓ, રથો, મહામૂલ્ય વસ્ત્રો તથા આભૂષણો આદરપૂર્વક આપતા હતા. (૮) વેદ માર્ગ પ્રવર્તાવનારા મહા ઉદાર તે બંને આચાર્યો બ્રાહ્મણોને પુષ્કળ રૂપામુદ્રાઓ (રૂપિયા) તથા સોનામહોરો આપતા હતા. (૯)

તે બંને આચાર્યોએ બ્રાહ્મણોને જે પ્રકારે દાન આપ્યું તથા તેમને જેવી રીતે જમાડ્યા તે સાંભળીને ધનવાનો તથા રાજાઓ પણ અત્યંત વિસ્મય પામ્યા. (૧૦) લક્ષ્મીનારાયણ દેશના જે જનસમૂહ તે સમયે નવીન વસ્ત્રો તથા ધન રઘુવીરને અર્પણ કરતા હતા. (૧૧)

તેમજ નરનારાયણના દેશમાં નિવાસ કરતા ભક્તજનો ધન તથા વસ્ત્રો અયોધ્યાપ્રસાદને અર્પણ કરતા હતા. (૧૨) પછી તે બંને આચાર્યો શ્રીહરિની આજ્ઞાથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને ગુરુપદે યથાયોગ્ય સ્થાપતા હતા. (૧૩)

તે બંને આચાર્યો ત્યાગીઓને શિક્ષાનું કાર્ય મહામુનિ ગોપાળાનંદને પૂછીને કરતા હતા. ગોપાળાનંદમુનિ પણ નિરંતર તે બંને આચાર્યોની આજ્ઞાનું અનુપાલન કરતા હતા. (૧૪) તે બંને આચાર્યો પોતાના શિષ્યો સહિત નિરંતર ઉન્મત્તગંગામાં સ્નાન કરી શ્રીગોપીનાથજી તથા શ્રીહરિના સ્થાનોના આદરપૂર્વક દર્શન કરતા હતા. (૧૫)

તે બંને આચાર્યો દરરોજ સભામાં વિવિધ પ્રકારની ધર્માદિ વાર્તાઓ નિરંતર કરતા હતા અને પોતાના શિષ્યોને શાંતિ પમાડતા હતા. (૧૬) વળી મુક્તાનંદ મહામુનિ પણ શ્રીહરિ સંબંધી વાતો કરતા હતા. ગોપાળાનંદ મુનિરાટ્, સત્પુરુષોમાં શ્રેષ્ઠ નિત્યાનંદ વગેરે શ્રીહરિ સંબંધી વાતો હંમેશા કરતા હતા. (૧૭)

બ્રહ્માનંદ વગેરે અન્ય મુનીન્દ્રો પણ તાપ અને પાપને હરનારી શ્રીહરિની આજ્ઞાનુસારી વાર્તા કરતા હતા. (૧૮)

પછી તે બંને આચાર્યોએ આજ્ઞા આપવાથી દેશાન્તરથી આવેલા બંને આચાર્યો

અજ્ઞાની જનોને ઉપદેશ દેવા માટે પૃથ્વી ઉપર મુનિઓને મોકલીને ગઢપુરમાં કેટલાક સમય રહેતા હતા. (૧૯, ૨૦)

પછી બુદ્ધિમાન અયોધ્યાપ્રસાદ પોતાના ભક્તજનોની સાથે શ્રીનગર ગયા. શ્રીરઘુવીર પોતાના આશ્રિત જનોની સાથે આ વૃત્તાલયપુરમાં આવ્યા. આ પ્રમાણે તે બંને આચાર્યો નિરંતર શિક્ષાપત્રીને અનુસરીને વર્તતા, હંમેશા પોતાના શિષ્યો ગૃહસ્થો તથા ત્યાગીઓને, શિક્ષાપત્રીને અનુસરી વર્તવાનું પ્રવર્તાતતા હતા. (૧૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં આચાર્યકૃત શ્રીહરિની ઉત્તર ક્રિયાદિ નિરૂપણ નામે અડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૮)



અધ્યાય ૪૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- મંદિરના અધિકારી બનાવેલા સાધુ વિરક્તાનંદે કોઈ કાર્ય નિમિત્તે પત્ર લખીને શ્રીરઘુવીરાચાર્યજીને બોલાવ્યા તેથી આચાર્યશ્રી પોતાના જનોની સાથે ગઢપુર પધાર્યા. (૧) રઘુવીરાચાર્ય ગઢપુર પધાર્યા તે સમયે પુરના જનોએ સન્મુખ જઈને તેમનો સત્કાર કર્યો એ પ્રકારે પોતાના ભક્તજનોની સાથે આચાર્યશ્રીએ પુરમાં પ્રવેશ કર્યો અને મંદિરમાં આવી શ્રી ગોપીનાથજીના દર્શન કર્યા. (૨) ત્યાં પોતાના યોગ્ય નિવાસસ્થાનમાં તેમણે નિવાસ કર્યો પુરના ભક્તજનો આચાર્યશ્રી તથા તેમની સાથેના ભક્તજનોની સેવા હંમેશાં કરતા હતા. (૩) રઘુવીરાચાર્ય હંમેશાં પોતાના ભક્તજનોની સાથે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જતા અને શ્રીગોપીનાથજીના દર્શન તથા શ્રીહરિના સ્થાનના દર્શન કરતા હતા. (૪) પોતાના જનોથી વીંટાયેલા આચાર્ય નિત્ય પોતાના પુરાણી ભોળાનાથ ભટ્ટે વાંચેલી શ્રીમદ્ભાગવત પુરાણની કથા સાંભળતા હતા અને હર્ષપૂર્વક સભામાં ધર્માદિ વાર્તા કરતા હતા. એ પ્રકારે તેઓ ગઢપુરમાં રહેતા હતા. (૫)

હે રાજન્ ! મહાબુદ્ધિશાળી આચાર્ય રઘુવીર શ્રીહરિની આજ્ઞાનું સ્મરણ કરીને લક્ષ્મીવાડીમાં રમણીય મંદિર કરાવવાની ઈચ્છા કરતા હતા. (૬) રઘુવીરાચાર્ય નિપુણ શિલ્પીઓ જેઠો, દામોદર વગેરેને પોતાનાં સેવક અર્જુન વગેરે પાર્ષદો પાસે બોલાવીને લક્ષ્મીવાડીમાં મનોહર મંદિર કરાવતા હતા. (૭) તે શિલ્પીઓ લક્ષ્મીવાડીમાં થોડા સમયમાં આશ્ચર્યકારી શિખરવાળું, વિચિત્ર સ્તંભોથી શોભાયમાન ઘુમટવાળું, પથ્થરનું મંદિર કરતા હતા. (૮)

ચળકતા સુવર્ણ કળશોવાળું, સુવર્ણના જાળીયાથી ઉજ્જવળતા પામેલું, શોભાયમાન, વિચિત્ર

રચનાવાળું, અતિશોભાયમાન મંડપવાળું; (૯)

તે મંદિર તૈયાર થયું ત્યારે શ્રીહરિની પાદુકાની પ્રતિષ્ઠાનો મહોત્સવ કરવા ઈચ્છતા ઉત્સવને યોગ્ય સર્વ સામગ્રીઓ આચાર્યશ્રી તત્કાળ મંગાવતા હતા. (૧૦) પછી રઘુવીરાચાર્યે મંગળ પત્રિકાઓ મોકલીને પોતાના ત્યાગીઓની સાથે અયોધ્યાપ્રસાદને બોલાવ્યા. (૧૧)

તેમજ વર્ણીઓ તથા સાધુ વગેરે સમગ્ર પોતાના ત્યાગીઓને પણ તેમણે બોલાવ્યા તેવી રીતે રઘુવીરાચાર્યે બંને દેશમાં રહેલા ભક્તસમૂહને પણ તત્કાળ બોલાવ્યા. (૧૨) રઘુવીરાચાર્યે કર્મકાંડમાં નિપુણ વેદવેદાંતના પારંગત બ્રાહ્મણોને શીઘ્ર ગતિવાળા દૂતોને મોકલીને તત્કાળ ત્યાં બોલાવ્યા. (૧૩) તે સમયે પોતાના ત્યાગી શિષ્ય સમુદાય સહિત આયોધ્યાપ્રસાદ પણ ત્યાં આવ્યા તથા તેમના દેશના હજારો ગૃહસ્થો પણ ત્યાં આવ્યા. (૧૪) રઘુવીરાચાર્યના હજારો શિષ્યો ત્યાગીઓ તથા વિવિધ દેશમાં રહેનારા હજારો ગૃહસ્થો પણ ત્યાં આવ્યા. (૧૫)

હે ભૂપ ! વેદ શાસ્ત્રોને જાણનારાઓમાં હજારો શ્રેષ્ઠ વિપ્રો પણ તે પુરમાં મહોત્સવ થવાનો છે તે જાણીને આવ્યા. (૧૬) પછી દેશિકેન્દ્ર રઘુવીરાચાર્ય તેઓ સર્વને વસ્ત્ર અન્ન વગેરે અપાવતા હતા. અને તે રીતે તેમની પ્રીતિપૂર્વક યથાયોગ્ય સંભાવના કરતા હતા. (૧૭)

તે સર્વ ભક્તજનો હંમેશાં ઉન્મત્ત ગંગામાં સ્નાન કરી ગોપીનાથજી મહારાજના દર્શન કરતા હતા અને સુખપૂર્વક ત્યાં રહેતા હતા. (૧૮) શ્રી રઘુવીરાચાર્યે અતિમંગળમય મુહૂર્તમાં હરિશર્મા, પુરુષોત્તમ વગેરે ઋત્વિજ બ્રાહ્મણોને વરુણીમાં બેસાડ્યા. વેદને જાણનારા તે બ્રાહ્મણો વિધિ પ્રમાણે મંડપ, કુંડ વગેરે કરતા હતા. (૧૯)

પછી ક્રિયામાં નિપુણ તે બ્રાહ્મણો શાસ્ત્ર અનુસાર હોમ કરતા હતા તે સમયે વાદ્યોના ઘોષથી મિશ્રિત વેદઘોષ થયો. (૨૦) તિરોધાન થયેલા શ્રીહરિએ પોતાને આપેલી તેમની પ્રસાદીની દિવ્ય પાદુકાઓ રઘુવીરાચાર્ય ત્યાં લાવ્યા. (૨૧)

તે આચાર્યે તે મંદિરમાં ભગવાનની પ્રસાદીની તે પાદુકાઓની શુભ મુહૂર્તમાં અત્યંત હર્ષપૂર્વક વિધિ પ્રમાણે સ્થાપના કરી. (૨૨) પછી રઘુવીરાચાર્યે વેદ મંત્રોથી સ્થાપન કરેલી તે પાદુકાની વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ઉપચારોથી પૂજા કરી અને વાદ્યોના ધ્વનિ સાથે તે પાદુકાઓની આરતી કરી. (૨૩)

પછી તે આચાર્યે પ્રીતિપૂર્વક તે બંને પાદુકાઓને નમસ્કાર કરી તત્કાળ બહાર મંડપમાં આવીને મહોત્સવની પૂર્ણાહુતિ કરી તે સમયે ઋત્વિજોને તેમણે પુષ્કળ દક્ષિણા આપી. (૨૪)

તે સમયે ભક્તોએ ઉંચા સ્વરથી ઉચ્ચારણ કરેલા જયધ્વનિ અને તેની સાથે મિશ્ર થયેલા વાજિંત્રોનો મોટો ઘોષ સમગ્ર દિશાઓમાં વ્યાપી ગયો. (૨૫) પછી ગુરુ રઘુવીરાચાર્ય અસંખ્ય

સાધુઓ, વર્ણીઓ તથા બ્રાહ્મણોને પુષ્કળ ઘી સાકરના બનાવેલા શ્વેત મોદકો જમાડી તૃપ્ત કરતા હતા. (૨૬)

રઘુવીરાચાર્યે દેશાન્તરથી આવેલા હજારો ભક્તોને તેમજ ગઢપુરના નિવાસીજનોને સુંદર ભોજનોથી તૃપ્તિ પમાડ્યા. (૨૭) અત્યંત ઉદાર શ્રીરઘુવીરાચાર્યે હજારો બ્રાહ્મણોને મહામૂલ્યવાળા વસ્ત્રો તથા આભૂષણો આપ્યાં અને તેમને યથેચ્છિત ઘણી દક્ષિણા પણ આપી. (૨૮)

ધીર, અતિમહાન શ્રીરઘુવીરાચાર્યે આવી રીતે શુભ મહોત્સવ કર્યો તેમજ ધર્મ સંબંધી વાર્તા કરીને શ્રીહરિકૃષ્ણમાં આસક્ત સમગ્ર ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે જવા માટે આજ્ઞા આપી. (૨૯) દેશાન્તરના ભક્તજનો અતિભક્તિપૂર્વક શ્રીગોપીનાથજીના દર્શન કરીને ગુરુ અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી તથા સાધુઓને નમસ્કાર કરી, શ્રીહરિની પાદુકાના દર્શન કરવા માટે અતિસુંદર લક્ષ્મીવાડીમાં જવા લાગ્યા. (૩૦)

તે ભક્તજનો ત્યાં ઉત્તમ મંદિર પાસે જઈ આંખોમાં અશ્રુ સહિત શ્રીહરિની પાદુકાઓને પ્રણામ કરતા હતા તેટલામાં તે સર્વ તિરોધાન થયા પહેલાં શ્રીહરિ જેમ સિંહાસનમાં બિરાજતા તેમ તે મંદિરના સિંહાસનમાં બિરાજેલા શ્રીહરિને તેઓ જોતા હતા. (૩૧)

તે ભક્તો ભક્તિપૂર્વક શ્રીહરિને જોઈને આંખોમાં હર્ષાશ્રુ સહિત શ્રીહરિને પ્રણામ કરીને પરસ્પર આ પ્રમાણે બોલવા લાગ્યા. "આ શ્રીહરિએ આપણે સર્વ જે તેમના આશ્રિતો છીએ તેમને પોતાની અંતલીલા" નટની માફક સ્પષ્ટ બતાવી. (૩૨)

તોપણ પોતાના ભક્તનું રક્ષણ કરનારા આ ધર્મના પુત્ર ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિ તો અહીં નિત્ય પ્રત્યક્ષપણે રહ્યા જ છે." આ પ્રમાણે કહીને તે ભક્તો પોતાના ઈષ્ટ દેવને ફરીથી નમસ્કાર કરતા હતા. (૩૩) આવી રીતે શ્રીહરિ કેવળ દયાથી પોતાના સમગ્રજનોને પોતાના દર્શન લાંબા સમય સુધી પ્રત્યક્ષ આપતા હતા. આંખમાં અશ્રુવાળા તે ભક્તો વારંવાર શ્રીહરિને નમસ્કાર કરતા હતા અને એ પ્રકારે ત્યાં પુનઃ અન્તર્ધાન થયા. (૩૪)

પછી તે ભક્તો શ્રીહરિને રસ્તામાં સંભારતા પોતપોતાના દેશ પ્રત્યે ગયા. શ્રીરઘુવીરજીની આજ્ઞાથી તેમના સર્વ સંબંધી ત્યાગીજનો પૃથ્વી ઉપર મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે ગયા. (૩૫) પછી આચાર્યવર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી ગુરુ પોતાના સમગ્ર મુનિઓ, શિષ્યો તથા ઘણા ભક્તજનો સાથે શ્રેષ્ઠ શ્રીનગર પ્રત્યે ચાલ્યા. (૩૬) હે રાજન્ ! પછી દેશિકરાજ રઘુવીરજી, મુનિઓ, વર્ણીઓ તથા પાર્ષદોની સાથે, ગઢપુરથી નીકળ્યા અને પોતે આ વૃત્તાલયપુરમાં આવ્યા. (૩૭)

હે રાજન્ ! આ રીતે સંસાર સાગર તરવામાં નૌકારૂપ શુભ અને સમગ્ર તાપનું પ્રશમન કરનારી છે શ્રીહરિકૃષ્ણની લીલા તે મેં તમોને કહી. હે રુડી બુદ્ધિવાળા ! હે માનસિંહ રાજન્ !

તમે હવે શું સાંભળવા ઇચ્છો છો ? (૩૮)

આવી રીતે અમૃત સમાન શુકાનંદ મુનીન્દ્રની વાણી સાંભળીને શ્રીહરિના અદ્‌ભુત ઐશ્વર્યોનું શ્રવણ કરવાની ઇચ્છા યુક્ત અંતઃકરણવાળા તે રાજા શુકાનંદ મહામુનિ પ્રત્યે હર્ષપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૯)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દશમા સ્કંધમાં શુકાનંદમુનિ માનસિંહ નૃપ સંવાદે લક્ષ્મીવાડીમાં શ્રીરઘુવીરાચાર્યે કરાવેલા મંદિરમાં શ્રીહરિની પાદુકા પ્રતિષ્ઠોત્સવ નિરૂપણ નામે ઓગણપચાસમો અધ્યાય સંપૂર્ણ. (૪૯)

શ્રીહરિલાલાકલ્પતરુ ગ્રંથની અધિરોહિણી નામની ટીકાના વ્યાખ્યાકાર આચાર્યવર્ય શ્રીભગવત્પ્રસાદજી મહારાજ સ્તુતિ કરે છે. અયોધ્યાપ્રસાદ તથા રઘુવીર એ બંને પોતાના દત્તપુત્ર કરીને જેમણે પોતાની ધર્મધુરા અર્પણપૂર્વક સર્વે પોતાના શિષ્યોનું ગુરુપદ અર્પણ કર્યું. મંદિરોની રચના કરી તથા બંને આચાર્યોને દેશ વિભાગની સીમાના લેખ લખી આપ્યા વગેરે તથા વડોદરાપુરમાં ગયા તથા શ્રીનગર વગેરે નગરોમાં અનેક મહોત્સવો કર્યા તથા સુંદર મંદિરોમાં નરનારાયણ લક્ષ્મીનારાયણ પ્રભુની અર્ચાઓની પ્રતિષ્ઠાઓ કરી તથા પોતાના ભક્તોની સાંત્વના કરી પછી અંતર્ધાન થયા તે શ્રીહરિ મારું રક્ષણ કરો. (૧)

દશમ સ્કંધ સમાપ્ત

દસમા સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૫૧	૧૮-૪૭	૩૫-૬૦
૨-૪૪	૧૯-૩૭	૩૬-૫૦
૩-૨૭	૨૦-૩૪	૩૭-૪૮
૪-૫૧	૨૧-૪૮	૩૮-૪૯
૫-૬૦	૨૨-૪૩	૩૯-૪૭
૬-૫૦	૨૩-૫૨	૪૦-૫૩
૭-૭૨	૨૪-૫૨	૪૧-૪૦
૮-૨૨	૨૫-૪૫	૪૨-૪૬
૯-૪૪	૨૬-૪૫	૪૩-૩૩
૧૦-૫૫	૨૭-૨૭	૪૪-૩૭
૧૧-૪૭	૨૮-૪૫	૪૫-૩૨
૧૨-૫૧	૨૯-૪૦	૪૬-૬૫
૧૩-૪૪	૩૦-૫૨	૪૭-૪૧
૧૪-૩૭	૩૧-૭૧	૪૮-૨૧
૧૫-૪૬	૩૨-૫૮	૪૯-૩૯
૧૬-૫૯	૩૩-૬૩	કુલ શ્લોક : ૨૨૭૮
૧૭-૪૩	૩૪-૫૫	

શ્રીહરિલીલાકલ્પતરુના અગિયારમા સ્કંધની અવતરણિકા

વાત્સલ્યના સાગર, સ્વજનોના રક્ષક, પોતાના આશ્રિતોને પોતાનાં દર્શન આપી દુઃખોમાંથી તારનાર શ્રી સહજાનંદસ્વામીને હું વંદન કરું છું. (૧) અગિયારમાં સ્કંધમાં ૬૪ ચોંસઠ અધ્યાયો છે. (૨)

આરંભના આઠ અધ્યાયોમાં હરિએ કરેલા નિજભક્તોનાં રક્ષણનું વિવરણ છે, પછીના ત્રણ અધ્યાયોમાં પાણી તથા વિષથી કરેલા રક્ષણનું વર્ણન છે. (૩) પછીના બે અધ્યાયોમાં અગ્નિથી થયેલા રક્ષણનું, પછીના બે અધ્યાયોમાં ચોરોથી થયેલા રક્ષણનું પછીના એક અધ્યાયમાં કારાગૃહમાંથી થયેલા રક્ષણનું, પછીના બેમાં ભૂતોપદ્રવથી થયેલા રક્ષણનું વર્ણન છે. (૪)

પછીના ચાર અધ્યાયોમાં હરિએ ખુશાલદાસ દ્વારા દર્શાવેલા પોતાના ઐશ્વર્યનું વર્ણન છે. (૫) પછી શ્રી ગોપાલાનંદજી દ્વારા દર્શાવેલ ઐશ્વર્યનું વર્ણન છે. ત્યાર પછીના અધ્યાયમાં રામદાસ દ્વારા દર્શાવેલા ઐશ્વર્યનું વર્ણન છે. (૬)

પછી વ્યાપકાનન્દ દ્વારા દર્શાવેલા ઐશ્વર્યનું વર્ણન છે. પછીના અધ્યાયમાં અખંડાનંદનાં રક્ષણનું વર્ણન છે. (૭) પછીના ત્રણ અધ્યાયોમાં શતાનન્દ મુનિ દ્વારા દર્શાવેલા વૈભવનું વર્ણન છે. પછીના છ અધ્યાયોમાં વડોદરામાં દર્શાવેલા વૈભવનું વર્ણન છે. (૮)

પછીના અધ્યાયમાં પોતાની મૂર્તિદ્વારા દર્શાવેલા વૈભવનું વર્ણન છે, પછીના બે અધ્યાયોમાં હરિએ આપેલા પોતાનાં પ્રત્યક્ષ દર્શનનું વર્ણન છે. (૯) પછીના અધ્યાયમાં પોતે વર્ણવેલા ઐશ્વર્યનું વર્ણન છે. પછીના બે અધ્યાયોમાં કૃપાનન્દ દ્વારા દર્શાવેલા વૈભવનું વર્ણન છે. (૧૦)

પછીના બે અધ્યાયોમાં મહામારી રોગમાંથી પોતાના ભક્તોનાં કરેલા રક્ષણનું વર્ણન છે અને પછીના પાંચ અધ્યાયોમાં હરિએ ભાસ્કરિ દૂતોથી પોતાના ભક્તોનું કેવી રીતે રક્ષણ કર્યું. તેનું વર્ણન છે. (૧૧)

અને પછીના છેલ્લા પંદર અધ્યાયોમાં મૃત્યુ સમયે ભક્તોને પોતાના પાર્ષદગણ સહિત પોતાનાં સુખપ્રદ દર્શન આપવાની કથાનું વિસ્તૃત વર્ણન છે. (૧૨) આવી રીતે બધા જોડીને કુલ ચોસઠ અધ્યાયોમાં આ અગિયારમો સ્કંધ પૂરો થાય છે. (૧૩)



અધ્યાય ૧ લો

માનસિંહ રાજા કહે છે :- હે મુને ! સર્વ અવતારોના કારણ ધર્મના પુત્ર શ્રીહરિની, જગતને પવિત્ર કરનારી નાના પ્રકારની લીલાઓ તમોએ મને કહી. (૧) અમૃતથી અત્યુત્તમ, મધુર રસવાળી, સંચાર સાગરમાં નૌકારૂપ, શ્રીહરિની લીલા રૂપી સુધાનું પાન કરાવીને તમોએ મને અત્યંત શાંતિ પમાડી છે. (૨)

હે સાધુવર્ય ! સંસારરૂપી સર્પનો દંશ જેને થયો છે. તેવા જનોને મહા ઔષધરૂપ એવા શ્રીહરિનું ચરિત્ર સાંભળીને હું અતિશય કૃતાર્થ થયો છું. (૩) હે મહામુને ! તેમનાં અનંત ચરિત્રો છે જે હું જીવન પર્યંત તમારી પાસેથી સાંભળીને પણ તે ચરિત્રોનો પાર ન પામું. (૪)

તેમની લીલા શ્રવણમાં ક્યારેય મને તૃપ્તિ થતી નથી. નિત્ય નવી લીલાઓ સાંભળીને કયો રસજ્ઞ પુરુષ તૃપ્તિ પામે ! (૫) હે મહાયોગિ ! તેથી હું હાલમાં શ્રીહરિના અદ્ભુત, દિવ્ય અનુપમ ઓજસંપૂર્ણ ઐશ્વર્ય તમારી પાસેથી સાંભળવા ઇચ્છું છું. (૬)

તેથી અવતારી શ્રીહરિએ પોતાના આશ્રિત ભક્તોને જે જે ચરિત્રો બતાવ્યા હોય તે મને આપ દયા કરીને કહો. (૭) તે રાજાએ પૂછ્યું તેથી શુકાનંદ મહામુનિએ શ્રીસહજાનંદ શ્રીહરિનું ધ્યાન કરી કહ્યું. (૮)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સંસારના તાપથી તપેલા લોકોને શાંતિનું કારણ, મંગળ સ્વરૂપ અને ઐશ્વર્ય ભરપુર શ્રીહરિના ચરિત્રોનું શ્રવણ શુભ બુદ્ધિવાળા તમોએ પૂછ્યું તે શુભ છે. (૯)

હે રાજન્ ! શ્રીહરિના અતિપવિત્ર દિવ્ય ઐશ્વર્યો સાંભળીને ભક્તજનો તેમનું માહાત્મ્ય અત્યંત સમજી શકે. (૧૦) શ્રીહરિના ચરિત્ર શ્રવણથી જ પરમાત્મામાં મનુષ્યોને અત્યંત પ્રેમ થાય છે તથા સંસાર નાશક અતિદૃઢ નિશ્ચય શ્રીહરિનો (આજ ભગવાન છે એવો નિર્ણયાત્મક નિશ્ચય)

થાય છે. (૧૧)

હે રાજન્ ! તેથી શ્રીહરિનાં ઐશ્વર્યો તમોને હું કહીશ પરંતુ તે સમગ્રપણે કહેવા માટે શેષાદિ પણ સમર્થ નથી. (૧૨) તેથી હે રાજન્ ! શ્રીહરિનાં ઐશ્વર્યો જેવાં જોયા છે, જેવા સાંભળ્યા છે, તે જેવા છે તેવા તમોને હું સંક્ષિપ્તથી આદરપૂર્વક કહું છું, તે તમો સાંભળો. (૧૩)

દયાળુ શ્રીહરિએ પ્રત્યક્ષપણે તેમજ પરોક્ષપણે આ લોકમાં પોતાના ભક્તોને ઘણા ઐશ્વર્ય બતાવ્યા છે. (૧૩) તે ભક્તવત્સલ શ્રીહરિ પોતાના ભક્તોને હમણાં પણ જાણે પ્રત્યક્ષ હોય તેમ વારંવાર ઘણાં ઐશ્વર્યો બતાવે છે. (૧૫)

હે રાજન્ ! તમો શ્રદ્ધાવાળા છો તેથી જેનું શ્રવણ અને ઉચ્ચારણ પાપ અને તાપનો નાશ કરે છે તે શ્રીહરિના ઐશ્વર્યો હું સંક્ષિપ્તથી કહું છું. (૧૬) હે રાજન્ ! મુનીન્દ્ર મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સહિત આ પૃથ્વી ઉપર ફરતા હતા અને જન સમુદાયને મોક્ષ માર્ગનો ઉપદેશ કરતા હતા. (૧૭)

હે રાજન્ ! શ્રેષ્ઠ ગુણોવાળા મુક્તાનંદ સ્વામી પોતાના શિષ્ય મંડળ સહિત એક સમયે માર્ગમાં ચાલતા ભૂલા પડ્યા અને અવળે રસ્તે જતાં ભયંકર વનમાં જઈ ચડ્યા. (૧૮) ઘાટી અને ઊંચી વિવિધ પ્રકારની અનેક લતાઓ તથા વૃક્ષોથી વ્યાપ્ત, વટેમાર્ગુઓ જ્યાં જતો નથી અને ભયંકર સિંહોની જ્યાં ગર્જના થાય છે. (૧૯)

શિયાળો, આઠ પગવાળા ભયંકર શરભો, પાડાઓ, અજગરો, રોઝો તથા વિવિધ પ્રકારના મૃગલાઓ; (૨૦) તેમજ મદોન્મત્ત હાથીઓ, વરાહો, સાવઢીઓ, સસલાઓ હિંસક પ્રાણીઓ તેમજ વનના ભયંકર પશુઓથી વ્યાપ્ત; (૨૧)

એવા તે મહાવનમાં ધૈર્યશીલ હૃદયમાં શ્રીહરિનું સ્મરણ કરતા, નિર્ભય બોધનિધિ તે મુક્તાનંદ મુનિ શિષ્યોને ઉપદેશ વાતો કરતા, આનંદ પૂર્વક તે વનમાં વિચરવા લાગ્યા. (૨૨) પછી મુક્તાનંદ સ્વામી તે મહાવનમાં એક મહાનદી પાસે પહોંચ્યા. તે સમયે તે નદીમાં બે કાંઠા સુધી પાણી હોવાથી ફક્ત નાવથી જ તરી શકાય એવી તે નદી હતી. (૨૩)

પ્રવાહ તણાતાં મોટા લાકડાં, સર્પો, તેમજ પશુઓથી ભયંકર, ભયંકર ભમરીઓ જેમાં ઊઠે છે અને મોટા ચંચળ તરંગોવાળી (૨૪) પ્રવાહમાં ઉછળતા માછલાંઓ, શેલારા મારતી મગરો તેમજ કાચબાઓના સમૂહથી ભયંકર, પવનથી ઉછાળા મારતી તેથી જ જાણે ડોલતી ફેણવાળી હોય તેવી, અને વહેતા પ્રવાહના ભયંકર ઘુઘવાટા કરતી; (૨૫)

હે રાજન્ ! આ પ્રમાણે અગાધ ઊંડા જળવાળી તે નદી જોઈને મુનિવર શિષ્યો સહિત તે નદીના કિનારે ગયા. (૨૬) હે રાજન્ ! તે સમયે એક મુહૂર્ત માત્ર દિવસ બાકી રહ્યો હતો.

આકાશમાં ઘનઘોર વાદળ તત્કાળ ચઢી આવ્યું, મેઘની ગર્જનાઓ પણ થવા લાગી. (૨૭)

તે મેઘમાં વીજળી પણ પુષ્કળ પ્રમાણમાં ચમકવા લાગી; તીવ્રવેગવાળો વાયુ વાયા લાગ્યો. દિશાઓ અંધકારથી ઢંકાઈ ગઈ. (૨૮) હે રાજન્ ! વજ્રતુલ્ય ગર્જના કરતો મેઘ વર્ષવા લાગ્યો. તે સમયે નદી કાંઠે વાઘના ભયથી કોઈ મનુષ્ય આવતો નહિ. (૨૯)

ભૂખથી સૂકાઈ ગયેલા વાઘથી વ્યાપ્ત, તે પ્રદેશમાં મહા ધૈર્યશાળી અને વિચક્ષણ તે મુનિ શિષ્યોને શાંતિ પમાડતા તે શિષ્યો પ્રત્યે કહેવા લાગ્યા. (૩૦) હે સંતો ! આ દુર્ગમ સ્થાનમાં અવતારોના કારણ પરં શ્રીહરિને મળેલા તમો સૌએ સર્વ પ્રકારે ધીરજ રાખવી. (૩૧)

હે સંતો પ્રકૃતિના કાર્યરૂપ તત્વોથી ઉત્પન્ન થયેલો અને તેથી વિકારવાળો આ દેહ તો અનિત્ય છે. અને સત્-ચિત્ અને આનંદમય આત્મા દેહથી ભિન્ન છે. (૩૨)

તેથી હે ઉત્તમ સંતો ! દેહ અને આત્માના વિવેકવાળા શ્રીહરિના ભક્તો અને સાધુઓને તો 'હું મરીશ' એ પ્રકારની પશુ બુદ્ધિ રાખવી એ યોગ્ય નથી. (૩૩)

હે સંતો મળ મૂત્રાદિ વિકારમય દેહનો ત્યાગ કરીને દિવ્ય ભાગવતી તનુ પામીને, શ્રીહરિના ભક્તો બ્રહ્મપુરમાં અનુપમ અને અલૌકિક સુખ પામે છે. (૩૪) તેથી ધર્મપુત્ર પુરૂષોત્તમ પ્રત્યક્ષ શ્રીહરિને પામેલા આપણને મૃત્યુની ચિંતા નથી. એટલું જ નહિ પરંતુ મોટો ઉત્સાહ છે. (૩૫)

હે મહીપતે ! આ પ્રમાણેનું મુક્તાનંદ સ્વામીનું વચન સાંભળી આનંદ પામેલા તે સર્વ સંતો ધૈર્ય શીલ બની શ્રીહરિનું ચિંતવન કરતા તે નદી તીરે રહ્યા. (૩૬) કૃપાળુ, ભક્ત વત્સલ, સ્વામિનારાયણ શ્રીહરિએ તેમનું આવું સંકટ જાણી તે સાધુઓની સંકટથી રક્ષા કરવા માટે ઈચ્છા કરી. (૩૭)

પ્રભુ શ્રીહરિ બ્રાહ્મણ રૂપધારી નાવિકા સાથે નાવમાં બેસીને તત્કાળ તેમની સમીપે આવ્યા. (૩૮)

સાધુવત્સલ શ્રીહરિ તે સાધુઓને નાવમાં બેસાડીને તે અત્યંત વિશાળ નદીને સામે કાંઠે તેમને લઈ ગયા. (૩૯)

સામે કાંઠે પહોંચેલા તે સાધુઓ તત્કાળ નાવમાંથી ઉતરીને પોતાના પુસ્તકો લઈને આગળ જવા માટે તૈયાર થયા. (૪૦) હે રાજન્ ! ત્યારપછી વિપ્રરૂપધારી સત્પતિ શ્રીહરિએ પોતાને વિષે પ્રેમવાળા તે સંતોને આગળ સુખપૂર્વક જઈ શકાય તેવો માર્ગ બતાવ્યો. (૪૧)

પછી તે મહાનદીમાં પાછું જતાં નાવને જોતાં તે મુનિઓ તે સમયે અન્તર્ધાન થઈ ગયેલા નાવ તથા નાવિકને ન જોતાં અત્યંત આશ્ચર્ય પામ્યા. (૪૨) તેથી મુક્તાનંદ તથા અન્ય સાધુઓએ જાણ્યું કે, સર્વજ્ઞ, સુંદર પ્રત્યક્ષ ધર્મનંદન શ્રીહરિએ બ્રાહ્મણરૂપ ધારી આપણું આ કષ્ટમાંથી રક્ષણ કર્યું. (૪૩)

જો તે શ્રીહરિ ન હોય તો ભયંકર મહાવનની સમીપે આવેલી આ વિષમ નદીમાં કર્ણધાર સહિત નાવ આરે ક્યાંથી આવે ? (૪૪) ધર્મપુત્ર શ્રીહરિના આ પ્રકારના અતિદિવ્ય શ્રેષ્ઠ ચમત્કારોના ગુણગાન ગાતા તે મુનિઓ આ પૃથ્વી ઉપર ધર્મયુક્ત શ્રીહરિકૃષ્ણની ભક્તિ પ્રવર્તાવતા ફરતા હતા. (૪૫)

હે નરપતે ! મુનિવત્સલ પોતાના આશ્રિતજન સમુદાયનું રક્ષણ કરવામાં અતિ સમર્થ, દિવ્ય ઐશ્વર્યનિધિ, શ્રીધર્મનંદન શ્રીસ્વામિનારાયણે આગળ કહ્યું તે પ્રમાણે પોતાનું અદ્‌ભુત ઐશ્વર્ય વિસ્તારીને પોતાને વિષે અનન્ય નિષ્ઠાવાળા મુક્તાનંદ વગેરે મુનિજનોનું તત્કાળ રક્ષણ કર્યું. (૪૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શુકાનંદ મુનિ માનસિંહ સંવાદે શ્રીહરિએ મુક્તાનંદ મુનિનું રક્ષણ કર્યું તે નિરૂપણ નામે પહેલો અધ્યાય સંપૂર્ણ. (૧)



અધ્યાય ૨ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ! શ્રીહરિની આજ્ઞાથી કૈવલ્યાનંદ મુનિરાજ પોતાના મંડળ સહિત મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે પૃથ્વી ઉપર વિચરતા હતા. (૧) આત્મનિષ્ઠ તથા શ્રીહરિના ધ્યાનમાં આસક્તિવાળા, નિર્મળ અંતઃકરણવાળા, શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને વિષે એકાંતિક ભક્તિ પામેલા; (૨)

સર્વ જીવોના હિતેચ્છુ, દયાળુ, અતિશય ક્ષમાવાળા, અતિસ્થિર, ઉપશમવાળા, શાંત સ્વભાવયુક્ત ઘણા સદ્‌ગુણોરૂપી ભૂષણોવાળા; (૩) તે કૈવલ્યાનંદ મહામુનિ એક સમયે શિષ્યો સહિત શ્રીહરિના દર્શન કરવા માટે ગઢપુર પ્રત્યે આવતા સાબરમતી નદીના કિનારે આવ્યા. (૪)

હે રાજન્ ! શ્રીહરિના વિયોગની પીડાથી આર્ત થયેલા અને તેથીજ શ્રીહરિના દર્શનમાં વેગવાળા, કૈવલ્યાનંદ તથા તેમની સાથેના સાધુઓએ સાબરમતી નદી તરીને સામે પાર નીકળવાની ઈચ્છાથી તે નદીમાં તત્કાળ પ્રવેશ કર્યો. (૫)

તે સાધુઓ જ્યાં સાબરમતી નદીના વહેણમાં આવ્યા તેટલામાં, ટોળેટોળા મળીને આવતા પક્ષીઓના શબ્દની જેમ, જળનિધિનું મોટું પુર તે નદીમાં આવ્યું. (૬) એટલે તે સાબરમતી નદીમાં મુનિઓની ચારે બાજુએ જે વાંસપુર પાણી હતું. તે પાણી આવતાં પુરના પ્રવાહમાં તરંગો ઊઠવા લાગ્યા અને મુનિઓને આગળ જતાં તે રોકવા લાગ્યા. (૭)

તે ખારા પાણી મુખમાં પ્રવેશથી અત્યંત પીડા પામેલા તે સાધુઓ, તે સાબરમતીમાં વારંવાર ડૂબવા લાગ્યા અને ઊંચે આવવા લાગ્યા. (૮) તે સમયે તે સાધુઓના પુસ્તકો તથા ગોદડી વગેરે વસ્તુઓ તે વેગવાળા પ્રવાહમાં તણાઈ ગયા. (૯)

હે મહીપતે ! તોપણ ધૈર્યશીલ અને મૃત્યુના ભયથી રહિત તે સંતો એકબીજાને એમ કહેતા હતા. (૧૦) હે સંતો ! ડાહ્યા પુરુષોએ તો પ્રાણનો અંત આવે તે સમયે પોતાનું મન સર્વથા પ્રત્યક્ષ નારાયણમાંજ જોડવું. (૧૧)

દેહનો અંતકાળ આવે ત્યારે તો ભક્તોએ શ્રીહરિ વિના પ્રકૃતિજન્ય દુઃખ આપનારી બીજી કોઈ વસ્તુ નજ સંભારવી. (૧૨) એમ કહીને મૃત્યુ હવે સમીપે આવ્યું છે એમ નિશ્ચય કરીને તે સર્વ સંતોએ ધર્મનંદન, ધર્મધુરંધર શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કર્યું. (૧૩)

એકાંતિકી દૃઢ ભક્તિથી શ્રીહરિને ભજનારા તે મુનિઓનું આ પ્રકારનું અત્યંતદુઃખ જાણીને, તે મુનિઓનું રક્ષણ કરવાની ઇચ્છાથી નાવિકા સહિત નાવમાં બેસીને શ્રીહરિ ત્યાં આવ્યા. (૧૪) મુનિવત્સલ શ્રીહરિએ પોતામાં અનન્યભાવવાળા, અગાધ જળમાં ડૂબતા તે સંતોને, હાથ વડે પકડીને તત્કાળ પોતે નાવમાં બેસાડ્યા. (૧૫)

પછી કર્ણધારે શ્રીહરિની આજ્ઞાથી તે સંતોની કન્થા, વસ્ત્ર, પુસ્તકો વગેરે અત્યંત ઊંડા જળમાંથી કાઢીને તે વિશાળ નૌકામાં મૂક્યાં. (૧૬) પંક્તિબદ્ધ ઊઠતા મોટા તરંગોવાળી તે નદીના પ્રવાહમાંથી સર્વ મુનિઓને સામે કાંઠે ઉતારીને હે શ્રેષ્ઠ સાધુઓ ! હવે તમે ધીમે ધીમે જાઓ આ પ્રમાણે અમૃતથી પણ અત્યંત મધુર વચન શ્રીહરિએ કહ્યાં. (૧૭)

ત્યારપછી શ્રીહરિ તો તે મુનિઓ જુવે તે પ્રમાણે નૌકા સહિત અન્તર્ધાન થઈ ગયા. હે નૃપતે ! સંતો તે મહાશ્ચર્ય જોઈને આનંદ પામ્યા અને આ પ્રકારે નિશ્ચય કર્યો. (૧૮) ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણે જ નાવ સહિત શીઘ્ર અહીં પ્રત્યક્ષ આવીને આપણને અતિ દુસ્તર પુરમાંથી બહાર કાઢ્યા અને પછી સ્વતંત્ર, ધર્મનંદન શ્રીહરિ અંતર્ધાન થયા. (૧૯)

તે મુનિઓ આ પ્રમાણે પરસ્પર તે શ્રેષ્ઠ ઐશ્વર્ય તથા શ્રીહરિની અનુપમ ભક્તવત્સલતાનું ગાન કરતા ગઢપુર પહોંચ્યા. (૨૦) હે રાજન્ ! અતિદયાળુ, પોતાના આશ્રિતોનાં રક્ષણમાં શૂરવીર, ધર્મપુત્ર, શ્રીહરિકૃષ્ણે અતિ દુરંત સાબરમતી નદીના પ્રવાહમાં ડૂબતા તે સમગ્ર સાધુઓનું આ પ્રમાણે રક્ષણ કર્યું. (૨૧)

હે રાજન્ ! એક વખત અનંતાનંદસ્વામી પોતાના મંડળ સહિત શ્રીહરિની આજ્ઞાથી મુમુક્ષુઓને ઉપદેશ આપતા પૃથ્વી ઉપર વિચરણ કરતા હતા. (૨૨) ધર્મપુત્ર શ્રીહરિની એકાંતિકી ભક્તિ કરતા શ્રીહરિના ધ્યાનમાં પ્રીતિવાળા, અતિશય સદ્ગુણ સંપન્ન. (૨૩) મુનિપુંગવ અનંતાનંદ મુનિ, શિષ્યો

સહિત ખાનદેશમાં ફરતા ફરતા બુરાનપુર નગરમાં પહોંચ્યા. (૨૪)

તે પુરના ભક્તો તે મુનિ તથા તેમના શિષ્યોની પ્રીતિપૂર્વક સેવા કરતા હતા. તે મુનિ તે ભક્તોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની વાતો કરી અતિ સુખ આપતા હતા. (૨૫) એક સમયે અનંતાનંદ મહામુનિ વર્ષાઋતુમાં પોતાના શિષ્યો સાથે તે પુરની સમીપે મહાનદી તાપીમાં સ્નાન કરવા ગયા. (૨૬)

ધ્યાનના અભ્યાસવાળા તે મુનિએ પોતાના ધ્યાની સાધુઓ સાથે, અત્યંત પુર જેમાં આવ્યું છે. એવી તે નદીમાં સ્નાન કરવા માટે પ્રવેશ કર્યો. (૨૭) જેવા તેઓ નદીની અંદર ગયા કે તેજ ક્ષણે અત્યંત વેગથી તે મુનિઓ તણાવા લાગ્યા. તેથી સર્વ મુનિઓ અત્યંત પીડા પામ્યા. (૨૮)

ચંચળ તરંગ યુક્ત જળથી ભરેલી તે નદીના મોટા પુરમાં જળની ભમરીઓથી બૂડતા તે મુનિઓ તેમાંથી બહાર નીકળવા માટે શક્તિમાન ન થયા. (૨૯) તે પ્રવાહમાં બૂડતા અને તેથી અત્યંત પીડા પામેલા તે મુનિઓનું દુઃખ તે સમયે સર્વાન્તર્યામી શ્રીહરિએ જાણ્યું. (૩૦)

પછી પોતાના આશ્રિતોની રક્ષા કરવા ઇચ્છતા ઇષ્ટદેવ શ્રીહરિએ ત્યાં આવીને તત્કાળ તેમના સર્વના હાથ ઝાલીને તેમને મહાપુરમાંથી બહાર કાઢ્યા. (૩૧)

કરુણાસાગર શ્રીહરિ આવી રીતે પોતાના આશ્રિત અને અનન્ય શરણાગતોની મહા આપત્તિમાંથી રક્ષા કરીને, પછી ત્યાંથી તત્કાળ અંતર્ધાન થઈ ગયા. (૩૨)

હે રાજન્ ! ત્યારબાદ તે સંતોએ પોતાના હૃદયમાં આ પ્રકારે નિશ્ચય કર્યો. હે સંતો ! ભક્તજનોના દુઃખને હરનારા શ્રીહરિએ પુરમાં બુડતાં આપણું આ રીતે જલદી રક્ષણ કર્યું. (૩૩)

પછી તે નદીના તીરે તે સંતો આવ્યા અને પ્રસન્ન થયેલા તે સાધુઓને પુરના ભક્તો તેમજ અન્ય સર્વ ચારેકોર વીંટાઈને પૂછવા લાગ્યા કે, હે સંતો ! તમો પુરમાં બૂડ્યા હતા છતાં પણ તે મૃત્યુથી કેવી રીતે મૂકાયા ? (૩૪)

ત્યારપછી તે સંતોમાં બુદ્ધિમાન અનંતાનંદ મુનીંદ્ર પુરજનોને કહેવા લાગ્યા. હે જનો ! તે પુરમાં તણાતા અમોએ જીવવાની આશા છોડી દીધી હતી. (૩૫) છતાંપણ હે જનો ! અસાધારણ અને અપાર કરુણાના એક આધાર, નિરવધિકાતિશય મહિમાવાળા પ્રત્યક્ષ શ્રીહરિએ જ નિષ્કારણ કૃપાપૂર્વક પોતાના આશ્રિત જે અમો તે અમારો હાથ ઝાલીને પ્રવાહમાંથી અમારો ઉદ્ધાર કર્યો. (૩૬)

ઉદાર કીર્તિવાળા શ્રીહરિની અનુપમેય અને અપાર કરુણા કહેવા માટે સહસ્ર વદન શેષ તથા અક્ષરમુક્તો પણ શક્તિમાન નથી તો હું શું સમર્થ થઈ શકું ? (૩૭) તે ભક્તો તથા અન્યજનો તે મુનિનું આવું વચન સાંભળીને આશ્ચર્યપૂર્વક અત્યંત આનંદ પામીને શ્રીહરિનો પવિત્ર પ્રતાપ જાણવા

લાગ્યા. (૩૮)

પુરના જનો પણ આ ચમત્કાર જોઈને પ્રત્યક્ષ શ્રીહરિનો નિશ્ચય કરીને મુનિ પાસેથી શ્રીહરિ સંબંધી વાર્તા સાંભળીને શ્રીહરિનો અનન્ય આશ્રય કરતા હતા. (૩૯) આ પ્રકારે શરણાગત રક્ષાપરાયણ, અતિ કૃપાસાગર, નિયન્તા, ધર્મપુત્ર શ્રીહરિ આ લોકમાં પોતાના આશ્રિત ભક્ત જનોની પ્રતિક્ષણ રક્ષા કરતા હતા. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ કૈવલ્યાનંદ મુનિનું રક્ષણ કર્યું તે નિરૂપણ નામે બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! મોડા ગામમાં રહેનાર બુદ્ધિમાન્ ધર્મનિષ્ઠ મોટાભા નામના ક્ષત્રિય ભક્ત ધર્મપુત્ર શ્રીહરિનું હંમેશાં ભજન કરતા હતા. (૧) ધર્મનંદન શ્રીહરિની કૃપાથી ઉત્તમ સમાધિ સ્થિતિ પામેલા તે ભક્ત શ્રીહરિનું અત્યંત માહાત્મ્ય જાણતા હતા. (૨)

શ્રીહરિમાં અસાધારણ પ્રીતિવાળા, જ્ઞાન વૈરાગ્ય સંપન્ન, તે મોટાભા પોતાના નેત્ર સન્મુખ કોટિ કામદેવને મોહ પમાડનારી શ્રીહરિની અદ્‌ભુત મૂર્તિ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં જોતા હતા. (૩)

એક વખત તે ભક્ત મોટાભા વર્ષાઋતુમાં પુષ્કળ વર્ષાદથી પોતાના ગામની સમીપે આવેલી જેમાં અત્યંત પુર આવ્યું છે તે રૂપરેખા નદીમાં સ્નાન કરવા એકલા ગયા. (૪) તે એકાંતિક ભક્તેન્દ્ર હંમેશાં ધ્યાનનિષ્ઠ રહેતા હતા. તેથી દેહના ભાનથી રહિત તે મોટાભાએ તે નદીમાં સ્નાન કરવા તત્કાળ પ્રવેશ કર્યો. (૫)

તેટલામાં નદીના અત્યંત વેગવાળા તે પ્રવાહમાં તણાતા મોટાભા બૂડવા લાગ્યા અને એ પ્રકારે મહાઆપત્તિ પામ્યા. (૬) જેમના મુખમાં પાણી પેસી ગયું છે અને વારંવાર બૂડતા અને ઉપર આવતા તરંગોથી આઘા પાછા થતા તે ભક્ત, અત્યંત દુઃખી થયા. (૭)

આ પ્રકારે પોતાના અનન્ય ભક્તને મોટું દુઃખ થયું છે તે ભક્તવત્સલ, સર્વજ્ઞ શ્રીહરિએ જાણ્યું. (૮) તેથી દયાર્દ્ર શ્રીહરિ પોતાના ભક્તની રક્ષા કરવા માટે અતિ ઉતાવળથી ગરુડ ઉપર બેસી પોતાના આશ્રિતની સમીપે આવ્યા. (૯)

ગરુડ ઉપર બેઠેલા તે શ્રીહરિકૃષ્ણ ભગવાને તે બૂડતા ભક્તના બંને હાથ પોતાના હાથ વડે ઝાલીને તેમને નદીના પ્રવાહમાંથી ઉંચકીને નદીના કાંઠે લઈ ગયા. (૧૦) પછી દયાસાગર શ્રીહરિ પોતાના દર્શનથી આનંદ પામેલા અને પોતાને વારંવાર પ્રણામ કરતા, નેત્રમાં અશ્રુવાળા તે મોટાભા ભક્ત પ્રત્યે કહેવા લાગ્યા. (૧૧)

હે ભક્ત ! તમારે ફરીથી ક્યારેય આવા પુરવાળી નદીમાં પ્રવેશ કરવો નહિ એમ કહીને શ્રીહરિ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. (૧૨) મોટાભાને સ્નાન કરવામાં ઘણો સમય થયો તેથી તેમના બંધુઓ તો તેઓ નદીના પુરમાં તણાઈ ગયા છે એમ જાણીને શોક કરવા લાગ્યા. તેટલામાં તે ભક્ત આવ્યા. (૧૩)

ત્યારપછી તે ભક્તરાજ દયાળુ શ્રીહરિએ પોતાની રક્ષા કરી તે હકીકત પોતાના સંબંધિજનોને કહેવા લાગ્યા. (૧૪)

તે બંધુજનોએ તે આશ્ચર્ય સાંભળીને શ્રીહરિનું કલ્યાણકારી ભક્ત વત્સલપણું જાણ્યું અને તેમને શ્રીહરિ પ્રત્યે અત્યંત પ્રીતિ થઈ. (૧૫)

શ્રીહરિનું સદા ધ્યાન કરતા, અને તેથીજ દેહના અનાદરવાળા, પરમાત્મા જ જેમને પ્રિય છે એવા તે ભક્ત મોટાભા આ લોકની ક્રિયા સાથે પોતાની ક્રિયાનો મેળ ન હોવાથી ઉન્મત્ત સમાન વર્તતા હતા. (૧૬)

તેથી તેમના સમગ્ર સંબંધિઓએ તેમને ગાંડા જાણીને તેમના બંને પગમાં બેડીઓ નાંખીને તેમને ઘરમાં પુરી રાખ્યા હતા. (૧૭) સર્વજ્ઞ, દયાસિન્ધુ શ્રીહરિ પોતાના એકાંતિક ભક્ત મોટાભાનું આવું દુઃખ જાણીને તેમની સમીપે પધાર્યા. (૧૮)

પછી વ્યાપક શ્રીહરિએ બેડીના બંધનથી તે ભક્તને તત્કાળ મુક્ત કર્યા અને ત્યારબાદ તે ભક્ત જુવે તે પ્રમાણે તત્કાળ અંતર્હિત થઈ ગયા. (૧૯)

પરંતુ તેમના બંધુજનોએ તો મોટાભા ભક્તને ઓરડામાં પુરી બંને બારણાં વાસીને, કમાડમાં આગળીઓ તથા સાંકળો મારી તાળું લગાવી તેમને ફરી પુરી દીધા. (૨૦, ૨૧) છતાંપણ તે બંધન ગૃહમાં શાંત મનથી આનંદપૂર્વક શ્રીહરિનું ધ્યાન કરતા તે ભક્ત તો વાસેલા દ્વારવાળા તે ઘરમાંથી તત્કાળ બહાર આવ્યા છતાં તે ઘરનાં બારણા તો જેમ હતા તેમ વાસેલા જ રહ્યા. (૨૨)

તેના બંધુઓ તથા અન્યજનો તે ભક્તને ઘરની બહાર આવેલા જોઈને તેમજ તે ઘર પણ પહેલાંની માફક વાસેલું જોઈને અત્યંત વિસ્મય પામ્યા. (૨૩) તેથી તે બંધુજનોએ શાંત અને એકાંતિક ભક્ત મોટાભાને પ્રત્યક્ષ શ્રીહરિજ વારંવાર બહાર કાંઢે છે એમ નિશ્ચય કર્યો. (૨૪)

પછી તેઓ અંદરો અંદર કહેવા લાગ્યા કે, હે બંધુજનો ! આપણે કયારેય પણ આ

ભક્તનો હવે દ્રોહ કરવો નહિ. આ ભક્ત તો શ્રીહરિને અતિપ્રિય છે તેથી તે ધન્ય છે. (૨૫) આશ્રિત જનોને અત્યંત પ્રિય, દયાળુ, ધર્મપુત્ર, ઈશ, શ્રીહરિ આવી રીતે પોતાના ચરણ કમળમાં અતિશય સ્નેહથી જેમણે મનરૂપી ભ્રમર બાંધ્યા છે, એવા તે ભક્તનું આલોકમાં વારંવાર રક્ષણ કરતા હતા. (૨૬)

દેહગેહાદિકમાં આસકિત રહિત એકાન્તિક ભકતેન્દ્ર મોટાભા ભક્તે એક સમયે અતિ વૈરાગ્યના વેગથી તે સમૃદ્ધિવાળા ઘરનો ત્યાગ કર્યો. (૨૭) પછી તે મોટાભા ભક્ત પ્રત્યક્ષ શ્રીહરિને મળ્યા અને તેમની પાસે ભાગવતી દીક્ષા લઈને પરમાત્માને પ્રિય સચ્ચિદાનંદ નામધારી ઉત્તમ સાધુ થયા. (૨૮)

તે સચ્ચિદાનંદ મુનિ પ્રત્યક્ષ શ્રીહરિમાં શુભ એકાંતિક ભક્તિ દૃઢ કરીને પરાત્પર શ્રીહરિમાં હંમેશાં અતિ આસક્ત મનવાળા થયા. (૨૯)

તે સચ્ચિદાનંદ સાધુ પોતાના પ્રિય શ્રીહરિથી ક્ષણવાર પણ દૂર રહેવા માટે સમર્થ નહતા. સમાધિ દ્વારા બ્રહ્માંડમાં તેમજ શ્રીહરિના સમગ્ર ધામમાં પણ તે જતા હતા. (૩૦)

(સચ્ચિદાનંદ સ્વામીના ગુણોનું વર્ણન કરે છે.) ઉત્કૃષ્ટ બ્રહ્મસ્થિતિ પામેલા, માન મત્સરથી રહિત, કલ્યાણકારી શ્રીસ્વામિનારાયણ નામના અખંડ જાપ કરતા; (૩૧) વાસના રહિત મનવાળા, કોમળ સ્વભાવવાળા, ધીર, દયાનિધિ, જ્ઞાન વિજ્ઞાન સંપન્ન, જીવોનું હિત કરનારા; (૩૨)

સત્ય, પથ્ય અને હિતકારી વચન બોલનારા, નિર્મળ બુદ્ધિવાળા, અકિંચન, અનવધાત્મા, અજાતશત્રુ, દીર્ઘદર્શી, તે સચ્ચિદાનંદસ્વામી હતા. (૩૩) હે રાજન્ ! વ્યાપક શ્રીહરિનો ક્ષણવાર પણ વિયોગ થાય તો તેમના નેત્ર, શ્રોત્ર વગેરે સર્વ ઇન્દ્રિયના છિદ્રમાંથી રક્તના બિંદુઓ ટપકતાં હતાં. (૩૪)

જેમના અત્યંત સ્નેહની દોરીથી બંધાયા છે બંને ચરણકમળ જેમનાં એવા શ્રીહરિ જેમના હૃદય કમળનો ત્યાગ કરવા માટે ક્યારેય પણ શક્તિમાન નથી અને આ સમગ્ર લોકમાં જેમને કાંઈ પણ આવરણ નથી. જેમના ઉપર શ્રીસ્વામિનારાયણ પ્રસન્ન છે તે સચ્ચિદાનંદસ્વામીને શ્રીહરિ આલોકમાં પોતાની સમીપે રાખતા હતા. (૩૫)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ સચ્ચિદાનંદ મુનિનું રક્ષણ કર્યું તે નિરૂપણ નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યાય ૪ થો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે શ્રીહરિના નાનાભાઈ ઈચ્છારામે પોતાની કન્યા ફુલઝરીના લગ્ન કરવાની ઈચ્છા કરી. (૧) તેથી ઈચ્છારામ શ્રીહરિની આજ્ઞાથી પોતાના દેશ તરફ જવા તૈયાર થયા અને પોતાના પુત્ર રઘુવીરજી સાથે વાહનમાં બેઠા. (૨) વાહનમાં બેઠેલા પોતાના મામાના છોકરા કનૈયારામ તથા પોતાના સાળા શિવરામ સહિત; (૩)

તેમજ વાહનમાં બેઠેલા અયોધ્યાપ્રસાદજી તથા રથમાં બેઠેલી ફુલઝરી સહિત; (૪) વળી રથમાં બેઠેલી અયોધ્યાપ્રસાદજી પત્ની ચારુકર્ણી તથા રથમાં બેઠેલી રઘુવીરજીની પત્ની સાથે;(૫)

અને શ્રીહરિએ ઈચ્છારામની સેવામાં નિયુક્ત કરેલા પાર્ષદો સહિત, ગઢપુરથી નીકળીને ઈચ્છારામ પોતાના દેશ છપૈયા ગામમાં ગયા. (૬) તે ગામમાં જઈને વ્યવહાર કાર્ય વિચક્ષણ ઈચ્છારામે જેમ ઘટે તેમ વિવાહ કર્યો. (૭)

પછી શ્રીહરિમાં આસક્તિવાળા અને શ્રીહરિના દર્શન કરવાની ઈચ્છાથી આકર્ષિત મનવાળા ઈચ્છારામે પોતાને પ્રિય શ્રીહરિની સમીપે જવા માટે ઈચ્છા કરી. (૮) હે રાજન્ ! તેથી તૈયાર થયેલા ઈચ્છારામ શ્રીહરિને વિષે પ્રીતિવાળા પોતાના પરિવાર સહિત વાહનમાં બેઠા. (૯)

પોતાના દેશના જનોએ તેમજ પોતાના સંબંધિઓએ તેમને વળાવ્યા અને તેઓ ગઢપુર આવવા માટે છપૈયા ગામથી નીકળ્યા. (૧૦) ઈચ્છારામ વગેરે તે ધર્મ વંશીઓને શ્રીહરિના દર્શનની આતુરતાથી ઉતાવળથી ચાલતા છતાં પણ માર્ગનો શ્રમ ન જણાયો. (૧૧)

માર્ગમાં ગામ, શહેર તથા બગીચા વટાવીને કેટલાક દિવસે ઈચ્છારામ વગેરે ગુજરાત દેશમાં પહોંચ્યા. (૧૨) બામણગામની સમીપે મહી નદી પાસે પહોંચ્યા અને તે મહી નદી તરી ગયા. (૧૩)

પરંતુ રઘુવીરજી તથા તેમના મામા કોઈ કાર્ય કરવા માટે પાછળ રહ્યા હતા. તે કાર્ય કરીને તેઓએ તે નદી ઉતરવા માટે વિચાર કર્યો. (૧૪) પરંતુ તે નદીમાં સમુદ્રનું પુર આવવાનું છે તેવું ન જાણતા તે બુદ્ધિમાન રઘુવીરજી તથા તેમના મામાએ તે મહીનદી ઉતરવા માટે તેમાં પ્રવેશ કર્યો. (૧૫)

રઘુવીરજી તથા તેમના મામા જ્યાં નદીના મધ્યમાં આવ્યા ત્યાંજ ત્યાં પાણીનો ઘોડો (વેળા) આવ્યો તેથી રઘુવીરજી તથા શિવદીન બંને મામા ભાણેજ તણાયા. હે મહીપતે ! મહી નદીના બંને કાંઠાઓ તો દૂર હતા. (૧૬)

અત્યંત મોટી ભયંકર ભમરીઓ તથા મોટા તરંગોથી વ્યાપ્ત, ન તરી શકાય તેવા તે નદીના

પ્રવાહમાં, જેમના મુખમાં પાણી પેસી ગયું છે એવા તે મામા ભાણેજ અત્યંત આકુળ વ્યાકુળ થઈને પીડા પામ્યા. (૧૭)

તે સમયે મૃત્યુના ભયથી રહિત, શુદ્ધ બુદ્ધિવાળા, તે રઘુવીરજી પોતાના હૃદયમાં પ્રિયકર શ્રીહરિને સંભારતા પોતાના ચિત્તમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. (૧૮) હે હરે ! સમગ્ર પીડાઓનો નાશ કરનાર તથા મુનીંદ્રોએ ચિંતવન કરાયેલા, સંસારનો નાશ કરનાર એવા આપના ચરણકમળના શરણાગત મને હૃદયમાં મૃત્યુનો ભય નથી. (૧૯, ૨૦)

હે અવતારીન્ ! હે કરુણાનિધિ ! હે હરે ! મારે આપની સેવા કરવાનો મનોરથ છે. તેથી બીજું કાંઈ ઈચ્છતો નથી. હે ભગવન્ ! તેથી મને તે સેવા આપ આપો. (૨૧) આવી રીતે શ્રીરઘુવીરજીએ શ્રીહરિને સંભાર્યા તેથી દયાનિધિ શ્રીહરિએ તેમનો શુભાશય જાણી અને પોતાની ધર્મધુરા ભવિષ્યમાં ધારણ કરવામાં જે યોગ્ય છે તે રઘુવીરનું રક્ષણ કરવાની ઈચ્છા કરી. (૨૨)

તેથી તે શ્રીહરિ અત્યંત મોટા પ્રવાહમાં એકદમ નાવિક તેમજ નૌકા સહિત મનોહર બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને દર્શનીય મનોહરરૂપે રઘુવીરજીની સમીપે પ્રગટ થયા. (૨૩) પછી સમર્થ શ્રીહરિએ તે રઘુવીરને પોતાના હાથ વડે પકડીને તત્કાળ નાવમાં બેસાડ્યા. પોતાના આશ્રિતજનોના રક્ષણમાં સમર્થ, દયાસાગર, શ્રીહરિએ તે રઘુવીરજીના મામાને તેવી રીતે નાવમાં બેસાડ્યા. (૨૪)

પોતાના આશ્રિતોની પીડા નાશ કરવામાં અતિચતુર, આશ્રિતવત્સલ, શ્રીહરિએ નાવમાં બેઠેલા શુભાશયવાળા મામા ભાણેજ બંનેને મહીનદીના સામે કાંઠે પહોંચાડ્યા અને પછી પોતે અંતર્ધાન થઈ ગયા. (૨૫)

આ પ્રસંગ પછી તેમના સમગ્ર સંબંધિજનો તે બંનેને જોઈ, નાશ પામેલા ધનનિધિને પુનઃ પામીને જેમ આનંદ થાય તેમ, તેમને અત્યંત આનંદ થયો. પછી તે બંને તે નદીના જળમાં સ્નાન કરવા લાગ્યા. (૨૬) ત્યારબાદ તે ઈચ્છારામ તથા સર્વેએ બ્રાહ્મણોને દાન આપ્યાં. આ નદીના દુરંત મહાપ્રવાહથી શ્રીહરિએ અહીં આવીને આ બંનેનું રક્ષણ કર્યું. એમ આશ્ચર્યપૂર્વક સર્વ કહેવા લાગ્યા. (૨૭)

તે ઈચ્છારામ વગેરેને થયેલો દયાનિધિ, પ્રત્યક્ષ શ્રીહરિનો આવો મહાન્ ચમત્કાર તથા શ્રીહરિનો અનુપમ પ્રતાપ જોઈ, તેમને સર્વને શ્રીહરિને વિષે અવિચળ પ્રીતિ થઈ. (૨૮) હે રાજન્ ! શ્રીહરિના દર્શનની ત્વરાવાળા તે બંને મહીનદીથી ચાલ્યા. માર્ગમાં ચાલતા ઈચ્છારામ વગેરે સર્વ થોડા દિવસોમાં પંચાલ દેશમાં આવેલા ઉત્તમ ગઢપુર નગરમાં આવ્યા. (૨૯)

તે ગઢપુરમાં ઉત્તમરાજાના વિશાળ દરબારમાં સભામાં પોતાની સુંદર પાટ ઉપર (ગાદી તકિયા સહિત પાટ ઉપર) બિરાજેલા દર્શનીય શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુના દર્શન કરીને ઈચ્છારામ

વગેરે અત્યંત શાંતિ પામ્યા. (૩૦)

પોતાનું મનુષ્ય નાટ્ય અતિ શોભાડતા, જગન્નિયંતા શ્રીહરિ, સ્નેહાશ્રુનેત્રવાળા તે સર્વ બંધુઓને ભેટ્યા અને તેમની યથાયોગ્ય સંભાવના કરી. (૩૧)

હે મનુજેન્દ્ર ! કુશળ છો ને ? એમ શ્રીહરિએ તેમને પૂછ્યું, તેથી શ્રીહરિના દર્શન કરતા ઈચ્છારામ મહીનદીમાં શ્રીહરિએ રઘુવીરજીનું રક્ષણ કર્યું. તે સમગ્ર વૃત્તાંત શ્રીહરિને કહ્યું. (૩૨)

અતિશય પ્રતાપશાળી મંદહાસ્યથી શોભાયમાન મુખારવિંદવાળા શ્રીહરિએ તે ઈચ્છારામે કહેલું વૃત્તાંત સાંભળીને શ્રીહરિએ તેમને કહ્યું, હે ઈચ્છારામ ! મામાની તથા આ રઘુવીરની રક્ષા નારાયણે જ કરી. (૩૩)

હે નૃપ ! પોતાના આશ્રિત જનોમાં જેમને અત્યંત સ્નેહ છે તે શ્રીહરિએ, મહીનદીમાં સમુદ્રની ભરતી આવવાથી આવેલા મોટા પુરમાં ડૂબતા પોતાની આજ્ઞા પાળવામાં તત્પર રઘુવીર તથા તેમના મામાનું ઉક્ત પ્રકારે ઐશ્વર્ય બતાવીને રક્ષણ કર્યું. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ રઘુવીરનું રક્ષણ કર્યું એ નિરૂપણ નામે ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)



અધ્યાય ૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ઉત્તમ પશ્ચિમ પંચાલ દેશમાં પાણવી ગામમાં પૂજા નામના ક્ષત્રિય ભક્ત રહેતા હતા. (૧) સન્મતિવાળા, સ્વધર્મનિષ્ઠ, તે પૂજાભાઈ પૂર્વ જન્મના સંસ્કારોથી બાલ્યાવસ્થાથી જ પરોક્ષપણે રાત્રિદિવસ શ્રીહરિનું ભજન કરતા હતા. (૨)

સદા ધર્મવાળા હરિભક્તોનો પ્રસંગ કરતા તે ભક્ત, સાધુપુરુષો પાસેથી શ્રીહરિની વાર્તા હર્ષપૂર્વક સાંભળતા હતા. (૩) પૂર્વજન્મના અભ્યાસ બળથી હંમેશાં શ્રીહરિ વિષેનો તે પૂજાભક્તનો પ્રેમ શુકલ પક્ષમાં ચંદ્રમાની પેઠે અત્યંત વૃદ્ધિ પામતો હતો. (૪) હે ભૂપતે ! આવી રીતે પરોક્ષ શ્રીહરિને ભજતા તે પૂજા ભક્તને સાસાંરિક સુખમાં અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન થયો. (૫)

હે નરપતે ! પોતાના મોક્ષ માટે સદા વિચારશીલ, દર્શનાભિલાષી, શ્રદ્ધાવાન, તે ભક્ત એક સમયે આ પ્રકારે ચિંતવન કરવા લાગ્યા. (૬) અત્યંત આનંદના નિધિ એવા પ્રત્યક્ષ શ્રીહરિ જે પ્રકારે મને તત્કાળ મળે તે પ્રકારે ઘરનો ત્યાગ કરીને પણ મારે તત્કાળ ઉપાય કરવો. (૭)

જો પ્રત્યક્ષ શ્રીહરિ મને ન મળે તો મારે મારા આ શરીરનો ત્યાગ કરવો. ફરીથી ઘરે આવવું નહિ. (૮) સમુદ્રના દ્વીપમાં નીલકંઠ મહાદેવ છે. તે શિવના સ્થાનમાં અતિ દુસ્તર સમુદ્રની વેળા (મોજું) આવે છે. (૯)

પ્રત્યક્ષ શ્રીહરિની પ્રાપ્તિ માટે સમગ્ર ભોગનો ત્યાગ કરીને તે શિવના સ્થાનમાં જઈને હું દુષ્કર તપ કરું. જેથી શ્રીહરિ પ્રસન્ન થાય. (૧૦) જો શ્રીહરિની પ્રાપ્તિ ન થાય તો મારા આ શરીરનો ત્યાગ કરીશ. એ પ્રકારે ચિંતવન કરીને તે ભક્ત એકલા જ તે વખતે શંકરના સ્થાનમાં ગયા. (૧૧)

ધૈર્યવાન તે ભક્ત ત્યાં રહીને પ્રત્યક્ષ શ્રીહરિની પ્રાપ્તિ માટે હંમેશાં દુષ્કર તપ કરી શિવનું આરાધન કરવા લાગ્યા. (૧૨) હે મહીપતે ! મોક્ષની ઈચ્છાવાળા તે પૂજા ભક્તે લાંબાકાળ પર્યંત પ્રયત્નો કર્યા તોપણ તે ભક્તને પ્રત્યક્ષ શ્રીહરિની પ્રાપ્તિ થઈ નહિ. (૧૩) તેથી પ્રત્યક્ષ શ્રીહરિના દર્શનની ત્વરાથી અત્યંત દુઃખી અંતઃકરણવાળા પૂજા ભક્તે પોતાના પ્રાણ ત્યાગ કરવાનો તત્કાળ નિશ્ચય કર્યો. (૧૪)

તે શંભુના સ્થાનમાં તેઓ પોતાના શરીરનો ત્યાગ કરશે એવો વિચાર કરતા ધીરજપૂર્વક તે ત્યાં બેઠા હતા. તેટલામાં સમુદ્રની ભરતી ત્યાં આવી. (૧૫)

તે પૂજા ભક્તની અસાધારણ મુમુક્ષુતા અંતર્યામીપણે જાણતા તથા તેણે પોતાની પ્રાપ્તિ માટે પૂર્વજન્મમાં કરેલા પ્રયત્નને જાણતા; (૧૬) ધર્મપુત્ર શ્રીહરિએ તે પૂજા ભક્ત પોતાના એકાંતિક ભક્ત થશે એમ જાણીને સંકલ્પથી જ સમુદ્રની તે ભરતીમાંથી તેમની રક્ષા કરી. (૧૭)

શ્રીહરિની ઈચ્છાથી તીવ્રવેગથી આવતું ભરતીનું જળ શંકરના સ્થાનની ચારે બાજુએ ગઢની માફક રોકાઈ ગયું. (૧૮) વાયુથી ઊઠતા તરંગોવાળું, ચારે બાજુએ પ્રસરતું તે પાણી, તે ભક્તને શ્રીહરિની ઈચ્છાથી બૂડાડી શક્યું નહિ. (૧૯)

મહાનીરની વચ્ચે રહેલો પોતાનો દેહ કોઠીની અંદર જાણે સુખરૂપ રહ્યો હોઈ, તે જોઈ પૂજા ભક્ત અત્યંત આશ્ચર્ય પામ્યા. (૨૦) ત્યારબાદ જળની ભયંકર ભમરીઓથી વ્યાપ્ત, જેમાં ઘણા ફીણ ઉપજે છે એવો અત્યંત મોટો સમુદ્રનો ઘોડો તે શિવના સ્થાનથી પાછો વળી ગયો (૨૧)

તેથી પ્રત્યક્ષ શ્રીહરિના દર્શનમાં આસક્ત તે ભક્ત એ પ્રકારે વિચાર કરવા લાગ્યા. અહો ! અપાર જળમાં પણ હું કેમ બૂડ્યો નહિ ? (૨૨) પ્રત્યક્ષ શ્રીહરિની મને પ્રાપ્તિ થઈ નથી. તેથી જો ફરી સમુદ્રનો ઘોડો આવે તો મારે તેમાં તત્કાળ પડીને નિશ્ચય મરી જવું. (૨૩)

તે પૂજા ભક્તે એવો નિશ્ચય કર્યો તે સમયે શ્રીહરિની ઈચ્છાથી શૂરવીર ધીરજવાળા પૂજા ભક્તને આકાશવાણીએ આ પ્રકારે કહ્યું. (૨૪) હે ભક્તવીર ! તમારે આ દેહનો નાશ કરવો

નહિ. તમારો મનોરથ સિદ્ધ થશે. (૨૫)

સર્વ અવતારોના કારણ, કાળ માયા વગેરેના નિયામક, પ્રત્યક્ષ સ્વામિનારાયણ શ્રીહરિ તમોને તત્કાળ મળશે. (૨૬) હે ભક્ત ! તેમના આશ્રિત સંતો હાલમાં જ તમારા ગામમાં આવ્યા છે. તમારે તેમનો સમાગમ કરવો તથા તેમનું વચન માનવું. (૨૭) તમારે તે સાધુઓના વચનમાં વિશ્વાસ લાવી પ્રત્યક્ષ અને વ્યાપક તે સહજાનંદ શ્રીહરિનો કલ્યાણકારી અતિદૃઢ આશ્રય કરવો. (૨૮)

હે રાજન્ ! આ આકાશવાણી સાંભળીને પ્રત્યક્ષ શ્રીહરિની પ્રાપ્તિમાં નિશ્ચિત વિશ્વાસ વાળા તે ભક્ત, હર્ષપૂર્વક પોતાના ગામમાં આવ્યા. (૨૯) ત્યારબાદ પોતાના ગામમાં આવેલા પ્રત્યક્ષ શ્રીહરિના સદ્‌ગુણ સંપન્ન સાધુઓને જોઈ તે ભક્તે આકાશવાણી સત્ય માની. (૩૦) પછી તે ભક્તે શ્રીસ્વામિનારાયણના આશ્રિત સંતોને પ્રેમપૂર્વક પ્રણામ કરીને કહ્યું; હે સંતો ! પ્રત્યક્ષ ભગવાન તમોને નક્કી મળ્યા છે. (૩૧)

એ પ્રમાણે કહીને તે પૂજા ભક્તે સમુદ્રના ઘોડાથી શ્રીહરિએ પોતાનું રક્ષણ કર્યું, તે સમગ્ર વૃતાન્ત તથા આકાશવાણીના શબ્દો આદરપૂર્વક તેમને કહ્યા. (૩૨) તે સાંભળીને વિવેકવાળા તે મુનિઓએ તેમને આ પ્રમાણે કહ્યું, હે ભક્ત ! પ્રત્યક્ષ ધર્મપુત્ર શ્રીહરિએ જળનિધિના પુરથી તમારું રક્ષણ કર્યું. (૩૩)

હે ભક્ત ! અવતારી પુરુષોત્તમ સ્વામિનારાયણ જ છે. તે સકળ જગન્નિયંતા સહજાનંદ સ્વામિનારાયણ હાલમાં ગઢપુર બિરાજે છે. (૩૪)

આવી રીતે સાધુઓએ કહ્યું તે સાંભળીને આનંદ પામેલા અને શ્રીહરિના દર્શનમાં ઉત્કંઠાવાળા તે પૂજાભક્તે તેમને કહ્યું, હે મુનિઓ ! હું તમારો દાસ છું. (૩૫) હે પૂજ્ય સંતો ! તમારે કરુણા કરીને શ્રીસ્વામિનારાયણના દર્શન મને કરાવવા. તે સંતોએ પૂજા ભક્તને 'બહુ સારું' એમ કહ્યું. (૩૬)

ત્યારબાદ ભક્તરાજ પૂજા ભક્તે તે સાધુઓની વાણી સત્ય માની, સ્વામિનારાયણ શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. (૩૭) પછી તે પૂજા ભક્ત તે મુનિઓ સાથે ગઢપુર ગયા અને તે શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન કરીને અત્યંત આનંદ પામ્યા. (૩૮) હે રાજન્ ! ત્યારબાદ અંતર્યામીપણે જાણતા શ્રીહરિએ તે પૂજા ભક્તની સમુદ્રની વેલામાંથી થયેલી રક્ષા સંબંધી સર્વ વૃતાન્ત હર્ષપૂર્વક તે ભક્તને કહ્યું. (૩૯) મુક્તિની ઇચ્છાવાળા તે ભક્તે પૂર્વજન્મમાં તપશ્ચર્યા વગેરે જે સત્કર્મ કર્યું હતું તે સર્વ શ્રીહરિએ તેમને કહ્યું. (૪૦)

પછી તે પૂજા ભક્તને પ્રત્યક્ષ શ્રીહરિનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય થયો અને તેઓ શ્રીહરિના

એકાંતિક ભક્તરાજ થયા. (૪૧) હે મહીપતે ! બુદ્ધિમાન તે ભક્તને શ્રીહરિમાં રાધા વગેરે ભક્તોથી પણ અધિક અને તેથી અનુપમ સ્નેહ થયો. (૪૨)

તે ભક્ત દરેક એકાદશીની તિથિએ નિયમાનુસાર ગઢપુર આવીને શ્રીહરિના દર્શન હર્ષપૂર્વક કરતા હતા. (૪૩) હંમેશાં પ્રિય એવા શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરતા તે પૂજા ભક્ત શ્રીહરિની કૃપાથી ધર્મ, જ્ઞાન વગેરે સદ્‌ગુણ સંપન્ન થયા. (૪૪)

આવી રીતે મહાપ્રયાસથી પ્રાપ્ત થયેલા શ્રીહરિ, પૃથ્વી ઉપરથી અંતર્ધાન થયા. તેથી તે શ્રીહરિના વિયોગરૂપી અગ્નિથી પીડા પામેલા, શ્રીહરિને વિષે અત્યંત સ્નેહવાળા, તે પૂજા ભક્તના કંઠમાં જળ તથા અન્ન લગાર પણ પેઠું નહીં. (૪૫) હે નરેન્દ્ર ! વિયોગરૂપી અગ્નિથી બળતા તે ભક્તના દેહમાં રહેલું સમગ્ર રુધિર જળ બનીને ટપકતી અશ્રુની ધારાદ્વારા શરીરમાંથી બહાર નીકળવા લાગ્યું. (૪૬)

શ્રીહરિના વિયોગરૂપી અગ્નિની જ્વાળાથી સુકાઈ ગયેલા શરીરવાળા, શ્રીહરિના દર્શનના નિયમવાળા, ઉત્તમ એકાંતિક ભક્ત પૂજાભાઈને એકાંતિક ભક્તોને પ્રીતિવાળા દયાળુ સહજાનંદ શ્રીહરિ એકાદશીના તેમના નિયમના દિવસે પોતાના બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૪૭)

હે રાજર્ષે ! આ પ્રકારે મેં તમોને શ્રીહરિનું મહાન્ સર્વોપરી ઐશ્વર્ય જે કહેનારાઓના તથા સાંભળનારાઓના પાપને નાશ કરનારું છે તે કહ્યું. તે તમારે તમારા હૃદયમાં ધારણ કરવું. (૪૮)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ પૂજા ભક્તનું રક્ષણ કર્યું એ વર્ણનનો પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ઝાલાવાડ દેશમાં વાંકાનેરપુરમાં બ્રાહ્મણ હરિભક્ત જીવરામ રહેતા હતા. (૧) પોતાના ધર્મમાં નિષ્ઠાવાળા, શાંત, પરમાત્માની એકાંતિકી ભક્તિ કરતા, જ્ઞાનાદિ ગુણોવાળા, સત્સંગની ઈચ્છાવાળા; (૨)

તે બ્રાહ્મણ એક સમયે વ્યાપાર માટે, ધાન્ય વગેરે લેવા માટે, સમુદ્ર ઉતરીને સિંધુ દેશમાં ગયા. (૩) પછી ધાન્ય ખરીદીને નૌકામાં ભરી તે તેમાં બેઠા અને સમુદ્ર માર્ગે પ્રયાણ કર્યું. (૪) પછી હે મહીપતે ! તે સમયે તે ધાન્ય તેમની પાસેથી લઈ લેવાની ઈચ્છાથી ચોરી કરવા માટે રાખેલા નૌકામાં બેઠેલા ચોર લોકોએ તેમની નૌકાની સમીપે આવીને તે બ્રાહ્મણની નૌકાને

રોકી લીધી. (૫)

ત્યારપછી તે પાપીષ્ઠ ચોરોએ પોતાના નાવની સાથે તે બ્રાહ્મણના નાવને બાંધીને ઉઘાડાં શસ્ત્રો ઉગામી ભયંકર ઘોષ કર્યો. (૬) ભયંકર દેખાતા તે ચોરો જેવા પોતાના નાવ ઉપર ચડવા લાગ્યા. ત્યાં તે નાવના નાવિકો તત્કાળ જળનિધિમાં પડ્યા. (૭)

તેથી દુષ્ટ કર્મવાળા ચોરોએ તે એકાંકી જીવરામને નીચે નાંખીને વસ્ત્રથી તેના બંને હાથ બાંધ્યા. (૮) ત્યારબાદ ચોરોમાંથી એક નિર્દય ચોરે મોટા છરાથી તે જીવરામના મસ્તકમાં, કસાઈ દુઃખી ગાયને જેમ મારે તેમ, પ્રહાર કર્યો. (૯)

પછી તે પાપી ચોરોએ મૃતઃપ્રાય થયેલા તે જીવરામને સમુદ્રમાં ફેંકી દીધો. પછી તેમાંનું અન્ન તથા નાવ વગેરે લઈને તેઓ તત્કાળ ચાલ્યા ગયા. (૧૦) હે રાજન્ ! ત્યારપછી મહાતરંગોમાં તણાતા જીવરામને ધર્મનંદન શ્રીહરિની આજ્ઞાથી સમુદ્રે બૂડાડ્યા નહિ. (૧૧) અત્યંત પીડા પામેલા તે જીવરામ પોતાના ચિત્તમાં આ પ્રકારે વિચાર કરવા લાગ્યા. ચોરોએ મને ઘાયલ કરી સમુદ્રમાં ફેંકી દીધો છે. છતાં પણ હું મૃત્યુ કેમ ન પામ્યો ? (૧૨)

મૃત્યુનું કારણ પ્રાપ્ત થયું હોવા છતાં, મારું મસ્તક ભેદાઈ ગયું છે છતાં, મારા દેહમાં પ્રાણ કેમ રહે છે ? અહો ! આ આશ્ચર્ય છે ! (૧૩) આ મહાજળનિધિ પણ મને કેમ બૂડાડતો નથી ? એમ વિચાર કરીને જીવરામ વ્યાપક શ્રીહરિની આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા. (૧૪)

હે સ્વામિનારાયણ ! હે હરે ! હે દીન બંધો ! હે દયા નિધે ! દુઃખના સાગરરૂપ આ લોકમાં મારે હવે જીવવાની આશા નથી. (૧૫) અત્યંત અસહ્ય પીડાવાળાં, નાના વિકારોના સ્થાનભૂત, મારા દેહથી મને મૂકાવો. અને હમણાંજ મને આપના અક્ષરધામમાં લઈ જાઓ. (૧૬)

હે સ્વામિન્ ! આપની મૂર્તિવિના મારા હૃદયમાં બીજી કાંઈ પણ ઈચ્છા નથી. તેથી મને આપના ચરણ કમળ સમીપે તત્કાળ લઈ જાઓ. (૧૭)

હે રાજન્ ! તે જીવરામ બ્રાહ્મણે આ પ્રમાણે શ્રીહરિને પ્રાર્થના કરી તેથી શ્રીહરિ કર્ણધાર સહિત નાવમાં બેસીને, વણિક રૂપ ધારણ કરીને, તેમને જોવા માટે તે જીવરામની સમીપે તત્કાળ પધાર્યા. (૧૮)

પછી ભક્ત વત્સલ શ્રીહરિએ પોતાના બ્રાહ્મણ ભક્તને તત્કાળ જળમાંથી લઈને પોતે બેઠેલા નાવમાં તેમને બેસાડીને તેમના બાંધેલા હાથ છોડી દીધા. (૧૯) શ્રીહરિએ તેમને રસયુક્ત વિવિધ પ્રકારના ભોજન જમાડીને પોતે કૃપાપૂર્વક તે બ્રાહ્મણને પીવા યોગ્ય મીઠું જળ પાયું. (૨૦)

હે રાજન્ ! ત્યારબાદ શ્રીહરિએ તે સમુદ્રના કાંઠે તેમને ઉતારીને ભાથું તેમજ ખરચવા માટે પ્રેમપૂર્વક દ્રવ્ય આપ્યું. (૨૧, ૨૨) ત્યારબાદ સ્વતંત્ર, ભક્ત રક્ષા પરાયણ, શ્રીહરિ કર્ણધાર

તથા નાવની સાથે ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. (૨૩)

તેથી તે જીવરામ બ્રાહ્મણે પોતાના મનમાં આ પ્રકારે નિશ્ચય કર્યો. આ મહાસમુદ્રમાં શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુએ કૃપાપૂર્વક આવીને મારી રક્ષા કરી. (૨૪) તે સમયે શ્રીહરિની ઈચ્છાથી સમુદ્રની સમીપના નગરમાં રહેતા કોઈ ધનાઢ્ય શ્રેષ્ઠ વણિક પોતાના કામકાજે ત્યાં (જીવરામ બેઠા છે ત્યાં) આવ્યા. (૨૫, ૨૬)

તે દુઃખી બ્રાહ્મણને જોઈને અત્યંત દયાવાળા તે ધનાઢ્ય વણિક પોતાના સમૃદ્ધિવાળા ભવનમાં તેમને લઈ ગયા. અને તે જીવરામ બ્રાહ્મણની સેવા કરાવવા લાગ્યા. (૨૭) ઘાની પીડા શાંત થઈ ત્યારે તે વણિકે તે બ્રાહ્મણને વસ્ત્રો આપી તેનો સત્કાર કર્યો પછી તે જીવરામ બ્રાહ્મણ તે પુરથી નીકળ્યો. (૨૮) ત્યારબાદ તે બ્રાહ્મણ પોતાનું રક્ષણ કરનાર ધર્મપુત્ર શ્રીહરિને હૃદયમાં સંભારતા તથા તેમના ભક્તવત્સલપણાને પણ સંભારતા માર્ગમાં ચાલવા લાગ્યા. (૨૯)

હે રાજન્ ! તે સમયે કોઈ માણસે જીવરામના પુરમાં જઈને તેમના બંધુઓને જીવરામ મરણ પામ્યાં છે એ પ્રમાણે કહ્યું. (૩૦) તેથી તે જીવરામના સગાસંબંધિઓને અત્યંત શોક થયો અને તેઓ જીવરામને ઘેર જઈને તેના માતુશ્રીને "હે સ્થવિરે ! તમારો પુત્ર મૃત્યુ પામ્યો છે" એમ કહ્યું. (૩૧)

તેમના બંધુજનોનું આ વચન સાંભળીને જીવરામની માતા આ પ્રમાણે કહેવા લાગ્યા. તેમનો પત્ર આવ્યા વિના તમારે આવું બોલવું નહિ. (૩૨) મારો પુત્ર જીવરામ તો શ્રીહરિનો એકાંતિક ભક્ત છે, મૃત્યુ પામ્યો નથી. તેથી તમો બધા તમારે ઘરે જાઓ. (૩૩) પછી તે બંધુઓ જીવરામની માતુશ્રીને કહેવા લાગ્યા. 'હે મા ! તમારું હૃદય તો વજ્રની માફક કઠોર છે. કારણ કે પુત્ર મરી ગયો છતાં પણ તમને શોક થતો નથી. (૩૪)

તમારી પુત્ર વધૂને વિધવાને યોગ્ય અવશ્ય કર્મ કરવું જોઈએ છતાં તે કર્મ નહિ કરો તો આ લોકમાં તમારી નિંદા થશે. (૩૫)

તે જીવરામના બંધુજનોએ આ પ્રમાણે કહીને તે જીવરામની માતાનો તિરસ્કાર કર્યો. પછી તે સર્વે પોતપોતાના ઘેર ગયા. પછી જીવરામના માતુશ્રી પોતાના પુત્રનું સ્મરણ કરીને શોકથી પીડા પામતા રુદન કરવા લાગ્યા. (૩૬)

ત્યારપછી પોતાના આશ્રિતોની રક્ષા કરવામાં પ્રસિદ્ધ શ્રીહરિએ પુત્રના શોકથી દુઃખી થયેલા, પોતાના ચરણ કમળના આશ્રિત, તે જીવરામના માતુશ્રીને પોતાના દર્શન આપ્યાં અને તેના શોકની પમાડતા દયાર્દ્ર ચિત્તથી તે માતાને કહેવા લાગ્યા. (૩૭)

હે સુશીલે ! તમારો પુત્ર અને મારો ભક્ત જીવરામ મરણ પામ્યો નથી. સમુદ્રમાં ચોરોએ

બધું જ ધાન્ય તો લુંટી લીધું છે. (૩૮) ચોરોએ તેને મહાસમુદ્રમાં ફેંકી દીધો હતો. પરંતુ તમારો પુત્ર જે મારો એકાંતિક ભક્ત છે તેની પાસે તત્કાળ જઈને મેં તેનું રક્ષણ કર્યું છે. તેથી તમારો પુત્ર ક્ષેમ કુશળ છે. (૩૯) આવતી કાલે મધ્યાહ્ન તમારો પુત્ર અહીં નક્કી આવશે. આ પ્રમાણે તમારા સંબંધિજનોને તમારે કહેવું. એમ જીવરામની માતાને કહીને શ્રીહરિ અંતર્હિત થયા. (૪૦)

તેથી પ્રસન્ન થયેલા જીવરામની માતાએ પોતાના સમગ્ર બંધુવર્ગને તથા બીજા સર્વને બોલાવી શ્રીહરિએ કહેલું વચન તેમને કહ્યું. પછી તે જીવરામ બ્રાહ્મણ બીજે દિવસે મધ્યાહ્ને પોતાના પુરમાં આવ્યા. (૪૧, ૪૨) હે નૃપ ! તેમનાં બંધુજનો તેમનું વૃતાન્ત સાંભળીને બોલ્યા, 'હે જીવરામ ! તમો જેનો આશ્રય કરીને હંમેશાં ભજન કરો છો તેમણે જ તમારું નિશ્ચય રક્ષણ કર્યું છે. તેથી તમારું રક્ષણ કરનાર પ્રત્યક્ષ પરમાત્મા ભગવાન જ છે. (૪૩)

હે જીવરામ ! પોતાને શરણે આવેલાનું હિત કરનારાનું શરણું તમે લીધું છે તેથી હે બન્ધો ! તમોને આ લોકમાં ધન્ય છે. તે બંધુજનો તથા ત્યાં આવેલા પુરજનો એ પ્રમાણે કહીને પોતપોતાના ઘેર ગયા. (૪૪) હે નૃપ ! પોતાને ઘેર ગયેલા જીવરામ બ્રાહ્મણે તે જનોને કહેલું શ્રીહરિનું ઐશ્વર્ય સાંભળીને ભક્તિ ધર્મપુત્ર તે ભગવાનને વિષે તેમને સર્વને અત્યંત પ્રીતિ થઈ. તેથી તે સર્વેએ શ્રીહરિનું શરણું સ્વીકાર્યું. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધ શ્રીહરિકૃષ્ણ ભગવાને જીવરામ વિપ્રનું રક્ષણ કર્યું તે નિરૂપણ નામે છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પશ્ચિમ પંચાલ દેશમાં આવેલા વાળાંક દેશના રાજુલા ગામમાં બુદ્ધિમાન સોની ભક્ત નાગદાન રહેતા હતા. (૧) એક વખતે તે બુદ્ધિમાન સોની ધંધા અર્થે નૌકામાં બેસી સમુદ્ર પાર કરી દૂર દેશાન્તરમાં ગયા. (૨)

હે ભૂપતે ! તે સોની વિવિધ વસ્તુઓનો લાભ મેળવીને નાવમાં તે વસ્તુઓ ભરીને, તેમાં પોતે બેસીને, પોતાના ગામમાં આવવા માટે ચાલ્યા. (૩) નાવને છેડે બેઠેલા તે સોની અસાવધાનતાથી નૌકામાંથી સમુદ્રમાં પડી ગયા તેથી સમુદ્રના મહાતરંગોમાં તણાતા તે ભક્ત ઘણી આપત્તિ પામ્યા (૪) હે રાજન્ ! જાડા શરીરવાળા, લગારપણ તરવાનું નહિ જાણનારા તે સોની એતો પોતાના મનમાં મૃત્યુ નજીક આવ્યું એવો નિશ્ચય કર્યો. (૫)

તિમિંગલો, મઘરો તથા અન્ય જળજંતુઓથી ભયંકર મોટા જળના આવતો (ભમરાઓ) તથા તરંગોથી વ્યાપ્ત એવા તે જળનિધિમાં તે સોની ભક્ત બહુજ દુઃખી થયા. (૬) પોતે જે નૌકામાં બેઠા હતા. તે નૌકા તો અત્યંત વેગથી અતિ દૂર ચાલી ગઈ હતી. વારંવાર બૂડતા અને ઉપર આવતા તે સોની અત્યંત દુઃખ પામ્યા. (૭)

તે સોનીએ તે સમયે પોતાના ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને હૃદયમાં સંભાર્યા. અને મૃત્યુ સમયમાં ભક્ત વત્સલ શ્રીહરિને આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા. (૮) ભવસાગરથી ઉદ્ધાર્યા છે જનસમુદાય જેમણે એવા, ભક્તની પીડા હરનાર હે પ્રભો ! તમારા બૂડતા દાસનું આ પયોનિધિમાંથી તમો રક્ષણ કરો. (૯)

હે વિભો ! હે સહજાનંદ ! હે ભગવન્ ! હે નીલકંઠ ! હે હરે ! હે હરિકૃષ્ણ ! હે સ્વામિનારાયણ ! આપના આશ્રિત એવા મારું આપ રક્ષણ કરો. (૧૦) પોતાના આશ્રિત સોની ભક્તે આ પ્રકારે શ્રીહરિની પ્રાર્થના કરી તેથી ભક્ત વત્સલ શ્રીહરિ તે બૂડતા ભક્તનો ઉદ્ધાર કરવા માટે તત્કાળ ત્યાં આવ્યા. (૧૧) શ્રીહરિ પોતાના હાથવડે તે ભક્તના બંને હાથ પકડીને એક ક્ષણમાંજ તેને નૌકાની સમીપે લઈ ગયા. (૧૨) હે રાજન્ ! તેટલામાં શ્રીહરિના સંકલ્પથી કર્ણધારો પણ તેને સમુદ્રમાં પડેલો જાણી પરસ્પર ચિંતા કરવા લાગ્યા. (૧૩)

તેમના અંતઃકરણમાં પણ શ્રીહરિએ પ્રેરણા કરી તેથી તેઓ પોતાની નાવને અતિ ઉતાવળથી પાછી વાળીને તેને લેવા માટે પાછા આવ્યા. (૧૪) તેટલામાં ભક્ત રક્ષણ સમર્થ તે શ્રીહરિ ત્યાં અંતર્હિત થયા. તે નાવિકોએ તે સોનીને જીવતો જોઈ તેને પકડીને નાવમાં બેસાડ્યો. (૧૫) આવી રીતે અપાર જળનિધિમાં શ્રીહરિએ પોતાનું રક્ષણ કર્યું, તે જાણતા તે સોનીને તે નાવિકો આશ્ચર્યપૂર્વક પૂછવા લાગ્યા. (૧૬)

અહો ! નાગભક્ત ! મગરમચ્છ વગેરેથી વ્યાપ્ત એવા આ મહાસમુદ્રમાં લાંબા સમય રહેલું તમારું શરીર મૃત્યુ કેમ પામ્યું નહિ ? (૧૭) તમો તરવામાં કુશળ નથી. શરીર પણ અતિશય સ્થૂળ છે. તોપણ તમો ક્ષેમકુશળ રહ્યા તેથી અમોને અત્યંત આશ્ચર્ય થાય છે. (૧૮)

તે નાવિકોએ આ પ્રકારે પૂછ્યું તેથી તે ભક્તે તે નાવિકોને કહ્યું, હે નાવિકો ! સ્વામિનારાયણ શ્રીહરિએ સમુદ્રમાં મારો હાથ ઝાલીને મારું રક્ષણ કર્યું. (૧૯) સ્વતંત્ર અવતારી શ્રીહરિ મને અહીં લાવીને અત્યંત આશ્ચર્યપૂર્વક અંતર્હિત થઈ ગયા. (૨૦) આવી રીતે તે સોનીએ કહ્યું તે સાંભળીને તેન નાવિકો પ્રસન્ન થયા. પછી તે સોનીને કહેવા લાગ્યા. દુસ્તર સમુદ્રમાં પણ તત્કાળ જેમણે તમારું રક્ષણ કર્યું; (૨૧) તે સ્વામિનારાયણ શ્રીહરિ પ્રત્યક્ષ ભગવાનજ છે. તેમના આશ્રિત તમોને અહીં તેમણે જ ચમત્કાર બતાવ્યો. (૨૨)

હે ભક્ત ! પ્રત્યક્ષ પુરુષોત્તમ, ભક્તવત્સલ, સહજાનંદ નામવાળા તે સ્વામિનારાયણનું તમોએ શરણું સ્વીકાર્યું છે. તેથી તમો ધન્ય છો. (૨૩)

હે સોનીભક્ત ! અમોને તત્કાળ તે પ્રત્યક્ષ શ્રીહરિનો પવિત્ર મેળાપ કરાવો. આ પ્રકારે નાવિકોએ કહ્યું તેથી તે સોની 'બહુ સારું' એમ કહીને હર્ષપૂર્વક પોતાને ગામ ગયા. (૨૪)

પછી તે સોનીએ શ્રીહરિએ પોતાનું સમુદ્રમાં રક્ષણ કર્યું તે વૃતાન્ત પોતાના સંબંધિઓને કહ્યું. તેઓ તથા અન્ય જનો તે સાંભળીને અત્યંત વિસ્મય પામ્યા. (૨૫) પછી તે સોની ભક્ત તે નાવિકોને ગઢપુર લઈ ગયા. અને ત્યાં શ્રીસ્વામિનારાયણનો તેમને અતિદૃઢ આશ્રય કરાવ્યો. (૨૬)

હે મહીપતે ! એક સમયે ગુજરાતના હરિભક્તોનો સંઘ મહોત્સવ નિમિત્તે ગઢપુરમાં શ્રીહરિના દર્શન માટે જતો હતો. (૨૭) તે સંઘે ગઢપુરમાં પોતાના ઈષ્ટ તે શ્રીહરિના દર્શન કરી તેમજ મહોત્સવ જોઈ શ્રીહરિની આજ્ઞાથી ગઢપુરથી પોતાના દેશમાં જવા માટે પુનઃ પ્રયાણ કર્યું. (૨૮)

હે રાજન્ ! પછી તે ભક્તોનો સંઘ માર્ગમાં સાબરમતી નદીએ પહોંચ્યો. પછી તે મોટી નદી તેઓ ઉતરવા લાગ્યા. (૨૯) અર્ધો સંઘ તે નદી તરીને તે નદીના સામે કિનારે આવ્યો. હે મહીપતે ! અને અર્ધો સંઘ તે મહાનદીની વચ્ચે આવ્યો. (૩૦)

તેટલામાં તે નદીમાં મોટા મોજાઓનો ઘુઘવાટ કરતો સમુદ્રનો ઘોડો આવ્યો તેથી સાબરમતી નદીનાં બે કાંઠા જળથી ભરાઈ ગયા. અને તેથી તે દુસ્તર અને અત્યંત ભયંકર બની ગઈ. (૩૧) તે મહા પ્રવાહમાં ગાડાં વગેરે વાહનો સહિત બૂડતા તે સંઘે જીવવાની આશાનો ત્યાગ કરી દીધો. અને તે સર્વ પોતાના ઈષ્ટ શ્રીહરિકૃષ્ણ પ્રભુનું મનમાં ચિંતવન કરવા લાગ્યા. (૩૨)

મહા વિપત્તિઓનું પ્રશમન કરનાર, પ્રશંસનીય કીર્તિવાળા, હે ભૂમન્ ! હે દયાળો ! હે હરે! હે શરણ્ય ! આપનું શરણ પામેલા અમોને આપ આપના ધામમાં લઈ જવા માટે પધારો. (૩૩)

અનન્ય નિષ્ઠાવાળા તે સંઘે દુઃખીજનોના બંધુ તે શ્રી સ્વામિનારાયણની આ પ્રમાણે પ્રાર્થના કરી અને પોતાનું ચિત્ત સર્વમંથી ખેંચીને તે શ્રીહરિમાં જોડ્યું. (૩૪)

તે સમયે સામે કાંઠે પહોંચેલા તે સંઘના કેટલાક ભક્તો તેમનું સંકટ જોઈને અત્યંત દુઃખ પામ્યા અને ઈશ્વરના ઈશ્વર, અનુપમ, શ્રીનીલકંઠ, શ્રીહરિને આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા. (૩૫) હે સ્વામિનારાયણ ! હે નીલકંઠ ! હે સહજાનંદ ! હે પ્રભો ! હે શ્રીહરે ! હે દિવ્યાત્મન્ ! હે હરિકૃષ્ણ ! આપ અહીં નદીના પુરમાં ડૂબતા, આપના ચરણ કમળને પામેલા, આપના ભક્ત સમુદાયનું કરુણા કરીને રક્ષણ કરો. (૩૬)

હે રાજન્ ! આવી રીતે પોતાના ભક્તવૃંદોએ પ્રાર્થના કરી તેથી દયાળુ અને પોતાના ભક્તનું

રક્ષણ કરનાર શ્રીહરિ તે સંઘના ભક્તોની રક્ષા કરવાની ઈચ્છાથી ગરુડ ઉપર બેસીને ત્યાં એકદમ પધાર્યા. (૩૭)

હે રાજન્ ! સત્યસંકલ્પ, મહાન્ કીર્તિવાળા, શ્રીહરિની ઈચ્છાથી તે ઘોડાપુરનું પાણી તે સંઘના ભક્તોની ચારે બાજુએ રોકાઈ ગયું. (૩૮) તે જળ સર્વ સંઘજનોની બંને પડખે ગઢની માફક સ્થિર થઈ ગયું. આવી રીતે તે જળને સ્થિર થયેલું જોઈ તે જનો તો આશ્ચર્ય પામ્યા. (૩૯)

ગરુડ ઉપર બિરાજેલા, દર્શનીય, પોતાના ઈષ્ટ શ્રીહરિને વરુણ, સમુદ્ર એ આદિક દેવોને પ્રણામ કરતા તે સંઘના ભક્તોએ જોયા તેથી તેમના ગાત્રો રોમાંચીત થઈ ગયા, નેત્રમાં અશ્રુ ભરાઈ આવ્યા અને અત્યાનંદ પામ્યા. (૪૦)

પછી તે સંઘના જનો પોતાની બંને પડખે સ્થિર અને ઉંચો જે પાણીનો કિલ્લો તેના મધ્ય ભાગમાં નદીના છીછરા જળમાં ચાલતા સાબરમતી નદી ઉતર્યા. (૪૧) અકારણ મહાકૃપાનિધાન, ભક્ત સમુદાયની પીડા નાશ કરવામાં આસક્તિવાળા, સ્વતંત્ર, તે શ્રીહરિ આવી રીતે પોતાના ભક્તનું રક્ષણ કરીને તરત જ અંતર્ધાન થઈ ગયા. (૪૨)

હે ક્ષિતિપ ! શ્રીહરિએ બતાવેલો આ ઉત્તમ ચમત્કાર અને શ્રીહરિની અતિમહાન્ અનુપમેય વત્સલતાનું ગાન કરતા સુખદ સહજાનંદના બંને ચરણકમળમાં અતિસ્નેહથી આસક્ત થયેલા મહશ્ચર્ય સહિત તે સંઘના જનો પોતપોતાના નિવાસસ્થાનમાં ગયા. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ જળમાં બૂડતા ભક્તોનું રક્ષણ કર્યું તે નિરૂપણ નામે સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! બોચાસણ ગામમાં ગામના બુદ્ધિમાન, મુખી અને શ્રીહરિના એકાંતિક વૈશ્યભક્ત કાશીદાસ રહેતા હતા. (૧) એક વખત શ્રાવણ માસમાં રાજ્ય સંબંધિ કાર્ય માટે તે કાશીદાસ ભક્ત પોતાના ગામથી ખેડા નગરમાં ગયા. (૨)

પોતાનું કામ કરવામાં વિચક્ષણ અને તેથીજ રાજાના માનીતા તે કાશીદાસ રાજાની સમીપે ખેડામાં રહેતા હતા. (૩) પછી ભક્ત કાશીદાસે જન્માષ્ટમી સમીપે આવી તે જાણીને શ્રીહરિના દર્શનની ઈચ્છાથી ચિત્તમાં આ પ્રમાણે વિચાર કર્યો. (૪)

પોતાના ભક્તોના આનંદ માટે ભક્તવત્સલ શ્રીહરિ ગઢપુરમાં મહોત્સવ કરશે. (૫) તે ઉત્સવમાં શ્રીહરિનાં દર્શન માટે જુદા જુદા દેશના લાખો ભક્તો ગઢપુર જશે. (૬) અને હું રાજ્ય સંબંધિ કાર્ય માટે આ પુરમાં રોકાયો છું તેથી અત્યંત પ્રિય શ્રીહરિના દર્શને તે મહોત્સવમાં કેવી રીતે જવાય ? (૭) શ્રીહરિના દર્શનની ઈચ્છાથી દુઃખી અંતઃકરણવાળા તે ભક્તેન્દ્રે આ પ્રમાણે વિચાર કરીને રાજાના કારભારી પાસે જઈને આવી રીતે કહ્યું. (૮) હે ધીમન્ ! સ્વામિનારાયણ શ્રીહરિ ગઢપુરમાં સર્વોત્તમ અને અતિસુંદર જન્માષ્ટમીનો દર્શનીય મહોત્સવ કરશે. (૯)

તે ઉત્સવમાં તેમનાં દર્શન કરવા માટે હજારો ત્યાગીઓ ચારે બાજુએથી તે મનોહર ગઢપુરમાં સત્વર જશે. (૧૦) તેમજ તે ઉત્સવમાં શ્રીહરિના દર્શન કરવા માટે વિવિધ દેશોમાં રહેનારા લાખો ગૃહસ્થ જનો પણ જશે. (૧૧) હું પણ તે ઉત્સવમાં સ્વામિનારાયણ શ્રીહરિના દર્શન કરવા માટે ઈચ્છું છું. તેથી મને કૃપા કરીને ગઢપુર જવા માટે આજ્ઞા આપો. (૧૨)

તે કાશીદાસે આવી રીતે કહ્યું તો પણ શ્રીહરિનો દ્વેષ કરનાર રાજાના મંત્રીએ શ્રીહરિના દર્શન કરવાની ઉત્કંઠાવાળા તે કાશીદાસને ગઢપુર જવા માટે આજ્ઞા આપી નહિ. (૧૩) શ્રીહરિના દર્શન હજારો ઉપાયથી પણ દુષ્પ્રાપ્ય છે એમ માનીને અત્યંત ખેદથી દુઃખ અનુભવતા, શ્રીહરિમાં અતુલનીય પ્રેમવાળા, તે કાશીદાસ પોતાના નિવાસસ્થાનમાં આવ્યા. (૧૪)

હે રાજન્ ! શ્રીહરિના દર્શનની ઈચ્છાવાળા, અત્યંત ઉદાસ થયેલા તે કાશીદાસે અન્ન તથા જળનો ત્યાગ કર્યો. (૧૫) આવી રીતે શોકાતુર મનવાળા તે કાશીદાસ સ્નાન કરવાની ઈચ્છાથી તે પુરની સમીપે વહેતી મહા પ્રવાહવાળી વાત્રક નદીમાં ગયા. (૧૬)

તે કાશીદાસ તે મહા નદીમાં પ્રવેશ કરીને સ્નાન કરે છે તેટલામાં તેમાં ઘણું પુર આવ્યું. ઘણા પુરથી કાશીદાસ તેમના અપાર જળમાં તણાયા. (૧૭) પછી તે અગાધ જળમાં ડૂબતા કાશીદાસ પોતાના હૃદયમાં પોતાના ઈષ્ટ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને સંભારવા લાગ્યા. (૧૮)

આવી રીતે તેમણે શ્રીહરિને સંભાર્યા, એટલે ભક્ત વત્સલ તે શ્રીહરિ શીઘ્ર દિવ્ય વિમાનમાં બેસીને કાશીદાસનું રક્ષણ કરવા માટે ત્યાં પધાર્યા. (૧૯) ત્યારબાદ શ્રીહરિ તત્કાળ પોતાના હાથ વડે તેનો હાથ પકડીને તેને તે મહાપુરમાંથી ઉંચકી સુખપૂર્વક નદીના સામે કાંઠે લઈ ગયા. (૨૦)

પછી પોતાના એકાંતિક ભક્તને શ્રીહરિએ ઘણો ઠપકો આપ્યો અને (હે ભક્ત ! જ્યાં લોકોનો સંચાર નથી તેવા અવડ આરે નદીમાં સ્નાન કરવા માટે જ્યારે પ્રવેશ કરાય છે ત્યારે લાકડી વડે તે સ્થળ ઉંચું છે કે નીચું તેવી તપાસ કર્યા વિના પ્રવેશ કરવો નહિ એમ ઘણો ઠપકો આપીને) પછી પોતે તે ભક્ત જુવે તેમ ત્યાંથી તત્કાળ અંતર્હિત થઈ ગયા. (૨૧) શ્રીહરિના દર્શનથી પરમ આનંદ પામેલા તે ભક્ત કાશીદાસ શ્રીહરિનું ભક્તવત્સલપણું સંભારતા પોતાનું કામ કરીને

પોતાના ગામમાં આવ્યા. (૨૨)

હે રાજન્ ! જન્માષ્ટમીના ઉત્સવ ઉપર દયાનિધિ શ્રીહરિના દર્શન માટે ગઢપુરમાં આવેલા કાશીદાસના પત્ની 'લાલાબા'ને શ્રીહરિએ કહ્યું. (૨૩) હે સતી ! નદીના મહાપુરમાં બૂડતા તમારા સ્વામીને તે દુસ્તર પ્રવાહમાંથી મેં હમણાં ત્યાં જઈને બહાર કાઢ્યા છે. (૨૪)

શ્રીહરિની આવી વાણી સાંભળીને કાશીદાસના પત્નીએ પ્રેમપૂર્વક શ્રીહરિને કહ્યું હે દયાળુ ! આપ ભક્તોનું રક્ષણ કરવામં સમર્થ છો. (૨૫) કાશીદાસના પત્નીએ સર્વ નિયંતા, ભક્ત સંકટ ભંજન, વાત્સલ્યાદિ ગુણનિધિ તે શ્રીહરિને આ પ્રમાણે કહ્યું અને આંખમાં અશ્રુ સાથે શ્રીહરિને નમસ્કાર કર્યા. (૨૬) તે હકીકત સાંભળીને ત્યાં બેઠેલા ભક્તો (સ્ત્રી-પુરુષો) ભક્તવત્સલ શ્રીહરિની આશ્ચર્યવત્ બની અત્યંત સ્તુતિ કરવા લાગ્યા. (૨૭) પછી કાશીદાસના પત્નીએ પોતાને ઘેર જઈને શ્રીહરિએ કહેલું વચન પોતાના પતિને કહ્યું. (૨૮)

એટલે કાશીદાસે પણ નદીમાં પુરમાં બૂડતા પોતાની શ્રીહરિએ આવીને તત્કાળ રક્ષા કરી તે સર્વ હકીકત પોતાની પત્નીને કહી. (૨૯) શ્રીહરિએ પોતાના પતિની રક્ષા કરી તે સાંભળીને કાશીદાસના પત્ની શ્રીહરિની ભક્તવત્સલતાનું ગાન કરતા અત્યંત આનંદ પામ્યા. તે સમયે કાશીદાસના સંબંધિજનો તેમજ અન્યજનો પણ તે સાંભળીને અત્યંત આશ્ચર્ય પામ્યા. (૩૦)

હે રાજન્ ! કેવળ કરુણા એજ જેનો એક સ્વભાવ છે. તે ધર્મપુત્ર શ્રીહરિ, જે ભક્તજનોના સમુદાયની વારંવાર જળ થકી રક્ષા કરવામાં અનુપમ છે, તેમણે પોતાના અનંત ઐશ્વર્યો આ પ્રકારે પૃથ્વી ઉપર બતાવ્યા છે. (૩૧, ૩૨)

તે સમગ્ર ઐશ્વર્યો કહેવા માટે શેષાદિક પણ શક્તિમાન નથી. મહાબુદ્ધિશાળી અક્ષર મુકતો પણ સમર્થ નથી તો મારા જેવા તો ક્યાંથી સમર્થ થાય ? (૩૩) હે રાજન્ ! તેથી સકળ શુભ ગુણ, ઐશ્વર્ય, તથા વાત્સલ્યના નીરનિધિ શ્રીસ્વામિનારાયણનું શ્રવણીય આ ઐશ્વર્ય સંક્ષિપ્તમાં મેં તમોને આ પ્રમાણે કહ્યું. આ અનુપમ ઐશ્વર્ય આ લોકમાં ભક્તિપૂર્વક જે સાંભળશે તથા જે કહેશે તેને ઈશ્વરના ઈશ્વર શ્રીસહજાનંદ ભગવાનને વિષેજ ગાઢ પ્રીતિ થશે. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ કાશીદાસ ભક્તની રક્ષા કરી એ નિરૂપણ નામે આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિની આજ્ઞાથી મુમુક્ષુ જનોને ઉપદેશ આપવા પોતાના મંડળ સહિત ફરતા મુકતાનંદ મુનીંદ્ર પૃથ્વી ઉપર વિચરતા હતા. (૧) સાધુ શ્રેષ્ઠ, બોધ નિપુણ, તે મુક્તાનંદ મુનિ પોતાના શિષ્યો સહિત તે શ્રીનગરમાં (અમદાવાદમાં) આવ્યા. ત્યાં રહી શ્રીહરિની કલ્યાણકારી વાર્તા કરતા હતા. (૨)

મુક્તાનંદ મુનિએ કરેલી સુધાતુલ્ય શ્રીહરિની સુંદર વાર્તા સાંભળીને તે પુરના જનો તથા વિદ્વાનો તેમની અત્યંત પ્રશંસા કરવા લાગ્યા. (૩) સર્વ સદ્‌ગુણોથી શોભતા તે મુક્તાનંદ મુનિનો આવો મહાઉત્કર્ષ સાંભળીને તે પુરના દૈવી જન સમુદાય અત્યંત આનંદ પામ્યા. (૪)

અસુરાશ ગુરુઓ તથા અન્ય અસુરજનો તેમની આ મહત્તા સાંભળીને, અમંગળ બની, અંતરમાં બળવા લાગ્યા. (૫) ત્યારપછી દુષ્ટ ચિત્તવાળા તે સર્વ અસુરાંશ ગુરુઓ દુષ્ટ અભિપ્રાયપૂર્વક પોતાના શિષ્યો સાથે મળીને ચિંતવન કરવા લાગ્યા. (૬)

આ પૃથ્વી ઉપર શ્રીસ્વામિનારાયણના આશ્રિત સંતો ઘણા વિચરે છે અને ઘણા મનુષ્યોને વશ કરે છે. (૭) મંત્ર, તંત્રને જાણનારા આ સ્વામિનારાયણના સાધુઓને જનસમૂહ માને છે. તેમને વસ્ત્રો ઓઢાડી તેમની પૂજા કરે છે તેમજ વારંવાર જમાડે છે. (૮)

એ સ્વામિનારાયણના સાધુઓ લોકોની આગળ હંમેશાં અનેક પ્રકારની યુક્તિઓ કરી વારંવાર આપણા દોષો બતાવીને આપણાં ગૌરવની હાનિ કરે છે. (૯) તે માટે સદ્‌ગુણી પુરુષો ક્યારેય પણ પહેલાની માફક ધન, વસ્ત્ર તેમજ સુંદર ભોજન આપણને આપતા નથી. (૧૦) સર્વ પ્રકારે આપણું મૂળ આ લોકમાંથી ઉખેડી નાંખતા તેમનો, આપણે ગમે તે પ્રકારે નાશ કરવો. (૧૧)

રોગ તથા ઈન્દ્રિયો તેમની ઉપેક્ષા કરવાથી વૃદ્ધિ પામે છે અને પછી રોગીઓને તથા યોગીઓને પીડા પમાડે છે. તેમજ દૃઢ મૂળવાળો શત્રુ પણ લોકોને પીડા કરે છે. (૧૨) તે માટે આપણે તેમને તત્કાળ મારી નાંખવા. જેથી આ લોકમાં આપણને લોકો ફરી માનવા લાગે અને આપણને સુખ થાય. (૧૩)

સ્વામિનારાયણના સાધુઓમાં મુક્તાનંદ મુખ્ય છે. તેથી તે મુખ્ય મુક્તાનંદનેજ આપણે તત્કાળ મારી નાંખીએ. (૧૪) આ પ્રમાણે કરવાથી બીજા સાધુઓ તો જેમ મૂળનો નાશ કરવાથી વૃક્ષોનો નાશ થાય છે, તેમ નાશ થશે. (૧૫)

તે અગ્રેસર મુક્તાનંદ વિના સ્વામિનારાયણ પોતાનો સંપ્રદાય સર્વ ઠેકાણે કેવી રીતે પ્રવર્તાવશે ? (૧૬) સ્વામિનારાયણના સાધુઓમાં મુખ્ય એવા મુક્તાનંદ હાલમાં આ નગરમાં છે.

માટે આપણે તેમનો વધ તત્કાળ કરવો. (૧૭)

આ પ્રકારનો વિચાર કરીને તે પાપીઓએ પાત્રમાં ઝેર મિશ્રણ કરેલી બરફી ભરી તથા પડિકામાં વિષમિશ્રિત કપૂર ભર્યું. (૧૮) હે રાજન્ ! પછી તે પાપીજનો વિષમિશ્રિત તે બંને વસ્તુઓ લઈને મુક્તાનંદ મુનીંદ્રની સમીપે આવ્યા. (૧૯)

પછી તે પાપીઓ તે શાંત મુનિને નમસ્કાર કરીને, તેમનો સત્કાર સ્વીકારી તેમની આગળ, બગલાઓના સમુદાય જેમ શાંત બેસે તેમ બેઠા. (૨૦) સારો વેશ જેમણે પહેર્યો છે અને જે કેવળ નામમાત્રથી જ સાધુ છે એવા તે પાપીઓ, મુક્તાનંદ મુનિની આગળ ધનૂષ, સર્પ અને અંકુશની માફક નમ્રતા દેખાડતા હતા. (૨૧)

દુરાશયવાળા પાપીઓએ આ ભગવત્પ્રસાદ છે એમ કહીને હળાહળ યુક્ત તે બે વસ્તુઓ મુક્તાનંદ સ્વામીને આપી. (૨૨)

હે રાજન્ ! તે મુક્તાનંદમુનિ તેમનું કપટ ન જાણતા હોવાથી તેમણે આપેલી બરફી તથા કપૂરનું પડિકું લીધું. તેથી તે સાધુઓ પોતાના કાર્યની સિદ્ધિ થઈ એવું માનીને મુક્તાનંદ મુનિને નમસ્કાર કરીને તે સ્થાનમાંથી નીકળી ગયા. (૨૩)

પરંતુ શ્રીહરિની ઈચ્છાથી મુક્તાનંદ મુનિ તેમણે આપેલો પ્રસાદ જમ્યા નહિ, તેમજ તેમના શિષ્ય સાધુઓ પણ તે ન જમ્યા. (૨૪)

પરંતુ મુક્તાનંદ સ્વામીના મંડળના એક વૈષ્ણવાનંદ સાધુએ જાણ્યા વગર વિષ મિશ્રિત તે કપૂર સાથે ચંદન ઘસ્યું. (૨૫)

સ્પર્શમાત્રથી જ પીડા કરનારું, ઝેરયુક્ત, તે ચંદન વૈષ્ણવાનંદ સ્વામીએ કથા વાંચવાના પ્રસંગે મુક્તાનંદ સ્વામીના શરીરે ચર્ચ્યું. (૨૬)

તેથી મુક્તાનંદ મુનિનું શરીર, અગ્નિથી જ્વાળાથી જેમ કોઈ વસ્તુ બળે તેમ, અતિશય બળવા લાગ્યું. આથી મુક્તાનંદ મુનિને અતિશય પીડા થઈ. (૨૭)

તે સમયે મુનિવત્સલ શ્રીહરિએ પોતાના અતિપ્રિય તે મુક્તાનંદ મુનિને પોતાના દર્શન આપ્યાં અને અમૃતથી ઉત્તમ વાણી બોલ્યા. (૨૮)

હે મુને ! આ ચંદનમાં જે કપૂર મિશ્રિત કર્યું છે તે કપૂરમાં તીવ્ર ઝેર છે. માટે ઠંડા જળથી તે ધોઈ તમારા દેહ ઉપરથી તે ચંદન તત્કાળ દૂર કરો. (૨૯)

આવી રીતે અજાણ્યા મનુષ્યે આપેલી વસ્તુ ફરી ગ્રહણ ન કરવી આ શહેરમાં દૈત્યાંશોનો તમારે વિશ્વાસ કરવો નહિ. (૩૦)

હે મુને ! તે અસુરોએ બરફી પણ વિષમિશ્રિત આપી છે. પ્રાણનો નાશ કરનારી તે બરફીનો પણ રુડી બુદ્ધિવાળા તમારે તત્કાળ ત્યાગ કરી દેવો. (૩૧)

મુક્તાનંદ મુનિને ભગવાન શ્રીહરિ આ પ્રમાણે કહીને અંતર્ધાન થઈ ગયા. ત્યારપછી તે મુનિએ પોતાના શરીર ઉપરથી ચંદન ધોઈ નાંખ્યું. (૩૨)

જે સાધુએ મુક્તાનંદ મુનિના શરીરે ઝેર મિશ્રિત ચંદન ચર્ચ્યું હતું તેમના હાથની ચામડી સર્પની કાંચળીની માફક નીકળી ગઈ. (૩૩)

જે સાધુઓએ તે તીવ્ર ઝેર જોયું તેમની આંખોનું તેજ તત્કાળ અત્યંત ક્ષીણ થઈ ગયું. (૩૪)

મુક્તાનંદમુનિ તથા તે સાધુઓને તે દુઃસહ વિષની પીડા ક્ષણવાર થઈ. પરંતુ પછી શ્રીહરિની ઈચ્છાથી તે શાંત થઈ ગઈ. (૩૫)

ત્યારબાદ શ્રીહરિની આજ્ઞામાં તત્પર મુક્તાનંદ મહામુનિએ ઝેરવાળી તે બરફી સાધુ પાસે પૃથ્વીમાં દટાવી દીધી. (૩૬)

હે રાજન્ ! આ પ્રકારે હંમેશાં આશ્રિતોની રક્ષામાં તત્પર, ભક્તજનોના સમુદાય ઉપર અત્યંત પ્રીતિવાળા, ધર્મપુત્ર શ્રી સ્વામિનારાયણે સ્પર્શથી પણ દુઃખ ઉત્પન્ન કરે એવા તીવ્ર ઝેરથી, પોતાના બંને ચરણકમળમાં અતિ આસક્ત, અંતઃકરણ રૂપી ભ્રમર સમાન, આત્મપ્રિય મુક્તાનંદ મુનિનું રક્ષણ કર્યું. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ મુક્તાનંદ મુનિનું ઝેરથી રક્ષણ કર્યું તે નિરૂપણ નામે નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિની આજ્ઞાથી મનુષ્યોને ઉપદેશ આપતા પોતાના મંડળ સહિત નિરંજનાનંદ મુનીંદ્ર પૃથ્વી ઉપર વિચરણ કરતા હતા. (૧) શ્રીહરિના ધ્યાનમાં આસકિતવાળા, જ્ઞાન વિજ્ઞાનના પાત્રસ્વરૂપ, બૃહદ્ વૈરાગ્ય સંપન્ન, ધર્મનિષ્ઠ, દયાનિધિ; (૨)

મન તથા ઈન્દ્રિયોને જીતનારા, દ્રોહ, ઈર્ષ્યા, મત્સર વગેરે દોષોથી રહિત, ઉપશમ અવસ્થાવાળા, સર્વ પ્રાણીઓ ઉપર ઉપકાર કરનારા; (૩) બુદ્ધિમાન, નિરંજનાનંદ મુનિ પોતાના મંડળસહિત સુરતમાં

જઈ ધર્માદિ વાર્તાઓથી ભક્તોને સુખી કરતા ત્યાંજ રહેતા હતા. (૪) બોધ આપવામાં નિપુણ તે મુનિરાજ નિરંજનાનંદ સ્વામી પુરજનોને ઉપદેશ આપતા, તેમને શ્રીસ્વામિનારાયણને અતિદૃઢ આશ્રય કરાવતા હતા. (૫)

સચ્છાસ્ત્રોમાં કહેલા સાચા સાધુના લક્ષણવાળા તેઓ હતા તેથી જ પુરજનો તેમને અત્યંત માનતા હતા. તેથી ઉપરતી સાધુનો વેશ ધારણ કરનારાં દ્વેષયુક્ત અસુરો અત્યંત બળવા લાગ્યા. (૬)

દુષ્ટ અભિપ્રાયવાળા તે અસુરોએ ઝેર મિશ્રિત લોટ પોતાના બ્રાહ્મણ શિષ્ય પાસે તે સાધુઓની ભિક્ષામાં નંખાવ્યો. (૭) પછી તે સોળ સાધુઓ તે વિષ મિશ્રિત અન્ન રાંધીને તેમજ વિષ્ણુને નિવેદન કરીને, શ્રીહરિને સંભારતા તીવ્ર ઝેર મિશ્રિત તે અન્ન જમ્યા. (૮)

હે રાજન્ ! અન્ન જમતી વખતેજ તે સમગ્ર સાધુઓ ઝેરથી મૂર્છા પામ્યા. તેમની જીભ ટૂંકી થઈ ગઈ અને ગળું સૂકાઈ ગયું. એ પ્રકારે તેઓ તત્કાળ પૃથ્વી ઉપર પડી ગયા. (૯) ત્યારબાદ તે સમગ્ર મુનિઓ મૃતઃપ્રાય બની ચેષ્ટાશૂન્ય થઈ ગયા. તેમના સર્વ અંગોમાં અત્યંત દુઃસહ પીડા થવા લાગી. (૧૦)

સદવત્સલ, સર્વજ્ઞ શ્રીહરિ પોતાના અનન્ય ભાવવાળા સંતોની આ પ્રકારની વ્યથા જાણીને, તેમનું રક્ષણ કરવા માટે ત્યાં તરતજ આવ્યા. (૧૧) તે હળાહળ ઝેરથી દુઃખી થઈ મૂર્છિત બની ભૂમિ ઉપર પડેલા તે મુનિઓ પ્રત્યે કરુણામૃત વર્ષાવતી દૃષ્ટિવડે શ્રીહરિએ જોયું. (૧૨)

તેથી તે સંતો જાણે ઝેરની વ્યથા નાશ પામી છે એવા થઈ, એકી સાથે ઊઠ્યા અને ત્યાં શ્રીહરિને જોઈ અત્યંત હર્ષ પામ્યા. (૧૩)

તે સંતો મંદહાસ્યથી શોભતા મુખવાળા વીજળી સમાન તેજસ્વી વસ્ત્રોવાળા, પુષ્કળ ભૂષણોવાળા, શ્રીહરિને જોઈને અત્યંત શાંતિ પામ્યા. (૧૪) આ પ્રકારે દુર્જનોએ આપેલું ઝેર અજાણતાં ખાધું હોવાથી તે મૃત્યુ પામેલા સાધુઓને અમૃતવર્ષિણી દૃષ્ટિથી શ્રીહરિએ જીવતા કર્યા. પછી શ્રીહરિ ત્યાંથી તત્કાળ અંતર્હિત થઈ ગયા. (૧૫)

હે રાજન્ ! એક સમયે આત્માનંદ મહામુનિ શ્રીહરિની આજ્ઞાથી જીવોને ઉપદેશ આપવા માટે પોતાના મંડળ સહિત પૃથ્વી ઉપર ફરતા હતા. (૧૬)

મહાતપથી કુશ શરીરવાળા, અંતઃકરણ તથા ઈન્દ્રિયોને જીતનારા, કોમળ સ્વભાવવાળા, સત્ અસત્ વિવેકમાં ચતુર, બૃહદ્ વૈરાગ્યથી શોભતા; (૧૭, ૧૮)

તેલની ધાર માફક હંમેશાં અવિચ્છિન્નપણે શ્રીહરિનું ધ્યાન કરતા, બોધદક્ષ, શુદ્ધાત્મા, અનંત શુભ ગુણોથી અલંકૃત, શિષ્યો સહિત તે આત્માનંદ મુનિ, પૃથ્વી ઉપર ધર્મસંહિત ભક્તિને પ્રવર્તાવતા

ફરતા ફરતા 'જલસેણ' ગામમાં આવ્યા. (૧૯)

તે ગામમાં રહી તે મુનિરાજ ત્યાંના વાસી મુમુક્ષુઓને ઉપદેશ આપીને હરિકૃષ્ણનો દૃઢ આશ્રય કરાવતા હતા. (૨૦) સાધુ લક્ષણે યુક્ત, નિર્વૈરી તે મુનિઓને જોઈને ત્યાંના અસુરાંશ દુર્જનો તો અત્યંત બળવા લાગ્યા. (૨૧)

તે અતિપાપી અસુરોએ, તે સાધુઓને પોતાના શત્રુ જાણીને, તે આત્માનંદ મુનિ તથા તેમના સાધુઓને મારવાની ઈચ્છાથી તત્કાળ તીવ્ર ઝેર મંગાવ્યું. (૨૨) જ્યારે તે સાધુઓ ભિક્ષા માટે આવ્યા તે વખતે તે દુષ્ટોએ ઝેરથી મિશ્રિત લોટ તેમની ઝોળીમાં નાંખ્યો. (૨૩) તે દુષ્ટોનું કપટ ન જાણતા એવા તે આત્માનંદ તથા તેમના મુનિઓ રસોઈ બનાવી વિષ્ણુને નિવેદન કરીને જમ્યા. (૨૪)

તેથી તેમના સમગ્ર અંગોમાં તીવ્ર ઝેર તત્કાળ વ્યાપી ગયું. તેઓ મૂર્છા પામી ગયા. અને નિશ્ચેષ્ટ બની અત્યંત દુઃખ પામ્યા. (૨૫) તે આત્માનંદ મુનિ તથા તેમના સાધુઓના શરીર લીલા કાચ જેવા થઈ ગયા. રુંધાઈ ગયેલા કંઠવાળા, અચેતન, તે સંતો બોલવા માટે પણ શક્તિમાન થયા નહિ. (૨૬)

પછી તે સંતો જીવવાની આશાનો ત્યાગ કરીને, પ્રિય કરનારા શ્રીહરિને સંભારતા પીડા પામ્યા હોવા છતાં પણ સ્વસ્થ મનથી શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા. (૨૭) હે સ્વામિન્ ! હે હરે ! હે ભક્ત સમુદાયના દુઃખ હરનારા ! અમોને આપના શ્રેષ્ઠ બ્રહ્મપુર ધામમાં લઈ જવા માટે આપ કરુણા કરીને પધારો. (૨૮)

આવી રીતે તે દુઃખી સંતોએ શ્રીહરિની અત્યંત પ્રાર્થના કરી તેથી દયાળુ, મુનિવત્સલ તે સાધુઓનું રક્ષણ કરવાની ઈચ્છાવાળા, અનંત શક્તિમાન, તે શ્રીહરિ ગરુડ ઉપર બેસીને ત્યાં આવ્યા. (૨૯)

હે રાજન્ ! ત્યારબાદ કરુણાર્દ્ર ચિત્તવાળા, આશ્રિતોના તાપને હરનારા, શ્રીહરિએ સાધુપુરુષોની સમીપે જઈ, મૂર્છિત થયેલા તે સાધુઓના શરીરનો પોતાના અમૃતમય કર કમળથી સ્પર્શ કર્યો. (૩૦)

તેથી તેમની ઝેરની વ્યથા તત્કાળ નાશ પામી ગઈ અને અનન્ય નિષ્ઠાવાળા તે સાધુઓ ઊઠીને શ્રીહરિને સમીપે જોઈને અત્યંત આનંદ પામ્યા. તે સંતો નિયામક શ્રીહરિને પ્રણામ કરીને કહેવા લાગ્યા. (૩૧)

હે ભૂમન્ ! સમગ્ર તાપની શાંતિ કરનારા આપના દર્શનથી હમણાં અમો અત્યંત શાંતિ પામ્યા છીએ. હે ભક્તજનૈક બંધો ! આપે દયાપૂર્વક મૃત્યુથી અમારું રક્ષણ કર્યું છે. (૩૨) હે

હરે ! જો આપ અહીં તત્કાળ ન પધાર્યા હોત તો અમો બધા જીવતા ન હોત. અત્યંત દૂરથી ક્ષણમાં અહીં આપ પધાર્યા. તર્કમાં પણ ન આવે એવું આપનું આ ઐશ્વર્ય છે. (૩૩)

હે દિવ્ય ધામન્ ! સાધુઓના પ્રતિક્ષણ રક્ષણ પરાયણ, આપની અત્યંત દયાનું વર્ણન કરવા માટે શેષ નારાયણ તથા ઈશ્વરો કોઈ સમર્થ થતા નથી. (૩૪)

આત્માનંદ વગેરે સંતોએ આ પ્રકારે કહ્યું. પછી સમગ્ર પીડાની શાંતિ કરનારા શ્રીહરિની હર્ષપૂર્વક તેઓ સ્તુતિ કરવા લાગ્યા. હે રાજન્ ! તેટલામાં ભક્તવત્સલ તે શ્રીહરિ ત્યાંથી તત્કાળ અંતર્હિત થઈ ગયા. (૩૫)

હે રાજન્ ! અંતકર્ય એવા આશ્ચર્યજનક પરમઐશ્વર્યના મહાસાગર, સર્વજ્ઞ, સર્વ અવતારના કારણ, અનુપમ, નાના પ્રકારની દિવ્યશક્તિ તથા યોગ વૈભવવાળા, બ્રહ્માંડનાથેશ્વર શ્રીસ્વામિનારાયણે આ પ્રકારે આત્માનંદ વગેરે સંતોનું ઝેરથી તત્કાળ રક્ષણ કર્યું. (૩૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ નિરંજનાનંદ તથા આત્માનંદ મુનિનું ઝેરથી રક્ષણ કર્યું તે નિરૂપણ નામે દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે રાજન્ ! સૌરાષ્ટ્ર દેશમાં માણાવદરમાં બુદ્ધિમાન વણિક હરિભક્ત જાદવજી રહેતા હતા. (૧) હે રાજન્ ! એક સમયે જાદવજી ભક્ત પોતાની જ્ઞાતિના ત્રણ માણસો સાથે પોતાના ગામથી વ્યવહાર કાર્ય પ્રસંગે બીજા ગામે ગયા. (૨)

પોતાને વિષે પ્રીતિવાળા તે ત્રણ માણસોની સાથે જાદવજીને ત્યાંના નિવાસીજનોએ અત્યંત આદરપૂર્વક અનુકૂળ ઘરમાં ઉતારો આપ્યો. (૩)

પછી તે જાદવજી ભક્ત તે ત્રણેની સાથે ત્યાં પોતાની જ્ઞાતિના એક સંબંધીને ઘરે જમવા માટે ગયા અને ઈચ્છામાં આવે તેટલું ભોજન જમ્યા. (૪)

પછી તે વણિક ભક્ત તે ત્રણની સાથે પોતાના નિવાસસ્થાનમાં ગયા. અહીં ચારેય જણા બેસીને વાર્તા કરવા લાગ્યા. (૫)

તે ચારમાં મંદ જઠરાગ્નિવાળા એક જણે ઘણું ભોજન કર્યું હતું. તેથી તે વિશુચિ (અંબરોગ) થી અત્યંત પીડા પામ્યા. (૬)

ત્રણમાંથી તે એક માણસ સમીપમાં વૈદ્યને ત્યાં તત્કાળ જઈને અજીર્ણના રોગની પીડાનું નિવારણ કરે તેવું ઉત્તમ ચૂર્ણ વૈદ્ય પાસે માગ્યું. (૭) તેથી તે વૈદ્યે દૈવવશાત્ ચૂર્ણની ભ્રાંતિથી અજાણતા તેમને પ્રાણનાશક તીવ્ર વિષ આપ્યું. (૮)

તે ઔષધ લાવનાર પોતાના ઉતારે આવ્યો. અને રોગવાળા તે મનુષ્યને તે ઝેર આપ્યું. તે માણસે અજાણતા તેણે તે તીવ્ર ઝેર ખાધું. (૯)

જાદવજી વગેરે ત્રણ જણાએ પણ આ ઝેર છે એ ન જાણવાથી અને અધિક ભોજન કરવાથી થયેલા રોગનું નિવારણ કરતું તે ચૂર્ણ છે તેવું જાણીને તે ખાધું. (૧૦)

ચૂર્ણની ભ્રાંતિથી વિષ ભક્ષણ કર્યા પછી તે ચારેય જણ તત્કાળ મૂર્છિત થઈ ગયા. અનંત પીડાથી દુઃખી થયેલા કંઠમાં પ્રાણવાળા, શરીરનો વર્ણ ફરી જવાથી તેઓ ભયંકર બની ગયા. (૧૧)

હે રાજન્ ! તે ચારમાં ત્રણ જણા તત્કાળ મરણ પામ્યા. તે ચારમાં એક જાદવજી ભક્ત શ્રીહરિની ઈચ્છાથી મૃત્યુ ન પામ્યા. (૧૨)

તે જાદવજી ભક્ત પણ તીવ્ર ઝેરની પીડાથી પોતાની નાડીઓ તૂટતી હોવાથી મૂર્છા અવસ્થામાં પૃથ્વી ઉપર પડી ગયા અને જીવવાની આશા છોડી દીધી. (૧૩)

કાંઈપણ બોલવા માટે અસમર્થ, શોકથી પીડા, પામેલા બંધુ અને જ્ઞાતિજનોથી વીંટાયેલા તે ભક્ત તે સમયે સ્વામિનારાયણ શ્રીહરિનું મનમાં ચિંતવન કરવા લાગ્યા. (૧૪)

મૃત્યુ જેની સમીપે આવ્યું છે એવા તે ભક્ત પોતાના ઈષ્ટ, ભક્ત કલ્પદ્રુમ, નિયન્તા શ્રીહરિની મનમાં પ્રાર્થના કરવા લાગ્યા. (૧૫)

હે સ્વામિનારાયણ ! હે હરે ! હે ભક્તરક્ષક ! હે દયાનિધે ! આપનો દાસ એવો હું આપત્તિરૂપ સમુદ્રમાં ડૂબેલો છું. તેથી દીન એવા મારું આપ રક્ષણ કરો. (૧૬) હે પ્રભો ! આ મોટી પ્રાણનાશક આપત્તિમાં ભક્તરક્ષક આપના વિના બીજો કોઈ આ વેળાએ રક્ષણ કરવા માટે સમર્થ નથી. (૧૭)

હે હરે ! આપે જેમ ઘણા ભક્તજનોનું વિપત્તિમાંથી વારંવાર રક્ષણ કર્યું છે તેમજ મારું પણ તત્કાળ રક્ષણ આપ કરો. (૧૮) હે રાજન્ ! જાદવજી વણિક ભક્તે શ્રીહરિની પ્રાર્થના કરી તેથી પોતાના આશ્રિતના દુઃખ હર્તા, વ્યાપક શ્રીહરિ તેમના રક્ષણ માટે તત્કાળ ત્યાં પધાર્યા. (૧૯)

પછી ભગવાન શ્રીહરિ તેમની સમીપે ઊભા રહીને તાપ અને પાપનું શમન કરનારી દયારૂપી અમૃત વર્ષાવતી દૃષ્ટિથી તે ભક્ત પ્રત્યે જોવા લાગ્યા. (૨૦) શ્રીહરિની દૃષ્ટિથી જેમની તીવ્ર ઝેરની પીડા શાંત થઈ છે એવા તે જાદવજી ભક્ત મૃત્યુથી મૂકાયા અને જાણે નવો જન્મ પામ્યા હોય તેમ ઊભા થયા. (૨૧)

પછી તે જાદવજી ભક્તે પોતાની સમીપે ઊભેલા શ્વેતાંબરધારી, મંદહાસ્ય મુખવાળા, પુષ્પના હાર વગેરેથી શોભાયમાન તે પ્રિયતમ શ્રીહરિને જોયા. (૨૨) પાપ અને તાપનું શમન કરનારું દર્શન જેમનું છે એવા તે ભક્ત શોભાસાગર શ્રીહરિના દર્શન કરીને અતિ આનંદ પામ્યા. (૨૩) શ્રીહરિના સ્વરૂપમાં લુબ્ધ નેત્રવાળા, જળથી વ્યાપ્ત નેત્રવાળા, રોમાંચિત તે ભક્ત શ્રીહરિને હાથ જોડીને આદરપૂર્વક કહેવા લાગ્યા. (૨૪)

હે પીડાહારી ! હે ભગવન્ ! આપ અહીં પધાર્યા. તેથી દૈવયોગથી મારું કલ્યાણ થયું જો ન આવ્યા હોત તો તીવ્ર પીડાથી હું દુઃખી થઈ મૃત્યુ પામત. (૨૫) હે હરે ! મારા પ્રાણનો નાશ કરનારી પીડા કયા કારણથી થઈ ? અને જે પીડાથી આ ત્રણ જણ મૃત્યુ પામ્યા તેનું કારણ હું જાણતો નથી. તેથી તેનું કારણ આપ કહો. (૨૬, ૨૭)

એ પ્રકારનું તેનું વચન સાંભળીને શ્રીહરિ તેના પ્રત્યે કહેવા લાગ્યા, હે ભક્ત ! રોગના નાશ માટે વૈદ્ય પાસેથી તમો ચૂર્ણ લાવ્યા. તે તો તે વૈદ્યે ચૂર્ણને બદલે ભ્રમથી તમોને ઝેર આપ્યું હતું. (૨૮)

તે ઝેરને ચૂર્ણ જાણીને તમો ચારેય જણાએ તે આદરપૂર્વક ખાધું તેનાથી ત્રણ જણા મરી ગયા. તમે તો મારી ઈચ્છાથી જીવતા રહ્યા. (૨૯) હે ભક્ત ! તમારે આવી રીતે અજાણ્યા વૈદ્યે આપેલું ઔષદ ખાવું નહિ. હવે તમો બીક રાખશો નહિ. શ્રીહરિ તે ભક્તને આ પ્રમાણે કહીને તરત જ તિરોધાન થઈ ગયા. (૩૦)

તેટલામાં લોકો જાદવજી ભક્તને જોવા માટે ચારે બાજુએથી ત્યાં આવ્યા. તેથી તે ભક્તે જે શ્રીહરિએ પોતાને કહ્યું તે સર્વ તેમને કહ્યું. (૩૧) આવી રીતે તીવ્ર ઝેર ખાવાથી પ્રાપ્ત થયેલા મૃત્યુથી શ્રીહરિએ તે ભક્તને ઉગાર્યા. તેથી લોકો આશ્ચર્ય ચકિત થઈ ગયા. (૩૨)

પછી તેમની જ્ઞાતિના લોકો વૈદ્યને બોલાવીને કહેવા લાગ્યા. હે વૈદ્ય ! તમોએ રાત્રે કેવા પ્રકારનું ચૂર્ણ અમને આપ્યું હતું ? તેનો તમો વિચાર કરો. (૩૩) તે વૈદ્યે તેટલામાં પોતાની કોથળી જોઈ. ત્યારે તેમને લાગ્યું કે મેં ચૂર્ણને બદલે વિષ આપ્યું એ ઠીક નથી કર્યું એમ તેમને જણાયું. (૩૪)

આથી રાજદંડ થશે એવી બીકથી વૈદ્ય તેમની પ્રાર્થના કરવા લાગ્યા. વૈદ્યનું એ વચન સાંભળીને લોકો જે થવાનું હતું તે થયું તેમાં વૈદ્યનો શો અપરાધ છે ? (૩૫) એવો વિચાર કરીને વૈદ્યનું રક્ષણ કરીને, મૃત્યુ પામેલા તે ત્રણેયનો ઔર્ધ્વદૈહિક સંસ્કાર કર્યો પછી જાદવજીને પણ તેમને ઘેર પહોંચાડ્યા. (૩૬)

શ્રીહરિમાં ભક્તિવાળા જાદવજીએ પોતાને ઘેર આવીને પોતાના સંબંધિઓ આગળ ત્યં બનેલું

સર્વ વૃતાન્ત કહ્યું. (૩૭) તેના બંધુજનો તે સાંભળીને આશ્ચર્યચકિત થઈ શ્રીહરિનો આશ્રય કરીને પરમ આદરથી શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. (૩૮)

હે રાજન્ ! સ્વતંત્ર શ્રીહરિ અહીં આ પ્રકારે પરમકૃપાથી પોતાનું અનેક પ્રકારનું ઐશ્વર્ય બતાવીને પોતાના આશ્રિત બીજા અસંખ્ય ભક્તોની અતિશય દયાપૂર્વક, જનની પુત્રોની જેમ રક્ષા કરે, તેમ ઝેર થકી રક્ષા કરતા હતા. (૩૯) હે મનુજેન્દ્ર ! આવી રીતે વારંવાર સ્વાશ્રિત જનોના રક્ષણ પરાયણ, પવિત્ર કીર્તિવાળા, શ્રીભક્તિધર્મના પુત્ર ભગવાનનું આ અતુલનીય ઐશ્વર્ય મેં તમોને સંક્ષિપ્તમાં કહ્યું. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ જાદવજી ભક્તનું રક્ષણ કર્યું તે નિરૂપણ નામે અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ! વડોદરામાં શ્રીહરિના ભક્ત અને તેથીજ રાજાના માનીતા વૈદ્યરાજ રામચંદ્ર બ્રાહ્મણ રહેતા હતા. (૧) એક સમયે તેમના ઘરમાં રાત્રે આગ લાગી. તે અગ્નિ અત્યંત પ્રજ્વલિત થઈને તેમનું ઘર બાળવા લાગ્યો. (૨)

હે રાજન્ ! તે વખતે ભક્તવર્ય રામચંદ્ર ગાઢ નિદ્રામાં હતા. સદ્‌બુદ્ધિવાળો તેમનો સમગ્ર પરિવાર પણ તેમની માફક ગાઢ નિંદ્રામાં હતો. (૩) પછી સર્વજ્ઞ શ્રીહરિ અગ્નિથી બળતું ઘર જોઈ, પોતાના એકાંતિક ભક્તનું રક્ષણ કરવાની ઈચ્છાથી તેમને ઘેર તરત જ આવ્યા. (૪)

જેને કોઈ પ્રકારનું આવરણ નથી એવા શ્રીહરિએ જે ઘરનું બારણું વાસેલું હતું તથા અંદરથી આગળીયો તથા સાંકળ વાસેલા હતા છતાં તેમાં પ્રવેશ કર્યો. (૫) પછી શ્રીહરિ હે કિંકરી ! તારું ઘર બળે છે. એ પ્રમાણે તેમને કહીને નિદ્રા પામેલી રામચંદ્રની દાસીને જગાડવા લાગ્યા. (૬)

હે નરપતે ! શ્રીહરિએ આ પ્રમાણે જગાડવા છતાં પણ તે દાસી અત્યંત નિદ્રાવશ થઈ હોવાથી તત્કાળ ઊઠી શકી નહિ. (૭) પછી શ્રીહરિ તે દાસીને ઉઠાડવી છોડીને રામચંદ્રના પત્ની અમૃતાને જગાડવા માટે તેમની સમીપે પધાર્યા. (૮)

હે ભદ્રે ! અગ્નિથી તમારું ભુવન બળે છે એ પ્રમાણે શ્રીહરિએ અમૃતાને કહીને તેને તરતજ જગાડી. (૯) તે એકાંતિક ભક્ત અમૃતા તત્કાળ નિદ્રામાંથી ઊઠીને પોતાની સમીપે શ્રીહરિને જોઈ

અત્યંત હર્ષ અને વિસ્મય પામી. (૧૦)

પછી અમૃતાએ શ્રીહરિને પ્રણામ કર્યા અને તેમને કોમળ આસન ઉપર બેસાર્યા. પછી પોતાના પતિ રામચંદ્રને તેણે જગાડ્યા. (૧૧) પછી અમૃતાએ પોતાના પતિને કહ્યું હે સ્વામિન્ ! આપણું ઘર અગ્નિથી બળે છે તેથી અગ્નિથી રક્ષણ કરવા માટે શ્રીહરિ અહીં પધાર્યા છે. (૧૨)

રામચંદ્ર આકળા બની ઊઠ્યા અને શ્રીહરિને ત્યાં જોઈ તેમને પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિએ રામચંદ્રને કહ્યું, હે ભક્ત ! તમારું ઘર અગ્નિથી બળે છે તે તમો જોવા જાઓ. (૧૩) આવી રીતે શ્રીહરિએ કહ્યું ત્યારે રામચંદ્રે જે ઘર બળતું હતું ત્યાં તત્કાળ જઈ જોયું તો તે અગ્નિની જ્વાળાથી એકદમ વ્યાપ્ત થઈ ગયું હતું. (૧૪)

પછી રામચંદ્ર શ્રીહરિને મળીને કહેવા લાગ્યા. હે હરે ! અમો તો આપના છીએ માટે અમારું રક્ષણ આપ કરો. એટલે રામચંદ્ર જુવે તે પ્રમાણે શ્રીહરિ, ઘરને બાળતા અગ્નિનું પાન કરી ગયા. (૧૫)

આ પ્રમાણે ભક્તજન રક્ષક શ્રીહરિએ પોતાના આશ્રિત ભક્તનું તથા તેના ઘરનું બળતા અગ્નિથી રક્ષણ કર્યું. (૧૬) તેથી આનંદ પામેલા રામચંદ્ર, કરોડ કામદેવને આનંદ જનક કાંતિવાળા, શ્રીહરિને મળીને તેમજ નમસ્કાર કરીને હાથ જોડી તે શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૭)

હે સ્વામિન્ ! આ સંકટમાં તમો અમારું રક્ષણ કરવા માટે પધાર્યા તે દૈવયોગથી ઘણું સારું થયું. જેથી નિદ્રા પામેલા અમોને તમોએ ઊઠાડીને અગ્નિથી અમારું રક્ષણ કર્યું. (૧૮) હે ભૂમન્ ! (જેમના જ્ઞાન આનંદ વગેરે ગુણો માપી શકાતા નથી એવા) જો આપ ન આવ્યા હોત તો સમૃદ્ધિવાળું અમારું ઘર અગ્નિથી બળીને ભસ્મ થઈ જાત; (૧૯)

મારું તથા મારા પરિવારનું મરણ થાત અંતર્યામી આપે તે જાણીને મૃત્યુથી અમારું રક્ષણ કર્યું. (૨૦) હે ભગવન્ ! ભક્તરક્ષણતત્પર ! આપને ધન્ય છે. અનન્ય સદશ આપની કરુણાનું માપ કાઢવા કોણ સમર્થ છે ? (૨૧)

હે પ્રભો ! આપ આપના આશ્રિત ભક્તોની આપત્તિ વારંવાર આ પ્રમાણે હરો છો. તેથી આપનું શુભ નામ હરિ તદ્દન સાર્થક છે. (૨૨) તેમનું આ વચન સાંભળીને અત્યંત પ્રસન્ન મનવાળા, કરુણાપૂર્ણ દૃષ્ટિવાળા, શ્રીહરિ મંદહાસ્ય સહિત બોલ્યા. (૨૩) હે ભક્તરાજ ! હું મારા એકાંતિક ભક્તોનું રક્ષણ કરવા માટે ભૂલોકમાં પ્રાદુર્ભાવ પામ્યો છું. મારે બીજું કાંઈ પ્રિય નથી. (૨૪) મારું ધ્યાન કરનારા, મારામાં ચિત્ત રાખનારા, અનન્ય ભક્તોની હંમેશાં માતા જેમ પોતાના પુત્રોની રક્ષા કરે છે તેમ તેની સમગ્ર આપત્તિઓથી હું રક્ષા કરું છું (૨૫)

હું જેનો આત્મા છું એવા મારા ભક્તોને જેમ દુઃખ ન થાય તેમજ મારે કરવું. એ પ્રકારનો

હે ભક્તવર્ય ! મેં નિયમ ધાર્યો છે. (૨૬) હે ભૂપતે ! તે ભગવાન તેમને આ પ્રમાણે કહીને તત્કાળ અંતર્હિત થઈ ગયા. રામચંદ્ર તથા તેમની પત્નીને અતિ આનંદ થયો. (૨૭)

હે રાજન્ ! આ પ્રકારે ભક્તવત્સલતાથી શોભતા શ્રીહરિએ કરુણાપૂર્વક બળતા અગ્નિથી ભક્તનું તત્કાળ રક્ષણ કર્યું. (૨૮) હે રાજન્ ! એક સમયે દક્ષિણ દેશના ઘણા ભક્તો શ્રીહરિના દર્શન કરવા માટે મનોહર ગઢપુરમાં આવ્યા. (૨૯) હે રાજન્ ! તે ભક્તો ગઢપુરમાં પોતાના અત્યંત પ્રિય શ્રીહરિના પુણ્યદર્શન આનંદપૂર્વક કરીને અત્યંત શાંતિ પામ્યા. (૩૦) તે સમગ્ર ભક્તજનો શ્રીહરિની આજ્ઞાથી પોતાના દેશ પ્રત્યે જતા હતા. ત્યાં માર્ગમાં મોટા ભયંકર વનમાં પહોંચી ગયા. (૩૧)

વિવિધ પ્રકારની વેલીઓ તથા વૃક્ષોથી વ્યાપ્ત, ગુલ્મ તથા રાફડાઓથી યુક્ત, મુંજ, કાશ અને દર્ભથી ભરપુર, કાંટાઓથી દુર્ગમ; (૩૨) નાચતા મયૂરોરૂપી નટોના ખેલવાળું નાના પ્રકારના પક્ષિગણોના શબ્દવાળું, ભૂંડ, સિંહ, વાઘ તેમજ મદોન્મત્ત હાથીઓથી યુક્ત; (૩૩)

નાના પ્રકારના હરણા, સાવઢીઓ, રોઝો, પાડા અને બીજા વિવિધ પ્રકારના વનપશુઓથી યુક્ત; (૩૪) હે નૃપ ! એવા તે વનમાં તે ભક્તો આવ્યા. તેટલામાં ત્યાં બળતો દાવાગ્નિ આવ્યો. (૩૫)

તે અગ્નિ વાયુથી વૃદ્ધિ પામવા લાગ્યો. જાજ્વલ્યમાન વિસ્તારવાળા તે સ્ફુલ્લિંગોવાળા દાવાનળે જેમ પૂર્વે કૃષ્ણાવતારમાં ઉગ્ર થઈને ગોવાળીયાને રોક્યા હતા, તેમ તે ભક્તોને ચારે બાજુએથી ઘેરી લીધા. (૩૬)

અત્યંત વેગથી આવતા, વનને બાળતા; તે અગ્નિને જોઈને તે ભક્તો તેના નિવારણનો કાંઈ માર્ગ ન જોતાં ભય પામીને ગભરાઈ ગયા. (૩૭) પોતાની સમીપે આવતા અગ્નિને જોઈ અત્યંત પીડા પામેલા તે ભક્તો પોતાનું મૃત્યુ હવે નક્કીજ છે, તેવું જાણીને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને સંભારવા લાગ્યા. (૩૮)

સમગ્ર દુઃખો નાશ કરનારા શ્રીહરિના અનેક પ્રકારના નામોનું ઉચ્ચારણ કરતા તે ભક્તો અનન્યભાવથી પોતાના આત્માના નાથ એવા શ્રીસ્વામિનારાયણની પ્રાર્થના કરવા લાગ્યા. (૩૯) હે નીલકંઠ ! હે ભક્તોના પીડાહારી ! હે સ્વામિન્ ! હે હરે ! હે કૃષ્ણ ! હે સુખના ધામ ! હે હરિકૃષ્ણ ! આપના દાસ અમો સર્વનું આ બળતા દાવાનળથી તરત જ રક્ષણ કરો. (૪૦)

હે દીનબંધો ! સંસારરૂપી દુરંત દાવાનળથી પોતાના ભક્તસંઘનું રક્ષણ કરવામાં ચતુર આપ તત્કાળ અહીં આવીને આ તીવ્ર દાવાગ્નિને શાંત કરી અમારું રક્ષણ કરો. (૪૧) હે ભૂમન્ ! સમગ્ર બ્રહ્માંડમાં આપના વિના બીજો રક્ષણ કરવા માટે કોઈ સમર્થ નથી. તેથી આપના શરણને પામેલા અમારું આપ આ અતિતીવ્ર અગ્નિથી રક્ષણ કરો. (૪૨)

પોતાના આશ્રિત ભક્તોએ આવી રીતે પ્રાર્થના કરી તેથી પોતાના ભક્તોનું રક્ષણ કરવામાં પ્રવીણ શ્રીહરિએ તે અતિ ભયંકર વનમાં પોતાના ભક્તોની સર્વ વિપત્તિને હરનારું પોતાનું દર્શન આપ્યું. (૪૩)

ભક્તવત્સલ્ય નિધિ, દયાળુ તે શ્રીહરિએ હે ભક્તો ! તમો ભય પામશો નહિ. એ પ્રમાણે તે ભક્તોને કહીને પોતાના ઐશ્વર્ય બળથી તે તીવ્ર અગ્નિને તત્કાળ શાંત કરી દીધો. (૪૪) વૃષ્ટિ વિના તત્કાળ અગ્નિ શાંત થયેલો જોઈ, તેમજ પોતાનું રક્ષણકર્તા, નિયન્તા શ્રીહરિકૃષ્ણને જોઈને આશ્ચર્ય પામેલા તે ભક્તો અત્યંત હર્ષ પામ્યા. (૪૫)

હે ભૂપ ! શ્રીહરિએ તત્કાળ ત્યાં આવીરીતે તે અરણ્યમાં પોતાના આશ્રિત સર્વ ભક્તોનું અનિવાર્ય એવા તે દાવાગ્નિથી રક્ષણ કર્યું. અને પછી તે ભક્તો જુવે તેમ અંતર્હિત થઈ ગયા. (૪૬)

હે રાજન્ ! પછી તે ભક્તો માર્ગમાં ચાલતા તે સર્વોત્તમ શ્રીહરિના ઐશ્વર્યનું વર્ણન કરતા પોતપોતાના દેશ પહોંચ્યા, ત્યાં સ્વામિનારાયણે પોતાનું વનના ઉગ્ર વહ્નિથી શીઘ્ર રક્ષણ જે પ્રકારે કર્યું તે સર્વ પોતાના સંબંધિઓને તેમણે કહ્યું. તે જનો તે સાંભળીને આશ્ચર્ય પામ્યા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ રામચંદ્ર ભક્તનું અગ્નિથી રક્ષણ કર્યું તે નિરૂપણ નામે બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ! ગુજરાત દેશમાં કુંડાલ્ય ગામમાં વૈશ્યજાતિના શ્રીહરિના એકાંતિક કલાભક્ત રહેતા હતા. (૧) સ્વધર્મમાં નિષ્ઠાવાળા, શૂરવીર, સત્સંગમાં આસક્ત મનવાળા, સાધુ સેવા પરાયણ, ધીર, શ્રીસહજાનંદ વલ્લભ; (૨)

એવા તે કલાભક્ત સ્વામિનારાયણ શ્રીહરિ, કાળ, માયા વગેરેનાં નિયંતા પ્રત્યક્ષ ભગવાન છે એમ સૌને કહેતા હતા. (૩) હે જનો ! અસુરાંશ ગુરુઓએ ભમાવેલા અને મતરૂપી પાશમાં બંધાયેલા તમો તે મતોમાં મૂર્ખપણાથી કેમ રહો છો ? (૪)

એ મતોનો આશ્રય કરવાથી સંસારમાંથી મુક્તિ નહિ જ પામો. તેથી હે જનો ! મુક્તિને આપનારો આ પવિત્ર સત્સંગ કરો. (૫) હે જનો ! પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિનો આશ્રય

કરીને તેમને ભજો. તેથી ઇચ્છિતભુક્તિ તથા મુક્તિ તમો પામશો. (૬)

આ પ્રકારે તે ભક્ત શૌર્યવાળી વાતો કરીને ઘણાને શ્રીસ્વામિનારાયણનો અતિદૃઢ આશ્રય કરાવતા હતા. (૭) તેમણે કહેલી તે વાર્તા સાંભળીને મત્સરવાળા, અસુરભાવવાળા, તેમના બંધુજનો તથા અન્ય જનો બળવા લાગ્યા. (૮)

તેથી તે દુષ્ટ જનોએ ભગવાનને પ્રિય તે ભક્તને સત્સંગમાંથી ભ્રષ્ટ કરવા માટે તેનું ખેતર અન્યાયથી લઈ લીધું અને તેને નાત્ય બહાર કર્યો. (૯) આવી રીતે તે અસુરોએ વારંવાર તેને પીડા કરી. પરંતુ તે ભક્ત તો પ્રહ્લાદની માફક પ્રત્યક્ષ શ્રીહરિની ભક્તિમાંથી ચલાયમાન થયા નહિ. (૧૦)

પછી તે ભક્ત દુષ્ટ જનોએ બળપૂર્વક લઈ લીધેલું પોતાનું ખેતર પાછું લેવાની ઈચ્છાથી દુષ્ટોની સાથે રાજાની સમીપે ગયા. (૧૧) તે ભક્તે રાજાને આ પ્રમાણે કહ્યું, હે ભૂપતે ! મારા ગામમાં રહેનારા આ માણસોએ મારું ખેતર અન્યાયથી બળપૂર્વક લઈ લીધું છે. (૧૨)

તે ભક્તે આ પ્રમાણે કહ્યું તેથી તે રાજાએ મુખ્ય મંત્રીઓને પૂછ્યું. હે મંત્રીઓ ! ખેતર આનું છે કે એમનું છે ? (૧૩) પરંતુ તેમના તરફથી તેમણે લાંચ લીધેલી હોવાથી તે મંત્રીઓએ ખેતર કલાભક્તનું નથી એમ અન્યાયપૂર્વક કહ્યું; (૧૪)

રાજાને તે મંત્રીઓએ આ પ્રમાણે કહ્યું તેથી ખેદ પામેલા તે ભક્તરાજ કલાભક્તે "હે નૃપ ! એ ખેતર નક્કી મારું જ છે." એમ તે રાજાને કહ્યું. (૧૫, ૧૬) હે ભક્ત ! જો તે ખેતર તમારું હોય તો અગ્નિથી તપાવેલો લોઢાનો ગોળો તમો બંને હાથમાં ઝાલીને વીશ પગલા ચાલીને તે ખેતર તમો લઈ લો. (૧૭, ૧૮)

તેથી શૌર્યવાન ભક્તવર્ય કલાભક્તે રાજાના અમાત્યોને 'બહુ સારું' એમ કહ્યું. પછી રાજાના કારભારીઓની સાથે પોતાને ગામ આવ્યા. (૧૯)

ત્યાંના તેમના દુશ્મનો તે મંત્રી પુરઃસર સહિત તે કલાભક્તને લઈને તત્કાળ તે ખેતરમાં આવ્યા. (૨૦)

પછી તે પાપીઓએ, લોઢાનો ગોળો અગ્નિથી અત્યંત લાલ કરીને, કલાભક્તને કહ્યું; (૨૧) હે ભક્ત ! જો આ ખેતર તમારું હોય તો તમો આ ગોળો ઝાલો અને વીશ પગલાં સુધી ચાલતાં જો ન બળો તો આ ખેતર તમો લઈ લો. (૨૨)

પછી વિચક્ષણ, ધૈર્યવાળા, કલાભક્તેન્દ્રે 'બહુ સારું' કહીને પોતાના ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને સંભાર્યા. (૨૩) તે કલાભક્તે એ પ્રકારે શ્રીહરિને સંભાર્યા તથા તેની અચળ ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ તે સમયે તે ભક્તને પોતાનું દર્શન આપ્યું. (૨૪)

શ્રીહરિના દર્શનથી અત્યંત પ્રસન્ન થયેલા તે એકાંતિક ભક્તને સહજાનંદ શ્રીહરિએ આ પ્રમાણે કલ્યાણકારી વચન કહ્યું. (૨૫) હે ભક્તવર્ય ! તમો બીક રાખશો નહિ. હું તમારી સમીપે છું. આ તપેલો ગોળો તમો પકડો. તમારા બંને હાથને અગ્નિ બાળશે નહિ. (૨૬)

શ્રીહરિએ એ પ્રમાણે કહ્યું તેથી બુદ્ધિમાન તે ભક્તે તપેલો લોઢાનો ગોળો લઈને વીશ પગલા ચાલીને પોતાના ખેતરની તમામ જમીન પાછી મેળવી. (૨૭) તેથી તે ગામના જનો તથા રાજાના કારભારી વગેરે તે ભક્તના હાથ બળ્યા નથી એ જોઈને આશ્ચર્ય ચકિત થઈ ગયા. (૨૮)

તે સમયે તેમનો દ્રોહ કરનારા સર્વ અસુરજનો કાજળ જેવા શ્યામ મુખવાળા થઈ ગયા અને અત્યંત ખેદ પામ્યા. (૨૯) પછી સંતોષ પામેલા રાજાના અમાત્યોએ તે ભક્તને આ પ્રમાણે કહ્યું, હે સન્મતે ! એ ખેતર તમારું જ છે, તે સત્ય છે. (૩૦)

સ્વયં શ્રીસ્વામિનારાયણ પ્રત્યક્ષ ભગવાન સત્ય છે. તમો પ્રહલાદની માફક શ્રીહરિના દૃઢ ભક્ત છો. એમ અમોએ આજે જાણ્યું. (૩૧) ત્યારપછી રાજાના અમાત્યે પ્રીતિપૂર્વક મહામૂલ્યવાળું ઈનામ તેમને આપ્યું, અને સત્સંગ સત્ય છે એવી રીતે ઘણી સ્તુતિ કરી. (૩૨)

પછી તે અમાત્ય વગેરે પોતપોતાના સ્થાનમાં ગયા. કલાભક્ત પણ શ્રીહરિને સંભારતા પોતાને ઘેર ગયા. (૩૩) આ રીતે પોતાના આશ્રિત ભક્તોના દુઃખોનો નાશ કરનારા, ઈશ્વરેશ શ્રીસ્વામિનારાયણ, આત્મતંત્ર, શ્રીહરિ પોતાના એકાંતિક ભક્તનું રક્ષણ કરીને અંતર્હિત થઈ ગયા. (૩૪) હે નૃપતે ! આ પ્રકારે દયાનિધિ, ભક્તવત્સલ ધર્મપુત્ર, સર્વોપરી, પોતાના ઐશ્વર્યથી પોતાના ચરણકમળાશ્રિતોને તથા અન્યજનોનું વહ્નિથી વારંવાર રક્ષણ કરતા હતા. (૩૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ કલા ભક્તનું રક્ષણ કર્યું એ નિરૂપણ નામે તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પશ્ચિમ પાંચાલ દેશમાં 'ધારાઈ' નામના ગામમાં વસતા એક બુદ્ધિમાન વણિક ભક્ત ઉદ્ધવજી રહેતા હતા. (૧) એક વખત બીજા ગામથી પોતાના ગામમાં આવતા તે ઉદ્ધવજી ભક્તને એકલા જાણીને ચોરો તેમને બાંધીને ઘોર વનમાં લઈ ગયા. (૨)

એ પ્રકારે તેમને અવળે માર્ગે લઈ જનારા ચોરોએ વનમાં ઉગેલા બાવળીયાની ડાળીઓ

કાપીને તેને કહ્યું. (૩) હે ઉદ્ધવજી ! તીક્ષ્ણ કાંટાવાળી આ ડાળીથી જ તને અમો મારીશું. (૪) જ્યારે તું અમોને અમારી ઈચ્છા મુજબ રૂપિયા આપીશ. ત્યારે તું તારા ઘરે જઈ શકીશ નહિ તો અહીંજ મૃત્યુ પામીશ. (૫)

એ પ્રમાણે કહીને તે ચોરોમાંના એક ચોરે પુષ્કળ કાંટાવાળી ડાળી તેના તરફ ઉગામીને તે ઉદ્ધવજીનો તિરસ્કાર કરવા લાગ્યો. (૬) તને અમારે ઘેર લઈ જઈને ભયંકર કેદખાનામાં પૂરી, બાંધીને અમો હંમેશાં ખૂબ માર મારીશું. (૭)

તે સાંભળી અત્યંત બીક પામેલા ઉદ્ધવજી પોતાના મનમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. આ ક્રૂર મને કાંટાવાળી ડાળીથી મારશે.(૮) તેથી મારું અહીં તત્કાળ મૃત્યુ થશે. ઘરમાં ધન નથી તેથી મૃત્યુથી કેવી રીતે હું છૂટી શકીશ ? (૯)

આવી રીતે ચિંતવન કરીને પોતાના આશ્રિત જનોના રક્ષક, સ્વેષ્ટ, શ્રીહરિ શ્રીસ્વામિનારાયણને હૃદયમાં સંભારતો અને દુઃખ પામતો તે પ્રાર્થના કરવા લાગ્યો. (૧૦) હે કરુણા સિંધો ! હે સ્વામિન્ ! હે હરે ! આપત્તિરૂપી સાગરમાં ડૂબેલા ભક્તજનની રક્ષા કરવામાં અતિચતુર, એવા આપના દાસ એવા મારો આપ ઉદ્ધાર કરો. (૧૧)

હે ભગવન્ ! ખાટકીઓ, પશુઓને જેમ નિર્દયતાથી મારી નાંખે છે, તેમ નિર્દય, પાપી અને ક્રૂર આ તસ્કરો મને તત્કાળ મારી નાંખશે. (૧૨) ત્રણ લોકમાં તમારા વિના આ દૂરંત સંકટમાંથી મારી રક્ષા કરનાર બીજો કોઈ નથી. તેથી શરણે આવેલા મારું આપ રક્ષણ કરો. (૧૩)

હે ભૂપ ! તે ભક્તે મહા આપત્તિમાં સંભારેલા દયાસાગર શ્રીહરિ તે ભક્તનું રક્ષણ કરવા તત્કાળ તેની સમીપે પધાર્યા. (૧૪) પ્રત્યક્ષ સ્વામિનારાયણ શ્રીહરિને જોઈ તે ભક્તના ગાત્રો રોમાંચિત થયા તથા આંખો અશ્રુથી ભરાઈ ગઈ. (૧૫) પછી તે ભક્ત હાથ જોડીને ગદ્ગદ્ વાણીથી શ્રીહરિને કહેવા લાગ્યો. હે દયાનિધે ! આપ આ મહા આપત્કાળમાં ભાગ્યવશાત્ મારું કલ્યાણ કરવા પધાર્યા. (૧૬) હે સ્વામિન્ ! હે દીનબંધો ! દુઃખનો નાશ કરનારા આપ અહીં ન આવ્યા હોત તો ચોરો આ વનમાં નિર્દયતાપૂર્વક મને મારી નાંખત. (૧૭)

આવી રીતે કહીને વંદના કરતા તે ભક્તને શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું. હે ભક્ત ! તમો બીક રાખશો નહિ. તમારું સમગ્ર કષ્ટ તત્કાળ નાશ પામશે. (૧૮) મારી ઈચ્છાથી એ ચોરો તમોને દંડશે તો નહિ. પરંતુ તમો વિના પ્રયાસે તમારે ઘેર પણ જઈ શકશો. (૧૯)

તે ઉદ્ધવજી ભક્તને આવી રીતે કહીને ભગવાન શ્રીહરિ ત્યાંથી એકદમ અંતર્હિત થયા. પછી શ્રીહરિની ઈચ્છાથી તે ચોરો તે ભક્તને મારવા માટે સમર્થ થયા નહિ. (૨૦) તે સમયે તે ચોરોમાં મુખ્ય ચોરની જે સ્ત્રી જે શ્રીહરિની ભક્ત હતી, તેની સમીપે જઈને શ્રીહરિએ તે સ્ત્રી

પ્રત્યે આ પ્રમાણે કહ્યું; (૨૧)

હે ભદ્રે ! અતિશય પાપી, અતિક્રૂર તારો પતિ મારા ભક્તને અત્યંત પીડા કરવા માટે લઈને આવે છે. માટે મારા ભક્તને તારે મુકાવવો. (૨૨) હે ભદ્રે ! મારા આશ્રિત નિર્વૈરી તે ભક્તને તું નહિ મુકાવે તો યમદૂતો પાસે તારા સ્વામીને હું પ્રહાર કરાવીશ. (૨૩)

ભક્તવત્સલ શ્રીહરિ તે સ્ત્રીને આ પ્રમાણે કહીને અંતર્હિત થઈ ગયા. પછી તેનો પતિ તે ભક્તને લઈને ઘરે આવ્યો. (૨૪) પછી તે ચોરના મુખીએ તે ભક્તને પોતાને ઘેર એક રાત્રિ રાખ્યો. તે સમયે તેની પત્નીએ પોતાના પતિને આ પ્રમાણે કહ્યું. અરે ! સ્વામિન્ ! આ પ્રત્યક્ષ શ્રીહરિનો એકાંતિક ભક્ત છે. તેથી આ અત્યંત ગરીબ ભક્તને તમો અહીં કેમ લાવ્યા ? (૨૫, ૨૬)

તમો આ ભક્તને લાવ્યા છો. તેથી હે મંદ ! તમોએ શ્રીહરિનો અતિ મોટો અપરાધ કર્યો છે. જો તમો આ નિરપરાધી ભક્તને પીડશો; (૨૭) તો તમો આ લોકમાં અને પરલોકમાં ઘણી વિપત્તિ પામશો. હે સ્વામિન્ ! હું આ સત્ય કહું છું. (૨૮)

તેથી તમો સન્માનપૂર્વક આમને નવા વસ્ત્રો આપીને તેમને ઘેર પહોંચાડો જરાપણ વાર લગાડશો નહિ. (૨૯) આ પ્રમાણે તેણે કહ્યું છતાં પણ તે દુર્બુદ્ધિ તસ્કરરાજે તેને છાડ્યો નહિ. એટલામાં હરિઈચ્છાથી તેણે ત્યાં આવેલા યમદૂતોને જોયા. (૩૦)

અતિ ઉગ્ર અને નિર્દય તે યમદૂતોએ તે ચોરને અત્યંત માર માર્યો તેથી જેનું શરીર ભાંગી ગયું છે એવો બૂમો પાડતો તે મુખ્ય ચોર અત્યંત પીડા પામ્યો. (૩૧) નેત્રમાં દીનતા લાવી પોતાની સમીપે રહેલી પોતાની પત્નીને તે આ પ્રમાણે કહેવા લાગ્યો. હે અંગને ! ક્રોધથી લાલ નેત્રવાળા યમદૂતો મને અતિશય મારે છે. (૩૨)

તેથી તે સ્ત્રીએ પોતાના પતિને કહ્યું; હે સ્વામિન્ ! તમે મારું વચન ન માન્યું અને બાંધી રાખેલા આ ગરીબ હરિભક્તને છોડી મૂકયા નહિ. (૩૩) તેથી યમદૂતો નરાધમ તમોને શ્રીહરિની આજ્ઞાથી મારે છે. હે પાપમતે ! ભક્તના અપરાધથી થયેલા દુઃખને હવે તમો પરવશ થઈને ભોગવો. (૩૪)

આ ભક્તને બંધનથી મુક્ત કરીને સન્માનપૂર્વક તેમને ઘેર લઈ જઈશ અને આવું કર્મ ફરી નહિ કરું. (૩૫) આ પ્રમાણે જ્યારે તમો પ્રતિજ્ઞા કરશો ત્યારે આ ભયંકર યમદૂતો તમોને માર મારતા બંધ થશે. એમ નહિ કરો તો તમને મારી નાંખશે. (૩૬)

આવી રીતે તે સ્ત્રીએ કહ્યું તેથી ત્રાસ પામેલા તે મુખ્ય ચોરે પોતાની સ્ત્રીના કહેવા પ્રમાણે પ્રતિજ્ઞા કરી. તેથી મહા પીડા કરનારા યમદૂતો તેને મૂકીને તત્કાળ ચાલ્યા ગયા. (૩૭) તેથી

અત્યંત આશ્ચર્ય પામેલો, માનહીન, મદશૂન્ય તે મુખ્ય ચોરે વિનયથી અને નમ્રતાપૂર્વક તે હરિભક્તવર્યને મુક્ત કર્યો અને તેને પાઘડી વગેરે નવાં વસ્ત્રો આપ્યા. (૩૮, ૩૯)

પછી તેણે તેને વળાવ્યા. ચોરના ઘેરથી નીકળીને તે ભક્ત હર્ષપૂર્વક માર્ગમાં ચાલતા પોતાનું રક્ષમ કરનાર શ્રીહરિને સંભારતા સંભારતા પોતાને ઘેર પહોંચ્યા. (૪૦) તે ઉદ્ધવજીએ ઘરે આવીને મહાવનમાં શ્રીહરિએ આવી પોતાની રક્ષા કરી તેમજ ચોરના ઘર આવીને પણ રક્ષા કરી. તે પોતાનું સર્વ વૃતાન્ત પોતાના બંધુઓને કહ્યું. (૪૧)

તે સાંભળીને આશ્ચર્ય પામતા તેના બંધુઓ તથા અન્ય ભક્તજનો દયાળુ શ્રીહરિએ આ ભક્તને મૃત્યુથી મુકાવ્યો, આ પ્રકારે પ્રસન્ન ચિત્તથી કહેવા લાગ્યા. (૪૨) પોતાના ચરણારવિંદમાં આસક્ત ચિત્તરૂપી ભમરાવાળા, પોતાને શરણે આવેલા તે ઉદ્ધવજી ભક્તને આશ્રિતજન વત્સલ અતિ કરુણાવાળા શ્રીહરિએ ચોરોથી આ પ્રકારે શીઘ્ર રક્ષા કરી. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિકૃત ઉદ્ધવ ભક્ત રક્ષણ નિરૂપણ નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)



અધ્યાય ૧૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ખાનદેશમાં આવેલા બુરાનપુર નગરમાં સ્વધર્મ પરાયણ બ્રાહ્મણ તેમજ અન્યજ્ઞાતિના શ્રીહરિના ઘણા ભક્તો રહેતા હતા. (૧) એક સમયે શ્રીહરિના દર્શન માટે ગઢપુર જવા માટે તે ભક્તોએ ભેગા થઈ પરસ્પર નિશ્ચય કર્યો. (૨)

પછી તે ભક્તોએ રથ, ગાડાં વગેરે વાહનોમાં શ્રીહરિની પૂજા કરવા માટે મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા અલંકારો હર્ષપૂર્વક મૂક્યાં. (૩) તે સમગ્ર ભક્તો પછી વાહનોમાં બેસીને સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધો સહિત પોતાના પુરથી ચાલ્યા. (૪)

માર્ગમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનને સંભારતા સંભારતા એક ભયંકર ઘાટા મહાવનમાં તેમણે પ્રવેશ કર્યો. (૫) વિવિધ પ્રકારના ગુલ્મ, લતા અને વૃક્ષોથી વ્યાપ્ત, નિર્જન, તે મહાવનમાં તેમને લૂંટવાની ઈચ્છાથી ત્યાં ચોરો આવ્યા. (૬)

તે ચોરો તે ભક્તજનોના રથ, ગાડાં, ઘોડાઓ તથા સર્વ પાત્રો તત્કાળ લઈ ગયા.(૭)

ભયંકર અને દુષ્ટ તે ચોરો તેમનાં ભૂષણો વસ્ત્રો તથા ખર્ચવાનું દ્રવ્ય વગેરે સર્વે વસ્તુઓ લઈ ગયા. (૮) પછી તે તસ્કરોએ તે ભક્તોનાં હાથો મજબૂતપણે પાછળ બાંધ્યા અને તે મહાવનમાં તે ભક્તોને અતિદુર્ગમ સ્થાનમાં લઈ ગયા. (૯)

હે રાજન્ ! પછી તે ભક્તજનો પરસ્પર બોલવા લાગ્યા. હે જનો ! આપણે શ્રીહરિને વિષે દોષ દૃષ્ટિ તો ન કરવી. (૧૦) હે ભક્તો ! આ કષ્ટથી આપણને બહુ પીડા થઈ. પરંતુ તેનું કારણ આપણું પ્રારબ્ધ છે. છતાં શ્રીહરિની ઈચ્છાથી આ કષ્ટ કાંઈક ઓછું થયું. (૧૧)

અથવા શ્રીહરિની ભક્તિમાં આપણી દૃઢતા નથી તેથી મહાવનમાં આવું કષ્ટ થયું એમ જાણવું. (૧૨) પૂર્વે પ્રહલાદ વગેરે ભક્તોએ પણ શ્રીહરિની પ્રીતિ માટે અતિ અસહ્ય ઘણાં કષ્ટો સહન કર્યાં છે. (૧૩)

તેથી આપણે પણ આ આવેલું કષ્ટ સહન કરવું. ભગવાનના ભક્તોએ આપત્તિમાં સદા ધૈર્ય રાખવું. (૧૪) હાલમાં એકાગ્ર મનથી સ્વામિનારાયણ શ્રીહરિનું સ્મરણ કરવું. તે અહીં આવીને આપણને તત્કાળ બંધનમાંથી મુક્ત કરશે. (૧૫)

તે સમગ્ર ભક્તો આ પ્રમાણે બોલીને હે હરે ! રક્ષણ કરો, રક્ષણ કરો, આ પ્રમાણે દીનતાપૂર્વક પ્રાર્થના કરતા એકાગ્ર ચિત્તવાળા થઈને નિયન્તા શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. (૧૬) સર્વજ્ઞ, આર્ત બંધુ, શ્રીહરિ પોતાના ભક્તજનોની પીડાથી દુઃખી થયેલા જાણીને, તત્કાળ અશ્વ ઉપર બેઠેલા ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા પોતાના ભક્તજનોનું રક્ષણ કરવા તે મહાવનમાં પધાર્યા. (૧૭)

વાયુ વેગવાળા પોતાના ઘોડાને દોડાવતા અને આગળ ચાલતા શ્રીહરિને અને પાછળ દોડતા ઘોડેસવારો તથા પાર્ષદ સમૂહને જોઈને, તે ભક્તજનો હર્ષ પામ્યા. (૧૮) આ સંઘને લૂંટનારા તસ્કરો દોડતા આવતા ઘોડા ઉપર બેઠેલા શ્રીહરિને, ઘોડાવાળા તથા સશસ્ત્ર ઘોડેસવારોને, તેમજ પાર્ષદોને, દૂરથી જોઈ અત્યંત ભયપૂર્વક પલાયન કરવા લાગ્યા. (૧૯)

તે ઘોડેસવારો તથા પાર્ષદો યુક્ત શ્રીહરિએ તત્કાળ આવીને તે ચોરોને ચારે બાજુએથી રોકી લીધા પછી અતિભયથી કંપતા તેમના ઉપર પાર્ષદોએ પ્રહાર કર્યો. (૨૦) પછી તે પાર્ષદો તે ચોરોને બાંધીને ઘોડેસવારોની આગળ લાવ્યા. અને તે ભક્તજનો પાસેથી તેમણે લૂંટેલા વસ્ત્ર આભૂષણ વગેરે સમગ્ર વસ્તુઓ તે ચોરો પાસેથી લઈ લીધી. (૨૧)

પછી આત્મતંત્ર તે શ્રીહરિ તે ભક્ત સમુદાયને વસ્ત્ર ભૂષણ વગેરે વિવિધ પદાર્થો અનુક્રમ પ્રમાણે ગણીને તેમને આપી. (૨૨) પછી પરમેશ્વર શ્રીહરિ તે ચોરોને ઘોડેસવારોની આગળ ચલાવતા તે અતિ ભયંકર વનમાં પોતાના ભક્તોનું રક્ષણ કરતા ઘોડેસવારો, પાર્ષદો તથા પોતાના ભક્ત સંઘની સાથે ચાલ્યા. (૨૩) તે ચોરોએ માર્ગમાં શ્રીહરિને આ પ્રમાણે કહ્યું, હે નિયામક ! અમો ફરીને

આવું કર્મ નહિ કરીએ. આતો અમે મૂઢતાથી કર્યું છે. તેથી અમારો આ અપરાધ ક્ષમા કરો. (૨૪) ધ્રુજતા એ ચોરોએ આવી રીતે શ્રીહરિની અત્યંત પ્રાર્થના કરી તેથી શ્રીહરિએ તેમને કહ્યું, હે ચોરો! અત્યારે તો તમોને હું છોડી મૂકું છું, પરંતુ આવું કર્મ તમારે ફરીથી ક્યારેય કરવું નહિ. (૨૫)

ફરીથી આવું કર્મ કરશો તો આ ઘોડેસવારો તથા પાર્ષદો મારી સાથે આવીને તમોને તત્કાળ મારી નાંખશે. એમ તમારે જાણવું. (૨૬) પછી તે ચોરોએ, બહુ સારું આપ કહો છો તે પ્રમાણે વર્તીશું એમ કહીને, શ્રીહરિને પ્રણામ કર્યા. શ્રીહરિએ તેમને બંધનથી મુક્ત કર્યા. એટલે તે સ્થાનમાંથી તેઓ ચાલ્યા ગયા. પછી ઘોડેસવારો તથા પાર્ષદો સહિત શ્રીહરિ પોતાના ભક્ત સંઘની સાથે ગયા. (૨૭)

તે સંઘે તે મહાભયંકર વન પસાર કર્યું ત્યાં સુધી પોતાના આશ્રિત ભક્તોનું રક્ષણ કરનાર, દયાળુ શ્રીહરિ ઘોડેસવાર અને પાર્ષદો સહિત તે સંઘની સાથે માર્ગમાં ચાલ્યા. (૨૮) પછી ચોરનો ભય ન રહ્યો તેવો માર્ગ આવ્યો ત્યારે શ્રીહરિ અંતર્હિત થઈ ગયા. પછી તે ભક્તો શ્રીહરિનું ઐશ્વર્ય પરસ્પર કહેતા કહેતા ધીમે ધીમે ગઢપુરમાં આવ્યા. (૨૯) હે રાજન્ ! પછી તે સંઘના સર્વજનોએ પોતાનું રક્ષણ કરનાર શ્રીહરિને સભામાં જોયા એટલે તત્કાળ શ્રીહરિને નમસ્કાર કરીને પ્રસન્ન થઈ વનમાં જે પ્રકારે શ્રીહરિએ તેમની રક્ષા કરી તે સમગ્ર વૃતાન્ત કહ્યું. (૩૦)

તે સાંભળીને શોભાયમાન મુખવાળા શ્રીહરિ મંદ હાસ્યપૂર્વક બોલ્યા, હે ભક્તો ! અતિઘોર વનમાં ઘોડેસવારો તથા પાર્ષદો સહિત આવીને તમારું તત્કાળ રક્ષણ કર્યું છે. (૩૧) તે ભક્તો તથા અન્યજનો શ્રીહરિનું આવું વચન સાંભળીને વિસ્મિત થઈ અત્યંત આનંદ પામ્યા. પછી તે ભક્તો શ્રીહરિની અનુપમ દયા તથા ઐશ્વર્યની સ્તુતિ કરવા લાગ્યા. (૩૨) હે રાજન્ ! આ લોકમાં સમર્થ શ્રીહરિ પોતાના ચરણકમળના આશ્રિત બીજા અસંખ્ય ભક્તોનું આ પ્રમાણે વારંવાર ચોરોથી રક્ષણ કરતા હતા. તે સર્વ ઐશ્વર્યો શેષનારાયણ વગેરે તથા અક્ષરાદિ મુક્તો પણ કહેવા માટે સમર્થ નથી. તેથી મેં તમોને મારી બુદ્ધિ પ્રમાણે દિશ માત્ર કહ્યું છે. (૩૩)

ઇતિ હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિકૃત બુરાનપુર પોતાના આશ્રિત ભક્તોનું રક્ષણ કર્યું તે નિરૂપણ નામે પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)



અધ્યાય ૧૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિના એકાંતિક ભક્ત વૈશ્ય બેચર ભક્ત કાનમ દેશમાં માંગરોળ ગામમાં રહેતા હતા. (૧) એક સમયે રાજાએ તેને બોલાવીને સ્પષ્ટ વચન કહ્યું; હે બેચર ! તમો રાજ્યના કરના બધા રૂપિયા તત્કાળ ભરી દ્યો. (૨)

તે બેચરને આ પ્રમાણે રાજાએ કહ્યું તોપણ નિર્ધન હોવાથી તત્કાળ દ્રવ્ય આપવાને તે અસમર્થ હતો. તેથી તે રકમ ધીમે ધીમે આપીશ એમ તેણે રાજાને કહ્યું. (૩) તેથી તે રાજાએ કહ્યું, હે બેચર ! તમે મને મારા કરના રૂપિયા હમણાંજ આપો. એમ કહીન બેચરના પગમાં બેડીઓ નાંખીને તેને કેદખાનામાં નાંખ્યો. (૪)

હે રાજન્ ! તે કારાગારમાં બે દિવસ તેણે અન્નજળ લીધા નહિ. શ્રીહરિને સંભારતા તે ભક્ત આવી રીતે ચિંતવન કરવા લાગ્યા. (૫) અહો ! દૈવ ! મારા બંને પગ સાંકળોથી બંધાયેલા છે. અંધકારમય આ કેદખાનામાં મારો નિવાસ છે. અને મને અન્ન જળ મળ્યા નથી. (૬)

દરિદ્ર હોવાથી તત્કાળ હું તમામ દ્રવ્ય આપવા સમર્થ નથી. તેથી આ મહાકષ્ટરૂપ બંધનથી શી રીતે મુક્ત થઈશ ? (૭) ભોજન તથા જળવિના મારા દેહમાંથી પ્રાણ તત્કાળ નીકળી જશે. તેની ચિંતા મારા ચિત્તમાં નથી. (૮)

પરંતુ મારા સગા સંબંધી તથા શ્રીહરિના ભક્તો અત્યંત શોક કરશે તે ચિંતા મને થાય છે. (૯) તેથી હે પ્રભો ! હે સ્વામિનારાયણ ! આપ મને કેદખાનામાંથી મુકાવો. આપના વિના મને બીજો આશરો નથી. (૧૦)

આવી રીતે બેચર ભક્તે આપત્કાળમાં શ્રીહરિને સંભાર્યા તેથી ભક્તવત્સલ શ્રીહરિ પોતાના ભક્તને બંધનમાંથી મુકાવવા માટે ત્યાં તરત જ આવ્યા. (૧૧) તે સમયે ત્યાં ઊભેલા વિવિધ શસ્ત્રોવાળા રાજાના નોકરો ભગવાનની માયાથી મોહ પામી કાંઈપણ બોલવા માટે સમર્થ થયા નહિ. (૧૨)

સર્વોપરી પ્રત્યક્ષ શ્રીહરિ તે પોતાના ભક્તની સમીપે આવ્યા અને જેમ સૂર્યથી અંધકાર દૂર થાય તેમ તેમના બંને પગની સાંકળો તૂટી ગઈ. (૧૩) પછી શ્રીહરિ મનના જેવા વેગવાળા પોતાના અશ્વ ઉપર પોતાના ભક્તને બેસાડીને તેને તત્કાળ બીજા રાજાના દેશમાં લઈ ગયા. (૧૪)

ભક્ત પ્રિય ભગવાન આવી રીતે પોતાના ભક્તનું રક્ષણ કરીને તેઓ જુવે છે તે પ્રમાણે ત્યાંથી તરત જ અંતર્હિત થઈ ગયા. (૧૫)

પછી તે ભક્તે પોતાના બંધુઓ તથા અન્ય ભક્તોને શ્રીહરિએ તેમનું જે પ્રકારે બંધનથી

પોતાનું રક્ષણ કર્યું તે સમગ્ર વૃતાન્ત કહ્યું. (૧૬)

તે સર્વ વૃતાન્ત સાંભળીને આશ્ચર્ય પામી અત્યંત હર્ષપૂર્વક શ્રીહરિના અનુપમ ઐશ્વર્ય તથા કારુણ્યની સ્તુતિ કરવા લાગ્યા. (૧૭) હે રાજન્ ! જગજીવન નામના એક વૈશ્ય હરિભક્ત જેઓ રાજકાર્યમાં અતિકુશળ હતા તે વડોદરામાં રહેતા હતા. (૧૮)

એક સમયે રાજાના માણસોએ ઈર્ષ્યાને લઈને તેમના ઉપર કંઈક મિથ્યાપવાદ આરોપણ કર્યો. (૧૯) તે રાજપુરુષોએ તે પ્રમાણે બીજા દોષો પણ કલ્પીને તે મિથ્યાપવાદ સંબંધી રાજાને વાત કરી રાજાને મહાક્રોધાયમાન કર્યો. (૨૦)

તેથી તે રાજાએ તેને બોલાવીને તત્કાળ તેના બંને પગમાં લોઢાની સાંકળો બંધાવીને તે ભક્તવર્યને ક્રોધપૂર્વક આ પ્રમાણે કહ્યું. (૨૧) હે જગજીવન ! તમો જ્યારે હજારો રૂપિયા દંડ આપશો ત્યારે તમારા બંને પગની બેડીના બંધનથી તમો મુક્ત થશો. (૨૨)

એટલે જગજીવને પણ રાજાને કહ્યું હે રાજન્ ! હું હરિભક્ત છું. મારે માથે તમારા માણસોએ મિથ્યાપવાદનું આરોપણ કર્યું છે. (૨૩) તે સાંભળીને રાજાએ કહ્યું હે જગજીવન ! તમે જો હરિભક્ત છો, શુદ્ધ છો તો તમારા પ્રભુ તમારી બેડીઓ તત્કાળ ભાંગી નાખશે. (૨૪)

આવું કહીને તે રાજાએ જગજીવનને કારાગારમાં મૂક્યા. તેથી જગજીવન પોતાના ઈષ્ટ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને સંભારવા લાગ્યા. (૨૫) આ પ્રમાણે જગજીવને શ્રીહરિને સંભાર્યા તેથી સર્વજ્ઞ સ્વામિનારાયણ શ્રીહરિ જગજીવનને નિરપરાધી જાણીને તેમની સમીપે તત્કાળ પધાર્યા. (૨૬)

પોતાના દર્શનથી અતિ આનંદિત થયેલા, આંખમાં અશ્રુવાળા, પોતાના ચરણમાં પ્રણામ કરતા, પોતાના તે ભક્તને શ્રીહરિ કહેવા લાગ્યા. (૨૭) હે ભક્તવર્ય ! તમો બીક રાખશો નહિ. તમારો અપરાધ નથી. તેથી રાજાને કોડી જેટલો દંડપણ આપશો નહિ. (૨૮)

આવતી કાલે ફરીથી અહીં આવીને તમોને હું બંધનથી મુકાવીશ આવી રીતે કહીને શ્રીહરિ અંતર્હિત થઈ ગયા. (૨૯) પછી સ્વયં શ્રીહરિએ બીજે દિવસે ફરીથી ત્યાં આવીને પોતાના યોગૈશ્વર્યથી તેમને તત્કાળ પોતાના દર્શન આપ્યાં. (૩૦)

ત્યારબાદ જગજીવન શ્રીહરિના સંકલ્પથી તત્કાળ સાંકળોના બંધનમાંથી મુક્ત થયા. તે સમયે તે ભક્ત અત્યંત આશ્ચર્ય અને આનંદ પામ્યા. પછી શ્રીહરિ અંતર્હિત થયા ત્યારે જગજીવન રાજાને મળીને કહેવા લાગ્યા. હે રાજન્ ! મારા ઈષ્ટદેવે મને બેડીના બંધનથી મુક્ત કર્યો છે. હવે તમારી આજ્ઞા હોય તે પ્રમાણે કરું. (૩૧, ૩૨)

તેથી રાજા પણ આશ્ચર્ય ચકિત થઈ ગયા અને પોતાના અમાત્યોને બોલાવીને 'આ જગજીવન

નિર્દોષ છે.' તે પ્રમાણે કહ્યું. તેના ઈષ્ટદેવ શ્રીહરિએ તેને સાંકળોના બંધનથી મુક્ત કર્યો છે તેથી તેને તત્કાળ તેના ઘેર પહોંચાડો. (૩૩) પછી તે રાજાએ જેમણે આ ભક્ત ઉપર મિથ્યાપવાદ આરોપ્યો હતો. તેમનો લાખ રૂપિયા દંડ કર્યો અને તેને ગધેડા ઉપર બેસાડ્યો.

પછી જગજીવન માર્ગમાં ચાલતા પોતાના ઈષ્ટદેવ શ્રીહરિના ઐશ્વર્યનું ચિંતવન કરતા ઘેર જઈને પોતાના બંધુઓને શ્રીહરિનું તે ઐશ્વર્ય કહેતા હતા. (૩૫) તે બંધુઓ શ્રીહરિનું આ ઐશ્વર્ય સાંભળીને અત્યંત હર્ષ અને વિસ્મય પામ્યા અને શ્રીહરિની અનુપમ દયાની પ્રશંસા કરવા લાગ્યા. (૩૬)

આવી રીતે શ્રીહરિ પોતાના ઘણા ભક્તો પાસે પ્રત્યક્ષ આવીને પોતાના ઐશ્વર્યથી તેમને બેડીના બંધનોથી મુકાવતા હતા. (૩૭) હે રાજન્ ! કાનમ દેશમાં 'દીલવાડુ' ગામમાં ધર્મનિષ્ઠ હરિપ્રિય, તખતસિંહ ભક્ત રહેતા હતા. (૩૮) તે એકાંતિક ભક્તને સત્સંગના દ્વેષી અસુરાંશ બંધુઓ ઘણી જ પીડા કરતા હતા. (૩૯)

તે બંધુજનો તથા અન્ય જનોએ તેમને પીડા પમાડી છતાં પણ ધૈર્યશાળી બુદ્ધિમાન તે તખતસિંહ ભક્તરાજ જરાપણ ચળાયમાન થયા નહિ. (૪૦) પછી તે પાપી બંધુજનો તે ઉત્તમ ભક્તને હણવા માટે ક્રોધથી અનેક પ્રકારની મારણોચ્ચાટન વગેરે ક્રિયાઓ કરવા લાગ્યા. (૪૧) તે ક્રિયાઓથી પણ શ્રીહરિના પ્રતાપથી તે ભક્તનું મૃત્યુ તો થયું નહિ. તેથી તે બંધુજનોએ તીવ્ર વિષ મિશ્રિત ભોજન તે ભક્તને જમાડ્યું. (૪૨)

તેથી તત્કાળ મૂર્છા પામેલા અને જેના પ્રાણ કંઠે આવી ગયા છે એવા તે પોતાના આશ્રિત ભક્તનું શ્રીહરિએ પ્રત્યક્ષ પધારીને પોતાના દર્શન રૂપી અમૃત વડે મૃત્યુથી રક્ષણ કર્યું. (૪૩) પછી દુષ્ટ અભિપ્રાયવાળા તે અસુરોએ ધન આપીને ક્રોધી અને અનેક પ્રકારના શસ્ત્રો ધારણ કરનારા માણસોને તેમને મારવા માટે ગુપ્ત પ્રેરણા કરી. (૪૪)

એક સમયે બીજે ગામ જતા શ્રીહરિના તે ભક્તને ક્રૂર માણસોએ રોકીને વિવિધ આયુધોથી માર્યા. (૪૫) તે સમયે મૃત્યુ સમીપમાં જેને આવ્યું છે. એવા તે ભક્તે શ્રીહરિને સંભાર્યા તેથી ગરુડ ઉપર બેસીને શ્રીહરિ ત્યાં પધાર્યા અને તે ભક્તને પોતાના દર્શન આપ્યા. (૪૬)

તે ક્રૂર લોકોએ બંધૂકો, બાણો, ભાલા, તરવારો વગેરેથી તખતસિંહને માર્યા હતા. પરંતુ પરમાત્માની ઈચ્છાથી તેમને કાંઈ દુઃખ થયું નહિ. તેના ઉપર ફેંકેલા તે તીક્ષ્ણ શસ્ત્રો શ્રીહરિના પ્રતાપથી તેના દેહને અડક્યાં નહિ. (૪૭, ૪૮)

જુદા જુદા પ્રકારના શસ્ત્ર ધારનારા તે જનોના તીક્ષ્ણ શસ્ત્રોના પ્રહારથી પણ તે ભક્ત ન હણાયા. તે જોઈ તેઓ આશ્ચર્યચકિત થયા અને વારંવાર આયુધોથી તેને પ્રહાર

કરવા લાગ્યા. (૪૯)

હે રાજન્ ! તો પણ પરમાત્મા શ્રીહરિના પ્રતાપથી જેમ ક્યાધુના પુત્ર પ્રહલાદને અસુરોના શસ્ત્રો વાગ્યા નહતા, તેમ તેમના વિવિધ આયુધો નિષ્ફળ ગયાં. (૫૦)

તે શત્રુઓએ તે ભક્ત ઉપર ફેંકેલા તે વિવિધ આયુધો હરિઈચ્છાથી વિપરીત બની તે શત્રુઓ ઉપર જ પડ્યા. તેથી તે ભક્તના તે શત્રુઓ મરણ પામ્યા. તે ભક્ત તો સજીવન રહ્યા. (૫૧)

હે રાજન્ ! આત્મતંત્ર, ધર્મનંદન શ્રીહરિએ આવી રીતે પોતાના ભક્તનું શસ્ત્રની વૃષ્ટિથી રક્ષણ કર્યું. તેથી તે ભક્તે આ ઐશ્વર્ય પોતાના બંધુજનોને કહ્યું. (૫૨) તે બંધુજનો તથા ભક્તજનો તે સાંભળીને અત્યંત આશ્ચર્ય તથા હર્ષ પામ્યા. શસ્ત્રના પ્રહારો કરવા છતાં પણ તે ભક્તના અંગો અખંડ રહ્યા તે જોઈને બીજા પણ બહુ જ આશ્ચર્ય પામ્યા. (૫૩)

શ્રીહરિનું અતુલનીય ઐશ્વર્ય જોઈને તથા સાંભળીને કેટલાક જનો તત્કાળ ભૂમા-ધર્મપુત્ર પ્રત્યક્ષ શ્રીહરિનો અનન્યાશ્રય કરવા લાગ્યા. (૫૪) હે નરેન્દ્ર ! આ પ્રકારે ભક્ત પોષક, અત્યંત કરુણાનિધિ, ધર્મપુત્ર શ્રીહરિ આ લોકમાં પોતાના ચરણાશ્રિત બીજા ઘણા ભક્તોની શત્રુઓથી વારંવાર રક્ષા કરતા હતા. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં બેચર વગેરે ભક્તનું શ્રીહરિએ રક્ષણ કર્યું તે નિરૂપણ નામે સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)



અધ્યાય ૧૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ચારુતર દેશમાં મેઘવા ગામમાં નાગર તથા નરોત્તમ નામના વૈશ્યો રહેતા હતા. (૧) તે હંમેશા હરિભક્તોની નિંદા કરતા, વળી ધન જોબનથી ગર્વિષ્ઠ બની ભગવાનનો પણ ભય તેમણે છોડી દીધો હતો. (૨)

હે નૃપ ! નાસ્તિક મનવાળા તે બંનેને તેમના નાસ્તિક ભાવનું જે ફળ મળ્યું તે સાંભળવા યોગ્ય છે. તે તમોને હું કહું છું તે સાંભળો. (૩) તે બેમાં નરોત્તમને છ ભૂત વળગ્યાં. તે છ ભૂતોમાં કેટલાક તો અભક્ષ્ય ભોજનો માગતા હતા. (૪)

(બે ભંગી, બે ભોઈ, એક વણકર અને એક મુસલમાન આ છ ભૂત હતા.) તેમાંથી જે ભૂતનો આવેશ થાય તે તેની જાતિ અનુસારે ચેષ્ટા કરતા અને તેને પીડા કરતા હતા. (૫) તે

પ્રકારે નાગર વૈશ્યને અત્યંત પીડાકારી ક્રૂર મલીન માથા વિનાનો ભૂત ખવીશ વળગ્યો હતો. (૬)

નરોત્તમ તથા નગર બંનેના કાકાના પુત્ર ગિરધરને અત્યંત મલીન અને ઉગ્ર તથા મહા પીડાકારી દુષ્ટ ચેષ્ટાવાળો ભૂતવાનને પામેલો કોળી વળગ્યો હતો. (૭) ભૂતોથી વારંવાર મોહ પામતા, તેથી વિભ્રાંત ચિત્તવાળા, તે ત્રણ જણ ભયંકર અવાજ કરીને પોતાના મસ્તક ધૂણાવતા હતા. (૮)

તે ત્રણ જણ પોતાના દેહમાં પ્રવેશ પામેલા તે ભૂતોથી અત્યંત પીડા પામ્યા. ભોજન પણ તેઓ સુખે જમી શકતા નહિ અને રાત્રિમાં તેમને નિદ્રા પણ આવતી નહિ. (૯) ભૂતોથી અત્યંત પીડાતા અને સુકાયેલા શરીરવાળા, નાડીઓથી વ્યાપ્ત શરીરવાળા, તે ત્રણ જણા કોઈ પણ ઠેકાણે સુખ પામી શક્યા નહિ. (૧૦)

પછી તેમના શરીરમાંથી ભૂતો કાઢવાની ઈચ્છાથી તેમના પિતા વગેરે વિવિધ ઉપાયો સર્વ પ્રકારે કરતા હતા. (૧૧) હે રાજન્ ! ભૂતના ઉપાયની શાંતિ માટે ઘણો યત્ન કરતા તેમના પિતા વગેરેએ હજારો રૂપિયાનો ખર્ચ કર્યો. (૧૨)

હે ભૂપતે ! તો પણ તે ભૂતો તેમના શરીરમાંથી જ્યારે ન નીકળ્યા ત્યારે તે ત્રણ જણ અત્યંત દુઃખી થયા. (૧૩) હે રાજન્ ! પછી તેમના પિતા વગેરે વડતાલ બિરાજતા શ્રીહરિનો અત્યંત પ્રતાપ સાંભળી ભૂતના આવેશવાળા તે જનોની સાથે વડતાલ આવ્યા. (૧૪)

અહીં તે જનોએ મહાસભામાં બિરાજેલ દુઃખનાશક સ્વામિારાયણ શ્રીહરિનું દૂરથી દર્શન કર્યું. (૧૫) હે ભૂપતે ! તેટલામાં તમામ ભૂતો ચીસ પાડીને સ્વામિનારાયણના પ્રતાપથી તેમના શરીરમાંથી નીકળી ગયા. (૧૬)

શ્રીસ્વામિનારાયણના પ્રતાપથી તે ભૂતો, દાવાગ્નિથી પક્ષિઓ બળે તેમ, અત્યંત બળતા તત્કાળ નાસી ગયા. (૧૭) શ્રીહરિનો આવો અનુપમ પ્રતાપ તેમણે સર્વેએ જોયો અને તેઓ વિસ્મય પામ્યા. પછી આ શ્રીહરિ પ્રત્યક્ષ ભગવાન છે એમ તેમણે નિશ્ચય કર્યો. (૧૮)

પછી તે જનો પુણ્યદર્શન પ્રત્યક્ષ શ્રીહરિને પ્રણામ કરીને આનંદ પામ્યા. પછી તેમણે શ્રીહરિને સમગ્ર ભૂતોનું વૃત્તાંત કહ્યું. (૧૯) ત્યાર પછી તેમણે સર્વેએ શ્રીહરિનો અતિ દઢ આશ્રય કર્યો. શ્રીહરિનું તે ઐશ્વર્ય જોઈને સભામાં બેઠેલા જનો પણ આશ્ચર્ય પામ્યા. (૨૦)

હે મહીપતે ! જેતલપુરમાં વૈશ્ય જ્ઞાતિમાં ભક્તિ વગેરે ગુણોથી રહિત રાઈબાઈ નામની સ્ત્રી રહેતી હતી. (૨૧) દુષ્ટાચારી તે રાઈબાઈને અતિકષ્ટ આપનારી ડાકણ વળગી હતી. મલીન ક્રૂર તે ડાકણ રાઈબાઈને હંમેશા અત્યંત પીડા કરતી હતી. (૨૨)

તે ડાકણ રાઈબાઈના તથા તેના બંધુઓના પહેરવાના વસ્ત્રો લઈ જતી અને વારંવાર ફાડીને

પાછાં આપી જતી હતી. (૨૩) હે રાજન્ ! ભોજન કરતી વેળા તે રાઈબાઈનું ભોજનપાત્ર ક્રોધપૂર્વક તે ડાકણ લઈ જતી હતી. વળી ભોજન કરતા તેમના બંધુઓના પાત્રો પણ લઈ જતી હતી. (૨૪)

તે ડાકણ ભેંસના પાડાને તેમના ઘરના મેડા ઉપર ચડાવી દેતી આ પ્રમાણે તે ડાકણ રાઈબાઈને હંમેશા અનેક પ્રકારે અત્યંત પીડા કરતી હતી. (૨૫) તે ડાકણના ત્રાસથી રાઈબાઈ અત્યંત સુકાઈ ગઈ. તેના બંધુઓએ વારંવાર વિવિધ ઉપાયો કર્યા, પરંતુ તેના દેહમાંથી તે ન જ નીકળી. (૨૬)

સ્વામિનારાયણ શ્રીહરિ તે જ્યારે નગરમાં આવ્યા ત્યારે તેના સંબંધીજનો તે રાઈબાઈને સ્વામિનારાયણની સમીપે લઈ ગયા. (૨૭) ત્યારપછી તેમની દૃષ્ટિ માત્રથી જ તે ડાકણ તત્કાળ તેના દેહમાંથી ચીસ પાડીને ભય પામીને નીકળી ગઈ. (૨૮)

પછી રાઈબાઈ તથા તેમના સંબંધિજનોએ શ્રીહરિને નમસ્કાર કર્યા અને દીનતાપૂર્વક સંસારનો નાશ કરનારા શ્રીહરિને તે ડાકણે કરેલા ઉપદ્રવનું વૃતાન્ત કહ્યું. (૨૯) સમગ્ર પીડાનો નાશ કરનારા શ્રીહરિએ તેમના આ પ્રમાણે કહ્યું, હે વૈશ્યો ! જ્યારે આ સ્ત્રી મારો આશ્રય કરીને નિયમ પાળશે. (૩૦)

ત્યારે દુષ્ટ ડાકણ તથા બીજાં ભૂતો ક્યારેય પણ આ સ્ત્રીને પીડા નહિ કરે. વળી આ સ્ત્રી તેથી દેહાન્તે આત્યંતિક મુક્તિ પામશે. (૩૧) પ્રત્યક્ષ શ્રીહરિએ આ રીતે કહ્યું તેથી રાઈબાઈએ શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો ને ધર્મમાં રહેવા લાગી તેથી તે ડાકણની પીડાથી મુક્ત થઈ અને શ્રીહરિનું ભજન કરવા લાગી. (૩૨) હે રાજન્ ! તે પ્રકારે તેના બંધુઓ પણ શ્રીહરિનો દૃઢાશ્રય કરીને પોતાના ધર્મમાં રહી નિરંતર પ્રત્યક્ષ શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. (૩૩) ભક્તો તથા અન્યજનો ઉદાર કીર્તિ શ્રીહરિનો આવો પરમ ચમત્કાર જોઈ અત્યંત આશ્ચર્ય પામ્યા અને શ્રીહરિના સર્વોપરી પ્રતાપનું ગાન કરવા લાગ્યા. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ નાગરાદિનું રક્ષણ કર્યું તે નિરૂપણ નામે સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)



અધ્યાય ૧૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! કાનમ દેશમાં આમોદ નામના સુંદરપુરમાં પંડિત દીનાનાથ બ્રાહ્મણ રહેતા હતા. (૧) દીનાનાથ બ્રાહ્મણની પુત્રી યમુના ભગવાનની ભક્તિ વગેરે ગુણોથી રહિત હતી. તે યમુના એક દિવસ માર્ગમાં ચાલતા ભય પામી. (૨)

તેથી યમુનાને અત્યંત પીડાકારી ક્રૂર ભૂત (તેની સાસુ અને અન્ય ઘણા ભૂતો) વળગ્યું. તે ભૂત તેને હંમેશાં પીડવા લાગ્યું. (૩) તે ભૂત તેમના ઘરમાંથી અનેક પ્રકારની વસ્તુઓ લઈ જતું હતું. પાણીયારામાં તથા ભંડારમાં મળમૂત્ર ફેંકતું હતું. (૪)

તે ભૂત તૈયાર રસોઈમાં વિષ્ટા નાંખતું હતું. દહીં, મીઠું, ગોળ, ઘી વગેરે વસ્તુઓમાં માંસ હાડકાં તથા મળ નાંખતું હતું. (૫) તે ક્રોધી ભૂત યમુનાને પહેરવાના વસ્ત્રો વારંવાર ફાડી નાંખતું હતું. તેના સર્વ સંબંધિઓના પણ વસ્ત્રો ફાડી નાંખતું હતું. (૬)

ભૂતથી પીડા પામેલી તે યમુના પરવશ બની ગઈ. તેથી તેનું શરીર કૃશ થઈ ગયું, અને પ્રાણનાશક પીડા તેને થવા લાગી. (૭)

પછી તેના પિતા પંડિત દીનાનાથે ભૂતના ઉપદ્રવની શાંતિ માટે યથાવિધિ સપ્તશતિ વગેરેનું પુરશ્ચરણ કર્યું. (૮) પંડિત દિનાનાથ ભટ્ટ, પોતાની કન્યાના શરીરમાંથી ભૂત કાઢવામાં નિપુણ જનોએ બતાવેલા વિવિધ ઉપાયો કરતા હતા. (૯)

તોપણ અત્યંત દુઃખ આપનારું, દુઃસહ તે દુષ્ટ ભૂત મંત્ર જાણનારાઓનો પણ તિરસ્કાર કરતું હતું અને યમુનાના શરીરમાંથી નીકળતું ન હતું. (૧૦) તેથી ત્રાસ પામેલા યમુનાના પિતા પંડિત દીનાનાથે સાધુઓ દ્વારા સ્વામિનારાયણ શ્રીહરિ જેમનો પૃથ્વી ઉપર યશ પ્રવર્તતો હતો તે જાણી, તેમની સમીપે જવાની ઇચ્છા કરી. (૧૧, ૧૨)

પછી તે કન્યાની સાથે ગાડામાં બેસીને પોતાની સ્ત્રી તથા પુત્રી સાથે તેઓ તત્કાળ ગઢપુરની સીમમાં આવ્યા તે સમયે શ્રીહરિની ઇચ્છાથી યમુનાના શરીરમાંથી ભૂત નીકળીને તરત જ નાસી ગયું. (૧૩, ૧૪)

પછી તે બ્રાહ્મણે સભામાં પોતાના આસને બિરાજેલા શ્રીહરિના દર્શન કરીને તથા તેમને નમસ્કાર કરીને શ્રીહરિને પોતાની કન્યાને થતા ભૂતના ઉપદ્રવની હકીકત કહી. (૧૫) આ પ્રકારે કહી દીનાનાથ બ્રાહ્મણે શ્રીહરિને કહ્યું એટલે શ્રીહરિએ તેમને કહ્યું હે વિદ્વન્ ! હે મહામતે ! સર્વ બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ તમારા ઘરમાં ભૂત કેમ હોય ? (૧૬)

બુદ્ધિમાન તે બ્રાહ્મણ તેથી હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા હે ભગવન્ ! તમારી ભક્તિની દૃઢતા નથી. તેથી મને આ પ્રમાણે થયું. (૧૭) હે રાજન્ ! તે દીનાનાથ ભટે આ પ્રમાણે કહીને પોતાની કન્યા તેમજ પોતાના સંબંધિજનો સર્વ મળીને પ્રસન્નતાપૂર્વક શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. (૧૮)

પછી ભૂતની વિપત્તિથી મુક્ત થયેલી પોતાની કન્યા તથા તેમના કુટુંબે અને દીનાનાથે વિસ્મય પામીને શ્રીહરિનો પરમ પ્રતાપ જાણ્યો. (૧૯) હે રાજન્ ! બીજા ભક્તજનો પણ ધર્મ ભક્તિ પુત્ર

શ્રીહરિનું પરમ ઐશ્વર્ય જાણી અત્યંત આનંદ પામ્યા. (૨૦) આવી રીતે વ્યાપક શ્રીહરિએ પોતાને શરણે આવેલા હજારો મનુષ્યોનું ભૂત વગેરેના ઉપદ્રવથી આ લોકમાં રક્ષણ કર્યું. (૨૧)

હે રાજન્ ! ચરોતર દેશમાં ચાંગા ગામમાં દુષ્ટ બુદ્ધિવાળા ધર્મહીન વૈશ્ય વસનદાસ રહેતા હતા. (૨૨) ખેતીના કામમાં આસક્ત, અત્યંત ક્રોધી, લોક સમુદાયને ભયંકર વસનદાસ ક્યારેય પણ શ્રીહરિના નામનું ઉચ્ચારણ કરતા ન હતા. (૨૩)

હે રાજન્ ! ઉગ્ર સ્વભાવવાળો તે વસનદાસ પોતાના શરીરનો ત્યાગ કરીને અત્યંત કાળા સર્પનો દેહ પામ્યો. (૨૪) સર્પ શરીરધારી તે વસનદાસ, પોતાના ખેતરમાં આસક્તિ હોવાથી ત્યાંજ રહેવા લાગ્યો. તે ખેતરમાં પશુઓ તથા ચોરોને તે ક્યારેય પેસવા દેતો નહિ. (૨૫)

જો પશુઓ, ચોરો વગેરે બળપૂર્વક ખેતરમાં પ્રવેશ કરે તો તે વખતે જ તીવ્ર ઝેરવાળ સર્પ યોનિને પામેલો તે વસનદાસ તત્કાળ તેને કરડીને તેના પ્રાણ હરિ લેતો. (૨૬)

એક વખતે તે ગામમાં આવેલા પ્રત્યક્ષ શ્રીહરિ તે સર્પવાળા ખેતરમાં કૂવો હતો ત્યાં સ્નાન કરવા પધાર્યા. (૨૭) તે ખેતરમાં વૃક્ષ નીચે દાતણ કરતા પુણ્ય દર્શન શ્રીહરિને સર્પ શરીરધારી વસનદાસે પ્રત્યક્ષ જોયા. (૨૮)

શ્રીહરિ સ્નાન કરીને ગયા પછી શ્રીહરિના પ્રસાદી જળમાં તે સર્પ આળોટ્યો અને તે શુભ જળ પીધું. (૨૯) તેથી તે પુણ્યથી તેના પાપનો પુંજ નષ્ટ પામ્યો. સર્પ શરીરધારી વસનદાસને શ્રીહરિની ઈચ્છાથી પૂર્વ જન્મની સ્મૃતિ થઈ. (૩૦)

પૂર્વ જન્મમાં પોતે કરેલા દુષ્કર્મની નિંદા કરતા સર્પ ભાવ પામેલા તે વસનદાસે પોતાના હૃદયમાં અત્યંત શોક કર્યો. અતિ પાપી મેં પૂર્વ જન્મમાં ઘણા પાપો કર્યા અને ધર્મ મર્યાદાઓ પણ લોપી. (૩૧, ૩૨)

દુષ્ટ બુદ્ધિવાળા મેં લોકોના અપરાધ પણ ઘણાં કર્યાં અને સંસાર સાગરમાં નૌકારૂપ શ્રીહરિની ભક્તિ ક્યારેય પણ કરી નહિ. (૩૩) મેં સ્વાર્થની સિદ્ધિ માટે વિશ્વાસઘાત કર્યો. ગ્રામ્ય વાર્તારૂપી ક્રિયાથી બધું આયુષ્ય વૃથા ખોયું. (૩૪)

શિશ્નોદરમાં સુખની ઈચ્છાવાળા દુર્જનોનો નરક પ્રાપ્તિના દ્વાર રૂપ પ્રસંગ મેં કર્યો. ક્યારેય પણ મોક્ષ આપનારા સાધુઓને સેવ્યા નહિ. (૩૫) કામ, ક્રોધાદિથી યુક્ત મેં ક્રૂર દૃષ્ટિથી લોકોને ત્રાસ પમાડ્યો. અને હંમેશાં વાણીરૂપી બાણોથી લોકો ઉપર ઘણાં પ્રહારો કર્યા. (૩૬)

આ પ્રમાણે દુષ્ટ સ્વભાવથી તથા દુષ્કર્મોથી હું પાપરૂપ સર્પ યોનિને પામ્યો. (૩૭) શ્રીસ્વામિનારાયણની પ્રસાદીના જળના સ્પર્શથી તેમજ તેમના દર્શન માત્રથી મારું પાપ નષ્ટ થઈ ગયું અને મને પૂર્વ જન્મની સ્મૃતિ થઈ. (૩૮, ૩૯)

માટે આ ભગવાન છે, પ્રત્યક્ષ ઈશ્વરના ઈશ્વર છે, તેથી તેમની પ્રસન્નતા માટે મારે હવે દુષ્કર્મનો ત્યાગ કરવો. આજથી મારે કોઈ પ્રાણીની હિંસા જીવન પર્યન્ત કરવી નહિ. ક્યારેય માંસ ખાવું નહિ. (૪૦) મારે નિર્માનીપણું ગ્રહણ કરવું. સ્વામિનારાયણ શ્રીહરિનું સ્મરણ કરવું તેમની શુભ કથા, વાર્તાઓ સાંભળવી. (૪૧) મારે સ્વામિનારાયણના આશ્રિત જીવોના હિતેચ્છુ એવા સાધુઓના દર્શન કરવા તથા તેમની વાતો સાંભળવી. (૪૨)

સર્પ શરીરધારી વસનદાસ આ પ્રમાણે વિચાર કરીને તે ગામમાં સાધુઓના નિવાસની સમીપે વાડ હતી તેમાં રહેવા લાગ્યો અને નિરંતર સાધુઓના દર્શન કરવા લાગ્યો. (૪૩) તે સર્પ (વસનદાસ) સાધુઓએ કરેલી શ્રી સ્વામિનારાયણની પાપ અને તાપનો શાંત કરનારો કથા વાર્તા ભક્તિપૂર્વક નિત્ય સાંભળવા લાગ્યો. (૪૪)

આવી રીતે પોતાના ક્રૂર સ્વભાવનો ત્યાગ કરીને વર્તતા તે સર્પને ગામના ઘણા જનો અત્યંત પીડા પમાડતા હતા. (૪૫) એક વખતે કેટલાક બાળક તે સૂતેલા સાપને કાંકરા તથા ઢેફાંથી મારવા લાગ્યા. તો પણ તે સર્પ ગરીબની જેમ તે કષ્ટ સહન કરતો હતો. (૪૬)

તે બાળકો તેને વારંવાર મારતા હતા. પછી તે સર્પ ક્રોધથી તે બાળકોમાં એક બાળકને તત્કાળ કરડ્યો. (૪૭) તે બાળક ઉપર ઝેર ઉતારનારા વૈદ્યોએ મંત્રેલું પાણી છાંટ્યું ત્યારે તે બાળકના શરીરમાં પ્રવેશ પામેલા તે સર્પે આ પ્રમાણે કહ્યું. (૪૮)

બાળકો મને અપરાધ વિના હંમેશાં મારતા હતા. તો પણ હું તો દુઃસહ પીડા સહન કરતો હતો. (૪૯) આજ તો સર્વ બાળકોએ મને ખૂબ માર્યો. તેથી મારાથી તે દુઃખ સહન ન થયું. તો પણ ફરી ફરી મને તેઓ મારતા જ હતા. (૫૦) ક્ષમા ધારણ કરવા છતાં મને આ બાળક તો વારંવાર મારતો હતો. તેથી હું આ બાળકને કરડ્યો. (૫૧)

જ્યારથી મને શ્રી સ્વામિનારાયણના દર્શન થયાં છે ત્યારથી આરંભિને હું પાપનો ત્યાગ કરીને ક્ષમા યુક્ત વર્તું છું. (૫૨) ક્યારેય કોઈ પ્રાણિનું દેહ જોઈને તેનું માંસ લોહી વગેરે ભક્ષણ કરતો નથી. તેમજ ક્રોધનો ત્યાગ કરીને વર્તું છું. (૫૩)

હું સ્વામિનારાયણ પ્રત્યક્ષ શ્રીહરિને સદા સંભારું છું. તેમના સાધુઓનું દર્શન કરું છું. દેહનો ત્યાગ કરીને શ્રીહરિના પરમ દિવ્ય બ્રહ્મપુર ધામમાં જઈશ. એ તમોને હું સત્ય કહું છું. (૫૪, ૫૫) સર્પનું આ વચન સાંભળીને તે જનો અત્યંત વિસ્મય પામ્યા. પછી સર્પ તેના દેહમાંથી નીકળી ગયો અને તરત જ બાળક જીવતો થયો. (૫૬)

હે રાજન્ ! તે સર્પનો જ્યારે અંતકાળ આવ્યો ત્યારે તે સર્પ શરીરધારી વસનદાસને ભગવાનના અક્ષરધામમાં લઈ જવા માટે શ્રીસ્વામિનારાયણના સાધુઓ વિમાનોમાં બેસી ત્યાં આવ્યા. (૫૭)

તે સમયે તે ગામના ભક્તો તથા અન્યજનો પણ વસનદાસને ભગવાનના ધામમાં લઈ જવા માટે આવેલા સાધુઓને જોતા હતા. હે રાજન્ ! ત્યારપછી સર્પ શરીરધારી વસનદાસ તે સર્પ શરીરનો ત્યાગ કરીને શ્રેષ્ઠ ભાગવતી તનુ પામ્યા. (૫૮)

પછી તે સાધુઓ મહામૂલ્યવાળાં દિવ્ય વસ્ત્ર તથા વિવિધ ભૂષણ જેણે પહેર્યાં છે તે વસનદાસને ઉત્તમ વિમાનમાં બેસાડીને ત્યાંના લોકો જુવે તે પ્રમાણે તેને શ્રીહરિના દિવ્ય અક્ષરધામમાં લઈ ગયા. (૫૯)

શ્રીહરિનો આ ચમત્કાર જોઈને શ્રીસ્વામિનારાયણ પરમ ભગવાન છે એમ લોકોએ નિશ્ચય કર્યો. અને શ્રીહરિનો દૃઢ આશ્રય કરવા લાગ્યા. તે ચમત્કાર જોઈને ભક્તો આનંદ પામ્યા. (૬૦)

ભગવાનનો સંબંધ પામીને સર્પ તથા અન્ય સર્વે જીવો મુક્તિ પામ્યા છે. તો મનુષ્યો મુક્તિ પામે તેમાં શું આશ્ચર્ય છે. (૬૧)

શેષ તથા અન્ય મુક્ત પુરુષો તેમજ ઉપનિષદોના સમૂહ પણ સર્વોત્તમ અને સકળ ઐશ્વર્યના સાગર તે શ્રીહરિનું ઐશ્વર્ય સમગ્રપણે કહેવા માટે સમર્થ થતા નથી. તેથી આ ઐશ્વર્ય આવી રીતે મેં સંક્ષિપ્તથી તમોને કહ્યું છે. (૬૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિ પ્રદર્શિત ઐશ્વર્ય નિરૂપણ નામે અઢારમો અધ્યાય સંપૂર્ણ. (૧૮)



અધ્યાય ૧૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! મારવાડ દેશમાં ટોડલા ગામમાં ધીર, શાંત, મહા બુદ્ધિમાન ભક્ત ખુશાલ ભટ્ટ રહેતા હતા. (૧) વેદો તથા વેદાંગોને જાણનારા, જ્ઞાન વૈરાગ્યથી શોભતા, શમ, દમ, શ્રદ્ધા, વિનય, ક્ષાંતિ, તુષ્ટિ વગેરે ગુણોથી યુકત. (૨)

તપોનિષ્ઠ, શુદ્ધ મનવાળા, પોતાના ધર્મમાં દૃઢ સ્થિતિવાળા, સુશીલ, પંચ વિષયોમાં અક્ષુબ્ધ ચિત્તવાળા, જીતેન્દ્રિય; (૩) અતિકારુણ્ય નિધિ, બોધનિપુણ, મહાયશસ્વી, વિદ્વાનો તથા રાજા તેમજ યોગિઓને પણ માનનીય; (૪)

(યોગમાર્ગમાં જેમ નિપુણ તેમજ રાજ્ય વ્યવહારમાં પણ અતિનિપુણ) ખુશાલ વિપ્ર પૂર્વ જન્મનાં સંસ્કારથી બાલ્યાવસ્થાથી આરંભીને પરોક્ષ શ્રીહરિની ભક્તિમાં અતિ આસકત અને ધ્યાન

નિષ્ઠાવાળા હતા. (૫) ત્યારપછી ખુશાલ વિપ્રને પ્રત્યક્ષ શ્રીહરિના સાધુઓનો પ્રસંગ થયો. તેથી ખુશાલ ભટ્ટે સ્વામિનારાયણ શ્રીહરિ પ્રત્યક્ષ પરમેશ્વર છે એવો દૃઢ નિશ્ચય કર્યો. (૬)

પછી તે સાધુઓએ શ્રીહરિની મૂર્તિનું જેવું વર્ણન કર્યું. તે પ્રમાણે પ્રત્યક્ષ ધર્મપુત્ર શ્રીહરિ પરમાત્મા શ્રીસહજાનંદનું તે ખુશાલ ભટ્ટ હંમેશાં શુદ્ધ મનથી ધ્યાન કરવા લાગ્યા. (૭) દેહ તથા ઘર વગેરેમાં અનાસક્ત, જ્ઞાનનિધિ તે ખુશાલ ભટ્ટને સત્સંગ મુખ્ય થયો. અન્ય કાંઈ પણ તેમને મુખ્ય ન થયું. (૮)

ખુશાલ વિપ્ર સત્સંગીઓને અતિપ્રિય હતા. તેથી જ સત્સંગીઓને માન્ય પણ હતા. વળી ધર્માદિક ઉત્તમ ગુણોથી યુક્ત હોવાથી સર્વ પ્રકારે સમગ્ર સત્સંગીઓમાં મુખ્ય બન્યા. (૯) સ્વામિનારાયણ શ્રીહરિમાં અતિ સ્નિગ્ધ ચિત્તવાળા, શ્રીસ્વામિનારાયણનું અત્યંત ધ્યાન કરતા ખુશાલ વિપ્રને આ પ્રમાણે આશ્ચર્ય થયું. (૧૦)

એક વખત ખુશાલ વિપ્ર નિર્જન સ્થાનમાં પ્રત્યક્ષ શ્રીહરિનું ચિંતવન કરતા કરતા એકદમ કરોડો સૂર્ય સમાન તેજ જોવા લાગ્યા. (૧૧) તે સમયે તેજથી તેમનુ સમગ્ર સ્થાન ઢંકાઈ ગયું. તે મહા તેજથી તે ગામ, સમગ્ર પૃથ્વી અને આકાશ ઢંકાઈ ગયા. (૧૨)

તેજમાં કડ કડ થતા ભયંકર ત્રણ શબ્દો થયા. જે શબ્દો સાંભળીને લોકો વિશ્વનો એકદમ સંહાર થશે એમ માનવા લાગ્યા. (૧૩) હે ભૂપતે ! છ યોજન પર્યંત (ચોવીસ ગાઉ સુધી) ભયંકર શબ્દો સાંભળીને મૃત્યુની બીકથી લોકો અત્યંત ત્રાસ પામી ગયા અને ભ્રાન્ત ચિત્ત થઈ ગયા. (૧૪)

હે રાજન્ ! પછી શ્રીહરિની ઈચ્છાથી તે મહાતેજ અંતર્હિત થઈ ગયું. લોકો તે તેજ જોઈને વિસ્મય પામ્યા. (૧૫)

હે રાજન્ ! તે સમયે વિપ્રવર્ય ખુશાલ ભટ્ટ પોતાને શ્રીહરિએ દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું એમ માનીને કાંઈ પણ વિસ્મય પામ્યા નહી. (૧૬)

એક વખત અત્યંત પ્રીતિપૂર્વક ધર્મપુત્ર શ્રી પુરુષોત્તમ શ્રીહરિનું ધ્યાન કરતા ખુશાલ ભટ્ટ દેહનું ભાન ભૂલી ગયા. (૧૭) તે સ્થિતિમાં ખુશાલ ભટ્ટે પહેલા અલૌકિક તેજનો સમુદાય જોયો. તે તેજ પુંજમાં મનોહર ધર્મપુત્ર શ્રીહરિને પ્રત્યક્ષ જોયા. (૧૮)

રજતના તાર યુક્ત શ્વેત વસ્ત્રવાળા, નાના પ્રકારના પુષ્પના હારવાળા, પુષ્પના તોરા, બાજુબંધ કંકણોથી શોભતા; (૧૯) માળાની સુગંધના લોભથી ગુંજારવ કરતા ભ્રમરો જેમ તે માળાની આસપાસ વીંટાઈ જાય છે તેમ સામવેદનું ગાન કરનારા ઋષિઓથી ચારે બાજુએ વીંટાયેલા, (૨૦)

મંદહાસ્યથી શોભાયમાન મુખવાળા, કોટી કામદેવને મોહપમાડનાર, શ્વેતરુમાલ જેમના કરકમળમાં શોભે છે એવા બંને ચરણમાં સુંદર પાદુકાવાળાં; (૨૧) એવા શ્રીહરિના દર્શનથી અત્યંત પ્રેમના અશ્રુ તેમના નેત્રમાં વ્યાપી ગયા અને શરીરમાં રોમાંચ થયો. ખુશાલ ભટ્ટે તે સમાધિમાં શ્રીહરિના દર્શન કર્યાં. અને તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. (૨૨)

પછી તેમણે શ્રીહરિની સ્તુતિ કરી. શ્રીહરિ ખુશાલ ભટ્ટને આદરપૂર્વક ભેટ્યા અને તેમના ઉપર અતિશય અનુગ્રહ કરીને તરત જ અંતર્હિત થઈ ગયા. (૨૩) ત્યાર પછી શ્રીહરિના પ્રતાપથી તત્કાળ સિદ્ધ ગતિ પામેલા ખુશાલ ભટ્ટ શ્રીહરિનું ધ્યાન કરતા પોતાના અંતરાત્મામાં તથા બહાર શ્રીહરિને પ્રત્યક્ષ જોતા હતા. (૨૪)

પોતાના એકાંતિક ભક્ત ખુશાલ વિપ્ર જે જે સંકલ્પ કરે તે સંકલ્પને શ્રીહરિ તત્કાળ સત્ય કરતા હતા. (૨૫) ખુશાલ વિપ્રને શ્રીહરિની કૃપાથી નિરાવરણ સ્થિત થઈ ગઈ. અને યોગિદુર્લભ સિદ્ધ સ્થિતિ પામી પ્રસિદ્ધિ પામ્યા. (૨૬)

હે રાજન્ ! એક સમયે ગ્રીષ્મ ઋતુ પુરી થવા છતાં વરસાદ થયો નહિ. તે વખતે દુષ્કાળથી લોકોનો પ્રાણ જવા લાગ્યા. અને એ રીતે લોકો અત્યંત દુઃખી થયા. (૨૭) તેથી ગ્રામજનો તથા અન્ય જનો મહાબુદ્ધિશાળી અને બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ખુશાલ ભટ્ટને મળ્યા અને અત્યંત દુઃખી થયા હોવાથી તેમને પ્રાર્થના કરવા લાગ્યા. (૨૮)

હે બ્રહ્મર્ષે ! વર્ષાઋતુમાં પણ વૃષ્ટિ થતી નથી. તેથી મનુષ્યો, પશુ, પક્ષી, વૃક્ષવેલીઓ વગેરે દુઃખ પામે છે. (૨૯) તમો યોગસંપત્તિવાન છો અને શ્રીહરિના એકાંતિક ભક્તરાજ છો માટે વરસાદ આવે તેવું કરો કારણ કે શ્રીહરિ તમોને વશ છે. (૩૦)

વરસાદ નહી થાય તો પૃથ્વી ઉપર મનુષ્યો તથા પક્ષીઓ મૃત્યુ પામશે તમો તો મહાત્મા છો તો વરસાદ વરસાવો. (૩૧) લોકોની આ પ્રમાણે પ્રાથના સાંભળીને સુંદર વાણી વાળા સર્વના હિત પરાયણ, શ્રીહરિ પ્રિય, ખુશાલભટ્ટ દયાર્દ્ર થઈને તે લોકોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૨)

હે જનો ! પ્રત્યક્ષ સત્પતિ સ્વામિનારાયણ શ્રીહરિની ઈચ્છાથી અહીં વરસાદ થશે જ. હું તો તે શ્રીહરિનો દાસ છું. (૩૩) તેથી તમારા સુખ માટે હું તે શ્રીહરિની સર્વ પ્રકારે પ્રાર્થના કરીશ, તે શ્રીહરિની ઈચ્છા હશે તો વરસાદ થશે. (૩૪)

ખુશાલ વિપ્ર આવી રીતે કહીને પ્રત્યક્ષ સ્વામિનારાયણ શ્રીહરિને સંભારતા વરસાદ માટે શ્રીહરિની આદરપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. (૩૫) કર્તું, અકર્તું તથા અન્યથા કર્તું સમર્થ શ્રીહરિ પોતાના ભક્તવર્ય ખુશાલ ભટ્ટનું મહત્ત્વ પૃથ્વી ઉપર વિસ્તારવા ઈચ્છતા હતા. તેથી દયાનિધિ શ્રીહરિએ વરસાદ કરવાની ઈચ્છા કરી. (૩૬)

હે રાજન્ ! પછી ત્રણ દિવસ સુધી પુષ્કળ વરસાદ થયો તે વરસાદ જોઈને ઘણા માણસોને અત્યંત આશ્ચર્ય થયું. (૩૭) પછી તે ગામના જનો તથા અન્ય જનો બ્રાહ્મણ શ્રેષ્ઠ ખુશાલ ભટ્ટને મળીને, તેમજ પ્રેમપૂર્વક તેમને નમસ્કાર કરીને, હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૮)

હે બ્રાહ્મણ શ્રેષ્ઠ ! શ્રીહરિના એકાંતિક ભક્તરાજ ! તમોને ધન્ય છે. તમારી પ્રાર્થનાથી શ્રીહરિએ તત્કાળ વરસાદ મોકલ્યો. (૩૯) માટે આ પૃથ્વી ઉપર તમારા તુલ્ય બીજો કોઈ ભક્ત નથી. કારણ કે સહજાનંદ-ઈશ શ્રીહરિ તમોને વશ વર્તે છે. (૪૦) એ પ્રમાણે સ્તુતિ કરતા તે જનોને બોધ વિચક્ષણ વિપ્રરાજ ખુશાલે ભટ્ટે તે શ્રીહરિનું-જ માહાત્મ્ય કહ્યુ. (૪૧)

હે રાજન્ ! ઘણા દૈવી જનોએ આ આશ્ચર્ય જોઈને શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. (૪૨) આ પ્રકારે દયાસાગર તે શ્રીહરિએ પોતાની એકાંતિક ભક્તિ કરનાર વિપ્રાધિરાજ તે ખુશાલ ભટ્ટ દ્વારા જનસમૂહને પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના ભક્ત ખુશાલ ભટ્ટ દ્વારા શ્રીહરિએ ઐશ્વર્ય પ્રદર્શિત કર્યું એ વર્ણન નામે ઓગણીસમો અધ્યાય સંપૂર્ણ. (૧૯)



અધ્યાય ૨૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિના એકાંતિક ભક્તેન્દ્ર વિપ્રવર્ય ખુશાલ ભટ્ટ બ્રાહ્મણોને પુરાણો તથા વેદો ભણાવતા હતા. (૧) વળી બ્રાહ્મણોને અનેક પ્રકાની વિદ્યાઓ પણ તેઓ ભણાવતા હતા. તે બ્રાહ્મણોના બાળકો હર્ષપૂર્વક ભણતા હતા. (૨)

ખુશાલ ભટ્ટ હંમેશા તેમને ધર્મ, જ્ઞાન વગેરેની વાતો કહેતા અને તેમને હરિકૃષ્ણનો નિશ્ચય કરાવતા હતા. (૩) પછી ખુશાલ ભટ્ટ ભણનારા બ્રાહ્મણો તથા તેમના બાળકોને શ્રીહરિ કૃપાથી સમાધિ પણ કરાવતા હતા. (૪)

સાધન વિના તત્કાળ સમાધિ સ્થિતિ પામેલા બ્રાહ્મણ તથા બ્રાહ્મણ બાળકોને નિરાવરણ કરી નરનારાયણનો આશ્રમ બતાવતા હતા. (૫) હે ભૂપતે ! સમાધિમાં સુંદર શ્વેતદ્વીપ તથા બ્રહ્માદિ ઈશ્વરોના વિવિધ સ્થાનો પણ તેઓ જોતા હતા. (૬)

તે જનોએ દિવ્ય વૈકુંઠધામ જોયું. ત્યાં શ્રીહરિની અલૌકિક દિવ્યમૂર્તિ તથા દિવ્ય પાર્ષદો તથા દિવ્ય ઐશ્વર્ય પણ તેમણે જોયું. (૭) તેમણે અલૌકિક રમણીય ગોલોક ધામ જોયું. તેમાં વાંસળી

વગાડવામાં તત્પર સુંદર શ્રીકૃષ્ણને પણ જોયા. (૮)

તેમણે ત્યાંના અલૌકિક પાર્ષદો જોયા. તથા દિવ્ય ઐશ્વર્યયુક્ત અને કૃષ્ણમાં અનુરાગવાળા રાધિકાને પણ જોયાં. (૯) તેના મધ્ય ભાગમાં પ્રકૃતિના વિકારથી રહિત અક્ષરધામ જોયું. તે અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર શ્રીહરિકૃષ્ણને જોયા. (૧૦)

તેમણે અસંખ્ય દિવ્ય અક્ષર મુક્તો, દિવ્ય ઐશ્વર્યો, દિવ્ય લક્ષ્મી તથા દિવ્ય રાધાને જોયાં. (૧૧) તે અક્ષરધામમાં પોતાના પરિવાર સહિત ધર્મદેવ તથા દિવ્યાકૃતિ ભક્તિ તથા મૂર્તિમાન વેદોને પણ તેમણે જોયા. (૧૨)

ત્યારબાદ ખુશાલ ભટ્ટે સમાધિમાંથી તેમને ઉઠાડ્યા. તે સમગ્ર વિપ્રો તથા બાળકોએ સદ્‌ગુણના ભંડાર પોતાના ગુરુ ખુશાલ વિપ્રને નમસ્કાર કર્યા. (૧૩) પછી તેમણે સમાધિમાં પોતે જોયેલું સમગ્ર ઐશ્વર્ય યથાર્થ રીતે પ્રીતિપૂર્વક મહાત્મા ખુશાલ વિપ્રને કહ્યું. (૧૪)

સમાધિસ્થ ભક્તોની આ વાત સાંભળીને નિર્મત્સર એવા ખુશાલવિપ્ર આ પ્રકારે તેમના પ્રત્યે બોલ્યા, હે બ્રાહ્મણો ! હે બાળકો ! તમોએ શ્રીહરિના પ્રતાપથી એ આશ્ચર્ય જોયું. (૧૫)

તેમનું આ પ્રકારનું વચન સાંભળીને તેમના શિષ્યો આનંદ પામ્યા. અને તેમનું માહાત્મ્ય જાણીને ફરી હર્ષપૂર્વક તેમને પ્રણામ કર્યા. (૧૬)

ગુરુ ખુશાલ વિપ્રની આજ્ઞાથી તે વિપ્રોએ સમાધિમાં ગઢપુરમાં જઈને શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન કર્યા. (૧૭)

હે રાજન્ ! તે બ્રાહ્મણોએ હર્ષપૂર્વક પોતાના ગુરુ ખુશાલ વિપ્રની સમીપે તત્કાળ આવી તે મહાગુરુ ખુશાલ વિપ્રને શ્રીહરિનું સમગ્ર વૃત્તાંત કહ્યું, (૧૮)

આ પ્રમાણે તેમના સમાધિસ્થ શિષ્યોને જોઈને વિસ્મય પામેલા તે ગામના જનો ખુશાલ વિપ્રની પ્રશંસા કરવા લાગ્યા. (૧૯)

પછી મહાવૈરાગ્યશાળી અને સૌને અતિ પ્રિય એવા ખુશાલ વિપ્રે પોતાના ઈષ્ટ શ્રીહરિ શ્રી સ્વામિનારાયણ જેતલપુર પધાર્યા છે તેવું સાંભળ્યું. (૨૦) પછી ખુશાલ બ્રાહ્મણ તત્કાળ પોતાના સમૃદ્ધિવાળા ઘરનો ત્યાગ કરીને શ્રીહરિની સમીપે જવા માટે પોતાના ગામથી એકલા નીકળ્યા. (૨૧)

તેટલામાં ખુશાલ વિપ્રમાં અત્યંત પ્રીતિવાળા ભક્તવત્સલ શ્રીહરિ સુંદર વિપ્રનું સ્વરૂપ ધારણ કરીને તેમની સમીપે સ્વયં પધાર્યા. (૨૨) પછી માર્ગમાં ચાલતા ખુશાલ વિપ્રને ભગવાન શ્રીહરિએ કહ્યું, હે બ્રાહ્મણ શ્રેષ્ઠ ! તમો અત્યંત આનંદપૂર્વક ક્યાં જાઓ છો ? (૨૩)

આ પ્રકારે દ્વિજરૂપ ધારણ કરનાર ભગવાને ખુશાલ વિપ્રને પૂછ્યું, તેથી ખુશાલ વિપ્રે તે

દ્વિજરૂપ ભગવાનને આ પ્રમાણે કહ્યું; હે દ્વિજ ! હું જેતલપુર પધારેલા સ્વામિનારાયણ શ્રીહરિના દર્શન કરવા માટે જાઉં છું. (૨૪, ૨૫)

હે સન્મતે ! આ માર્ગમાં ઉત્તમ ભક્ત એવા આપનો મેળાપ ભાગ્યવશાત્ મને થયો. તેથી હું અત્યંત પ્રસન્ન થયો છું. (૨૬) હે વિદ્વન્ ! હવે હું માર્ગમાં આપની સાથે ચાલીશ એ પ્રમાણે કહ્યું પછી શ્રીહરિ હર્ષપૂર્વક રસ્તામાં તે ખુશાલ વિપ્રની સાથે ચાલ્યા. (૨૭) ત્યારપછી દયાનિધિ શ્રીહરિ પોતાને અતિપ્રિય વિપ્રની દરરોજ પ્રેમપૂર્વક અન્નજળ વગેરેથી સંભાવના કરતા હતા. (૨૮) શ્રીહરિ અમૃતથી પણ અધિક મધુર શુભાવાર્તા કરીને ખુશાલ વિપ્રને આનંદ પમાડતા તેમના અત્યંત પ્રેમનેવશ થઈ તેમની સાથે જ ચાલતા હતા. (૨૯) પછી જેતલપુર ગામનો સીમાડો આવ્યો ત્યારે શ્રીહરિએ ખુશાલ વિપ્રને આ પ્રમાણે કહ્યું હે વિપ્રે ! મારે સ્નાન કરવું છે. (૩૦)

માટે હમણાં તમો આગળ જાઓ. હું તો સ્નાન કરીને પછી આવું છું. એમ ખુશાલ વિપ્રને કહી તેમને આગળ મોકલીને શ્રીહરિ ત્યાં તરત જ અંતર્ધાન થઈ ગયા. (૩૧) પછી શ્રીહરિપ્રિય તે વિપેન્દ્રે તે નગરમાં પ્રવેશ કર્યો. શ્રીહરિના દર્શન કરવામાં ઉત્કંઠિત મનવાળા તે વિપેન્દ્ર શ્રીહરિના નિવાસસ્થાનમાં આવ્યા. (૩૨)

ત્યારબાદ પુષ્પોના હારની પંક્તિવાળા, સુંદર શ્વેત વસ્ત્રોવાળા શ્રીહરિને જેતલપુરમાં મોટી સભામાં વિરાજમાન થયેલા ખુશાલ વિપ્રે જોયા. (૩૩) શ્રીહરીના દર્શનથી ઉત્પન્ન થયેલા અત્યંત પ્રેમથી જેના ગાત્રોમાં રોમાંચ ઉત્પન્ન થયો છે. તે પ્રેમાશ્રુવાળા ખુશાલ વિપ્રે પોતાના ઈષ્ટ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને સાષ્ટાંગ પ્રણામ કર્યા. (૩૪)

ખુશાલવિપ્રે પવિત્ર, કલ્યાણકારી સર્વ સુખના સ્થાનરૂપ, શ્રીહરિના ચરણ કમળનો સ્પર્શ કરીને શ્રીહરિની સ્તુતિ કરી. (૩૫) પોતાના એકાંતિક ભક્તોમાં શ્રેષ્ઠ ખુશાલવિપ્રને જોઈને અતિપ્રસન્ન, સર્વજ્ઞ શ્રીહરિએ તે ખુશાલ વિપ્રને પોતે ધારણ કરેલો ઉત્તમ પુષ્પનો હાર આપ્યો. (૩૬)

શ્રીહરિએ તેમની અત્યંત સંભાવના કરી અને શ્રીહરિના દર્શનરૂપી આનંદ સમુદ્રમાં નિમગ્ન થયેલા તે ખુશાલ વિપ્ર શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિની સમીપે બેઠા. (૩૭) પછી શ્રીહરિએ તેમને કુશળ છો ? એ પ્રમાણે પૂછ્યું ત્યારે ખુશાલવિપ્રે શ્રીહરિને માર્ગમાં બનેલું સર્વ વૃત્તાંત કહ્યું. તે સાંભળીને મંદહાસ્ય મુખવાળા શ્રીહરિએ ખુશાલ વિપ્રને કહ્યું. (૩૮)

હે વિપ્રરાજ ! તમો એકાંતિક ભક્તોમાં શ્રેષ્ઠ છો. અને તેથી મહાભાગ્યશાળી છો. મેં બ્રાહ્મણ સ્વરૂપે માર્ગમાં તમારી સંભાવના કરી હતી. (૩૯) શ્રીહરિએ આવી રીતે કહ્યું તેથી ખુશાલવિપ્રે તે શ્રીહરિને અદ્‌ભુત ઐશ્વર્યના આધાર જાણ્યા અને પ્રસન્નતા પૂર્વક શ્રીહરિને હાથ જોડીને શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૪૦)

હે હરે ! હે સ્વામિન્ ! આપ દયા કરીને તમારો દાસ એવો જે હું તે મને આપના ચરણકમળ સમીપે રાખો. (૪૧) એવી રીતે તે એકાંતિક ભક્તનું વચન સાંભળીને અત્યંત પ્રીતિપૂર્વક શ્રીહરિ પોતાને વિષે અતિસ્નેહયુક્ત ચિત્તવાળા તે ખુશાલ બ્રાહ્મણને કહેવા લાગ્યા. (૪૨)

હે ભક્તરાજ ! મારે વિશે તમારો અત્યંત ભાવ છે તે હું જાણું છું. તમારી નિષ્કામ ભક્તિથી જ તમારા ઉપર હું અતિપ્રસન્ન છું. (૪૩) તેથી હે મહામતે ! તમો મને અતિપ્રિય છો. તેથી તમો મારી સાથે રહો. શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી ખુશાલવિપ્ર શ્રીહરિની સમીપે અતિપ્રસન્ન થઈ રહેવા લાગ્યા. (૪૪)

ખુશાલવિપ્ર તપ, જ્ઞાન, વૈરાગ્ય જેમાં મુખ્ય છે એવા ગુણસંપન્ન હોવાથી સર્વનિયંતા શ્રીહરિની અનુવૃત્તિ સાચવી તેમની સેવા તેમજ તેમના એકાંતિક સંતોનો પ્રસંગ કરવા લાગ્યા. (૪૫) શ્રીહરિના ધ્યાનમાં સદા આસક્ત, યોગના ઉત્તમ અભ્યાસી, શુભ સ્વભાવવાળા, ખુશાલવિપ્રને જોઈ ગુણના પરીક્ષક મુનીન્દ્રો તેમને પૂર્વજન્મના યોગિપ્રવર જાણવા લાગ્યા. (૪૬)

હે રાજન્ ! ઉપશમમાં પ્રીતિવાળા, મહાવૈરાગ્યવાન, ભક્તવર્ય ખુશાલવિપ્ર, સદા શુભકર્મ કરનારા ધર્મદેવથી પ્રગટ થયેલા શ્રીહરિ સાથે અતિઉત્તમ દુર્ગપત્તન નગરમાં આવ્યા. અને ત્યાં તેમણે નિવાસ કર્યો. (૪૭)

ઈતિ હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશસ્કંધમાં પોતાના ભક્ત ખુશાલ વિપ્ર દ્વારા અનેક જનોને સમાધિ કરાવી શ્રીહરિના ઐશ્વર્યનું નિરૂપણ કર્યું એ નામે વિસમો અધ્યાય સંપૂર્ણ. (૨૦)



અધ્યાય ૨૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગઢપુરમાં ખુશાલવિપ્ર શ્રીહરિની સેવા કરતા હતા. અને શ્રીહરિની પ્રસન્નતા માટે અષ્ટાંગયોગનો અભ્યાસ પણ કરતા હતા. (૧) યોગાભ્યાસમાં તત્પર ખુશાલવિપ્રે શ્રીહરિની કૃપાથી થોડા સમયમાં સમગ્ર યોગ સિદ્ધ કર્યો. (૨)

તેથી તેમના ઉપર પ્રસન્ન થયેલા દયાનિધિ, ધર્મપુત્ર, ગુણજ્ઞ, શ્રીહરિ ઘણી પ્રકારે સભામાં તેમની પ્રશંસા કરતા હતા. (૩) ખુશાલવિપ્રદ્વારા પોતાનું સર્વોત્કૃષ્ટ ઐશ્વર્ય બતાવવા ઈચ્છતા તથા તે ભક્તનો મહિમા જણાવવા ઈચ્છતા શ્રીહરિએ; (૪)

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે ગુણોથી તેમને અલંકૃત જાણીને, મુમુક્ષુઓને ઉપદેશ આપવા

માટે તેમને વડોદરા જવા પ્રેરણા કરી. (૫) ખુશાલપ્રિય શ્રીહરિની આજ્ઞા શિરોમાન્ય કરી સર્વ નિયંતા શ્રીહરિનો સ્તોત્ર ઉચ્ચારણ કરી સ્તુતિ કરી તેમજ તેમને નમસ્કાર કરી, આલિંગન કરીને, વડોદરા પુરમાં તત્કાળ જવા રવાના થયા. (૬)

ખુશાલવિપ્રનું વડોદરામાં ત્યાંના ભક્તોએ અતિસન્માન કર્યું અને તેમને ઘટિત સ્થાન પ્રીતિપૂર્વક રહેવા માટે આપ્યું. (૭)

પછી ખુશાલવિપ્ર ધર્મ, જ્ઞાન સંબંધિ ઉપદેશની આપનારી વિવિધ પ્રકારની વાતો કરી તે તે પુરના ભક્તોને હંમેશા આનંદ આપવા લાગ્યા. (૮)

વડોદરામાં ખુશાલ વિપ્ર શ્રીહરિના પ્રતાપથી તે પુરના ભક્તો તથા અન્યજનોને સમાધિ પણ કરાવવા લાગ્યા. (૯) દૈવીજનો તેમનો આવો ચમત્કાર સાંભળીને, તેમની પાસેથી નિયમો ધારણ કરીને શ્રીહરિનો દૃઢ આશ્રય કરતા હતા. (૧૦)

ખુશાલ વિપ્રને યોગકળામાં પ્રવીણ, મહાવૈરાગ્યવાન, તપ વગેરે ગુણોથી યુક્ત જોઈ, પુરજનો અતિ આશ્ચર્ય પામી ગયા. (૧૧) વડોદરામાં રહેતા સદાશિવ વિપ્ર જેઓ ઉત્તમ હરિભક્ત હતા તેમણે ખુશાલવિપ્રને હાથ જોડીને આદરપૂર્વક કહ્યું. (૧૧)

હે બુદ્ધિમાન ! તમો વડોદરામાં જ્યાં સુધી રહો ત્યાં સુધી તમારે ભોજન કરવા નિરંતર મારે ઘેર જ આવવું. (૧૩) સર્વ સદ્‌ગુણ નિધિ ખુશાલ વિપ્રે એકાંતિક ભક્ત સદાશિવની આ પ્રાર્થના સાંભળીને તેમને પ્રસન્ન કરવા માટે તેમને કહ્યું કે, “જેમ તમો કહો છો તેમ કરીશું.” (૧૪)

પછી ખુશાલ વિપ્ર સત્સંગીઓથી વીંટાઈને જમવા માટે તેમને ઘેર ગયા. સદાશિવ વિપ્રે ખુશાલભટ્ટને પ્રીતિપૂર્વક બાજોઠ ઉપર બેસાડ્યા. (૧૫) પછી સદાશિવે ચતુર્વિધ ભોજનોથી યુક્ત થાળ વિષ્ણુભગવાનને અર્પણ કર્યો. જળથી પૂર્ણ કળશ પણ અર્પણ કર્યો (મુખવાસનું પાત્ર પણ અર્પણ કર્યું) (૧૬)

હે રાજન્ ! પછી હરિપ્રિય ખુશાલ વિપ્ર શ્રીહરિનું ચિંતવન કરવા લાગ્યા કે, જો સ્વયં શ્રીહરિ પ્રત્યક્ષ અહીં આવીને ભોજન જમે. (૧૭) તો તે શ્રીહરિનું પ્રસાદીનું ભોજન મને મળે. આ રીતે ભગવાનને થાળ નિવેદન કરતા કરતા ખુશાલ ભટ્ટે આવો શુભ મનોરથ કર્યો. (૧૮)

ભક્તવત્સલ, દયાળુ, સર્વવિત્, અચ્યુત શ્રીહરિએ ખુશાલ વિપ્રનો આ સંકલ્પ જાણીને પોતાના ભક્તે કરેલો મનોરથ પૂર્ણ કરવા માટે તત્કાળ ઈચ્છા કરી. (૧૯) પોતાને વિષે અત્યંત પ્રેમવાળા ખુશાલ વિપ્રના અતિપ્રેમથી વશ થયેલા ધર્મનંદન, વ્યાપક, પ્રત્યક્ષ શ્રીહરિ જમવા માટે ત્યાં પધાર્યા. (૨૦)

પછી ખુશાલ વિપ્રે પીતાંબર ધારીને પધારતા ફુલ, હાર, તોરા વગેરેથી શોભાયમાન શ્રીહરિને જોઈ, અતિ પ્રસન્ન થઈને, તેમને પ્રણામ કર્યા. (૨૧) પછી ભક્તવત્સલ શ્રીહરિ મનોહર બાજોઠ ઉપર બિરાજી મિષ્ટ અને ઠંડુ જળપાન કરતા કરતા વિવિધ પ્રકારના ભોજનો જમવા લાગ્યા. (૨૨)

આવી રીતે હર્ષપૂર્વક જમતા, પ્રત્યક્ષ ધર્મપુત્ર પોતાના ઈષ્ટદેવ અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિના ખુશાલવિપ્ર હર્ષપૂર્વક દર્શન કરતા હતા. (૨૩) તેમજ ભક્તેન્દ્ર સદાશિવ તથા તેમના મહા ભાગ્યશાળી પત્ની શ્યામકુમારી, જમતાં શ્રીહરિનાં દર્શન કરતા હતા. બીજા કોઈને શ્રીહરિના દર્શન થતા ન હતા. (૨૪)

ધર્મપુત્ર શ્રીહરિએ આ પ્રકારે જમીને હાથ મુખની શુદ્ધિ કરી. પછી એલાયચી વગેરે મુખવાસ હર્ષપૂર્વક ગ્રહણ કર્યો. (૨૫) હે રાજન્ ! ત્યારબાદ સ્ત્રી પુરુષો જુએ તે પ્રમાણે તેમજ ખુશાલ વિપ્રને દર્શન દેતા ભક્તપ્રિય શ્રીહરિ ત્યાંથી તત્કાળ અંતર્હિત થઈ ગયા. (૨૬)

તે સમયે થાળમાં વધેલી સર્વભોજન સામગ્રી ઓછી થઈ હતી. (શ્રીહરિ સાક્ષાત્ જમ્યા હતા તેથી) સદાશિવના સમગ્ર બંધુજનોએ તથા અન્યજનોએ તે પ્રત્યક્ષ જોયું. (૨૭) તેઓ સર્વ આશ્ચર્ય ચકિત થઈ ગયા. જળથી ભરેલો લોટો પણ ખાલી થયેલો જોયો. (૨૮)

વળી બીજા એક નાના પાત્રમાં મૂકેલો મુખવાસ પણ શ્રીહરિએ ગ્રહણ કર્યો. એટલે તે પણ ઓછો થયો તે જોઈને તેઓ સૌ અત્યંત હર્ષ પામ્યા. (૨૯)

તે ભક્તોએ આ આશ્ચર્ય જોઈને સદાશિવના ઘરમાં સ્વયં શ્રીહરિ સદા પ્રત્યક્ષ જમે છે. એ પ્રમાણે નિશ્ચય કર્યો. (૩૦)

હે રાજન્ ! આવી રીતે સદાશિવના ઘરમાં એકમાસ પર્યંત દરરોજ શ્રીહરિ જમ્યા. શ્રીહરિને પ્રિય ખુશાલવિપ્રતો સદા શ્રીહરિનો પ્રસાદ જ જમતા હતા. (૩૧) આવી રીતે શ્રીહરિ તે પુરમાં ખુશાલવિપ્રદ્વારા જન સમાજની મુક્તિ માટે પોતાનું ઉત્તમ કલ્યાણકારી ઐશ્વર્ય જનોને ઘણા પ્રકારે બતાવતા હતા. (૩૨)

ઉપદેશ આપવામાં નિપુણ ખુશાલવિપ્ર પુરના ઘણા વિદ્વાનો તથા અન્ય જનોને પણ ઉપદેશ આપીને શ્રીહરિનો અનન્યાશ્રય કરાવતા હતા. (૩૩)

હે રાજન્ ! મહાજ્ઞાની ખુશાલપ્રિય શ્રીહરિની આજ્ઞા પ્રમાણે તે પુરમાં રહ્યા. ત્યારબાદ થોડા સમયે તે પુરના ભક્તજનોએ તેમને વળાવ્યા. જેથી પુરથી નીકળીને ખુશાલ ભટ્ટ ગઢપુર આવ્યા. (૩૪)

ગઢપુરમાં ઉત્તમ રાજાના વિશાળ દરબારમાં મહાસભામાં આસન ઉપર બિરાજેલા શ્રીહરિના દર્શન કરીને તેમના સર્વ ગાત્રોમાં રોમાંચ ઉત્પન્ન થયા અને તેમણે શ્રીહરિને સાષ્ટાંગ

પ્રણામ કર્યા. (૩૫)

પ્રસન્ન થયેલા શ્રીહરિ પોતાના એકાંતિક ભક્તવર્ય ખુશાલવિપ્રને આલિંગન કરીને મળ્યા. અને પોતાના કંઠથી પુષ્પનો હાર ઉતારીને હર્ષપૂર્વક તેમને પહેરાવ્યો. (૩૬)

પછી શ્રીહરિએ ખુશાલ વિપ્રને વડોદરાનું વૃત્તાંત પૂછ્યું. તેથી ખુશાલવિપ્રે વડોદરાનું તમામ વૃત્તાંત શ્રીહરિને કહ્યું. તેથી તેમના ઉપર શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને સભામાં તેમના ગુણોની પ્રશંસા કરી. (૩૭)

પછી ખુશાલ વિપ્ર સકળ જગન્નિયંતા ભક્તિધર્મના પુત્ર, પોતાના ઈષ્ટ, શ્રીહરિકૃષ્ણ ભગવાનની નિષ્કપટ ભાવથી ભક્તિ કરતા તથા તેમની અનુવૃત્તિ સાચવતા, તેમને અત્યંત પ્રસન્ન કરવા માટે શ્રીહરિની સમીપે રહ્યા. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના ભક્ત ખુશાલ વિપ્ર દ્વારા શ્રીહરિએ ઐશ્વર્ય પ્રદર્શિત કર્યું તે વર્ણન નામે એકવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૧)



અધ્યાય ૨૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અતિ વૈરાગ્યવાન, ધ્યાનનિષ્ઠ, ગુણોથી અલંકૃત, શાંત, ખુશાલવિપ્રને જોઈ શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. (૧) પછી ધર્મનંદન શ્રીહરિએ અતિ સદ્‌ગુણશાળી ખુશાલવિપ્રને શાસ્ત્રવિધિ મુજબ વાસુદેવાત્મક મહાદીક્ષા હર્ષપૂર્વક આપી. (૨)

સંસારથી ઉદાસ ખુશાલ વિપ્રને વ્યાપક શ્રીહરિએ **गाः** વેદાદિ સચ્છાસ્ત્રની વાણી, **तान् पालयति** તે સચ્છાસ્ત્રોનું પ્રતિપાદન તથા પ્રવર્તન તેમજ રક્ષણ કરે. '**गोपालः**' શાસ્ત્રનું રક્ષણ કરનાર ભગવાન **गोपालेन आनन्दो यस्य सः** શાસ્ત્રરક્ષક ભગવાનથી જ છે આનંદ જેમને એવા ગોપાળાનંદ એ પ્રકારનું માંગલિક શુભ અન્વર્થ નામ ધારણ કરાવ્યુ. (૩)

પછી એકાંતિક ભક્તોમાં શ્રેષ્ઠ સકળયોગ કળાના નિધિ, સદ્‌ગુણગણાલંકૃત, ગોપાળાનંદ મુનિને શ્રીહરિએ સમગ્ર સાધુઓમાં ગૌરવ ભર્યુ તેમજ પૂજનીય અને મહત્ત્વ ભરેલું સ્થાન આપી તેમને સાર્વભૌમ કર્યા. (૪)

પછી ગોપાળાનંદ સર્વ સાધુઓમાં માનનીય થયા. શ્રીહરિની આજ્ઞાથી ત્યાગીઓને પોતપોતાના ધર્મમાં તેઓ પ્રવર્તાવતા હતા. (૫) પછી એકાંતિક ધર્મનું નિરંતર પોષણ કરતા ગોપાળાનંદ મુનિ

હંમેશા પોતાના આત્માને જોતા હતા. તે આત્મામાં તથા બહાર શ્રીહરિને પણ જોતા હતા. (૬)

ગોપાળાનંદ મુનિ યોગકળાથી મનુષ્યોના હૃદયમાં પ્રવેશ કરીને શ્રીહરિકૃષ્ણ ભગવાનની કૃપાથી મનુષ્યોના હૃદયગત સંકલ્પ જાણતા હતા. (૭) શ્રીહરિએ પોતાનું પરં, વિવિધ પ્રકારનું, દિવ્ય, યોગૈશ્વર્ય જેવું ગોપાળાનંદ સ્વામીને આપ્યું છે તેવું તો અન્ય કોઈને પણ નથી આપ્યું. (૮) સદા નિર્દોષ ગોપાળાનંદ મુનિ શ્રીહરિ સંબંધી વાતો તથા સર્વ તાપને શમાવનારી શ્રીહરિ સંબંધી કથા રોજ કરતા હતા અને દરરોજ સંભળાવતા પણ હતા. (૯)

અનેક કૂટ પ્રશ્નોના ઉત્તર આપવામાં અતિચતુર, વેદશાસ્ત્રને જાણનારા, નિર્બાધ અને અગાધ જ્ઞાનવાળા, ગોપાળાનંદ મુનિ મનુષ્યોના કલ્યાણ માટે રાત્રિદિવસ ધર્મજ્ઞાનાદિ વિષયક વાર્તાઓ ગંગાના પ્રવાહની માફક અવિરતપણે કરતા હતા. (૧૦, ૧૧)

ગોપાળાનંદ મુનિ પોતાના ઈષ્ટ, ધર્મપુત્ર, પુરુષોત્તમ શ્રીહરિને, જેમ નિર્ધન પ્રાપ્ત થયેલા ધનનું વિસ્મરણ ન કરે તેમ ક્ષણ પણ વિસ્મરણ કરતા ન હતા. (૧૨) શ્રીહરિની સેવા સંબંધી સર્વ ક્રિયાઓ ગોપાળાનંદ મુનિ પોતાના દેહથી એટલે કે બાહ્ય ઈન્દ્રિયોથી તથા આંતર ઈન્દ્રિયોથી (મનસા, વાચા, કર્મણા) રાત્રિ દિવસ કરતા હતા અને સદા અહંકાર રહિત વર્તતા હતા. (૧૩)

આવી રીતે વર્તતા અને શ્રીહરિની આજ્ઞા પાળવામાં તત્પર, ગોપાળાનંદ મુનિની પ્રતિષ્ઠા સર્વ ઠેકાણે વૃદ્ધિ પામતી ગઈ. અને સર્વ હરિભક્તોમાં તેમનો મહિમા અત્યંત વધવા લાગ્યો. (૧૪)

હે રાજન્! એક સમયે વડોદરા નિવાસી ભક્તોએ મુનિઓને બોલાવવા માટે શ્રીહરિ ઉપર ગઢપુર પત્ર મોકલ્યો. (૧૫) તેથી પોતપોતાના મંડળ સહિત સમગ્ર સાધુઓને તેમજ માનનીય ગોપાળાનંદ મુનિને વડોદરા જવા માટે શ્રીહરિએ હર્ષપૂર્વક પ્રેરણા કરી. (૧૬)

ત્યારબાદ ગોપાળાનંદ મુનિ પોતાના મંડળ સહિત પ્રભુ શ્રીહરિને ભેટીને શ્રીહરિની પ્રસન્નતાને માટે તત્કાળ વડોદરા પુરમાં ગયા. (૧૭) પોતાના મંડળ સહિત વડોદરા પધારેલા અત્યંત પાવનકારી જેમનું દર્શન છે. એવા મુનિરાજ ગોપાળાનંદ મુનિનું પુરના ભક્તોએ અતિ સન્માન કર્યું અને તેમને ઘટિત સ્થાનમાં નિવાસ કરાયો. (૧૮)

ત્યારબાદ પુરના ભક્તો મંડળ સહિત પધારેલા શાંતમૂર્તિ, મુનીન્દ્ર ગોપાળાનંદ મુનિની અન્નજળ વગેરેથી રાતદિવસ આદરપૂર્વક સેવા કરતા હતા. (૧૯) પછી દરરોજ ધર્મજ્ઞાન સંબંધી વાર્તાઓ કરતા ગોપાળાનંદ મુનિ પુરના સત્સંગી જનો તથા અન્ય જનોને ઉપદેશ આપતા હતા. (૨૦)

વળી અનેક ભક્તોને, અન્યને દુર્લભ એવી સમાધિ ગોપાળાનંદ મુનિ કરાવતા હતા. અને તેમને શ્રીહરિના ગોલોક વગેરે ધામો પણ બતાવતા હતા. (૨૧) વળી શ્રીહરિના તે તે ધામોમાં

રહેલી દિવ્ય મૂર્તિઓ પણ ગોપાળાનંદ મુનિ બતાવતા હતા. અને તે તે ધામોનું દિવ્યૈશ્વર્ય તથા દિવ્ય પાર્ષદો પણ બતાવતા હતા. (૨૨)

ગોપાળાનંદ મુનિ પુરના જનસમૂહને પોતાનું યોગ ઐશ્વર્ય સમગ્રપણે બતાવતા હતા. અને એ પ્રમાણે તેમને સર્વને પ્રત્યક્ષ શ્રીહરિનો દૃઢાશ્રય કરાવતા હતા. (૨૩) ગોપાળાનંદ મુનિની વાક્સિદ્ધિ, યોગૈશ્વર્ય અને સાધુતા જોઈને, તેમજ તેમનો ગહન જ્ઞાનોપદેશ સાંભળીને, ઘણા મનુષ્યોએ પ્રત્યક્ષ બિરાજતા શ્રીહરિનો આશ્રય કર્યો. (૨૪)

એટલામાં જન્માષ્ટમીનો શુભ ઉત્સવ આવ્યો. તે ઉત્સવ ઉપર ગોપાળાનંદ મુનિના દર્શન કરવા માટે અન્ય ગામોમાંથી ભક્તો ઉત્સાહપૂર્વક વડોદરામાં આવ્યા. (૨૫) તે ભક્તો મુનીન્દ્ર ગોપાળાનંદ મુનિને નમસ્કાર કરીને, તેમનો સત્કાર સ્વીકારી, તેમજ સભામાં બેઠેલા પુરના સર્વ ભક્તોનું સન્માન સ્વીકારી, સભામાં બેઠા. (૨૬)

હર્ષ પામેલા તે ભક્તોએ સાધુઓને પૂજનીય, મહાયોગિવર, ગોપાળાનંદને વિનયપૂર્વ કહ્યું. (૨૭) હે દયાનિધે ! હે મહાયોગિન્ ! અહીં જન્માષ્ટમી ઉત્સવમાં અમોને ધર્મપુત્ર શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન ક્યારે થાય ? (૨૮)

આ ઉત્સવમાં અમોને શ્રીહરિના દર્શન કરવાની ઘણી જ ઈચ્છા છે. તેથી તમો કૃપા કરીને અમોને શ્રીહરિના પ્રત્યશ્ર દર્શન કરાવો. (૨૯) તપ, વૈરાગ્ય, સંતોષ, જ્ઞાન, યોગ, એ આદિક અનેક ગુણોથી તથા અત્યંત પ્રીતિથી તમોએ શ્રીહરિને વશ કર્યા છે. (૩૦)

હે મુનીન્દ્ર ! તેથી શ્રીહરિ તમારી પ્રાર્થનાથી અમોને પોતાના પ્રત્યક્ષ દર્શન આપશે. આવી રીતે અમો જાણીએ છીએ. (૩૧) હે મુને ! તમો સમાધિ કરાવી જનોને શ્રીહરિના દર્શન કરાવો છો. તેથી તમો તેમના દર્શન અમોને પણ કરાવો. (૩૨)

દીર્ઘદર્શી, મહાયોગી, ગોપાળાનંદ મુનિએ તેમની આ પ્રકારની વાણી સાંભળીને તેમને કહ્યું. (૩૩) હે ભક્તો ! તમારો એ મનોરથ ભક્તવત્સલ સ્વામિનારાયણ શ્રીહરિ પ્રત્યક્ષ થઈને જરૂર પૂર્ણ કરશે. (૩૪)

ગોપાળાનંદ મુનિએ આ પ્રમાણે કહ્યું તેથી તે ભક્તો જેમને તેમની વાણીમાં અત્યંત વિશ્વાસ હતો. તેથી શ્રીહરિના સંદર્શનનો લાભ મળશે એવું માનતા અને આનંદ પામતા ગોપાળનંદ મુનિને પ્રણામ કરવા લાગ્યા. (૩૫) પછી તે પુરના ભક્તોએ શ્રાવણ વદી સપ્તમીને દિવસે અત્યંત હર્ષપૂર્વક મુનિના નિવાસસ્થાનમાં શોભાયમાન વિશાળ હિંડોળો બાંધ્યો. (૩૬)

પછી અષ્ટમીને દિવસે પ્રાતઃકાળમાં ગોપાળાનંદ મુનિ તથા અન્ય સંતો નિત્યવિધિ કરીને હિંડોળાની સમીપે હર્ષ પૂર્વક બેઠા. (૩૭) પુરના સમગ્ર ભક્તો તથા અન્ય ગામોથી આવેલા સર્વ

ભક્તો તે મુનિના સ્થાનમાં આવીને તે મુનિને નમસ્કાર કરીને યથાયોગ્ય બેઠા. (૩૮)

ત્યારબાદ મૃદંગ તથા કાંસીજોડા વગાડતા તે ભક્તો અત્યંત સ્નેહથી આદરપૂર્વક કૃષ્ણ ચરિત્રના પદો ગાવા લાગ્યા. (૩૯) તે સાધુઓ તથા ભક્તોએ શ્રીહરિને પ્રસન્ન કરવાની ઇચ્છાથી જન્માષ્ટમીનો ઉપવાસ કર્યો. (૪૦)

સુંદર હિંડોળાને જોતા હરિપ્રિય તે ભક્તો પ્રત્યક્ષ શ્રીહરિના દર્શન કરવાની અત્યંત ઉત્કંઠા સેવતા હતા. (૪૧) તે સમયે સત્પૂજનીય બુદ્ધિમાન ગોપાળાનંદ મુનિ સ્વામિનારાયણ શ્રીહરિનું શુદ્ધ-મનથી ચિંતવન કરવા લાગ્યા. (૪૨) તેમને સદા વશ વર્તતા ધર્મપુત્ર શ્રીહરિ તત્કાળ ત્યાં આવીને સર્વજનો પ્રત્યક્ષ જુવે તે પ્રમાણે તે હિંડોળા ઉપર બિરાજમાન થયા. (૪૩) તે હિંડોળામાં પ્રત્યક્ષ બિરાજેલા પુરુષોત્તમ શ્રીહરિના દર્શન કરીને, અત્યંત પ્રસન્ન થયેલા તે ભક્તો વિસ્મય પામી શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૪૪)

તે સર્વ ભક્તોએ પ્રેમપૂર્વક ઉચ્ચ સ્વરથી જય શબ્દનું ઉચ્ચારણ કર્યું. હિંડોળા ઉપર બિરાજેલા શ્રીહરિને ગોપાળાનંદ મુનીન્દ્ર પ્રેમપૂર્વક હિંચોળવા લાગ્યા. (૪૫) અત્યંત મદમત્ત એવા કરોડ કામદેવના ગર્વને હણનારા, અત્યંત શોભતા, ઝુલતા હિંડોળા ઉપર બિરાજમાન થઈ દર્શનીય તિલક કેશ વગેરે શોભતા ચિન્હોથી યુક્ત, શરીરવાળા એવા શ્રીહરિ મુનિઓ તથા ભક્તોને અત્યંત સુખ પમાડતા હતા. (૪૬)

અતિમૂલ્યવાળાં, વિદ્યુત સમાન તેજસ્વી વસ્ત્રોવાળા, મણિ સમુદાયથી યુક્ત, સુવર્ણ ભૂષણો જેમણે સમગ્ર અંગોમાં ધારણ કર્યાં છે, અતિશય દયારૂપી સુધામય દૃષ્ટિવાળા, અતિ રમણીય, મંદ સ્મિતથી લજ્જા પમાડ્યો છે ચંદ્રમા જેમણે એવા; (૪૭) જડેલા મણિઓથી યુક્ત, સુવર્ણના વિવિધ ભૂષણોવાળા, ઉત્તમ મણિઓ તથા મોતીઓના શેખરોની પંક્તિ શોભાયમાન, શ્રેષ્ઠ સુવર્ણતારથી યુક્ત મહામૂલ્યાળું ઉત્તમ મોળીયું મસ્તકમાં ધારણ કરનાર; (૪૮)

સુવર્ણ તથા મણિ અને મોતીઓથી શોભાયમાન, હારોથી શોભાયમાન કંઠવાળા, સુવર્ણમય જડેલા રત્નોના આભૂષણોથી શોભતા, શ્રેષ્ઠ મીનની આકૃતિવાળાં બે કુંડળોથી અતિ શોભાયમાન; (૪૯)

લલાટમાં અતિશ્રેષ્ઠ કેસર મિશ્રિત ચંદનનું ઉર્ધ્વ તિલક ધારણ કરતા, તેના મધ્ય ભાગમાં કુમકુમનો અતિસુંદર ચંદ્રાકાર ગોળ બિંદુ ધારણ કરતા, નવા નવા જે અલંકારો તથા વસ્ત્રો તેની કાંતિથી મનોહર. (૫૦)

જળસહિત મેઘ સમુદાયના સમાન વર્ણવાળા, સુંદર અને ચંચળ નેત્રહૃદયથી અત્યંત શોભતા, અતિમનોહર હાથની ચેષ્ટાવાળા, કમળ અને ચંદ્રમાને લજ્જા પમાડનાર મુખની લક્ષ્મીવાળા. (૫૧)

વિવિધ પ્રકારના સુંદર પુષ્પોના હારો તથા કડાં, બાજુબંધ, કલગી તથા તોરા ધારણ કરનારા, તે પુષ્પોના હારોની અતિશય સુગંધથી લુબ્ધ થયેલા ભમરાઓના સુંદર ગુંજારવથી અતિસુંદર, અતિશય સૌંદર્યના નિધિ પોતાના આશ્રિત ભક્તોના નેત્ર કમળોની પંક્તિને પ્રફુલ્લિત કરવામાં સૂર્યસમાન, કળિમળને નાશ કરનારું છે દર્શન જેમનું એવા, ધર્મકુળરૂપી સમુદ્રની વૃદ્ધિ કરવામાં ચંદ્રસમાન. (૫૨, ૫૩)

આ પ્રકારે અદ્‌ભુત શોભા સાગર, સમર્થ શ્રીહરિ બે મુહૂર્ત પર્યંત પોતાના ભક્તોને અત્યંત આનંદ પમાડતા દર્શનીય હિંડોળા ઉપર બિરાજી ક્રીડા કરતા હતા. (૫૪)

તે સમયે સર્વ ભક્તો તથા અન્યજનો તે દર્શનીય શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન કરીને અનુપમ શાંતિ પામી અત્યંત આશ્ચર્ય પામ્યા. (૫૫)

ગોપાળાનંદ સ્વામીની સ્નેહરૂપી દોરડીથી બંધાયેલા ચરણવાળા શ્રીહરિ ગોપાળાનંદ મુનિથી દૂર જવા માટે ક્ષણવાર પણ સમર્થ થયા નહિ. પ્રભુ શ્રીહરિ આવી રીતે પોતાના ભક્તોને અતિ સુખકર પોતાનું દર્શન આપીને તે સમગ્ર ભક્તો જુવે તે પ્રમાણે તત્કાળ અંતર્હિત થઈ ગયા. (૫૬)

આવી રીતે સુખકર શ્રીસહજાનંદ શ્રીહરિએ બતાવેલો ઉત્તમ ચમત્કાર જોઈ, આનંદ પામેલા તે ભક્તો ગોપાળાનંદ મુનીન્દ્રને નમસ્કાર કરી, અતિ વિસ્મીત થઈ તે મુનિને કહેવા લાગ્યા. હે મુનિરાજ ! હમણાં અમોને તમારી કૃપાથી શ્રીહરિના દર્શન થયા. (૫૭)

આ શ્રીહરિનું પરમૈશ્વર્ય જોઈ ઘણાં અભક્તજનો પણ આશ્ચર્ય પામ્યા. અને તે શ્રીહરિને પ્રત્યક્ષ ભગવાન જાણીને તે મુનિશ્રેષ્ઠ પાસેથી તત્કાળ નિયમ ધારણ કરીને સહજાનંદ શ્રીહરિનો દૃઢઆશ્રય કરીને આ લોકમાં રાત્રિદિવસ તેમનું ભજન કરવા લાગ્યા. (૫૮)

હે રાજન્ ! અનુપમ આશ્ચર્યકારી, આ શ્રીહરિના ઐશ્વર્યનું પૂરજનો દરેક પુરમાં ઘેરઘેર તેમજ પ્રત્યેક માર્ગમાં ગાન કરતા હતા. શ્રોતાઓ અને વક્તાજનોના સંસારના ભયને હરનારું ઉત્કૃષ્ટ, અતિ કલ્યાણકારી, શ્રીહરિનું આ ઐશ્વર્ય મેં તમોને સંક્ષિપ્તથી કહ્યુ. (૫૯)

હે રાજન્ ! તે રાત્રિએ શ્રીહરિનું ભક્તિપૂર્વક કીર્તન ગાતા તે સંતો તથા હરિભક્તોએ હર્ષપૂર્વક જાગરણ કર્યું તે રાત્રિ ક્ષણની માફક વીતી ગઈ. (૬૦) પછી અન્ય ગામોથી આવેલા હરિભક્તોએ પ્રાતઃકાળમાં સમગ્ર મુનિઓ તથા પુરના બ્રાહ્મણોને જમાડ્યા. પછી પોતે ભોજન કરીને આનંદપૂર્વક સાધુઓની પુષ્પાદિક ઉપચારોથી પૂજા કરી પછી તેઓ સૌ જવા માટે તૈયાર થયા. (૬૧)

ત્યારબાદ તે ભક્તો ગોપાળાનંદ વગેરે સાધુઓને વંદના કરીને વડોદરાથી નીકળ્યા. શ્રીહરિના તે ઐશ્વર્યની માર્ગમાં સ્તુતિ કરતા હર્ષપૂર્વક તેઓ પોતાપોતાને ઘેર ગયા. (૬૨) પોતાના મંડળ સહિત મુનિરાજ ગોપાળાનંદ મુનિ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વડોદરાથી પુરના સમગ્ર ભક્તજનોએ

વળાવ્યા. એટલે તે નગરથી નીકળી સુંદર ગઢપુર નગરમાં પહોંચ્યા. (૬૩)

ગઢપુરમાં બિરાજતા સકળજગન્નિયંતા શ્રીહરિકૃષ્ણની ભક્તિથી તેમજ અનુવૃત્તિથી પરિચર્યા કરતા શ્રીહરિને અત્યંત પ્રિય સમગ્ર યોગકળામાં પ્રવીણ ગોપાળાનંદ મુનિ શ્રીહરિકૃષ્ણ ભગવાનની સાથે રહેતા હતા. (૬૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં વડોદરામાં ગોપાળાનંદ મુનિ દ્વારા શ્રીહરિએ પોતાનું પ્રત્યક્ષ દર્શન આપ્યું તે નિરૂપણ નામે બાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૨)



અધ્યાય ૨૩ મો

શ્રી શુકાનંદ બોલ્યા કે :- હે રાજન્ ! ફરી હરિકૃષ્ણ ભગવાને સાધુઓમાં શ્રેષ્ઠ એવા શ્રીગોપાલાનંદ સ્વામીને તેમના પોતાના મંડળ સાથે વડોદરા જવા માટે પ્રેરણા આપી. (૧) યોગિરાજ શ્રી ગોપાલાનંદજીએ શ્રીહરિકૃષ્ણ ભગવાનના આનંદની ખાતર પહેલાની માફક પોતાના મંડળની સાથે વડોદરા જઈ મુકામ કર્યો. (૨)

ત્યાંના નાગરિકોએ, ભક્તોએ તેમજ અન્ય સજ્જનોએ ત્યાં તેમનું ઉત્તમ સ્વાગત કર્યું. અને તેઓ ધર્મ સંબંધી ઉત્તમ ચર્ચાઓમાં પોતાનો સમય વીતાવવા લાગ્યા. (૩) ત્યાંના માણસોએ સમાધિનો અનુભવ કરાવી તેમણે સમાજમાં મોટો આશ્ચર્ય ઉત્પન્ન કર્યો. (૪)

હે રાજન્ ! તે અરસામાં ચોમાસુ આવી ગયું અને વરસાદનું એક ટીપું પણ વરસ્યું નહીં. (૫) દુકાળ પડ્યો અને ખાવા માટે અનાજ મળવું કઠણ થઈ પડ્યું, ''અન્ન ક્યાં છે'' ''અન્ન ક્યાં છે'' એમ ગભરાયેલા માણસો બૂમ પાડવા લાગ્યા. (૬)

દુકાળની ભૂખને મારે કેટલાએ માણસો, પશુઓ અને પક્ષીઓ પણ મૃત્યુને પામ્યા. (૭)

લૂટારુઓ અને ચોરો લૂંટફાટ કરવા લાગ્યા. ધન, અન્ન અને વસ્ત્ર વગેરેની ચોરીઓ થવા લાગી. માણસોના કાળજામાં ધાડપાડુઓની ભારી બીક પેસી ગઈ. (૮)

એક અન્નના કણને માટે માણસો અરસપરસ લડવા અને ઝગડવા લાગ્યા. ભયંકર દુઃખ, વ્યાધિ અને ભૂખમરાને કારણે તે સમય બહુ જ બીહામણો લાગવા લાગ્યો. (૯) ત્યારે કેટલાક સત્સંગી સજ્જનો અને ભક્તો યોગિરાજ શ્રી ગોપાલાનંદજીની પાસે આવી હાથ જોડીને એમ કહેવા લાગ્યા કે. (૧૦)

દયાળુ હે મુનિરાજ, આ દુકાળને લીધે અને અનાજ નહી મળવાને લીધે માણસો મોટા પ્રમાણમાં મરી રહ્યા છે અને ભયંકર પીડા પામી રહ્યા છે. (૧૧) પુષ્કળ પૈસા આપવા છતાં કોઈ ઠેકાણે અનાજ મળતું નથી. તેથી હવે આ સમયમાં અમે પણ જીવી શકીશું કે કેમ એ મોટી આશંકા છે. (૧૨)

હે મુનિરાજ, આપ સર્વ પ્રાણીઓના હિતચિંતક છો. તેથી હવે ભગવાન ધર્મપુત્ર સ્વામિનારાયણને પ્રાર્થના કરો કે જેથી તેઓ આ શહેરમાં વરસાદ વરસાવે. (૧૩)

આ આર્તનદ સાંભળી દયાર્દ્ર થયેલા શ્રીગોપાલાનંદ યોગિરાજને તેમના ઉપર બહુજ દયા આવી અને દુકાળથી ગભરાયેલા તે નાગરિકોને કહેવા લાગ્યા કે. (૧૪)

હે ભક્તો, તમે જરાપણ ગભરાશો નહિ. ભક્તવત્સલ ભગવાન શ્રીહરિકૃષ્ણ પરમ દયાળુ છે. તે માણસોના અપરાધો તરફ જોતા નથી, તમારા સંકલ્પોને તે ભગવાન જરૂર પૂર્ણ કરશે. (૧૫)

આવી રીતે તે ભક્તજનોનું સન્માન કરી યોગિરાજે પોતાના તેમજ બીજા સાધુસંત મહાત્માઓને કહ્યું કે હે સંતો, હવે તો આપણે બધા ધર્મપુત્ર ભગવાન સ્વામિનારાયણનું જ ચિંતન અને ભજન કરીએ, જેથી આપણુ આ ભયંકર દુઃખ દૂર થાય. (૧૬)

તે આદેશ સાંભળી તેમના મંડળના બધા સંતો પોતાના સુદૃઢ યોગાસન ઉપર બેસી પ્રસન્નચિત્તે ભગવાન શ્રીહરિકૃષ્ણનું સ્મરણ, ભજન અને નામસંકીર્તન કરવા લાગ્યા. (૧૭)

આવી રીતે તે સાધુઓએ મુહૂર્તમાત્ર શ્રીહરિનું આરાધન કર્યું તેટલામાં શ્રીહરિની ઈચ્છાથી આકાશમાં એકદમ મેઘની ઘટા થઈ. (૧૮) ત્યારપછી ધર્મના પુત્ર શ્રીહરિની આજ્ઞાથી મેઘે તત્કાળ પૃથ્વી ઉપર જળધારાથી સતત જળ વરસાવ્યું. (૧૯)

દુષ્કાળ હતો છતાં પણ આવી રીતે એકદમ મહાન વૃષ્ટિ થઈ. તે જોઈને પુરના જનો અત્યંત વિસ્મય પામ્યા. (૨૦) હે રાજન્ ! આ પ્રમાણે સમગ્ર પ્રાણીઓને શાંતિ કરનારી ત્રણ રાત્રી અને દિવસ સુધી ઘણી વૃષ્ટિ થઈ. પુરવાસી ભક્તજનો તથા અન્ય મનુષ્યો તે આશ્ચર્ય જોઈને ગોપાળાનંદ મુનીન્દ્રને નમસ્કાર કરી તેમની ઘણી પ્રશંસા કરવા લાગ્યા. (૨૧, ૨૨)

ત્યાર પછી ગોપાળાનંદ મુનિએ તેમને કહ્યું હે વિચક્ષણો ! ધર્મના પુત્ર સાક્ષાત્ શ્રીહરિની ઈચ્છાથી એ બધું થયું છે એમ જાણો. (૨૩) આવી રીતે મત્સર અને ગર્વરહિત તે મહાત્માની આ વાણી સાંભળી તે જનો અત્યંત વિસ્મય પામ્યા. (૨૪)

પરમાત્મામાં જેમને અત્યંત પ્રેમ છે એવા તે મુનિને વશ થયેલા ભક્તવત્સલ શ્રીહરિ પોતાના એકાંતિક ભક્તોમાં શ્રેષ્ઠ ગોપાળાનંદ મુનિવર દ્વારા પોતાનું મંગળમય ઐશ્વર્ય આ લોકમાં ભક્તોને

વારંવાર બતાવતા હતા. તે દિવ્ય અને અદ્‌ભુત ઐશ્વર્ય મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૨૫)

શ્રીહરિની આજ્ઞાનું કદાપિ જે ઉલ્લંઘન નથી કરતા એવા તે દીર્ઘદર્શી મુનીંદ્ર તે શહેરમાં પોતાના મંડળ સહિત રહેતા હતા. તે પ્રમાણે રહીને થોડા દિવસ બાદ તેઓ ચાલતા નીકળ્યા અને ગઢપુર આવ્યા. (૨૬)

હે રાજન્ ! તે સમયે પોતાની પાસે આવેલા અને જેમની આંખોમાં અશ્રુ છે અને જેમના ગાત્રોમાં રોમાંચ ઉત્પન્ન થયો છે એવા, અને શ્રીહરિને પ્રણામ કરતા તે ગોપાળાનંદ મુનીન્દ્રને નિયંતા વિભુ શ્રીહરિ હર્ષપૂર્વક ભેટ્યા. (૨૭)

ત્યારબાદ શ્રીહરિએ તે ગોપાળાનંદ મુનિને પોતાની પ્રસાદીના પુષ્પના હાર આપ્યા. તેમજ તેમના મંડળના સાધુઓને એક એક શ્રેષ્ઠ હાર આપ્યો. અને તેમના પ્રત્યે દર્યાદ્ર દૃષ્ટિ કરી તેમને અત્યંત સુખ આપ્યું. (૨૮)

ત્યારપછી ઈશ શ્રીહરિએ તે મુનિવર્ય ગોપાળાનંદ સ્વામીને વડોદરાનું સમગ્ર વૃત્તાંત હર્ષપૂર્વક પૂછ્યું. તેમણે ત્યાંનું વૃત્તાંત યથાવત્ કહ્યું. તે સાંભળીને મંદહાસ્ય યુક્ત મુખારવિંદવાળા શ્રીહરિ આનંદ પામ્યા. (૨૯)

તે પછી સભામાં બિરાજેલા શ્રીહરિ સંતો પ્રત્યે કહેવા લાગ્યા. હે સંતો ! પૂર્વે બદરીપતિ શ્રીનરનારાયણે જેવો શુભ રાજયોગ સિદ્ધ કર્યો હતો તે પ્રકારે વર્તમાનકાળે ગોપાળાનંદ સ્વામીએ મારી કૃપાથી તે સિદ્ધ કર્યો છે. (૩૦)

હે સભ્યો ! આ લોકમાં જેવા આ ગોપાળાનંદ સ્વામી યોગકળામાં પ્રવીણ છે તેવા બીજા કોઈ મુનિ નથી. તેઓ સર્વ સાધુગુણોથી યુક્ત છે અને સમગ્ર દોષોથી રહિત છે તેથી તેઓ મને અત્યંત પ્રિય છે. (૩૧)

જેમને બ્રહ્મચર્ય વ્રત પ્રિય છે એવા શ્રીહરિએ આ પ્રમાણે કહીને સભામાં ગોપાળાનંદ મુનિની પ્રશંસા બહુ પ્રકારે કરી. તેથી સમગ્ર ત્યાગી સમુદાય તેમજ ગૃહસ્થ ભક્તોને પણ તે મુનિરાજ વિષે અત્યંત સ્નેહ થયો. (૩૨)

પોતાના સર્વ એકાંતિક ભક્તોમાં શ્રેષ્ઠ મુનિવર નિષ્પાપ અને જેમને શાસ્ત્ર સંબંધી નિર્બાધ અને અગાધ જ્ઞાન છે, અને જેઓ હંમેશા પોતાની આજ્ઞામાં તત્પર રહે છે, જેમનું વચન સદા પ્રિય અને હિત કરનાર છે અને મુનીન્દ્રોએ સેવેલા પોતાના ચરણકમળમાં જેમનાં ચિત્તરૂપી ભ્રમરો આસક્ત છે એવા ગોપાળાનંદ મુનિને ધર્મપુત્ર પરમેશ્વર શ્રીહરિએ અત્યંત સ્નેહથી સદા પોતાની સમીપ રાખ્યા. (૩૩, ૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ

ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીગોપાળાનંદ સ્વામીદ્વારા શ્રીહરિએ અદ્‌ભુત ઐશ્વર્ય બતાવ્યું એ નામે ત્રેવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૩)



અધ્યાય ૨૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિના એકાંતિક ભક્તોમાં શ્રેષ્ઠ અને આત્મા તથા પરમાત્માના સ્વરૂપના સાક્ષાત્કારવાળા, દયાનિધિ, રામદાસ નામે એક મુનીન્દ્ર હતા. (૧) પોતાના આત્મામાં સદા પ્રત્યક્ષ ધર્મપુત્ર શ્રીહરિને જોતા, તપસ્વી, તીવ્ર વૈરાગ્યવાળા, શ્રીહરિની આજ્ઞા પાળવામાં તત્પર. (૨)

સર્વ સત્સંગીઓનું હંમેશા માતાની માફક પોષણ કરનારા, ધીર, મૃદુ, નિર્દોષ, રુડી બુદ્ધિવાળા. (૩) માયાના આવરણ રહિત, દીર્ઘ દૃષ્ટિવાળા, યોગ માર્ગને યથાર્થ જાણનારા, સર્વ ભક્તજનોને પ્રિય, ઘણાં સદ્‌ગુણોથી સમલંકૃત થયેલા, જેમના દર્શન પવિત્ર છે એવા તે રામદાસ હે રાજન્ ! એક સમયે પોતાના મંડળ સહિત શ્રીહરિની આજ્ઞાથી પૃથ્વી ઉપર જીવોના કલ્યાણ માટે ફરતા હતા. (૪, ૫)

પૃથ્વી ઉપર મંડળ સહિત ફરતા ફરતા રામદાસમુનિ જનોને ઉપદેશ આપતા વડતાલ ગયા. ત્યાંના ભક્તોએ તેમનું સન્માન કર્યુ. અને તેઓ ત્યાં નિવાસ કરીને રહ્યા. (૬) ત્યારપછી સર્વે જીવને સુખ કરનારી વર્ષાઋતુ આવી. હે રાજન્ ! તે વર્ષાઋતુમાં કેટલાક દિવસ પર્યંત વરસાદ આવ્યો જ નહિ. (૭)

તેથી દુષ્કાળથી ત્રાસ પામેલા જનો ઘણી પીડા પામ્યા અને તે લોકોને ભય પમાડનારો વિષમ કાળ વ્યાપ્યો. (૮) હે રાજન્ ! તે વખતે પુરના સમગ્ર ભક્તો રામદાસ મહામુનિની પાસે આવીને તેમને નમસ્કાર કરી, તેમને હાથ જોડી કહેવા લાગ્યા. (૯)

હે દયાનિધે ! હે મહાયોગિન્ ! ભગવાનને તમે પ્રિય છો પરમાત્માની પ્રસન્નતાથી દિવ્ય દૃષ્ટિવાળા અને સત્યસંકલ્પવાળા તમો છો. (૧૦) તેથી મહાસમર્થ અને દયાળુ, યોગ જાણનારા તમો સર્વજીવને સુખ થાય તે માટે વરસાદ વરસાવવા માટે કૃપા કરો. (૧૧)

હે યોગિરાજ ! વરસાદ વિના અન્ન થશે નહિ અને અન્ન વિના ભૂખથી પીડાતા મનુષ્યો, પશુઓ તથા પક્ષિઓ અહીં જરૂર મૃત્યુ પામશે. (૧૨) તે દયાળુ મહામુનિ રામદાસે તેમના આ પ્રકારના વચનો સાંભળીને તેમના શોકને શાંતિ પમાડતા તેમના પ્રત્યે આ પ્રમાણે કહ્યું. (૧૩)

હે ભક્તો ! તમો સૌ તમારે ઘરે જાઓ હમણાં જ પુષ્કળ વરસાદ થશે. મુનિનું આવું વચન

સાંભળીને તે જનો તેમને ફરીથી કહેવા લાગ્યા. (૧૪) આકાશમાં વાદળા છે પણ પાણી વિનાના છે. ગ્રીષ્મઋતુમાં આકાશ જેમ સ્વચ્છ હોય તેવું છે. તેથી વરસાદ કેમ થશે ? (૧૫)

રામદાસ મુનિએ તેમનું આ વચન સાંભળીને ધર્મપુત્ર શ્રીહરિનું ધ્યાન કર્યું. તેથી સત્પુરુષોના પતિએ વરસાદ વરસાવવાની તે મુનિની ઈચ્છા જાણી. (૧૬) તેથી શ્રી હરિની ઈચ્છાથી જળથી ભરેલું નાનું વાદળ આકાશમાં આવ્યું. તે જોઈને અત્યંત પ્રસન્ન થયેલા રામદાસ મુનિ તે હરિભક્તોને વાદળ બતાવતા કહેવા લાગ્યા. (૧૭)

હે ભક્તો ! હમણાં પાણીથી ભરેલું આ વાદળ આકાશમાં આવ્યું છે તેથી નક્કી વરસાદ થશે. માટે તમો સૌ પોતપોતાને ઘેર જાઓ. (૧૮) તે ભક્તો તે મુનિની આ વાણી સાંભળીને વૃષ્ટિ થશે એવું ધારીને તત્કાળ પોતપોતાને ઘેર ગયા. (૧૯)

ત્યારબાદ તરત જ સર્વ આકાશ મેઘથી ઢંકાઈ ગયું. વાયુ વાવા લાગ્યો, આકાશમાં વારંવાર વીજળી ચમકવા લાગી. (૨૦) તે પછી જીવોને શાંતિ કરનારી વરસાદની મહાવૃષ્ટિ થઈ. તેથી પ્રાણીઓને દુષ્કાળથી થયેલો મૃત્યુનો ત્રાસ નાશ પામ્યો. (૨૧)

લોકો તો એ મહાન્ ચમત્કાર જોઈને અત્યંત આશ્ચર્ય પામ્યા. અને મહાપ્રતાપથી મુનિવર્ય રામદાસ મુનિને પ્રણામ કરીને કહવા લાગ્યા. (૨૨) હે મુનિવર્ય ! અત્યંત દયાના સ્થાનભૂત, આપે યોગબળના પ્રતાપથી તત્કાળ વૃષ્ટિ કરી અમોને તથા અન્ય મનુષ્યોને સજીવન કર્યાં છે. (૨૩)

હે મુને ! તમોએ પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાનને તમારી એકાંતિક ભક્તિથી વશ કર્યા છે. માટે સમગ્ર લોકો ઉપર ઉપકાર કરવામાં શક્તિમાન અને મુનિવર્યોએ સન્માન કરેલા તમો ધન્ય છો. (૨૪)

એવી રીતે કહીને અત્યંત આનંદ પામી અને તેમની પ્રશંસા ઘણા પ્રકારે તે જનોએ કરી. ત્યારે મુનિન્દ્ર તેમના પ્રત્યે કહેવા લાગ્યા, હે જનો ! એ પરમાત્માની ઈચ્છાથી થયું છે એમ તમે જાણો. (૨૫)

સમગ્ર ઈશ્વરોના ઈશ્વર, ધર્મધુરંધર, ધર્મના પુત્ર, શ્રીસ્વામિનારાયણ, શ્રીહરિએ આવી રીતે પોતાના એકાંતિક ભક્ત રામદાસ મુનિદ્વારા કરુણાપૂર્વક પૃથ્વી ઉપર વારંવાર પોતાનું ઐશ્વર્ય બતાવતા હતા. તેમાં મેં તમોને એવું એક શ્રીહરિનું ઐશ્વર્ય સંક્ષિપ્તથી કહ્યું. (૨૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં રામદાસ મુનિ દ્વારા શ્રીહરિએ ઐશ્વર્ય બતાવ્યું તે નામે ચોવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૪)



અધ્યાય ૨૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ માન, વગેરે દોષોથી રહિત વ્યાપકાનંદ નામે એક મુનિ હતા. (૧) નિધિ તથા સિદ્ધિઓને જોઈ તેમને ક્યારેય પણ ન ઈચ્છતા સુંદર શબ્દાદિ વિષયોને વિષે અત્યંત અરુચિવાળા, આશ્રિત જનોની પીડા હરનારા, શ્રીહરિને પ્રિય. (૨)

પ્રત્યક્ષ ધર્મનંદન શ્રીહરિના ધ્યાનમાં સ્થિતિવાળા, દયાનિધિ, મહાજ્ઞાની, વૈરાગ્યવાળા જિતેન્દ્રિય. (૩) સુદૃઢ ઉપશમવાળા, જ્ઞાનમાર્ગમાં અત્યંત કુશળ, બાહ્ય અને આભ્યંતર શુદ્ધિવાળા, કોમળ અંતઃકરણવાળા, શ્રીહરિકૃષ્ણની સેવાથી નિર્વાસનિક બનેલા. (૪)

સત્ય, હિતકર અને પ્રિય વચન બોલવાવાળા, સર્વ મનુષ્યોના મિત્ર, તાઢ, તડકો વગેરે દ્વંદ્વોને સહન કરનાર, નિર્દોષ, સર્વ સદ્‌ગુણરૂપી અલંકારોથી સમલંકૃત. (૫) સર્વકારણના કારણ, પ્રત્યક્ષ શ્રીહરિને હંમેશા પોતાના આત્મામાં તેમજ બહાર જોતા, અને શ્રીહરિનું અત્યંત માહાત્મ્ય જાણનારા. (૬)

પરમ્બ્રહ્મ સ્થિતિ પામેલા બ્રહ્માંડોમાં પણ અપ્રતિહત ગતિવાળા. (૭) પવિત્ર દર્શનવાળા, તે મુનિરાજ એક સમયે પરમાત્માની આજ્ઞાથી લોકોને ઉપદેશ આપવા માટે પોતાના મંડળસહિત પૃથ્વી ઉપર વિચરતા હતા. (૮)

ફરતા ફરતા દક્ષિણ દેશમાં મુમુક્ષુઓને ઉપદેશ આપતા વ્યાપકાનંદ મુનિ માર્ગમાં અરણ્ય ઉંલ્લંઘીને ભૂપાલ (ભોપાલ) નામની નગરીમાં આવ્યા. (૯) તે શહેરથી બહાર શંકરના દેવાલયની સમીપે આવેલી એક ધર્મશાળામાં પોતાના મંડળ સહિત તે મુનીન્દ્ર નિવાસ કરીને રહ્યા. (૧૦)

ત્યારબાદ મુનિવર્ય વ્યાપકાનંદસ્વામી પોતાની પાસે આવતા જનસમુદાયને નિરંતર ઉપદેશ આપી, તેમને શ્રીહરિનો આશ્રય કરાવતા હતા. (૧૧) તે નગરનો રાજા મ્લેચ્છ હતો. તે રાજાનો કારભારી તે પુરનો એક વિચક્ષણ વણિક હતો. (૧૨)

તે કારભારી એક સમયે તે રાજાના અપરાધમાં આવ્યો. તેથી ક્રોધ પામેલા તે રાજાએ તે કારભારીને જેલમાં પૂરી દીધો. (૧૩) જેલમાં પીડા પામતો તે કારભારી જેલખાનામાં તે પ્રમાણે ઘણા દિવસ રહ્યો. ત્યારબાદ રાજાએ તેને જેલમાંથી મુક્ત કર્યો. (૧૪)

પછી રાજાએ તેને કરોડ રૂપિયાનો દંડ કર્યો. તેનો યથાયોગ્ય સાક્ષીસહિત લેખ કર્યો કે. (૧૫) એક માસમાં મારા કરોડ રૂપિયા આ વણિકે આપવા, જો તેમ નહિ આપે તો હું તેને મુસલમાન કરીશ. (૧૬)

તે રાજાએ એવો નિયમ કરીને પુરના ધનાઢ્ય મહાજનોને તે વણિકના જામીન કબૂલ કરી તે કારભારી વણિકને પોતાને સ્થાનમાં જવા માટે આજ્ઞા આપી. (૧૭) તે દંડ ભરી દેવા ઇચ્છતા તે વણિકે પોતાનું ઘર, ભૂષણો, વસ્ત્રો વગેરે સર્વ વસ્તુઓ વેચી દીધી. (૧૮)

મુસલમાન થવાથી શંકરપણું પ્રાપ્ત થશે. એ બીકથી ત્રાસ પામેલા તે વણિકે દંડ ભરવા ઘણું કરજ પણ કર્યું અને રાજાને એક લાખ રૂપિયા આપ્યા. (૧૯) પણ દંડના રૂપિયા પુરા થયા નહિ તેથી તે વણિક ચિંતાગ્રસ્ત બની અત્યંત વ્યાકુળ થયો. (૨૦)

શોકરૂપી સમુદ્રમાં ડૂબેલા તે વણિક આ પ્રકારે ચિંતવન કરવા લાગ્યો. ઘણા પ્રયત્નો કરવા છતાં પણ આ દંડની રકમ પૂરી નહી થાય. (૨૧) રાજાએ એક માસની જે અવધિ બાંધી છે તેમાં તો હવે પાંચ જ દિવસ બાકી છે. હવે ઝાઝો સમય નથી રહ્યો. (૨૨)

આ રાજા હવે આજથી પાંચમે દિવસે મને નક્કી મુસલમાન કરશે. તેથી હવે મારે જીવીને શું કરવું ? (૨૩) આવી રીતે વિચાર કરીને તે પુરની બહાર મુનિના નિવાસ પાસે શંકરના સુંદર મંદિર પ્રત્યે ગયો. (૨૪)

તે પછી તે વણિક તે મંદિરની ઘણી પ્રદક્ષિણા કરતાં રડતો રડતો શોકથી પીડા પામી આ પ્રમાણે દીન વચન બોલ્યો. (૨૫) હા ! હા ! આ રાજા મને વર્ણશંકર કરશે, ધર્મરહિત મારો આ જન્મ હવે વ્યર્થ જશે. (૨૬)

જ્ઞાતિના સર્વ માણસો પણ મને જ્ઞાતિ બહાર કરશે. આ અત્યંત કષ્ટથી મારી હવે કોણ રક્ષા કરશે ? (૨૭) આ પ્રકારે દીન બની શોકથી આક્રંદ કરતા તે વણિકે તે સ્થળમાં વ્યાપકાનંદ વગેરે સંતોને જોયા. (૨૮)

તે પછી જેનું અંતઃકરણ દુઃખી છે એવા તે વણિકે શાંત સ્વભાવ યુક્ત તે સાધુઓને પ્રણામ કર્યા અને અત્યંત રડવા લાગ્યો. હે રાજન્ ! તે વણિકને રડતો જોઈ તે સાધુઓને અત્યંત દયા ઉત્પન્ન થઈ. (૨૯)

તે સાધુઓમાં વ્યાપકાનંદ સ્વામી તો તે રડતા વણિકને શાંત પમાડતા પૂછવા લાગ્યા, હે વણિક ! તારે શું દુઃખ છે ? તે મને કહે. (૩૦) આ પ્રકારે તે મુનિએ પૂછ્યું; એટલે તે વણિકે પોતાનું દુઃખ કહ્યું, તેનું દુઃખ સાંભળીને વ્યાપકાનંદ મુનિએ તેને કહ્યું. (૩૧)

હે વણિક ! હમણાં નિયમ ગ્રહણ કરીને શ્રીસ્વામિનારાયણનો આશ્રય જો તું કરે તો તારું સમગ્ર દુઃખ નાશ પામે. (૩૨) તે મુનિના વચનમાં વિશ્વાસવાળા તે વણિકે પોતાના પુત્રાદિકની સાથે વ્યાપકાનંદ મુનિ પાસેથી નિયમ ગ્રહણ કરીને પ્રત્યક્ષ શ્રીહરિનો આશ્રય કર્યો. (૩૩)

ત્યારપછી તે વણિક સંતોને નમસ્કાર કરીને પોતાના સંબંધિઓ સાથે પોતાને ઘેર ગયો. ત્યાં ઉચ્ચ સ્વરે શ્રીસ્વામિનારાયણના નામનું કલ્યાણકારી કીર્તન તે કરવા લાગ્યો. (૩૪) આ પ્રકારે સાધુનું વચન માનીને શ્રીસ્વામિનારાયણ પ્રત્યક્ષ પરમેશ્વર છે એમ માનીને જેણે આશ્રય કર્યો છે એવા તે વણિકની રક્ષા કરવા માટે અને તે મુનિની વાણી સત્ય કરવા માટે ધર્મપુત્ર શ્રીહરિએ ઈચ્છા કરી. (૩૫)

ત્યાર પછી ધર્મનંદન શ્રીહરિ અત્યંત શોભતા ધનિક વણિકનો વેશ ધારણ કરી, સર્વોત્તમ શેઠ સ્વરૂપે પોતાના વણિક વાણોતરોથી વીંટાઈને, ભોપાલ શહેર પ્રત્યે પધાર્યા. (૩૬)

લાલ, સુંદર સુવર્ણનાના તારથી શોભતું એવું જે વસ્ત્ર તેનાથી જેમણે કેડ્ય બાંધી છે એવા, અત્યંત શોભાયમાન બંને ખભા ઉપર ઓઢવાનું ઉત્તમ વસ્ત્ર ધારણ કરનારા, તેમજ મસ્તક ઉપર મોળિયું ધારણ કરનારા. (૩૭) પહોળો અને સુંદર જે જામો તેના હાલવાથી અત્યંત શોભાથી અતિસુંદર જણાતા, લાંબુ વિશાળ, કોમળ, અત્યંત ચંચળ અને સુંદર જેમનું લલાટ છે એવા, જેમની લીલા રમણીય છે એવા. (૩૮)

રુસનાઈ સાહીથી ભરોલો સોનાનો શ્રેષ્ઠ ખડીયો કેડ્યમાં બાંધેલાં સુંદર વસ્ત્રમાં સારી રીતે ધારણ કરેલો, જમણા કાનમાં સુંદર કલમ ધારણ કરી છે. એવા, (૩૯) જેમના ખભા ઉપર રૂપિયાની ભરેલી કોથળીઓ છે એવા, ઘણા સેવકોથી યુક્ત, વણિકોને અનુરૂપ અત્યંત મધુર વાણી બોલતા, મંદહાસ્ય મુખવાળા. (૪૦)

આવી રીતે ધનાઢ્ય વણિકના રૂપમાં આવેલા શ્રીહરિએ પોતાના નોકરો સહિત તે નગરમાં પ્રવેશ કર્યો. પછી ત્યાંના રાજાના અમાત્યનું ઘર તે નગરના લોકોને પૂછતા પૂછતા ત્યાં ગયા. (૪૧)

તે રાજાના અમાત્યે તેમનું સન્માન કર્યું. અને તે વણિક શેઠના સ્વરૂપે આવેલા આશ્ચર્ય પમાડતા દિવ્ય શ્રીહરિના દર્શનથી વિસ્મય પામેલા તે રાજાના અમાત્ય પ્રત્યે શ્રીહરિ બોલ્યા; હે અમાત્ય ! અહીંના રાજાએ કરોડ રૂપિયા સુધીનો દંડ કર્યો છે. (૪૨)

તે વણિક પહેલાં મારો સેવક હતો. તે હાલમાં રાજાનો દંડ આપવા શક્તિમાન નથી. તેથી રાજા તેને મુસલમાન કરશે. (૪૩) તેથી તે વણિકનો સુખકર ધર્મ નાશ પામશે. તેવું સાંભળીને હું જ તેના દંડની સમગ્ર રકમ આપીને તેના ધર્મનું રક્ષણ કરવા માટે આવ્યો છું. (૪૪)

આ પ્રકારનું વચન સાંભળીને તે ઉદાર બુદ્ધિ રાજાના અમાત્ય શ્રીહરિ સ્વરૂપે આવેલા શેઠ પ્રત્યે કહેવા લાગ્યા. હે મતિમાન શેઠ ! મને તમો કરોડ રૂપિયા આપો અને મારી પાસેથી તેનો લેખ પાછો લ્યો. (૪૫)

એટલે શ્રી હરિએ કહ્યું, 'બહુ સારું' એમ કહીને તત્કાળ તે રાજાના અમાત્યને તેમણે કરોડ

રૂપિયા આપ્યા અને તે અમાત્ય પાસેથી તે વણિકના દંડ સંબંધીનો લેખ પાછો લીધો. (૪૬)

પછી આત્મતંત્ર સ્વયં શ્રીહરિ તત્કાળ પોતાના આશ્રિત તે વણિકની સમીપે ગયા અને તેના હાથમાં તેનો લેખ આપીને તરત જ અંતર્હિત થયા. (૪૭) તેથી તે વણિક અત્યંત વિસ્મય પામ્યો અને અત્યંત હર્ષ પામી આ પ્રમાણે ચિંતવન કરવા લાગ્યો. વ્યાપકાનંદ સ્વામીએ જે મને કહ્યું હતું. (૪૮)

તે પ્રમાણે જ વણિકનો વેશધારીને પ્રત્યક્ષ શ્રીહરિએ આ સમયે મારી રક્ષા કરી. તેથી જરૂર તે સ્વામિનારાયણ ઈશ્વરના ઈશ્વર પ્રત્યક્ષ ભગવાન છે. (૪૯) તે વણિકે આ પ્રમાણે નિશ્ચય કરીને પોતાના સંબંધઓને તે વૃત્તાંત કહ્યું. સંબંધીજનો તે સાંભળીને અત્યંત આશ્ચર્ય પામ્યા અને હર્ષપૂર્વક આ શ્રીહરિનો પ્રતાપ છે તેમ કહેવા લાગ્યા. (૫૦)

ત્યારબાદ તે કરોડ રૂપિયાનો દંડ લેવા ઈચ્છતા રાજાએ તે વણિકને બોલાવવા માટે મોકલાવેલ નોકર તે વણિકને રાજાના દરબારમાં લઈ ગયો. (૫૧) તે વણિકને જોઈને તે રાજા તેના પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. હે વણિક ! તમે તમારો જે દંડ થયો છે તે રૂપિયા મને આપો; નહિ તો હું તમોને મુસલમાન કરીશ. રાજાનું આ વચન સાંભળીને તે વણિકે નમ્રતા પૂર્વક કહ્યું. (૫૨)

હે રાજન્ ! તમે મારો લેખ બતાવો. તે મારો લેખ જોઈને તમોને દંડની રકમ હું આપીશ. તેમનું આ વચન સાંભળીને તે રાજાએ તે લેખ લાવવા પોતાના અમાત્યને બોલાવ્યો. (૫૩) અમાત્ય આવ્યા એટલે તે રાજાએ તેમને કહ્યું હે રાજન્ ! તમો આ વણિકનો લેખ મને આપો. આ પ્રમાણે રાજાએ કહ્યું તેથી મંત્રીએ વિનયપૂર્વક તે રાજાને કહ્યું. (૫૪)

હે રાજન્ ! અદ્‌ભુત અને સૌમ્યરૂપવાળા નોકરો સહિત આ વણિકના શેઠે મને કરોડ રૂપિયા આપી દીધા છે અને મારી પાસેથી તેઓ લેખ લઈ ગયા છે. (૫૫) આ પ્રમાણે પોતાના મંત્રીનું વચન સાંભળીને તે રાજાએ પોતાના પ્રથમ મંત્રી તે વણિકને આ પ્રમાણે કહ્યું, હે વણિક ! તમારો શેઠ કોણ છે ? આ પ્રમાણે રાજાએ પૂછ્યું તેથી તે બુદ્ધિમાન વણિકે વિનય પૂર્વક તે રાજાને આ પ્રમાણે કહ્યું. (૫૬)

હે રાજન્ ! મારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિ એજ મારા શેઠ છે. તેમના વિના બીજા મારા કોઈ શેઠ નથી એમ કહીને તત્કાળ તેણે રાજાને તે લેખ બતાવ્યો. (૫૭) તે લેખ જોઈને તે રાજા વિસ્મય પામ્યો. અને સભામાં બેઠેલા સભ્યો પણ અત્યંત આશ્ચર્ય પામ્યા અને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે વણિક ! તમારું રક્ષણ કરનાર તે શ્રીસ્વામિનારાયણ ઈશ્વરના ઈશ્વર ભગવાન જ છે. (૫૮) જો તે ભગવાન ન હોય તો પરોપકાર કરવા માટે કરોડ રૂપિયા કોણ આપે ? તેથી શ્રીહરિ ભગવાન નિશ્ચય અત્યંત દયાળુ છે. (૫૯)

તે પુરનાજનો અત્યંત શક્તિવાળા શ્રીહરિનું આ પરમ ઐશ્વર્ય પામ્યા અને શ્રીહરિનો પ્રતાપ ગાવા લાગ્યા. (૬૦) ત્યાર પછી તે પુરના જનોમાં જે મુમુક્ષુઓ હતા. તેમણે તે વ્યાપકાનંદ મુનિ પાસે નિયમ લઈને ઈશ્વરના ઈશ્વર પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિનો દઢ આશ્રય કર્યો. (૬૫)

આવી રીતે સાધુજનોમાં ઉત્તમ એવા વ્યાપકાનંદ મુનિનું વચન સત્ય કરવા માટે અત્યંત દુઃખી થયેલા તે વણિકને તત્કાળ કરોડ રૂપિયા આપીને સર્વના પતિ સર્વજ્ઞ શ્રીહરિએ તેની મોટા ઋણથી રક્ષા કરી. અને અત્યંત દયાપૂર્વક પોતાનું દિવ્ય ઐશ્વર્ય મનુષ્યોને બતાવ્યું. (૬૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ વ્યાપકાનંદ મુનિનું વચન સત્ય કરી ભૂપાળના રાજાના અમાત્યની રક્ષા કરી તે નિરૂપણ નામે પચીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૫)



અધ્યાય ૨૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ત્યાર પછી વ્યાપકાનંદ મુનીન્દ્ર પોતાના મંડળ સહિત અજ્ઞાની જનોને ઉપદેશ આપવા માટે ભોપાલ નગરથી ચાલ્યા. (૧) હે રાજન્ ! ત્યાર પછી આ લોકમાં વિચરતા મહાયોગી વ્યાપકાનંદ સ્વામી હૈદ્રાબાદ નામના અતિરમ્ય મોટા નગરમાં પહોંચ્યા. (૨)

ધીર તથા દીર્ઘ દૃષ્ટિવાળા, યોગ જાણનાર, મંડળ સહિત મુનિએ તે પુરથી બહાર પોતાને યોગ્ય એવા સ્થાનમાં નિવાસ કર્યો. (૩) ત્યારબાદ વ્યાપકાનંદ મુનિ દરરોજ પોતાની સમીપે આવેલા પુરના જનોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી વાતો કરીને તેમને ઉપદેશ આપતા હતા. (૪)

તે જનો તે મુનિનું સાધુપણું તેમજ યોગ ઐશ્વર્ય જોઈને વિસ્મય પામ્યા. અને વ્યાપકાનંદ મુનિની પ્રશંસા કરતા તેમનો સમાગમ કરવા લાગ્યા. (૫) હૈદરાબાદના રાજાના કારભારી ઈન્દ્રજીત બ્રાહ્મણ હંમેશા તે મુનિની વાતો સાંભળતા હતા. અને તે મુનિની સેવા કરતા હતા. (૬)

તે બ્રાહ્મણના પુત્ર હરદત્તનું શરીર મહારોગથી પીડા પામ્યું હતું અને એ રીતે કૃશ શરીરવાળા અને દુઃખી અને જેનું મૃત્યુ સમીપે આવ્યું છે તેવા. (૭) તે બ્રાહ્મણ ઈન્દ્રજીતના સગા સંબંધીઓ ઈન્દ્રજીતને કહેલા લાગ્યા. હે ઈન્દ્રજીત ! તમે હંમેશા જેની વાતો સાંભળો છો. તે મુનિના દર્શન તમારા પુત્રને જ્યારે થાય. (૮) ત્યારે તમારા માંદા પુત્રને શાંતિ થાય. આ પ્રકારની પોતાના બંધુજનોની વાણી સાંભળીને તે ઈન્દ્રજીતે પોતાના પુત્ર હરદત્તને તે મુનિના દર્શન કરાવવાનો વિચાર કર્યો. (૯) પછી તે ઈન્દ્રજીતે પોતાના પુત્રની પીડા શાંત થાય તે માટે સિદ્ધયોગી તે મહામુનિને તેમના મંડળ

સહિત સન્માન પૂર્વક પોતાને ઘેર લઈ ગયા. (૧૦)

પછી પાટ ઉપર તે મહામુનિને ઈન્દ્રજીતે યથાયોગ્ય પધરાવ્યા અને ત્યારબાદ ઈન્દ્રજીતે રોગથી પીડા પામતા પોતાના પુત્રને તે મુનિના દર્શન કરાવ્યા. (૧૧) પછી તે ઈન્દ્રજીત બ્રાહ્મણે નવીન વસ્ત્રો અને સુગંધિમાન ચંદન તથા શ્રેષ્ઠ પુષ્પના હાર વગેરે ઉપચારોથી તે મહામુનિ તથા તેમના મંડળના સંતોની પૂજા કરી. (૧૨)

તેટલામાં તે ઈન્દ્રજીત બ્રાહ્મણનો તે પુત્ર મૃત્યુ પામ્યો તેથી તે ઈન્દ્રજીત વિપ્ર આંખમાંથી અશ્રુ સારતો શોક સમુદ્રમાં ડૂબી ગયો. (૧૩) અત્યંત દયાળુ કરમાઈ ગયેલા મુખવાળા તે બ્રાહ્મણને જોઈને વ્યાપકાનંદ મુનિ તેને પૂછવા લાગ્યા. હે દ્વિજરાજ ! કેમ શોક કરો છો ? (૧૪)

તે મુનિએ પૂછ્યું એટલે તે વિપ્રે કહ્યું કે, હે કરુણાનિધે ! મારો પુત્ર હમણાં મરણ પામ્યો છે. (૧૫) તેનું વચન સાંભળીને તે દયાળુ વ્યાપકાનંદ સ્વામી ફરી તે વિપ્ર પ્રત્યે તેની શોકની નિવૃત્તિ થાય તે માટે બોલ્યા. (૧૬)

હે વિપ્રવર્ય ! તમો તમારા પુત્રનું શરીર જુઓ તે પુત્રના શરીરમાં જીવ છે કે શરીરમાંથી નીકળી ગયો છે ? (૧૭)

એ પ્રમાણે તે મુનિએ કહ્યું એટલે તે બ્રાહ્મણ તરત જ પોતાના પુત્ર પાસે ગયો અને તે પુત્રને જોઈને અને તેને મૃત્યુ પામેલો જાણી ફરી તે મુનિની સમીપે આવ્યો. (૧૮)

તે વિપ્ર પોતાના પુત્રના મૃત્યુનો શોક કરતો અશ્રુભરી આંખે વ્યાપકાનંદ મુનિ પાસે આવ્યો અને તેમને આ પ્રમાણે કહ્યું. હે મુનિન્દ્ર ! મારા પુત્રના શરીરમાંથી જીવ નીકળી ગયો છે. (૧૯)

યોગિવર્ય, દયાનિધિ તે વ્યાપકાનંદ મુનિ તેનું આવું વચન સાંભળીને તે વિપ્ર તથા પોતાના સાધુઓની સાથે તેના પુત્ર પાસે ગયા. (૨૦) પછી વ્યાપકાનંદ મુનિ સ્વામિનારાયણ શ્રીહરિનું હૃદયમાં ધ્યાન કરી જેના શરીરમાંથી જીવ નીકળી ગયો છે એવા તે વિપ્રના પુત્રના નેત્ર તરફ જોવા લાગ્યા. (૨૧)

શ્રીહરિએ જેમણે પ્રેરણા કરી છે તે બુદ્ધિશાળી વ્યાપકાનંદ મુનિએ પોતાના યોગ પ્રભાવથી તે જીવ તેના પાપ કર્મથી યમપુરીમાં ગયો છે એમ જાણી લીધું. (૨૨)

એટલે પ્રત્યક્ષ શ્રીહરિને સંભારી, વ્યાપકાનંદ સ્વામી સમાધિ દ્વારા તત્કાળ યમપુરીમાં ગયા. તે પુરીમાં યમરાજાએ મુનિને જોયા. (૨૩)

ધર્મ રાજાએ તે મુનિને માન આપીને શાંતિપૂર્વક ઉત્તમ આસન ઉપર બેસાડ્યા. સૂર્યસમાન તેજવાળા તે મહામુનિ વ્યાપકાનંદ સ્વામીને તે કહેવા લાગ્યા. (૨૪) હે દયાનિધે ! હે મહાયોગિન્ ! તમો અહીં કેમ પધાર્યા ? મારા યોગ્ય જે કામ હોય તે કહો. હું તે કરું (૨૫)

આવી રીતે યમરાજાએ કહ્યું. એટલે તે મુનિરાજ યમપ્રત્યે બોલ્યા હે યમ ! ઈંદ્રજીત વિપ્રના પુત્રને તેના કર્મના બંધનથી તમારા દૂતો અહીં લાવ્યા છે. (૨૬)

હે વિદ્વન્ ! તે પુત્ર તત્કાળ મને આપો. વ્યાપકાનંદ સ્વામીનું આવું વચન સાંભળીને તે યમે સ્વામીને કહ્યું; હે સ્વામિન્ ! તમોએ માગેલો તે બ્રાહ્મણપુત્ર અત્યંત પાપી છે. (૨૭)

તે દુર્મતિ ઘણા સમય સુધી આ નરકનું દુઃખ ભોગવશે. માટે હવે નરકમાંથી તેનો ઉદ્ધાર કેમ થાય ? (૨૮)

આ પ્રકારે યમે કહ્યું તેથી તે મુનિ યમ પ્રત્યે કહેવા લાગ્યા, હે યમ ! આ બ્રાહ્મણનો પુત્ર મહાપાપી છે, પરંતુ તેનો શ્રીસ્વામિનારાયણના પ્રભાવથી નરકમાંથી ઉદ્ધાર કરો. (૨૯) તે મુનિના આ વચન સાંભળીને યમરાજાએ મહામુનિ વ્યાપકાનંદ સ્વામી પ્રત્યે કહ્યુ, હે મુનિ ! શ્રી સ્વામિનારાયણ તમોને તથા મને અત્યંત માનનીય છે. (૩૦)

તેથી હે યોગિવર્ય ! અત્યંત પ્રતાપશાળી આપ આ બ્રાહ્મણના દુષ્કર્મ કરનારા પાપીષ્ઠ પુત્રને હમણાં તેના પુરમાં લઈ જાઓ. (૩૧) તે યમે આ પ્રમાણે કહ્યું અને પછી તત્કાળ તે મુનિને તે બ્રાહ્મણ પુત્ર આપ્યો. એટલે વ્યાપકાનંદ મુનિ તેને લઈને પોતાના યોગ પ્રભાવથી બ્રાહ્મણ પુત્રના પુરમાં આવ્યા. (૩૨)

પછી મુનિરાજ વ્યાપકાનંદ સ્વામીએ જેનો પ્રાણ ગયો છે. એવા તે બ્રાહ્મણ પુત્રના શરીરમાં તેના જીવને યોગ બળથી પ્રવેશ કરાવ્યો. પછી તરત જ તેના નામથી તે બ્રાહ્મણ પુત્રને તેમણે બોલાવ્યો. (૩૩) તેથી મૃત્યુ પામેલો બ્રાહ્મણ પુત્ર તરત જ ઊઠ્યો. તેના પિતા તથા અન્યજનો તો આ આશ્ચર્ય જોઈને અત્યંત આનંદ પામ્યા. (૩૪)

વિપ્રના પુત્રે ઊઠીને વ્યાપકાનંદ સ્વામીને નમસ્કાર કર્યા અને પછી બોલ્યો, હે મુને ! આપ દયાળુએ મને નરકના દુઃખમાંથી મુકાવ્યો છે. (૩૫) પછી તે બ્રાહ્મણનો પુત્ર સર્વજનો સાંભળે તે પ્રમાણે પોતાના પિતાને પોતે અનુભવેલું નરક યાતનાનું સમગ્ર વૃત્તાંત કહેવા લાગ્યો. (૩૬)

હે પિતા ! હું તો મારા દુષ્કર્મોથી યમદૂતોની સાથે યમની નગરીમાં ગયો હતો. આ યમપુરીમાં પાપીજનો પોતે કરેલા પાપકર્મોનું ફળ ભોગવે છે. (૩૭) હે તાત ! નરક સંબંધી દુઃખનું વર્ણન કરવા હું શક્તિમાન નથી. તેવા દુઃખમાંથી આ દયાળુ મુનિએ મારું રક્ષણ કર્યું છે. (૩૮)

આ પ્રમાણે પોતાના પિતાને તેણે કહ્યું અને પછી વ્યાપકાનંદ સ્વામી પ્રત્યે કહેવા લાગ્યો. હે મુને ! ફરીથી આવા દુષ્કર્મો હું ક્યારેય નહિ કરું. સ્વામિનારાયણ પ્રગટ ભગવાનના આશ્રયવાળા તમો મને શ્રી સ્વામિનારાયણનું શરણ અપાવો. (૩૯)

તે બ્રાહ્મણના પુત્રે આ પ્રમાણે કહ્યું અને પછી હાથમાં જળ લઈ તે મુનિ પાસેથી શરણાગતિના

નિયમો ગ્રહણ કર્યા. પછી પોતાના પાપ કર્મો સંભારતો તે બ્રાહ્મણ પુત્ર નરકના દુઃખમાંથી પોતાનું રક્ષણ કરનાર મુનિની સ્તુતિ કરવા લાગ્યો. (૪૦)

તેના પિતાએ પણ મુનિના ચરણમાં પ્રીતિપૂર્વક નમસ્કાર કરીને કહ્યું, 'હે મુને ! આજથી હું તમારો સેવક છું. (૪૧) તે બ્રાહ્મણે આ પ્રમાણે કહ્યું અને પછી પોતાના સર્વ કુટુંબીજનોને પણ તે મુનિ પાસે નિયમો ધારણ કરાવ્યા અને તેમને સર્વને શ્રીહરિનો આશ્રય કરાવ્યો. (૪૨)

આ રીતે પ્રસન્ન થયેલા તે બ્રાહ્મણે પછી ભોજન જમાડી તે મુનિઓને તૃપ્ત કર્યા. પછી વિવિધ ઉપચારોથી તેમની પૂજા કરી ત્યારબાદ તે સંતો પોતાના સ્થાનમાં ગયા. (૪૩) પુરના કેટલાક મનુષ્યો બ્રાહ્મણના પુત્રને વ્યાપકાનંદ મુનિએ સજીવન કર્યો. તે ઐશ્વર્ય જોઈને અને સાંભળીને અત્યંત આશ્ચર્ય ચકિત થઈ ગયા. તેમજ હે રાજન્ ! તે પુરનો રાજા પણ આશ્ચર્ય પામ્યો. (૪૪)

ત્યાર પછી તે રાજાએ પણ તે મુનિને મહાસિદ્ધ જાણી તેમને તેમના મંડળ સાથે તેમને યોગ્ય નિવાસ સ્થાનમાં પોતાના મહેલમાં આનંદપૂર્વક નિવાસ કરાવ્યો. (૪૫) તે રાજા તથા તેના સેવકો રાત્રિ દિવસ તે મુનિની સેવા કરતા હતા. તેમજ તે મુનિ પાસે ધર્મ જ્ઞાનાદિક વાર્તા પણ હર્ષપૂર્વક સાંભળતા હતા. (૪૬)

પછી મુનીન્દ્ર વ્યાપકાનંદ સ્વામીએ તે રાજાને, જેનાથી આત્યંતિક મોક્ષ થાય છે. એવો શ્રીસ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશ્રય કરાવ્યો. (૪૭) તેથી તે મુનિવરને વિષે તે રાજાને ઘણી પ્રીતિ થઈ. પછી તે રાજાએ અનેક પ્રકારના વિઘ્નો તેમજ આપત્તિઓનો નાશ કરવા સમર્થ એવા તે વ્યાપકાનંદ મુનિને સદા પોતાના મહેલમાં જ રાખવા માટે ઈચ્છા કરી. (૪૮)

પછી એક સમયમાં વૈષ્ણવાનંદ આદિક સાધુઓ વ્યાપકાનંદ સ્વામીને કહેવા લાગ્યા. હે મુને ! આ રાજા આપણને અહીંથી બીજે ઠેકાણે જવા નહિ દે. (૪૯) એટલે આપણને અહીં મોટું બંધન થશે. આપણને અત્યંત પ્રિય એવા શ્રીહરિ તેમને મળી તેના દર્શન આપણે ક્યારે કરીશું ? (૫૦)

તે સાધુનું આ વચન સાંભળીને તે મુનિએ તેમને કહ્યું કે, તમો ચિંતા ન કરશો. એ પ્રકારે તેમને શાંતિ આપી અને પરમ શ્રીહરિનું ધ્યાન કરીને આ પ્રમાણે સંકલ્પ કર્યો. (૫૧) જો હમણાં અહીં વરસાદ થાય તો અહીંથી અમારે જવાનું થાય આવો સંકલ્પ કરતાં જ તે સમયે આકાશ સઘન વાદળોથી છવાઈ ગયુ. (૫૨)

વાયુ વાવા લાગ્યો. આકાશમાં ગર્જના તેમજ વીજળી થવા લાગી અને ઘણો વરસાદ થયો. (૫૩)

આકાશમાં મેઘની ઘટા સમગ્રપણે છવાઈ ગઈ હોવાથી અત્યંત અંધકાર થઈ ગયો. આ

પ્રમાણે અચાનક થયેલી મેઘ વૃષ્ટિથી લોકોને ઘણી શાંતિ થઈ. (૫૪)

આવી રીતે સમય વિના જ પોતાના યોગબળથી વૃષ્ટિ કરીને તે યોગિવર્યે પુરનાજનો ન જાણે તે પ્રમાણે પોતાના મંડળ સહિત ત્યાંથી પ્રયાણ કર્યું. (૫૫) શ્રીહરિના દર્શન કરવામાં ઉત્કંઠા જેમને છે એવા બુદ્ધિશાળી તે મુનિ માર્ગમાં ચાલતા પોતાના શિષ્યો સહિત ગઢપુર પહોંચ્યા. શ્રીહરિએ તેમનો સત્કાર કર્યો. એ રીતે તે મુનિ ગઢપુરમાં રહ્યા. (૫૬)

પરંતુ તે રાજાએ તો તત્કાળ તે મુનિને ખોળવા માટે ઘણા ઘોડેસવારો મોકલ્યા તો પણ તે મુનિન્દ્ર તો મળ્યા જ નહિ. તેથી તે રાજા જેમ કોઈને નિધિ (ખજાનો) પ્રાપ્ત થાય અને પછી તે નષ્ટ થાય ત્યારે તે જેવો શોકમગ્ન બની જાય તેમ શોકમગ્ન બની ગયો. (૫૭)

શાંતિકારી શ્રીધર્મપુત્ર શ્રીહરિએ આ પ્રકારે વ્યાપકાનંદ મુનિ દ્વારા આ લોકમાં ઘણાં જનોને પોતાના દિવ્ય ઐશ્વર્ય બતાવ્યા. (૫૮) હે રાજન્ ! તે સર્વ ઐશ્વર્ય કહેવા માટે હું અસમર્થ છું. તેથી તે સમગ્ર ઐશ્વર્યમાં આ તો કિંચિંત ઐશ્વર્ય મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. શાંતિકારક આ ઐશ્વર્ય તમારે સદા હૃદયમાં ધારણ કરવું. (૫૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં વ્યાપકાનંદ મુનિ દ્વારા શ્રીહરિએ ઐશ્વર્ય પ્રદર્શિત કર્યું એ નામે છવ્વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૬)



અધ્યાય ૨૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અખંડાનંદ નામના દયાળુ સાધુવર્ય જેઓ મહાતપસ્વી, જ્ઞાની, તેમજ વૈરાગ્યવાન હતા. (૧) આત્મનિષ્ઠ, સુખ દુઃખ, ટાઢ, તડકો, ભૂખ-તરસ વગેરે દ્વંદ્વોથી રહિત, રાત્રિ દિવસ ધ્યાનમાં આસક્ત, લોભ, કામ વગેરે દોષોથી રહિત, તિતીક્ષાવાળા, ધૈર્યવાન, કોમળ સ્વભાવવાળા. (૨)

પરમાત્માની એકાંતિક ભક્તિવાળા, ઉપશમ પામેલા ઉપદેશ આપવામાં નિપુણ, પવિત્ર અંતઃકરણવાળા, સર્વ ગુણોથી શોભતા. (૩) એવા અખંડાનંદ મુનિ એક સમયે પરમાત્માની પ્રેરણાથી પોતાના મંડળ સહિત અજ્ઞાની જનોને ઉપદેશ આપવા આ ભૂતળમાં વિચરતા હતા. (૪)

સમાધિ સ્થિતિ પામેલા તે અખંડાનંદ મુનિ લોકોના સમુદાયને સમાધિ કરાવીને પ્રત્યક્ષ શ્રીહરિનો દૃઢ આશ્રય કરાવતા હતા. (૫) પોતાના શિષ્યો સહિત અખંડાનંદ મુનિ માર્ગમાં ચાલતા

એક ઘોર વનમાં આવ્યા હર્ષપૂર્વક શ્રીહરિનું ધ્યાન કરતા તે શિષ્યોની સાથે તે વનમાં તેઓ આગળ ચાલવા લાગ્યા. (૬)

હે રાજન્ ! પરંતુ તેઓ માર્ગ ભૂલી ગયા અને બીજા માર્ગે એકલા ચાલવા લાગ્યા. અખંડાનંદ મુનિ વાઘથી ભરપૂર એવા એક નિર્જન સ્થાનમાં આવ્યા. (૭) પછી તે વનમાં તેમના શિષ્યોએ તેમને ચારે બાજુએ શોધ્યા, પરંતુ તેઓ જડ્યા નહિ, એટલે શોક કરતા તેમની વાટ જોઈને તે શિષ્યો એક સ્થળમાં રહ્યા. (૮)

અખંડાનંદ મુનિ તો મનુષ્યો જ્યાં ન જઈ શકે તેવા ભયંકર અરણ્યમાં આવ્યા. ત્યારે તેમણે ચાર મોટા વાઘ જોયા. (૯) તે સમયે પણ મૃત્યુના ત્રાસથી રહિત, સાધુઓમાં ઉત્તમ, આત્મારામ, પરમાત્માને પ્રિય એવા તે અખંડાનંદ મુનિ, પોતાના હૃદયમાં આ પ્રમાણે ચિંતવન કરવા લાગ્યા. (૧૦)

આ મોટા વાઘ હમણાં મારા આ શરીરને ફાડી ખાશે. તેથી હું તરત અક્ષર ધામમાં જઈશ. (૧૧) હમણાં જ આ દેહનો નાશ થશે. તેથી પ્રાકૃત અને અત્યંત અશુદ્ધ એવા આ દેહનો નાશ થાય તેમાં શી ચિંતા છે ? (૧૨)

આ તુચ્છ શરીરની કૃમિ, વિષ્ટા, ભસ્મ એવી સંજ્ઞા છે. તેથી તે શરીર આ વાઘોને ઉપયોગી થશે. દૈવયોગથી સારું જ થયું છે. (૧૩)

બ્રહ્મની સાથે એકાત્મ સ્થિતિ પામેલા અને તેમાં શ્રેષ્ઠ એવા અખંડાનંદ મુનિ આ પ્રમાણે વિચાર કરીને નિર્ભય બની, તે ભયંકર વાઘોની સન્મુખ તત્કાળ ગયા. (૧૪) તે સમયે મુનિવત્સલ, સર્વજ્ઞ, અચ્યુત શ્રીહરિએ આ વાઘ મુનિને ખાઈ જશે તેવું તેમનું કષ્ટ જાણીને તે મુનિની રક્ષા કરવા ઈચ્છા કરી અને તત્કાળ ત્યાં આવ્યા. (૧૫)

તે મુનીંદ્ર ભયંકર દેખાતા વાઘોને મળી, સહજાનંદ શ્રીહરિનું ચિંતવન કરતા કરતા તે ચાર વાઘની વચ્ચે ઊભા રહ્યા. (૧૬) મુનિની રક્ષા કરવા માટે જ ત્યાં આવેલા શ્રીહરિની ઈચ્છાથી તે વાઘો મુનીંદ્રને જોતા જ એકદમ ઊભા રહ્યા. (૧૭) ત્યાર પછી ચાર વાઘ મુનિની સમીપે આવ્યા એટલે ભયરહિત તે મુનિ બોલ્યા. (૧૮)

હે વ્યાઘ્રો ! તમે શું જુઓ છો ? મારો દેહ ફાડી ખાઓ. એટલે તે વાઘમાંના એકે પંજો ઉગામ્યો. (૧૯) આત્મનિષ્ઠ હોવાથી તે અખંડાનંદ મુનિ તે નિર્ભય બની ત્યાં ઊભા રહ્યા. પરંતુ તે વાઘે તો પ્રત્યક્ષ શ્રીહરિના પ્રતાપથી તે મુનિને કાંઈ ઈજા ન કરી. (૨૦) પછી શ્રીહરિની પ્રેરણાથી જેને જ્ઞાન પ્રાપ્ત થયું છે એવા તે વાઘોએ આ પ્રમાણે ચિંતવન કર્યું. સદ્‌ગુણી આ મુનીંદ્રને તો આપણે મારવા નહિ. (૨૧)

આપણા કર્મો વડે જ આ ઉગ્ર પાપયોનીને આપણે પામ્યા છીએ. અને નિત્ય ક્રૂર કર્મ કરીએ છીએ. (૨૨) મહાપ્રતાપશાળી, સત્પુરુષોમાં શ્રેષ્ઠ, આ મુનિની હિંસા કરવાથી ક્યારેય પણ આપણી પાપમાંથી મુક્તિ નહિ જ થાય. (૨૩) આવી રીતે તે વાઘો ચિંતવન કરીને મુનિની આગળ પરસ્પર ક્રીડા કરીને તે મુનિના ચરણમાં નમન કરીને, તેમની પ્રદક્ષિણા કરી. (૨૪)

પછી તે ચારેય વાઘ તે વનમાં પોતપોતાના નિવાસ સ્થાનમાં ગયા. ત્યારબાદ શ્રીહરિનું ધ્યાન કરતા તે મુનીંદ્ર તે સ્થાનમાંથી આગળ ચાલ્યા. (૨૫) અખંડાનંદ મહામુનિ પોતાની રાહ જોતા પોતાના શિષ્ય સાધુઓને મળ્યા. તેમને પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું અને પછી સૌ ગઢપુર આવ્યા. (૨૬)

હે નરપતે ! મુનિને પ્રિય, ધર્મના પુત્ર, પોતાના ભક્ત જનોનું રક્ષણ કરવામાં નિપુણ, શ્રીહરિએ આવી રીતે પોતાનું અતુલનીય ઐશ્વર્ય બતાવીને તે નિર્જન અરણ્યમાં પણ મુનિવર અખંડાનંદ મુનિનું તત્કાળ ભયંકર વાઘથી રક્ષણ કર્યું. (૨૭)

અનવધિકાતિશય, કારુણ્યનિધિ, તે શ્રીહરિના શ્રેષ્ઠ ચમત્કારો કહેવા માટે ભૂમંડળમાં કોણ સમર્થ થાય ? તેથી તે ચમત્કારોમાં મેં તમોને આ એક ચમત્કાર કહ્યો. (૨૮)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુ રૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ અખંડાનંદ મુનિનું રક્ષણ કર્યું એ નિરૂપણ નામે સત્તાવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૭)



અધ્યાય ૨૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે ધર્મપુત્ર શ્રીહરિ પોતાના આશ્રિત ત્યાગી અને ગૃહસ્થ ભક્તોની સામે સભામાં સુંદર શ્રેષ્ઠ સિંહાસન ઉપર વિરાજમાન થયા હતા. (૧) તે સમયે તે ભક્તોએ શ્રીહરિનું વસ્ત્ર, અલંકાર, ચંદન, પુષ્પના હાર, કપૂર, કર્ણગુચ્છો તથા તોરાઓથી પૂજન કર્યું. (૨)

તે ભક્તો શ્રીહરિની પૂજા કરીને પછી બેઠા. એટલે ધર્મપુત્ર શ્રીહરિએ ગાન વિદ્યામાં પ્રવીણ પ્રેમાનંદ વગેરે સાધુઓને કહ્યું, હે સંતો ! તમો કીર્તન ગાઓ. (૩) શ્રીહરિની આજ્ઞાથી તે ગવૈયા સંતોએ હર્ષપૂર્વક વાજિંત્રો સજ્જ કર્યાં. તે સમયે સભામાં વિપ્રસ્વરૂપ ધારી એક મુક્ત આવ્યા. (૪)

આ મુક્ત શ્રીહરિની સમીપે શ્રીહરિના ચરણમાં પોતાનું મસ્તક મૂકીને હાથ જોડી શ્રીહરિના મુખ કમળના દર્શન કરતા ઊભા રહ્યા. (૫) શ્રીહરિએ તે મુક્તને પૂછ્યું હે મુક્ત ! આપ ક્યાંથી આવ્યા ? ત્યારે તે મુક્તે કહ્યું, હે ઈશ્વર ! હું બદરીકાશ્રમમાંથી આવ્યો છું. (૬)

હે હરે ! હું નારાયણની પ્રેરણાથી આપની સમીપે આવ્યો છું, તેથી તે નારાયણે આપને કહેવાનો સંદેશો મને કહ્યો છે તે આપને હું એકાંતમાં કહેવા ઈચ્છું છું. (૭) તે મુક્તનું આ વચન સાંભળીને શ્રીહરિ તત્કાળ તે મુક્તની સાથે એકાંતમાં પધાર્યા. પછી તે મુક્તે હાથ જોડી આસન ઉપર બિરાજેલા શ્રીહરિને પ્રણામ કરીને કહ્યું. (૮)

હે હરે ! આપે પૃથ્વી ઉપર ફરતા ફરતા બદરીવનમાં નારાયણને મળીને હે નારાયણ ! હું તમારી મૂર્તિની સ્થાપના બે સ્થાનોમાં નિશ્ચય કરીશ એ પ્રમાણે કહ્યું હતું તેનું શું ? આપના ભક્તોની રક્ષા કરવામાં સદા તત્પર હે ભગવન્ ! આપને તે વચન સાંભરે છે કે નહિ ? (૯-૧૦) એ જાણવા માટે મને આપની સમીપે નારાયણે મોકલ્યો છે. તેથી હું આવ્યો છું. આ પ્રમાણે તે મુક્તે કહ્યું, ત્યારે ધર્મનંદન શ્રીહરિએ તે મુક્તને કહ્યું. (૧૧)

હે મુક્ત ! નારાયણની આગળ મેં જે પ્રતિજ્ઞા કરી છે તે હું ભૂલી ગયો નથી. તે પ્રમાણે મારે જરૂર કરવાનુ છે. (૧૨) પરંતુ અસુરનો નાશ કરી સત્પુરુષોનું રક્ષણ કરવાના કાર્યમાં વિલંબ થયો છે. હે મુક્ત ! આ પ્રમાણે સત્ય હકીકત તમે જાણો. (૧૩)

હે મુક્ત ! બદરીપતિ નારાયણને મેં જે તમોને કહ્યું તે પ્રમાણે તમો કહેજો. ત્યાં મારા મુક્ત આવશે તે પણ વિસ્તાર પૂર્વક તેમને કહેશે. (૧૪) તે પ્રમાણે તે મુક્તને શ્રીહરિએ કહ્યું. પછી પોતાની પ્રસાદી જમાડીને તે બદરીનારાયણના મુક્તને બદરીકાશ્રમમાં મોકલ્યા. પછી શ્રીહરિમાં સભામાં પધાર્યા. (૧૫)

હે રાજન્ ! એટલામાં શતાનંદમુનિ સભામાં આવ્યા. અહંતા તથા મમતા રહિત લોભ, કામ વગેરે દોષોનો ત્યાગ કરી, અષ્ટંગયોગમાં નિપુણ, દીર્ઘદષ્ટિવાળા પરમાત્માની આજ્ઞા પાળવામાં તત્પર, ભૂત ભવિષ્ય અને વર્તમાનકાળને જાણનાર, તપોનિધિ, પ્રત્યક્ષ શ્રીહરિના પ્રતાપથી પરસિદ્ધ પામેલા, બ્રહ્માંડમાં તેમજ બ્રહ્માંડથી બહાર સર્વ ઠેકાણે અપ્રતિહત ગતિવાળા, (૧૬,૧૭, ૧૮)

હરિના સર્વ ધામોમાં જનારા, અત્યંત ધૈર્યવાળા, અજાતશત્રુ, નિદ્રાજીત, ધ્યાનનિષ્ઠ, સંતોષી, (૧૯) ક્ષમા તથા દયાના સાગર સર્વ પ્રાણી માત્રના હિતકર્તા, ઉપદેશ આપવામાં અતિ ચતુર, શાંત સ્વભાવવાળા, જ્ઞાનવિજ્ઞાન સંપન્ન, કોમળ સ્વભાવવાળા, (૨૦) સર્વ પ્રત્યે ઉપકાર કરવામાં પ્રીતિવાળા, મહાત્માઓને માનનીય, અક્ષરબ્રહ્મની સાથે એકાત્મ ભાવને પામેલા પોતાના આત્મામાં નિષ્ઠાવાળા, (૨૧)

સત્ય, પ્રિય અને હિતકર વચન બોલનારા, ઉપશમ સ્થિતિવાળા, સકળ શાસ્ત્ર પારંગત, સાધુઓના સદ્‌ગુણ જે બ્રહ્મચર્ય વગેરે ગુણોના સ્થાનભૂત; (૨૨) પોતાના વચન પ્રમાણે અનુસરતા, યોગિવર્ય, સ્થિર દૃષ્ટિવાળા, તે શતાનંદમુનિને શ્રીહરિએ કહ્યું. (૨૩)

હે મુનિવર્ય ! મારી આજ્ઞાથી નરનારાયણના આશ્રમમાં તમો જાઓ. ત્યાં જઈને તે નરનારાયણને કહો કે શ્રીહરિ તમારી મૂર્તિ બે સ્થાનમાં પધરાવશે. (૨૪) એ સંદેશ કહીને પછી નરનારાયણના સ્થાનની દક્ષિણે દલજીત (દલુજી) યોગીની સમીપે તમો જજો. (૨૫) હે મહામુને ! પૂર્વે ઘણા જન્મમાં મુક્તિ માટે તેમણે, તપનેજ મુખ્ય સાધન માની, અથાગ પ્રયત્ન કર્યો છે. (૨૬)

હે શતાનંદ મુનિ ! પોતાના પૂર્વ સંસ્કારથી પરમાત્મામાં અત્યંત પ્રીતિવાળા, ભગવાનના ધ્યાનમાં તત્પર, ધર્મ, ભક્તિ વગેરેમાં અત્યંત તત્પર, તે દલુજીની અન્ય મુમુક્ષુઓની સાથે આ જન્મમાં પણ મુક્તિ માટે અનેક પ્રકારના સાધનો કરે છે. (૨૭, ૨૮)

તેથી હે યોગિરાજ ! સર્વ અવતારોના કારણ એવા મેં, રુડી બુદ્ધિવાળા દલજીત યોગિની અન્ય મુમુક્ષુઓ સાથે મુક્તિ કરવી છે, તેવો નિશ્ચય કર્યો છે. (૨૯) હે મહામુને ! મહા બુદ્ધિશાળી તે દલજીત યોગીને મળીને તમે મારા સ્વરૂપનો તેમને નિશ્ચય કરાવો. તેમને મારી લીલાઓ કહો. (૩૦)

હે રાજન્ ! યોગને જાણવામાં શ્રેષ્ઠ શતાનંદ મુનિએ શ્રીહરિનું તે વચન સાંભળીને તેને શિરોમાન્ય કરી, ત્યાંથી તત્કાળ જવાની ઈચ્છા કરી. (૩૧) ત્યાર પછી મુનીન્દ્ર શતાનંદ મુનિ, નેત્ર મીંચીને આકાશ માર્ગે ગરુડ તથા યોગી નારદમુનિની જેમ ઉડ્યા. (૩૨)

સર્વ આવરણોથી રહિત યોગિવર્ય શતાનંદ મુનિ યોગના પ્રભાવથી પ્રથમ નરનારાયણના આશ્રમમાં ગયા. (૩૩) ત્યાં નરનારાયણના આશ્રમમાં શતાનંદ મુનિનું નરનારાયણે સન્માન કર્યું. તેમણે નરનારાયણને કહ્યું કે, શ્રીહરિ બે સ્થાનમાં તમારી મૂર્તિની પ્રતિષ્ઠા કરશે, એ વૃત્તાંત કહીને તેઓ ત્યાં ત્રણ દિવસ રહ્યા. (૩૪)

હે રાજન્ ! ત્યારબાદ શતાનંદ મુનિરાજ નરનારાયણની આજ્ઞા લઈને પછી દલજીત યોગીની સમીપે ગયા. (૩૫) તે દલજીત યોગી સૂર્ય સમાન તેજવાળા શતાનંદ મુનિને જોઈ વિસ્મય પામ્યા અને પોતાની આજ્ઞા પાળતા અન્ય મુમુક્ષુઓની સાથે તેમની સમીપે આવ્યા. (૩૬)

જેમના દર્શન પવિત્ર છે. એવા, તે શતાનંદ મુનીંદ્રને બ્રહ્મ નિષ્ઠોમાં શ્રેષ્ઠ મહા પ્રતાપી જાણીને, તે દલજીત યોગીએ તેમને પ્રેમપૂર્વક નમસ્કાર કર્યા અને આ પ્રમાણે પૂછવા લાગ્યા. (૩૭) હે મહાયોગિ ! હે દયાનિધે ! તમો અહીં શા કારણથી પધાર્યા છો ? અત્યંત તેજસ્વી અને તપના નિધિરૂપ આપ મને તે કહો. (૩૮)

હે રાજન્ ! તે યોગીએ તે પ્રમાણે પૂછ્યું તેથી શતાનંદ મુનિ તે યોગીને આ પ્રમાણે કહેવા લાગ્યા. પશ્ચિમ પંચાલ દેશમાં શ્રેષ્ઠ ગઢપુર ગામ છે. (૩૯) ત્યાં સર્વ અવતારોના કારણ શ્રીહરિ સ્વયં બિરાજે છે. તે શ્રીહરિ તમારું અસાધારણ મુમુક્ષુપણું જાણે છે. અને તેથી તેમને તમારે વિષે અત્યંત પ્રીતિ છે. (૪૦)

હે ધીમન્ ! તમારું આત્યંતિક કલ્યાણ ઈચ્છતા શ્રીહરિએ તમારા હિત માટે મને અહીં મોકલ્યો છે. તેમનો દાસ, હું અહીં તેથી આવ્યો છું. (૪૧) રુડી બુદ્ધિવાળા દલજીત યોગીને તેમનું આ વચન સાંભળી અત્યંત આનંદ થયો. તે પ્રત્યક્ષ શ્રીહરિના દર્શનની ઉત્કંઠાવાળા તે યોગીએ શતાનંદ મુનિનું અત્યંત સન્માન કર્યું. (૪૨)

ત્યારબાદ દલજીત યોગીએ યોગીવર્ય શતાનંદ મુનિને આદરપૂર્વક યોગ્ય સ્થાનમાં વાસ કરાવ્યો. અને તેમને યથોચિત ઉત્તમ ભોજન જમાડી તૃપ્ત કર્યા. (૪૩) પછી દલજીત યોગીએ પ્રેમપૂર્વક શતાનંદ મુનિને પ્રણામ કર્યા. તેમની સમીપે બેઠા. તેમના અન્ય સહવાસીઓ પણ ત્યાં બેઠા. (૪૪, ૪૫)

ત્યારબાદ શતાનંદ મુનિએ પ્રસન્ન થઈ, હાથ જોડી, સન્મુખ બેઠેલા એવા દલજીત યોગી તથા તેમના અનુયાયીઓને ધર્મ, જ્ઞાન સંબંધી વાર્તા કરીને તેમને યથાયોગ્ય ઉપદેશ આપ્યો. (૪૬) તે પછી યોગીન્દ્ર શતાનંદ મુનિએ તે શ્રેષ્ઠ દલજીત યોગીને પ્રત્યક્ષ ધર્મપુત્ર શ્રીહરિનો નિર્વિકલ્પ દૃઢ નિશ્ચય કરાવ્યો. (૪૭)

ત્યારબાદ શતાનંદ મુનિએ તે દલજીત યોગીને સંસૃતિનો નાશ કરનારી, પાપ અને તાપનું શમન કરનારી, શ્રીહરિની વ્યાપક લીલાઓ કહી. (૪૮) પછી શતાનંદ મુનિએ દલજીતને હર્ષપૂર્વક શ્રીહરિના સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાન સહિત ઉપદેશ આપ્યો. અને એ પ્રમાણે દલજીતને આનંદ ઉપજાવતા તેમના પ્રત્યે વચન કહેવા લાગ્યા. (૪૯)

હે બુદ્ધિશાળી દલજીત ! સર્વ અવતારોના કારણરૂપ પ્રત્યક્ષ ધર્મપુત્ર શ્રીહરિ લોકોને જે ઐશ્વર્ય હાલ બતાવે છે. (૫૦)

તેવું ઐશ્વર્ય પૂર્વે થયેલા તેમના કોઈ અવતારોએ બતાવ્યું નથી. શ્રી હરિનું તે સમગ્ર ઐશ્વર્ય યથાર્થ પણે કહેવા માટે તો શેષનારાયણ વગેરે પણ સમર્થ નથી.

પરંતુ ધર્મપુત્ર શ્રીહરિનું તે અદ્‌ભૂત અને અનુપમ શુભ ઐશ્વર્ય હું તમોને સંક્ષિપ્તમાં કહું છું. (૫૨)

હે દલજીત ! સર્વ અવતારોના કારણ તે શ્રીહરિ પોતાના દર્શનમાત્રથી તત્કાળ ઘણાં જનોને સમાધિ કરાવે છે. (૫૩) તે સમાધિમાં શ્રીહરિ તે સમાધિવાળાઓને દિવ્ય ગોલોક, અક્ષર એવા

પોતાના મુખ્ય ધામ બતાવે છે. (૫૪)

તે ધામને વિશે રહેલી દિવ્ય મૂર્તિઓ અને ઘણી શક્તિને પણ શ્રીહરિ તે ભક્તોને બતાવે છે. (૫૫) તે પ્રકારે શ્રીહરિ તે ભક્તોને પોતાના દિવ્ય ઐશ્વર્યો બતાવે છે. તે ધામોમાં રહેલા દિવ્ય પાર્ષદો પણ શ્રીહરિ બતાવે છે. (૫૬)

હજારો ભક્તજનો વિના સાધને શ્રીહરિના પ્રતાપથી સુખ આપનારી યોગસિદ્ધિ પામે છે. (૫૭) તેમના ચરણરૂપી કમળનું શરણ પામેલા હજારો ત્યાગીઓ દરરોજ પવિત્ર બ્રહ્મચર્ય વ્રત અષ્ટ પ્રકારે પાળે છે. (૫૮)

શ્રીહરિના આશ્રિત કરોડો ગૃહસ્થ ભક્તો પણ શાસ્ત્ર પ્રમાણે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે. ઘણી સ્ત્રીઓ પણ શાસ્ત્ર પ્રમાણે બ્રહ્મચર્ય પાલન કરે છે. (બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસીઓને અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાલન કરવું અને પોતાની સ્ત્રી વિના અન્ય સ્ત્રીનો ત્યાગરૂપ બ્રહ્મચર્ય ગૃહસ્થાશ્રમીઓને માટે કહેલું છે. (૫૯)

શ્રીહરિની દયાથી પિંડ અને બ્રહ્માંડની આસક્તિ રહિત, બ્રહ્મરૂપ થયેલા શ્રીહરિના આશ્રિતજનો નિરાવરણ પણ થયા છે. (૬૦) શ્રીહરિની કરુણાવડે તેમના અસંખ્ય આશ્રિતજનોનું આત્યંતિક કલ્યાણ શ્રીહરિના પ્રતાપથી થાય છે. (૬૧) તેથી અવતારી ધર્મના પુત્ર શ્રીહરિનું દિવ્ય, અનુપમ, આ ઐશ્વર્ય ચમત્કારી છે. (૬૨) તેથી શ્રીહરિ સર્વ અવતારોના કારણ પરંબ્રહ્મ પર થકી પણ પર, અનુપમ, સર્વવિત્ અને પુરુષોત્તમ છે. (૬૩)

હે રાજન્ ! દયાનિધિ યોગીન્દ્ર શતાનંદ મુનિએ હર્ષપૂર્વક દલજીત યોગી સમક્ષ આ પ્રમાણે શ્રીહરિની મનોહર મૂર્તિનું વર્ણન કહ્યું. (૬૪)

જ્ઞાનવિધિ યોગિરાજ શતાનંદે શ્રીહરિના ધ્યાનની સમગ્ર રીત સેવા કરતા દલજીતને યથાશાસ્ત્ર કહી. (૬૫)

ત્યારબાદ શ્રીહરિના દર્શનમાં ઉત્કંઠાવાળા, ધ્યાન પરાયણ, દલજીત શતાનંદ મુનિએ બતાવેલી ધ્યાનની રીત અનુસાર પ્રત્યક્ષ શ્રી હરિની મૂર્તિનું ધ્યાન કરવા લાગ્યા. (૬૬)

દલજીતે ઘણા જન્મમાં તપ, યોગ વગેરે સત્સાધનો કર્યા હતા. તેના ફળરૂપ પોતાનું પ્રત્યક્ષ દર્શન ધર્મપુત્ર શ્રીહરિએ હર્ષપૂર્વક દલજીતને આપ્યું. (૬૭)

તે પછી શતાનંદ મુનીન્દ્રે દયાપૂર્વક દલજીતને અનુસરેલા તેના અનુયાયીઓને પણ પ્રત્યક્ષ શ્રીહરિનો દૃઢ આશ્રય કરાવ્યો. (૬૮)

ત્યારબાદ નિર્મળ બુદ્ધિવાળા દલજીતે, તેમજ તેના સમગ્રજનોએ વિવિધ પ્રકારના ઉપચારોથી મુનિવર શતાનંદ મુનિની પૂજા કરી, પછી શ્રીહરિને વિષે જેમનું મન સ્થિર થયું છે તે શતાનંદ

મુનિ તે સ્થાનમાંથી ચાલ્યા. (૬૯)

માર્ગમાં ચાલતા આવરણ રહિત એવા શતાનંદ મુનિ પોતાના નેત્રોની આગળ ધર્મપુત્ર અતિપ્રિય શ્રીહરિકૃષ્ણના દર્શન કરતાની સાથે જ નિર્જન વનમાં પહોંચ્યા. (૭૦) ત્યારબાદ દલજીત યોગી, પોતાને આશરેલા સમગ્રજનોની સાથે, શતાનંદ મુનિએ કહેલી રીત પ્રમાણે શ્રીહરિનું હંમેશા ભક્તિપૂર્વક ચિંતવન કરવા લાગ્યા. (૭૧)

પછી દલજીત પોતાના શરીરનો અંતકાળ આવ્યો એટલે દેહનો ત્યાગ કરીને શ્રીહરિના શ્રેષ્ઠ બ્રહ્મપુર ધામમાં ગયા. તેમજ તેના સમગ્ર આશ્રિતો પણ તેમના દેહના અંત પછી શ્રીહરિના શ્રેષ્ઠ બ્રહ્મપુર ધામને પામ્યા. (૭૨)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શતાનંદ મુનિ દ્વારા શ્રીહરિએ દલજીત ઉપર અનુગ્રહ કર્યો તે નિરૂપણ નામે અઠ્ઠાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૮)



અધ્યાય ૨૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તે પછી વનમાં નિર્ભયપણે ફરતા મુનીંદ્ર શતાનંદ મુનિએ વૃક્ષ નીચે બેઠેલા હઠયોગીને જોયા. (૧) મહાધીરજવાન, જેણે અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો છે એવા, પોતાની મુક્તિ માટે પ્રયત્ન કરતા, તાલુ પ્રદેશમાં જેમણે પ્રાણ રાખ્યો છે તેવા સમાધિસ્થ; (૨)

ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણનારા, શતાનંદ મહામુનિ મુક્તિ માટે જેમણે ઘણાં જન્મોમાં પ્રયત્નો કર્યા છે એવા તે હઠયોગીને જોઈને; (૩) દયાળુ વિદ્વાનોમાં શ્રેષ્ઠ શતાનંદ મુનિ ચિંતવન કરવા લાગ્યા. આ હઠયોગી પોતાના મોક્ષ માટે તપ, યોગ વગેરે સાધનો વડે પ્રયત્ન કરે છે. (૪)

અને સંસારમાંથી મુક્તિ મેળવવા અનેક જન્મમાં અનેક ઉપાયો કરતા આ હઠયોગીએ અત્યંત પ્રયાસ કર્યો છે. (૫) પ્રારબ્ધ કર્મની તેને સમાપ્તિ થઈ છે. તેથી આ યોગીનું પંચભૌતિક શરીર હવે મૃત્યુ પામશે. (૬) તેથી તેને સમાધિમાંથી તત્કાળ ઉઠાડીને ધર્મપુત્ર, પ્રત્યક્ષ શ્રીહરિનો પરમ શાંતિ આપનારો દઢતર નિશ્ચય હું કરાવું. (૭)

હું આ યોગીને શ્રીહરિના કલ્યાણકારી દર્શન કરાવું. તેથી આ યોગી શ્રીહરિના પરમ બ્રહ્મપુર ધામમાં જાય. (૮) જીવ સમુદાયોના અત્યંત હિતકારી, યોગીન્દ્ર, શતાનંદ મુનિ આ પ્રમાણે વિચાર

કરીને યોગ કળાથી અત્યંત પ્રતાપી શાંત સ્વભાવવાળા, યોગ જાણનારાઓમાં ઉત્તમ શતાનંદ મુનિએ તેમણે જગાડ્યા. તેમને સન્મુખ જોઈને અત્યંત પ્રસન્ન અને વિનય યુક્ત થઈ તે યોગીએ તેમને પ્રણામ કર્યા. (૯, ૧૦)

ત્યાર બાદ હઠયોગીએ, શતાનંદ મુનિને કહ્યું, હે યોગીવર્ય ! પરમાત્માની પ્રાપ્તિમાં કારણભૂત એવો તમારો યોગ મને હમણાં આ સ્થાનમાં થયો. તે ઈશ્વરેચ્છાથી બહુ જ સારુ થયું. (૧૧) મારા તપ અને યોગ વગેરે કર્મોના ફળરૂપે શ્રીહરિએ મારા મોક્ષને અર્થે હે યોગિરાજ ! તમોને પ્રેરણા કરી છે એમ મને ભાસે છે. (૧૨)

આવી રીતે તે યોગીનું વચન સાંભળીને શતાનંદ મુનિ અત્યંત પ્રસન્ન થયા. તે હઠ યોગીને પ્રત્યક્ષ શ્રીહરિનો નિશ્ચય કરાવીને તેને શ્રીહરિનો આશ્રય કરાવ્યો. (૧૩) ત્યારબાદ શતાનંદ મુનિએ તે હઠયોગીને શ્રીહરિના ધ્યાનની રીત પ્રીતિપૂર્વક શીખવાડી. તેથી તે હઠયોગીએ શતાનંદ મુનિ કહેલી રીત પ્રમાણે શ્રીહરિનું આનંદપૂર્વક ધ્યાન કર્યુ. (૧૪)

તે હઠયોગીએ અત્યંત પ્રેમપૂર્વક શ્રીહરિનું ધ્યાન કર્યું. તેથી ઈશ્વરોના પણ ઈશ્વર, દુઃખ હરનારા, શ્રી સ્વામિનારાયણ શ્રીહરિએ અત્યંત શોભાયમાન, વિમાનમાં બિરાજમાન થઈ, દયાપૂર્વક તે હઠયોગીને પોતાના દર્શન આપ્યા. (૧૫)

તેથી હર્ષપૂર્વક આશ્ચર્ય પામતા તે યોગીએ શ્રીહરિનાં દર્શન કરી, તેમની સાથે વિમાનમાં બેઠેલાં સૂર્યસમાન કાંતિયુક્ત કરોડોની સંખ્યામાં અક્ષરક મુક્તોને પણ જોયા. (૧૬) ત્યારબાદ તે હઠયોગીએ પોતાના પ્રાકૃત દેહનો તત્કાળ ત્યાગ કર્યો અને ભાગવતી તનુ પામ્યો. તેણે શતાનંદ મુનિને નમસ્કાર કર્યા અને શ્રીહરિએ હાથની ચેષ્ટા કરી તેને પ્રેરણા કરી એટલે તે યોગી તે દિવ્ય વિમાનમાં બેસી ગયા. (૧૭)

પછી તે હઠયોગી શ્રીહરિ તથા શ્રીહરિ સાથેના પાર્ષદોની સાથે અનાદિ સિદ્ધ અને જેવું સુખ બીજે અન્ય સ્થળે નથી તેવા અનવધિકાતિશય સુખથી ભરપૂર શ્રીહરિના દિવ્ય બ્રહ્મપુર ધામ પ્રત્યે ગયા. (૧૮, ૧૯)

તે પછી તે વનમાંથી આગળ ચાલતા શતાનંદ મુનિ શ્રીહરિનું સ્મરણ કરતા કરતા માર્ગમાં ચાલવા લાગ્યા. એટલામાં એક મોટું નગર આવ્યું. હે રાજન્ ! તે નગરના મહાબુદ્ધિશાળી રાજા સુભાનુસિંહ પ્રત્યક્ષ શ્રીહરિની પ્રાપ્તિની જિજ્ઞાસાવાળા હતા. (૨૦)

મહા ધૈર્યશાળી પોતાના રાજ્યમાં પણ આસક્તિ રહિત, પોતાના હિતમાં ઉદ્યમવાળો, તે રાજા કોઈ યોગીવર્ય પાસેથી હઠયોગ શીખ્યા હતાં. (૨૧) તે મહામતિ સુભાનુસિંહ રાજા, પોતાના રાજ્યનો કારભાર પોતાના કારભારીને સોંપીને, પરોક્ષ પણે શ્રીકૃષ્ણનું ભજન કરતા યોગાભ્યાસ

કરતાં હતાં. (૨૨) જેને યોગ્ય સિદ્ધ થયો છે એવા તે રાજા એકાંત સ્થળમાં બેસી સમાધિ અવસ્થામાં તાલુ પ્રદેશમાં પોતાના પ્રાણ રોકીને રહેતા હતા. (૨૩)

તે રાજા આ પ્રમાણે છ માસ પર્યંત સમાધિમાં રહેતા હતા. ત્યારબાદ સમાધિમાંથી ઊઠતા આવી રીતે વારંવાર સમાધિ કરતા હતા. (૨૪) આ પ્રકારે હઠયોગ કરતા તે રાજાને મુમુક્ષુ જાણીને યોગીરાજ શતાનંદમુનિ તેની પાસે ગયા. (૨૫)

પછી શતાનંદ મુનિએ પોતાની યોગકળા વડે તે રાજા જે દૃઢ સમાધિસ્થ સ્થિતિમાં હતા. તેને તત્કાળ ઉઠાડ્યા. તે રાજાએ સૂર્ય સમાન કાંતિવાળા, મહાપ્રતાપી, મુનિવર શતાનંદને જોઈને વિસ્મય પામી તેમને પ્રણામ કર્યા. (૨૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શતાનંદમુનિદ્વારા હઠયોગીને બ્રહ્મપુરની પ્રાપ્તિ કરાવી તેનું વર્ણન નામે ઓગણત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૯)



અધ્યાય ૩૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સુભાનુસિંહ રાજાએ શતાનંદ મુનિને મહાસિદ્ધ જાણીને તેમને યોગ્ય આસન ઉપર બેસાડી તેમની વિવિધોપચાર વડે પૂજા કરી. પછી હાથ જોડી તે રાજા બોલ્યા. (૧)

અહો ! સૂર્ય સમાન તેજસ્વી, પવિત્ર દર્શનવાળા, પ્રત્યક્ષ શ્રીહરિને મળેલા આપ યોગિરાજ છો; એમ મને ભાસે છે. (૨) હે મહાત્મન્ ! તેથી મારા યોગ વગેરે સાધનોનું ફળ મને શ્રીહરિ આપશે. એ શ્રીહરિની પ્રેરણાથી તમો અહીં આવ્યા છો. (૩)

હે યોગિરાજ ! હે દયાનિધે ! તમો મને એકાંતિક મુક્તિ પમાડવા આવ્યા છો, આવી રીતે મને જણાય છે. (૪) અગાધ બોધવાળા યોગિરાજ શતાનંદ મુનિ આ પ્રમાણે તે રાજાનું વચન સાંભળીને રાજી થઈ તે રાજા પ્રત્યે કલ્યાણકારી, અમૃતમય વાણી કહેવા લાગ્યા. (૫)

હે રાજન્ ! તમે જેની પ્રાપ્તિ માટે રાત્રિ દિવસ હઠ, યોગ વગેરે ઘણાં સાધનો ઘણા પ્રયત્નથી કરો છો. (૬) હે ધીમન્ ! તે સર્વ અવતારોના કારણ, સર્વજ્ઞ, પુરુષોત્તમ, શ્રીહરિ પૃથ્વી ઉપર ધર્મદેવ અને ભક્તિદેવી થકી પ્રાદુર્ભાવ પામ્યા છે. (૭) હે રાજન્ ! એ શ્રીહરિ અસંખ્ય જીવોની આત્યંતિક મુક્તિ કરતા હાલ ગઢપુરમાં બિરાજે છે. (૮)

આવી રીતે તે મુનિનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા તે રાજાએ મુનિને કહ્યું, હે દયાનિધે ! તે પ્રત્યક્ષ શ્રીહરિની મૂર્તિનું વર્ણન કરો. (૯) હે મુને ! મને તે સાંભળવાની ઘણી ઈચ્છા છે. માટે શ્રીહરિના ધ્યાનની રીત કહો. આ પ્રકારે રાજાએ કહ્યું તેથી શતાનંદ મુનિ અત્યંત પ્રસન્ન થયા. (૧૦)

ત્યારબાદ તપસ્વીના જેવો વેશ ધારણ કરેલા યોગિરાજ શતાનંદ મુનિએ શ્રીહરિની મૂર્તિનું વર્ણન કરીને તે રાજાને ધ્યાનની રીત કહી. (૧૧) ત્યારબાદ તે રાજાએ જેવું શ્રીહરિની મૂર્તિનું વર્ણન સાંભળ્યું તેવું તે શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કર્યું. પછી તે રાજાએ તે તપસ્વીના જેવા વેશધારી શ્રીહરિની અત્યંત કૃશ મૂર્તિ જોઈ. (૧૨)

તે રાજા રજોગુણી હોવાથી તેનું મન તે તપસ્વી વેશધારી શ્રીહરિની મૂર્તિમાં આસક્ત થયું નહિ. તેથી તે રાજાને શાંતિ થઈ નહિ. (૧૩) તે પછી તે રાજા ધ્યાનમાંથી બહાર નીકળીને શતાનંદ મુનિને કહેવા લાગ્યા. હે યોગિરાજ ! શ્રીહરિની કૃશમૂર્તિ જોઈ, પરંતુ તેથી મને શાંતિ થઈ નથી. (૧૪)

આ પ્રમાણે રાજાએ કહ્યું એટલે તે મહાયોગી શતાનંદ મુનિએ તે રાજયોગીનું હિત ચિંતવ્યું. (૧૫) તે પછી તે દયાળુ મુનિરાજે શ્રીહરિએ ડભાણના યજ્ઞમાં જોવાં મહા મૂલ્યવાળાં ભૂષણો, વસ્ત્રો પોતાના અંગે ધારણ કર્યાં હતાં. (૧૬) તેવાં ભૂષણો-વસ્ત્રોથી યુક્ત શ્રીહરિની મૂર્તિનું શ્રદ્ધાવાળા તે રાજાને શ્રીહરિની મૂર્તિમાં પ્રીતિ થાય તે માટે વર્ણન કર્યું. (૧૭)

ત્યારબાદ તે મુનિન્દ્રે આજ્ઞા કરી તેથી તે રાજાએ ફરીને સાલંકૃત શુભ શ્રીહરિની મૂર્તિનું હર્ષપૂર્વક ધ્યાન કર્યું. (૧૮) પછી નિર્મળ બુદ્ધિવાળા, તેમજ પોતાના ચરણ કમળમાં આસક્ત એવા મુનિન્દ્રે બોધ આપેલા તે રાજાને, દયાળુ શ્રીહરિએ પાપને હરનારું આપત્તિઓનો નાશ કરનારું, પોતાનું દર્શન આપ્યું. (૧૯)

વીજળીના કાંતિ સમાન, સોનેરી વસ્ત્રોવાળા, અત્યંત કરુણારૂપી અમૃત દૃષ્ટિથી શોભાયમાન, જેના ઓષ્ઠની શોભા મંદહાસ્યની કાંતિથી શોભે છે. એવા મુખારવિંદથી જેમણે પૂર્ણમાસીના ચંદ્રને પણ લજ્જિત કર્યો છે. એવા. (૨૦)

સોનેરી સૂત્રોથી પ્રકાશમાન શ્રેષ્ઠ મુગટ સમાન જેની આકૃતિ છે. તેવા છોગાએ યુક્ત મહામૂલ્યવાળું જેના છોગામાં સુંદર મણિઓ અને ભૂષણો છે એવું સુંદર મંડિલ, તેને મસ્તક ઉપર ધારણ કરનારા. (૨૧)

સોનાનાં કડાં અને સાંકળોથી અત્યંત શોભાયમાન, વિવિધ પ્રકારના મણીની કાંતિ જેમાં છે એવી સોનાની વીંટીઓ તથા મણિ જડિત સુવર્ણના બાજુબંધો ધારણ કરનાર, શ્રેષ્ઠ મણિ તથા મોતીથી જડેલા સુવર્ણના ઉત્તમ હાર ધારણ કરનાર. (૨૨)

અત્યંત રમણીય એવા બંને કર્ણો ઉપર મહામૂલ્યવાળાં મણિમય સુવર્ણકુંડળો ધારણ કરતા, નવા મોતીઓથી જડિત હાર તથા ઉત્તમ મણિજડિત સુવર્ણ હાર તથા ભાત ભાતના કંઠના અલંકારો ધારણ કરનારા. (૨૩) સુંદર કટિ પ્રદેશમાં મહામૂલ્યોવાળો તથા સુવર્ણનો મણિજડિત કંદોરો ધારણ કરનારા, ચરણ કમળમાં સુંદર મણિઓથી જડેલા પ્રકાશમાન એવા શુદ્ધ સુવર્ણના ઝાંઝર ધારણ કરનારા. (૨૪)

અતિ શ્રેષ્ઠ, સુવર્ણ તંતુના ગુચ્છાવાળી, સુવર્ણમય, સોટી ધારણ કરતા તથા દર્શન કરનારાના ચિત્તને હરણ કરતા, ચરણ કમળમાં ચટ્ ચટ્ અવાજ કરી સુવર્ણ જડિત શ્રેષ્ઠ ચાખડીઓ ધારણ કરનારા; (૨૫)

પોતાના કંઠમાં પુષ્પના હાર તથા તોરાઓ, ધારણ કરતા, તેથી આજુબાજુ ભમતા ભ્રમરોના ગુંજારવથી શોભાયમાન ચળકતાં અને હાલતાં કુંડળોની શ્રેષ્ઠ કાંતિથી વ્યાપ્ત જેમનું દર્શનીય કપોળતલ છે એવા; (૨૬)

જેમની ભ્રકુટિ વાંકી, કાળી અને સુંદર વિલાસ યુક્ત છે, જેમનાં નેત્ર, કમળના પાન જેવાં છે, જેમનું શ્રેષ્ઠ શરીર અગણિત કામદેવના સમગ્ર મદને છેદનારું છે, જેમના દર્શન માત્રથી અનેક પ્રકારની પીડા નાશ પામે છે; (૨૭)

જેમની કાંતિ અતિ ખીલેલા પુષ્પ જેવી છે, જેમાં શ્રેષ્ઠ મણિઓ છે એવાં સુવર્ણ ભૂષણો કર, કંઠ, બાહુ તથા પાદ વગેરે અવયવોમાં છે. તેથી વીજળી અને ઈન્દ્રના ધનુષ્યથી સુંદર જળસહિત મેઘની માફક શોભાયમાન છે. (૨૮) પૂર્વોક્ત વર્ણન કર્યા પ્રમાણે અનવધિકાતિશય શોભાયુક્ત, દિવ્યાનંદના સમુદ્ર એવા પ્રત્યક્ષ શ્રીહરિના દર્શન કરીને તે સુભાનુસિંહ રાજા, જેમની આંખમાંથી અશ્રુ સરે છે એવા, અને નમસ્કાર કરતા; (૨૯)

હે નરેશ્વર ! તે સુભાનુસિંહ ચકોર પક્ષી જેમ ચંદ્રમાને જુવે તેમ તે શ્રીહરિના દર્શન કરતા શ્રીહરિને વિષે અતિ આસક્ત થઈ ગયા. અને અત્યંત શાંતિ પામ્યા. (૩૦) પૂર્વે કહી એવી શ્રીહરિની મૂર્તિના દર્શનથી જેમને અતિ આનંદ ઉત્પન્ન થયો છે તેવા તે સુભાનુસિંહ સમાધિમાંથી ઊઠ્યા, અને બે હાથ જોડી શતાનંદ મુનીન્દ્રને કહેવા લાગ્યા. (૩૧)

હે મુનિરાજ ! હું તમારા પ્રસંગથી સર્વજ્ઞ, પુરુષોત્તમ, ક્ષર અને અક્ષરથી પર, પ્રત્યક્ષ, અવતારી, શ્રીહરિને પામ્યો છું. (૩૨) તેથી હે મુનિરાજ ! મને સર્વ સાધનો તથા જન્માંતરમાં કરેલા સર્વે પુણ્યનું ફળ મળ્યું છે. (૩૩)

હે મુને ! યોગીઓમાં શ્રેષ્ઠ આપે મને કૃતાર્થ કર્યો છે. સર્વ સદ્ગુણોથી તમો અલંકૃત છો, એવા તમો તથા તમારા દાસનો પણ હું દાસ છું. (૩૪) આ પ્રમાણે કહીને તે રાજાએ પ્રત્યક્ષ શ્રીહરિનો દઢાશ્રય કર્યો. પછી અનેક પ્રકારની પૂજા સામગ્રીથી યોગિવર્ય શતાનંદ મુનિની તેણે પૂજા

કરી. (૩૫)

તે સમયે તે રાજા સુભાનુસિંહના પ્રારબ્ધ કર્મનો અંત આવ્યો, એટલે તે રાજાએ સમાધિદ્વારા પ્રત્યક્ષ શ્રીહરિનું ધ્યાન કર્યું. (૩૬) પછી તે રાજાએ દિવ્ય વિમાનમાં બિરાજેલા અને દિવ્ય પાર્ષદોથી યુક્ત, પોતાને તેડવા આવેલા શ્રીહરિના દર્શન કર્યાં. (૩૭)

ત્યારબાદ તે રાજા સમાધિદ્વારા તાલુ પ્રદેશ ભેદીને પોતાના પ્રાણનો ત્યાગ કરીને તત્કાળ દિવ્ય ભાગવતી તનુયુક્ત થઈ ગયા. (૩૮) પછી દયાનિધિ શ્રીહરિ તે રાજાને દિવ્ય વિમાનમાં બેસારી પોતાના દિવ્ય બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૩૯) હે રાજન્ ! આ પ્રમાણે શતાનંદ મુનિના પ્રસંગથી તે રાજા એકાંતિક મુક્તિ પામ્યા. (૪૦)

આ પ્રમાણે જેમનો આશ્રય કરેલા એવા સાધુનો આવો પ્રતાપ છે ત્યારે તો અવતારી શ્રીહરિનો પ્રતાપ કહેવા માટે કોણ સમર્થ થાય ? (૪૧)

આવી રીતે જેમનો મોટો પ્રતાપ છે તેવા શતાનંદમુનિ ત્યારબાદ તે શહેરમાંથી ચાલી નીકળ્યા, માર્ગમાં ચાલતાં અને અખંડ શ્રીહરિના દર્શન કરતા તે પ્રિય ગઢપુરમાં પહોંચ્યા. (૪૨)

જીવોનું કલ્યાણ કરવામાં તત્પર, શ્રીહરિના દર્શનથી જેના નેત્રમાંથી અશ્રુની ધારા વહી રહી છે તેવા, જેના શરીરના અવયવો રોમાંચિત થયા છે એવા, શતાનંદમુનિ પોતાના નિવાસ સ્થાનમાં બિરાજેલા શ્રીહરિના દર્શન કરીને હર્ષપૂર્વક શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૪૩)

સાધુઓને વિષે પ્રીતિવાળા શ્રીહરિએ મુનીંદ્ર શતાનંદ મુનિને પોતાના બે હાથ વડે તત્કાળ ઊભા કર્યા અને પછી તેમને અત્યંત હર્ષપૂર્વક ભેટ્યા. હે રાજન્ ! પછી શ્રીહરિ તેમને પોતાની પ્રસાદીભૂત વિવિધ પ્રકારનું ભોજન જમાડવા લાગ્યા. (૪૪)

તે પછી શ્રીહરિએ સ્નેહ પૂર્વક શતાનંદમુનિને સમગ્ર વૃત્તાંત પૂછ્યું તેથી શ્રીહરિને તેમણે દલજીતનું સમગ્ર વૃત્તાંત કહ્યું. તેમજ હઠયોગી તથા રાજા સુભાનસિંહના વૃત્તાંતો પણ કહ્યાં. તે ત્રણે વૃત્તાંત સાંભળીને શ્રીહરિ અત્યંત આનંદ પામ્યા. (૪૫)

અસાધારણ ઐશ્વર્યના નિધિ, શ્રીહરિએ આ પ્રમાણે શતાનંદમુનિ દ્વારા મુમુક્ષુ જનોને પોતાના દિવ્ય ચમત્કારો બતાવ્યા. હે રાજન્ ! તે સમગ્ર ચમત્કારો કહેવા માટે હું સમર્થ નથી. તેથી મેં તમોને તે અસંખ્ય દિવ્ય ચમત્કારોમાંથી એક ચમત્કાર કહ્યો. (૪૬)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શતાનંદ મુનિદ્વારા શ્રીહરિએ સુભાનુસિંહ રાજા પ્રત્યે અનુગ્રહ કર્યો તે વર્ણન નામે ત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૦)



અધ્યાય ૩૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિએ વટપત્તનમાં પોતાના ભક્ત જનોને ઘણાં ઐશ્વર્ય બતાવ્યા. (૧) ધર્મપુત્ર, પ્રત્યક્ષ શ્રીહરિનાં તે દિવ્ય ઐશ્વર્ય હું તમોને સંક્ષિપ્તથી કહું છું, તે તમો એકાગ્ર મનથી સાંભળો. (૨)

વટપત્તનમાં સારવ વિપ્ર જ્ઞાતિના, શ્રીહરિને આશરેલા, સ્વધર્મનિષ્ઠ, નિરંતર પ્રેમપૂર્વક શ્રીહરિનુ ભજન કરતા, સત્સંગી બાપુભાઈ વિપ્ર રહેતા હતા. (૩) એક સમયે બાપુભાઈએ વડોદરામાં પોતાના સંત મંડળ સહિત પધારેલા મુનિવર ગોપાળાનંદ સ્વામીને હર્ષપૂર્વક ભોજન કરવા આમંત્રણ આપ્યું. (૪)

પછી બાપુભાઈએ ગોપાળાનંદ સ્વામી તથા તેમના સમગ્ર શિષ્યોને ભક્તિપૂર્વક પોતાને ઘેર લઈ ગયા. અને તેમને લાડુ આદિ મિષ્ટ ભોજન જમાડીને અત્યંત તૃપ્ત કર્યા. (૫) ત્યારપછી બાપુભાઈએ સર્વ સંત મંડળ સહિત મુનીંદ્ર ગોપાળાનંદ સ્વામીની વિવિધ પૂજાસામગ્રીથી પૂજા કરી અને હાથ જોડીને વિનયપૂર્વક નમસ્કાર કરીને કહેવા લાગ્યા. (૬)

હે મુનીંદ્ર ! વૈરાગ્યવાન, આ સમગ્ર સાધુઓ ઘીથી ભરપૂર સુંદર લાડુ સારી રીતે જમ્યા નહિ. (૭) તેથી હે મહામુને ! લાડુ પુષ્કળ વધ્યા છે. તેમનું આ વચન સાંભળીને સાધુઓમાં શ્રેષ્ઠ શ્રી ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યુ. (૮)

હે ભક્તરાજ ! લાડુ જમનારા તમારા પ્રિય તમારા ઘરે હમણાં આવશે તેમને તમારે લાડુ જમાડવા. (૯) આ પ્રમાણે ગોપાળાનંદ મુનિએ કહ્યું. બાપુ ભક્તને પણ તેમના વચનમાં અત્યંત વિશ્વાસ હતો તેથી તે સાંભળી તે હર્ષ પામ્યા. તેથી તેમને તે લાડુ ભંડારમાં સાચવીને રાખ્યા. (૧૦)

ત્યાર પછી યોગીન્દ્ર ગોપાળાનંદ મુનિ સાધુઓ તેમજ બીજા ગૃહસ્થ શિષ્યો સહિત સ્વામિનારાયણ શ્રીહરિનું ધ્યાન કરતા પોતાના નિવાસ સ્થાનમાં ગયા. (૧૧)

પછી ગોપાળાનંદ મુનિનું વચન સત્ય કરવા શ્રીહરિ વીસ પાર્ષદો સહિત તે બાપુ ભક્તને ઘેર હર્ષપૂર્વક પધાર્યા. (૧૨) શ્રીહરિના દર્શનથી જેમની આંખમાંથી અશ્રુ ચાલ્યા જાય છે તેવા ભક્તેન્દ્ર બાપુભાઈએ, શ્રીહરિને પ્રણામ કર્યા. ત્યાર પછી પ્રત્યક્ષ શ્રીહરિ પ્રેમપૂર્વક કહેવા લાગ્યા. (૧૩) હે ભક્તરાજ ! આ બધા પાર્ષદો ભૂખ્યા છે. તેથી જો ભોજન હોય તો તત્કાળ એમને જમાડો. (૧૪)

'બહુ સારું મહારાજ' એમ કહીને બાપુભક્તે તત્કાળ શ્રીહરિને સુંદર આસન પર બેસાર્યા.

તેમને માટે વિવિધ પ્રકારની ઉત્તમ રસોઈ કરાવવા લાગ્યા. (૧૫)

પાક તૈયાર થયા પછી બાપુભક્તે પોતાના પ્રત્યક્ષ ઈષ્ટદેવને વિવિધ પ્રકારના ભોજનો જમાડ્યા. મુખવાસ આપીને શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૧૬)

ત્યાર પછી ભક્તેન્દ્ર બાપુભક્તે પ્રેમપૂર્વક તે પાર્ષદોને સુંદર લાડુ પીરસી તેમજ અન્ય ભોજન પીરસીને અત્યંત તૃપ્ત કર્યા. (૧૭) આવી રીતે પ્રભુ શ્રીહરિ પોતાના પાર્ષદો સાથે દિવ્ય સ્વરૂપે પોતાના ભક્તને ઘેર જમ્યા અને પછી પાર્ષદો સાથે અંતર્હિત થઈ ગયા. (૧૮)

તેથી અત્યંત પ્રસન્ન થયેલા બાપુભક્ત શ્રીહરિના તે ઐશ્વર્યથી વિસ્મય પામ્યા અને ગોપાળાનંદ તથા અન્ય મુનિઓને તે વાત કરી. (૧૯) વળી બાપુભક્તે અત્યંત હર્ષપૂર્વક અન્ય ભક્તોને પણ શ્રીહરિનું તે ઐશ્વર્ય કહ્યું. તે સર્વે ભક્તો તે સાંભળીને આશ્ચર્યપૂર્વક આનંદ પામ્યા. (૨૦)

શ્રીહરિની ભક્તિમાં સદા આસક્તિવાળા, સત્પુરુષોનો પ્રસંગ કરવાની ઇચ્છાવાળા, એક બુદ્ધિમાન વણિકભક્ત બાપુભાઈ વડોદરામાં રહેતા હતા. (૨૧) હે રાજન્ ! એક સમયમાં એકાંત સ્થળમાં બાપુભક્ત હૃદયમાં શ્રીહરિનું હર્ષપૂર્વક ધ્યાન કરતા હતા. તેમને શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન કરવાની ઉત્કંઠા થઈ. (૨૨)

તે પછી જેમની આંખોમાંથી અશ્રુ ચાલ્યા જાય છે અથવા એવા તે બાપુભક્ત પ્રાર્થના કરવા યોગ્ય પોતાના ઈષ્ટ શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા. હે દયાનિધે ! હે હરે ! હું તમારો દાસ છું. મને આપના દર્શન આપો. (૨૩)

પ્રેમીભક્તોને આધીન શ્રીહરિએ પોતામાં અત્યંત આસક્ત તે બાપુભક્તની પ્રાર્થના સાંભળી. પોતાના કલ્યાણકારી દર્શન તેને આપવાની ઈચ્છા કરી. (૨૪) ત્યાર પછી ભક્તવત્સલ શ્રીહરિએ તત્કાળ બાપુભક્તની સમીપે જઈને સમગ્ર પાપ તેમજ ત્રિવિધ તાપનો નાશ કરનારું પોતાનું દર્શન તે બાપુભક્તને આપ્યું. (૨૫)

મેઘની ઘટાસમાન જેમનું શરીર શોભે છે તેવા, વીજળીની માફક અત્યંત કાંતિવાળા, સુંદર અંબર ધારણ કરનારા, મણિજડિત સુવર્ણ ભૂષણો કંઠ, ભુજ, બાહુ વગેરે અંગોમાં જેમણે ધારણ કર્યા છે એવા, તે શ્રીહરિના દર્શન કરીને તે બાપુભક્તની આંખમાં અશ્રુ વહેવા લાગ્યા. એ પ્રકારે તેઓ શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૨૬)

સુંદર સુવર્ણ તારોથી યુક્ત વસ્ત્રોથી શોભાયમાન, ઉત્તમ મણિ તથા મોતી યુક્ત સુવર્ણના તોરાઓની પંક્તિઓ જેમાં છે એવા, મણિજડિત સુવર્ણના અલંકારોથી સુંદર એવા મંડિલને મસ્તક ઉપર ધારણ કરતા, (૨૭)

અત્યંત સુગંધથી શોભતી પુષ્પોની માળાઓ તથા સુંદર તોરા તેમજ પુષ્પના સુંદર કર્ણ

ગુચ્છા ધારણ કરેલા, તેનો સુગંધ ગ્રહણ કરવા માટે ગુંજારવ કરતા પુષ્કળ ભમરાઓ આજુબાજુ ભમે છે તેવા, (૨૮)

શરદઋતુના અગણિત ચંદ્રમાનો તિરસ્કાર કરે તેવું જેમનું મુખકમળ છે એવા અત્યંત શોભાયમાન જેમના ચંચળ નેત્ર છે એવા, દર્શનીય, વિલાસે યુક્ત મંદહાસ્યથી પ્રકાશમાન છે દંત પંક્તિ જેમની એવા, કરોડ કામદેવનો ગર્વ જેમનાથી શાંત થઈ ગયો છે તેવું જેમનું રૂપ છે એવા, (૨૯)

સુંદર જમણા હાથમાં અતિ શ્રેષ્ઠ ચળકતી સુવર્ણની છડી ધારણ કરતા એવા, ભાલ પ્રદેશમાં કુમકુમના રમણીય ચાંદલા સહિત સર્વોત્તમ કેસરનું તિલક જેમણે ધારણ કર્યું છે એવા, (૩૦)

અદ્‌ભુત અને અત્યંત શોભાવાળા શ્રીહરિના દર્શન કરીને અતિ આનંદવાળા એવા તે ભક્ત હર્ષપૂર્વક પોતાના જનોને તત્કાળ બોલાવીને તે સર્વને શ્રીહરિની દીક્ષા આપતા હતા. (૩૧)

જેમનું દર્શન સર્વ પીડા હરનારું છે. એવા પોતાના ઈષ્ટ હરિકૃષ્ણ ભગવાનના દર્શન આશ્ચર્યપૂર્વક કરીને તે સર્વ સંબંધીઓ અત્યંત હર્ષ પામ્યા. (૩૨) ત્યારબાદ શ્રીહરિમાં જ જેને દૃઢ ભાવ છે તેવા તે ભક્ત શ્રીહરિની પૂજા કરવા માટે તરત જ સુંદર ઉપચારો લેવા માટે ગયા તેટલામાં શ્રીહરિ અદશ્ય થઈ ગયા. (૩૩)

અત્યંત આશ્ચર્યના સમૂહરૂપ, પરમદિવ્ય, સાંભળવા માત્રથી સમગ્ર ક્લેશની નિવૃત્તિ કરાવનારું તે શ્રીહરિનું ઐશ્વર્ય તે ભક્તજનો જોઈ અત્યંત હર્ષ તેમજ આશ્ચર્ય પામ્યા. તે પછી હે રાજન્ ! શ્રીહરિનો અત્યંત મહિમા તેઓ ગાવા લાગ્યા. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં વટપત્તનના ભક્તોને શ્રીહરિએ બતાવેલા ઐશ્વર્યનું નિરૂપણ કર્યું એ નામે એકત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૧)



અધ્યાય ૩૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વૈશ્ય કિશોરદાસના પુત્ર ધર્મનિષ્ઠ અને સમાધિવાળા લાખાભાઈ શ્રીહરિના ભક્ત હતા. (૧) તે લાખા ભક્ત સમાધિ દ્વારા અક્ષરધામમાં નિત્ય જઈ, અક્ષરના મુક્તોથી વીંટાયેલા અને સિંહાસન ઉપર બિરાજેલા, શ્રીહરિના દર્શન કરતા હતા. (૨)

પછી લાખા ભક્ત અક્ષરધામમા દિવ્ય સિંહાસન ઉપર બિરાજેલા અક્ષર મુક્તોથી વીંટાયેલા તેજ શ્રીહરિને ગઢપુરમાં જોઈ સમાધિમાંથી જાગ્રત થઈ સમાધિમાં જોએલું વૃત્તાંત પોતાના પિતાને

કહેતા હતા. (૩) એક સમયે તેના પિતા કિશોરદાસ તે લાખા ભક્તને પ્રેમપૂર્વક કહેવા લાગ્યા. હે પુત્ર ! શ્રી હરિ આપણા ઘરે પધારી જમે તે પ્રમાણે તમો તેમને કરો. (૪)

શ્રીહરિને પ્રિય કિશોરદાસના પુત્ર લાખા ભક્તે પોતાના પિતાનું આ વચન સાંભળી 'બહુ સારું' એમ કહ્યું. પછી સમાધિ દ્વારા ગઢપુરમાં જઈ, ધર્મપુત્ર શ્રીહરિની સમીપે તે ગયા. (૫) અહીં લાખા ભક્તે શ્રીહરિને હાથ જોડી આદરપૂર્વક નમસ્કાર કરી કહ્યું, હે સ્વામિન્ ! આપે કરુણા કરી મારે ઘેર જમવા પધારવું. (૬) હે પ્રભો ! મારા માતાપિતા વગેરે સર્વનો એવો સંકલ્પ છે. તે દયાળો ! હે ભક્ત વત્સલ ! તમો મારા માતાપિતા સર્વનો આ સંકલ્પ પૂર્ણ કરો. (૭) તેની આ પ્રાર્થના સાંભળી પ્રસન્ન થયેલા ભક્તપ્રિય શ્રીહરિએ તે લાખા ભક્તને આ પ્રમાણે કહ્યું, હું તારે ઘેર જમવા આવીશ.(૮)

પછી લાખા ભક્ત શ્રીહરિને નમસ્કાર કરી સમાધિ દ્વારા પોતાને ઘેર આવ્યા. અહીં તેના પિતાને તેણે કહ્યું કે, પ્રભુ જમવા માટે આપણે ઘેર પધારશે. (૯) ભક્તરાજ લાખાભક્તના પિતાએ પુત્રનું આ વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થઈ, તત્કાળ વિવિધ પ્રકારના પકવાન્ન કરાવ્યા. (૧૦)

પોતાના ભક્તના સ્નેહથી પ્રત્યક્ષ શ્રીહરિ ત્યાં પધાર્યા પછી કિશોરભાઈ વગેરે શ્રીહરિના ભક્તો શ્રીહરિના દર્શન કરી અત્યંત હર્ષ પામી શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૧૧) પછી શ્રીહરિ તેના ઘરે થાળમાં પીરસેલું ભોજન જમ્યા. અર્ધો લાડવો તથા અન્ય સુંદર વાનગીઓ પણ પોતાની રુચિ અનુસાર જમ્યા. (૧૨) પછી ભગવાન શ્રીહરિએ જળથી હાથ તથા મુખ ધોઈ લાખા ભક્તે આપેલો સુંદર મુખવાસ લીધો. (૧૩) ત્યારબાદ સ્વતંત્ર અને અલૌકિક ઐશ્વર્યવાળા શ્રીહરિ ત્રિવિધ તાપ હરનારું પોતાનું દિવ્ય દર્શન આપીને તત્કાળ તે સ્થળમાંથી અંતર્ધાન થયા. (૧૪) પછી પુરના ભક્તો તથા અન્યજનો શ્રીહરિનું તે દિવ્ય ઐશ્વર્ય જોઈ અને સાંભળીને અત્યંત હર્ષ તેમજ વિસ્મય પામ્યા. (૧૫) આવી રીતે શ્રીહરિએ સમાધિ સ્થિતિ પામેલા પોતાના ભક્તોને દયાપૂર્વક પોતાના દિવ્ય ઐશ્વર્યો બતાવ્યાં. (૧૬) સારવ જ્ઞાતિના વિપ્ર ભક્તરાજ બાપુભાઈ શ્રીહરિની અતિસુંદર દિવ્ય ચિત્ર પ્રતિમાની એક સમયે ભક્તિ ભાવ પૂર્વક પૂજા કરતા હતા. (૧૭)

તે સમયે બાપુભક્તો શ્રીહરિની તે અર્ચામૂર્તિને સામાન્ય અને ઓછી કિંમતવાળી ફુલની માળા અર્પણ કરી. તેથી શ્રીહરિની તે અર્ચા મૂર્તિએ તે ફૂલની માળા દૂર ફેંકી દીધી. (૧૮)

ત્યારબાદ શ્રીહરિની અર્ચામૂર્તિએ કહ્યું કે, હે ભક્ત ! તમે આવો ઓછી કિંમતનો તુચ્છ અને સુગંધ રહિત હાર મને કેમ ધરાવો છો ? (૧૯) તમારા સાંસારિક વ્યવહાર માટે તમો ઘણું ધન ખરચો છો. મારા માટે ધન ખર્ચવામાં કેવળ લોભ કરો છો ! (૨૦) અર્ચામૂર્તિનું આ વચન સાંભળીને અત્યંત આશ્ચર્ય પામેલા બાપુભાઈ હાથ જોડીને આંખમાં અશ્રુ સહિત તે મૂર્તિ પ્રત્યે

બોલ્યા. (૨૧) હે દયાનિધે ! આપનો દાસ જે હું તે મારો અપરાધ ક્ષમા કરો. આપના પૂજનમાં હવે આવી કૃપણતા હું ક્યારેય પણ નહિ કરું. (૨૨) તે ભક્તનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિ તે બાપુભક્ત ઉપર અનુગ્રહ કરી તે ભક્તને દર્શન દેતાં તત્કાળ અંતર્હિત થયાં. (૨૩) ત્યારબાદ ભક્ત બાપુભાઈ તે ચિત્ર પ્રતિમાની શ્રેષ્ઠ ઉપચારોથી પૂજા કરવા લાગ્યા. તેમજ ભક્તિપૂર્વક હંમેશા તેમની પ્રાર્થના પણ કરવા લાગ્યા. (૨૪) આવી રીતે શ્રીહરિએ પોતાની ચિત્ર પ્રતિમા દ્વારા બતાવેલું પોતાનું દિવ્યૈશ્વર્ય તે બાપુભાઈએ હર્ષપૂર્વક પોતાના સગાસંબંધીઓને કહ્યું. (૨૫)

શ્રીહરિને આશરેલા તેમના બંધુઓ પણ આ સાંભળી અત્યંત આનંદ તથા આશ્ચર્ય પામ્યા અને શ્રીહરિનું માહાત્મ્ય તથા ભક્તવત્સલતાનું ગાન કરવા લાગ્યા. (૨૬) વડોદરામાં પવિત્ર વૃત્તવાળી વિપ્ર કન્યા મોંઘી રહેતી હતી. શ્રીહરિને વિષે એકાંતિકી ભક્તવાળી તે શ્રીહરિના ધ્યાન પરાયણ સદા રહેતી હતી. (૨૭) તે મોંઘીને શ્રીહરિની કૃપાથી યોગીને પણ દુર્લભ એવી સમાધિ થવા લાગી; તે સમાધિમાં બ્રહ્મપુર ધામમાં હંમેશા તે ધર્મપુત્ર શ્રીહરિને જોતી હતી. (૨૮) શ્રીહરિ તે મોંઘીએ કરેલા વિવિધ રસયુક્ત પાક જમતા હતા. અને તેને પોતાની ભોજન પ્રસાદી પણ આપતા હતા. (૨૯) તેવી રીતે દયાનિધિ શ્રી હરિ દિવ્ય ચમત્કારી ઐશ્વર્યો પ્રેમથી સમાધિમાં તે મોંઘીને બતાવતા હતા. (૩૦) તે મોંઘીએ સમાધિમાં શ્રીહરિના જે જે દિવ્ય અને આશ્ચર્યકારી ઐશ્વર્યો જોયા હતા તે સર્વ તે પોતાનો સંગ કરનારી સ્ત્રીઓને કહેતી હતી. (૩૧) તે મોંઘી શ્રીહરિની શુભ કથા વાર્તા તે સ્ત્રીઓને ભક્તિપૂર્વક કરતી હતી, તે સ્ત્રીઓ મોંઘીએ કહેલું શ્રીહરિનું દિવ્ય ઐશ્વર્ય તથા કથાવાર્તા વગેરે સાંભળીને અત્યંત આનંદ અને આશ્ચર્ય પામતી હતી. (૩૨)

તે મોંઘીને સર્વોપરી શ્રીહરિમાં અનન્ય અને અસાધારણ પ્રેમ હતો. દયાળુ, સ્વતંત્ર શ્રીહરિ મોંઘીને હંમેશા પોતાના દર્શનાદિકનું સુખ આપતા હતા. (૩૩)

હે રાજન્ ! મેં ધર્મનંદન શ્રીહરિનું કલ્યાણકારી અપરિમિત શ્રવણ માત્રથી અનેકવિધ તાપોની શાંતિ કરનારું આ ઐશ્વર્ય તમને આવી રીતે સંક્ષિપ્તમાં કહ્યું. જે ઐશ્વર્યોનું શેષનારાયણ તેમજ ઉપનિષદોના સમુદાય તથા અક્ષરના પરમ મુક્તો પણ પ્રીતિપૂર્વક હંમેશા ગાન કરે છે. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુ રૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં વડોદરામાં પોતાના ભક્તોને શ્રીહરિએ બતાવેલા ઐશ્વર્યના વર્ણન કર્યા એ નામે બત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૨)



અધ્યાય ૩૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વડોદરાવાસી બ્રાહ્મણ ભક્ત સદાશિવ તેની પુત્રી ઉમિયા શ્રીહરિની દયાથી સમાધિ સ્થિતિ પામી હતી. (૧) તે ઉમા હંમેશા સમાધિમાં અક્ષરધામમાં અક્ષરમુક્તોથી વીંટાયેલા ધર્મનંદન શ્રીહરિના દર્શન કરતી હતી. (૨)

પ્રભુ શ્રીહરિ ઉમાએ કરેલા વિવિધ પાક વારંવાર જમતા હતા. શ્રીહરિ પોતાની પ્રસાદી ભોજન પ્રેમથી ઉમાને આપતા. (૩) તે સમયે વર્ષાઋતુમાં અનાવૃષ્ટિને લીધે દુષ્કાળના ભયથી ત્રાસ પામેલા પુરના લોકો અત્યંત દુઃખી થયા. (૪)

તે વખતે સદાશિવ બ્રાહ્મણે પોતાની પુત્રી ઉમાને કહ્યું, હે પુત્રી ! તું હંમેશા સમાધિમાં અક્ષરધામમાં જઈને શ્રીહરિના દર્શન કરે છે. (૫) તેથી સમાધિ કરીને પ્રકાશમાન એવા અક્ષર ધામમાં જઈને વરસાદ થશે કે નહિ થાય તે શ્રીહરિને પૂછજે. (૬)

તેથી ઉમા સમાધિમાં જઈ બ્રહ્મપુરમાં ગઈ અને ત્યાં દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન થયેલા પોતાના ઈષ્ટ શ્રીહરિના દર્શન કર્યા. (૭) શ્રીહરિના દર્શનથી અત્યંત પ્રસન્ન થયેલી ઉમા શ્રીહરિને પ્રેમથી પ્રણામ કરીને વિનય પૂર્વક શ્રીહરિ પ્રત્યે કહેવા લાગી. (૮) હે દયાનિધે ! હે હરે ! પૃથ્વી ઉપર વરસાદ થશે કે નહિ થાય ? હે પ્રભો ! મારા માતાપિતાના કહેવાથી હું આપને પૂછું છું. (૯)

તેથી હે સર્વજ્ઞ ! આપ તેનો યોગ્ય ઉત્તર મને આપો. આવી રીતે તે ઉમાએ પ્રાર્થના કરી તેથી શ્રીહરિ મંદહાસ્ય કરતા પ્રેમ પૂર્વક બોલ્યા. (૧૦) હે ભદ્રે ! વરસાદ નહીં થાય તો પણ હું તમોને અન્ન વસ્ત્રાદિક પદાર્થો આપીશ, તેથી વરસાદનું તારે શું કામ છે ? (૧૧)

આવી રીતે શ્રી હરિએ કહ્યું, એટલે તે ઉમા ફરીથી બોલી, હે હરે ! હું મારા માટે પ્રાર્થના નથી કરતી. પરંતુ લોકોને સુખ પ્રાપ્તિ થાય તે માટે પ્રાર્થના કરું છું. (૧૨) ત્યારબાદ શ્રીહરિએ ઉમાને કહ્યું, એક મુહૂર્ત પછી તત્કાળ વરસાદ થશે. આ પ્રમાણે તું તારા પિતાની સમીપે જઈને જરૂર કહેજે. (૧૩)

ઉમા એ પ્રમાણે શ્રીહરિનું વચન સાંભળીને અત્યંત આનંદ પામી, અને અચ્યુત શ્રીહરિને નમસ્કાર કરી સમાધિમાંથી જાગ્રત થઈ પોતાના પિતા પ્રત્યે કહેવા લાગી. (૧૪) હે પિતા ! મૂહૂર્ત પછી વરસાદ થશે. આવું મને શ્રીહરિએ કહ્યું છે. તે શ્રીહરિનું વચન સાંભળી ઉમાના પિતા સદાશિવ અત્યંત પ્રસન્ન થયા. (૧૫)

પછી સદાશિવે લોકોને તે પ્રમાણે કહ્યું, ત્યારબાદ ઘણો જ વરસાદ થયો, અકસ્માત વરસાદ જોઈને પુરજનો પણ પરમ વિસ્મય પામ્યા. (૧૬)

ત્યારે પુરના ભક્તો તથા અન્ય જનો પણ આનંદ પૂર્વક શ્રીહરિનું માહાત્મ્ય ગાતા ઉમાની પરમાત્મા પ્રત્યેની દૃઢ ભક્તિની પ્રશંસા કરવા લાગ્યા. (૧૭)

ધર્મનંદન, ભક્તવત્સલ, ભગવાન શ્રીહરિએ આવી રીતે ઉમાદ્વારા લોકોને ઘણા જ ચમત્કારો બતાવ્યા. (૧૮) હે રાજન્ ! વડોદરામાં સારવ જ્ઞાતિના બ્રાહ્મણ બાપુ ભક્તના પતિવ્રતા સ્ત્રી ગંગા સમાધિ નિષ્ઠ હતા. (૧૯)

ધર્મનંદન શ્રીહરિ સમાધિમાં તે ગંગાને હંમેશા પોતાના દર્શન આપતાં હતાં. હે રાજન્! એક વખત શ્રીહરિ તેના ઘરે ગંગાએ કરેલો પાક જમતા હતા. (૨૦) એક વખત ગંગા સમાધિમાં શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન કરીને શ્રીહરિની સાથે પ્રકાશમાન હજારો મુનિઓને પણ જોતી હતી. (૨૧) હે રાજન્ ! પછી શ્રીહરિની ઇચ્છાથી સમાધિમાંથી જાગ્રત થઈ ગંગા તે સર્વે મુનિઓના નામો પોતે જાણતી ન હોવા છતાં કહેવા લાગી. (૨૨) ગંગાએ કહેલાં સમગ્ર સાધુઓના નામ સાંભળીને પુરના જનો તથા અન્યજનો પણ અત્યંત આશ્ચર્ય પામ્યા, અને શ્રીહરિનો પ્રતાપ ગાવા લાગ્યા. (૨૩)

ગંગાનો પુત્ર રામસેવક જે વ્યાકરણ વગેરે સંસ્કૃત ગ્રંથ ભણ્યો ન હતો, તેને પણ ભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિ વિશે અત્યંત ભક્તિ હતી. (૨૪) તેથી ધર્મનંદન શ્રીહરિએ રાત્રિએ રામસેવકને કૃષ્ણાષ્ટક "ગોવિંદ નારાયણ વાસુદેવ" શ્રીકૃષ્ણના મહિમાનું સુંદર શ્લોકાત્મક સ્તોત્ર શીખવાડ્યું. ત્યારબાદ રામસેવક સવારમાં ઉઠીને પોતાના સંબંધીજનો પાસે તે અષ્ટક ગાવા લાગ્યો. (૨૫)

શ્રીહરિએ રાત્રિએ સ્વપ્નમાં જેવું પોતાને તે અષ્ટક શીખવાડ્યું તે સમગ્ર વૃત્તાંત રામસેવક અત્યંત હર્ષપૂર્વક પોતાના સંબંધિજનોને કહેવા લાગ્યો. (૨૬)

પછી શ્રીહરિએ તે સુંદર અષ્ટક વડોદરામાં ગોપાળાનંદ સ્વામી તથા તેમના મંડળના સાધુઓને મોકલ્યું. રામ સેવકે ગાએલું તથા ગોપાળાનંદ સ્વામીના મંડળના સાધુઓએ ગાયેલું તે અષ્ટક ભક્તો પૂરેપૂરું સાંભળીને પ્રસન્ન થયા. (૨૭)

હે રાજર્ષે ! તે સાંભળીને અતિ આનંદ પામેલા શ્રીહરિ ચરણ કમળના આશ્રિત તે પુરના ભક્તજનો અત્યંત આશ્ચર્ય પામ્યા. તેથી અત્યંત મંગળકારી શ્રીહરિનું અસાધારણ માહાત્મ્ય તેઓ ગાવા લાગ્યા. (૨૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલા કલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં વડોદરાના હરિભક્તોને શ્રીહરિએ બતાવેલા ઐશ્વર્યનું નિરૂપણ કર્યું, એ નામે તેત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૩)



અધ્યાય ૩૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વડોદરામાં હું હું નામે દક્ષિણી વૈશ્ય ભક્ત શ્રી સ્વામિનારાયણ ભગવાનની અનન્ય ભાવથી ભક્તિ કરતો હતો. તેના મથુરા નામની પુત્રી હતી. તે મથુરા, સમગ્ર બ્રહ્માંડના નિયંતા શ્રી સ્વામીનારાયણના સંકલ્પથી સ્વતંત્ર સમાધિ વાળી થઈ. (૧) તે મથુરા પાંચ વર્ષની હતી. પણ પોતાની ઈચ્છાથી સમાધિમાં શ્રીહરિના શુભ ગોલોકાદિ ધામમાં વારંવાર જઈને આલોકમાં આવતી. (૨) તે વડોદરાપુરમાં એક વણિક સ્ત્રી કમળા સત્ અસત્‌ના વિવેક રહીત, વલ્લભ સંપ્રદાયના મતને આશરેલી હતી. (૩)

તે વણિક સ્ત્રીને વૈષ્ણવોના અંગસ્પર્શનું માહાત્મ્ય કહેનારા કામી પુરુષોએ ભ્રમમાં નાંખી હતી. અને તેથી વિષયમાં આસક્ત હતી. (૪) દુષ્ટાચારમાં પ્રવર્તેલી, હંમેશા દુષ્ટ મનવાળી કામરૂપી દાવાનળથી બળતી, અને તેથી સદા અશાંત; (૫)

તે વણિક સ્ત્રી પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિ તેમના જે સ્ત્રી ભક્તો પોતાના સંબંધિઓ હતા, તેમની પાસેથી મથુરાના ગુણો સાંભળીને તત્કાળ મથુરાનો સંગ કરવામાં ઉત્સાહવાળી થઈ. (૬)ત્યારબાદ તે વણિક સ્ત્રીએ મથુરાનું ઘર પૂછીને લોકોએ બતાવેલા મથુરાના ઘેર જઈ, તેના દર્શન કર્યા. (૭)

ત્યારબાદ નમ્રતા પૂર્વક તે સમાધિનિષ્ઠ મથુરા પ્રત્યે તે સ્ત્રી કહેવા લાગી. હે મંગલરૂપે! હું વીસ વર્ષ સુધી વલ્લભ સંપ્રદાયમાં રહી. (૮) મેં મોક્ષ માટે મારું સર્વસ્વ મારા ગુરુને આપ્યું તો પણ મારા દુષ્ટાશયોની શાંતિ થઈ નથી. (૯)

શ્રીહરિનો તમે આશ્રય કર્યો છે. ધર્મનિષ્ઠાવાળી સર્વ સ્ત્રીઓમાં મુખ્ય એવા તમને અત્યંત શાંતિવાળા હું જોઉં છું. અન્ય સ્ત્રીઓમાં મેં આવી શાંતિ જોઈ નથી. (૧૦) માટે જે પ્રકારે આ દુસ્તર સંસારસાગરને હું તરુ એવા ઉપાય માટે કૃપા કરીને મને ઉપદેશ આપો. હું તમારું વચન માનીશ. (૧૧) મથુરાએ તે સ્ત્રીનું આવુ વચન સાંભળીને તેની મુમુક્ષુતા જાણી તેને ત્રિવિધ તાપની શાંતિ કરનારી ધર્માદિક વાર્તાઓ કહી. (૧૨)

પછી મથુરાએ પ્રત્યક્ષ ધર્મનંદન શ્રીહરિનો મહિમા તેને કહ્યો. તે વણિક સ્ત્રી શ્રીહરિનું માહાત્મ્ય સાંભળીને આશ્ચર્ય પામી. (૧૩) ત્યારબાદ મથુરાએ તે વણિક સ્ત્રીને આ પ્રમાણે કહ્યું. તમારે આવતી કાલે અહીં આવવું. આવી રીતે મથુરાનું વચન સાંભળીને તે સ્ત્રી મથુરાને પ્રણામ કરી પોતાને ઘેર ગઈ. (૧૪) પછી તે વણિક સ્ત્રી બીજે દિવસે મથુરાની પાસે હર્ષપૂર્વક ગઈ અને મથુરાને પ્રણામ કર્યા. મથુરાએ પણ તેનો સત્કાર કરી ત્યાં બેસારી. (૧૫) ત્યારબાદ મથુરા પ્રેમપૂર્વક સ્વામિનારાયણને સંભારતી તે વણિક સ્ત્રી સાથે કલ્યાણકારી સ્વામિનારાયણ નામનું કીર્તન કરવા લાગી. (સ્વામિનારાયણ નામની ધૂન્ય કરાવી.) (૧૬) તેટલામાં તે વણિક સ્ત્રીને અન્યને દુર્લભ એવી સમાધિ થઈ, તે સમાધિ

થઈ તે સમાધિમાં તેણે દિવ્ય તેજોમય ગોલોક ધામ જોયું. (૧૭) ત્યારબાદ તે વણિક સ્ત્રીએ તે લોકમાં ગોવાળીયાઓ, ગોપીઓ અને ગાયોના સમુદાય તથા દિવ્ય મણિમય આશ્ચર્યકારક રાસ મંડપો જોયા. (૧૮) પછી તે વણિક સ્ત્રીએ તે મંડપોમાં શ્રી સ્વામિનારાયણ શ્રીહરિને કૃષ્ણ સ્વરૂપે દિવ્ય મણિજડિત સુવર્ણના શોભાયમાન સિંહાસન ઉપર બિરાજેલા જોયા. (૧૯) ડાબી બાજુએ દિવ્ય સ્વરૂપે રાધા તથા શ્રીદામાદિ પાર્ષદોએ સેવેલા, વાંસળી વગાડતા, શ્રીકૃષ્ણના સ્વરૂપવાળા શ્રીસ્વામિનારાયણને તેણે જોયા. (૨૦) તથા ગોલોક ધામમાં રહેલું ઐશ્વર્ય જોયું. ત્યારબાદ મથુરાએ તેને સમાધિમાંથી ઉઠાડી. (૨૧)

પછી હે રાજન્ ! અત્યંત આનંદ પામેલી તે વણિક સ્ત્રીએ ભક્તિપૂર્વક મથુરાને પ્રણામ કર્યા અને અન્ય સ્ત્રીઓના સાંભળતા મથુરાને કહ્યું. (૨૨) હે ભદ્રે ! મેં તમારી કૃપાથી સમાધિમાં આશ્ચર્ય જોયું, દિવ્ય તેજના સમુદાયથી યુક્ત ગોલોકધામ મેં દીઠું. (૨૩)

તે ગોલોકમાં રાધા સહિત સુંદર આ કૃષ્ણને મેં જોયા. દિવ્ય ઐશ્વર્ય જોયું. દિવ્ય પાર્ષદો પણ જોયા. (૨૪) હમણાં સ્વામિનારાય શ્રીહરિની દયાથી તમારો પ્રસંગ મને થયો તેથી હું નિશ્ચય જ કૃતાર્થ થઈ છું. (૨૫) સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલો જ્ઞાન, વૈરાગ્ય, ધર્મયુક્ત ભગવત્ ભક્તિવાળો આ મોક્ષ માર્ગ સત્ય છે. તેથી જ તેના પ્રવર્તાવનારા આ સ્વામિનારાયણ ભગવાન છે. (૨૬) આ પ્રમાણે કહીને તે વણિક સ્ત્રીએ મથુરા પાસેથી નિયમો લીધા. અને પ્રત્યક્ષ શ્રીહરિનો દઢાશ્રય કર્યો. પછી તે ધર્મમાં રહી શ્રીસ્વામિનારાયણ ભગવાનનું સદા ભજન કરવા લાગી. (૨૭) પુરજનો તથા ભક્તો શ્રીહરિનું તે ઐશ્વર્ય જોઈ તથા સાંભળીને અત્યંત વિસ્મય તથા આનંદ પામ્યા. (૨૮) વડોદરાની સ્ત્રીઓમાં ઉમા, લક્ષ્મી, જીવી, શ્યામા, પ્રેમવતી, પાર્વતી તથા યમુના; (૨૯) એ આદિક શ્રીહરિને આશરેલી ઘણી સ્ત્રીઓ સાધન વિના પણ શ્રીહરિની કૃપાથી સમાધિ અવસ્થા પામી. (૩૦)

હે રાજન્ ! તે સ્ત્રીઓ સમાધિમાં શ્રીહરિના ગોલોક વગેરે દિવ્ય કાંતિમય ધામ જોતી હતી. (૩૧) તે સ્ત્રીઓએ તે ધામોમાં શ્રીહરિની દિવ્યમૂર્તિઓ, દિવ્યરૂપવાળા પાર્ષદો તથા દિવ્યૈશ્વર્યો, શ્રીહરિની કૃપાથી જોયાં. (૩૨)

ત્યારબાદ તે સ્ત્રીઓએ સમાધિમાંથી જાગ્રત થઈ, સમાધિમાં તેમણે જે જે જોયું તે આશ્ચર્ય સ્પષ્ટપણે યથાર્થ રીતે હર્ષપૂર્વક અન્ય સ્ત્રીઓને કહ્યું. (૩૩) તે સ્ત્રીઓ તે સાંભળીને આનંદ અને અત્યંત વિસ્મય પામી, પછી તેઓ પણ ધર્મનંદન શ્રીહરિના અનન્ય તથા અદ્ભુત દિવ્ય પ્રતાપનું ગાન કરવા લાગી. (૩૪) હે રાજન્ ! આ પ્રકારે અનન્ય અને અનુપમેય દિવ્ય અને મૂનિવર્યોએ ગાન કરેલું શ્રવણ માત્રથી પાપનો નાશ કરનારું ધર્મનંદન શ્રીહરિનું પરમૈશ્વર્ય મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૩૫) ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ

ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં વટપત્તનમાં પોતાના ભક્તોને શ્રીહરિએ બતાવેલાં ઐશ્વર્યનું વર્ણન નામે ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૪)



અધ્યાય ૩૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વૈશ્ય મુમુક્ષુ વાઘમોડીયા રામચંદ્ર વડોદરામાં રહેતા હતા. તેમના પત્ની શિવા પણ મુમુક્ષુ અને પતિવ્રતા હતા. (૧) મુક્તિની ઇચ્છવાળા તે સ્ત્રી પુરુષ પ્રત્યક્ષ વ્યાપક શ્રીહરિની પ્રાપ્તિ માટે તીર્થ, યાત્રા, વ્રત વગેરે સાધનો કરતા હતા. (૨)

મોક્ષની ઇચ્છાવાળા તે પતિ પત્ની આ પૃથ્વી ઉપર અનેક પ્રકારના સંપ્રદાયોમોં રહેલા સાધુઓનો (સાધુ વેશધારી જનોનો) પ્રસંગ કરતા હતા. (૩) તે દંપતી તે સાધુઓનો દુષ્ટાચાર જોઈ અત્યંત ત્રાસ પામ્યા. અને તેમના થકી તેમની મુક્તિ થશે એવો વિશ્વાસ તેમને ઉત્પન્ન ન થયો, તેથી તેઓ શાંતિ ન પામ્યા. (૪)

તેથી તે દંપતી ડાકોરપુરના અધિપતિ શ્રીકૃષ્ણની અર્ચામૂર્તિના દર્શન માટે ઉત્સાહ પૂર્વક અન્ય સ્ત્રી પુરુષો સાથે પૂર્ણિમા ઉપર આવ્યા. (૫) અહીં તે દંપત્તિએ રણછોડરાયની પ્રતિમાના દર્શન કર્યાં. પરંતુ તેના સેવકોને તો પરસ્ત્રીમાં આસક્ત જોયા. (૬)

તેમણે ડાકોરમાં વૈષ્ણવોના ચિન્હ ધારણ કરેલા, દુષ્ટ અંતઃકરણવાળા, ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરનારા, તે જનોને જોયા. (૭) ચોરી, વ્યભિચાર વગેરેમાં આસક્ત એવા ધૂર્ત સ્ત્રી તથા પુરુષોને જોઈ, તે દંપત્તિ શોકાતુર બની ગયા અને અત્યંત કંપવા લાગ્યા. (૮)

ત્યારબાદ તે દંપતી નિરંતર શ્રીકૃષ્ણની સુંદર મૂર્તિના દર્શન કરી ધર્મનિષ્ઠામાં રહી કેટલાક દિવસો ડાકોરમાં રહ્યા. (૯)

પ્રત્યક્ષ ભગવાનના દર્શન કરવા માટે અત્યંત ઉત્કંઠિત હૃદયવાળા તે દંપતી હંમેશા રાત્રીએ પણ નિદ્રા ન લેતા પરમાત્માની ભક્તિ કરતા હતા. (૧૦)

ત્યારબાદ એક સમયે તે દંપતી પોતાના સુંદર નિવાસસ્થાનની અગાશીમાં બેઠા હતા. તે વખતે તેમણે વિચાર કર્યો. (૧૧) જેમ પૂર્વે ગોપ ગોપીઓને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ મળ્યા. તેમજ આપણને જ્યારે પ્રત્યક્ષ ભગવાન મળે ત્યારે જ મુક્તિ થયા, નહિ તો ન થાય. (૧૨)

હે અંગના ! તને અને મને સુખના સાગર પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાપ્તિ કેવી રીતે થાય ? કોને પૂછીને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ માટે સાધના કરીએ ? (૧૩) આપણે બંને શ્રીકૃષ્ણની

પ્રાપ્તિ માટે જીવન પર્યંત જ્ઞાની સાધુઓને પૂછી અવિરતપણે પ્રયત્ન કરવો. (૧૪)

જો આપણને આજન્મમાં ભગવાનની પ્રાપ્તિ ન થાય તો પછી દેહના અંતે ભગવાનના ધામની પ્રાપ્તિ કેમ થાય ? (૧૫) પ્રત્યક્ષ ભગવાનના ધામની પ્રાપ્તિ વિના તો સંસારમાં વારંવાર જન્મ મરણરૂપ સંસૃતિનું અતિમહાન દુઃખ મટે જ નહિં. (૧૬)

દેવતાઓએ પણ પામવા ઈચ્છેલું, મુક્તિના દ્વારભૂત અને શ્રીનારાયણની પ્રાપ્તિ માટે યોગ્ય એવો આ મનુષ્ય જન્મ મનુષ્યોને ફરીને મળવો દુર્લભ છે. (૧૭) તે માટે આપણે બંને એ મોક્ષનો ઉપાય સર્વ પ્રકારે આ ક્ષણભંગુર દેહ વડે કરવો. (૧૮)

તે બંનેની મુમુક્ષુતા જાણતા સર્વજ્ઞ શ્રીહરિની ઈચ્છાથી શોકનો નાશ કરનારી આકાશ વાણી તે સમયે થઈ. (૧૯, ૨૦)

હે ધીમન્ ! સર્વ અવતારોના કારણ અને બ્રહ્મપુરમાં જેમનો નિવાસ છે એવા કાળ, માયા વગેરેના નિયંતા પુરુષોત્તમ છે. (૨૧) જે દિવ્ય અવયવોવાળા, નિત્યસિદ્ધ, અદ્‌ભુત આકૃતિવાળા, દિવ્ય અને કલ્યાણકારી આનંદાદિ ગુણોવાળા સમલંકૃત છે. (૨૨)

તેજ અગણિત જીવોની આત્યંતિકી મુક્તિ કરવા માટે ધર્મદેવ અને ભક્તિદેવી દ્વારા પ્રગટ થયા છે. (૨૩) તે પુરુષોત્તમ હાલ પશ્ચિમ પંચાલ દેશમાં આવેલા ગઢપુરમાં અભય રાજાના દરબારમાં સુંદર હવેલીમાં બિરાજમાન છે. (૨૪)

જેમનું સહજાનંદ એવું નામ છે. વળી સ્વામિનારાયણ, સ્વામી, હરિ, હરિકૃષ્ણ વગેરે નામો પણ જેમના છે. (૨૫) માટે તમો બંને અહીંથી તત્કાળ ગઢપુર જાઓ. ત્યાં જ પ્રત્યક્ષ ધર્મનંદન પુરુષોત્તમના તમને દર્શન થશે. (૨૬)

ત્યારબાદ તમારા સમગ્ર મનોરથો પૂર્ણ થશે. તમો બંને કૃતાર્થ થશો. અને તમારો જન્મ સફળ થશે. (૨૭) તે દંપતી આ પ્રકારની આકાશવાણી સાંભળી અત્યંત આનંદ પામ્યા. ડાકોરથી તત્કાળ તેઓ ચાલ્યા અને અત્યંત મનોહર એવા ગઢપુર પહોંચ્યા. (૨૮)

ત્યારબાદ તે દંપત્તિ ઉત્તમ રાજાના દરબારમાં, મહાસભામાં ઊંચા આસન ઉપર બિરાજેલા નિયંતા શ્રીહરિકૃષ્ણ મહારાજના દર્શન કરી અત્યંત શાંતિ પામ્યા. (૨૯) તે દંપતિએ અનન્ય ભક્તિથી અચ્યુત શ્રીસ્વામિનારાયણને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી તે બેમાંથી રામચંદ્ર તો અત્યંત હર્ષથી તે સભામાં ગયા. (૩૦)

હે રાજન્ ! શ્રીહરિની પાસે જઈ તેમને તેણે પ્રણામ કર્યા. શ્રીહરિએ તેનો સત્કાર કર્યો. નેત્રોએ સુંદર લાગતા શ્રીહરિના હર્ષપૂર્વક દર્શન કરતા તે વ્યાપક શ્રીહરિની સમીપે તે બેઠા. (૩૧) ત્યારબાદ અનંત જ્ઞાનવાન શ્રીહરિ તે વૈશ્ય ભક્ત રામચંદ્રને મંદહાસ્યપૂર્વક કહેવા લાગ્યા. હે

ધીમન્ ! તમોએ તથા તમારા પત્નીએ ડાકોરપુરમાં સુંદર આકાશવાણી સાંભળી. (૩૨)

તે આકાશવાણીમાં વિશ્વાસ રાખી મોક્ષ માટે બહુ બુદ્ધિશાળી, એવા તમો અત્યંત પ્રસન્ન થઈ તમારી સ્ત્રી સાથે અહીં ગઢપુર આવ્યા. (૩૩)

સર્વજ્ઞ શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તે સાંભળીને પ્રસન્ન થયેલા વૈશ્ય ભક્તવર્ય રામચંદ્રે શ્રીહરિને પ્રત્યક્ષ ભગવાન જાણ્યા. પછી શ્રીહરિને પોતાનું સંપૂર્ણ વૃત્તાંત કહેવા લાગ્યા. (૩૪)

રામચંદ્રે કહેલું તેનું વૃત્તાંત સાંભળીને સભામાં બેઠેલા શ્રીહરિકૃષ્ણ ભગવાનના અન્ય ભક્તો તથા ત્યાગીજનો તથા અન્ય ગૃહસ્થજનો અત્યંત આશ્ચર્ય પામ્યા. અને દયાના સિંધુ શ્રીહરિને અતિ આનંદપૂર્વક પ્રણામ કરવા લાગ્યા. (૩૫)

હે રાજન્ ! ત્યારબાદ અત્યંત પ્રસન્ન થયેલા વૈશ્ય ભક્ત રામચંદ્રે શ્રીહરિ પાસેથી નિયમો લઈને ધર્મનંદન શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. એ રીતે પોતાના ધર્મમાં રહી શ્રીહરિનું તેઓ ભજન કરવા લાગ્યા. (૩૬)

તેવી રીતે રામચંદ્રના પત્ની શીવાબાઈએ પણ ઈશ્વરના ઈશ્વર શ્રી સ્વામિનારાયણનો આશ્રય કર્યો. ત્યારબાદ તે દંપત્તિ ગઢપુરમાં શ્રીહરિના દર્શન માટે કેટલાક દિવસો રહ્યા. (૩૭) હે રાજન્ ! ત્યારબાદ પોતાના જન્મનું સાફલ્ય માનતા પ્રત્યક્ષ અવતારી શ્રીસ્વામિનારાયણ શ્રીહરિનો જેમણે આશ્રય કર્યો છે એવા તે દંપતીએ સુંદર વસ્ત્રો, અલંકાર તથા શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિની સારી રીતે પૂજા કરી. પછી શ્રીહરિની આજ્ઞાથી હર્ષપૂર્વક વડોદરા પુરમાં પાછા આવ્યા. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં વડોદરાના રામચંદ્ર ભક્તને શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય બતાવ્યું. તે વર્ણન નામે પાંત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૫)



અધ્યાય ૩૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- વડોદરામાં વિદ્વાનોમાં શ્રેષ્ઠ સુંદર સદ્‌ગુણશાળી, વિપ્રવર્ય શોભારામ શ્રીહરિના એકાંતિક ભક્ત હતા. (૧) હે રાજન્ ! તે શોભારામનો પુત્ર વિષ્ણુશાસ્ત્રી રોગથી અત્યંત પીડાતો હતો. તે વિષ્ણુના પ્રારબ્ધ કર્મનો અંત આવ્યો એટલે તેનું મૃત્યુ સમીપે આવ્યું. કંઠમાં તેનો પ્રાણ આવ્યો. તેથી તેને લીપેલી અને દર્ભ પાથરેલી પૃથ્વી ઉપર સુવાડી દીધો. પછી તેના બંધુઓ તેની આસપાસ વીંટાઈને અત્યંત શોક કરવા લાગ્યા. (૨)

તે સમયે શોભારામ વિપ્રે હૃદયમાં શ્રીહરિને સંભારતા પ્રાર્થના કરી, હે હરે ! મારા પુત્રને આપ આપના અક્ષરધામમાં લઈ જવા માટે પધારો. (૪) તેથી દિવ્ય વિમાનમાં શ્રીહરિ બિરાજી બીજા દિવ્ય વિમાનોમાં બેઠેલા પાર્ષદો સાથે શ્રીહરિ, તે વિષ્ણુને અક્ષરધામમાં લઈ જવા માટે વિષ્ણુની સમીપે પધાર્યા. (૫)

તે સમયે શોભારામશાસ્ત્રી શ્રીહરિને દિવ્ય વિમાનમાં બિરાજેલા જોઈ તેમજ અન્ય દિવ્ય વિમાનોમાં બેઠેલા દિવ્ય પાર્ષદોથી શ્રીહરિને વીંટાયેલા જોઈ, શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૬) શોભારામના પત્ની તેમજ અન્યજનોએ પણ શ્રીહરિના દર્શન કર્યા. આંખમાં અશ્રુ સાથે બંને હાથ જોડી ઊભેલા, રોમાંચિત ગાત્રવાળા, શોભારામને શ્રીહરિ કહેવા લાગ્યા. (૭)

હે વિદ્વન્ ! તમારા પુત્રને મારા દિવ્ય બ્રહ્મપુરમાં લઈ જવા માટે દિવ્ય પાર્ષદો સહિત હું અહીં આવ્યો છું. (૮) છતાં મૃત્યુ થકી વિષ્ણુનું રક્ષણ કરી તમારા સંબંધીઓના સંતોષ માટે હાલ તમારા પુત્રને હું આ લોકમાં રાખું છું. (૯) પોતાના એકાંતિક ભક્ત શોભારામને આ પ્રમાણે કહીને શ્રીહરિ પોતાના પાર્ષદો સહિત ત્યાંથી એકદમ અંતર્ધાન થઈ ગયા. (૧૦)

ત્યારબાદ શોભારામનો પુત્ર ભૂમિ શય્યા પરથી તત્કાળ ઊઠ્યો અને વિસ્મય પામેલા પોતાના પિતા વિગેરેને કહેવા લાગ્યો. (૧૧) દિવ્ય વિમાનમાં દિવ્ય પાર્ષદો સહિત બિરાજેલા શ્રીહરિ મને લઈ જવા માટે અહીં આવ્યા છે. (૧૨)

શ્રીહરિની સાથે જવા માટે હું તૈયાર થયો. પરંતુ મને તો અહીં મૂકીને શ્રીહરિ પાર્ષદો સાથે તત્કાળ અંતર્હિત થઈ ગયા. (૧૩) તેના પિતા તથા અન્ય સંબંધિજનો વિષ્ણુનું આવું વચન સાંભળીને અત્યંત આનંદ પામ્યા. આ આશ્ચર્ય તેઓ પરસ્પર સૌને કહેવા લાગ્યા. (૧૪) એ એક આશ્ચર્ય છે કે આ પુત્ર જેનું મૃત્યુ સમીપે જ હતું પરંતુ પ્રત્યક્ષ ધર્મનંદન શ્રીહરિએ કૃપા કરીને તેને જીવતો રાખ્યો. (૧૫) આપણ સર્વેને પણ શ્રીહરિએ પોતાનું દર્શન આપ્યું. તેથી શ્રીહરિના ભક્તવત્સલપણાનું આપણે શું કરીએ ? (૧૬) આ પ્રમાણે શોભારામ વગેરે ધર્મનંદન શ્રીહરિ સ્વામિનારાયણનું કલ્યાણકારી અદ્‌ભુત ઐશ્વર્ય હર્ષપૂર્વક ગાતા હતા. (૧૭)

વડોદરામાં રુડીબુદ્ધિવાળા, ધર્મનિષ્ઠ, રાજાના કારભારી, વિપ્રવર્ય નારુપંત, વ્યાપક શ્રીહરિના દૃઢ ભક્ત હતા. (૧૮) તેમની પત્ની "જાની"ને પણ શ્રીહરિને વિષે દૃઢ નિષ્ઠા હતી. પોતે ધર્મનિષ્ઠ હતી તોપણ તેને, પોતાના પુત્ર વિષે અત્યંત આસક્તિ હતી. (૧૯)

તે દંપત્તીને સુંદર સ્વરૂપવાન એક જ પુત્ર હતો. જેનું નામ બાપુ હતું. બાપુને તીવ્રરોગ થયો હતો. તેથી શરીર કૃશ થયું હતું. (૨૦) પુત્રને વિષે અત્યંત પ્રેમવાળી તે જાની પોતાના પુત્રનું ક્ષીણ શરીર જોઈ, તેનું મૃત્યુ હવે સમીપે આવ્યુ છે એવું જાણી, ચિંતા કરવા લાગી. (૨૧)

હા ! હા ! મોટું દુ:ખ થયું ! મારો આ એકનો એક પુત્ર જો મૃત્યુ પામશે તો હું કેમ જીવીશ ? (૨૨) કયો ઉપાય કરું તો મારો પુત્ર મૃત્યુમાંથી ઉગરે ? એ પ્રમાણે બાપુની માએ વિચાર કરીને નાના પ્રકારના ઉપાય કરવા લાગી. (૨૩)

હે રાજન્ ! તો પણ તે રોગ અલ્પ પણ ઓછો થયો નહિ. તેથી બાપુની માતા અત્યંત દુ:ખી થઈ. પછી તે રોગની નિવૃત્તિ માટે દેવીને સંભારવા લાગી. (૨૪) દેવી તો ન આવી. એટલે પોતાના પુત્રના પ્રાણ નીકળવાનો સમય થયો તે વખતે બાપુની મા રુદન કરવા લાગી. (૨૫)

પછી સર્વજ્ઞ શ્રીહરિએ, તે બાપુની માતાને પોતાના પુત્ર પ્રત્યેની આસક્તિથી દુ:ખી થતી જોઈ, તેમજ તેના બંધુજનને પણ દુ:ખી થતા જાણી, તત્કાળ તેમને પોતાના દર્શન આપ્યાં. (૨૬) તેજના પુંજથી દેદીપ્યમાન શરીરવાળા, હજારોની સંખ્યાવાળા પ્રકાશમાન સાધુઓ સહિત, વ્યાપક શ્રીહરિ, બાપુની માતા તથા અન્ય જનોને દૃષ્ટિ ગોચર થયા. (૨૭) તે સમયે સ્વયં શ્રીહરિ બાપુની માતાને કહેવા લાગ્યા. હે જાની ! તારા આ પુત્રને ધામમાં લઈ જવા માટે હું આવ્યો છું. (૨૮) તમોએ કરેલા લાખો ઉપાયથી પણ આ તારો પુત્ર જીવશે નહિ, જો દેવી એને જીવાડવા માટે સમર્થ હોય તો ફરી દેવીનું સ્મરણ કર. (૨૯)

સર્વ અવતારના કારણ અને અક્ષરથી પર એવા મને પામીને પણ પુત્રમાં આસક્તિથી તું અન્ય જીવની માફક કેમ મોહ પામે છે ? અન્ય એવા દેવતાઓએ છે એવી ભ્રાંતિ સેવી પુત્રનો રોગ ટાળવા માટે તેમનું કેમ આરાધન કરે છે ? (૩૦)

શ્રીહરિના દર્શન કરી બંને હાથ જોડી આંખમાં અશ્રુ સહિત જાની શ્રીહરિને કહેવા લાગી. હે પ્રભો ! આપનું માહાત્મ્ય હું જાણતી ન હતી. તેથી મેં દેવીને પ્રાર્થના કરી હતી. (૩૧) જેમ કલ્પવૃક્ષ મળવા છતાં પણ મૂઢજનો કાંટાવાળા વૃક્ષની પાસે જાય છે, તેમ મુક્તિ આપનારા આપને પામીને પણ હું અન્ય દેવતાઓની ઉપાસના કરું છું. (૩૨)

હે સ્વામિન્ ! આપ મારો અપરાધ ક્ષમા કરો. હે પ્રભો ! હું ફરીથી આવું આચરણ નહિ જ કરું. (૩૩) આ મારા પુત્રને સુખેથી આપ આપના શ્રેષ્ઠ ધામમાં લઈ જાઓ. હું પ્રસન્ન છું. આવી રીતે શ્રીહરિને કહીને તેણે પ્રેમપૂર્વક શ્રીહરિને નમસ્કાર કર્યા. (૩૪)

ત્યારબાદ સંતોએ કરુણાસાગર શ્રીહરિને કહ્યું કે, હે હરે ! આ જાનીના એકના એક પુત્રને આપ લઈ ના જશો. (૩૫) પોતાની સાથે આવેલા સાધુઓએ આ પ્રમાણે કહ્યું તેથી શ્રીહરિએ તે સંતોને કહ્યું, 'જેમ તમે કહો છો તે પ્રમાણે કરીશું.' તેટલામાં જાનીના ઘરની સમીપે રહેતી અને જેને ઘણા પુત્રો છે અને જે એકાંતિક ભાવથી શ્રીહરિનું ભજન કરે છે તે સ્ત્રીનો એક પુત્ર મરી ગયો. (૩૬)

શ્રીહરિએ તે પુત્રને ભાગવતી દિવ્ય તનુ આપીને, પોતાના તે આશ્રિતને દિવ્ય વિમાનમાં બેસાડ્યો. (૩૭) દિવ્ય વિમાનમાં બેઠેલા સાધુઓ સાથે તે પુત્રને પણ બેસાડી તેઓ ચાલ્યા. (૩૮)

ત્યારે પુરના ભક્તો તેમજ અન્ય જનો પણ વિસ્મય પામ્યા અને શ્રીહરિના સંકલ્પથી મુનિઓની સાથે દિવ્ય શરીરધારી તે સ્ત્રીના પુત્રને પણ આવતા તેમણે જોયા. (૩૯) આવી રીતે સમર્થ શ્રીહરિ લોક સમુદાયને પોતાનું ઐશ્વર્ય બતાવી તે મૃત્યુ પામેલા પોતાની ભક્ત સ્ત્રીના પુત્રને પોતાના અક્ષરધામમાં લઈ ગયા. (૪૦)

વડોદરામાં રહેતા સારવજ્ઞાતિના બ્રાહ્મણ ભક્ત બાપુભાઈનો રામસેવક નામનો પુત્ર રોગાર્ત હતો. (૪૧) રામસેવકના પ્રારબ્ધનો અંત આવ્યો. એટલે મૃત્યુ તેની સમીપે આવ્યું. તે વખતે શ્રીહરિ રામસેવકને લેવા માટે ગરુડ ઉપર બેસીને ત્યાં પધાર્યા. (૪૨)

દિવ્ય રથોમાં બેઠેલા મુક્તાનંદ વગેરે હજારો સંતો શ્રીહરિની સાથે ત્યાં આવ્યા. (૪૩) તે સમયે નિત્યાનંદ મુનિવર હાથમાં દિવ્ય ચામર ધારણ કરી, શ્રીહરિને પ્રેમથી ચામર ઢોળતા હતા. (૪૪) ગોપાળાનંદ મુનીન્દ્ર પણ પોતાના હાથમાં જળ ભરેલી સોનાની કટોરી ધારણ કરી શ્રીહરિની સાથે ત્યાં આવ્યા હતા. (૪૫)

પુરના ભક્તો તથા અન્ય જનસમુદાય, મુનીંદ્રોની સાથે ત્યાં પધારતા શ્રીહરિને શ્રીહરિની ઈચ્છાથી જ જોવા લાગ્યા. અને તેથી અત્યંત આશ્ચર્ય પામ્યા. (૪૬) ત્યારબાદ બાપુભાઈ બ્રાહ્મણ તથા અન્ય જનોએ પોતાને ઘેર આવતા અને સાધુઓથી વીંટાયેલા શ્રીહરિના દર્શન કરીને, વિસ્મય પામી, આનંદપૂર્વક તે શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૪૭)

શ્રીહરિએ પોતાના ભક્ત બાપુભાઈને કહ્યું, હે ભક્તરાજ ! આ તમારા પુત્રને લઈ જવા માટે હું આવ્યો છું. (૪૮) બાપુભાઈ બ્રાહ્મણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, હે સ્વામિન્ ! આપ એને આપના અવિનાશી અક્ષરધામમાં સુખેથી લઈ જાઓ. (૪૯)

જેથી મારા પુત્રને હું ભાગ્યશાળી માનું. બાપુભાઈનું આ વચન સાંભળીને પ્રસન્ન થયેલા મુક્તાનંદ વગેરે સાધુઓએ શ્રીહરિને કહ્યું. (૫૦) હે પ્રભો ! રામસેવકના સંબંધિજનો માતા વગેરે દુઃખ પામશે, તેથી તેમના સંતોષ માટે આપના ભક્ત બાપુભાઈના પુત્ર રામસેવકને આ લોકમાં રાખો એ યોગ્ય છે. (૫૧,૫૨)

આશ્રિતપ્રિય સ્વામિનારાયણ શ્રીહરિ પોતાને મુક્તાનંદ વગેરે સાધુઓ માન્ય હોવાથી, 'બહુ સારું' એમ કહીને, બાપુના પુત્ર રામસેવકને ત્યાં મૂકીને સાધુની સાથે ત્યાંથી ગયા. (૫૩)

તે વખતે પુરના ભક્તો અને અન્યજનોએ ગરુડ ઉપર બિરાજેલા શ્રીહરિને, તેમજ દિવ્ય વાહનો ઉપર બેઠેલા મુનિઓને શ્રીહરિની ઈચ્છાથી જોયા. (૫૪) હે રાજન્ ! શ્રી હરિએ આ પ્રકારે

અલૌકિક અને પાવનકારી ઐશ્વર્ય બતાવ્યું તે મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૫૫)

વડોદરામાં પોતાના એકાંતિક વૈશ્ય ભક્ત નાથ ભક્તનો ઘેર શ્રીહરિ તેને આનંદ પમાડવા માટે દિવ્ય સ્વરૂપે હમેશા ભોજન જમતા હતા. (૫૬) નાથભક્તની અનુવૃત્તિ પાળનારો નાથભક્તનો એક સેવક રવજીતભક્ત, નાથભક્તને એકાંતિક જાણીને આદરપૂર્વક હંમેશા તેની સેવા કરતો હતો. (૫૭)

એક સમયે રવજીતનો મૃત્યુકાળ નજિક આવ્યો. તે સમયે રવજીતને લેવા માટે વિમાનમાં બિરાજેલા શ્રીહરિ, અન્ય વાહનોમાં બેઠેલા પાર્ષદો સાથે, ત્યાં પધાર્યા. (૫૮) શ્રીહરિના એકાંતિક ભક્ત નાથભક્ત શ્રીહરિને નમસ્કાર કરી તેમજ વિનયપૂર્વક હાથ જોડી હર્ષથી કહેવા લાગ્યા. (૫૯)

હે કરુણાનિધે ! મારો આ એક જ સેવક છે. તે મારું તમામ કામ કરે છે. તેવી જ હું હંમેશા આપની સેવા કરી શકું છું. (૬૦) એની સેવાથી મને ઘણી અનુકૂળતા છે તો પણ આપની ઈચ્છા હોય તો એને આપના ધામમાં લઈ જાઓ. (૬૧)

શ્રીહરિએ નાથભક્તનું વચન સાંભળીને તે ભક્તને હર્ષપૂર્વક કહ્યું, હે ભક્ત ! હું તમારા આ એકના એક સેવકને નહિ લઈ જાઉં. (૬૨) નાથ ભક્તને આવી રીતે કહીને શ્રીહરિ પોતાના અન્ય ભક્તોને પોતાનું દર્શન આપી. પાર્ષદો સહિત ત્યાંથી અંતર્હિત થઈ ગયા. (૬૩)

હે રાજર્ષે ! વડોદરામાં આ પ્રમાણે શ્રીસ્વામિનારાયણ શ્રીહરિએ પોતાના ભક્તોને વિવિધ ઐશ્વર્યો બતાવ્યા. તે દિવ્ય, અનુપમ અને અત્યંત આશ્ચર્યકારી ઐશ્વર્યોમાંથી ફક્ત થોડા જ તમોને મેં કહ્યાં છે. (૬૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં વડોદરામાં પોતાના ભક્તોને શ્રીહરિએ બતાવેલા ઐશ્વર્યોનું નિરૂપણ કર્યું એ નામે છત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૬)



અધ્યાય ૩૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગુજરાત દેશમાં ખંભાત નગરમાં ધર્મનિષ્ઠ, બુદ્ધિમાન, નંદાશા નામે પ્રસિદ્ધ શ્રીહરિના વૈશ્યભક્ત રહેતા હતા. (૧) એક સમયે નંદાશા પોતાના ગામથી અન્ય સ્થળે વેપાર કરવા માટે નૌકા વાટે સમુદ્ર ઉતરીને દૂર દેશાંતરમાં ગયા. (૨)

બુદ્ધિશાળી નંદાશા તે દેશમાં કોઈ શહેરમાં રહીને ધીરજપૂર્વક ધર્મમાર્ગમાં રહી વેપાર કરવા

લાગ્યા. (૩) એક વખતે નંદાશા તે પુરની સમીપે આવેલા મોટા સરોવર પ્રત્યે સવારે જઈને તેના નિર્મળ જળમાં સ્નાન કરતા હતા. (૪) ત્યારબાદ તે ભક્ત નંદાશાએ પોતે પાથરેલા આસન ઉપર તે પવિત્ર સરોવરના કાંઠે બેસીને ધર્મનંદન શ્રીહરિની માનસી પૂજા કરી. (૫)

ભક્તિથી પવિત્ર થયેલા નંદાશા નાના પ્રકારના શ્રેષ્ઠ ઉપચારો વડે વિધિપૂર્વક શ્રીહરિની ચિત્ર પ્રતિમાનું પૂજન કરતા હતા. (૬) તે સમયે સૂરત શહેરના નિવાસી બુદ્ધિમાન "પાલનજીત" જેમણે શ્રીહરિને અગાઉ જોયા હતા, તે પારસી ભક્તે શ્રીહરિની શુભ ચિત્ર પ્રતિમા જોઈ. આ મૂર્તિ સ્વામિનારાયણની છે એમ પોતે જાણ્યું. (૭, ૮) પાલનજીત અત્યંત પ્રકાશમાન, પાપ અન તાપનો નાશ જેમના થકી છે એવા, શ્રીહરિની તે મૂર્તિના દર્શન ઘણા પ્રેમથી કરતા હતા. તેટલામાં તેમના નેત્રો સ્થિર થઈ ગયા. (૯) પાલનજીત શ્રીહરિની ઈચ્છાથી દિવ્યદૃષ્ટિ પામ્યા. અને તે ચિત્રપ્રતિમાંથી નીકળતું કરોડો સૂર્યસમાન તેજ તેણે જોયું. (૧૦)

આઠ દિશાઓ તથા આકાશમાં વ્યાપેલા તે તેજથી ઢંકાયેલી મૂર્તિને પાલનજીત તથા નંદાશા જોવા માટે સમર્થ થયા નહિ. (૧૧) ત્યારબાદ પાલનજીત તથા નંદાશા બંને પરમાત્માની ઈચ્છાથી તે દિવ્ય તેજથી શોભતા મહાતેજના મંડળમાં બિરાજેલા, ઈશ્વરેશ્વર, દર્શનીય, શ્રીસ્વામિનારાયણ ભગવાને જોતા હતા. (૧૨) સઘન મેઘની માફક સુંદર વર્ણ વાળા, કોટિ કામદેવના ગર્વને હરનારી છે અંગની શોભા જેમની એવા, પીશંગી રેશમી મહામૂલ્યવાળું વસ્ત્ર જેમણે ધારણ કર્યું છે એવા, સુવર્ણના અલંકારોમાં જડેલા સાચા મણિયુક્ત અમૂલ્ય મુગટ ધારણ કરનારા; (૧૩)

નાના પ્રકારના મણિઓ જેમાં જડ્યા છે એવા સુવર્ણના શોભાયમાન અને હલતા અમૂલ્ય કુંડળોથી જેમના કર્ણ યુગ્મ અત્યંત શોભે છે. કૌસ્તુભાલંકૃતિ જેને વિષે છે એવા, શંખ સમાન ત્રણ રેખાથી જેમનો કંઠ અંકિત થયો છે એવા, મણિ તથા મોતીથી જડિત સુવર્ણના ઉત્તમ હાર ધારણ કરનારા; (૧૪) પુષ્કળ રત્નો અને સુવર્ણના બાજુબંધો ધારણ કરનારા, સોનાની વીંટીઓમાં જડેલા મણિઓની ઉત્તમ કાંતિ જેમને છે એવા, મણિઓથી ચળકતો કંદોરો જેમણે ધારણ કર્યો છે એવા, વિવિધ પ્રકારના મણિઓથી ચળકતી સુવર્ણના નૂપુરની જોડ ધારણ કરતા (૧૫)

શ્રીવત્સચિન્હથી અંકિત, દીર્ઘ, શોભાયમાન, પહોળું વૃક્ષઃસ્થળ જેમને છે એવા, શોભાયમાન અને વિવિધ પ્રકારના હારોની જે કાંતિ તેથી શોભાયમાન જે ઊંડો નાભિરૂપી ધરો. તેનાથી પ્રકાશમાન એવા. (૧૬)

સોળ કળાથી શોભતા શરદઋતુનો ચંદ્રનો પણ તિરસ્કાર કરતું અને મંદહાસ્ય સહિત અત્યંત પ્રકાશમાન એવું જે મુખારવિંદ તેથી અત્યંત શોભાયમાન એવા, સારીરીતે ખીલેલાં કમળ પત્રો તેની માફક જેમને સુંદર લાલ નેત્ર છે એવા, જેમનો દયારૂપી અમૃત સ્રાવતો સ્વભાવ છે, મોક્ષ

પ્રાપ્ત થાય એવા જેમના નયન કટાક્ષ છે એવા; (૧૭)

પોતાની વાંકી ભ્રકુટીઓ રૂપી ધનુષ્યા સૌંદર્યથી જેમણે કામદેવને ઉત્પન્ન થયેલો ગર્વ છેદી નાખ્યો છે. એવી સુંદર વાંકી ભ્રુટીથી અત્યંત શોભાયમાન, લાવણ્ય, માધુર્ય અને સુખના નિધિ, સર્વ તાપ શમાવનારી જેમની દૃષ્ટિ છે એવા; (૧૮)

મંદહાસ્ય વડે પ્રકાશમાન મોગરાની કળી સમા જેમની દંત પંક્તિ છે તેની કાંતિથી વ્યાપ્ત, પાકાં ઘીલોડા જેવા સુંદર લાલ ઓષ્ઠથી દર્શનીય, દર્શનીય ભાલમાં શોભાયમાન કેસર ચંદનથી કરેલું સુંદર તિલક અને તેમાં કુમકુમનો સુંદર ચાંદલો જેમણે ધારણ કર્યો છે એવા; (૧૯)

બંને કાનમાં ચળકતા કર્ણપુર જેમને છે એવા, અત્યંત જે સુગંધ તેથી આકર્ષાઈને પાસે ફરતા અને ગુંજારવ કરતા ભ્રમરોથી વ્યાપ્ત પુષ્પોનો ગુચ્છ કરકમળમા લઈને તેની જે સુગંધ લઈ રહ્યા છે એવા; (૨૦)

એવા શ્રીહરિની સમીપે દર્શનીય શરીરવાળા, શ્રીહરિના ઉદ્ભવના કારણરૂપ ભક્તિમાતા અને ધર્મપિતા જે સુંદર ઉપચારો વડે શ્રીહરિને સેવી રહ્યા છે તેવા શ્રીહરિના પાલનજીત પારસી તથા નંદાશા પ્રસન્ન મનથી દર્શન કરતા હતા. (૨૧)

ધર્મદેવ તથા ભક્તિમાતા વિવિધ પ્રકારના અનેક દિવ્ય ઉપચારોથી શ્રીહરિની અત્યંત સેવા કરતા હતા. તેમજ લક્ષ્મી તથા રાધા પણ ચામરછત્ર વગેરેથી સમ્યક્ પ્રકારે શ્રીહરિની સેવા કરતા હતા. એ પ્રકારે શ્રીહરિના પાર્ષદોને પણ તેમણે જોયા. (૨૨)

આવી રીતે દુઃખહારી, સ્વતંત્ર, ધર્મનંદન પોતાની અદ્ભુત ચિત્રપ્રતિમા દ્વારા પાલનજીત તથા નંદાશાને બે ઘડી સુધી દર્શન આપીને તત્કાળ અંતર્હિત થઈ ગયા. (૨૩) તેથી અત્યંત આશ્ચર્ય પામેલા તે બંને શ્રીહરિનું આ ઐશ્વર્ય સર્વને કહેવા લાગ્યા. તેથી તેમને પણ શ્રીહરિ પ્રત્યે અનુપમ પ્રીતિ થઈ. પછી તેઓ ધર્મમાં રહી હંમેશા શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. (૨૪)

હે રાજન્ ! અવતારી પરાત્પર શ્રીહરિએ આ પ્રમાણે પોતાના અર્ચાસ્વરૂપ દ્વારા, પાલનજીત અને નંદાશા બંનેને પોતાનું દિવ્ય અને કલ્યાણકારી ઐશ્વર્ય પરમકૃપાથી બતાવ્યું. જેના શ્રવણમાત્રથી સર્વ પાપ નાશ થઈ જાય છે, તેવું આ ઐશ્વર્ય તમોને સંક્ષિપ્તથી કહ્યું છે. (૨૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ, ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાની મૂર્તિદ્વારા શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય બતાવ્યું તે નિરૂપણ નામે સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૭)



અધ્યાય ૩૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પૂર્વ દેશમાં આવેલા પ્રસિદ્ધ 'ધુવા' ગામમાં ધર્મનિષ્ઠ અને શ્રીહરિને પ્રિય ઠાકોરદાસ નામના ભક્ત રહેતા હતા. (૧) ધર્મનિષ્ઠ અને ધર્મનંદન શ્રીહરિ પ્રત્યે અપૂર્વ ભક્તિવાન, જેનો સુંદર સ્વભાવ છે એવી પતિવ્રતા 'ધના' ઠાકોરદાસની પત્ની હતા. (૨)

હંમેશા અત્યંત પ્રીતિપૂર્વક પ્રત્યક્ષ ધર્મનંદન શ્રીહરિનું ભજન કરતા તે પતિપત્નીએ એક વખત એવો વિચાર કર્યો. (૩) આ મનુષ્ય દેહે કહીને આપણે બંને આનંદનિધિ શ્રીહરિનું હંમેશા ભજન કરવું અને આ અસાર સંસાર સુખનો ત્યાગ કરવો. (૪)

આપણે બંનેએ પૂર્વે ઘણા જન્મોમાં વિષયો ભોગવ્યાં છે. તે વિષય ભોગ તો જન્મ મરણનું દુઃખ પમાડનારા છે. તે વિષયનું સુખ તો વિષ્ટા ખાનાર ભુંડોને પણ મળે છે. (૫)

તેથી તે વિષયો આ લોકમાં મનુષ્યોને દુર્લભ નથી. સુખ આપનારા તેમજ સર્વ દુઃખોનો નાશ કરનારા એક શ્રીહરિ જ દુર્લભ છે. (૬) તેથી આપણે બંનેએ અસાર વિષય સુખોથી વિરામ પામવો અને ધર્મનંદન પ્રત્યક્ષ શ્રીહરિમાંજ અત્યંત દૃઢ પ્રીતિ કરવી. (૭)

તે દંપતિએ આ પ્રમાણે વિચાર કરીને, વાનપ્રસ્થ આશ્રમમાં રહી, કામની ઈચ્છાનો ત્યાગ કરી, તપ કરવાની ઈચ્છા કરી. (૮) ઠાકુરદાસ ભક્ત પોતાની સ્ત્રીના વસ્ત્રનો સ્પર્શ થાય તો પણ ઉપવાસ કરતા અને તે ધના ઠાકુરદાસના વસ્ત્રનો સ્પર્શ થાય તો તે પણ ઉપવાસ કરતી. (૯)

હંમેશા આ પ્રમાણે વર્તતા તે પતિપત્ની કામ સંકલ્પથી રહિત થઈ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવા લાગ્યા. (૧૦) ગૃહસ્થાશ્રમને વિષે રહ્યા છતાં પણ જેમણે વિષય સુખની ઈચ્છા ત્યાગ કરી છે એવા તે દંપતિ, શ્રીહરિના પ્રતાપથી અને શ્રીહરિની પ્રસન્નતા માટે એ રીતે રહેતા હતા. (૧૧)

ગૃહસ્થાશ્રમી હોવા છતાં પણ હંમેશા વાનપ્રસ્થ આશ્રમ પ્રમાણે તેમને વર્તતા જોઈ, સત્સંગિજનો આનંદ પામ્યા. (૧૨) નિયમોનું પાલન કરતા અને બ્રહ્મચર્ય વ્રતમાં રહેતા તે બંને પતિપત્નીને જોઈ દૈવી જીવો આનંદ અને આશ્ચર્ય પામતા હતા. (૧૩)

પરંતુ અસુર અને પાપીજનો તે દંપત્તિને જોઈ અંતરમાં બળતા હતા અને તેમની નિંદા કરતા હતા. (૧૪) છતાં ક્ષોભરહિત થઈ શ્રીહરિને પ્રસન્ન કરવામાં ઉત્સાહવાળા તે દંપતિ, લોકોને વિસ્મય પમાડતા ઉક્ત પ્રકારે દૃઢપણે વર્તતા હતા. (૧૫)

શ્રીહરિએ તે બંનેનું દૃઢતર બ્રહ્મચર્ય જોઈ, પાપજન્ય અને દુઃખનો નાશ કરનારું પોતાનું દર્શન તેમને આપ્યું. (૧૬)

શ્રીહરિના દર્શનથી આનંદ પામેલા તે પતિપત્ની, જેમની આંખમાંથી અશ્રુની ધારા વહે છે તેઓ, મનોહર અને સંસૃતિનો નાશ કરનારા પોતાના ઈષ્ટદેવની સ્તુતિ કરવા લાગ્યા. (૧૭)

તે પછી તે દંપતિ પ્રત્યે શ્રીહરિએ શોકનો નાશ કરનારું વચન કહ્યું કે, તમારા બંનેના બ્રહ્મચર્ય વ્રતથી હું અત્યંત પ્રસન્ન થયો છું. (૧૮) ગૃહસ્થ અને યુવાન છતાં તમો બંનેએ સદા ત્યાગીની માફક મારી પ્રસન્નતાર્થે કલ્યાણકારી બ્રહ્મચર્ય વ્રતનું દૃઢપણે પાલન કર્યું છે. (૧૯)

તેથી તમારા બંને ઉપર હું અત્યંત પ્રસન્ન થયો છું. હવે હું જેમ તમોને આજ્ઞા આપું તેમ તમારે બંનેએ આદરપૂર્વક વર્તવું. (૨૦) એક બીજાના વસ્ત્રનો સ્પર્શ થાય તેમાં તમારે ઉપવાસ કરવો નહિ અને હંમેશા ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું. (૨૧)

આ લોકમાં ગૃહસ્થને ત્યાગીની રીત પ્રમાણે વર્તવું ન ઘટે. માટે મારી આજ્ઞાથી ગૃહસ્થ સત્સંગીની માફક તમારે વર્તવું. (૨૨) ત્યારબાદ તે પવિત્ર દંપતિએ હે પ્રભો ! જેમ આપ કહો છો તે પ્રમાણે અમે કરીશું. એમ કહીને ભક્તવત્સલ શ્રીહરિ જેમના દર્શનથી અનંત દુઃખો નાશ થાય છે. તેમને હર્ષપૂર્વક પ્રણામ કર્યા. (૨૩)

ત્યારબાદ શ્રીહરિએ ત્યાંના ભક્તોને પણ દર્શન આપ્યાં. પરંતુ ત્યાંના અન્ય જનોને શ્રીહરિની ઈચ્છાથી શ્રીહરિના દર્શન થયા નહિ. (૨૪) આ પ્રમાણે શ્રીહરિએ તેમને અત્યંત શાંતિકર અને જીવોનો આત્યંતિક મોક્ષ કરનારું પોતાનું દર્શન આપ્યું. અને પછી પોતે અંતર્હિત થઈ ગયા. (૨૫)

તે ધુવા ગામમાં ધર્મનિષ્ઠાવાળી, પવિત્ર વ્રતવાળી, અત્યંત પ્રીતિપૂર્વક સદા ધર્મનંદન પ્રત્યક્ષ શ્રીહરિનું ભજન કરતી ભક્ત ગંગા રહેતી હતી. (૨૬) હે રાજન્ ! એક સમયે અન્ય સ્ત્રીઓ સાથે તે ગંગા લાકડા લાવવા માટે જતાં લાકડા વીણતી વીણતી તે શ્રીહરિના ગુણોના પદોનું ગાન કરતી હતી. (૨૭)

તે ગંગા અત્યંત પ્રેમપૂર્વક હરિગુણના પદો ગાતી હતી. અને તેના નેત્રોમાં અશ્રુપ્રવાહ ચાલ્યો જતો હતો. એ સમયે દિવ્ય સુખના નિધિ પોતાના ઈષ્ટ દેવ ધર્મનંદન શ્રીહરિને તે સંભારવા લાગી. (૨૮) પોતાને વિષે અત્યંત પ્રેમ જેમને છે એવા અને જનોને આધીન, તેમના સર્વભાવ જાણનાર શ્રીહરિએ તેનો અત્યંત પ્રેમ જોઈને તેને પોતાના દર્શન આપ્યા. (૨૯)

પુષ્પના તોરા સહિત હાર ધારણ કરેલા તથા શ્વેતવસ્ત્ર ધારણ કરેલા, સમક્ષ પધારેલા શ્રીહરિના દર્શન કરી ગંગા તરત જ સ્તુતિ કરવા લાગી. અન્ય સ્ત્રીઓ પણ શ્રીહરિની સ્તુતિ કરવા લાગી. (૩૦) ત્યારબાદ ગંગાના અત્યંત પ્રેમને આધીન થયેલા તે શ્રીહરિ મધુર સ્વરથી આદરપૂર્વક તેની સાથે પદો ગાવા લાગ્યા. (૩૧)

ગંગા પણ કોટિ કામદેવના ગર્વને હરનારા શ્રીહરિના પ્રેમપૂર્વક દર્શન કરતી દુઃખ હારી

ભગવાનની સાથે ગાવા લાગી. (૩૨)

ત્યારબાદ તે ગંગા શ્રીહરિની ઈચ્છાથી યોગીને પણ દુર્લભ એવી સમાધિ પામી. તે સમાધિમાં તેણે શ્રીહરિનું પરમ અક્ષરધામ જોયું. (૩૩)

ત્યારબાદ ગંગાએ મહા તેજથી શોભતા તે અક્ષરધામને વિષે દિવ્ય મણિવાળું સુવર્ણ નિર્મિત સુંદર મંદિર જોયું. (૩૪) ગંગાએ તે મંદિરમાં દિવ્ય મણિઓથી જડેલું સુવર્ણનું સિંહાસન જોયું. તે સિંહાસન ઉપર વિરાજમાન શ્રીહરિને પણ તેણે જોયા. (૩૫)

જેમના સમગ્ર સ્વરૂપના અવયવો દિવ્ય છે એવા, જેમણે દિવ્ય ભૂષણો અને વસ્ત્રો ધારણ કર્યાં છે એવા, અને જેમનું સૌંદર્ય કરોડો કામદેવને પણ લજ્જા પમાડનારું છે; (૩૬)

શોભાયમાન કિશોર અવસ્થાવાળા, કરોડો સૂર્યનારાયણ જેવા તેજસ્વી, દિવ્ય દ્વિભુજધારી શાંત, અલૌકિક આનંદના નિધિ; (૩૭)

સચ્ચિદાનંદ કરોડો અક્ષર પાર્ષદોથી સેવાયેલા, ભક્તિધર્મથી તેમજ રાધા, લક્ષ્મી વગેરેથી સેવાયેલા; (૩૮)

આ પ્રકારે તે અક્ષરધામના વિવિધ પ્રકારના ઐશ્વર્ય, દિવ્યસિદ્ધિ તથા વિભૂતિઓને વિસ્મય પામી ગંગા હર્ષપૂર્વક જોતી હતી. (૩૯)

હે નરેશ્વર ! ત્યારબાદ ધર્મનંદન સ્વતંત્ર શ્રીહરિએ ગંગાને તે સમાધિમાંથી જાગ્રત કરી અને તત્કાળ પોતે અંતર્હિત થઈ ગયા. ત્યાર પછી ગંગા તે સમાધિમાં પોતે જોએલું શ્રેષ્ઠ અને વિવિધ પ્રકારનું દિવ્યૈશ્વર્ય, શ્રીહરિની સ્મૃતિ કરતી, અન્ય સ્ત્રીઓને કહેવા લાગી. (૪૦)

તે ઐશ્વર્ય સાંભળીને પ્રસન્ન થયેલી અને જાણે પ્રત્યક્ષ જ તે સુખ જોયું હોય તેમ તે મહાસુખમાં જેમના ચિત્ત નિમગ્ન થઈ ગયા છે, એવી તે સમગ્ર સ્ત્રીઓ તો, તે જ ભગવાન છે. એમ બોલતી શ્રીહરિનો અનુપમ યશ સ્નેહપૂર્વક ગાવા લાગી. (૪૧)

હે રાજન્ ! 'ધુવા' ગામમાં દૈવી સ્ત્રીઓ તો દઢતાપૂર્વક શ્રીહરિનો દઢ આશ્રય કરીને પોત પોતાના ધર્મનું રાત્રિ-દિવસ પાલન કરતી, ઈષ્ટદેવ એવા ધર્મનંદન શ્રીહરિકૃષ્ણનું ભજન કરવા લાગી. (૪૨) હે રાજન્ ! આ પ્રકારે મંગળ સ્વરૂપ સર્વ ગુણોના નિધિ, પવિત્ર કીર્તિવાળા, ભક્તોના સ્વામી, ધર્મનંદન ભગવાનનું અત્યંત ઉત્કૃષ્ટ આ ઐશ્વર્ય તમોને મેં સંક્ષિપ્તથી કહ્યું. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના ભક્તોને શ્રીહરિએ આપેલા દર્શન, વગેરે નિરૂપણ નામે આડત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૮)



અધ્યાય ૩૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! 'ધુવા' ગામમાં સ્વામિનારાયણના આશ્રિત સર્વ ભક્તજનોએ ફુલદોલનો મહોત્સવ કરવા માટે આરંભ કર્યો. (૧) ત્યારબાદ તે ભક્તજનો હર્ષપૂર્વક અત્યંત સુંદર રંગ તથા અતિ સુંદર ગુલાલ પરસ્પર ફેંકતા લલિત ક્રીડા કરવા લાગ્યા. (૨)

તે સમયે તે ભક્તો અત્યંત પ્રીતિપૂર્વક સ્વામિનારાયણ શ્રીહરિને સંભારતા ઉંચા સ્વરથી ''સ્વામિનારાયણ'' એ પ્રમાણે નામોચ્ચારણ કરવા લાગ્યા. (૩) ભક્તવત્સલ શ્રીહરિ અંતર્યામીપણે તે ભક્તોની પોતાના વિષેની પ્રીતિ જાણતા હતા. તેથી તત્કાળ ત્યાં પધાર્યા. (૪)

આ પ્રમાણે એકા એક શ્વેત વસ્ત્રધારી શ્રીહરિને આવતા જોઈ, તેઓ સર્વ અત્યંત આનંદ પામ્યા. શ્રીહરિના દર્શનથી તે ભક્તોની આંખમાં અશ્રુ આવી ગયા અને એ સ્થિતિમાં તેઓ શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૫)

પછી સુંદર સ્વરૂપધારી શ્રીહરિ તેમના મંડળમાં પ્રવેશ કરીને તે ભક્તો ઉપર પ્રેમપૂર્વક રંગ તથા ગુલાલ ફેંકવા લાગ્યા. (૬) આ પ્રમાણે પોતાના અનન્ય ભક્તોના અત્યંત પ્રેમને વશ થયેલા શ્રીહરિ તે ભક્તોની સાથે સુંદર રંગ ક્રીડા કરતા હતા. (૭)

તે સમયે શ્રીહરિના દર્શન કરીને પ્રસન્ન થયેલા ત્યાંના સર્વ સત્સંગીજનો તેમજ અન્યજનો વિસ્મય પામ્યા અને વિચાર કરવા લાગ્યા. (૮) અહો ! અહીંથી અત્યંત દૂર પશ્ચિમ પંચાલ દેશમાં આવેલા ગઢપુરમાં હાલ સાક્ષાત્ આ પ્રભુ બિરાજે છે. (૯)

આ પ્રત્યક્ષ શ્રીહરિ હમણાં ત્યાંથી જ દિવ્ય સ્વરૂપે પોતાના ભક્તોને આનંદ આપવાની ઈચ્છાથી અહીં પધાર્યા છે. (૧૦) તેથી હે ભક્તો ! જેમનું દર્શન લોકોને દુર્લભ છે એવા, અને તાપ તથા પાપનો નાશ કરનારા, આ ભગવાનના આદરપૂર્વક દર્શન કરો. (૧૧)

સ્વતંત્ર પ્રભુ શ્રીહરિ, પોતાના દર્શનમાં આસક્ત એવા તે ભક્તોના આ પ્રકારના વચનો સાંભળી, તેઓ સૌ જુવે તે પ્રમાણે તત્કાળ અંતર્હિત થઈ ગયા. (૧૨) તેથી શ્રીહરિના વિયોગની પીડાથી દુઃખી થયેલા તે સમગ્ર ભક્તો, જેમ પ્રાપ્ત થયેલી ચિંતામણી નાશ પામે અને અત્યંત દુઃખ થાય તેમ અત્યંત દુઃખી થયા. (૧૩) શ્રીહરિમાં આસક્ત અને જેમના નેત્રોમાં અશ્રુ છે એવા તે ભક્તો, અનુપમ, અચ્યુત, શ્રીહરિનું સ્મરણ કરતા પરસ્પર કહેવા લાગ્યા. (૧૪)

અહો ! આ પ્રત્યક્ષ ભગવાન, સર્વ સદ્‌ગુણોના નિધિ, તેમને પ્રણામ કરનારા ભક્તોના દુઃખનો નાશ કરનારા, કરોડો કામદેવને મોહ પમાડનારા; (૧૫) અત્યંત દૂર દેશથી પોતાના યોગ ઐશ્વર્યથી અહીં પધારીને આ ફુલદોલના ઉત્સવમાં આપણી સાથે રંગ રમ્યા. (૧૬)

આપણા અત્યંત પ્રાણપ્રિય, વ્યાપક, શ્રીહરિ આ પ્રમાણે આપણને આનંદ આપીને ક્યાં ચાલ્યા ગયા ? (૧૭) ત્રિવિધ તાપનુ શમન કરનાર, તે શ્રીહરિનો અંગ સ્પર્શ કરીને તેમને આલિંગન કરવાનું તેમજ તેમનું પૂજન કરવાનું પણ આપણાથી ન થઈ શક્યું. (૧૮)

તે ભક્તોમાં કેટલાક એમ બોલ્યા, “તેમના પવિત્ર દર્શન થયા તેનાથી જ આપણે આપણું મોટું ભાગ્ય માનીએ.” (૧૯) આવી રીતે પ્રેમપૂર્વક શ્રીહરિનું સ્મરણ કરતા શ્રીહરિ છે પ્રિય જેમને એવા તે ભક્તો, શ્રીહરિનું ભક્તવત્સલપણું, તેમજ તેમનું માહાત્મ્ય, હર્ષપૂર્વક ગાવા લાગ્યા. (૨૦)

ત્યાંના અન્ય દૈવી જનોએ પણ આ પ્રમાણે શ્રીહરિએ બતાવેલું પોતાનું અનુપમ ઐશ્વર્ય જોઈ શ્રીહરિનો આશ્રય કર્યો. (૨૧) તે ધુવા ગામમાં હરિભક્ત વર્ય વિપ્ર બુદ્ધિશર્મા તથા મદારીશર્મા બંને બંધુઓને સત્સંગી જનોમાં અત્યંત પ્રીતિ હતી અને તેઓ અતિ ધર્મનિષ્ઠ હતા. (૨૨)

અત્યંત સ્નેહાળ તે બંને બંધુઓ સાથે વેપાર કરતા હતા. પછી તે બંને બંધુઓને ધનપ્રાપ્તિના વ્યવહારમાં પરસ્પર અત્યંત વિરોધ થયો. (૨૩) એક સમયે તે બંને બંધુઓએ અત્યંત ક્રોધથી લાલચોળ નેત્ર કરી પરસ્પર કઠોર શબ્દો બોલી, એક બીજા ઉપર આક્ષેપો કર્યા અને આ પ્રકારે ભયંકર ક્લેશ કરીને ક્ષોભ પામી પોત પોતાના નિવાસ સ્થાનમાં ગયા. (૨૪)

ત્યારપછી બુદ્ધિશર્મા ભક્તે તેનો ક્રોધ શાંત થયો ત્યારે એકાંતમાં બેસી, ચિત્તમાં અત્યંત પશ્ચાત્તાપ કરી, પોતાના હૃદયમાં આ પ્રકારે વિચાર કર્યો. (૨૫) અરે ! શ્રીહરિના આશ્રિત એવા મેં અત્યંત ક્ષુદ્ર એવા વ્યવહારના કારણે મારા ભાઈ સાથે મોટો કજિયો કર્યો. અને દુષ્ટ વાગ્બાણોથી તે ભાઈને દુઃખી કર્યો. (૨૬)

નાશવંત એવા તુચ્છ દ્રવ્યની પ્રાપ્તિ માટે મેં પ્રાકૃત જનોની માફક નિંદનીય અસત્ કર્મ કર્યું તેથી શ્રીહરિના આશ્રિત એવા મને ધિક્કાર છે. (૨૭) સમગ્ર જનોનો હૃદગત અભિપ્રાય જાણનારા મારા ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મારુ આ દુષ્ટ કર્મ જાણીને પોતાના આશ્રિત ભક્તની સાથે વેર કરનાર અને મૂઢ એવા મારા ઉપર અત્યંત અપ્રસન્ન થશે. (૨૮)

આવો વિચાર કરીને શ્રીહરિના એક આશ્રયવાળા બુદ્ધિશર્માએ નેત્રમાં અશ્રુસહિત ધર્મનંદન શ્રીહરિની ઘણી સ્તુતિ કરી અને પછી ઉપાસ્ય મૂર્તિ શ્રીહરિની માનસી પૂજા કરી. (૨૯) જેના નેત્રોમાંથી અશ્રુપ્રવાહ વહે છે. એવા તે ભક્તે ધર્મનંદન અચ્યુત શ્રીહરિનું ધ્યાન કરતા કરતા ગદ્ ગદ્ વાણીથી તે સમયે શ્રીહરિની પ્રાર્થના કરી. (૩૦)

તેથી દયાનિધિ શ્રીહરિએ અંતર્યામીપણે તે ભક્તનો અત્યંતભાવ તથા દીનતા જાણી, તેને પોતાના દર્શન આપ્યા. (૩૧) ત્યારબાદ એકદમ પોતાની સમીપે આવિર્ભાવ પામેલા, દુઃખહારી તે શ્રીહરિના દર્શન કરી આનંદ પામેલા તે ભક્તે, નેત્રમાં અશ્રુ સાથે શ્રીહરિને

નમસ્કાર કર્યો. (૩૨)

પછી તે ભક્તે પ્રેમપૂર્વક શ્રીહરિને આસન ઉપર બેસાડ્યા અને વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. (૩૩) પછી તે ભક્ત સાકર યુક્ત સુંદર દૂધપાક તેમજ પાત્રમાં પીરસેલા વિવિધ પ્રકારના ભોજનો પ્રેમપૂર્વક શ્રીહરિને જમાડતા હતા. (૩૪)

સુંદર ભોજનો જમતા શ્રીહરિએ તે ભક્તના આનંદ માટે તે ભક્તને કહ્યું, હે ભક્તવર્ય ! તમારે સત્સંગીઓમાં દૃઢ સ્નેહ કરવો. (૩૫) આ લોકમાં અને પરલોકમાં સાચા સંબંધિઓ તો સત્સંગીઓ જ છે. તેથી તેમની સાથે તમારે ક્યારેય વેર કરવું નહિ. (૩૬)

હે ભક્ત ! આ લોકમાં મારા આશ્રિતો જે મારા ભક્તો, અંદર અંદર અત્યંત સુહૃદભાવ રાખે છે તેના ઉપર જેવો હું પ્રસન્ન થાઉં છું. તેવો બીજા કોઈ ઉપર પ્રસન્ન થતો નથી. (૩૭)

તેથી મારા આશ્રિત ભક્તોએ પરસ્પર વ્યવહાર કર્યા છતાં પણ પ્રાકૃત તુચ્છ વસ્તુ માટે વિરોધ કરવો નહિ. (૩૮) મારા આશ્રિત જનો જો પરસ્પર વ્યવહાર કરે તો તેમાં લાભ તથા ખોટ થાય તે સરખે ભાગે વહેંચી લે. (૩૯)

લોભના સ્વભાવથી જો તેમાં વિરોધ થાય તો મારા ભક્તોએ ક્યારેય પણ પરસ્પર વ્યવહાર કરવો નહીં. (૪૦) મેં કહ્યુ તે પ્રમાણે ન વર્તાય તો આ લોકમાં પ્રાકૃત જીવની માફક અપકીર્તિ થશે. તથા ભક્તનો અપરાધ થશે. અને તેથી મહાન્ અનર્થ પણ થશે. (૪૧)

તેથી જે પોતાનું હિત ઈચ્છનારા છે. અને મારી પ્રસન્નતા ઈચ્છે તે સર્વ સત્સંગીઓએ પરસ્પર વિરોધ ન થાય તે પ્રમાણે જ વર્તવું. (૪૨) તે ભક્ત શ્રીહરિની આ પ્રમાણેની વાણી સાંભળીને હાથ જોડી શ્રીહરિને કહેવા લાગ્યા. હે હરે ! આપનો ભક્ત જે મારો ભાઈ તેનો મેં અપરાધ કર્યો છે. (૪૩)

હે પ્રભો ! લોભના કારણથી જ એ અપરાધ થયો છે તેને આપ ક્ષમા કરો. ફરીથી હું આવું ક્યારેય નહિં કરું. (૪૪) તે ભક્તના આવા વચન સાંભળીને શ્રીહરિ તેના ઉપર અત્યંત પ્રસન્ન થયા. પછી તેને પ્રસન્ન કરવા ભક્તવત્સલ શ્રીહરિ વિવિધ પ્રકારના ભોજનો જમ્યા. (૪૫)

તૃપ્ત થયેલા શ્રીહરિ હાથ, મુખ ધોયા પછી બુદ્ધિશર્મા ભક્તે અર્પણ કરેલો શ્રેષ્ઠ મુખવાસ હર્ષપૂર્વક જમ્યા. (૪૬) તે સમયે તેના સંબંધીઓ તથા અન્ય ભક્તો તેમજ અન્ય જનોએ પણ ઈષ્ટદેવ શ્રીહરિના દર્શન કર્યાં. ત્યારબાદ ભક્તના કલ્યાણમાં આગ્રહવાળા સ્વતંત્ર સ્વયં શ્રીહરિ અંતર્હિત થઈ ગયા. (૪૭)

હે રાજન્ ! તેથી તે જનો અત્યંત આશ્ચર્ય અને હર્ષ પામ્યા અને શ્રીહરિએ બતાવેલું તે પરમ ઐશ્વર્ય ગાતા ગાતા શ્રીહરિનું અત્યંત માહાત્મ્ય તેઓ સમજ્યા. (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના ભક્તોને શ્રીહરિએ કરાવેલા પોતાના દર્શન વગેરે વર્ણન નામે ઓગણચાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૯)



અધ્યાય ૪૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તે ધુવા ગામમાં શ્રીહરિના ધ્યાન પરાયણ અને એકાંકિત ભક્ત અને જેને સંસાર અસાર થઈ ગયો હોત તે ભક્ત પ્રાણનાથ રહેતો હતો. (૧)

સત્પુરુષોનો સંગ જેને અત્યંત પ્રિય છે, સર્વ સત્સંગીઓમાં જેને સુહૃદપણું છે એવા તે ભક્તને શ્રીહરિને પ્રસન્ન કરવાની અત્યંત ઈચ્છા હતી. તેના સદ્‌ગુણી સ્વભાવથી અને શ્રીહરિ પ્રત્યેની અનન્ય ભક્તિથી તે ભક્ત ઉપર શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને તેને ઘેર જઈને પ્રાણનાથ ભક્તને પોતાના કલ્યાણકારી દર્શન આપ્યા. (૨,૩)

તેથી જેમ નિર્ધન મનુષ્ય લક્ષ્મીનો નિધિ જોઈને જેમ હર્ષ પામે તેમ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિના દર્શન કરીને તે અત્યંત આનંદ પામ્યો અને નેત્રમાં અશ્રુ સાથે શ્રીહરિને વારંવાર નમસ્કાર કરવા લાગ્યો. (૪) પછી તેણે ભક્ત પ્રિય શ્રીહરિને ઉત્તમ બાજોઠ ઉપર બેસાડ્યા અને વિવિધ ઉપચારોથી શ્રીહરિની તેણે યથોચિત્ પૂજા કરી. (૫) પછી પ્રેમપૂર્વક ધર્મનંદન શ્રીહરિના દર્શન કરતા અને વિનયપૂર્વક ઉત્તમવાણી ઉચ્ચારતા તે ભક્ત હાથ જોડી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યો. (૬) હે હરે ! આપના ચરણથી અંકિત થયેલા આપના બે ચરણારવિંદ પૂજા કરવા માટે મારી પાસે નથી તેથી મારા હૃદયમાં તે મેળવવા માટે સંકલ્પ છે. (૭)

હે પ્રભો ! ભક્તેશ ! આપ મારો તે સંકલ્પ સંપૂર્ણ કરો. શ્રીહરીએ તે ભક્તનું આ વચન સાંભળીને ઉત્સાહપૂર્વક તે ભક્તને કહ્યું, ‘તમારો સંકલ્પ પૂર્ણ થશે.’ (૮) ત્યારબાદ તે ભક્તે એક પાત્રમાં હિંગળોકનો રસ અને નવીન ઝીણું વસ્ત્ર લાવીને હર્ષપૂર્વક શ્રીહરિની સમીપે તે મૂક્યા. (૯) તેથી શ્રીહરિએ હિંગળોકના રસથી પોતાના બંને ચરણો ભીના કરી તે સુંદર વસ્ત્ર ઉપર પોતાના બંને ચરણો અંકિત કર્યા. (૧૦) પછી દયાનિધિ શ્રીહરિએ તે વસ્ત્ર ઉપર છાપેલા પોતાના બે ચરણારવિંદ પ્રેમપૂર્વક પોતાના તે એકાંતિક ભક્ત પ્રાણનાથને આપ્યા. (૧૧)

તે વખતે પ્રાણનાથના સંબંધિઓ અને અન્ય ભક્તજનો શ્રીહરિને તેમજ શ્રીહરિએ આપેલા છાપેલા ચરણારવિંદ જોઈ વિસ્મય પામ્યા. (૧૨) પછી તે ભક્તજનો તથા પ્રાણનાથ નમ્રતાપૂર્વક શ્રીહરિની

સ્તુતિ કરવા લાગ્યા. પોતાના ભક્તને અતિસુખ આપનારા અવતારી આપને અમો નમસ્કાર કરીએ છીએ. (૧૩) હે સ્વામિન્ ! આપ અહીંથી અત્યંત દૂર પશ્ચિમ પંચાલ દેશમાં આવેલા ગઢપુરમાં આપના આશ્રિતોની સાથે હાલમાં નિવાસ કરો છો. (૧૪) તો પણ દિવ્ય ઐશ્વર્ય યુક્ત, સર્વજ્ઞ એવા આપ, દિવ્ય સ્વરૂપે અહીં પધારીને હે દયાનિધે ! આપે અમોને આપના દર્શન આપ્યા. (૧૫)

ભક્તોના દુઃખનો નાશ કરનારા હે પ્રભો ! હજારો ગાઉ દૂર રહેતા ભક્તોની સમીપે યોગૈશ્વર્યથી પધારીને; (૧૬) આપ તેમને શાંતિપ્રદ આપનાં દર્શન આપી, આપ અન્ય જનોને પણ આપના કલ્યાણકારી, અદ્‌ભુત, દિવ્ય અને અનુપમ ઐશ્વર્ય બતાવો છો. (૧૭)

હે સ્વામિને ! હે પ્રભો ! સદ્‌ગુણ સાગર ! શરણ્ય ! આપ હંમેશા આપના ભક્તોનું ક્ષણ ક્ષણ પ્રત્યે રક્ષણ કરો છો અને તેઓને આત્યંતિકી મુક્તિ પમાડો છો.

(૧૮) હે હરે ! આપની આ અનુપમ દયા, ભક્તવત્સલપણું તથા દિવ્યઐશ્વર્ય કહેવા શેષનારાયણ આદિ કોઈ સમર્થ નથી. (૧૯)

હે રાજન્ ! આ પ્રકારની તે જનોની પ્રાર્થના સાંભળી તેમના પ્રત્યે દયાર્દ્ર દૃષ્ટિથી જોતા શ્રીહરિ તે ભકતો જુવે તે પ્રમાણે ત્યાંથી અંતર્હિત થઈ ગયા. (૨૦) તેથી વિસ્મય પામેલા તે ભક્તો શ્રીહરિનું પરમ દિવ્ય ઐશ્વર્ય તથા પોતાના ભક્તજનો ઉપરના અત્યંત સ્નેહ તથા શ્રીહરિના માહાત્મ્યનું પરસ્પર ગાન કરવા લાગ્યા. (૨૧)

આવી રીતે શ્રીહરિ સો, સો તેમજ હજારો ગાઉ દૂર દેશમાં વસતા પોતાના ભક્તજનોને પોતાના દર્શન આપતા હતા. (૨૨) તે શ્રીહરિ પોતે દિવ્યસ્વરૂપે તે ભક્તોને ઘેર જતા હતા. ભોજન જમતા હતા. તેમજ વારંવાર તેમનું રક્ષણ પણ કરતા હતા. (૨૩)

હે રાજન્ ! ખાનદેશમાં આવેલા બુરાનપુર નગરમાં બુદ્ધિમાન વિપ્ર હરિભક્ત નારાયણજી રહેતા હતા. (૨૪) તે નારાયણજીનો પુત્ર હરિરામ હરિભક્ત હતો. તે હરિરામ બાલ્યાવસ્થાથી શ્રીહરિની કૃપાથી સમાધિ અવસ્થા પામ્યો હતો. (૨૫)

તે નારાયણજીના પ્રારબ્ધનો અંત આવતા પુરુષોત્તમ, ધર્મનંદન પ્રત્યક્ષ શ્રીહરિને સંભારતા તેણે પોતાના શરીરનો ત્યાગ કર્યો. (૨૬) તે સમયે દિવ્ય વિમાનમાં બિરાજી શ્રીહરિ, દિવ્ય વિમાનમાં આવેલા અન્ય અક્ષર મુક્તો સહિત નારાયણજીને લેવા માટે ત્યાં પધાર્યા. (૨૭)

ત્યારબાદ તે શ્રીહરિ દિવ્ય દેહવાળા પોતાના ભક્ત નારાયણજીને દિવ્ય વિમાનમાં બેસાડીને બ્રહ્મપુરધામમાં લઈ ગયા. (૨૮) પછી બુદ્ધિશાળી સમાધિસ્થ તે નારાયણજીનો પુત્ર હરિરામ સમાધિ દ્વારા શ્રીહરિના બ્રહ્મપુર ધામ પ્રત્યે ગયો. (૨૯)

તે હરિરામે સમાધિમાં દિવ્ય સુવર્ણ અને મણિની કાંતિવાળું મંદિર જોયું. તે મંદિરમાં દિવ્ય

મણિવાળું શ્રેષ્ઠ સિંહાસન જોયું. (૩૦) તે હરિરામે તે સિંહાસન ઉપર વિરાજમાન ઉત્કૃષ્ટ કિશોરાવસ્થાથી કમનીય દિવ્ય વસ્ત્રો અને ભૂષણોથી અલંકૃત શ્રીહરિકૃષ્ણ ભગવાનને જોયા. (૩૧) રૂપ, સૌંદર્ય, માધુર્ય, લાવણ્ય વગેરે ગુણોના નિધિ, દિવ્યાકૃતિવાળા, શાંત, કોટિ કામદેવનો મદ હરનારા; (૩૨) કરોડો સૂર્યનારાયણ સમાન કાંતિવાળા, મંદસ્મિત યુક્ત મુખારવિંદવાળા, ઉત્કૃષ્ટ આનંદના સાગરના સ્થાન સ્વરૂપ, અદ્‌ભુત આકૃતિવાળા (૩૩)

અક્ષરધામમાં દિવ્ય તેજોમય અને દિવ્ય શરીરધારી અક્ષર મુક્તોને પણ તેણે જોયા. અને અક્ષરમુક્ત સમાન પોતાના પિતાને પણ જોયા. (૩૪) પછી તે હરિરામે સમાધિમાંથી જાગીને પોતે જે આશ્ચર્ય જોયું તે ભક્તોને તથા અન્ય જનોને કહ્યું. (૩૫)

હરિરામે કહેલી હકીકત સર્વ સત્સંગી જનોએ માની પરંતુ અન્ય લોકોને તો તે સાંભળીને સંશય થયો. તેથી તેમણે તે માન્યું નહિં. (૩૬) સમાધિમાં સંશય કરતા લોકોમાં વેંકટરામ જે હરિરામના પિતાનો મિત્ર હતો તેણે તથા વિપ્ર જ્ઞાનેશ્વરે હરિરામને આ પ્રમાણે કહ્યું; (૩૭)

હે સન્મતે ! હે હરિરામ ! હું તથા મારો ભાઈ અને તમારા પિતા અમો ત્રણ પહેલાં અહીંથી બીજે ગામ ગયા હતા. (૩૮)

તે સમયે અમને જે બન્યું તે સમાધિદ્વારા તમો ફરી બ્રહ્મપુર ધામમાં જઈને તમારા પિતાને પૂછો. (૩૯) પછી તે વૃત્તાંત જેમ હોય તેમ અમોને કહો. તો અમે તમારું કહેલું સત્ય માનીએ. (૪૦)

તેથી તે બ્રાહ્મણપુત્ર ફરીથી સમાધિ કરીને અક્ષર ધામમાં ગયો અને શ્રીહરિને નમસ્કાર કરીને પોતાના પિતાને આ પ્રમાણે કહ્યું. (૪૧) હે પિતા ! તમારા મિત્ર વેંકટરામ તથા જ્ઞાનેશ્વર એ બંને બુદ્ધિશાળી વિપ્રોએ મને આ પ્રમાણે કહ્યું છે. (૪૨)

તમારા પિતાની સાથે અમો બીજે ગામ ગયેલા અમો બંને જણાને તે સમયે જે બન્યું હતું તે તું તારા પિતાને જઈને પૂછ. (૪૩) પછી તે સર્વ વૃત્તાંત અમો બંનેને તું કહે તો અમો તારું વચન માનીશું એ સાંભળીને હરિરામના પિતા નારાયણજીએ તેને આ પ્રમાણે કહ્યુ. (૪૪)

હે પુત્ર ! હું, વેંકટરામ તથા જ્ઞાનેશ્વર એ બંનેની સાથે પોંક ખાવા બંદિલપુર ગામ ગયા હતા. (૪૫) હે સન્મતે ! ત્યાં અગ્નિમાં પકવેલો તે નવીન પોંક ખાઈને અમો ત્રણેય આપણા નગરમાં જવા માટે ચાલ્યા. (૪૬)

પછી માર્ગમાં અમોને ચોરો મળ્યા અને અમારાં વસ્ત્ર લૂટ્યાં એ સમગ્ર વૃત્તાંત તું તે બંનેને કહેજે. (૪૭) પછી હરિરામે સમાધિમાંથી જાગ્રત થઈને તે વૃત્તાંત કહ્યું. તે સત્ય વૃત્તાંત સાંભળીને તેઓ અત્યંત આશ્ચર્ય પામ્યા. (૪૮)

ત્યારબાદ હરિરામનો મહિમા તેમણે જાણ્યો અને વિનયપૂર્વક તેને હાથ જોડીને તથા પ્રણામ કરીને પ્રેમથી તેના પ્રત્યે બોલ્યા. (૪૯) હે હરિરામ ! તમને ધન્ય છે. સ્વામિનારાયણના પ્રતાપથી પૃથ્વી વગેરે અષ્ટાવરણ રહિત સર્વોત્તમ સમાધિ સ્થિતિ વ્યાસપુત્ર શુકદેવજીની માફક તમો પામ્યા છો. (૫૦)

સ્વામિનારાયણ પોતે સ્વયં ભગવાન છે તે સત્ય છે. સ્વામિનારાયણના આશ્રિત સાધુઓ પણ સત્ય છે. (૫૧) તેવી રીતે સ્વામિનારાયણ આશ્રિત સત્સંગીજનો પણ સત્ય છે. તેઓ બ્રહ્મચર્ય ધર્મમાં રહે છે તેથી જ દોષ રહિત છે અને સદ્‌ગુણોવાળા છે. (૫૨)

વેંકટરામ તથા જ્ઞાનેશ્વર બંનેએ આ પ્રકારે કહીને પ્રત્યક્ષ શ્રીહરિનો આશ્રય કર્યો. પછી પોતાના ધર્મમાં રહી અત્યંત પ્રેમપૂર્વક તેઓ શ્રીહરિનું અખંડ ભજન કરવા લાગ્યા. (૫૩) હે નૃપ ! ધર્મનંદન શ્રીહરિએ આ પ્રકારે પોતાના ભક્તદ્વારા, સાંભળવામાં સુંદર, અત્યંત અદ્‌ભુત, અલૌકિક, ઉત્તમ ઐશ્વર્ય બતાવ્યું. કલ્યાણકારી તે ઐશ્વર્ય મેં તમોને આવી રીતે સંક્ષિપ્તમાં કહ્યું. (૫૪)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિ પ્રદર્શિત દિવ્યૈશ્વર્ય વર્ણન નામે ચાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૦)



અધ્યાય ૪૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક વખતે શ્રીહરિએ આજ્ઞા કરી તેથી કૃપાનંદ મુનિ પૃથ્વી ઉપર મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે પોતાના મંડળ સહિત ફરવા ગયા. (૧) શ્રીહરિને વિષે જેમને અત્યંત પ્રેમ છે, શ્રીહરિની આજ્ઞા પાળવામાં જે તત્પર છે, અને શ્રીહરિના ધ્યાનમાં જે આસક્ત છે એવા અને જ્ઞાન વિજ્ઞાન સંપન્ન; (૨)

નિદ્રાજીત, કોમળ સ્વભાવવાળા, બોધાનિપુણ, દયાનિધિ, પોતાના હૃદય કમળમાં તેમજ બાહ્ય નિરંતર પ્રત્યક્ષ શ્રીહરિના દર્શન કરનારા; (૩) દૃઢ બ્રહ્મચર્ય સ્થિતિ પામેલા, તીવ્ર વૈરાગ્યથી શોભતા, નિરાવરણ સ્થિતિવાળા, દેશકાળને જાણનારાઓમાં શ્રેષ્ઠ; (૪)

ગોલોક વગેરે પરમાત્માના દિવ્ય ધામોમાં જનારા, ઉત્તમ દૃઢતર સમાધિ સ્થિતિ પામેલા; (૫) હંમેશા ધર્મનંદન શ્રીહરિની એકાંતિકી ભક્તિ કરતા, સર્વ સદ્‌ગુણ સંપન્ન, અધર્મ જન્યદોષ રહિત; (૬)

જેમને દીર્ઘદર્શી એવા ગુણાતીતાનંદ સ્વામી વગેરે શિષ્યો હતા એવા કૃપાનંદ મુનિના શિષ્યો પણ સમાધિમાં રહેનારા અને સમગ્ર આવરણો રહિત હતા. (૭) સમગ્ર દૂષણરહિત, હંમેશાં ઉપશમ સ્થિતિમાં રહેનારા, અજાત શત્રુ ધીર, સદ્ ગુણોથી અલંકૃત; (૮)

આવા સાધુઓની સાથે પૃથ્વી ઉપર ફરતા કૃપાનંદ મુનિ ઘણા મુમુક્ષુઓને ઉપદેશ આપતા હતા. (૯) પુણ્ય દર્શન કૃપાનંદ સ્વામી પોતાના મંડળ સહિત ચાલતા ચાલતા ખાનદેશમાં બુરાનપુર નગરમાં ગયા. (૧૦)

તે પુરમાં ત્યાંના સત્સંગી પુરુષો તેમની અતિહર્ષપૂર્વક સેવા કરવા લાગ્યા. આ પ્રકારે યોગીન્દ્ર કૃપાનંદ મુનિ પોતાના શિષ્યો સહિત પોતાને ઘટિત સ્થાનમાં ત્યાં વસતા હતા. (૧૧) ત્યારબાદ ધર્મજ્ઞાન વગેરેની વાતો કરતા કૃપાનંદ મુનિ પુરના જનોને શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરાવતા હતા. (૧૨) એક પ્રસંગે ત્યંના રાજા કારભારી બ્રાહ્મણ દાદાભાઈ સર્વ બ્રાહ્મણો તથા ત્યાગીઓને જમાડતા હતા. (૧૩) તે સમયે તે દાદાભાઈએ જમવા માટે કૃપાનંદ વગેરે સાધુઓને પ્રેમપૂર્વક જેમ ઘટે તેમ કાચું અન્ન, ગોળ, ઘી વગેરે આપ્યાં. (૧૪, ૧૫)

હે રાજન્ ! ત્યારબાદ કેટલોક સમય વીત્યે રાજાના તે કારભારી દાદાભાઈ જ્વરના રોગની પીડાથી કષ્ટ પામ્યો. (૧૬) ધર્મનિષ્ઠાવાળી, પતિવ્રતા તે વિપ્રના સ્ત્રી તેના પતિની અત્યંત દુઃસહ પીડા જોઈ, પોતે ઘણી પીડા પામી. (૧૭)

આ પીડાથી બેભાન થઈ જતાં કૃશ થઈ ગયેલાં દેહવાળા તે પતિપત્નીની આસપાસ તેના સંબંધિઓ વીંટાઈ ગયા અને મૃત્યુ જાણે સમીપે જ આવ્યું હોય તેવી તે બંનેની સ્થિતિ થઈ ગઈ. (૧૮)

પછી તે પતિપત્ની પ્રારબ્ધ કર્મના અંતે રાત્રે મૃત્યુ પામ્યા. તે સમયે તે દંપતીને લઈ જવા માટે જેમના હાથમાં બાંધવાના દોરડા છે એવા ભયંકર યમદૂતો ત્યાં આવ્યા. (૧૯) તે બંને દંપતી, વાંકા માથાવાળા, ભયંકર, ઊંડા લાલચોળ નેત્રોવાળા, તે યમદૂતોને જોઈ અત્યંત કંપવા લાગ્યા અને તેમના નાડી બંધો પણ તૂટવા લાગ્યા. એ રીતે એ બંને જણા અત્યંત દુઃખી થયા. (૨૦)

ત્યાર પછી તે દંપત્તી શોકથી દુઃખી થયેલા તે દુઃખના નાશ માટે અંબા, કાલિકા, ભદ્રકાળી વગેરે દેવીઓને સંભારવા લાગ્યા. (૨૧) તે બંને દંપતી તે મહા દુઃખમાંથી મુક્તિ માટે હનુમાન, ગણપતિ તથા બીજા અનેક દેવોને સંભારવા લાગ્યા. (૨૨)

તથાપિ તે સમયે રક્ષા કરવા માટે કોઈ દેવી તેમજ કોઈ દેવ આવ્યા નહિ. તેથી તે બંને અત્યંત દુઃખી થયા. (૨૩) પછી તે દંપતીએ તેમણે અગાઉ જે સેવા કરી હતી તે વેરાગીઓ સંન્યાસીઓ, અતીતો, ખાખીઓ તથા ત્યાગીઓને સંભાર્યા. (૨૪)

પરંતુ તે સમયે તેમાંથી કોઈ પણ તેમનુ રક્ષણ કરવા માટે આવ્યા નહિ. પછી અત્યંત ક્રોધવાળા યમદૂતોને જોતાં તે બંનેને અત્યંત ભય અને ચિંતા ઉત્પન્ન થયા. (૨૫) તે ભયંકર યમદૂતો તે બંનેને જન્મથી આરંભીને જે પાપ કર્યા હતા. તેનુ સ્મરણ કરાવતા તે દંપતીને મારવા લાગ્યા. (૨૬)

તે સમયે યમદૂતોના ભયથી ભ્રમિત થયેલા, (શું કરવું તે જેમને સૂઝતું નથી તેવા.) દુઃખરૂપી સમુદ્રમાં તે ડૂબી ગયા. પછી તે દંપતી પોતાની રક્ષામાં હવે કોઈ આવશે નહિ એવી નિરાશાથી અત્યંત શોક કરતા દુઃખી થયા. (૨૭)

તે સમયે મુનિરાજ કૃપાનંદ સ્વામી પોતાના શિષ્ય યોગીન્દ્ર ગુણાતીતાનંદ સ્વામીની સાથે તે બંનેની સમીપે આવ્યા. (૨૮)

તેટલામાં કૃપાનંદસ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીને જોઈ તેમનાથી બીક પામેલા સર્વ યમદૂતો તે દંપતીનો ત્યાગ કરીને અત્યંત દૂર ઊભા રહ્યા. (૨૯)

સ્વામિનારાયણના આશ્રિત તે બંને મુનિવરો પોતાનું રક્ષણ કરે છે તે જોઈ તે સ્ત્રી પુરુષ અત્યંત આશ્ચર્ય પામ્યા. (૩૦)

પછી તે બંને મુનીંદ્રો તે ભયંકર યમદૂતોને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે દુષ્ટો ! અહીં તમો કેમ ઊભા છો ? અહીંથી તત્કાળ ચાલ્યા જાઓ. (૩૧) તે બંને મુનિઓની આવી વાણી સાંભળીને તે યમદૂતો નમ્રતાપૂર્વક તે બંને મુનિઓને કહેવા લાગ્યા. હે મુને ! આ સ્ત્રીપુરુષ તો તમારા નથી કેવળ અમારા જ છે. (૩૨)

તેથી તમારે અમોને રોકવા નહિ. તમારે એવું અન્યાયી કર્મ કરવું નહિ. કારણ કે સાધુઓ તો સદા ન્યાયના આધારભૂત જ હોય છે. (૩૩) હે મુને ! એ બંને સ્ત્રીપુરુષને અમો યમપુરીમાં લઈ જઈશું. જે પુરીમાં પાપીજનોને સદા દુઃખ ભોગવવું પડે છે. (૩૪)

યમદૂતનું આ વચન સાંભળીને તે બંને મુનીંદ્રો તે યમદૂતોને કહેવા લાગ્યા. હે યમદૂતો ! તમોને અમો શ્રીસ્વામિનારાયણના પ્રતાપથી ગણતા નથી. (૩૫) હે યમદૂતો ! તેથી શ્રીહરિના આશ્રિત અમારા બંનેનો પરાભવ કરીને તમો અમારી પાસેથી આ સ્ત્રીપુરુષને લઈ જાઓ. પરંતુ તેમ કરવા તમો સમર્થ નથી. (૩૬)

માટે તેમનો ત્યાગ કરીને તમો તમારા સ્થાનમાં જાઓ. મુનીંદ્રોનું આવું વચન સાંભળીને તે યમદૂતો તે બંને મુનીંદ્રો પ્રત્યે બોલ્યા. (૩૭) હે મુનીંદ્રો ! અમારા સ્વામી યમરાજાએ આ બંને દંપતીને લેવા માટે જ અમોને મોકલ્યા છે. જો આ બંનેનો ત્યાગ કરીને અમે જઈએ; (૩૮)

તો અમારા સ્વામી યમ અમને ઠપકો આપે. તેથી કૃપા કરીને તમો આ બંનેની સાથે અમારા

સ્વામી પાસે આવો. (૩૯) અમારા સ્વામી યમ, દરરોજ ચંદ્રગુપ્ત મંત્રી પાસે મનુષ્યોના પાપને જેમ હોય તેમ સ્પષ્ટ લેખમાં લખાવે છે. (૪૦)

માટે અમારા સ્વામી યમરાજા આ બંને સ્ત્રીપુરુષના પુણ્યપાપો લેખમાં જોઈને શાસ્ત્ર પ્રમાણે જ ન્યાય કરશે. (૪૧) પછી એ દંપતી જો તમારા હશે તો અમારા સ્વામી તમોને જરૂર પાછા આપશે. (૪૨)

કૃપાનંદ તથા ગુણાતીતાનંદ એ બંને દયાળુ મુનીંદ્રોએ યમદૂતોનાં આ વચન સાંભળીને અમો બંને યમપુરીમાં આવીશું. એમ તેમને કહ્યું. (૪૩) ત્યાર બાદ પરમાત્માના ચરણકમળમાં એક મનવાળા, મહાધૈર્યશાળી, સત્પુરુષોમાં શ્રેષ્ઠ, પરમાત્માથી પ્રાપ્ત થયું છે ઐશ્વર્ય જેમને એવા તે બંને મુનિઓ, તે દંપતી તથા સમગ્ર યમદૂતોની સાથે અતિ વેગવાન ગતિએ જતા અત્યંત દૂર મૃત પ્રાણીઓના સ્વામી યમરાજાના નગર પ્રત્યે આવ્યા. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં દાદાવિપ્રની રક્ષા માટે મુનિ યમદૂત સંવાદ નિરૂપણ નામે એકતાલીશમો અધ્યાય સંપૂર્ણ. (૪૧)



અધ્યાય ૪૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી તે બંને મુનીન્દ્રો તે સ્ત્રી પુરુષ તથા યમદૂતોની સાથે ધર્મરાજાની શોભાયમાન મહાસભામાં ગયા. (૧) તેટલામાં ધર્મરાજા તે બંને મહાપ્રતાપી યોગીન્દ્ર મુનિઓને જોઈ, પોતાના સભાજનોની સાથે ઊઠીને આદર પૂર્વક તેમની સામા આવ્યા. (૨)

પછી ધર્મરાજાએ હર્ષપૂર્વક તે બંને મુનિઓને પ્રણામ કરીને, માન આપીને, પોતાની સભામાં લઈ જઈ તે સભામાં અતિસુંદર બે સિંહાસનો ઉપર તેમને બેસાડ્યા. (૩) પછી તે ધર્મરાજાએ તે બંને સાધુઓનું પ્રેમપૂર્વક સુગંધી ચંદન તથા પુષ્પના હાર અને વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ઉપચારોથી પૂજન કર્યું. (૪)

પછી ધર્મરાજાએ તે બંને મુનિઓને પૂછ્યું. અત્યંત પ્રભાવશાળી, પુણ્ય દર્શન એવા આપ બંને કોણ છો ? અહીં શા કારણથી પધાર્યા છો ? (૫) તે બુદ્ધિમાન ધર્મરાજાએ આ પ્રમાણે પૂછ્યું એટલે તે બંનેમાંથી જેમની વાણી સુંદર છે એવા કૃપાનંદસ્વામીએ ધર્મરાજા પ્રત્યે હર્ષપૂર્વક મધુર

વચન કહ્યું. (૬)

હે મહાબુદ્ધે ! અમો બંને શ્રીસ્વામિનારાયણ ભગવાનના આશ્રિત સાધુઓ છીએ. તે શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી મનુષ્યોના કલ્યાણ માટે અમો પૃથ્વી ઉપર ફરીએ છીએ. (૭) હાલમાં દક્ષિણ દેશમાં બુરાનપુર શહેરમાં લોકોને આત્યંતિક મુક્તિના માર્ગનો ઉપદેશ આપતા અમો બંને ત્યાં રહીએ છીએ. (૮)

તે પુરમાં મૃત્યુ પામેલા આ બ્રાહ્મણ દંપતીને લેવા માટે તમારા ભયંકર દૂતો આવ્યા. અને તેમને ઘણી પીડા આપી. (૯) એટલે અમો બંનેને શ્રીસ્વામિનારાયણ ભગવાને અંતર્યામીપણે આ બંનેનું રક્ષણ કરવા માટે પ્રેરણા કરી. તેથી એમની સમીપે અમે ગયા. (૧૦)

તે સમયે તમારા દૂતો સાથે અમારે સંવાદ થયો. પછી હે ધર્મરાજ ! તમારા દૂતોએ અમોને કહ્યું કે (૧૧) અમારે તેમની સાથે તમારી સમીપે આવવું. તેથી અમો બંને આ દંપતીને દુઃખમાંથી મુકાવવા અહીં આવ્યા છીએ. (૧૨) વિચક્ષણ ધર્મરાજા તેમનું આવું સુંદર વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયા. પછી નમ્રતાપૂર્વક તે કૃપાનંદ મુનિ પ્રત્યે કહેલા લાગ્યા. (૧૩)

હે ધીમન્ ! હે કૃપાનંદમુને ! જ્યારે અવતારી, અખિલેશ્વર સ્વામિનારાયણ શ્રીહરિ પોતાના ગુરુની પવિત્ર ગાદી ઉપર બિરાજમાન થયા. (૧૪) ત્યારે હું ત્યાં આવ્યો હતો અને શ્રીપુરુષોત્તમ શ્રીહરિના દર્શન કરીને અને તેમની સ્તુતિ કરીને અત્યંત આનંદ પામ્યો હતો. (૧૫)

સર્વ અવતારોના કારણ, અક્ષરથી પર, પ્રત્યક્ષ, સ્વામિનારાયણ શ્રીહરિની સેવા પરાયણ અને સત્પુરુષોમાં શ્રેષ્ઠ એવા તમો બંને ખરેખર ધન્ય છો. (૧૬) તે શ્રીહરિ થકી ઉત્તમ યોગૈશ્વર્ય પામેલા યોગિવર્ય તમો બંને દૈવયોગથી મને દર્શન થયાં. (૧૭)

આપનું કાર્ય ન જાણનારા આ મારા મૂર્ખ દૂતો તમો બંનેને અહીં લાવ્યા. તે અપરાધ તમો ક્ષમા કરશો. (૧૮) આ પ્રમાણે કૃપાનંદ મુનિને કહીને પછી ધર્મરાજાએ ચિત્રગુપ્ત પાસે લેખ વંચાવ્યો. તે યમરાજાએ તે લેખમાં તે બંને દંપતીએ કરેલા ઘણા પાપ સાંભળ્યા. (૧૯)

પરંતુ તેમાં એક વખતે સ્વામિનારાયણના આશ્રિત સાધુઓને તેમણે જમાડ્યા હતા. તેજ એક શાંતિકારક પુણ્ય તે લેખમાંથી તેણે સાંભળ્યું. (૨૦) ત્યારબાદ યમરાજાએ તે કૃપાનંદ મુનિને પ્રેમથી કહ્યું હે મુને ! સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત તમારા જેવા મહાત્મા સંતોને આ બ્રાહ્મણે જમાડ્યા છે. (૨૧)

તેથી આ બંને જનો દંડવા યોગ્ય નથી રહ્યા. માટે આપ તેમને સ્વામિનારાયણની સમીપે લઈ જાઓ. (૨૨) યોગ પ્રભાવશાળી તે બંને મહામુનિઓ તે દંપતીની સાથે પોતાના યોગ પ્રભાવથી અતિ વેગથી ચાલતા ગઢપુર પહોંચ્યા. (૨૩)

ત્યારબાદ તે બંને સંતો તે પતિપત્ની સહિત એકાંત સ્થળમાં શ્રીહરિને મળ્યા અને શ્રીહરિને પ્રણામ કરીને તેમને પોતાનું સમગ્ર વૃત્તાંત કહ્યું. (૨૪) તે મુનિનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા મુનિપતિ શ્રીહરિએ તે બંને મુનિઓને અત્યંત સુગંધીમાન એવા પુષ્પના હાર પોતાના કંઠમાંથી ઉતારીને આપ્યા. (૨૫)

દીનવત્સલ, સમર્થ શ્રીહરિએ તે પતિપત્નીને પણ અત્યંત સુગંધવાળા પુષ્પના બે હાર તથા બે બાજુબંધ આપ્યા. (૨૬)

પછી શ્રીહરિ તે બંને મુનિઓ પ્રત્યે બોલ્યા હે મુને ! આ દંપતીએ મારા એકાંતિક ભક્તેન્દ્રો અને સકળ સદ્‌ગુણ ભૂષિત એવા તમોને જમાડ્યા હતા. (૨૭)

તેથી આજથી આરંભીને નવ વર્ષ પછી તે દંપતીનો મારા ભક્તને ઘેર જન્મ થશે. (૨૮) પછી તે બંને અક્ષરેશ એવો જે હું તે મારો આશ્રય કરી ધર્મે યુક્ત ભક્તિ કરીને દેહના અંતે મારા દિવ્ય અક્ષર ધામને પામશે. (૨૯)

માટે તમો બંને આ પતિપત્નીને એમના પુરમાં જલ્દી લઈ જાઓ. જો નહિ કરો તો તેમના દેહ તો શબવત બની ગયા છે તેથી તેમના દેહને બાળી દેશે. (૩૦) શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું એટલે તે બંને મુનિઓ મુનિપ્રિય શ્રીહરિને નમસ્કાર કરી તે પતિપત્નીને લઈને યોગ ઐશ્વર્યથી આકાશમાં ઊડ્યા. (૩૧)

પછી તે બંને મુનિઓ તે પતિપત્ની સાથે તે પુરની સમીપે ગયા. અને ત્યાં તેમણે તે દંપતીના દેહને દૂરથી ચિતામાં મૂકેલા જોયા. (૩૨)

તેમના સગાવહાલા જ્યાં તે દેહને અગ્નિસંસ્કાર કરવા તૈયારી કરે છે તેટલામાં તે બંને મુનીંદ્રોએ યોગકળાથી તે બંનેના જીવોને તેમના દેહમાં પ્રવેશ કરાવ્યો. (૩૩)

ચિતા ઉપર પડેલા તે બંને શબો એકદમ હલવા લાગ્યા. સ્મશાનમાં આવેલા લોકો તે મડદાંને હલતા જોઈને વિસ્મય પામ્યા. (૩૪) પછી તે બંને પતિપત્ની તત્કાળ બેઠા થયા અને તેમના બંધુજનોએ તેમને ચિતા ઉપરથી નીચે ઉતાર્યા. (૩૫)

ત્યારબાદ તે દંપતી તે બંધુજનોને કહેવા લાગ્યા. હે બંધુજનો ! અમો બંને મરી ગયા હતા. અને યમદૂતો અમને યમપુરીમાં લઈ ગયા હતા. (૩૬) ત્યાં અમારી સાથે આવેલા સ્વામિનારાયણના આશ્રિત આ બંને મુનીંદ્રોએ દયા કરી અમોને બંનેને યમપુરીના દુઃખમાંથી ઉગાર્યા. (૩૭)

પછી તે બંને મુનિઓ અમોને ગઢપુરમાં શ્રીસ્વામિનારાયણની સમીપે લઈ ગયા અને તેમના દર્શન કરાવીને સુખી કર્યા. (૩૮) પ્રત્યક્ષ ભગવાન શ્રીસ્વામિનારાયણે અમો બંનેને કહ્યું કે તમો બંને થોડા સમય બાદ મારા ભક્તને ઘરે જન્મ લેશો અને પછી મને પામશો. (૩૯)

પછી તમો બંને મારો આશ્રય કરીને ધર્મે સહિત મારી દૃઢ ભક્તિ કરશો. તેથી તમારા દેહના અંતે તમો મારા દિવ્ય બ્રહ્મપુર ધામને જ પામશો (૪૦) જે સાધુઓએ ક્રુર યમદૂતોની આપત્તિથી અમારું રક્ષણ કર્યું. તે બંને મુનિવરો આ પુરમાંજ છે. (૪૧) સ્મશાનમાં આવેલા તેમના બંધુજનોએ, સ્મશાનમાં તે દંપતીના મૃતદેહને લાવ્યા અને તેથી ઉત્પન્ન થયેલા દોષની શાંતિ માટે આદર પૂર્વક બ્રાહ્મણો પાસે વિધિ કરાવી. (૪૨, ૪૩) પછી તે સર્વેજનો તે પતિપત્નીને તેમના ઘરે લાવ્યા. પુરવાસીઓ સર્વે પણ અતિ આશ્ચર્ય પામ્યા. (૪૪)

ત્યાર પછી સ્વામિનારાયણના સાધુ કૃપાનંદ તથા ગુણાતીતાનંદ સ્વામીએ મૃત્યુથી આ દંપતીની રક્ષા કરી તથા તેમને જમદૂતોના ત્રાસથી મૂકાવ્યા તેથી તે સ્ત્રીપુરુષને જોઈને પુરના જનોએ. (૪૫) પરમવિસ્મય પામી હર્ષપૂર્વક તે બંને મુનિઓ પાસે નિયમો લીધા અને સ્વામિનારાયણનો આશ્રય કર્યો. (૪૬)

શ્રી સ્વામિનારાયણના આશ્રિત આ મુનિઓએ આ પતિપત્નીને યમયાતનાથી તથા મૃત્યુના ભયથકી મુકાવ્યા એ પ્રમાણે પુરનાજનો કહેવા લાગ્યા. (૪૭) આ પ્રકારે યોગ જાણનારા સત્પુરુષોના સમગ્ર લક્ષણોથી યુક્ત પ્રાણીઓના સદાહિત પરાયણ, એવા સંતો બીજે ઠેકાણે નથી. (૪૮) તેથી અસાધારણ પ્રતાપશાળી એવા પ્રત્યક્ષ સ્વામિનારાયણ જ સ્વતંત્ર અને સર્વ નિયંતા ભગવાન છે. એ પ્રમાણે શ્રીસ્વામિનારાયણનો ત્યાંના વાસીઓએ નિશ્ચય કર્યો. (૪૯)

હે રાજન્ ! ત્યારબાદ કૃપાનંદ વગેરે સંતોએ તે પુરમાં કેટલાક દિવસ નિવાસ કર્યો. પછી ત્યાંથી અન્ય દેશમાં જઈને ત્યાં પણ મુમુક્ષુ જીવોને ઉપદેશ આપવા લાગ્યા. (પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ છે. એ પ્રકારે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કરાવી) પછી અત્યંત હર્ષપૂર્વક તેઓ ગઢપુરમાં શ્રીહરિની સમીપે ગયા. (૫૦)

ત્યાર પછી તે પતિપત્નીએ અત્યંત ભક્તિપૂર્વક શ્રીહરિનું ભજન કરતા નવ વર્ષ વીત્યા બાદ પોતાના દેહનો ત્યાગ કરીને પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉત્તમ ભક્તના ઘેર જુદે જુદે ઠેકાણે જન્મ લીધો. (૫૧)

તે પતિપત્નીમાં દાદાભાઈ વિપ્ર વડોદરા શહેરમાં લક્ષ્મીરામ વિપ્રના પુત્ર કાશીનાથ નામે થયા. અને તે દાદાની પત્ની કાશી, તે આ કાશીનાથની પત્ની થઈ. (૫૨) પછી તે બંને શ્રીહરિની અનન્ય ભક્તિ કરીને અંતકાળે પોતાના દેહનો ત્યાગ કરી, માયાપર, અનુપમ એવા શ્રીહરિના બ્રહ્મ પુર ધામમાં ગયા. (૫૩)

આવી રીતે ધર્મનંદન શ્રીહરિએ જે અત્યંત કરુણાવાળા, અનંત મહિમાશાળી, પ્રણત જનોના પાપની પીડા શમાવનારા છે તેમણે પોતાના મુનીંદ્ર દ્વારા પોતાનું પરમ દિવ્ય ઐશ્વર્ય

જનસમુદાયને આ લોકમાં બતાવ્યું. હે રાજન્ ! આ પ્રમાણે આ શ્રીહરિનું ઐશ્વર્ય તમોને મેં સંક્ષિપ્તથી કહ્યું. (૫૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ ઐશ્વર્ય પ્રદર્શિત કર્યું એ વર્ણન નામે બેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૨)



અધ્યાય ૪૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અમદાવાદમાં ધર્મનંદન, પ્રત્યક્ષ શ્રીહરિના એકાંતિક ભક્ત વિપ્ર પ્રાણવલ્લભ રહેતા હતા. (૧) એક સમયે તે પુરના નિવાસીઓ જે પ્રાણવલ્લભના યજમાનો હતા તે સર્વ ગોદાવરીની યાત્રા કરવા માટે જતા હોવાથી તે પ્રાણવલ્લભને આગ્રહ કરી તેમની સાથે લઈ ગયા. (૨)

રસ્તામાં તે યજમાનો પ્રાણવલ્લભની સેવા કરતા હતા. એ પ્રમાણે તે યજમાનો સાથે સુખપૂર્વક ચાલતા તેઓ સર્વ કલ્યાણકારી ગોદાવરી તીર્થમાં પહોંચ્યા. (૩) પછી તે પ્રાણવલ્લભે યજમાનો સાથે તે ગોદાવરી નદીમાં તીર્થ વિધિ કર્યો. તે યજમાનોએ પ્રાણવલ્લભને હર્ષપૂર્વક ઘણી દક્ષિણા આપી. (૪)

હે રાજન્ ! તે અરસામાં ત્યાં મરકીના ભયંકર રોગનો ઉપદ્રવ થયો. (૫) તે મરકીના રોગથી પીડા પામેલા ઘણા તીર્થવાસીઓના નાડીના બંધ તૂટી ગયા અને તે રોગથી એવી પીડા પામી તેઓ મૃત્યુ પામ્યા. (૬)

તે સમયે ભક્તરાજ પ્રાણવલ્લભને પણ મરકીનો રોગ થયો. અને તેથી પીડા પામી તેણે પણ પોતાના પાંચ ભૌતિક દેહનો ત્યાગ કર્યો. (૭) તે સમયે દિવ્ય વિમાનમાં બિરાજેલા અને અક્ષર મુક્તોથી વીંટાયેલા શ્રીહરિ, તે પ્રાણવલ્લભને લેવા માટે ત્યાં પધાર્યા. (૮)

ત્યારબાદ શ્રીહરિએ પોતાના ભક્ત પ્રાણવલ્લભને તેજોમય ભાગવતી તનુ આપીને પોતાના દિય વિમાનમાં બેસાડ્યો. (૯) તે સમયે મૃત્યુ પામેલા પ્રાણવલ્લભના શરીરને લઈને સંઘના તે બ્રાહ્મણો અત્યંત દુઃખી થઈ, તેના દેહને અગ્નિસંસ્કાર કરવા માટે સ્મશાનમાં લઈ ગયા. (૧૦)

તે પ્રાણવલ્લભને વિષે અત્યંત સ્નેહવાળા બધા યજમાનો પરમાત્માનું નામ બોલતા બોલતા, તેમજ શોકથી દુઃખી થતા, તે બ્રાહ્મણોની પાછળ ગયા. (૧૧) ત્યારબાદ તે બ્રાહ્મણોએ સ્મશાને

પહોંચીને ચિત્તા તૈયાર કરીને પ્રાણવલ્લભના દેહને તે ચિત્તામાં મૂક્યો. (૧૨)

તે સમયે ભક્તને ઈષ્ટ સુખ આપનારા, સર્વજ્ઞ, શ્રીધર્મનંદન શ્રીહરિ પોતાના ભક્ત પ્રાણવલ્લભનો સંકલ્પ જાણીને તે પ્રાણવલ્લભને કહેવા લાગ્યા. (૧૩) હે ભક્તરાજ ! તમારા મનમાં જો કાંઈ ઈચ્છા હોય તો મને કહો. આવી રીતે શ્રીહરિએ પૂછ્યું તેથી તે પ્રાણવલ્લભે શ્રીહરિને આ પ્રમાણે કહ્યું. (૧૪)

હે પ્રભો ! હું તો આપનો ભક્ત છું. તેથી મારા હૃદયમાં બીજી કાંઈ ઈચ્છા નથી. ફક્ત એક જ ઈચ્છા છે તે આપને હું જણાવું છું. (૧૫) હે દયાનિધે ! આ ગોદાવરી તીર્થમાં મારી સાથે મારા પુરવાસી જે જનો આવેલા છે તે સર્વલોકો પોતપોતાના મનમાં એમ જાણશે. (૧૬)

કે અહીં તીર્થ વાસીઓ ઘણાં મરકી રોગથી પરવશ થઈ જેમ મરે છે અને પરલોકમાં દુઃખ પામે છે. (૧૭) તેવી રીતે જ મરકીના રોગથી આ બ્રાહ્મણ પણ મૃત્યુ પામી, યમને પરવશ થઈ, પરલોકમાં અત્યંત દુઃખ પામશે. (૧૮)

હે સ્વામિન્ ! તે લોકો આ પ્રમાણે જાણશે; પરંતુ મારી આવી ઉત્તમ ગતિ થઈ છે તે જાણશે નહિ. તેથી તે લોકોને મારી આવી ઉત્તમ ગતિ થઈ છે તે હું કહીને તમારા ધામમાં આવું. (૧૯)

હે ભગવન્ ! આ પ્રકારની એક ઈચ્છા મારા હૃદયમાં છે. તેથી હે પ્રભો ! દયા કરી તે ઈચ્છા આપ પૂર્ણ કરો. (૨૦) આવી રીતે પ્રાણવલ્લભે કહ્યું તેથી ધર્મનંદન શ્રીહરિ હર્ષપૂર્વક તેના પ્રત્યે કહેવા લાગ્યા. તમે તમારા મૃત્યુ પામેલા દેહમાં પ્રવેશ કરીને તે સર્વને તમારું વૃત્તાંત કહો. (૨૧)

આ પ્રમાણેની શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિના તે એકાંતિક બ્રાહ્મણ ભક્ત પ્રાણવલ્લભે પોતાના મૃત્યુ પામેલા અને ચિત્તામાં મૂકેલા શરીરમાં તત્કાળ પ્રવેશ કર્યો. (૨૨) તેથી સ્મશાનમાં આવેલા સર્વ બ્રાહ્મણો તથા અન્યજનો તેનું શરીર હાથપગ વગેરે હલતા જોઈ અત્યંત આશ્ચર્ય પામ્યા. (૨૩)

વિસ્મય પામેલા તે બ્રાહ્મણો વિપ્ર પ્રાણવલ્લભને ચિત્તામાંથી ઉતારીને તેને પૂછવા લાગ્યા. (૨૪) અહો ! હે વિપ્ર ! મૃત્યુ પામેલા તમારા દેહને ચિત્તામાં મૂક્યો હતો. છતાં તમો કયા સ્થાનેથી અહીં આવ્યા છો ? એ તમો અમોને કહો. (૨૫)

સ્મશાનમાં આવેલા બ્રાહ્મણ વગેરે સર્વ જનોએ આવી રીતે પૂછ્યું તેથી તે પ્રાણવલ્લભ ત્યાંના સર્વ લોકો સાંભળે તે પ્રમાણે હર્ષપૂર્વક બોલ્યો. (૨૬) હે વિપ્રો ! મારું મૃત્યુ થયું પછી તરત જ પરાત્પર, અવતારી, પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાન. (૨૭)

સ્વયં દિવ્ય વિમાનમાં બિરાજી, અન્ય દિવ્ય વિમાનોમાં અક્ષરમુક્તો સાથે પધાર્યા અને

મને પોતાના દર્શન આપ્યા. (૨૮) ત્યારબાદ ભગવાન શ્રીહરિએ મને પોતાના પરમ દિવ્ય અક્ષરધામમાં લઈ જવા માટે દિવ્ય વિમાનમાં બેસાડ્યો. (૨૯)

તે વખતે તમોને મારું સમગ્ર વૃત્તાંત કહેવાની મને ઇચ્છા થઈ. તેથી મેં ભક્તિપૂર્વક શ્રીહરિને પ્રાર્થના કરી અને મને શ્રીહરિએ અહીં આવવા માટે આજ્ઞા કરી. (૩૦) હે બ્રાહ્મણો ! તેથી મૃત્યુ પામેલા મારા આ શરીરમાં મેં પ્રવેશ કર્યો અને હુ અહીં આવ્યો. મેં આવી રીતે તમોને મારું કલ્યાણકારી વચન કહ્યું. (૩૧)

હે બ્રાહ્મણો ! હાલમાં કાળનો વેગ મોટો છે તેથી અહીં ઘણા લોકોનું મરણ થશે. (૩૨) તેથી તમોને આ સંસારમાંથી મોક્ષની ઇચ્છા થાય તો તમો તમારા ધર્મમાં રહી સ્વામિનારાયણ શ્રીહરિનું ભજન કરજો. (૩૩)

સર્વ અવતારોના કારણ, પ્રત્યક્ષ ધર્મનંદન શ્રીહરિને પોતાના ધર્મમાં રહી જે ભજે છે તે પોતાના ઇચ્છિત સુખને પામે છે. (૩૪) એ પ્રકારનું પ્રાણવલ્લભનું વચન સાંભળીને વિસ્મય પામેલા તે બ્રાહ્મણો પ્રીતિપૂર્વક શ્રીહરિના એકાંતિક ભક્ત બન્યા. અને તે પ્રાણવલ્લભને કહેવા લાગ્યા. (૩૫)

હે ભક્ત ! પ્રત્યક્ષ સ્વામિનારાયણ ભગવાન સ્વયં પોતાના પાર્ષદોથી વીંટાયેલા તમોને પોતાના ધામમાં લઈ જવા માટે અહીં પધાર્યા છે. (૩૬) તમારો દેહ મૃત્યુ પામ્યો હતો પરંતુ તમો તત્કાળ ચિતામાંથી ઊઠ્યા. એ પ્રકારનું આશ્ચર્ય તો અમોએ પહેલાં કદી જોયું નથી. (૩૭)

તે માટે તમો સ્વામિનારાયણના આશ્રિત સાચા ભક્ત છો. અમો પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણનો આશ્રય કરીશું. (૩૮) આ પ્રમાણે સ્મશાનમાં આવેલા તે બ્રાહ્મણોનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા તે પ્રાણવલ્લભ તેમના પ્રત્યે ફરીથી બોલ્યા. (૩૯,૪૦)

ત્યારબાદ સમગ્ર બ્રાહ્મણો વગેરે તાલીઓ વગાડીને ઉંચા સ્વરથી કલ્યાણકારી સ્વામિનારાયણનું નામ બોલાવા લાગ્યા. (૪૧) ત્યારપછી તે પ્રાણવલ્લભે તેમને કહ્યું હે વિપ્રો ! હે જનો ! હું ભગવાનના ધામમાં જાઉં છું. આ પ્રમાણે તેમને કહીને તે દિવ્ય વિમાનમાં બેસીને શ્રીહરિની સાથે બ્રહ્મપુર ધામમાં ગયો. (૪૨)

તેથી વિસ્મય પામેલા તે બ્રાહ્મણોએ તે પ્રાણવલ્લભના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો. પછી હર્ષપૂર્વક શ્રીહરિના પરમ પ્રતાપનું તેઓ ગાન કરવા લાગ્યા. (૪૩) હે રાજન્ ! ગોદાવરી તીર્થમાં આ પ્રમાણે શ્રીહરિએ બતાવેલું ઐશ્વર્ય જોઈ, ઘણા દેવી જનોએ તો અત્યંત પ્રસન્ન થઈ શ્રીપુરુષોત્તમ શ્રીહરિનો આશ્રય કર્યો. (૪૪)

હે પૃથ્વીપતિ ! પોતાના ભક્તોનું પોષણ કરનાર ધર્મનંદન શ્રીહરિનું અત્યંત કલ્યાણકારી, દિવ્ય, અદ્ભુત અને અનુપમ આ ઐશ્વર્ય મેં તમોને આવી રીતે સંક્ષિપ્તથી કહ્યું. તે ઐશ્વર્ય વિસ્તારપૂર્વક

કહેવા માટે કોઈ સમર્થ નથી. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના ભક્ત પ્રાણ વલ્લભદ્વારા શ્રીહરિએ ઐશ્વર્ય પ્રદર્શિત કર્યું તે વર્ણન નામે તેંતાલીશમો અધ્યાય સંપૂર્ણ. (૪૩)



અધ્યાય ૪૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! બોટાદપુરમાં સ્વામિનારાયણ શ્રીહરિના આશ્રિત એકાંતિક વણિક ભક્ત ભગા શેઠ રહેતા હતા. (૧) એક સમયે તે નગરમાં મરકીના રોગનો ઉપદ્રવ થયો. તેથી પુરના ઘણા જનો મૃત્યુ પામ્યા. (૨)

ભગા ભક્તને પણ તે રોગ થયો. તે વખતે તેના સંબંધિજનો અત્યંત શોક કરવા લાગ્યા. (૩) તેમના સંબંધિજનો અત્યંત દુઃખી થયા અને તે ભક્તવર્યની સેવા કરવા લાગ્યા. તે ભગા ભક્ત ઉપર સ્નેહવાળા પુરના ભક્તો પણ તેમના સંબંધીઓની માફક ભગા ભક્તની સમીપે રહ્યા. (૪)

તે ભગા ભક્તની સંભાવના કરવા માટે ઘણા ધનાઢ્ય નાગરિકજનો પણ વારંવાર તેના ઘેર આવતા હતા. (૫) તેના બંધુઓ તથા પુરના અન્ય ભક્તજનોને તે ભગા ભક્તને મરકીનો રોગ થયો હતો તેથી તે મૃત્યુ જ પામશે એવું મનમાં નક્કી હતું. (૬)

હે રાજન્ ! પછી તે સમગ્રજનોએ વિચાર કરીને તે વૃત્તાંત ગઢપુરમાં શ્રીહરિને જણાવવાનું નક્કી કર્યું. (૭) તેથી તેમણે બોટાદપુરના નિવાસી સત્સંગી મોનાભાઈ વિપ્રને શ્રીહરિની સમીપે ગઢડા મોકલ્યા. (૮)

હે રાજન્ ! ઉતાવળી ગતિવાળા તે બ્રાહ્મણ ગઢડા પહોંચ્યા. તેટલામાં ભગા ભક્ત મૃત્યુ પામ્યા. (૯) ત્યારબાદ બોટાદપુરથી કોઈ વણિક ગઢપુર આવ્યો અને જીવાખાચર વગેરેને ભગા ભક્ત મૃત્યુ પામ્યા છે એમ કહ્યું. (૧૦)

ત્યારબાદ તે હરિભક્તે મોકલેલા બ્રાહ્મણ મોનાભાઈ શ્રીહરિની સમીપે આવી તેમને નમસ્કાર કરી બોલ્યા; હે પ્રભો ! ભગા ભક્તને મરકીનો રોગ થયો છે. અને તેથી અત્યંત પીડા પામેલા છે. (૧૧) તે ભક્ત તો આજકાલમાં મૃત્યુ પામશે. હે ભગવાન ! હે હરે ! તમોને કહેવા માટે હું અહીં આવ્યો છું. (૧૨)

એ પ્રમાણે તે બ્રાહ્મણનું વચન સાંભળીને શ્રીહરિએ તે બ્રાહ્મણને કહ્યું હે વિપ્ર ! મારા આશ્રિત

તે ભગા ભક્ત મરકીના રોગથી મૃત્યુ નહિ જ પામે. (૧૩) હે મતિમાન્ ! તે મારા પ્રિય ભક્ત જો મરણ પામે તો હું તેની સમીપે આવીને પણ તેને તત્કાળ જીવતો કરીશ. (૧૪)

આ પ્રમાણે સાંભળીને તે બ્રાહ્મણ શ્રીહરિને પ્રણામ કરીને તથા હાથ જોડીને કહેવા લાગ્યો. (૧૫) હે હરે ! સર્વ અવતારના કારણ આપને શું દુષ્કર છે ? પછી તે ભક્તનું રક્ષણ કરવા ઈચ્છતા શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય જણાવવા 'મારો ઘોડો લાવો.' એમ નાજા પાર્ષદને કહ્યું. (૧૬)

પછી શ્રીહરિએ ઉત્તમરાજા તથા પાર્ષદોને કહ્યું તમે બોટાદપુર આવવા માટે તૈયાર થાઓ, વિલંબ કરશો નહિ. (૧૭) ત્યાર પછી પાર્ષદ નાજા ભક્ત તૈયાર કરેલો ગરુડવેગી રોઝો ઘોડો તત્કાળ શ્રીહરિની સમીપે લાવ્યા. (૧૮)

નાજા ભક્તે આણેલા તે અશ્વેન્દ્ર ઉપર શ્રીહરિ બિરાજ્યા, અન્ય ઘોડાઓ ઉપર બુદ્ધિશાળી ઉત્તમરાજા, ગાલવ; (૧૯) તેમજ શ્રીહરિની સાથે હંમેશા ફરનારા સોમલા ખાચર, સુરાખાચર વગેરે તેમજ હથિયાર ધારણ કરનારા રતનજી ભક્ત, ભગુજી ભક્ત વગેરે પાર્ષદો; (૨૦)

તેમજ મુકુંદાનંદ નામના નૈષ્ઠિ કેન્દ્ર બ્રહ્મચારીઓ વગેરે સાથે પ્રભુ શ્રીહરિએ હે રાજન્ ! બોટાદપુર જવા માટે પ્રયાણ કર્યું. (૨૧) પુરના જન સમુદાયને, ઘોડા ઉપર બેઠેલા ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા શ્રીહરિને જતા જોઈને, ઘણો સંભ્રમ થયો. (૨૨)

તે શ્રીહરિ ઘોડાને ચલાવતા, જીવાખાચરના દરબારની સમીપે ગયા. બહાર ઓટલા ઉપર બેઠેલા જીવાખાચરે શ્રીહરિને જોયા. (૨૩) પછી તે જીવાખાચર શ્રીહરિને મળીને નમસ્કાર કરીને બોલ્યા, હે હરે ! ક્યાં પધારો છો ? પ્રશસ્ત વાણીવાળા શ્રીહરિ જીવાખાચરને કહેવા લાગ્યા. (૨૪)

હે જીવાખાચર ! મરકીના રોગથી અત્યંત પીડા પામેલા મારા ભક્ત ભગુભાઈની સંભાળ લેવા હું બોટાદ જાઉં છું. (૨૫) તેથી જીવાખાચર શ્રીહરિને કહેવા લાગ્યા 'ભગા ભક્ત તો મરણ પામ્યા' આવું બોટાદપુરથી આવેલા વણિકોએ મને કહ્યું. (૨૬)

હે સ્વામિન્ ! એ તો અહીંના ઘણા વણિકો પણ જાણે છે તેથી તમો ત્યાં ન જશો પછી શ્રીહરિએ તેને કહ્યું. (૨૭) હે રાજન્ ! ભગા ભક્ત મને અતિપ્રિય છે તેથી અન્ય જીવની માફક તે મરકીના રોગથી મૃત્યુ ન પામે, તમે તે જાણો. (૨૮)

આશ્ચર્ય ચકિત થઈ નાગરિકો જેમના દર્શન કરે છે તે શ્રીહરિ તે જીવાખાચરને એ પ્રમાણે કહીને પોતાના જનોની સાથે ગઢપુરથી નીકળ્યા. (૨૯) પછી શ્રીહરિએ માર્ગમાં તે વેગવાળા ઘોડાને અત્યંત દોડાવ્યો. તે સર્વ ઘોડેસવારો જેઓ પોતાના ઘોડા દોડાવતા હતા તે પરમેશ્વર શ્રીહરિની પાછળ રહી ગયા. (૩૦)

વિવિધ પ્રકારના શસ્ત્ર ધરનારા, શૂરવીર તે પાર્ષદો પ્રભુની પાછળ દોડતા હતા અને શ્વાસથી જેમના મુખ ખુલ્લા થઈ ગયા છે તેવા મુકુંદાનંદ વર્ણીન્દ્ર પણ સાથે જતા હતા. (૩૧) એવી રીતે

શ્રીહરિ બોટાદપુરની સમીપે પધાર્યા. તેટલામાં વર્ષાઋતુને લઈને અત્યંત મેઘ વરસ્યો. (૩૨)

તેથી શ્રીહરિના મહા મૂલ્યવાળા સર્વે વસ્ત્રો વરસાદથી ભીના થઈ ગયા. મહા મૂલ્યવાળું પલાણ પણ ભીનું થઈ ગયું. (૩૩) હે રાજન્ ! પછી સત્પતિ શ્રીહરિ એક મોટા વૃક્ષ પાસે પહોંચી હાથમાં લગામ ધારણ કરીને, પોતાના પાર્ષદોની પ્રતીક્ષા કરવા લાગ્યા. (૩૪)

હે રાજન્ ! ઘોડેસવારો મુખ્ય જેમાં છે એવા પોતાના જનો ઘણા સમય પછી ત્યાં આવ્યા પછી શ્રીહરિએ બધાની સાથે બોટાદપુરમાં પ્રવેશ કર્યો. (૩૫) તેટલામાં ભગા ભક્તને તેમના બંધુજનો તથા અન્યજનો મૃત્યુ પામેલા જોઈ લીંપેલી ભૂમિ ઉપર સુવાડતા હતા. (૩૬)

તે બંધુજનો તેમના દેહને સ્મશાનમાં લઈ જવા યોગ્ય વસ્તુઓ ભેગી કરતા હતા. તે સમયે પુરજનો શ્રીહરિને જોઈ પરસ્પર આ પ્રમાણે બોલ્યા. (૩૭) આ સ્વામિનારાયણ મૃત્યુ પામેલા તેમના આશ્રિત આ ભગાભાઈ વણિક શેઠને કેવી રીતે સજીવન કરશે ? (૩૮)

પછી પુરના જનો જે શ્રીહરિનું આશ્ચર્ય પૂર્વક દર્શન કરતા હતા, તે પોતાના ઘોડે સવારોથી વીંટાઈને ભગા ભક્તને ઘેર પહોંચ્યા. (૩૯) દયાનિધિ શ્રીહરિ પોતાના ઘોડા ઉપરથી ઉતરીને, પાર્ષદોથી વીંટાઈને, તત્કાળ પોતાના ભક્તની સમીપે પધાર્યા. (૪૦)

પછી તેના સમગ્ર બંધુજનો તથા અન્ય જનો જેઓ શોકાર્ત હતા અને જેમની આંખોમાં અશ્રુ હતા તે સર્વ ઊભા થઈ શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૪૧) તે શ્રીહરિએ તે બંધુઓને શાંતિ પમાડી અને કહ્યું, 'શોક કરશો નહિ' પછી તેમણે તાપનો નાશ કરનાર પોતાના ચરણ કમળ વડે ભગા ભક્તના વક્ષઃસ્થળમાં સ્પર્શ કર્યો. (૪૨)

તે સ્વયં શ્રીહરિએ પોતાના હાથ વડે તે ભગા ભક્તનો હાથ લઈને ઉંચા સ્વરથી તે ભક્તનું નામ 'ભગા' બોલી તે ભક્તને બોલાવ્યા. (૪૩) તેટલામાં તે ભગા ભક્ત પરમાત્માની ઈચ્છાથી પોતાના સંબંધી જનો આશ્ચર્ય પામે તે પ્રમાણે તત્કાળ ઊઠીને શ્રીહરિને નમીને શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૪૪)

હે સ્વામિન્ ! દિવ્ય વિમાનમાં બેઠેલા એવા દિવ્યપાર્ષદોની સાથે અંતકાળે મને લેવા માટે; (૪૫) આપ આવેલા હતા અને આપ પરમદિવ્ય બ્રહ્મપુર ધામમાં મને લઈ ગયા. તે ધામનું દિવ્ય અને અનુપમ સુખ પણ પમાડ્યું પછી ફરી અહીં કેમ લાવ્યા ? (૪૬)

અ પ્રમાણે ભગા ભક્તે શ્રીહરિને કહ્યું તેથી ભગા ભક્તને શ્રીહરિએ કહ્યું, હે ધીમન્ ! જનોની મુક્તિ માટે મારું દિવ્ય પરમૈશ્વર્ય તમારા સંબંધીઓને બતાવવા માટે; (૪૭) તથા મારા ભક્તો તે પરમ દિવ્ય ભાવ અહીં લોકોને જણાવે તે માટે મેં તમોને હાલ સજીવન કર્યા છે. (૪૮)

તેથી તમો તમારા ધર્મમાં રહીને મારું હંમેશા ભજન કરી આ લોકમાં લોકોને ધર્મે

સહિત મારી ભક્તિમાં પ્રવર્તાવો. (૪૯)

ત્યારે ભગા ભક્તે કહ્યું, 'બહું સારુ', (જેમ આપ કહો છે તે પ્રમાણે કરીશ.) એમ કહીને તે શ્રીહરિને નમસ્કાર કરીને તે ભક્તે શ્રીહરિનું વચન મસ્તકે ચડાવ્યું. પછી શ્રીહરિએ જવા માટે તૈયારી કરી પરંતુ શ્રીહરિને પ્રાર્થના કરીને તેમને હર્ષપૂર્વક ત્યાં રોકયા. (૫૦)

પછી ભગા ભક્તે શ્રીહરિ તથા તેમની સાથે આવેલા તેમના સર્વ આશ્રિત ભક્તોને અનેક પ્રકારના ભોજનો જમાડી તૃપ્ત કર્યા, તેમજ વસ્ત્ર આભૂષણો વગેરે ઉપચારોથી તેમનું પૂજન પણ કર્યું. (૫૧) તે ભગા ભક્તના સંબંધિઓ તથા જ્ઞાતિના વણિકો શ્રીહરિનું તે દિવ્યૈશ્વર્ય જોઈ વિસ્મય પામ્યા. (૫૨)

પછી તેમની જ્ઞાતિના ઘણા વણિકોએ પોતાના નાસ્તિક ગુરૂઓનો તેમજ પોતાના મતનો ત્યાગ કરીને શ્રીહરિનો દઢ આશ્રય કર્યો. (૫૩) પુરના જનો તથા અન્ય બ્રાહ્મણો શ્રીહરિનું અલૌકિક આ ચરિત્ર (મરકીના રોગથી ભગા ભક્તનું રક્ષણ થયું.) જોઈ વિસ્મય પામ્યા. અને પછી શ્રીહરિનો તેમણે દઢ આશ્રય કર્યો. (૫૪)

ત્યારબાદ તે પુરના ભક્ત જનોએ તથા અન્ય જનોએ મહાઅમૂલ્ય વસ્ત્રો તથા અલંકારોથી તેમજ બીજી અનેક શ્રેષ્ઠ ભેટોથી શ્રીહરિનું પૂજન કર્યું. (૫૫) ત્યારબાદ પુરના ભક્તોએ તથા અન્ય સર્વેએ શ્રીહરિને વળાવ્યા. પછી અશ્વ ઉપર બિરાજી અધીશ શ્રીહરિ નાના પ્રકારના વાદ્યના શબ્દો સાંભળતા પોતાના જનો સાથે બોટાદ નગરથી નીકળ્યા. (૫૬)

પછી શ્રીહરિ દૂર સુધી પોતાને વળાવવા આવેલા તે સમગ્ર ભક્તોને પાછા વાળીને, ઘોડેસવારો તેમજ પોતાના અન્ય પાર્ષદોની સાથે પોતાના ઉત્તમ અશ્વને માર્ગમાં ચલાવતા શ્રેષ્ઠ ગઢપુર નગરમાં પધાર્યા. (૫૭) હે નરરાજ ! આ પ્રમાણે પવિત્ર કીર્તિ શ્રીહરિનું અલૌકિક અદ્‌ભુત એ દિવ્યૈશ્વર્ય તમને મેં સંક્ષિપ્તથી કહ્યું. (૫૮)

હે રાજન્ ! આ પ્રકારે ભક્તની પીડા હરનારા અત્યંત કરુણા, ઔદાર્ય, વાત્સલ્યના નિધિ, દિવ્યૈશ્વર્યોથી યુક્ત, પોતાના સમગ્ર જનોને આનંદ આપનારા, સર્વ અવતારના કારણ, સર્વના સ્વામી, સ્વતંત્ર, સહજાનંદ તે પોતાના અસંખ્ય ભક્તોનું આ લોકમાં મરકીના રોગથી રક્ષણ કરતા હતા. (૫૯)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં મરકીના રોગથી ભગા ભક્તની શ્રીહરિએ રક્ષા કરી તે શ્રીહરિના ઐશ્વર્ય નિરૂપણ નામે ચુંવાલીશમો અધ્યાય સંપૂર્ણ. (૪૪)



અધ્યાય ૪૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પશ્ચિમ પાંચાલ દેશમાં ગોલીડા ગામમાં બુદ્ધિમાન રાજગુરુ જ્ઞાતિના બ્રાહ્મણ; (૧) અને સ્વામિનારાયણના આશ્રિત રાણા રહેતા હતા. ભીમો, વશરામ અને રાઘવ એ ત્રણ ભાઈઓ પણ તે ગામમાં રહેતા હતા. (૨)

પોતાના ધર્મમાં દઢ નિષ્ઠાવાળા, સદ્ગુણી એ ચારેય બ્રાહ્મણો સાક્ષાત્ શ્રીહરિની હંમેશા એકાંતિકી ભક્તિ કરતા હતા. (૩) તેમના ગામમાં શ્રીહરિની ભક્તિથી રહિત, દુષ્ટમતિ, પાપી અને અધર્મી એક મનુષ્ય રહેતો હતો. (૪)

તેના દેહનો અંત આવ્યો ત્યારે તેને લેવામાટે યમદૂતો આવ્યા. ભયંકર અને વિચિત્ર વેશવાળો, વિચિત્ર શસ્ત્રો ધારણ કરેલા, ભયંકર દષ્ટિવાળા; (૫) અંધકૂપ સમાન બે નેત્રોવાળા, લાંબા અને પહોળાં શરીરવાળા, ગુફાઓ સમાન અતિ ભયંકર મુખવાળા, દુષ્ટોને પીડવામાં તત્પર;

એવા ઘણા યમદૂતોને વેગથી ત્યાં આવતા સર્વ સત્સંગીઓ અને તે રાણા ભાઈ વગેરે ચારે બ્રાહ્મણોએ જોયા. (૭) શૂરવીર, મહાધૈર્યવાળા, હરિના તે એકાંતિક ભક્તોએ શ્રીહરિનો અનુપમ પ્રતાપ સંભારીને આ પ્રમાણે વિચાર કર્યો. (૮)

પ્રત્યક્ષ અવતારી શ્રીહરિના અમો ભક્ત છીએ. તેથી આ માણસને યમદૂતોના પાશથી હમણાં જ મુકાવીએ. (૯) શ્રીસ્વામિનારાયણ વ્યાપક શ્રીહરિના પ્રતાપથી આપણે દુઃસહ અને ન જીતી શકાય તેવા આ ભયંકર યમદૂતોને જીતી લઈશું. (૧૦)

આ સમગ્ર ભયંકર યમદૂતોનો પરાભવ કરીને તેમને આ ગામમાંથી કાઢી મૂકીએ. ત્યારે જ આપણે સાચા ભક્તો ગણાઈએ. (૧૧) આવો વિચાર કરીને તે ચારેય બ્રાહ્મણો લોઢાની કડીઓવાળી લાકડીઓ લઈને તે યમદૂતો પ્રત્યે સિંહ જેમ મદોન્મત્ત હાથી ઉપર ત્રાટકે તેમ તેમની સન્મુખ ગયા. (૧૨)

પછી તે ચારેય બ્રાહ્મણો તે સર્વે મદોદ્ધત યમદૂતોને રોકીને તેમને કહેવા લાગ્યા. હે પાપીઓ ! તમો અમારા આ ગામમાંથી પાછા જાઓ. (૧૩) હે યમદૂતો ! તમોને આ ગામમાં અમો પેસવા નહિ દઈએ. માટે આ ગામમાંથી પાછા જાવ. તેમાં જરા પણ વાર લગાડશો નહિ. (૧૪)

તે યમદૂતો તે બ્રાહ્મણોનું આ પ્રકારનું પ્રગલ્ભ વચન સાંભળીને કહેવા લાગ્યા. હે બ્રાહ્મણો ! તમારે તમારા ઘરનું રક્ષણ કરવું. (૧૫) પણ આખા ગામનું રક્ષણ કરવાનું શું કારણ છે ? ગામમાં પેસતાં અમોને તમો શા માટે અટકાવો છો ? (૧૬) આ પ્રકારે તે યમદૂતોએ

કહ્યું તેથી તે ચારે બ્રાહ્મણો તે બળવાન યમદૂતોને કહેવા લાગ્યા; હે યમદૂતો ! આ ગામમાં સ્વામિનારાયણના આશ્રિત ઘણાં સત્સંગીઓ છે. (૧૭) તેથી આ ગામમાં તમારે ક્યારેય પણ પ્રવેશ કરવો નહિં. એવું સાંભળીને તે યમદૂતો તે બ્રાહ્મણોને કહેવા લાગ્યા. (૧૮)

હે બ્રાહ્મણો ! આ મનુષ્ય તો સ્વામિનારાયણનો આશ્રિત સત્સંગી નથી. તેથી એ પાપી માણસને યમપુરીમાં અમો લઈ જઈશું. (૧૯)

આ પ્રકારે યમદૂતોએ કહ્યું તેથી તે બ્રાહ્મણોએ યમદૂતોને કહ્યું, હે યમદૂતો આ સત્સંગી નથી તો પણ અમારા ગામમાં રહે છે. તેથી તેને તમારે લઈ ન જવો. (૨૦) હે યમદૂતો ! છતાં પણ જો તમે ગામમાં પ્રવેશ કરશો તો અમો તમોને મારીશું. તે બ્રાહ્મણોનું આવું વચન સાંભળીને તે યમદૂતો તે બ્રાહ્મણોને કહેલા લાગ્યા. (૨૧)

હે બ્રાહ્મણો ! એ મનુષ્યને છોડીને તો અમે નહિ જઈએ. એમ કહીને તે યમદૂતોમાંથી એક યમદૂત પોતાનો એક હાથ ઉંચો કરીને તે બ્રાહ્મણોનો તિરસ્કાર કરવા લાગ્યો. (૨૨) તેથી રાણા ભક્તે તે બળવાન અને ભયંકર આકૃતિવાળા યમદૂતના ઈસ જેવા બે દાંતોમાં લોઢાની કડી જડેલી લાકડી મારી. (૨૩)

તે રાણા ભક્તે કરેલા વજ્રપાત જેવા પ્રહારથી મોટો કડ કડ અવાજ થયો. તે યમદૂતનો દાંત ભાંગ્યો અને તે યમદૂતને ભયંકર પીડા થઈ. (૨૪) પછી રાણા વગેરે ભક્તોની બીકથી તે યમદૂતો પોતાના પ્રાણની રક્ષા કરવાની ઈચ્છાથી, જેમ બળતા વનમાંથી મૃગલાઓ નાસી જાય તેમ, નાસી ગયા. (૨૫)

પછી તે ચાર બ્રાહ્મણો તે દોડતા યમદૂતોની પાછળ દોડ્યા. અને શ્રીહરિના પ્રતાપથી તેમને અત્યંત દૂર, સુધી પહોંચાડી દીધા. (૨૬) દેવતાઓ, અસુરો તથા મનુષ્યોથી પણ જીતી ન શકાય તેવા તે ઘણા યમદૂતો પણ શ્રીહરિના પ્રતાપથી તે બ્રાહ્મણ ભક્તોને પ્રહાર કરવા સમર્થ ન થયા. (૨૭)

શ્રી સ્વામિનારાયણ ભગવાનને આશરેલા અને પોતાના ધર્મમાં જેમની સ્થિતિ છે તેવા તે રાણા વગેરે બ્રાહ્મણ બંધુઓએ કાળ જેવા તે યમદૂતોને આવી રીતે જીતીને પોતાના ગામમાં રહેતા તે મનુષ્યનું રક્ષણ કર્યું. (૨૮)

આ પ્રકારે શ્રીહરિએ પોતાના ભક્ત દ્વારા અત્યંત વિસ્મય પમાડે તેવું આ દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું. હે મનુજેન્દ્ર ! સમગ્ર ઉપનિષદોએ ઉત્તમ પ્રકારે જેમનું ગાન કર્યુ છે તે આ શ્રીહરિનું ઐશ્વર્ય મેં આ પ્રકારે તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૨૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ

ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં રાણા વગેરે બ્રાહ્મણ ભક્તો દ્વારા શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય પ્રદર્ષિત કર્યું એ વર્ણન નામે પીસ્તાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૫)



અધ્યાય ૪૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વડોદરામાં સદ્‌ગુણોથી યુક્ત શ્રીહરિના એકાંતિક વૈશય ભક્ત લક્ષ્મીદાસ રહેતા હતા. (૧) તેમની હવેલીમાં રહેતા એક મનુષ્ય જે સત્સંગી ન હતા તેને તેના અંતકાળે ભયંકર યમદૂતો લેવા માટે આવ્યા. (૨)

શસ્ત્રધારી તે યમદૂતોને જોઈ લક્ષ્મીદાસ એમ બોલ્યા. હે યમદૂતો ! તમારે આ મારી હવેલીમાં પ્રવેશ કરવો નહિ. (૩) તે યમદૂતોએ આવું વચન સાંભળ્યું અને તેનો તિરસ્કાર કરતા કહેવા લાગ્યા. તમો તમારે ઘેર જાઓ. અમોને રોકશો નહિ. (૪)

તે યમદૂતોએ આ પ્રમાણે કહ્યું એટલે લક્ષ્મીદાસ ફરીથી તેમને કહેવા લાગ્યા. હે યમદૂતો ! મારી શેરીમાં તથા મારી હવેલીમાં રહેતા આ મનુષ્યને હું લઈ જવા નહિ દઉં. (૫) હે યમદૂતો ! તમારા જેવા ઘણાને મેં હરાવ્યા છે, એમ કહી શ્રીહરિને સંભારીને તેણે પોતાનું શરીર વૃદ્ધિ પમાડ્યું. (૬)

પછી આકાશને સ્પર્શ કરતા પોતાના દેહથી યમદૂતોને ત્રાસ પમાડતા લક્ષ્મીદાસ નિર્ભય થઈને તે બધા યમદૂતોને મારવા લાગ્યા. તેથી ભય પામેલા તે સમગ્ર યમદૂતો તત્કાળ નાઠા. તે લક્ષ્મીદાસ ભક્ત પણ તેમની પાછળ દોડતા સંયમની પુરીમાં તેમને લઈ ગયા. (૭, ૮)

આ પ્રમાણે ભક્તરાજ લક્ષ્મીદાસે શ્રીહરિના પ્રતાપથી તે સમગ્ર યમદૂતોનો પરાભવ કરીને, તે યમદૂતોથી તે મનુષ્યનું રક્ષણ કર્યું. (૯) યમદૂતોથી લક્ષ્મીદાસે પોતાનું રક્ષણ કર્યું. તેથી તે હરિ વિમુખજને પોતાના સંબંધિઓને તે સમગ્ર વૃત્તાંત કહ્યું અને પછી લક્ષ્મીદાસને બોલાવ્યા. (૧૦)

લક્ષ્મીદાસ આવ્યા એટલે તે મનુષ્યે લક્ષ્મીદાસને આ પ્રમાણે કહ્યું. તમો સત્ય ભક્ત છો. તમારા પ્રભુ સ્વામિનારાયણ સત્ય છે. તેથી હે ભક્ત લક્ષ્મીદાસ ! મને સ્વામિનારાયણનો આશ્રય તમો કરાવો. (૧૧)

એવી રીતે તેણે કહ્યું તેથી લક્ષ્મીદાસે તેને નિયમો ધરાવ્યા. પછી શ્રીહરિના પ્રતાપથી તે મનુષ્ય શ્રીહરિના અક્ષરધામમાં ગયો. (૧૨) હે રાજન્ ! આવી રીતે તે શ્રીહરિએ પોતાના ભક્ત દ્વારા પોતાનું પવિત્ર, દિવ્ય અને અદ્‌ભુત ઐશ્વર્ય દેખાડ્યું. (૧૩)

ખાનદેશમાં બુરાનપુર શહેરમાં શામજી તથા પીતાંબર નામના બે વણિક બંધુઓ રહેતા હતા. (૧૪) શ્રીહરિના આશ્રયવાળા, બુદ્ધિમાન, આત્યંતિક મોક્ષરૂપ મંગળ કરનારા, ગુણોથી યુક્ત, સત્સંગી જનોમાં સાચી પ્રીતિવાળા, ભક્તોમાં શોભતા શ્રીહરિના તે એકાંતિક ભક્તો તેથી શ્રીહરિને પ્રિય હતા. (૧૫)

તે બંને ભક્તોનો ભાઈ શોભારામ, વલ્લભ સંપ્રદાયનો આશ્રિત હતો. તે દુષ્ટમતિ અને વિષયમાં આસક્ત હતો. (૧૬) તે મદોદ્ધત શોભારામ હંમેશા સત્સંગીજનોનો દ્રોહ કરતો અને સત્સંગ કરનારા પોતાના બંધુઓને પણ મારતો હતો. (૧૭)

દુઃશીલ શોભારામ દરરોજ સત્સંગીઓની અત્યંત નિંદા કરતો અને શ્રીહરિના ભક્ત પોતાના બંને ભાઈઓને પણ અત્યંત પીડા કરતો હતો. (૧૮) તે સમયે વડોદરામાં મુનિરાજ કૃપાનંદ સ્વામી પોતાના મંડળ સહિત પધાર્યા હતા અને ધર્મ, જ્ઞાનાદિની વાતો કરતા હતા. (૧૯)

એક સમયે સત્પુરુષોમાં શ્રેષ્ઠ, પ્રાજ્ઞ, યોગ જાણનારા, તે કૃપાનંદ સ્વામીને, શોભારામના બંધુઓ શામજી તથા પીતાંબર આવીને, તેમને નમસ્કાર કરીને વિનયપૂર્વક કહેવા લાગ્યા. (૨૦) હે મુનિરાજ ! વલ્લભમતનો આશ્રિત અને અમારા બંનેનો સગોભાઈ સાધુઓ તથા હરિભક્તોનો દ્રોહ કરે છે, તેમજ અમો બંનેને પણ અત્યંત મારે છે. (૨૧)

પછી તે કૃપાનંદ મુનિએ શોભારામને બેસાડીને શ્રીહરિ સંબંધી સુધા સમાન વાતો કરી પરંતુ તે ઉદ્ધત શોભારામે તે વાતો પોતાના હૃદયમાં ધારણ કરી જ નહિ. (૨૪) પછી બોધમાં અતિનિપુણ યોગિરાજ, દયાનિધિ તે કૃપાનંદમુનિએ શોભારામને વિવિધ પ્રકારની યમયાતનાઓ પણ કહી. (૨૫)

પછી સંશયાત્મા તે શોભારામને પરમાત્માની ઈચ્છાથી સમાધિ થઈ. હે રાજન્ ! તેથી તે તત્કાળ યમપુરીમાં ગયો. (૨૬) તે યમપુરીમાં શોભારામે ક્રોધી યમદૂતોએ લોઢાના યંત્રમાં પીલેલા ઘણા દુષ્ટોને બૂમો પાડતા જોયા. (૨૭)

ઘણા પાપ કર્યા હતા તેવા કેટલાક જનોને વજ્રની દાઢોવાળા, વાઘની ઉપમા જેમને અપાય એવા ઘણા કૂતરાઓ ફાડી ખાતા હોય તે પ્રમાણે તે શોભારામે જોયા. (૨૮, ૨૯) કેટલાક પાપીઓના યમદૂતોએ આંતરડા ઉખેડી નાખ્યા હતા તેવા અને કેટલાકની યમદૂતોએ ચામડી ઉખેડી નાંખી હોય અને વળી કેટલાકના નેત્રો તપાવેલી સાણસીયોથી ઉખેડી નાખેલા એવા તે શોભારામે જોયા. (૩૦, ૩૧)

કેટલાકને સો યોજન ઉંચા પર્વત ઉપરથી નીચે શીલા ઉપર પાડતા અને તેથી જેમના અંગના ચૂરેચૂરા થઈ ગયા છે એવા તે શોભારામે જોયા. (૩૨) કેટલાક પાપીઓને યમદૂતોએ બળતા

અગ્નિમાં નાંખેલા તેણે જોયા, કેટલાકને હાથીઓ તોડી નાંખતા તેણે જોયા, કેટલાકને સર્પો તથા વીંછીઓ દંશે છે એવા જોયા. (૩૩)

કેટલાકની ચામડી યમદૂતોએ ઉખેડી નાંખી અને વૃક્ષો ઉપર ઉંધે માથે બાંધીને નીચે અત્યંત અગ્નિ પ્રગટાવી બાળતા તેણે જોયા. (૩૪) કેટલાકને મીઠાંવાળું પાણી છાંટીને ચાબુકોથી અત્યંત મારતા તેણે જોયા તેવી રીતે કોઈના શસ્ત્રોથી અંગો કાપી નાંખેલા તેમણે જોયા. (૩૫)

શોભારામે કેટલાકને કાગડા, બગલા, ગીધ વગેરે પોતાની તીક્ષ્ણ ચાંચોથી તેમના શરીરના અંગો તથા આંખો ફોલી ખાતા જોયા. (૩૬) શોભારામે તે દુષ્ટ નરોને યમદૂતોએ અસિપત્ર મુખ્ય છે જેમાં એવા નરકોમાં નાંખેલા જોયા. કેટલાકને લક્ષ્ય કરી બાણોથી વીંધાએલા જોયા. (૩૭)

યમદૂતોએ કેટલાક પાપીઓના કાન અને મોઢામાં સીસાનો ગરમ રસ નાંખતા અને તેથી અત્યંત દુઃખથી પીડા પામતા તે શોભારામે જોયા. (૩૮) તે યમપુરીમાં આવી રીતે યમદૂતોએ અનેક પ્રકારના મારના ઉપાયોથી પીડા પમાડેલા પાપીઓને તે શોભારામે જોયા અને તે કંપી ઉઠ્યો, અને અત્યંત ત્રાસ પામ્યો. (૩૯)

અતિક્રૂર, તપેલા અંગારાની માફક લાલચોળ નેત્રોવાળા તે યમદૂતો ચારે બાજુએથી ભેગા થયા, અને તેને વીંટાઈને બાંધીને માર મારવા લાગ્યા. (૪૦) આ પ્રમાણે તે શોભારામને પ્રહાર કરતા તે નિર્દય યમદૂતોએ તેને એમ કહ્યું, હે દુષ્ટ ! તું સાધુઓનો તથા હરિભક્તોનો કેમ દ્રોહ કરે છે ? (૪૧)

હે દુષ્ટ ! તે પાપનુ ફળ તને હમણાં જ મળશે. મહાપાપી તને અત્યંત મારીને અમે હણી નાંખીશું. (૪૨) તે ભયંકર યમદૂતોએ તેને ચાર ઘડી સુધી પુષ્કળ માર્યો. તેથી તેના અંગ કંપવા લાગ્યા. પછી તેને યમદૂતોએ કહ્યું; (૪૩) હે દુષ્ટ ! તારે સ્વામિનારાયણના સાધુઓ તથા સત્સંગી ભક્તોની નિંદા ક્યારેય કરવી નહીં. (૪૪)

“હે દુર્મતે ! હું તેમની નિંદા ક્યારેય પણ નહિ કરું.” એવી પ્રતિજ્ઞા જ્યારે તું લઈશ ત્યારે તને અમો છોડીશું એમ નહિ કરે તો તને અમે ક્યારેય છોડીશું નહિ. (૪૫) “હે યમદૂતો ! જેનાથી સદા દુઃખ થાય છે, એવી તે સાધુઓ તથા સત્સંગીઓની નિંદા હું ક્યારેય નહિ કરું.” એ પ્રમાણે શોભારામે પ્રતિજ્ઞા કરી. પછી તે યમદૂતોએ તે દુઃખી થયેલા શોભારામને બંધનથી મુક્ત કર્યા. (૪૬)

પછી શોભારામ શ્રીહરિની ઈચ્છાથી તત્કાળ સમાધિમાંથી જાગ્રત થયો અને સત્પુરુષોમાં શ્રેષ્ઠ કૃપાનંદ સ્વામીને નમસ્કાર કરીને તેમને પોતાનું સમગ્ર વૃત્તાંત કહ્યું. (૪૭)

‘હે મુને ! હું જીવન પર્યંત સાધુઓ તથા સત્સંગિઓની નિંદા ક્યારેય પણ હવે નહિ કરું.’

એમ કહીને તેણે તે મુનિને હર્ષપૂર્વક પ્રણામ કર્યા. (૪૮) તેથી પ્રસન્ન થયેલા મુનિરાજ કૃપાનંદ સ્વામીએ ફરીથી તેને શુભ સમાધિ કરાવી તેથી શોભારામે શ્રીહરિનું અક્ષરધામ જોયું. (૪૯)

શોભારામે કોટી કોટી સૂર્યના સમાન તેજસ્વી તે અક્ષરધામમાં દિવ્ય, સુવર્ણ અને મણિઓની કાંતિવાળું મંદિર જોયું. (૫૦) તે શોભારામે તે મંદિરમાં નાના પ્રકારના મણિઓની કાંતિથી દેદીપ્યમાન, દિવ્ય, સુવર્ણમય શ્રેષ્ઠ સિંહાસન જોયું. (૫૧)

ત્યારપછી શોભારામે તે સિંહાસનમાં વિરાજેલા દિવ્ય વસ્ત્ર-વિભૂષણોવાળા, શોભાસાગર શ્રીસ્વામિનારાયણને તેણે જોયા. (૫૨) ત્યારપછી શ્રીહરિને ચારે બાજુ જોતા સચ્ચિદાનંદ રૂપવાળા, દિવ્ય અક્ષરધામ જેમનું છે એવા કરોડો મુક્તોને તેણે જોયા. (૫૩)

પછી કરોડ કામદેવને મોહ પમાડનાર, ધર્મનંદન તે શ્રીહરિને શોભારામે જોયા તેથી દિવ્ય આનંદના મહા સમુદ્રરૂપ તે શ્રીહરિની મૂર્તિમાં અત્યંત મગ્ન થઈ ગયા. (૫૪) પછી શ્રીહરિની ઈચ્છાથી તે સમાધિમાંથી જાગ્રત થયા પછી શોભારામ યોગીરાજ કૃપાનંદ મુનિને પ્રણામ કરીને કહેવા લાગ્યા. (૫૫)

હે મુનિવર્ય ! મેં પરમબ્રહ્મ ધામમાં, દિવ્ય સુખના નિધિ પ્રત્યક્ષ શ્રીહરિના દર્શન કર્યા. (૫૬) તેથી પરાત્પર અવતારી શ્રીસ્વામિનારાયણ પરમાત્મા સર્વના અંતરાત્મા છે અને ભગવાન છે. તેમના સાધુઓ આત્યંતિક મુક્તિ આપનારા છે. (૫૭)

પ્રત્યક્ષ ભગવાન તે શ્રીહરિને ધન્ય છે. તેમના આશ્રિત ત્યાગીઓને પણ ધન્ય છે તથા તેમના આશ્રિત સર્વે ગૃહસ્થ ભક્તો પણ મહા ભાગ્યશાળી છે. (૫૮) એ પ્રમાણે કહીને અતિ પ્રસન્ન થયેલા શોભારામે તે મહામુનિ કૃપાનંદ સ્વામી પાસેથી નિયમો ગ્રહણ કર્યા અને શ્રીહરિનો દઢાશ્રય કર્યો. (૫૯)

ઘણા દૈવી મુમુક્ષુઓએ તે આશ્ચર્ય જોયું અને મુક્તિ આપનારા ધર્મપુત્ર શ્રીહરિનો તેમણે દઢ આશ્રય કર્યો. (૬૦) આ પ્રમાણે ધર્મનંદન શ્રીહરિએ કૃપાનંદ મુનિવર્ય દ્વારા પોતાનું અનુપમ, દિવ્ય, ઐશ્વર્ય બતાવ્યું. હે રાજન્ ! તે મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૬૧)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના ભક્તદ્વારા શ્રીહરિએ ઐશ્વર્ય પ્રદર્શિત કર્યું તે નિરૂપણ નામે છેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૬)



અધ્યાય ૪૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! બુંદેલખંડમાં 'ધુવા' ગામમાં પરમાત્માને પ્રિય બિંદુ નામનો લુહાર ભક્ત રહેતો હતો. (૧) તેના કાકાની દુષ્ટ પત્નીને શ્રીહરિ પ્રત્યે ભક્તિ ન હતી. કઠોર શબ્દોથી સત્સંગીઓની તે નિંદા કરતી હતી. (૨)

દુષ્ટ આશયવાળી, પાપ કરનારી બિંદુની કાકી સત્સંગીઓને ગાળો ભાંડતી હતી. વળી તેમના ઉપર મિથ્યાપવાદ મૂકીને સત્સંગીઓને દુઃખ પણ દેતી હતી. (૩) તે સ્ત્રી પોતાના ભત્રિજા બિંદુ ભક્તને તો હંમેશા દુઃખ દેતી અને તેની હંમેશા અતિશય નિંદા કરતી હતી. (૪)

પછી તે સ્ત્રીનો અંતકાળ આવવાથી તે મૃત્યુ પામી. તેજ સમયે અતિક્રૂર, પાશ અને મુદ્ગળ જેના હાથમાં છે એવા યમદૂતો તેને લેવા માટે આવ્યા. (૫) કાજળ જેવા કાળા, વાંકા મુખવાળા, મહાક્રોધી, લોહિતાક્ષ, ભયંકર એવા યમદૂતોને જોઈને તે સ્ત્રી અત્યંત ત્રાસ પામી. (૬)

તે સમયે કંપતી તે સ્ત્રીએ દેવી તથા દેવોને સંભાર્યા. અગાઉ તેણે જેની સેવા કરી હતી એવા સમગ્ર વેરાગીઓ વગેરે ત્યાગીઓને પણ તેણે સંભાર્યા. (૭) તો પણ તે દેવીઓ તથા દેવો કોઈએ પણ તે પાપિણી સ્ત્રીની સહાય ન કરી. તેથી તે સ્ત્રી અત્યંત અકળાઈ ગઈ. (૮)

તે સ્ત્રી ત્રાસ પામતી એમ બોલી, "જો શ્રી સ્વામિનારાયણ ભગવાન હોય તો તે સ્વામિનારાયણ મારી આ યમદૂતોથી રક્ષા કરો." (૯) એમ કહીને ભયંકર દૂતોએ જેને પકડી છે અને તેથી ચિત્તમાં દુઃખ થયું છે એવી તે સ્ત્રીએ, ઉંચા સ્વરે શ્રી સ્વામિનારાયણ નામનો મંત્ર ઉચ્ચાર કરવા માંડ્યો. (૧૦)

શ્રી સ્વામિનારાયણના નામના શ્રવણ માત્રથી ત્રાસ પામેલા તે સર્વે યમદૂતો તે દુઃખી સ્ત્રીનો ત્યાગ કરી દૂર ઊભા રહ્યા. (૧૧) ત્યારબાદ તે સ્ત્રી વારંવાર શ્રી સ્વામિનારાયણ નામનો મંત્રોચ્ચાર કરવા લાગી તેથી ભયંકર યમદૂતો તે સ્ત્રીને પ્રહાર કરવામાટે સમર્થ થયા નહિ. (૧૨)

પછી દયાનિધિ શ્રીહરિએ તે સ્ત્રી પોતાના એકાંતિક ભક્ત બિંદુની કાકી છે એવું જાણીને તેની રક્ષા કરવા માટે ઈચ્છા કરી. (૧૩) પછી તે શ્રીહરિ, દિવ્ય સુવર્ણ રથ ઉપર બિરાજી દિવ્ય અશ્વો ઉપર બેઠેલા સોમાખાચર તથા સુરાખાચર વગેરે પાર્ષદો સહિત ત્યાં પધાર્યા. (૧૪)

તે પુરના ભક્તો તથા અન્ય જનો આ પ્રમાણે ઈશ્વર શ્રીહરિના દર્શન કરી અત્યંત વિસ્મય પામ્યા. (૧૫) તે યમદૂતો તો તે સ્ત્રીની સમીપે શ્રીહરિને આવતા જોઈ તત્કાળ ભય પામ્યા અને દૂર ચાલ્યા ગયા. (૧૬)

શ્રીહરિના દર્શન કરીને પોતાનો અપરાધ સંભારતી તે સ્ત્રીની આંખમાં અશ્રુ વહેવા

લાગ્યા. શરમથી નીચું મુખ કરી નમસ્કાર પૂર્વક શ્રીહરિને હાથ જોડી તે કહેવા લાગી. (૧૭) અહો ! અતિ દયા સિંધુ ! પતિત પાવન, સર્વકારણના કારણ, આપને ધન્યવાદ છે. આપ પ્રત્યક્ષ ભગવાન છો. (૧૮)

હે પ્રભો ! તમોએ મારા અપરાધો તથા દોષો ન ગણતા આપનું બિરુદ સંભારીને યમદૂતોથી મારું રક્ષણ કર્યું. (૧૯) તે સ્ત્રી ભક્તિપૂર્વક પ્રેમથી આવી રીતે પ્રાર્થના કરીને પોતાના સગા તથા અન્યજનોને કહેવા લાગી. હે ભક્તો ! દિવ્ય સુવર્ણરથમાં બિરાજેલા, દિવ્ય અશ્વો ઉપર બેઠેલા પાર્ષદો સહિત ધર્મનંદન શ્રીહરિ મને લઈ જવા માટે અહીં પધાર્યા છે એમ કહીને દિવ્ય દેહવાળી તે સ્ત્રી તે દિવ્ય વિમાનમાં બેસી ગઈ. (૨૦-૨૧)

પછી શ્રીહરિ તેને પોતાના બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. તે શ્રીહરિનું ઐશ્વર્ય પુરના નિવાસી ભક્તજનો તથા અભક્તજનો પણ જોઈને અત્યંત આશ્ચર્ય પામ્યા. (૨૨) હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું તે મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૨૩)

હે રાજન્ ! કારિયાણી ગામમાં ક્ષત્રિય કુલોત્પન્ન, શૂરવીર, માનસંગ રહેતા હતા. તે ભગવાનના ભક્ત ન હતા. (૨૪) એક સમયે તે એકલા પોતાના ઘરની બહાર ઓટલી ઉપર બેઠા હતા ત્યારે તેમણે ચાર કઠોર યમદૂતોને જોયા. (૨૫)

પાશ અને ફરસીઓ જેના હાથમાં છે એવા ઉગ્ર અને પ્રાણીઓના પ્રાણને હરનાર છે, દર્શન જેમના એવા તે યમદૂતોને જોઈને, તે માનસંગ અત્યંત ત્રાસ પામી ધ્રુજવા લાગ્યો. (૨૬) તે ચાર યમદૂતોમાં બે યમદૂતો લોઢાના ગાડા ઉપર બેઠેલા હતા. તેમજ જાડા, લાંબા અને કાળી આકૃતિવાળા બે યમદૂતો બે પાડા ઉપર બેઠેલા હતા. (૨૭)

તે યમદૂતો ગાડા ઉપરથી તેમજ પાડા ઉપરથી ઉતરીને અત્યંત પીડા પામેલા તે માનસંગને બાંધીને તેને મારતા મારતા આગળ કરીને પ્રયાણ કરવા લાગ્યા. (૨૮) તેથી તે માનસંગ ઉંચેથી હા, હા, એ પ્રકારે દુઃખનો અવાજ કરતો રડતો અત્યંત ત્રાસ પામી માર્ગમાં યમદૂતો સાથે ચાલવા લાગ્યો. એ રીતે તે અત્યંત દુઃખ પામ્યો. (૨૯)

તે નિર્દય યમદૂતો તેનો તિરસ્કાર કરતા તેને કહેવા લાગ્યા. હે પાપી ! સ્વામિનારાયણ શ્રીહરિનો તેં આશ્રય કેમ કર્યો નહિ ? (૩૦) હે અસત્પુરુષ ! તુ સ્વામિનારાયણના આશ્રિત સાધુઓનો કલ્યાણકારી પ્રસંગ કેમ કરતો નથી ? અને તેમનાં દોષ દેખાડીને શ્રી સ્વામિનારાયણના ભક્તો ઉપર ઈર્ષ્યા કેમ કરે છે ? (૩૧)

શ્રીહરિથી વિમુખ તું અત્યારે અમારે આધીન થયો છું. એટલે હવે સર્વ પ્રકારે તારા હૃદયમાંથી સુખની સમગ્ર આશાનો તું ત્યાગ કર. (૩૨) તેથી માનસંગ ખેદ પામતાં પોતાના હૃદયમાં ચિંતવન

કરવા લાગ્યો. મે શ્રી સ્વામિનારાયણને જોયેલા છે. (૩૩)

મેં તેમનો આશ્રય કર્યો નથી. બીજુ પુણ્ય પણ કાંઈ કર્યું નથી. પછી ધર્મનંદન શ્રીહરિને સંભારતા તે તેમની પ્રાર્થના કરવા લાગ્યો. (૩૪-૩૫) તેટલામાં દિવ્ય અશ્વ ઉપર બિરાજેલા અને દિવ્ય ઘોડાઓ ઉપર બેઠેલા પાર્ષદોથી વીંટાએલા શ્રીહરિ, માનસંગની રક્ષા કરવાની ઈચ્છાથી ત્યાં પધાર્યા. (૩૬)

ભય પામેલા, પાછળ જોતા અને મહા વેગવાળા તે સમગ્ર યમદૂતો શ્રીહરિને દૂરથી જોઈ તત્કાળ નાસી ગયા. (૩૭) અન્યની ઉપમા ન આપી શકાય તેવું જેમનું ઐશ્વર્ય છે એવા યોગેશ્વરના ઈશ્વર, ધર્મનંદન શ્રીહરિ આ પ્રમાણે તેનું રક્ષણ કરીને તત્કાળ પાર્ષદો સાથે ત્યાંથી અંતર્હિત થઈ ગયા. (૩૮)

ત્યારબાદ ભય પામેલા તે માનસંગ પોતાને ઘેર ગયા. તેણે તેના સંબંધિઓને કહ્યું. શ્રી સ્વામિનારાયણે આવીને મારું યમદૂતોથી રક્ષણ કર્યું છે. (૩૯) દયાળુ શ્રીહરિએ આ પ્રમાણે યમદૂતોથી તે માનસંગનું રક્ષણ કર્યું. છતાં પણ તે મોહાંધે શ્રીહરિનો કલ્યાણકારી આશ્રય ન કર્યો. (૪૦)

તે મંદબુદ્ધિ માનસંગે સ્વામિનારાયણના સાધુઓનો પ્રસંગ પણ ન કર્યો. વળી તેમના ભક્તોમાં સુહૃદપણું પણ તેણે ન કર્યું. (૪૧) તેથી ફરીને યમદૂતો તેને પીડા પમાડવાની ઈચ્છાથી ત્યાં આવ્યા. અતિ ક્રોધી તે યમદૂતો ભય પામેલા તે માનસંગને બાંધીને તેને માર મારતા લઈ ગયા. (૪૨)

બૂમો પાડતા તે દુઃખી માનસંગને બળપૂર્વક લઈ જતા તે યમદૂતો અંદરો અંદર કહેવા લાગ્યા. હે યમદૂતો ! માનસંગને છૂપા માર્ગે લઈ જવો તે જ યોગ્ય છે. (૪૩) તેથી તે યમદૂતોમાંથી કેટલાક યમદૂતો બોલ્યા એને પકડીને ગામ પાછળથી લઈ જાવ. (૪૪)

વળી કેટલાક આ પ્રમાણે પણ કહેવા લાગ્યા. ગામની પાછળ જો સ્વામિનારાયણના સાધુ હશે તો તેને આપણા પાશમાંથી તે મુકાવશે. (૪૫) બીજા યમદૂતો વળી કહેવા લાગ્યા. આ ગામની સમીપે સ્વામિનારાયણના સાધુઓ નથી. તેથી આપણે તેમની બીક રાખવી નહિ. આ માનસંગને તત્કાળ લઈ જવો. (૪૬)

એ પ્રમાણે કહીને તે યમદૂતો તેને તત્કાળ ગામથી બહાર લઈ ગયા. તેટલામાં પ્રભુ શ્રીહરિ તે માનસંગનું રક્ષણ કરવા માટે પહેલાંની માફક ત્યાં પધાર્યા. (૪૭) તે યમદૂતો શ્રીહરિને દૂરથી આવતા જોઈ નાસી ગયા. શ્રીહરિએ તે યમદૂતોને મેઘસમાન ગંભીર વાણીથી કહ્યું. (૪૮)

હે યમદૂતો ! આ ગામમાં વસતા સર્વ જનોએ મારું દર્શન કર્યું છે. તેથી આ ગામમાં મૃત્યુ પામેલા જનોને તમારે લેવા આવવું નહિ. (૪૯) હે મંદભાગીઓ ! ફરીથી જો આ ગામમાં

આવશો તો તમારા ઉપર મોટો દંડ થશે. તેથી આ ગામમાં તમારે ક્યારેય આવવું નહિ. (૫૦)

ભગવાન શ્રીહરિ યમદૂતોને આ પ્રમાણે કહીને પોતાના પ્રતાપથી માનસંગનું રક્ષણ કરીને અંતર્ધાન થઈ ગયા. પછી તે માનસંગ પોતાને ઘેર ગયા. (૫૧) માનસંગ શ્રીહરિએ ફરીથી યમદૂતોથી પોતાની રક્ષા કરી તે વૃત્તાંત સ્પષ્ટપણે પોતાના સંબંધીજનોને તથા અન્ય જનોને કહેવા લાગ્યો. (૫૨)

તે સાંભળીને પ્રસન્ન થયેલા તે જનો શ્રીહરિની અદ્વિતીય દયાનું ગાન કરતા વિસ્મય પામ્યા. (૫૩) ત્યાર પછી માનસંગે શ્રીહરિની અત્યંત દયા જોઈ. શ્રીહરિનો દૃઢાશ્રય કર્યો. પછી પોતાના ધર્મમાં રહી તે અખંડ ભજન કરવા લાગ્યો. (૫૪)

હે ભૂમિપતે ! અનંત કરુણાસાગર, ધર્મનંદન, કલ્યાણ ગુણ, ઐશ્વર્ય વગેરેના ધામરૂપ શ્રી સહજાનંદ શ્રીહરિએ પોતાનું આ પવિત્ર, અદ્‌ભુત પરમ દિવ્યૈશ્વર્ય આવી રીતે બતાવ્યું. તે મેં સાંભળવાને ઈચ્છતા તમને યથા બુદ્ધિ સંક્ષિપ્તમાં કહ્યું. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના સંબંધ માત્રથી શ્રીહરિએ ઐશ્વર્ય પ્રદર્શિત કર્યું તે નિરૂપણ નામે સુડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૭)



અધ્યાય ૪૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પશ્ચિમ પંચાલ દેશમાં ગઢાળી ગામમાં અત્યંત નાસ્તિક હેમરાજશાહ વણિક રહેતો હતો. (૧) તેનો અંતકાળ આવ્યો ત્યારે તેને લેવા માટે ભયંકર શરીરવાળા, પાશ અને મુદ્‌ગળ જેમના હાથમાં છે એવા, ક્રોધ, યુક્ત દૃષ્ટિવાળા, યમદૂતો ત્યાં આવ્યા. (૨)

અતિ ભયંકર, ક્રોધી, તે સર્વે યમદૂતો હેમરાજશાહ વણિકને બાંધીને તેનો તિરસ્કાર કરતા હાથમાં આયુધો ઉગામી મારો મારો એમ બોલતા હતા. (૩) તે વણિક તે યમદૂતોને જોઈ અત્યંત કંપતો, ભયથી વ્યાકુળ બની ગયો. પોતાના નાસ્તિક ગુરુ તથા પોતાના અન્ય મતાશ્રિતોને તે સંભારવા લાગ્યો. (૪)

પરંતુ તે સમયે તેમાંથી કોઈ પણ તેની રક્ષા કરવા માટે ત્યાં આવ્યા નહિ. તેથી તે દુઃખી થયેલો વણિક પહેલાં પોતાના ગામમાં આવેલા અને પોતે જોયેલા ધર્મનંદન સ્વામિનારાયણ શ્રીહરિને

સંભારવા લાગ્યો. (૫, ૬)

જેનું ચિત્ત અત્યંત ત્રાસ પામ્યું છે એવા તે હેમરાજશાહ વણિકે આ પ્રમાણે શ્રીહરિનું સ્મરણ કર્યું. તેથી તરત જ સર્વજ્ઞ શ્રીહરિ દિવ્ય અશ્વ ઉપર બિરાજી. (૭) લોઢાની ડાંગો જેમનાં કરમાં છે એવા દોડતા પાર્ષદોથી વીંટાયેલા, પોતાનું દિવ્ય ઐશ્વર્ય વિસ્તારતાં, ત્યાં તત્કાળ પધાર્યા. (૮)

શ્રીહરિની પ્રેરણાથી તે સમગ્ર પાર્ષદો તે યમદૂતો સામે દોડીને લોઢાની લાકડીઓથી તે યમદૂતોને માર મારવા લાગ્યા. (૯) તેથી જેમના અવયવો ભાંગી ગયા છે એવા અને ભયથી અકળાઈ ગયેલા તે યમદૂતો ચીસ પાડીને તે વણિકનો ત્યાગ કરીને ત્યાંથી નાસી ગયા. (૧૦)

તે શ્રીહરિ એ પ્રમાણે તે વણિકનું રક્ષણ કરીને પોતાના પાર્ષદો સહિત અંતર્ધાન થઈ ગયા. આ પ્રકારનો શ્રી સ્વામિનારાયણનો પ્રતાપ જોઈ તે વણિક વિસ્મય પામ્યો. (૧૧) પછી તે વણિકે પોતાના સંબંધિજનોને હર્ષપૂર્વક વાત કરી કે હું મરી ગયો હતો અને મને લેવા માટે ભયંકર આકૃતિવાળા, અને માર મારતા યમદૂતો આવ્યા હતા અને તેઓ મને મારતા હતા. (૧૨)

તે યમદૂતોથી મારું રક્ષણ કરવા મારા ગુરુ જૈનાચાર્યને મેં સંભાર્યા તેમજ આપણા જૈનમતના આશ્રિત અન્ય સમગ્ર જનોને સંભાર્યા; (૧૩) પરંતુ તેમાંથી એકે પણ યમદૂતો થકી મારી રક્ષા ન કરી. પછી મેં પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાનને સંભાર્યા. (૧૪)

તેથી અશ્વ ઉપર બિરાજી લોઢાની લાકડીઓવાળા પાર્ષદોથી વીંટાયેલા શ્રીસ્વામિનારાયણ, યમદૂતોથી મારું રક્ષણ કરવા માટે તત્કાળ મારી પાસે આવ્યા. (૧૫) ત્યારબાદ તેમના પાર્ષદો યમદૂતોને મારવા લાગ્યા. તેથી તે યમદૂતો નાસી ગયા. એ પ્રમાણે દયાળુ સ્વામિનારાયણે યમદૂતો થકી મારું રક્ષણ કર્યું. (૧૬)

હે બંધુઓ ! માટે આપણા જૈનમતમાં તો કલ્યાણ નથી જ. આપણા નાસ્તિક ગુરુઓ મુક્તિ આપનારા નથી. (૧૭) એ કારણથી આ આપણા મતનો તેમજ અસદ્‌ગુરુઓનો ત્યાગ કરી મોક્ષ પ્રાપ્તિ માટે હું શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરીશ. (૧૮)

હે રાજન્ ! તેના સંબંધિજનો તેમજ અન્ય જનો તે વણિકે ઉપર મુજબ હકીકત કહી તે સાંભળીને વિસ્મય પામ્યા. અને તેમણે પણ શ્રી સ્વામિનારાયણને ભગવાન જાણ્યા. (૧૯) પછી તે વણિકો પોતાના પરિવાર સહિત પ્રીતિપૂર્વક શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કર્યો. (૨૦)

આ પ્રમાણે શ્રીહરિએ પોતાનું દિવ્યૈશ્વર્ય બતાવ્યું તે હે રાજન્ ! મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૨૧) હે ધરાપતે ! પશ્ચિમ પંચાલ દેશમાં 'વળા' ગામમાં ભગવાનની જેને ભક્તિ નથી એવો ઝવેરચંદ નામે એક વણિક રહેતો હતો. (૨૨)

પાપમાં આસક્ત, લોભ તેમજ કામને વશ થયેલો પરદ્રવ્ય હરણકરનારો દુષ્ટાશય વાળો તે હતો. (૨૩)

ઝવેરચંદ વણિક જ્યારે જ્યારે રાત્રે સૂઈ જતો હતો ત્યારે યમદૂતો આવીને તેને હંમેશા માર મારતા હતા. (૨૪)

આ પ્રમાણે યમદૂતોએ તે વણિકને બારવર્ષ સુધી માર્યો. તે વણિક તે યમદૂતના પ્રહારની અતિવ્યથાથી દેહે અતિકૃશ થઈ ગયો હતો. (૨૫) તે વણિકે તે દુઃખની શાંતિ માટે ઘણા પૈસા ખરચ્યા. દેવોની પૂજા વગેરે વિવિધ ઉપાયો પણ કર્યા, તો પણ તેનું તે અનિવાર્ય દુઃસહ દુઃખ ટળ્યું નહિ અને તેને શાંતિ થઈ નહિ,. તેથી તે વણિકનું અંતઃકરણ અત્યંત ચિંતાથી વ્યગ્ર રહેવા લાગ્યું. (૨૬, ૨૭)

હે રાજન્ ! એટલામાં બુદ્ધિશાળી કૃપાનંદ મુનિ પોતાના મંડળ સહિત તે ગામમાં આવ્યા. (૨૮) સર્વ સદ્‌ગુણરૂપી ભૂષણોથી અલંકૃત એવા તે મુનિને જાણીને તે વણિક કૃપાનંદ સ્વામીની સમીપે આવ્યો અને તેમને નમસ્કાર કરી તેમની આગળ બેઠો. (૨૯)

પછી શાંત, ત્રિકાળજ્ઞ, દયાનિધિ, મહાયોગી તે કૃપાનંદ મુનિએ તે વણિકને દુઃખથી પણ અંત આવે નહિ એવી વિવિધ પ્રકારની યમયાતનાઓ કહી. (૩૦) તેમજ પ્રત્યક્ષ શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય જેનાથી થાય એવી અને શ્રીહરિના આશ્રયથી જે અનુપમ સુખનું જ્ઞાન થાય એવી વાર્તા તે કૃપાનંદ મુનિએ તે વણિકને કહી. (૩૧)

તે વણિક તો કૃપાનંદ સ્વામીએ કહેલી અમૃતથી પણ અતિમિષ્ટ કલ્યાણકારી વાર્તા સાંભળીને શાંતિ પામ્યો. પછી તે મુનિને નમસ્કાર કરીને તે ઘેર ગયો. (૩૨) તે મુનીંદ્રના ગુણો તથા તાપનું શમન કરનારી તેમણે કરેલી વાર્તા સંભારતો સંભારતો તે વણિક રાત્રે શય્યામાં સૂતો. (૩૩) તે રાત્રે ભયંકર યમદૂતો ત્યાં આવ્યા જ નહિ. હે રાજન્ ! તેથી વિસ્મય પામી તે આ પ્રમાણે ચિંતવન કરવા લાગ્યો. (૩૪)

અહો ! ભયંકર યમદૂતો પ્રત્યેક રાત્રિએ હંમેશા મને સૂતેલો જગાડી બારવર્ષ સુધી માર મારતા હતા. (૩૫) આ મુનીન્દ્રની એકવાર ફક્ત વાર્તા સાંભળી તેથી જ ન સહન થઈ શકે એવા યમદૂતોના દુઃખ થકી ઘણા સમયે આજે હું મુક્ત થયો છું. (૩૬) જે કૃપાનંદ મુનિની વાર્તા એકવાર સાંભળીને હું આ મહાપત્તિમાંથી તત્કાળ મૂકાયો અને અત્યંત શાંતિ પામ્યો. (૩૭)

તો પછી વ્યાપક, પ્રત્યક્ષ, સ્વામિનારાયણ શ્રીહરિનો આશ્રય કરીને મને કેવી અનુપમ શાંતિ મળશે ! તે કહેવા માટે તો કોણ સમર્થ છે ? (૩૮) તે વણિક હર્ષપૂર્વક આ પ્રમાણે નિશ્ચય કરીને, સવારમાં ઊઠીને સ્નાન કરી, મુનિવર્ય કૃપાનંદ સ્વામી પાસે આવ્યો. (૩૯)

પછી તે વણિકે કૃપાનંદ સ્વામીને નમસ્કાર કર્યા. અને કૃપાનંદ મુનિએ તેનો સત્કાર કર્યો. એ પ્રમાણે તે એમની સમીપે બેઠો અને રાત્રિએ બનેલું પોતાનું સમગ્ર વૃત્તાંત તે મુનિને તેણે કહ્યું. (૪૦) તે વણિકે કહેલુ વૃત્તાંત યોગીવર્ય તે કૃપાનંદ મુનિએ સાંભળીને હર્ષપૂર્વક તે વણિકને કહ્યું, હે વણિક, તમારી રક્ષા સ્વામિનારાયણ શ્રીહરિએ કરી છે. (૪૧) કૃપાનંદમુનિનું આ વચન સાંભળીને તે વણિક પ્રસન્ન થયો અને તે મહામુનિ પાસે નિયમો લઈને સ્વામિનારાયણ શ્રીહરિનો તેણે આશ્રય કર્યો. (૪૨)

યમદૂતોની પીડાથી મુકાયેલો પોતાના ધર્મનું પાલન કરતો તે વણિક, શ્રીહરિની અનન્ય ભક્તિ હંમેશા કરવા લાગ્યો. (૪૩) હે રાજન્ ! આશ્ચર્ય કરનારું આ અનુપમ, શુભ, શેષ વગેરેએ ગાયેલું, ઉપનિષદોએ પણ જેનું ગાન કર્યું છે અને શ્રીહરિએ કૃપાનંદસ્વામી દ્વારા બતાવેલું પોતાનું આ દિવ્ય ઐશ્વર્ય તમોને મેં આ પ્રકારે સંક્ષિપ્તથી કહ્યું. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય પ્રદર્શિત કર્યું એ નિરૂપણ નામે અડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૮)



અધ્યાય ૪૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પશ્ચિમ પંચાલ દેશમાં 'જીરા' ગામમાં દેવદાસ નામના વૈશ્ય જ્ઞાતિના શ્રીહરિના ભક્ત રહેતા હતા. (૧) તે ગામમાં તેની જ્ઞાતિનો તેનો એક મિત્ર પણ રહેતો હતો. તેની પાસે દેવદાસે સુંદર લાકડી માગી. (૨)

તે મિત્રે પોતાના મિત્ર દેવદાસને સુંદર લાકડી આપી. દેવદાસ તે લાકડી લઈને શ્રીહરિના દર્શન કરવા માટે ગઢપુર ગયો. (૩) અહીં દેવદાસે પ્રેમપૂર્વક પ્રિય એવા ધર્મનંદન શ્રીહરિને નમસ્કાર કર્યા. પછી તે લાકડી અતિ સુંદર જાણી તેણે શ્રીહરિને તે આપી. (૪)

ત્યારબાદ કેટલાક દિવસ દેવદાસ ગઢપુરમાં રહ્યો. અને આદર સહિત દરરોજ શ્રીહરિના દર્શન કરતો હતો. પછી શ્રીહરિએ તેને આજ્ઞા કરી તેથી તે પોતાના ઘરે આવ્યો. (૫) પછી જે મિત્રે તેને અતિ શોભાવાળી લાકડી આપી હતી. તે તેનો પરમ મિત્ર તીવ્ર રોગથી મૃત્યુવશ થયો. (૬) તેના દેહાંત સમયે ભયંકર યમદૂતો તે દેવદાસના મિત્રને લેવા માટે આવ્યા. અનેક પ્રકારના શસ્ત્રો ધારણ કરેલા ઘણા યમદૂતોને જોઈ તે બીક પામ્યો. (૭) પછી તે ક્રૂર યમદૂતો દેવદાસના આ મિત્રના પગ તથા હાથ બાંધી તેને કૂવામાં વારંવાર નાંખતા હતા અને તેમાંથી કાઢતા હતા.

તેથી તેને અત્યંત દુઃખ થવા લાગ્યું. (૮, ૯)

તે દુઃખના નિવારણ માટે તે દેવીઓ તથા દેવોને સંભારવા લાગ્યો. પરંતુ તેની રક્ષા કરવા માટે દેવીઓ તથા દેવતાઓ આવ્યા નહિ. (૧૦) હે રાજન્ ! યમદૂતોએ તેને અત્યંત પીડા કરી તેથી જેના મનમાં અત્યંત દુઃખ થયું છે એવો તે દેવદાસનો મિત્ર ભયથી કંપતો કંપતો પોતાના હૃદયમાં ચિંતવન કરવા લાગ્યો. (૧૧)

મારો મિત્ર દેવદાસ નિરંતર જે સ્વામિનારાયણને ભજે છે તેમજ જેમને લાખો મનુષ્યો ભજે છે, (૧૨) તે સ્વામિનારાયણ જો ભગવાન હોય તો હે સ્વામિનારાયણ ! આ વિપત્તિરૂપી સમુદ્રમાં ડૂબેલા મારું આપ તત્કાળ આ નિર્દય યમદૂતોના ત્રાસમાંથી રક્ષણ કરો. (૧૩)

દેવદાસના મિત્રે આ પ્રમાણે શ્રીહરિને સંભાર્યા કે તરત જ શ્રીહરિ તેની સોટી હાથમાં ધારણ કરી, દેવદાસની સાથે તત્કાળ તેના મિત્રની સમીપે પધાર્યા. (૧૪) તે યમદૂતો દૂરથી શ્રીહરિને જોઈ ભયથી આકુળ થયા અને તેનો તે કૂવાની સમીપે ત્યાગ કરી તત્કાળ નાસી ગયા. (૧૫)

પછી શ્રીહરિની પ્રેરણાથી તેના મિત્ર દેવદાસો પોતાના મિત્રને બંને હાથ તથા બંને પગના બંધનોથી છોડ્યો. (૧૬) આવી રીતે અવતારી તે સહજાનંદ શ્રીહરિ, યમદૂતોના ત્રાસથી તેનું રક્ષણ કરી, દેવદાસ ભક્તની સાથે ત્યાંથી તિરોધાન થયા. (૧૭)

પછી દેવદાસનો તે મિત્ર ધીમે રહીને પોતાને ઘેર જઈ પ્રત્યક્ષ શ્રીહરિએ જે રીતે તેની રક્ષા કરી હતી તે પોતાના સંબંધિજનોને કહેવા લાગ્યો. (૧૮) તેમના સંબંધીઓ શ્રીહરિનુ આવું પરમ અલૌકિક ઐશ્વર્ય સાંભળી વિસ્મય પામ્યા અને દયાનિધિ સ્વામિનારાયણ ભગવાન છે એમ જાણવા લાગ્યા. (૧૯)

દેવદાસના તે મિત્રે તેનો રોગ મટી ગયો એટલે પોતાના કુટુંબ સહિત પ્રત્યક્ષ શ્રીહરિનો દૃઢાશ્રય કર્યો. (૨૦)

આ લોકમાં જે લોકોએ જાણે અથવા અજાણે શ્રીહરિના દર્શન કર્યા હતા તથા શ્રીહરિના આશ્રિત સાધુઓ તથા હરિભક્તોનો યોગ કર્યો હતો. (૨૧)

તે સર્વનું અખિલેશ્વર સ્વામિનારાયણ શ્રીહરિ પોતાના પ્રતાપથી વારંવાર સૂર્યપુત્રના દૂતો (યમદૂતો)થી રક્ષણ કરતા હતા. (૨૨)

સર્વ અવતારના કારણ, અનુપમ, અપાર કરુણાસાગર, શ્રી ધર્મનંદન, શ્રીહરિ પોતાના પ્રતાપથી પૃથ્વી ઉપર હજારો જનોનું યમદૂતના દુરંત દુઃખોથી આ પ્રમાણે રક્ષણ કરતા હતા. (૨૩)

હે રાજન્ ! ધર્મનંદન શ્રીહરિ પોતાનું સ્મરણ કરનારાઓની રક્ષા કરવા માટે પોતાનું અદ્‌ભુત, અનંત, અનુપમ અને સંસૃતિની નિવૃત્તિ કરનારું દિવ્ય ઐશ્વર્ય અનેક પ્રકારે બતાવતા હતા. તે શ્રીહરિનું

ઐશ્વર્ય તે મેં આ પ્રમાણે તમોને અલ્પ કહ્યું છે. (૨૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના સંબંધીજનોના સંબંધ માત્રથી શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય બતાવ્યું તે નિરૂપણ નામે ઓગણપચાસમો અધ્યાય સંપૂર્ણ. (૪૯)



અધ્યાય ૫૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગુજરાત દેશમા 'રાજપુર' ગામમાં શ્રીહરિનો વૈશ્ય જ્ઞાતિનો ભક્ત જયકર્ણ રહેતો હતો. (૧) એક સમયે સ્વામિનારાયણ શ્રીહરિએ તે એકાંતિક ભક્ત જયકર્ણને પોતાના દર્શન આપ્યા. અને હર્ષપૂર્વક તેને આ પ્રમાણે કહ્યું. (૨)

હે ભક્તરાજ ! આજથી બારમે મહિને તારો દેહ પડશે. તે સમયે હું તને તેડવા માટે આવીશ. (૩) હે રાજન્ ! જયકર્ણને શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું અને જયકર્ણે આદરપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યુ. પછી તે જુવે તે પ્રમાણે તે ભગવાન્ તત્કાળ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. (૪)

ત્યારબાદ અગિયાર માસ વીતી ગયા પછી ફરી તેને પ્રભુ શ્રીહરિએ પોતાના દર્શન આપ્યા અને કહ્યું. (૫) હે ભક્ત ! આજથી આરંભીને એક માસ પછી તારો દેહ પડશે. તેથી જે જરૂરનું કાર્ય કરવાનું હોય તે કરી લેજે. (૬) ભગવાન શ્રીહરિ જયકર્ણ ભક્તને આ પ્રમાણે કહીને ત્યાંથી તત્કાળ અંતર્ધાન થયા. પછી જયકર્ણે પોતાના બંધુઓને તથા સત્સંગીઓને બોલાવ્યા. (૭) જયકર્ણે તેમના પ્રત્યે કહ્યું. હે જનો ! એક મહિના પછી મારું મૃત્યુ થશે. આ પ્રમાણે સ્વયં શ્રીહરિએ મને પોતાના દર્શન આપીને કહ્યું છે. (૮) તેથી સાધુઓને રહેવા માટે આપણે મંદિર આવતી કાલથી કરવા મંડીએ. (૯) તેથી તે સર્વેએ જયકર્ણને 'બહું સારું' એમ કહ્યું, અને પછી આદરપૂર્વક બોલ્યા, હે ભક્ત ! આપણે આ વાત જે ભક્ત નથી તેને તો નજ કહેવી. (૧૦)

પછી ભક્તેન્દ્ર જયકર્ણે સત્સંગીઓ સાથે મળીને ઉત્સાહ પૂર્વક મંદિર કરવા માટે આરંભ કર્યો. (૧૧) જ્યારે શ્રીહરિએ કહેલો પોતાનો મૃત્યુકાળ પૂર્ણ થયો ત્યારે તે જયકર્ણે પોતાની પતિવ્રતા પત્નીને આ પ્રમાણે કહ્યું. (૧૨) હે વનિતે ! તમો શ્રીહરિના બ્રહ્મપુરમાં આગળ જાઓ. શ્રીહરિ તમોને લેવા માટે આજે જરૂર પધારશે. (૧૩) સર્વાન્તર્યામી પ્રત્યક્ષ શ્રીહરિ મને લેવા માટે આવતી કાલે આવશે. હે અંગને ! તે શ્રી હરિની સાથે હું તે શ્રીહરિના અક્ષર ધામમાં આવીશ. (૧૪)

જયકર્ણની સ્ત્રી એ પ્રકારનું પોતાના પતિનું વચન સાંભળીને આનંદ પામી, અને તત્કાળ

સ્થિર આસને બેસી એકાગ્ર મન વડે સ્વામિનારાયણ શ્રીહરિનું ધ્યાન કરવા લાગી. (૧૫) પછી તે શ્રીહરિ દિવ્ય વિમાનમાં બિરાજી જયકર્ણની પત્નીને લેવા માટે પધાર્યા. પછી તેને વિમાનમાં બેસાડીને પોતાના અક્ષર ધામમાં લઈ ગયા. (૧૬)

પછી બુદ્ધિમાન જયકર્ણે શ્રીહરિના અન્ય એકાંતિક ભક્તો સાથે મળીને પોતાની પત્નીના દેહનો અગ્નિસંસ્કાર કર્યો. (૧૭) પછી બીજે દિવસે દિવ્ય વિમાનમાં બિરાજેલા શ્રીહરિ, દિવ્ય વિમાનોમાં બેઠેલા અક્ષર મુક્તો સહિત પધાર્યા. (૧૮) પછી જયકર્ણે મુક્તોથી વીંટાયેલા તે શ્રીહરિના દર્શન કરીને પ્રસન્ન થઈ, પોતાની સમીપે બેઠેલા પોતાના બંધુઓને તથા સત્સંગીઓને કહ્યું. (૧૯) હે ભક્તો ! આશ્રિત વત્સલ શ્રીહરિ દિવ્ય વિમાનમાં બિરાજી, દિવ્ય વિમાનોં આવેલા પોતાના પાર્ષદો સહિત મને તેડવા માટે પધાર્યા છે. (૨૦) તેથી હું મારા આ પુત્રને લઈને આ શ્રીહરિની સાથે તેમના દિવ્ય પ્રકાશમાન બ્રહ્મપુર ધામમાં જઈશ. (૨૧) હે ભક્તો ! સર્વ અવતારોના કારણ અને પોતાના આશ્રિતોને સદા શાંતિ આપનાર આ શ્રીહરિનું હંમેસા અનન્ય ભાવથી તમો ભજન કરજો. (૨૨) અહો ! હે ભક્તો ! ધર્મનંદન આ પ્રત્યક્ષ શ્રીહરિ અંતકાળે મુક્તો સહિત પોતાના સર્વ આશ્રિતોને લેવા માટે સ્વયં પધારે છે. (૨૩) હે ભક્તો ! તેથી પુરુષોત્તમ એવા અવતારી આ શ્રીહરિમાં જે અપાર દયા છે. (૨૪)

તેવી દયા આ ભૂલોકમાં આ સર્વ અવતારીના આગળના થયેલા અવતારોમાં આપણે ક્યારેય પણ સાંભળી નથી. (૨૫) શેષનારાયણ તથા અક્ષર મુક્તો વગેરે પણ આ ભગવાનનું અનુપમ દિવ્ય, ઐશ્વર્ય ગુણ વગેરે યથાર્થપણે કહેવા માટે સમર્થ નથી. (૨૬)

તેથી આ સહજાનંદ શ્રીહરિ અક્ષરથી પર છે અને તમારે સર્વેને તેમની ઉપાસના કરવી અને તેમની આજ્ઞા હંમેશા પાલન કરવી. (૨૭) હે ભક્તો ! આ મેં જે કહ્યું તેમાં તમોને કોઈ સંશય જો હોય તો મને તે પૂછો. હું તેનો સ્પષ્ટ ઉત્તર કરીશ. (૨૮)

આવી રીતે તેણે ભક્તજનોને કહ્યું તેથી તે ભક્તોએ તેને આ પ્રમાણે કહ્યું; હે એકાંતિક ભક્ત ! તમોએ જે કહ્યું તે યથાર્થ છે. (૨૯) આ શ્રીહરિ પોતાના અનુપમ ઐશ્વર્યો લોકોને બતાવે છે. તેથી એ શ્રીહરિ જરૂર અવતારી છે, તેમાં સંશય નથી. (૩૦)

એ દિવ્ય અદ્‌ભુત વિમાનમાં બિરાજેલા શ્રીહરિને તથા દિવ્ય વિમાનમાં બેઠેલા હજારો અક્ષર મુક્તોને અમે જોઈએ છીએ. (૩૧) પછી જયકર્ણ ભક્ત 'જય સ્વામિનારાયણ' એ પ્રમાણે કહીને પોતાના શરીરનો ત્યાગ કરીને દિવ્ય તેજોમય સ્વરૂપ પામ્યા. (૩૨) સર્વ સત્સંગીઓ જુવે તે પ્રમાણે આ ભક્ત પરમાત્માની આજ્ઞાથી સૂર્ય સમાન કાંતિમાન વિમાનમાં બેસી ગયા. (૩૩) તેજ પ્રમાણે તેનો પુત્ર પણ તેના દેહનો ત્યાગ કરીને દિવ્ય વિગ્રહ પામી અત્યંત પ્રકાશવાન દિવ્ય અને આશ્ચર્યજનક

વિમાનમાં બેઠો. (૩૪)

ત્યાર પછી શ્રીહરિ તે પિતાપુત્ર બંનેને પોતાના દિવ્ય અને મહાઆનંદરૂપ અને સર્વ ધામોમાં શોભાયમાન એવા બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૩૫)

હરિભક્તો તથા અન્ય જનો તે દિવ્ય, અનુપમ ઐશ્વર્ય જોઈ આશ્ચર્ય પામ્યા. અને શ્રીહરિનું અત્યંત માહાત્મ્ય પ્રીતિપૂર્વક ગાવા લાગ્યા. (૩૬) દિવ્ય ગુણોના પ્રમુખ સ્થાન રૂપ આશ્ચર્યકારી અનેક દિવ્યગુણ, ઐશ્વર્ય વગેરેના એક આધાર,ભક્તોની પીડાનો નાશ કરવામાં ચતુર, અને સર્વ અવતારોના કારણ હરિકૃષ્ણ ભગવાનનું આ દિવ્ય ચમત્કારી ઐશ્વર્ય આ પ્રમાણે મેં તમોને સંક્ષિપ્તમાં કહ્યું. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના ભક્તોને શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય બતાવ્યું તે વર્ણન નામે પચાસમો અધ્યાય સંપૂર્ણ. (૫૦)



અધ્યાય ૫૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ધર્મપુત્ર શ્રીહરિના ભક્ત હેમંતસિંહ ભાટ ગુજરાતમાં આવેલા બામણ ગામમાં રહેતા હતા. (૧) તે હેમંતસિંહના પ્રારબ્ધ કર્મનો અંત આવ્યો. અને તેનો મૃત્યુકાળ પાસે આવ્યો. તે વખતે હેમંતસિંહ એકાગ્રમનથી પ્રત્યક્ષ શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. (૨)

પછી તેમને લેવા માટે પ્રત્યક્ષ સ્વામિનારાયણ શ્રીહરિ, હાથીઓ જોડેલા એવા મોટા દિવ્ય રથમાં બેસીને પધાર્યા. (૩) સાથે અન્ય દિવ્ય વાહનોમાં બેઠેલા મુક્તાનંદ વગેરે હજારો સંતો તથા ધર્મદેવ, તેમજ અન્ય દિવ્ય વાહનોમાં બેઠેલા મુકુંદાનંદ વગેરે વર્ણિઓ, તેમજ ઘોડા ઉપર બેઠેલા સોમ, સૂરા વગેરે પાર્ષદોને લઈને. (૪, ૫)

દિવ્ય વાહનોમાં બેઠેલા સર્વ મુનિ વગેરેથી વીંટાયેલા, અને મહાદિવ્ય રથ પર બિરાજેલા સ્વયં શ્રીહરિ તે ગામમાં પધાર્યા. (૬) ત્યાર પછી ગામવચ્ચે બ્રાહ્મણની હવેલીમાં બ્રાહ્મણોએ દિવ્ય રથમાં બિરાજેલા શ્રીહરિને જોયા અને અત્યંત આશ્ચર્ય પામ્યા. (૭)

તે ગામની બજારમાં બેઠેલા સોની પણ, દિવ્ય રથમાં બિરાજેલા અને અન્ય દિવ્ય વાહનોમાં બેઠેલા સાધુ વગેરેથી યુક્ત શ્રીહરિને જોઈ, અત્યંત વિસ્મય પામ્યા. (૮) પછી શ્રીહરિ તે ગામમાં

મંદિર પ્રત્યે જઈ દિવ્ય રથમાંથી ઉતરી પોતાના આશ્રિતોસહિત તે મંદિરમાં ગયા. (૯)

તે બામણ ગામમાં રહેતા અને રોગથી પીડીત થયેલા, સાધુઓમાં શ્રેષ્ઠ, અરૂપાનંદ સ્વામી શ્રીહરિને જોઈ અત્યંત આનંદ મગ્ન થઈ શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૧૦) શ્રીહરિના દર્શન કરી પ્રસન્ન મનથી તે અરૂપાનંદસ્વામીના શિષ્ય સાધુઓએ પણ શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને શ્રીહરિને સુંદર બાજોઠ ઉપર બેસાડ્યા. (૧૧) શ્રીહરિના દર્શન કરતા સંતોમાં શ્રેષ્ઠ તે અરૂપાનંદ સ્વામીના નેત્રોમાંથી અશ્રુધારા ચાલવા લાગી અને આનંદના અતિરેકથી ગાત્રોના રોમાંચ ઊભા થઈ ગયા છે તેવા અરૂપાનંદ સ્વામી શ્રીહરિ પ્રત્યે હાથ જોડીને કહેવા લાગ્યા. (૧૨)

હે સદ્‌વત્સલ ! હે હરે ! હે સ્વામિન્ ! હે અવતારિન્ ! હે દયાનિધે ! આપે આપના દર્શન આપીને મને અત્યંત આનંદ કરાવ્યો છે. (૧૩) અનેક રોગનું કારણ અને તેનું સ્થાન, પ્રકૃતિ જન્ય દુઃખ આપનાર આ શરીરમાંથી મને મુક્ત કરીને હે પ્રભો ! આપના દિવ્ય ધામમાં મને લઈ જાઓ. (૧૪) તેમનું આવું વચન સાંભળીને પ્રભુ શ્રીહરિ તેમના પ્રત્યે બોલ્યા, હે મુને! તમારું આયુષ્ય પૂરું થયું નથી. એટલે હમણાં તમારા દેહનો અંત નહિ આવે. (૧૫) આજથી પાંચ દિવસ પછી તમારો આ રોગ મટી જશે. અને તમો જરૂર સુખી થશો. (૧૬)

હે મહામુને ! તમારા જેવા મારા એકાંતિક ભક્તોથી ક્યારેય હું દૂર થતો નથી. તમારા જેવા સાધુઓ કરતા મને મારો આત્મા પણ વહાલો નથી. (૧૭) માટે આલોકમાં મનુષ્યોના કલ્યાણ માટે મેં જ તમોને રાખ્યા છે તેથી તમો મારું ધ્યાન કરતા કરતા આ લોકમાં જ હાલ રહો. (૧૮) હે મુને ! સર્વ અવતારોનો કારણ એવો જે હું તે મારો પરમ નિશ્ચય અહીં લોકોને તમો કરાવી તેમને ધર્મે સહિત મારી ભક્તિનો ઉપદેશ કરો. (૧૯) શ્રીહરિએ આ પ્રમાણે તે મુનિને આજ્ઞા આપી. પછી તે મુનિએ શ્રીહરિને પ્રણામ કરીને 'બહુસારું' એમ કહ્યું, પછી તે મુનિએ શ્રીહરિને 'હે ભગવન્ ! આપ અહીં કેમ પધાર્યા ?' એમ પૂછ્યુ. (૨૦) મુનીંદ્ર અરૂપાનંદ સ્વામીએ આ પ્રમાણે શ્રીહરિને પૂછ્યું તેથી મંદહાસ્યથી શોભતા મુખારવિંદવાળા દયાનિધિ શ્રીહરિ તે મુનિ પ્રત્યે મધુર વચન કહેવા લાગ્યા. (૨૧) હે સાધો ! હે સન્મતે ! હું મારા આશ્રિત હેમંતસિંહ ભક્તને લેવા માટે અહીં આવ્યો છું. (૨૨) શ્રીહરિએ એ પ્રમાણે કહીને તે મુનિના હૃદયમાં પોતાના ચરણ કમળ આપ્યા. અને પછી સૂર્યના જેવી કાંતિવાળા પોતાના દિવ્ય રથમાં બિરાજમાન થયા. (૨૩)

ત્યારબાદ દિવ્ય વાહનોમાં બેઠેલા અન્ય મુનિઓ સાથે તે શ્રીહરિ પોતાના ભક્ત હેમંતસિંહના ઘેર પધાર્યા. (૨૪) તે ભક્તે શ્રીહરિના દર્શન કર્યા. તેમના નેત્રો અત્યંત સ્થિર થઈ ગયા. ગાત્રો રોમાંચિત થઈ ગયા. પછી નેત્રમાંથી અશ્રુસારતા તેમણે શ્રીહરિને બે હાથ જોડી નમસ્કાર કર્યા અને અત્યંત હર્ષ પુલકિત થયા. (૨૫)

તેની સમીપે બેઠેલા તેના બંધુઓ અને ત્યાંના ભક્તો તથા અન્ય મનુષ્યો શ્રીહરિને દિવ્ય રથમાં બેઠેલા જોઈ આશ્ચર્ય પામ્યા. (૨૬) તે સર્વ, નાના પ્રકારના દિવ્ય વાહનોમાં બેઠેલા અને મહા તેજોમય હજારો દિવ્ય મુનિઓ વગેરેને જોઈને, અત્યંત વિસ્મય પામ્યા. (૨૭)

તે જનો પરસ્પર કહેવા લાગ્યા. જેને હાથીઓ જોડેલા છે એવો મહાન દિવ્ય રથ અમોએ ક્યારેય પણ જોયો નથી. (૨૮) મહા તેજથી વ્યાપ્ત હજારો એવા વિચિત્ર દિવ્ય વાહનો અમોએ હજુ સુધી જોયા જ નથી. (૨૯)

કરોડ સૂર્યના જેવા તેજસ્વી મુનિઓ તથા ધર્મ તેમજ હજારો મુક્તો અમોએ ક્યારેય પણ જોયા નથી. (૩૦) અહો ! પ્રત્યક્ષ શ્રીહરિ સ્વયં આ હેમંતસિંહ ભક્તને લેવા માટે મુનિઓ વગેરે સહિત અહીં પધાર્યા. તેજ શ્રી સ્વામિનારાયણની અનુપમ દયા છે. (૩૧)

હે રાજન્ ! પછી જેણે પોતાના દેહનો ત્યાગ કર્યો છે અને જેની આકૃતિ દિવ્ય તેજયુક્ત છે એવા તે ભક્તને શ્રીહરિએ પોતાના પાર્ષદ દ્વારા તે દિવ્ય રથમાં બેસાડ્યા. (૩૨)

ત્યારબાદ દિવ્ય વાહનમાં બેઠેલા ધર્મદેવ તથા મુક્તાનંદ વગેરે સાધુઓ તેમજ મુકુંદાનંદ વગેરે બ્રહ્મચારીઓ, દિવ્ય અશ્વો ઉપર બેઠેલા પાર્ષદો, સોમ, સૂર, વગેરેથી યુક્ત તે શ્રીહરિ પોતાના ચરણ કમળના આશ્રિત પોતાના ભક્ત હેમંત સિંહને દિવ્ય રથમાં બેસાડી બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૩૩, ૩૪)

હે રાજન્ ! શ્રીહરિએ બતાવેલું અનુપમ, દિવ્ય, પાપ અને દુઃખને હરનારું છે. શ્રવણ જેનું એવું શ્રીહરિનું આ ઐશ્વર્ય, મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૩૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના ભક્તોને શ્રીહરિએ પોતાનું દિવ્યૈશ્વર્ય બતાવ્યું તે નિરૂપણ નામે એકાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૧)



અધ્યાય પ૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ધર્મમાં દૃઢ સ્થિતિવાળા, બુદ્ધિમાન, નંદલાલ ધર્મનંદન પ્રત્યક્ષ શ્રીહરિના ભક્ત વડોદરા નગરમાં રહેતા હતા. (૧) તેમના અંતકાળે શ્રીહરિ સુવર્ણમય દિવ્ય શિબિકામાં બિરાજી તે નંદલાલ ભક્તને લેવા માટે પધાર્યા. (૨)

દિવ્યરથોમાં બેઠેલા, દિવ્ય કરોડો સૂર્યસમાન પ્રકાશમાન, શાંતિમૂર્તિ એવા મુનિ સમુદાસ

સહિત, શ્રીનંદલાલને શ્રીહરિ તેડવા પધાર્યા. (૩) તે સમયે પુરના સત્સંગી ભક્તો તથા પુરના અન્ય જનો શ્રીહરિને પ્રત્યક્ષ પણે જોતા હતા. તેવી રીતે શ્રીહરિને જોઈને તેઓ વિસ્મય પામ્યા. (૪)

નંદલાલ પોતાની સમીપે શ્રીહરિને જોઈ પોતાના શરીરનો ત્યાગ કરીને દિવ્યાકૃતિ ધારણ કરી, શ્રીહરિની આજ્ઞાથી તે દિવ્ય રથમાં બેઠા. (૫) ત્યારપછી ભક્ત વત્સલ શ્રીહરિ પોતના આશ્રિત તે ભક્તને પોતાના પરમ દિવ્ય બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૬)

હે રાજન્ ! આવી રીતે શ્રીહરિએ બતાવેલું પોતાનું દિવ્યૈશ્વર્ય જોઈ તેના સંબંધીઓ અત્યંત વિસ્મય પામ્યા. (૭) ત્યારબાદ નંદલાલના સંબંધીજનોએ પરમ પ્રેમથી તે શ્રીહરિનો દૃઢાશ્રય કર્યો. એ રીતે પોતાના ધર્મમાં રહી તેઓ નિરંતર ધર્મપુત્ર શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. (૮)

હે રાજન્ ! બુદ્ધિશાળી, ધર્મનંદન પ્રત્યક્ષ શ્રીહરિના એકાંતિક વૈશ્ય નાથભક્ત વડોદરામાં રહેતા હતા. (૯) પોતાના સ્ત્રીપુત્ર વગેરેમાં આસક્તિ રહિત તે નાથભક્ત સંસાર અસાર છે એમ જાણતા હતા અને શ્રીહરિમાં તેમને અત્યંત પ્રીતિ હતી. (૧૦)

પ્રાણવલ્લભ પોતાના ઈષ્ટ તે શ્રીહરિને ક્ષણવાર પણ તેઓ વીસરતા ન હતા, અને પ્રત્યક્ષ શ્રીહરિનો તથા તેમના સાધુઓનો પ્રસંગ રાત્રિ દિવસ તેઓ કરતા હતા. (૧૧) પરમાત્માની એકાંતિકી ભક્તિ તેઓ નિત્ય કરતા હતા. તે ભક્તના પ્રારબ્ધ કર્મના અંતે દેહાંત કાળ પાસે આવ્યો. (૧૨)

તે સમયે નાથભક્ત શ્રીહરિનું નામ (સ્વામિનારાયણ) બોલતા સત્સંગીઓ તેમજ પોતાના બંધુઓ તથા અન્ય જનોથી વીંટાઈને ધર્મનંદન પરમ શ્રીહરિનું ધ્યાન કરતા હતા. (૧૩) તે સમયે દિવ્ય વિમાનમાં બિરાજેલા દયાનિધિ ધર્મપુત્ર શ્રીહરિ, પોતાને પ્રિય, તે એકાંતિક નાથ ભક્તને લેવા માટે પોતે પધાર્યા. (૧૪)

શ્રીહરિ સાથે દિવ્ય વિમાનમાં બેઠેલા ગોપાળાનંદ સ્વામી તેમજ દિવ્ય વિગ્રહવાળા સંતો પણ ત્યાં આવ્યા. (૧૫) તે સમયે સમગ્ર શહેરમાં અત્યંત પ્રકાશ વ્યાપી ગયો. જે જોઈને પુરજનો અત્યંત વિસ્મય પામ્યા. (૧૬)

પછી નાથ ભક્તે દિવ્ય વિમાનમાં બિરાજેલા અને પોતાની સમીપે પધારેલા, સાથે દિવ્ય વિમાનમાં બેઠેલા, મુક્તોથી વીંટાયેલા શ્રીહરિને જોઈ તેમને નમસ્કાર કર્યા. (૧૭)

નાથ ભક્તના સંબંધિજનો તથા અન્ય જનો વિમાનમાં બિરાજેલા શ્રીહરિને તથા વિમાનમાં બેઠેલા અન્ય મુક્તોને જોઈ આશ્ચર્ય પામ્યા. (૧૮)

પછી તે નાથ ભક્તે 'જય સ્વામિનારાયણ' કહીને પોતાનો ત્યાગ કરીને તત્કાળ દિવ્ય તેજોમય આકૃતિ ધારણ કરી. (૧૯)

પછી શ્રીહરિએ પ્રીતિપૂર્વક નાથભક્તને દિવ્ય વિમાનમાં બેસાડ્યા અને પોતાના પરમ દિવ્ય બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૨૦)

પ્રસન્ન થયેલા શ્રીહરિએ પોતાના તે એકાંતિક નાથભક્તને જેમને પોતાને વિષે અત્યંત પ્રેમ હતો તેથી તેને પોતાના ચરણકમળની સેવામાં રાખ્યા. (૨૧)

હે રાજન્ ! પોતાના ચરણ કમલાશ્રિત સુરતના વૈશ્ય ભગાભક્ત શ્રીહરિનું સદા ભજન કરતા હતા. (૨૨) અંતકાળે તે ભક્તને લઈ જવા ગરુડ ઉપર બિરાજી શ્રીહરિ, અન્ય દિવ્ય વાહનોમાં બેઠેલા અક્ષર પાર્ષદો સહિત, ત્યાં પધાર્યા. (૨૩)

શ્રીહરિ તે ભક્તને બેસાડવા માટે દિવ્ય હાથી જોડેલા, દિવ્ય સુવર્ણમય રત્નજડિત રથ લાવ્યા. (૨૪) તે સમયે પુરના ભક્તો તથા અન્યજનો શ્રીહરિની ઈચ્છાથી ગરુડ ઉપર બિરાજેલા શ્રીહરિને જોઈ, અત્યંત આશ્ચર્ય પામ્યા. (૨૫) તે જનો અન્ય દિવ્ય રથોમાં બેઠેલા અક્ષર પાર્ષદો તેમજ શ્રીહરિને જોઈ વિસ્મય પામ્યા અને કહેવા લાગ્યા. (૨૬)

અહો ! અમોએ આ લોકમાં ક્યારેય પણ આ પ્રકારનો ચમત્કાર જોયો જ નથી. આવા વાહનો પણ ક્યારેય જોયાં જ નથી. (૨૭) જેમાં હાથીઓ જોડ્યા છે એવો દિવ્ય સુવર્ણમય મોટો રથ અમોએ ક્યારેય પણ નથી જ જોયો. (૨૮)

આવી રીતે પરસ્પર બોલતા આશ્ચર્યથી આનંદ પામતા તે જનો તે પ્રત્યક્ષ શ્રીહરિને જોઈ અતિ આનંદ પામ્યા. (૨૯) શ્રીહરિ તે પુર જનોને અનુપમ દિવ્ય ઐશ્વર્ય બતાવવા માટે પોતાના પાર્ષદો સહિત તે ભક્તની સમીપે પધાર્યા. (૩૦)

પછી શ્રીહરિએ દેહ ત્યાગ કરેલા તે ભક્તને દિવ્ય શરીર ધારણ કરાવી હાથી જોડેલા દિવ્ય રથમાં પ્રીતિપૂર્વક બેસાડ્યા. (૩૧) હે રાજન્ ! એ પ્રકારે પોતાના ભક્તોની પીડા હરનારા, અનુપમ, વિસ્તૃત પ્રતાપવાળા, દયાળુ, શ્રીહરિ પોતાના તે ભક્તને બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૩૨) હે નરેન્દ્ર ! શ્રીહરિએ આ પ્રકારે બતાવેલું દિવ્ય, સર્વ ઉપનિષદોએ ગાન કરેલું અદ્વિતીય, ઐશ્વર્ય મેં તમોને સંક્ષિપ્તથી આ પ્રમાણે કહ્યું. (૩૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં નંદલાલ વગેરે ભક્તોને શ્રીહરિ પોતાના ધામમાં લઈ ગયા. એ શ્રીહરિનું ઐશ્વર્યનું નિરૂપણ નામે બાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૨)



અધ્યાય ૫૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગુજરાતમાં કણભા ગામમાં ધર્મપુત્ર શ્રીહરિના વૈશ્ય ભક્ત ઝવેરદાસ રહેતા હતા. (૧) તેનો દેહનો અંત આવ્યો તે સમયે માણિક્ય વર્ણવાળી ઘોડી ઉપર બિરાજી પ્રભુ સ્વામિનારાયણ શ્રીહરિ તે ભક્તને લેવા માટે પધાર્યા. (૨)

તે શ્રીહરિની સાથે અનેક પ્રકારના દિવ્ય અશ્વો ઉપર બેઠેલા, દિવ્યરૂપવાળા, સોમ વગેરે પાર્ષદો પણ હર્ષપૂર્વક આવ્યા હતા. (૩) સુવર્ણના દિવ્ય વિમાન વગેરે વાહનોમાં બેઠેલા, દિવ્ય સ્વરૂપવાળા, નિત્યાનંદ વગેરે સંતોપણ ઉત્સાહપૂર્વક શ્રીહરિની સાથે આવ્યા. (૪)

અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, ઘોડાઓ ઉપર બેઠેલા પાર્ષદોથી વીંટાએલા હતા. મુનિ મંડળ સહિત પધારેલા તે શ્રીહરિને, તે ઝવેરદાસની બહેનો જેમને શ્રીહરિનો આશ્રય ન હતો. તેમણે જોયા. (૫) તે પ્રત્યક્ષ શ્રીહરિના ભક્ત અને ઝવેરદાસના સગા ભાઈને, પાર્ષદો તથા સંતોના સમુદાય સહિત શ્રીહરિને ત્યાં જોઈ આશ્ચર્ય થયું. (૬)

પછી તે ઝવેરદાસે પોતાના દેહનો ત્યાગ કર્યો. ભાગવતી તનુ પામેલા પોતાના આશ્રિત તે ઝવેરદાસ ભક્તને શ્રીહરિએ દિવ્ય વિમાનમાં પ્રીતિપૂર્વક બેસાડ્યા. (૭) ત્યારબાદ શ્રીહરિ તે ભક્તને તથા અન્ય તપસ્વીઓને પણ પોતાના દુર્લભ દિવ્ય બ્રહ્મપુર ધામમાં કૃપાપૂર્વક લઈ ગયા. (૮)

તે ભક્તની બે બહેનોએ શ્રીહરિનું આ દિવ્ય ઐશ્વર્ય જોઈ, શ્રીહરિ ભગવાન છે. એવો દૃઢ નિશ્ચય કર્યો. (૯) પછી તે ઝવેરદાસની બે બહેનોએ ગઢપુરમાં બિરાજતા પ્રત્યક્ષ શ્રીહરિના દર્શન કરીને પ્રીતિપૂર્વક શ્રીહરિનો અતિ દૃઢાશ્રય કર્યો. (૧૦)

હે રાજન્ ! કણભા ગામમાં રહેતા ધર્મનિષ્ઠ વણિક ભક્ત ઉત્તમચંદ્ર શ્રીહરિનું ભજન કરતા હતા. (૧૧) તે ભક્તના પ્રારબ્ધ કર્મના અંત આવ્યો અને પ્રાણ જવાનો સમય થયો તે સમયે તે ભક્ત શ્રીહરિને સંભારવા લાગ્યા. (૧૨)

પછી દિવ્ય વિમાનમાં બેઠેલા સાધુઓની સાથે, દિવ્ય વિમાનમાં બિરાજી ધર્મનંદન શ્રીહરિ તે ભક્તને લેવા માટે ત્યાં પધાર્યા. (૧૩) તે ગામમાં તે શ્રીહરિ વૈરાગીઓના મંદિર આગળ ગયા, તેથી સર્વે વૈરાગીઓ હર્ષપૂર્વક તે શ્રીહરિના દર્શન કરવા લાગ્યા. (૧૪)

વિસ્મય પામેલી તે સર્વે વૈરાગીઓ પરસ્પર કહેવા લાગ્યા. અહો ! આકાશમાં ઘણાં દિવ્ય વિમાનો તો જુઓ. (૧૫)

વિમાનોમાં બેઠેલા દિવ્ય અને મહાતેજોમય અલૌકિક પુરુષોને પણ જુઓ. આપણે આવા

પુરુષો કદી જોયા નથી. (૧૬)

એ સર્વ વિમાનોની મધ્યા શોભાયમા આ વિમાનમાં બિરાજેલા અનુપમ અને આપણાં મનને હરનારા આ પુરુષને જુઓ. (૧૭) તે વૈરાગીઓ આ પ્રમાણે બોલતા હતા એટલે સર્વજ્ઞ સ્વયં શ્રીહરિએ કૃપા કરીને તે સર્વેને પોતાના નિશ્ચય કરાવવા માટે ઈચ્છા કરી. (૧૮)

ત્યાર પછી શ્રીહરિએ કેટલાક મુનિઓને કહ્યું, હે મુનિઓ ! હમણાં તમો (વેરાગીઓના મંડળને મળીને) એ વેરાગીઓને મારી વાત કહો. (૧૯) શ્રીહરિએ આ પ્રમાણે આજ્ઞા કરી તેથી પ્રસન્ન થયેલા તે દિવ્ય દેહવાળા મુનિઓ વૈરાગીઓની સમીપે ગયા. તેમને સમીપે આવેલા અને મુક્ત ભાવ પામેલા તે મુનિઓને તે મંદિરમાં રહેતા તે વૈરાગીઓ કહેવા લાગ્યા. (૨૦)

પ્રકાશમાન દિવ્ય વિમાનમાં બેઠેલા, અલૌકિક દર્શનવાળા, મહાતેજોમય, દિવ્ય, વિષ્ણુના પાર્ષદોની માફક શોભતા, તમે સર્વે કોણ છે ? (૨૧) અહો ! સૂર્ય સમાન આ સર્વ તેજસ્વી વિમાનોમાં પેલું અનુપમ અને અત્યંત તેજસ્વી વિમાન કોનું છે ? (૨૨)

હે ઉત્તમ સાધુઓ ! સર્વ વિમાનોની વચ્ચે રહેલા તે અતિઉત્તમ વિમાનમાં આ કોણ બેઠા છે ? દિવ્ય ક્રાંતિથી દેદીપ્યમાન તમો સર્વભેગા મળીને ક્યાં જાઓ છો ? (૨૩) આવી રીતે વૈરાગીઓએ પૂછ્યું, તેથી તે દિવ્ય સંતો તેમને કહેવા લાગ્યા. હે વેરાગીઓ ! અમો શ્રીસ્વામિનારાયણના આશ્રિત અને અક્ષરધામ નિવાસી સાધુ છીએ. (૨૪) સર્વ વિમાનોની વચ્ચે રહેલું આશ્ચર્યજનક વિમાન શ્રીસ્વામિનારાયણનું જ છે. (૨૫)

આ સર્વ વિમાનની અગ્ર ભાગે અવતારી પોતે, પ્રત્યક્ષ, સર્વજ્ઞ, પુરુષોત્તમ, સ્વામિનારાયણ શ્રીહરિ જ છે. (૨૬)

હે વૈરાગીઓ ! ભક્તવત્સલ, દયાળુ આ સ્વામિનારાયણ પોતાના આશ્રિતના અંતકાળે પોતાના ભક્તોને લેવા માટે પોતાના સંતો સહિત દિવ્ય વાહનોમાં બેસીને આવે છે. (૨૭) હે વિચક્ષણો ! આ શ્રીહરિ પોતાના ભક્ત ઉત્તમચંદ્રને લેવા માટે હમણાં પધાર્યા છે. (૨૮)

આ પ્રકારે તેમનું વચન સાંભળીને તે વૈરાગીઓ વિસ્મય પામ્યા અને તે મુનિઓ પ્રત્યે કહેવા લાગ્યા કે આ સ્વામિનારાયણ ભગવાન છે. (૨૯) જો એમ ન હોય તો પોતાના પાર્ષદો સહિત દિવ્ય વિમાનમાં બિરાજી સ્વામિનારાયણ અંતકાળે આવી રીતે પોતાના ભક્તોને લેવા માટે કેમ આવે ? (૩૦)

પૃથ્વી ઉપર શ્રીહરિના અવતારો તો ઘણા થઈ ગયા. પરંતુ તે અવતારોમાં કોઈ પણ અવતાર પોતાના ભક્તના દેહ અવસાન સમયે તેને લેવા માટે તો નથી જ આવ્યા. (૩૧) આતો અંતકાળે પોતાના આશ્રિતોને લઈ જવા માટે શ્રીહરિ આવે છે. તેથી આ સ્વામિનારાયણની અપાર દયાનું

વર્ણન કરવા કોઈ પણ સમર્થ નથી. (૩૨)

માટે અમો હવે આ પ્રત્યક્ષ સ્વામિનારાયણ શ્રીહરિનો આશ્રય કરીને તેમનું ભજન કરીશું. તમોએ દયા કરીને અમારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. (૩૩) તે વૈરાગીઓએ આ પ્રમાણે કહીને તે મુક્ત મુનિઓને પ્રણામ કર્યા. ત્યારબાદ તે મુક્ત મુનિઓ શ્રીહરિની સમીપે આવ્યા. શ્રીહરિ તેમને જોઈને હસવા લાગ્યા. (૩૪)

કણભા ગામના નિવાસીજનો પણ, દિવ્ય વિમાનમાં બિરાજેલા શ્રીહરિ તેમજ તેમની સાથે દિવ્ય વિમાનમાં બેઠેલા સાધુઓને જોઈ, આશ્ચર્ય પામ્યા. (૩૫) પછી તે શ્રીહરિએ, પાર્થિવ દેહનો ત્યાગ જેણે કર્યો છે અને જેને દિવ્ય ભાગવતી તનુ પ્રાપ્ત થયું છે. તે પોતાના ઉત્તમચંદ્ર ભક્તને અત્યંત પ્રીતિપૂર્વક દિવ્ય વિમાનમાં બેસાડ્યા. (૩૬)

ત્યાર પછી વ્યાપક, ધર્મનંદન શ્રીહરિ પોતાના આશ્રિત તે ભક્તને, અન્યને દુર્લભ એવા પોતાના દિવ્ય બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૩૭) હે રાજન્ ! તે વૈરાગી સમુદાય, ભક્તજનો તથા અન્યજનો સ્તુત્ય કીર્તિવાળા ધર્મનંદન શ્રીહરિનું આ અનુપમ, સુશ્રાવ્ય, અલૌકિક અદ્‌ભુત અને કલ્યાણકારી ઐશ્વર્ય આનંદપૂર્વક સર્વને આનંદપૂર્વક સર્વને કહેવા લાગ્યા. (૩૮)

પછી તે વૈરાગીઓ તથા અન્ય મુમુક્ષુજનોએ પોતાના કલ્યાણ માટે, અત્યંત હર્ષપૂર્વક ભગવાન શ્રીહરિનો દુઃખહારી દૃઢ આશ્રય કર્યો. અને એ પ્રકારે પોતાના ધર્મમાં રહીને શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. (૩૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં ઝવેરદાસ વગેરે ભક્તોનું પોતાના ધામમાં શ્રીહરિ લઈ ગયા. તે વર્ણન નામે ત્રેપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૩)



અધ્યાય ૫૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગુજરાત દેશમાં ગામડી ગામમાં શ્રીહરિના બુદ્ધિમાન વૈશ્યભક્ત નરસિંહદાસ રહેતા હતા. (૧) શ્રીહરિનું ભજન કરતા અને પોતાના ધર્મમાં રહેતા તે નરસિંહદાસ ભક્તનો પ્રારબ્ધ કર્મનો અંત આવ્યો અને તેના દેહનો મૃત્યુકાળ થયો. (૨)

તે સમયે અનેક પ્રકારના અલંકારોથી સુશોભિત, દિવ્ય સુવર્ણની શ્રેષ્ઠ અંબાડીવાળા ઉત્તમ હાથી ઉપર બિરાજેલા, કોટી કામદેવોને મોહ પમાડનાર, (૩) દિવ્ય ભૂષણ, અંબર વગેરે ધારણ

કરનાર, સ્વામિનારાયણ શ્રીહરિના હજારો ભક્તો સાથે રાત્રિએ તે ભક્તને લેવા માટે પધાર્યા. (૪)

દિવ્ય રથ વગેરે વાહનોમાં બેઠેલા અક્ષર પાર્ષદો તેમજ ધર્મ, રામપ્રતાપ, ઈચ્છારામ સાથે. (૫) દિવ્ય એવી ચતુરંગિણી સેના સહિત, ભક્તો જય જય શબ્દ કહેવા લાગ્યા પુષ્કળ દીવાઓનો મહાપ્રકાશ તે સમયે ત્યાં થયો, તેથી નિદ્રાધીન થયેલા બેચર વણકર પણ જાગ્યો. (૬, ૭)

તે બેચર ભક્ત તત્કાળ ઘરમાંથી નીકળી બહાર આવ્યો. તે સમયે તેણે હાથી ઉપર બિરાજેલા દિવ્ય સેના સહિત શ્રીહરિને જોયા અને વિસ્મય પામી અત્યંત આનંદ પામ્યો. (૮)

શ્રીહરિના ચરિત્રરૂપી ગુણો તેણે અગાઉ સાંભળ્યા હતા. તેથી તે બેચરભક્ત શ્રીહરિને પૂછવા લાગ્યો. હે પ્રભો ! તમો આ રાત્રીએ ક્યાં જાવ છો ? તેનુ આ વચન સાંભળીને સુંદર મંદહાસ્ય મુખવાળા ધર્મનંદન શ્રીહરિએ તે બેચરને કહ્યું. (૯)

હે ધીમન્ ! ભક્તપ્રિય શ્રીહરિ સ્વામિનારાયણ હું મારા આશ્રિત નરસિંહ ભક્તને બ્રહ્મપુરમાં લઈ જવા માટે જાઉં છું. (૧૦) શ્રીહરિનું તે વચન સાંભળીને તે બુદ્ધિમાન બેચર વણકર પ્રસન્ન થયો, અને શ્રીહરિને નમન કરવા લાગ્યો. (૧૧)

તે સમયે માર્ગમાં ચાલતો શ્રીહરિનો હાથી દિવ્ય હોવાથી નિરાવરણ હતો એટલે ભીંત સોંસરો નીકળી ગયો. તે જોઈને સ્વામિનારાયણ પરમ ભગવાન જ છે એમ તે જાણવા લાગ્યો. (૧૨, ૧૩)

ત્યાર બાદ ભક્તપ્રિય તે શ્રીહરિએ જેણે પોતાનો દેહ ત્યાગ કર્યો છે. એવા અને જેણે દિવ્યાકૃતિ ધારણ કરી છે એવા તે નરસિંહદાસ ભક્તને દિવ્યશિબિકામાં બેસાડ્યા. (૧૪)

પછી ભક્તપતિ, ધર્મનંદન શ્રીહરિ પોતાના આશ્રિત તે ભક્તને પોતાના દિવ્ય બ્રહ્મપુર પરમધામમાં લઈ ગયા. (૧૫)

તે પછી તે વણકર ભક્તે પોતે જોયેલું શ્રીહરિનું આ પરમ અદ્‌ભુત દિવ્ય ઐશ્વર્ય અન્યજનોને કહેવા લાગ્યો. (૧૬) ત્યારબાદ તે બેચરે સ્વામિનારાયણ શ્રીહરિને ભગવાન જાણીને તેમનો દૃઢ આશ્રય કર્યો અને પોતે સ્વધર્મમાં રહી આનંદપૂર્વક શ્રીહરિનું ભજન કરવા લાગ્યો. (૧૭)

હે રાજને ! બુદેલખંડમાં ‘ધુવા’ ગામમાં ધર્મપુત્ર શ્રીહરિનો દૃઢ ભક્ત લુકા રહેતો હતો. (૧૮) પુરુષોત્તમ શ્રીહરિનું તે પ્રેમપૂર્વક ભજન કરતો હતો. એટલામાં તે લુકા ભક્તના પ્રારબ્ધ કર્મનો અંત આવ્યો અને તેના શરીરનો મૃત્યુકાળ થયો. (૧૯)

તે સમયે દિવ્ય અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિ, અન્ય દિવ્ય ઘોડાઓ ઉપર બેઠેલા પાર્ષદો, તેમજ દિવ્ય વાહનોમાં બેઠેલા મુનિમંડળ સાથે; (૨૦) પોતાના ચરણ કમળમાં

અનુરાગવાળો, પોતાનો આશ્રિત, ધર્મનિષ્ઠ અને નિષ્પાપ એવા તે લુકા ભક્તને લેવા માટે પરમ પ્રીતિપૂર્વક પધાર્યા. (૨૧)

તે સમયે તે ગામમાં રહેનારો જનસમુદાય, શ્રીહરિની ઇચ્છાથી અશ્વ ઉપર બિરાજેલાં શ્રીહરિને તેમજ તેમની સાથેના પાર્ષદોને જોતો હતો. (૨૨) ભક્તોએ તથા અન્ય જનોએ આ પ્રકારે પોતાની સમીપે જ શ્રીહરિના દર્શન કર્યા. પછી તે ભક્તે શ્રીહરિને જોઈ તેમને નમસ્કાર કરી પોતાનું શરીર ત્યજી દીધું. (૨૩)

ત્યાર પછી ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ દિવ્ય શરીર ધારી તે ભક્તને, તત્કાળ દિવ્ય રથમાં આદરપૂર્વક બેસાડ્યો. (૨૪) પછી શ્રીહરિ પોતાના તે ભક્તને, અત્યંત શોભાયમાન, દિવ્ય અને અનંત સુખવાળા, પોતાના પરમ બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૨૫) તે ગામમાં રહેતા લોકો ધર્મપુત્ર શ્રીહરિનું આ દિવ્ય ઐશ્વર્ય જોઈ અત્યંત આશ્ચર્ય પામ્યા. (૨૬) ત્યાર પછી હે રાજન્ ! 'નાઘેર' દેશમાં 'ઊના' નગરમાં ધર્મનંદન શ્રીહરિના બુદ્ધિમાન વણિક ભક્ત ગણેશ રહેતા હતા. (૨૭) શ્રીહરિને વિષે તેને ઘણો જ પ્રેમ હતો. ધર્મનિષ્ઠ, શુભ આશયવાળા અને દેહ, સ્ત્રી, પુત્ર, વિત્ત વગેરેમાં આસક્તિ રહિત એવા તે વણિક ભક્ત શ્રીહરિનું સદા ભજન કરતા હતા. (૨૮) દયાનિધિ શ્રીહરિએ પોતાના તે એકાંતિક ગણેશ ભક્તને તેના મૃત્યુ પહેલાં પોતાના દર્શન આપ્યા અને કહ્યું. (૨૯)

હે ધીમન્ ! આજથી દશમે દિવસે તમારું મૃત્યુ થશે. તેથી તમો તત્કાળ ગઢપુર જાવ. (૩૦) મારા નિવાસથી સદા પવિત્ર એવા તે ગઢપુરમાં તમારું શરીર પડશે અને હું તમને મારા દિવ્ય અક્ષરધામમાં લઈ જઈશ. (૩૧)

હે રાજન્ ! ભક્તનું સદા હિત ચિંતવન કરતા સ્વયંશ્રહરિ અત્યંત હર્ષપૂર્વક તે વણિકને આ પ્રમાણે કહી ત્યાંથી અંતર્હિત થઈ ગયા. (૩૨) પછી તે ભક્તેન્દ્ર ગણેશે પોતાના બંધુ શિવચંદ્રના શાંત સ્વભાવવાળા પુત્રને બોલાવ્યો. (૩૩)

વળી પોતાના અન્ય બંધુ કલ્યાણજીના પુત્ર ડાહ્યાને પણ બોલાવ્યો. ત્યાર પછી તે વિચક્ષણ ગણેશ ભક્ત પ્રીતિપૂર્વક તેમને કહેવા લાગ્યો. (૩૪) હે બંધુઓ ! આ મારા દેહનો મૃત્યુકાળ હવે આવ્યો છે. તેથી મેં સંપાદન કરેલી મારી સર્વ સમૃદ્ધિ; (૩૫)

પ્રીતિપૂર્વક મેં હરિકૃષ્ણ મહારાજને આપી દીધી છે. એમ કહીને તે ગણેશે તેનો લેખ કરાવીને તે સમૃદ્ધિ લખી દીધી. (૩૬)

પછી શ્રીહરિ પ્રિય તે ભક્તેન્દ્ર ગણેશ ગઢપુરમાં આવ્યા. ત્યાર પછી પુણ્ય ક્ષેત્ર તે ગઢપુરમાં તેણે પોતાના દેહનો ત્યાગ કર્યો. (૩૭)

તે સમયે દિવ્ય પાલખીમાં બિરાજેલા સ્વયંશ્રીહરિ, દિવ્ય રથોમાં બેઠેલા સાધુઓ સહિત, તે ગણેશ ભક્તને લેવા માટે પધાર્યા. (૩૮)

ભક્તને અત્યંત વહાલા શ્રીહરિએ પોતાના એકાંતિક દિવ્યાકૃતિવાળા ગણેશ ભક્તને દિવ્ય વિમાનમાં બેસાડ્યા. (૩૯)

હે નૃપ ! અતિ ભક્તવત્સલ, અતિ દયાળુ તે હરિકૃષ્ણ પોતાના ગણેશ ભક્તને પોતાના દિવ્ય અદ્‌ભુત અને અનુપમ ધામમાં લઈ ગયા. (૪૦)

સર્વેશ શ્રીહરિએ પોતાને પ્રિય, નિર્મળ ચિત્તવાળા, પોતાના બે ચરણ કમળમાં આસક્ત છે. મનરૂપી ભ્રમરો જેના એવા તે પોતાના ભક્તને, પોતાના ચરણની સેવામાં રાખ્યા. (૪૧)

હે ક્ષિતિપ ! પોતાના ચરણ કમળના આશ્રિત, ભક્તોની સર્વે આપત્તિઓ નાશ કરવામાં ચતુર, શ્રીહરિનું દિવ્ય, સુમંગળ, પવિત્ર આ ઐશ્વર્ય આ પ્રમાણે મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૪૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં નરસિંહદાસ વગેરે ભક્તોને શ્રીહરિ પોતાના સ્વધામ લઈ ગયા તે ઐશ્વર્ય નિરૂપણ નામે ચોપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૪)



અધ્યાય ૫૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગુજરાત દેશમાં ગામડી ગામમાં ધર્મના પુત્ર શ્રીહરિની સ્ત્રી ભક્ત તેજોવતી રહેતી હતી. (૧) આગળ જેમના ઐશ્વર્ય વર્ણવ્યા છે એવા શ્રીહરિ તે તેજોવતીનો અંતકાળ આવ્યો, ત્યારે ઘુઘરમાળાવાળા બે દિવ્ય બળદો જોડેલા દિવ્ય રથમાં બિરાજી. (૨)

અન્ય દિવ્ય ગાડાઓમાં બેઠેલા, દિવ્ય પાર્ષદો સહિત કરુણા પૂર્વક તેજોવતીને લેવા માટે પધાર્યા. (૩) તે સમયે બાજીભાઈ પટેલે પોતાના ઘરની સમીપે આવેલા ચકલામાં ઊભેલો શ્રીહરિનો આ સર્વોત્તમ રથ જોયો. (૪)

તેમજ તો બાજીભાઈએ દિવ્ય વિમાનમાં બેઠેલા પાર્ષદો પણ જોયા, બાજીભાઈના સંબંધીજનો તેમજ અન્ય જનો પણ શ્રીહરિનો રથ તથા સાથે આવેલા પાર્ષદોને જોવા લાગ્યા. (૫)

પછી ત્યાગ કર્યું છે પંચ ભૌતિક શરીર જેણે એવી તે ભક્ત સ્ત્રી તેજોવતીને તે દિવ્ય

રથમાં શ્રીહરિએ બેસાડી. (૬)

ત્યાર પછી ધર્મનંદન શ્રીહરિ તે તેજોવતીને આશ્ચર્યજનક, દિવ્ય, અનંત, સુખ યુક્ત પોતાના બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૭) બાજીભાઈને સર્વે સંબંધિજનોએ તે શ્રીહરિનું દિવ્ય ઐશ્વર્ય જોયું અને શ્રીહરિનો દૃઢાશ્રય કર્યો. (૮)

તે ગામડીમાં રહેનારા અન્યજનોએ પણ શ્રીહરિનું તે દિવ્ય ઐશ્વર્ય જોઈને જ શ્રીહરિને ભગવાન જાણ્યા અને તેમનો સમાશ્રય કર્યો. (૯)

ઉમરેઠપુરમાં શ્રીહરિની આશ્રિત, ધર્મનિષ્ઠવાળા, શ્રીહરિમાં પ્રેમવાળા બ્રાહ્મણ સ્ત્રી ભક્ત કુશળબા રહેતા હતા. (૧૦)

તે કુશળબા દરરોજ ધર્મપુત્ર શ્રીહરિની એકાંતિકી ભક્તિ કરતા અને પુરુષોત્તમ શ્રીહરિનું વિશુદ્ધ મનથી ધ્યાન કરતા હતા. (૧૧) તે સમયે તે કુશળબાના પિતા જેઓ શ્રીહરિનું વિશુદ્ધ મનથી ધ્યાન કરતા હતા. (૧૧)

તે સમયે તે કુશળબાના પિતા જેઓ શ્રીહરિના ભક્ત ન હતા તે અત્યંત રોગાર્ત થયા. ત્યારે કુશળબાએ પ્રીતિપૂર્વક તે શ્રીહરિને સંભારી તેમની અત્યંત પ્રાર્થના કરી. (૧૨)

કુશળબાએ ભક્તિપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરી તેથી ભક્તવત્સલ, દયાનિધિ, શ્રીહરિએ તે એકાંતિક ભક્ત કુશળબાને પોતાના દર્શન આપ્યાં. (૧૩)

પછી કુશળબાએ પ્રાણથી પ્રિય પોતાના ઈષ્ટદેવ તે શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન કરીને આદરપૂર્વક તેમને નમસ્કાર કરી તેમને બાજોઠ ઉપર બેસાડ્યા. (૧૪)

પછી શ્રીહરિએ પ્રીતિપૂર્વક તેને કહ્યું, હે ભદ્રે ! હે અવધે ! તારો શો મનોરથ છે ? મને તે કહે, હું તારો મનોરથ પૂર્ણ કરીશ. (૧૫) તેથી કુશળબાએ હાથ જોડીને પોતાના આશ્રિતોમાં પ્રીતિવાળા શ્રીહરિને કહ્યું, હે પ્રભો ! આ મારા રોગાર્ત પિતા આપના ભક્ત નથી. (૧૬)

તેથી મારા પિતા ઘોર સંસૃતિમાં ડૂબશે. મારા પિતાને આ મોટું દુઃખ આવશે તેથી મારું મન દુઃખ પામે છે. (૧૭) હે દયાનિધે ! મારા પિતાની સંસારમાંથી મુક્તિ થાય એવો મારો સંકલ્પ છે. પીડાને હરનારા હે પ્રભો ! મારો તે સંકલ્પ આપ પૂરો કરો. (૧૮)

આ મારા પિતાને આપના દિવ્ય અક્ષરધામમાં આપ લઈ જાવ. કુશળબાની આ પ્રાર્થના સાંભળીને શ્રીહરિ તેને કહેવા લાગ્યા. (૧૯) હે કલ્યાણી ! આજથી પાંચમે દિવસે તમારા પિતા પોતાના શરીરનો ત્યાગ કરશે. એટલે એને મારા અક્ષરધામમાં હું લઈ જઈશ. (૨૦) તમને શાંતિ થાય તે માટે આ કાર્ય હું જરૂર કરીશ. તમો ચિંતા કરશો નહીં આ પ્રમાણે કુશળબાને કહી શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા. (૨૧) ત્યારબાદ પાંચમે દિવસે દિવ્ય વિમાનમાં બિરાજેલા શ્રીહરિ, અન્ય

દિવ્ય વિમાનોમાં બેઠેલા પોતાના અનેક દિવ્ય પાર્ષદો સહિત, (૨૨)

દયાના ભાવથી પોતાના વિપ્ર ભક્ત કુશળના પિતાને પોતાના ધામમાં લઈ જવા માટે ઉમરેઠપુરમાં પધાર્યા. (૨૩) ત્યાર પછી ત્યાગ કર્યું છે શરીર જેણે એવા અને દિવ્ય વિગ્રહવાળા, એવા તે વિપ્ર ભક્તને વ્યાપક શ્રીહરિએ પોતાના ધામમાં લઈ જવા માટે દિવ્ય વિમાનમાં બેસાડ્યો. (૨૪)

પોતાના એકાંતિક ભક્તો પ્રત્યે અત્યંત સ્નેહ ધરાવનાર શ્રીહરિ તપસ્વીઓને ઈચ્છિત પોતાના અક્ષરધામમાં તે વિપ્રને લઈ ગયા. (૨૫) 'ડાંગરવા' ગામમાં ધર્મનિષ્ઠ શ્રીહરિના ધ્યાનમાં અત્યંત આસક્ત જતનબા રહેતા હતા. (૨૬)

હે રાજન્ ! શ્રીહરિને વિશે અત્યંત સ્નેહયુક્ત ચિત્તવાળાં તે જતનબાના દેહનો અંતકાળ આવવાનો સમય થયો ત્યારે મરકીના રોગનો ત્યાં મોટો ઉપદ્રવ થયો. (૨૭) શ્રીહરિ દિવ્ય વિમાનમાં બિરાજી અને દિવ્ય વિમાનોમાં બેઠેલા પોતાના પાર્ષદો સાથે તે જતનબાને લેવા માટે ત્યાં પધાર્યા. (૨૮)

જતનબા ધર્મનંદન શ્રીહરિના દર્શન કરીને તેમને નમસ્કાર કરી, પ્રેમપૂર્વક તેમને પ્રણામ કરવા લાગ્યા. પછી શ્રીહરિએ જતનબાને કહ્યું, હે અંગના ! આ દિવ્ય વિમાનમાં બેસો. (૨૯) તેટલામાં દિવ્ય પાર્ષદો હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા; હે ભગવાન્ ! હમણાં મરકીના રોગનો અહીં ઉપદ્રવ છે. (૩૦)

હે હરે ! ગામમાં મરકીના ઉપદ્રવથી ઘણાં લોકો મરણ પામે છે. તેથી હે દયાનિધે ! આ સમયમાં જો જતનબાનું મૃત્યુ થશે; (૩૧)

તો હે હરે ! હે સ્વામિન્ ! આ પૃથ્વી ઉપર લોકો કહેશે કે મરકીના રોગથી જતનબા મૃત્યુ પામ્યા. (૩૨)

હે હરે ! તે માટે હમણાં એને અક્ષર ધામમાં લઈ ન જશો આપના આશ્રિત આ જતનબાને ફરી લેવા માટે આપ અહીં પધારજો. (૩૩)

એ પ્રમાણે પાર્ષદોએ શ્રીહરિને કહ્યું; એટલે તેમનું વચન માનીને તે જતનબાને ત્યાં જ મુકીને શ્રીહરિએ પોતાના દિવ્ય ધામમાં જવા માટે ઈચ્છા કરી. (૩૪)

હે રાજન્ ! પછી દિવ્ય વિમાનમાં બેઠેલા પાર્ષદોની સાથે, દિવ્ય વિમાનમાં બિરાજેલા શ્રીહરિ, તે ગામથી નીકળ્યા. (૩૫) તે સમયે લોકો આકાશમાં સૂર્યનારાયણ સમાન કાંતિવાળા તે દિવ્ય વિમાનોની હજારો પંક્તિઓ જોતા હતા. (૩૬)

શ્રીહરિ આ પ્રકારે લોકોને પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવીને પાર્ષદો સાથે પોતાના દિવ્ય બ્રહ્મપુરમાં પધાર્યા. (૩૭)

હે ભૂપતે ! અવતારી એવા દિવ્ય અને અપ્રમેય સામર્થ્યવાળા, દિવ્ય તથા ગુણવગેરે યુક્ત, વિભૂતિઓના નિધિ, પોતાના આશ્રિતોની પીડા છેદનારા, ધર્મદેવથી પ્રાદુર્ભાવ પામેલા સહજાનંદ શ્રીહરિએ આ પ્રકારે દિવ્ય, અદ્‌ભુત, અત્યંત પવિત્ર પોતાનું ઐશ્વર્ય બતાવ્યું તે મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શ્રીહરિ પ્રદર્શિત પોતાના ઐશ્વર્ય વર્ણન નામે પંચાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૫)



અધ્યાય ૫૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વડોદરામાં રહેતા સ્વધર્મ નિષ્ઠ જીજીબા ધર્મપુત્ર શ્રીહરિનું હંમેશા ભજન કરતા હતા. (૧) તેના મૃત્યુનો સમય નજીક આવ્યો ત્યારે શ્રીહરિ દિવ્ય રથ ઉપર બિરાજી, દિવ્ય ઘોડાઓ ઉપર બેઠેલા બીજા પાર્ષદોથી વીંટાઈને, (૨)

પોતાની આશ્રિત આ ભક્ત સ્ત્રીને લેવા માટે વડોદરા પુરમાં પધાર્યા. તે જીજીબા પાર્ષદો યુક્ત તે શ્રીહરિના દર્શન કરીને આનંદ પામ્યા. (૩)

તે જીજીબા પોતાની સમીપે બેઠેલા પોતાના માતુશ્રી પ્રત્યે બોલ્યા, હે માતુશ્રી ! દિવ્ય રથ ઉપર બેઠેલા ધર્મનંદન વ્યાપક શ્રીહરિ અહીં પ્રત્યક્ષ છે. (૪)

દિવ્ય ઘોડાઓ ઉપર બેઠેલા અન્ય દિવ્ય પાર્ષદો સહિત પોતાના દિવ્ય અક્ષરધામમાં મને લઈ જવા માટે તેઓ પધાર્યા છે. (૫) હે માતુશ્રી ! તેથી હું દિવ્ય રથમાં બેસીને પ્રત્યક્ષ શ્રીહરિની સાથે અક્ષરધામમાં જઈશ. (૬)

તમો વડતાલ જઈને સંબંધિઓ સહિત શ્રી રઘુવીરાચાર્ય તથા સમગ્ર સાધુઓ તથા બ્રહ્મચારી, પાર્ષદોને તેમજ સમગ્ર સંબંધીઓને જમાડશો. (૭) મારાં સર્વ વસ્ત્રો તથા અલંકારો તમારે વડતાલમાં પધરાવેલાં લક્ષ્મીજીને પ્રેમપૂર્વક અર્પણ કરી દેવા. (૮)

એમ કહીને જીજીબાએ "જય સ્વામિનારાયણ" કહીને પ્રકૃતિના વિકારભૂત શરીરનો ત્યાગ કરી દિવ્ય શરીર ધારણ કર્યું. (૯) પછી શ્રીહરિ પવિત્ર વ્રતવાળાં પોતાનાં ભક્ત તે જીજીબાને દિવ્ય રથમાં બેસાડીને પોતાના દિવ્ય બ્રહ્મપુર ધામ પ્રત્યે લઈ ગયા. (૧૦)

પુરના ભક્તજનો તથા અન્ય જનો ધર્મદેવ થકી જેમનો જન્મ છે એવા શ્રીહરિનું આ દિવ્ય

ઐશ્વર્ય જોઈ આશ્ચર્ય પામ્યા. (૧૧) હે રાજન્ ! પશ્ચિમ પંચાલ દેશમાં મેલિયાણા ગામમાં શ્રીહરિકૃષ્ણ ભગવાનના આશ્રિત જાનંતી નામના ક્ષત્રિય સ્ત્રી ભક્ત હતા. (૧૨)

તે સ્ત્રી ભક્ત જાનંતીની સેવા કરતી અને તેની આજ્ઞાનું પાલન કરતી અમરી પણ પરમાત્માની એકાંતિક ભક્ત હતી. (૧૩) જાનંતી, દરરોજ પોતાની સેવા કરતી અમરીની સાથે સવારમાં પોતાના ગામની નજીક વહેતી નદીમાં જઈ સ્નાન કરતી હતી. (૧૪)

ત્યારપછી વિવિધ પ્રકારના વૃક્ષોથી વ્યાપ્ત, નદીની સમીપે આવેલા વનમાં બેસી તે જાનંતી અમરીની સાથે ધર્મપુત્ર શ્રીહરિનું ધ્યાન કરતી હતી. (૧૫) તે જાનંતી ગઢપુરમાં રહેતા પ્રત્યક્ષ ધર્મપુત્ર શ્રીહરિનાં દર્શન માટે અમરીની સાથે વારંવાર ગઢપુર જતી હતી. (૧૬)

શ્રીહરિની એકાંતિકી ભક્તિ કરતી, તપસ્વિની તે જાનંતી સમાધિ સ્થિતિને પામી રાત્રિ દિવસ ધર્મનંદન શ્રીહરિના દર્શન કરતી હતી. (૧૭)

એક સમયે જાનંતી અમરી પ્રત્યે બોલી, હે અમરી ! આજથી દશમે દિવસે મારું મૃત્યુ થશે. (૧૮)

ધર્મનંદન શ્રીહરિ મને લેવા માટે નક્કી આવશે. જાનંતીને વિષે પ્રેમવાળી અમરી જાનંતીનું આ વચન સાંભળીને તેને કહેવા લાગી. (૧૯) હે શુભે ! તમારી સાથે મને શ્રીહરિના ધામમાં તમો જરૂર લઈ જજો. અમરીએ આ પ્રમાણે કહ્યું તેથી જાનંતીએ તેના પ્રત્યે કહ્યું. (૨૦)

હે શુભે ! મારા મૃત્યુ પછી તેરમા દિવસે તને લેવા માટે શ્રીહરિની સાથે હું અહીં આવીશ. (૨૧) પરમાત્મામાં પ્રેમવાળી જાનંતીએ પોતાની સેવા કરનારી અમરીને પ્રતિજ્ઞાપૂર્વક આ પ્રમાણે કહ્યું. પછી દશમે દિવસે તેણે પોતાના સંબંધિઓને કહ્યું. (૨૨)

હે સંબંધીજનો ! આજે મધ્યાહ્ને મારું મૃત્યુ થશે. એ પ્રમાણે કહીને જાનંતીએ પોતે જ ગાયના છાણથી પૃથ્વી લીંપી. (૨૩) પછી જાનંતીએ લીંપેલી પૃથ્વી ઉપર સ્વસ્તિક આસન કરીને તે ઉપર બેસી, ધર્મનંદન શ્રીહરિનુ ચિંતવન કરતા કરતા સમાધિ અવસ્થામાં જ દેહનો ત્યાગ કર્યો. (૨૪)

તે સમયે દિવ્ય વિમાનમાં બિરાજેલા શ્રીહરિ, અન્ય દિવ્ય વિમાનમાં બેઠેલા, અત્યંત તેજથી શોભાયમાન, પોતાના દિવ્ય પાર્ષદો સહિત, (૨૫) દિવ્ય રથમાં બેઠેલા, દિવ્ય ભક્તિથી યુક્ત તથા બીજા વાહનોમાં બેઠેલી ધર્મવંશી સ્ત્રીઓ સહિત, (૨૬)

રથમાં બેઠેલી વિરજા તથા સુનંદા તેમજ અન્ય વાહનોમાં બેઠેલી ધર્મવંશની સ્ત્રીઓ સહિત, (૨૭) અન્ય રથમાં બેઠેલા દિવ્ય સ્વરૂપવાન લક્ષ્મીજી સહિત અને સ્ત્રીઓને યોગ્ય, સર્વ પ્રકારે ગુપ્ત, દિવ્ય રથમાં બેઠેલા દિવ્ય રૂપવાળા, પોતાને વિષે પ્રીતિવાળા, જયા સહિત, (૨૮)

તેમજ દિવ્ય રથમાં બેઠેલા લલિતા વગેરે દિવ્ય રૂપવાળી સ્ત્રીઓ સહિત, તે જાનંતીને લેવા માટે ત્યાં પધાર્યા. (૨૯) તે સમયે ત્યાંના ઘણા લોકો, પાર્ષદોની સાથે પ્રત્યક્ષ શ્રીહરિને જોઈ અત્યંત

વિસ્મય પામ્યા. (૩૦)

પછી શ્રીહરિ પોતાના તે એકાંતિક ભક્ત જાનંતીને અદ્‌ભુત દિવ્ય રથમાં બેસાડીને પોતાના અલૌકિક બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૩૧) ત્યાર પછી તેરમે દિવસે પોતાના ભક્ત જાનંતીનું વચન સત્ય કરનાર પોતાના ભક્તોનું માહાત્મ્ય વૃદ્ધિ પમાડતા પુરુષોત્તમ, (૩૨) મોટા દિવ્ય નર વાહનમાં બિરાજી, દિવ્ય ગાડીઓમાં બેઠેલા પોતાના દિવ્ય પાર્ષદો સહિત; (૩૩) દિવ્ય એવા સુવર્ણ રથમાં બેઠેલા જાનંતી અને ભક્તિએ સહિત પોતાના ચરણ કમળના આશ્રયવાળી તે અમરીને લેવા માટે અમરીના ગામ 'મેલીયાણા' માં પધાર્યા. (૩૪)

તે સમયે અમરીના સમગ્ર સંબંધિઓ તથા અન્ય જનો શ્રીહરિને તેમજ ભક્તિ તથા જાનંતીને જોઈ વિસ્મય પામ્યા. (૩૫)

તે સમયે અમરી પણ પ્રસન્ન થઈ, જાનંતીની માફક પોતાના સંબંધિઓને તથા અન્ય જનોને કહીને 'મને અક્ષરધામમાં લઈ જવા માટે જાનંતીને લઈને સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે.' એ પ્રમાણે કહીને શ્રીહરિને સંભારીને તેણે પોતાના દેહનો ત્યાગ કર્યો. (૩૬)

ત્યાર પછી શ્રીહરિએ તે અમરીને પોતાના દિવ્ય રથમાં હર્ષપૂર્વક બેસાડી અને પછી તેને પોતાના સર્વોપરી દિવ્ય બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૩૭)

તે સમયે તેના સંબંધીઓ તથા અન્યજનોનું શ્રીહરિનું આ દિવ્ય ઐશ્વર્ય જોઈ વિસ્મય પામ્યા અને પરસ્પર કહેવા લાગ્યા. (૩૮)

પોતાના ભક્તજનોને પોતાના ધામમાં લઈ જતા દયાનિધિ સ્વામિનારાયણ નિશ્ચયજ ભગવાન છે. (૩૯)

અહો ! આ કળિયુગમાં પણ સ્વામિનારાયણની આશ્રિત સ્ત્રીઓ યોગીઓની માફક સ્વતંત્ર પણે પોતાના દેહનો ત્યાગ કરી શકે છે. (૪૦) પૃથ્વી ઉપર ક્યારેય પણ આવું અમોએ સાંભળ્યું નથી, તેમજ જોયું નથી તેથી શ્રીહરિનું આ દિવ્યૈશ્વર્ય અનુપમ છે. (૪૧)

હે નૃપ ! આવી રીતે દિવ્ય, અદ્‌ભુત, સુંદર અને પીડાહારી સ્મરણ છે જેમનું એવું આ અત્યંત સુકૃતશાળી, અલૌકિક ધર્મપુત્ર શ્રીહરિનું ઐશ્વર્ય, જેમને હર્ષ પ્રાપ્ત થયો છે એવા તે જનો ઘણા પ્રકારે ગાતા હતા. મેં તમોને ઉક્ત પ્રકારે સંક્ષિપ્તથી કહ્યું છે. (૪૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં જીજી આદિ ભક્તોને શ્રીહરિ પોતાના ધામમાં લઈ ગયા. તે શ્રીહરિના ઐશ્વર્ય વર્ણન નામે છપ્પનમો અધ્યાય સંપૂર્ણ. (૫૬)



અધ્યાય ૫૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પશ્ચિમ પંચાલ દેશમાં 'ધાંણલા' ગામમાં 'માની' (મુળીબાઈ) નામની શ્રીહરિની એકાંતિક ભક્ત સ્ત્રી રહેતી હતી. (૧) મંદબુદ્ધિવાળો, વિષયમાં આસક્ત, પોતાના ઉદ્યમમાં હંમેશા તત્પર તેનો પતિ જાદવ સત્સંગી ન હતો. (૨)

હે રાજન્ ! એક સમયે તે 'જાદવ' ચંદ્રમાના તેજવાળી રાત્રીએ પોતાના ઘરની બહાર ઓટલી ઉપર એકલો બેઠો હતો. (૩) પછી તેની પત્ની માની મંદપ્રજ્ઞ પોતાના સ્વામી પાસે આવી તેમને બોધ આપતી આ પ્રમાણે હિતકારી વચન કહેવા લાગી. (૪)

હે સ્વામિન્ ! હમણાં આ પૃથ્વી ઉપર ભગવાન છે કે નથી ? શુક, દેવર્ષિનારદ, સનક અને નવયોગેશ્વર એવા સંતો છે કે નથી ? (૫) તે સાંભળી માનીનો પતિ માનીને કહેવા લાગ્યો; હે પત્ની ! આ કળિયુગમાં ભગવાન નિશ્ચય ન હોય. તેમજ એ પ્રકારના સંતો પણ ન હોય. (૬)

ત્યાર પછી તે માની તેના પતિ પ્રત્યે બોલી; હે સ્વામિન્ ! હમણાં ગઢપુરમાં સર્વ અવતારી ભગવાન શ્રીહરિ પ્રત્યક્ષ બિરાજે છે. (૭) શુક આદિથી પણ અતિશ્રેષ્ઠ, સુંદર સદ્ગુણોના સ્થાનરૂપ, યોગ સિદ્ધ પામેલા, સ્વામિનારાયણના હજારો શિષ્યો છે. (૮)

પ્રત્યક્ષ અવતારી શ્રીહરિનો મારે દૃઢ નિશ્ચય છે. ધર્મમાં રહીને પુરુષોત્તમ પ્રભુ શ્રી સ્વામિનારાયણનું હું હંમેશા ભજન કરું છું. (૯) શ્રીસ્વામિનારાયણના આશ્રિતે આપેલું અન્ન જે જનો જમે છે તે પણ મુક્તિ પામે છે. આવો તેમનો પવિત્ર પ્રતાપ છે. (૧૦)

તેથી આ લોકમાં મેં આપેલું જળ જેણે પીધું તથા અન્ન ખાધું તે પણ જરૂર દુર્લભ સદ્ગતિ પામશે. (૧૧) મેં મારે હાથે ઘડેલા અને મારા હાથે આપેલા રોટલા લાંબા કાળ સુધી તમે જમ્યા તેથી તમો નહીં ઈચ્છતા હો છતાં પણ તમે સદ્ગતિ પામશો. (૧૨)

શ્રીહરિએ મને પોતાનું પવિત્ર દર્શન આપીને મારો મૃત્યુ સમય કહ્યો છે. તે મૃત્યુ સમય હું તમોને કહું છું. (૧૩) હે સ્વામિન્ ! આજથી પાંચમે દિવસે ગાયો છોડવાના સમયે (સંગવકાળે) મારું મૃત્યુ થશે. (૧૪)

હે સ્વામિન્ ! તમારે તો તમારા કલ્યાણ માટે સંસારની નિવૃત્તિ કરનારો આ સત્સંગ જ કરવો. હંમેશા સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું. (૧૫) પોતાની પત્નીનું આવું વચન સાંભળીને હસતા હસતા તે જાદવ તેને કહેવા લાગ્યો; હે ભદ્રે ! તને તો રોગ જ નથી તો તારું મૃત્યુ કેમ થાય ? (૧૬)

પોતાના પતિએ આ પ્રમાણે કહ્યું તેથી તે સ્ત્રીએ પોતાના પતિને ફરીથી કહ્યું; હે

સ્વામિન્ ! મેં કહ્યું તે પ્રમાણે મારા દેહનું મૃત્યુ જરૂર થશે જ. (૧૭)

પોતાની પત્નીએ આ પ્રમાણે કહ્યું પણ દુષ્પ્રજ્ઞ, નરાધમ પોતાની પત્નીનું વચન સત્ય ન માનતા તે માનીનો ઉપહાસ કરવા લાગ્યો. (૧૮)

પછી તેનો પતિ પોતાના સંબંધીઓને કહેવા લાગ્યો. હે બંધુઓ ! આ મારી સ્ત્રી આજથી પાંચમે દિવસે યોગીનીની માફક પોતાના દેહનો ત્યાગ કરશે. (૧૯) તે સાંભળીને તેનું માહાત્મ્ય નહિ જાણનારા તેના દુર્મતિ સંબંધિજનો પણ પરમાત્મા પરાયણ માનીનો ઉપહાસ કરતા હતા. (૨૦)

પાંચમાં દિવસે માની સવારમાં ઘેરથી અન્ય સ્થળે જતા પોતાના પતિ પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગી. હે સ્વામિન્ ! મારું મૃત્યુ જરૂર સમીપમાં છે. (૨૧) તેથી હે સ્વામિન્ ! તમારે હમણાં બીજે જવું નહિ, માનીનું આ વચન સાંભળીને તેનો પતિ ઘેર રહ્યો. (૨૨)

પછી માનીએ પોતાના સંબંધિજનો તેમજ સત્સંગીઓને બોલાવીને તેમને શ્રીહરિની કલ્યાણકારી વાર્તા કરી. (૨૩) પછી તે માનીએ હર્ષપૂર્વક ગાયના છાણથી ભૂમિ લીંપી અને તે લીંપેલી ભૂમિ ઉપર બેસી સ્વામિનારાયણ ભગવાનનું ચિંતવન કરવા લાગી. (૨૪)

તે સમયે જડેલા દિવ્ય મણિઓની કાંતિવાળા સુંદર દિવ્ય સુવર્ણમય રથમાં બિરાજેલા, દિવ્ય વસ્ત્ર અને ભૂષણો ધારી ધર્મપુત્ર શ્રીહરિ. (૨૫) દિવ્ય રથમાં બેઠેલા રાધા તથા લક્ષ્મી સહિત તથા દિવ્ય વાહનોમાં બેઠેલા દિવ્ય ચતુર્ભુજ પાર્ષદો સહિત; (૨૬)

પોતાની એકાંતિક ભક્ત તે માનીને લેવા માટે ત્યાં આવ્યા. માની પોતાના ઈષ્ટને જોઈ તેમને હાથ જોડી હર્ષપૂર્વક સ્તુતિ કરવા લાગી. (૨૭) પોતાની સમીપે બેઠેલા લોકોને માની કહેવા લાગી. દિવ્ય રથમાં બિરાજેલા ધર્મપુત્ર શ્રીહરિ મને લેવા માટે પધાર્યા છે. (૨૮)

શ્રીહરિની સાથે દિવ્ય રથમાં રાધા તથા લક્ષ્મીજી તેમજ ચતુર્ભુજ પાર્ષદો આવ્યા છે. (૨૯) શ્રીહરિના બ્રહ્મપુર ધામમાં આવવાની જેમને ઈચ્છા હોય તેમને સર્વેને મારી સાથે હું હમણાં જ લઈ જાઉં. (૩૦)

આવી રીતે તેણે કહ્યું ત્યારે લોકો દિવ્ય રથમાં બિરાજેલા શ્રીહરિને તેમજ દિવ્ય રથમાં બેઠેલા રાધા તથા લક્ષ્મીને જોતા હતા. (૩૧) દિવ્ય વાહનોમાં બેઠેલા, ચતુર્ભુજ સ્વરૂપવાળા પાર્ષદોને પણ લોકોએ જોયા, તેથી તેમણે અત્યંત આશ્ચર્ય અનુભવ્યું. (૩૨)

પહેલાં તેની મશ્કરી કરનારો તેનો પતિ આશ્ચર્યવત્ બની હવે પોતાની પત્નીનું કહેલું સર્વ સત્ય માનવા લાગ્યો. (૩૩)

પછી તે માનીએ પોતાના દેહનો ત્યાગ કર્યો. દિવ્ય વપુ ધારણ કર્યું તે સમયે શ્રીહરિ તેને

દિવ્ય રથમાં હર્ષપૂર્વક બેસાડતા હતા. (૩૪)

તે શ્રીહરિ યોગિઓને પણ દુર્લભ, સચ્ચિદાનંદ સ્વરૂપ એવા પોતાના અક્ષરધામમાં તે માનીને લઈ ગયા. (૩૫)

શ્રીહરિનું આ દિવ્ય ઐશ્વર્ય જોઈ તેનો પતિ તથા અન્ય જનો તેમજ સર્વ સંબંધિઓ શ્રીહરિના પ્રતાપનું ગાન કરવા લાગ્યા. (૩૬)

પછી તેના પતિ તેમજ અન્ય સર્વેએ સ્વામિનારાયણ શ્રીહરિને ભગવાન જાણી તેમનો આશ્રય કર્યો. અને તે રીતે પોતાના ધર્મમાં રહીને શ્રી સ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યા. (૩૭) અનુપમ, વિચિત્ર પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવતા શ્રીહરિ, પોતાની આશ્રિત ઘણી સ્ત્રીઓને પોતાના દિવ્ય અક્ષરધામમાં આ પ્રમાણે લઈ જતા હતા. (૩૮)

અનુપમ કરુણાના સાગર, અનંત ઐશ્વર્યવાન, આશ્રિત જનોનું સદા રક્ષણ કરનારા, ધર્મપુત્ર શ્રીહરિનું આવી રીતે પરં આશ્ચર્યજનક અતિ શુભ દિવ્ય ઐશ્વર્ય મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૩૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં સ્ત્રીભક્ત માનીને શ્રીહરિ પોતાના ધામમાં લઈ ગયા તે શ્રીહરિના ઐશ્વર્ય વર્ણન નામે સત્તાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૭)



અધ્યાય ૫૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પ્રત્યક્ષ શ્રીહરિનું ભજન કરતા વિપ્રભક્ત તીતારામ ગુજરાત દેશમાં નારદીપુર ગામે રહેતા હતા. (૧) તે ગામમાં તીતારામ એ એક જ શ્રીહરિના એકાંતિક ભક્ત હતા. અન્ય સર્વેજનો શ્રીહરિ વિમુખ હતા. (૨)

તે ગામમાં રહેતા સર્વજનો વિષયમાં પ્રીતિવાળા, સત્સંગીનો દ્વેષ કરનારા, તેમજ પાપ કરનારા હોવાથી તેઓ સર્વે તે ભક્તનો સદા ઉપહાસ કરતા હતા. (૩) તેઓ કહેતા હતા કે અમોએ ક્યારેય પણ આવો અત્યંત મહાન ભક્ત જોયો નથી. અહો ! આ તીતારામ સદા પારકી સ્ત્રી તેમજ પારકા દ્રવ્યનો ત્યાગ કરે છે. (૪)

આ ભક્ત હંમેશા સ્વામિનારાયણ નામના મંત્રનો ઉચ્ચાર કરે છે. સર્વજનોથી વિલક્ષણ એવો આ ભક્ત હંમેશા શ્રીહરિની ભક્તિ કરે છે. (૫) તેથી તેના મૃત્યુ સમયે તેને લેવા માટે પોતે ભગવાન સ્વામિનારાયણ જરૂર આવશે. (૬) તે સમયે આપણને પણ ભગવાનના દર્શન થશે.

દિવ્ય વિમાનો આપણે પણ જોઈશું. (૭) તેથી આપણે સર્વેએ તે સમયે સાવધાન રહેવું તેમજ ભગવાનના દર્શનનો લાભ લેવો. (૮) તેઓમાંથી એક જણ બોલ્યો, અંતકાળે સૂર્યસમાન કાંતિવાળું દિવ્ય વિમાન લઈને (૯) સ્વયં સ્વામિનારાયણ ભગવાન આ ભક્તને લેવા માટે વિમાનમાં બેઠેલા પાર્ષદો સહિત અહીં પધારશે. (૧૦)

તે સમયે તે વિમાનનો દંડ પકડીને હું પણ એ ભક્ત સાથે પરં દિવ્ય ધામમાં જરૂર જઈશ. (૧૧) મત્સરવાળા અને ભક્તનો દ્રોહ કરનારા તે ખળ પુરુષો તે ભક્તનો હંમેશા આ પ્રમાણે ઉપહાસ કરતા હતા. (૧૨) પછી તે ભક્તના પ્રારબ્ધ કર્મના અંતે તેના શરીરનો અંતકાળ થયો ત્યારે શ્રીહરિ સૂર્ય સમાન તેજસ્વી દિવ્ય વિમાનમાં બેસી; (૧૩) મહાતેજવાળા, દિવ્ય વિમાનોમાં બેઠેલા બ્રહ્માનંદ આદિક સાધુઓ સાથે તે ભક્તને લેવા માટે પધાર્યા. (૧૪)

હે રાજન્ ! તે સમયે દિવ્ય વિમાનોના મહાપ્રકાશથી તત્કાળ તે સમગ્ર ગામ ઢંકાઈ ગયું. (૧૫) ત્યાં રહેલા સર્વજનો તો આ અત્યંત મહાતેજ જોઈ, એ શું ? આ ક્યાંથી ? એવી રીતે બોલતા આશ્ચર્ય પામી ગયા. (૧૬) ત્યારબાદ આશ્ચર્ય ચકિત થયેલા તે જનો પરમાત્માની ઈચ્છાથી આકાશમાં હજારો દિવ્ય વિમાનો જોવા લાગ્યા. (૧૭)

હે જનો ! દુષ્ટ બુદ્ધિવાળા ! આ ભક્તના દ્રોહ કરનારા આપણે દુષ્ટતાપૂર્વક આ તીતારામનો ઉપહાસ કરતા હતા. (૧૮) આ પ્રકારે બોલતા તે જનોને ભક્તરાજ તીતારામ કહેવા લાગ્યા. હે જનો ! તમો પહેલાં તમારી દુષ્ટ પ્રકૃતિથી મારી વારંવાર મશ્કરી કરતા હતા. (૧૯)

સ્વામિનારાયણ જ્યારે મને લેવા આવશે ત્યારે અમો વિમાનનો દંડ ગ્રહણ કરીને આવીશું. (૨૦) એવા તમારા આ ઉપહાસના શબ્દો ક્ષમા કરીને પણ હું તમોને શ્રીહરિના અક્ષરધામમાં આ શ્રીહરિના પ્રતાપથી આ દિવ્ય વિમાનોમાં બેસાડીને જરૂર લઈ જઈશ. (૨૧)

તેથી આ શ્રીહરિના અક્ષરધામમાં આવવાની જો તમારી ઈચ્છા હોય તો તમો સર્વ આ વિમાનોમાં બેસો. વાર લગાડશો નહિ. (૨૨)

આ પ્રમાણે તીતારામે તેમને કહ્યું. પરંતુ મૃત્યુના ભયથી દુઃખ પામતા તે જનો તે ભક્તને આ પ્રમાણે કહેવા લાગ્યા. તમો સાચા ભક્તવર્ય છો માટે અમારો અપરાધ ક્ષમા કરો. (૨૩) શ્રીસ્વામિનારાયણ પોતાના પાર્ષદો સહિત અંતકાળે તમોને લઈ જવા માટે પધાર્યા છે. તે પોતે સ્વયં પ્રત્યક્ષ ભગવાન છે. (૨૪) તો પણ હે સંમતે ! સ્ત્રી, પુત્ર, ભાઈ અને દ્રવ્યાદિમાં અત્યંત આસક્ત મનવાળા અમો અમારા તે સંબંધીઓનો ત્યાગ કરવા માટે શક્તિમાન નથી. (૨૫) તેથી આ સમર્થ સ્વામિનારાયણ શ્રીહરિનો આશ્રય કરીને અહીં જ, ધર્મમાં રહી અમો નિરંતર તેમનું ભજન કરીશું. (૨૬)

આ પ્રમાણે તેમનાં વચન સાંભળીને શ્રીહરિ, પોતાના ભક્ત તીતારામને વિષયાસક્તિનો ત્યાગ કરવો કઠણ છે એમ બતાવતા, મનોહર મંદહાસ્ય કરતા હતા. (૨૭) પછી જેમણે દેહ ત્યાગ કર્યો છે અને દિવ્યાકૃતિ ધારણ કરી છે તે તીતારામ ભક્તને પ્રસન્ન થઈ શ્રીહરિએ સૂર્ય સમાન પ્રકાશમાન દિવ્ય વિમાનમાં બેસાડ્યા. (૨૮)

ભક્તવત્સલ શ્રીહરિ પોતાના તે ભક્તને, તપસ્વીઓને પણ દુર્લભ એવા પોતાના દિવ્ય બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૨૯) તે શ્રીહરિનું આ પ્રકારે આશ્ચર્યજનક દિવ્ય ઐશ્વર્ય જોઈ ત્યાંના ઘણા દૈવીજનોએ તો શ્રીહરિનો આશ્રય કર્યો. (૩૦)

હે રાજન્ ! ગુજરાત દેશમાં જેતલપુર ગામમાં વિપ્ર હરિભક્ત જોઈતારામ રહેતા હતા. (૩૧) તે ભક્તના આયુષ્યનો અંત આવવાથી માસ પૂરો થાય તે પહેલાં પોતાના તે એકાંતિક ભક્તને શ્રીહરિએ પ્રીતિપૂર્વક પોતાના દર્શન આપ્યા. (૩૨) તે જોઈતારામે શ્વેતવસ્ત્રવાળા, પુષ્પોના હાર તથા તોરાઓ ધારણ કરેલા, સૌંદર્ય નિધિ, શ્રીહરિને જોઈ, હર્ષપૂર્વક તેમને દંડવત્ પ્રણામ કર્યા. (૩૩) જેમના નેત્રમાંથી પ્રેમાશ્રુ વહે છે. તેમજ જેમના ગાત્રો રોમાંચિત થઈ ગયા છે તે જોઈતારામ ભક્તે શ્રીહરિને સુંદર આસન ઉપર બેસાડ્યા અને હાથ જોડી તેમના પ્રત્યે બોલ્યા; (૩૪)

હે સ્વામિન્ ! હે હરે ! આપના માટે હું તત્કાળ રસોઈ બનાવું. આપનો દાસ એવા મારા ઉપર દયા કરીને આપ જમો. (૩૫) તે ભક્તો ઘણા સ્નેહથી પ્રાર્થના કરી તેથી ભક્તવત્સલ પ્રભુ શ્રીહરિએ "હે ભક્ત ! તમો રસોઈ કરો. હું જમીશ." આવી રીતે પ્રેમ પૂર્વક તેને કહ્યું; (૩૬)

પછી તે બ્રાહ્મણે સ્નાન કરીને તરત જ ચતુર્વિધ રસોઈ હર્ષપૂર્વક બનાવી. પછી શ્રીહરિ તેની પ્રસન્નતા માટે પોતે અનેક પ્રકારના ભોજનો જમ્યા. (૩૭) ત્યારબાદ શ્રીહરિને મુખવાસ આપી તે શ્રીહરિને સિંહાસનમાં બેસાડી તેમની સમીપે બેસી કરોડો કામદેવને મોહ પમાડનાર એવા શ્રીહરિના તેણે દર્શન કર્યા. (૩૮)પછી બે હાથ જોડી સમીપે બેઠેલા તે ભક્તને આનંદ આપતા શ્રીહરિ બોલ્યા, હે ભક્તરાજ ! હું તમોને એક વાત કહેવા આવ્યો છું. (૩૯) હે ધીમન્ ! આજથી એક માસ પછી તમારું મૃત્યુ થશે તે નિશ્ચય છે. (૪૦) તે સમયે તમને લેવા માટે હું આવીશ. તેથી તમે ચિંતાનો ત્યાગ કરીને અવતારી એવા પ્રત્યક્ષ મારું પ્રેમથી ભજન કરજો. (૪૧)

હે મહામતે ! તમારે આ વાત મારા સર્વ આશ્રિતોને કહેવી. પરંતુ અભક્ત એવા નાસ્તિક જનોને ન કહેવી. (૪૨) આથી પ્રસન્ન થયેલા જોઈતારામ 'બહુસારુ' એમ કહી શ્રીહરિ પ્રત્યે બોલ્યા. હે સ્વામિન્ ! મારી બેન અન્ય સ્થળે કાંઈક કામકાજ માટે ગયેલી છે. તે હજુ આવી નથી. (૪૩)

તે પણ તમારી ભક્ત છે અને હંમેશા આપના દર્શન ઈચ્છે છે. તેથી હે દયાનિધે ! આપના

દર્શન માટે તેને બોલાવવા હું જાઉં છું. (૪૪) તમો અહીં જરૂર રોકાશો એમ કહી જોઈતારામ ભક્ત તેની બેનને બોલાવવા માટે ગયો. તેટલામાં સ્વતંત્ર સમર્થ શ્રીહરિ તત્કાળ અંતર્ધાન થઈ ગયા. (૪૫)

પછી તે ભક્ત પોતાની બેનને લઈ પોતાને ઘેર આવ્યો ત્યારે સર્વ તાપ હરનારા છે દર્શન જેમનાં એવા શ્રીહરિને તેણે જોયા નહિ. (૪૬) પરંતુ શ્રીહરિની પ્રસાદીભૂત સારાં ભોજનોથી ભરેલો થાળ જોઈ, તે બંને ભાઈબેન શ્રીહરિના વિરહથી દુઃખી થતા, રડતા રડતા શોક કરવા લાગ્યા. (૪૭)

થોડા સમય બાદ તેના ભાઈએ બેનને કહ્યું, હે બેન ! શ્રીહરિએ મને પોતાના દર્શન આપ્યા અને મેં કરેલા આ ભોજનો પ્રીતિપૂર્વક જમ્યા. (૪૮) પછી શ્રીહરિએ મને કહ્યું. હે ભક્ત ! તારો દેહ મહિના પછી પડશે. તે વખતે તને લેવા માટે હું જરૂર આવીશ. (૪૯)

હે બેન ! તારે આ વાત કોઈને ક્યારેય કરવી નહિ. ભાઈનું એવું વચન સાંભળીને તેની બેને ભાઈને કહ્યું; હું ક્યારેય કોઈને નહિ કહું. (૫૦)

એક માસ પૂરો થયો એટલે તે ભક્તનો અંતકાળ આવ્યો. તે સમયે જડેલા દિવ્ય મણિઓની કાંતિવાળા સુવર્ણ રથમાં બિરાજેલા શ્રીહરિ; (૫૧) અન્ય દિવ્ય રથ વગેરે વાહનોમાં બેઠેલા, દિવ્ય પાર્ષદોથી વીંટાયેલા, પોતાના તે એકાંતિક ભક્તને લેવા માટે જેતલપુરમાં પધાર્યા. (૫૨)

તે વખતે પુરના ભક્તો તેમજ અન્યજનો પાર્ષદો સહિત ધર્મનંદન શ્રીહરિને જોઈ અત્યંત વિસ્મય પામ્યા. (૫૩) પછી શ્રીહરિ, શરીરનો જેમણે ત્યાગ કર્યો છે એવા દિવ્ય દેહવાળા તે ભક્ત જોઈતારામને દિવ્ય રથમાં બેસાડીને પોતાના બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૫૪)

હે રાજન્ ! આવી રીતે કૃપા કરીને પોતાના ભક્ત સમૂહને શોક રહિત પોતાના દિવ્ય અક્ષરધામમાં લઈ જતા શ્રીહરિનું અનુપમ મહા દિવ્ય આ ઐશ્વર્ય તમોને મેં સંક્ષિપ્તથી કહ્યું. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના ભક્તોને સ્વધામ લઈ જતા શ્રીહરિના ઐશ્વર્ય નિરૂપણ નામે અઠ્ઠાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૮)



અધ્યાય ૫૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપ ! ભાલ દેશમાં ગુડેલ ગામમાં ક્ષત્રિય હરિભક્ત બુદ્ધિમાન જેભાઈ (જીભાઈ) રહેતા હતા. (૧) સ્વામિનારાયણ શ્રીહરિનું અનન્ય ભાવથી ભજન

કરતા, શૌર્ય તથા પરાક્રમશાળી, ધીરજવાળા અને ધર્માદિ ગુણોથી તે શોભતા હતા. (૨)

હે રાજન્ ! એક સમયે ગુડેલ ગામવાસી સર્વ ક્ષત્રિયજનો કોઈ કામ માટે બીજા ગામ ગયા હતા. (૩) તે સમયે છિદ્ર (ગામમાં કોઈ નથી માટે લૂંટવાનું ફાવે તે) જોઈ હથિયારધારી, ભયંકર ચોરોનો સમૂહ, દ્રવ્ય વગેરે લૂટવા માટે રાત્રિએ ત્યાં આવ્યો. (૪)

તે સમયે ક્ષત્રિય જેભાઈ હથિયાર ધારણ કરી એકલા હતા છતાં પણ યુદ્ધ કરવા માટે તે ચોરોનો તિરસ્કાર કરી સામા દોડ્યા. (૫)

તે સર્વે ચોરો સિંહની માફક ગર્જના કરતા તે જેભાઈને આવતા જોઈ, એકદમ તીક્ષ્ણ બાણોથી તેના ઉપર પ્રહાર કરવા લાગ્યા. (૬) તે સમયે ઢાલને ચારે બાજુએ ફેરવતા, શૂરવીર, યુદ્ધકળામાં કુશળ, જેભાઈએ તેમના શરના સમુદાયથી પોતાના દેહનું રક્ષણ કર્યું. (૭)

પછી તે જેભાઈએ એકલાએ તે ચોરો ઉપર વારંવાર બાણોનો સમુદાય વર્ષાવી તેમાંના ઘણાઓનો, મદોન્મત્ત હાથીઓનો કેસરી સિંહ જેમ વધ કરે તેમ, વધ કર્યો. (૮) તે સમયે તે ચોરોના અંગો છેદાઈને ભાંગી ગયા. એ રીતે ભય પામી તે સર્વે પ્રાણની રક્ષા કરવાની ઈચ્છાથી નાસી ગયા. (૯)

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિના પ્રતાપથી તેમણે એકલાએ તે સમગ્ર ચોરોનો પરાભવ કરી તેમને નસાડી મૂક્યા. (૧૦) એ પ્રમાણે તે ચોરોને જીતીને આવતા એકલા જેભાઈને રસ્તામાં સંતાઈ રહેલા એક ચોરે જોયા. (૧૧)

અતિશય પાપી અને કપટી તે ચોરે તેની પાછળ જઈ અતિતીક્ષ્ણ બાણથી જેભાઈના માથામાં પ્રહાર કર્યો. (૧૨) પરંતુ જેભાઈ બાણથી હણાયેલા હોવા છતાં પણ, મહાબલિષ્ટ તે દુષ્ટ ચોરને મારીને પોતાના ઈષ્ટ શ્રીહરિને હૃદયમાં સંભારતા, પોતાના ઘેર આવ્યા. (૧૩)

જેભાઈ તે ઘાની અત્યંત પીડા ચિત્તમાં ન ગણતા પોતાના હૃદયમાં સ્વામિનારાયણ શ્રીહરિને સંભારવા લાગ્યા. (૧૪) તેથી પ્રસન્ન થયેલા ધર્મપુત્ર શ્રીહરિએ જેભાઈને પોતાના દર્શન આપ્યા. તે સમયે ભક્ત જેભાઈએ શ્રીહરિને જોઈ આંખમાં અશ્રુ સહિત શ્રીહરિને પ્રણામ કર્યા. (૧૫)

ત્યાર પછી ભક્તરાજ જેભાઈ હાથ જોડી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. પછી શ્રીહરિએ મંદહાસ્યકરતા પોતાના તે એકાંતિક ભક્ત જેભાઈને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૬)

હે ધીમન્ ! મારે વિષે અત્યંત સ્નેહવાળા તમો મને અત્યંત પ્રિય છો તમારા જેવા ભક્તવર્યથી બીજું મારે કાંઈપણ પ્રિય નથી. (૧૭) હે ભક્તરાજ ! હું આજથી ત્રીજે દિવસે તમોને લેવા માટે મારા દિવ્ય પાર્ષદો સહિત જરૂર આવીશ. (૧૮)

આ પ્રમાણે શ્રીહરિની વાણી સાંભળીને જેભાઈ ભક્ત અત્યુત્કૃષ્ટ બ્રહ્મપુર ધામમાં જવા

માટે ઉત્સાહ ચિત્તવાળા થઈ શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૧૯) શ્રીહરિના દર્શનથી ઘાની વ્યથા જેની શાંત પડી ગઈ છે એવા તે ભક્તને ભક્તરક્ષામાં અત્યંત ચતુર શ્રીહરિ આ પ્રમાણે કહીને ત્યાંથી તત્કાળ અંતર્હિત થઈ ગયા. (૨૦)

હે રાજન્ ! ત્રીજે દિવસે ઉત્તમ, દિવ્ય અશ્વ ઉપર બિરાજી, દિવ્ય રથમાં બેઠેલા દિવ્ય દેહધારી રામપ્રતાપ વગેરે સહિત, (૨૧) તેમજ દિવ્ય અશ્વો ઉપર બેઠેલા ઉત્તમરાજા તથા સોમાખાચર, સૂરાખાચર વગેરે પાર્ષદો સહિત, શ્રીહરિ. (૨૨)

જેભાઈ ભક્તને લેવા માટે ગલીયાણું નામના પ્રસિદ્ધ ગામમાં પધાર્યા. ગલીયાણામાં આવી પોતાના ભક્તોને પોતાનું કલ્યાણકારી દર્શન આપ્યું. (૨૩) ગલીયાણા ગામના ભક્તો હર્ષપૂર્વક તમો ક્યાં પધારો છો ? આ રીતે શ્રીહરિને પૂછતા હતા. શ્રીહરિએ તેઓને કહ્યું, હે ભક્તો ! મારા ભક્તને લેવા માટે હું ગુડેલ ગામ જાઉં છું. (૨૪)

પછી શ્રીહરિ ગુડેલ ગામમાં પહોંચ્યા, તે ગામમાં રહેતા જનસમૂહ દિવ્ય અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને જોતા હતા. (૨૫) તે પ્રમાણે લોકો દિવ્ય રથ ઉપર બેઠેલા શ્રીહરિના બંધુજનો, તેમજ દિવ્ય ઘોડા ઉપર બેઠેલા ઘણા દિવ્ય પાર્ષદોને જોતા હતા. (૨૬)

ભક્ત વત્સલ શ્રીહરિએ જેમણે ભૌતિક શરીર ત્યાગ કર્યું છે અને દિવ્ય વિગ્રહ ધારણ કર્યું છે એવા તે જેભાઈ ભક્તને સત્કારપૂર્વક દિવ્ય રથમાં બેસાડ્યા. (૨૭) ભક્તનું પ્રિય કરનારા તે શ્રીહરિ પોતાના તે એકાંતિક ભક્તને પોતાના પરમ બ્રહ્મપુર દિવ્ય ધામમાં લઈ ગયા. (૨૮)

હે રાજન્ ! ત્યાંના લોકો શ્રીહરિનું આ અલૌકિક અનુપમ ઐશ્વર્ય જોઈ આશ્ચર્ય ચકિત થઈ ગયા અને શ્રીહરિનો શુભ પ્રતાપ ગાવા લાગ્યા. (૨૯) હે નરેન્દ્ર ! આ પ્રમાણે અનુપમ, દયાનિધિ, પવિત્ર કીર્તિ એવા શ્રીહરિનું આ ઐશ્વર્ય મેં સંક્ષિપ્તથી તમોને કહ્યું. (૩૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં જેભાઈ નામના ભક્તને શ્રીહરિ પોતાના સ્વધામ લઈ ગયા એ ઐશ્વર્ય નિરૂપણ નામે ઓગણસાઠમો અધ્યાય સંપૂર્ણ. (૫૯)



અધ્યાય ૬૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગુજરાત દેશમાં પ્રસિદ્ધ 'રણુ' ગામમાં વસતા બુદ્ધિશાળી જટાધર પ્રતાપગિરી નામના અતીત બાવા રહેતા હતા. (૧) આ લોકમાં રાજા વગેરે

મોટા માણસોએ માનેલા અને તેથી જ પ્રસિદ્ધ, વળી મનુષ્યો જેને સિદ્ધ જાણતા હતા અને જેને ઘણા શિષ્યો હતા. (૨)

પુષ્કળ જમીન તથા ધનથી સંપન્ન, ખાખી વગેરે વેરાગીઓ તથા સમગ્ર અતીતોએ માનેલા, મંત્ર, જંત્ર જાણનારાઓમાં મુખ્ય, (૩) બુદ્ધિમાન તે પ્રભાતગિરી એક વખતે પોતાના ગામમાં આવીને રહેલા સ્વામિનારાયણના આશ્રિત સાધુઓની સમીપે આવીને, પોતે પ્રસિદ્ધ હોવા છતાં, હર્ષપૂર્વક તે સાધુઓને નમીને તેમની આગળ બેઠા. (૪, ૫)

તે સાધુઓમાં મુખ્ય અખંડાનંદ મુનિએ તે પ્રભાતગિરીને ઉપદેશ આપતા શાસ્ત્ર પ્રમાણે ધર્મ જ્ઞાનાદિની વાર્તા કરી. (૬) વળી પ્રત્યક્ષ શ્રીહરિના ઐશ્વર્યના ઉપદેશવાળી મધુર અને કલ્યાણકારી વાર્તા તે પ્રભાતગિરીના હિત માટે તેને કરી. (૭)

તે મુનિન્દ્રે તેમણે પૂછેલા અનેક પ્રકારના પ્રશ્નોના ઉત્તરો પણ શાસ્ત્ર પ્રમાણે કર્યા, અને પ્રભાતગિરીના સંશયો છેદી નાખ્યા. (૮) તેથી પ્રસન્ન થયેલા તે પ્રભાતગિરી હાથ જોડીને તે મુનીંદ્રને કહેવા લાગ્યા. હે મુનીંદ્ર ! તમો સંતના સર્વ લક્ષણોથી સંપન્ન છો તેથી સાચા સાધુ છો. (૯)

હે મુનીંદ્ર! સ્વામિનારાયણના આશ્રિતો તમો કલ્યાણ કરનારા છો એમ મેં જાણ્યું છે, તમારા જેવા સંતો મેં બીજે દીઠા નથી. (૧૦) હે મુનીન્દ્ર ! પ્રત્યક્ષ સ્વામિનારાયણની સમીપે આવી તે ભગવાનનો કલ્યાણકારી આશ્રય હું જરૂર કરીશ. (૧૧)

પ્રભાતગીરી તે અખંડાનંદ મુનીન્દ્રને એ પ્રમાણે કહીને તેમને નમસ્કાર કરી, પોતાના નિવાસસ્થાનમાં ગયા, ત્યારબાદ અખંડાનંદ વગેરે સાધુઓ લોકોના કલ્યાણ માટે તે ગામથી બીજે ગામ ગયા. (૧૨)

દયાસિંધુ શ્રીહરિએ જે સમયે ડભાણમાં લોકોના કલ્યાણ માટે વિષ્ણુયાગનો મહોત્સવ કર્યો. (૧૩) હે નૃપ ! તે સમયે તે પ્રભાતગિરી પોતાના શિષ્યો સહિત શ્રીહરિના દર્શન માટે ડભાણમાં હર્ષપૂર્વક આવ્યા. (૧૪)

તે બુદ્ધિમાન પ્રભાતગિરીએ રસ્તામાં, આવતા પોતાના હૃદયમાં આ પ્રકારે સંકલ્પ કર્યો, જો સ્વામિનારાયમ પ્રત્યક્ષ ભગવાન હોય, (૧૫) તો આ ઠંડીના સમયમાં મને પોતે ગોદડી (રજાઈ) આપે, એ મારો સંકલ્પ અને મારા સત્કર્મો કહે, (૧૬)

તો હું સ્વામિનારાયણ પરાત્પર ભગવાન છે, એમ જાણું, અને અનન્ય ભાવથી તેમનો આશ્રય કરીને નિરંતર તેમનું ભજન કરું. (૧૭)

આવો સંકલ્પ કરીને રસ્તામાં ચાલતા પોતાના શિષ્યો સહિત શ્રીહરિના દર્શનમાં અતિ ઉત્કંઠાવાળા તે પ્રભાતગિરી ડભાણ પહોંચ્યા. (૧૮)

ડભાણમાં પ્રભાતગિરી, સભામાં બેઠેલા ભક્ત સમુદાયથી વીંટાયેલા, મહા મોંઘા વસ્ત્ર ભૂષણોથી ભૂષિત, એવા શ્રીહરિને જોઈ, અત્યંત શાંતિ પામ્યા. (૧૯) પછી સર્વજ્ઞ શ્રીહરિએ પ્રભાતગિરીનાં હૃદના સંકલ્પો જાણીને, લોકોના સમુદાયથી છેટે ઊભેલા તે પ્રભાતગિરીને પોતાની સમીપે બોલાવ્યા. (૨૦)

તેથી સભામાં બેઠેલા તે ભક્તોએ તેને માર્ગ આપ્યો. એટલે પ્રભાતગિરી ધીમે ધીમે ચાલતા તેમની પાસે જઈ શ્રીહરિને નમસ્કાર કરી તેમની આગળ બેઠા. (૨૧) પછી શ્રીહરિએ સુધાથી પણ ઉત્તમ વાણીથી તેને સમાચાર પૂછી તેણે મુમુક્ષુ જાણી અત્યંત આનંદ પમાડ્યો. (૨૨)

હે યોગિ ! હાલમાં અત્યંત ઠંડી છે, માટે તમો આ રજાઈ લ્યો. આ પ્રમાણે તેને કહીને શ્રીહરિએ પોતે ઓઢેલી રજાઈ તેને આપી. (૨૩) ત્યાર પછી સર્વજ્ઞ શ્રીહરિએ પ્રતાપગિરીના હૃદયના સમગ્ર સંકલ્પો અંતર્યામીપણે સભાજનોને વિસ્મય પમાડતા કહ્યા. (૨૪)

તેવી રીતે શ્રીહરિએ તેના સમગ્ર ગુપ્ત કર્મો પણ કહ્યાં. તેથી પ્રસન્ન થયેલા પ્રભાતગિરી હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૫) હે હરે ! તમારા દર્શન કરવા માટે માર્ગમાં આવતાં મેં જે જે સંકલ્પો કર્યા હતા તે મારા સંકલ્પો આપે પૂર્ણ કર્યા. (૨૬)

તેથી આપ ભગવાન છો. મને આપનો દાસ જાણો, હું આપની આજ્ઞામાં રહીને નિત્ય આપનું ભજન કરીશ. (૨૭) આવી રીતે પ્રભાતગિરિએ કહ્યું, એટલે શ્રીહરિએ પ્રભાતગિરીને કહ્યું, હે યોગિન્ ! તમો જો મારા દાસ છો તો તમારી આ ભયંકર જટા તેમજ તમારો આ સમગ્ર વેશ તેનો ત્યાગ કરો. (૨૮)

શ્રીહરિનું આ વચન સાંભળી પ્રતાપગિરીએ 'બહુ સારું' એમ કહી, પોતાના પહેલાના વેશનો (જટાદિ ધારણરૂપ) ત્યાગ કર્યો. તેમજ પોતાની જટાનું પણ મુંડન કરાવ્યું. (૨૯)

પછી પ્રભાતગિરીએ અને તેમના શિષ્યોએ સ્વામિનારાયણ શ્રીહરિનો અનન્ય, દૃઢ અને સંસૃતિમાંથી મુક્તિ પમાડનારો આશ્રય કર્યો. (૩૦)

ગુજરાત દેશમાં રહેતા લોકો આ વાત સાંભળી અત્યંત આશ્ચર્ય પામ્યા અને પરસ્પર કહેવા લાગ્યા. (૩૧) આ આશ્ચર્ય છે કે, બુદ્ધિમાન અને સિદ્ધ એવા અને રાજા વગેરેએ માનેલા અતીતના અગ્રેસર પ્રભાતગિરી, સ્વામિનારાયણના આશ્રિત થયા. (૩૨)

એ જ આ સ્વામિનારાયણનો અત્યંત મોટો ચમત્કાર છે. આવી રીતે આ દેશમાં મોટો ઉદ્‌ઘોષ થયો. (૩૩) ત્યાર પછી (જટા મુંડાવ્યા પછી) પ્રભાતગિરીએ તે સમર્થ સ્વામિનારાયણની સમગ્ર ઉપચારોથી પૂજા કરી, પછી તેમને નમસ્કાર કરી, તેમની આજ્ઞાથી પોતાના શિષ્યો સહિત પોતાના ગામમાં ગયા. (૩૪)

પછી પ્રીતિથી દૃઢતા પૂર્વક હંમેશા ધર્મનું પાલન કરતા પ્રભાતગિરી પોતાના શિષ્યો સહિત પ્રત્યક્ષ સ્વામિનારાયણ શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. (૩૫) પ્રારબ્ધ કર્મના અંતે પ્રભાતગિરીનો મૃત્યુકાળ સમીપે આવ્યો, તે સમયે દિવ્ય વિમાનમાં બિરાજી કરોડ સૂર્ય જેવા તેજસ્વી શ્રીહરિ; (૩૬)

દિવ્ય વિમાનમાં બેઠેલા પોતાના પાર્ષદો સહિત, પોતાના ભક્ત પ્રભાતગિરીને લેવા માટે પધાર્યા. (૩૭) શ્રીહરિએ પ્રભાતગિરીને પ્રીતિ પૂર્વક પોતાની પ્રસાદીભૂત પુષ્પના હાર તથા તોરાઓ આપ્યા. પછી પ્રભાતગિરીએ પોતાના દેહનો ત્યાગ કર્યો. (૩૮)

ત્યાર પછી શ્રીહરિ દિવ્યાકૃતિવાળા પ્રભાતગિરીને દિવ્ય વિમાનમાં બેસાડીને પોતાના સર્વોપરી દિવ્ય બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૩૯) પછી લોકો તેમના શરીરમાં ઘણી સુગંધીવાળા શ્રીહરિની પ્રસાદીના હાર તથા કલગી જોઈ આશ્ચર્ય પામ્યા. (૪૦)

હે રાજન્ ! સર્વ અવતારના કારણ શ્રીહરિનું આ દિવ્ય, અનુપમ, અત્યંત આશ્ચર્ય જનક, તાપનું શમન કરનારું શ્રવણ અને કીર્તન જેમનું છે એવું ઐશ્વર્ય, મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૪૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં પોતાના ભક્ત પ્રભાતગિરીનું સ્વધામ પ્રયાણરૂપ શ્રીહરિ ઐશ્વર્ય નિરૂપણ નામે સાઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૦)



અધ્યાય ૬૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! કાનમ દેશમાં કેલોદ ગામમાં બુદ્ધિમાન વલીભાઈ નામના શ્રીહરિના એકાંતિક ભક્ત રહેતા હતા. (૧) અજ્ઞાની અને મત્સર યુક્ત પોતાની જ્ઞાતિના જનોએ તેમને કશા અપરાધ વિના જ્ઞાતિથી બહાર કર્યા, પરંતુ તે વલીભક્ત ધીરજ રાખીને હંમેશા શ્રીહરિનું ભજન કરતા હતા. (૨)

પહેલાના દૈત્યોએ પ્રહ્‌લાદને જેમ અત્યંત દુઃખ દીધું હતું તેમ તે દુર્જનોએ તેમને અત્યંત દુઃખ આપ્યું. છતાં તે ભક્ત શ્રીહરિની ભક્તિ અને ધર્મથી ચલાયમાન ન થયા. (૩) એ પ્રમાણે અનન્ય ભાવથી દરરોજ શ્રીહરિનું ભજન કરતા તે ભક્તના પ્રારબ્ધનો અંત આવ્યો. તેમના દેહનો મૃત્યુ સમય નજીક આવ્યો. (૪)

તે સમયે દિવ્ય વિભૂષણ વિભૂષિત, દિવ્ય માણિક્ય વર્ણવાળી પોતાની સુંદર ઘોડી ઉપર

બિરાજેલા, દિવ્ય વિભૂષણો તથા અંબરોની કાંતિથી શોભતા; (૫) અન્ય દિવ્ય રથોમાં તથા વિમાનોમાં બેઠેલા, પોતાના બંધુજનો તેમજ પોતાના દિવ્ય પાર્ષદો સહિત; (૬)

તે ભક્તને લેવા માટે શ્રીહરિ પધાર્યા. તે ગામની સમીપે વિવિધ પ્રકારના લીલા ધાન્યોની સંપત્તિથી ભરેલું મોટું ખેતર શ્રીહરિએ જોયું. (૭) પછી શ્રીહરિએ પોતાના દિવ્ય પાર્ષદોની સાથે તે ખેતરમાં વિશ્રામ કર્યો. તે સમયે તે ખેતરનું રક્ષણ કરનાર આ દિવ્ય રથ વગેરે જોઈ; અત્યંત વિસ્મય પામ્યો. (૮)

તેથી તે ખેતરનો રક્ષક શ્રીહરિની સમીપે જઈ વિનય પૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યો. હે સ્વામિન્ ! આપના દર્શન આશ્ચર્ય જનક છે. તો એવા આપ કોણ છો ? (૯) શ્રીહરિને તેણે આ પ્રમાણે પૂછ્યું તેથી તે રખેવાળને શ્રીહિએ શુભવચન કહ્યું; હે ક્ષેત્રપાળ ! હું સ્વામિનારાયણ શ્રીહરિ છું એમ તમે જાણો. (૧૦)

દિવ્ય રથ ઉપર બેઠેલા આ મારા બંધુજનો વગેરે તેમજ દિવ્ય પાર્ષદો સહિત હું; (૧૧) આ ગામમાં રહેતા મારા આશ્રિત ભક્ત વલીભાઈને તેના દેહનો અંત સમય થયો છે તેથી લેવા માટે હું જાઉં છું. (૧૨)

પછી તે રખેવાળે આ સુંદર અને ઘણા બળદો તથા ઘોડાઓ જોઈ તેઓ ખેતરનો પાક ખાઈ જશે એવી શંકા થવાથી તેણે શ્રીહરિ પ્રત્યે કહ્યું. (૧૩) હે ભગવન્ ! હે દયાનિધે ! આ બળદો તથા ઘોડાઓ મારા ખેતરમાંથી લીલું ધાન્ય ખાય નહિ. (૧૪)

હે સ્વામિન્ ! મારી આટલી જ જીવિકા છે. તેથી તમોને હું પ્રાર્થના કરું છું. તેનું આવું વચન સાંભળીને શ્રીહરિએ તેને કહ્યું. (૧૫)

હે ક્ષેત્રપાળ ! તમે કાંઈ ચિંતા કરશો નહિ, આ ઘોડા અને બળદો તમારા ખેતરમાંથી કાંઈ પણ અનાજ નહિ ખાય; (૧૬)

તે રખેવાળને એ પ્રમાણે કહીને અશ્વ ઉપર બિરાજેલા ભક્તવત્સલ શ્રીહરિ અન્ય વાહનોમાં બેઠેલા પોતાના બંધુજનો વગેરે સહિત વલીભાઈની સમીપે પધાર્યા. (૧૭) તે સમીપે દિવ્ય અશ્વ ઉપર બિરાજેલા, કરોડ સૂર્ય સમાન કાંતિવાળા શ્રીહરિને જોઈ ત્યાંના ભક્તો તથા અન્યજનો અત્યંત વિસ્મય પામ્યા. (૧૮)

ત્યાંના ભક્તો તથા અન્ય જનોએ દિવ્ય રથમાં બેઠેલા શ્રીહરિના દિવ્ય બંધુજનો તેમજ દિવ્ય પાર્ષદોને જોયા. (૧૯) પછી ત્યાગ કર્યું છે શરીર જેમણે એવા અને દિવ્ય વિગ્રહધારી વલી ભક્તને સૂર્યસમાન તેજસ્વી દિવ્ય વિમાનમાં શ્રીહરિએ બેસાડ્યા. (૨૦)

પછી ભક્તાધીન તે શ્રીહરિ તે એકાંતિક ભક્તને, અન્યને દુર્લભ એવા પોતાના અતિશ્રેષ્ઠ

અક્ષરધામમાં લઈ ગયા. (૨૧) પશ્ચિમ પંચાલ દેશમાં ગોલીડા ગામમાં શ્રીહરિના એકાંતિક ભક્ત વિપ્ર રાણા રાજગર રહેતા હતા. (૨૨)

શ્રીહરિએ તે ભક્તના મૃત્યુ પહેલા પોતાના તે એકાંતિક ભક્તને અતિપ્રેમપૂર્વક પોતાના સંબંધીઓ તથા ત્યાંના અન્ય ભક્તોને અત્યંત વિસ્મય પમાડતા બોલ્યા. (૨૪)

આજથી છટ્ઠે દિવસે મારું મૃત્યુ થશે ત્યારે ભક્તવત્સલ શ્રીહરિ મને તેડવા માટે પધારશે. (૨૫) તેથી પરમાત્મા પરંદિવ્ય બ્રહ્મપુર ધામમાં જવા માટે જેમને ઈચ્છા હોય તે સર્વ તૈયાર થાઓ. (૨૬)

હું તે સર્વને શ્રીહરિના પરંદિવ્ય, અદ્‌ભુત બ્રહ્મધામમાં લઈ જઈશ માટે તમો મારી સાથે જરૂર આવો. (૨૭) એ પ્રમાણે રાણા ભક્તનું વચન સાંભળીને સર્વ આશ્ચર્ય ચકિત થઈ ગયા. પરંતુ તેઓમાંથી કોઈએ પણ "તમારી સાથે આવીશું." એમ રાણા ભક્તને કહ્યું નહિ. (૨૮)

હે રાજન્ ! પછી રાણાનું માહાત્મ્ય જાણનારા, ભગવાન બે ભક્ત રાણાની માતા અને પુત્ર તેમણે હર્ષપૂર્વક રાણા ભક્તને કહ્યું; (૨૯) તમારી સાથે અમે બંને શ્રીહરિના પરં ધામમાં આવીશું. એ પ્રમાણે તે માતા અને પુત્રે શ્રીહરિના એકાંતિક ભક્ત રાણાના કહ્યું. (૩૦)

પછી તેનો મૃત્યુ સમય નજીક આવ્યો ત્યારે દયાનિધિ પ્રત્યક્ષ શ્રીહરિ દિવ્ય શિબિકામાં બિરાજીને; (૩૧) અન્ય દિવ્ય રથમાં બેઠેલા ધર્મ વગેરે તેમજ દિવ્ય વિમાનમાં બેઠેલા અક્ષર મુક્તો સહિત; (૩૨)

પોતાને અત્યંત પ્રિય એવા તે એકાંતિક ભક્તને લેવા માટે પધાર્યા પછી રાણા ભક્તે ધર્મે સહિત તે શ્રીહરિના દર્શન કરી હર્ષપૂર્વક શ્રીહરિને નમસ્કાર કર્યા, (૩૩)

પછી ઉત્સાહવાળા તે ભક્તે પોતાની માતા તથા પોતાના પુત્રને કહ્યું; અહો ! હે માતા ! હે પુત્ર ! મને લેવા માટે શ્રીહરિ પધાર્યા છે. (૩૪)

તેથી તમો બંને શ્રીહરિના ધામમાં જવા માટે તત્કાળ તૈયાર થાવ. એમ કહીને તે ભક્તે પોતાના દેહનો ત્યાગ કર્યો અને તત્કાળ દિવ્ય શરીર ધારણ કર્યું. (૩૫) ત્યારબાદ શ્રીહરિએ તેને હર્ષપૂર્વક દિવ્ય વિમાનમાં બેસાડ્યો. પછી તે ભક્તે હાથ જોડીને ભત્કવત્સલ શ્રીહરિને કહ્યું; (૩૬)

હે પ્રભો ! હે કરુણા નિધે ! મારી સાથે આપના ધામમાં આવવા માટે મારી માતા તથા પુત્રની ઈચ્છા છે. (૩૭)

"તમો બંનેને મારી સાથે હું બ્રહ્મપુર ધામમાં લઈ જઈશ." એ પ્રકારે હે હે હરે ! આપના દાસ એવા મેં એ બંનેને પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું છે. (૩૮)

તેથી હે સ્વામિન્ ! હાલમાં મારી માતા તથા મારા પુત્રને આપના દિવ્ય અક્ષરધામમાં મારી સાથે આપ લઈ જાઓ. (૩૯) ભક્તાધીન, વ્યાપક, અચ્યુત શ્રીહરિએ આ પ્રમાણે તે ભક્તની પ્રાર્થના સાંભળ્યા પછી તેની માતા તથા પુત્રને તે ભક્તની સાથે લઈ જવા માટે સંકલ્પ કર્યો. (૪૦)

તેટલામાં તે ભક્તના માતા તથા પુત્રે પોતાના શરીરનો ત્યાગ કર્યો. ભાગવતી (દિવ્ય) તનુ પામ્યા. ત્યારપછી શ્રીહરિએ તે ભક્તના માતા તથા પુત્રને દિવ્ય વિમાનમાં બેસાડ્યા; (૪૧) શ્રીહરિ રાણા ભક્તની માતા તથા પુત્રને પોતાના પરં બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૪૨)

આ પ્રકારે એકાંતિક ભક્તવર્ય પોતના પુત્રને તથા માતાને સાથે લઈને શ્રીહરિના દિવ્ય, અને મનોહર બ્રહ્મધામમાં લઈ ગયા. (૪૩) હે રાજન્ ! શ્રીહરિનું એ પરં દિવ્ય, અનુપમ, પવિત્ર, ઐશ્વર્ય જોઈ ત્યાંના જનો તો આશ્ચર્ય ચકિત થઈ ગયા. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં વલી વગેરે ભક્તોને શ્રીહરિ પોતાના સ્વધામ લઈ ગયા તે શ્રીહરિના ઐશ્વર્ય નિરૂપણ નામે એકસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૧)



અધ્યાય ૬૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! વડોદરામાં શ્રીહરિના વૈશ્ય ભક્ત ભગવાનદાસ રહેતા હતા. તેમને દલપત નામનો પુત્ર હતો. (૧) શ્રીહરિની દયાથી દલપત સમાધિ સ્થિતિ પામ્યો હતો. તેથી નિરાવરણ થઈ શ્રીહરિના અક્ષરાદિ ધામોમાં તે જતો હતો. (૨)

ત્યારબાદ તે ભક્તવર્ય દલપતનું મૃત્યુ આવ્યું એટલે તાવની તેને તીવ્ર પીડા થઈ. (૩) તે સમયે સ્વયં શ્રીહરિએ તેને પોતાના કલ્યાણકારી દર્શન આપ્યાં અને પોતાના એકાંતિક ભક્ત દલપતને હર્ષપૂર્વક કહ્યું. (૪)

હે ધીમન્ ! હે ભક્તરાજ ! તારા આયુષ્યનો અવધિ આવ્યો છે. તેથી તું મારા અદ્‌ભુત દિવ્ય ધામમાં આવ. (૫) હે ભક્ત ! તારા પિતાને તેમજ અન્ય કોઈને તારે આ કહેવું નહિ; એ પ્રકારે તેને કહીને સમર્થ શ્રીહરિ ત્યાંથી અંતર્હિત થઈ ગયા. (૬)

ત્યાર પછી તેના પિતા ભગવાનદાસે પોતાના પુત્રને આ પ્રમાણે કહ્યું; હે પુત્ર ! હાલમાં તારા દેહમાં ઘણો રોગ વ્યાપ્યો છે. (૭) હે ધીમન્ ! તેથી પૂર્વની માફક શાંતિ આપનારી સમાધિ

અવસ્થામાં તું જા. સમાધિ કરવાથી આ રોગની તારી સર્વ પીડા તત્કાળ શાંત થશે. (૮)

એ પ્રકારે પોતાના પિતાનું વચન સાંભળી તે દલપતે તત્કાળ સમાધિ કરી; શ્રીહરિની આજ્ઞાનું સ્મરણ કરતા યોગીની માફક પોતાના શરીરનો ત્યાગ કર્યો. (૯) તે સમયે દિવ્ય વિમાનમાં બિરાજેલા અને અન્ય દિવ્ય વિમાનોમાં બેઠેલા; દિવ્ય પ્રકાશના સમૂહથી વીંટાયેલા, બ્રહ્માનંદ વગેરે સાધુઓ સહિત; (૧૦)

અન્ય દિવ્ય વિમાનોમાં બેઠેલા મુકુંદાનંદ વગેરે બ્રહ્મચારીઓ તથા સોમ વગેરે પાર્ષદો સહિત; શ્રીહરિ તેને લેવા માટે ત્યાં પધાર્યા. (૧૧) પછી શ્રીહરિ દિવ્ય શરીરવાળા દલપતને અદ્‌ભુત દિવ્ય વિમાનમાં બેસાડીને, તેને પોતાના બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૧૨)

તેના વિયોગથી દુ:ખી થયેલા તેના પિતા ભગવાનદાસ દલપતના સદ્‌ગુણો સંભારતા ચિત્રકેતુ રાજાની માફક પુત્રમાં આસક્તિવાળા હોવાથી, અત્યંત વિલાપ કરવા લાગ્યા. (૧૩) હા ! હા ! તમે સમાધિ કરો, આવી રીતે મેં જે તમને કહ્યું હતું તે તો રોગની શાંતિ થાય તે માટે કહ્યું હતું પરંતુ દેહનો ત્યાગ કરવા માટે કહ્યું ન હતું. (૧૪) હે પુત્ર ! તારે સેવા કરવા યોગ્ય વૃદ્ધ અને હંમેશા તારે વિષે પ્રીતિવાળા એવા મારો ત્યાગ કરીને હાલમાં તું ક્યાં ગયો છું ? મારું મૃત્યુ કેમ ન થયું ? (૧૫) આ પ્રકારે ભગવાનદાસનો વિલાપ સાંભળીને શ્રીહરિને આશરેલા આ ભગવાનદાસના બંધુઓ રુદન કરતા કરતા પુત્રનો શોક કરતા, આ દુ:ખી ભગવાનદાસને શાંતિ પમાડતા હતા. (૧૬) ત્યારબાદ દલપતના પિતાએ સમાધિવાળા કિશોરદાસ જે પોતાના બંધુ લક્ષ્મીદાસનો પુત્ર હતો તેને આ પ્રમાણે વચન કહ્યું; (૧૭) હે લક્ષ્મીદાસ ! તમે સમાધિ કરીને ભગવાનના ધામમાં જઈને મારા પુત્રને જુઓ. જે વૃત્તાંત ફક્ત હું અને તે બે જ જાણતા હતા તે તમો ત્યાં જઈને તેની પાસેથી જાણીને મને કહો. (૧૮) પછી મારો આ પુત્ર બીજા ધામમાં ગયો. અથવા અક્ષરધામમાં ગયો, એ પ્રકારના મારા સંશયની નિવૃત્તિ મને થશે. (૧૯) હે ભૂપતે ! પોતાના કાકાનું આ વચન સાંભળ્યા પછી તે લક્ષ્મીદાસ સમાધિ કરીને, પરમાત્મા ધર્મપુત્ર શ્રીહરિના જુદા જુદા દિવ્ય ધામોમાં ગયા. (૨૦)

સમાધિવાળા લક્ષ્મીદાસે દલપતને તે ધામોમાં જોયો નહિ. તેથી શ્રીહરિના શ્રેષ્ઠ, દિવ્ય, બ્રહ્મપુર ધામમાં તે ગયો. (૨૧) તે લક્ષ્મીદાસે મહા તેજોમય આ અક્ષરધામમાં સુંદર દિવ્ય મંદિર જોયું. તે મંદિરમાં રમણીય, દિવ્ય, મોટું સિંહાસન જોયું. (૨૨)

પછી લક્ષ્મીદાસે તે સિંહાસનમાં બિરાજેલા દિવ્યવિગ્રહવાળા આનંદનિધિ કરોડ કામદેવના ગર્વને હરનારા શ્રીહરિને જોયા. (૨૩) લક્ષ્મીદાસે કરોડો સૂર્યના જેવા તેજસ્વી અક્ષરનામના મુક્તો તથા તે પ્રકારના ભક્ત પોતાના કાકાના પુત્ર દલપતને પણ જોયો. (૨૪)

પછી તે દલપત લક્ષ્મીદાસને જોઈને બોલ્યો; હે બુદ્ધિમાન્ ! તમે ભગવાનના દર્શન કરવા માટે અથવા કોઈ કામ માટે અહીં આવ્યા છો ? (૨૫) તે દલપતે પ્રીતિપૂર્વક પૂછ્યું તેથી સમાધિવાળા, બુદ્ધિશાળી, તે લક્ષ્મીદાસ શ્રીહરિના દર્શનથી હર્ષપુલકિત થઈ તે દલપતને કહેવા લાગ્યા. (૨૬)

હે દલપત ! હું તો તારા પિતાએ તારું વૃત્તાંત જાણવાની ઈચ્છાથી મને કહ્યું, તેથી હું તને જોવા માટે આવ્યો છું. (૨૭) લક્ષ્મીદાસનું આવું વચન સાંભળીને દલપત ઉત્સાહપૂર્વક લક્ષ્મીદાસને કહેવા લાગ્યો, હે લક્ષ્મીદાસ ! હું અહીં રહીને અવતારી શ્રીહરિના દર્શન કરું છું. (૨૮)

ક્ષર અને અક્ષર થકી પર, પ્રત્યક્ષ, આ પુરુષોત્તમને પામીને, અનુપમ, મહાનંદ હું પામ્યો છું એમ તું જાણ. (૨૯) મારા પિતા મારું આ વૃત્તાંત સત્ય માને તે માટે હું તથા મારા પિતા જ ફક્ત જે વાત જાણીએ છીએ તે તું મારા પિતાને કહે જે. (૩૦) એમ કહીને તે દલપતે લક્ષ્મીદાસને તેના તથા તેના પિતા વચ્ચેની ગુપ્ત વાત પોતાના પિતાને વિશ્વાસ આવે તે માટે કહી. (૩૧) ત્યારબાદ તારે મારા પિતાને આ વાત કહેવી. આવી રીતે દલપતે લક્ષ્મીદાસને કહ્યું, વળી હું આ દિવ્ય અને પરમસુખ ભોગવું છું તે પણ કહેવું. (૩૨) તેથી પ્રસન્ન થયેલા તે લક્ષ્મીદાસ અક્ષરધામાધિપતિ શ્રીહરિને તથા અક્ષરમુક્તોને નમસ્કાર કરી, તે ધામમાંથી પાછો આવ્યો અને સમાધિમાંથી જાગ્રત થયો. (૩૩) પછી લક્ષ્મીદાસે ઉત્સાહપૂર્વક ભગવાનદાસ પ્રત્યે આ પ્રમાણે કહ્યું; હે કાકા ! મેં તેજોમય અક્ષરધામમાં તમારા પુત્રને જોયો. (૩૪)

દિવ્યાકૃતિ તમારો પુત્ર દલપત તો ધર્મપુત્ર શ્રીહરિના દર્શન કરતો મહાસુખ પામ્યો છે. તેથી તમારે તેની ચિંતા કરવી નહીં. (૩૫) લક્ષ્મીદાસે આ પ્રમાણે કહીને પછી દલપતે કહેલી ગુપ્તવાર્તા પણ ભગવાનદાસને કહી. ભગવાનદાસે આ વાત સાંભળીને પોતાનો પુત્ર સુખી છે એમ જાણ્યું. (૩૬) તો પણ તે પુત્રના વિયોગથી દુઃખી ભગવાનદાસ પોતાના પુત્રને તેમજ તેના સદ્‌ગુણોને સંભારતા અને રુદન કરતા આ પ્રકારે ચિંતવન કરવા લાગ્યા. (૩૭) અહો ! મારી નિરંતર પ્રીતિથી સેવા કરતો, મારો પુત્ર શ્રીહરિના ધામમાં ગયો. હવે આ ઘરમાં હું એકલો જ રહ્યો. (૩૮)

ભગવાનદાસ આ પ્રમાણે ચિંતવન કરતા કરતા રાત્રિએ ક્ષણવાર પણ નિદ્રા લેતા નહિ. આ પ્રકારે ભગવાનદાસ પોતાના પુત્રના વિરહથી થયેલા પરિતાપથી તે રાત્રિએ મરણ પામ્યા. (૩૯) તે સમે દિવ્ય વિમાનોમાં બેઠેલા દિવ્ય પાર્ષદો સાથે, દિવ્ય વિમાનમાં બિરાજેલા શ્રીહરિ તે ભક્ત ભગવાનદાસને તેડવા માટે પધાર્યા. (૪૦)

પછી ત્યાગ કર્યું છે શરીર જેમણે એવા અને શુદ્ધ ભાગવતી તનુ પામેલા પોતાના સ્વાશ્રિત તે ભગવાનદાસને શ્રીહરિએ દિવ્ય વિમાનમાં બેસાડ્યા. (૪૧) હે રાજન્ ! ભક્તને વિષે અત્યંત વાત્સલ્ય ભાવવાળા, શ્રીહરિ, પોતાના ભક્ત ભગવાનદાસને પોતાના દિવ્ય, પરમ, બ્રહ્મપુર ધામમાં

લઈ ગયા. (૪૨)

તે ધામમાં રહેતા અને અક્ષરમુક્તો તથા ભગવાનદાસના પુત્ર જેમની સેવા કરી રહ્યા છે એવા શ્રીહરિએ, પોતાના દર્શન તે ભગવાનદાસને આપ્યા. (૪૩) સવારે ભગવાનદાસને ઘેર આવેલા શ્રીહરિના ભક્તો અને ભગવાનદાસના સંબંધિજનો, ભગવાનદાસ મૃત્યુ પામ્યા છે તે જાણી અત્યંત રુદન કરવા લાગ્યા. (૪૪)

શ્રીહરિએ અંતર્યામી પણે પોતાના આશ્રિતોને અત્યંત દુ:ખી થયેલા જાણી પોતાની સમીપે રહેલા તે ભગવાનદાસને કહ્યું; (૪૫) હે ભક્ત ! તમારા વિના તમારા સર્વ સંબંધિજનો અત્યંત રુદન કરે છે. તેથી તમો તત્કાળ તમારા ઘેર જાઓ. (૪૬)

તમો તમારા દેહમાં પ્રવેશ કરો. મારું તમો અખંડ ભજન કરો છો માટે મારી આજ્ઞાથી તમો તમારે ઘેર સંબંધિઓનો શોક નિવારણ કરવા માટે રહો. (૪૭) આ પ્રકારે શ્રીહરિએ આજ્ઞા કરી તે મસ્તક ઉપર ચડાવીને ભગવાનદાસે શ્રીહરિને નમસ્કાર કર્યા અને પોતાને ઘેર આવી પોતાના શરીરમાં પ્રવેશ કર્યો. તે વખતે તેનું શરીર ઊભું થયું. (૪૮)

તેથી વિસ્મય પામેલા તેના સર્વ સંબંધિઓને ભગવાનદાસ પોતાનું સર્વ વૃત્તાંત કહેવા લાગ્યા. (૪૯) તે ભગવાનદાસે આનંદપૂર્વક શ્રીહરિના બ્રહ્મપુર ધામની શ્રેષ્ઠ શોભા તથા પોતાના પુત્રનું સુખ સંબંધીઓને કહ્યું. (૫૦)

પુરનાજનોએ શ્રીહરિનું અતિમહાન દિવ્ય, અનુપમ, ઐશ્વર્ય જોઈ, દયાળુ ધર્મપુત્રને પ્રત્યક્ષ ભગવાન અને નિયંતા જાણી તેમનો આશ્રય કર્યો. (૫૧) આ સર્વોપરી ધર્મપુત્ર શ્રીહરિનું દિવ્ય ઐશ્વર્ય જેનું ગાન પાપ અને દુ:ખ હરનારું છે તે અત્યંત કલ્યાણકારી ઐશ્વર્ય મેં તમોને સંક્ષિપ્તથી કહ્યું. (૫૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં દલપત ભક્તને પોતાના સ્વધામમાં શ્રીહરિ લઈ ગયા. તે શ્રીહરિ ઐશ્વર્ય નિરૂપણ નામે બાસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૨)



અધ્યાય ૬૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ધર્મપુત્ર શ્રીહરિના બુદ્ધિમાન વણિક ભક્ત રણછોડ ગુજરાતમાં વસો ગામમાં રહેતા હતા. (૧) તે વણિક ભક્ત રણછોડના પ્રારબ્ધ કર્મનો અંત આવ્યો

એટલે તેનું મૃત્યુ સમીપે આવ્યું. આ રણછોડ ભક્તને રોગની પીડા થવા લાગી, છતાં પણ તે શ્રીહરિને અખંડ સંભારતો હતો. (૨)

તે સમયે ગઢપુરમાં નિવાસ કરતા તે શ્રીહરિએ રણછોડ ભક્તને દિવ્ય સ્વરૂપે પોતાનું સુખકર દર્શન આપ્યું. (૩) તે શ્રીહરિના દર્શન કરીને પ્રસન્ન થયેલા રણછોડ ભક્ત જેના નયનમાં હર્ષાશ્રુ ઉભરાતા હતા. તે શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા, તેથી શ્રીહરિએ પોતાના તે એકાંતિક ભક્તને આ પ્રમાણે કહ્યું; (૪)

હે ભક્તવર્ય ! આજથી પંદરમે દિવસે મધ્યાહ્ને તારું આ પંતભૂતના વિકારાત્મત દેહનું મૃત્યુ થશે. (૫) તે સમયે તને લેવા માટે હું આવીશ. તેથી તારે જે દાન વગેરે કાર્ય કરવું હોય તે તારે અવશ્ય કરી લેવું. (૬, ૭)

ભગવાન શ્રીહરિ તેને આ પ્રમાણે કહીને એકદમ અંતર્હિત થઈ ગયા, તે રણછોડ ભક્તે પોતાની સમીપે રહેલા સર્વને પ્રીતિપૂર્વક કહ્યું; હે બંધુઓ ! હે ભક્તો ! મારા આ દેહનું થોડા દિવસોમાં (પંદર દિવસમાં) મૃત્યુ થશે. (૮)

માટે વસ્ત્રો આભૂષણો વગેરે જે મારી આ વસ્તુ છે તે સર્વ હું આનંદપૂર્વક શ્રી લક્ષ્મીનારાયણને કૃષ્ણાર્પણ કરું છું. (૯) એ પ્રમાણે કહીને રણછોડ ભક્તે પોતાના તે ભૂષણ, વસ્ત્ર, પાત્ર, ધન વગેરે લક્ષ્મીનારાયણને શ્રીકૃષ્ણાર્પણ કરી દીધા. (૧૦)

તે વખતે સત્સંગથી વિમુખ અને ભક્તનું માહાત્મ્ય નહિ જાણનારા તેના સંબંધિજનો તે રણછોડભક્તને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૧) હે રણછોડ ! તારા આ દેહનું મૃત્યુ નહિ થાય. માટે તારી વસ્તુ શ્રી લક્ષ્મીનારાયણને તું કેમ અર્પણ કરે છે ? (૧૨)

તે લોકોએ આવું કહ્યું ત્યારે તે ભક્તે કહ્યું, કે મારું કહેલું વચન સત્ય જ થશે એમ તમો બધા નિઃસંશય બની જાઓ. (૧૩) રણછોડ ભક્તને આ પ્રમાણે કહ્યું છતાં પણ રણછોડ ભક્તના વચનમાં તેમને સંશય થયો. અને મૃત્યુ કેવી રીતે થાય ? એમ પરસ્પર તેઓ બોલવા લાગ્યા. (૧૪)

પછી હે રાજન્ ! પંદરમે દિવસે ભક્તરાજ રણછોડ જેમણે તમામ વાસનાનો ત્યાગ કર્યો હતો. અને જે શ્રીહરિ વિના બીજું કાંઈપણ સંભારતા ન હતા. (૧૫) તે રણછોડ ભક્ત ગાયના છાણથી લીંપેલી પૃથ્વી ઉપર બેસીને, શ્રીહરિનું વચન હૃદયમાં સંભારતા, એકાગ્ર મનથી શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. (૧૬)

પછી મધ્યાહ્ને ઉત્તમ દિવ્ય રથમાં બિરાજેલા શ્રીહરિ, અન્ય દિવ્ય રથમાં બેઠેલા ધર્મદેવ વગેરે સહિત; (૧૭) તેમજ બીજા દિવ્ય ગાડાં વગેરે વાહનોમાં બેઠેલા મુનિઓ તેમજ દિવ્ય અશ્વો

ઉપર બેઠેલા ઉત્તમ રાજા વગેરે સહિત, (૧૮)

દિવ્ય અશ્વો ઉપર બેઠેલા દિવ્ય સોમ, સુરા વગેરે પાર્ષદો સહિત, પોતાને વિષે આસક્ત ચિત્તવાળા, પોતાના ભક્ત રણછોડને લેવા માટે ત્યાં પધાર્યા. (૧૯) તે સમયે ત્યાં રહેતા તેમજ તેના પાડોશીજનો સર્વ સુવર્ણમય દિવ્ય રથમાં બિરાજેલા શ્રીહરિને જોવા લાગ્યા. (૨૦)

તેમજ તે જનોએ દિવ્ય રથ ઉપર બેઠેલા ધર્માદિને પણ જોયા. અન્ય દિવ્ય વાહનો ઉપર બેઠેલા દિવ્ય મુનિઓ તથા દિવ્ય ઘોડેસવારોને પણ તેમણે જોયા. (૨૧) તેથી તે જનો આશ્ચર્ય પામ્યા. અને મનેહર ઘોડેસવારો વગેરેને જોઈ પૂછવા લાગ્યા કે, સૂર્યસમાન કાંતિવાળા તમો સર્વ ક્યાં જાવ છો ? (૨૨)

પછી ઘોડેસવારો વગેરે તેમના પ્રત્યે કહેવા લાગ્યા. અમો સર્વ ધર્મપુત્ર શ્રીહરિના એકાંતિક ભક્ત રણછોડને લેવા માટે જઈએ છીએ. (૨૩) તેમનું આવું વચન સાંભળીને તે સર્વ અત્યંત વિસ્મય પામ્યા. પછી જેમણે શરીરનો ત્યાગ કર્યો છે એવા તે રણછોડ ભક્તે તત્કાળ દિવ્ય દેહ ધારણ કર્યો. (૨૪)

પછી શ્રીહરિ પોતાના આશ્રિત ભક્તને દિવ્ય રથમાં બેસાડીને પોતાના દિવ્ય, સર્વોપરી, બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૨૫) ત્યાંના ભક્તજનો તેમજ અન્યજનો શ્રીહરિનું આ દિવ્ય ઐશ્વર્ય જોઈ, અત્યંત વિસ્મય પામ્યા. (૨૬)

હે નૃપેન્દ્ર ! સમગ્ર ભક્તોના સ્વામી ધર્મપુત્ર શ્રીહરિના કલ્યાણકારી દિવ્ય અને અનુપમ તેમજ સર્વ તાપનુ શમન કરનારું છે શ્રવણ જેનું એવું આ ઐશ્વર્ય મેં તમોને આ પ્રમાણે સંક્ષિપ્તથી મારી બુદ્ધિ પ્રમાણે કહ્યું. (૨૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં રણછોડ ભક્તને શ્રીહરિ પોતાના ધામમાં લઈ ગયા તે શ્રીહરિના ઐશ્વર્યનું વર્ણન નામે ત્રેસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૩)



અધ્યાય ૬૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! કાનમ દેશમાં ડભોઈ પુરમાં બુદ્ધિમાન બ્રાહ્મણ ભક્ત પંડિતરામ રહેતા હતા. (૧) તે પુરમાંજ રહેતા પંડિતરામના મિત્ર વણિક રઘુનાથ ધનિક હતા. તે વલ્લભમતના હતા. તેને પંડિતરામ વિશે અત્યંત સ્નેહ હતો. (૨)

તે પંડિતરામ બ્રાહ્મણે પોતાના મિત્રને એક વખત હર્ષપૂર્વક કહ્યું; હે મિત્ર ! તમો પ્રત્યક્ષ સ્વામિનારાયણ શ્રીહરિનો આશ્રય કરો. (૩) પોતાના ધર્મનું પાલન કરી સત્પુરુષોનો સંગ કરો. અનન્ય ભાવથી પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિનું તમો ભજન કરો. (૪)

હે મિત્ર ! તમો જ્યારે તમારા ધર્મમાં રહી શ્રીહરિનું ભજન કરશો ત્યારે જ સમર્થ શ્રીસ્વામિનારાયણ તમોને અંતકાળે લેવા માટે આવશે. (૫) વિષયોમાં આસક્ત ચિત્તવાળા રઘુનાથ વણિક પંડિતરામનું ઉપરોક્ત વચન સાંભળીને તે ભક્તોત્તમ પંડિતરામ વિપ્રને કટાક્ષપૂર્વક કહેવા લાગ્યો. (૬)

હે સખે ! સ્વામિનારાયણ શ્રીહરિ અંત સમયે તમોને લેવા માટે શ્રેષ્ઠ વિમાન લઈ જ્યારે આવશે. (૭) હે સન્મતે ! તે સમયે હું તમારા વિમાનનો દાંડો પકડીને તમારી સાથે શ્રીહરિના પરમધામમાં આવીશ. (૮)

દુષ્ટમતિવાળા તે રઘુનાથની આ શઠવાણી સાંભળી પંડિતરામ તેને કહેવા લાગ્યા. (૯) હે સખે ! તમો તમારી આશઠતા તેમજ નાસ્તિકપણાનો ત્યાગ કરીને પ્રત્યક્ષ સર્વોપરી સ્વામિનારાયણ શ્રીહરિનો આશ્રય કરો. (૧૦)

પુરુષોત્તમ સ્વામિનારાયણ સર્વ અવતારોના કારણ છે. પોતાના સમગ્ર ભક્તોને અંત સમયે તેડવા માટે પોતે પધારે છે. (૧૧) માટે દયાનિધિ શ્રીહરિનો આશ્રય કરવાથી સાધનોથી પણ દુર્લભ એવું આત્યંતિક કલ્યાણ થશે. (૧૨)

રઘુનાથના હિતેચ્છુ પંડિતરામે આ પ્રમાણે રઘુનાથને ઘણો ઉપદેશ આપ્યો. છતાં રઘુનાથે પોતાના વલ્લભમતના આગ્રહથી તેનું વચન માન્યું નહિ. મૂર્ખ તો માને જ ક્યાંથી ? ત્યારબાદ પંડિતરામ ફરીથી તે વણિકને કહેવા લાગ્યા. શ્રીહરિ જ્યારે અંતકાળે મને તેડવા માટે પધારશે. (૧૪)

ત્યારે હું દિવ્ય વિમાનમાં બિરાજેલા સ્વામિનારાયણ શ્રીહરિ તને બતાવીશ. નાસ્તિક શિરોમણિ તું તે વખતે માનીશ ? નહીં જ માને. (૧૫) એ પ્રકારે તેણે કહ્યું, પછી પંડિતરામનો તે મિત્ર વણિક રઘુનાથ પંડિતરામને કહેવા લાગ્યો, તમે કહ્યું તે પ્રમાણે જોઈને તે પ્રત્યક્ષ શ્રીહરિનો હું આશ્રય કરીશ. (૧૬)

પંડિતરામના અંત સમયે તેના દેહમાં રોગ થયો. તેથી પંડિતરામે મધ્યરાત્રીએ પોતાના પંચ ભૌતિક, દેહનો ત્યાગ કર્યો. (૧૭) તે સમયે દિવ્ય સુવર્ણમય, મણિજડિત કાંતિવાળા, શ્રેષ્ઠ વિમાનમાં બિરાજેલા, દિવ્ય ભૂષણો તથા વસ્ત્રોથી અલંકૃત, કલ્યાણકારી શ્રીહરિ; (૧૮)

અન્ય દિવ્ય વિમાનોમાં મુનીંદ્ર મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ મુનીંદ્ર; (૧૯) તેમજ દિવ્ય વિમાનમાં બેઠેલા મુનીંદ્ર નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ વગેરે સંતો સહિત; (૨૦)

પોતાના એકાંતિક ભક્ત પંડિતરામને તેડવા માટે પધાર્યા ત્યારે તે પુરમાં અત્યંત પ્રકાશ થયો. (૨૧) કૃષ્ણપક્ષની રાત્રીએ તે પ્રકાશ જોઈ પુરના સર્વલોકો વિસ્મય પામ્યા. તે કૃષ્ણપક્ષની રાત્રીએ પણ જાણે દિવસ હોય તેવો તેમને સર્વને અત્યંત ભ્રમ થયો. (૨૨)

પંડિતરામના સર્વ સંબંધિજનો તે તેજોમય દિવ્ય વિમાનો જોતા હતા. (૨૩) તે સંબંધિજનો, કોટિ સૂર્યના સમાન કાંતિવાળા તે દિવ્ય વિમાનમાં બિરાજેલા શ્રીહરિના દર્શન કરીને, આશ્ચર્યવત્ બની અત્યંત શાંતિ પામ્યા. (૨૪)

વળી તે જનો દિવ્ય વિમાનમાં બેઠેલા, કરોડો સૂર્યના સમાન તેજસ્વી મુક્તાનંદ વગેરે સાધુઓને પણ જોતા હતા. (૨૫) પછી તેજના સમૂહમાં બિરાજેલા ભક્તવત્સલ શ્રીહરિએ દિવ્યાકૃતિ ધારણ કરેલા તે ભક્તને દિવ્ય વિમાનમાં બેસાડ્યા. (૨૬)

પછી ભક્ત પંડિતરામે શ્રીહરિને કહ્યું, હે હરે ! ગોસ્વામી સંપ્રદાયના આશ્રિત પરંતુ નાસ્તિક અને ખળ એવો મારો વણિક મિત્ર આ પુરમાં રહે છે. (૨૭) હે સ્વામિન્ ! મેં તેને આપનો આશ્રય કરાવવા માટે ઉપદેશ આપ્યો છતાં પણ તે વણિકે તો મારું વચન માન્યું નહિ પરંતુ હે પ્રભો ! મને કહ્યું; (૨૮)

હે મિત્ર ! જ્યારે સ્વામિનારાયણ તમોને લેવા માટે આવશે ત્યારે તમે જે વિમાનમાં બેસશો તે વિમાનના દંડને પકડીને તમારી સાથે હું આવીશ. (૨૯) હે સ્વામિન્ ! તેથી મેં તેને પ્રતિજ્ઞાપૂર્વક આ પ્રમાણે કહ્યું છે. જ્યારે સ્વામિનારાયણ શ્રીહરિ મને લેવા માટે આવશે. (૩૦)

તે વખતે હું તને સ્વામિનારાયણના દર્શન કરાવીશ. તેથી તેને આપ આપના દર્શન આપો તેથી મંદહાસ્ય કરતા શ્રીહરિ તે પંડિતરામને કહેવા લાગ્યા. (૩૧) હે ભક્ત ! એમ હોય તો તારા તે વણિક મિત્રને તું તત્કાળ બોલાવ તેથી તે વિમાનમાં બેઠેલા પંડિતરામ પોતાના વણિક મિત્રને ઘેર જઈને તે વણિકને શ્રીહરિની સમીપે લાવ્યા. (૩૨)

પછી તે વણિક દિવ્ય વિમાનમાં બિરાજેલા શ્રીહરિને તેમજ અન્ય દિવ્ય વિમાનોમાં બેઠેલા દિવ્યમુનિઓ સર્વને જોઈને, આનંદ પામતો વિસ્મય પામ્યો. (૩૩) એટલે બુદ્ધિમાન પંડિતરામે તે વણિકને કહ્યું, હે મિત્ર ! તેં તો શઠતાપૂર્વક ઉપહાસ કર્યો હતો. (૩૪)

પરંતુ મેં તો તને શ્રીહરિ બતાવ્યા. હે સખે ! હવે તારે જો મારી સાથે આવવાની ઈચ્છા હોય (૩૫) તો હું જે વિમાનમાં બેઠો છું તે દિવ્ય વિમાનમાં તને બેસાડીને હું આ શ્રીહરિના દિવ્ય, અદ્વિતીય બ્રહ્મપુર ધામમાં લઈ જાઉં. (૩૬)

પરંતુ વિષય સુખમાં આસક્ત તે વણિક તે પંડિતરામનું આવું વચન સાંભળીને, મૃત્યુના અત્યંત ત્રાસથી હાથ જોડી, પંડિતરામને કહેવા લાગ્યો. (૩૭) હે ભક્તવર્ય ! તમોએ જે કહ્યું

હતું તે મેં સત્ય જાણ્યું છે. વળી આ સ્વામિનારાયણ જરૂર પ્રત્યક્ષ ભગવાન છે એમ પણ જાણ્યું. (૩૮)

હે મિત્ર ! તમારું માહાત્મ્ય હું જાણતો ન હતો તેથી મેં તમારો ઉપહાસ કર્યો હતો એ મારો અપરાધ તમે ક્ષમા કરો. (૩૯) મેં તો હમણાં નવું લગ્ન કર્યું છે અને સંસાર સંબંધિ સુખ ભોગવ્યું નથી. તેથી હે સન્મતે ! હું હમણાં મારા બંધુજનોનો ત્યાગ કરવા સમર્થ નથી. (૪૦)

હવે ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ શ્રીહરિનો આશ્રય કરીને ધર્મમાં રહી હર્ષપૂર્વક હું આલોકમાં સ્વામિનારાયણ શ્રીહરિનું ભજન કરીશ. (૪૧) સર્વનું હૃદય જાણનાર શ્રીહરિએ તેનું આ વચન સાંભળીને પોતાના આશ્રિત પંડિતરામ તરફ જોઈ મંદહાસ્ય કર્યું. (૪૨) પછી શ્રીહરિ દિવ્ય વિગ્રહધારી પોતાના એકાંતિક ભક્ત પંડિતરામને, અન્યને દુર્લભ એવા, પોતાના દિવ્ય બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. (૪૩)

હે રાજન્ ! પછી પંડિતરામનો વણિક મિત્ર શ્રીહરિનું દિવ્ય અત્યુત્તમ ઐશ્વર્ય જોઈ, પોતાના વલ્લભ મતના સર્વ અનુયાયીઓને કહેવા લાગ્યો. (૪૪) સ્વામિનારાયણ શ્રીહરિ પ્રત્યક્ષ ભગવાન છે. તેથી હું તે સ્વામિનારાયણનો આશ્રય કરીશ. આ પ્રમાણે તેમને તે હર્ષપૂર્વક કહેતો હતો. (૪૫) પછી તે વણિક શ્રીહરિનો આશ્રય કરી ધર્મમાં રહી હંમેશા શ્રીહરિનું ભજન કરવા લાગ્યો અન્યજનો પણ આ દિવ્ય ઐશ્વર્ય જોઈ, શ્રીહરિનો આશ્રય કરતા હતા. (૪૬)

હે રાજન્ ! ભક્તવત્સલ, દયાસાગર શ્રીહરિ આ પૃથ્વી ઉપર અંતકાળે પોતાના સર્વ ભક્તોને આવી રીતે તેડવા માટે પધારે છે. (૪૭) એ પ્રકારે પ્રત્યક્ષ શ્રીહરિ આ ભૂમિ ઉપર જ્યારે બિરાજતા હતા. તે સમયે પણ અંતકાળે પોતાના ભક્તોને તેડવા માટે પધારતા હતા. (૪૮)

હે રાજન્ ! શ્રીહરિ અંતર્ધાન થયા પછી આ લોકમાં પોતાના ભક્તોના મૃત્યુ સમયે તેમને લેવા માટે પધારે છે. (૪૯) દયાળુ, ભક્તવત્સલ તે શ્રીહરિ અંતકાળે હમણા પણ પોતાના અસંખ્ય ભક્તોને તેડવા માટે આવે છે. (૫૦) એવા અગણિત ભક્તોની કથામાં આ કથા મેં તમોને દિશમાત્ર કહી છે. એ શ્રીહરિના ઐશ્વર્યની વાર્તા વિસ્તારપૂર્વક અને યથાર્થ કહેવા માટે તો શેષાદિ પણ સમર્થ થતા નથી. (૫૧)

હે ભૂપતે ! એ પ્રકારના અવતારી, અનુપમ, ધર્મના પુત્ર શ્રીહરિના અસંખ્ય દિવ્ય ઐશ્વર્યો છે. (૫૨)

તે ઐશ્વર્ય સર્વ ઉપનિષદો તથા અક્ષરમુક્તો ઘણા સમય સુધી વિસ્તાર પૂર્વક અને યથાવત્ કહેવા માટે શક્તિમાન નથી. (૫૩) હે રાજન્ ! તેથી શ્રીહરિના આ ઐશ્વર્યો મારી બુદ્ધિ અનુસારે મેં તમોને સંક્ષિપ્તમાં કહ્યા છે. (૫૪)

કોઈ બુદ્ધિમાન મનુષ્ય ઘણા સમયે પણ મેઘના જળબિંદુઓ, પૃથ્વીના રજકણો તેમજ આકાશમાં રહેલા તારાઓ કદાચ ગણી શકે છે. (૫૫) હે રાજન્ ! એવો બુદ્ધિશાળી મનુષ્ય પણ શ્રીહરિના આ અનંત, દિવ્ય અને વિવિધ પ્રકારના ઐશ્વર્યનો પાર પામી શકતા નથી. (૫૬, ૫૭)

તે માટે હે નરેન્દ્ર ! મેં શ્રીહરિના આ અનુપમ, દિવ્ય ઐશ્વર્ય તમોને મારી બુદ્ધિ પ્રમાણે સંક્ષિપ્તમાં કહ્યા છે. હે રાજન્ ! તમારે તે ભક્તિપૂર્વક તમારા હૃદયમાં ધારવા. (૫૮) હે રાજન્ ! આ પ્રકારે મેં તમોને કહેલા ધર્મપુત્ર પ્રભુ શ્રી સહજાનંદ શ્રીહરિના અલૌકિક અને નાનાવિધ, અત્યંત પવિત્ર ઐશ્વર્ય જે જનો સાંભળશે તથા કહેશે તેમને શ્રીહરિને વિષે અતિશય પ્રીતિ થશે. તેમજ પોતાના ઈષ્ટાર્થની સિદ્ધિ થશે. (૫૯)

આ પ્રકારે શુકાનંદ મુનિની સુંદર અને અમૃત તુલ્ય વાણી સાંભળીને અત્યંત આનંદ પામેલા નરેન્દ્ર માનસિંહ વિનયપૂર્વક તે શુકાનંદ મુનિને પૂછવા લાગ્યા. (૬૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના એકાદશ સ્કંધમાં શુકાનંદમુનિ માનસિંહ નૃપના સંવાદમાં પંડિતરામ ભક્તનું પોતાના બ્રહ્મધામની પ્રાપ્તિરૂપ શ્રીહરિનું ઐશ્વર્ય વર્ણન કર્યું એ નામે ચોસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૪)

અગિયારમો સ્કંધ સમાપ્ત.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

અગિયારમા સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૪૬	૨૩-૩૪	૪૫-૨૯
૨-૪૦	૨૪-૨૬	૪૬-૬૧
૩-૩૫	૨૫-૬૨	૪૭-૫૫
૪-૩૪	૨૬-૫૯	૪૮-૪૪
૫-૪૮	૨૭-૨૮	૪૯-૨૪
૬-૪૫	૨૮-૭૨	૫૦-૩૭
૭-૪૩	૨૯-૨૬	૫૧-૩૫
૮-૩૪	૩૦-૪૬	૫૨-૩૩
૯-૩૭	૩૧-૩૪	૫૩-૩૯
૧૦-૩૬	૩૨-૩૪	૫૪-૪૨
૧૧-૪૦	૩૩-૨૮	૫૫-૩૮
૧૨-૪૭	૩૪-૩૫	૫૬-૪૨
૧૩-૩૫	૩૫-૩૮	૫૭-૩૯
૧૪-૪૩	૩૬-૬૪	૫૮-૫૫
૧૫-૩૩	૩૭-૨૫	૫૯-૩૦
૧૬-૫૫	૩૮-૪૩	૬૦-૪૧
૧૭-૩૪	૩૯-૪૮	૬૧-૪૪
૧૮-૬૨	૪૦-૫૪	૬૨-૫૨
૧૯-૪૩	૪૧-૪૪	૬૩-૨૭
૨૦-૪૭	૪૨-૫૪	૬૪-૬૦
૨૧-૩૮	૪૩-૪૫	કુલ શ્લોક : ૨૭૨૪
૨૨-૬૪	૪૪-૫૯	

શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથના બારમા સ્કંધની અવતરણિકા

જેણે મારા પૂજ્ય પિતા શ્રી રઘુવીરાચાર્ય મહારાજને પ્રેરણા આપી સ્વસિંહાસન ઉપર મારો અભિષેક કરાવ્યો, પોતાના શરણે આવેલા ભક્તોને જેણે પોતાનું મુક્તિધામ બ્રહ્મપુર પ્રાપ્ત કરાવ્યું, એવા ભગવાન્ સહજાનંદ સ્વામિનારાયણ પ્રભુનું હું સતત સ્મરણ કર્યા કરું ! (૧)

આ પ્રસ્તુત બારમા સ્કંધમાં કુલ પંદર અધ્યાયો છે. (૨) પહેલા અધ્યાયમાં પૂજ્ય પિતાશ્રી રઘુવીરાચાર્ય મહારાજનાં સામાન્ય જીવન ચરિત્રનું વર્ણન છે, બીજા અને ત્રીજા અધ્યાયમાં દેવપ્રતિષ્ઠાઓનું વર્ણન છે. (૩)

ચોથામાં પૂ. પિતાશ્રીએ મને ગાદી ઉપર બેસાડવાનો વિચાર કર્યો. અને પાંચમામાં તે વિચારનો નિશ્ચય કર્યો. (૪) છઠ્ઠા અધ્યાયમાં આચાર્ય પદ ઉપર સ્થાપન કરવાના વિધિના પ્રારંભનું વર્ણન છે. સાતમા-આઠમા અને નવમા અધ્યાયમાં પ્રતિષ્ઠોત્સવનું વર્ણન છે. દસમા અધ્યાયમાં હરિલીલા કલ્પતરુ ગ્રંથની વિષયાનુક્રમણિકાનું વર્ણન છે. (૫)

હ. લી. કલ્પતરુ ગ્રંથ સાંભળવાનું પુણ્યફળ અગિયારમા અધ્યાયમાં બતાવ્યું છે. બારમા અધ્યાયમાં ઉક્ત ગ્રંથનો મહિમા ગવાયો છે. (૬) તેરમામાં સમાધિમાં જોવામાં આવેલી શ્રી સ્વામીજીની દિવ્ય મૂર્તિના દર્શનનું વર્ણન છે. (૭)

ચૌદમા અને પંદરમાં અધ્યાયોમાં માનસિંહ રાજાએ કરેલા ભગવદર્ચનનું વર્ણન છે. (૮) આવી રીતે પંદર અયોધ્યામાં આ સ્કંધ પૂરો થાય છે. (૯)



અધ્યાય ૧ લો

શ્રી માનસિંહ રાજા કહે છે :- હે શુકાનંદ મુને ! આચાર્યોમાં શ્રેષ્ઠ શ્રીરઘુવીરાચાર્યના પિતા શ્રીહરિ તિરોધાન થયા પછી રઘુવીરાચાર્ય કઈ રીતે વર્તતા હતા ? (૧) હે બ્રહ્મન્ ! રઘુવીરાચાર્ય પોતાના શિષ્ય ત્યાગીઓ તથા ગૃહસ્થોને કેવી રીતે વર્તાવતા હતા ? તેમજ હરિભક્તોની પ્રસન્નતા માટે શું શું કરતા હતા ? (૨)

હે મુને ! પોતાની ઉત્તરાવસ્થામાં શ્રીરઘુવીરાચાર્યે પોતાની ધર્મધૂરા પોતાના લઘુબંધુ બદરિનાથના પુત્ર ભગવત્પ્રસાદને શા કારણે આપી ? (૩) હે મુને ! ભગવત્પ્રસાદને (પોતાની ધર્મધુરારૂપી ભગવાનના પ્રસાદની પ્રાપ્તિ રૂપ અનુગ્રહ જેના ઉપર છે એવા સાર્થક નામવાળા ભગવત્પ્રસાદને) જ્યારે પોતાની ધર્મધુરા તેમણે સોંપી તે સમયે શ્રીરઘુવીરાચાર્યે કેવો મહોત્સવ કર્યો હતો ? (૪)

હે દીર્ઘદર્શી ! એ સર્વ હું વિસ્તારપૂર્વક તમારી પાસેથી સાંભળવા ઇચ્છું છું. માટે હે સન્મતે ! કરુણા કરીને મને આપ તે સર્વ કહો. (૫) આ પ્રમાણે જિજ્ઞાસુ રાજાએ પૂછ્યું. તેથી યોગિરાટ્ શુકાનંદ મુનિ પોતાના ઇષ્ટ શ્રીહરિકૃષ્ણને સંભારીને રાજા પ્રત્યે આ પ્રમાણે શુભ વચન કહેવા લાગ્યા. (૬)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રદ્ધાવાન અને બુદ્ધિશાળી એવા તમોએ ઠીક પ્રશ્ન પૂછ્યો, તમારા તે પ્રશ્નોના ઉત્તર હું તમોને સ્પષ્ટપણે કહું છું તે સાંભળો. (૭) હે રાજન્ ! તમારા પહેલા પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે, શ્રીહરિ પૃથ્વી ઉપરથી અંતર્ધાન થયા. ત્યારથી આરંભીને ગુરુવર્ય શ્રીરઘુવીરાચાર્યનું અત્યાર સુધીનું વર્તન હું તમોને સંક્ષિપ્તથી કહું છું. આવા એકાંતિક ભક્તોની કથા મનુષ્યોનું સદાહિત કરનારી છે. (૮, ૯)

હે રાજન્ ! પોતાના પિતા શ્રીહરિએ સોંપેલી ધર્મધુરા ધારણ કરતા શ્રીરઘુવીરાચાર્ય હંમેશા શ્રીહરિની આજ્ઞા પરાયણ રહેતા હતા. (૧૦) હે ભૂપતે ! શ્રીહરિએ આચાર્યની શિક્ષામાં તથા શિક્ષાપત્રીમાં આચાર્યના જે ધર્મો કહ્યાં છે, તે પ્રમાણે જ આ આચાર્ય સદા વર્તે છે. (૧૧)

અસૂયા રહિત, બુદ્ધિશાળી, વેદશાસ્ત્રનું તત્ત્વ જાણનારા, પોતાના આચારમાં તત્પર, ધીર, પવિત્ર એવા ધર્મવંશમાં જેમનો જન્મ થયો છે એવા. (૧૨) સુંદર વેશવાળા, અનુદ્ધત, બુદ્ધિવાળા, શ્રદ્ધાવાન, પ્રિયદર્શન, પ્રિયભાષી, ક્રોધરહિત, પવિત્ર, ભૂતપ્રાણીનું હિત કરનારા. (૧૩)

શ્રીહરિની મૂર્તિમાં અત્યંત આસ્તિક બુદ્ધિવાળા, પોતપોતાના ધર્મનું ઉલ્લંઘન કરનારાને શિક્ષા દેનારા, તેમજ પોતપોતાના ધર્મનું અનુપાલન કરનારાઓનું સર્વ પ્રકારે પોષણ કરનારા, કરેલા કાર્યને જાણનારા, અહંકાર રહિત, હોમ કરવામાં તથા મંત્ર જપ કરવામાં તત્પર; (૧૪)

પ્રશ્નો પૂછવામાં તથા પ્રશ્નોના ઉત્તર કરવામાં પ્રવીણ, વિશુદ્ધ આત્માવાળા, દયાળુ સત્અસત્ની વિક્તિને જાણનારા, આત્મા પરમાત્માને યથાર્થપણે જાણનારા, શિષ્યો ઉપર પ્રીતિવાળા; (૧૫)

મહાભાગવતોમાં શ્રેષ્ઠ, સર્વાંગ સંપૂર્ણ, ધર્મમાં સંસ્થિતિવાળા, ભયભીત થયેલાઓને દેહ, મન અને વાણીથી અભય આપનારા. (૧૬) અનેકવિધ શાસ્ત્રીય પ્રશ્નોત્તર કરવામાં ચતુર, જ્ઞાન વિજ્ઞાન સંપન્ન, જ્ઞાન શૂન્ય જનોને જ્ઞાનદૃષ્ટિ આપવામાં સૂર્ય સમાન. (૧૭)

ઈન્દ્રિયો તથા અંતઃશત્રુઓ જેમણે જીત્યા છે એવા, મૃદુ, નિર્મત્સર, તપ, સંતોષ અને ક્ષમા યુક્ત ગાંભીર્યાદિ ગુણોવાળા. (૧૮) આવા ગુણ સંપન્ન શ્રીરઘુવીરાચાર્ય ત્યાગીઓ તથા ગૃહસ્થ શિષ્યોની સભામાં હંમેશા શાસ્ત્રાનુસારી શુભ વાતો કરે છે. (૧૯)

શિષ્યના હિતમાં ઉદ્યમવાળા આ આચાર્ય ક્યારેક સભામાં સાધારણ તથા વિશેષ ધર્મોની વાતો કરે છે. (૨૦) આ બુદ્ધિમાન ક્યારેક વિવિધ પ્રકારની જ્ઞાનવાર્તા પણ કરે છે. ક્યારેક પોતાના જનોને આનંદ આપતા વૈરાગ્ય સંબંધી વાતો પણ કરે છે. (૨૧)

રઘુવીરાચાર્ય ક્યારેક શ્રીહરિકૃષ્ણનું માહાત્મ્ય જણાવનારી વેદશાસ્ત્રમાં કહેલી સુંદર વાતો કરે છે. (૨૨) તેઓ ક્યારેક સભામાં નવ પ્રકારની ભક્તિનું વર્ણન કરે છે. ક્યારેક ભક્તિના એક્યાશી પ્રકારના ભેદોનું યથાર્થ વર્ણન કરે છે. (૨૩)

રઘુવીરાચાર્ય ક્યારેક અંતિમ દશમી, નિર્ગુણ પ્રેમલક્ષણા ભક્તિનું પોતાના શિષ્યોની સભામાં પ્રીતિપૂર્વક સ્પષ્ટપણે વર્ણન કરે છે. (૨૪) કયારેક સભામાં હરિલીલારૂપી સુધાસમ શુભ વાતો કરે છે ક્યારેક શ્રીહરિના ઐશ્વર્ય, ગુણ વગેરેની વાતો સભામાં કરે છે. (૨૫) આ આચાર્ય ક્યારેક શ્રીહરિની આજ્ઞા પરત્વેની વાતો કરે છે. આ લોકમાં શ્રીહરિની આજ્ઞા પાળનાર પુરુષોને જે સુખ પ્રાપ્ત થાય છે તે પણ સ્પષ્ટપણે કહે છે. (૨૬)

શ્રીહરિની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા મનુષ્યોને પરલોકમાં તથા આ લોકમાં જે દુઃસહ દુઃખ થાય છે તે પણ શ્રી રઘુવીરાચાર્ય પોતાના જનોને જણાવે છે. (૨૭) ક્યારેક તેઓ અધર્મના વંશમાં ઉત્પન્ન થયેલા કામાદિના ત્યાગ સંબંધી વાતો કરી; તે વિષયભોગનું દુષ્ટ પરિણામ જણાવતી વાતો પણ પોતાના જનોને કરે છે. (૨૮)

ક્યારેક ધર્મવંશમાં ઉત્પન્ન થયેલા શાંતિકર, જ્ઞાન, વૈરાગ્ય વગેરે ગુણો જીવનમાં ઉતારવા એવું પણ જણાવે છે. (૨૯) ક્યારેક શુભ વેદોમાં જ્ઞાન, વૈરાગ્ય ગુણોની શ્રેષ્ઠતા યથાર્થપણે જણાવનારી વાર્તા કરે છે. (૩૦) ક્યારેક જાણીને તેમજ અજાણે કરેલા વિવિધ પ્રકારના પાપોના પ્રાયશ્ચિત્ત વિધિની વાર્તા પણ શાસ્ત્ર પ્રમાણે કરે છે. (૩૧) શ્રીરઘુવીરાચાર્ય શ્રીહરિના એકાંતિક ભક્તોના લક્ષણોનું સ્પષ્ટ નિરૂપણ કરે છે. હે રાજન્ ! ક્યારેક સંતોના લક્ષણોનું પણ નિરૂપણ કરે છે. (૩૨)

ક્યારેક પ્રાકૃત લોકભોગ તેમજ મનુષ્ય શરીરનું અનિત્યપણું તથા કલેશ, દોષથી યુક્ત મનુષ્ય દેહ છે તેવું પોતાના શિષ્યોને તેઓ જણાવે છે. (૩૩) આચાર્યરાટ્ ક્યારેક બ્રહ્મપુર ધામમાં જે અનંત દિવ્ય સુખ છે તેનું સ્પષ્ટપણે નિરૂપણ કરે છે. (૩૪)

શોભાયમાન, અપ્રાકૃત આકૃતિ જેમની છે એવા શ્રીહરિકૃષ્ણની મૂર્તિનું સુખ બ્રહ્મ ધામના સુખ થકી પણ અતિ અધિક અને અલૌકિક છે તે પણ કહે છે. (૩૫) ક્યારેક બ્રહ્મ પરબ્રહ્મ સંબંધી જ્ઞાન વિષયક વાર્તા શાસ્ત્ર અનુસાર તેમજ તેના અર્થો સ્પષ્ટપણે જણાવતા અનુક્રમ પૂર્વક ઘણા દૃષ્ટાંતો આપી કરે છે. (૩૬)

જ્યારે તેઓ સભામાં બેઠા હોય ત્યારે શાસ્ત્રોની યુક્તિઓથી સત્સંગના માહાત્મ્યની વાતો પણ પોતાના શિષ્યોને આનંદ પમાડતા કરે છે. (૩૭) પુરાણોની કથા પણ હંમેશા પ્રીતિપૂર્વક પોતાની સમીપે બેસતા પુરાણી ભોળાનાથ વિપ્ર પાસેથી સાંભળે છે એ પ્રમાણે પૃથ્વી ઉપર ધર્મે સહિત ભક્તિનું પોષણ કરતા તેઓ સદા વર્તે છે. (૩૮)

હે રાજન્ ! મહા આશયવાળા આ આચાર્ય, ઈશ્વર તેમજ અક્ષર મુક્તોએ સેવેલા શ્રીહરિકૃષ્ણ પોતાના ઉપર અત્યંત પ્રસન્ન થાય તેમ નિત્ય અતિ સાવધાન પૂર્વક વર્તે છે. (૩૯)

હે રાજન્ ! પોતાના અંતરમાં પોતાના આત્માને અક્ષરરૂપ માની, તેમજ એવા અક્ષરરૂપ આત્માને હંમેશાં જોતા, અને તે અક્ષરરૂપ પોતાના આત્મામાં પરમ ઈષ્ટ શ્રીહરિકૃષ્ણને જોતા તેઓ નિરંતર વર્તે છે. (૪૦)

પવિત્ર, શ્રીહરિ ચરણ કમળમાં આસક્ત, જેમના મદ, માન, મત્સર નાશ પામ્યા છે. એવા સાધુઓ, તેમજ શ્રીહરિની આજ્ઞા પાળવામાં તત્પર એવા ભક્તોનો પ્રસંગ, આ આચાર્યને સદા પ્રિય છે. (૪૧) આ લોકમાં અનેક પ્રકારના સુંદર ભોગમાં આ આચાર્યને પ્રીતિ નથી. શ્રેષ્ઠ વિભૂષણો

તથા વસ્ત્રોમાં પણ પ્રીતિ નથી. આ લોકમાં નિષ્કામી હરિભક્તો તથા સજ્જનોમાં તેમજ પ્રિય શ્રીહરિકૃષ્ણના ચરણકમળમાં જ તેમને અત્યંત સ્નેહ છે. (૪૨)

આ આચાર્ય રાત્રિ દિવસ પોતાના શિષ્યોના હિતમાં તત્પર રહે છે. તેમજ જે શુભ શાસ્ત્રાભ્યાસમાં અતિશય પ્રીતિવાળા છે, પોતાના જનોનું રક્ષણ કરવામાં સમર્થ છે. નિદ્રાજીત છે અને જ્ઞાનનો અભ્યાસ કરવાના સ્વભાવવાળા છે. (૪૩)

હે ભૂમિપતે ! આવી રીતે મેં આ રઘુવીરાચાર્યનું વર્તન તમોને સંક્ષિપ્તમાં કહ્યું; હવે તમોએ મને બીજા પ્રશ્નો પૂછ્યા છે તેના ઉત્તર હું અનુક્રમ પૂર્વક કહું છું. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વાદશ સ્કંધમાં શુકાનંદમુનિ માનસિંહ નૃપસંવાદે રઘુવીરાચાર્યના વર્તનની રીતનું નિરૂપણ નામે પ્રથમ અધ્યાય સંપૂર્ણ. (૧)



અધ્યાય ૨ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સત્સંગિજીવનમાં ત્યાગીઓના તથા ગૃહસ્થોના ધર્મો શ્રીહરિએ શિક્ષાપત્રી વગેરેમાં જેવી રીતે કહ્યા છે; (૧) તેવી રીતે આ રઘુવીરાચાર્ય ત્યાગીઓ તથા ગૃહસ્થ શિષ્યોને પણ હંમેશા વર્તાવતા હતા. એવી રીતે આ આચાર્યે ધર્મરક્ષણ કર્યું છે. (૨)

હે નરપતે ! આ રઘુવીરાચાર્ય, શ્રીહરિના તિરોધાન પછી, હજારો સાધુ તેમજ અન્ય શિષ્યો કરતા હતા. (૩) આ રઘુવીરાચાર્યે બીજા લાખો ગૃહસ્થ શિષ્યો પણ કર્યા છે. હમણાં પણ સર્વે ત્યાગી તથા ગૃહસ્થ શિષ્યોને તેઓ ધર્મમાં વર્તાવે છે. (૪)

હે રાજન્ ! સદ્‌ગુરુ ગોપાળાનંદ તથા નિત્યાનંદ વગેરે અન્ય સદ્‌ગુરુઓની સાથે, (૫) તેમજ બીજા સાધુઓ, વર્ણિઓ તથા પાર્ષદોની સાથે, આ આચાર્ય પૃથ્વી ઉપર ફરતા ફરતા શ્રીહરિકૃષ્ણની પ્રસન્નતાથી અન્ય મતોને આશરેલા ગુરુઓને પણ જીતે છે. (૬)

આ શ્રીરઘુવીરાચાર્ય પોતાના મુનિઓની સાથે જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં ધર્મે સહિત શ્રીહરિની ભક્તિનું સ્થાપન કરે છે. (૭) આ રઘુવીરાચાર્યનું વર્તન ગુરુને યોગ્ય અને ધર્મ તથા શાસ્ત્ર આજ્ઞા અનુસાર છે તેમજ તેમના શિષ્યોની પણ ધર્મ પાળવામાં મમતા જોઈ અન્ય જનો અતિશય આશ્ચર્ય પામે છે. (૮)

આ પ્રમાણે શાસ્ત્ર પ્રમાણે પ્રવર્તાવેલો આ મુક્તિ માર્ગ જોઈ હજારો જનો પોતાના મતનો ત્યાગ કરીને શ્રી રઘુવીરાચાર્યનો આશ્રય કરે છે. (૯)

હે રાજન્ ! આ આચાર્ય શાસ્ત્ર દૃષ્ટિપૂર્વક આ પ્રમાણે ચિંતવન કરતા હતા શ્રી દ્વારિકેશ્વર જે કાંતિમાં શ્વેત છે. (૧૦)

તે પોતાના ભક્તોને જણાવવા તેમજ તે ભક્તોના આનંદ માટે, શ્રી દ્વારિકેશની શુભ મૂર્તિનું શ્રી રણછોડજીના સ્વરૂપથી હું સ્થાપન કરું. (૧૧)

શ્રીરઘુવીરાચાર્યે ગઢપુરમાં પણ ગોપીનાથજીના મંદિરથી જમણા ભાગમાં મંદિરમાં રેવતી તથા બળદેવજીની મૂર્તિઓ તેમજ ઉજ્જવળ વર્ણવાળી શ્રીકૃષ્ણની શ્રેષ્ઠ પ્રતિમાની સ્થાપના કરી આવી રીતે મૂર્તિઓ સ્થાપન કરીને ઘણા બ્રાહ્મણોને ભોજન જમાડી તેમણે તૃપ્તિ પમાડ્યા. (૧૨, ૧૩, ૧૪)

હે નરાધિપ ! પછી અક્ષરાનંદ સાધુએ પત્ર લખીને આચાર્યશ્રી રઘુવીરજીને બોલાવ્યા, તેથી તેઓ તત્કાળ આ પુરમાં આવ્યા. (૧૫) શ્રીરઘુવીરાચાર્યે પોતે મોટાં શિખરબદ્ધ મંદિરોમાં પોતાના ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રતિમાઓની સ્થાપના કરવા માટે હર્ષપૂર્વક ઈચ્છા કરી. (૧૬)

તેટલામાં પશ્ચિમ પાંચાલ દેશના નિવાસી ભક્તો પોતપોતાના દેશમાંથી આવીને શ્રીરઘુવીરાચાર્યને આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા. હે ગુરો ! આ વૃત્તાલયપુરમાં શ્રીહરિએ સ્થાપન કરેલી શ્રીહરિકૃષ્ણની બે મૂર્તિઓ છે. (૧૭)

હે દયાનિધે ! શ્રીરિએ ધોળેરા તેમજ અન્ય પુરોમાં બનાવેલા મોટા મંદિરોમાં શ્રીહરિકૃષ્ણની મૂર્તિની સ્થાપના કરી નથી. (૧૮) અમારા ઈષ્ટદેવની મૂર્તિના દર્શન અમને અત્યંત રુચિકર છે હે ગુરો ! બીજી મૂર્તિઓના દર્શનથી અમને સંતોષ થતો નથી. (૧૯)

હે મહામતે ! તેથી દૂરથી અહીં આવવા અમો અશક્ત છીએ. માટે શ્રીહરિકૃષ્ણની મૂર્તિનાં દર્શન અમને કેવી રીતે થાય ? (૨૦) માટે હે ગુરો ! મોટા મંદિરોમાં અમારા ઈષ્ટદેવ સત્પતિ શ્રીહરિકૃષ્ણની અદ્‌ભુત મૂર્તિઓની આપ પ્રતિષ્ઠા કરો. (૨૧) વક્તામાં ચતુર આ રઘુવીરાચાર્યે પોતાની ઈચ્છાનુરૂપ આ પ્રાર્થના સાંભળીને પ્રસન્ન થઈ, તેમના પ્રત્યે સુધા સમાન આ પ્રમાણે વચન કહ્યું. (૨૨)

હે ભક્તો ! તમોએ ઠીક કહ્યું. મારી પણ આવી ઈચ્છા છે. માટે એ શુભ કાર્ય મારે તત્કાળ કરવું છે. (''**श्रेयांसि बहुविघ्धानि**'' શ્રેય કાર્યમાં ઘણા વિઘ્નો હોય છે એમ અભિયુક્તિ છે.) (૨૩) શ્રીરઘુવીરાચાર્યનું એવું વચન સાંભળીને તે ભક્તો પ્રસન્ન થઈ, શ્રીરઘુવીરાચાર્યને નમસ્કાર કરી, આચાર્યશ્રીની આજ્ઞાથી પોતપોતાના દેશપ્રત્યે ગયા. (૨૪)

હે નરપતે ! પછી આ આચાર્યે મોટા મંદિરોમાં શ્રીહરિકૃષ્ણની મૂર્તિઓની સ્થાપના માટે તત્કાળ તૈયારીઓ કરી. (૨૫) આ આચાર્યે રુડી બુદ્ધિવાળા ઉત્તમ શિલ્પી ભગુજી પાસે તેમજ અત્યંત પ્રવીણ શિલ્પી નારાયણજી પાસે, સત્પતિ શ્રીહરિકૃષ્ણની ધાતુમય, સુંદર અવયવોવાળી, દિવ્ય,

દર્શનીય, ત્રણ મૂર્તિઓ કરાવી. (૨૬, ૨૭)

પછી આચાર્યશ્રીએ જ્યોતિષી દયારામ વિપ્રને બોલાવી તેમને પ્રતિષ્ઠાને યોગ્ય સુંદર મુહૂર્ત ઉત્સાહપૂર્વક પૂછ્યું. (૨૮)

ત્યારબાદ તે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવા માટે આ આચાર્ય સંતો, વર્ણિઓ તથા ઘોડેસવારો પાર્ષદો વગેરેની સાથે ધોળેરાપુરમાં આવ્યા. (૨૯) ધોળેરા નગરમાં રઘુવીરાચાર્યે મહોત્સવ કરીને, શ્રીરાધાકૃષ્ણના મંદિરમાં મદનમોહન નામક રાધાકૃષ્ણની મૂર્તિની સમીપે શ્રીહરિકૃષ્ણની મૂર્તિની સુંદર મૂહુર્તમાં પ્રતિષ્ઠા કરી. (૩૦)

ત સમયે રઘુવીરાચાર્યે હજારો બ્રાહ્મણોને તથા અન્ય હરિભક્તોને ભોજન જમાડી તૃપ્ત કર્યા. વળી તેમણે બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણાઓ પણ હર્ષપૂર્વક આપી. (૩૧) ત્યારબાદ શ્રીરઘુવીરાચાર્ય ગઢપુરમાં શ્રીહરિકૃષ્ણની મૂર્તિની સ્થાપના કરવા માટે સંતો, વર્ણિઓ, પાર્ષદો તેમજ હરિભક્તોની સાથે ગઢપુર ગયા. (૩૨)

અહીં ગઢપુરમાં શ્રીગોપીનાથજીના મંદિરમાં શ્રીહરિકૃષ્ણની મૂર્તિની શાસ્ત્રોક્ત વિધિપૂર્વક શુભ મુહૂર્તમાં તેમણે મહોત્સવ કરીને સ્થાપના કરી. (૩૩)

તે દિવસે રઘુવીરાચાર્યે લાખો બ્રાહ્મણોને તેમજ અન્ય અન્નાર્થીઓને વિવિધ ભોજનો જમાડી તૃપ્તિ કર્યા. વળી તેમને દક્ષિણાઓ પણ આપી. (૩૪)

ત્યારબાદ શ્રીરઘુવીરાચાર્ય શ્રીહરિકૃષ્ણની મૂર્તિની સ્થાપના માટે સંતો, વર્ણિઓ, પાર્ષદો તથા ઘોડેસવારો સહિત હર્ષપૂર્વક જૂનાગઢ આવ્યા. (૩૫)

જૂનાગઢમાં રઘુવીરાચાર્યે શ્રીરાધારમણ દેવના સ્થાનમાં શ્રીહરિકૃષ્ણની મૂર્તિની પ્રતિષ્ઠા મહાન્ ઉત્સવ કરીને શુભ મુહૂર્તમાં શાસ્ત્રવિધિ પ્રમાણે કરી. (૩૬)

ગુરુઓમાં શ્રેષ્ઠ શ્રીરઘુવીરાચાર્યે આ ઉત્તમ ઉત્સવમાં હજારો બ્રાહ્મણો તથા ભક્તોને તેમજ અતિથિઓને ભોજનો જમાડી તૃપ્ત કર્યા. (૩૭) આવી રીતે આ રઘુવીરાચાર્ય ત્રણ મોટા સુંદર મંદિરોમાં પોતાના સમગ્ર શિષ્યોના આનંદ માટે, શ્રીહરિકૃષ્ણની મૂર્તિની સ્થાપના કરતા હતા. (૩૮)

આ પૃથ્વી ઉપર શ્રીહરિએ કરાવેલા મંદિરોમાં શ્રીરઘુવીરાચાર્યે આવી રીતે પ્રીતિપૂર્વક શુભ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી, તે મેં તમોને કહ્યું, હવે આ પૃથ્વી ઉપર તેમણે સુંદર મંદિરો રચાવી તેમાં જે જે પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી તે હું તમોને કહું છું. (૩૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં શ્રીહરિએ કરાવેલ મહાન મંદિરોમાં રઘુવીરાચાર્યે શ્રીહરિની પ્રતિમાનો પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો તે નિરૂપણ નામે બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીરઘુવીરાચાર્ય આ પૃથ્વી ઉપર ઘણા દેશોમાં ભક્તોને આનંદ પમાડવા માટે, અને ભક્તિમાર્ગની પ્રવૃત્તિ માટે મંદિરો રચાવ્યા. (૧) આ આચાર્યે મહોત્સવો કરીને પુણ્ય દર્શન અને મનોહર શ્રીહરિની મૂર્તિઓની શાસ્ત્ર વિધિ પ્રમાણે તે તે મંદિરોમાં સ્થાપન કરી. (૨)

તે મંદિરોમાં પ્રથમ ખંભાત નગરમાં રઘુવીરાચાર્યે હરિમંદિર કરીને તેમાં શોભાયમાન શ્રીહરિકૃષ્ણની પ્રતિમાની શાસ્ત્ર વિધિ પ્રમાણે સ્થાપના કરી. (૩)

આ શ્રીહરિકૃષ્ણની પ્રતિમાની સાથે રાધાકૃષ્ણની પ્રતિમાઓની પણ તેમણે સ્થાપના કરી. તે સમયે વેદજ્ઞ બ્રાહ્મણો પાસે હોમ પણ કરાવ્યો. (૪)

હે રાજન્ ! દેશિકેન્દ્ર શ્રીરઘુવીરાચાર્યે, વેદમંત્રોના ધ્વનિ, નાદ તથા વાદ્યોના ધ્વનિના ઉદ્‌ઘોષ સાથે તે સમયે મહોત્સવ પણ કરાવ્યો. (૫) આ પ્રસંગે શ્રીરઘુવીરાચાર્યે લાખો બ્રાહ્મણોને સુંદર ભોજન જમાડી તૃપ્ત કર્યા. તેમજ તે બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણાઓ પણ હર્ષપૂર્વક આપી. (૬)

વળી આજ પ્રકારે શ્રી રઘુવીરાચાર્યે ભરૂચમાં નર્મદાને કિનારે સુંદર શિખરવાળું મનોહર મંદિર કરાવ્યું. (૭) શ્રીરઘુવીરાચાર્ય તે મંદિરમાં શ્રીકૃષ્ણની રમણીય પ્રતિમા તેમજ રેવતી બલભદ્રની મૂર્તિઓની શાસ્ત્રવિધિ પ્રમાણે હર્ષપૂર્વક પ્રતિષ્ઠા કરી. (૮)

હે રાજન્ ! વળી શ્રીરઘુવીરાચાર્યે સુરતપુરમાં લોકોના કલ્યાણ માટે તથા ભક્તોના આનંદ માટે સુંદર શોભાયમાન શ્રીહરિ મંદિર અત્યંત કરુણામય ભાવનાથી કરાવ્યું. (૯) તે મંદિરમાં શ્રીરઘુવીરાચાર્યે શિલ્પશાસ્ત્રમાં વર્ણવેલા શુભ લક્ષણવાળી નારાયણ મુનિની સુંદર પ્રતિમા રાધાકૃષ્ણની અતિશોભાયમાન મૂર્તિઓની શાસ્ત્ર વિધિ પ્રમાણે સ્થાપના કરી. (૧૦)

હે મહીપતે ! શ્રીરઘુવીરાચાર્ય તેમના ઉત્તરાધિકારી આચાર્ય શ્રીભગવત્પ્રસાદ સુરતના આ હરિમંદિરના સ્થાનમાં સુંદર રચનાથી ભરપૂર, દર્શનીય, શોભાયમાન ત્રણ શિખરો જેને છે એવું અને સર્વને આશ્ચર્ય પમાડે તેવું બે માળનું અતિમનોહર સુંદર ઘુમટથી (મંડપોથી) અત્યંત દીપતું મંદિર કરાવશે. (૧૧, ૧૨)

વળી રઘુવીરાચાર્યે મુંબઈમાં પણ લોકોને આનંદકારી એવું હરિમંદિર હર્ષપૂર્વક કરાવ્યું. (૧૩) તે મંદિરમાં શ્રીહરિકૃષ્ણ ભગવાનની પ્રતિમા તથા રાધાએ યુક્ત શ્રી ગોલોકવિહારીની મૂર્તિની યથાયોગ્ય શાસ્ત્ર વિધિ પ્રમાણે સ્થાપના કરી. (૧૪) ગુરુવર્ય શ્રીરઘુવીરાચાર્યે નિમાડ દેશમાં ધર ગામમાં સુંદર શિખરવાળું મંદિર કરાવ્યું. (૧૫) હે ભૂપતે ! પછી રઘુવીરાચાર્યે તે મંદિરમાં

લક્ષ્મીનારાયણની શોભાયમાન મૂર્તિઓની શાસ્ત્રોક્ત વિધિથી પ્રીતિપૂર્વક સ્થાપના કરી. (૧૬)

વળી શ્રી રઘુવીરાચાર્યે ખાનદેશમાં આવેલા બુરાનપુરમાં સુંદર શિખરવાળું શોભાયમાન મંદિર કરાવ્યું. (૧૭)

હે નૃપતે ! ધર્મ તથા ભક્તિનું પોષણ કરનારા આ રઘુવીરાચાર્ય તે મંદિરમાં લક્ષ્મીનારાયણની મૂર્તિઓ તથા શ્રીહરિકૃષ્ણ ભગવાનની મૂર્તિની સ્થાપના કરાવી. (૧૮)

વળી શ્રી રઘુવીરાચાર્યે સાવદાપુરમાં રમણીય હરિમંદિર કરાવી, તેમાં રાધાકૃષ્ણની શુભ પ્રતિમાઓની પ્રીતિપૂર્વક સ્થાપના કરી. (૧૯)

વળી રઘુવીરાચાર્યે સૌરાષ્ટ્ર દેશમાં માણાવદરપુરમાં પણ આદરપૂર્વક રમણીય હરિમંદિર કરાવ્યું. (૨૦)

તે મંદિરમાં રઘુવીરાચાર્યે શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા રાધાકૃષ્ણની મૂર્તિઓની વેદ વિધિથી સ્થાપના કરી. (૨૧) દેશિક શ્રીરઘુવીરાચાર્યે નાઘેર દેશમાં પ્રસિદ્ધ ઉનાપુરમાં હરિમંદિર કરાવ્યું. (૨૨)

આ મંદિરમાં બાલમુકુંદની મૂર્તિની પ્રતિષ્ઠા તેમણે કરી. હે રાજન્ ! આવી રીતે રઘુવીરાચાર્યે જીવોનું હિત કરવામાં અત્યંત ઉદ્યમ કર્યો. (૨૩) હે નૃપ ! હવે શ્રી રઘુવીરાચાર્યને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત ન થઈ હતી છતાં પણ પોતાની ધર્મધુરા પોતાના ભાઈના પુત્રને કેમ આપી ? એ પ્રશ્ન તમોએ પૂછ્યો હતો તો, (૨૪)

હે રાજન્ ! તે પ્રશ્નનો ઉત્તર હું તમોને સ્પષ્ટ અને યથાર્થ કહું છું. કારણ કે પ્રિય શિષ્યને ગુણજ્ઞ ગુરુઓએ જે ગોપનીય કથા હોય તે પણ કહેવી જ જોઈએ, માટે કહું છું. (૨૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં ખંભાત વગેરે પુરોમાં મંદિરો કરી તેમાં શ્રીરઘુવીરાચાર્યે શ્રીહરિની મૂર્તિ પ્રતિષ્ઠોત્સવ કર્યો તે નિરૂપણ નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યાય ૪ થો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! દેશિકેન્દ્ર શ્રીરઘુવીર હંમેશા શ્રીમદ્ ભાગવત્ નામનું પુણ્યમય પુરાણ સાંભળતા હતા. (૧) વળી તેઓ શ્રીરામાનુજાચાર્યે વ્યાસસૂત્રો ઉપર કરેલું શ્રી ભાષ્ય તથા વેદ તથા ઉપનિષદો તથા મોક્ષધર્મ સાંભળતા હતા. (૨)

શ્રીરઘુવીરાચાર્ય મોક્ષમાર્ગ પ્રવર્તાવવાના આગ્રહવાળા હોવાથી પ્રીતિપૂર્વક સ્કંદ પુરાણના વિષ્ણુખંડમાંનું શ્રીવાસુદેવ માહાત્મ્ય પણ સાંભળતા હતા. (૩-૪) આચાર્યેન્દ્ર શ્રીરઘુવીરાચાર્ય ધર્મજ્ઞાનાદિ ભાસ્કર સત્સંગિજીવન ગ્રંથ પણ નિરંતર આદરપૂર્વક સાંભળતા હતા. (૫)

તે તે ગ્રંથોમાં વૈરાગ્ય તથા જ્ઞાનના પણ વિવિધ પ્રકારના આખ્યાનો સાંભળીને નિરંતર ચિંતવન કરતા હતા. (૬) તે તે ગ્રંથોમાં શ્રીહરિના માહાત્મ્યના ઘણા આખ્યાનો તથા ભક્તિના આખ્યાનો સાંભળીને તેઓ અત્યંત ચિંતવન કરતા હતા. (૭)

હે રાજન્ ! સાંસારિક સુખમાં તેમને ઉદાસીન પણું હોવાથી, શ્રીહરિનું સ્મરણ કરતા વૈરાગ્યની ભાવનાથી તેઓ આ પ્રમાણે વિચાર કરતા હતા. (૮) સાંસારિક સર્વ સુખ ક્લેશ, દોષ તથા ભયથી યુક્ત છે અને નાશવંત છે વળી તે સુખ ઘણા પ્રયત્ન કરી પ્રાપ્ત કરીએ તો પણ તુચ્છ અને બંધન કરાવનારું છે. (૯)

પંચવિષયો બહારથી રમણીય દેખાય છે. પરંતુ અંદર તો મહાવિષમય છે. ઈન્દ્રામણાના ફળની માફક દેખાવે સુંદર હોવા છતાં પંચવિષયો વારંવાર જન્મ મૃત્યુ આપનારા છે. (ઈન્દ્રામણીનું ફળ જે ઉપરથી રમણીય દેખાય છે પણ તે ખાવાથી મૃત્યુ નીપજે છે તે પ્રમાણે પંચવિષયો પણ ઉપરથી રમણીય જણાય છે પણ તેને ભોગવવાથી જન્મ મરણનું દુઃખ આપનારા છે.) (૧૦)

જેમ માદક વસ્તુનું ભક્ષણ કરવાથી ચિત્તને તે ભ્રામક બનાવે છે, તેમજ પંચવિષયોના ભોગથી શ્રીહરિની સ્મૃતિનો નાશ થાય છે. (૧૧) માટે શ્રીહરિની પ્રસન્નતા ઈચ્છનારા ભક્તોએ મોહની ઉત્પત્તિમાં કારણભૂત પંચવિષયોનો, જેમ પોતાને વિષે આસક્તિવાળા ધૂર્તોનો વિશ્વાસ કોઈ નથી કરતું તેમ, ક્યારેય પણ વિશ્વાસ કરવો નહિં. (૧૨)

આ લોકમાં વિષયો તો હાળાહળ ઝેર સમાન છે. શાસ્ત્રોમાં પણ પંચવિષયો જીવની હૃદયગ્રંથીમાં કારણ છે એમ કહ્યું છે. (૧૩) પંચવિષયોમાં જે પુરુષો આસક્ત રહે છે. તે પુરુષોની બુદ્ધિમાંથી ચેતનાને, જેમ નદીના કાંઠે ઊભેલા વૃક્ષોને નદીનો પ્રવાહ તાણી જાય છે તેમ, હરિ લે છે. (૧૪)

મોહને આધીન થયેલા જનો આવી રીતના વિષયોમાં નિરંતર આસક્ત થઈને આ લોકમાં વિષયોની પ્રાપ્તિ માટે પોતાના પ્રાણનો નાશ કરે છે. (૧૫) ત્રિવિધ દુઃખથી જે ક્યારેય પણ મુક્ત નથી થયા તેવા મનુષ્યને દુઃખથી પ્રાપ્ત કરેલા વિષયોમાંથી પણ આ લોકમાં શું સુખ છે ? (૧૬)

સંપત્તિ તો ગમન સ્વભાવવાળી છે. વિપત્તિ કેવળ આપત્તિરૂપ છે અને મૃત્યુના કારણભૂત છે. વાયુના વેગથી હાલતા કેળના પાંદડા ઉપર પડેલા જળના બિંદુની માફક વિષય હંમેશા ચંચળ છે. (૧૭) અનુપમ, અચળ, ક્લેશથી રહિત સુખ, અક્ષરથી પર શ્રીહરિકૃષ્ણ પુરુષોત્તમના સ્વરૂપમાં જ છે. (૧૮)

માટે ભગવાન સંબંધી સુખ જ સર્વ ક્લેશથી રહિત છે. આ લોકમાં જે મનુષ્ય આ નાશવંત દેહથી ભગવત્સંબંધી સુખની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે તે અતિ બુદ્ધિમાન મનુષ્ય છે. (૧૯) આવી રીતે સાંખ્ય જ્ઞાનથી આત્મા અનાત્માનો વિવેક કરીને, આ રઘુવીરાચાર્યે દેહાદિના સર્વ ભાવો માયિક તથા વિનાશી છે, એમ નિશ્ચય કર્યો. (૨૦)

રઘુવીરાચાર્ય દેહને અતિ ક્લેશ આપનારો જાણીને, તેનાથી વિચક્ષણ એવા પોતાના આત્માને સુખરૂપ અને બ્રહ્મરૂપ માની તેવી ભાવના કરતા હતા. (૨૧) શ્રીહરિના સર્વોપરી માહાત્મ્યનો વિચાર કરતા રઘુવીરાચાર્ય, શ્રીહરિનું સર્વકાળ (તૈલધારાની માફક અખંડપણાથી) ધ્યાન કરતા અંતરમાં તથા બહાર જોતા હતા. (૨૨)

મેં શ્રીહરિએ કહ્યા પ્રમાણે શ્રીહરિની આજ્ઞા પાળી છે. રાત્રિ દિવસ તેમની આજ્ઞામાં ત્યાગીઓ તથા ગૃહસ્થોને પ્રવર્તાવ્યા છે. (૨૫) પૃથ્વી ઉપર મેં હજારો જનોને શ્રીહરિના સ્વરૂપનો બોધ આપ્યો છે. તેમજ સંસૃતિને છેદનારો શ્રીહરિનો કલ્યાણકારી આશ્રય પણ તેમને કરાવ્યો છે. (૨૬)

હજારો ત્યાગીજનો, લાખો ગૃહસ્થજનો જેવી રીતે શ્રીહરિનો પ્રત્યક્ષ યોગ હોય અને જેવી રીતે વર્તે તેમ હાલમાં તે સર્વ વર્તે છે. (૨૭) શ્રીહરિની આજ્ઞાપરાયણ, ધર્મજ્ઞાનાદિયુક્ત, એ જનો શ્રીહરિના અક્ષરધામની પ્રાપ્તિના અધિકારી થયા છે. (૨૮)

ભૂમિ ઉપર શ્રીહરિકૃષ્ણની ધર્મે સહિત ભક્તિ અત્યંત વૃદ્ધિ પામી છે. એ રીતે સંપ્રદાયની સ્થિતિ દૃઢ થઈ છે. (૨૯) માટે હવે મારે ધર્મધુરા ધર્મવંશમાંજ આરોપણ કરીને નિવૃત્ત થઈ શ્રીહરિનું અખંડ ધ્યાન અને વાર્તા કરવી. (૩૦)

શ્રીહરિમાં પ્રીતિ યુક્ત થઈ, ઉપાધિથી રહિત રહેવું. આ પ્રમાણે રઘુવીરાચાર્યે ચિંતવન કરીને સદ્‌ગુરુ શ્રીગોપાળનંદ મુનિને બોલાવ્યા. (૩૧) રઘુવીરાચાર્યે અક્ષરાનંદ મુનીંદ્ર તથા મને (શુકાનંદ મુનીંદ્ર) તેમજ વિદ્વાન વર્ણી અખંડાનંદને બોલાવ્યા. (૩૨)

વળી પોતાના પુરાણી ભોળાનાથ વિપ્રને પણ બોલાવ્યા. તેથી ગાપોળાનંદ વગેરે રઘુવીરાચાર્યની સમીપે તત્કાળ આવ્યા. (૩૩) ગોપાળાનંદ મુનિ તથા શુકાનંદ મુનિ વગેરે સૌએ એકાંતમાં સ્વસ્થ બેઠેલા રઘુવીરાચાર્યને પ્રણામ કર્યા. તે આચાર્યવર્યે તેમનું યથાર્થ સન્માન કર્યું. પછી તેઓ સર્વ તેમની સમીપે યથાયોગ્ય બેઠા. (૩૪)

પોતાના કાર્યને યથાર્થ જાણનારા, વિચક્ષણ શ્રીરઘુવીરાચાર્ય ગોપાળાનંદ વગેરે મુનિઓ પ્રત્યે પ્રીતિપૂર્વક જોઈ, મધુર વાણીથી તેમને પ્રસન્ન કરતા હર્ષપૂર્વક તેમના પ્રત્યે બોલ્યા. (૩૫)

શ્રીરઘુવીરાચાર્ય કહે છે :- હે દીર્ઘ દર્શિઓ ! હે ઉત્તમ સંતો ! તમો મારું વચન સાંભળો. હે નિષ્પાપો ! મેં શ્રીહરિની આજ્ઞાથી ધર્મધુરાનું લાંબા સમય સુધી વહન કર્યું. (૩૬) શ્રી હરિકૃષ્ણની

પ્રસન્નતાથી તેમજ તમારી સહાયતાથી મેં, શ્રીહરિએ આજ્ઞા કરેલું, આ કાર્ય સર્વ પ્રકારે આ લોકમાં પૂરું કર્યું છે. (૩૭)

તેથી હવે ધર્મવંશના યોગ્ય જનને મારી ધર્મધુરા આપીને હું નિવૃત્તિ પરાયણ થઈ શ્રીહરિનું ધ્યાન કરું એવી મારી રુચિ છે. (૩૮) ધર્મધુરા અર્પણ કરવામાં ધર્મવંશીમાંથી જે યોગ્ય હોય તેમને શ્રીહરિએ મને અર્પણ કરેલી ધર્મધુરા હવે હું સોંપું. (૩૯) કારણ કે મારે પુત્ર નથી. માટે મારી ધર્મધુરાને યોગ્ય ધર્મવંશીને હું તે આપવા ઈચ્છું છું. (૪૦)

હે સંતો ! શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા મને તો ઉપાધિ રુચતી નથી. દ્રવ્ય, ભૂષણો, વસ્ત્રો વગેરેમાં મને અરુચિ વર્તે છે. (૪૧) મારે તમારા જેવા એકાંતિક સંતોમાં પ્રીતિ છે. વળી શ્રીહરિના ધ્યાનમાં અને કથાવાર્તામાં પણ અત્યંત પ્રીતિ છે. (૪૨)

માટે આ પ્રમાણે નિશ્ચય કરીને આ હિતકારી સલાહ હું તમોને ગુપ્તપણે પૂછું છું. તમો જેમ કહેશો તેવી રીતે હું જરૂર કરીશ. (૪૩)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ગોપાળાનંદ વગેરે મુનિઓ રઘુવીરાચાર્યની આ વાણી સાંભળીને તેમની સર્વોત્તમ અધિક વૈરાગ્યમય સ્થિતિ જાણીને, પ્રસન્ન થયા અને અત્યંત આશ્ચર્ય પામ્યા. પછી જ્ઞાનના અતિશય સ્થાનરૂપ ગોપાળાનંદ, અક્ષરાનંદ વગેરેનો મત જાણી તે આચાર્ય પ્રત્યે તેમણે આ પ્રમાણે કહ્યું. (૪૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં શ્રીરઘુવીરાચાર્યે ધર્મધુરા અર્પણ કરવાનો વિચાર કર્યો તે નિરૂપણ નામે ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)



અધ્યાય ૫ મો

શ્રી ગોપાળાનંદમુનિ કહે છે :- હે રઘુવીરાચાર્ય ! સર્વ સત્સંગીઓને પ્રિય ! તમો ઉદાસ થયા છો તેથી ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તોને સુખ થશે નહિ. (૧) તેવી રીતે આ પૃથ્વી ઉપર સત્સંગની વૃદ્ધિ પણ નહિ થાય. માટે હમણાં તમારે આ ઉદાસીનતાનો ત્યાગ કરવો અને તમારે યોગ્ય આ ધર્મધુરા વહન કરવી. (૨)

ગોપાળાનંદ મુનિએ આવી રીતે કહ્યુ તે સાંભળીને શ્રીરઘુવીરાચાર્ય બોલ્યા, હે મહામુને ! તમો માન્ય હોવાથી હું ઈચ્છતો નથી તો પણ ધર્મધુરાનું હાલમાં હું વહન કરીશ. (૩)

તો પણ તમો સર્વ બુદ્ધિશાળી છો તેથી આ ધર્મધુરા વહન કરવા માટે ધર્મવંશના કોઈ યોગ્ય પુરુષનો વિચાર કરી, નિર્ધાર કરો. (૪)

આવી રીતે શ્રીરઘુવીરાચાર્યનું વચન સાંભળીને, વાણી બોલવામાં નિપુણ સદ્‌ગુરુ ગોપાળાનંદ મુનિ ફરી આચાર્ય પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫) હે રઘુવીરાચાર્ય ! અત્યંત બુદ્ધિશાળી બદરિનાથના પુત્ર ભગવત્પ્રસાદ આ શુભ ધર્મધુરાને વહન કરવા યોગ્ય છે. (૬)

રૂપ, શીલ તથા ગુણોના સ્થનભૂત, તેમજ પ્રિય વાણીવાળા, નીતિકુશળ, કાર્યાકાર્યના વિચારને જાણનારા છે. (૭) ધીર, વિવિધ પ્રકારની વિદ્યાઓના પાર પામવાને યોગ્ય બુદ્ધિવાળા, ધર્મનિષ્ઠ, જનોને ધર્મમાં પ્રવર્તાવવા માટે અત્યંત શક્તિમાન છે. (૮)

માટે તેઓ આ ધર્મધુરાનું વહન કરવા યોગ્ય છે. મને આવું ભાસે છે તેથી અક્ષરાનંદ વગેરે સમગ્ર મુનિઓએ પણ તે પ્રમાણે જ કહ્યું : (૯) તેમણે આવી રીતે કહ્યું તેથી ઉદાર બુદ્ધિવાળા શ્રી રઘુવીરાચાર્ય તેમના પ્રત્યે બોલ્યા; હે સંતો ! મને પણ તેવું જ ભાસે છે. તો પણ તમોને પૂછીને મેં એ નિર્ણય કર્યો છે. (૧૦)

હે વિચક્ષણો ! માટે આ ભગવત્પ્રસાદને જ ધર્મધુરા આપવા માટે આપણે હમણાં લેખ તો કરવો જ. (૧૧)

હે રાજન્ ! આ પ્રકારે આચાર્યે કહ્યું તેથી 'બહુ સારું' એમ તેઓ સર્વ બોલ્યા પછી પ્રસન્ન મનવાળા આચાર્ય વર્યે આ પ્રમાણે લેખ કર્યો. (૧૨) મારાભાઈ બદરિનાથના પુત્ર આ ભગવત્પ્રસાદને મેં મારા દત્તપુત્ર નિશ્ચિત કર્યા છે. (૧૩)

આ મારા દેશમાં વસતા સમગ્ર ત્યાગીઓ તથા ગૃહસ્થ શિષ્યો તે સર્વેનો આચાર્ય અને સદ્‌ગુરુ જેમ હું છું તેમ આ ભગવત્પ્રસાદને મેં તેમના સર્વના આચાર્ય તેમજ ગુરુ નીમ્યા છે. (૧૪) અહીં વૃત્તાલયમાં લક્ષ્મીનારાયણ ખંડમાં સ્વયં શ્રીહરિએ કરાવેલું જે સુંદર લક્ષ્મીનારાયણનું મંદિર છે. (૧૫)

તેમજ ધોળેલાં નગરમાં જે મદનમોહન શ્રીકૃષ્ણનું જે શોભાયમાન મંદિર છે. (૧૬) વળી ગઢપુરમાં જે શ્રી ગોપીનાથજીનું મંદિર છે તેમજ જૂનાગઢમાં જે રાધારમણ દેવનું મંદિર છે. (૧૭)

તે અને બીજાં સર્વ મારા જે મંદિરો છે તે મેં હર્ષપૂર્વક આ ભગવત્પ્રસાદને સમર્પણ કર્યા છે. (૧૮) મારા દેશમાં જે પૃથ્વી ભુવનો તથા ઘરો ધન વગેરે છે. તેમજ આગળ જે થશે. તે સર્વે મેં આ ભગવત્પ્રસાદને સમર્પણ કરેલું છે. (૧૯) આ લક્ષ્મીનારાયણના દેશમાં સત્સંગીઓ દરેક વર્ષે ધર્મને માટે જે અન્ન ધનાદિક આપે છે. (૨૦) તે સર્વ મેં ભગવત્પ્રસાદને અર્પણ કરેલું છે. વળી જે મારી બીજી આવક છે તે સર્વે આવક પણ ભગવત્પ્રસાદને મેં આપેલી છે. (૨૧)

આ લક્ષ્મીનારાયણના દેશમાં જે સાધુઓ, વર્ણીઓ તથા પાર્ષદો મારા શિષ્યો છે, તેમજ જે સમગ્ર ગૃહસ્થ ભક્તો છે. (૨૨)

તે સર્વેના ગુરુ મેં આ ભગવત્પ્રસાદને કરેલા છે. માટે તેમની પાસેથી હિત કરનારો મંત્રોપદેશ સર્વેએ ગ્રહણ કરવો. (૨૩) સ્ત્રીઓના ગુરુ સ્ત્રી થાય. ક્યારેય સ્ત્રીઓના ગુરુ પુરુષ થાય નહિ જ એવી પ્રત્યક્ષ શ્રીહરિની હિતકારી મર્યાદા છે. (૨૪) માટે સધવા સ્ત્રીઓ તથા વિધવા સ્ત્રીઓને મંત્રોપદેશ યથા યોગ્ય ભગવત્પ્રસાદના પત્નીજ કરે. (૨૫) ધર્મના પુત્ર સ્વયં શ્રીહરિકૃષ્ણ ભગવાને મને દત્તપુત્ર કરીને સ્પષ્ટપણે જે લેખ લખાવીને આપ્યો હતો. (૨૬)

તે લેખમાં જે વિવિધ પ્રકારની વસ્તુઓ લખેલી છે. તે સમગ્ર વસ્તુની સાથે તે લેખ મેં આમને અર્પણ કરેલો છે. (૨૭) (સારવદેશમાં) મારા દેશમાં પણ હાલમાં આંબા, વગેરેના વૃક્ષો, કુવાઓ, તળાવો વગેરે તેમજ ગામો તથા ભુવનો, પૃથ્વી વગેરે મારું જે છે. અને પૃથ્વી વગેરે જે થશે, તે સર્વ મેં આમને અર્પણ કરેલું છે. આ લક્ષ્મીનારાયણના દેશમાં દરેક વર્ષે મળતું નામમાળા નિમિત્તે ધન તે પણ આમને મેં સમર્પણ કરેલું છે. (૨૮, ૨૯)

વળી સર્વ સંતો, વર્ણિઓ, પાર્ષદો તથા સત્સંગીઓ પોતપોતાના ધર્મમાં રહીને હંમેશા મારી આજ્ઞા પાલન જેવી રીતે કરે છે; (૩૦) મને હંમેશા સેવે છે, તે સર્વે ભગવત્પ્રસાદની શુભ આજ્ઞાનું પાલન કરે તથા રાત્રિદિવસ ભગવત્પ્રસાદની આદરપૂર્વક સેવા કરે. (૩૧)

આ ભગવત્પ્રસાદને મેં હર્ષપૂર્વક જે મારા મંદિરો વગેરે સર્વે આપ્યું છે. તેમાં ઇચ્છારામના વંશનો લગારેય પણ ભાગ નથી. (૩૨) ઇચ્છારામના વંશના હાલમાં જે છે તેમને તેમના ખર્ચ માટે જ્યારે ભગવત્પ્રસાદજીએ કાંઈ દ્રવ્ય આપવાનું હોય ત્યારે બે ધર્મિષ્ઠ સંતો તથા ધર્મિષ્ઠ ગૃહસ્થોને પૂછીને જ તેમણે તેમને યથાયોગ્ય ધન આપવું. (૩૩, ૩૪) આ ભગવત્પ્રસાદજીએ પોતાના ધર્મનિષ્ઠ સર્વજનોને ધર્મમાં વર્તાવવા માટે પોતાના પુત્ર સમર્થ હોય અને સદ્‌ગુણી હોય તો જ પોતાના પદમાં તેને સ્થાપન કરવો. (૩૫) પોતાને જો આવો પુત્ર ન હોય તો અથવા પોતાને પુત્ર ન હોય તો, ઇચ્છારામના વંશમાંથી જે બીજો સદ્‌ગુણવાળો હોય; (૩૬)

ધર્મમાં રહેલો હોય તથા અન્ય જનોને પોતપોતાના ધર્મમાં વર્તાવવા માટે સમર્થ હોય તેને જ; પોતાના વિચક્ષણ જનોને પૂછીને, ભગવત્પ્રસાદજીએ પોતાના પદમાં સ્થાપન કરવો. (૩૭) શ્રી હરિકૃષ્ણ ભગવાને રચેલી કલ્યાણકારી શિક્ષાપત્રીને અનુસરીને જ આચાર્ય પદ ઉપર રહેલાએ દરરોજ સર્વ પ્રકારે વર્તવું. (૩૮)

આચાર્ય પદ ઉપર રહેલા આચાર્યે પોતાના સંતો, વર્ણિઓ, પાર્ષદો તથા ગૃહસ્થોને નિરંતર શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તાવવા. (૩૯) આ પ્રકારની આ મારી આજ્ઞા છે. તે ભગવત્પ્રસાદજીએ

હર્ષપૂર્વક પોતાના હિતને માટે નિરંતર પાલન કરવી. (૪૦)

હે રાજન્ ! આ પ્રકારનો સ્પષ્ટ લેખ યથાર્થ લખાવીને આ દેશિકેન્દ્ર શ્રી રઘુવીરજીએ તે લેખમાં હર્ષપૂર્વક પોતાની સહી કરી. (૪૧) પછી રઘુવીરાચાર્યે તે લેખમાં સદ્‌ગુરુ ગોપાળાનંદની સાક્ષી કરાવી. તેમજ અક્ષરાનંદ મુનીંદ્રની પણ સાક્ષી કરાવી. (૪૨)

આ આચાર્યે તે લેખમાં અખંડાનંદ વર્ણીની તેમજ પોતાના પુરાણી ભોળાનાથની પણ સાક્ષી કરાવી. (૪૩) ગોપાળાનંદ વગેરે મુનિઓ તેમજ આ રઘુવીરાચાર્ય આ વાત જાણતા હતા. હે રાજન્ ! બીજા કોઈ જાણતા ન હતા. (૪૪)

પછી ગોપાળાનંદ વગેરે સર્વે પોતાના નિવાસ સ્થાનમાં આવ્યા. પછી રઘુવીરાચાર્યે તે લેખને પટારામાં મૂકાવ્યો. (૪૫) રઘુવીરાચાર્યે સમય જતાં રાજ્યની મુદ્રાથી મુદ્રિત બીજો લેખ તે ઉપરથી સાક્ષીએ સહિત કરાવ્યો. (૪૬)

પછી ધર્મધુરા ધારણ કરતા અને શ્રીહરિના ધ્યાનમાં પ્રીતિવાળા, નિર્મળ અંતઃકરણવાળા, જ્ઞાનનો અભ્યાસ કરતા, રઘુવીરાચાર્ય ગોપાળાનંદ વગેરે મુનિવર્યો સહિત હર્ષપૂર્વક મનોહર શ્રીહરિકૃષ્ણની સુંદર વાર્તાઓ કરતા હતા. (૪૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં ભગવત્પ્રસાદજીને પોતાના પદમાં સ્થાપન કરવાની ઈચ્છાથી ગોપાળાનંદ મુનિ વગેરેની અનુમતિ લઈ લેખ કરાવ્યો તે નિરૂપણ નામે પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સદ્‌ગુણ સંપન્ન, સદ્‌ગુરુવર્ય શ્રીગોપાળાનંદ સ્વામી સમય વીત્યે શ્રીહરિના પરમ બ્રહ્મપુર ધામને પામ્યા. (૧) ત્યારબાદ અખંડાનંદ વર્ણીરાટ્ પણ પોતાના દેહનો ત્યાગ કરીને શ્રીહરિના સર્વોપરી અક્ષરધામને પામ્યા. (૨)

આથી અત્યંત ઉદાસી થયેલા શ્રી રઘુવીરાચાર્ય, ભગવત્ પ્રસાદને પોતાની ઉત્તમ ધર્મધુરા સોંપી દેવા ઈચ્છા કરવા લાગ્યા. (૩) તેથી તેમણે પોતાના બંધુઓ તેમજ સમગ્ર સંબંધિઓને બોલાવ્યા. તેમના બંધુઓ તેમજ સમગ્ર સંબંધીજનો હર્ષપૂર્વક તેમની આગળ આવીને બેઠા. (૪)

પછી રઘુવીરાચાર્યે અક્ષરાનંદ મુનીંદ્ર તેમજ મને (શુકાનંદ મુનીન્દ્રને) બોલાવ્યા. વળી સાધુઓમાં શ્રેષ્ઠ વૃદ્ધાત્માનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદને પણ બોલાવ્યા. (૫) મહામુનિ ગુણાતીતાનંદ સ્વામી

તથા પવિત્રાનંદ તેમજ સુપર્ણાનંદને પણ બોલાવ્યા. (૬)

વળી તેમણે સર્વ નિવાસાનંદ મહામુનિ તથા વિચક્ષણ મુનિવર્ય હરિહર્યાનંદને પણ બોલાવ્યા. (૭) તેમજ નારાયણાનંદ વર્ણિરાજ તથા પોતાની સેવા પરાયણ રત્નજીત વગેરે પાર્ષદોને પણ બોલાવ્યા. (૮)

પછી રઘુવીરાચાર્યે રાજા પૂજાજીતને તથા કાર્યકુશળ શ્રેષ્ઠ ક્ષત્રિય ભક્ત તેજાભાઈને બોલાવ્યા. (૯) વળી તેમણે કાર્યકુશળ શ્રેષ્ઠ વણિક ભક્ત ભગાભાઈ તથા વસોના અતિશાણા પટેલ તુલસીદાસને બોલાવ્યા. (૧૦)

હે મહીપતે ! પછી તે સર્વે રઘુવીરાચાર્યની સમીપે આવી તેમજ તેમને પ્રણામ કરીને પોતાના તે ગુરુની આગળ યથાયોગ્ય બેઠા. (૧૧) પછી રઘુવીરાચાર્ય તેમના પ્રત્યે આ કહેવા લાગ્યા. હે ભક્તો ! મારી ધર્મધુરા બીજાને સોંપીને નિવૃત્તિ પરાયણ થઈ હું શ્રીહરિનું ધ્યાન તથા તેમના લીલા ચરિત્રોનું ગાન કરવા પ્રવૃત્ત થાઉં. (૧૨)

એવી મારા હૃદયમાં ઘણા સમયથી રુચિ વર્તે છે. માટે ધર્મવંશીમાં યોગ્ય એવા કોઈને મારી ધર્મધૂરા અર્પણ કરવા હું ઈચ્છું છું. (૧૩) હે ભક્તો ! મેં મારા ભાઈ બદ્રીનાથના પુત્ર બુદ્ધિશાળી ભગવત્પ્રસાદને મારી ધર્મધૂરા અર્પણ કરવા માટે, (૧૪)

અગાઉ સંતોમાં શ્રેષ્ઠ ગોપાળાનંદ વગેરે મોટાઓની સાથે મળી મેં નિર્ધાર કર્યો હતો. તે હે ભક્તો ! તમોને હું જણાવું છું. (૧૫)

આ પ્રમાણે રઘુવીરાચાર્યે કહ્યું અને પછી પ્રસન્ન થયેલા અને પોતાની અનુવૃત્તિ પરાયણ તે સર્વને આગળ કરાવેલો લેખ મંગાવીને બતાવ્યો. (૧૬)

પછી મેં (શુકાનંદ મુનિએ) તે લેખ વાંચ્યો અને સર્વેએ તે સાંભળ્યો. અને અતિ પ્રસન્ન થઈ શ્રીરઘુવીરાચાર્ય પ્રત્યે તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૭)

દીર્ઘદૃષ્ટિવાળા સંતવર્ય ગોપાળાનંદ મુનિ વગેરે મુનીન્દ્રોએ તથા તમોએ જે વિચાર કરીને નિશ્ચય કર્યો છે, તે અમારે સર્વને સમગ્ર રીતે માન્ય છે. સર્વ બંધુઓ વગેરેને પણ એ માન્ય છે. આ પ્રમાણે તેમણે સર્વેએ કહ્યું. (૧૮,૧૯)

તેથી રઘુવીરાચાર્ય પ્રસન્ન થયા અને ધર્મધૂરા સોંપવા માટેનું ઉત્તમ મુહૂર્ત પૂછવા તેમણે જ્યોતિષ શાસ્ત્ર જાણનારા દયારામ વિપ્રને બોલાવ્યા. (૨૦)

પછી દયારામ વિપ્રે આવીને આચાર્ય વર્યને નમસ્કાર કર્યા અને આદરપૂર્વક પંચાંગ જોઈ કાર્તિક વદી બીજનું કલ્યાણકારી શુભ મુહૂર્ત આવ્યું; (૨૧)

હે રાજન્ ! તેથી આનંદ પામેલા રઘુવીરાચાર્યે આ પ્રસંગે મહોત્સવ કરવાની ઈચ્છા કરી. પછી તેમણે ઉત્સવને યોગ્ય ઘણી સામગ્રીઓ મંગાવી. (૨૨)

હે રાજન્ ! પોતાના સમગ્ર ત્યાગી શિષ્યો બોલાવવા માટે દરેક મંદિરમાં પ્રીતિપૂર્વક મંગળ પત્રિકાઓ તેમણે મોકલી. (૨૩) શ્રીરઘુવીરાચાર્યે લક્ષ્મીનારાયણ દેશમાં રહેતા સર્વે ગૃહસ્થ ભક્તોને બોલાવવા માટે પણ મંગળ પત્રિકાઓ મોકલી. (૨૪)

આચાર્યવર્યના તમામ ત્યાગી શિષ્યો સર્વ મંદિરોથી વૃત્તાલયપુરમાં આવ્યા તેમજ ઘણા ગૃહસ્થ શિષ્યો પણ વૃત્તાલય આવ્યા. (૨૫)

પછી આચાર્યવર્યે તેમને સર્વને યથાયોગ્ય નિવાસ આપવો, તેમજ તેમના ભોજન વગેરેની વ્યવસ્થા કરાવવી એ પ્રકારે હર્ષપૂર્વક તેમની સંભાવના કરી. (૨૬)

પછી સભામાં પોતાના આસન ઉપર બેઠેલા ત્યાગી શિષ્યો તથા ગૃહસ્થ શિષ્યોથી વીંટાયેલા આ આચાર્યે તેઓને આ પ્રમાણે કહ્યું. (૨૭)

શ્રી રઘુવીરાચાર્ય કહે છે :- હે જનો ! આ ધર્મનિષ્ઠ ભગવત્પ્રસાદજીને, મારા પિતા શ્રીહરિએ જેમ મને તેમનું સ્થાન સોંપ્યું હતું. તેમ મારા સ્થાનમાં તેમને સ્થાપવા મેં નિશ્ચય કર્યો છે. (૨૮)

હે મહીપતે ! શ્રીરઘુવીરાચાર્યે આ પ્રમાણે કહ્યું તેથી પ્રસન્ન થયેલા તે સર્વ ત્યાગીઓ તથા ગૃહસ્થો હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૯) હે ગુરુવર્ય ! પ્રત્યક્ષ શ્રીહરિના પુત્ર આપે જે નિર્ણય કર્યો છે. તેમાં અમો સર્વે અત્યંત પ્રસન્ન છીએ. (૩૦)

તમોએ જે નિર્ણય કર્યો છે તે અમારે સર્વ પ્રકારે માન્ય છે. બુદ્ધિશાળી મનુષ્યો હંમેશા મોટાઓના શ્રેષ્ઠ મતને અનુસરે છે. (૩૧)

હે મહીપતે ! શ્રીરઘુવીરાચાર્યે તેઓનું આ વચન સાંભળીને પ્રસન્ન થયા અને પછી તેમને ધર્મ, જ્ઞાનાદિ વાર્તાઓથી અત્યંત સંતોષ પમાડ્યા. (૩૨)

હે રાજન્ ! આચાર્યવર્ય હજારો ત્યાગીજનો તથા સર્વ અન્નાર્થીજનોને મોતીયા લાડુ તેમજ વિવિધ પ્રકારના મનોહર ભોજનો હંમેશા જમાડી તેમને તૃપ્ત કરતા હતા. (૩૩)

હે રાજન્ ! તે સર્વે હંમેશા પાંચવાર લક્ષ્મીનારાયણ દેવના દર્શન તથા પવિત્ર શ્રી ગોમતીતીર્થના જળમાં શાસ્ત્ર પ્રમાણે સ્નાન કરતા હતા. (૩૪)

તે સમગ્ર ભક્ત સમૂહ, શ્રીરઘુવીરાચાર્યે કહેલી વિવિધ પ્રકારની શુભ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે વિષયો ઉપર અંદરો અંદર વાર્તા કરતા હતા. તેમજ આ પ્રસંગે મોટા સંતો પણ જે વાતો

કરતા હતા. તે સર્વ તેઓ આદરપૂર્વક સાંભળતા હતા. આ પ્રમાણે સર્વોપરિ સુખનો અનુભવ કરતા તેઓ આ વૃત્તાલયપુરમાં રહેતા હતા. (૩૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં પોતાના આશ્રિત ભક્તોની અનુમતી લઈ ભગવત્પ્રસાદને પોતાના પદ ઉપર સ્થાપન કરવાના વિધિનો આરંભ નિરૂપણ નામે છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! પૂર્ણિમાને દિવસે રઘુવીરાચાર્ય પાસે વિષ્ણુ વગેરે બ્રાહ્મણોએ શાસ્ત્ર પ્રમાણે શુભ દત્ત વિધિ કરાવ્યો. (૧) પછી રઘુવીરાચાર્યે બદરિનાથના પુત્ર શુદ્ધ બુદ્ધિવાળા ભગવત્પ્રસાદને દત્ત પુત્ર તરીકે ગ્રહણ કર્યા. (૨)

હે ભૂપતે ! દ્વિતીયાને દિવસે સવારમાં સ્નાન કરીને આચાર્યવર્ય રઘુવીરજી પોતાનો નિત્યવિધિ શાસ્ત્ર પ્રમાણે કરતા હતા. (૩) પછી રઘુવીરાચાર્ય શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની પાછળ પોતાના પાર્ષદોથી વીંટાઈને સભા સ્થાનમાં આવ્યા. (૪)

હે નરપતે ! પ્રસન્ન મનવાળા રઘુવીરાચાર્ય ગાદી તકીયા યુક્ત ઉંચી મનોહર પાટ ઉપર બેઠા. (૫) હે રાજન્ ! આ આચાર્યના સમગ્ર બંધુજનો સભામાં આવીને આચાર્યની સમીપે યથાયોગ્ય આસનો ઉપર બેઠા. (૬)

રઘુવીરાચાર્યના મોટાભાઈ ગોપાળજી, નાનાભાઈ વૃંદાવન તથા ગોપાળજીના પુત્ર શાસ્ત્રજ્ઞ કૃષ્ણપ્રસાદ, પણ સભામાં બેઠા. (૭) હે ભૂપ ! અત્યંત બુદ્ધિશાળી ભગવત્પ્રસાદ અને વૃંદાવનના પુત્ર પ્રભુપ્રસાદ પણ સભામાં યથાયોગ્ય બેઠા. (૮)

હે ભૂપતે ! વૃંદાવનના પુત્ર નારાયણપ્રસાદ તથા કૃષ્ણપ્રસાદના પુત્ર વિહારીલાલ પણ તે સભામાં બેઠા. (૯) સભામાં વર્ણિઓમાં શ્રેષ્ઠ નારાયણાનંદ બેઠા. તેવી રીતે માધવાનંદ તેમજ વૈકુંઠાનંદ વર્ણિરાજ પણ બેઠા. (૧૦)

તે સભામાં આનંદાનંદ વર્ણીન્દ્ર, અચિંત્યાનંદ, ત્યાગાનંદ તથા અનંતાનંદ પણ બેઠા. (૧૧) નિષ્કામાનંદ વર્ણી, ઈશ્વરાનંદ વર્ણી, વાસુદેવાનંદ વર્ણી, ધર્મપ્રિયાનંદવર્ણી તેમજ પૂર્ણાનંદ વગેરે પણ બેઠા. (૧૨, ૧૩)

રામચંદ્રાનંદ, ગોપાળાનંદ, ઘનશ્યામાનંદ તથા ઉત્તમાનંદ પણ તે સભામાં બેઠા. (૧૪) દયાનંદ,

વૈષ્ણવાનંદ, હરિસેવાનંદ વર્ણી, જ્ઞાનાનંદ વર્ણી, ધર્મવલ્લભાનંદ વર્ણી, નિર્ગુણાનંદ, વિજયાનંદ, પતિતપાવનાનંદ વર્ણી, કપિલેશ્વરાનંદ વર્ણી, ભૂમાનંદ વર્ણી, હરિપ્રસાદાનંદ તેમજ પવિત્રાનંદ પણ બેઠા. (૧૫, ૧૬, ૧૭)

જગન્નાથાનંદ વર્ણી, દેવાનંદ વર્ણી તેમજ લક્ષ્મીનારાયણાનંદ વગેરે વર્ણીઓ પણ તે સભામાં બેઠા. (૧૮) તે સભામાં હું (શુકાનંદ મુનિ)તથા સત્પુરુષોમાં શ્રેષ્ઠ વૃદ્ધાત્માનંદ તથા સંતોમાં શ્રેષ્ઠ ગુણાતીતાનંદ સ્વામી પણ બેઠા. (૧૯)

વળી અક્ષરાનંદ, અદ્‌ભુતાનંદ, સુવર્ણાનંદ, બુદ્ધાનંદ વગેરે પણ તે સભામાં બેઠા. (૨૦)

તે સભામાં મુનિરાજ પવિત્રાનંદ, મહામુનિ સર્વનિવાસાનંદ, હરિહર્યાનંદ, સિદ્ધાનંદ, વ્યાપકાનંદ, ઉપેન્દ્રાનંદ, પુરુષાનંદ, બે પ્રજ્ઞાનંદ, પ્રભુતાનંદ, વિરજાનંદ, વિજ્ઞાનાનંદ, ભૂમાનંદ, શૂન્યાતીતાનંદ મુનિ, આધારાનંદ, વિશુદ્ધાનંદ, વિશુદ્ધાત્માનંદ સાધુઓ વગેરે પણ તે સભામાં બેઠા. (૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫)

તે સભામાં અખંડાનંદ મુનિ, રામદાસ, ઘનશ્યામદાસ, બે વાસુદેવચરણદાસ તથા મહાપુરુષદાસ કૃષ્ણચરણદાસ મુનિ વગેરે પણ બેઠા. (૨૬, ૨૭) નારાયણદાસ મુનિ તથા પરમસુખદાસ મુનિ પણ પ્રીતિપૂર્વક તે સભામાં બેઠા. (૨૮) માધવદાસ શાસ્ત્રી, બળરામદાસ શાસ્ત્રી, જિષ્ણુદાસશાસ્ત્રી, કૃષ્ણદાસ શાસ્ત્રી, તથા નીલકંઠદાસ શાસ્ત્રી વગેરે પણ ત્યાં બેઠા. વળી ત્રિકમચરણદાસ વગેરે શાસ્ત્રીઓ પણ તે સભામાં બેઠા. (૨૯, ૩૦)

પંડિત બાળમુકુંદદાસ મુનિ, પંડિત ઈશ્વરદાસ મુનિ, પંડિત ઉત્તમચરણદાસ મુનિ પણ તે સભામાં બેઠા. (૩૧) પંડિત શ્વેતવૈકુંઠદાસ સહિત પંડિત હરિસેવાદાસ મુનિ તથા કૃષ્ણચરણદાસ પંડિત, ગોવિંદદાસ વગેરે પંડિતો પણ તે સભામાં બેઠા. (૩૨)

વિદ્વાન હરિસ્વરૂપદાસ, ધર્મનંદનદાસ, દેવકીનંદનદાસ વગેરે મુનિઓ પણ તે સભામાં બેઠા. (૩૩) રઘુનાથ ચરણદાસ, રઘુવીર ચરણદાસ, તથા મુનિ ધર્મતનયદાસ વગેરે પુરાણીઓ પણ તે સભામાં બેઠા. (૩૪)

પંડિત કપિલચરણદાસ મુનિ, પંડિત બાળમુકુંદદાસ મુનિ પણ તે સભામાં બેઠા. (૩૫) કૃષ્ણજીવનદાસ સહિત ધર્મપ્રસાદદાસ તેમજ ભક્તિવલ્લભદાસ સહિત જ્ઞાનવલ્લભદાસ પણ તે સભામાં ત્યાં બેઠા. (૩૬)

જગન્નાથદાસ મુનિ તથા મુકુંદચરણદાસ સહિત મુકુંદદાસ સાધુ પણ તે સભામાં બેઠા. (૩૭) અતિમોટી તે સભામાં ઘનશ્યામચરણદાસ કેશવચરણદાસ મુનિ વગેરે પણ હતા. (૩૮)

કૌશલ્યાનંદનદાસ, સુમિત્રાનંદનદાસ મુનિ તથા વિષ્ણુદાસ એ ત્રણેય પણ તે સભામાં બેઠા.

(૩૯) ધર્મવાન, શીલ સ્વભાવવાળા બીજા હજારો સાધુઓ જેમની બાહ્ય ઈન્દ્રિયો તથા આંતર ઇન્દ્રિયો શ્રીહરિની મૂર્તિમાં અતિ આસક્ત છે તે સર્વ તે સભામાં બેઠા. વળી રત્નજીત પાર્ષદ, અર્જુન, ભીમો, કમો, હકાભાઈ, સવાજીત, નથ્થુ, અંબઈદાસ, બેચર ભક્ત વગેરે પણ તે સભામાં બેઠા.(૪૧)

બે કેશવજીવનદાસ, ગગજી ભક્ત, જગા ભક્ત, બાપુજી ભક્ત આચાર્યની સેવામાં પ્રીતિયુક્ત એવા બીજા ઘણા પાર્ષદો શસ્ત્રો ધારણ કરીને તે સમયે તે સભામાં બેઠા. (૪૨) પોતાના પુત્ર દલપત સહિત ભગુજી તથા હરિલાલ અતિ શોભાયમાન તે સભામાં બેઠા. વળી શિવચંદ્ર વગેરે પણ તે સભામાં બેઠા. (૪૩)

હિસાબી કામમાં પ્રવીણ, ડાહ્યા, બુદ્ધિશાળી કોઠારી વૈશ્ય હરિભાઈ તથા શ્રીહરિને પોતાનો સમગ્ર વૈભવ જેમણે સમર્પણ કર્યો છે એવા અને પોતાના આચાર્ય શ્રીરઘુવીરાચાર્યની સેવા પરાયણ વૈશ્ય ગોરધનદાસ જેઓ રાજાના અમાત્યની જેમ સમગ્ર કાર્ય કરવામાં કુશલ હતા તે પણ તે સભામાં બેઠા. (૪૪)

રઘુનાથ શાસ્ત્રી, કૃષ્ણરામ શાસ્ત્રી, ઉમેદ શાસ્ત્રી તેમજ રણછોડ શાસ્ત્રી પણ તે સભામાં બેઠા. (૪૫) બીજા ઉમાદત્ત વગેરે શાસ્ત્રીઓ પણ સભામાં બેઠા. તેમજ વૈજનાથ, જેમનું ઉપનામ ‘‘આપા પુરાણી’’ હતું તે તથા ગણપત પંડિત, ભોળાનાથ પંડિત તથા મોતીલાલ પંડિત પણ તે સભામાં બેઠા. (૪૬)

પેટલાદના વિપ્ર મહીપતરામ, નડીયાદના કૃપારામ, આણંદના કૃપારામ, ઘેલા જાની, નડિયાદના વિપ્ર દાનતરામ, ડભોઈના કરુણાશંકર, નડિયાદના મોહનરામ, સુરતના કૃષ્ણજી, ખંભાતના સદાશિવ, ઉમરેઠના ગંગાદત્ત, મરાયામ, ગોવિંદ, મલ્લિકાર્જુન, વિપ્ર શ્રીકૃષ્ણ તથા નારાયણ વિપ્ર આણંદના હરિશંકર વિપ્ર તથા જેભાઈ, ઉમરેઠના ઈશ્વર તથા જૂનાગઢના રૂપશંકર નાગર, પીજના વનમાળી, ઉમરેઠના વિપ્ર વિષ્ણુશર્મા તથા માણેકજી, વસોના ચતુર્ભુજ, ગાંફના દેવશંકર, ગઢડાના બુદ્ધિમાન લાલજી તથા લક્ષ્મીરામ, ઉમરેઠના પ્રાણશંકર, ડભાણના દયારામ વગેરે વિપ્રો તથા અન્ય વિપ્રો પણ તે સભામાં બેઠા હતા. (૪૭ થી ૫૨)

ધોલેરાના પૂંજાજી રાજા તથા વર્ષાભાઈ, બુધેજના તેજોભાઈ, ગઢડાના બાણખાચર તથા અમરાખાચર, કારિયાણીના વસ્તાખાચર, બગડના દેહોખાચર, વાંકિયાના મોકાખાચર, ગણોદના રાજા અભયસિંહ, લોધિકાના રાજા અભયસિંહ, કોટડાના અધિપતિ માણસુર વાલો તથા વારસૂર વાલો, સિંજલ ગામના અધિપતિ માણસીયો ખુમાણ, વાચકુર ખુમાણ, ભામોદરાના રાજા તથા સારંગપુરના વાઘોખાચર, ધોલેરાના ભોજોભાઈ તેમજ અન્ય વિનયયુક્ત તથા ધર્મનિષ્ઠ અને જેમને શ્રીહરિપ્રિય છે એવા ઘણા ક્ષત્રિયો તે સભામાં બેઠા. (૫૩, ૫૪, ૫૫)

બોટાદના વણિક ભક્ત ભગાશેઠ, તેમના પુત્ર શિવલાલશેઠ, આમોદના નરોત્તમશેઠ, ઉનાના કલ્યાણજીશેઠ, સુંદરીયાણાના વનાશાશેઠ, ધોળેરાના ડોશાભાઈ, મહેળાવના વેણીભાઈ, ઠાસરાના વણિક ભક્ત દયાળજીશેઠ, ખંભાતના પ્રાણવલ્લભ, ઠાસરાના પીતાંબર, વડોદરાના બાપુભાઈ, એ સર્વે વણિક ભક્તો પણ તે સભામાં બેઠા. (૫૬, ૫૭)

વસોના તુલસીભાઈ અમીન, સોજિત્રાના લાખોભાઈ તથા જેઠાભાઈ, ભરૂચના દાદોભાઈ, કંડારીના મીઠાભાઈ તથા મકનભાઈ, દોરાના ઈશ્વરભાઈ, વડોદરાના ઉત્તમભાઈ તથા હરજીભાઈ, મહેળાવના ખુશાલભાઈ, આણંદના બાવાજીભાઈ, કારીયાણીના નથુભાઈ, પિઝના બાજીભાઈ તથા દાજીભાઈ, ઉપલેટાના લાલાભાઈ, મંડાળાના ભગુભાઈ, ભાદરણના ભગુભાઈ તથા બુવાના ગુલાબભાઈ, કેરીયાળીના ગલાભાઈ, સીંજીવાડાના ઋષિભાઈ, ઈંગોરાળાના કુમારજીત, વડતાલના ધોરીભાઈ, જોરાભાઈ તથા ત્રિકમભાઈ વગેરે બોચાસણના કાશીદાસ, નારના શંભુદાસ, નાવલીના કિશોરભાઈ વગેરે વૈશ્યો તેમજ શ્રીજીવાડાના ભાટ પ્રભુદાસ પણ તે સભામાં બેઠા હતા. (૫૮ થી ૬૧)

એ સર્વ શ્રીહરિકૃષ્ણના આશ્રિત ગૃહસ્થ ભક્તો વર્ણ, ઉંમર, ગુણ પ્રમાણે પ્રીતિપૂર્વક તે સભામાં બેઠા. (૬૨) આચાર્યની બંને બાજુએ સુવર્ણની છડી ધારણ કરનાર, અનુવૃત્તિમાં રહેનારા, હંમેશા સેવામાં પ્રીતિવાળા અને આચાર્યશ્રીની આજ્ઞાની રાહજોતા ચોપદાર પ્રભુદાસ ઊભા રહ્યા હતા. (૬૩,૬૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં ભગવત્પ્રસાદને ધર્મધુરા અર્પણ કરવા સમયે સભામાં બેઠેલા ભક્તોના ક્રમ નિરૂપણનો સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- તે સભામાં શ્રી રઘુવીરાચાર્ય ધર્માદિ સંબંધી વાર્તા કરતા હતા. તે વાર્તા તે સર્વે સભાજનો એકાગ્ર ચિત્તથી હર્ષપૂર્વક સાંભળતા હતા. (૧) કાર્તિક વદી બીજને દિવસે બાર ઘડી પછી હે મહિપતે ! ભદ્ર મુહૂર્ત હતું. (૨)

શ્રી રઘુવીરાચાર્યે તે મુહૂર્તમાં જ અતિશય બુદ્ધિવાળા ભગવત્પ્રસાદને પોતાની માંગલિક ધર્મધુરા શાસ્ત્ર પ્રમાણે હર્ષપૂર્વક અર્પણ કરી. (એટલે પોતાના પદ ઉપર સ્થાપન કર્યા.) (૩) સંવત્ ઓગણીસસો તેરની સાલમાં વૈભવ આપનારા સંવત્સરમાં સૂર્ય જ્યારે દક્ષિણાયનમાં હતો, શરદઋતુ હતી, તે સમયે કાર્તિક વદી બીજને શુક્રવારે મૃગશીર્ષ નક્ષત્રમાં શિવ નામના સુંદર યોગમાં, વણિજ

નામના કલ્યાણકારી કરણમાં, વિવિધ પ્રકારનું ફળ આપનાર કુંભ લગ્નમાં, સુપર્વમાં જ્યારે બૃહસ્પતિ બીજા ભુવનમાં હતા. અને રાહુ પુરુષ સંબંધિ ગૃહયોગ તૃતીય ભુવનમાં હતા. ચંદ્ર ચોથા સુખ ભુવનમાં હતા. શનૈશ્વર પાંચમા વિદ્યા ભુવનમાં હતા. કેતુ તથા બુધ નવમા ભાગ્ય ભુવનમાં હતા, સૂર્ય કર્મ નામના દશમા ભુવનમાં હતા. શુક્ર લાભ ભુવન એકાદશ ભુવનમાં હતા. ધરણીનો પુત્ર ભૌમ બારમા વ્યય ભુવનમાં હતા. તે સમયે શ્રીરઘુવીરાચાર્યે અતિ ઉન્નત, અતિ સુંદર પાટ ઉપર ભગવત્પ્રસાદને હર્ષપૂર્વક બેસાડ્યા, તે સમયે અતિ મહાન માંગલિક વાદ્યોનો નાદ તથા જયના પ્રણાદો થયા. (૪, ૫, ૬, ૭, ૮)

શ્રીરઘુવીરાચાર્યે મહામૂલ્યવાળી સુવર્ણ નેત્રોથી રચેલી પાઘડી ભગવત્પ્રસાદને બંધાવી. મહામૂલ્યવાળું સોનેરી વસ્ત્ર ઓઢવા માટે તેમને અર્પણ કર્યું. (૯) આ આચાર્યવર્ય તેમને મહામૂલ્યવાળા સોનાના કડાં, મહામૂલ્યવાળો મોતીનો હાર, સુવર્ણહાર, વિવિધ પ્રકારના મણિજડિત સુવર્ણના આભૂષણો, હર્ષપૂર્વક આપતા હતા. (૧૦)

પછી રઘુવીરાચાર્યે તેમના ભાલમાં (ભગવત્પ્રસાદના ભાલમાં) કુમકુમનો ગોળ ચાંદલો કર્યો અને તે અત્યંત શોભાયમાન મહાસભામાં પોતાના અતિસુંદર આસન ઉપર (પોતાની ધર્મધુરા ગાદી તકીયા ઓછાડે સહિત પાટ ઉપર) બેસાડ્યા. (૧૧) હે રાજન્ ! આ પ્રકારે શ્રીરઘુવીરાચાર્યે જેમને અધિકાર આપ્યો છે એવા ભગવત્પ્રસાદ તો તે સમયે સરાણ ઉપર ચઢાવેલા અનુપમ તેજવાળા મણીન્દ્રની જેમ અત્યંત શોભતા હતા. (૧૨)

ત્યારબાદ આચાર્યવર્યની પ્રેરણાથી ત્યાગીઓએ ચંદન પુષ્પના હારોથી તેમજ ગૃહસ્થ ભક્તોએ મહામૂલ્યવાળા વસ્ત્રો, આભૂષણો તથા ઉપચારોથી ભગવત્પ્રસાદનું પૂજન કર્યું. (૧૩) તે સમયે દિશાઓ અતિશય સ્વચ્છ હતી. શીત, સુગંધિમાન અને મંદવાયુ વાતો હતો. પૃથ્વી સમગ્રપણે મંગળકારી થઈ હતી. સજ્જનોના મન નિર્મળ હતા. (૧૪)

તે સમયે અગ્નિહોત્રી બ્રાહ્મણોના અગ્નિ ધૂમ રહિત થયા. સમગ્રજનો અત્યંત શાંતિ પામ્યા. તે સમયે સમગ્ર શુભસૂચવનારા શકુનો થયા. (૧૫)

આકાશમાં રહેલા બ્રહ્માવગેરે ઈશ્વરો તે શુભ મહોત્સવ જોઈ પ્રસન્ન થયા અને ચંદનની અતિશ્રેષ્ઠ વૃષ્ટિ વારંવાર કરવા લાગ્યા વળી નંદનવનના પુષ્પના સમૂહની પણ વારંવાર વૃષ્ટિ કરવા લાગ્યા. (૧૬)

અત્યંત આનંદ પામેલા દેવતાઓના પરિચારકોએ વગાડેલી દુંદુભિઓ તે સમયે સ્વર્ગમાં ગાજતી હતી. આકાશમાં કિન્નરો વગેરે આનંદપૂર્વક અતિમંગળ વાદ્યોના નાદથી મિશ્રિત ગાન ગાતા હતા. (૧૭)

તે વખતે આકાશમાં સિદ્ધો હર્ષપૂર્વક જય શબ્દો બોલતા હતા. અપ્સરાઓ નૃત્ય કરતી હતી. પ્રસન્ન થયેલા સમગ્ર મહર્ષિઓ (સાત મોટા ઋષિઓ પણ) તથા મુનિઓનો સમૂહ શુભ આશીર્વાદ આપતો હતો. (૧૮)

હે રાજન્ ! તે સમયે સર્વના ગુરુ અને તેથી જ પૂજ્ય, ઉત્સાહિત મનવાળા, દાન કરનારા નિપુણજનોને આશ્ચર્ય પમાડનારા, રઘુવીરાચાર્ય આદરપૂર્વક સમગ્ર જનોને પુષ્કળ સાકર અપાવતા હતા. (૧૯) હે ભૂપતે ! તે સમયે રઘુવીરાચાર્ય અત્યંત હર્ષપૂર્વક હજારો બ્રાહ્મણોને ઘણી રૂપા મુદ્રાઓ તથા સુવર્ણ મુદ્રાઓની દક્ષિણા પણ આપતા હતા. (૨૦) આ આચાર્યવર્ય વસ્ત્રો, આભૂષણો દોહવાના પાત્રો, બહુગુણોવાળી, પહેલવેતરી, અલંકૃત કરેલી ગાયો તથા શણગારેલા ઘોડાઓ, બ્રાહ્મણોને અતિ હર્ષપૂર્વક આપતા હતા. (૨૧)

એ આચાર્ય શ્રી રઘુવીરજી પ્રસન્ન થઈને તે બ્રાહ્મણોને ઘણાં મૂલ્યવાળાં વસ્રો તથા આભૂષણો પણ આપતા હતા. તે સમયે વર્ષાઋતુમાં જેમ મેઘનું જળ વર્ષે તેમ જાણે ધન વર્ષતું હતું. (૨૨)

આ આચાર્યવર્યે આ પૃથ્વી ઉપર રાજાઓને આશ્ચર્યકારી આવો મહોત્સવ કરીને સદ્‌બુદ્ધિવાળા, નિષ્પાપ, ભગવત્પ્રસાદને પોતાના આચાર્યપદ પર સ્થાપી તેમના પ્રત્યે આદરપૂર્વક અમૃતસમાન, રસ યુક્ત, સચ્છાસ્રોના સારથી યુક્ત, આ પ્રમાણે ઉપદેશ વચન કહ્યું. (૨૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્રના બારમા સ્કંધમાં ભગવત્પ્રસાદને પોતાની ધર્મધુરા અર્પણ કરી એ નામે આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રી રઘુવીરાચાર્ય મહારાજ કહે છે :- હે પુત્ર ! સર્વ અવતારોના કારણ, અક્ષરથી પણ પર, ધર્મના પુત્ર શ્રીહરિની ધર્મની આ શુભ ગાદી છે. (૧) માટે હે પુત્ર ! તમારે દરરોજ ધર્મમાં વર્તવું, તેમજ તમારા સર્વે શિષ્યોને પણ તેમના ધર્મમાં વર્તાવવા. (૨)

સત્સંગિ જીવનમાં કહેલી આચાર્ય શિક્ષામાં શ્રીહરિએજ મને જેમ કહ્યું છે તથા જેમ શિક્ષાપત્રીમાં કહ્યું છે. (૩) તથા હું શ્રીહરિની પ્રસન્નતા માટે રાત્રિદિવસ સાવધાનતાથી વર્તું છું, હે પુત્ર ! તે પ્રમાણે તમારે પણ સાવધાનતાથી વર્તવું છે. (૪)

ધર્મે સહિત શ્રીહરિકૃષ્ણની ભક્તિ નિરંતર કરવી. સચ્છાસ્રનો આજ સિદ્ધાંત શ્રીહરિએ સ્પષ્ટ

સમજાવ્યો છે. (૫) માટે હે પુત્ર ! તમારે હંમેશા સચ્છાસ્ત્રના સિદ્ધાંતને અનુસરીનેજ વર્તવું ક્યારેય મન તથા ઈન્દ્રિયોને વશ ન થવું. (૬)

કારણ કે મનેસહિત સર્વે ઈન્દ્રિયોને જે વશ વર્તતા હોય તેવા પુરુષના ધર્માદિ ગુણોનું જેમ ધૂર્તો પોતાને વિષે આસક્ત થયેલાના દ્રવ્યને તત્કાળ હરિ જાય છે તેમ, હરણ કરે છે. (૭)

માટે તમારે શ્રીહરિની ભક્તિમાં વિઘ્ન કરનારા ઈન્દ્રિયોને નિયમમાં કરી, નિરંતર શ્રીહરિની આજ્ઞામાં રહેવું. (૮)

હે પુત્ર ! જ્યારે શ્રીહરિની આજ્ઞાનુસારે તમો નિરંતર વર્તશો ત્યારે આ લોકમાં તથા પરલોકમાં ઈચ્છિત સુખને જરૂર પામશો. (૯) જેમ બખતર પહેરેલાં મનુષ્યને લડાઈમાં બાણો ભેદી શકતાં નથી તેમ, શ્રીહરિની આજ્ઞા પાળનારને અંતઃશત્રુઓ પીડી શકતા નથી. (૧૦)

માટે વિઘ્નનો નાશ કરનારી અને અત્યંત સુખ આપનારી શ્રીહરિની આજ્ઞા શ્રીહરિના આશ્રિતોએ તેમની પ્રસન્નતા માટે નિરંતર પાળવી. (૧૧) હે પુત્ર ! શ્રીહરિની આજ્ઞા સર્વ ઈચ્છિત ફળ આપનારી છે. સંસાર સાગર નૌકા સમાન છે. પાપ જન્ય તાપથી શાંતિ પમાડનારી ઉત્તમ સુધા છે. (૧૨)

પુરુષોત્તમ એવા શ્રીહરિકૃષ્ણથી સદા કંપતા કાળ, માયા તેમજ શ્રીહરિના અનન્ય ભક્ત અક્ષર વગેરે શ્રીહરિની આજ્ઞામાં નિત્ય વર્તે છે. (૧૩) માટે હે સુત ! તમારે શ્રીહરિની આજ્ઞાનું નિરંતર પાલન કરવું. તેથી તમો જરૂર ઉત્તમ શાંતિ પામશો. તેમજ શોભા પણ પામશો. સત્સંગિ જીવનમાં ગુંથેલી શિક્ષાપત્રી વગેરેમાં શ્રીહરિએ સાધુઓના સર્વ ધર્મો યથાર્થ કહ્યા છે. (૧૪, ૧૫)

હે પુત્ર ! તેવી જ રીતે શ્રીહરિની પ્રીતિ સંપાદન કરવા ઈચ્છતા તમોએ, તમારા સર્વ શિષ્યો સાધુઓને દરરોજ ધર્મમાં વર્તાવવા. (૧૬) સત્સંગિજીવન ગ્રંથમાં બૃહદ્‌ધર્મમાં શ્રીહરિએ બ્રહ્મચારીઓના પણ ધર્મો સ્પષ્ટપણે કહ્યાં છે. તે પ્રમાણે વર્ણીઓને, બૃહદધર્મમાં કહેલા વર્ણીઓના ધર્મોમાં પણ તમારે વર્તાવવા. (૧૭, ૧૮)

સત્સંગિજીવન ગ્રંથમાં ગૃહસ્થોના ધર્મો પણ સ્પષ્ટપણે કહ્યાં છે, તે પ્રમાણે તમારે સમગ્ર ગૃહસ્થ શિષ્યોને વર્તાવવા. (૧૯)

હે પુત્ર ! તમારી પત્નીએ સત્સંગિજીવનમાં કહેલા ધર્મમાં નિરંતર વર્તવું. તમારી આજ્ઞાથી સ્ત્રીઓને તેમણે દીક્ષા અપાવવી. (૨૦)

સત્સંગિજીવન ગ્રંથમાં સધવા તથા વિધવા સ્ત્રીઓના પણ ધર્મો સ્પષ્ટ કહ્યાં છે. તે બંને પ્રકારની સ્ત્રીઓને તમારી પત્નીએ તેમના ધર્મોમાં નિરંતર વર્તાવવા. (૨૧)

હે પુત્ર ! તમારે સમય સમય પ્રમાણે જેવી રીતે હું શ્રીહરિની પ્રીતિ માટે સમગ્રજનોનું પાલન કરું છું. તેવી રીતે તમારા પોષ્ય વર્ગનું યથાયોગ્ય પાલન કરવું. (૨૨)

આવી રીતે આચાર્યે કહેલી શિક્ષા ભગવત્પ્રસાદ પણ એકાગ્ર ચિત્તથી, સ્વાતિ નક્ષત્રના જળને ચાતક જેમ ઝીલે તેમ, નમ્રતાપૂર્વક ગ્રહણ કરતા હતા. (૨૩) પોતાના પુત્ર ભગવત્પ્રસાદ પ્રત્યે સૌશીલ્ય યુક્ત રઘુવીરાચાર્ય ફરીથી તેમની પાસે શુભકાર્ય કરાવવાની ઈચ્છાથી અતિ આનંદ પૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૪)

શ્રીહરિના દૃઢ ભક્ત, પ્રશસ્ત, બુદ્ધિમાન અને તેથી જ હંમેશા સત્સંગની ઈચ્છાવાળા ગોંડળના અધિપતિ ભાનુભય નામના રાજા છે. (૨૫) સત્યવાદી કોમળ અંતઃકરણવાળા શૌર્ય, ધૈર્યાદિ ગુણોથી સંપન્ન, સગ્રામજીત કુમાર પણ પિતાના સમાન છે. (૨૬)

હે પુત્ર ! પરિવાર સહિત સગ્રામજીતને તથા તેના પરિવારને ચોથો પુરુષાર્થ જે મોક્ષ તે સંપન્ન કરવાની ઈચ્છા હોવાથી સર્વે ઈશ્વરોના પણ ઈશ્વર શ્રીહરિમાં દૃઢ શુભ ભક્તિ હતી. (૨૭) કુમાર સંગ્રામસિંહજી તેમજ ભાનુભા રાજાએ પહેલાં પોતાના નગરમાં (ગોંડળમાં) શ્રીહરિકૃષ્ણ ભગવાનનું રમણીય મંદિર કરાવવા મને અત્યંત પ્રાર્થના કરી હતી. (૨૮)

તેથી મેં તેમને ત્યાં મંદિર કરવા આજ્ઞા આપી છે. માટે સગ્રામજીત રાજા ત્રણ શિખરોથી શોભાયમાન અલૌકિક મંદિર પોતાના પુરમાં કરાવશે. (૨૯) સમગ્ર શિલ્પીઓનું નૈપુણ્ય જેમાં છે એવા ચારમાળના ઘુમટ તથા ઘુમટીઓએ યુક્ત તે મંદિરમાં શાસ્ત્રવિધિ પ્રમાણે શ્રીહરિકૃષ્ણાદિની પ્રતિમાઓનું તમારે સ્થાપન કરવું. (૩૦)

હે પુત્ર ! તમારે ભક્તિ અને ધર્મની બંને મૂર્તિઓની સાથે શ્રીહરિકૃષ્ણની પ્રતિમાની મધ્ય મંદિરમાં સ્થાપના કરવી. (૩૧)

હે પુત્ર ! તમારે મધ્ય મંદિરથી દક્ષિણ દિશાના મંદિરમાં શ્રીરાધાકૃષ્ણની દિવ્ય પ્રતિમાનું મહોત્સવ પૂર્વક સ્થાપન કરવું. (૩૨)

હે પુત્ર ! ઉત્તર તરફના રમણીય મંદિરમાં અદ્ભુત પરાક્રમવાળા શ્રીહરિની શય્યા યથાયોગ્ય ઝુલ્લો તથા ઉલ્લોચ, ગાદી, તકિયા તથા ઓછાડ સહિત ઉશિકા, રજાઈઓ વગેરે સહિત સ્થાપવી. (૩૩) હે પુત્ર ! તેવી રીતે વટપત્તનમાં (વડોદરા) મહા શોભાયુક્ત ત્રણ શિખરોથી શોભાયમાન મંદિર તમો કરાવજો. (૩૪)

સર્વ આચાર્યના શિરોમણી અને પોતાના પિતા શ્રીરઘુવીરાચાર્યની આ આજ્ઞા શાસ્ત્રમાં વર્ણવેલા આચાર્યના સદ્ગુણોથી યુક્ત ભગવત્પ્રસાદજીએ 'બહુ સારું' એમ કહીને પ્રીતિપૂર્વક શિરોમાન્ય કરી. (૩૫) પછી શ્રીરઘુવીરાચાર્ય સભામાં બેઠેલા અને પોતાની અનુવૃત્તિમાં પ્રીતિવાળા સર્વ ત્યાગીઓને આનંદ પમાડતા તેમના પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩૬)

હે જનો ! આ ભગવત્પ્રસાદને મેં મારા સ્થાન ઉપર પ્રત્યક્ષ શ્રીહરિએ હર્ષપૂર્વક મને જેમ

સ્થાપ્યો હતો તેમ સ્થાપ્યા છે. (૩૭) માટે સર્વ ત્યાગીઓએ તથા ગૃહસ્થોએ આ ભગવત્પ્રસાદને મારી માફક માનવા. તેમજ ઉપચારોથી તેમને પૂજવા અને તેમને વિષે મનુષ્ય બુદ્ધિ તો કરવી જ નહીં. (૩૮)

ગૃહસ્થોએ યથાશક્તિ ધન, આભૂષણો, વસ્ત્રો વગેરે વસ્તુઓથી ભક્તિ ભાવપૂર્વક તેમની સેવા કરવી. (૩૯)

હે જનો ! તમો દરરોજ આદરપૂર્વક મારી આજ્ઞાનું જેમ પાલન કરો છો. તેવી રીતે જ તમારે સર્વેએ હંમેશા આ ભગવત્પ્રસાદની આજ્ઞા પણ પાળવી. (૪૦)

હે રાજન્ ! સભાના સમગ્રજનો આચાર્યવર્યે કહેલું આ પ્રકારનું અમૃત સમાન વચન સાંભળીને બંને હાથ જોડી નમ્રતાપૂર્વક 'બહુ સારું' એમ કહીને તે વચનનો સ્વીકાર કરતા હતા. (૪૧)

હે રાજન્ ! પછી શ્રીરઘુવીરાચાર્યે ભગવત્પ્રસાદને પોતાના મંદિરો વગેરે અર્પણ કર્યા તેનું વર્ણન કરતો લેખ મારી પાસે (શુકાનંદ મુનિ પાસે) વંચાવ્યો. તે લેખ સાંભળીને સભાજનો અત્યંત આનંદ પામ્યા. (૪૨)

ત્યારબાદ સભામાં બેઠેલા જનો શ્રીરઘુવીરાચાર્યની આજ્ઞાથી ભગવત્પ્રસાદજીને પ્રણામ કરીને પોતપોતાના નિવાસસ્થાનમાં ગયા. શ્રીરઘુવીરાચાર્ય પણ પોતાના સંબંધિજનો તથા પાર્ષદોથી વીંટાઈને પોતાના સ્થાનમાં આવ્યા. (૪૩)

તે દિવસે શ્રીરઘુવીરાચાર્યે હજારો સાધુઓને પેંડા, બરફી, જલેબી, મોતીયા લાડુ વગેરે ચાર પ્રકારના શ્રેષ્ઠ ભોજનો હર્ષપૂર્વક જમાડી તેમને સર્વેને તૃપ્ત કર્યા. (૪૪) સમગ્ર બ્રહ્મચારીઓને, અન્ય લાખો ભક્તોને તેમજ પોતાના બંધુજનોને તથા હજારો બ્રાહ્મણોને, અન્નાર્થીઓને પણ પેંડા, બરફી વગેરે જમાડી તૃપ્ત કર્યા. (૪૫)

ત્યારબાદ અત્યંત ઉદાર એવા શ્રી રઘુવીરાચાર્યે સર્વ બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આનંદ પૂર્વક આપી. હે નરેન્દ્ર ! આથી પ્રસન્ન થયેલા બ્રાહ્મણો વેદોક્ત મંત્રોથી તેમને આશીર્વાદ આપતા હતા. (૪૬)

આચાર્ય અને ગુરુ રઘુવીરજીએ આ પ્રમાણે સર્વોત્તમ ઉત્સવ કર્યા. પછી પોતાના આશ્રિતજનોને તેમના દેશપ્રત્યે જવા માટે આજ્ઞા આપી, ત્યાગીઓને પૃથ્વી ઉપર વિચરણ કરી, લોકોને ઉપદેશ આપવા આજ્ઞા આપી. શ્રીરઘુવીરાચાર્યની આજ્ઞા પાળવામાં અત્યંત આસક્તિ પૂર્વક તત્પર અને સર્વ પ્રાણીઓનું હિત ઇચ્છનારાઓ તે ત્યાગીઓ, શ્રીરઘુવીરાચાર્યને અતિ હર્ષપૂર્વક પ્રણામ કરીને ત્યાંથી ગયા. (૪૭)

શ્રીરઘુવીરાચાર્યે ગૃહસ્થ ભક્તોને પણ પોતપોતાના દેશ પ્રત્યે જવા માટે આજ્ઞા કરી. તેઓ

સર્વે શ્રીહરિની સુંદર પ્રતિમાઓ તથા ગુરુવર્ય આચાર્યશ્રી તથા મુનિઓને નમસ્કાર કરી, આ મહોત્સવ, આચાર્યે કરેલી ઉપદેશ વાતો તથા આચાર્યની ઉત્તમ ઉદારતાની માર્ગમાં અત્યંત પ્રશંસા કરતા જતા હતા. (૪૮)

હે ભૂમિપતે ! તમોએ આચાર્ય શ્રી રઘુવીરજીનું વૃત્તાંત મને પૂછ્યું હતું તે આવી રીતે સંક્ષિપ્તથી અને અનુક્રમથી મેં તમોને સમગ્ર પણે કહ્યું; (૪૯) હે રાજન્ ! જે મનુષ્ય અહીં ભક્તિપૂર્વક આ પરમ પવિત્ર આખ્યાન સાંભળશે, તે પાપના સમુદાયોથી મૂકાશે અને સર્વોપરી શાંતિ પામશે અને સમગ્ર અર્થની તે સિદ્ધિ પામશે. (૫૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં શ્રીરઘુવીરાચાર્યે પોતાના પુત્ર ભગવત્પ્રસાદને આચાર્યને અનુરૂપ વર્તન રાખવા માટે ઉપદેશ કર્યો તથા સાધુ, બ્રાહ્મણો વગેરેને ભોજન જમાડી તૃપ્ત કર્યા તે નિરૂપણ નામે નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તમોને આ ગ્રંથની કથા અનુક્રમ પ્રમાણે સંક્ષિપ્તથી હું કહું છું તે તમો એકાગ્ર મનથી સાંભળો. (૧) અક્ષરથી પણ પર, સર્વ અવતારોના કારણ, પાપ તથા તાપ હરનારા, પ્રત્યક્ષ શ્રી હરિના ચરિત્રો આ ગ્રંથમાં સંકીર્તન કરેલાં છે. (૨)

તે શ્રીહરિનું અલોકિક, પરમ દિવ્ય, આશ્ચર્ય કારી અને અતિમંગળ મય ચરિત્ર મેં તમોને તમારા પ્રશ્નના અનુસારે કહ્યું છે. (૩)

પ્રથમ મેં તમોને આ વૃત્તાલય પુરમાં સત્સંગિજીવન ગ્રંથની કથાનો મહોત્સવ કહ્યો. (૪)

પછી રઘુવીરાચાર્યને ગ્રંથ રચવા માટે પ્રત્યક્ષ શ્રીહરિએ વરદાન આપ્યું તે કહ્યું. (૫) વળી બ્રહ્મધામના અધિપતિ શ્રીહરિનું વર્ણન કર્યું તથા પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવની ઈચ્છા કરી શ્રીહરિએ કરેલો વિચાર કહ્યો. (૬)

નરનારાયણને નિમિત્ત બનાવી તેમના ઉદ્દેશથી જ અવતારી શ્રીહરિએ પોતાના આવિર્ભાવનું કારણ ઊભું કર્યું તે તમોને કહ્યું. (૭) પછી બદરિકાશ્રમમાં મહર્ષિઓએ નરનારાયણનો સમાગમ કર્યો તે કહ્યું, તે પ્રસંગે મૂર્તિ તથા ધર્મનું આગમન કહ્યું. (૮)

પછી દુર્વાસાના શાપથી તેમણે સર્વેએ ઉદ્ધવજી તથા ઋષિઓએ પૃથ્વી ઉપર જન્મ ધર્યો

તે કહ્યું. (૯) પછી ધર્મ તથા મૂર્તિનો આ લોકમાં શુભ જન્મોત્સવ કહ્યો. હે મહીપતે ! ત્યારબાદ તમોને ધર્મનો વિવાહ કહ્યો. (૧૦)

તે પછી અસુરોએ ભક્તિ તથા ધર્મને પીડા કરી તેથી તેમણે પ્રયાગ તીર્થમાં રામાનંદનો સમાશ્રય કર્યો. (૧૧) પછી અસુરાંશ રાજા વગેરેએ તેમને પીડા કરી અને ધર્મ, હનુમાનજીની આજ્ઞાથી ઘેરથી નીકળી વૃંદાવનમાં ગયા તે કહ્યું. (૧૨)

અહીં વિષ્ણુયાગ કર્યો. તેથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણના દર્શન ધર્મ વગેરેને થયાં તે કહ્યું પછી ત્યાંથી પાછા ફરતા અરણ્યમાં ધર્મને અશ્વત્થામાનો શાપ થયો. તે વૃત્તાંત કહ્યું. (૧૩)

પછી અસુરોને વિંધ્યવાસિની દેવીનો શાપ થયો તે કહ્યું પછી ધર્મના ઘેર શ્રીહરિનો પ્રાદુર્ભાવ થયો અને તે પ્રસંગે મહોત્સવ થયો તે કહ્યું. (પ્રથમ સ્કંધ સમાપ્ત) (૧૪)

કૃત્યાનો પરાજય, નામકરણ, ચૌલવિધિ, કાલીદત્તનો નાશ તથા શ્રીહરિનું અયોધ્યામાં આગમન કહ્યું. (૧૫) અયોધ્યામાં શ્રીહરિએ કરેલી પૌંગડ લીલા કહી. તેમજ વ્રત બંધોત્સવ તથા પોતાના માતાપિતાને દિવ્યભાવ બતાવ્યો તે કહ્યું. (૧૬)

કાશીમાં વિદ્વાનોનો શ્રીહરિએ કરેલો પરાભવ કહ્યો. પછી હરિગીતા કહી. શ્રીહરિએ માતાપિતાને દિવ્યગતિ આપી અને પછી ગૃહનો ત્યાગ કર્યો તે કહ્યું. (૧૭) વનવિચરણમાં બદરીનાથમાં શ્રીહરિનું આગમન, ભૈરવનો પરાભવ તથા પુલહાશ્રમમાં શ્રીહરિએ કરેલી તપશ્ચર્યા, તે હકીકત કહી. વળી શ્રીહરિએ સૂર્યને પ્રસન્ન કરવા તપ કર્યું તે કહ્યું. (૧૮)

શ્રીહરિનો યોગાભ્યાસ તથા પિબૈક વગેરે મહાશાક્તોનો પરાભવ કર્યો તે કહ્યું. નવલખા પર્વત ઉપર સિદ્ધોને પોતાના દિવ્ય ભાવનું દર્શન કરાવ્યું. તે કહ્યું. (૧૯) પછી ઉત્કળ દેશમાં શ્રીહરિએ દૈત્ય સમૂહનો પરાભવ કર્યો તે કહ્યું. શ્રીહરિની તીર્થયાત્રા તેમજ શંકર પાર્વતીના દર્શન થયા તે કહ્યું. (૨૦)

પછી લોજપુરમાં રામાનંદ સ્વામીના સંતોનો મેળાપ થયો તે કહ્યું. (શ્રીહરિને મુક્તાનંદ વગેરે સંતોનો મેળાપ થયો તે) ત્યારબાદ શ્રીહરિને સદ્‌ગુરુ રામાનંદનો મેળાપ થયો તે કહ્યું. (૨૧) પછી રામાનંદ પોતાની ધર્મધુરા શ્રીહરિને અર્પણ કરી એ કહ્યું. પછી સદ્‌ગુરુ રામાનંદ અંતર્ધાન થયા તે કહ્યું. (બીજો સ્કંધ સમાપ્ત) (૨૨)

પછી શ્રીહરિએ આલોકમાં ભક્તોના ગામ તથા પુરોમાં વિચરણ કર્યું તે કહ્યું. પોતાના ભક્તોના સુખ માટે શ્રીહરિએ દિવ્યભાવ બતાવ્યો તે કહ્યું. (૨૩) તેમાં પ્રથમ શ્રીહરિએ માંગરોળ બંદરમાં વિધિ પ્રમાણે પૂર્તકર્મનો મહોત્સવ કર્યો. (૨૪)

તે મહોત્સવમાં શ્રીહરિએ ચતુર્ભુજરૂપે દર્શન આપ્યાં તે કહ્યું. મેઘજીતના ગર્વનો નાશ કર્યો

અને શ્રીહરિનું અનુપ માહાત્મ્ય કહ્યું. (૨૫) વિવિધ પ્રકારના મતવાદીઓને પોતપોતાના ઈષ્ટદેવરૂપે શ્રીહરિએ પોતાના દર્શન આપ્યાં તે કહ્યું. તેથી તેમણે શ્રીહરિનો આશ્રય કર્યો તે કહ્યું. (૨૬)

પછી જન્માષ્ટમી ઉત્સવમાં કૃષ્ણરૂપે પોતાના દર્શન આપ્યાં તે કહ્યું, કાલવાણીમાં સમાધિ પ્રકરણની શરૂઆત કરી તે કહ્યુ. (૨૭) કાલવાણીમાં પોતાના ગોલોકાદિ ધામમાં રહેલા દિવ્યૈશ્વર્યના દર્શન કરાવ્યા તથા શ્રીહરિએ સર્વાવતારોના સ્વરૂપોથી પોતાના દર્શન કરાવ્યા તે કહ્યું. (૨૮, ૨૯)

પછી શ્રીહરિનું અવતારીપણું કહ્યું. તેમના અનુપમ પ્રતાપનું વર્ણન કર્યું પછી આખા તથા પીપલાણા ગામમાં શ્રીહરિએ બે સ્વરૂપે દર્શન આપ્યા તે કહ્યું. પછી ઓજસ્વતી નદીના કાંઠે વિષ્ણુયાગનો મહોત્સવ કર્યો તે વર્ણન કહ્યું. (૩૦)

પછી માણાવદરમાં જન્માષ્ટમીનો મહોત્સવ કર્યો તથા પોતાનું ઐશ્વર્ય બતાવી પોતાનું અવતારીપણું સિદ્ધ કર્યું તે કહ્યું. (૩૧) વળી માણાવદરમાં શ્રીહરિએ લોભના દોષની દુષ્ટતા વર્ણવી. ભાડેરપુરમાં વામમાર્ગનું શ્રીહરિએ ખંડન કર્યું તે કહ્યું. (૩૨)

નવાનગરમાં વિદ્વાનોનો શ્રીહરિએ પરાજય કર્યો તે કહ્યું. દ્વારિકામાં તીર્થવાસીઓના ધર્મનો નાશ થયો તે વર્ણન કર્યું. (૩૩) માંડવી નગરમાં શુષ્કજ્ઞાની ખય્યા ખત્રીનો શ્રીહરિએ પરાજય કર્યો તે કહ્યું. પછી ભક્તોના ગામમાં શ્રીહરિનું શુભગમન કહ્યું. (૩૪)

પછી નારાયણ સરોવરની યાત્રા શ્રીહરિએ કરી તે કહ્યું. શ્રીહરિનું ભુજપુરમાં ગમન કહ્યું પછી ભુજનગરમાં ચૈત્ર સુદી નવમીનો ઉત્સવ કર્યો તે કહ્યુ. (૩૫) ભુજમાં શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય બતાવ્યું તથા હિંસાયુક્તક યજ્ઞનું ખંડન કર્યું તે કહ્યું. પાછા સરધારમાં જન્માષ્ટમીનો મહોત્સવ કર્યો તે કહ્યું. (૩૬)

શ્રીહરિએ ત્યાં ઐશ્વર્ય બતાવ્યું. લોભનું દુષ્ટપણું વર્ણન કર્યું તે કહ્યું. પછી ખટ્વાંગ અને અભયરાજાનો સંવાદ કર્યો. (૩૭) કારિયાણીમાં વિષ્ણુયાગનો મહોત્સવ કર્યો તે કહ્યું. પછી અભયરાજાએ શ્રીહરિની પ્રાર્થના કરી તેથી ગઢપુરમાં શ્રીહરિનું આગમન થયું તે કહ્યું. (૩૮)

પછી ઉત્તમરાજાની ઉત્કૃષ્ટ ભક્તિનું વર્ણન કર્યું. (તૃતીય સ્કંધ સમાપ્ત) શ્રીહરિની અંગત સેવાની વ્યવસ્થાનું વર્ણન કર્યું. પછી પુષ્પદોલોત્સવ, રામનવમી મહોત્સવનું વર્ણન કહ્યું. (૩૯) જન્માષ્ટમી વગેરે મહોત્સવો થયા તે કહ્યું. પછી શ્રીહરિએ ગર્વેન્દ્ર રાજાને વરદાન આપ્યું તે કહ્યું. (૪૦)

પછી ગઢપુરમાં પુષ્પદોલનો શ્રીહરિએ મહોત્સવ કર્યો તે કહ્યું. મછીયાવપુરમાં પુષ્પદોલનો શ્રીહરિએ મહોત્સવ કર્યો તે કહ્યું. (૪૧)

સિદ્ધપુરમાં ચૈત્રી પૂર્ણિમાનો મહોત્સવ કર્યો તે કહ્યું. પછી વીસનગરમાં રથયાત્રાનો મહોત્સવ કર્યો તે કહ્યું. (૪૨)

ત્યારબાદ શ્રીહરિએ ભક્તોના ગામોમાં વિચરણ કર્યું તે કહ્યું. શ્રીનગરમાં જન્માષ્ટમીનો મહોત્સવ કર્યો તે કહ્યું. (૪૩) જન્માષ્ટમીના ઉત્સવમાં શ્રીહરિએ વિવિધ પ્રકારનું ઐશ્વર્ય બતાવ્યું તે કહ્યું, તેમજ વિદ્વાનોનો પરાજય કર્યો, તથા અન્નકૂટનો મહોત્સવ કર્યો તે સર્વ કહ્યું. (૪૪)

પછી જેતલપુરમાં શ્રીહરિએ શુભ દિવ્ય લીલા કરી તે કહ્યું. (ચોથો સ્કંધ સમાપ્ત) પછી ગઢપુરમાં શ્રીહરિએ કરેલી નાના પ્રકારની લીલાનું વર્ણન કર્યું. (૪૫) પછી શ્રીહરિએ વિષયોનું દોષ નિરૂપણ કર્યું તે કહ્યું. શ્રીહરિએ ધર્મકુળને બોલાયું તે પ્રસંગ કહ્યો. લોયા ગામમાં શ્રીહરિએ મહોત્સવ કર્યો તે કહ્યું. લોયામાં શ્રીહરિના બંને બંધુઓનું આગમન થયું તે કહ્યું. (૪૬, ૪૭)

ગઢપુરમાં પુષ્પદોલનો મહોત્સવ શ્રીહરિએ કર્યો તે કહ્યું. ત્યાં ચૈત્ર સુદી નવમી વગેરે પર્વોના મહોત્સવો કર્યા તે કહ્યું. (૪૮) ત્યારબાદ આ વૃત્તાલયપુરમાં શ્રીહરિએ પુષ્પદોલનો અલૌકિક મહોત્સવ કર્યો તેમજ કલ્યાણકારી ધર્મવંશનું આગમન થયું તે કહ્યું. (૪૯)

વૃત્તાલયમાં શ્રીહરિએ વિવિધ પ્રકારનું ઐશ્વર્ય બતાવ્યું તથા રામનવમીની તિથિએ મહોત્સવ કર્યો તે કહ્યું. (પાંચમો સ્કંધ સમાપ્ત) (૫૦) પછી હે રાજન્ ! ગઢપુરમાં અન્નકૂટનો મહોત્સવ શ્રીહરિએ કર્યો તે કહ્યું. પછી જેતલપુરમાં યજ્ઞ મહોત્સવ કર્યો તે કહ્યું. (૫૧)

પછી દર્ભવતી નગરીમાં (ડભાણપુરમાં) વિષ્ણુયાગનો મહોત્સવ થયો તે કહ્યું. ત્યારબાદ નડિયાદપુરમાં અદ્વૈતવાદી વિદ્વાનોનો શ્રીહરિએ પરાભવ કર્યો તે કહ્યું. (૫૨) ગોપાળાનંદ મુનિએ શ્રીહરિનું અવતારીપણું કહ્યું. ત્યાંના રાજાએ શ્રીહરિનું સન્માન કર્યું તે કહ્યું. (૫૩)

પછી ઉમરેઠપુરમાં શ્રીહરિએ વસંતોત્સવ કર્યો તે કહ્યું. તેમાં વિવિધ પ્રકારનું અલોકિક દિવ્ય ઐશ્વર્ય શ્રીહરિએ બતાવ્યું તે કહ્યું. (૫૪) હે રાજન્ ! શ્રીહરિનું આ વૃત્તપુરીમાં આગમન થયું તે કહ્યું. પછી આ વૃત્તપુરીના શાખાપુરોમાં શ્રીહરિએ વિચરણ કર્યું તે કહ્યું. (૫૫)

પછી અહીં રમણીય પુષ્પદોલોત્સવ શ્રીહરિએ કર્યો તે કહ્યું. પછી શ્રીહરિએ જે ધર્મવાર્તા કહી હતી તે કહી. (૫૬) પછી શ્રીહરિએ કહેલું સાંખ્ય જ્ઞાનનું સ્વરૂપ તથા શ્રીહરિએ વર્ણન કરેલું વૈરાગ્યનું લક્ષણ કહ્યું. (૫૭)

શ્રીહરિએ કહેલા ભક્તિના વિવિધ પ્રકારના ભેદો કહ્યાં. શ્રીહરિએ કહેલી ત્યાગીની શિક્ષા આદિ વાર્તાઓ કહી. (૫૮) આ પુરમાં શ્રીહરિએ કરેલો રામનવમીનો મહોત્સવ કર્યો તે કહ્યું. સુરત શહેરના ભક્તસમૂહે શ્રીહરિની પ્રાર્થના કરી તે કહ્યું. (૫૯)

શ્રીહરિનું સુરતમાં આગમન કહ્યું. ત્યાં શ્રીહરિએ પંડિતોનો પરાજય કર્યો તે કહ્યું. (૬૦) ઈન્દ્રસેન નામના રાજાએ શ્રીહરિનું સન્માન કર્યું તે કહ્યું. પછી ધર્મપુરમાં શ્રીહરિએ કરેલી મનોહર લીલાઓ કહી. (સાતમો સ્કંધ સમાપ્ત)

પછી ગઢપુરમાં પવિત્રા એકાદશીનો મહોત્સવ શ્રીહરિએ કર્યો તે કહ્યું. કારિયાણી ગામમાં શ્રીહરિએ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો તે કહ્યું. (૬૨) તે ગામથી શ્રીહરિ ગઢપુર પધાર્યા. તે કહ્યું પછી સંતોએ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી તે કહ્યું. (૬૩)

પછી બંધુજનો, મુનિઓ તથા અન્ય આશ્રિતો સહિત સત્પતિ શ્રીહરિ સ્નાન કરવા માટે ઉન્મત્ત ગંગામાં પધાર્યા તે કહ્યું. (૬૪) હે ભૂપતે ! પછી ઉન્મત્ત ગંગાનું વર્ણન કર્યું. શ્રીહરિની જળક્રીડા તથા વિવિધ પ્રકારની શોભા કહી. (૬૫)

ઉન્મત્ત ગંગાની ઉત્પત્તિ કહી. તેમજ અવતારી શ્રીહરિના યોગથી તેનું માહાત્મ્ય કહ્યું. (૬૬) કરમડ ગામમાં અન્નકૂટનો મહોત્સવ શ્રીહરિએ કર્યો તે કહ્યું, પછી વલ્લભીપુરમાં શ્રીહરિએ કરેલી લીલા કહી. (૬૭)

ગઢપુરમાં પ્રબોધિનીનો ઉત્સવ કર્યો તે કહ્યું. સુંદરીયાણા નગરમાં વસંતપંચમીનો મહોત્સવ શ્રીહરિએ કર્યો તે કહ્યો. (૬૮) જૂનાગઢમાં શિવરાત્રિનો ઉત્સવ કર્યો તે તથા ત્યાંના રાજાએ કરેલું શ્રીહરિનું સન્માન તે કહ્યું. શ્રીહરિએ તે સમયે દિવ્યભાવ બતાવ્યો તે કહ્યું. (૬૯)

બોટાદપુરમાં પુષ્પદોલનો મહોત્સવ કર્યો તે કહ્યું. પછી આ વૃત્તપુરીમાં રામનવમીનો શ્રીહરિએ મહોત્સવ કર્યો તે કહ્યું. (૭૦) વડતાલમાં રામનવમીના ઉત્સવમાં શ્રીહરિએ સમાધિ કરાવીને વિવિધ પ્રકારનું ઐશ્વર્ય બતાવ્યું તે કહ્યું. તેમજ વિદ્વાન આચાર્યનો પરાજય કર્યો તે કહ્યું. (૭૧)

પછી ભક્તોના ગામોમાં ફરતા ફરતા શ્રીહરિ ગઢપુરમાં પધાર્યા તે કહ્યું. પછી સારંગપુરમાં શ્રીહરિએ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો તે કહ્યું. (૭૨) કારિયાણીમાં અન્નકૂટોત્સવ કર્યો તે કહ્યું. લોયા ગામમાં વસંતોત્સવ તથા શાકોત્સવ કર્યો તે કહ્યું. (૭૩)

નાગડકાપુરમાં મકરસંક્રાંતિનો ઉત્સવ કર્યો તે કહ્યું. સૌરાષ્ટ્ર દેશમાં પંચાળા ગામમાં શિવરાત્રિનો ઉત્સવ કર્યો તથા પુષ્પદોલનો ઉત્સવ કર્યો તે કહ્યું. તે ગામમાં શ્રીહરિએ અલૌકિક દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું તે કહ્યું. (૭૪, ૭૫) પછી જૂનાગઢમાં રામનવમીનો ઉત્સવ કર્યો તે કહ્યું. શ્રીહરિની લીલાઓ કહી, ફરી ગઢપુરમાં પધાર્યા તે કહ્યું. (આઠમો સ્કંધ સમાપ્ત) (૭૬)

પછી શ્રીનગરમાં શ્રીનૃસિંહ ચતુર્દશીનો ઉત્સવ કર્યો તે કહ્યું. સત્પુરુષોના દ્રોહી દૈત્યાંશોનો પરાજય કર્યો તે કહ્યું. (૭૭)

શ્રીહરિનું ફરીથી ગઢપુરમાં આગમન થયું તે કહ્યું. શ્રીહરિએ ત્યાં કરેલો ગૂઢ સંકલ્પ કહ્યો. (૭૮) હે રાજન્ ! શ્રીનગરમાં વિધિ પ્રમાણે નરનારાયણની શુભ પ્રતિષ્ઠા કરી તે કહી. તેમજ ભુજનગરમાં નરનારાયણની પ્રતિષ્ઠા કરી તે કહી. (૭૯) પછી અહીં વડતાલમાં લક્ષ્મીનારાયણાદિની વિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરી. પછી દ્વારિકેશનું આગમન થયું તે કહ્યું. (૮૦)

અહીં વૃત્તાલયમાં ફુલદોલનો ઉત્સવ કર્યો તે કહ્યું. શ્રીહરિએ મુનિઓની સાથે ગોમતીમાં

જળ લીલા કરી તે કહ્યું, (૮૧) હે રાજન્ ! પછી તમોને ગોમતીનું માહાત્મ્ય વિસ્તાર પૂર્વક કહ્યું. (નવમો સ્કંધ સમાપ્ત)

આ વૃત્તાલયમાં પ્રબોધિનીનો ઉત્સવ શ્રીહરિએ કર્યો તે કહ્યું. (૮૨) પછી શ્રીહરિએ આચાર્યનું સ્થાપન કર્યું તે કહ્યું ત્યારબાદ શ્રીહરિ વટપત્તન પધાર્યા તે કહ્યું ત્યાં વિદ્વાનોનો પરાજય કર્યો તે કહ્યું. (૮૩)

પછી સિંહજીતે (સયાજીરાવ મહારાજાએ) શ્રીહરિનું સન્માન કર્યું તે કહ્યું પછી વૃત્તાલયમાં વસંતોત્સવ કર્યો તે કહ્યું તેમજ શિક્ષાપત્રીનું લેખન કર્યું તે કહ્યું. (૮૪, ૮૫) શ્રીનગરમાં શ્રીહરિએ કરેલો પુષ્પ દોલોત્સવ તે કહ્યો. હે રાજન્ ! ભાલદેશમાં શ્રીહરિનું ગમન કહ્યું. કમીયાળા ગામમાં શ્રીહરિએ કરેલો રામનવમીનો મહોત્સવ તે કહ્યો. ધોળરા પુરમાં રાધાકૃષ્ણની પ્રતિષ્ઠા કરી તે કહ્યું. (૮૬)

ગઢપુરમાં આચાર્ય દ્વારાએ શ્રીહરિએ દીક્ષા વિધિનું યથાશાસ્ત્ર પ્રવર્તન કર્યું તે કહ્યું. (૮૭) પછી આ વૃત્તપુરમાં અન્નકૂટ મહોત્સવ કર્યો તે કહ્યું પછી સારંગપુર નગરમાં પુષ્પદોલનો મહોત્સવ કર્યો તે કહ્યું. (૮૮)

પછી જૂનાગઢમાં રાધારમણની મૂર્તિઓનું સ્થાપન કર્યું તે કહ્યું. (૮૯) પછી શ્રીહરિએ પોતાના આવિર્ભાવ નિમિત્તનો વિચાર કર્યો તે કહ્યો અક્ષરમુક્તોએ શ્રીહરિની સ્તુતિ કરી તે કહ્યું. (૯૦) પછી શ્રીહરિએ ભક્તોને જ્ઞાનોપદેશ કર્યો તે કહ્યું. ધર્મના પુત્ર અવતારી શ્રીહરિની અંતર્ધાન લીલા કહી. (દશમ સ્કંધ સમાપ્ત) (૯૧)

શ્રીહરિએ પોતાના ભક્તોને પોતાના વિવિધ પ્રકારના દિવ્ય અદ્‌ભુત ઐશ્વર્યો બતાવ્યા તે તમોને કહ્યાં. (એકાદશ સ્કંધ સમાપ્ત. (૯૨)

હે રાજન્ ! પછી તમોએ પૂછ્યું તેથી બુદ્ધિશાળી ભગવત્પ્રસાદનું ગુરુપણાના સ્થાપન વિધિનો મહોત્સવ મેં તમોને કહ્યો. (૯૩) હે નરેશ્વર ! આવી રીતે સર્વ અવતારના કારણ શ્રીહરિનું વિવિધ પ્રકારનું અલૌકિક દિવ્ય ચરિત્ર તમોએ મને પૂછ્યું તેથી સાંભળવામાં આસક્તહૃદયવાળા તમોને મેં સમગ્ર પણે અનુક્રમ પૂર્વક કહ્યું. (૯૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં હરિલીલાકલ્પતરુ ગ્રંથની કથાની અનુક્રમણિકા નિરૂપણ નામે દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે નૃપશ્રેષ્ઠ ! આ હરિલીલાકલ્પતરુશાસ્ત્ર અતિરમણીય સમગ્ર શાસ્ત્રો તથા પુરાણોના સારરૂપ, સંસૃતિના રોગનો નાશ કરનારા ઔષધરૂપ અને પરમ પવિત્ર છે. (૧)

હે રાજન્ ! અવતારી ધર્મપુત્ર શ્રીહરિના ચરિત્રથી સંકલિત થયેલું આ શાસ્ત્ર, પાપ તથા તાપનો નાશ કરનારું, મનને પ્રિય અને પિતા જે શ્રીહરિકૃષ્ણ મહારાજ તેમની પ્રેરણાથી શ્રીરઘુવીરાચાર્યે રચેલું છે. (૨)

અત્યંત શ્રેષ્ઠ બુદ્ધિવાળા આચાર્યેન્દ્ર શ્રીરઘુવીરાચાર્ય આ સુંદર અને અનુપમ શાસ્ત્ર તત્ત્વસહિત મને (શુકાનંદ મુનિને) ભણાવતા હતા. કળિયુગના સમગ્ર મળને ધોનારું, સર્વ મંગળના સ્થાનરૂપ, આ શાસ્ત્ર તમોને મેં આ પ્રમાણે કહ્યું. (૩)

આ લોકમાં જે આ શાસ્ત્રનો પાઠ કરશે અથવા જે સાંભળશે, તે મનુષ્યોના ઇચ્છેલા સર્વ અર્થો તત્કાળ પૂર્ણ થશે. માટે હે માનસિંહ રાજન્ ! હરીલીલાકલ્પતરુ શાસ્ત્રનું સેવન આ જગતમાં કામનાવાળા સમગ્ર જનોએ જરૂર કરવું. તેમજ નિષ્કામી ભક્તોએ પણ આ શાસ્ત્ર ભગવત્સેવાનું સુખ આપનારું હોવાથી, તેમણે પણ અવશ્ય સેવવું. (૪)

હે રાજન્ ! સમગ્ર શોક સમુદાયનો તત્કાળ નાશ કરનારું, સર્વ અવતારોના એક કારણ રૂપ શ્રીહરિકૃષ્ણ ભગવાનમાં અત્યંત દૃઢ અને શ્રેષ્ઠ ભક્તિની અધિક વૃદ્ધિ કરનારું આ સર્વોપરી શાસ્ત્ર છે તેનું શ્રીહરિના ભક્તોએ નિત્ય સેવન કરવું. (૫)

હે રાજન્ ! અક્ષર પુરુષોમાં જેમ અક્ષર પુરુષ શ્રેષ્ઠ છે, મણિઓમાં ચિંતામણિ જેમ શ્રેષ્ઠ છે, પર્વતોમાં મેરુ પર્વત જેમ શ્રેષ્ઠ છે, વૃક્ષોમાં કલ્પદ્રુમ જેમ શ્રેષ્ઠ છે, તેવી રીતે આ શાસ્ત્ર સર્વ શાસ્ત્રોમાં અત્યંત શ્રેષ્ઠ છે. (૬)

જેના શ્રવણ માત્રથી સમગ્ર સુકૃત ઉદય થાય છે અને વિવિધ પ્રકારના વિઘ્નોનો તેમજ સર્વ અશુભનો પણ નાશ થાય છે એવું આ પવિત્ર શાસ્ત્ર છે, શ્રીહરિના સ્વરૂપનો નિર્ણય કરવામાં થતા સંશયોને આ શાસ્ત્ર નિર્મૂળ કરી નાંખે તેવું છે. એવું સર્વ અર્થ આપનારું અને સર્વોત્કૃષ્ટ આ શાસ્ત્ર છે. (૭)

આયુષ્યની સદા વૃદ્ધિ કરનારું, બુદ્ધિને શુદ્ધ કરનારું, યશ આપનારું, ધર્મ સંપાદન કરનારું, દૂરંત વિપત્તિઓનું શમન કરનારું, આનંદકારી, આ પરમ શાસ્ત્રનું શ્રવણ પોતાનું હિત ઇચ્છનારા જનોએ અતિ હર્ષપૂર્વક સાંભળવું તેમજ તેનું હંમેશા ગાન કરવું.(૮)

જે મનુષ્ય આ શુભ અને રમણીય ગ્રંથ સાંભળશે તે સમગ્ર તીર્થો તથા યજ્ઞનું ફળ પામશે. આ ગ્રંથનું શ્રવણ કરનાર મનુષ્ય આ લોકમાં તથા પરલોકમાં લેશ માત્ર પણ દુઃખ પામશે નહિ. એટલું જ નહિ પરંતુ ઈચ્છિત સુખ પણ પામશે. (૯)

બ્રાહ્મણો આ ગ્રંથ સાંભળીને વેદના પારને પામશે, ક્ષત્રિયો શત્રુઓ સામે વિજય પામશે તથા પોતાની પ્રજાનું અધિપતિપણું પામશે, વૈશ્ય ધન તથા મહાસુખ પામશે અને શુદ્ર શુભ ગુણ પામશે. પુત્રાર્થી પુત્ર પામશે. (૧૦)

આ ગ્રંથને સાંભળીને મનુષ્ય અતિશય કીર્તિ પામશે. તેમજ અચળ સમૃદ્ધિ પણ પામશે. સર્વોત્તમ તેજ, બળ, વીર્ય વગેરે પણ પામશે. વિદ્યાર્થી થોડા સમયમાં વિવિધ પ્રકારની વિદ્યા પ્રાપ્તિ કરી શકશે. (૧૧)

આ ગ્રંથ સાંભળીને વિપત્તિઓથી દુઃખી થયેલો મનુષ્ય તે વિપત્તિઓથી મુક્ત થશે. રોગાર્ત મનુષ્ય તત્કાળ રોગથી નિશ્ચય મુક્ત થશે. ભયભીત થયેલો મનુષ્ય તત્કાળ ભયથી મુક્ત થશે, વળી બંધન પામેલો મનુષ્ય બંધનથી મુકાશે. સ્ત્રીઓ અખંડ સૌભાગ્ય પ્રાપ્ત તેમજ સર્વ સુખ પામશે. (૧૨)

જે જન આ લોકમાં આ ગ્રંથના શ્લોકો ભક્તિ ભાવપૂર્વક ભણશે અથવા અર્ધા શ્લોકનો ભક્તિપૂર્વક પાઠ કરશે અથવા એક પાદ પણ ભક્તિપૂર્વક સાંભળશે. તે મનુષ્ય જેમ ગાયના દાનથી જે ફળ મળે તેવું ફળ પામશે. વળી તેના સર્વ પાપ નષ્ટ થઈ જશે અને તે પરમ સુખ પામશે. (૧૩)

વિપત્તિઓનો નાશ કરનાર આ શાસ્ત્રના પઠનથી બ્રાહ્મણ જેમ વેદાદિના પાઠથી ઉત્તમ ફળ પામે છે તેમ સમગ્ર ફળ પામશે, જેમ વિવિધ પ્રકારના યજ્ઞોથી ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય તેવું ફળ પામશે અને પવિત્ર તીર્થો કરવાનું તથા મહાવ્રતોના આચરણનું જે ફળ છે તે સમગ્ર ફળ પામશે. (૧૪)

સમગ્ર વેદ, પુરાણ અને શાસ્ત્રના શ્રવણથી શ્રોતાને જે ફળ થાય છે તેજ ફળ આ ગ્રંથના શ્રવણથી આ લોકમાં મનુષ્યને થશે. સૂર્ય ઉદય પામે ત્યારે અંધકારનો જેમ નાશ થાય છે તેમ આ ગ્રંથના શ્રોતાના પાપો તત્કાળ નાશ પામશે. (૧૫)

આ ગ્રંથ સાંભળીને ધર્માર્થી મનુષ્ય તત્કાળ ધર્મસિદ્ધ કરશે. તેમજ અર્થની ઈચ્છાવાળો અર્થ પામશે, કામાર્થી મનુષ્ય પોતાના મનોરથની સફળતા પામશે, મોક્ષાર્થી મનુષ્ય સર્વોત્તમ આત્યંતિક મોક્ષ પામશે.(૧૬) જે નિષ્કામી મનુષ્ય આ ગ્રંથ સાંભળશે તે સર્વોત્તમ અક્ષરધામમાં શ્રીધર્મપુત્ર શ્રીહરિની નિરંતર સેવારૂપી એકાંતિક ભક્તોએ પામવા યોગ્ય પરમ પુરુષાર્થ પામશે. (૧૭)

જે દેહધારિઓ આ શ્રેષ્ઠ ગ્રંથ સાંભળશે તે ધર્મના પુત્ર શ્રીહરિનું માહાત્મ્ય અત્યંત જાણશે. પછી પોતાના આશ્રિતજન ઉપર અત્યંત વાત્સલ્યવાળા શ્રીહરિમાં તેને અત્યંત દ્રઢાનુરાગ થશે. (૧૮)

હે રાજન્ ! આ લોકમાં સંસારના બંધનમાંથી જેને મુક્તિની ઈચ્છા હોય તેમણે ભક્તિપૂર્વક સદ્ગ્રંથનું સમૂહમાં શિરોમણિ એવો ગ્રંથ વિશેષ સાંભળવો, વાંચવો અને તેનું ચિંતવન કરવું. (૧૯)

હે નૃપશ્રેષ્ઠ ! જે મનુષ્યો અતિ પવિત્ર અને શ્રેષ્ઠ આ ગ્રંથનું સ્નેહપૂર્વક શ્રવણ કરશે, જે સ્નેહપૂર્વક તેની કથા કહેશે. તેમના ઉપર ધર્મના પુત્ર શ્રીહરિકૃષ્ણ ભગવાન પ્રસન્ન થઈ પોતાના દર્શન આપશે. (૨૦)

હે રાજન્ ! જે બ્રાહ્મણો આ પૃથ્વી ઉપર વિધિ પ્રમાણે આ ગ્રંથનું શ્રવણ કરી વિવિધ પ્રકારના પાપને ભેદનારા આ ગ્રંથનું પુરશ્ચરણ કરશે. તેના સમગ્ર સંકલ્પો તત્કાળ સિદ્ધ થશે. આ ગ્રંથનું પુરશ્ચરણ કરાવનારાઓ પણ અનુપમ સુખ પામશે. (૨૧)

હે રાજન્ ! શ્રોતા આ ગ્રંથનું શ્રવણ કરતા પહેલાં આ ગ્રંથનું વિવિધ ઉપચારોથી પૂજન કરે અને પછી હર્ષપૂર્વક વાંચનાર વ્યાસનું પૂજન કરે; (૨૨) આ ગ્રંથ વાંચનારને શ્રોતા સુંદર વસ્ત્રો તથા વિવિધ પ્રકારના અલંકારો તથા રૂપિયા અર્પણ કરે, તેમજ પોતાની શક્તિ અનુસારે સુવર્ણદાન પણ તેને આપે. (૨૩)

સોનાના શીંગડાવાળી વાછરડી સહિત કપિલા ગાય, દોહવાના પાત્ર સહીત ભક્તિપૂર્વક વાંચનારને શ્રોતા અર્પણ કરે. (૨૪) શ્રોતા ભક્તિ ભાવપૂર્વક વાંચનારને વિવિધ અલંકારોથી શણગારેલો ઘોડો આપે. કળશ વગેરે પાત્રો તથા સુવર્ણનું યજ્ઞોપવિત આપે. (૨૫)

શ્રોતા વિધિ પ્રમાણે શુભ દશાંશ હોમ પ્રીતિપૂર્વક કરે. સાધુ તથા બ્રાહ્મણોને ઈષ્ટ ભોજનોથી તૃપ્ત કરે. (૨૬)

હે નરેન્દ્ર ! હરિ ચરિત્રોના એક સ્થાનરૂપ, સંસારરૂપી અગ્નિથી તપ્ત થયેલા મનુષ્યોને શાંતિ આપનાર, કળિમળનો નાશ કરનાર, આ ગ્રંથના શ્રવણનું ફળ મેં તમોને આ પ્રમાણે કહ્યું. (૨૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં હરિલીલાકલ્પતરુ ગ્રંથના શ્રવણનું ફળ નિરૂપણ નામે અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તમોએ અવતારી શ્રીહરિની દિવ્ય લીલાઓ સાંભળી તેથી તમો ધન્ય છો. તેમજ સર્વ પ્રકારે કૃતાર્થ છો. (૧) આ લોકમાં મનુષ્ય જન્મનો પરમ લાભ એટલો જ છે) શ્રીહરિ પરોક્ષ છે છતાં પણ જાણે પ્રત્યક્ષ જ હોય તેમ તેમની લીલાનું ભક્તિપૂર્વક શ્રવણ તથા કીર્તન મહાફળ આપનારું છે. તેમજ પાપ અને તાપની નિવૃત્તિ કરી સંસૃતિનો પણ નાશ કરનારું છે. (૨, ૩)

હે ભૂપતે ! માટે કલ્યાણ ઈચ્છતા જનોએ તો શ્રીહરિએ જ નિરંતર શ્રવણ કરવા યોગ્ય, કીર્તન કરવા યોગ્ય, સેવવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય તેમજ પૂજનીય છે. (૪)

માર્ગમાં ચાલતા તથા પગથીયાં ચઢતા પડી ગયેલો મનુષ્ય તેમજ કૂવામાં પડી ગયેલો, તથા મેડા ઉપરથી પડી ગયેલો, તેમજ તાવથી પીડા પામેલો, વળી છીંક ખાતાં ખાતાં પણ જે મનુષ્ય શ્રીહરિનું નામોચ્ચારણ કરતા હોય તે તત્કાળ અત્યંત સુખ પામે છે. તેમજ પવિત્ર પણ થાય છે. (૫)

'શ્રીહરિ એટલા શબ્દો સાંભળે તથા બોલે તે મનુષ્યોના હૃદયમાં શ્રીહરિ પ્રવેશ કરે છે. અને સૂર્ય જેમ અંધકારનો વાયુ જેમ વાદળનો નાશ કરે છે તેમ શ્રીહરિ તેના સમગ્ર દુઃખોનો નાશ કરે છે. (૬)

હે રાજન્ ! જે વાણીથી શ્રીહરિનું સંકીર્તન કર્યું નથી તે વાણી નિષ્ફળ છે. વળી અસત્ જનોની કથા જેમાં છે એવી વાણી પણ નિષ્ફળ છે. જે વાણીથી હરિકીર્તન થાય તેજ સત્ય છે. તેજ પુણ્યમય છે અને તેજ મંગળ સ્વરૂપ છે. (૭)

શ્રીહરિનું કીર્તન જ સદા નવીનને નવીન લાગે છે. તેમજ સુરુચિ વધારનારું છે. નિરંતર મનમાં ઉત્સાહ પ્રેરે તેવું છે. તેમજ લોકોના શોક સમુદ્રનું શોષણ કરનારું છે. વળી પાપના સમૂહને નાશ કરનારું છે. (૮)

આ લોકમાં મનુષ્યો યશ માટે અતિતપ કરે છે. તેમજ અનેક કથા શ્રવણરૂપ શ્રમ કરે છે. પરંતુ તે શ્રમથી ક્યારેય પણ પરમ પુરુષાર્થ પમાતો નથી. (૯) શ્રીહરિના ગુણોના શ્રવણથી સમગ્ર ક્લેશનો નાશ થાય છે. વળી શ્રીહરિના ચરણકમળની સ્મૃતિ મનુષ્યોને આત્યંતિકી મુક્તિ આપનારી છે. (૧૦)

સમગ્ર અશુભનો સદંતર નાશ કરનારી શ્રીહરિના ચરણ કમળની સ્મૃતિ મનુષ્યોના સુખ, ધર્મ, વૈરાગ્ય તથા ભક્તિએ સહિત મનની શુદ્ધિનો વિસ્તાર કરે છે. (૧૧) વિચિત્ર પદોથી સુંદર,

રસોથી યુક્ત જે વચન જગતમાં પવિત્ર શ્રીહરિના યશનું વર્ણન ન કરે તેવા વચનોને કાકતીર્થ કહ્યાં છે. તેવા શાસ્ત્રો પરમહંસો સાંભળતા નથી જે કથામાં પ્રભુ હોય ત્યાં અતિનિર્મળ સંતો પણ નિશ્ચય જ હોય છે. (૧૨)

જે કાવ્યોમાં પદલાલિત્ય નહોય છતાં પણ જેમાં શ્રીહરિના શુભાશયથી મનોહર શ્રીહરિના નામો હોય તે વચનો મનુષ્યોના પાપના સમૂહનો નાશ કરનારા છે. તે શ્રીહરિનાં નામો હર્ષપૂર્વક સંતો સાંભળે છે ને કહે છે. (૧૩)

ઉપાધિનો નાશ કરનાર નૈષ્કર્મ્ય જ્ઞાન પણ જો હરિભક્ત રહિત હોય તો તે પણ અત્યંત શોભતું નથી તો કામ્ય જ્ઞાન ન શોભે તેમાં શું કહેવું ? અતિ શ્રેષ્ઠ કર્મ પણ પરમાત્માને અર્પણ કરેલું ન હોય તો તે શોભતું નથી તો શ્રીહરિને અર્પણ ન કરેલું અશુભકર્મ ન શોભે તેમાં શું કહેવું ?(૧૪)

માટે ક્ષર અને અક્ષરના પતિ, અવતારોના કારણ, દિવ્ય, સ્વતઃસિદ્ધ, સુખ, ઐશ્વર્ય ગુણાદિના સાગર, પુરુષોત્તમ, ધર્મના પુત્ર પ્રત્યક્ષ શ્રીહરિની અંગેસહિત ભક્તિ હંમેશા તમો કરો. (૧૫)

હે નૃપતે ! આ પ્રકારે તમોને મેં પાપ તથા ત્રિવિધ તાપને હણનારી સંસારરૂપી દુસ્તર પયોનિધિમાં નૌકા સમાન, વિવિધ પ્રકારી શ્રીહરિની દિવ્ય લીલા કહી તેને નિરંતર તમારે કહેવી, તેનું હૃદયમાં ચિંતવન કરવું. (૧૬)

હે નૃપવર ! પવિત્ર, દિવ્ય કીર્તિવાળા, ધર્મના પુત્ર સંસૃતિનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણના નામોનું પદે પદે આ ગ્રંથમાં જેવી રીતે વર્ણન કર્યું છે. તેવી રીતે અન્ય ગ્રંથોમાં તેમનું ગાન કર્યું નથી. (૧૭) અસંખ્ય ભુવનોના ઈશ્વરોના ઈશ્વર, વિધિ, જનસમૂહના અંતર્યામી, શરણ્ય, સુખના નિધિ સમગ્ર અવતારોના કારણ, અનુપમ, ધર્મના પુત્ર શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૧૮)

શુભ ગુણ ગણો તથા શક્તિ વગેરેના સમુદ્ર, કળિમળનો નાશ કરનારા, શોભાયમાન બ્રહ્માદિ ઈશ્વરો, ઉપનિષદો, અક્ષર મુક્તો, શેષ વગેરે પણ જેમના ગુણોનો પાર પામ્યા નથી એવા; (૧૯) હે હરે ! પ્રકૃતિથી પર શ્રેષ્ઠ અને ઉત્તમ અક્ષરાખ્ય જેમનું ધામ છે એવા, પાપ તથા વિપત્તિનો નાશ કરનારું છે પુણ્યનામ (શ્રીસ્વામિનારાયણાદિ નામ) જેમનું એવા, ઉત્તમ અમૃતની માફક અત્યંત શાંતિ કરનારું છે વચન જેમનું એવા, પુષ્પની માળાઓ ધારણ કરનારા શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૨૦)

મુનિવરોએ ગાન કરેલી અને તીર્થમાં સર્વ શ્રેષ્ઠ આ પૃથ્વી ઉપર જે ગંગા છે તેને પણ ધર્મના પુત્ર શ્રીહરિ અલ્પ કરતા હતા. ધર્મના પુત્ર અવતારી શ્રીહરિ, પરોક્ષ હોવા છતાં પણ પ્રત્યક્ષની માફક જ સર્વોત્કૃષ્ટપણે વર્તે છે. (૨૧)

સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણેય લોકમાં જેમની પવિત્ર કીર્તિ ગવાય છે એવા, સમસ્ત પ્રાણીઓના નિયંતા, સ્વતંત્ર, મંગળ દિવ્યમૂર્તિ, ધર્મના પુત્ર શ્રીહરિ નિત્ય મારા મંગળને વિસ્તારો. (૨૨)

પોતાના અસાધારણ તેજરૂપી સૂર્યની આગળ ખદ્યોતની માફક જણાતા દુર્જય, અસુરાંશ દેશિક સમૂહને તથા અન્ય પંડિતોને જીતીને શ્રીહરિ મનુષ્યોની મુક્તિ માટે પૃથ્વી ઉપર પોતાનો પ્રતાપ વિસ્તારતા હતા. પીડાનો નાશ કરનારા, શ્રીભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિકૃષ્ણ ને હું વંદના કરું છું. (૨૩)

પાખંડાદિ દુર્મતોરૂપી ગાઢ અંધકારનો નાશ કરનારા તથા પોતાના દિવ્ય ચરણકમળના આશ્રિતજનો રૂપી કમળોને પ્રફુલ્લિત કરવામાં તેમજ હિંસા વગેરે જે ઉગ્ર કુકર્મોરૂપી કાદવને શુષ્ક કરવામાં સૂર્યરૂપી ધર્મનંદન પ્રભુ શ્રી સ્વામિનારાયણ તેમને હું વંદના કરું છું. (૨૪)

સંસૃતના ભયથી ગ્રસ્ત થયેલા મનુષ્યો ઉપર કરુણા કરી જેમણે આ મનોહર ગ્રંથ કર્યો છે તે સર્વ આચાર્યોમાં શ્રેષ્ઠ હરિકૃષ્ણના પુત્ર મારા ગુરુ શ્રીરઘુવીરાચાર્યને હું હંમેશા વંદન કરું છું. (૨૫)

મુનીંદ્રના વદનરૂપી ચંદ્રમાંથી સ્રવતી શ્રીહરિની લીલારૂપી સુધાનું માનસિંહ રાજા પાન કરીને આનંદ સમુદ્રમાં તેમનું મન નિમગ્ન થઈ ગયું. પછી વિનય તથા નમ્રતાપૂર્વક યોગિપ્રવર શુકાનંદ મુનિને તેમણે ફરીથી આ પ્રમાણે કહ્યું. (૨૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં શુકાનંદ મુનિકૃત ગ્રંથમાં અંતિમ મંગળા ચરણ નામે બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩ મો

માનસિંહ રાજા કહે છે :- હે યોગિવર્ય ! તમારા પ્રસંગથી આ મનુષ્ય જન્મની સફળતા હું પામ્યો છું, માટે હું ધન્ય છું. (૧) હે મુને ! તમોએ જે આ હરિલીલાકલ્પતરુ નામનો ગ્રંથ પંદર દિવસમાં સંભળાવ્યો તેથી (તમારા અનુગ્રહથી) હું કૃતાર્થ થયો છું. (૨)

હે મુને ! તમારી પાસેથી પાપનો નાશ કરનારી શ્રીહરિની લીલા સાંભળીને મારા હૃદયમાં અત્યંત આનંદ થયો છે તે કહેવા માટે હું સમર્થ નથી. (૩) હે મુને ! તમોએ પ્રત્યક્ષ શ્રીહરિની

સેવા કરી છે માટે તમો અતિશય ધન્ય છો. વળી તમારી ભક્તિથી વશ થયેલા શ્રીહરિના તમો કૃપાપાત્ર છો. (૪)

તમારા જેવા દયાળુ જે મુનિવરો છે તેમનામાં સ્વાભાવિક રીતે જ પરોપકારીપણું હોય છે. (૫) જેમ મનુષ્યોને અગ્નિના યોગથી ટાઢ, અંધકાર તથા ભયનો નાશ થાય છે તે પ્રમાણે તમારા જેવાની સેવા કરનારાના અજ્ઞાનનો તત્કાળ નાશ થાય છે. (૬)

હે વિદ્વન્ ! હું તમારો શિષ્ય છું. તમારું શરણ પામેલો છું. માટે જેમ તમોએ શ્રીહરિનો પ્રત્યક્ષ પરિચય કર્યો છે તે શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન હું કરું તેવો મારા ઉપર તમો અનુગ્રહ કરો. (૭)

આવી રીતે રાજાએ પ્રાર્થના કરી તેથી યોગિરાટ્ શુકાનંદ મુનિ તે રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે રાજન્ ! જેવું તમોએ શ્રીહરિની મૂર્તિનું વર્ણન સાંભળ્યું છે તેવું શ્રીહરિનું સ્મરણ તમે કરો. તે શ્રીહરિ તમોને તેમના દર્શન આપશે. (૮)

જે મનુષ્ય પ્રેમપૂર્વક આ ગ્રંથ સાંભળે છે તેમને સ્વયં શ્રીહરિ પોતાના દર્શન આપે જ છે એમ મને રઘુવીરાચાર્ય કહેતા હતા. પ્રેમપૂર્વક આ ગ્રંથના શ્રવણ માત્રથી જો શ્રીહરિ પોતાના દર્શન આપે તો તેમની મૂર્તિનું સ્મરણ કરનારને તથા અધિક સ્મરણ કરનારને પોતાના દર્શન કેમ ન આપે? તેને તો અવશ્ય દર્શન આપે. (૯)

પછી તે રાજા હર્ષપૂર્વક શુકાનંદમુનિને નમસ્કાર કરીને, સ્થિર આસન કરી, દૃઢ નિશ્ચય પૂર્વક શ્રીહરિની મૂર્તિનું જે પોતે શ્રવણ કર્યું હતું તે પ્રમાણે શ્રીહરિનું હૃદયમાં ધ્યાન કરવા લાગ્યા. (૧૦) શ્રીહરિનો જેમને પ્રત્યક્ષ અનુભવ થયો છે તે શુકાનંદ મુનિના અનુગ્રહથી તથા હરિલીલાકલ્પતરુશાસ્ત્રના શ્રવણના પુણ્યથી તે માનસિંહ રાજાને શ્રીહરિના દર્શન થયા. (૧૧)

માનસિંહ રાજાને શ્રીહરિના દર્શન થયા તે પહેલા અતિમહાન્ દિવ્ય તેજ તેઓ જોતા હતા. તે તેજ કરોડો ચંદ્ર સમાન સૂર્યના તેજ સમાન શાંત, પવિત્ર અને સુખ આપનારું હતું. (૧૨) તે તેજમાં સુવર્ણનું દિવ્ય, વિવિધ, પ્રકારના મણિઓની કાંતિવાળું, અનુપમ, સિંહાસન અત્યંત વિસ્મયપૂર્વક તેઓ જોતા હતા. (૧૩) પછી માનસિંહ રાજા તે સિંહાસનમાં બિરાજેલા દિવ્ય, શાંતિકર, અત્યંત તેજસ્વી, કરોડો કામદેવોનો ગર્વ હરનારી છે શોભા જેમની એવા, અલૌકિક, સત્પતિ, શ્રીહરિકૃષ્ણના દર્શન કરતા હતા. (૧૪)

સુવર્ણના ચળકતાં શ્રેષ્ઠ વસ્ત્રોવાળા, ઘાટા મેઘ સમાન શરીરવાળા, પાપ તથા તાપનું શમન કરનાર છે દર્શન જેમનું એવા શાંત, નેત્રો તથા મનને જેમના દર્શનથી જાણે મહાન ઉત્સવ થયો હોય એવા અનુભવ કરાવનારા. (૧૫)

સુવર્ણ, મોતીયો તથા મણીંદ્રોના તોરાઓ જેમને છે એવા, રત્નજડિત સુવર્ણ ભૂષણોવાળા,

સુવર્ણના સૂત્રોવાળો શ્રેષ્ઠ જેના અગ્રભાગમાં તોરો છે એવી પાઘ મસ્તક ઉપર ધારણ કરતા; (૧૬) સુવર્ણના સુંદર સાંકળાથી જેમના કરકમળો શોભે છે એવા, તેથી દર્શનીય, જડેલા સુંદર મણિઓની કાંતિ જેમાં છે એવી સુવર્ણની વીંટીઓ આંગળીઓમાં ધારણ કરતા. (૧૭)

સુંદર જડેલા મણિઓ જેમાં છે એવા બાજુબંધોવાળા, મણિજડિત સુવર્ણના હાર તથા મોતીઓના હાર ધારણ કરેલા, સુવર્ણના મકરાકાર મણિજડિત કુંડળોથી અત્યંત શોભતા, (૧૮) સુવર્ણના જડેલા શોભાયમાન મણીંદ્રોની કાંતિથી શોભતા ચરણના કડાં તથા નૂપુર (ઝાંઝર)ની શોભાવાળા, સર્વ ભૂષણોને વિભૂષિત કરનારી છે આકૃતિ જેમની એવા, શાંતિના ધામરૂપ ભુવનોમાં એક સુંદર એવા; (૧૯)

કરોડો પૂર્ણિમાના ચંદ્રમાને લજ્જા પમાડનારું છે મુખ જેમનું એવા, પ્રકાશમાન મંદહાસ્યથી શોભાયમાન ઓષ્ઠ જેમના છે એવા, પાકા ઘીલોડાની લાલાશનો તિરસ્કાર કરનારી ઓષ્ઠની શ્રેષ્ઠ રક્ત કાંતિવાળા, કુટિલ ભ્રકુટિઓથી અતિ દર્શનીય. (૨૦)

સુંદર કુમકુમના ગોળ ચાંદલાવાળું કેસરનું ઉત્તમ ઉર્ધ્વપુંડ્રતિલક કોમળ અને સુંદર ભાલમાં ધારણ કરતા પરમપવિત્ર નેત્રોવાળા. (૨૧) સૂક્ષ્મ પાંપણોથી શોભાયમાન દયારૂપી સુધારસથી કોમળ કમળની માફક ઉત્તમ નેત્રોવાળા, ચંચળ અને સમગ્ર સુમંગળથી શોભાયમાન, અતિપ્રસન્નતામય સુંદર જેમની દૃષ્ટિ છે એવા. (૨૨)

પુષ્પના હાર તથા શ્રેષ્ઠ તોરાઓમાં ભમતા અને સુંદર ગુંજારવ કરતા ભમરાઓથી શોભાયમાન, દિવ્ય, સૌંદર્યસુધાના મહાસાગર, પુષ્પોના ગુચ્છથી શોભાયમાન છે કરકમળ જેમના એવા. (૨૩)

ભક્તિ ધર્મથી સેવાયેલા, અચ્યુત, રાધા તથા લક્ષ્મીએ પૂજેલા, તેજસ્વી અક્ષરમુક્તો સર્વપ્રકારના વિવિધ દિવ્ય ઉપચારો વડે જેમનું પૂજન કરે છે; (૨૪) અત્યંત સુખ જેમાંથી ઉત્પન્ન થાય છે. તેવી દયાથી કોમળ, અતિકલ્યાણ કારી દૃષ્ટિથી પોતાને જોતા પ્રભુ શ્રીહરિના દર્શન કરીને આનંદ પામેલા, આંખોમાં અશ્રુવાળા તે નરેશ્વરે તે પ્રભુને નમસ્કાર કર્યા. (૨૫)

કરુણા સાગર પ્રભુ શ્રીહરિએ આ રીતે રાજા માનસિંહને મુહૂર્ત પર્યંત પોતાના દર્શનનું સુખ આપ્યું. પછી તે રાજા જુવે તે પ્રમાણે તત્કાળ અંતર્ધાન થઈ ગયા. પછી પ્રસન્ન થયેલા રાજા મુનિવર શુકાનંદને કહેવા લાગ્યા. (૨૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં સમાધિમાં માનસિંહ રાજાએ શ્રીહરિની મૂર્તના દર્શન કર્યા તે મૂર્તિનું વર્ણન નામે તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

માનસિંહ રાજા કહે છે :- હે મુનિરાજ ! તમારી પ્રસન્નતાથી શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન મને થયાં માટે હે ગુરો ! હું કૃતાર્થ થયો છું. (૧)

પછી શુકાનંદ મુનિ માનસિંહ રાજા પ્રત્યે કહેવા લાગ્યા :- હે રાજન્ ! તમોએ જેવા જોયા તેવાજ ધર્મના પુત્ર અવતારી શ્રીહરિનું પ્રીતિપૂર્વક તમો હંમેશા ચિંતવન કરો. (૨)

હે રાજન્ ! તમો તમારા ધર્મમાં રહીને હંમેશા શ્રીપુરુષોત્તમનું ભજન કરો. તેથી દેહાંતે શ્રીહરિના પરમ અક્ષર ધામને તમો પામશો. (૩)

હે મહીપતે ! તમારે સત્સંગિજીવન ગ્રંથ સાંભળવાની ઘણી ઈચ્છા હૃદયમાં છે. એવો મને ભાસ થાય છે. (૪) પરંતુ હે નૃપ ! ગઢપુરમાં કોઈ કાર્યની સિદ્ધિ માટે દેશીકેન્દ્રની આજ્ઞાથી મારે હમણાં જવાનું છે. (૫)

હે રાજન્ ! માટે દેશિકરાજ મારા ગુરુ શ્રીરઘુવીરની આજ્ઞાથી હું હવે મારા સંતમંડળ સહિત ગઢપુર જાઉં છું. (૬)

હે રાજન્ ! હું હવે ગઢપુરમાં સ્થિર મનથી વર્ષાઋતુમાં સત્સંગિજીવન ગ્રંથની અતિશુભ કથા કરીશ. (૭) હે મહીપતે ત્યારે ત્યાં આવીને તે કલ્યાણકારી કથા તમો સાંભળજો એટલે તમારો તે સંકલ્પ પણ સિદ્ધ થશે. (૮)

તેથી 'બહુ સારું' એમ કહીને પ્રસન્ન થયેલા તે રાજાએ વિવિધ પ્રકારના ઉપચારોથી ગ્રંથનું પૂજન કર્યું. પછી પ્રીતિપૂર્વક મહામુનિ શુકાનંદજીની પૂજા કરી. (૯)

પછી શુકાનંદ મુનિ આ પ્રમાણે કહેવા લાગ્યા :- હે રાજન્ ! વસ્ત્રો તથા આભૂષણોથી શ્રી લક્ષ્મીનારાયણ તથા આચાર્યવર્યનું તમો પૂજન કરો. (ગ્રંથ શ્રવણના અંત વ્યાસનું વસ્ત્રભૂષણાદિથી અર્ચન વિધાન કહેલું છે. તે વસ્ત્ર ભૂષણો તો આ મુનિને ઉપયોગના નથી તેથી હું શું કરું ? એવો રાજાનો સંકલ્પ જાણીને શુકાનંદ મુનિએ કહ્યું.) (૧૦)

વળી ધર્મ વંશના સમગ્ર જનોનું તથા મુનિઓ, વર્ણિઓ તથા પાર્ષદોનું તમો આદર પૂર્વક વિવિધોપચારોથી યથાયોગ્ય પૂજન કરો. (૧૧) તેથી પ્રસન્ન થયેલા નરેન્દ્રે લક્ષ્મીનારાયણાદિ દેવોનું તથા આચાર્યાદિ ધર્મવંશીઓ, મુનિઓ, વગેરેનું યથાયોગ્ય પૂજન કર્યું. તેમજ વિવિધ પ્રકારના ભોજનો તે સર્વેને તથા બ્રાહ્મણોને જમાડીને સૌને તૃપ્ત કર્યાં. (૧૨)

પછી તે રાજા પોતાના ગુરુને પૂછીને અને તેમની પ્રાર્થના કરીને તેમની આજ્ઞાથી ત્યાં જવા તૈયાર થયા. (૧૩) પછી રાજાએ હર્ષપૂર્વક લક્ષ્મીનારાયણાદિના દર્શન કરીને તેમજ પોતાના ગુરુ વગેરેને પ્રણામ કરીને આ મનોહર નગરમાંથી પ્રયાણ કર્યું. (૧૪)

પછી તે રાજાએ જે પ્રમાણે પોતાના ઈષ્ટદેવ ધર્મના પુત્ર શ્રીહરિકૃષ્ણને જોયા. હતા, તે પ્રમાણે તેમનું સ્મરણ કરતા મુનીંદ્રે કહેલી શ્રીહરિની કથાની પ્રશંસા કરતા પોતાના મેંગણી નગરમાં પહોંચ્યા. (૧૫) પછી માનસિંહ રાજા મુનીંદ્રે કહ્યું હતું તે પ્રમાણે હર્ષપૂર્વક ગઢપુરમાં આવ્યા. અને ત્યાં શુકાનંદ મુનિ પાસેથી સત્સંગિજીવનની રમણીય કથા સાંભળીને આનંદ પામ્યા અને એ રીતે તેમનો મનોરથ સિદ્ધ થયો. (૧૬)

ખીલેલાં નૂતન કમળોના સુંદર પત્રોથી શ્રેષ્ઠ, પરમ પવિત્ર સારાસારના વિવેકવાળા, સજ્જનોના મનરૂપી હંસથી હંમેશા સેવાયેલા, દિવ્ય આનંદરૂપી પરાગના સંગથી સુંદર, મંગળરૂપ દેવતાઓએ ગવાયેલાં આવા સહજાનંદ શ્રીહરિના વંદનીય બંને ચરણારવિંદની હું હંમેશા વંદના કરું છું. (૧૭)

પ્રફુલ્લિત શ્યામ કમળોના સમૂહના કોમળ પત્રો સમાન, શ્યામ સુંદર આકૃતિવાળા, વિષ્ણુ, બ્રહ્મા, શંકરથી સ્વતંત્ર છે લીલાની પંક્તિ જેમની એવા, ઉપનિષદાદિ શાસ્ત્રોએ ગાયેલા છે પવિત્ર આશ્ચર્યકારી ઘણાં ચરિત્રો જેમનાં એવા, શ્રી ધર્મના પુત્ર, અક્ષરથી પર, શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને હું હર્ષપૂર્વક હંમેશાં નમસ્કાર કરું છું. (૧૮)

વારંવાર નમસ્કાર કરતા દેવેન્દ્રોના સુંદર મુગટોની પંક્તિમાં ચળકતા મણીન્દ્રોના કિરણોથી શોભાયમાન છે ચરણ કમળ જેમના એવા, અતિગર્વિષ્ઠ અને ઘણા પરાક્રમવાળા, અસુરો રૂપી પોયણાંને પ્રચંડ સૂર્ય સમાન એવા, શ્રીહરિને હું વંદન કરું છું. (૧૯) દુર્જય એવા અધર્મ વંશ રૂપી તૂલના સમૂહને ઉડાડી દેવામાં વંટોળીયા રૂપ કામાદિ અંતઃશત્રુ રૂપ પર્વતોના સમૂહને છેદવામાં વજ્રની માફક સામર્થ્યવાળા, લીલા માત્રથી ઉખેડી નાખ્યા છે કૌલાદિ કુમાર્ગો જેમણે એવા, સુંદર છે વેશ, ભૂષણ, વાક્, ચાતુર્ય, માધુર્ય જેમનાં અને સર્વના સ્થાનરૂપર શ્રીસ્વામિનારાયણને હું વંદન કરું છું. (૨૦)

પૃથ્વી મંડળના આભૂષણ રૂપ યક્ષનો સમુદાય જેમને છે એવા, દયાસાગર, અગણિત ભક્તોને એકાંતિકી મુક્તિ નિશ્ચય આપનારા, પોષણ કર્યો છે ધર્મ વંશ જેમણે એવા, શ્રીધર્મના પુત્ર, પૃથ્વી ઉપર પ્રીતિપૂર્વક સત્પુરુષોનું પરમ સુખ નિરંતર વિસ્તારતા, સદાનંદ રૂપ, શ્રીહરિને હું વંદન કરું છું. (૨૧)

માયારૂપી મહાન્ધકારનો નાશ કરનારો છે મહાપ્રતાપ જેમનો એવા, સર્વોપરી, દેવેન્દ્રનું સ્થાન તથા મોક્ષને પમાડનારું છે ધ્યાન જેમનું એવા છે ચરણ કમળો જેમના એવા, વાણીરૂપી અમૃત સમૂહથી તથા દિવ્ય ચરિત્રથી પોતાના જનોને આનંદ પમાડતા વંદનીય છે ચરણ જેમનાં એવા સહજાનંદ શ્રીહરિને સર્વદા હર્ષપૂર્વક હું વંદના કરું છું. (૨૨) શ્રીહરિના પવિત્ર વચનરૂપી અમૃતના સમુદ્રમાં ક્રીડા કરતા, માટે જે અશિતય શાંતિ પામેલા મુનિગણો તથા અન્ય ભક્ત સમુહ દિવ્ય બ્રહ્મપુરના સુખને પણ ઈચ્છતા નથી. તો બીજું શું ઈચ્છે ? કાંઈપણ ઈચ્છે નહિ. અતિશ્રેષ્ઠ અવતારી

તે શ્રીસ્વામિનારાયણની હું સ્તુતિ કરું છું. (૨૩)

દિવ્ય, પોતાના પરમ બ્રહ્મપુર ધામમાં અસંખ્ય મુક્તોએ સેવેલાં છે ચરણ કમળો જેમનાં એવા, પ્રકૃતિપુરુષ, કાળ વગેરેના નિયંતા, સ્વરાટ્, દિવ્યાકૃતિવાળા જે બિરાજે છે. તે આ પૃથ્વી ઉપર મનુષ્યાકૃતિ ધારણ કરીને ધર્મે સહિત ભક્તિને વિસ્તારતા વિજય પામે છે. તે શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૨૪)

જે પૃથ્વી ઉપર પ્રાણીના સમૂહને દયાથી તત્કાળ સમાધિ કરાવીને તેમને પોતાના બ્રહ્મપુર વગેરે દિવ્ય ધામો બતાવતા હતા તે તે ધામોમાં દિવ્ય પાર્ષદો નાગણો, ઐશ્વર્ય તથા પોતાની અતિ શુભ મૂર્તિઓ બતાવતા તે સહજાનંદ શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ. (૨૫)

મનુષ્યો જેમના આશ્રયથી બ્રહ્માદિ દેવતાઓથી પણ ન જીતી શકાય અને દેહધારીઓમાં સિંહની માફક ક્રીડા કરતા એવા કામાદિ અંતઃશત્રુઓને જીતે છે. તેમજ જેમના સર્વોપરી અક્ષર-ધામમાં જાય છે. તે શ્રીહરિ સહજાનંદને હંમેશા હું વંદન કરું છું. (૨૬)

વ્યાપક, જે પોતાની આકૃતિમાંથી વિવિધ પ્રકારના અવતારોની આકૃતિને તત્કાળ આવિર્ભાવ કરીને કરુણાપૂર્વક પોતાના એકાંતિક ભક્તોને બતાવતા હતા. તથા પોતાના સ્વરૂપમાં પાછા તિરોભાવ પમાડતા હતા. આ પ્રકારનું આશ્ચર્ય પોતાના એકાંતિક ભક્તો જોઈ, શ્રીહરિને અવતારી જાણતા હતા. તે સ્વામિનારાયણને હું નમસ્કાર કરું છું. (૨૭)

શમન કર્યો છે જનોનો વિષાદ જેમણે એવા, ભક્તિ દ્વારા જેમનો જન્મ તો કેવળ કથન માત્ર છે એવા, મુનિવરોએ સેવેલા, ત્યાગ કર્યા છે દોષો જેમણે એવા જનો ઉપર અત્યંત પ્રસન્ન થયેલા આનંદિત કર્યા છે ભક્તો જેમણે એવા, પોતાના ભક્તોનું રક્ષણ કરવામાં આસક્તિવાળા, અતિશ્રેષ્ઠ રૂપવાળા, નાભિરૂપી શોભાયમાન કૂપ જેમને છે એવા, શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૨૮)

જેમનું શ્રવણ, સ્મરણ તથા સુંદર કીર્તન પણ પરમ મંગળકારી છે. ધર્મથી જન્મ જેમનો છે એવા સમગ્ર અવતારોના કારણ શ્રીહરિ મારા સર્વ મંગળને વિસ્તારો. (૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બારમા સ્કંધમાં શુકાનંદમુનિ માનસિંહ નૃપ સંવાદે માનસિંહ રાજાએ શ્રીલક્ષ્મીનારાયણાદિનું અર્ચન પૂજન કર્યું તે નિરૂપણ નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)

બારમો સ્કંધ સંપૂર્ણ.

બારમા સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૪૪	૬-૩૫	૧૧-૨૭
૨-૩૯	૭-૬૪	૧૨-૨૬
૩-૨૫	૮-૨૩	૧૩-૨૬
૪-૪૪	૯-૫૦	૧૪-૨૯
૫-૪૭	૧૦-૯૪	૧૫-૨૯

કુલ શ્લોક : ૫૭૩







